
સંસ્કૃતિ

વર્ષ ૭મું : અંક પહેલો

તંત્રી : ઉમાશંકર જોશી

જાન્યુઆરી ૧૯૫૩





અગ્નિની પત્ની સ્વાહા
વડોદરા નજીક દંતેશ્વરમાંથી
ઈ. સ. ૧૦૦૦

વડોદરા મ્યુઝિયમના સૌજન્યથી



સંસ્કૃતિ

વર્ષ સાતમું　　　　　　　　　　　　　　અંક પહેલો

અનુક્રમણિકા : જાન્યુઆરી ૧૯૫૩



સંસ્કૃતિ કાર્યાલય વતી મુદ્રક-પ્રકાશકઃ કિશનસિંહ ચાવડા, ચેતના પ્રેસ લિ. નવાબજાર, વડોદરા.

લેખક મિત્રોને વિનંતિ:-

* લખાણ કાગળની એક બાજુ સ્વચ્છ અક્ષરે લખાયેલું, જોડણીકોશ પ્રમાણેની જોડણીવાળું હોય મુદ્રણદૃષ્ટિએ જરૂરી છે.
* લખાણ પાછું મેળવવા માટે તે સાથે જવાબી પરબીડિયું હોય આવશ્યક છે.

સૂચનાઓ :

* દર માસની સાતમી તારીખે પ્રસિદ્ધ થાય છે.
* દશમી સુધીમાં અંક ન મળે ટપાલમાં તપાસ કર્યા પછી કાર્યાલયને જણાવવું.
* પત્રવ્યવહારમાં ગ્રાહક નં લખવાથી સગવડ થશે.
* આ માસિકમાં પ્રસિદ્ધ થતા લેખોમાંના અભિપ્રાય માટેની જવાબદારી તે તે લેખકની છે.
* પ્રથમ અંકથી ગ્રાહક થવું આવશ્યક છે.

ગ્રાહકો નોંધવાનાં સ્થળો:

એન. એમ. ત્રિપાઠી, લિ. મુંબાઈ
જીવનસાહિત્યમંદિર, અમદાવાદ
ભારતીસાહિત્યસંઘ, અમદાવાદ
ઇન્દ્રધનુ, મિશનરોડ, અમદાવાદ
ગાંડીવ સાહિત્યમંદિર, પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઈ-૨
ગાંડીવ સાહિત્યમંદિર, લાલગેટ સુરત
એલ. કે. મેઘાણી : અમરતે સ્ટ્રીટ, કલકત્તા ૧.
પ્રભાકર બ્રધર્સ, પો. બો. ૧૧ નૈરોબી, ઇસ્ટ આફ્રિકા.

લવાજમ :

દેશમાં રૂપિયા સાત. પરદેશમાં રૂ. અથવા શિલિંગ ૧૪. છૂટક નકલ બાર આના.

તંત્ર અને વ્યવસ્થા અંગેના સર્વ પત્રવ્યવહારનું સરનામું :

સંસ્કૃતિ કાર્યાલય
એલિસ-બ્રિજ. અમદાવાદ-૬

સંસ્કૃતિ

सत्यं परं धीमहि ।

જાન્યુઆરી  ૧૯૫૩

मानवइतिहासनो महान अध्याय

ઘણા વરસની જૂની વાત છે. જપાન દેશ સુધરેલો ન હતો. ત્યાં એમને કિનારે એક અમેરિકન જહાજ પહોંચ્યું. જપાની લોકોએ કહ્યું કે પરદેશી માણસને અમે ચાહતા નથી. અમારો દેશ અમારે માટે જ રાખવા માગીએ છીએ.

જપાનના આ ગુનાની સજા તરીકે જહાજના કપ્તાને તોપો ચલાવી અને જપાનમાં પ્રવેશ કર્યો. આ બીના અમેરિકા તરફથી 'જપાનનું ખોલવાપણું' તરીકે ઓળખાય છે.

આ જ ઢબે યુરોપના કેટલાક લોકોએ અમેરિકાના લોકોને સજા કરી અમેરિકા ખોલ્યો હતો. અને ત્યાંના વતનીઓનો લગભગ નાશ કરી એ આખો ખંડ ગોરા લોકો પચાવી બેઠા.

એશિયામાં એ લોકો આવ્યા પણ અહીંની લોકસંખ્યા ઘણી હોવાથી અહીંની જમીન ઉપર આવીને વસવાને બદલે એ લોકોએ અહીં રાજ્ય જમાવ્યું અને વેપાર વધાર્યો.

આફ્રિકા ખંડમાં એ જ રીતે ગોરાઓ પહોંચ્યા અને ત્યાંના વતનીઓના સરદારો પાસેથી નામની કીમત આપી ત્યાંની જમીનના અમરપટો મેળવ્યો. હવે સેંકડો વરસ પછી યુરોપિયન લોકો એ આખા પ્રકારને 'આફ્રિકાની invasion (ચઢાઈ)' કહે છે.

ગોરાઓ પાછળ પાછળ આપણા લોકો ત્યાં રળવા ગયા. એમને પણ થોડીઘણી જમીન મળી. એમણે નાનીમોટી દુકાનો ખોલી. પછી ધીમેધીમે શેરડીનું વાવેતર કર્યું. ચા, કૉફી, સાયસલ, મકાઈ વગેરેની ખેતી પણ સહેજસાજ કરવા લાગ્યા છે.

હવે યુરોપિયનો કહે છે કે આફ્રિકા અમારો દેશ છે. એમાં હિંદુસ્તાનના કે એશિયાના લોકો વધે એ અમને પોસાય નહિ. આફ્રિકન લોકો આળસુ, કામ કરે નહિ, બીજા માટે મજૂરી કરવામાં માને નહિ. એટલે એમને 'સુધારવા' માટે ઠેકઠેકાણે એમના ઉપર માથાવેરો નાખ્યો છે. બિચારાઓને સ્વદેશ છોડીને મજૂરી માટે દૂર જવું પડે છે અને માથાવેરો ચૂકવવો પડે છે. હવે આફ્રિકન લોકોને બાંધી આપેલા ઢેઢવાડામાં જ રહેવું પડે છે. આપણા લોકો માટે પણ બાંધેલી જગા મુકરર થવા લાગી છે. આનું પરિણામ એ આવ્યું છે કે આફ્રિકાની પ્રજા પોતાના જ દેશમાં ભૂમિવિહોણી થઈ ભૂખે મરે છે. તેઓ કહે છે કે આમે મરવું છે તો હવે મારીને કેમ ન મરીએ.

આફ્રિકામાં જૂના વખતથી ઇસ્લામનો ઓછોવત્તો પ્રચાર થતો આવ્યો છે. ગોરાઓએ વિશ્વાસી ધર્મનો પ્રચાર જોરથી ચલાવ્યો છે. ત્યાં જેટલા લોકો કેળવાયા તેટલા ખ્રિસ્તી થયા એમ જ મનાય છે. આફ્રિકનો પણ એ સ્વીકારીને જ ચાલે છે, પણ વિશ્વાસી ધર્મને વિરોધી એવા પોતાના રિવાજો અને અમુક માન્યતાઓ પણ તેઓ છોડતા નથી.

આફ્રિકાના લોકો અસંસ્કારી નથી, પણ પછાત છે. એમની પોતાની સંસ્કૃતિ છે, જે સંતોષપરાયણ છે. અંદરઅંદર સંપ નહિ, ગુલામીની પ્રથા સામે ચીડ નહિ, નરમાંસ ખાવાને વાંધો નહિ—એ જાતની એ પ્રજા હતી. મોટાંમોટાં શહેરો, રસ્તાઓ કે ગાડીઓ પણ ન મળે લિપિ જ નહિ ત્યાં સાહિત્ય ક્યાંથી ? એવા લોકોને ત્યાં જઈ ને ગોરાઓએ ધામો નાખ્યો અને એમનો દેશ જીતીને એમને મજૂર બનાવ્યા. હવે એમને 'સુધારવાનો' પ્રયત્ન ચાલે છે.

દુનિયાની આજની સ્થિતિ જોતાં આફ્રિકામાં ફક્ત આફ્રિકનો જ રહે એ આગ્રહ ચાલે એમ નથી. અને એમાં આફ્રિકનોનું હિત પણ નથી. યુરોપના અંગ્રેજ, ફ્રેન્ચ, બેલ્જીઅન, પોર્ચુગીઝ અને સ્પેનીશ લોકોનાં મૂળિયાં ત્યાં જામ્યાં છે. પૂર્વ અને દક્ષિણ આફ્રિકામાં આપણા લોકો પણ જઈ ને વસ્યા છે. આવી રીતે આફ્રિકન, એશિયન અને યુરોપિયન એવી ત્રણ મહાજાતિઓ આફ્રિકામાં વિષમ સહકારમાં સપડાઈ છે. જેમ અમેરિકા હોઈઆં કર્યું તેમ આફ્રિકા પણ કરાશે એ ગોરા લોકોનું સ્વપ્નું હતું પણ એશિયાની જાગૃતિને કારણે તેમ જ યુરોપની યાદવાસ્થળીને કારણે એમનું એ સ્વપ્નું ભાંગતું જાય છે. બ્રિટનને બીક છે કે રશિયા અને અમેરિકાનું મહાયુદ્ધ સળગશે તો પોતાનો નાનકડો બેટ બેદાનમેદાન થતાં વાર લાગવાની નથી અને તેમ થાય તો બ્રિટિશ જાતિને ઊભવાની પણ જગા ન રહે. માટે તેઓ આફ્રિકાના પહાડી ઠંડા પ્રદેશોમાં નવી જન્મભૂમિ સ્થાપવાના પ્રયત્નો કરે છે. આફ્રિકાના પાંચ કરોડ લોકોમાં હવે જાગૃતિ આવી છે હિંદુસ્તાનના સ્વાતંત્ર્યની એમના ઉપર ભારે અસર થઈ છે. યુરોપની સ્થિતિ વિચિત્ર છે. તેઓ આત્મવિશ્વાસ ખોઈ બેઠા છે અને છતાં જીવવા માટે ગમે તેટલા કઠોર થઈને જીવનકલહ ચલાવવા તેયાર થતા જાય છે. જ્યારે કેટલાક ગોરાઓ વધારે દીર્ઘદર્શી હોઈ કહે છે કે હવે આપણે ગોરાઓની શ્રેષ્ઠતાનું ગુમાન છોડી દઈ બધા સાથે ભળવું જોઈએ અને રંગભેદ ભૂલી જઈ માનવતા કેળવવી જોઈએ.

ઈજીપ્તની રાજધાની કેરોમાં વાતો કરતાં મેં કહ્યું કે રશિયા અને અમેરિકા વચ્ચેના વિગ્રહની મને ચિંતા નથી. એ વિગ્રહ ન જ ટળે અને આખી દુનિયા ઉપર ફેલાય તો પણ એમાંથી વિશ્વનાશ થશે એમ મને લાગતું નથી, કેમ કે એમાં ભાગ લેનારા બધા ઇતિહાસ શીખેલા છે, સમાજશાસ્ત્ર જાણે છે, વિનાશ આવી પડે તે પહેલાં જ ચેતીને પાછા ખસી જશે. અને મને તો એમ જ લાગે છે કે એકબીજાની મહાબીક સેવતાં સેવતાં એ બંને એકબીજાનું અનુકરણ કરવાના છે. ડેમોક્રસી(લોકશાહી)નું નામ લેતાં છતાં પાશ્ચમના લોકો સામ્યવાદીઓનું કેટલુંય અનુકરણ કરવા લાગ્યા છે, વિરોધીઓને દબાવવામાં કશી જ મણા રાખતા નથી. અને ચીનની આજની પ્રગતિ જોતાં લાગે છે કે સામ્યવાદીઓ પણ વ્યક્તિસ્વાતંત્ર્યને ધીમેધીમે અવકાશ આપતા જશે અને વિવિધતાને અપરિહાર્ય સમજી વધાવી લેશે. રશિયા અને અમેરિકા એકબીજાનો વિરોધ કરતાં વિરોધી ભક્તિથી પાસે પાસે આવી જશે.

એ ગમે તે હો, પણ આ રશિયા–અમેરિકાવિગ્રહની મને ચિંતા નથી. એથીયે વધારે વિકરાળ પ્રશ્ન વંશવિગ્રહ (race-conflict)નો છે. ગોરાઓ અંદર અંદર લડ્યા એમાં જંગલીપણાની એમણે પરાકાષ્ઠા કરી. પણ એમણે અંદર અંદર અણુબૉમ્બ વાપર્યો નહિ. એ તો અમેરિકાએ એશિયાવાસીઓ માટે જ વાપર્યો. એ બતાવે છે કે ગોરાઓની માણસાઈ ગોરા પૂરતી જ છે.

ગોરાઓના સ્વભાવની આ ખાસિયત આજે આફ્રિકામાં વિશેષરૂપે દેખાઈ આવે છે. એટલે દુનિયાનું ભાવિ નક્કી થવાનું છે તે સામ્યવાદ કે મૂડીવાદના સિદ્ધાન્ત ઉપર નહિ, પણ મહાજાતિઓ બંધુભાવે એકત્ર રહેવાની છે કે વંશવિગ્રહની યાદવાસ્થળી ચલાવવાની છે એના ઉપર નક્કી થશે.

હવે દુનિયાની તમામ મહાજાતિઓની કસોટી એ જ ભૂમિ પર થવાની છે, જે ભૂમિ પર ભગવાને ગાંધીજીને મોકલી એમને સત્યાગ્રહનો પહેલવહેલો સાક્ષાત્કાર કરાવ્યો હતો.

જે દિવસે ગાંધીજીએ આફ્રિકાની ભૂમિ ઉપર પગ મૂક્યો તે દિવસે આખી માનવજાતિનું ભાગ્ય ફરી ગયું. તે વખતે ગાંધીજી પણ જાણતા ન હતા. આજે આખી દુનિયા જાણે છે. જો આફ્રિકાની ભૂમિ પર વંશવિગ્રહ ફાટશે તો એમાં તમામ સંસ્કૃતિ હોમાશે- અને જો એ વિનાશનો સાક્ષાત્કાર કલ્પનાશક્તિથી બધા કરી શકશે તો એ ભૂમિ ઉપર માનવતા અને બંધુતાની સ્થાપના થશે. માનવઇતિહાસનો એ મહાન અધ્યાય આફ્રિકામાં લખાશે. એમાં ભાગ ભજવવાનું કામ ભારતને ભાગે આવવાનું છે. એટલા માટે જ ભગવાન ગાંધીજીને કેળવવા માટે આફ્રિકામાં લઈ ગયા હતા.

કાકા કાલેલકર

શોધું

શોધું સાંજસવાર,
આ પારે ઓ પાર,
મારા સૂરોનો અસવાર જી,
મારા સૂરતણો સરદાર જી.

રંગમહલમાં દીપ જલાવ્યા મેં બાંધ્યા હીંડોળા ખાટ જી,
સર્જી મારા સહુ તાર સતારના. વાહકની રહી વાટ જી.
મારા સૂરોનો સરદાર જી. શોધું૦

કુંજનિકુંજે ફૂલ ખીલ્યાં, ખીલ્યાં જલકમલ કાસાર જી,
આજ વસંત કેરી વાત જાગી, મારું ઉર માગે ઉદ્‌ગાર જી.
મારા સૂરોનો સરદાર જી. શોધું૦

મનપવનની પાવડી પહેરું, આંખમાં આંજું જ્યોત જી,
નીલ ગગનની ગોદ ગોતે મારો પ્રાણનો પ્રેમ-કપોત જી.
મારા સૂરોનો સરદાર જી. શોધું૦

આભ ઓળંગું ને ભોમ ભેદું, માંડું ગુરુ ચરણનમાં ચિત્ત જી,
કંઠ મારે એણે કંઠ ભર્યો નિજ, પ્રીતમાં પૂરી પ્રીત જી.
મારા સૂરોનો સરદાર જી. શોધું૦

સુન્દરમ્

ઘરે આવું છું હું—

ઘરે આવું છું હું, નવ કદિ રહ્યો દૂર ઘરથી.
ધસે હૈયું તે તો બળદ ઘરઢાળા જ્યમ ધસે.
ઘરે બેઠાં ચાહી નહિ જ જનનીભૂમિ ગરવી,
વસી દૂરે જેવી. કદિક નભવાણીથી ઘરનું
સુણ્યું જો સંગીત શ્રવણ ચમકયા, તૃપ્તિ હૃદયે
લહી ગાઢી; ઘેરી રજનિ મહીં ક્યારેક સપનાં
તણા તાણાવાણા મહીં જતી વણાઈ જ રટણા
વિલાતી માતાની ખટકભર......' રે દર્દ કથની!

ઘરે લાવું છું શું? હૃદય, નવ એ પ્રશ્ન કર તું.
ન ઉદ્યોગે બુદ્ધિ, વણજ સમજું ના જરીય તે.
નથી ખાલી હૈયે પણ હું ફરતો છેક જ, નવી
કંઈ આશાઓ ને સ્મિતરુદનના મર્મ નવલા
ઘરે લાવું છું હું.—ખરું જ કહું? આવું કવિજન
હતો તેનો તે હા! પણ કંઈક શાણો વિરહથી.

એસ. એસ. ચુસાન
૧૩-૧૨-૧૯૫૨

ઉમાશંકર જોષી

આંસુ

ઓ મારાં અંતરનાં આંસુ
બહારે ના આવો!
એ જ્યાં સુધી ના આવે સામે
ત્યાં સુધી તો સંતાઓ.
આંસુ, બહારે ના આવો!

જેના વિરહે ઊભરાયાં, ના
તેના વિરહે સૂકાઓ.
રાહ ધરો, એ આવે ત્યારે
એની ગોદ ભીંજાઓ.
આંસુ, બહારે ના આવો!

બેકદર દુનિયાના મેલા
પાયે ના ખરડાઓ,
જેનાં છો તેનાં રહી મૂંગાં
મંગલ દર્દ વધાવો.
આંસુ, બહારે ના આવો!

પારાશર્ય

સમયરંગ

તંત્રી

અણુશક્તિનો માનવહિતમાં ફાળો

૧૯૪૨ના ડિસેમ્બરની બીજીએ પ્રસિદ્ધ વૈજ્ઞાનિક એનરીકો ફેર્મીએ અણુશક્તિને સક્રિય બનાવી હતી તેને એક દસકો થયાના દિવસે–૧૯૫૨ના ડિસે.ની બીજીએ શિકાગો યુનિવર્સિટીમાં સમારંભ થયો હતો. અણુપ્રયોગશાળાના નિયામક અને અત્યારે વૉશિંગ્ટન યુનિ.ના કુલપતિ આર્થર કૉમ્પટને આ પ્રસંગે પ્રવચન કરતાં કહ્યું હતું કે અણુશસ્ત્રોએ ત્રીજું વિશ્વયુદ્ધ ટાળ્યું છે. અણુબૉમ્બે બીજા વિશ્વયુદ્ધને ટૂંકાવીને લાખો જપાનીઓ અને અમેરિકનોના જાન બચાવ્યા છે એવું એમનું વક્તવ્ય સૌને સર્વથા ઔચિત્યભર્યું ન પણ લાગે, પરંતુ અણુબૉમ્બે યુદ્ધોત્તર જગતમાં સત્તાઓની સમતુલા સર્જી છે એવું એમનું કથન જરૂર વિચારવા જેવું જણાશે. રક્ષણ અને આરોગ્યના સાધન તરીકે અણુશક્તિની અગત્ય સમજાવવા ઉપરાંત એમણે કહ્યું કે એક ઉપયોગી શક્તિ તરીકે અણુશક્તિને યોજવાનું કાર્ય હજી શરૂ થયું નથી. 'હું માનવજાતિને માટે એની અંતે જે અગત્ય છે તે ભાગ્યે જ અગ્નિ કરતાં ઓછી હોય એમ સમજું છું.' એમણે એમ પણ કહ્યું છે કે અણુશક્તિ પ્રગટી છે એનો અર્થ જ એ કે '૫૦ કે ૧૦૦ વરસમાં કોઈ પણ પ્રકારની જગતસરકાર અસ્તિત્વમાં આવવી જોઈએ અને પછી મોટું યુદ્ધ બહુ અસંભવિત બની જશે...પણ આનો આધાર શક્તિશાળી વૈજ્ઞાનિકોને કામ કરવા અને વિચારવિનિમય કરવા માટે સ્વતંત્રતાનું વાતાવરણ આપવા ઉપર છે. એક પેઢી અગાઉ જે પ્રતિબંધો વિચારમાં પણ ન આવે તે દુનિયાના વૈજ્ઞાનિકો ઉપર આજે મૂકવામાં આવ્યા છે—રશિયામાં જ નહિ પણ યુનાઈટેડ સ્ટેટ્સમાં પણ.' લોકશાહીઓમાં પણ બૌદ્ધિક સ્વાતંત્ર્ય માટે હજી ઘણું કરવાનું બાકી છે એ પણ આ પ્રવચનમાંથી જાણવા મળે છે.

ક્રોચેનું અવસાન

ઇટાલીના પ્રસિદ્ધ તત્ત્વજ્ઞ બૅનેડેટ્ટો ક્રોચેનું ૨૦મી નવેમ્બરે ૮૬ વરસની ઉંમરે અવસાન થયું છે. બાળપણમાં, કદાચ ધરતીકંપના આંચકાથી, ઘર ફસડાઈ પડતાં ક્રોચે દટાઈ ગયા હતા, પણ બચવા પામ્યા હતા. આખી જિંદગી એમણે તત્ત્વચિંતનને સમર્પી હતી. મુસોલિની પછીની સરકારમાં ક્રોચે કેળવણી પ્રધાનના પદે આવ્યા હતા. ખાસ કરીને સાહિત્ય અંગેના તત્ત્વચિંતનમાં ક્રોચેનો ઘણો મહત્ત્વનો ફાળો છે. માનવ આત્મા, માનવ ચતન્ય અખંડ અને અવિભાજ્ય છે. પણ એની પ્રવૃત્તિ જ્ઞાન કર્મ, લાગણી, સૌન્દર્યાભિવ્યક્તિ એમ ગોળ સીડી રૂપે થતી હોય છે એટલે કે સૌન્દર્યાભિવ્યક્તિએ પહોંચ્યા પછી ફરી એમાંથી જ્ઞાનનો ઉન્મેષ થાય અને ચક્ર પાછું આગળ ચાલે. જે બિંદુએ ઊભા હોઈએ તેમાં પાછળ ગોળ સીડીના જેટલા ચકરાવા ચઢાઈ ચૂક્યા તે બધાના અનુભવોનો પાસ હોય–એટલે કે ક્ષણમાં પાછલો સમગ્ર ઇતિહાસ જીવાઈ રહ્યો હોય. ક્રોચેનું ઇતિહાસ વિષે પણ આ પ્રકારનું તત્ત્વચિંતન છે. પણ આત્માની એક નોખી અને મહત્ત્વની પ્રવૃત્તિ તરીકે Expression –સૌન્દર્યાભિવ્યક્તિ (કે રસાનુભવ)ના એમણે તાત્ત્વિક રીતે સ્થાપના કરી છે તે એમનો મોટો ફાળો છે. સંસ્કૃત સાહિત્યતત્ત્વમીમાંસામાં જેવું અગત્યનું સ્થાન આચાર્ય અભિનવગુપ્તપાદનું છે તેવું આધુનિક સાહિત્યતત્ત્વમીમાંસામાં આચાર્ય ક્રોચેનું કહી શકાય. એમના દાન્તે, ગેટે, એરિઓસ્ટો, કોર્નેઈલ, રાસીન, શેક્સ્પીઅર ઉપરનાં વિવેચનો એમની સાહિત્યવિચારણા પ્રત્યક્ષ વિવેચનકાર્યમાં કેવી સમજદારીભરી છે તેનો સુંદર ખ્યાલ આપે છે. એસ્થેટીક્સ (રસમીમાંસા) ઉપરનો એમનો મૂળ ગ્રંથ અને 'ઇસેન્સ ઑફ એસ્થેટીક'માંનાં એમનાં સારરૂપ ભાષણો અને 'ડીફેન્સ ઑફ પોએટ્રી' વ્યાખ્યાન કાવ્ય અને કલામાત્રના તત્ત્વમાં રસ ધરાવનારાઓ માટે અનિવાર્ય વાચન ગણાય.

અંતર કેમ ઘટે ?

હિંદના ઉપપ્રમુખ અને યુનેસ્કોના પ્રમુખ તરીકે વરાયેલા ડૉ. રાધાકૃષ્ણને સોર્બોન યુનિ. આગળ ધર્મશિક્ષણ વિષે પ્રવચન કરતાં ધ્યાન ખેંચ્યું હતું કે દુનિયા પાસે એક વખતે પરંપરાગત શિક્ષણપદ્ધતિઓ હતી, જે દ્વારા રાજકીય કે રાષ્ટ્રીય સરહદોની પાર જઈ શકે એવું મૂલ્યોનું ધોરણ મળતું. આજે નવો યુગ માગણી કરી રહ્યો છે પણ આખા જગતને વ્યાપી વળે અને એકતા સ્થાપે એવું કોઈ તત્ત્વ નથી. બીજા શબ્દોમાં કહીએ તો દુનિયામાં અંતરો ઘટી ગયાં છે, પણ માણસ માણસ, પ્રજા પ્રજા વચ્ચેનું અંતર ઘટતું નથી.

બાળકો

કલકત્તા કૉર્પોરેશને બહાર પાડેલા આંકડા મુજબ છેલ્લાં પાંચ

વરસમાં શહેરમાં જન્મેલાં બાળકોમાંથી દર ચારમાંથી એક બાળક એક વરસની ઉમરે પહોંચતાં પહેલાં મૃત્યુ પામ્યું છે. ૧૯૪૩-૪૪ના દુષ્કાળ ગાળામાં દર બેમાંથી એક બાળક એ રીતે મૃત્યુ પામ્યું હતું વસવાટ, જાહેર આરોગ્ય, પોષણ, જન્મપૂર્વેની અને પછીની સંભાળ—વગેરેની મુશ્કેલીઓને લીધે આવું બન્યું છે એમ કહેવામાં આવે છે. દેશના ભવિષ્યના પાયામાં કેવી ચિંતાજનક સ્થિતિ છે તે તરફ આ હકીકત ધ્યાન ખેંચે છે.

દેશ પ્રશ્નો

આપણા દેશમાં સૌથી મોટો બનાવ પંચવર્ષીય યોજના આખરી સ્વરૂપમાં પ્રગટ થઈ છે એ છે. દૈનિક છાપાંઓ અને રાજકીય પક્ષો પોતપોતાના અભિપ્રાયો દર્શાવી લે એટલે પત્યું એમ ન થવું જોઈએ. આવી યોજનાઓ પાછળ ઘણીબધી વિદ્વત્તા અને જાણકારી હોય છે. યોજના સાથે સંપૂર્ણરીતે કે અંશતઃ વિરોધ હોય તેવાઓએ પણ આપણા દેશના પાયાના પ્રશ્નો વિષેની જાણકારી તો ખૂબ વધારવી જોઈએ. એવી જાણકારીને પરિણામે તે તે પ્રશ્નો વિષે આપણે વધારે સભાન થઈશું અને એના સંતોષકારક ઉકેલો પણ એ રીતે જ ક્યારેક સૂઝશે. પ્રજાને આ યોજનાનો વીગતવાર પરિચય થાય અને જુદાજુદા પ્રશ્નો વિષે જુદાજુદા વિચારકો ઊહાપોહ કરે એ લોકકેળવણી માટે ઘણું જરૂરનું છે... મુંબઈ સરકારના એકબે નિર્ણયો ફરી વિચારવા યોગ્ય છે. સરકારી કૉલેજોના અધ્યાપકો યુનિવર્સિટીઓમાં સ્થાન ન ધરાવી શકે એવો ફતવો કાઢવાનું આપણા શિક્ષણખાતાને શી રીતે સૂઝ્યું એની જ નવાઈ લાગે છે. યુનિવર્સિટીઓનું તંત્ર ઝાઝે ભાગે અધ્યાપકોને હાથે ચાલે એ ઇચ્છવાજેવું લેખાય છે. સરકારને એમાં પોતાના અધ્યાપકો જ ફાળો આપે એવા ન લાગે એ કમનસીબ વલણ ગણાય. બોર્ડ ઑફ સ્ટડીઝ (અભ્યાસક્રમ ઘડનાર મંડળો) અને ઍકેડેમિક કાઉન્સીલ (વિદ્યાસંસદ્) અધ્યાપકો વિનાની હોય એ તો હાસ્યાસ્પદ પરિસ્થિતિ. ચૂંટાયેલા નેતાઓ અને વહીવટી વડાઓ પોતાને સર્વજ્ઞ કે સર્વગુણસંપન્ન માની બેસે એ સ્થિતિ ભાગ્યે જ ઉત્તેજનપાત્ર હોય. મુંબઈ સરકારનો બીજો નિર્ણય વડોદરાની પ્રસિદ્ધ સેન્ટ્રલ લાયબ્રેરી બંધ કરી એનાં પુસ્તકોને જુદે-જુદે ઠેકાણે વહેંચી નાખવા અંગે છે. આપણે આવી નવી લાયબ્રેરી-ઓ ઝટ ઊભી ન કરી શકીએ પણ જે છે તેને તોડી તો ન જ નાખીએ. વડોદરામાં હવે શ્રી મ. સ. યુનિવર્સિટી થઈ છે તેને હસ્તક આ પુસ્તકાલય સોંપી શકાયું હોત. બીજા પ્રદેશોને જુદી રીતે વળતર આપવું અશક્ય ન જ હોવું જોઈએ. આ તો બે બાઈઓ વચ્ચે બાળકના ટૂકડા કરી આપવા જેવો ન્યાય છે. વ્યવહારના આવા નિર્ણયો પાછળ આપણું જે પોત પ્રગટ થાય છે તે સુરુચિને આઘાત પહોંચાડનારું છે......મધ્યસ્થ સરકારના શિક્ષણખાતાએ અંગ્રેજીના ભણતરમાં ખાસ કરીને વિજ્ઞાનના અભ્યાસ અંગે થયેલા બગાડા—(deterioration)નો વિચાર કરવા પરિષદ બોલાવી છે. જે બાળકોના માધ્યમિક શિક્ષણમાં અંગ્રેજીનાં વરસ ઓછાં કરવામાં આવ્યાં છે તેઓ હજી મેટ્રિકની કક્ષાએ પણ પહોંચ્યાં નથી, કૉલેજ સુધી ગયાનો સવાલ જ નથી, ત્યાં અંગ્રેજી બગડયાની આવી બુમરાણ મચાવવાનું શી રીતે ઊભું થયું? જે ચાલુ અંગ્રેજી શીખતા આવેલા જ છે તેમનું અંગ્રેજી બગડયું હોય. પણ માત્ર અંગ્રેજી જ બગડયું છે? અંગ્રેજી ઉપરાંત શિક્ષણની બીજી ઊણપો પણ સુધારી-એ. અને દેશના પ્રાણપ્રશ્નોના ઉકેલ અંગે અખાડા કરવા ન હોય તો અંગ્રેજીને રાજભાષા કે શિક્ષણના માધ્યમ તરીકે ન રાખવા છતાં એનો અભ્યાસ જરૂરી ક્ષેત્રોમાં સુંદર રીતે કેમ ચાલે એનો વિચાર કરવો જોઈએ. વિજ્ઞાનના અભ્યાસનો હાઉ બહુવાર આગળ ધર્યો. આંતરરાષ્ટ્રીય પરિભાષા ચૂપચાપ સ્વીકારી લઈ સ્વભાષામાં અભ્યાસ ચલાવવો એ તોડ સ્વીકાર્યા વગર છૂટકો નથી....મુંબઈ રાજ્યમાં એસ. એસ. સી. માં જે વિવિધ વિષયો અપાયા છે તેને બદલે જૂની ઘરેડના વિષયો પર આવી જવા તરફ પ્રવૃત્તિ શરૂ થઈ છે એ પ્રત્યાઘાતી વલણ છે. એસ. એસ. સી.ની નવી વિષયપસંદગી-નું એક સુંદર પરિણામ આ વરસે ખાસ આગળ તરી આવ્યું છે. અમદાવાદની પ્રાથમિક શાળાઓમાં કેટલાક પ્રૌઢ શિક્ષકો આ પરીક્ષામાં બેઠા હતા અને સારી કક્ષાએ પસાર થયા છે. એ શિક્ષકબંધુઓને અભિનંદન!... શ્રી મુનશીએ હમણાં નિવેદન કર્યું છે કે પોતે કદી મહાગુજરાતના રાજકીય એકમની માગણી સાહિત્યપરિષદ કે એવા મંચ ઉપરથી કરી નથી. માત્ર સાંસ્કૃતિક એકતાની દૃષ્ટિએ પોતે મહાગુજરાતની વાત કરતા આવ્યા છે એમ એ કહે છે. સાંસ્કૃતિક એકતાનો વાદ પણ આ દેશમાં એક નાનુંસૂનું ભયચિહ્ન નથી. સાંસ્કૃતિક એકતા માટે ભારે ગુલશોર મચાવવાનો ન હોય. આપણે ઇચ્છીએ કે તેઓ કહે છે તેમ રાજકીય મહાગુજરાત માટે એક પ્રચારક તરીકે એ કદી આગળ આવ્યા નથી અને બિહારમાં અનાજ તો છે પણ લોકોની ખરીદશક્તિ નથી એ પ્રકારનો સૂક્ષ્મ દલીલરસ જ એ નિવેદન પાછળ નહિ હોય... હમણાં નવસારીમાં મળેલા સાહિત્યપરિષદના ૧૮મા સંમેલનમાં મહાગુજરાતના એકમ માટે ગાજવીજ થઈ. શ્રી મુનશી સાહિત્ય-પરિષદના સર્વેસર્વા છે, ચાલુ કાર્યવાહક પ્રમુખ છે. હવે એ નવસારીમાં થયેલી કાર્યવાહીનો વિરોધ શી રીતે કરે છે, કાર્યવાહક પ્રમુખપદનું રાજીનામું આપે છે કે કેમ એ જોવાનું રહે છે...... શ્રી મુનશી ગુજરાતના જાહેરજીવનમાં 'મૂલ્યપરિવર્તન' કરવામાં ખૂબ સફળ નીવડયા છે એ હમણાંના એકબે બનાવો ઉપરથી પ્રતીત થાય છે. સાહિત્યપરિષદમાં રખે 'સાહિત્ય' રહે એની એમણે ઠીક કાળજી રાખી છે. નાટ્યશતાબ્દી સમારંભ અંગે પણ કોઈ શેઠીઆની શેહ નીચે કાર્યક્રમો ઉજવાયા એમાં પણ શ્રી મુનશીનાં વલણોની અસર કેટલે સુધી પહોંચી છે તેનો અંદાજ નીકળે છે... શબ્દરચનાહરીફાઈ઼ઓ અંગે કરેલા ઠરાવ માટે સાહિત્યપરિષદને અભિનંદન ઘટે છે.

[અનુસંધાન પૃ. ૩૭ ઉપર

પંચવર્ષીય યોજના : એક પરિચય

વાડીલાલ ડગલી

આપણા પ્રતિભાશાળી અને દૃષ્ટિસંપન્ન ઠઠ્ઠાચિત્રકાર શંકરે પંચવર્ષીય યોજનાને પ્રગટ થતાંની સાથે જ એક ઠઠ્ઠાચિત્રથી વધાવી હતી. તે ચિત્રમાં આયોજનના અહેવાલનાં બે ભારે મોટાં પુસ્તકો નીચે હાડપિંજર જેવો હિન્દી નાગરિક દબાઈ ગયો હતો. શંકર જેવા પ્રગતિશીલ કળાકારનું આ વલણ આશ્ચર્યજનક છે. આપણા દેશમાં સરકારી વહીવટીતંત્ર સામે અવિશ્વાસનું જે મોટું મોજું ફરી વળ્યું છે તેનું પણ આ પરિણામ હોય. પણ હિન્દના ઇતિહાસમાં આર્થિક નવરચનાની આવી સર્વસ્પર્શી વિચારણા ક્યારેય થઈ નથી. આવા રાષ્ટ્રઘડતરના પ્રાણપ્રશ્નને હલ કરતી યોજનાને સૌએ આવકારવી જોઈએ – પછી ભલે યોજનાની પદ્ધતિ અને તેને અમલમાં મૂકવાની ગતિ વિષે મતભેદ હોય. ખરી વાત એ છે કે કોઈ પણ યોજના કે નિયમન વગરના પછાત અર્થતંત્રના ભારથી હિન્દી નાગરિક દિનપ્રતિદિન વધુ ને વધુ દબાઈ રહ્યો છે. આથી કોઈ પણ આર્થિક વિકાસની યોજના આપણી સમાજવ્યવસ્થાની એક માત્ર આશા છે.

આયોજનનો યુગ

૧૯૧૭ના નવેમ્બરની સાતમી તારીખે લેનિને સોવિયેટ રશિયામાં પ્રથમ શ્રમજીવીઓનું રાજ્ય સ્થાપ્યું. આ હકીકત રાજકીય દૃષ્ટિએ મહત્ત્વની તો છે પણ તેથીય વધુ રશિયન ક્રાંતિએ આપણી આર્થિક દૃષ્ટિમાં મૂળભૂત ફેરફારો કર્યા. રશિયાના પ્રત્યેક નાગરિકને પોતાના વિકાસ માટે પૂરતી અને સમાન તક મળે એ હેતુથી થયેલી આ ક્રાંતિએ મૂડીવાદી અર્થતંત્ર અચલાયમાન છે તે વાતને સદાને માટે નિરર્થક કરી દીધી.

મૂડીવાદ

મૂડીવાદ એ એક પ્રકારની આર્થિક સમાજવ્યવસ્થા છે. આર્થિક દૃષ્ટિએ કહીએ તો, મૂડીવાદી સમાજરચનામાં જમીન તથા ઉત્પાદનનાં બીજાં સાધનોની માલિકી મુઠ્ઠીભર લોકોના હાથમાં હોય છે. આ લોકોને સમાજ પ્રત્યે કોઈ જવાબદારી નથી. નફો એ પ્રત્યેક આર્થિક પ્રવૃત્તિનો માનદંડ છે. જે વર્ગ ઉત્પાદનનાં સાધનોની માલિકી ધરાવે છે તે વર્ગ માલની વહેંચણી પર પણ કાબૂ ધરાવે છે. આથી સારાયે સમાજના જીવન પર આ વર્ગનો ન માની શકાય તેટલો કાબૂ હોય છે. મૂડીવાદ માત્ર આર્થિક ક્ષેત્રમાં નથી. એણે જિંદગીનાં બધાં જ પાસાં બીજાં ઉદાત્ત મૂલ્યોના ભોગે નાણાં અને નફાના રંગે રંગી નાંખ્યાં છે. મૂડીવાદે જીવન પર કેટલી મહત્ત્વની અસર કરી છે. તેનું એક ઉદાહરણ શિક્ષણના ક્ષેત્રમાંથી મળે છે. એક વિદ્યાર્થીને પૂછવામાં આવ્યું : "What is the purpose of a textile factory ?" (વસ્ત્રવણાટની મિલનો હેતુ શો છે ?) વિદ્યાર્થીએ પાણીનો પ્યાલો પીતો હોય તેટલી સરળતાથી જવાબ આપ્યો : "To earn profits for the share-holders." (શેરહોલ્ડરો માટે નફો કમાવાનો)

ગયા સૈકાના છેલ્લા દસકા સુધી મૂડીવાદે યુરોપમાં પ્રગતિશીલ ભાગ ભજવ્યો. મૂડીવાદ એ સમયે હાનિકારક ન હતો કેમ કે એ સમાજની આર્થિક ઉત્ક્રાંતિનો એક અનિવાર્ય તબક્કો હતો. પણ જેમ સમય વીતતો ગયો તેમ મૂડીવાદની મૂળભૂત અસંગતતાઓ (contradictions) સમાજના અર્થતંત્રને પહેલાં અહીંતહીં હલાવવા માંડી અને પછી યુદ્ધ, આર્થિક ઉત્પાત વગેરે દ્વારા ઉથલપાથલ કરવા લાગી. જો અર્થતંત્ર કરોડો માણસો સાથે સંકળાએલું ન હોત તો કોઈ એ ઉથલપાથલની ચિંતા ન કરત. પણ જ્યારે અમેરિકા જેવા સમૃદ્ધ દેશમાં પણ એક બાજુ ઈ. સ. ૧૯૩૦માં પાટનગર વોશિંગ્ટનમાં ભૂખ-કૂચો નીકળવા માંડી અને બીજી બાજુ વધી પડેલા ઘઉં અને ઈંડાંનો નાશ કરવામાં આવ્યો, ત્યારે વિચારકોને મૂડીવાદી અર્થતંત્રની જે ટીકા માર્ક્સે ૧૮૪૯માં કરી હતી તેની યથાર્થતા લાગી.

ચોકીદાર રાજ્યો

આ સમયે અમેરિકન સરકાર શું કરતી હતી ? અમેરિકન સરકાર મૂડીવાદની રાજકીય ફિલસૂફી પર બીજી બધી સરકારોની જેમ રચાયેલ છે. મૂડીવાદની રાજકીય ફિલસૂફી માત્ર બે જ ફ્રેંચ શબ્દોમાં વ્યક્ત કરવામાં આવી છે–Laisseiz faire, એટલે કે ફાવે તેમ કરવા દો. રાજ્યને આર્થિક વિભાગમાં ખાનગી મૂડીનું રક્ષણ કરવા સિવાયનો કોઈ અધિકાર નથી એમ આ Laisseiz faire કહે છે. જેમ ગાંધીજીએ સ્વાવલંબનને મધ્યમાં રાખી સર્વોદયની અને રાષ્ટ્ર-મુક્તિની પ્રવૃત્તિ આદરી તેમ મૂડીવાદીઓ આ Laisseiz faire-ને મધ્યમાં રાખીને એમની પ્રવૃત્તિ ચલાવી રહ્યા છે. આથી મૂડીવાદે પ્રત્યેક સરકારને જાનમાલનું રક્ષણ કરવાનું અને પરદેશી આક્રમણથી બચાવવાનું કાર્ય સોંપ્યું. આમ રાજ્ય એ ચોકીદાર રાજ્ય (Police State) બન્યું. આ ચોકીદાર રાજ્યને રશિયન ક્રાંતિએ મોટામાં મોટો આઘાત આપ્યો. ચોકીદાર રાજ્યને રશિયન ક્રાંતિએ લોકકલ્યાણની પ્રવૃત્તિની જવાબદારી લેવા આહ્વાન કર્યું. અને ક્રાંતિ પછી દસ વર્ષે રશિયાએ "પડશે તેવા દેવાશે"ની ફિલસૂફીનો ત્યાગ કરી વ્યવસ્થિત આર્થિક વિકાસની પ્રથમ પંચવર્ષીય યોજના અમલમાં મૂકવાની શરૂઆત કરી. રાષ્ટ્રના બધા જ આર્થિક મોરચે એક સાથે પ્રગતિ એ આયોજનનો પ્રાણ છે, પણ જો એ પ્રગતિ એટલે કે ઉત્પાદનનો વધારો પ્રજાના જીવનધોરણ સાથે સાંકળવામાં ન આવે તો તે આયોજનની ઝાઝી કિંમત નથી. આથી પ્રજાનું જીવનધોરણ ઊંચું લાવવા, પ્રજાની સુખ-સગવડો વધારવા અને પ્રજાને વધુ ને વધુ સ્વાવલંબી બનાવવા વ્યવસ્થિત આર્થિક વિકાસ કરવો તે આયોજનનો હેતુ છે.

રશિયા અને હિન્દ

૧૯૧૯નું રશિયા એ ૧૯૪૭ના હિન્દ જેવું અર્ધવિકસિત હતું. રશિયાની પંચવર્ષીય યોજનાઓએ ૧૯૦૫માં જપાન જેવા નાના રાષ્ટ્રની પાસે પરાજય પામેલા રશિયાની એટલી બધી રોનક ફેરવી નાંખી કે બીજા વિશ્વયુદ્ધ વખતે ખૂબ ખાનાખરાબી સહન કર્યા છતાં રશિયા અમેરિકાની બરોબરી કરી શકે એવું મહાન રાષ્ટ્ર બન્યું. આ પ્રતાપ પંચવર્ષીય યોજનાઓનો હતો. આથી આપણે જ્યારે આઝાદીની લડત લડતા હતા ત્યારથી આ દેશમાં આર્થિક યોજના દ્વારા દેશનો વિકાસ કરવાનાં સ્વપ્ન સેવતા હતા.

હિન્દમાં આયોજન

ઈ. સ. ૧૯૩૮માં જ્યારે સુભાષચંદ્ર બોઝ કોંગ્રેસના પ્રમુખ હતા ત્યારે તેમણે પંડિત જવાહરલાલ નહેરુના પ્રમુખપદે રાષ્ટ્રીય આયોજન સમિતિની નિમણૂક કરી. પ્રો. કે. ટી. શાહ આ સમિતિના મંત્રી હતા. એ વખતની પરદેશી સરકારે પણ ઈ. સ. ૧૯૪૧માં વાઈસરોયની કેબીનેટના વ્યાપારખાતાના સભ્યના પ્રમુખપદે દેશનો આયોજન દ્વારા વિકાસ કરવા એક સમિતિ નીમી. ૧૯૪૪માં વાઈસરોયે સર અરદેશર દલાલની દેખરેખ નીચે એક આયોજન અને વિકાસના ખાતાની સ્થાપના કરી. આ દરમિયાન આપણા દેશના પ્રધાન મૂડીવાદીઓએ દેશના વિકાસ માટે બોમ્બે પ્લાનની જાહેરાત કરી. અને શ્રી એમ. એન. રોયે પિપલ્સ પ્લાનની જાહેરાત કરી. પ્રો. અગ્રવાલે આ સમયે ગાંધીવાદી વિકાસયોજના આપી. હિન્દમાં યુદ્ધોત્તર વિકાસયોજનાના ભિન્ન ભિન્ન અહેવાલોનો રાફડો ફાટ્યો. આ બધી પ્રવૃત્તિએ એક વસ્તુ સ્પષ્ટ કરી કે આયોજન સિવાય આપણો ઉદ્ધાર નથી.

૧૯૪૮ની ઔદ્યોગિક નીતિ

૧૯૪૬માં પંડિત જવાહરલાલ નહેરુએ વચગાળાની સરકાર રચી કે તરત જ તેમણે તે સમય સુધીમાં આયોજન વિષે જે કાંઈ કાર્ય થયું હોય તેનું સંકલન કરી પંચવર્ષીય યોજનાનું ધ્યેય, વહીવટીતંત્ર અને કાર્યપદ્ધતિ વિષે ભલામણો કરવા શ્રી કે. સી. નિયોગીના અધ્યક્ષપદે એક આયોજન સલાહકાર સમિતિ નીમી.

આ સમિતિએ કેન્દ્રમાં એક આયોજનપંચ નીમવાની તથા બીજી આનુષંગિક મહત્ત્વની ભલામણો કરી. ૧૯૪૭ના ઑગસ્ટમાં પૂર્ણ સ્વતંત્રતા સાથે દેશના ભાગલા થયા. આથી આર્થિક વિકાસની યોજનાઓમાં મોટા ફેરફાર કરવા પડ્યા. ૧૯૪૮ના એપ્રિલમાં સરકારે પોતાની ઔદ્યોગિક નીતિની જાહેરાત કરી. આ નીતિ ન્યાય અને સમાન તકના ધોરણે સમાજરચના કરવાની હતી. ("To establish a social order where justice and equality of opportunity shall be secured to all the people.") આ નીતિ અનુસાર સરકારે આયોજનપંચ નીમવાનું નક્કી કર્યું. ૧૯૫૦ના માર્ચમાં વડાપ્રધાન શ્રી નહેરુના પ્રમુખપદે રાષ્ટ્રની, ભૌતિક આર્થિક અને માનવસંપત્તિની આંકણી કરી તે ત્રણેયનો સૌથી વધુ પરિણામદાયી ઉપયોગ કરવા માટે

પંચવર્ષીય યોજના તૈયાર કરવા એક આયોજનપંચ નીમ્યું. આ પંચે અર્થતંત્રના કયા વિભાગના વિકાસને કેટલું અગ્રસ્થાન આપવું એ નક્કી કરવાનું હતું. બીજી રીતે કહીએ તો આયોજનપંચે એ નક્કી કરવાનું હતું કે ખેતીને માટે સીંચાઈને વધુ અગ્રસ્થાન આપવું કે પાયાના મોટા ઉદ્યોગોને વધુ અગ્રસ્થાન આપવું.

પંદર માસ પછી ૧૯૫૧ના જૂનમાં આયોજનપંચે ૧૭૯૩ કરોડની પંચવર્ષીય યોજનાનો કાચો ખરડો દેશ સમક્ષ રજૂ કર્યો. આ ખરડો ચર્ચા-વિચારણા માટે હતો. રાષ્ટ્રના ભિન્ન ભિન્ન પક્ષોએ તથા હિતોએ આ ખરડા પર સુધારા સૂચવ્યા. આ બધાં સૂચનોને લક્ષમાં લઈ આયોજન-પંચે ૧૮ માસ બાદ ૧૯૫૨ના ડિસેમ્બરની આઠમી તારીખે ૨૦૬૯ કરોડની પંચવર્ષીય યોજના રજૂ કરી. આ યોજના ૧૯૫૨ના ડિસેમ્બરની ૧૮મી તારીખે ૮૭ વિરુદ્ધ ૧૯ મતે રાજ્યસભામાં પસાર થઈ. અને બીજે દિવસે લોકસભાએ ૨૮૬ વિરુદ્ધ ૬૨ મતે પંચવર્ષીય યોજનાને મંજૂરી આપી. આ રીતે પંચવર્ષીય યોજનાને સંસદની સંમતિથી અધિકૃત સ્વરૂપ પ્રાપ્ત થયુ.

પંચવર્ષીય યોજના

આ યોજના ત્રણ મુખ્ય વિભાગોમાં વહેંચાયેલ છે. પહેલા વિભાગમાં આપણા અર્ધવિકસિત અર્થતંત્રની સ્થિતિ તથા તેના વિકાસના તબક્કાઓનું પૃથક્કરણ, લાંબા ગાળાના આર્થિક ધ્યેયનું સૂચન, આયોજનનો પ્રધાન હેતુ, આર્થિક-વિકાસની પ્રવૃત્તિમાં કોને કેટલે અંશે અગ્રસ્થાન આપવું તેનો નિર્ણય, આયોજનની કાર્યપદ્ધતિ (Technique) વગેરેની ચર્ચા કરી પંચવર્ષીય યોજના દ્વારા કરવા ધારેલ કાર્યોનો સાર આપવામાં આવ્યો છે. બીજા ભાગમાં વહીવટી તંત્રમાં સુધારા કરવાનાં સૂચનો તથા લોકસહકાર વિષે ચર્ચા કરવામાં આવી છે. ત્રીજા ભાગમાં ભિન્ન ભિન્ન વિકાસ-યોજનાના કાર્યક્રમો આપવામાં આવ્યા છે. આ કાર્યક્રમો ત્રણ પેટા વિભાગોમાં વહેંચવામાં આવ્યા છે, (અ) ખેતી, સીંચાઈ અને વિકાસયોજનાઓ, (આ) ઉદ્યોગ અને વાહન તથા સંદેશાવ્યવહાર, (ઇ) લોકકલ્યાણનાં કાર્યો તથા રોજીનો પ્રશ્ન.

આપણું અર્થતંત્ર

આપણું અર્થતંત્ર ખેતીપ્રધાન હોવા છતાં અને આપણી વસતીના ૭૮ ટકા લોકો ખેતી અને તેના આનુષંગિક વ્યવસાયોમાં રોકાયેલા હોવા છતાં આપણે છેલ્લાં ચાર વર્ષમાં ૭૫૦ કરોડ રૂપિયાનું અન્ન દેશમાં આયાત કર્યું. આ હકીકત આપણા અર્ધવિકસિત અર્થતંત્રની વિકટ પરિસ્થિતિ સ્પષ્ટ કરવા સહાય કરે છે. અંગ્રેજી વ્યાપારશાહીએ આ દેશનો કાચો માલ ઇંગ્લેંડના ઉદ્યોગોને સગવડપૂર્વક મળે તે ઉદ્દેશથી જ દેશના વાહનવ્યવહાર ઇત્યાદિની દિશામાં વિકાસ કર્યો.

સૈકાઓ પહેલાં ખેતીનાં ઓજારો અને કૃષિવિષયક જ્ઞાન આપણી પાસે હતું તેમાં કશો ફેરફાર ન થયો. જમીનદારી પદ્ધતિ અને જમીનના નાના નાના ટુકડાથી કોઈ પણ આશરા વિનાના કરોડો ખેતમજૂરોની સંખ્યા વધતી ગઈ અને આપણું અન્નઉત્પાદન ઘટતું ગયું. સાથે સાથે બિનખોરાકી પાક(cash crop)નું વાવેતર પ્રમાણમાં વધતું ગયું. ઔદ્યોગીકરણની શકયતા યુદ્ધ જેવા અસાધારણ સંજોગો સિવાય ન હતી. આથી આપણે ત્યાં અર્ધવિકસિત અર્થતંત્રની એક ખાસ લાક્ષણિકતા દૃષ્ટિગોચર થાય છે. એક બાજુ કરોડોનું બેકાર અને અર્ધબેકાર માનવબળ છે અને તેની સાથે સાથે વિપુલ વણસ્પર્શી (unexploited) કુદરતી સંપત્તિ-છે. આ પરિસ્થિતિ માટે વિકાસરોધક સામાજિક અને આર્થિક બળો અને જડ કાર્યપદ્ધતિ (technique) જવાબદાર છે. બીજી હકીકત એ છે કે આપણે ઉત્પાદનની મૂડીવાદી કાર્યપદ્ધતિ (capitalist technique of production) અપનાવ્યા સિવાય આપણા કૃષિપ્રધાન અર્થતંત્રને દુનિયાના મૂડીવાદી બજારોના નિયમોથી નિયંત્રિત થવા દઈએ છીએ. આ આપણા અર્થતંત્રની મોટામાં મોટી નબળાઈ છે. આથી આપણે પછાત રહ્યા છીએ. કોઈ પણ દેશની સમૃદ્ધિ તથા આર્થિક પ્રગતિ તે દેશની રાષ્ટ્રીય આવકથી મહદંશે વ્યક્ત થાય છે. ૧૯૬૮માં અમેરિકાની માથાદીઠ રાષ્ટ્રીય આવક ૫૧૧૯ રૂપિયા હતી, ઇંગ્લંડની ૨૫૭૭ હતી, ઑસ્ટ્રેલિયાની ૨૬૬૭ હતી, સ્પેનની ૧૧૦૪ હતી, સિલોનની ૬૨૦ હતી, જ્યારે હિંદની ૨૨૮ રૂપિયા હતી.

આયોજન અનિવાર્ય

આ પરિસ્થિતિમાં આપણે આપણી વર્તમાન સંપત્તિની સરખે ભાગે પુનર્વહેંચણી કરી નાખીએ તો પણ આપણા દેશના દારિદ્ર્યનો પ્રશ્ન ઊકલશે નહિ. બીજી બાજુ માલ (goods)ની ન્યાયી વહેંચણી પૂરેપૂરી લક્ષમાં રાખ્યા સિવાય

માત્ર ઉત્પાદન વધારીએ તો પણ આપણો પ્રશ્ન ઉકલશે નહિ. आथी उत्पादननी वृद्धि अने न्यायी वहेंचणीना पाया पर आपणा अर्थतंत्रनो व्यवस्थित विकास करवो पडशे.

આ વસ્તુ સિદ્ધ કરવા નિયમન અને નિયંત્રણ વગરની આર્થિક નીતિનો ત્યાગ કરવો પડશે. પંચવર્ષીય યોજના લોકસભા સમક્ષ રજૂ કરતી વખતે વડાપ્રધાન પંડિત નહેરુએ પણ આ વાત સ્પષ્ટ કરી છે : "We in India have rejected completely the Laissez-faire policy. (હિન્દમાં આપણે અનિયંત્રિત અર્થતંત્રનો સર્વથા ત્યાગ કર્યો છે.) આયોજન દ્વારા આપણા આર્થિક પ્રશ્નો ઉકેલવાનું આપણે નક્કી કર્યું છે.

આયોજન શું છે?

પંચવર્ષીય યોજનામાં એ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આયોજન પ્રજાના આર્થિક જીવનના પ્રશ્નોનો બુદ્ધિપૂર્વકનો ઉકેલ છે. તે સાધન અને સાધ્યનો પરસ્પર સુમેળ કરવા માગે છે. આ રીતે આજ સુધી અવ્યવસ્થિત રીતે થયેલા 'સુધારા' અને 'પુનર્રચના'થી આયોજન ભિન્ન છે. ("Planning is essentially an attempt at working out a rational solution of problems, an attempt to co-ordinate means and ends; it is thus different from the traditional hit-and-miss methods by which 'reforms' and 'reconstruction' are often undertaken.")

યોજનાનું ધ્યેય

પંચવર્ષીય યોજના પોતાના ધ્યેય વિષે પણ સ્પષ્ટ છે. "The problem, therefore, is not of merely rechanneling economic activity within the existing socio-economic frame work; that frame-work itself is to be remoulded so as to enable it to accommodate progressively those fundamental urges which express themselves in the demand for the right to work, the right to adequate income, the right to education and to a measure of insurance against old age, sickness and other disabilities." (મૂળભૂત પ્રશ્ન હાલના સામાજિક-આર્થિક ચોકઠાની મર્યાદામાં રહીને આર્થિકપ્રવૃત્તિમાં ફેરફાર કરવાનો નથી; પણ તે ચોકઠાનું જ એવી રીતે પુનર્નિર્માણ કરવાનું છે કે તેમાં રોજી, પૂરતી આવક, શિક્ષણ અને વૃદ્ધાવસ્થા બિમારી કે બીજી મુસ્કેલીના વખતમાં અમુક સલામતીના હક્કોની જોગવાઈ થઈ રહે.) પંડિત નહેરુએ લોકસભામાં પંચવર્ષીય યોજના ઉપરના પોતાના ભાષણમાં પંચવર્ષીય યોજનાનો હેતુ સ્પષ્ટ કરી દીધો છે :

"Our objective is to bring about economic democracy. In other words we have to put an end gradually to the various classes that subsist and ultimately develop in India a classless society.

"The ultimate aim is to put an end to the great differences between the rich and the poor and the people who have opportunities and people who have none or very little. In the ultimate analysis everything that comes in the way of that aim must be removed but removed in a friendly way and a co-operative way."

—સારાંશ કે હિન્દમાં આપણે આર્થિક લોકશાહી અને વર્ગવિહીન સમાજરચના સ્થાપવાનો પંચવર્ષીય યોજના દ્વારા નિર્ણય કર્યો છે. આપણું અંતિમ ધ્યેય પંડિત નહેરુના કહેવા પ્રમાણે એ છે કે વિકાસની બધી તકો જેમને સુપ્રાપ્ય છે તેવા તવંગર અને એવી તમામ તકોથી વંચિત તેવા ગરીબ વચ્ચેના ભેદો નામશેષ કરી નાખવાના છે. આ ધ્યેયના માર્ગમાં આવતાં તમામ વિઘ્નોને શાંતપૂર્વક દૂર કરવાં પડશે.

કાર્યપદ્ધતિ

આપણે લોકશાહી સરકારનો સ્વીકાર કર્યો છે એટલે યોજનાને અમલી બનાવવા માટે લોકોના સહકાર, શિક્ષણ અને સમજ ઉપર આધાર રાખવો પડશે. બીજી કોઈ સરમુખત્યારશાહી પંચવર્ષીય યોજનાથી આ યોજના એ રીતે જુદી પડે છે: ૧. આ યોજનામાં પ્રજાની સંમતિ વિના બળજબરીથી કોઈ પણ વિકાસકાર્ય લાદવાનો પ્રયત્ન નથી.

૨. આ યોજના વર્ગવિહીન સમાજરચનાનું ધ્યેય વર્ગમેળ અને શાંતિથી સિદ્ધ કરવા ઇચ્છે છે. આખી યોજના વહીવટી સરળતાની દૃષ્ટિએ રાજ્યો, જિલ્લા અને તાલુકાવાર વિગતપૂર્વક વહેંચી નાખવામાં આવી છે. ખાસ કરીને ગ્રામપંચાયતો અને સહકારી મંડળીઓ દ્વારા વિકાસકાર્યક્રમો અમલમાં મુકાય એની ચીવટ રાખવામાં આવી છે. વહીવટીતંત્રની સુધારણા માટે પણ સૂચનો કરવામાં આવ્યાં છે.

સામાન્ય આર્થિક નીતિ

પંચવર્ષીય યોજના હાલ પૂરતું હિંદમાં મિશ્ર અર્થતંત્ર (mixed economy) સ્વીકારે છે. મિશ્ર અર્થતંત્ર રાજ્યનિયંત્રિત ખાનગી સાહસ પર રચાયેલી આર્થિક વ્યવસ્થા છે. મૂડીવાદ અને સામ્યવાદનાં બે ધ્રુવોનો ત્યાગ કરી કેટલાક દેશોએ મિશ્ર અર્થતંત્રનો મધ્યમ પ્રતિપદા માર્ગ સ્વીકાર્યો છે. આ અર્થતંત્રના રાજ્યસંચાલિત અને ખાનગી એવા બે વિભાગ હોય છે. આ આર્થિક વ્યવસ્થા રાષ્ટ્રીયકરણનો સિદ્ધાન્ત સ્વીકારી કેટલાક ચાવીરૂપ ઉદ્યોગોનું રાષ્ટ્રીયકરણ કરે પણ છે. આમ છતાં ખાનગી સાહસના વિકાસને અવરોધવામાં આવતો નથી. આ બન્ને વિભાગના પરસ્પર સંબંધનો અને આયોજનમાં તેમના મહત્ત્વનો પ્રશ્ન પાયાનો છે.

યોજના સર્વસ્વ; બીજું બધું પછી

ખાનગી સાહસ કે રાજ્યસંચાલિત આર્થિક વિભાગ કે મજૂરનીતિ, અંકુશો કે પરદેશ સાથેનો વેપાર—આ બધાં સાધનો છે. યોજનાનું ધ્યેય એ સાધ્ય છે. વડા પ્રધાન પંડિત નહેરુએ અને પંચવર્ષીય યોજનાએ વારંવાર કહ્યું છે કે ખાનગી સાહસ ત્યાં સુધી વિકસી શકશે જ્યાં સુધી તે આયોજનને સહાય કરશે. પાર્લામેન્ટ સમક્ષ શ્રી નહેરુ બોલ્યા હતા : " We have a private and a public sector, but the private sector which we wish to encourage must fit in with controlled economy " એટલે કે ખાનગી સાહસો હવે માત્ર નફાના ધોરણે અનિયંત્રિત રીતે નહિ ચાલી શકે પણ તે અંકુશોની મર્યાદામાં જ વિકાસ પામી શકશે.

અંકુશો

અંકુશો એ આયોજનનો પ્રાણ છે. જો મિશ્ર અર્થતંત્રની મર્યાદામાં અને હિન્દ જેવા અન્ન જેવી જરૂરિયાતની વસ્તુની ખાધવાળા દેશમાં આયોજન કરવું હોય તો અંકુશો વગર ચાલી શકશે નહિ. પંચવર્ષીય યોજના અંકુશો વિષે સાવ સ્પષ્ટ છે. આથી આયોજન સ્વીકારતા રાજકીય આગેવાનો અને પ્રધાનો અંકુશો વિરુદ્ધ પ્રચાર કરે છે ત્યારે એમ લાગે છે કે કાં તો તેઓ આયોજન શું તે સમજતા નથી અથવા લોકપ્રિયતા પ્રાપ્ત કરવા સચ્ચાઈનો ભોગ આપે છે. અંકુશોના વહીવટી તંત્ર સામે આજે સકારણ જુગુપ્સા પ્રવર્તે છે પણ તેનું નિરાકરણ નિર્દય તંત્રશુદ્ધિમાં છે. આપણા એક અધિકારી અર્થશાસ્ત્રી પ્રો. સી. એન. વકીલે જણાવ્યું છે કે જો આપણે અંકુશ ન જોઈતા હોય તો આયોજનની વાત છોડી દેવી પડશે.

મજૂરનીતિ

હિન્દના ઔદ્યોગિક અર્થતંત્રમાં કામદારસંઘો અનિવાર્ય જ નહિ પણ આવકારપાત્ર છે એમ આયોજનપંચે સ્પષ્ટ કર્યું છે. મૂડીવાદી અર્થતંત્રમાં જો લોકશાહી વિકસિત કરવી હોય તો કામદારસંઘો સિવાય ચાલશે નહિ. આ સૈકામાં જ્યારે જ્યારે કોઈ પણ દેશમાં સરમુખત્યારશાહી આવી છે ત્યારે તે કામદારસંઘોની કબર પર જ રચાઈ છે. મુસોલિનીનું ઇટલી, હિટલરનું જર્મની, ફ્રાન્કોનું સ્પેઇન, લશ્કરવાદી જપાન અને પેરોનનું આર્જેન્ટિન આનાં પ્રસિદ્ધ ઉદાહરણો છે. સામ્રાજ્યવાદી સત્તાઓએ પણ કોઈ પણ દેશ ઉપર પોતાનો કાબૂ અબાધિત રાખવા સૌથી પ્રથમ કામદારસંઘોને ગુંગળાવ્યા છે. મલાયા, ટચુનિસિયા, કેન્યા તથા વિયેટનામની મુક્તિની લડત એ કામદારસંઘોના અસ્તિત્વની પણ લડત બની છે. આયોજનપંચે આ બધી હકીકત લક્ષમાં લીધી હોય એમ લાગે છે. આયોજનપંચે આર્થિક સમાનતા અને સૌને કામ (full employment)નું ધ્યેય જ માત્ર સ્વીકાર્યું નથી પણ વચગાળાના સમયમાં કામદારોને રાહત મળે એ હેતુથી વપરાશની વસ્તુનું ભાવનિયમન, ફુગાવો ન વધે તે માટે નફા અને મહેનતાણા પર નિયંત્રણ, કામ કરતા દરેક કામદારને અલ્પતમ મહેનતાણું (Minimum wages) તો મળે જ તેવો કાયદો કરવાની બાંહેધરી, દેશના બધા ઔદ્યોગિક કામદારોને આવરી લેતી પ્રોવિડન્ટ ફન્ડની તથા બિમારી અને બીજી અશક્તિ અંગે વીમાની યોજના અને કામદારોના વસવાટોની યોજનાનો પ્રબંધ કરવામાં આવ્યો છે. આમાંથી પ્રોવિડન્ટ ફન્ડની યોજનાનો અમલ છેલ્લા થોડાક માસથી

શરૂ થઈ ગયો છે, જ્યારે વીમાની યોજના દિલ્હી અને કાનપુર-માં શરૂ થઈ ગઈ છે. દેશની આર્થિક અસમાનતા દૂર કરવા યોજનાએ સૂચનો કર્યાં છે :–"Inequalities of income and wealth have clearly to be reduced." (આવક અને સંપત્તિની અસમાનતા દૂર કરવી જ પડશે.)

ખાસ કરીને મૃત્યુવેરા (death duties) દ્વારા આર્થિક સમાનતા પ્રતિ પ્રગતિ કરવી એમ સૂચવ્યું છે. આ ઉપરાંત આવકવેરાની તથા નફાનું નિયંત્રણ કરી શકે તેવા અંકુશોનું ચોકઠું તૈયાર કરવાની યોજના હિમાયત કરે છે. આયોજનપંચ માને છે કે આવકવેરો, મૃત્યુવેરો તથા નફાનું નિયંત્રણ અસમાનતા દૂર કરવામાં ગણનાપાત્ર ફાળો આપશે.

ખેતનીતિ (Land Policy)

પંચવર્ષીય યોજના ગ્રામજનતાના પુનર્જીવન દ્વારા અન્ન અને કાચા માલ પરત્વે સ્વાવલંબી બનવાનું ધ્યેય સ્વીકારે છે. એક બાજુ ગણ્યાગાંઠ્યા જમીનદારો અને બીજી બાજુ કરોડો કંગાલ ખેતમજૂરોથી ઊભરાતા આ દેશનું ભવિષ્ય જમીનની માલિકીની અસંદિગ્ધ અને ત્વરિત પુનર્વ્યવસ્થા ઉપર અવલંબે છે એમ કહીએ તો જરાયે અતિશયોક્તિ નથી. પંચ-વર્ષીય યોજનાએ પણ આ પ્રશ્નની ગંભીરતા સ્વીકારી છે. "...... the land policy should be such as will reduce disparities in wealth and income, eliminate exploitation, provide security for the tenant and the worker, and finally, promise equality of status and opportunity to different sections of the rural population. The achievement of these aims is an essential part of the purpose of the Five-Year Plan." (જમીનવિષયક નીતિ એવી હોવી જોઈએ કે તેથી સંપત્તિ અને આવકની અસમાનતા ઓછી થાય, શોષણ નાબૂદ થાય, ગણોતિયા અને ખેતમજૂરોને સલામતી પ્રાપ્ત થાય અને અંતે ગ્રામજનતાના બધા ભાગને સમાન તક અને સમાન મોભાની બાંહેધરી મળે. આ ધ્યેયની સિદ્ધિ એ પંચવર્ષીય યોજનાનો આવશ્યક હેતુ છે.)

પંચવર્ષીય યોજનાની ખેતનીતિ નીચેનાં અંગોને સ્પર્શે છે: (૧) જમીનદાર, (૨) શ્રીમંત ખેડૂતો, (૩) મધ્યમ વર્ગ-ના અને નાના ખેડૂતો, (૪) બિનરક્ષિત ખેડૂતો (tenants-at-will), (૫) ખેતમજૂરો (Landless workers). યોજના જણાવે છે કે જમીનદારી હક્કો ઘણાંખરાં રાજ્યોમાં નાબૂદ થયા છે અને બીજાં રાજ્યોમાં ક્રમશઃ નાબૂદ થતા જાય છે. જમીનમાલિકી અને ખેડાણની અત્યારની અપૂર્ણ અને ખામીભરી માહિતીને પૂર્ણ કરી સાચી માહિતી પ્રાપ્ત કરવા આ વર્ષે પ્રત્યેક રાજ્યમાં વ્યવસ્થિત રીતે નવી ગણતરી કરવામાં આવશે.

જમીનમાલિકી વિષે યોજનાએ ચાર સિદ્ધાન્ત નક્કી કર્યા છે: (૧) એક વ્યક્તિ વધુમાં વધુ કેટલી જમીન રાખી શકે તેની મર્યાદા આંકવી, (૨) જાતે ખેતી કરતા શ્રીમન્ત ખેડૂતોને સગવડ મળે તેવી વ્યવસ્થા કરવી, (૩) ખેડાણની ઉત્પાદકશક્તિ નિશ્ચિત કક્ષાથી નીચે ન આવે તેવી કાયદા દ્વારા જોગવાઈ કરવી, (૪) નાના અને મધ્યમવર્ગના ખેડૂતો સહકારી પદ્ધતિથી ખેતી કરે તે માટે ઉત્તેજન આપવું. આ ચાર સિદ્ધાન્તો દ્વારા યોજના જમીનમાલિકીની અસમાનતા દૂર કરવા માગે છે અને ઉત્પાદનશક્તિની વૃદ્ધિ માટે યોગ્ય પરિસ્થિતિ નિર્માણ કરવા માગે છે.

વધુમાં વધુ કેટલી જમીન રાખી શકાય ?

જમીનમાલિકીની મર્યાદા વિષે વિચાર કરતાં યોજના એક ક્રાન્તિકારી વિધાન કરે છે : "In relation to land (as also in other sectors of the economy), individual property in excess of any norm that may be proposed has to be justified in terms of public interest and not merely on grounds of individual rights or claims." (जमीन अने अर्थतंत्रनां बीजां क्षेत्रोनी बाबतमां खानगी मिलकतनुं अेक सामान्य धोरण नक्की करवामां आवशे. आ धोरण करतां वधु खानगी मिलकत राखवा इच्छनारे मात्र अंगत हक्कनी दृष्टिअे नहि पण प्रजाहितनी दृष्टिअे ते मिलकत व्याजबी ठराववी पडशे.) ખાસ કરીને જમીનમહેસૂલ, જમીનની ઉત્પાદકશક્તિ અને જમીનનું મૂલ્ય—આ ત્રણ અંગો જમીનમાલિકીની મર્યાદા નક્કી કરવામાં નિર્ણાયક થશે. એક સૂચન એવું છે કે એક સામાન્ય ખેડૂતકુટુંબ ચાલુ સાધનોથી જેટલી જમીન ખેડી શકે તે કરતાં ત્રણગણી જમીન એ યોગ્ય મર્યાદા ગણવી જોઈએ.

શ્રીમંત ખેડૂતો બિનરક્ષિત ખેડૂતની પાસે જમીન

ખેડાવતા હોય છે. ઉપરની મર્યાદાથી વધુ જમીન ધરાવતા શ્રીમંત ખેડૂતની વધારાની જમીન બિનરક્ષિત ખેડૂત ખરીદી લે તેને ઉત્તેજન આપવું જોઈએ. નાના અને મધ્યમ વર્ગના ખેડૂતો સહકારી ધોરણે ખેતી કરે એવી પરિસ્થિતિ ઊભી કરવામાં આવશે. દરેક રાજ્ય પાસે નાના અને મધ્યમ વર્ગના ખેડૂતોનાં ખેતરો એકજથ્થે (consolidate) કરવાનો ચોક્કસ કાર્યક્રમ હોવો જોઈએ. આ ઉપરાંત જમીનનું અલ્પતમ મર્યાદાથી નીચે વિભાજન (fragmentation) ન થાય તેવો કાયદો દરેક રાજ્યે કરવો પડશે. કોઈ પણ જમીનમાલિક જાતે ખેતી ન કરતાં ગણોતિયા પાસે ખેતી કરાવતો હોય અને એ પ્રમાણે પાંચ વર્ષ સુધી પોતે ખેતી ન કરે તો તે ગણોતિયાને એ જમીન ખરીદી લેવાનો અધિકાર રહેશે.

ખેતમજૂરોનો પ્રશ્ન

ખેતમજૂરોનો પ્રશ્ન યોજના સહકારી ખેતીથી ઉકેલવા માગે છે. આ માટેની ભૂદાનની પ્રવૃત્તિને પણ યોજના આવકારે છે. હિન્દના કરોડો ખેતમજૂરોનો પ્રશ્ન એટલો ગંભીર છે કે ગ્રામઅર્થતંત્રનું માળખું બદલ્યા સિવાય તેનો ઉકેલ શક્ય નથી. એટલું જ નહિ, યોજના ત્યાં સુધી જણાવે છે કે જન્મ અને સંજોગોના અકસ્માતથી કોઈ માણસ કાર્ય કરવા ઇચ્છે તો પણ ભૂમિનો માલિક ન થઈ શકે એવી અર્થવ્યવસ્થાને ટકાવવી મુશ્કેલ છે. (It will be difficult to maintain a system in which, because of accident of birth or circumstances, certain individuals are denied the opportunity of rising in the social scale by becoming cultivaters and owners of land. The problem has, therefore, to be approached in terms of institutional changes.)

સહકારી મંડળીઓ અને ગ્રામપંચાયત

યોજના ગ્રામપંચાયતોને જમીનવ્યવસ્થા અને જમીનમાલિકીના ફેરફારો અમલમાં મૂકતી ક્રિયાશીલ સંસ્થાઓ બનાવવા ઇચ્છે છે. ગ્રામપંચાયતો ગ્રામવિકાસનાં સર્વ અંગોને વ્યવસ્થિત કરવાનું અને આગળ ધપાવવાનું કાર્ય કરશે. સહકારી ધોરણે સારાયે ગામની વ્યવસ્થા ગ્રામપંચાયત કરશે. જમીનવ્યવસ્થાનો કાયદો એવો કરવામાં આવશે કે ગ્રામપંચાયત આખા ગામની જમીન જાણે કે એક જ ખેતર હોય એવી રીતે વ્યવસ્થા કરી શકશે. ટૂંકમાં સહકારી ધોરણે પોતાના પ્રશ્નોનો ઉકેલ કરી ગામડું રાષ્ટ્રીય આયોજનના માળખાનો પ્રગતિશીલ અને સ્વાયત્ત પાયો બની શકે એવું પંચવર્ષીય યોજનાનું ધ્યેય છે.

જમીનવ્યવસ્થાની સુધારણા (land reforms) માટે કેન્દ્રસરકાર જમીનવ્યવસ્થાની સુધારણાની સંસ્થા કેન્દ્રમાં સ્થાપશે.

મહેસૂલ વિષે યોજના એમ જણાવે છે કે ખાસ મહત્ત્વના કારણ સિવાય પાકના ચોથા ભાગથી વધુ જમીનમહેસૂલ લેવાશે નહિ.

વેપારનીતિ

યોજનાના સમય દરમિયાન સરકારની વેપારનીતિ નીચેના પાંચ મુદ્દાઓને લક્ષમાં રાખી ઘડાશે: (૧) વેપારનીતિ યોજનામાં નક્કી કરેલા ઉત્પાદન અને વપરાશના ધ્યેયને મદદકર્તા થવી જ જોઈએ. (૨) નિકાસની ઊંચી સપાટી (high level of exports) ટકાવી રાખવામાં આવશે. (૩) પરદેશ સાથેના વેપારમાં, દેશ પાસે જેટલું પરદેશી હૂંડિયામણ (foreign exchange) હોય તેથી વધુ ખાધ ન આવવી જોઈએ. (૪) યોજના અમલી બનાવવા માટે નાણાં અને ભાવનિયમનની નીતિ સાથે આયાતનિકાસની નીતિ સુસંગત થવી જોઈએ. (૫) વેપારનીતિ એવી સ્થિર હોવી જોઈએ કે આપણા આયાતનિકાસના વેપારમાં અને દેશના ઉદ્યોગધંધામાં વારંવાર ખલેલ ન પડે.

એવી ધારણા રાખવામાં આવે છે કે ૧૯૫૫-૫૬માં ૧૯૪૮-૪૯ની સરખામણીમાં હિન્દની નિકાસ ૩૦ ટકા વધશે અને આયાત ૩ ટકા વધશે, વપરાશની વસ્તુની આયાત પર અત્યંત કડક નિયંત્રણ મૂકવામાં આવશે.

ઔદ્યોગિક નીતિ

યોજનાના સમય દરમિયાન સરકારની ઔદ્યોગિક નીતિ સામાજિક કલ્યાણની દૃષ્ટિથી ખાનગી સાહસોનું નિયંત્રણ કરવાની રહેશે. યોજનાના ઘડવૈયાઓએ વારંવાર સ્પષ્ટ કર્યું છે કે ખાનગી સાહસોએ લોકહિતની દૃષ્ટિથી જ ચાલવું પડશે. ૧૯૫૧ના ઔદ્યોગિક નિયમન અને વિકાસના કાયદાથી સરકારને ઉદ્યોગોનું નિયમન તથા તપાસ કરવાની પૂરતી સત્તા મળી છે

[અનુસંધાન પૃ. ૨૭ ઉપર]

સલામ ઇન્ડોનેશિયા !

ઉમાશંકર જોષી

'ઊડતો વલંદો'
જાવાથી મલાયા જતાં
૯-૧૨-૧૯૫૨

.........,

અત્યારે સુમાત્રા ઉપર થઈને ઊડી રહ્યા છીએ. પાછા વળતાં પણ પેલા ઊડતા વલંદાની પાંખોનો જ લાભ મળ્યો છે.

આજ તો ખરી થવાની હતી. કાલે રાતે આવ્યો એવો જ આજના જવા વિષે તપાસમાં પડ્યો હતો. એક મિત્રને મોકલ્યા. એમના કહેવા મુજબ આજે ૧૧-૦૦ વાગે વિમાન ઊપડવાનું હતું. દેશ છોડતાં પહેલાં વિદાયનો 'વીસા' પણ લેવાનો રહે છે. તે માટે આઠને સુમારે નીકળ્યો. જે એજન્સી મારફત વ્યવસ્થા કરેલી તે તો બિચારા ટેલિફોન ઉપર મારે માટે ઊંચાનીચા થઈ રહ્યા હતા. કહે કે સાડાઆઠે તમારે વિમાનઘર પર પહોંચવું જોઈએ, નવે ઊપડે છે. સવાઆઠ થયા હતા. એમણે પોતાની ગાડી આપી. અમારી ગઈ મારો સામાન લેવા...બાર દિવસ પહેલાં આ બધી વ્યવસ્થા માટે કહીને ગયેલો છતાં આ દશા ! મારે આવી દોડાદોડી અવાર-નવાર આવી પડે છે. જાણે મોટો કામગરો ન હોઉં ! પણ એની એ મજા પડે છે. કાંઈ જ ન બનતું હોય એમ—આપણું તો કશું જ ખાટુંમોળું થવાનું નથી એ રીતે—એમાં પસાર થઈએ છીએ એ અનુભવ આનંદભર્યો હોય છે. જતાં પહેલાં નાની નાની વાગતો જોઈ લેવાની હતી. એક ફોન કરી લીધો: કસ્ટમવાળા સાથેની પ્રાથમિક વિધિ થઈ ગઈ...ઓ ધોળી મોટર આવી પણ પહોંચી. હાથપેટી ને હાથથેલા લઈ કસ્ટમમાં બતાવી આગળ ચાલ્યા. અવરજવર ખાતાએ પાસ-પોર્ટ સોંપ્યો તે લઈ લીધો. અહીં મુશ્કેલી થવાની હતી. આપણા એમાં બાધાઈમાં આમ તો હું આગળ નીકળી જાઉં. પણ કોણ જાણે શું સૂઝ્યું તે તબિયત અંગેની ચોપડી મેં પાસપોર્ટમાં મૂકેલી તેની તપાસ કરી. બંને સાથે સોંપેલી. ચોપડી ન મળે. વિમાન ઊપડવાને માંડ ૩થી ૫ મિનિટની વાર. વિમાનવાળી એક સન્નારીને મેં વાત કરી. વિમાની કંપનીનો માણસ તો મને હાથમાં પાસપોર્ટ લેતો જોઈ કામ પત્યાના સ્મિત સાથે અદૃશ્ય થઈ ચૂક્યો હતો. પેલી બાઈ આમતેમ પૂછપરછ કરવા લાગી. તબિયત બગાડી દે એવો (આગળ દેશ આવતાં સુધીમાં ઘણે ઠેકાણે ચોપડી બતાવવી રહેશે.) મામલો હતો. પણ પેલી બાઈ સ્વસ્થ હતી. કોક સારા માણસને પૂછી રહી હતી. એણે ગજવામાંથી પાસપોર્ટનાં કાગળિયાં કાઢ્યાં. જોઉં તો ઠાવકી થઈને મારી તબિયતની ચોપડી ત્યાં ગોઠવાઈ ગયેલી ! ખરી તું ?! પણ તબિયતની ચોપડીનો વાંક ન હતો. એ રાજી રાજી થઈ જાય એવો મજબૂત ઊંચો પેલો ગોરો પ્રૌઢ હતો. મારે મશ્કરી પણ શી રીતે કરવી કે આપને કમમાં કમ એ તબિયતની ચોપડી તો જોઈએ ને ? મારાથી બમણી – બલકે બમણાથીયે કાંક વધુ – તબિયત !...આવા પ્રસંગોએ ઘણીવાર બનતું હોય છે તેમ નવ વાગે ઊપડનારું વિમાન ખાસું વીસેક મિનિટ રહીને ઊપડ્યું. પણ જે ઝડપથી જાવા-બાલી જોયાં તેનો અનુભવ વિદાય વખતે પણ ન થાય એ ચાલે ?

આપણને બેઠક નંબરની ચબરખી આપવામાં આવે છે. તેની પાછળ વિમાનની બેઠકોનો નકશો હોય છે એટલે તરત તમે તમારી બેઠક શોધીને બેસી શકો. પડખેની બેઠક ખાલી હતી. પણ સીધી હારમાં બે બાઈઓ બેઠી છે. એક છે ઇન્ડોનેશિયાની, બીજી ચીની. બંને થોડીક ઉત્સાહમાં છે. પોતાના 'એ'ની ('હસ્બન્ડ'ની) વાતે વળી છે. અહીંની બાઈ દૂર દેશાવર ઊડી રહી છે. ચીની બાઈ 'એકલી' પહેલી વાર. મારી આગળ એક હિંદી ભાઈ છે. વિમાન ઊપડે તે પહેલાં શુદ્ધ દેશી ઢાળમાં ભજન ગાઈ રહ્યા છે. વિમાન પાંખો ઉઠાવે તે પહેલાં તો એમનું ઓમ્ શાન્તિઃ પૂરું પણ થયું. એકાદ ભગત માણસને બચાવવા ખાતર પણ ભગવાને બીજા બધાને બચાવવા પડશે. (આમ જ લુચ્ચી દુનિયા બચી ગઈ છે તો !)

વિમાનઘર દરિયા કાંઠે જ છે. દરિયા તરફ દોટ મૂકીને હળવેકથી ઊડતા વલંદાએ પોતાની જાતને હવામાં ઊંચકી લીધી. બિચારો દરિયો ! એ નીચે હાથ-પછાડે. કદાચ એને થયું હશે કે ધરતીને છોડશે તો મારે ખોળે ખેલવા આવી પહોંચશે. પણ અનેક સમુદ્રો બલકે એ સમુદ્રોથી ભરેલી પૃથ્વી પણ જેના ઉદરમાં નાના અમથા જલકણથી–અરે અણુથીયે અલ્પ છે એવા વિભુ આકાશમાં એ શા માટે ન જવા કરે ? પણ આ તો મારો જ તર્ક હતો. દરિયાને શું છે ? એ તો નીચે મરકમરક હસ્યાં કરે છે. ધોળાં ધોળાં મોજાંનાં ફીણ ઉપર ઊપસી આવે છે, જાણે એના પેટમાં સ્મિત માતાં ન હોય !

થોડી વારમાં જ સુમાત્રાની ભૂમિ ઉપર થઈ ઊડવા માંડ્યા. આ વખતે ઇચ્છા તો એવી હતી કે જાવાથી પાછા વળતાં ગરુડ એરવેઈઝમાં સિંગાપોર જવું. ગરુડ સુમાત્રાના પાટનગર પાલમબાંગ પેરો ખાઈને આગળ જાય છે. આ રીતે સુમાત્રાની ભૂમિ ઉપર પગ મૂકવાનો લહાવો મળત એ જ લોભ ન હતો, પણ અહીં મોટાં કારખાનાં છે તે ઉપરથી જોઈ શકાય છે અને વધારાના ગેસને ભૂંગળાં વાટે અદ્ધર આકાશમાં સળગાવી તેનો નાશ કરે છે એ બધું દ્રશ્ય વિમાનમાંથી જ જોવા મળે છે.

નાનાં તળાવો, ડુંગરો, એ લીલાં ખેતરો અને સમુદ્રને જઈ મળતી નાનીમોટી નદીઓ એ બધું જોતાજોતા આગળ જતા હતા. એટલા ઊંચા હતા કે થોડી વાર પછી નીચેના લીલા રંગની બિછાત તે પાણીની છે કે ધરતીની એ નક્કી કરતાં વાર લાગી. ધરતી જ હતી. પડખે સમુદ્ર ધસી આવ્યો. દૂરદૂર સુધી કિનારાની જોડાજોડ થોડા ફર્લાંગ સુધી ભોંયતળિયું ઊંચું દેખાતું હતું, પછીથી જાણે કે ઊંડો દરિયો શરૂ થયો હતો. એ બધી જમીન જાણે જરીક ધક્કો આપીને પાણી બહાર લાવી દઈએ એવી ઉપરથી લાગે.

વિમાનમાંથી આવાં દ્રશ્યો તો દેખાયા જ કરવાનાં. પેલી બાઈ ચીની બાઈને છોડીને બીજી એક ખાલી બેઠક પર જઈ દ્રશ્યો જોઈ રહી છે કે વિચારમાં ઊડી રહી છે ? મારા મનમાં અત્યારે આ ટૂંકી યાત્રાને પરિણામે અનેક વિચારો તરવરી રહ્યા છે.

અચાનક જ ઇન્ડોનેશિયાના કટોકટીભર્યા દિવસોમાં હું અહીં આવી ચઢ્યો. દેશની સ્થિતિ ડામાડોળ છે. ઑક્ટોબરની ૧૭મીએ લોકોનાં ટોળાએ પાર્લમેન્ટ પાસે જઈ દેખાવો કરેલા. પ્રમુખને કહ્યું કે પાર્લમેન્ટને બરખાસ્ત કરો. મરજુમી પક્ષના એક પાર્લમેન્ટસભ્યે હમણાં પ્રશ્ન પૂછ્યો છે કે–સરકાર જાણે છે કે ૨૭મી ઑક્ટોબરે પાર્લમેન્ટગૃહ અને પ્રમુખના મહેલ સામે તોપો તાકવામાં આવી હતી, અને આ દેખાવો પાછળના ખર્ચના પૈસા સરકારી તિજોરીમાંથી જ મળ્યા હતા ? આમાં અતિશયોક્તિઓ હશે, પણ લશ્કરી આગેવાનોનો એની પાછળ હાથ હતો એ હવે સૌ સ્વીકારે છે. (કોઈ રાજકીય પક્ષ એની પાછળ હતો એવો પણ આરોપ છે.) સદ્ભાગ્યે સૌને લશ્કરી આગેવાનોને સુદ્ધાં–પ્રમુખ શ્રી સુકર્ણો માટે માન છે. પ્રમુખે બધાની સમક્ષ વીગતે ભાષણ આપ્યું અને સમજાવ્યું કે એમ ઉભડક પાર્લમેન્ટ બંધ ન થાય. દેખાવ કરનારાઓની ઇચ્છા નિવેદન બહાર પડાવવાની હતી, તે પણ બંધ રાખવામાં આવ્યું. આમ ૧૭મી ઑક્ટોબરની ઘાતમાંથી રાજ્ય બચી ગયું. હમણાં ૨૨મી નવેમ્બરે સરકારે પોતે ગઈ ૧૭મી વિષે સત્તાવાર નિવેદન પ્રગટ કર્યું છે અને લશ્કરી નેતાઓને કોકડું ગૂંચવાય એવાં પગલાં લેતાં અટકવા સૂચવ્યું છે.

ઇન્ડોનેશિયામાં લશ્કર અંગેની સ્થિતિ કાંઈક સ્ફોટક ગણાય. ૧૭મી ઑક્ટોબર પછી તરત જ સુરાબાયાના લેફ્ટેનન્ટ કર્નલ સુડિરમને પોતાની ઇચ્છા રાજ્યને માથે લાદી. મકાસ્સરના લેફ્ટેનન્ટ કર્નલ વારાઉએ પોતાના ઉપરીને દૂર કરી પોતે તેનું પદ ધારણ કર્યું. હમણાં ૨૨મીનું નિવેદન પ્રગટ થયા પછી સુમાત્રામાં લે. ક. કોસામીહને પોતાના કામ માટે અસમર્થ જાહેર કરીને લશ્કરી જૂથે ક્રેતાર્તોને કામચલાઉ એ પદે મૂક્યો છે. આ બધા જ રાજ્યના પ્રમુખ–જે લશ્કરના સર સેનાધિપતિ (સુપ્રીમ કમાન્ડર)નું પદ પણ ધરાવે છે તેમનામાં પૂરો વિશ્વાસ જાહેર કરે છે અને લે. ક. વારાઉએ નિવેદન કર્યું છે કે સરકારના જે કોઈ નિર્ણયને એમની બહાલી હશે તેને પોતે માથે ચઢાવશે. બાલીમાં પ્રમુખ રજા માટે ગયા છે ત્યાં આ વાતો પણ ધોળાય એ સ્વાભાવિક છે. ત્યાં પ્રમુખને અચાનક જ જોવાની મને તક મળી. કેવા નંખાઈ ગયેલા હતા ! જાકાર્તા પાછા ફરતાં વાંચ્યું કે સંરક્ષણ પ્રધાને હેમાંકુભુવને પોતાના પદનું રાજીનામું આપ્યું છે. હેમાંકુભુવન જોગ્જાકાર્તાના દેશપ્રેમી સુલતાન. અત્યારના વડાપ્રધાન વીલોપોએ આગ્રહ કરવાથી એ પ્રધાનમંડળમાં ખેંચાયા. પોતાના ખાતામાં એ પૂર્ણ સત્તા માગતા હતા. કહેવાય છે કે શરૂથી જ લશ્કરમાં શિસ્ત વગેરેના એ આગ્રહી હતા અને દેશમાં દારુલ ઇસ્લામ જૂથ જે અંધાધૂંધી ફેલાવવા કરે છે

તેના પ્રયત્નોને કડક હાથે ડામવાનો એમનો ખ્યાલ હતો. સંજોગવશાત્ બહુ થઈ શક્યું નહિ. સદ્‌ભાગ્યે આવા બધા વિસંવાદમાં પણ જેમ પ્રજાને તેમ જુદાજુદા પક્ષોના અને લશ્કરના આગેવાનોને 'બુંગ કર્ણો' (બંધુ સુકર્ણ)માં શ્રદ્ધા છે એટલે બધું ધીમેધીમે થાળે પડશે એવી આશા અસ્થાને નથી. લશ્કરી નેતાઓ પણ ઇન્ડોનેશિયાના આઝાદીજંગમાં ભાગ ભજવનાર વર્ગમાંના છે. નવી નવી મળેલી આઝાદી માટેનો ઉત્સાહ અને પ્રેમ સૌમાં છે અને વલંદાઓ દૂર જ રહે એ ઇચ્છા સર્વ કોઈની છે.

વલંદાઓના લશ્કરી મિશનની મુદત ગોળમેજી પરિષદ અનુસાર ૧૯૫૨ની આખરે પૂરી થાય છે. તે મુદત પૂરી થતાં તેઓ ઉચાળા ભરે એ માટે સૌ તલપાપડ છે. અલબત્ત લશ્કરી નિષ્ણાતોની મદદ હજી દેશને ઘણી જોઈશે અને તે ક્યાંકથી પણ એણે મેળવવી રહેશે. લે. ક. સુકન્દ બ્રતમંગલે આ અઠવાડિયામાં જ ક્યાંક કહ્યું કે ડચ લશ્કરી મિશનનું સ્થાન લેવા પ્રત્યે આ કટોકટીના સમયમાં પણ ઠીક કામ થઈ રહ્યું છે. ઓક્ટોબરમાં ૯૯૪ ઇન્ફન્ટ્રી શિક્ષકો પસાર થયા છે તેઓ પાયદળ શાળાઓ ચલાવી શકશે. આર્મી ફિઝીકલ ટ્રેઈનીંગ સ્કૂલમાંથી ૯૬ નોન-કમીશન્ડ ઑફિસરોએ તાલીમ પૂરી કરી છે. ઇન્ફન્ટ્રી કાઉર્સ (પાયદળ-અધિકારીઓ) માટેની ચાર શાળાઓ ચાલે છે. આજે ઇન્ડોનેશિયાને ૯૦ ઇન્સ્ટ્રકટર્સ (શિક્ષકો)ની જરૂર છે એમ શ્રી બ્રતમંગલ કહે છે. હોલેન્ડની બ્રેડા મિલિટરી એકેડેમીમાં ૭ જણા બીજા વરસમાં તાલીમ લઈ રહ્યા છે એમ એમણે કહ્યું. સૈનિકોની પુનઃ તાલીમ માટે અને પંચવાર્ષિક યોજનાનુસાર રંગરૂટોની તાલીમ માટે બેટેલિયન ડિપો જરૂરી છે તે ૧૯૫૨ના નવેમ્બરમાં સ્થપાશે એમ તેઓ માને છે.

દુનિયાના દેશો–ખાસ કરીને અગ્નિ એશિયાથી ઉત્તર આફ્રિકા સુધીના વલયના દેશોમાં અણધારી ઉથલપાથલો થાય છે અને એમના વિધાયક પ્રયત્નો આગળ વધવાને બદલે જામી બેઠેલી સત્તાઓની હરીફાઈને લીધે એક કે બીજીના પ્રભાવ-વર્તુલમાં તેઓની ખેંચતાણ ચાલે છે. ઇન્ડોનેશિયાનું ભાવિ ઉજ્જ્વળ છે. માત્ર, એની રાજ્યનૌકા સ્થિર થવી જોઈએ. ગમે ત્યારે કુ(coap)થી કોઈ સત્તાખોર નેતા સરમુખત્યાર થઈ ન બેસે એ અંગે નિશ્ચિંતતા થવી જોઈએ. માન્ચેસ્ટર-ગાર્ડિયને હમણાં 'ઇન્ડોનેશિયાની સ્પર્ધાઓ' નામે અગ્રલેખમાં સૂચવ્યું હતું તેમ 'યોગ્ય રીતે ચુંટાયેલી પાર્લામેન્ટ ઇન્ડોનેશિયાના રાજકારણમાં લગભગ ચોક્કસપણે ઘણી વધુ સ્થિરતા અને વધુ જવાબદાર વલણ પ્રગટાવશે.'

ઇન્ડોનેશિયામાં વિધાયક કાર્યો પણ ધીરી છતાં દૃઢ ગતિએ આગળ વધે છે. શિક્ષણખાતાના એક વડા શ્રી સુતરમને કહ્યું કે અત્યારે ૨૬૦૦૦ સરકારી અને ૬૦૦૦ ખાનગી પ્રાથમિક શાળાઓ છે. (૯૦,૦૦૦ શિક્ષકો છે જેમાંથી ૧૦,૦૦૦ ક્વૉલીફાઈડ છે.) દસ વરસના કાર્યક્રમને અંતે ૧૯૬૦-૬૧માં ૫૦,૦૦૦ શાળાઓ સુધી પહોંચી શકાશે. શિક્ષકો અને મકાનોની હાડમારીને લીધે ૬થી ૧૨ વરસનાં તમામ બાળકો માટે અત્યારે કેળવણીની જોગવાઈ કરવા સરકાર અસમર્થ છે એમ એમણે કહ્યું. એવાં ૧ કરોડ ૨૦ લાખ બાળકોમાંથી અત્યારે ૫૫ લાખ નિશાળે જાય છે. પશ્ચિમ જાવાની પાસે ૧૬૦ સ્ટેન્ડર્ડ (યોગ્ય ધોરણ પ્રમાણેની) શાળાઓ હોઈ એ પ્રાથમિક શિક્ષણમાં પ્રમાણમાં આગળ પડતું છે.

બેકારી અંગે પણ રાજ્યના પ્રયત્નો ચાલે છે એ એક નાનકડી વીગતથી જાણવા મળે છે. સોલોમાં ઑક્ટોબર અંતે ૧૦,૨૮૨ બેકાર હતા, જેમાં ૫૨૭ સ્ત્રીઓ હતી. ૫૦થી ૧૨૦ રૂપિયાના મહિનાથી નોંધાયેલા બેકારોને તાલીમ આપવામાં આવે એ શરતે સરકારે સ્થાનિક ઉદ્યોગોને થોડીક લોન આપી છે.

ઇન્ડોનેશિયા પર કુદરતે મહેર વરસાવવામાં બાકી રાખી નથી. આજે કાચો માલ પૂરો પાડતા દેશો ઇન્ડોનેશિયા જેવા બહુ નથી. ધારે તો ઇન્ડોનેશિયાને પોતાની આ પરિસ્થિતિનો ઠીકઠીક લાભ મળે. હમણાં અમેરિકાની મૂડીના ભરડામાં ઇન્ડોનેશિયા ભરાતું જવાનો ઘણાને ભય લાગે છે. પરસ્પર સલામતી – વ્યવસ્થા (મ્યુચ્યુઅલ સિક્યુરીટી એજન્સી) અંગે ભારે ઊહાપોહ થયો હતો.

ઇન્ડોનેશિયા જ્વાલામુખીઓનો દેશ છે. એના લશ્કરી ભભૂકા વિષે હમણાં જ વાત કરી. રાજકીય પક્ષોમાં પણ નવો સ્થપાયેલો મુસ્લીમ લીગપક્ષ અને મસ્જુમીપક્ષ જે દેશ કોમવાદને ઓળખતો નથી તેને નિરર્થક એ કમનસીબ માર્ગે વાળવા પ્રયત્ન કરી રહ્યા છે. આર્થિક વિષમતા પ્રજામાં ઝાઝી નથી, પણ અર્થકારણ અધિકાંશે ચીની વસ્તીના હસ્તક છે.

છેલ્લાં વરસોમાં આર્થિક ધોવાણ સારા પ્રમાણમાં થયું છે.

ખાધાની અહીં કમીના ન હતી. પણ હવે ચોખા મંગાવવાની પાળી આવી છે. અમેરિકા જ ૫૦.૦૦૦ ટન ચોખા આપશે એવી કેન્દ્રીય વેપારખાતાએ હમણાં જાહેરાત કરી. જાવાની ખાંડની પેદાશ લગભગ દસ ટકા થઈ ગઈ છે. ૧૯૫૩ના બજેટમાં આવક ૭૨૫ કરોડ રૂપિયાની દર્શાવાઈ છે (૧૯૫૨માં ૧૦૩૦ કરોડની હતી), અને ૧૭૯$\frac{1}{2}$ કરોડની ખાધનો અંદાજ જણાવાયો છે (૧૯૫૨માં ૪૦૦ કરોડની ખાધ હતી.) ચાલુ ખર્ચ ઘટીને ૭૨૯$\frac{1}{2}$ કરોડ થશે; ૧૯૫૨માં તે ૧૦૩૦ કરોડ હતું. આમાં કુલ બજેટના ૧૯.૩ % જેટલી રકમ (૧૭૫ કરોડ) નવનિર્માણ માટે અનામત રાખવામાં આવી છે તેનો સમાવેશ થાય છે. ૧૯૫૨ના ખર્ચ કરતાં ૧૯૫૩માં કુલે ૫૫૦ કરોડ બચાવવામાં સરકાર સફળ થઈ છે. નાણાપ્રધાન ડૉ. સુમિત્રે એના કારણમાં કહ્યું કે જુદાં જુદાં ખાતાં સ્વતંત્રપણે ઊંધું ઘાલીને ખરીદી કરતાં તેને બદલે પરસ્પર સંબંધમાં રહીને ખરીદી કરવાથી આવી બચત શકય બનશે. એન્જિનો મંગાવવામાં આવેલાં પણ આજની રેલ-વ્યવસ્થામાં એવાં ઝડપી એન્જિનોનો ઉપયોગ થઈ શકે એવો નથી. અમેરિકાથી ભારે ખરચાળ મુદ્રણયંત્રો ખરીદવામાં આવ્યાં, પણ એ જાતના કામ માટે દેશમાં કશી જ માંગ નથી. દેશનો વહાણવટાનો ઉદ્યોગ વિકસાવવા જહાજો ખરીદ થયાં, પણ એ જહાજો દરિયો ખેડી શકે એવાં જણાયાં નહિ! (ગયા ઑગસ્ટમાં અમેરિકાના પ્રવાસી મુત્સદ્દી ફ્રેન્ક સ્ટાર સાથે રક્ષણખાતાએ કરેલા ૪૫૦,૦૦૦ ડૉલરના સોદાનો બખેડો બહાર આવ્યો હતો.) નોકરશાહીને સુધારવા માટેના પગલાંની જરૂર ઉપર ભાર મૂકવામાં આવે છે. દેશના વેપાર-ઉદ્યોગને ઉત્તેજન મળે એ જરૂરી છે. યંત્રો ખરીદવાં, ગોઠવવાં મકાનો ચણવા વગેરે અંગેની પરવાનગીઓ (પરમીટો) મેળવતાં મહિના – ઘણી વાર વરસ નીકળી જાય છે. પરદેશી મૂડીના રોકાણની જરૂરત ઉપર પણ ભાર મૂકવામાં આવે છે. આવતાં દસ વરસમાં દર વરસે માથાદીઠ આવકમાં બે ટકા વધારો થાય તે માટે નવાં મૂડીરોકાણો માટે દેશને ૫૦૦ કરોડ રૂપિયા જોઈશે. આમાંથી સરકાર તો દર વરસે ૧૭૫ કરોડ જ રોકી શકે એમ છે. આ રકમ અંગત બચતો–જે ન જેવી છે તેમાંથી કે પરદેશી રોકાણોમાંથી મળી શકે. પરદેશીઓ તો જ મૂડી રોકે, જો દેશમાં તે અંગે સલામતી અને બાંહેધરી હોય.

એક વસ્તુ મહત્ત્વની છે: નહિ વલંદાઓ કે નહિ અમેરિકીઓ પરદેશી સત્તાનો રાજકીય કે આર્થિક પ્રભાવ જેની ઉપર ન હોય એવું આંતરિક રાજકીય સ્વાસ્થ્ય ધરાવતું અને વિકસેલી ન્યાય્ય અર્થરચનાવાળું ઇન્ડોનેશિયા એ એશિયા આખાની શાન્તિનો એક મુખ્ય પાયો છે.

સાલસ સીધા સ્વભાવનાં, હૃદયની કોમળતાવાળાં માનવીઓ, સલામ! ધરતીના આ સ્વર્ગસમા ભાગમાં પ્રગતિ માટેના તમારા પાંગરતા પ્રયત્નોના દર્શને બે દિન આવી જનારાની સાચા દિલની દુવા છે કે તમારું જીવન એવું પાંગરો કે સારા જગતનું જીવન પાંગરે. આવી ક્ષણિક વાદળીઓ – જેવી એક મારા જેવા આંગતુકને નજરે પડી–તે તો આપણ સૌ ઉપર આવવાની ને જવાની. ઇતિહાસ આપણી મૂઠીમાં છે.

ખબર પણ ન રહી ને ભફ દેતુંકને વિમાન નીચે ઊતરી આવ્યું. ઊઠ્યો. હાથમાં સામાન લીધો. પેલી ઇન્ડોનેશિયન બાઈ બારણા સુધી જઈ આવી. ખોળામાં મોટીમસ પેટી હતી તે ઉપાડનાર શોધવા માટે કદાચ. મેં કહ્યું: હું કાંઈ કરી શકું?

Is that possible? (શું એ શક્ય છે?) મારા હાથમાંના સામાન તરફ નજર કરીને એણે મારા બીજા હાથમાં પેટી સુપરત કરી. જાકાર્તા જતાં પેલા લુચ્ચા બાળકની દોસ્તીની દક્ષિણારૂપે એની કદાવર માના હાથમાંનાં બે મોટાં સંપેતરાંમાંથી એક ઉપાડી લેવાની મને તક મળી હતી. આ બાઈએ સવાલ પૂછ્યો તેથી એ વિદ્યા–ધરી લાગી, પણ સવાલ એને જ બહુ ગમ્યો નહિ હોય. એણે તરત જ બીજો સવાલ કર્યો: તમે હિંદના છો? મેં હકારમાં ડોકું ધુણાવ્યું. ક્યારની હું રાહ જોતી હતી કે આ કોઈ હિંદના છે. વાત કરું કરું એમ થતું હતું. કારણ કે આપણી વચ્ચે સરખાપણું (affinity) છે. હું બાલીની છું. આખે રસ્તે અવારનવાર એમની મોટી આંખો ખોલુંખોલું થતી હતી, પણ હવે તો એક સાથે એમણે બધું કહી દીધું. મેં કહ્યું: 'હું બાલીથી પરમ દિવસે જ આવ્યો.' એમ? બાલીમાં આપણે મળી ગયાં હોત તો......પણ હું તો તૈયારીમાં પડી હતી.' બાઈના પતિ દેશાવરમાં અધિકારી છે ત્યાં એ જઈ રહ્યા છે. સૌમ્ય સંસ્કારી અને સ્વસ્થ લાગ્યાં. ત્યાં આપણા એલચીને મળે (ઓળખતાં નીકળ્યાં) ત્યારે મને યાદ કરવાનું કહી કસ્ટમ્સ આગળ અમે છૂટાં પડ્યાં. ઇન્ડોનેશિયાનું જેવું દર્શન થયું હતું તેને અનુરૂપ જાણે આ છેલ્લી વીગત ન હોય!

આપણા મંગલમ્ વિમાનઘર ઉપર ઊભા જ હતા એટલામાં જેઠાલાલભાઈ આવી પહોંચ્યા. સિંગાપોરની સૃષ્ટિમાં પાછું ઇન્ડોનેશિયા દૂરદૂર લાગવા માંડ્યું.

'કુમારસંભવ'નું થોડુંક રહસ્યચિન્તન

રતિલાલ મોહનલાલ ત્રિવેદી

'કુમારસંભવ' એ મુખ્યત્વે કરીને તપ અને સૌન્દર્ય-ના સમન્વયનું મહાકાવ્ય છે. મહાકવિ કાલિદાસ સૌન્દર્યનો મહાન ઉપાસક છે અને એના લગભગ સર્વ ગ્રન્થોમાં એ સૌન્દર્ય પ્રત્યે પૂજ્યભાવ પ્રકટ કરે છે. પ્રકૃતિના સર્વ પદાર્થોમાં મનુષ્યશરીર એને વિધાતાની સર્વોત્તમ કૃતિ જણાય છે. એની તન્દુરસ્તી અને સુન્દરતા, એના અવયવોની સમપ્રમાણતા, એનો અંગમરોડ, એની રમણીયતા, મધુરતા અને કોમળતા ઇત્યાદિનાં એ કવિવર રોચક અને આકર્ષક વર્ણનો કરે છે. ઉર્વશી, શકુન્તલા અને પાર્વતીનાં એનાં રૂપવર્ણનો ચિરકાલ પર્યંત ચિત્તમાં વસી જાય એવાં આહ્લાદક છે. પરંતુ મનુષ્યનું શરીર ક્ષણભંગુર છે અને એનું સૌન્દર્ય અનિત્ય છે એ હકીકતનું પણ એ સાથે સાથે ભાન કરાવે છે. જે વ્યક્તિને શરીરસૌન્દર્યનો મોહ અથવા મદ હોય છે અને જે એનો કામ અને વિલાસના એકમાત્ર સાધન તરીકે ઉપયોગ કરવા તલસે છે તેને મહાકવિ યાદ દેવડાવે છે કે શરીર ક્ષીણ અને જીર્ણ બને છે અને છેવટે શીર્ણવિશીર્ણ થઈ વિનાશ પામે છે. આ જીર્ણતા અને અનિત્યતાની કરુણતા ટાળવા માટે કાલિદાસ સૌન્દર્ય સાથે તપસ્યા અને પવિત્રતા જોડે છે. રૂપની સમૃદ્ધિ સાથે તપની સમૃદ્ધિને જોડવામાં આવે તો ખરેખર મનુષ્યજીવન ઉન્નત, વિશાલ અને કલ્યાણકારક થઈ શકે છે અને સ્ત્રીપુરુષના લગ્નજીવનમાં પ્રત્યક્ષ થતો પ્રેમ સનાતન બની શકે છે. સૌન્દર્ય સાથે સદાચારનો યોગ થાય ત્યારે જ સૌન્દર્ય જગતનું ઉદ્ધારક થઈ અનેક રીતે સફળ બની શકે છે.

જેમ તપ અને સૌન્દર્યનો જીવનમાં સમન્વય કરતી સૌભાગ્યવતી તપસ્વિનીને મહાકવિ કાલિદાસ સ્ત્રીજીવનનો પરમ આદર્શ માને છે તેમ ચિન્તનપરાયણ તપોવીર જ્ઞાનીને એ સકલ સૃષ્ટિની શ્રેષ્ઠ કૃતિ તરીકે પુરુષજીવનનો સર્વોત્તમ આદર્શ ગણે છે. આ મહાજ્ઞાની પુરુષવરને મનુષ્યની જંગલી અવસ્થાથી માંડીને સંસ્કૃતિના શિખર સુધીની સર્વ અવસ્થાઓનું સળંગ સંવેદન છે. વિશ્વના વિશાળ પટને એના આરંભકાળથી તે વિકાસની પરમ ભૂમિકા પર્યંત એ સનાતનતામાં જોઈ શકે છે. એ જાણે છે કે જંગલી દશામાં મનુષ્ય જ્યારે સર્પનાં આભૂષણો પહેરતો, રુધિર નિગળતું હાથીનું ચામડું ધારણ કરતો, રુંડમાળથી ડોકને શણગારતો અને સ્મશાનમાં રહી ચિતાની ભસ્મ શરીરે ચોળતો ત્યારે પણ એ પ્રાણીજગતમાં અગ્રસ્થાને હતો. શિકારીમનુષ્યથી આરંભીને એની સર્વોત્કૃષ્ટ સ્થિતિ સુધીનો માનવઇતિહાસ આ મહાન ચિન્તકના ચિત્તમાં ભવ્ય વિશ્વદર્શનરૂપે ચાલી રહે છે. જીવનનો આવો સર્વજ્ઞ કલાકાર જે વિશ્વનું પરમ પ્રયોજન સંપૂર્ણપણે સમજે છે તે એકલો જગતની શાન્તિ અને એના કલ્યાણ માટે મનુષ્યની વિશ્વવ્યાપક દૃષ્ટિ વિકસાવી શકે છે. આવા કલ્યાણમૂર્તિ મહાજ્ઞાની શંકર અને વાત્સલ્યથી ઊભરાતી તપોમૂર્તિ પાર્વતી પુરુષોત્તમ (Superman)નાં પિતા અને માતા થવા માટે યોગ્ય છે અને સમસ્ત જગતને મૂંઝવતા પ્રજોત્પત્તિના વિષમ પ્રશ્નનું સમાધાન કરી જગતને સન્માર્ગે દોરી શકે છે. મહાકવિ કાલિદાસનું 'કુમારસંભવ'માં આ ક્રાન્તદર્શન છે.

*

સનાતન સત્યના અચલ ખડક જેવા પર્વતરાજ હિમાલયના ઉન્નત અને આર્દ્ર હૃદયમાંથી સુન્દરતાની પવિત્ર ભાવના સમી પાર્વતી જન્મી છે. પર્વરાજ અને એનાં પત્ની મેના પુત્ર કરતાં પણ અધિક પ્રેમથી પુત્રીને ઉછેરે છે. પાર્વતી એનો બાલ્યકાલ સખીઓ સાથે સંપૂર્ણ સુખમાં વિતાવે છે. કૌમારકાલમાં એ અનેક સદ્વિદ્યાઓ પ્રાપ્ત કરે છે. જતે દહાડે એનું નવયૌવન વિકસતા કમળની પેઠે ખીલે છે. વિધાતાએ જાણે સર્વત્ર રહેલા સૌન્દર્યને એકસાથે નિહાળવાની ઇચ્છાથી પાર્વતીને પ્રયત્નપૂર્વક ઘડી છે. એની સૌન્દર્યલક્ષ્મી સર્વના ચિત્તને હરે છે. એનો યૌવનકાલ વિચારીને

એના પિતાને એ યતાત્મા શંકરની એકપત્ની બને એવો અભિલાષ જાગે છે.

*

જ્યારથી કર્મમાર્ગના ઉગ્ર ઉપાસક અને મિથ્યા યજ્ઞના પૂજક પ્રજાપતિ દક્ષ પ્રત્યે રોષથી સતીએ દેહવિસર્જન કર્યું ત્યારથી જ્ઞાનમાર્ગના શાન્ત ઉપાસક અને સત્ય યજ્ઞના આરાધક શંકરે સંસારનાં સર્વ સુખનો ત્યાગ કર્યો અને અવિવાહિત રહી એકપત્નીવ્રતનું ઉજ્જવલ ઉદાહરણ સિદ્ધ કર્યું. શંકરે મૃગચર્મ પહેરી, સંપૂર્ણ સંયમ સેવી, હિમાલયના એક શિખર ઉપર ગંગાના પ્રસન્ન પ્રવાહથી ધોવાતા દેવદારુની સમીપ, કસ્તૂરીની સુવાસથી મઘમઘતા અને કિન્નરોના સંગીતથી ઊભરાતા પ્રકૃતિના રમણીય વાતાવરણમાં તપશ્ચર્યા આદરી. શંકરની આસપાસ એના ગણો વસતા હતા અને એનો બલીવર્દ બરફની શિલાઓ ઉપર પગની ખરીઓના આગલા ભાગ પછાડી, પહાડી સિંહની ગર્જના સામે ઘોર નાદે ગર્જતો હતો. સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણે દેહોની પાર રહેલા પરમ જ્યોતિરૂપ શંકર કયા કારણે તપ કરતા હતા તે કોઈથી કળી શકાય તેમ નહોતું. હિમાલયે એ ઉત્તમ પુરુષનું પૂજન કર્યું અને પોતાની સંયમશીલ પુત્રી પાર્વતીને બે સખીઓના સાથમાં એ 'એકપુરુષ'ને આરાધવા આજ્ઞા કરી. શિવે સમાધિમાં પ્રતિકૂલ છતાં પાર્વતીની સેવાનો સ્વીકાર કર્યો. એ નિર્વિકારી ધીર યોગીને કોઈ વિકારવશ કરી શકે તેમ નહોતું. પાર્વતીએ પૂજાનાં પુષ્પો વીણવાનું, યજ્ઞવેદિકાને ધોઈને સ્વચ્છ રાખવાનું, નિત્યકર્મ માટે પાણી ભરવાનું અને દર્ભ એકઠા કરવાનું કામ ચન્દ્રશેખરને પ્રસન્ન કરવા માટે દિનપ્રતિદિન ઉત્સાહથી કરવા માંડ્યું. શિવની આ ચિન્તનમગ્ન અવસ્થામાં અને પાર્વતીની આ સેવામાં કેટલોક સમય વીતી ગયો.

દરમિયાન તારક નામનો એક પ્રબળ અને ભયંકર અસુર પ્રજાપીડક આદેષ્ટા (Dictator) બને છે અને દેવોને અસુરોની મદદથી અત્યંત પરેશાન કરે છે. આ દેવો એ કર્તવ્યપરાયણ પરોપકારી વીર મનુષ્યો છે. સંસારનાં કર્તવ્યો કરતાં કરતાં એઓ સંસ્કૃતિની દિવ્ય શક્તિઓ સર્જે છે અને આ શુભ શક્તિઓ શુભ અસર કરી પ્રજાને સન્માર્ગે લઈ જાય એવું કલ્યાણકારક વાતાવરણ રચે છે. આ દેવતાઓ ઈશ્વર કે મનુષ્યસેવાને અવલમ્બન કરી યજ્ઞ તરીકે સત્કર્મ કરે છે. જગતને નિભાવવા અને આગળ ચઢાવવા માટે એઓ શ્રમયજ્ઞ કરે છે અને યજ્ઞ કરતાં બાકી રહે તે સુખ ભોગવી સંતોષ માને છે.

તારકાસુરના ત્રાસથી આ સૃષ્ટિનું અન્નચક્ર ચલાવનાર દેવોને જ પોતાના પ્રામાણિક શ્રમનું થોડુંક ફળ પણ મળતું નથી. તારક અને એના અસુરો પારકી મહેનતનો પૂરો લાભ લે છે અને દેવોના પરિશ્રમ ઉપર ભોગવિલાસમાં જીવે છે. દેવોએ કરેલા યજ્ઞનો મોટો ભાગ કે સર્વ ભાગ એઓ બલાત્કારે પડાવે છે અને સાચા શ્રમથી સંસારને નિભાવનાર મનુષ્યોને ઘોર અન્યાય કરે છે. આ દુષ્ટ અસુર અને એના સહાયકો સંસ્કૃતિમાંથી ઊતરી આવેલી સારી ચીજોને ભોગવે છે પરંતુ એમાં પુરુષાર્થ કરીને ઉમેરો કરતા નથી. એઓ સંસ્કૃતિના સર્જકો થવાને બદલે એના વિનાશકો બને છે. જગતની વ્યવસ્થા એઓ બગાડે છે અને સર્વત્ર અવ્યવસ્થા અને અંધાધૂંધી ફેલાવે છે. દેવોના મુખમાંથી અન્ન ઝૂંટાવીને જ આ અસુર તારક અટકતો નથી. દેવાંગનાઓને એણે દાસીઓ બનાવી છે અને દેવોના મુક્તપ્રવાસ એણે થંભાવ્યા છે. સૂર્ય, ચન્દ્ર, વાયુ, ઋતુઓ, સમુદ્ર આદિ પ્રકૃતિની અગણિત શક્તિઓને એણે સ્વાધીન કરી છે અને પોતાની સેવામાં હાજર રાખી છે. સંસારની અઢળક સંપત્તિ એણે પોતાના પ્રાસાદોમાં એકત્ર કરી કેન્દ્રિત કરી છે. એનાથી ભયભીત બનીને ઇન્દ્રાદિ દેવો એને અનિચ્છાએ અનુકૂળ થાય છે. આમ એ દુર્જનનું આરાધન કરવા છતાં પણ લોકોને એ અપાર કષ્ટ આપે છે.

આ માનવરાક્ષસના દારુણ ત્રાસમાંથી છૂટવા માટે દેવો ઇન્દ્રને આગળ કરીને જગત્સ્રષ્ટા બ્રહ્મા પાસે જાય છે અને એ પુરાણપુરુષની દીનભાવે સ્તુતિ કરી દેવગુરુ બૃહસ્પતિ દ્વારા પોતાનાં દુઃખોનું નિવેદન કરે છે. શત્રુનો પરાજય કરવા માટે એક વીર સેનાનીને ઉત્પન્ન કરવાની સુરગુરુની પ્રાર્થના સાંભળીને બ્રહ્મા બોલે છે: "શંકર અને પાર્વતીના યોગથી આવો સેનાનાયક જન્મશે માટે હિમાલયની પુત્રી હરને રુચિકર થાય એવો યત્ન કરો." આટલું કહી બ્રહ્મા અન્તર્ધાન થાય છે.

એ સ્થાણુ શંકર હિમાલયની અધિત્યકામાં તપશ્ચર્યા કરે છે અને પાર્વતી એની પરિચર્યામાં હાજર રહે છે એવા સમાચાર અપ્સરાઓ દ્વારા ઇન્દ્રને મળે છે. તત્કાલ ઇન્દ્ર

હજાર આંખો કામદેવ ઉપર પડે છે અને દેવોનું કાર્ય કરવા એ એને વીનવે છે. શિવ અને પાર્વતીનું યુગલ આજ એક-બીજાની પાસે છે એટલે બંનેમાં રતિ ઉત્પન્ન કરી દેવોના સેનાનીને જન્માવવામાં કામદેવ એકલો જ સમર્થ છે એવી ઇન્દ્ર એની પ્રશંસા કરે છે.

કામદેવ ઇન્દ્રની આજ્ઞા માથે ચઢાવે છે અને પ્રિયમિત્ર વસન્ત અને પ્રિયતમા રતિને સાથે લઈ બીતો બીતો શિવના આશ્રમ પાસે પહોંચે છે. પોતાના શરીરના ભોગે દેવોની કાર્યસિદ્ધિ અર્થે કામદેવે કમર કસી છે. વસન્ત એ સંયમી મુનિઓને પણ તપની સમાધિમાં પ્રતિકૂલ છે. એટલામાં અકાલ વસન્તનો સર્વત્ર પ્રસાર થાય છે. દક્ષિણ દિશામાંથી મલયાનિલ વાય છે. અશોકવૃક્ષ પલ્લવો સાથે પુષ્પો ધારણ કરે છે. કર્ણિકારનાં પુષ્પો અને કદમ્બની કલિકાઓ દેખાવા માંડે છે. વસન્તલક્ષ્મીથી મદોદ્ધત બનેલા મૃગો વનસ્થલીમાં આમતેમ ભમે છે. કોકિલનો મધુર સ્વર સંભળાય છે. કિન્નરીઓના કપોલોનાં અલંકારચિત્રો ઉપર પ્રસ્વેદ દેખાય છે. વસન્તના આકસ્મિક આગમનથી વનમાં વસતા તપસ્વીઓ મનોવિકારને મહાશ્રમે અંકુશમાં રાખી શકે છે.

રતિના સંગાથમાં મદને પુષ્પચાપ ચઢાવીને શિવના આશ્રમપ્રદેશમાં પગ મૂકયો કે તુરત જ બધાં દ્વન્દ્વોએ સ્નેહરસ પરાકાષ્ઠાએ અનુભવ્યો. ભ્રમર અને મધુમક્ષિકાએ એક જ કુસુમપાત્રમાંથી મધુરસ પીવા માંડયો. કૃષ્ણસાર મૃગે પ્રિયસ્પર્શથી જેણે આંખ મીંચી હતી એવી મૃગીને શિંગડાથી ખણવા માંડી. હાથણીએ પ્રેમરસથી પંકજની રજ વડે સુગન્ધિત બનેલા જળને પોતાની સૂંઢમાં લઈ હાથીને પાવા માંડયું. ચક્રવાકે અર્ધું ખાતાં બાકી રહેલું કમલતન્તુ જાતે જાયાના મુખમાં મૂક્યું. વૃક્ષો મનોહર લતાઓના આલિંગનનો ઉપભોગ કરવા લાગ્યાં. આ જ સમયે અપ્સરાઓનું સંગીત સંભળાયું. આત્મેશ્વર શંકર લતાગૃહમાં સમાધિસ્થ હતા. આમાંના એક પણ વિઘ્નથી ક્ષણવાર પણ એમની સમાધિમાં ભંગ પડયો નહિ.

આસપાસ વાતાવરણમાં એકાએક પરિવર્તન જોઈને લતાગૃહના દ્વાર પાસે ઊભેલા નન્દીએ પોતાના નાક ઉપર આંગળી મૂકી ગણોને ચંચળ નહિ બનવા ચેતવણી આપી. નન્દીના આદેશને અનુસરતું હોય તેમ આખું વન જાણે ચિત્રાર્પિત બની ગયું. દરમિયાન વૃક્ષોની ઘટામાં આવેલા શિવના નિદિધ્યાસનના સ્થાન પાસે કામદેવ આવી પહોંચ્યો અને દેવદારુના વૃક્ષની વેદિકા ઉપર બેઠેલા સંયમી ત્રિલોચન તરફ નજર નાંખી. એ સનાતન યોગી અચલ યોગાસન વાળીને બેઠો હતો. એણે જટાજૂથને સર્પથી બાંધ્યો હતો, અક્ષમાલા ધારણ કરી હતી અને કાળું મૃગચર્મ પહેર્યું હતું. એની ઉગ્ર દેખાતી સ્થિર આંખો એના નાકની અણિને લક્ષ્ય કરતી હતી. એણે પ્રાણવાયુને રોક્યો હતો. એના બ્રહ્મરન્ધ્રમાંથી નીકળતા સુકુમાર તેજ પાસે મસ્તક પરના બાલચન્દ્રનું સૌમ્ય તેજ ઝાંખું પડતું હતું. એણે બાહ્ય ઇન્દ્રિયોમાંથી મનને વાળીને હૃદયમાં સમાહિત કર્યું હતું અને પોતે આત્મામાં આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર કરતા હતા. આ અજેય મહાપુરુષને પાસેથી જોતાં જ કામદેવની આંખે અંધારાં આવ્યાં અને એનું પુષ્પબાણ હાથમાંથી સરી ગયું એનું ભાન પણ એને ન રહ્યું.

એટલામાં સૌન્દર્યમૂર્તિ પાર્વતીને બે સખીઓની સાથે આવતી કામદેવે જોઈ અને એનામાં હિંમત આવી. પાર્વતીએ વસન્તનાં રંગબેરંગી પુષ્પોના અલંકારો પહેર્યા હતા. એણે બાલસૂર્યના લાલ રંગની ઓઢણી ઓઢી હતી અને કેડ ઉપર કેસરપુષ્પની મેખલા ધારણ કરી હતી. લીલા માટે હાથમાં એક કમળ એણે રાખ્યું હતું અને એના મુખ પાસે ઊડતા ભ્રમરને એ વડે એ વારંવાર ઉરાડતી હતી. એ સર્વાંગસુન્દરીને દેખીને કામને પોતાની કાર્યસિદ્ધિ માટે ફરીથી આશા પડી. શંકરે પરમાત્મસ્વરૂપ પરમ જ્યોતિને અંતરમાં નિહાળીને યોગસમાધિ છોડી, પ્રાણોના નિરોધ ધીમે-ધીમે મુક્ત કર્યો અને યોગાસનને હળવું કર્યું. આ જ સમયે નન્દીએ આવી શિવજીને પ્રણિપાત કર્યા અને નિત્યની સેવા માટે પાર્વતી દ્વાર પાસે ઊભેલાં છે એમ નિવેદન કર્યું. કેવળ આંખના અણસારાથી શંકરે અનુમતિ આપી. પ્રથમ પાર્વતીની બન્ને સખીઓએ પોતાના હાથે ચૂંટેલાં પુષ્પો શંકરના ચરણોમાં ધર્યાં. પછી પાર્વતીએ મસ્તક નમાવી શિવને નમસ્કાર કર્યા અને એમ કરવામાં એના કેશકલાપમાં શોભતું કર્ણિકારનું તાજું ફૂલ ખસી ગયું અને કાનમાં પહેરેલું પલ્લવ પડી ગયું. 'એકપત્નીવ્રતવાળા પતિને પામજે' એવો શિવે એને આશીર્વાદ આપ્યો. પાર્વતીની સમક્ષ શંકર પ્રત્યે પોતાનું બાણ છોડવા કામ વારંવાર પણછને હાથ લગાડતો હતો. એટલામાં મન્દાકિનીમાં ઊગેલાં કમળનાં બીજમાંથી બનાવેલી માલાને પોતાના લાલ હાથવડે પાર્વતી શંકરને ધરે

છે અને એ અક્ષમાલાને શંકર લેવા જાય છે ત્યાં તો પુષ્પધન્વાએ પોતાનું સંમોહન નામનું અમોઘ બાણ ચઢાવ્યું. આ જ ક્ષણે શંકરના ધૈર્યનો કંચિત્ લોપ થયો અને એણે પાર્વતીના મુખ સામે નજર માંડી. પાર્વતીએ લલિત અંગો દ્વારા પ્રેમનો મનોભાવ પ્રકટ કર્યો અને પોતાના પરમમનોહર મુખને લજ્જાથી બાજુએ ફેરવી આડી આંખે શંકર સામું જોયું. ત્રિલોચને ઇન્દ્રિયોના ખળભળાટને આત્મસંયમથી એકદમ અટકાવ્યો અને પોતાના ચિત્તમાં થયેલા વિકારનું કારણ શોધવા ચોપાસ દૃષ્ટિ ફેરવી. એટલામાં મદન પોતાની સામે શરસંધાન કરતો દેખાયો. સંસારના નિતાન્ત નાશના ભયથી 'પ્રભો, ક્રોધ ન કરો, ક્રોધ ન કરો,' એમ વાતાવરણમાંથી સર્વ દિવ્યશક્તિઓ જાણે અનેકમુખે પોકારવા લાગી ત્યાં તો હરના ત્રીજા નેત્રમાંથી સળગતો અગ્નિ બહાર નીકળ્યો અને મદનને બાળીને ભસ્મ કર્યો.

*

કામનું દહન એ પ્રકૃતિ ઉપર પુરુષનો વિજય છે. શંકરને નિદિધ્યાસન એ જ અનન્ય વ્યવસાય છે, ચિન્તન એ જ એનું સતત કાર્ય છે. એણે સમાધિ દ્વારા પોતાના ચિત્તમાં અવ્યક્ત અક્ષરનો સાક્ષાત્કાર કરવાનો કષ્ટદાયક માર્ગ સ્વીકાર્યો છે. એ સૌન્દર્ય અને સુખને લેશ માત્ર પણ ઝંખતા નથી પરંતુ ધ્યાન અને સમાધિને ચાહે છે. એ પોતાની સાહજિક વૃત્તિઓને મુક્તતા આપવા કરતાં માનવજાતિના ભાવિની વધારે ચિન્તા કરે છે. એનો પ્રબલ મનોભાવ જગતના અભ્યુદય અને નિઃશ્રેયસ માટે મનુષ્યના મહાશત્રુ કામને જીતી શકે એવા નવીન માનસનું સર્જન છે.

મન અને ઇન્દ્રિયોથી દેખાય તેના કરતાં જ્ઞાનની દૃષ્ટિથી જે દેખાય તે વધારે મોટું સત્ય છે. શંકરની ત્રીજી આંખ – એનું તત્ત્વભેદી નયન – અખંડ વિશ્વનું દર્શન એકસાથે કરે છે અને જીવનને એની ભયાનકતા અને ભયંકરતામાં નિહાળે છે. એના આન્તરનયન સમક્ષ જગતના માનવવિકાસને રૂંધનાર, એમાં અવ્યવસ્થ ફેલાવનાર, એને અધોગતિએ પહોંચાડનાર અને એમાં વારંવાર ભીષણ હત્યાકાંડ પ્રવર્તાવનાર કામ જ છે એનો પળવારમાં એ સાક્ષાત્કાર કરે છે. આ ઘોર અપરાધીએ સ્ત્રીપુરુષને સાથે લાવીને, બન્નેમાં કામવૃત્તિનો સંચાર કરીને, પ્રજોત્પત્તિનો પ્રાકૃત હેતુ સિદ્ધ કરવામાં મનુષ્યનું કેટલું અમૂલ્ય જીવન વેડફી નાંખ્યું છે! કેટલું નિરર્થક કર્યું છે! જીવનની ઉત્પત્તિમાં એનો પ્રભા[illegible] કેટલો વિનાશકારક છે! એક પણ મનુષ્યજીવના વિકાસમાં આજ સુધી આ ઉન્મત્ત કામે કલ્યાણકારક શું કર્યું છે[illegible] મનુષ્ય કેવી કલાકૃતિ છે! કેવી ચમત્કૃતિ છે! જગતનું [illegible] કેવું પરમ અદ્‌ભુત છે! એ ક્ષણેક્ષણે કેટલો સચેતન, કેટ[illegible] સંવેદનશીલ થઈ શકે છે! પરન્તુ આ પાપી કામને વ[illegible] થઈ ને એ કેવો પામર, કેવો કાયર, કેવો વિનાશક, કે[illegible] પશુ કરતાં પણ અધમ બને છે! મહાકવિ કાલિદાસ કહે [illegible] તેમ, આ કામે શું શું નથી કર્યું? એણે તપસ્વીઓના તપોભં[illegible] કરાવ્યા છે, મોક્ષમાર્ગે સંચરતા મહામુનિઓને સુન્દરીઓ[illegible] કટાક્ષ વડે સંસારમાં દીર્ઘકાળ સુધી બાંધી રાખ્યા [illegible] પતિવ્રતાઓના શીલભંગ કરાવ્યા છે અને માનિનીઓ[illegible] માન છોડાવ્યાં છે. એણે નૈતિક અને આધ્યાત્મિક નિયમો[illegible] જીવનમાં ઉતારનાર ધુરંધર સત્પુરુષોને પણ પોતાને વ[illegible] કરી એમનો જીવનવિકાસ અટકાવ્યો છે. એ સાક્ષા[illegible] શંકરનું ધૈર્ય ચળાવવા પણ હિંમત કરે છે. ત્યાં તો જગતની શાન્તિ અને સ્વસ્થતા માટે આ પરમ પાતકીનો વિનાશ એ[illegible] એક જ ઉપાય એ મહાજ્ઞાનીને સૂઝે છે અને એ નિર્દયતાથી એને બાળીને ખાખ કરે છે.

મદનને નામશેષ કર્યા પછી એ પરમ તપસ્વી શંક[illegible] સ્ત્રીમાત્રનો સંનિકર્ષ ત્યજવાનો નિશ્ચય કર્યો અને પોતા[illegible] ભૂતગણને સાથે લઈ ક્યાંઈક અદૃશ્ય થઈ ગયા. ગિરિરાજપુ[illegible] પણ પિતાનો અભિલાષ અને પોતાનું સુન્દર શરીર, બન્ને[illegible] નિષ્ફળતા પ્રત્યક્ષ કરી શરમથી શૂન્ય જેવી બની ઘર ત[illegible] પાછી ફરી. હિમાલયે પરમ અનુકમ્પાથી માર્ગમાં સા[illegible] આવી પુત્રીને પોતના વિશાળ ભુજમાં લઈ સાન્ત્વન આપ્યું

હરના કોપાનલની કેવળ ભસ્મ બનેલી મદનની પુરુષાકૃ[illegible] જોઈ રતિએ હૃદયવિદારક વિલાપ કરવા માંડ્યો અને આ[illegible] વનસ્થલીને ઘોર વિલાપ કરતી કરી. વિલાસીઓને તમા[illegible] શરીર ઉપમાન છે, સ્મૃતિશેષ બની તમે સ્મર થયા છે[illegible] પરલોક જનાર નવપ્રવાસી બન્યા છો, દેહધારીઓનું સ[illegible] સુખ તમારે અધીન છે, કામાતુર અભિસારિકાઓને [illegible] રજનીમાં કામીઓના નિવાસમાં તમે લઈ જાઓ છો, ઇત્યા[illegible] મદનનાં અનેક સ્મરણો સંભારીને રતિથી છાતીફાટ [illegible] રોકી શકાયું નહિ. તમારા વિના નિશાકર ચન્દ્રનો ઉ[illegible] હવે નિષ્ફળ જશે. પ્રેમીઓને સંદેશ આપનારી કોકિલા[illegible]

મધુરમનોહર સૂર હવે નિરર્થક બનશે. અરે! મારાં અંગેને પુષ્પોથી અલંકૃત કરી એનું સંવિધાન કરનાર ક્યાં ગયા! મારા વામ ચરણનું પ્રસાધન પૂરું કર્યાં વગર જ ચાલ્યા ગયા! હે રમણ! તમારાં અંગ અને જીવન બન્ને એકસાથે જ વિનાશ પામ્યાં! અરે! સુરાસુરના બનેલા સમસ્ત જગતમાં તમારી આણ ફરતી તે આજ પિનાકીના ઉગ્ર રોષનો ભોગ બની શું ભસ્માવશેષ થઈ ગયા! ચન્દ્રિકા ચન્દ્ર સાથે અસ્ત પામે છે, સૌદામિની મેઘની સાથે અદૃશ્ય થાય છે; હું પણ તમારાં પ્રિયતમ ગાત્રોની ભસ્મથી મારા દેહનું અંતિમ મંડન કરીને જેમ નવપલ્લવની શય્યા ઉપર સૂતી હોઉં તેમ અગ્નિમાં મારી જાતને અર્પણ કરીશ.


રતિ સહગમન માટે તૈયાર થાય છે ત્યાં તો એના હૃદયાકાશમાં કોઈ ગહન વાણી સંભળાય છે: ' હે રતિ! તારો પતિ થોડા સમયમાં તને પાછો મળશે. પાર્વતીની તપસ્યાથી આકર્ષાઈને હર જ્યારે એને પરણશે ત્યારે સ્મરને એ સજીવન કરશે. હે સુન્દરી! તને પ્રિયસમાગમ થશે માટે તારા શરીરને સાચવી રાખ. ' કોઈ અદૃષ્ટ અક્ષરનાદ સાંભળીને રતિ મૃત્યુનો સંકલ્પ ત્યજી દે છે અને પ્રિયતમ સાથેના મંગલ મિલનની વાટ જુએ છે.

*

ચિન્તકપુરુષ અને જનની અને ગૃહિણીસ્ત્રી વચ્ચે સંસારમાં સતત વિરોધ ચાલે છે. ચિન્તકપુરુષ વિચારોનો જનક છે; ગૃહિણીસ્ત્રી પ્રજાની જનેતા છે. જેમ સ્ત્રી નવી પ્રજાને જન્મ આપે છે તેમ ચિન્તકપુરુષ નવા માનસને સર્જે છે. બન્ને સર્જકો છે. બન્નેને પોતાની સૃષ્ટિ પ્રત્યે પ્રેમ છે. બન્ને એના રક્ષણ માટે આત્મત્યાગ કરે છે. બન્ને નવસર્જનની તીવ્રતામાં નિષ્ઠુર અને ભયંકર બને છે. સ્ત્રી ભયંકર રીતે મોહક અને આકર્ષક બને છે અને પ્રજોત્પત્તિના એકમાત્ર સાધનરૂપ પુરુષને પ્રાપ્ત કરવા અને ગૃહિણી અને જનની બની પોતાનું જીવનકાર્ય સિદ્ધ કરવા માતાપિતા, સ્વજન, કુલ – સર્વને છોડી દે છે. ચિન્તકપુરુષ એના નવીન જ્ઞાનસર્જનના વ્યવસાય અર્થે પિતા, માતા, સ્ત્રી, પુત્ર, સંપત્તિ, સર્વસ્વનો ત્યાગ કરે છે અને પોતાના જીવનકાર્યમાં અન્તરાય આવે તો નિર્દય અને રુદ્ર બને છે. જેમ જનનીસ્ત્રી જગદમ્મા હોઈને પણ મહાકાલી બને છે તેમ સર્જકપુરુષ ભવ હોઈને પણ હર બને છે.

મહાકવિ કાલિદાસ સ્ત્રીપુરુષના આ અવિરત વિરોધને ' કુમારસંભવ 'માં પ્રકટ કરે છે, પરંતુ એમાંથી એ માનવજીવનની મહાન કરુણતા ઉત્પન્ન કરતો નથી પરંતુ એ વિસંવાદનું પરિણામ પરમ સંવાદમાં લાવે છે. એના પ્રતિભાનયન સમક્ષ સ્ત્રીજીવનનો પ્રધાન હેતુ કેવળ પ્રજોત્પત્તિ નહિ પરંતુ ઉત્તમ પ્રજાનું સર્જન છે. અનુકૂલ સ્ત્રીના સહકાર વગર શંકર જેવા મહાપુરુષના નવીન તત્ત્વવિચાર પણ વન્ધ્ય અને મિથ્યા બને છે. જ્યાં સુધી સ્ત્રી નવા વિચારકને પોતાના દેહમાં પોષી જન્મ ન આપે ત્યાં સુધી પુરુષનો નવો વિચાર મૂર્તરૂપ લેતો નથી અને નિષ્ફળ અને નિરર્થક થાય છે. જો કોઈ નવીન પુરુષોત્તમ અવતારવો હોય તો તે સ્ત્રીથી જન્મેલો અને પુરુષે કોઈ ઉન્નત ધ્યેયપુરઃસર ઉત્પન્ન કરેલો હોવો જોઈએ. આ પુરુષાવતાર માટે સ્ત્રીએ પણ પુરુષને આકર્ષવાની રૂઢ હાવભાવની પ્રચલિત ચેષ્ટાઓ છોડી દઈ અંગત ભોગ કે વિલાસ કરતાં કોઈ ઉચ્ચ હેતુ રાખવો જોઈએ. તપસ્વી જ્ઞાની-પુરુષની પેઠે સ્ત્રીએ પણ જ્ઞાનપૂર્વક તપસ્યાનો માર્ગ સ્વીકારવો જોઈએ આવા પરમ સંવેદનપૂર્વક સ્ત્રીપુરુષના નૈતિક અને આધ્યાત્મિક સહયોગથી જન્મેલો પુરુષોત્તમ આસુરીસંપદનો અવશ્ય નાશ કરશે અને જગતની અવ્યવસ્થા મટાડી એને શાન્તિ અને પ્રજ્ઞાને માર્ગે લઈ જશે. આવો ઉત્તમ પુરુષ લોકોની ખોટી માન્યતાઓ ખળભળાવશે, એમની ભ્રાન્તિઓ દૂર કરશે, એમની ભૂલો સુધારશે અને સંસારને નવેસરથી સત્ય વિચારો કરાવશે. માનવવિકાસમાં કેવળ કામી કે વિલાસીને ક્યાંઈ એ સ્થાન નથી. એનો વિનાશ એ જ એનું ભાવિ છે. મહાકવિ કાલિદાસની આ અનુભૂતિ છે.*

*હવે પછી પૂરું.



કાંથડનો જુમલો

સંપાદક : પુષ્કર ચંદરવાકર

[કચ્છકાંથડનો બહારવટિયો જુમલો. ચાર ચાર ભાઈઓ, બબ્બે જોડ્યો, અને પાંચમો જુમલો, ભાદડપીર. જુમલો બહારવટે ચઢ્યો, ચડસાચડસી અને અન્યાય સામે આ પાંચેય ભાઈઓને કાંથડ ગામના પટલ સાથે અદાવત. આ અદાવતના નશાથી પટલને જાનથી મારી જુમલાએ બહારવટાનો રાહ અપનાવ્યો. જુમલાનું કુટુંબ કચ્છના ભાયાતોમાંનું એક ગણાય છે. એવી ત્યાં લોકવાયકા છે. એણે કચ્છનાં ગામો ધમરોળ્યાં નથી, વિશેષે. પણ કચ્છનો બહારવટિયો કાઠિયાવાડમાં મોરબીના પાદર સુધી આવી ગયેલો, એવી વાતો આજે કચ્છમાં ઠીકઠીક જાણીતી છે. મોરબીની લૂંટ પછી જુમલાને આસુએને બોલાવ્યો. દગો થયો અને જુમલાનું બહારવટું જેર થયું.

એના મૃત્યુ પછી જુમલો પીર કહેવાયો. ભાદડપીર. મુસલમાનો સુધ્ધાંય તેની માનતા રાખે છે. જુમલાની કબર કાંથડમાં છે. કબર માથે લીલો નેજો ફરફરે છે. પડખે લોબાનનો ધૂપ. સનાતન નિદ્રામાં પોઢેલ જુમલાની કબર માથે બાર મહિને લીલા રેજાઓ બદલાતા રહે છે.

આ રાસડાના આપનાર ભરથરી છે મથુર જામા. વઢવાણ શહેરના વતની. ભરથરી પાસે રાસડાની ખાણ છે. મીરખાં, તલોજી, ધોળકાવાળો સૈયદો, ખીમરો, એભલ પટગીર, રામવાળો, જોખીદાસ ખુમાણ, વાલો નામોરી...અને અનેક બીજા. આ રાસડાના રચયિતા છે નાથબાવા મોતીનાથ. મોતીનાથ આજે સ્વર્ગવાસી છે.

ભરથરી પાસેથી બહારવટિયાના જે જે રાસડાઓ મળે છે તેમાં તે તે બહારવટિયાઓ જે પ્રદેશમાં બહારવટું ખેડતા હોય તે તે પ્રદેશની રાજધાની પર ધાડ પાડ્યાનો ઉલ્લેખ આવે જ. દા. ત. ગોહિલવાડના હયાતખાને ભાવનગર અને પાલીતાણામાં ધાડ પાડી, કાંથડના જુમલાએ મોરબી શહેરમાં, તલાજીએ અમદાવાદમાં ને શંખલપુરમાં, મીરખાનના રાસમાં કેટલાક તુરીઓના રાસડાની પંક્તિ આધારે કહી શકાય ડીસા અથવા પાટણ. ભરથરી કે તૂરીના આ કથનમાં ઘણી વા સત્ય નથી હોતું. મીરખાંએ પાટણ કે ડીસામાં ધાડ પાડી નથી. તલાજી અમદાવાદમાં આવેલ તે પ્રસંગને ભરથરીએ ગાય છેઃ

> રોઝી ઘોડી તારી એવટી (ઘોડાવી) તલા,
> ને આવ્યો સાભરમતીમાં બા'રવટિયો,
> સાભરમતીનો નાકો લૂટ્યો ને સોજીર માર્યા ચાર,
> કે ભૂરિયા માર્યા બાર તલાજી.
>
> પલ માથે ગાડી લૂંટી, મુંબઈ શે'રનો માલ લૂંટી,
> સાભરમતીને ભોગ આલીને જાય બા'રવટિયો
> કે ઘોડીલાં શીદને ઘોડો
> તલાજીને છેતરીને ઝાલો.
>
> કાળી ભદરને તાજવું કરી, જાય બજાર ભણી
> ચંદુલાલ ચોકસીની દુકાન તોડી,........ઇત્યાદિ

અમદાવાદ જેવું શહેર. ત્યાં ભદરમાં બહારવટિયો આવે માણેકચોક કે રતનપોળ જેવા ભરચક લત્તામાં લૂંટ કરે કાળુપુર જાય, ચાર ' સોજીર 'ને મારે, ભૂરિયા બારને ઠાં કરે, એ કથન જરાક વહેમાળવું લાગે છે.

અને એવું જ કાંથડના જુમલા પરત્વે ભરથરીએ ગા છે. તેણે મોરબી શહેર લૂંટ્યું. હાક પડાવી. દુકાનો ધો દિવસે બંધ કરાવી. એ પ્રસંગો પર પ્રશ્નાર્થ મૂકવા મ લલચાય છે. પણ છતાંય આ બહારવટિયા પર વિશેષ કં શકે તેમ હોય તે લખી જણાવશે તો ખરેખર સંપાદક તેમ આભારી થશે. પુ. ચં.]

> એ ઈ ચાર ભાઈયુંનો જોડલો જુમલા,
> ચાર ભાઈઓનો જોડલો જુમલા,
> ભાદડપીર કાંથડના.

એ ઈ પાંચમા ભાદડપીર કાંથડના જુમલા, પાંચમાં ભાદડપીર,
કાંથડનો જુમલો રે, વાગડ રેવા દેશ.

એ ઈ પટલને મારી ધીંગાણે નીકળ્યા, કર્યું બા'રવટું બારે માસ,
કાંથડનો જુમલો રે, વાગડ રેવા દેશ.

એ ઈ મોરબી ઘાટની મોજડી પેરવા,
મોરબી જોડની મોજડી પેરવા, ઉપર પાઘડીઓના ઠાઠ,
કાંથડનો જુમલો રે, વાગડ રેવા દેશ.

એ ઈ ખોટા શકને ધીંગાણે ચાલ્યો, છીંકું તડાકા ખાય,
કાંથડનો જુમલો રે, વાગડ રેવા દેશ.

એ ઈ ચાર ભાઈયુંનો જોડલો જુમલા, પાંચમા ભાદડપીર,
કાંથડનો જુમલો રે, વાગડ રેવા દેશ.

એ ઈ ભસાવના મારગે ચીબરી બોલી, ખોટા શકનિયાં થાય,
કાંથડનો જુમલો રે, વાગડ રેવા દેશ.

એ ઈ મોરબી શેરની વારું રે સડિયું, જુમલો એકાએક,
એ જુમલો એકાએક,
કાંથડનો જુમલો રે, વાગડ રેવા દેશ.

એ ઈ એક ઘાએ તો પાંચને માર્યા, દશનો કાઢયો ઘાણ,
કાંથડનો જુમલો રે, વાગડ રેવા દેશ.

એ ઈ માડીના મીઠડા રે માજળલી માણી રે
માજળલી માણી રે,
કાંથડનો જુમલો રે, વાગડ રેવા દેશ.

એ ઇ ભસાવના ટેકરે સાધુડા જમાડયા, 'બોલો જુમલાની જે,'
કાંથડનો જુમલો રે, વાગડ રેવા દેશ.

એ ઈ ઢાંસીનો ફો'દાર સલામીએ આવ્યો, સામૈયા પાછા જાય,
કાંથડનો જુમલો રે, વાગડ રેવા દેશ.

એ ઈ આસુબેની તો કાગળિયાં મેકલે, 'એકવાર મળવા આવ્ય
આવ્ય વીરા રે,'
કાંથડનો જુમલો રે, વાગડ રેવા દેશ.

એ ઈ ભૂજિયો ડુંગર ઘોડિલે ઘેર્યો, ભેગો જામ કાંથડનો,
કાંથડનો જુમલો રે, વાગડ રેવા દેશ.

એ ઈ હાથમાં બંદૂક શોભે, હાથમાં વીરા, અસલ ગેંડાની ઢાલ,
કાંથડનો જુમલો રે, વાગડ રેવા દેશ.

એ ઈ પાંચસેં માણુહ સોંસરો પડ્યો, કોઈને નાવ્યો હાથ,
કાંથડનો જુમલો રે, વાગડ રેવા દેશ.

એ ઈ બેન આસુએ કાગળિયાં મેકલ્યાં,
'એકદાણ કચ્છમાં આવ્ય,'
કાંથડનો જુમલો રે, વાગડ રેવા દેશ.

એ ઈ મોરબી શેરનો નાકો ઘેર્યો, ઉતાર્યાં ભારી ભારી ગુમાન,
કાંથડનો જુમલો રે, વાગડ રેવા દેશ.


એ ઈ કાગળ વાંચીને બેની ઘેર આવ્યો, આવ્યો વીરો કાંથડનો,
કાંથડનો જુમલો રે, વાગડ રેવા દેશ.

એ ઈ છેતરીને તો દગો કર્યો ને કર્યો આસુબેને,
કાંથડનો જુમલો રે, વાગડ રેવા દેશ.

એ ઈ મોરબીશે'રની વારું ચડિયું, ભેગો રે વીરો એક,
કાંથડનો જુમલો રે, વાગડ રેવા દેશ.

એ ઈ બેન આસુએ કુપટ કર્યો રે, મરાવ્યો માડીજાયો વીર,
કાંથડનો જુમલો રે, વાગડ રેવા દેશ.

એ ઈ કચ્છવાગડમાં લોક ધ્રુશકે રુએ, માડીજાયો ન મળે વીર,
કાંથડનો જુમલો રે, વાગડ રેવા દેશ.



પત્રમ્ પુષ્પમ્

‘ગઠિયા’નો સ્વાધ્યાય

‘ગઠિયો’ શબ્દ વિશે વિચાર કરતો હતો કે એમાં જે મૂળ ધાતુ ‘ગંઠ્’ છે તેનો પ્રધાન અર્થ શો છે? આ માટે ધાતુપાઠ જોયો તો માલૂમ પડ્યું કે સંસ્કૃતધાતુપાઠમાં બે ધાતુઓ છે. એક તો તવાદિગણમાં આત્મનેપદી ‘ग्रथुङ् कौटिल्ये’ (ग्रन्थते) ૮૫મો ધાતુ છે અને બીજો નવમા ગણમાં પરસ્મૈપદી ग्रन्थश् संदर्भे (ग्रथ्नाति) ધાતુ ૨૩મો છે —(હેમચન્દ્ર.)

આ બેમાં તવાદિગણનો ધાતુ ‘ગઠિયા’ શબ્દ સાથે સંબંધ રાખે છે. કૌટિલ્ય એટલે વક્રતા–લુચ્ચાઈ અથવા વક્રતા એટલે માત્ર વાંકું કરવું—જે સીધું હોય તેને વાંકું કરવું.

‘ગઠિયો’ શબ્દમાં લુચ્ચાઈનો ભાવ સ્પષ્ટપણે રહેલો છે. એટલે જ તેનો સંબંધ ग्रथुङ् कौटिल्ये ધાતુ સાથે જોડવો ઉચિત જણાય છે.

‘ગાંઠ’–‘ગઠરી’ શબ્દો પણ એ ધાતુ સાથે જોડાયેલા છે. એમાં કેવળ વાંકાપણાનો જ ભાવ સમજવાનો છે. જ્યારે આપણે ‘ગાંઠ’ વાળીએ છીએ ત્યારે પદાર્થને વાંકો કરવો જ પડે છે. જો બે વચ્ચે ‘ગાંઠ’ વાળવાની હોય તે બે છેડાને સીધા જ રાખીએ તો ‘ગાંઠ’ વળી જ ન શકે. એ દૃષ્ટિએ ‘ગાંઠ’માં વક્રતાનો–કુટિલતાનો–ભાવ સ્પષ્ટ છે.

ગ્રંથો–પુસ્તકોની–રચનામાં વિચાર અને વાક્યોનો સંદર્ભ પ્રધાન છે. માટે ‘ગ્રંથ’–(પુસ્તક) શબ્દનો સંબંધ નવમા ગણના ‘ग्रन्थश् संदर्भे’ ધાતુ સાથે જોડવો વિશેષ ઉચિત થશે.

વ્યાપક ભાવે જોતાં જગતમાં જે કુટિલતા આવી છે તેમાં ગ્રંથો–પુસ્તકો–શાસ્ત્રો–ની જવાબદારી ઓછી નથી, માટે જ નરસિંહ મહેતાએ ગાયું છે કે, “ગ્રંથ ગરબડ કરી વાત ન ખરી કરી.” આ દૃષ્ટિએ જોઈએ તો ‘ગ્રંથ’–(શાસ્ત્ર–પુસ્તક)નો સંબંધ કૌટિલ્ય અર્થવાળા ‘ગ્રંથ’ ધાતુ સાથે બંધ બેસે ખરો પણ એમ કરવાથી ગ્રંથકારોનું ભારે અપમાન થાય તેમ જ ગ્રંથોની પણ પ્રતિષ્ઠા ન રહે. એ જ હકીકતને ધ્યાનમાં રાખીને કદાચ વૈયાકરણોએ ग्रन्थश् संदर्भे ધાતુની યોજના કરી હોય એટલે આપણે પણ ગ્રંથો તેમ જ ગ્રંથકારોને માન જ આપવું રહ્યું. ‘कौटिल्य’ અર્થવાળા ‘ग्रन्थ’ ધાતુનો પ્રયોગ ઋગ્વેદમાં પણ નીચેની શ્રુતિમાં મળે છે:

“न्यक्रतून् **ग्रथिनो** मृध्रवाचः पणीन् अश्रद्धान् अवृधान् अयज्ञान्। प्रप्र तान् दस्यून् अग्निः विवाय पूर्वः चकार अपरान् अयज्यून् ॥”

—(ऋग्वेद पंचमं अष्टक अनुवाक द्वितीय मंडळ सात सूक्त ६)

भाष्य—“नि अक्रतून् – अयज्ञान्, ग्रथिनः – जल्पाकान् मृध्रवाचः – हिंसितवचस्कान्, पणीन् – पणिनामकान् वार्धुषिकान् अश्रद्धान् – यज्ञादिषु श्रद्धारहितान्, अवृधान् – स्तुतिभिः अग्निं अवर्धयतः, अयज्ञान् – यज्ञहीनान् तान् दस्यून् – वृथा कालस्य नतॄन्, अग्निः प्रप्र – अत्यन्तम् निविवाय नितरां गमयेत्। तदेवाह – अग्निः पूर्वः मुख्यः सन् अयज्यून् अयजमानान् अपरान् जघन्यान् चकार।”

ઉપરની ઋગ્વેદની ઋચામાં પણિ નામના વ્યાજખાઉ વેપારીઓનું વર્ણન છે. આમાં પણિઓને ગ્રથિનઃ કહેવામાં આવેલા છે. તેનો અર્થ ભાષ્યકારે जल्पाकान् કરેલો છે. ‘જલ્પાક’નો અર્થ બડબડાટ કરનારો થાય છે. આ અર્થમાં વક્રતા–લુચ્ચાઈનો ભાવ સમાઈ શકે એમ છે. એ પણિઓને જે બીજાં બીજાં વિશેષણો આપેલાં છે તે વિશેષણો દ્વારા ‘લુચ્ચા–બડબડાટ કરનારા’ના ભાવને ખાસ ટેકો મળે છે તે વિશેષણો આ પ્રમાણે છે: मृध्रवाचः હિંસકવાણી બોલનારા, अश्रद्धान्–યજ્ઞ વગેરેમાં શ્રદ્ધા વગરના, अवृधान्–અગ્નિની સ્તુતિ નહીં કરનારા, अयज्ञान्–યજ્ઞોમાં અનાદર બતાવનારા, दस्यून्–વખતને નકામો ગુમાવનારા, अयज्यून्-યજમાન નહીં થનારા, એવા એ પણિઓને ઉત્તમ એવો અગ્નિ અધમ કરતો હતો. અર્થાત્ એ દુષ્ટ પણિઓને અગ્નિ હલકી કોટિમાં મૂકતો હતો. આ ઋચા ઉપરથી જાણે એમ લાગે છે કે આ વર્ણન આજકાલના વર્તમાન પણિઓનું ન હોય. પરંતુ વેદકાળના પણ વર્તમાન પણિઓના પ્રપિતામહો હતા જ. આ પણિઓનો ઇતિહાસ કાંઈ આજકાલનો નથી. એઓ પણ વેદકાળ જેટલા જૂના છે એમ જરૂર અભિમાન લઈ શકે છે.

ઉપર જે ઋગ્વેદની ઋચાની નોંધ છે તેનો ખ્યાલ મને ચિ. ડૉ. પ્રબોધે આપેલ છે.

તેની સાથે હું ‘ગઠિયા’ની વ્યુત્પત્તિ વિશે ચર્ચા કરતો હતો ત્યારે તેણે ઉપર જણાવેલી વેદની ઋચા મને ઋગ્વેદમાંથી કાઢી બતાવી તેનો જ મેં અહીં ઉપયોગ કરેલ છે.

બેચરદાસ દોશી

નિસર્ગતીર્થ બાલી

ઉમાશંકર જોષી

બાલી જતાં વિમાનમાં
૪-૧૨-૧૯૫૨

........,

ગરુડે ચઢીને બાલી જવા માટે આજે ઊપડ્યો છું.

ઇન્ડોનેશિયાનું રાજચિહ્ન ગરુડ છે. તને જાણીને નવાઈ લાગશે પણ અહીં તો આપણા ઘણા શબ્દો આ રીતે પ્રચારમાં છે. દેશના વિમાનીમાર્ગો પર રાજ્ય અને વલંદાઓની સહિયારી કંપનીનાં વિમાનો ઊડે છે તેણે પણ ગરુડ નામ રાખ્યું છે. યોગ્ય પણ છે.

૧૨–૦૨ વાગે સુરાબાયા છોડ્યું. દસેક મિનિટ એણે રસ્તા પર દોડી તૈયાર થવામાં લીધી. પછી છેડે આવી, અરધીક ક્ષણ ખમચાઈ, બરડો ટટાર કરી, ઊંચે હવામાં ઝંપલાવ્યું.

સમજીને ડાબી બાજુ બેઠો હતો. થોડીવારમાં જ સુરાબાયાની ભૂમિ અને બંદર વગેરે જણાતાં બંધ થયાં. ડાબી તરફ એક બેટ દેખાવા માંડ્યો. બેટનું નામ છે મદૂરા. દક્ષિણ હિંદમાં મદુરા શહેર છે એ તને યાદ છે. (પેલા કાંકરિયા જેવા તળાવમાં હોડીવાળા છોકરાએ પાણીના છાંટા ઉડાડેલા નહિ?) આપણું એ મદુરા પણ ઉત્તરના જમુનાકિનારા પરના મથુરાના નામ પરથી જ છે. જમુનાના કિનારા પર કૃષ્ણ ભગવાને વાંસળી વગાડી તેના પડઘા દક્ષિણ હિંદ તો ઠીક પણ અહીં પૂર્વને છેક છેડે સુધી કાળની ગુફાઓમાં ગુંજ્યાં કરે છે. આ મદુરાબેટ જોતાં જ નવરું મન એક લીટી ગણગણવા મંડી પડ્યું :

> ક્યાં ક્યાં હરિવર વાગી એ તુજ વાંસળી ?

મદુરાબેટ લાંબો પથરાઈને પડેલો દેખાયો. એકાદ નદી સમુદ્ર તરફ આવી રહી હતી. ડુંગરો બપોરના તડકામાં દૂરથી તાંબડિયા રંગના શોભી રહ્યા હતા. ખેતરો લીલાંલીલાં ચમકી રહ્યાં હતાં. દરિયો છીછરો હતો અને ભોંયનું તળિયું પણ ક્યાંક દેખાતું. બેટ દૂર ડાબી તરફ વળાંક લઈ ક્ષિતિજમાં અદૃશ્ય થતો હતો.

આ, નજર નીચે જ, દરિયામાં કોઈએ જાજમ ન બિછાવી હોય એમ એક નાનકડો લંબાકાર બેટ છે. નાનો પણ લટકાળો છે! આ છેડે એનો રેતીપટ કેવો સુઘડ શોભી રહ્યો છે!

ધીમેધીમે ગરુડે આકાશના ઊંડાણમાં ડૂબકી મારવા માંડી. પેલી નીચે સમુદ્ર ઉપર હોડી કેવડી નાનકડી અમથી લાગે છે! હજી જાવાને વિદાય દેવાની વાર હતી. પૂર્વ જાવા ઉપર થઈને ગરુડ ઊડવા લાગ્યું. પણ જમીન ક્યાં છે? વચ્ચે આસ્તેથી આછાં આછાં પાતળાં પાતળાં વાદળો સરી આવ્યાં છે. તેમાં ક્યાંક બાકોરાં આવી જાય તો તેની આરપાર, આપણને નીચેથી જોતાં વાદળો આરપાર આકાશનો વાદળી રંગ દેખાઈ જાય છે એમ, જમીનનો લીલો રંગ દેખાઈ જાય છે. વાદળોના બે થર લાગે છે. નીચેના ડુંગરો તો બિચારા દયામણા-વામણા લાગે છે, પણ આ વાદળડુંગરોએ ઊંડીઊંડી ખીણો રચી છે તેની ભેખડો પર આંખોને લપસણી ખાવાની ખરી મજા આવે છે. ક્યારેક તો ઊંડાઊંડા કૂવાની નીચે પાણી પર બાઝેલી લીલ દેખાય એમ નીચેની બે ગજ જમીન નજરે પડી જાય છે.

પણ ગરુડને તો જમીનનું નામ ન જોઈએ. એને અફાટ આકાશ સિવાય જંપ ન વળે. એક-બે આંચકા...અને એ ગગનવિહારી અવકાશમાં રચાયેલા એક અનોખા માર્ગ ઉપર આવી પહોંચ્યું. ધોળાં બરફ જેવાં નાનાંનાનાં વાદળો પાસે પાસે ગોઠવાઈને એક આખી ફરસબંધી બની હતી, તેની ઉપર ગરુડ પગથી ઠેકડા ભરતું જાણે ઊડી રહ્યું ન હોય. ના, ના. આવી અદ્‌ભુત ફરસબંધી પણ ગરુડને લલચાવી શકે કે? એ તો એનો પણ તિરસ્કાર કરી થોડુંક અદ્ધર ઊડી રહ્યું હતું. માયાવી વાદળોએ પણ પેંતરા બદલવા માંડ્યા. બરફના ઢગલા હોય એવો ચોમેર વિશાળ પટ ફેલાઈ રહ્યો. કોઈ પણ પ્રાણીને એની ઉપર આળોટતા આળોટતા ક્ષિતિજના છેડા સુધી

પહોંચી જવાનું મન થઇ આવે. પણ ગરુડ તો કહે : ઊંહું ! બપોરનો તડકો પીને વાદળોના પેટમાં ધવલતા માતી ન હતી. ફૂલીને નાનાનાના ગિરિઓની માળા સમાં એ ફેલાયાં. હિમાલયનાં શિખરો પાસે ધસાઈને ઊડતા હોઈએ એવો અનુભવ થઈ રહ્યો. અરે ગરુડ, જો જો ! આ શિખર સાથે તારી પાંખ અફળાઈ ને, તો તારા અભિમાનના ભુક્કા ઊડી જવાના છે ! માખણમાં મોવાળો નીકળી જાય એમ એની પાંખ શિખર આરપાર નીકળી આવી. આ પેલું ધવલશૃંગ તે તો સાક્ષાત્ કૈલાસ જેવું રંગે ને આકારે શોભે છે. વિહંગરાજ, કાંઈક તો આમન્યા રાખો. પાંખોનો અવાજ સંકેલી લો. હરગૌરીને ખલેલ કરશે. જરીક ડોક નમાવીને બાજુ પર એ સરકી ગયું.

ક્યાં એ હિમાદ્રિમાળા ને ક્યાં અમારી નીચે પથરાયેલો આછોઆછો ઊછળ્યાં કરતો સમુદ્ર? અમે જાવાની ભૂમિ વટાવી સમુદ્ર ઓળંગી રહ્યા હતા. માંડ વચ્ચે માઈલેક પાણી હશે. ઓ સામે હરિયાળી જણાય એ બાલી.

બાલી નામ પડતાં હિંદીઓના મનમાં કેવા ઝણકાર જાગે છે ! જાણે કોઈ જૂના સ્વપ્નના ભણકારા. હિંદથી રમતી રમતી કોઈ બાલિકા સુવર્ણદ્વીપ યવદ્વીપ વટાવી આ નાનકડા ટાપુ પર જઈ પહોંચી હોય અને ભલે અહીં ભરતભૂમિને માથે તો ઇતિહાસનાં પૂરનાં પૂર વહી ગયાં હોય, પણ પેલી બાલિકા તો મુગ્ધ વનકન્યાની જીવનચર્યામાં જ હજી મચેલી હોય— એવા એવા ખ્યાલો દૂરથી આપણને આવે.

ઇન્ડોનેશિયાની દ્વીપમાળાને મણિની માળા સાથે સરખાવવામાં આવે છે. સુમાત્રા–જાવા પછીનો મણકો બાલી. બાલીનું સ્થાન અનેક રીતે એવું મહત્ત્વનું છે કે એને લીધે આખી મણિમાળાની રોનક દીપી ઊઠે. બાલી એટલે ઇન્ડોનેશિયાનું કાશ્મીર. નેતાઓ કંટાળે–હારે ત્યારે બાલીનું શરણું શોધે. કળાનું તો એ પિયર છે. લશ્કરી દૃષ્ટિએ પણ એનું મહત્ત્વ કેટલું છે તે ગયા વિશ્વયુદ્ધમાં જણાયું. જાપાને પહેલો ધસારો બાલી ઉપર કર્યો. ડચ લોકોએ પણ ફરી પગદંડો જમાવતી વખતે બાલીથી જ શરૂઆત કરી. લોકોને ખાવાનું સહેજે પૂરતું મળી રહે છે અને શરીરસમૃદ્ધિ એકંદરે સારી ગણાય એવી છે. ચોખા, પ્રાણીઉછેર અને નાળિયેર-કોપરાં ઉપર એનું જીવન છે. કુદરતના ચારે હાથ છે. લોકો હાથકારીગરીમાં પણ નિપુણ છે.

જાપાનીઓ આવ્યા પછી અને ખાસ તો ઇન્ડોનેશિયા સ્વતંત્ર થયા પછી બાલી પણ બીજા બધા પ્રદેશોની જેમ દુનિયાના દેશોની જમાતમાં પોતાનું યોગ્ય આસન મેળવ[વા] ઉત્સુક છે. પહેલાં એનું એક જાતનું અનોખું વ્યક્તિત્વ કૃત્રિ[મ] રીતે ટકાવવામાં આવતું હતું.

એ વ્યક્તિત્વ અનોખું તો હતું જ. ઐતિહાસિક કારણો[ને] લીધે એમાં ભૂગોળે પણ ભાગ ભજવેલો. જાવામાં હિં[દુ] રાજ્યનો મધ્યાહ્ન તપતો હતો, તેની પડતી દશા આવી [ત્યારે] ઘણા લોકોએ બાલીનો આશરો લીધો. વચ્ચે નાનકડી ખા[ડી] પણ વિજયી મુસલમાન રાજકર્તાઓએ બાલીને છેડ્યું ન[હિ.] જાવામાં ન ટકી તે હિંદુ અસરો બાલીમાં જીવી. બાલી[ના] રીતરિવાજોમાં આજ સુધી એ અસરો જોવા મળે છે. દા. [ત.] મરણ પછી શબને અગ્નિદાહ દેવાની પદ્ધતિ હજી ત્યાં અનુસ[રાય] છે. દેવદેવીઓમાં પણ શિવ, બ્રહ્મા, દુર્ગા વગેરેનું પૂજન થ[ાય] છે. પૂજનવિધિમાં નૃત્ય, સરઘસ, વાદ્યની પૂરી કલામય[તા.] આ બધાં કારણે બાલીનો સમાજ જુદો જ તરી આવતો હ[તો.] સ્ત્રીઓ ઉત્તરીય માટે બહુ આગ્રહ ન સેવે. કુદરતને ખ[ોળે] નિર્દોષ અને સૌન્દર્યાનુરાગી જીવન જીવાતું હતું.

પણ વિજેતા વલંદાઓએ આ સમાજના જીવન[ની] સ્વાભાવિકતા પૂજવાને બદલે એમાં માત્ર કૌતુક જોયું. [—] આવો, આવો. જુઓ તો ખરા, અહીં માણસો આવી [રીતે] જીવે છે – એવી દુનિયા આગળ જાહેરાત કરી બાલીને પ્રદર્શ[ન]ની વસ્તુ બનાવી. પ્રદર્શનની વસ્તુને ભાગે તો પાંજરું જ [હોય] ને? બાલીને તાળું લગાવવામાં આવ્યું. રખે બહારની [હવા] લાગે! દેશદેશના કૌતુકરસિયા લોકો બાલીની સફરે આ[વવા] લાગ્યા. બાલીની નિસર્ગરમણીય દીકરીઓની ઉઘાડી તસ[વીરો] દેશદેશનાં છાપાંઓમાં પ્રગટ થયે ગઈ. બાલી નિસર્ગ[ધામ] મટી કૌતુકતીર્થ બન્યું. સફરીઓ ને સહેલાણીઓની ખ[ાતર] પણ હવે તો એને એની એ સ્થિતિમાં રાખવું રહ્યું. બાલી[જે] પોતાનું જીવન જીવતું હતું તેને હવે વિદેશી સફરીઓ[ની] કૌતકવૃત્તિ પોષવા માટે એને અનુકૂળ જીવન જીવ્યે જ[વાનું] નસીબે આવ્યું. આમાં ગતિ–પ્રગતિ તો હોય જ ક્યાં? [...] બાલીના જીવનમાં હિંદુ અસરો હિંદથી સંબંધ લાંબા સમ[ય] કપાઈ જવાને લીધે દૂરાકૃષ્ટ બની ગઈ હતી, તે હવે તો [...] એવી લાગે એમાં નવાઈ શી? બીજું તો ઠીક, પણ બાલ[ી]જે પોતાનું અનોખું વ્યક્તિત્વ હતું તેને હવે ઠીંગરાવા [સિવાય] આરો ન હતો. એક મિત્રને ચીનમાં મેં કહ્યું : મારે ત[મારા] દેશમાં આવવું છે. બાલી પણ જવું છે. એ શાન્ત રહ્યા.

પૂછ્યું : કેમ બાલી જોવા જેવું નથી? એ કહે : છે, પણ American Tourism has spoiled it.— અમેરિકા આદિ પરદેશોના સફરવેડાએ એનો ઘાણ કાઢ્યો છે. બીજી વાર પણ વાતમાં એમણે માર્મિક શબ્દો કહેલા : They want to keep Bali as it is. Both mentally as well as materially. (તેઓ બાલીને જેવું છે તેવું રાખવા માગે છે. બંને રીતે–માનસિક તેમ જ ભૌતિક રીતે.) પછી સહેજ રહીને કહે : I should not mind if it remained the same mentally, but it should not remain so materially. (બાલી માનસિક રીતે, છે એવું રહે – એનું મને બહુ ન લાગે, પણ ભૌતિક રીતે તો એવું ન જ રહેવું જોઈએ.) ભૌતિક રીતે કોઈ પ્રદેશનું અથાણું કરીને તે હોય એ જ દશામાં રાખવો એ એના મૂળભૂત સ્વતંત્રતાના અધિકાર પર તરાપ મારવા જેવું જ ગણાય.

જાપાનીઓ આવ્યા એમાં બાલીનું આત્મભાન પ્રજ્વલિત થયું. ઇન્ડોનેશિયાના આઝાદીજંગમાં બાલીએ સારો ભાગ ભજવ્યો. બાલીમાં ગેરીલા ટુકડીઓ જામી. બાલી એક ભૂસકે ૧૩મીમાંથી ૨૦મી સદીના મધ્યમાં આવીને ઊભું રહ્યું.

અત્યારે બાલી સંક્રાન્તિદશામાં છે. હિંદી મહાસાગરના પેટ ઉપર તરતો નાનકડી માતી માછલીના આકારનો આ ટાપુ ઇન્ડોનેશિયાનું એક સ્વાયત્તરાજ્ય છે અને પોતાની પાર્લમેન્ટ ધરાવે છે. નવી આશાઓને પોતાના ભૂતકાળની જેટલી સજીવ હોય તેટલી ભૂમિકા પર પગભર કરવાની હોંસવાળો ઇન્ડોનેશિયાનો એ એક અગત્યનો અંશ છે.

વધુ વિચારો કરવાનો સમય ક્યાં હતો? ગરુડ બાલીની ડુંગરમાળ પર ભમતું છેક દક્ષિણે હિંદી મહાસાગરની છોળો નજીક દક્ષિણ બાલીના મુખ્ય નગર દેનપાસરના વિમાનઘર પર ઊતરી રહ્યું હતું.

'બરાપા હારી?' (કેટલા દિવસ?)

'તીગા – અંપત' (ત્રણ–ચાર.)

લાંબી પૂછપરછ વગર હવાઈ બંદરના અધિકારીએ બહાર જવાની અનુમતિ આપી. બસથી ૭ માઈલ જવાનું હતું. બપોરના તડકાની ચોટને સાગરની લહરીઓ ભૂંસી નાખતી હતી. નાળિયેરીઓની વચ્ચે થઈ આગળ વધ્યા. બે બાજુ ઝૂંપડાં ઝબકવા માંડ્યાં. ઝૂપડાં અતિસામાન્ય, ક્યાંક તો પૂરાં ખખડી ગયેલાં, માણસો પાટલી પર આરામમાં લંબાયેલાં. તેમાં રસ્તે એકબે જરાજીર્ણ માણસો બારણે ડોકાયાં. રોમાન્સના ખ્યાલો મગજમાં ઠાંસીને આવેલાની તો છાતી બેસી જાય એવું બધું દૃશ્ય હતું. હળવે રહીને મધ્યાહ્નના દોઢ વાગ્યાનો કોક કૂકડો ક્યાંક બોલ્યો. મારી સાથે જોગ્જકાર્તાનો એક જુવાન–એનું સુજાત એવું સુંદર નામ હતું–ત્યાંની નવી ઇસ્લામી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પર્યટણે અહીં આવવાનું હોઈ પૂર્વતૈયારી માટે આવેલો તે રસ્તાને બે બાજુ ડાફોળિયાં માર્યા કરતો હતો. અંતે એનાથી બોલ્યા વગર ન રહેવાયું : Nothing important as yet.–હજુ સુધી કાંઈ એવું બધું મહત્ત્વનું નીકળ્યું નહિ!

પાણીભરેલી ક્યારીઓમાંથી ડોકાઈને તડકો પીતી ડાંગરના રોપ નજરમાં મીઠું મીઠું ખૂંપતા હતા. શેઢા પર પેલી બે ગાયો ચરે અને અહીં આ ચાંદરી ભેંસ. સરી જતી બસના રસ્તા પડખેની ઝૂંપડીઓમાં માનવબાળોના હર્ષાશ્રુના તાણાવાણાનું જીવનપટ આ બધા વચ્ચે વણાઈ રહ્યું હશે. આ કાંઈ ઓછા મહત્ત્વનું છે? પણ એટલું જોવા કોઈ આટલે દૂર ઓછું જ આવે છે?

દેનપાસરમાં બસ દાખલ થઈ. બેઠા ઘાટનાં નાનાં મકાનો અને મકાનનાં ચોગાનમાં એકદંડિયા આકારનાં નાનાં નાનાં મંદિરો, મકાનના પ્રવેશદ્વારે દ્વારપાળની વિચિત્ર મૂર્તિઓ —કોઈ અનિર્વચનીય આશ્ચર્યસૃષ્ટિમાં પ્રવેશો છો એવું લાગ્યા વિના ન રહે.

બાલીહોટેલ આગળ આવીને બસ અટકી.

[અનુસંધાન પૃ. ૧૨થી]

યોજનાએ મૂડીના રોકાણ પર સરકારના નિયમનની નીતિ, વ્યવસ્થિત ઔદ્યોગિક વિકાસના હેતુથી, ચાલુ રાખવા સૂચના કરી છે. શસ્ત્રો, અણુશક્તિ અને રેલ્વે રાજ્યસંચાલિત ઉદ્યોગો તરીકે અનામત રાખવામાં આવ્યાં છે. આ ઉપરાંત કોલસો, લોખંડ અને પોલાદ, વિમાનો, વહાણો, ટેલિફોન, ટેલિગ્રાફ, વાયરલેસનાં સાધનો, તથા ખનિજતેલના ઉદ્યોગોના હવે પછીના વિકાસની જવાબદારી સરકારની રહેશે. ઉપર જણાવેલા ઉદ્યોગો સિવાયનું બાકીનું ઔદ્યોગિક ક્ષેત્ર ખાનગી સાહસને સોંપી દેવામાં આવ્યું છે. મુખ્યત્વે વપરાશના માલના બધા જ ઉદ્યોગોનો વિકાસ યોજનાના સમય દરમિયાન ખાનગી સાહસને અધીન રહેશે. આ ઉપરાંત હાલના પાયાના ઉદ્યોગો તથા બીજા મોટા ઉદ્યોગોના સંચાલનની જવાબદારી ખાનગી વ્યક્તિઓના હાથમાં રહેશે. એકંદરે હાલમાં જે ઉદ્યોગો છે તેમને સારી સ્થિતિમાં રાખી તેમની ઉત્પાદક શક્તિનો પૂરેપૂરો લાભ લેવાની પંચવર્ષીય યોજનાના સમય પૂરતી સરકારી નીતિ રહેશે. [અપૂર્ણ]

સંસ્કૃતિ-પોષક યુનેસ્કો

સતીશ કાલેલકર

યુનેસ્કોના સાતમા વાર્ષિક અધિવેશનમાં ભાગ લેતા હિંદી પ્રતિનિધિ મંડળના એક સભ્ય તરીકે હું આ પૅરિસથી બોલી રહ્યો છું.

લગભગ એક મહિના ઉપર જયારે આપણા ઉપ-રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણનની, આ અધિવેશને પ્રમુખ તરીકે સર્વાનુમતે ચૂંટણી કરી, ત્યારે ભારતના લોકોએ, બલકે એશિયાના બધા જ દેશોએ, કેવાં ગર્વ અને સંતોષ અનુભવ્યાં હશે તેની કલ્પના હું કરી શકું છું. પણ એ બધાને જોવા ન મળેલું અને ભારતના એક પ્રતિનિધિ તરીકે હું જેનો એક સાક્ષી હતો તે દૃશ્ય તમારી સમક્ષ વર્ણવવાનો મોહ હું નથી રોકી શકતો.

કાળું અચકન પહેરેલી, સફેદ વાળવાળી એ દૂબળી પાતળી વ્યક્તિ, જયારે પ્રમુખસ્થાન લેવા રંગમંચ ઉપર આવી ત્યારે લગભગ ૬૦ દેશોના ૫૦૦ પ્રતિનિધિઓ સ્વયં-સ્ફૂર્તિથી પોતાની ખુરશીઓમાંથી ઊભા થઈ ગયા અને હર્ષમાં આવી જઈ સતત પાંચ મિનિટ સુધી ઊભા ઊભા તાલીઓ પાડીને એમણે ડૉ. રાધાકૃષ્ણનને અપૂર્વ માન આપ્યું. ડૉ. રાધાકૃષ્ણનના પ્રખર પાંડિત્યનો, એમની બુદ્ધિમત્તાનો અને તત્ત્વજ્ઞ તરીકેની એમની આંતરરાષ્ટ્રીય ખ્યાતિનું જ માત્ર આ ગૌરવ થતું ન હતું પણ જે એશિયાના એ પ્રતિનિધિ છે તે આખા એશિયાનું એ ગૌરવ હતું અને એમણે જયારે પોતાનું વક્તવ્ય શરૂ કર્યું ત્યારે આખા સભાગૃહમાં જે નીરવ શાંતિ છવાઈ ગઈ એ બતાવી આપતી હતી કે એમના વક્તવ્યના એક પણ શબ્દથી વંચિત રહી ન જવા માટે સૌ કેટલા આતુર હોય છે.

રંગમંચ પાછળની ભીંત ઉપર પ્રસારેલા, યુનાઈટેડ નેશન્સ (સંયુક્ત રાષ્ટ્રસંઘ)ના શ્વેત અને નીલ રંગના એક વિશાળ ધ્વજની પાર્શ્વભૂમિ સમક્ષ ઊભા રહીને ડૉ. રાધાકૃષ્ણને આ આંતરરાષ્ટ્રીય સંસ્થાને પોતાનો, હિંદનો, એશિયાનો, અને ખરું કહીએ તો વિશ્વનો સંદેશો પોતાની અસ્ખલિત અને પ્રવાહયુક્ત વાણીમાં આપ્યો. એમણે કહ્યું :

"યુનેસ્કોનું મુખ્ય કાર્ય છે : શાંતિ માટે હાર્દિક ઇચ્છા ઉત્પન્ન કરવી અને દુનિયાની બધી કોમોને, આંતરરાષ્ટ્રીય કુટુંબમાં કેમ રહેવું તેનું શિક્ષણ આપવું એ. આપણું જીવન શરૂ થાય છે આપણી માતા-પિતા પ્રત્યેની ભક્તિથી. દૃષ્ટિ થોડી વિશાળ થતાં આપણે એ ભક્તિ અથવા મમત્વ આખા કુટુંબ તરફ, આખી જાતિ તરફ અને છેવટે આખા દેશ તરફ વાળીએ છીએ. આજનો યુગધર્મ આપણને કહે છે કે એ દૃષ્ટિ આપણે આખા વિશ્વ માટે કેળવીએ. ઉત્કટ પણ સંકુચિત રાષ્ટ્રીયતા જે ગઈ કાલના જમાનાનો વારસો છે, તેમાંથી ઊંચા આવીને આપણે આંતરરાષ્ટ્રીય સમાજ માટેના આવતી કાલના ધ્યેય તરફ વળવું જોઈએ."

આ હતો એમના વક્તવ્યનો સાર.

પણ દુનિયાના બધા વિદ્વાનો – શિક્ષણશાસ્ત્રીઓ, વૈજ્ઞાનિકો, સમાજશાસ્ત્રજ્ઞો અને સાંસ્કૃતિક ક્ષેત્રમાં કામ કરનાર હજારો વ્યક્તિઓ – જે યુનેસ્કોને આટલું મહત્ત્વ આપે છે તે કઈ જાતની સંસ્થા છે, એનું ધ્યેય શું છે, એનો કાર્યક્રમ શું છે, ઇત્યાદિ વિષે અખિલ ભારતીય આકાશવાણીના ગુજરાતી અને મરાઠી શ્રોતાઓ માટે બે જુદાં જુદાં વક્તવ્ય કરીને થોડુંઘણું કહેવાનું મને યુનેસ્કો રેડિયોએ સૂચવ્યું છે.

તમારામાંથી ઘણા જાણતા જ હશો કે યુનેસ્કો એ નામ United Nations Educational Scientific and Cultural Organization એ સંપૂર્ણ નામમાંથી, દરેક શબ્દના આદ્યાક્ષરો લઈને બનાવેલું ટૂંકું નામ છે. યુનાઈટેડ નેશન્સની એ એક ખાસતજ્જ્ઞ સંસ્થા છે. છેલ્લા મહાયુદ્ધ પછી તરત જ એની સ્થાપના કરવામાં આવી હતી. સંસ્થા

ઉદ્દેશ છે યુદ્ધની વિરુદ્ધ શાંતિમય માર્ગોથી યુદ્ધ કરવાનો. શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક મોરચાઓ ઉપર માનસ-શાસ્ત્રના સિદ્ધાંતોને ખ્યાલમાં રાખીને માનવજાતિને હિંસક યુદ્ધ તરફથી પરાઙ્મુખ કરવી અને "બહુજનહિતાય બહુજન-સુખાય" કલ્યાણ સાધવું એ છે એનું કાર્ય. જગતનાં લગભગ બધાં જ રાષ્ટ્રો એના સભ્ય છે અને એ સૌએ યુનેસ્કોનું ધ્યેય સ્વીકાર્યું છે. યુનેસ્કોનો દૃઢ વિશ્વાસ છે કે પરસ્પર સાંસ્કૃતિક વ્યવહાર અને સ્વાતંત્ર્ય, શાંતિ અને સાર્વભૌમ ન્યાયને લક્ષમાં રાખી અપાતું શિક્ષણ – એ વડે જ માનવ-સમાજ પોતાનું મહત્ત્વ અને સ્વત્વ સ્થાપન કરી શકશે. યુનેસ્કોમાં દાખલ થયેલાં બધાં રાષ્ટ્રોએ એ પણ સ્વીકાર્યું છે કે શાંતિ જો ચિરકાળ ટકે એમ કરવું હોય તો એની સ્થાપના આખી માનવજાતિના બૌદ્ધિક અને નૈતિક ઐક્ય ઉપર કરવી જોઈએ.

યુનેસ્કોના બંધારણમાં ત્રણ ક્ષેત્રોનો ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો છે :

પહેલું ક્ષેત્ર શાંતિસ્થાપનાના કાર્ય જોડે ઘનિષ્ટ રીતે જોડાયેલું છે. રાષ્ટ્રરાષ્ટ્રમાં એકબીજાનો પરિચય વધે, એકબીજાના જ્ઞાનભંડારની આપલે થાય અને તે માટે જરૂરી એવો જનતાસંપર્ક વિકસિત થાય તે માટે સંપૂર્ણ સહકાર કરવાનું બધાં રાષ્ટ્રોએ વચન આપ્યું છે. આ કાર્ય-ક્રમમાં સર્વ પ્રકારની માહિતી અને સર્વ પ્રકારની કલ્પનાઓ શબ્દ અને ચિત્ર દ્વારા – એટલે કે વાઙ્મય દ્વારા, ફિલ્મ દ્વારા, રેડિયો દ્વારા અને હવે ટેલેવિઝન દ્વારા – અનિરુદ્ધ રીતે પ્રચલિત થાય તે માટે યુનેસ્કો પ્રયત્ન કરે છે.

બીજા ક્ષેત્રમાં આવે છે શિક્ષણને વિકસિત અને જનતા-ભિમુખ બનાવી તે દ્વારા સાંસ્કૃતિક પ્રચાર કરવાનું કામ. દરેક રાષ્ટ્ર શિક્ષણનો પ્રસાર દેશના ખૂણે ખૂણામાં કરી શકે, રંગ, જાત કે સામાજિક દરજ્જાને લઈને કોઈ પણ વ્યક્તિ શિક્ષણમાંથી વંચિત ન રહેવા પામે અને શિક્ષણ દ્વારા સૌને સ્વતંત્રતા, સમતા અને વિશ્વબંધુત્વનો સંદેશો પહોંચે તે માટે યુનેસ્કો જાગૃત રહે છે.

ત્રીજું ક્ષેત્ર છે દુનિયામાં અસ્તિત્વ ધરાવતા જ્ઞાનનું સંરક્ષણ કરવું અને જ્ઞાનની વૃદ્ધિ માટે સર્વ પ્રકારની મદદ અને સહકાર આપવાં એ. આ કાર્યમાં યુનેસ્કો ખાસ ભાર આપે છે જ્ઞાનભંડારની આંતરરાષ્ટ્રીય આપલે ઉપર.

આ મેં વર્ણવેલાં ત્રણ કાર્યક્ષેત્રોમાં કામ કરતી વખતે યુનેસ્કો એક વસ્તુ ખાસ લક્ષમાં રાખે છે. જગતના કોઈ પણ રાષ્ટ્રના અંતરગત કાર્યમાં યુનેસ્કો માથું મારતું નથી. જુદી જુદી સંસ્કૃતિઓનું અને શિક્ષણપ્રણાલીઓનું સ્વાતંત્ર્ય, એમની સ્વાયત્તતા અને વાંછનીય એવી એમની વિવિધતા માટે યુનેસ્કોને સંપૂર્ણ માન છે. અને એટલે જ યુનેસ્કોએ પોતાના બંધારણમાં જ એ વસ્તુ સ્પષ્ટ કરી છે કે કોઈ પણ પ્રણાલી કે કલ્પના કોઈ પણ રાષ્ટ્ર ઉપર લાદવાની યુનેસ્કોની ઇચ્છા નથી. યુનેસ્કો મદદ કરવા માટે છે, હુકમ ચલાવવા માટે નહીં.

હવે વાત એમ છે કે આ બધું કામ કરવા માટે સૌ રાષ્ટ્રોએ પોતપોતાની કમાણીના પ્રમાણમાં આર્થિક ફાળો ભરવો જોઈએ અને કાર્ય વધતું જાય તેમ તેમ એમનો ફાળો પણ વધવો જોઈએ. આ વર્ષના અધિવેશનમાં દુનિયાનાં કેટલાંક મુખ્ય અને આગેવાન રાષ્ટ્રોએ બજેટ વધારવા ન દેવા માટે સખત પ્રયત્ન કર્યો અને એમાં એ લોકો ફળીભૂત પણ થયા. એમનું કહેવું હતું કે યુનેસ્કો વર્ષના ૯૦ લાખ ડૉલર ખર્ચ કરે છે તે બસ છે. જવાબમાં યુનેસ્કોના સેક્રેટરી-જનરલ ડૉ. ટોરીસ બોદે – જે મેક્સિકોના ભૂત-પૂર્વ શિક્ષણમંત્રી છે અને પ્રખ્યાત લેખક છે – એમણે કહ્યું : ૧૯૫૨ના બજેટથી ઊંચું બજેટ ન લઈ જવા તમે મને કહો છો પણ તમને ખબર છે કે ગયે વર્ષે આપણે શું ખર્ચ કર્યું ? દુનિયા આખીના દર ૫૦૦ નિરક્ષર માણસ દીઠ આપણે વરસે એક રૂપિયો ખર્ચ કર્યો ! ૫૦૦ લોકો માટે એક વર્ષમાં એક રૂપિયો ! !

ડૉ. બોદેની વાત તદ્દન સાચી છે. પણ દુઃખની વાત એ છે કે યુનેસ્કો આખા એક વર્ષમાં ખર્ચ કરતું નથી એટલું આ આગેવાન રાષ્ટ્રો યુદ્ધની તૈયારી પાછળ એક દિવસમાં – હા, એક જ દિવસમાં – ખર્ચી રહ્યાં છે ! પણ યુદ્ધ જ થવા ન પામે એવી પરિસ્થિતિ ઉત્પન્ન કરવા મથતી સંસ્થાને વધુ પૈસા આપવા એ લોકો તૈયાર નથી !

આપણા પ્રતિનિધિમંડળના ઉપ-પ્રમુખ ઍમ્બેસેડર (એલચી) સરદાર મલિકે હિંદનું આ બાબતમાં શું વલણ છે એ સ્પષ્ટ કરતાં કહ્યું હતું કે કરકસર કરવાની વાતમાં અમે સંપૂર્ણ મળતા થઈએ છીએ, પણ પછાત રાષ્ટ્રોનું જીવન-ધોરણ વધે તે માટે કરવામાં આવતા પ્રયત્નોને વધારવાને

બદલે ઓછા કરવા એ યુનેસ્કોને અસફળ કરવાનો પ્રયત્ન કરવા બરાબર છે. એમણે સાફ સાફ કહ્યું કે શાંતિસ્થાપનના કાર્યમાં રોકવામાં આવતી મૂડીને ઉપરની મર્યાદા (લિમિટ) હોઈજ ન શકે.

આવી આજે યુનેસ્કોની પરિસ્થિતિ છે. યુદ્ધની તૈયારીઓ પાછળ અબજો ડૉલર ખર્ચતાં રાષ્ટ્રોને યુનેસ્કો જેવી – યુદ્ધ થવા જ ન પામે તે દિશામાં પ્રયત્ન કરતી – સંસ્થામાં વધુ રસ લેતા કેમ કરવા એ છે આજની સમસ્યા. એમાંથી યુનેસ્કો કેમ માર્ગ કાઢે છે એ જોવાનું છે. આંતરરાષ્ટ્રીય નાગરિકતાનાં કર્તવ્યો સૌ કરે એવી એની ઇચ્છા છે, કારણ કે યુનેસ્કો આજે પણ યાદ કરે છે એ શબ્દો કે જે આપણા રાષ્ટ્રપિતા પૂ. ગાંધીજીએ યુનેસ્કોને માનવના મૂળભૂત હક્કોની બાબતમાં સંદેશા તરીકે મોકલ્યા હતા: "જીવવાનો પણ અધિકાર આપણને ત્યારે જ પહોંચે છે જ્યારે આંતરરાષ્ટ્રીય નાગરિક તરીકેનાં કર્તવ્યો આપણે પાર પાડીએ."

મારી પુત્રીને

આપણે આજે જ્યારે એકબીજાનો હાથ પકડીને સાથે ચાલીએ છીએ ત્યારે તારો નાનકડો, કોમળ હાથ જ્યાં મારી એક આંગળીને વિંટળાઈ વળે છે ત્યાં જીવનભર કોઈ અદૃશ્ય વીંટી પેઠે એ ઝળકતો રહેશે!

ત્યારે તું તો મોટી થઈ ગઈ હોઈશ;
તારો એ જ હાથ કોઈને આપી પણ દીધો હશે;


તારી અણસમજુ આંખો આજે જે દૂર-દૂરના ભવિષ્ય તરફ જોઈ રહી છે એ ભવિષ્યમાં તું વિચરતી અને સરતી હોઈશ!

હું કોણ જાણે ક્યાં હોઈશ—પણ હોઈશ ત્યાં સુધી તો એ તારો સુકોમળ હાથ વીંટી પેઠે મારી એ આંગળીને નિરંતર વિંટળાઈ રહેશે એમ મને લાગે છે.

મેક્સીકો
તા. ૩૦-૧૧-'૫૨

ગગનવિહારી મહેતા

[Stephen Spender ના એક કાવ્ય પરથી સ્ફુરેલું.]



જિપ્સીની આંખે

'જિપ્સી'

'સૂરોનો અસવાર'

સોમનાથને ઘેર ગણપતિની પ્રતિષ્ઠાને આઠમે દિવસે લલિત હતું. વડોદરામાં ગણપતિના ઉત્સવનો મહારાષ્ટ્ર જેટલો જ મહિમા મનાય છે. સોમનાથ મારા મિત્ર ઉપરાંત ગુરુબંધુ પણ હતા. અમે બન્ને બક્ષીઉસ્તાદના શિષ્યો. બક્ષીઉસ્તાદની ગુરુપરંપરા એ પખાવજના મુલ્કમશહૂર બજવૈયા ઉસ્તાદ નાસીરખાંના ઘરાણાની કહેવાય. એટલે સોમનાથને ત્યાં દર વર્ષે લલિતની મજલિસમાં ઊંચી કોટિના કલાકારો આવતા. અને એની સફળતાનો બધો યશ બક્ષીઉસ્તાદને ફાળે જતો. એમના તરફનાં સ્નેહ અને સન્માનની લાગણીથી દોરાઈને જ સારાસારા જાણકાર માણસો ત્યાં આગ્રહ વિના આવતા. અમારા એ વિભાગમાં સોમનાથને ત્યાંની લલિતની મહેફિલમાં હાજર રહેવા માણસો તલસતા. દસેક વાગે શરૂ થઈને એ ઉત્સવ પરોઢિયે પૂરો થતો.

રાતના બાર વાગી ગયા હતા. મહેફિલ જામતી હતી. સ્વામી વલ્લભદાસે કેદારો પૂરો કર્યો હતો. એમના કંઠમાધુર્યની મોહિનીથી પ્રભાવિત થયેલા શ્રોતાઓ થોડા ઘેનમાં હતા, અડધા જાગતા હતા, ઘણા મસ્ત હતા. કેદારાએ સર્જેલી આરતથી વાતાવરણ આર્દ્ર બની ગયું હતું. બક્ષીઉસ્તાદે ઇશારો કર્યો. એક પીળી પાઘડીવાળા પાતળા માણસે સિતારને ખોળામાં લઈને 'સા' પર આંગળી દબાવીને મુખ્ય તારને છેડ્યો. મીંડમાંથી આખી સારેગમનું સપ્તક સરી પડ્યું. હું આમ તો બેઠો હતો પણ અંદરથી ઊભો થઈ ગયો. આંખો આશ્ચર્યથી ભરાઈ ગઈ. કાન સરવા થઈ ગયા. અંતર કોઈ અજાણી જિજ્ઞાસાથી જાગી ગયું. સિતારમાંથી ભીમપલાસીની સૂરાવલિ નીકળી. જાણે આરજૂ મોહિનીરૂપ ધરીને મહેફિલમાં આવી. ઉસ્તાદના મુખમાંથી 'વાહ' પ્રગટ થઈ ગઈ. સિતારીની આંખોએ આ સમભાવને ગરદન નમાવીને ઊંચકી લીધો. ભીમપલાસી વિલસતી ગઈ. વચ્ચે તો એમ જ લાગ્યું કે કોઈ લાવણ્યપ્રભા કોમળકંઠે ધીરુંધીરું ગુંજી રહી છે. ક્યારેક એવું લાગે કે ઊંડાણમાંથી કોઈક કિન્નરીનો સૂર વહી આવે છે. સંવેદનશીલ અંતરને એવું જ થાય કે જાણે એની પ્રિયતમાની આર્તિ ખેંચાઈ આવી છે. આંખોમાં કરુણાનું જલ ભરાઈ આવ્યું. ધારે રહીને મીંડની અદ્ભુત સૂરાવલિને સાચવીને ગત બહાર પડી. તબલાનો સાથ થયો. અને એક પછી એક, એકએકથી ચઢીઆતા અંતરા આગળ આવ્યા. દરેકની રમત જુદી, દરેકની રીરત જુદી, દરેકની રમણા જુદી. આ સિતારીએ સૂરોને સંભાળીને સંકેલ્યા ત્યારે વાતાવરણને અનુકંપાથી તરબતર કરી દીધું.

કોણ છે આ અદ્ભુત સિતારી? અંતરે સવાલ કર્યો. ત્યાં તો બક્ષીઉસ્તાદે ઊઠીને સિતારીના આંગળીઓ ચૂમી લીધી: "વાહ નન્નુઉસ્તાદ" એમના મુખમાંથી શાબાશી નીકળી પડી. વળદાર પીળી પાઘડી; ઘઉંવર્ણો વાન, રંગીન નશાબાજ, ઘેનમસ્ત આંખો, પાતળી કાયા, શરબતી મલમલનું અંગરખું; ફૂલોની બનેલી એમની આંગળીઓ, સિતાર ઉપર ફરતી જુઓ તો એમ લાગે કે જાણે સૂરોની બનેલી ગુલછડીઓ. નન્નુમિયાં એમનું નામ. પણ વહાલનું નામ નન્નુઉસ્તાદ.

બીજે દિવસે સવારે સોમનાથને લઈને હું નન્નુઉસ્તાદને ઘેર પહોંચ્યો. સોમનાથે મારી ઓળખાણ કરાવી. બક્ષીઉસ્તાદનો હું શાગિર્દ. એટલે એમણે મારી સાથે સ્નેહથી જ શરૂઆત કરી. હું બહુ આગ્રહ કરીને એમને અમારે ત્યાં લઈ આવ્યો. મારો સિતાર એમના ખોળામાં મૂક્યો. મને શિષ્ય તરીકે સ્વીકારવાની પ્રાર્થના કરી. મારે માથે હાથ મૂકીને એમણે આશીર્વાદ આપ્યા. યમનકલ્યાણથી એમણે શરૂઆત કરાવી.

રોજનો અમારો સાથ. ઉસ્તાદ ગત વગાડે ત્યારે હું તબલા પર સાથ કરું. પછી હું એ ગત કાઢવાનો પ્રયત્ન કરું

ત્યારે ઉસ્તાદ તબલાનો ઠેકો આપે. પહેલે મહિને ઉસ્તાદે માગી તેટલી ગુરુદક્ષિણા આપી દીધી.

અને આમ દિવસો ચાલવા માંડયાં. ઉસ્તાદની રંગીન આંખોનું રહસ્ય મળ્યું. એમને અફીણ અને શરાબ બન્નેનો શોખ; અને બન્નેની આદત. સવારે અફીણ અને સાંજે શરાબ. કલાકાર માણસ, એટલે મુફલિસી મહેમાન. ધીરે ધીરે ઉસ્તાદની સાથેનો સંબંધ ગાઢ થયો. જેમ ઘનિષ્ટતા વધી તેમ તેમ એમના જીવનમાં વધારે ને વધારે ઊતરતો ગયો. ગુરુસેવાની આકરી કસોટી થવા માંડી. મારી ગતો યમનથી વધીને ભૈરવી સુધી પહોંચી હતી.

એક સવારે ઉસ્તાદે ગારાની ગત છેડી. એવું લાગ્યું કે કોઈ વિલાસી મોહિની ખુશીનો ગુલાલ વેરતી આવી રહી છે. વાતાવરણમાં કંદર્પના ગુપ્ત અસ્ત્રો ભમી રહ્યાં છે. જિંદગીને ચકડોળે ચઢાવે એવી મસ્તયૌવનાઓ ફેરફૂદડી ફરી રહી છે. સમગ્ર હસ્તીને આકુલવ્યાકુલ બનાવી મૂકે એવી કોઈ સ્વપ્ન-વાસવદત્તા આવી છે, અડકતી નથી, પણ અનુભવાય છે. ખુશીની ખુમારીનું આવું અદ્ભુત જાગરણ આપીને ઉસ્તાદ બસ નવી ગત શીખવ્યા વિના જ ચાલ્યા ગયા.

થોડા દિવસ ઉસ્તાદ દેખાયા નહિ. એક સવારે હું એમની ઓરડીએ પહોંચ્યો. નન્નુમિયાં બિમાર હતા. ઓરડીની હાલત જોઈને હું ઠરી ગયો. કંઈ ઘરવખરી જ ન મળે. એક ફાટેલી ગોદડી પર એ સૂતા હતા. શરીરમાં તાવ ધીખતો હતો. હું તો પાછો આવ્યો ઘેર. એક દોરીનો ખાટલો, ગોદડું, ઓઢવાનું, એક તકિયો, ઘડો, લોટાપવાલું બધું લઈ આવ્યો. ઉસ્તાદને બરાબર સુવડાવીને ડોક્ટરને બોલાવી લાવ્યો. રોજ સવારસાંજ દવા આપી. ચાર દિવસે તાવ મટયો. ખાટલામાં એમણે બેસવા માંડયું. બેત્રણ દિવસમાં વધારે સારું થયું. આજ્ઞા મળી કે સિતાર લઈને આવવું. હું ને સોમનાથ સવારે સિતાર અને તબલાની જોડી લઈને પહોંચી ગયા. ઉસ્તાદના મુખ પર ખુશીની ખુશ્બુ હતી. સિતાર મેળવ્યો. સોમનાથે તબલું મેળવ્યું. મીંડમાંથી જોગિયાના સૂરો પ્રગટયા. દિલની ગમગીની અકળાઈને ઊઠી. માતમ છવાયો હોય એમ વાતાવરણ ભારે થઈ ગયું. વિષાદના વમળમાંથી બહાર નીકળવાનું ખુશીનું આક્રંદ ગદ્ગદ થતું ગયું. જેમ જેમ આ આક્રંદ વધારે કરુણ બનતું ગયું તેમ તેમ ઉસ્તાદના મુખ પર ખુશીના ભાવો વધારે નિર્મળ, નમણા પણ નિરાધાર થતા ગયા. દિલાવરી અને ગમખ્વારીની આવી દોસ્તી કદી જોઈ નહોતી. એક તારને ખેંચીને મીંડમાંથી ઉસ્તાદે ગમની છેલ્લી આહ પ્રગટ કરી ત્યાં જ તાર તૂટયો. સિતાર બાજુ પર મૂકી દીધો. તબલું બંધ થઈ ગયું. 'એક દિન હમારી જિંદગીકા તારભી ઐસાહી તૂટેગા.' ઉસ્તાદે હસીને કહ્યું. પણ એ હાસ્યમાં ગમની હસ્તી હતી, આશાનો ઉત્સાહ નહોતો.

ઉસ્તાદ નન્નુમિયાંની તબિયત બહુ જ ખરાબ હતી. ઓરડી ઘણા દિવસથી કાઢી નાંખી હતી. મસ્જિદમાં નિવાસ હતો. ખબર મળી એટલે એક વહેલી સવારે પહોંચ્યો. એમનો બીજો એક શાગિર્દ નંદ સિતાર પર રામકલીને લડાવતો હતો. ઉસ્તાદ એક ચીંથરેહાલ પથારીમાં બાદશાહી અદાથી સૂતા હતા. આંખોમાં ઉદાસી હતી. આ ઉદાસી હોઠો પર સ્મિત બનીને પણ ઊતરતી. ત્યાં નંદે રામકલીને પૂરી કરી. ઉસ્તાદનો ધીરો અવાજ ઊઠયો: "નંદા, સિંધભૈરવી છેડો બેટા." ઉસ્તાદની આજ્ઞા થતાં જ નંદે સિંધભૈરવીની સૂરાવલિને મીંડમાં છતી કરી. મીંડની ખાંચમાં એક પડદા પર નંદની આંગળી જરા ખસી ગઈ. મીંડમાંથી સૂર છટકયો. એમાં વિસંવાદિતા આવી ગઈ. ઉસ્તાદ પથારીમાં બેઠા થઈ ગયા. મેં ઊઠીને પકડી લીધા. નંદ પાસેથી સિતાર લઈને એમણે સિંધભૈરવીને છેડી. નન્નુઉસ્તાદની આંગળીઓ જાણે થીજી ગયેલા સૂરોની બનેલી હતી. તારને અડકતાં તારમાંથી પ્રાણ પાંગરી ઊઠતા. રાગરાગિણી સાથે ઉસ્તાદની ગજબની મહોબ્બત હતી. પરંતુ તેમાંય સિંધભૈરવી એમની લાડીલી રાગિણી હતી. ઉસ્તાદ એની પાછળ દિવાના હતા. એને છેડીને પોતે હાલી ઊઠતા. એ પ્રસંગ ભૂલાતો નથી. સ્મૃતિ સાથે એ રસાયો છે કે સ્મરતાં જ જાગી ઊઠે છે. ઉસ્તાદ સિંધભૈરવી દ્વારા સર્વદા ગમનું ગૌરવ કરતા, વિષાદને વહાલ કરતા, ઉદાસીને આહ્વાન આપતા અને એ સૌ સત્ત્વોની સાથે એવો સુમેળ સાધતા કે પોતે જ સત્ત્વ બની જતા,—સૂક્ષ્મ સુગંધિત અને સૌન્દર્યમય.

તે સવારે એમણે માત્ર ઉદાસીને જ ન બોલાવી, ઉદાસીના અવતાર જેવા મૃત્યુને જ જાણે આહ્વાન કર્યું. એક તો મસ્જિદ. મુડદાં, કફન અને કયામતની લીલાભૂમિ. એમાં મોતની સવારીનું આગમન. જિંદગીને કોઈએ મારી હોય એમ એ નિર્જીવ બની ગઈ. આંખો, હોઠ, સૌ પાંખો બીડીને સ્તબ્ધ થઈ ગયાં.

ઉસ્તાદની આંખો ફરી ગઈ. હાથમાંથી સિતાર છૂટી પડયો. દેહ ધરણી પર ઢળી પડયો. પ્રાણપંખીએ છેલ્લી સલામ કરી. સૂરોનો અસવાર પોતાને દેશ ચાલી નીકળ્યો.

સ્વાધ્યાય અને સમીક્ષા*

પ્રબોધ બેચરદાસ પંડિત

સ્વરભાર અને તેનો વ્યાપાર–લે. ગોકળભાઈ ધર્મદાસ પટેલ, એમ. એ., પીએચ. ડી. પ્ર. આદર્શ પુસ્તકભંડાર, અમદાવાદ. મૂ. રૂા. પાંચ. પૃ. ૧૬+૩૦૦.

૬. ૧ "ગુજરાતી સ્વરભાર પોતાના સ્થાન પરત્વે દૃઢમૂલ છે. શબ્દના મધ્યમાં આવેલા કોઈપણ સ્વરૂપબળવાન સ્વરથી એ ખેંચાતો નથી એટલો એ ધ્રુવ છે." (પૃ. ૨૦૫)

આ નવતર વિધાન છે. સ્વરભાર એ Subjective action છે. શબ્દો જ્યારે વાક્યમાં બોલાય – અને આપણે વાક્યો બોલીએ છીએ, શબ્દો નહિ – ત્યારે અર્થની અપેક્ષાએ ઘણી વાર પોતાનો સ્વરભાર રાખે, બદલે, યા ખોવે એવું બને. સ્વરભારપ્રધાનભાષાઓમાં પણ આ બીના સતત બનતી જ હોય છે. કોઈ ભાષામાં આવો 'દૃઢમૂલ' સ્વરભાર હોવાનું જાણ્યું નથી. અંગ્રેજીનું એક સાદું ઉદાહરણ લો :

'princess Vic'toria : a 'royal prin'cess

'waterloo 'station : the 'train for water'loo

અહીં ભાવ બદલાતાં અર્થભાર તરત ફરે છે એ સ્પષ્ટ થશે.

આથી જ, ગ્રામોંએ વિધાન કર્યું છે કે સ્વરભાર અર્થાનુસારી છે, વ્યાકરણાનુસારી નહિ : "c'est le sens, non la grammaire, qui de'termine les accents (Traite de Phonetique – M. Grammont, ત્રીજી આવૃત્તિ ૧૯૪૬ પૃ. ૧૧૮). અંગ્રેજીમાં સ્વરભાર વિશે લખતાં જોન્સ પણ જણાવે છે કે અંગ્રેજી પદો – એક કરતાં વધારે અક્ષરવાળાં – માં એક અક્ષર બલયુક્ત હોય છે, બીજાં ગૌણ રહે છે. કેટલીક વાર બે અક્ષર બલયુક્ત હોય છે. પદમાં રહેલ બલયુક્ત અક્ષરોના સ્થાન વિશે કોઈ નિયત નિયમ નથી. અને જ્યાં નિયમ બાંધવા જેવું લાગે ત્યાં પણ સંખ્યાબંધ અપવાદો રહે છે.

જુવો જોન્સ, Outline. §. ૯૧૯. : "The majority of English words of more than one syllable have one stressed syllable and the remainder unstressed; some words, however, have two stressed syllables. The latter are said to have double stress; their stress is subject to certain rhythmical variations.

§. ૯૨૦. English word-streess cannot be learnt by means of rules. In most cases there is no rule as to the incidence of the stress, and when rules can be formulated at all, they are generally subject to numerous exceptions. It is therefore necessary for the foreign student to learn the stress of every word individually.

જો word-stress આટલો અનિયત હોય, તો વાક્યમાં તો એ stressના ફેરફારો કેટલા બધા સંભવે !

૭. ૧ "સર્વાંગે વિકસિત બનેલો આ સ્વરભાર શબ્દદેહનાં પ્રાકૃત-અપભ્રંશકાલીન ખખળી ગયેલાં ઉદ્વૃત્ત સ્થાનોને ઉખેડી નાખી આપણા આજના શબ્દને નક્કર બનાવે છે. ગુજરાતીને એનું આજનું નક્કર અને સ્થિર સ્વરૂપ આપનાર આ સ્વરભાર છે." (પૃ. ૨૫૮)

આનો અર્થ તો એ જ ને કે અત્યાર સુધીની ભાષા –

* નવેમ્બર, ૧૯૫૨થી પૂરું.

Pre Gujrati, પ્રાકૃત-અપભ્રંશ – 'નક્કર' ન હતી, 'સ્થિર' ન હતી; હવે ભાષા નક્કર અને સ્થિર થઈ છે! લેખકની આ વિચક્ષણ ભાષાદૃષ્ટિ વિશે શું કહેવું ? વળી જુવો પૃ. ૨૮૯:

" આજે ભાષા સ્વરૂપની દૃષ્ટિએ શુદ્ધ અને સ્થિર બની છે, બનતી જાય છે. "

! ! ભાષાવિજ્ઞાનીએ હમેશાં ' શુદ્ધ ' શબ્દ વાપરતા પહેલાં સાવધ રહેવું ઘટે. અત્યાર સુધીની ભાષા ' શુદ્ધ ' ન હતી ? વળી, ભાષા હમેશાં ગતિશીલ છે, એ પણ ધ્વનિવિજ્ઞાન ઉપર મહાનિબંધ લખનારને કહેવું પડે ?

૮. ઉપરના મુદ્દાઓથી એ હકીકત સ્પષ્ટ થાય છે કે લેખકને ભાષાવિજ્ઞાન વા ધ્વનિવિજ્ઞાનનો મુદ્દલ પરિચય નથી, અને એમનું આખું પુસ્તક, એ દૃષ્ટિએ, સાવ નકામું છે; અભ્યાસીઓને ત્રાસદાયક, વિદ્યાર્થીઓને ગેરરસ્તે લઈ જનાર.

વળી, ગંભીર તર્કભૂલો અને અર્થવગરનાં વાક્યોથી આ પુસ્તક વધારે શોચનીય બને છે. એનાં થોડાં જ ઉદાહરણ નીચે નોંધું છું:

૯. પ્રમાણશાસ્ત્રનો સામાન્ય વિદ્યાર્થી પણ શોધી શકે એવી એમની તર્કભૂલોનો એક નમૂનો પૃ. ૨૦૩–૫ : આ પાનાંઓ ઉપરની દલીલને તર્કની પરિભાષામાં ગોઠવીએ તો આ પ્રમાણે થાય :

> ક્ષીણ થાય એ હીન સ્વરિત
> પ્રત્યયો ક્ષીણ થાય છે
> માટે પ્રત્યય હીનસ્વરિત છે.

પછી તરત જ :

> આય (પ્રેરકનો પ્રત્યય) ક્ષીણ થતું નથી
> આય પ્રત્યય છે
> માટે એ હીનસ્વરિત છે.

૧૦ ધ્વનિવિજ્ઞાન – વા વૈજ્ઞાનિક પદ્ધતિ – ના સદંતર અજ્ઞાનને લીધે લેખકે ધ્વનિઓ માટે એવાં ઉટપટાંગ વિધાનો કર્યાં છે, કે જેનો કશો અર્થ જ ન થઈ શકે. થોડાંક જ ઉદાહરણ જુઓ :

પૃ. ૭ " છઠ્ઠી અને વહૂ માં આદિ સ્થાનનો અ દ્વિતીય-સ્થાનના ઈ – ઊ ના પડોશમાં અવાજમાં જરા પણ ઝંખવાતો નથી. "

પૃ. ૫૨. " વ્યંજનલોપની આ ક્રિયા પ્રવર્તતાં એ શ્રુતિને ઘસારાનો જબ્બર પ્રહાર લાગે છે, અને એક જ પ્રહારે એનું ઘનત્વ ખરી પડે છે. "

પૃ. ૧૦૦ – ૧૦૧. " कारापयति – करावेइमां પ્રેરક[...] વ્યક્ત કરવાને માટે પ્રત્યય બનેલા आव – आवना आ[...] બચાવી લેવો પડે છે, અને એમ કરવા જતાં આદિ આમાં[...] શ્વાસનો થોડો અંશ ખેંચાઈ જાય છે. પરંતુ આ[...] પરિસ્થિતમાં આદિ આ નીચો ઊતરવા છતાં એ અસ્વરિ[...] બનતો નથી એ એના સ્થાનની બલિહારી છે."

પૃ. ૧૦૩. " વિવર્ણ બનેલો અનાદિસ્વર પાછળ[...] બળવાન સ્વરના દબાણ નીચે દ્રુતતર બની જાય છે. "

પૃ. ૧૩૭. " અને मानवुं – मनामणी. जाणवुं – जणाववुं-जणाववावुं, એમાં आमणी, आव કે राव પ્રત્યયો ઉમેરાતાં વધેલા લંબાણને ઉચ્ચારણમાં વ્યક્ત કરવા માટે આગળ[...] આદિ દીર્ઘશ્રુતિમાંથી એમને શ્વાસનો વાયુ પ્રાપ્ત થાય છે. પણ આ આદિ અને અનાદિ દીર્ઘશ્રુતિ ઉપરથી ખેંચાત[...] શ્વાસના પ્રવાહમાં મૂળગત તફાવત છે. શબ્દના વધેલ[...] લંબાણને પહોંચી વળવા માટે આદિસ્વરમાંથી વાયુપ્રવા[...] ખેંચાતાં, એ સ્વર કૃશ બનતાં છતાં દ્રુતતર બનતો નથી કારણ કે એ સ્વરિતસ્થાનનો – એ શ્વાસના વાયુના સરવાણી[...] સ્થાનનો સ્વર છે. પરંતુ એ જ પરિસ્થિતિમાં અન[...] દીર્ઘસ્થાન દ્રુતતર બને છે, કારણ કે એ અસ્વરિત સ્થાન છે."

પૃ. ૧૧૮ "...છેલ્લી શ્રુતિ ઉપરના બળવાન સ્વર[...] દબાણ ઊઠી જતાં, ભીંસમાંથી મુક્ત બનેલો દ્વિતીય શ્રુતિ[...] હળવો અ ઉચ્ચારણમાં મોકળો બને છે..."

પૃ. ૨૪૭ "અનાદિસ્થાન ઉપરના આ વિવૃત સ્વરો આ[...] સ્થાન ઉપરના શુદ્ધ વિવૃત સ્વરો કરતાં અવાજમાં હળવા છે."

[' હળવા ' ' ભારે ' નો શો અર્થ ? લેખકની જા[...] માટે જેન્સમાંથી એક સૂત્ર ટાંકું છું : a sound pronounced with strong stress is often less lou[d] than another sound pronounced with weak[er] stress " (Phoneme §. ૪૫૦)].

ઝંખવાતા સ્વરો, ઘનશ્રુતિઓ, એકબીજામાંથી શ્વાસ[...] અંશ ખેંચતા સ્વરો, બળવાન સ્વરોથી દબાતા, ભીંસા[...] અને આખરે મોકળા બનતા સ્વરો, – આ ભાષા ધ્વ[...]

વિજ્ઞાનની નથી; લેખકે આવી વાનગી પાને પાને પીરસી છે; અને આ ઈંટોથી એમની દલીલની ઇમારત ચણાઈ છે.

૧૧. વ્યુત્પત્તિઓ પરત્વે તો એટલું જ કહેવાનું કે લેખકે આંધળાનો ગોળીબાર કર્યો છે. એક ગુજરાતી શબ્દ લઈને, સમાનાર્થક થોડા જૂની ગુજરાતીના, અપભ્રંશ – પ્રાકૃતોનાં અને સંસ્કૃતનાં સ્વરૂપોને સાંકળી દેવાથી વ્યુત્પત્તિઓ થતી નથી. ભાષામાં ' ધ્વનિનિયમ ' નામનો એક સિદ્ધાંત પ્રવર્તે છે; અને લક્ષ્યમાં રાખીને જ વ્યુત્પત્તિ સૂચવી શકાય. ગુજરાતીના સર્વમાન્ય ધ્વનિનિયમોથી લેખક તદ્દન અનાભજ્ઞ જ છે એ નીચેના થોડી વ્યુત્પત્તિઓથી જ માલૂમ પડશે.

પૃ. ७० થાન < स्तन.

ગુજરાતી -न- નાં મૂળ સંસ્કૃત -न-માં નથી. પ્રાકૃત -ण्ण- ગુજરાતીમાં -ન- રૂપે વિકસે છે. મૂળમાં જો -न- હોત તો ગુજરાતીમાં -ण-વાળું રૂપ જોઈએ. ખરી વ્યુત્પત્તિ છે* स्तन्य – थण्ण – थान. સરખાવો : જાનિવાસ (जन्या-) ધાન (धन्य-), માનવું (मन्य-), સૂનું (शून्य-) ઇ. ઇ.

જુવો બ્લોખ (लँग मराथे) §. १३५, અથવા પંજાબી ' થણ ' ને લક્ષમાં રાખીને બ્લોખે આપેલી બીજી સમજૂતી માટે જુવો L'indo Aryen – પૃ. ૯૩.

પૃ. ७७ સુધા – छुहा – छुह – छो

ગુજરાતી -छ-નાં મૂળ સંસ્કૃત -स-માં નથી. પ્રાચીન ભારતીય -क्ष-ના બે મુખ્ય ધ્વનિભેદો -ख- અને -छ-, અનુક્રમે પ્રધાનપણે પૂર્વમાં તથા પ્રધાનપણે ઉત્તર અને પશ્ચિમમાં પ્રવર્ત્યા – (સંસ્કૃત આક્ષેતિમાંથી ગુજરાતી છે, નાગપુરી, ભોજપુરી અને ચટગાંવની બોલીઓમાં આખે, આખલુ, કાશ્મીરીમાં – છુ – જુવો ટર્નર BSOS, ગ્રીયર્સન અભિનંદન અંક) ખરી વ્યુત્પત્તિ છે क्षोद – छोअ – છો. જુવો ટર્નર એજન.

પૃ. १०४ शिथिलकम् > सढिलडं > ઢીલું.

મૂર્ધન્યભાવ સમજાવવા માટે *शृथ् -ની કલ્પના કરવી પડે – (જુવો ચેટર્જી – ઓરીજીન એન્ડ ડેવલપમેન્ટ ઑફ બેન્ગાલી લૅંગ્વેજ §૧૫૫); વળી, મૂળમાં -ल- હોય તો ગુજરાતીમાં -ळ- થાય, એ હકીકત પણ ખ્યાલ બહાર ન થવી જોઈએ.

પૃ. ૮૯-૯૦ अग्निपीठ – અંગીઠી.

-વ- નો આવો લોપ ન સંભવે. વરસાદને वर्षापात-માંથી વ્યુત્પન્ન કરવા જેવી આ ભૂલ છે. ખરી વ્યુત્પત્તિ છે अग्निष्ठिका. જુવો બ્લોખ §. ૫૦.

પૃ. ૮૯ શીખંડ < श्रीखन, પૃ. ११४. चंद्रलेखा – चण्णलिहा – चन्नडि – चुनडि – ચુંદડી, આવી કલ્પનાઓ માટે શું કહી શકાય ? (ચુંદડી માટે જુવો ટર્નર ને. ડિ. चुनरि નીચે).

ભાષાવિજ્ઞાની સામગ્રીને અભાવે, વ્યુત્પત્તિ ખોટી કરે એ સમજી શકાય. પણ, મારે ધ્યાન એ દોરવું છે કે લેખકને શંકા જ નથી થતી કે અહીં – न – નો – न – જ કેમ રહ્યો ? અહીં મૂર્ધન્યભાવ કેમ થયો ? અહિં -व – નો લોપ કેમ થયો ? આ શંકાનો જ અભાવ એમના ધ્વનિનિયમોના અજ્ઞાનનો સૂચક છે. વળી, ટર્નર, બ્લોખ અને ચેટર્જીએ નોંધેલી અનેક વ્યુત્પત્તિઓ ઉપર નજર નાખવા જેટલી પણ કોશિષ કરી નથી.

લંબાણ ભયે, આવી અનેક વ્યુત્પત્તિઓ જે આ ગ્રંથમાં વેરાએલી પડી છે, તેનો નિર્દેશ નથી કરતો, પણ એમ કહેવું પડે કે ભાષાવિજ્ઞાનને અહીં ખૂબ જ, અક્ષમ્ય, અન્યાય થયો છે.

૧૨. છેલ્લે, આ લાંબી થઈ ગયેલ ચર્ચા, એક અગત્યના મુદ્દા તરફ ધ્યાન દોરીને પૂરી કરું. પુસ્તકના પ્રવેશકમાં જ લેખકે એક અત્યંત ગંભીર અને અયોગ્ય આક્ષેપ કર્યો છે.

પૃ. ૧૦. " યુરોપીય ભાષાઓ સ્વરભારપ્રધાન ભાષાઓ છે.......આપણો સ્વરભાર યુરોપીય વિદ્વાનોને હાથે પ્રથમ સ્વરૂપ આલેખન પામે છે. આ આલેખન કરવા જતાં એ વિદ્વાનો એને યુરોપીય સ્વરભારના માપે માપવાનો પ્રયત્ન કરે છે, અને એને માટે એ સહજ યુરોપીય દષ્ટિકોણવાળી પરિભાષા યોજે છે. સ્વરભારની નવી દૃષ્ટિ પામેલા આપણા વિદ્વાનો પણ આ માપ અને પરિભાષા સ્વીકારી લે છે; અને ત્યાં જ આપણા ભાષાવિજ્ઞાનમાં કેટલીક ગંભીર વિષમતાઓ પેસી જાય છે. યુરોપીય શ્રુતિપદ્ધતિ અને ભારતીય શ્રુતિપદ્ધતિની વચ્ચે રહેલા મૂળભૂત તફાવતને આ વિદ્વાનો પારખી શકતા નથી......"

' યુરોપીઅન ભાષાઓ ' એટલે શું ? યુરોપમાં રોમાન્સ, જર્મેનિક, સ્લાવ, ગ્રીક, લીથુઆનિઅન ઇ. ઇ. ઇન્ડો-યુરોપીઅનના અનેક ભાષાગણો ઉપરાંત ફીનો-ઉગ્રીઅન

ઇ. ઇ.નો સમાવેશ થાય છે. એ બધાયમાં શું સ્વરભાર પ્રધાન છે? લેખકે આમાંથી એકેયનાં ધ્વનિવિજ્ઞાન તપાસ્યાં છે?

અંગ્રેજી, જર્મન, રશિયન સ્વરભાર પ્રધાન છે; ફ્રેન્ચમાં સ્વરભાર અત્યન્ત ગૌણ છે; સર્બોક્રોટ (યુગોસ્લાવિયા)માં સ્વરભારનું સ્વરૂપ અંગ્રેજી–જર્મનથી સાવ નિરાળું છે; ફીનીશ (ફીન્લેન્ડ)માં સ્વરના હ્રસ્વદીર્ઘત્વથી જ શબ્દો જુદા પડે છે; બીજા દેશોની વાત કરીએ તો – સ્વાહિલી (આફ્રિકા) સ્વરભાર-પ્રધાન છે, સોમાલી (આફ્રિકા)નો સ્વરભાર સર્બોક્રોટ જેવો અનોખો છે, સ્વાના (આફ્રિકા)ની સ્થિતિ ફ્રેન્ચ જેવી છે. જાપાની, મરાઠી, હિંદી ગુજરાતીમાં સ્વરભાર નથી – (અત્યંત ગૌણ છે) – જુવો જોન્સ Phonene §. ૪૨૮–૪૩૩–; ગ્રામૉ લખે છે કે અંગ્રેજી–જર્મનમાં તીવ્ર સ્વરભાર છે, ફ્રેન્ચમાં બહુ મંદ છે, અને એવી (ફ્રેન્ચ માફક) ઘણી ભાષાઓમાં એ માત્ર વાક્યના rhythm-markerનું કામ કરે છે: "L' anglais, l'allemand modern ont encore des accents d'intensite' violents;.........En Francais l'accent d'intensite' est faible. Il porte sur la dernie're syllable a' voyelle prononce'e des mots principaux, et il constitue, comme dans un tres grand nombre de langues, les temps marque's qui formant le rhythme de la phrase" (પૃ. ૧૧૭–Traite' de Phonetique).

વર્ષો પહેલાં ઝુલ બ્લોખે Bhandarkar Commemoration Volumeમાં l'accent d'intensite' નામના એમના જાણીતા લેખમાં ભારતીય ભાષાઓમાં સ્વરભાર પ્રધાન નથી એમ પ્રતિપાદન કર્યું છે, એની આપણા લેખકે નોંધ સુદ્ધાં લીધી નથી.

ધ્વનિવિજ્ઞાન યુરોપમાં શરૂ થયું. એ ધ્વનિશાસ્ત્રીઓએ ઓગણીસમા સૈકાના H. Sweetથી માંડીને Scripture, Abbe Roussellot, Lloyd James, Daniel Jones, Price Trubetzkoy, Paul Passy, Noel Armfield, Ida Ward, Maurice Grammont, Bernard Bloch, Trager, Kenyon, Kurath, Pike, ઇ. ઇ. અનેક પ્રતિભાશાળી વિદ્વાનોને હાથે અનેક ગ્રંથો લખાયા છે. આ ગ્રંથો અને લેખકોમાંથી એકાદનોય જો આપણા લેખકે ઉપયોગ કર્યો હોત તો એમને ધ્વનિવિજ્ઞાન શું છે એનો તો જરૂર ખ્યાલ આવત, અને એમના ત્રણસો પાનામા વિજ્ઞાનનો જે અનાદર કર્યો છે તે કદાચ ન થાત. તદુપરાંત, La Maitre Phonetique (Paris) Cercle Linguistique de la Prague (Prague), Language (Yale) Word (New york), Lingua (Copenhagen) Transactions of Philological Society (London)ઇ. ઇ. સામયિકોમાં છેલ્લાં કેટલાંક વર્ષોના ધ્વનિવિજ્ઞાન વિષયક અનેક અગત્યનાં સંશોધનો ભર્યાં પડ્યાં છે એ તરફ નજર નાખવાની તકલીફ લીધી નથી.

આ ધ્વનિવિજ્ઞાનીઓએ સેંકડો ભાષા–બોલીઓના ધ્વનિઓનો અભ્યાસ કર્યા બાદ સિદ્ધાંતો તારવવાના પ્રયત્નો કર્યા છે. દૂર દૂરના ચીનનાં ગામડાંઓ અને ન્યૂઝીલેન્ડના આદિવાસીઓ, આફ્રિકા અને અમેરિકાની નીગ્રો પ્રજાઓથી માંડીને ન્યૂયોર્ક અને લંડનની ભાષાઓ તપાસી તપાસીને નિર્ણયો તારવ્યા છે. જોન્સ, ગ્રામૉ કે પાઈકનું પુસ્તક વાંચનારને તે માલૂમ પડશે કે એ વિદ્વાનોએ સહેજે ૨૦૦–૩૦૦ ભાષાઓના ધ્વનિનો ચોકસાઈથી અભ્યાસ કર્યો છે. એમની પરિભાષાની ચોકસાઈ એમાંથી જ ઉદ્ભવે છે. પરિભાષાની એ ચોકસાઈનો ખ્યાલ તો આપણા લેખક આમાંનું એકાદું પુસ્તક વાંચે તો જ આવશે. ધ્વનિવિજ્ઞાનનો દરેક અભ્યાસી, પહેલાં તો અનેક અવનવી ભાષાઓના ધ્વનિઓનો અભ્યાસ કરે છે, એ nativeની જેમ બોલતાં શીખે છે, અવનવી ભાષાઓના અવનવા ધ્વનિઓનો અભ્યાસ એની ક્ષિતિજ વિશાળ કરે છે, એના પૂર્વગ્રહોને ટાળે છે; ત્યારબાદ એ પોતાના અભ્યાસની ભાષા તરફ વળે છે અને સિદ્ધાંતો તારવવાનો યત્ન કરે છે. આપણે ત્યાં નથી એવી વિદ્વતા, નથી એવા ગ્રંથોનો પરિચય માત્ર; વિષયનો ગંભીર અભ્યાસ કર્યા વગર, ઉટપટાંગ ચીજો લખીને અભ્યાસી ગણાવા મથતા લોકો આવી એક જ દલીલ કરે છે: 'આ યુરોપીય વિજ્ઞાન આપણે ત્યાં લાગુ પડતું નથી, માટે આપણે આપણું 'મૌલિક' વિજ્ઞાન સર્જો.' કેમ જાણે વિજ્ઞાન અને વૈજ્ઞાનિક પદ્ધતિમાં દેશે દેશે ફેર પડતો હોય! અજ્ઞાનનાં દ્યોતક છે આવાં વિધાન.

વિદેશ

કોરીઆ અંગેના હિંદી ઠરાવનો જે ફેજ આવ્યો તેની જવાબદારી બંને પક્ષની છે એમ હિંદી પ્રતિનિધિએ કહ્યું જ છે. પણ ચીન પોતાનો જવાબ આપે તે પહેલાં જ શ્રી વિશીન્સ્કીએ નિવેદન કરી દીધું એ ચીન–રશિયા સંબંધનો જુદો જ ખ્યાલ કરાવે. કદાચ ચીનની પ્રજાને એવો સંબંધ બહુ રુચિકર ન પણ લાગે. કોરીઆનો પ્રશ્ન પતશે એવી આશાએ શ્રી આઈઝનહોવરને ચૂંટણીમાં મળેલી સફળતામાં ભાગ ભજવ્યો ગણાય છે. આઈઝનહોવરને મળવા સ્તાલિને બતાવેલી તૈયારીમાં એવી પતાવટનાં બીજ છે કે કેમ એ સવાલ છે. હમણાં પ્રાગમાં થયેલા 'વિરેચન' દ્વારા દુનિયાને સ્તાલિને એક વધુ કડવો ઘૂંટડો પાયો અને સૌનાં દિલ ખાટાં થયાં છે...

સ્વ. દુર્ગાશંકર કે. શાસ્ત્રી સ્મારક

નીચેનું શ્રા વિલેપારલે સાહિત્યસભા તરફથી પ્રગટ કરવા માટે મળ્યું છે.

"ગુજરાતના વિદ્વાન ઇતિહાસકાર શ્રી દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રીના અવસાનથી સ્વર્ગસ્થનાં સ્નેહીઓને તથા સમસ્ત ગુજરાતને ખોટ પડી છે. એમની શાંત સંગીન એકધારી સર્વદેશીય સાહિત્યસેવા ગુજરાતભરમાં જાણીતી છે. એમની કક્ષાના સાહિત્યસેવકો આપણે ત્યાં ગણ્યાગાંઠ્યા જ છે. તેમના થોડા પ્રગટ અને અપ્રગટ લેખો પુસ્તકાકાર પામ્યા વિનાના પડ્યા રહ્યા છે. સ્વ. શ્રી દુર્ગાશંકર શાસ્ત્રીનો મનોરથ એ બધા લેખોને પુસ્તકાકારે પ્રગટ કરવાનો હતો. પણ એ પાર પડે તે પહેલાં તો તેઓ ચાલ્યા ગયા. એટલે એ કામ એમના સ્નેહીઓએ કરવું રહ્યું.

વિલેપારલેમાં છેલ્લાં અઠ્ઠાવીસેક વર્ષથી શ્રી દુર્ગાશંકર શાસ્ત્રીનો વસવાટ હતો. એમાંયે વિલેપારલે સાહિત્ય સભાના તો તેઓ લાંબા કાળ સુધી પ્રમુખ હતા. એટલે સ્વાભાવિક રીતે જ વિલેપારલે સાહિત્ય સભાએ તેમના મિત્રોના, પરિચિતોના તથા અન્ય સાહિત્યરસિકોના સહકારથી એમણે અધૂરું રાખેલું આ પુસ્તકપ્રકાશનનું કામ પૂરું કરવું જોઈએ.

આ માટે વિલેપારલે સાહિત્ય સભાની કાર્યવાહક સમિતિએ એ લેખસંગ્રહ છપાવવાનું નક્કી કર્યું છે. એ માટે એક નાની સમિતિ પણ (સભ્યો વધારવાની સત્તા સાથે) તેણે નીમી છે. આ ગ્રંથમાં શ્રી દુર્ગાશંકર શાસ્ત્રીના લેખો ઉપરાંત તેમનો વિસ્તૃત જીવનપરિચય પણ આપવાનું નક્કી થયું છે. એ પરિચય તેમના મિત્ર અને આપણા અગ્રગણ્ય વિદ્વાન શ્રી રામનારાયણ વિ. પાઠકે તથા પુસ્તકનો આમુખ ઉત્તર પ્રદેશના રાજ્યપાલ શ્રી કનૈયાલાલ મા. મુનશીએ લખી આપવાનું સ્વીકાર્યું છે.

આ પરિપત્ર દ્વારા આ ગ્રંથસમિતિ વતી હું શ્રી દુર્ગાશંકર ભાઈના મિત્રોને, સંબંધીઓને તથા પરિચિતોને અને એ રીતે આપને આ ગ્રંથ પ્રકાશનના કાર્યમાં યથાશક્તિ અને યથાયોગ્ય મદદ આપવા વિનંતિ કરું છું. પુસ્તકપ્રકાશનનો ખર્ચ લગભગ રૂપિયા બે હજારનો અમે આંક્યો છે. એ ખર્ચને પહોંચી વળવામાં યત્કિંચિત્ ફાળો આપીને તથા સ્વર્ગસ્થના જીવનપરિચયના વિભાગને પત્રો, સ્મરણો વગેરે સામગ્રી દ્વારા પરિપુષ્ટ કરીને અમારું કામ સરળ કરી શકાશે. પત્રો વગેરે જોઈ ગયા પછી પાછા મોકલી આપવામાં આવશે એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય.

જીવનપરિચય વિભાગને ઉપયોગી સામગ્રી ઉપરને સરનામે અથવા તો સીધી શ્રી. રામનારાયણ વિ. પાઠકને C/o લેડી નોર્થકોટ ઓરફનેજ, ચોપાટી–મુંબઈ ૭, એ સરનામે મોકલી આપવા વિનતિ છે.

એક ગૃહસ્થે રૂપિયા પાંચસો આપી આ કાર્યની સફળતાના ગણેશ માંડ્યા છે તે જણાવવા રજા લઉં છું.

એજ લિ.

૨૬, ઘોડબંદર રોડ,   ગુલાબદાસ બ્રોકર
વિલેપાર્લે, મુંબઈ ૨૪   સંયોજક"

આ અંકના લેખકો

વાડીલાલ ડગલી : યુનિવર્સિટી ઑફ કેલીફોર્નિયાના એમ. એ., આંતરરાષ્ટ્રીય રાજકારણ વિષય સાથે. અત્યારે પ્રેસ ટ્રસ્ટ ઑફ ઇન્ડીઆની અમદાવાદ શાખાના મૅનેજર.

સતીશ કાલેલકર : ઑક્સફર્ડના સ્નાતક. બનારસ હિંદુ યુનિવર્સિટીમાં અધ્યાપક અને પછીથી નાગપુર કૉમર્સ કૉલેજના આચાર્ય. વિદેશખાતામાં જોડાઈ સિંગાપોર અને કૅનેડામાં એમણે પોતાની સેવાઓ આપી છે. અત્યારે પૅરિસમાં ભારતીય એલચીખાતામાં 'સાંસ્કૃતિક પ્રથમ મંત્રી'ના હોદ્દા પર છે.

અર્ઘ્ય

તંત્રી

થવું ના જોઈએ !

ઓ જવાની !
રંગ તું આસમાન કેરા હો ભલે !
જો આજ મારે અંતરે એ સર્વ રંગો શા ખીલે !
જાજે ભલે જાવું જ જ્યારે હોય !
પણ આજ મારે અંતરે મસ્તાન સૌ તુજ તાન હો !
ક્ષણ એકનું ઘેલું ભલે પણ સાચું તારું ગાન હો !

છલકાવ તુજ દરિયાવ જે ભરિયા અમીના !
જો રાખતી તલભાર પણ આજે કમીના !
પળવાર ડૂબી જાઉં તો તેની ગમી ના !
થવું ના જોઈએ તુજને અગર મુજને ખરી કે તું રમી ના !

અજબ અગનરસ

અજબ અગનરસ પીધ
મેં હો અજબ અગનરસ પીધ.

કરમબોઈ વિષવેલની વાડી,
કંટક ઝાંખરજૂટની ઝાડી,
એકસામટી દીધ પ્રજાળીઃ
અજબ અગનરસ પીધ...

અગનઝાળ અમૃત નિર્ઝરતી,
અજબ રસન્તી અંતર ધરતી,
અંતરતમથી પ્રબલ ઊછળતીઃ
પરમ પ્રસાદી લીધ......

અજબ અગનરસ પીધ
મેં હો અજબ અગનરસ પીધ.

[શ્રી સુંદરજી ગો. બેટાઈ : 'વિશેષાંજલિ' પૃ. ૬૧,૧૫૧]

મુખ્ય વાદો

એક માણસ પાસે બે ગાયો હોય અને તેના કુટુંબ માટે એક ગાય પૂરતી હોય તો જુદી જુદી યોજનાઓ પ્રમાણે તે ગાયોનું શું કરવામાં આવે તે જુઓ :

સમાજવાદી કહેશે કે : 'એક ગાય તમારી પાસે રાખો બીજી રાજ્યને સોંપી દો.'

સામ્યવાદી કહેશે કે : 'બન્ને ગાય રાજ્યને સોંપી દો. ત ભાગે પડતું રાજ્યને યોગ્ય લાગશે તે પ્રમાણે દૂધ આપવા આવશે.'

નાઝી કે ફાસિસ્ટ કહેશે કે : 'ગાયો તમારી પાસે રાખો. પ તેનું દૂધ ક્યાં વેચવું, તેનું શું કરવું, તેની વ્યવસ્થા રાજ્ય કરે રાજ્યને ઠીક લાગશે તે ભાવ તમને આપવામાં આવશે.'

ગાંધીજીની વિચારસરણીવાળો સર્વોદયવાદી કહેશે કે : ' ગાય તમારી પાસે રાખો. તેના માલિક ભલે તમે ગણાઓ. પ તેનું જે દૂધ થાય તેનો સમાજના હિતની દૃષ્ટિએ ટ્રસ્ટી ઉપયોગ કરો.' ... ...

બધાય વિચારકો સમાજમાં સુખશાન્તિ ઇચ્છે છે અને શો નાબૂદ કરવા માગે છે. પણ દરેકની સુખની કલ્પના જુદી છે તે પ્રાપ્ત કરવાની રીતમાં ફેર છે.

સમાજવાદી અને સામ્યવાદી જુદા જુદા વર્ગો વચ્ચે વર્ગવિગ્ર માં માને છે, યંત્રના અમર્યાદ ઉપયોગ અને કેન્દ્રીકરણમાં માને પણ સમાજવાદી તે લોકશાહી ઢબે સિદ્ધ કરવા માગે છે, સામ્યવાદી હિંસક ક્રાન્તિની ઢબે સિદ્ધ કરવા માગે છે; સરમુખત્યારી સ્થાપવા માગે છે. બન્ને સાધનને વિષે નિરાગ્રહી

આની સરખામણીમાં સર્વોદયવાદી વર્ગમેળ સ્થાપવા માગે અને યંત્રોનો જરૂર પૂરતો જ ઉપયોગ કરવા માગે છે. તે ઉદ્યો વિકેન્દ્રિત કરવા માગે છે અને હિંસાથી કંઈ પણ કરવા ઇ નથી, તે સાધ્ય કરતાં સાધનને, અને જરૂરિયાતોની અમર્યા વૃદ્ધિ કરતાં જીવનની સાદાઈ અને શરીરશ્રમને વિશેષ મ આપે છે.

આ તેમની વચ્ચેનો મુખ્ય ભેદ છે, તે બધું હજી અખતર છે. કોઈ ઠેકાણે તેનો પૂરેપૂરો અખતરો થયો નથી. રશિ સામ્યવાદનો અખતરો ચાલે છે તેનું સ્વરૂપ પણ હજી અર્ધદગ્ધ

તેમાંથી ઘડો ઊતરે છે કે ગાગર તે દુનિયાએ હજુ જોવાનું છે. તેનાં અનિષ્ટ પરિણામોથી બચાવવા ગાંધીજીએ સર્વોદયની ઉદાત્ત કલ્પના દુનિયાને આપી છે. તેનું પણ શું પરિણામ આવશે તે તો કોણ જાણે? આખી દુનિયા ચગડોળે ચડી છે. તેમાંથી જે પાર ઊતરે તે ખરું. પરંતુ આદર્શોની દૃષ્ટિએ દરેકે પોતપોતાની પસંદગી કરીને તે આદર્શોને મૂર્તિમંત કરવા મરી મટવું જોઈએ. આદર્શોની પસંદગીમાં કેવળ આર્થિક નહીં, પણ સર્વાંગી ઉન્નતિ સાધવાનું ધ્યેય રાખવું જોઈએ. એ દૃષ્ટિએ દરેક પ્રામાણિક રીતે કામ કરે તો તેમાંથી કાંઈક સારું જ પરિણામ આવશે.

[શ્રી વિઠ્ઠલદાસ કોઠારી : 'અર્થશાસ્ત્રપ્રવેશિકા' પૃ. ૧૬૯–૭૩]

હડપ્પા અને મોહેંજો-દડો

હડપ્પા સંસ્કૃતિ જો આ રીતે આર્યોના આગમન પહેલાં વસેલા અનાર્યોની સંસ્કૃતિ હોય, તો એઓની સંસ્કૃતિ વિશેનો પૂર્વગૃહીત અભિપ્રાય ઘણો સુધારવો જોઈએ. આર્યોની દૃષ્ટિએ આ લોકો 'કાળી ચામડીના,' 'નાક વગરના,' 'અવળું બોલનારા,' ને 'યજ્ઞ નહિ કરનારા' (अयज्वन्) હશે, પણ એમના ધર્મમાં યજ્ઞ કરવાની પ્રથા નહોતી, એ લોકો આર્યોના દેવોને ઉપાસતા નહિ ને આર્યોના રીતરિવાજ પાળતા નહિ એ પરથી એમને કર્મકાંડ વગરના (अकर्मन्), દેવોને નહિ ચાહનારા (अदेवयु), ઉપાસના વગરના (अब्रह्मन्), નિયમ વગરના (अव्रत), ને દેવોનો દ્વેષ કરનારા (देव-पीयु) કહેવામાં આર્યોનો દ્વેષકલુષિત પૂર્વગ્રહ જ જવાબદાર ઠરે છે. હડપ્પા ને મોહેંજો-દડોના અનેક અવશેષો પરથી પુરવાર થયું છે તેમ આ લોકોને પોતાના દેવ હતા, પોતાનાં કર્મકાંડ હતાં, ને જે આર્યોએ એઓને શરૂઆતમાં शिश्नदेवाः કહી વગોવ્યા હતા તે જ આર્યોએ પાછળથી એઓની લિંગપૂજાનેય પોતાના ધર્મમાં સમાવી લીધી! કાલચક્રની આ વિપરીત ગતિ પરથી ઊલટું એમ કહી શકાય કે એમના પર ભૌતિક વિજય પ્રાપ્ત કરનાર આર્યો ધીમે ધીમે એમને હાથે અનેક પ્રકારનો સાંસ્કૃતિક પરાભવ પામતા ગયા. ને આ લોકો આર્યો કરતાં અનેક બાબતોમાં ચડિયાતા હતા. દાખલા તરીકે એમનાં નગરો જેવાં દુર્ગરક્ષિત નગરોનાં વસતિસ્થાન આર્યોની મૂળ સંસ્કૃતિમાં સમૂળાં નહોતાં. આ રીતે આર્યોના આ પુરોગામીઓની સંસ્કૃતિ અનેક ક્ષેત્રમાં ઘણો વિકાસ પામેલી સંસ્કૃતિ હતી એ નિર્વિવાદ છે. વળી આપણા સાંપ્રત ધર્મ ને સમાજમાંની જે બાબતોનાં બીજ વેદસંસ્કૃતિમાં જડતાં નથી તેમાંની કેટલીક બાબતોનાં બીજ હડપ્પા સંસ્કૃતિની રહેણીકરણીમાં નજરે પડે છે એ પણ નોંધપાત્ર છે. છતાં આ સંસ્કૃતિનાં ગુણગાન કરવામાં આર્ય સંસ્કૃતિનું એવું બેહૂદું બયાન ન કરવું જોઈએ કે જેમાં વિવેકરહિત પૂર્વગ્રહને સામે પાટલે બેસી જવા જેવું થઈ પડે.

[ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રી: 'હડપ્પા ને મોહેંજો-દડો' પૃ. ૨૮૨-૩]

સર્જકને અભાવે

સૂત્રધારાદિક તત્ત્વોમાં સંસ્કૃત નાટ્યકલાને અનુસરતી પણ નાટ્યના વસ્તુપ્રકારમાં રંગભૂમિની સજાવટમાં પશ્ચિમમાંથી પ્રેરણા મેળવી રહેલી આપણી નાટ્યકલાએ અને રંગભૂમિએ નાટ્યકલાના ઉપપ્રકારો પણ અપનાવ્યા. જો કે ઑપેરા જેવું સંગીત નાટક – એકાદ અપવાદ સિવાય આપણે ત્યાં પ્રચારમાં આવ્યું નથી, પણ પ્રશ્વાદ્ભૂમિમાં રહેલા સંગીતના કે ગીતના સહકારથી વસ્તુનું નૃત્યપ્રધાન અભિનયદ્વારા સમર્પણ કરતો બેલે જેવો નાટ્યપ્રકાર આજે વિકાસોન્મુખ છે. એ આજે હજી પ્રારંભિક પ્રયોગોની દશામાં છે કારણ કે તેમાં પ્રતિભાદીપ્ત જીવન-દર્શન, અર્થવાહી સમૃદ્ધ ભાષા અને શબ્દસંગીતનો સ્વરસંગીત સાથે કલામય મેળ સાધે એવી કવિતારચના એ તત્ત્વો એકત્ર હોય, અને એ ઉપરાંત સમગ્ર રચનાને માત્ર હૃદયંગમ જ નહિ પણ ઉચ્ચ કોટિનો કલોપભોગ કરાવનારી બનાવે એવી કલાકુશળતા હોય એવો સર્જક હજી એને નથી મળ્યો.

એમ તો અનેક વર્ષોથી ખેડાતા આવતા, અને વિષયની અવનવી વિવિધતા સાધતા જતા આપણા રૂઢ નાટ્યપ્રકારો પણ હજી ઉચ્ચ કોટિના સર્જકને અભાવે કલાની ઉચ્ચ કોટિને પ્રાપ્ત કરી શક્યા નથી. એથી સમાજ અને સહૃદય ભાવક ગમે તેવું ચલાવી ન લે, અને ઉચ્ચ ઉચ્ચતર કલાસાધનાની માગણી કરે એ જરૂરનું છે.

[શ્રી રામપ્રસાદ બક્ષી : 'ગુજરાતી નાટ્ય શતાબ્દી મહોત્સવ સ્મારક ગ્રંથ' પૃ. ૬]

છેલ્લી મંજિલ

સલામ, ધરતી-ઉરેની મુજ છેલ્લી, હે મંજિલ!
સલામ, દિન આ ઉગે, દિનતણી ઉગે કેડી આ–
પ્રલંબ, મધુરી પ્રભાની કનકાભ કો મેખલા;
ધરા પ્રણય-ધૂસરા મુજ પદોની ધાત્રી થતી.

અહો સુખ ઉરે ઘણું-ભવન તાહરે, મંજિલ!
હૂંફાળી તવ ગોદ, હૂંફભર તારી શય્યા સુખી,
સુખી મધુર આસવો, સુખભર્યાં ભર્યાં ભોજનો–
સદાય વસવું ગમે સુખદ સોણલે તાહરે.

અરે, પણ સદા ન મંજિલ કદાપિ વાસો બને.
નિશા સમયની ઘડી અધ ઘડી અહીં ગાળવી;
પ્રભાત કૂકડાની બાંગ સહ વાટને ઝાલવી;
સદા સફરી કાજ તો સ્વ-પથ એ જ સંગાથ હો.

સલામ : મુખ ફેરવી પગ હવે જશે, હા જશે :
ફરી ન મુખ તાહરું દગ-પથે કદી આવશે.

[શ્રી સુન્દરમ્ : 'વંદના' જાન્યુ. ૧૯૫૩]

સંસ્કૃતિના પાછલા અંકો

સંસ્કૃતિના શરૂઆતથી માંડીને ૧૯૪૭, ૧૯૪૮ અને ૧૯૪૯—એ ત્રણે વરસના અંકો ઓછી કિંમતે મળી શકે તે માટે નીચેની વ્યવસ્થા છે :

એક વરસના અંકો રૂ. ૫-૦-૦ + ૦-૧૦-૦ ટપાલખર્ચ

બે વરસના અંકો રૂ. ૧૦-૦-૦ + ૧- ૨-૦ ટપાલખર્ચ

ત્રણ વરસના અંકો રૂ. ૧૫-૦-૦ + ૧-૧૦-૦ ટપાલખર્ચ

આ રકમ મનીઑર્ડર કે ચેકથી મોકલવી એ વધુ સગવડભર્યું છે. વી. પી. પી.થી પણ મંગાવી શકાશે.

૧૯૫૦-૫૧-૫૨ના અંકો વરસના રૂ. સાત લેખે મળશે. ટપાલખર્ચ ઉપર પ્રમાણે.

સરનામું :—**સંસ્કૃતિ કાર્યાલય,** એલિસબ્રિજ, **અમદાવાદ—૬**

બે દુનિયા વચ્ચે

આ ક્ષણે આપણે બે દુનિયા વચ્ચે છીએ. એકનો ધક્કો અનુભવવો આપણે માટે રહ્યો નથી અને બીજાનો હડસેલો આપણને હજી લાગ્યો નથી. ખમચાઈને ઊભા રહી જવાની આ જગ્યા નથી.

કહેવાનો અર્થ એ નથી કે પોરો ખાવાની જગાએ ન જ પહોંચી શકાય. અર્વાચીન રાજકારણનો ગંભીરતાથી અભ્યાસ કરનારને સ્પષ્ટ લાગે છે કે મિશ્ર અર્થરચના એ પશ્ચિમના ઘણાખરા લોકોને પસંદ પડે એવી છે. સમાજવાદનો વિજય નિર્ણાયક થવા માટે સર્વદેશીય હોવાની જરૂર નથી. હું તે કહેવાતા સમાજવાદીઓને સાંખી શકતો નથી, જેઓ વ્યવહારમાં કશાને સમાજની માલિકી નીચે લાવે નહિ અને સિદ્ધાન્તમાં સમગ્ર ખાનગી મિલકત પર લાલ ડોળો ઘુરકાવી રહ્યા હોય. તેઓ ચોખલિયા છે અને તેથી વન્ધ્ય છે. ખાનગી મિલકતનાં સર્વ સ્વરૂપો સતત ભય નીચે હોય એ નથી શાણપણભર્યું, કે નથી તે ભવિષ્ય વિષેના આપણા ખ્યાલને બંધબેસતું. સમાજને કે આપસઆપસમાં પોતાને કોઈને ઘાતક નીવડ્યા વગર મિલકતનાં વિવિધ સ્વરૂપો માનવસમાજની લગભગ બધી જ પદ્ધતિઓ હેઠળ સાથે સાથે અસ્તિત્વ ધરાવતાં રહ્યાં છે. પણ સમાજના સ્વાસ્થ્ય માટે જરૂરી છે કે મિલકતના માલિકીપણાનું કોઈ એક સ્વરૂપ શાસન કરતું હોય. ભવિષ્યના સમાજમાં એવું શાસન કરનાર જાહેર મિલકત હોવી જોઈએ. જે બિંદુએ સામાજિક લક્ષ્યો અને પહેલી વસ્તુ પહેલી આવે એવો ઉચિત ક્રમ જીવનની સહેલાઈથી વરતાઈ શકે એવી ભાત ઉપસાવતાં હોય તે બિંદુએ ખાનગી મિલકતે નમતું આપવું જોઈએ. આ જ્યારે સિદ્ધ થશે ત્યારે જ આજની સર્વવ્યાપી બેચેની જે સ્પર્ધાત્મક સમાજની સહેજ આબોહવારૂપ બની છે તેનું સ્થાન શાન્ત અને ગંભીર વલણ લેશે.

જાહેર અને ખાનગી મિલકત વચ્ચે સરહદની રેખા ક્યાં દોરવી એ પ્રશ્નનો ઉકેલ પોતપોતાની પરંપરાઓ અને ઐતિહાસિક વિકાસની કક્ષા પ્રમાણે જુદાં જુદાં રાષ્ટ્રો માટે જુદો જુદો રહેશે. પ્રાથમિક દશાના આર્થિક વિકાસવાળા જે દેશોમાં ક્રાન્તિઓ થઈ છે ત્યાં સ્વાભાવિક છે કે ઉદ્યોગો જાહેર ક્ષેત્રમાં વિકસવાનું વલણ ધરાવે. રશિયાનો આવો દાખલો હતો અને નૂતન ચીનમાં પણ લગભગ ખાતરીપૂર્વક એવું બનવાનું. પ્રગતિ એ ગોળ સીડીના રૂપની નથી. બલકે એ ખૂણાખાંચાવાળી ગતિ છે કેમ કે રાષ્ટ્રો ઘાટ પામી રહ્યાં હોય છે તે કાળમાં એમની ઉપર એમના સંપર્કનાં રાષ્ટ્રોના ખ્યાલો અને સંસ્થાઓની અસર પડે છે. સ્વાભાવિક છે કે પૂર્વ ઉપર સોવિયેટના સમૂહજીવનના ખ્યાલની અસર પડે, અને નહિ કે પશ્ચિમના પ્રગતિના વિચારની; જો કે એવી આશા રાખવાની કે સોવિયેટના—એક જ શિલામાંથી આખું કોતરણી થઈ હોય એવા અને કેન્દ્રબદ્ધ થયેલા—સમૂહવાદને બદલે સામૂહિક જીવનની ફિલસૂફીમાં સુધારણાઓ અને ફેરફારો થશે, જેમ આજે યુગોસ્લાવીઆમાં બન્યું છે.

જેમાં નફો એ સાહસના વળતર રૂપ મટી જાય અને સમાજ ઉપરના વેરારૂપ બની જાય એવા ઇજારા અને અર્ધઇજારાઓમાં ખાનગી મિલકતની જેટલી હદે જમાવટો થાય તેટલી હદે પશ્ચિમની દુનિયામાં જાહેર માલકીપણાના સિદ્ધાન્તોની અસર પડવાની.

તે જ પ્રમાણે, વળી, ઉત્પાદકો અને વાપરનારાઓની સહકારી સંસ્થાઓ જાહેર ક્ષેત્રનાં સ્વરૂપ અને દિશા ઉપર પોતાની અસર પાડશે એવી અપેક્ષા રાખી શકાય.

[Aneurin Bevan : In Place of Fearમાં પૃ ૧૧૮-૧૧

સંસ્કૃતિ


વર્ષ ૭મું : અંક બીજો

તંત્રી :
ઉમાશંકર જોષી

ફેબ્રુઆરી ૧૯૫૩



દર્પણની સુન્દરી — વડોદરા મ્યુઝીઅમના સૌજન્યથી



સંસ્કૃતિ

વર્ષ સાતમું | અંક બીજો

અનુક્રમણિકા : ફેબ્રુઆરી ૧૯૫૩



લેખક મિત્રોને વિનંતિ:-

* લખાણ કાગળની એક બાજુ સ્વચ્છ અક્ષરે લખાયેલું, જોડણી પ્રમાણેની જોડણીવાળું હોય મુદ્રણદૃષ્ટિએ જરૂરી છે.
* લખાણ પાછું મેળવવા માટે તે સાથે જવાબી પરબીડિયું હોય આવશ્યક છે.

સૂચનાઓ :

* દર માસની સાતમી તારીખે પ્રસિદ્ધ થાય છે.
* દશમી સુધીમાં અંક ન મળે ટપાલમાં તપાસ કર્યા પછી કાર્યાલયને જણાવવું.
* પત્રવ્યવહારમાં ગ્રાહક નં લખવાથી સગવડ થશે.
* આ માસિકમાં પ્રસિદ્ધ થતા લેખોમાંના અભિપ્રાય માટેની જવાબદારી તે તે લેખકની છે.
* પ્રથમ અંકથી ગ્રાહક થવું આવશ્યક છે.

ગ્રાહકો નોંધવાનાં સ્થળો:

એન. એમ. ત્રિપાઠી, લિ. મુંબ

જીવનસાહિત્યમંદિર, અમદાવા

ભારતીસાહિત્યસંઘ, અમદાવા

ઇન્દ્રધનુ, મિશનરોડ, અમદાવા

ગાંડીવ સાહિત્યમંદિર, પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઈ–૨

ગાંડીવ સાહિત્યમંદિર, લાલ... સુરત

એલ. કે. મેઘાણી : આર્મેનિયન સ્ટ્રીટ, કલકત્તા ૧.

પ્રભાકર બ્રધર્સ, પો. બો. ... નૈરોબી, ઇસ્ટ આફ્રિકા.

લવાજમ :

દેશમાં રૂપિયા સાત. પરદેશમાં રૂ. ... અથવા શિલિંગ ૧૪. છૂટક નકલ બાર આના.

તંત્ર અને વ્યવસ્થા અંગેના પત્રવ્યવહારનું સરનામું :

સંસ્કૃતિ કાર્યાલય

એલિસ-બ્રિજ. અમદાવાદ

...ર્યાલય વતી મુદ્રક-પ્રકાશક: કિશનસિંહ ચાવડા, ચેતના પ્રેસ લિ. નવાબજાર, વડોદરા.

સંસ્કૃતિ

सत्यं परं धीमहि।



ફેબ્રુઆરી ૧૯૫૩

मंजुश्री अने प्रज्ञापारमिता

બોરોબુદુરના મહાન કલાકારો સમાન કે અસમાન વસ્તુઓને પાસે પાસે કે સામે સામે ગોઠવીને જીવનના મર્મને ઉઠાવ આપવામાં પાવરધા છે. સિદ્ધાર્થ રાજમાર્ગ ઉપર નીકળ્યા છે ને હાડપિંજર થયેલા રોગીને જોઈ રહ્યે છે — એ શિલ્પની નીચે જ હોલાની પાછળ સિંચાણો પડેલો છે અને શિબિરાજા સિંચાણાને હોલાના વજન જેટલું પોતાનું માંસ જોખી આપવા ત્રાજવું મંડાવે છે, એ પ્રસંગનું શિલ્પ આલેખવામાં સિદ્ધાર્થની આગળ કેવા કેવા આદર્શો પડેલા છે તેનું વેધક સૂચન છે. ઉપરના માળમાં વળી બુદ્ધની શમમુદ્રાની સામેની ભીંત ઉપર પ્રણયમગ્ન યુગલ ગોઠવી દીધું છે, એમાં શમમુદ્રા સ્થિરપણે સાધવામાં કેટકેટલાં પ્રેયો તરી ઊતર્યાનો પુરુષાર્થ હશે તેનું સહેજે સૂચન મળે છે.

ઇન્ડોનેશિયાની જૂની કળાની માર્મિકતાને જેઓ પામી શક્યા છે એવા અભ્યાસીઓએ જાકાર્તાનું મ્યુઝીઅમ ગોઠવ્યું હોવું જોઈએ. પેસતાં જ બોરોબુદુરમાંથી મળેલી વિશાળ શ્યામવર્ણી અમિતાભ, અમોઘસિદ્ધ, રત્નસંભવ અને અક્ષોભ્યની શાતાભરી – પ્રસન્નતાભરી મૂર્તિઓ બંને બાજુ જોવા મળશે. પણ બાકીના સુવર્ણ અલંકારો વગેરે જોવા ઉપર ચઢવા જશો ત્યાં અધવચ્ચે જ તમારા પગ થંભી જશે. સામે છે મંજુશ્રી.

મંજુશ્રી કમલદલ ઉપર પદ્માસન વાળીને બેઠાં છે. સૌમ્ય, ભવ્ય, ધ્યાનસ્થ. જમણા હાથમાં કાળજિહ્વાસમી કરપાણ છે. માથા પાછળ એ ખુલ્લી કૃપાણ ખેંચાયેલી છે. માથે ઊંચો ટોપ છે. મોં લાંબું અને ચપટું, જડબાં પહોળાં અને દૃઢ, ગળામાં રેખા. શાંત શક્તિની પ્રતીતિ. હાથમાં કૃપાણ છે છતાં ક્રૌર્યની છાયા નથી. કટિ કેવી પાતળી છે! આખું રૂપ જ જાણે કહી રહ્યું છે કે 'જો એમ જ હોય, તો આ અસિથી હું સંહાર આદરીશ!' જમણા હાથે તલવાર ઉગામી છે એટલે આખું કાઠું કમરથી સહેજ – સહેજ જ ડાબી તરફ ઝૂક્યું છે. નિશ્ચય પાછળના શ્રમનો ને તાકાતનો એમાં પૂરો પરિચય થાય છે. છતાં કેવી વિશ્વસ્ત શક્તિ! બે પડખે બે કમળવેલ છે. વેલની નીચે સુરેખ લઘુ કદની આવી જ આકૃતિ છે. ઉપર કમળપત્ર ને કમળકળી, અને માથે પણ એવી જ આકૃતિ. 'મારાં રૂપ ખૂટશે નહિ' એમ જાણે આ લઘુ રૂપો સૂચવતાં ન હોય! મંજુશ્રીનો ડાબો કર છાતી ઉપર છે. ક્ષણ પહેલાં જ જાણે, આવી પડેલો ધર્મ સ્વીકારીને, નિર્ણય લીધો ન હોય કે 'ભલે, તો ખડ્ગ!'

આ પ્રતાપી શક્તિસ્વરૂપનાં દર્શન કરી તમે ઉપર ચઢવા માટે દાદર વળવા જાઓ ત્યાં સામેની ઊતરવાના દાદરની આવી જ જગ્યાએ એક બીજું સ્વરૂપ નજરે પડશે. એ છે પ્રજ્ઞાપારમિતા.

પૂર્ણપ્રસ્ફુટ કમલ ઉપર પદ્માસને એ બેઠેલાં છે. બાજુબંધ તરીકે પણ કમળકળી શોભે છે. સીધી ટટાર સ્વસ્થ આકૃતિ છે. માથે ઊંચો ટોપ, કપાળે મોટો ચાંદલો. નહીં લાંબું, નહીં ગોળ, પણ ભર્યું ભર્યું મોં છે. નાની મોંફાડ કાંઈક વિચારમાં બિડાયેલી છે. બે હાથની મુદ્રાઓ તે પણ જાણે કાંઈ ઊંડા ચિંતનમાં ડૂબી ગયાં હોય એમ સૂચવે છે. જરીક ખેદ – કાંઈક વિષાદ આખી મૂર્તિમાંથી ઊપસી આવતો ન હોય. પણ ના, વિચારસમાધિમાંથી મળેલો આનંદ એ પેલો ઢળેલાં પોપચાંમાંથી ફૂટી નીકળે. જાણે હમણાં બોલી ઊઠશે: "ના, ના, મંજુશ્રી, ઉતાવળાં ન થાઓ. બીજો રસ્તો છે." કયો બીજો માર્ગ? પ્રજ્ઞાની પાર પહોંચેલી શક્તિ, ઉદ્રેક દ્વારા પોતાને વેડફી મારવાને બદલે, પોતામાં ઠરીને સ્વ-સ્થ બને છે ત્યારે અભેદ્ય મુદ્રા અને નિષ્કંપ શાંતિની જ્યોત સમી કેવી દીપી રહે છે એ પ્રજ્ઞાપારમિતાની મૂર્તિ જ સ્વયં દાખવી રહેતી નથી?

પૂર્વ જાવામાં ઈ. સ. ૧૩૫૦ લગભગ માલંગ - સિંગોસારીમાંથી આ મૂર્તિઓ મળેલી છે. અત્યારે પરદેશમાં છે. આ તો પ્રતિકૃતિઓ છે. રચાઈ ત્યારે મૂળ સ્થાને આ રીતે સામસામે એમની પ્રતિષ્ઠા કરવામાં આવી હશે? કોણ જાણે! અત્યારે અહીં એ બે વચ્ચેનો સંવાદ હૃદયમાં ઉતારી મેં ધન્યતા અનુભવી.

ઉમાશંકર જોષી

સ મ ય રં ગ

તંત્રી

' જુગલજુગારી '

હમણાં અમદાવાદમાં નટમંડળે શ્રી જયશંકર ' સુંદરી 'ના દિગ્દર્શન હેઠળ કવિશ્રી મૂળશંકર મૂળાણીકૃત 'જુગલજુગારી ' ભજવે છે. ૧૯૦૨માં નાટક ધંધાદારી રંગભૂમિ માટે લખાયું તે પછી ઠીક લોકપ્રિય નીવડ્યું હતું. દિગ્દર્શક ખુલાસો આપે છે તેમ એક વખતના સફળ નાટકને ઐતિહાસિક દૃષ્ટિએ આસ્વાદવું હોય, તો આ પ્રયોગ દ્વારા તક મળે છે. બીજું, નવાં સારાં નાટકો ન મળતાં હોય તો આવાં જૂનાં નાટકો નટમંડળોને અભિનયની શક્તિ અજમાવવા સારી તક આપે છે. આ બે રીતે પ્રયોગની કાંક સાર્થકતા ગણાય. બાકી ઘણી બધી જહેમત અને અલ્પ પરિણામ – એવી અસર પડચા વગર રહેતી નથી. (મેં બે અંક જેટલું જોયું હતું પહેલાં સ્વ. બાપુલાલે એક વાર જુગલનો ભાગ ભજવેલો એ વખતે ત્રીજા અંકનું જુગલના પરિવર્તનનું દૃશ્ય જોયેલું.) અત્યારે આ પ્રયોગમાં મુશ્કેલી એ પડે છે કે જીવનના આપણા અનુભવ સાથે નાટકના તથ્યનું અનુસંધાન થતું નથી. જુગલના પિતા અને સસરા ઐતિહાસિકતાનો જેવો ખ્યાલ આપે છે તેવો બધાં જ પાત્રો આપી શકતાં નથી. નાટકનું લખાણ પાંખું છે અને ઘણી વાર ભવાઈના અનુકરણથી રસિકતા જમાવવા કરે છે. એકંદરે અભિનય માટે ઠીક માળખું પૂરું પાડે છે — એ પૂરતી નટમંડળના પ્રારંભિક પ્રયોગ માટે એની પસંદગી યોગ્ય ઠરે. અભિનયનું ધોરણ સારું હતું. મોટી વાત એ હતી કે શ્રી દીના ગાંધીના ઉચ્ચારો ' વિરાજવહુ ' કરતાં ઘણા સુધરેલા હતા, જો કે એમની અભિનયશક્તિ માટે આમાં કશો અવકાશ ન હતો. સૌથી સુંદર ઉચ્ચાર જુગલના પિતાના હતા. પાર્શ્વસંગીતમાં એક-બે ગીતો બહુ મધુર રીતે ગવાયાં હતાં.

સંઘભાષા-પ્રચાર

હમણાં રાષ્ટ્રભાષા અંગે ગુજરાત વિદ્યાપીઠમાં ભરાયેલા સંમેલનમાં ઠરાવો થયા તેમાંના એક વિષે થોડીક ચર્ચા કરવા જેવી છે. હિંદી સાહિત્યસંમેલનની વર્ધાસમિતિ બંધારણસભાએ માન્ય કરેલી ' સંઘભાષા ' હિંદીને રાષ્ટ્રભાષા તરીકે સ્વીકારતી ન હોઈ તેણે જુદાં જુદાં રાજ્યોમાંથી રાષ્ટ્રભાષાપ્રચારની પોતાની ચાલતી આવેલી પ્રવૃત્તિ સંકેલી લેવી, અને તે તે રાજ્યના લોકોને ' સંઘભાષા 'નો પ્રચાર કરવા દેવો, અને જે હિંદીનો પોતે આગ્રહ સેવે છે તે જ્યાં બોલાય છે એ પ્રદેશોમાં ' સંઘભાષા 'નો પ્રચાર કરવામાં પોતાની સેવા આપવી એવો ઠરાવનો આશય છે. સવ એ થાય કે જો એ પ્રદેશોમાં એ ' સંઘભાષા 'નો પ્રચાર કરી શકે બીજે બધે કેમ ન કરી શકે? ત્યાં પણ હિંદીના ' સંઘભાષા સ્વરૂપનો સ્વીકાર કરીને જ એ પ્રચાર કરી શકશે. અને એ સ્વરૂપ એ સ્વીકાર કરે તો બીજે બધે પ્રચાર કરવાની એને વરસોથી ફાવટ છે તે જોતાં એને માત્ર અમુક પ્રદેશોમાં જ પોતાની પ્રવૃ પરિસીમિત કરવા કહેવું એમાં દેશને જ નુકસાન છે. આ પ્રશ્ન પ્રાન્તીયતા, કોમવાદ એવા શબ્દો ગૂચવ્યા વગર માગણી એ થવી જોઈએ કે હિંદી સાહિત્યસંમેલનની વર્ધાસમિતિ દેશમાં પ્રચારકાર્ય કરવું હોય તો ' સંઘભાષા 'નો રાષ્ટ્રભા તરીકે સ્વીકાર કરવો જોઈએ અને એમ ન કરી શકે તો પોતા પ્રવૃત્તિ સંકેલી લેવી જોઈએ.

ગુજરાત સંશોધનમંડળનું અધિવેશન

હમણાં અમદાવાદમાં ગુજ. સં. મંડળનું અધિવેશન કુલપતિ હરસિદ્ધભાઈ દિવેટીઆના પ્રમુખપદે ભરાયું. ઠરાવ કરી નિષ્ણા ની વિવિધ સમિતિઓ દ્વારા ગુજરાત અંગેની સામગ્રી એ કરાવી ગુજરાતના ભાવિ વિકાસની શક્યતાઓની રૂપરેખા તૈ કરવાનો ખ્યાલ પ્રશંસાપાત્ર છે. એ સમિતિઓ પાસેથી વે અહેવાલો મેળવી પ્રસિદ્ધ કરવામાં આવશે એવી આશા રાખીએ સમિતિઓમાં સીમાના પ્રશ્ન અંગેની સમિતિ પણ નિમાઈ છે નિમાવા સામે વાંધો લેવામાં આવ્યો હતો તે યોગ્ય હતો. ગુજ માં એક સ્વતંત્ર સીમાસમિતિ કામ કરી રહી છે. એના કા વારસો ગુજ. સં. મંડળને મળવાથી ગુજ. સં. મંડળનું કામ ડખોળાઈ જાય એ ભય અસ્થાને નથી. સંમેલનની કારવાઈ એક વસ્તુ કહેવા જેવી છે. જે નિષ્ણાતો પાસેથી અહેવાલો માગ આવ્યા છે, તે બધા આવા સંમેલન જેવા પ્રસંગે પોતપોતાના ઉપર ચર્ચા કરીને વિચારવિનિમય કરે એ સૌથી મુખ્ય કામ જોઈએ. પછી આવી ચર્ચાઓના તંતુ આગળ ચલાવી અહે તૈયાર થાય. પણ વિદ્વાન નિષ્ણાતોને નિબંધવાચન માટે કેટલી તો બે-અઢી મિનિટ મળતી હતી એ કઢંગી પરિસ્થિતિ વ્યવહારનું વિદ્યાને ખગ્રાસ ગ્રહણ ન લાગવું જોઈએ. વિદ્વાનો માટે પૈસા જોઈએ, વ્યવહારના માણસો એ આપવા આપવા માટે મોટી કિંમત લે – પણ તે એટલી મોટી તો

હોવી જોઈએ કે વિદ્યાપ્રવૃત્તિ માંડ ડોકિયું કરી શકે. આ તો ખોટો વેપાર 'બૅડ બિઝનેસ' કહેવાય એ ઉદ્યોગ અને વેપારમાં કુશળ એવા અમદાવાદમાં યાદ કરાવવું પડે? ગુજ. સં. મંડળને એનાં પ્રકાશનો માટે અભિનંદન ઘટે છે. અધિવેશન પ્રસંગે કેટલુંક સારું સાહિત્ય પ્રગટ થયું છે. રજૂ થયેલા નિબંધો નિષ્કર્ષરૂપે પણ પ્રગટ થશે એમ આશા રાખીએ. આ અધિવેશનની સૌથી મોટી સફળતા એ હતી કે ગુજરાતમાં અનેક સંશોધનરસિક વિદ્વાનો છે એ તરત દેખાઈ આવતું હતું. એમને પરસ્પર મળવાની સગવડ કરી આપી, એમને પોતાના વિષયો પર ચર્ચા કરવાના પ્રસંગ ગોઠવી આપી, વ્યવહારના આગેવાનો પછી દૂર રહી, અથવા ઇચ્છા હોય તો જિજ્ઞાસુભાવે એ સત્રનો લાભ લઈ, સંતોષ અનુભવે એ ઘડી ક્યારે આવશે?

મૅટ્રિકના વિદ્યાર્થીઓની વધુ લેવાયેલી ફી

આ વરસથી સત્ર માર્ચને બદલે પાછું જૂનથી શરૂ કરવાનું સરકારે ઠરાવ્યું હોઈ મૅટ્રિકના વિદ્યાર્થીઓને ૩ માસની વધુ ફી આપવી પડી છે. સરકારે આ વસ્તુ શાળાઓ ઉપર છોડી છે. કેટલીક શાળાઓએ આ વધુ ૩ માસની ફી જતી કરી છે. વિદ્યાર્થીઓએ પોતાનો કેસ શિક્ષણપ્રધાન આગળ રજૂ કર્યો હતો કે ઓછામાં ઓછું એટલું થવું જોઈએ કે ૧૧મા ધોરણના આ વિદ્યાર્થીઓની ૧૧માના હિસાબે નહિ પણ ત્રણેક વરસ પહેલાં સરકારે જૂનથી બદલીને સત્ર પાછળ ખસેડ્યાં હતાં તે ધોરણની ૩ માસની ફી લેવાવી જોઈએ. હમણાં જાણવા મળે છે કે સરકારે પોતાની શાળાઓમાં એ રીતે વળતર કાપી આપવા હુકમ કર્યો છે, બીજા શાળાના આચાર્યો અને મેનેજીંગ કમિટિઓ પણ સરકારને અનુસરી વિદ્યાર્થીઓનો અસંતોષ દૂર કરશે એવી આશા રાખીએ.

પ્રમુખ આઈઝનહોવર અને વિદેશમંત્રીનાં ભાષણ

અમેરિકામાં નવા પ્રમુખ તરીકે આઈઝનહોવરની કારકિર્દી શરૂ થતાં જ વિદેશમંત્રીએ પરદેશનીતિ અંગે ભાષણ કર્યું હતું. ગઈ બીજીએ કોંગ્રેસ આગળ પ્રમુખે પોતાનું પ્રથમ ભાષણ કર્યું. જે પદને અનેક મહાન અમેરિકનોએ શોભાવેલાં છે તેને અને અમેરિકાની મહત્તાને આ ભાષણો ન્યાય કરે એવાં નથી. વિદેશમંત્રીને આફ્રિકામાં પણ સામ્યવાદીઓ ઝઘડા જમાવી રહ્યા છે એમ કહેતાં સંકોચ ન થયો. પ્રમુખના ભાષણમાં સાતમો નૌકાકાફલો અત્યારસુધી સામ્યવાદી ચીનના 'રક્ષણ' માટે હતો એવું વારંવાર કહેવાયું છે એ નાના બાળકના પણ માન્યામાં આવે એવું નથી. અમેરિકાની પ્રજાને કોરીઆ અંગે માનસિક રાહત આપવા માટેના એક નાટકી અભિનય કરતાં વધારે સદ્ભાગ્યે આની પાછળ વિશેષ કશું નહિ હોય. ચ્યાંગનાં દળો ચીનની ભૂમિ ઉપર કોઈ ભારે પરાક્રમ કરી શકે એવી સ્થિતિમાં હોય એમ મનાતું નથી. અમેરિકા એને શિખંડી તરીકે વાપરી પોતે આક્રમણ કર્યાં કરે તો સ્તાલિનને તો એશિયામાં અમેરિકા નિચોવાય એ જ જોઈએ છે.

ચીન પ્રત્યેની યથાર્થ દૃષ્ટિ

ચીન અંગે હમણાં આપણા દેશમાં રસ પ્રગટ્યો છે એ સ્વાભાવિક છે. એક મોટા પડોશી રાજ્યને ઓળખવું એ જ આપણે માટે મોટી અગત્યની વસ્તુ છે. બીજું, સામ્યવાદી ઢબે પ્રજાઓ કેમ વિકાસ કરે છે તે જાણ્યા વગર પણ ચાલે એવું નથી. ચીન વિષે વાત કરવી એટલે સામ્યવાદના કાં તો પક્ષમાં કાં તો વિરુદ્ધમાં પ્રચાર કરવાનું ફરજિયાત ન હોવું જોઈએ. તેમ પોતાના દેશની સરકાર સામે નિર્વીર્ય રોષ પ્રગટાવવામાં પણ ચીનનો ઉપયોગ થવો ન જોઈએ. આવું થઈ બેસે છે એવી દહેશતથી નેતાઓને પછી ગમે તેમ ચેતવણી આપવી પડે છે. હમણાં હૈદરાબાદમાં શ્રી નહેરુએ આપણે ત્યાં ચીન કરતાં મોટી યોજનાઓ છે પણ આપણા લોકો ટીકા કરે છે જ્યારે ચીનમાં બોલવા દેતા નથી—એ મતલબનું કહ્યું. શ્રી નહેરુની સ્વાતંત્ર્યપ્રિયતાનો સામાન્ય ખ્યાલ છે તે જોતાં તેઓ ખરેખર કાંઈક આવું બોલે: ચીનમાં મોટી યોજનાઓ હાથ ધરાઈ છે. પણ ચીનના લોકો આપણી યોજનાઓ ચાલે છે તે જુએ તો કદાચ એમને એ પોતાની યોજનાઓ કરતાં મોટી પણ લાગે. ચીનમાં સામાન્ય શિરસ્તો છે કે રાજ્યનો નિર્ણય થયો એટલે કામે મંડી પડવાનું, ચર્ચા કે ટીકા ન થાય. આપણે ત્યાં તમે મને સરમુખત્યાર બનાવ્યો નથી (બલકે હું બન્યો નથી) એટલે ચર્ચા અને ટીકાના લોકોના હકનું રક્ષણ થાય એમ હું જ ઇચ્છું છું. પણ એ હક ભોગવવામાં જ – અને નહિ કે આપણી યોજનાઓ પાર પાડવામાં મદદરૂપ થવામાં – લોકો પોતાની શક્તિ ખરચી નાખે છે!

[અનુસંધાન પૃ. ૭૭થી]

લાગ્યો છે. એ ન થઈ શકે ત્યાં સુધી, રશિયા-ચીન જેવા દેશો જગતના શોષિતોની આશારૂપ રહેવાના જ. લોકશાહીઓમાં આર્થિક-સામાજિક અન્યાય એ સ્તાલિનની સૌથી મોટી પાંચમી-કતાર છે. રાજકીય સ્વતંત્રતા સાચવી રાખીને તેમાં આર્થિક-સામાજિક ન્યાય તાકીદે સિદ્ધ કરવા માટે સૌથી મોટી જરૂર આત્મસંતોષવૃત્તિ, હોતી–હૈ–વૃત્તિ (કૉમ્પ્લેસેન્સી) ખંખેરી નાખવાની અને વધુ ને વધુ ગતિશીલતા (ડાઈનેમિઝમ) દાખવવાની છે. આમ થશે તો પેલી તરફના લોકો, પોતાને ત્યાં રાજકીય સ્વતંત્રતા હરાઈ જશે તેને માટે સજાગ અને પ્રયત્નશીલ બનશે. અત્યારે દુનિયામાં લોકશાહી અને સરમુખત્યાર શાહીની પરસ્પર, એકમેકની ઊણપો દૂર કરવા પૂરતી, અસર પડે તો કેવું સારું.

નૂતન ચીન અને ભાવિ*

ઉમાશંકર જોષી

મારું બંધારણ કાંઈક એવું છે કે શાંતિ માટે ક્વેકરો સાથે પ્રાર્થનામાં બેસી શકું અને સામ્યવાદી નેતાગીરીવાળા પેકિંગમાં શાંતિપરિષદ ભરાય તેમાં પણ ભળી શકું. અત્યારે રાજકારણ એક એવું વિભુ તત્ત્વ છે કે જેમ બધી વાતોમાં તેમ શાંતિની વાતમાં પણ એ દાખલ થઈ ગયા વગર રહે નહિ. તે છતાં શાંતિ એક એવી વસ્તુ છે કે કોઈ એને વિષે વાત કરવાનો દંભ કરતું હોય તો પણ એટલી વાર એ શાંતિનું મહત્ત્વ સ્વીકારે છે અને એ દંભ કરવામાં પણ એણે નરમ પડવું પડે છે. પીઠ પાછળ ભરીબંદૂક સંતાડીને કોઈ તમારી સાથે શાંતિની વાત કરે તો એવી વાત કરે ત્યાં સુધી એની સાથે થોડાં ડગલાં ચાલવાની હિંમત અને ધીરજ તમારામાં હોવી જોઈએ. ...અત્યારે દુનિયામાં જે વૈમનસ્યો ઊછળે છે તેમાંથી શાંતિ રમતમાં સ્થપાઈ જવાની નથી. અનેક પ્રયોગોને અંતે દુનિયાને બે ઘડી માટે કાંઈક આસાયેશ મળે તો પણ મોટી નસીબદારી.

પેકિંગમાં એશિયાઈ અને પાસિફિકપ્રદેશોની શાંતિ-પરિષદ હતી. પણ આખી દુનિયાની એવી શાંતિપરિષદો પણ ભરાય છે. આ પ્રવૃત્તિનું આંદોલન તટસ્થ સ્થળે–સ્ટૉક-હોમ-થી શરૂ થયું હતું, પણ સામ્યવાદી વિચારસરણી-વાળાઓનું એમાં વર્ચસ્ છે એવું મનાય છે. કેટલાક રાજકારણી નેતાઓને વહેમ-બલકે ખાતરી છે કે એ સામ્યવાદીઓનો એક મોરચો જ છે એ હું બરોબર જાણું છું. એક વાત ઉઘાડી છે. આ જાતની શાંતિપરિષદોમાં સામ્યવાદી દેશો ભાગ લેતા હોય છે. એમને એ અનુકૂળ લાગતી હશે. આ બધું ધ્યાનમાં રાખવા છતાં–શાંતિપ્રવૃત્તિનો દોર સામ્યવાદી તત્ત્વોના હાથમાં જ છે એમ માની લેવામાં આવે તે છતાં – બેત્રણ વસ્તુઓ આ પ્રવૃત્તિમાંથી વિચારવા જેવી મળે છે. પહેલું તો એ કે યુદ્ધ જ્યાં ચાલ[illegible] હોય ત્યાં તરત બંધ થાય અને સમજૂત[illegible] મતભેદોનો નિકાલ લાવવા પ્રયત્નો થાય, ગુલામીમાં જ[illegible] રાખેલાં સંસ્થાનોને સ્વતંત્ર બનાવવામાં આવે અને દેશ[illegible] વચ્ચે સાંસ્કૃતિક અને વ્યાપારી વિનિમય મુક્તપણે [illegible] દેવામાં આવે — આટલી પાયાની મુખ્ય વાતોમાં માન[illegible] હોય એવા સૌ કોઈને શાંતિના આંદોલનમાં ભેગા કર[illegible] પછી એ ગમે તે ધર્મ, જાતિ કે રાજકીય વલણના હોય– એમ સામ્યવાદીઓ પણ ઇચ્છતા હોય એવાં ચિહ્નો [illegible] કેટલાક વખતથી દેખાય છે. સામ્યવાદીઓનું સૂત્ર હ[illegible] જેઓ અમારી સાથે નથી તેઓ અમારી સામે છે. [illegible] માન્યતામાંથી ખસીને શાંતિની ભૂમિકા ઉપર બીજાઓ [illegible] ઊભા રહેવા એ તૈયાર થાય એ એમનું પતન (અ[illegible] (વિકાસ) આવકારપાત્ર ગણાય. પહેલાં સામ્યવાદી [illegible] રશિયાએ પોતાને ત્યાં બહારની હવા પ્રવેશવા સામે [illegible] કરી – પોતે સંકોચાયો અને પોતાનામાં પર્યાપ્ત રહેવા મં[illegible] એમાં એનું સંરક્ષણાત્મક (ડિફેન્સીવ) વલણ હતું. એ બીજાઓની સાથે ભળવા તૈયારી બતાવે ત્યારે આ[illegible] સંકોચાઈએ અને જેઓ આપણી સાથે નથી તે સામે[illegible] એ રીતે જ વર્તીએ, તો એમાં જૂના સામ્યવાદી વલ[illegible] જ અનુકરણ નથી? સામ્યવાદી આદર્શદૃષ્ટિએ આ[illegible] (આઇડિયોલોજિકલ ઑફેન્સીવ) કરી શકે અને [illegible] ઉદાર ગણાતી વિચારસરણી–લોકશાહી–ને સંરક્ષણ[illegible] (ડિફેન્સીવ) સંકોચનના ભોગ થવું પડે એ સ્થિતિ [illegible] વિચારતા કરી મૂકે એવી છે. જુદીજુદી વિચારસરણી[illegible] દુનિયાઓ શાંતિપૂર્વકનું સહજીવન (પીસફુલ કો-એક્ઝીસ્ટ[illegible] ગોઠવી શકે એમ સામ્યવાદીઓ કેટલાક સમયથી [illegible] મંડ્યા છે એમાં વાસ્તવિકતાના સ્વીકાર તરફનું વલણ [illegible]

* અમદાવાદ શાંતિસમિતિ તરફથી યોજાયેલી જાહેરસભાનું વ્યાખ્યાન, વૈજ્ઞાનિક મંડળ આગળની ચર્ચા અને રોટરી કલબ[illegible] સંભાષણ—આદિ ઉપરથી.

છે, અને એ એક મોટો લાભ છે. પેકિંગમાં જોઈ શકાતું હતું કે શાંતિ માટેની ઉપરની ત્રિવિધ ભૂમિકા ઉપર ભિન્નભિન્ન મતોનો ને પક્ષોનો સમાસ કરવા માટે સામ્યવાદીઓ બાકીની વાતોમાં સારી પેઠે બાંધછોડ કરતા હતા. તેઓ વાળ્યા વળતા હતા. સારા જગતનાગરિક થવા માટે આવી તાલીમ સૌને ઉપકારક નીવડે. શાંતિપૂર્વકના સહજીવનની વાત એ માત્ર એક પ્રકારનો વ્યૂહ જ હોય, તો ભેલાડો પડતાં વાર લાગવાની નથી. રશિયાએ યુનો આગળના હિંદના શાંતિપ્રસ્તાવને ધૂત્કારી કાઢ્યો તે સામે વિયેનાની જગતશાંતિપરિષદમાં અવાજ ઊઠ્યો જ હતો. બીજા શબ્દોમાં, સામ્યવાદી સાથેના વ્યવહારમાં સંરક્ષણાત્મક સંકોચનતનું ચલણ એ લોકશાહી સાથે બંધબેસતું છે કે કેમ તે તપાસવા જેવું છે. અમેરિકા કે રશિયા બંનેમાંથી એકની હસ્તી ન હોય તો જ બીજું નિરાંતે જીવી શકે એવા એક છેલ્લા પાટલાના રાજકારણી વિચારમાં જેઓ માનતા ન હોય તેવા સૌ કોઈએ બંને વચ્ચેના ખૂબ વકરી ચૂકેલા વિખવાદોને વધુ વકરાવવામાં ફાળો આપ્યા વગર એ ઓછા કેમ થાય તેના જ માર્ગ શોધતા રહેવું જોઈએ. જેઓ એમ જોઈ શકતા હોય કે બંને બાજુના લોકો ટકવાના છે, તેવા – ખાસ કરીને સીધા રાજકારણમાં ન હોય તેવા—ઓએ બંને બાજુની પ્રજાઓ એકમેકને વધુ નિકટતાથી સમજી શકે તેમાં વધુ રસ લેવો એ એકંદરે માનવજાતના હિતની જ વાત થશે.

બીજું આ પ્રવૃત્તિ ઉપરથી એ વિચારવાનું મળે છે કે આવી શાંતિપરિષદ બિનસામ્યવાદી દુનિયા બોલાવી શકે ખરી ? ત્રીજું ચીનના બંધારણ જેવા ગણાતા 'સર્વસામાન્ય કાર્યક્રમ'માં એક સ્પષ્ટ કલમ છે કે યુદ્ધ જગવવા અંગેનો પ્રચાર છાપાં વગેરે દ્વારા કરવામાં આવે એ ગુનો ગણાશે. આ બંને વસ્તુ સામ્યવાદીઓ કરે તેમાં બહુ મોટી વાત નથી એવો જવાબ કલ્પી શકાય એવો છે. પણ તે ઉપરાંત પણ એ વાત તો રહે જ છે કે લોકશાહીઓ આ બંને વસ્તુ કરી શકે તો તેમનું નામ સાર્થક થાય.

અહીં જ મારે ઉમેરવું જોઈએ કે ચીન છોડ્યા પછી પ્રવાસ દરમ્યાન, યુનો આગળ હિંદે મૂકેલા શાંતિ-પ્રસ્તાવનો જે રીતે ચીનના વડાપ્રધાને વિરોધ કર્યો હતો, ખાસ કરીને ચીન પોતાનો સત્તાવાર મત પ્રગટ કરે તે પહેલાં જ રશિયાના 'પ્રવદા' પત્રે અને પછી શ્રી વિશીન્સ્કીએ તેને વખોડી કાઢ્યો હતો તે જાણીને મને, ઘણાની જેમ, આઘાત થયો હતો. હિંદી પ્રતિનિધિએ ઠરાવના કરુણ ફેજની જવાબદારી બંને પક્ષ ઉપર નાખી હતી. વાત ત્યાં જ પડતી મૂકવાને બદલે આગળ પ્રયત્નો ચાલુ રાખવામાં આવ્યા એ યોગ્ય જ થયું છે.

નવું ચીન

ચીનમાં હું ૫૪ દિવસ રહ્યો. તેમાં ૨૭ દિવસ રાજધાની પેકિંગમાં અને ૨૭ દિવસ દેશમાં બીજે બધે ફરવામાં પસાર થયા. શેન્યાંગ (મુકડેન), નાનકીંગ, શાંઘાઈ, હાન્ચાઉ અને કેન્ટન એ મોટાં શહેરો અને યાંગચાઉમાં રોકાવા ઉપરાંત હ્વાઈ નદીની યોજનાઓ જોવા નિમિત્તે ત્રણસોચારસો માઈલ અંદરના પ્રદેશમાં અમે ફર્યા હતા. અમે પાંચ હિંદીઓ ત્રણ દિવસ નાનાં ગામડાંમાં જઈને રહ્યા હતા. આખો પ્રવાસ ઉત્તર-પૂર્વ ચીન, પૂર્વ ચીન અને દક્ષિણ ચીનમાં – સમુદ્રકિનારા નજીકના – ચીનના સૌથી વધુ વસ્તી ધરાવતા – પ્રદેશમાં હતો. કુલ ત્રણ પ્રવાસમાર્ગ જાહેર કરવામાં આવ્યા હતા. અમે આ પસંદ કર્યો હતો. ચીન અને રશિયામાંના આવા પ્રવાસો પૂર્વયોજિત હોય છે એમ કહેવામાં આવે છે, અને હોય છે પણ એમ જ. સૈકાઓ જૂની નહેર – ગ્રાન્ડ કેનાલ–ને કાંઠેકાંઠે સોએક માઈલનો રસ્તો કાપતાં વચ્ચે થોડાક કલાક પછી વાંસની સાદડીઓનાં બનાવેલાં કામચલાઉ જાજરૂઓ આગળ થોડીક મિનિટ પ્રવાસ થંભાવવામાં આવ્યો હતો — એ પૂર્વયોજિત કાર્યક્રમ હોય તો જ બની શકે. (ચીની પ્રજાની, ઝીણી વીગતોની સંભાળ રાખતી, ભારે વ્યવસ્થાશક્તિનો પણ આ નમૂનો છે.) અત્યારે ચીનમાં જવું હોય તો તેઓ શું શું નવાં કામ કરી રહ્યા છે એ જોવું એ મુખ્ય રસનો વિષય છે. એ દૃષ્ટિએ ત્યાંના લોકો પૂર્વયોજિત કાર્યક્રમ પ્રમાણે બધું બતાવે એ ઊલટું વધારે સગવડભર્યું છે. હજારો માઈલના પ્રવાસમાં ૫૪ દિવસમાં અમને ચીનના જીવનની અનેક વીગતોનો જે રીતનો બહોળો પરિચય થયો તેવો ઘણાબધા પૈસા અને દિવસો ખરચવા છતાં અને અગવડો ઉઠાવવા છતાં કદાચ ન થઈ શકે. જે જે જોઈએ તેનું આખી તે પ્રજાના અને દુનિયાના ચિત્ર સાથે વિવેકપૂર્વક સંયોજન કરવું જોઈએ. એક શિશુમંદિરમાં બાળકો મસ્ત જોયાં એટલે ચીનમાં બધાં જ – કોટિકોટિ – બાળકો એ રીતે ઊછરે છે એમ, અથવા તો મજૂરોનો સુંદર સંસ્કારમહેલ એક ઠેકાણે જોવા મળ્યો એટલે ચીનના બધાં જ

મજૂરોને એવો લાભ મળ્યો છે એમ — માની લેવાની જરૂર નથી. ખુદ ચીની યજમાનો પણ એવી અત્યુક્તિ કરીને આપણે એમને વિષે ખોટી સમજ ન ફેલાવીએ એમ ઇચ્છે. એ રીતના એમના પ્રયત્નો શરૂ થયા છે એટલું જ એમને ઇષ્ટ હોય છે. બીજા દેશમાં જઈએ ત્યારે ગમે ત્યાં જવા મળે અને ગમે તેની સાથે વાત કરવા મળે તો એ લાભ નાનોસૂનો નથી. અગ્નિએશિયામાં થોડુંક હું ફર્યો ત્યાં આ બીજો લાભ પૂર્ણપણે હું લઈ શકતો હતો, પણ 'પૂર્વયોજિત' કાર્યક્રમ દ્વારા મને દેશો જેટલી ઝીણવટથી જોવા મળત તેટલા જોવા મળ્યા નહતા. (આ દેશોમાં પણ દા. ત. આપણા વડાપ્રધાન જેવા રાજ્યના મહેમાનને માટે તો કાર્યક્રમ પૂર્વયોજિત થઇ જાય.) ભાષા ન જાણતા હોઈએ ત્યારે ગમે ત્યાં ફરવાના ને વાતો કરવાના લાભની કિંમત થોડીક ઓછી થઈ જાય છે એ પણ ધ્યાનમાં રાખવાનું છે. એટલું મારે કહેવું જોઈએ કે પેકિંગમાં અમે હતા તે દરમિયાન શહેરને ગમે તે ખૂણે, ગમે તે શેરીમાં, ગમે તે ઘેર ચાલ્યા જતાં અમને કોઈ રોકનાર ન હતું. અમને કશો પ્રતિબંધ ન હતો. અવારનવાર અમે જતા પણ ખરા. દેશમાં બીજે ફરતાં પણ ગમે તેની સાથે વાતે વળગીએ એ સામે કોઈ વાંધો ન હતો. અલબત્ત દુભાષિયાની મદદથી વાત કરવાની રહેતી. જવાનું થોડુંક વહેલેથી નક્કી થયું હોત, અથવા તો ચીનમાં પહોંચતાં વેંત ભાષાના સંસ્કાર ઝીલવા તરફ ધ્યાન આપ્યું હોત તો ૫૪ દિવસ સામાન્ય વાતચીત જેટલું શીખવા માટે ઓછા ન હતા. અમે પાછા ફરવાના થયા ત્યારે ગણતર વાક્યો બોલતા થયા હતા. પણ જે દુભાષિયા ભાઈ-બહેનો હતાં તે તટસ્થપણે, ઘણીવાર અગવડભર્યાં સવાલો હોય ત્યારે પણ, એકથી બીજી ભાષામાં અનુવાદ કરતાં હતાં એના પુરાવા ઘણી વાર મળતા હતા. સામાનો જવાબ જરીક કઠે એવો હોય ત્યારે પણ તેઓ તો બેધડક અનુવાદ રજૂ કરી દેતાં. ચીન જેવા દેશમાં રાજ્યના (કેમ કે પ્રજા ને રાજ્ય વચ્ચે ત્યાં ઝાઝો ફેર નથી) મહેમાન હોઈ પ્રવાસ પૂર્વયોજિત તો રહેવાનો. તે ઉપરાંત ફરવાની અને વાતો કરવાની છૂટ હોય – ભાષા તમે જાણતા હો – તો પણ રાજ્યની રચના જુદી જાતની હોઈ પ્રજાજનો-ના પ્રત્યાઘાત એકંદરે બીબાઢાળ એકરૂપના આવવાના. પ્રજા અને રાજ્ય એકરૂપ હોઈ સર્વત્ર એકરૂપ દૃષ્ટિબિંદુનો જ પરિચય થવાનો. તમે ગમે ત્યાં જાઓ, તમારી સાથે કેમ બેસવું – બોલવું તે પ્રજાજનો આપોઆપ સમાલી લેવાના.

એટલે ચીન (અથવા રશિયા)માં પ્રવાસો પૂર્વયોજિત છે એમ કહેવાનો બહુ અર્થ નથી. એમ છે એ સ્વીકારીને જ અંગીકાર કરવો જોઈએ. કોઈ વસ્તુ નજરે જોઈ હોય ને ન જોઈ હોય એ તફાવત નાખી દેવા જેવો નથી. પ્રવાસ સફળતાનો આધાર બધું નજરે જુઓ અને તેનું વિવેકપૂર્ણ આકલન કરી શકો એની ઉપર છે.

કોઈ પણ બીજા દેશમાં જઈ આવ્યા પછી એ દેશ વિષે નિષ્ણાતની પેઠે બોલવાના પ્રલોભનના ભોગ, ઘણી વાર ખબરે ન પડે ને, થઈ જવાય છે. ખરું જોતાં લોકોને કૌતુક હોય છે ત્યાંની નોખી રહેણીકરણી જાણવા અંગે, ને એ પ્રવાસી સંતોષકારક વાત કરી શકે. પણ તેમાં પછી સામાજિક, રાજકીય, આર્થિક – જીવન વિષેની વાતો ભળે છે ને ઘણી વાર અધકચરી જાણકારીથી નિષ્ણાતની અભિપ્રાયો અપાવા માંડે છે.

આપણા દેશમાં ૪૧ વરસથી હું વસું છું, છતાં એના પ્રશ્નોનું સ્વરૂપ બરોબર સમજું છું એવો દાવો ન કરી શકું તો ચીન જેવડા અતિકાય દેશના પ્રશ્નો, આજે જ્યારે એ નવી જ જીવનપદ્ધતિ નિપજાવવા મથી રહ્યું છે એ સમયના પ્રશ્નો, ૫૪ દિવસ આ દેશમાં થોડુંક ફરવાથી ત્યાંની ભાષા ન જાણું એ સ્થિતિમાં કેટલે અંશે સમજી શકું એ કહેવાની જરૂર નથી. તેમ છતાં ચીન દેશની આપણાથી જુદી પડતી રહેણીકરણી વિષે જ આપણા લોકોને કૌતુક નથી. છેલ્લાં ત્રણ વરસમાં એ દેશે જે કાર્ય કર્યું છે એમ કહેવાય છે તે ખરેખર એણે કર્યું છે, કર્યું છે તો કેવી રીતે કર્યું છે, એ રીતમાં સારુંનરસું શું છે — એ બધું જાણવાની આપણા દેશના લોકોને સ્વાભાવિક ઉત્કંઠા છે. નજરે જોવાથી, પ્રવાસ દરમ્યાન અને પછી ત્યાંના જીવન વિષે માહિતી મેળવતાં તેમ જ ચીન બહાર વસતા ચીની લોકો સાથે વાતો કરતાં નવા ચીન અંગે મારી ઉપર કેવી છાપ પડી છે તે ટૂંકામાં અહિં રજૂ કરું છું. અંતમાં, નૂતન ચીન જે જીવનપદ્ધતિ નિપજાવી રહ્યું છે તેના ગુણાવગુણની ચર્ચા કરી

*

ચીન દેશમાં પહોંચતાં પહેલી છાપ પડે છે ત્યાંના આરોગ્યની. સ્ટેશન જોઈએ, રસ્તાઓ જોઈએ, પેકિંગમાં ઉપર કહ્યું છે તેમ ખૂણે ખાંચરે અમે પહોંચી જતા, ક્યાંય ગંદકીનું નામ ન મળે. ચીની પ્રજા ગંદકીમાં રહેતી.

શાંગહાઈમાં ગંદકીના ઉકરડા હતા. નવી નેતાગીરીએ પ્રજાને જાહેર સ્વચ્છતા માટે હાકલ કરી અને છેલ્લાં બેત્રણ વરસમાં સ્વચ્છતાનું સુંદર ધોરણ એમણે સ્થાપ્યું છે. ૧લી ઑક્ટોબરે રાષ્ટ્રીય દિન નિમિત્તે પેકિંગમાં વરતી વધે. રાજમાર્ગો ઉપર કામચલાઉ જાજરૂ બાંધવામાં આવ્યાં હતાં. અમે હજારો માઈલ ફર્યા તેમાં ક્યાંય કોઈને કુદરતી હાજતે ગમે ત્યાં બેઠેલ જોયું નહિ. ગામડામાં પણ મળ-મૂત્રના અવશેષ કે રેલા જોવા મળતા નહતા. આનું કારણ એ છે કે એ પ્રજાને મળ-મૂત્રનો ખાતર તરીકે ઉપયોગ કરવાની જૂની ટેવ છે. ગામડાંમાં સ્વચ્છતા જળવાવાનું એક બીજું કારણ એ પણ છે કે ઢોર બહુ નથી. કહે છે કે જપાનના આક્રમણ પછી ઘણાં ઢોર જપાનીઓને હાથે ખોરાક માટે કાપી નાખવામાં આવ્યાં હતાં. હવે ઢોરઉછેર ઉપર બહુ ધ્યાન આપવામાં આવે છે... થૂંકવા અંગે પણ કાળજી રાખવામાં આવે છે. જાહેર સ્થળોએ–કચેરીઓ, સભાસ્થાનો અને ગાડીઓમાં—થૂંકદાનીઓ મૂકેલી હોય છે. પણ ચીનમાં મેં કોઈને થૂંકતો ન જોયો એટલું બધું હું નહિ કહું. ગામડે ગયા હતા ત્યાં—ના જુવાન મુખી વાચનાલયમાં વાત કરતાં થૂંક્યો. સખત શરદી થયેલી હતી. મને થયું ચીનની આબરૂનું આ શું કરવા બેઠો છે! થોડી વાર પછી ફરી થૂંક્યો. પણ આ વખતે એ સભાન બન્યો. પગથી, ગામડાના લોકો કરે છે તેમ, ભૂંસી નાંખ્યું. ફરી એક વાર પણ એને આમ કરવું પડ્યું. વાતમાં એણે વિક્ષેપ પડવા દીધો નહિ......જ્યાં ત્યાં કચરાપેટીઓ પણ મૂકેલી હોય. ખાવાનું બરોબર ઢાંકેલું રાખવામાં આવે અને ગાડીમાં ખાવાનું વેચનાર મોંએ લૂગડાની મોંપત્તી બાંધી રાખે એવું જોવામાં આવતું હતું. સ્ટેશન કે રસ્તા પર કાગળિયાં ઊડતાં જોવા ન મળે. પેકિંગ રાજધાનીનું નગર, ટિયેન આન મીન (આપણા લાલ કિલ્લા જેવી જગા) આગળના પીપલ્સ સ્ક્વેર–જનતાચોક–થી થોડેક દૂર જ રસ્તા પર ધૂળ ઊડતી હતી, પણ ગંદકી કે કાગળિયાંનું નામનિશાન ન મળે. માત્ર કેન્ટનમાં ઑપેરા જોવાની અમે ઇચ્છા બતાવી અને અમે ગયેલા ત્યારે ત્યાં જમીન પર વપરાયેલી ટિકિટો, ફરફરિયાં વગેરે જોવા મળ્યાં અને ખાવાનું વેચનારાઓની આસપાસ પણ કાગળિયાં ઊડતાં જોયાં!... માખો, મચ્છર અને ઉંદર મારવાની છેલ્લાં બે વરસ દરમ્યાન ભારે ઝુંબેશ ઊપડી છે. સોટીને છેડે જાળી– એવા સાધનથી માખ દેખી કે મારી જ સમજો. આણે આટલા હજાર માખો મારી, ફલાણાએ અર્ધો લાખ મારી એવી એની હરીફાઈઓ પણ ચાલે છે. ('માખો મારવી' એટલે આળસુ રહેવું એવો આપણો અર્થ ત્યાં ચાલે નહિ!) આ બધું છતાં માખો કેટલેય ઠેકાણે જોવા મળતી હતી. સ્વચ્છતાનો આગ્રહ જેમજેમ એકેએક પ્રજાજન વધુ ને વધુ જાગ્રતિપૂર્વક રાખશે તેમ માખો નાબૂદ થશે.

ચીની પ્રજાને જોઈ તરત ધ્યાન ખેંચે છે એમનો સાદો પહેરવેશ. ગળા સુધી બંધ બટનવાળો ટૂંકો ભૂરો કોટ, જમીનથી થોડુંક ઊંચું પણ હોય એવું ભૂરું પાટલૂન–બંને ઇસ્ત્રીબંધ હોવાં જ જોઈએ એવું કાંઈ નહિ, મોજાં અને ચીના ઢબના અથવા દોરીવાળા બૂટ. પુરુષ કે સ્ત્રી બધાનો એકસરખો આ પોષાક. સ્ત્રીઓના વાળ કાપેલા (બૉબ્ડ). કોક જ બે-સેરવાળાં મળે. ભૂરો રંગ બનતા સુધી ઘેરો હોય. ક્યારેક આછો પણ હોય, ક્યારેક કાળો રંગ પણ હોય. પણ ઉત્તરના શેન્યાંગથી દક્ષિણના કેન્ટન સુધી શહેરોમાં, ગામડાંમાં, ગાડીમાંથી ડોકિયું કરતાં ખેતરોમાં–બધે જ આ વેશ જોવા મળે. શિયાળામાં, ઉત્તર હિંદમાં પહેરે છે તેવા ગોદડિયા ટૂંકા કોટ પહેરે છે. તરુણ સ્ત્રીઓ પણ સુંદર ઓવરકોટ હોય એમ ગોદડી-કોટ હાથમાં ઉપાડીને ફરતી હોય. કોઈક પાસે અંદર ગરમ રુંવાંટી હોય એવા કોટ પણ જોવા મળતા હતા. પણ કોઈક જ પાસે. વૃદ્ધો પગ સુધીનો લાંબો કાળો ગોદડી-કોટ પહેરે. વૃદ્ધોએ માથે ચીની ઢબની કાળી શંકુ આકારની ટોપી પણ પહેરેલી હોય. મુસલમાનો માથા પર ધોળી ચપટી ટોપી પહેરે. સામાન્ય રીતે સૌ ભૂરા રંગની આંખ ઉપર જરીક છજાવાળી ટોપી પહેરે છે. શિયાળા માટે બે કાન ઢાંકીને ગળે બાંધી શકાય એવી રીતે બે બાજુ એ વિસ્તારેલી હોય છે. ખુલ્લામાં કામ કરનારા ખેડૂતો ને મજૂરો માથે ઘાસની પહોળી શંકુ આકારની ટોપી રાખે છે. ભૂરો વેશ 'ગરીબ માણસનો વેશ' ગણાતો. આપણે ત્યાં ગાંધીજીએ ગરીબની ખાદીને અપનાવી અને પછી સ્વ. મોતીલાલ નહેરુ જેવા અમીરોએ પણ તે પહેરી–આખા દેશના રાષ્ટ્રપ્રેમીઓએ પહેરી, તેમ આ ભૂરો સામાન્ય વેશ નેતાઓએ અપનાવ્યો એટલે પ્રજાના બીજા વર્ગોએ પણ અપનાવ્યો. પ્રધાન, પટાવાળો, કારકુન ને મંત્રી, ચારે હારમાં ઊભા હોય તો પહેરવેશના કારણે એકજણ બીજાથી જુદો ન પડે. મોટા મોટા માણસો પણ આ પહેરવેશમાં જોવા મળતા હતા. કૉલેજોમાં ક્યાંક રડ્યાખડ્યા ટાઈ અને કોટપાટલૂન-વાળા અધ્યાપકો દેખાતા. હાઙ્ચાઉમાં હજામત કરાવવા અચાનક જઈ ચઢ્યો ત્યાં વીસેક કારીગરો હતા તેમણે ટાઈ

અને સ્વચ્છ લાંબો ધોળો ઝભ્ભો પહેર્યો હતો. ચીન દેશ રેશમનું પિયર. પણ રંગભૂમિ ઉપર જૂના સમયનાં રાજ-રાણી કે પ્રેમીઓએ રેશમી વસ્ત્રો પહેર્યાં હોય એ જ, રંગભૂમિ બહાર રેશમી વસ્ત્રો જોવા મળે ભાગ્યે જ. ભાગ્યે જ એટલા માટે કહ્યું કે આજે પહેરવેશમાં સાદાઈ છે, તે સાદાઈ ખાતર જ સાદાઈ છે એમ નથી. સમય વર્તીને છે. કાલે સારો દિવસ આવશે તો સારાં કપડાં પણ પહેરીશું એવી વૃત્તિ છે. આજે ચીન રેશમ ઘરઆંગણે વેચે છે તે કરતાં હોંગકોંગમાં સસ્તું વેચે છે કેમ કે એને બદલામાં બીજી ચીજો જોઈએ છે. પણ કાલે પોતે પહેરી શકે એવી સ્થિતિ આવશે ત્યારે જરૂર પહેરશે. ૧લી ઑક્ટોબરને દિવસે પ્રજાના વિવિધ વર્ગો સરઘસ-રૂપે નીકળ્યા તેમાં છોકરીઓએ સુંદર ફ્રોક પહેરેલાં હતાં. છેલ્લે કળાકાર સ્ત્રીપુરુષોનું વૃંદ આવ્યું. તેમનાં વસ્ત્રો તો રંગ-બેરંગી હોય જ.

ચીની પ્રજાની રહેણીમાં મોટાઓ માટેનો વિનય, ઓછા બોલાપણું, ધીમેથી વાત કરવાની રીત, ક્યાંક ગયા તો તરત ચાવાળું ગરમ પાણી (દૂધ-ખાંડ વિનાનું) પીરસવાનો રિવાજ, અતિથિસત્કાર – એ સહેજે ધ્યાન ખેંચે એવાં લક્ષણ છે. નવા ચીને વિકસાવેલી રીતોમાંથી બે ત્રણ ખાસ નોંધ-પાત્ર છે. એક તો જાહેરપ્રસંગોએ એ ચીની ઢબનું જ ખાણું પીરસે છે. અમે મહેમાનો હતા, અમને યુરોપીય ઢબનું રોટી, માખણ, સૂપ, શાક વગેરે ખાવાનું મળતું. પણ કોઈ નવે સ્થળે ગયા ને ગામના લોકો તમારી સાથે જમવામાં હોય —તમારું જાહેર રીતે સ્વાગત કરતા હોય, ત્યારે ચીની ઢબનું ખાણું જ તમને મળવાનું. લાંબી વાંસની ચીપોથી ખાવાનું. યુરોપીય ઢબે રકાબી દરેક વાનીએ બદલવી એ પણ જરૂરી ન રહે. એક વાડકો પ્રવાહીઓ માટે વધારાનો મૂકયો હોય. ગરમ પાણીમાં ઝબોળેલા નાના ટુવાલ, ખાવાનો શ્રમ વેઠી મુખારવિંદનાં સ્નાયુઓ અકડાયા હોય અથવા તો એ પરિશ્રમથી પરસેવો વળ્યો હોય તો, મદદે આવી પહોંચે. ક્યારેક એ સુગંધિત પણ હોય. આ ખાસિયત ખાસ વખાણવા જેવી છે. બીજી છે જાહેરપસંગે માત્ર ચીની ભાષામાં પ્રવચન કરવાની. મોટા વિદ્વાનો પણ ચીની ભાષામાં બોલે, ભાષાંતર કરે એમનો જ કોઈ સામાન્ય શિખાઉ વિદ્યાર્થી. જે ગામડામાં રહેલો ત્યાં પિપરમિંટના ખોખા ઉપર એક કાપલી ચોંટાડેલી જોઈ. દુભાષયાબેનને પૂછતાં તેણે કહ્યું કે એની ઉપર લખ્યું છે : આ જથ્થો જૂનો પડેલો હોઈ ખોખા ઉ[illegible] અંગ્રેજીમાં લખાણ છે. અંગ્રેજી સામે કોઈ અણગમો[illegible] તિરસ્કાર જોવામાં આવતો નહતો, પણ પ્રજા પાસે [illegible] પોતાની ભાષા દ્વારા પહોંચવું જોઈએ—એ એના સામ[illegible] હકનું માન કરવામાં આવે છે. ત્રીજી લાક્ષણિકતા પ્રજાજીવ[illegible] વિકસી છે તે છે સાર્વત્રિક ઉલ્લાસની. લોકવાદ્ય અને [illegible] નૃત્યને પુનર્જીવિત કરવામાં આવ્યાં છે. ભાવવાહી પ[illegible] લયમાં સમૂહગીતો ગવાય છે. ‘ યાંગ-કો ’ લોકનૃત્ય ઉ[illegible] હંગેરિયન નૃત્યપ્રકારો અપનાવવામાં આવ્યા છે. [illegible] બાળકોથી માંડી યુનિવર્સિટી સુધીના વિદ્યાર્થીઓ અને [illegible] જનોને સમૂહનૃત્ય કરતાં જોઈ આનંદનો ચેપ લાગે એવું [illegible] છે. આ ઉપરાંત કળાને જીવનમાં – ખાસ કરીને સમૂહજીવ[illegible] – વણી લેવાની આવડત ડગલે ને પગલે જોવા મળે છે.

ચીનમાં પગ મૂકતાં જ, આખી પ્રજા કામે મંડી [illegible] છે એ છાપ પડ્યા વિના ન રહે. ચીનમાં યંત્રોદ્યોગ અર્થત[illegible] ના દસ ટકા જેટલો હતો. હવે ઝડપી ઉદ્યોગીકરણ કરી પ[illegible] કૃષિવિષયક અર્થરચનામાંથી છૂટવાનું એનું ધ્યેય છે. [illegible] ઉ. પૂર્વ બાદ કરતાં, યંત્રો જૂજ છે. નથી યંત્રહળો (ટ્રેક્ટર[illegible] નથી ખોદયંત્રો (બુલડોઝર્સ). ચીન પાસે અત્યારે તો [illegible] પાવડા ને બાવડાં. માણસોને કામ આપવામાં આવ્યું [illegible] ૨૩ સુએઝકેનાલ જેટલું તો ત્રણ વરસમાં ચીને ખોદ[illegible] કર્યું છે. બેકારી સદંતર નથી અથવા દરેકને પૂરી રોજી [illegible] છે એમ હજી નહિ કહી શકાય. શરૂઆતમાં સમાજ[illegible] બદલાવા માંડી ત્યારે બેકારી ઊલટી વધી હતી. ૯ [illegible] નગરજનોમાંથી ૧૯૫૦ અધવચ ૧૬૬૦૦૦૦ બેકાર [illegible] અને વરસને અંતે ઘટીને ૬૧૦૦૦૦ થયા હતા. [illegible] ૧૯૫૧માં ૪॥ લાખ હતા. ગયા નવેમ્બરમાં પેકિંગની [illegible] અદાલતમાં ગયો હતો ત્યાં છૂટાછેડા માગતાં બે યુગલો[illegible] એકમાં પત્ની બેકાર હતી, બીજામાં બે બાળકોનો [illegible] ક્યાંક શિખવા રહેલો હતો.

જીવનનિર્વાહની પાયાની ચીજોના ભાવ નીચા રાખ[illegible] આવ્યા છે. ચોખા આપણા ૨–૦–૬ના ૧૩ રતલ [illegible] એક ઉત્તમ મજૂર દિવસના ૧૩ રતલ ચોખા કમાય. ([illegible] પણ ૫–૬ રતલ.) કાપડ આપણા પ્રમાણમાં મોઘું, ચા, તેલ, કેરોસીન, સિગરેટ, દિવાસળી, ખાંડના નીચા છે.

[અનુસંધાન પૃ. ૭૩ ઉપ[illegible]

પંચવર્ષીય યોજના : એક પરિચય *

વાડીલાલ ડગલી

ગ્રામોદ્યોગ

આપણા કૃષિપ્રધાન અર્થતંત્રમાં ગ્રામોદ્યોગને મહત્ત્વનું સ્થાન આપવાની યોજનાની નીતિ છે. સહકારી ધોરણે ગ્રામોદ્યોગપ્રવૃત્તિ વિકસે અને જે કારણોથી આ દેશમાં ગ્રામોદ્યોગ કરમાઈ ગયો તે કારણો દૂર કરી તેના પૂરતા વિકાસની પરિસ્થિતિ સર્જવાની યોજનાની નેમ છે. મોટા ઉદ્યોગો અને ગ્રામોદ્યોગ એક જ તંત્રનાં બે અવિભાજ્ય અને પરસ્પર પૂરક અંગો છે. આ માટે યોજના કેન્દ્રમાં એક મધ્યસ્થ ગ્રામોદ્યોગસંસ્થા સ્થાપવા સૂચવે છે. આ સંસ્થા સરકારી ખાતાંઓથી સ્વતંત્ર હશે. સંસ્થાનું સંચાલન કસાયેલા અને પીઢ ગ્રામોદ્યોગકાર્યકર્તાઓ, ખાદીકાર્યકરો અને કેન્દ્રસરકારના થોડા પ્રતિનિધિઓ કરશે. આ સંસ્થા ગ્રામોદ્યોગના સર્વાંગી વિકાસ માટે તેના પ્રશ્નોનો અભ્યાસ કરી સક્રિય સૂચનો કરશે. દરેક રાજ્યમાં પણ આવી સંસ્થા સ્થપાશે. પંચવર્ષીય યોજના દરમિયાન ગ્રામોદ્યોગના વિકાસ માટે સરકાર નક્કર ભૂમિકા તૈયાર કરવા ઇચ્છે છે. આથી જ્યાં મોટા ઉદ્યોગો અને ગ્રામોદ્યોગો વચ્ચે સ્પર્ધા હોય ત્યાં બન્ને ઉદ્યોગો સાથે મળી કોણ કેટલું ઉત્પાદન કરે તે નક્કી કરશે. સરકાર જોશે કે ગ્રામોદ્યોગને ઉત્પાદનની પૂરતી તક મળે. મોટા ઉદ્યોગો અને ગ્રામોદ્યોગ સાથે મળીને ઉત્પાદન કરે, ત્યારે નીચેના સિદ્ધાંતો સ્વીકારવા પડશે :

(૧) ઉત્પાદનનો અમુક ભાગ ગ્રામોદ્યોગ અથવા મોટા ઉદ્યોગ માટે અનામત રાખવો.

(૨) મોટા ઉદ્યોગોને વધુ વિસ્તૃત ન થવા દેવા.

(૩) મોટા ઉદ્યોગો પર ગ્રામોદ્યોગના વિકાસ અર્થે ખાસ વેરો (cess) નાખવો.

(૪) બન્નેને કાચો માલ મળે તેવી જોગવાઈ કરવી.

(૫) બન્ને ઉદ્યોગો માટે સંશોધન, તાલીમ વગેરેનું સંયોજન કરવું.

ગ્રામોદ્યોગના વિકાસ માટે યોજનાએ નીચેનાં મહત્ત્વનાં સૂચનો કર્યાં છે :

(૧) હાથશાળ માટે અનામત રાખેલું ઉત્પાદનક્ષેત્ર વિસ્તૃત કરવું.

(૨) ખાદ્યતેલોનું ઉત્પાદન ગ્રામોદ્યોગ માટે અનામત રાખવું અને અખાદ્ય તેલોનું ઉત્પાદન કારખાનાંઓ માટે અનામત રાખવું.

(૩) ખાસ સંજોગો સિવાય, મોટા પાયા પર કાચો માલ સાફ કરવાના ઉદ્યોગો(Processing industries)નો વિસ્તાર ન કરવો.

(૪) ચોખા છડવાનાં કારખાનાં ક્રમશઃ બંધ કરવાં.

(૫) ખાદી, હાથશાળ અને ઘાણીના વિકાસને મદદ કરવા કાપડની મિલો અને તેલનાં કારખાનાં ઉપર નાનો એવો ખાસ વેરો નાખવો.

ગ્રામોદ્યોગને કાચો માલ પૂરતા પ્રમાણમાં મળે તે માટે સરકાર જરૂર પડશે તો કાયદાની મદદથી પણ માલ મેળવશે. ગ્રામોદ્યોગના સંશોધન માટે સરકાર કેન્દ્રમાં એક સંસ્થા સ્થાપશે. નીચેના ૧૦ ઉદ્યોગોના વિકાસ માટે યોજનાના સમય દરમિયાન સરકાર ૧૫ કરોડ રૂપિયા ખર્ચશે: ૧. તેલની ઘાણી. ૨. લીમડાના તેલનો સાબુ. ૩. ડાંગર ખાંડવાનો ઉદ્યોગ. ૪. તાડીનો ગોળ. ૫. ગોળ અને ખાંડસરી. ૬. ચર્મોદ્યોગ. ૭. ધાબળા. ૮. ઊંચી જાતનો હાથકાગળ. ૯. મધમાખીનો ઉછેર. ૧૦. દીવાસળી.

નાના ઉદ્યોગો અને હાથકારીગરી

યંત્રથી ચાલતા નાના ઉદ્યોગોનો વ્યવસ્થિત વિકાસ થાય તે માટે કેન્દ્ર અને રાજ્યોની સરકારો સાથે મળી સંયુક્ત

* ગતાંકથી પૂરું.

કાર્યક્રમો તૈયાર કરે એવી યોજનાની સૂચના છે. ખાસ કરીને ઊનની બનાવટો, રમતગમતનાં સાધનો, ખેતીનાં ઓજારો, પિત્તળનાં વાસણો અને સાઇકલના ભાગો આ નાના ઉદ્યોગો તૈયાર કરશે.

હાથકારીગરીમાં કળા સાથે ઉપયોગિતાનું તત્ત્વ દાખલ થાય તેવી રીતે હાથકારીગરીનો વિકાસ કરવામાં આવશે. હાથકારીગરી–સહકારી મંડળો હાથકારીગરીના પ્રત્યેક કેન્દ્રમાં સ્થાપવામાં આવશે. હાથકારીગરીમાં વધુ સંશોધન કરવા કેન્દ્રસરકાર એક કેન્દ્રીય સંસ્થા સ્થાપશે.

ગ્રામોદ્યોગ માટે મૂડીની વ્યવસ્થા

કેટલાંક રાજ્યો પાસે પૂરતી સાધનસંપત્તિ ન હોવાથી ગ્રામોદ્યોગને તે રાજ્યો સહાય કરી શકતાં નથી. આથી યોજના સૂચવે છે કે ગ્રામોદ્યોગને નાણાં ધીરવા એક ઉદ્યોગોને નાણાં ધીરનારી સંસ્થા(Industrial Finance Corporation)ની સ્થાપના કરવી.

અગ્રસ્થાનનો ક્રમ (Priorities)

અર્થતંત્રના જુદા જુદા વિભાગોના વિકાસને કયા ક્રમે અગ્રસ્થાન આપવું તે દેશની તાત્કાલિક જરૂરિયાત અને આપણે કરવા ધારેલી અર્થતંત્રની આમૂલ નવરચનાને લક્ષમાં રાખી નક્કી કરવામાં આવ્યું છે. એક વિભાગનો વિકાસ બીજા વિભાગના વિકાસની પૂર્વતૈયારી છે. આ પંચવર્ષીય યોજનાના સમય દરમિયાન ખેતી, સીંચાઈ તથા વીજળીના વિકાસને સૌથી વધુ અગ્રસ્થાન આપવામાં આવ્યું છે. અત્યારે હાથમાં લીધેલી સીંચાઈ ને વીજળીની યોજનાઓ આ પાંચ વર્ષમાં પૂરી કરવામાં આવશે જ. આયોજનપંચ એમ સ્પષ્ટપણે માને છે કે અન્ન અને ઉદ્યોગમાં વપરાતા કાચા માલના ઉત્પાદનમાં ગણનાપાત્ર વધારો નહિ થાય તો ઉદ્યોગોની ઝડપી પ્રગતિ થવી મુશ્કેલ છે. જ્યાં ખેતીની ઉત્પાદકશક્તિ ઘણી ઓછી છે એવા અર્ધવિકસિત હિન્દમાં ખેતી અને ઉદ્યોગો વચ્ચે હરીફાઈનું કારણ નથી. એક-બીજાની સહાય સિવાય એમાંથી એકેની પ્રગતિ થઈ શકશે નહિ. બીજી રીતે કહીએ તો બન્ને એકબીજાનાં પૂરક છે. આર્થિક અને બીજાં મહત્ત્વનાં કારણોથી એ જરૂરી છે કે અન્ન અને કાચા માલ પરત્વે આપણે સ્વાવલંબી બનીએ એટલું જ નહિ પણ તેમનું વિપુલ ઉત્પાદન કરીએ. અર્થતંત્રનો પાયો મજબૂત કરવાનો આ એક માત્ર માર્ગ છે.

આયોજન—અવિરત અને ગતિશીલ પ્રક્રિયા

પંચવર્ષીય યોજનાએ સ્પષ્ટ કર્યું છે કે આયોજન જડ અને સ્થિર માળખું નથી પણ એ એક અવિરત અને ગતિશીલ ક્રિયા છે. જેમ જેમ વધુ માહિતી અને અનુભવ પ્રાપ્ત થશે તેમ તેમ યોજનામાં આવશ્યક ફેરફારો, ધ્યેયની મર્યાદામાં રહીને, કરવામાં આવશે.

યોજનાનું ખર્ચ

૧૯૫૫–૫૬ સુધીમાં પૂરી થતી પંચવર્ષીય યોજનાનું કુલ ૨,૦૬૯ કરોડ રૂપિયા નીચે પ્રમાણે ખર્ચવાનું નક્કી થયું છે :

૧૯૫૧થી ૧૯૫૬ સુધીમાં થનારો ખર્ચ

	રૂ. (કરોડમાં)	કુલ ખર્ચના ટકા
ખેતી અને ખેડૂતવિકાસ	૩૬૧	૧૭
સીંચાઈ	૧૬૮	[illegible]
બહુહેતુક સીંચાઈ અને જળશક્તિ	૨૬૬	૧૨
વીજળી	૧૨૭	[illegible]
વાહન અને સંદેશાવ્યવહાર	૪૯૭	[illegible]
ઉદ્યોગો	૧૭૩	[illegible]
જનકલ્યાણકારી કાર્યો	૩૪૦	[illegible]
પુનર્વસવાટ	૮૫	[illegible]
પ્રકીર્ણ	૫૨	[illegible]
કુલ	૨,૦૬૯	૧૦૦

આ જ ખર્ચ રાજ્યોવાર નીચે પ્રમાણે થશે :

કેન્દ્ર સરકાર	૧૨૪૧	કરોડ રૂપિયા
‘अ’ રાજ્યો	૬૧૦	,,
‘ब’ રાજ્યો	૧૭૩	,,
‘क’ રાજ્યો	૩૨	,,
જમ્મુ અને કાશ્મીર	૧૩	,,
કુલ	૨૦૬૯	,,

વિકાસયોજના પ્રમાણે પ્રત્યેક अ, ब, क રાજ્યદીઠ કરવા ધારેલ ખર્ચની વીગત :

'अ' રાજ્યો	રૂ. (કરોડમાં)	'ब' રાજ્યો	રૂ. (કરોડમાં)	'क' રાજ્યો	રૂ. (કરોડમાં)
આસામ	૧૭.૪૯	હૈદ્રાબાદ	૪૧.૫૫	અજમેર	૧.૫૭
બિહાર	૫૭.૨૯	મધ્ય ભારત	૨૨.૪૨	ભોપાળ	૩.૯૦
મુંબઈ	૧૪૬.૪૪	મ્હૈસુર	૩૬.૬૦	બિલાસપુર	૦.૫૭
મધ્યપ્રદેશ	૪૩.૦૮	પેપ્સુ	૮.૧૪	કુર્ગ	૦.૭૩
મદ્રાસ	૧૪૦.૮૪	રાજસ્થાન	૧૬.૮૨	દિલ્હી	૭.૪૮
ઓરિસ્સા	૧૭.૮૪	સૌરાષ્ટ્ર	૨૦.૪૧	હિમાચલ પ્રદેશ	૪.૫૫
પંજાબ	૨૦.૨૧	ત્રાવણકોર–કોચીન	૨૭.૩૨	કચ્છ	૩.૦૫
ઉત્તરપ્રદેશ	૯૭.૮૩			મણિપુર	૧.૫૫
પશ્ચિમબંગાળ	૬૯.૧૦			ત્રિપુરા	૨.૦૭
				વિંધ્યપ્રદેશ	૬.૩૯
	કુલ ૬૧૦.૧૨		કુલ ૧૭૩.૨૬		કુલ ૩૧.૮૬

ખેતી, સીંચાઈ, વીજળી

હિંદનું ક્ષેત્રફળ ૮૧.૧ કરોડ એકર છે. આમાંથી ૨૦ કરોડ એકર પર ડુંગરો અને રણો તથા ગાઢ જંગલો આવેલાં છે તેથી તેને વિષે આંકડા મળી શકયા નથી. બાકીની ૬૧.૧ કરોડ એકર જમીનનું વર્ગીકરણ નીચે પ્રમાણે છે:

	એકર (કરોડમાં)	કુલના ટકા
જંગલો	૯.૩	૧૫
કુલ જમીનનું વાવેતર	૨૬.૬	૪૪
ખેડાયેલી પણ પડતર	૫.૮	૯
ખેડવા લાયક પડતર	૯.૮	૧૬
ન ખેડી શકાય તેવી	૯.૬	૧૬
	કુલ ૬૧.૧ કરોડ	૧૦૦

એ સુવિદિત છે કે હિંદના ખેડૂતનું જીવન વરસાદની અકળ લીલા સાથે સંકળાયેલું છે. આપણી જેટલી જમીન પર વાવેતર થાય છે તેના ૨૦ ટકાને પણ સીંચાઈનો લાભ મળતો નથી. વળી દેશના ભાગલા થવાથી ૨ કરોડ એકર પીતની જમીન (irrigated land) પાકિસ્તાનને ભાગ આવી. માત્ર વરસાદ ઉપર આધાર રાખવાથી આપણી જમીનની ઉત્પાદકશક્તિ ઘટતી જાય છે:

એકર દીઠ ચોખાની સરેરાશ પેદાશ:	(રતલમાં)
૧૯૧૪-૧૫થી ૧૯૧૮-૧૯	૯૮૨
૧૯૨૬–૨૭થી ૧૯૩૦–૩૧	૮૫૧
૧૯૩૧–૩૨થી ૧૯૩૫–૩૬	૮૨૯
૧૯૩૬–૩૭	૮૬૧
૧૯૩૭–૩૮	૮૨૬
૧૯૩૮–૩૯	૭૨૮

રસાયણિક ખાતર, સહકારી ખેતી અને સીંચાઈ ઉત્પાદક શક્તિની વૃદ્ધિમાં મોટો ફાળો આપી શકે. યોજનાએ એવી ગણતરી કરી છે કે આપણા દેશમાં ૧૩૫.૬ કરોડ એકર-ફીટ પાણી મળી શકે તેમ છે. તેમાંથી માત્ર ૭.૬ કરોડ એકર-ફીટ એટલે કે ૫.૬ ટકાનો જ સીંચાઈમાં ઉપયોગ કરીએ છીએ. યોજનાની ગણતરી પ્રમાણે ૪૫ કરોડ એકર-ફીટ પાણીનો સીંચાઈ માટે સહેલાઈથી ઉપયોગ થઈ શકે. આ હેતુથી યોજનાના કુલ ખર્ચનો મોટામાં મોટો ભાગ ખેતી, સીંચાઈ અને વીજળી પાછળ ખર્ચવાનું નક્કી થયું છે. કુલ ૨,૦૬૯ કરોડમાંથી ૯૨૨ કરોડ એટલે લગભગ ૪૫ ટકા જેટલી રકમ આ કામોમાં વપરાશે. એવી ગણતરી રાખવામાં આવી છે કે પંચવર્ષીય યોજના પૂરી થાય ત્યારે ૧૯૮ લાખ એકર વધુ જમીનને સીંચાઈનો લાભ મળશે. જ્યારે ૧૨ લાખ કિલોવોટ્સ વધુ વીજળી ઉત્પન્ન થશે.

સીંચાઈ અને વીજળી :

	૧૯૫૦-૫૧ (લાખમાં)	૧૯૫૫-૫૬ (લાખમાં)
સીંચાઈ	૫૦૦ (એકર)	૬૯૮ (એકર)
વીજળી	૨૩ (કિલોવૉટ્સ)	૬૫ (કિલોવૉટ્સ)

યોજના પૂરી થતાં નીચે પ્રમાણે વધારે વીજળી મળી શકશે :

ઘરવપરાશ માટે	૬૪	ટકા વધારે મળશે
વ્યાપાર માટે	૩૯	,,
ઉદ્યોગ માટે	૫૮	,,
સીંચાઈ માટે	૧૦૫	,,
પ્રકીર્ણ	૩૫	,,

રસાયણિક ખાતરો, સીંચાઈ, સહકારી ખેતી, ગ્રામવિકાસના કાર્યક્રમો અને જમીનમાલિકીના સુધારા (Land reforms) દ્વારા યોજના ૧૯૫૫-૫૬માં એવી પરિસ્થિતિ સર્જવા માગે છે કે આપણે અન્ન અને રૂ અંગે સ્વાવલંબી બની શકીશું. આ ઉપરાંત ભાગલાથી શણ જેવા અતિ મહત્ત્વના કાચા માલની જે ખાધ ઊભી થઈ તેને પણ ઠીકઠીક પ્રમાણમાં પહોંચી વળીશું. અન્ન અને કાચા માલના ઉત્પાદનમાં નીચે પ્રમાણે વૃદ્ધિ થશે :

	૧૯૫૦-૫૧નું ઉત્પાદન	૧૯૫૫-૫૬નું ઉત્પાદન
અનાજ	૫૨૭ લાખ ટન	૬૧૬ લાખ ટન
શેરડી	૫૬ ,,	૬૩ ,,
તેલીબિયાં	૫૧ ,,	૫૫ ,,
રૂ	૨૯.૭ લાખ ગાંસડી	૪૨.૨ લાખ ગાંસડી
શણ	૩૩ ,,	૫૩.૯ ,,

આ ઉપરાંત માછીમારોના ધંધાના વિકાસ માટે ૧૪૦ વધુ યાંત્રિક નાવો, ૯ બરફનાં કારખાનાં તથા બીજાં જરૂરી સાધનોની વ્યવસ્થા થશે. આ બધા દ્વારા ૧૯૫૫-૫૬માં ૧૫ લાખ ટન માછલી પકડવાનું શક્ય બનશે એટલે કે હાલ ૧૦ લાખ ટન માછલી પકડાય છે તેમાં ૫૦ ટકાનો વધારો થશે.

૧૯૫૨ના ઑક્ટોબરની બીજી તારીખે આપણા દેશમાં ૫૫ ગ્રામવિકાસયોજનાઓ શરૂ થઈ. ૧ કરોડની ગ્રામવસતીને આવરી લેતી આ યોજનાઓ સહકારી ધોરણે સ્વાવલંબનથી ગામડાંઓનું નવસર્જન કરવામાં મદદ કરશે. પછાત પ્રદેશોમાં શરૂ કરવામાં આવેલી આ યોજનાઓ ધીમેધીમે સારાયે દેશની ગ્રામપ્રજાને આવરી લેશે. હાલ ત્રણ વર્ષ માટે ૯૦ કરોડના ખર્ચે અમલમાં આવેલી આ યોજનાઓ ગામડાંઓનો સર્વાંગી વિકાસ કરવામાં સહાય કરશે. આ ઉપરાંત ખેતીની નવી પદ્ધતિના પ્રચાર, સમજાવટ વગેરે અંગે એક ખાસ સંસ્થા ઊભી કરવામાં આવશે. ૧૯૫૫-૫૬ સુધીમાં ગ્રામપંચાયતો અને સહકારી મંડળીઓમાં નીચે પ્રમાણે વધારો થશે :

	૧૯૫૦-૫૧ (સંખ્યા હજારમાં)	૧૯૫૫-૫૬ (સંખ્યા હજારમાં)
૧ ગ્રામપંચાયતો	૫૫	૬૯
૨ સહકારી મંડળીઓ		
ધીરધાર	૮૮	૧૧૩
વેચાણ અને ખરીદી	૧૫	૨૧
બહુહેતુક	૩૨	૪૧
બીજી	૨૭	૩૬
	૧૬૨	૨૧૧

ઉપરાંત	૧૯૫૦-૫૧માં (મંડળીની સંખ્યા)	૧૯૫૫-૫૬માં (મંડળીની સંખ્યા)
લિફ્ટ	૧૯૨	૫૧૪
સહકારી ખેતી	૩૫૨	૯૭૫
	૫૪૪	૧૪૮૯
કુલ મંડળીઓ	૧૬૩ (હજાર)	૨૧૨ (હજાર)

પશુપાલન અને ડેરીના ઉદ્યોગ પાછળ ૨૨ કરોડ રૂપિયા ખરચાશે. આના પરિણામે યોજના પૂરી થયે આપણી પાસે ૬૦૦ કેન્દ્રો હશે. પ્રત્યેક કેન્દ્રમાં ૫૦૦ સારી ઓલાદની ગાયો હશે. આ ઉપરાંત ઢોરો માટે ૨૬૪૦ દવાખાનાં અને ૧૫૦ કૃત્રિમ ગર્ભાધાન(artificial insemination) કેન્દ્રો હશે. જંગલોની જાળવણી માટે ૧૨ કરોડ રૂપિયા ખરચાશે.

ઉદ્યોગો

પાયાના ઉદ્યોગો સિવાય બાકી બધા ઉદ્યોગો આ

સાહસ પર છોડી દેવામાં આવ્યા છે. સરકાર ૧૭૩ કરોડ રૂપિયા એટલે કુલ ખર્ચના ૮.૪ ટકા ઉદ્યોગો પાછળ ખર્ચશે. તેમાં ૯૪ કરોડ કેન્દ્ર અને રાજ્યની સરકારોના ઉદ્યોગો પાછળ અને ૫૦ કરોડ ઉદ્યોગોને ખાસ જરૂરી એવા વાહનવ્યવહાર અને બીજા પાયાના ઉદ્યોગોના વિકાસ માટે ખર્ચાશે. સરકારી સાહસોમાં એક નવું પોલાદનું કારખાનું થશે એ નોંધપાત્ર છે. આપણા મોટા ભાગના ઉદ્યોગોના વિકાસની જવાબદારી ખાનગી હાથમાં રહેશે એટલે યોજનાએ સૂચવ્યું છે કે તેણે પસંદ કરેલા ૪૨ ઉદ્યોગોનો વ્યવસ્થિત વિકાસ કરવો. આ ઉદ્યોગોના વિકાસના કાર્યક્રમો યોજનાએ ઘડી કાઢ્યા છે. એવી અપેક્ષા રાખવામાં આવી છે કે ખાનગી સાહસ, યોજનાના સમય દરમિયાન, ૬૧૩ કરોડ રૂપિયાનું રોકાણ કરશે. યોજનાના સમયને અંતે ઔદ્યોગિક ઉત્પાદનમાં નીચે પ્રમાણે વધારો થશે :

ઉદ્યોગ		૧૯૫૦-૫૧	૧૯૫૫-૫૬
લોખંડ અને પોલાદ			
ફાઉન્ડ્રીઝ માટે કાચું			
લોખંડ	(લાખ ટન)	૩.૫	૬.૬
પોલાદ	(લાખ ટન)	૯.૮	૧૩.૭
સિમેન્ટ	(લાખ ટન)	૨૬.૯	૪૮.૦
એલ્યુમિનિયમ	(હજાર ટન)	૩.૭	૧૨.૦
રસાયણિક ખાતર			
એમોનિયમ સલ્ફેટ	(હજાર ટન)	૪૬.૩	૪૫૦.૦
સુપર ફોસ્ફેટ	(હજાર ટન)	૫૫.૧	૧૮૦ ૦
એન્જિનો	(નંગ)	—	૧૭૦
યાંત્રિક ઓજારો	(હજાર નંગ)	૧.૧	૪.૬
પેટ્રોલ	(લાખ ગેલન)	—	૪૦૩.૦
બીટુમેન (Bitumen)	(હજાર ટન)	—	૩૭.૫
સૂતરની બનાવટ			
સૂતર	(લાખ રતલ)	૧૧૭૯૦	૧૬૪૦૦
મિલનું કાપડ	(લાખ વાર)	૩૭૧૮૦	૪૭૦૦૦
હાથશાળ	(લાખ વાર)	૮૧૦૦	૧૭૦૦૦
શણની બનાવટ	(હજાર ટન)	૮૯૨	૧૨૦૦
બાયસિકલો	(હજારમાં)	૧૦૧	૫૩૦
બળતણ તરીકે			
વપરાતો દારૂ	(લાખ ગેલન)	૪૭	૧૮૦

ખેતીવિષયક યંત્રો

શક્તિથી ચાલતાં પંપ	(નંગ હજારમાં)	૩૪.૩	૮૫.૦
ડિઝલ એન્જિનો	(નંગ હજારમાં)	૫.૫	૫૦.૦

વાહન અને સંદેશાવ્યવહાર

યોજના વાહન અને સંદેશાવ્યવહાર પાછળ ૪૯૭ કરોડ રૂપિયા એટલે કુલ ખર્ચના ૨૪ ટકા ખર્ચવા માગે છે. વાહનવ્યવહારની દેશના અર્થતંત્રમાં જે ઉપયોગિતા છે તે દૃષ્ટિએ આપણો વાહનવ્યવહાર વિકસિત નથી. આપણે ત્યાં હાલ ૨૪૫ હજાર માઈલના રસ્તાઓ છે, જ્યારે ઈંગ્લેંડ જેવા નાના દેશમાં ૧૮૩ હજાર માઈલના અને અમેરિકામાં ૩ લાખ માઈલના રસ્તા છે.

ઉપર જણાવેલા ૪૯૭ કરોડમાંથી ૪૦૦ કરોડ રૂપિયા રેલવે પાછળ ખરચાશે. રેલવેમાં ૧૯૩૭થી ખખડી ગયેલાં એન્જિનો, વેગનો, ડબા વગેરેને સ્થાને નવાં મૂકી શકાયાં નથી. આથી આ યોજના દરમિયાન ખાસ નવું કામ કરવાને બદલે જૂનાને વ્યવસ્થિત કરવાનું રહેશે. આને પરિણામે યોજના પૂરી થયે ૨૦૯૨ નવાં એન્જિનો, ૮૩૩૫ ડબા અને ૪૭૫૩૩ નવાં વેગનો આવશે. આ ઉપરાંત રેલવેમાર્ગનું સમારકામ થશે.

રસ્તાઓ બાંધવા પાછળ ૩૧ કરોડ રૂપિયા ખર્ચાશે. રાષ્ટ્રના ધોરી માર્ગો ઉપરાંત ૪૩ નવા મોટા પુલો બંધાશે અને ૨૨૦૦ માઈલના રસ્તાઓનું સમારકામ થશે. વહાણવટા પાછળ ૧૫ કરોડ રૂપિયા ખર્ચાશે. રસ્તાઓ અને વહાણવટામાં નીચે પ્રમાણે પ્રગતિ થશે :

	માઈલ (હજારમાં)	માઈલ (હજારમાં)
રસ્તાઓ	૧૯૫૦-૫૧	૧૯૫૫-૫૬
રાષ્ટ્રના ધોરી રસ્તાઓ	૧૧.૯	૧૨.૫
રાજ્યના રસ્તા	૧૭.૬	૨૦.૬
કાચા રસ્તા	આંકડા નથી	૧૬ વધુ

	(હજારમાં)	(હજારમાં)
વહાણવટું	૧૯૫૦-૫૧	૧૯૫૫-૫૬
કાંઠાનું (ટનેજ)	૨૧૧	૩૧૫
દરિયાપાર (ટનેજ)	૧૭૩	૨૮૩

બંદરોના વિકાસના કાર્યક્રમમાં કરાંચીની ખોટ પૂરી પાડવા ૧૨ કરોડના ખર્ચે કંડલા બંદરનો વિકાસ થશે. આ

ઉપરાંત મુંબઈ, કલકત્તા, મદ્રાસ, વિઝાગાપટનમ્ અને કોચીનનાં બંદરોના વિકાસ કરવાની પણ યોજના છે.

આયોજનપંચને એમ લાગે છે કે હાલનો બિનલશ્કરી (civil) વિમાની વ્યવહાર એક જ એકમ તરીકે કાર્ય નહિ કરે તો ટકી નહિ શકે. આથી યોજનાએ ૯ કરોડ રૂપિયા હાલની વિમાનવ્યવહારની સંસ્થાઓના શૅર ખરીદી લેવા અનામત રાખ્યા છે.

પોસ્ટ, ટેલિગ્રાફ અને ટેલિફોનના વિકાસ અર્થે ૫૦ કરોડ રૂપિયા ખર્ચાશે. એ હજાર કે તેથી વધુ વસતીવાળા દરેક ગામડામાં પોસ્ટઑફિસ હોય તેવી વ્યવસ્થા થશે.

લોકકલ્યાણનાં કાર્યો

લોકકલ્યાણનાં કાર્યોમાં યોજના ૩૪૦ કરોડ અને નિરાશ્રિતોના પુનર્વસવાટ માટે ૮૫ કરોડ રૂપિયા ખર્ચશે. એટલે કુલ ૪૨૫ કરોડ રૂપિયા લોકકલ્યાણનાં કાર્યો પાછળ ખર્ચાશે.

લોકકલ્યાણનાં કાર્યોમાં મુખ્ય ખર્ચ શિક્ષણ પાછળ થશે. શિક્ષણ માટે ૧૫૬ કરોડ એટલે કે લોકકલ્યાણના ખર્ચના ૪૬ ટકા અને આયોજનના કુલ ખર્ચના ૭ ટકા વપરાશે. શિક્ષણમાં ઔદ્યોગિક શાળાઓની વૃદ્ધિ પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે.

શિક્ષણ અને કેળવણી :

વિદ્યાર્થીઓ :	૧૯૫૦–૫૧	૧૯૫૫–૫૬
પ્રાથમિક શાળા	૧૫૧.૧ લાખ	૧૮૭.૯ લાખ
પાયાની કેળવણીની શાળા	૨૯.૦ લાખ	૫૨.[illegible] લાખ
માધ્યમિક શાળા	૪૩.૯ લાખ	૫૭.૮ લાખ
ઔદ્યોગિક શાળા	૧૪.૮ હજાર	૨૧.૮ હજાર
બીજી ઔદ્યોગિક અને ધંધાનું શિક્ષણ આપતી શાળાઓ	૨૬.૭ હજાર	૪૩.૬ હજાર

આરોગ્ય

આરોગ્ય પાછળ ૪૭ કરોડ રૂપિયાનું ખર્ચ થશે. તેના ૫૦ ટકા હૉસ્પિટલો અને દવાખાનાંના વિકાસ અંગે ખર્ચાશે અને લગભગ ૪૦ ટકા વૈદકીય તાલીમ પાછળ ખરચાશે. આ ઉપરાંત ૧૭ કરોડ રૂપિયા મૅલેરિયાનિયંત્રણની યોજના પાછળ ખર્ચાશે. દર વર્ષે ડૉક્ટર, વૈદ્ય વગેરે તૈયાર થાય છે તેમની સંખ્યામાં નીચે પ્રમાણે વધારો થશે :

આરોગ્ય :	૧૯૫૦–૫૧	૧૯૫૫–૫૬	વધારો (ટ[illegible]
ડૉક્ટરો	૨૫૦૪	૨૭૮૨	૧૧.૧
કમ્પાઉન્ડરો	૮૬૪	૧૬૨૧	૮૧.૩
નર્સ	૨૨૧૨	૩૦૦૦	૩૫.૬
મીડવાઈફ	૧૪૦૭	૧૯૩૯	૩[illegible].૩
વૈદ્યો અને હકીમો	૯૧૪	૧૧૧૭	૨૨.૨

ઇસ્પિતાલો :	૧૯૫૦–૫૧ (હજારમાં)	૧૯૫૫–[illegible] (હજારમ[illegible]
(ખાટલા)	૧૦૬.૫	૧૧[illegible]

દવાખાનાંઓ :	૧૯૫૦–૫૧	૧૯૫૫–[illegible]
શહેરમાં	૧૩૫૮	૧૬૧[illegible]
ગામડાંમાં	૫૨૨૯	૫૮૪[illegible]

પછાત જાતિઓ

આપણે ત્યાં હરિજનો, આદિવાસીઓ તથા બીજી પછા[illegible] જાતિઓની વસતી લગભગ ૧૧ કરોડ જેટલી છે. [illegible] કોમોના શિક્ષણ અને બીજા વિકાસ અર્થે ૩૭ કરોડ રૂપિયા ખર્ચ થશે.

કુટુંબનિયોજન

આપણા દેશની વસતીમાં દર વર્ષે ૪૫ લાખનો એ[illegible] ૧$\frac{1}{4}$ ટકાનો વધારો થાય છે. આ હકીકતે સંતતિનિયમન પ્રશ્નને એક મહત્ત્વનો રાષ્ટ્રીય પ્રશ્ન બનાવ્યો છે. યોજના સમય દરમિયાન સંતતિનિયમન અંગે ૬૫ લાખ રૂ[illegible] ખર્ચવાનું નક્કી થયું છે.

વસવાટ

કામદારોના વસવાટ અંગે ૪૮ કરોડનું ખર્ચ [illegible] જ્યારે પાકિસ્તાનમાંથી આવેલા ૭૫ લાખ નિરાશ્રિતો પુનર્વસવાટ માટે ૮૫ કરોડનું ખર્ચ થશે.

પ્રકીર્ણ

યોજના દરમિયાન અછતની પરિસ્થિતિ ઊભી થા[illegible] દુકાળ પડે તે માટે ૧૫ કરોડ અનામત રાખવામાં આ[illegible] છે. લોકસહકાર અસરકારક રીતે મેળવવા યોજનાએ નક્કી કર્યું છે કે જ્યાં જ્યાં લોકો પોતે કામ કરે ત્યાં તેની કદર કરવા ૧૫ કરોડ રૂપિયા સુધી ખર્ચ કર[illegible]

સામાજિક સંસ્થાઓને યોજનાએ ૪ કરોડ રૂપિયા આપવાનું નક્કી કર્યું છે, જ્યારે યુવાનો તથા વિદ્યાર્થીઓ યોજનાના કાર્યક્રમોમાં ભાગ લે તો સહાય કરવા ૧ કરોડ રૂપિયા ખર્ચવાનું નક્કી થયું છે. રાષ્ટ્રીય વિકાસને માટે સામાજિક, આર્થિક અને વહીવટી તંત્ર પર સંશોધન કરવા ૫૦ લાખનું ખર્ચ થશે.

નાણાંની પ્રાપ્તિ

આપણા જેવા અર્ધવિકસિત દેશમાં આર્થિક વિકાસને માટે અનિવાર્ય મૂડીબંધારણ(Capital formation)ની ગતિ અત્યંત ધીમી હોય છે. આજે આપણી રાષ્ટ્રીય આવકના પાંચ ટકા મૂડીબંધારણમાં વપરાય છે. ૧૯૫૦–૫૧માં આપણી રાષ્ટ્રીય આવક ૯૦૦૦ કરોડ રૂપિયાની હતી. એટલે ૫ ટકાને હિસાબે ૪૫૦ કરોડ રૂપિયા મૂડીબંધારણમાં ગયા. પછાત દેશના વિકાસ માટે રાષ્ટ્રીય આવકના ૨૦ ટકા મૂડીબંધારણમાં જાય તો જ કાંઈક વિકાસ થઈ શકે. એટલે હાલની વપરાશ ઓછી કરી ભવિષ્યની પ્રગતિ માટે ભોગ આપવો. જ્યારે જીવન-ધોરણ નીચું હોય ત્યારે એ શક્ય બનવું કઠિન છે. આવા સંજોગોમાં પરદેશી સહાય, લોન વગેરેની જરૂર પડે છે. પણ મૂડી સાથે રાજકારણ સંકળાયેલું હોવાથી આયોજનપંચે નક્કી કર્યું છે કે આપણા ધ્યેય અને સિદ્ધાન્તને હરકત ન આવે તેની શરતે જ પરદેશની મદદ સ્વીકારવી.

યોજનાના ૨૦૬૯ કરોડના ખર્ચ માટે નીચે પ્રમાણે નાણાં મેળવવાની ધારણા રાખવામાં આવી છે :

	રૂપિયા કરોડમાં
કેન્દ્ર અને રાજ્યની સરકારોની ચાલુ આવકમાંથી બચત	૭૩૮
લોન અને ખાનગી બચત	૫૨૦
	૧૨૫૮
બહારથી અત્યાર સુધીમાં મળેલી મદદ	૧૫૬
	૧૪૧૪

આ હિસાબે ૬૫૫ કરોડ રૂપિયાની જોગવાઈ કરવાની રહેશે. આમાંથી ૨૯૦ કરોડની ખોટ ખાધપૂરકપદ્ધતિ-(deficit financing)થી પુરાશે. ખાધપૂરકપદ્ધતિ એટલે સાદી ભાષામાં વધુ નોટો છાપવી તે. આ પદ્ધતિનો આશરો લીધા પછી પણ ૩૬૫ કરોડની ખાધ રહે છે. એ નાણાં પરદેશી સહાય રૂપે આવશે એવી અપેક્ષા રાખવામાં આવે છે. જો પરદેશી સહાય ન મળે તો યોજનામાં થોડાઘણા ફેરફાર કરવાનો નિર્દેશ છે.

યોજના વિષે પ્રજામાં વિશ્વાસ અને ઉત્સાહ ઉત્પન્ન કરવા લોકોનો સહકાર મેળવવાની પદ્ધતિ અંગે અને વહીવટીતંત્રની સુધારણા અંગે સંખ્યાબંધ સૂચનો કર્યાં છે. એક સૂચન એવું છે કે સરકારી અમલદાર પોતાની તથા સગાંસંબંધીની સ્થાવર તથા જંગલ મિલકતનો પ્રત્યેક વર્ષે હિસાબ આપે. લોકસહકારને સંગઠિત રીતે પ્રાપ્ત કરવા બિનપક્ષીય અને બિનસરકારી ભારતસેવકસમાજ નામની સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે. આ ઉપરાંત યોજના વિષે જુદા જુદા પક્ષો અને હિતોનું પ્રતિનિધિત્વ ધરાવતી રાષ્ટ્રીય સલાહકાર સમિતિ રચવામાં આવી છે.

યોજનાનાં નોંધપાત્ર પરિણામો

એવી ગણતરી કરવામાં આવી છે કે આ યોજનાને અંતે આપણી રાષ્ટ્રીય આવકમાં ૧૧ ટકાનો વધારો થશે એટલે કે ૧૯૫૦–૫૧માં જે ૯૦૦૦ કરોડની રાષ્ટ્રીય આવક હતી તે વધીને ૧૦૦૦૦ કરોડ થશે.

આ દેશમાં ૫ કરોડ જેટલા સશક્ત લોકો બેકાર અથવા અર્ધબેકાર છે તેમાંથી વધુમાં વધુ ૧ કરોડ લોકોને આ યોજનાના અમલથી કામ મળશે.

યોજનાને અંતે અનાજ તથા રૂની બાબતમાં દેશ સ્વાવલંબી બનશે.

મરામતની યોજના

આ યોજનાને હવે પછીની યોજનાની પૂર્વતૈયારી લેખે વર્ણવવામાં આવી છે. આર્થિકયોજનાના બે પ્રકારો હોય છે : એક નવઘડતરની(Structural) યોજના, જેમાં અર્થતંત્રના માળખાને બદલી મૂળભૂત ફેરફારો કરવામાં આવે છે; બીજી મરામતની(Functional) યોજના, જેમાં અર્થતંત્રના માળખાને અબાધિત રાખી અહીંતહીં ફેરફાર તથા સુધારા કરવામાં આવે છે. એ દૃષ્ટિએ આ પંચવર્ષીય યોજના મરામતની યોજના છે.

અમદાવાદ : જાન્યુઆરી ૨, '૫૩.

અંતરે જોયું

ચર્મચક્ષુ થતાં બંધ. ઇન્દ્રિયો યે નિવર્તતાં
મનથી અંતરે જોયું, અહો સંભાર શો ભર્યો ?
રૂપરંગો ઊઠે કેવા ? તેજઅંધાર ઊમટે !
નદીઓ હારમાલાઓ પર્વતોની નવી નવી !
તેમાં કેવાં જનો આવે ? અજાણ્યા જાણિતા બને !
મેળો શો આ ભરાયો છે આંખના અંતરંગમાં ?

. . .

અરે જ્યારે તું જન્મ્યો'તો, હતું શું ગૂઢ આ બધું ?
મેળવ્યું અથવા સર્વે સૃષ્ટિથી ઇન્દ્રિયો થકી ?
અને આ ઊછળે કેવા ષડૂર્મિ મનસાગરે ?
કહીંથી સહુ આવો છો, જાઓ છો કહીંયે બધા ?

. . .

અરે આ પુંજને સાફ સંકલ્પપ્રાણથી કરી
શૂન્ય શી લે કરી શુદ્ધિ રહે છે બાકી પછી કંઈ ?
નથી ત્યાં સુખ કે દુઃખ, નથી હરખશોક ત્યાં !
આમાં શું રાચવા જેવું ? પ્રાસ શું આ કર્યું મથી ?
શૂન્યથી માપવો આત્મા ! આ અર્થે તપ ને વ્રત ?
શૂન્યમાં રાચવાની આ મૂઢતા જડતા ગમી ?
'સચ્ચિદાનન્દનું ધામ આત્મા છે' શ્રુતિઓ કહે !
અનુભવી ય ભાખે છે ! લીલા આ ઐન્દ્રજાલિકી ?
વંચના ગહરી કોઈ ઋષિઓની પરંપરા ?

. . .

શાન્ત થા ઝડપી વાયુ ! જોવા દે મનને મથી !

. . .

અરે આ પડદો શેનો તેજઅંધારનો ઘડયો ?
ઊઘડે, બંધ થાયે એ ! ભૂલી જા તર્ક તાહરો !
અરે સૌન્દર્ય આ કેવું અવગુંઠિત છે ઊભું !
માનિની તું અરે કેવી રૂપલક્ષ્મી જ ઢાંકતી ?

. . .

શૂન્યથી પર છે ધામ અધિષ્ઠાન જ વિશ્વનું
ક્ષણ કેરા સહસ્રાંશે જોયું, ન જોયું એ બને !

. . .

અરે પાછો ધકેલે કાં નથી શું તપ મેં કર્યું ?
ફરીથી શું ન જોવાની દેવી એ ચિન્મયી કદી ?

. . .

તપથી મળતી ના એ; અનન્ય પ્રેમ વાંછતી !

મૂસિફ઼ર

કોલોકિયલ ગુજરાતીમાં કવિતા

. પૃથ્વીછંદ .

ધિસીઝ ખરી ફૅક્ટ છે, ડિયર ઓ જશુ ફ્રૅન્ડ તું
નહીં તુજ સિવાય હું અધર કોઇને શું કહું
અરે બિલીવ યાર ! જો અહીં ઊભી હતી ટ્રામ
નજીક ફૂટપાથ આ, ત્યહીં ઊભી હતી એ સું
પછી તરત એ ચઢી ઉપર ફ્રન્ટના ગે
જરી મલકતી, જરા ઠમકતી બડી સ્ટાઇલ
અને મુજ નજીક એ સિટ અડોઅડીએ
થઈ ખડડ સ્ટાર્ટ ટ્રામ, જરી લાગતાં આંચ
લગોલગ ખભા હતા; અસલ જેમ દુષ્યંત કે
વળી પુરુરવા*ખભે અડી શકુંતલા – ઉર્વ

અડોઅડ ખભા હતા, અડી ઘડી રહ્યા તે
અમે નજર મીટમાં, હૃદય બીટ એના
હશે અનુભવ્યા નકી, મધુર ગ્રૅાબમાં તે
બિકૉઝ હર સ્લીવલેસ વળી બૉબ્ડના ક
અને ઇયરરીંગ તો ફુલકિયું ? અરે જો ભૂ
અહં ટ્યુલીપ શું ઝુલે, નજરમાં બધું સ્વીટ
ધર્યું, મધુર મૂર્તિની ફિગરની બ્યુટી, કેશ
ભૂલી સમયસ્થાનને. લુકીંગ ઍટ ત્રાંસી
ત્યહીં સડનલી મને નજીક આવી કં
કરી ટિકિટમાંગ ત્યાં, જરીક ભાન આવ્યું
અને વુડ બીલીવ ! એક નહીં બે ધરી આની
લઈ ટિકિટ બે પછી ટિમીડલી પૂછ્યું : ક્યાં જશે

અને તરત સ્વીટલી, અરર, યાર રે શું કહ
વદી : "ટિકિટ જ્યાં જશે, ત્યહીં જઈશ હું સ્યોર
અમસ્થી રદ્દ શીદ એ ટિકિટને કરું હું વળી
કરી ટણટણાટ ને ખડખડાટ એ
અનેક વિકટોરીઆ, વમળતી પથે, સ્ટ
જુવાન ત્યહીં જંપ લે, ફુલીશ લોક વચ્ચે
કૂદે, અડવડે, ધસે, ટણણટં જતી ટ્રામ
ઊભી સખત શૉકથી, અજબ શૉખથી ટટ્ટુ
પડ્યાં ધરરધૂસ્ બધાં પગ–ઠરેલ જે પુસ્ત
અચાનક પડી વિચિત્ર વળી આગની બૂમ
બધાં જ ત્યજી સીટ્સ લઈ લાઈફને દો
ત્યજી સકળ બૂકસ એ ઊતરી ફ્રન્ટના ડોર
પડેલ ગભરાટમાં હુંય ગયો વળી ઑફ

અને અવર વૈઝ એ કુદરતે કર્યાં રે,
ગઈ, ટિકિટ આ રહી ફકત દેખવી એ સ

ચંદ્રવદન મહેતા

---

* સજેસ્ટ અહીં જે કર્યું સહજમાં ઉમાશંકરે.

પ્રેમનો કવિ — દયારામ*

નિરંજન ભગત

દયારામની કવિતાને ને મારે પ્રેમનો સંબંધ છે. કારણ કે સર્જનહારની સૃષ્ટિની એકે સુન્દરીમાં હજુ દયારામની કવિતાની મોહિની જાણી નથી. જ્યારે દયારામની કવિતાનો દેહ જોઈ ને જાતને પૂછું છું, એના જ શબ્દોમાં પૂછું છું :

> કિયે ઠામે મોહિની ન જાણી રે?
> ભ્રગુટિની મટકમાં કે ભાળવાની લટકમાં કે શું
> મોહિની ભરેલી આ વાણી રે!

આ પ્રેમના પ્રત્યુત્તરમાં, મોહિની ભરેલી આ વાણીના સૌંદર્ય-કેફમાં, ૧૯૪૮માં, આ બોલનારથી ચાર-છ કૃતિઓ રચ્યા વિના રહેવાયું નહોતું. આસોની એકાદશીની એક ચાંદની રાતે, કવિના જન્મસ્થાનની સામે, નર્મદાતટે મલ્હારરાવના ઘાટ પર, કવિના જ શ્રોતાજનોના વંશજો સમક્ષ, અનેક કવિમિત્રોની સાથે જ્યારે એમાંની એક કૃતિ ગાઈ ત્યારે જે ધન્યતા અનુભવી હતી તે ત્યાંની આબોહવામાં દયારામના આત્માનો વાસ હતો એને આભારી હતી. કવિ હોવાનો ગર્વ ત્યારે જેવો થયો હતો તેવો આજ લગીમાં ક્યારેય થયો નથી. દયારામની અને અલબત્ત શ્રોતાજનોની ક્ષમાયાચના સાથે આટલો અંગત ઉલ્લેખ કરું તો તે અસ્થાને કે અનુચિત નહીં ગણાય. વિદ્વાન ન હોય, વિવેચક ન હોય, એવા એક અલ્પ કવિજંતુએ દયારામની કાવ્યપ્રતિભાને અન્ય કઈ રીતે અંજલિ અર્પવી એ અત્યારે સૂઝતું નથી.

જીવનમાં પ્રેમ જેટલો સુલભ છે એટલો કવનમાં વિરલ છે. કારણ કે પ્રેમનો અર્થ શબ્દકોષમાં તો એક જ છે પણ માનવી માનવીના હૃદયકોષમાં એનો અનન્ય અર્થ હોય છે. સર્વ માનવઅનુભવોમાં કદાચ પ્રેમ જેવો અંગત અનુભવ અન્ય કોઈ નહીં હોય. એટલે એને પોતાથી અલગ પાડીને, પારકો માનીને જોવો એ આંખોને પોતાથી અલગ પાડીને જોવા જેવું છે. જ્યારે કલાનું રહસ્ય તો આ પ્રક્રિયામાં રહેલું છે. પોતાના વ્યક્તિત્વના વળગાડમાંથી અનુભવને મુક્ત કરવામાં તો કવિતાનો કીમિયો છે. ત્યારે તો માનવીમાંથી કવિ જન્મે છે. પ્રેમના અનુભવમાં વ્યક્તિત્વ એટલું તો ઓતપ્રોત હોય છે કે એમ કરવું અશક્ય નહીં તો અસાધારણ તો છે જ. માનવ તરીકે આપણને પ્રેમના અનુભવનું જ મૂલ્ય હોય પણ કવિને તો એ અનુભવની અભિવ્યક્તિનો જ મહિમા હોય. કારણ કે કવિનું પરમ કે ચરમ લક્ષ્ય વ્યક્તિ નહીં, અભિવ્યક્તિ છે. આ સત્ય દયારામને સમજાયું હશે ત્યારે જ એણે ગાયું હશે ને કે :

> ઓધવજી, છે અળગી રે, વાત એક પ્રેમ તણી,
> કોઈ અનુભવી જાણે રે, કહેતાં તો ના'વે બણી
> મૂંગે સાકર ખાધી રે, ગૂંગાને સ્વપ્ન થયું,
> સરવે મન જાણે રે, બીજાને ન જાય કહ્યું.

અથવા તો

> ગોળ પોતાનો ખૂણે ખાઈએ, કરીએ દીઠો અદીઠો જી
> પ્રગટ કરી બજારે બેઠાં શું લાગે છે અતિ મીઠો?

પ્રેમમાં પારંગત એવા દાંતે જેવા કવિને પણ પોતાના અંગત પ્રેમના કાવ્ય – Vita Nuova-માં વચમાં વચમાં ગદ્યભાષ્ય રચવું પડયું છે એનું રહસ્ય પણ આ જ હશે ને! પ્રેમના અનુભવની અભિવ્યક્તિમાં જો કવિ પાર પડ્યો તો પ્રેમનો અનુભવ એટલો તો વ્યાપક છે કે એનું સંક્રમણ અભિવ્યક્તિ જેટલું જ દુઃસાધ્ય છે. પ્રેમ ન કર્યો હોય એવો માનવી – જો એ માનવીમાંથી મટી ન ગયો હોય તો મળવો મુશ્કેલ છે. દયારામ આનાથી અજાણ્યો તો શેનો જ હોય? કહે છે 'ઘટઘટમાં ઘર કીધું.' આથી જ આગળ કહ્યું કે પ્રેમનો અનુભવ સુલભ છે એનું કાવ્ય વિરલ છે. દયારામ એ આપણો આવા વિરલ કાવ્યનો કવિ છે.

*૧૯૫૨ના ઑક્ટોબરની ૩જીએ અમદાવાદ રેડિયો પરથી બોલાયું.

પ્રાચીન ગુજરાતી કવિતામાં પ્રેમના કવિઓ ત્રણ ગણાય છે. નરસિંહ, મીરાં ને દયારામ. એમાં નરસિંહને પ્રેમનો કવિ કહેવા કરતાં જ્ઞાનનો કવિ કહેવામાં જ એની સાચી કવિપ્રતિષ્ઠા છે. નરસિંહની કવિપ્રતિભાનો સર્વાંગસુંદર ને સંપૂર્ણ પરિચય એના જ્ઞાનનાં પદોમાં જ થાય છે. કવિમાત્ર સર્વ પ્રથમ તો મનુષ્ય છે એટલે મનુષ્યને પ્રાપ્ત એવો પ્રત્યેક અનુભવ એને હોય પણ એ પ્રત્યેકને કવિઅનુભવ ન કહી શકાય. જે માનવઅનુભવ કાવ્યનું રૂપ ધારણ કરીને પુનર્જન્મ પામે તે જ સાચો કવિઅનુભવ. નરસિંહમાં આવો અનુભવ જ્ઞાનનો છે. કવિ લેખે એને સૌથી વધુ સફળતા જ્ઞાનનાં પદોમાં મળી છે. 'અખિલ બ્રહ્માંડમાં—', 'નીરખને ગગનમાં—', 'જાગીને જોઉં તો—' એનાં ઉત્કૃષ્ટ ઉદાહરણો છે. પણ નરસિંહ પ્રગલ્ભ કવિ હોવાથી એનું દર્શન પરિમિત નથી. એની પ્રતિભા સર્વતોમુખી હોવાથી એમાં સમગ્રતા છે. એટલે ક્યારેક ક્યારેક એ કવી ઊઠે છે:

> શ્યામના ચરણમાં, ઇચ્છું છું મરણ રે
> કોઈ અહીંઆ નથી કૃષ્ણ તોલે.

અથવા તો બુદ્ધિની મર્યાદા પણ આંકી શકે છે:

> શ્યામ શોભા ઘણી, બુદ્ધિ ના શકે કળી
> અનંત ઓચ્છવમહીં પંથ ભૂલી.

તો વળી ક્વચિત્ તો આ જ્ઞાનથી કંટાળીને કકળી પણ ઊઠે છે:

> પ્રેમરસ પાને તું, મોરના પીંછધર
> તત્ત્વનું ટૂંપણું તુચ્છ લાગે.

આમ વિશ્વની વિરાટતામાં વસતું તત્ત્વ તે ઐક્ય, અખિલાઈ એ એનું કવિદર્શન; પણ એમાં આત્મારૂપે વિલસતું સત્ત્વ તે પ્રેમ. નરસિંહ જો પ્રેમનો કવિ હોય તો તે આ પ્રેમનો.

મીરાંની કૃતિઓના સંદર્ભમાં પ્રો. ઠાકોરના એક અત્યંત માર્મિક મંતવ્યનું સ્મરણ થાય છે. 'કેટલીક વાર નર્યું કથન જાતે ઊંચી અમર કવિતા હોય છે.' મીરાંના કૃતિઓ એ આ પ્રકારનું 'નર્યું કથન' લાગે છે. એક સરલ, નિર્દોષ, તન્મય ભક્તહૃદયનો સહજ ઉદ્ગાર લાગે છે. એ ઉદ્ગારમાં એટલો તો ઉદ્રેક છે કે કવિતાકલાની નીતિરીતિને ઉલ્લંઘીને ઉભરાતો ચાલે છે. આથી જ માનવાનું મન થાય છે કે મીરાંને પોતાની કૃતિઓ વિષે 'આ તો કવિતા કહેવાય' એ આશ્ચર્ય ભાગ્યે જ થયું હોય. એ એના હૃદયની સહજ ભા[illegible] હતી. મીરાંને વાચકના અસ્તિત્વની અપેક્ષા જ નહીં [illegible] એની કલ્પના સુદ્ધાં ભાગ્યે જ હોય. એની કૃતિઓ એ પ્ર[illegible] સાથેની એની ગોષ્ઠિ છે. એમાં વચમાં ત્રીજી વ્યક્તિને સ્[illegible] જ નથી. એમાં ત્રીજી વ્યક્તિનું અસ્તિત્વ એ વિક્ષેપ છે એ[illegible] જ નહીં પણ એના પ્રેમની પવિત્રતાનો ભંગ છે. મીરાં જાણે કે વચમાં કોઈ કાન ધરે છે તો પોતે મૌન ધરે. એનો 'ગિરિધર ગોપાલ' 'દૂસરો ન કોઈ'. મીરાંની કૃતિઓ એનું અંગત મનોગત છે, એની 'ખાનગી નોંધ' છે, [illegible] એકાંતનું આત્મસંભાષણ છે. એમાં કવિતાની કૃત્રિમ[illegible] સ્થાન નથી. હા, કવિતા એક પ્રકારની, ગમે તેટલી કમ[illegible] હોય તો પણ, કૃત્રિમતા છે. એટલે તો એ સહજ [illegible] અચાનક નહીં પણ સભાન અને આયાસપૂર્વક સર્જાતી [illegible] છે. આ કારણે મીરાંની કૃતિઓ ગંભીર છે, ગભીર પણ [illegible] એનામાં નરસિંહ કે દયારામની મુક્ત મશ્કરી નથી; [illegible] 'રાધા' શબ્દનો કે પ્રતીકનો ઉપયોગ કરવાનો પ્રયત્ન [illegible] નથી. આમ મીરાંની કૃતિઓ એ કવિતા નહીં [illegible] એવું 'નર્યું કથન' કે જે ઊંચી અમર કવિતા હોય [illegible] એવું વલણ કાવ્યતત્ત્વવિચારણાની દૃષ્ટિએ વધુ ઉચિત [illegible] એનો અર્થ એ નથી કે એનો અનુભવ ઊતરતો છે કે [illegible] માત્રા ઓછી છે; એનો અર્થ એટલો જ કે એમાં સ[illegible] કાવ્યનું તત્ત્વ ઓછું છે. બાકી તો પ્રો. ઠાકોર જેવા વિ[illegible] પ્રાધાન્યના આગ્રહીએ જ કહ્યું છે. 'નરસિંહ મહેતા [illegible] મીરાંના કોઈ કોઈ ઊર્મિકાવ્યો વિષે આપણે ગુજરાતીઓ [illegible] અવાજે સ્વીકારીશું કે એ inspired, ત્રીજા [illegible] પ્રસાદી છે.'

આમ મીરાંએ પ્રેમપદારથનું ગુરુત્વ માપ્યું છે: કાર[illegible] એણે તો 'ગોવિંદ લીનો મોલ,' ને 'લીનો તરાજૂ [illegible] ને નરસિંહે એનાં ઊંડાણ અને ઊંચાઈ માપ્યાં છે. [illegible] દયારામે એની લંબાઈ અને પહોળાઈ માપી છે. પ્રેમપદા[illegible] એ લંબાઈ અને પહોળાઈ એટલે પશુતા અને પ્ર[illegible] પ્રેમપદારથને દયારામે ચોપાસથી ચીતર્યો છે. એનો [illegible] અનુભવ સંકુલ છે. પરસ્પર વિરોધી દિશામાં વિકસે [illegible] એનામાં વૈવિધ્ય છે. એણે પ્રેમનું નિઃશેષ કાવ્ય કર્યું છે [illegible] ન કહીએ તો કદાચ એ અન્યાય કરતી અલ્પોક્તિ ગણાય. [illegible] પ્રેમનાં પદો જૂજવે રૂપ અનંત ભાસતું પણ એક અને અ[illegible]

એવું કાવ્ય છે એથી એ નરસિંહ કે મીરાંથી મોટો કવિ છે એમ કહેવાનો આશય નથી. કદાચ એથી ઊલટું જ હોય. ગોવર્ધનરામના 'અક્ષરદેહ'નો ધ્વનિ તો કંઈક એવો જ છે. કવિઓમાં પણ ઊંચનીચનો ભેદ પાડવા મથતું વિવેચન—ને એવા વિવેચનની તો ખોટ જ ક્યાં હોય છે?– દયાને પાત્ર છે. અહીં તો માત્ર એનામાં 'અનન્ય' 'આગવું' શું છે, પ્રત્યેકનો પ્રેમનો અર્થ શો છે એ સમજવાનો ને દયારામને નરસિંહ અને મીરાંના અનુગામી હોવાનો લાભ હતો એ સ્મરવાનો પ્રયત્ન છે.

ધર્મ અને સંસ્કૃતિનો જો કોઈ અર્થ હોય તો એ જ ને કે અપાર પુરુષાર્થને પરિણામે મનુષ્ય, પશુમાંથી મનુષ્ય થયો છે. અને પ્રભુપદ પામવાના એટલા જ પુરુષાર્થને પરિણામે પણ જો એ હજુ પંચોતેર ટકા પશુ રહ્યો હોય તો એનો પ્રેમ પશુવૃત્તિમાંથી નહીં તો અન્યત્ર ક્યાંથી જન્મતો હશે એ પ્રશ્ન સહેજે થાય. અને અન્યત્ર ક્યાંયથીય જન્મે તો એને કદાચ એક અદ્‌ભુત ચમત્કાર જ ગણવો પડે એવી આજ લગીના માનવજીવનની અને આજના માનસની પરિસ્થિતિ છે. પણ મનુષ્યની માનવતાની બલિહારી તો એ છે કે પશુવૃત્તિમાંથી પ્રગટેલો પ્રેમ, ક્રમે ક્રમે વિકસતો, પરિશ્રમે સંસ્કારાતો અંતે પ્રભુતામાં પર્યવસાન પામે છે ત્યારે જ સાર્થક્ય અનુભવે છે. પશુ અને પ્રભુ વચ્ચે વસતા મનુષ્યમાં પશુતા અને પ્રભુતા ઓતપ્રોત નથી એ તો હવે જ્યારે જગતના શાણાઓ સમજાવે ત્યારે જ સમજાય.

૧૮૬૫માં નર્મદે જ્યારથી દયારામ પર અંગત આક્ષેપ કર્યા (ન્યાયી વિવેચનનું નિશાન કવિતા છે, કવિ નહીં; એ આપણા આ પ્રથમ વિવેચક ત્યારે પોતાનાં અંગત મંતવ્યો ને વ્યક્તિત્વમાં રચ્યાપચ્યા હોવાથી ભૂલી જ ગયા છે) ત્યારથી અરધી સદી ઉપરાંતનો જે ઊહાપોહ દયારામ વિષે ગુજરાતે કર્યો તે આ સમજાવવાની નિષ્ફળતાનો ખુલ્લો એકરાર છે. પણ આપણે અહીં એ ઊહાપોહ સમજવાનો પ્રયત્ન કરીએ પ્રશ્ન એ હતો કે દયારામનો પ્રેમ લૌકિક કે અલૌકિક—એટલે કે દયારામની કવિતા શૃંગારની કે ભક્તિની? દયારામને પોતાને મન તો કોઈ પ્રશ્ન હતો જ નહીં. પોતાના પ્રેમ વિષે એને લેશ પણ અંદેશો હોય એમ લાગતું નથી. કારણ કે એ કહે છે:

> જીવ જાણી લે, જારપ્રીત જગદીશ વિના નવ સારી,
> મન માની લે, પૂછી જો અનુભવી હોય જે નરનારી.

અને

> એક વર્યો ગોપીજનવલ્લભ, નહીં સ્વામી બીજો,
> નહીં સ્વામી બીજો રે મારે નહીં સ્વામી બીજો.

વળી

> સાચું તે સગપણ રે સમજ મન શ્યામતણું,
> બાકી સહુ જૂઠું રે, કશું નહીં કામ તણું.

એટલે તો માત્ર વાચ્યાર્થને જ વળગી રહેતા વાચકને તો એણે રોકડું પરખાવી રાખ્યું છે:

> શું જાણે વ્યાકરણી, વસ્તુને શું જાણે વ્યાકરણી?
> મુખપર્યંત ભર્યું ઘૃત તદપિ સ્વાદ ન જાણે બરણી.

અર્વાચીન કવિતામાં બાલાશંકરની કવિતા વિષે પણ કંઈક આવો જ ઊહાપોહ થયો હતો. બાલાશંકરે પણ કવિને છાજે એ અદાથી છાતી કાઢીને કહી નાંખ્યું છે:

> 'હશે જે શૃંગારી કવન સમજે તે યુવતીનું,
> કવિતાવિલાસી જન સમજશે તે કવિતનું,
> હશે જે વૈરાગી ગ્રહણ કરશે મોક્ષપદનું,
> ખરું શું છે તે તો સરવ મન મારે સમજું છું.'

જગતના શાણાઓ કવિઓને સમજે છે એથી વધુ કવિઓ જગતના શાણાઓને સમજે છે ને છતાંય કવિ દુનિયાદારીનું માણસ નથી કહેવાતો એ પણ આ દુનિયાની એક બલિહારી છે ને! તો ખરું શું છે તે સમજવાનો પ્રયત્ન કરીએ.

માનો કે એ પ્રેમ લૌકિક છે એટલે કે દુન્યવી, માનુષી, મર્ત્ય પ્રિયા પ્રત્યેનો છે. તો દયારામ અને એની માનવપ્રિયા બન્ને, ગમે તેવાં તો પણ, માનવજંતુડાં; ક્ષુદ્ર, ક્ષુલ્લક ને ક્ષણિક. એટલે એમનો પ્રેમ, એમના મિલનવિરહની ઊર્મિઓ એ બધું જ, ગમે તેવું તો પણ. ક્ષણિક. જ્યારે રાધાકૃષ્ણ તો સૈકાઓના દૃઢ સંસ્કારે એક ચિરંજીવ યુગલ. કવિ જો આ પ્રતીકનો, ઐતિહાસિક સત્ય રૂપે નહીં પણ રૂપક રૂપે ઉપયોગ કરે તો એથી કવિતાને અને એના રસાસ્વાદને તો સ્પષ્ટ લાભ જ છે આવા પ્રતીકો અને વાચકોના ચિત્ત પરના એમના સંસ્કારો દ્વારા કામ કાઢી લેવાનો તો કવિઓનો સૃજનજૂનો વ્યાપાર છે. કવિનો હેતુ અભિવ્યક્તિ ને સંક્રમણ, એ હેતુ સિદ્ધ કરવાને જે સાધન હાથ લાગે તેનો ઉપયોગ એ લાંબો વિચાર કર્યા વિના કરી લેવાનો. રાધાકૃષ્ણના પ્રતીક-માં શ્રદ્ધા ધરાવનાર માનસ અસંસ્કારી, અણઘડ કે માંદલું

ગણાય કે નહીં એ પ્રશ્ન અહીં અપ્રસ્તુત છે. જે યુગમાં કવિતા રચાઈ હોય એ યુગની વાસ્તવિક પરિસ્થિતિની દૃષ્ટિએ જ એ કવિતાનો વિચાર થાય. કવિને પોતાના અનુભવના અસ્તિત્વ વિષે કોઈ શંકા નથી હોતી પણ એની ચિરંજીવિતા વિષેની એની અશ્રદ્ધા એ પોતાથી કે વાચકથી છાની રાખી નથી શકતો એ એની નિખાલસતા તો 'ઓડ ટુ એ નાઈન્ટીન્ગલ'માં કાવ્યની એકતાને ખંડિત કરીને પણ જે છેલ્લો શ્લોક કીટ્સે કાવ્યમાં શામેલ કર્યો છે એ એની સત્યપ્રિયતા તો કવિ પ્રત્યેનું આપણું માન અઢળક વધારી મૂકે એવી છે. મિલન ને વિરહ માનવહૃદયના સનાતન ભાવ છે એ સત્ય પ્રગટ કરવાનો આથી વધુ સફળ તરીકો ભાગ્યે જ દયારામ કે કોઈ પણ કવિ અજમાવી શકે.

માનો કે એ પ્રેમ અલૌકિક છે એટલે કે દિવ્ય, અજર ને અમર પાત્ર પ્રત્યેનો છે. તો તો એ 'બાવન બાહરો' છે. માત્ર અક્ષરો દ્વારા અવર્ણ્ય છે, શબ્દાતીત છે. એટલે બાવનના મેળમાંથી ત્રેપનમો પ્રગટવાનું જગતભરના પ્રભુ-પ્રેમીઓ પાસે આજ લગી તો એકમાત્ર સાધન રતિના પ્રતીકો છે. રતિ એ મનુષ્યમાત્રનો ઉત્કટમાં ઉત્કટ ને નિકટમાં નિકટ અનુભવ છે. સર્વ અનુભવોની પરાકાષ્ઠા છે. પ્રભુના પ્રેમનું વર્ણન માનવપ્રેમની – રતિની – પરિભાષામાં જ શક્ય છે. કવિતા પાસે અન્ય કોઈ સાધન નથી, કવિ પાસે અન્ય કોઈ વિકલ્પ નથી. આ 'ઘાયલકી ગત' છે. કવિ હોય તે જ જાણે છે, ઔર ન જાને કોઈ. સેન્ટ જ્હોન ઑફ ધી ક્રોસ આદિ જગતના સર્વ પ્રભુપ્રેમી કવિઓએ આ સાધનની સહાય લીધી છે, આવી બાબતમાં વાણીની પામરતાનો પૂરો પરિચય હોવા છતાં. એને બીભત્સ કહીને નીતિના ધમંડીઓએ પોતાની જ બીભત્સતા અને બેસમજનું પ્રદર્શન કર્યું છે. જિજ્ઞાસુને આના સંદર્ભમાં વિખ્યાત માનસશાસ્ત્રી ઓસ્વાલ્ડ સ્વાર્ઝના* અભિપ્રાયો જોઈ જવાની ભલામણ છે. એટલે આ પ્રેમ અત્યારે તો ભવિષ્યના કોઈ ફ્રોઈડ કે યુંગને આહ્વાન [illegible] પડ્યો છે. આ રીતે દયારામે જો મરજિયાત કે ફરજિયાત [illegible] રાધાકૃષ્ણના પ્રતીકનો કે રતિની પરિભાષાનો ઉપયોગ [illegible] હોય તો એથી કવિતાને અને એના રસાસ્વાદને તો [illegible] લાભ જ થયો છે. બાકી નીતિનો આવો નાજુક પ્રશ્ન [illegible] છેડવા છંછેડવાનો પ્રયત્ન એટલો તો બાલીશ છે કે ગોવર્ધ[illegible] રામ જેવા વિવેકી વિદ્વાને દયારામના મૂલ્યાંકનમાં [illegible] આવવા જ નથી દીધો, વચમાંથી એનો કાંકરો જ [illegible] નાંખ્યો છે.

અંતમાં પ્રો. ઠાકોરે દયારામની સમગ્ર કાવ્યસિદ્ધિ[illegible] આંક એક જ વાક્યમાં કાઢી આપ્યો છે. "દયારા[illegible] લાવણીમાં, ગો. મા. ત્રિ. ના કટાવમાં, મુક્ત પૃથ્વી[illegible] ગુલબંકીમાં સર્જકતા છે, કેમ કે તેમાં વિષયાનુરૂપ નવી[illegible] અને લક્ષ્યસિદ્ધિ છે." આ નવીનતા દયારામની મૌલિક[illegible] પરિણામ છે. એ મૌલિકતા એના મિજાજમાં છે. દયારા[illegible] મિજાજ જ કંઈ ઓર છે. એમાં એની સર્ગશક્તિ, સર્જ[illegible] છે અને વાહનનું નિર્ણાયક તત્ત્વ વસ્તુ, ને વસ્તુનું નિ[illegible] તત્ત્વ મિજાજ છે. એટલે જૂની લાવણીના સ્વરૂપ[illegible] દયારામના મિજાજે આગવી એવી મહોર મારી છે. લાવ[illegible] આ નવો અવતાર એ જ દયારામની કાવ્યપ્રતિભાનું સ[illegible] સર્જન. એલિયટે કહ્યું છે: 'Sensibility alters fr[illegible] generation to generation, but expressio[illegible] only altered by a man of genius.' આ[illegible] દયારામની લાવણીમાં એવું લાવણ્ય પ્રગટ્યું છે કે:

> 'નખશિખ લગી રૂપરસિક મધુર મનોહર
> જ્યાં જોઈએ ત્યાં આંખ ઠરી જાય છે જી રે'

દયારામની કવિતામાં મોહિની હોય, સૌંદર્ય હોય[illegible] આ અર્થમાં. એટલે જ તો એણે:

> કાળજ કોર્યું તે કોને કહીએ જી રે?

આવો વાર્તાલાપનો ઉપક્રમ હોવા છતાં કહેવું પડે કે

> કાળજ કોર્યું તે કોને કહીએ જી રે?

* The Phychology of Sexમાં On Love નામના પ્રકરણમાં.

બે શિક્ષકો : સ્વ. જીવણલાલ દીવાનનાં સંસ્મરણો

ઉમાશંકર જોષી

જાકાર્તાથી સિંગાપોર પાછા આવતાં, જ્યોત્સ્નાના કાગળમાં દીવાનસાહેબના અવસાનના સમાચાર મળ્યા. અમે બંને એમની શાળાનાં વિદ્યાર્થી. બંને ઉપર એમનો વાત્સલ્યભાવ.

ગુજરાતમાં સ્વ. દીવાનસાહેબના વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી બધી મોટી હશે ! ૧૯૩૨માં વિસાપુરમાં જેલઅધિકારી આગળ અમદાવાદના કોઈ જુવાન તરફ હાથ કરીને કહેતા: આ તો ઠીક, એના બાપા પણ મારા હાથ નીચે ભણ્યા છે. ૧૯૫૨માં તો દીવાનસાહેબના વિદ્યાર્થી હોવાનું માન ધરાવતી ત્રણ પેઢીઓ—દાદા, બાપા અને દીકરાની ત્રિપુટિઓ–જરૂર કેટલીક મળશે. દીવાનસાહેબના હાથ નીચે ઇતિહાસ ભણી એ નોંધો પર મુસ્તાક રહી સારા ઇતિહાસશિક્ષક બનેલાઓના પણ કેટલાક દાખલા જાણીતા હતા. વળી એ વિદ્યાર્થીઓના વિદ્યાર્થીઓ ઇતિહાસશિક્ષક બન્યા હશે–એમ શિક્ષક તરીકે પણ જરૂર કેટલીક પેઢીઓ થઈ હશે.

દીવાનસાહેબની શિક્ષક તરીકેની કારકિર્દી એટલે અર્ધી શતાબ્દી ઉપરની કાર્રકિર્દી. ૧૯૦૧માં શિક્ષક બન્યા પછી આયુષ્યભર એ શિક્ષક રહ્યા છે. વચ્ચે ગુજરાત પ્રાંતિક કૉંગ્રેસ સમિતિના મંત્રીપદે એ હતા, અમદાવાદમાં નવી કૉલેજ સ્થાપવા માટે નિયમિત ઘેરઘેર ફરી ઉઘરાણું કરવામાં સારો ભાગ ભજવેલો, ઉપરાંત ક્રિકેટના એ એક અચ્છા ચાહક હતા. પણ વર્ગમાં વિદ્યાર્થીઓ સમક્ષ જઈને ઊભા રહે ત્યારે એમનું સ્વરૂપ સોળે કળાએ પ્રગટ થાય. અધ્યાપન વિના જેના જીવને ચેન ન પડે, એવા એ એક આજન્મ શિક્ષક હતા.

ગુજરાત શિક્ષકે સુખી છે. ગુજરાત ઉપર એના મહાપુરુષોનો ઉપકાર છે એવો એના શિક્ષકવર્ગનો પણ છે. ગુજરાતને ઘડવામાં, એનું ચારિત્ર્યનું કાઠું બાંધવામાં એના કેટલાક ઉત્તમ શિક્ષકોનો મોટો ફાળો છે. એક સદી પૂર્વે ભરૂચમાં રણછોડલાલ ઝવેરી અને સુરતમાં દુર્ગારામ મહેતાજી થયા તે પછી મોટા શિક્ષકો ગુજરાતમાં ખૂણે ખૂણે પાકતા જ રહ્યા છે. આજે પણ, ગુજરાતમાં અહીંતહીં ફરતાં જે જોવાનો લાભ મળ્યો છે તે ઉપરથી હું એમ કહી શકું કે એ ઉત્તમ શિક્ષકવર્ગનો વંશ છેક ગયો નથી. સ્વ. દીવાન અને બલ્લુભાઈની બેલડી આપણા આ ઉત્તમ શિક્ષકવર્ગમાં સહેજે સ્થાન પામે.

૧૯૨૭માં હું મૅટ્રિકના વિદ્યાર્થી તરીકે (અમારી ઈડરની શાળામાં એ વખતે છ જ ધોરણ હોઈ) અમદાવાદ આવ્યો ત્યારે આ બે શિક્ષકોનાં નામની સુવાસથી આકર્ષાઈને જ પ્રોપ્રાયટરી શાળામાં દાખલ થવા ગયો હતો. એ વખતે દૂર ડુંગરોમાં આવેલાં અમારાં ગામોમાં ઘમીસવાળા અને કાનુગાની વૈદકીય નામના હતી તેમ દીવાન–બલ્લુભાઈનાં નામ પ્રતાપી શિક્ષકો તરીકે સંભળાતાં. એમના વિદ્યાર્થી થવા મળે તો કેવું સદ્ભાગ્ય ? મને બરોબર યાદ છે. મોટાભાઈ પણ મૅટ્રિકમાં હતા. એ બીજી સ્કૂલના વિદ્યાર્થી હતા. ત્યાંના આચાર્યના પોતે ભારે પ્રશંસક હતા અને યોગ્ય રીતે હતા એ પાછળથી હું પણ એમના સંબંધમાં આવ્યો ત્યારે જોઈ શક્યો. પણ મારે તો પ્રોપ્રાયટરીમાં જ જવું. એ વખતે શાળા ત્રણ દરવાજે બેસતી. છેક ફુવારા સુધી મોટાભાઈએ ફરીફરી મને કહ્યાં કર્યું, પણ પ્રેમાળ એટલા હતા કે મારી ઇચ્છા પ્રમાણે મને જવા દીધો–બલકે પોતે જ આવીને મને દાખલ કરાવી ગયા...એ ચારિત્ર્યવંત શિક્ષકોનો એક વરસ જેટલો પણ લાભ મેળવવા હું ભાગ્યશાળી થયો.

ઘંટ વાગે તે પહેલાં નિયમિત એક ઘોડાગાડી રસ્તા પર દરવાજા સામે આવીને ઊભી રહી જ હોય. ખાદીનાં ધોળાં વસ્ત્રોમાં સજ્જ એ પ્રૌઢ સજ્જનો ઊતરતા હોય. અત્યંત ગૌર વર્ણ, હસુંહસું થતી ડાવકી આંખો, જમણી તરફથી ધોતિયાની પાટલી સહેજ વધુ પડતી ઊંચી, બટકા સરખી આકૃતિ. એ બલ્લુભાઈ. ઊંચા, કદાવર, કાંઈક ચિંતનમાં

સ્થિર પગલે ચાલતા, ત્રીજે માળ પણ કોઈનું અળવીતરાપણું નજરે ચઢી ગયું તો એ.........કરીને રાડ પાડતા, જોઈ ને જરીક ડર લાગે ને છતાં વહાલ ઊપજે–તે દીવાનસાહેબ. બંનેને એક ખભે ગડીબંધ ચાદર. દીવાનસાહેબના હાથમાં ચામડાની નાની પેટી હોય. એ જણા આચાર્યની ઑફિસને પગથિયે પગ મૂકે ત્યાં શાળાનો ચહેરો ચમકી ઊઠે.

બલ્લુભાઈ તો બહુ ચકોર, બહુ ચતુર. નવો વિદ્યાર્થી આવ્યો એટલે એને હૂંફ આપી એની આખી વહી ઉખેળાવે. બધું મગજમાં છપાઈ જાય. પંદરે વરસે પેલો મોટો થઈ ને મળ્યો હોય ત્યારે એના બાપની, મોટાભાઈની, જે જે વાતો પહેલાં થઈ હોય તે બધી વિષે વિગતવાર સમાચાર પૂછે. હું નિશાળમાં જોડાયો તે પહેલાં થોડી વાર તો બલવંતરાય ઠાકોર એટલે બલવંતરાય કલ્યાણરાય ઠાકોર (કવિસાક્ષર) એમ સમજેલો, પણ આ બલવંતરાય પરમોદરાય ઠાકોર જીવંત કવિતા જેવા હતા. પ્રસન્ન મુખમુદ્રા. મધુર રૂપાની ઘંટડી જેવો અવાજ. વ્યક્તિત્વમાં નરી સૌમ્યતા ઊભરાય. મ્યુનિસિપાલિટીની ચર્ચાનાં રમખાણોમાંથી સીધા વર્ગમાં આવ્યા હોય, અને Lead Kindly Light શરૂ કરે. સ્વસ્થપણે એના ત્રણે ગુજરાતી અનુવાદ–નરસિંહરાવ, કાન્ત અને નાનાલાલના સંભારે અને કવિતામાંથી આપણને તૃપ્તિ અનુભવાવે–ભણાવતાં પોતે પણ એવી તૃપ્તિ ચાલુ અનુભવી રહ્યા ન હોય !

દીવાનસાહેબ સીધાસાદા ગદ્યના માણસ, શિક્ષણના માણસ. બલ્લુભાઈ તો એક સુંદર વકતા હતા, વાણીમાં–વ્યક્તિત્વમાં એક જાતની ભૂરકી હતી. હિંદનો ઇતિહાસ શીખવવો એમને રમત વાત. પણ દીવાનસાહેબનો પ્રિય વિષય ઇંગ્લેંડનો ઇતિહાસ. તેમાંય નેપોલિયનની લડાઈઓ અને અમેરિકાના સ્વાતંત્ર્યયુદ્ધનાં પ્રકરણો. વિગતો–નાનામાં નાની વિગતોની ભારે ચીવટ. ધીમે ધીમે ઈંટ ઉપર ઈંટ મુકાતી જાય ને આખી ઇમારત આકાર ધારણ કરે. કોણ જાણે કેટલામી વાર એ ઇતિહાસ એમણે ભણાવ્યો હશે પણ તૈયાર થયા વગર–એકે વાર ચોપડી નજર નીચે કાઢ્યા વગર એ વર્ગમાં ન આવે. ભાષામાં પણ ગદ્ય અને વ્યાકરણ એમના ભાગે. ' સંત ફ્રાન્સીસનો ભાઈ ' નામનો જૂનું ઉપર એક સુંદર–પણ અમારે માટે કઠણ–નિબંધ હતો તે અમારા નાજુક ગળામાં બરોબર ઊતર્યો કે કેમ એની દરકાર રાખવામાં દીવાનસાહેબે ભારે જહેમત ઉઠાવેલી. વ્યાકરણમાં પ્રિપોઝિશન-નામયોગી અવ્યયોનું મહત્ત્વ ખાસ ભારપૂર્વક સમજાવે. અમે તો એ શબ્દ પ્રેપોઝિશન–ભલા હોઈ એ તો પ્રેપોઝિશન–બોલનારા. (એક વાર મને નિબંધમાં અમુક the પાછા આપેલા) આવા નીરસ ગણાતા વિષયો, દીવાનસાહેબ પોતાના કામમાં રસના ઘૂંટડા પીએ છે જોઈ શકાય ઊંડા ગળામાંથી આવતો બુલંદ અવાજ સરખો વહ્યો આવે. એસત્રાનું નામ નહિ. સત્ર ઊઘડે રાતા રાણ જેવા હોય, સત્ર પતે ત્યાં ફીકાફક. ઊઘડતે અને બંધ થતા સત્રે જોખી લો–સહૃદય શિક્ષક એટલે એનું માપ મેળવવું હોય તો.

શાળાની શિસ્ત દીવાનસાહેબ જાળવતા. ગામ આખાના સ્વતંત્ર મિજાજના વિદ્યાર્થીઓ આ રાષ્ટ્રપ્રેમી શાળામાં ભેગા થયેલા. પાછલી પાટલીઓ ઉપર પાંચ-છ ફૂટ ઊંચાઈના વિદ્યાર્થીઓની સારી એવી સંખ્યા રહેતી. સહશિક્ષણ પ્રયોગદશામાં ગણાય એવા દિવસો. ચમકતી વીજળી જેવી વિદ્યાર્થિનીઓ. દીવાનસાહેબ બહાર પગથિયા પર હોય તો પવન પડી જાય ને પીપળાનાં પાન જેમ સ્થિર થઈ જાય એમ આખી શાળા ઠાવકી થઈ જાય. ક્યારેક પડે તો ચૌદમું રતન પણ ભાળવતા. હમણાં ડૉ. અમ... ઝાએ મુંબઈ શિક્ષણપરિષદમાં તાડનનો મહિમા કરતાં જે અનુભવ્યો ન હતો તેમ દીવાનસાહેબ પણ આ પ્રસાદી વાર આપવી પડી હોય તે માટે શરમાતા નહિ. પણ પાછળ શિસ્તનો એમનો સાચો આગ્રહ હતો.

શાળામાં જ નહિ, સારા જીવનમાં શિસ્તનો–સાચા પ્રામાણિક વ્યવહારનો એમને આગ્રહ હતો. અમે સાંભળ્યું કે કપાળથી સહેજ ઊંચે એક ધોળા વાળનું ટપકું ક્રિકેટ રમતાં એમને મળેલું છે. ક્રિકેટ રમવાનું તો છૂટી... પણ અમ્પાયર (પ્રાશ્નિક) તરીકે દીવાનસાહેબ ... નીવડે એમાં શી નવાઈ?

સ્વચ્છતા માટેનો એમનો પ્રેમ ભારે હતો. એક વર્ગમાં કોઈ ને નખ કરડતો જોઈ બોલેલા : My hair stands on its end when I see anybody biting his nails. (કોઈ ને નખ કરડતો જોઉં છું ત્યારે વાળ ખડા થઈ જાય છે.) એક વાર એમને ઘેર ગયેલો ત્યારે જાજરૂ સાફ કરનાર આવેલ. દીવાનસાહેબ પોતે

ભરી લાવી પાણી રેડી સફાઈમાં મદદ કરતા હતા...

દીવાનસાહેબના વ્યક્તિત્વનું સૌથી આગળ પડતું લક્ષણ એ એમની uprightness–સીધાપણું. આળપંપાળમાં એમને રસ નહિ. મને યાદ છે તે બરોબર હોય તો, બલ્લુભાઈ ક્યારેક એમનો ઉલ્લેખ 'ભોળાબ્રહ્મા' તરીકે કરતા. દીવાનસાહેબે અનેક વિદ્યાર્થીઓને પ્રેરણા આપી હોય તો તે એમના આ નિખાલસ સીધા વ્યક્તિત્વને કારણે.

સાંજ પડ્યે આ બે શિક્ષકો અને શાળાના હેડક્લાર્ક તમને વિક્ટોરિયા ગાર્ડનની આસપાસ ક્યાંક જરૂર ભટકાઈ જાય. પાછાં ફરતાં બલ્લુભાઈ મોટા રૂમાલમાં ઘર માટે પાંચ-દશ શેર શાક બંધાવી લે. આવે સવારી સારંગપુર રણછોડજીના મંદિર આગળ. પેલા બે દર્શને જાય. દીવાનસાહેબ પોળને નાકે દેવ જેવા ઊભા હોય. કદાચ એમને મૂર્તિપૂજાનો એવો મહિમા નહિ હોય. ધર્મમાં એમને રસ ન હતો એમ ન કહી શકાય. વિસાપુરમાં શરીર ઠીક ઠીક ઓગળેલું. પગ બહુ પાતળા લાગે. બરાકની પાછળ હાથમાં ગીતા લઈને શ્લોકો ગોખતા દીવાનસાહેબ કલાક બે કલાક આંટા મારતા. પોતે ફારસી ભાષાના વિદ્યાર્થી. આ અગડંબગડં ભારે મુશ્કેલ, પણ એમની હોંસ ચોખ્ખી વરતાઈ આવતી.

દીવાનસાહેબ સિગારેટ પીતા એની અમને ખબર હતી. પણ વિદ્યાર્થીઓના દેખતાં પીતા નહિ. રિસેસમાં ચા વખતે પોતાની ઓરડીમાં પીએ તે. (એક વાર અમ્પાયર તરીકે મેદાનમાં પીતા જોવા મળ્યા હતા.) વિસાપુર જેલના સુપરિન્ટેન્ડેન્ટ મિ. ઓ કવીન્સ ઘણી વાર અમારી તંબુબરાકમાં આવતા. પોતાના અનેક વિદ્યાર્થીઓથી વીંટળાયેલા દીવાનસાહેબ માટે એમને ખાસ પક્ષપાત હતો. આયરલૅન્ડના અને બીજા દેશોના ઇતિહાસનાં પુસ્તકો એ દીવાનસાહેબને મોકલતા. કાંટાળા તારના દરવાજાની પેલી બાજુ ઓ કવીન્સ ઊભા હોય ને આ બાજુ દીવાનસાહેબ. વાતો ચાલ્યાં કરે. એકવાર ઓ કવીન્સે સિગારેટ આપી. દીવાનસાહેબે પ્રેમપૂર્વક અસ્વીકાર કર્યો. આયરીશ નેતા (પાર્નેલ કે દ વેલેરા ?)એ પકડાયા પછી સિગારેટ સળગાવી ને પોલીસઅધિકારી આને કારણે પોતાને બિચારો કરી શકશે એ ખ્યાલ આવતાં તરત ફેંકી દીધી હતી એ પ્રસંગ જરૂર મિ. ઓ કવીન્સને યાદ આવ્યો હશે. કોણ જાણે બે જણ વચ્ચે કેવોય સંબંધ થઈ ગયો હતો! એક વાર ઓ કવીન્સની આંખમાં ઝળઝળિયાં આવી ગયેલાં એવું સ્મરણ છે.

મને અંગત દીવાનસાહેબ માટે હમેશાં માન રહ્યું છે તે એક વિદ્યાર્થી તરીકે એમના ઉપરના ગુણોનો અને પ્રેમનો અનુભવ થવાને લીધે. હું ઈડરના નવ વિદ્યાર્થીના વર્ગનો પહેલો નંબર. એવી કેટલીય શાળાઓના પહેલા નંબરો આ મોટી શાળામાં આવેલા હોય. છમાસિક પરીક્ષા પછી વિદ્યાર્થીસમિતિ ગોઠવાતી હતી ત્યારે 'ડી' વર્ગનો વારો આવતાં દીવાનસાહેબે પોતે મારું નામ સૂચવ્યું. પરીક્ષાનું પરિણામ કંઈક ઠીક હતું એ કારણે. (જે કાંઈ પરિણામ આવેલું તે રૂડા પ્રતાપ અમારી ઈડરની શાળાના અને પ્રોપ્રાયટરીના શિક્ષકોના હતા.) બસ, પછી કદી અભ્યાસની વાત નહિ. શરૂઆતમાં પખવાડિયામાં જ મને ઑફિસમાં બોલાવી મંગાવેલો ને બલ્લુભાઈએ કહેલું કે કોઈ જાતની મુશ્કેલી હોય તો એમને કહેવું, દીવાન સાહેબ તો આંખ જરીક ઢાળીને ડોકું હલાવવાની એમની ટેવ હતી તે પ્રમાણે એક બાજુ ડોકું કરીને 'શરીર સંભાળો, તબિયત સંભાળો,' એટલું બોલેલા. આખા વરસમાં ફરી ક્યાંક મળી ગયો હોઈશ તો 'શ રી ર!' એટલું કહ્યું હશે. અભ્યાસમાં આગળ વધ, ખૂબ વાંચ એવું કદી કહ્યું નથી. મૅટ્રિકની પરીક્ષાના આગલા દિવસે ખમચાતો ખમચાતો એમના આશીર્વાદ લેવા ગયેલો. 'Supposing you don't fall ill to-morrow, you will stand first at least in the centre. (કાલે જો તું માંદો ન પડ્યો, તો કાંઈ નહિ તો અમદાવાદ કેન્દ્રમાં તો તું પહેલો આવીશ.)—શબ્દો માથે ચડાવી હું બહાર સરી આવ્યો. દીવાનસાહેબ માટે હમેશાં મને માનનો ભાવ રહ્યો હોય તો તે વિદ્યાર્થીનો આત્મવિશ્વાસ વધે એની તેઓ દરકાર રાખતા છતાં શરતના ઘોડા તરીકે તેની પ્રત્યે જોતા નહિ એ કારણે. બલકે વિદ્યાર્થીના સાચા વિકાસમાં એ રસ લેતા. પ્રિવીયસમાં ખરેખર માંદો પડ્યો. એમને મળવા જઈ ચડેલો. જમવા બેઠા હતા. જમીને નિશાળે જતાં મને ગાડીમાં સાથે લીધો ને ડૉ. કાનુગાના દવાખાનામાં મારી સોંપણી કરી ત્યારે રહ્યા. ઇન્ટરમાં, આવી રહેલી સ્વાતંત્ર્યલડતના માનમાં મેં શરીરની કાંઈક સંભાળ લીધી હતી. વીરમગામ છાવણીમાં મને જોઈ દીવાનસાહેબ પળવાર તો ઓળખી ન શક્યા. કહે, 'આ સત્યાગ્રહની લડતમાંથી સ્વતંત્રતા તો મળશે ત્યારે મળશે, પણ શરીર સારું થાય છે એ નક્કી છે.' બીજી વાર મળ્યા

[અનુસંધાન પૃ. ૮૦ ઉપર]

‘જયા–જયન્ત’

મનસુખલાલ ઝવે

‘જયા–જયન્ત’ કવિશ્રી નાનાલાલનું જાણીતું નાટક છે. કેટલાક વિદ્વાનોના અભિપ્રાય પ્રમાણે એ કવિશ્રીનું ઉત્તમ નાટક છે.

એ નાટક લખવાની પ્રેરણા, કવિએ પોતે જણાવ્યું છે તે પ્રમાણે, સરસ્વતીચંદ્રના નાટક સંબંધી પડેલી તકરાર વખતે, પ્રો. ગજ્જરને ત્યાં એમને ‘ પણ એક દૃશ્યનાટક લખવાની સૂચના થઈ’ તેના પરથી મળી. કવિની ભત્રીજીએ નૈષ્ઠિક બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લીધી હતી તેના પરથી કવિને જોઈતા વસ્તુનું સૂચન મળી ગયું અને રંગભૂમિને ધ્યાનમાં રાખીને કવિએ આ નાટક લખી નાખ્યું.

કવિ પોતે જ જણાવે છે તે પ્રમાણે, આમ, આ નાટક લખવાનો તેમનો ઉદ્દેશ દ્વિવિધ છે :

૧. રંગભૂમિને અનુકૂળ આવે તેવું એક દૃશ્યનાટક લખવું.
૨. એ નાટક દ્વારા નૈષ્ઠિક બ્રહ્મચર્યનાં મહિમાગીત ગાવાં. અને સાથેસાથ ‘દેહી કહેવાતા આત્મતત્ત્વનાં દેહ વિનાયે અસ્તિત્વ હોય છે’ એ ‘ માનસશાસ્ત્રની ઝીણવટ’નું નિરૂપણ કરવું.

નૈષ્ઠિક બ્રહ્મચર્ય કવિ નાનાલાલની પ્રિય ભાવના છે. અલબત્ત, નૈષ્ઠિક બ્રહ્મચર્યને તેમણે આત્મલગ્ન તરીકે પણ ઓળખાવેલ છે. પણ તેમાં તર્કદોષ રહેલો છે. નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્યક્તિનિષ્ઠ હોય છે; આત્મલગ્ન યુગ્માશ્રિત હોય છે. એટલે કે નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળવાવાળી વ્યક્તિ એકાકી હોય છે; લગ્ન—દેહલગ્ન, સ્નેહલગ્ન કે આત્મલગ્ન, ગમે તે લગ્ન—માટે બે વ્યક્તિઓ—એક સ્ત્રી અને એક પુરુષની જરૂર હોય છે. એટલે આત્મલગ્નથી જોડાયેલાં સ્ત્રીપુરુષ દંપતી જ ગણાય. અને એ દંપતી બ્રહ્મચર્ય પાળતાં હોય તો પણ, એમને સાચા અર્થમાં, નૈષ્ઠિક બ્રહ્મચારી ન ગણી શકાય. આ ભેદની ચર્ચા સ્વ. નરસિંહરાવે ઝીણવટથી કરી છે. એ ભેદને ધ્યાનમાં રાખીએ તો, આ નાટકમાં કવિએ નૈ બ્રહ્મચર્યની નહિ, પણ આત્મલગ્નની ભાવનાનું આલે કર્યું છે એમ કહી શકાય.

આત્મલગ્નની ભાવના માટે કવિ નાનાલાલની મુ દલીલ આ છે :

> જ્યહાં જ્યહાં આત્મા, ત્યહાં ત્યહાં શરીર
> નથી એવું કાંઈ બ્રહ્માંડમીમાંસાનું ન્યાયસૂત્ર.

અને કવિ પોતે જ તેનું વિવરણ કરે છે તે પ્રમ ‘દેહી કહેવાતા આત્મતત્ત્વનાં દેહ વિનાયે અસ્તિત્વ હોય એ સ્નેહ એકતરફી ન હોય, ને પરસ્પરના હોય તો તે ચૈત વર્ણી સ્નેહસ્થિતિમાં

> **द्वा सुपर्णा सयुजा सखाया**
> **समानं वृक्षं परिषस्वजाते ।**

એ ઉપનિષત્મંત્રાનુસાર એ સુપંખાળા આત્મસખા નાં સખ્ય ને સંલગ્નતા છે; અને તેથી તે સાયુજ્યને આ લગ્ન કહીએ તો અયોગ્ય નથી.’ બીજા શબ્દોમાં ક તો કવિ માને છે કે દેહ વિના પણ આત્માનું અસ્તિત્વ છે. આત્માના અસ્તિત્વનો આધાર દેહના અસ્તિત્વ નથી. બે દેહોનું મિલન થયું હોય અને છતાં આત્મ અલગ રહી ગયા હોય એ જેમ સંભવિત છે તેમ આત્માઓનું મિલન થાય અને છતાં દેહો અલગ રહે એ પણ તેટલું જ સંભવિત છે. આત્માઓ અને દે મિલન સાથેસાથ ન જ થઈ શકે એવું નથી; પણ એવું મિલન થવું જ જોઈએ તે અનિવાર્ય નથી.

આ જાતનું મિલન બે પુરુષોનું કે બે સ્ત્રીઓનું પણ એક સ્ત્રીનું અને એક પુરુષનું જ હોય તે સ્પષ્ટ છે.

અપવાદરૂપ વ્યક્તિઓના સંબંધમાં આ જાતનું દેહ વ્યતિરિક્ત એવું આત્માઓનું જ મિલન શક્ય હશે

ખરું; પણ સામાન્ય મનુષ્યસ્વભાવની દૃષ્ટિએ કવિ નાનાલાલની આ માન્યતા કરતાં ગોવર્ધનરામની માન્યતા વધારે તર્કપ્રતિષ્ઠિત લાગે છે. ગોવર્ધનરામ માને છે કે સ્ત્રીપુરુષના લગ્નનો હેતુ બે સૂક્ષ્મ દેહોનું (કવિ નાનાલાલની પરિભાષામાં કહીએ તો આત્માઓનું) અદ્વૈત રચવાનો છે. સૂક્ષ્મ દેહોનું એ અદ્વૈત રચવામાં સ્થૂલ દેહનું પણ સ્થાન છે. મનુષ્ય સ્થૂલમાંથી ઉત્ક્રાન્તિ કરીને સ્થૂલ–સૂક્ષ્મની ભૂમિકાએ જાય છે અને એમાંથી જ ઉત્ક્રાન્તિ કરતાં કરતાં કેવળ સૂક્ષ્મની ભૂમિકાએ પહોંચે છે. મનનશીલ મનુષ્યના વિકાસનો આ નૈસર્ગિક ક્રમ છે.

ગોવર્ધનરામ તો સૂક્ષ્મની સંસિદ્ધિ માટે સ્થૂલની તૃપ્તિને અનિવાર્ય અંગ ગણે છે. મનુષ્યસ્વભાવના આ દર્શનની સાથે કવિ નાનાલાલના દર્શનને સરખાવીએ તો એમની આત્મલગ્નની ભાવના ઉત્ક્રાન્તિની ઊંચામાં ઊંચી કક્ષાએ આવે.

અલબત્ત, નાનાલાલે પોતે જ બતાવ્યું છે તે પ્રમાણે કેવળ આત્મલગ્નનું કે નૈષ્ઠિક બ્રહ્મચર્યનું આ વ્રત બધાંને માટે નથી, પણ અમુક વિશેષાધિકારીઓ માટે જ છે. એટલે

> જ્યહાં જ્યહાં આત્મા, ત્યહાં ત્યહાં શરીર,
> નથી એવું કાંઈ બ્રહ્માંડમીમાંસાનું ન્યાયસૂત્ર.

એ વિધાનને સ્વીકારી લેવામાં વાંધો નથી પણ વાંધો તો કવિએ આ નાટકમાં તેમ જ અન્યત્ર એ વિધાનનું પ્રતિપાદન કરવા માટે દેહને જે અકારણ ઉતારી પાડ્યો છે તેની સામે છે. કવિ એમ માને છે કે દેહ એટલે પાપનું ધામ, અને લગ્નમાં દેહોપભોગ આવતો હોવાથી લગ્ન એટલે આભડછેટ અને વટાળ. જયાનું લગ્ન નહિ થાય એ અર્થમાં કવિએ આ નાટકમાં 'જયાની દેહ નહિ વટલાય' એમ અનેક સ્થળે કહ્યું છે.

દેહ પ્રત્યેની નાનાલાલની આ સૂગ જેટલી અકારણ છે તેટલી જ અવાસ્તવિક પણ છે. સાચી રીતે જોઈએ તો ભૂખ, તરસ, નિદ્રા વગેરેની વૃત્તિઓની માફક દેહોપભોગની વૃત્તિ પણ પ્રાણિમાત્રમાં કુદરતી જ હોય છે. આ કુદરતી વૃત્તિઓ જાતે સારી પણ નથી અને ખરાબ પણ નથી. પણ એનો જે માર્ગે વિનિયોગ થયો હોય તેના પરથી તે સારી કે ખરાબ ગણાય. એવી વૃત્તિને યોગ્ય માર્ગે અને યોગ્ય પ્રમાણમાં તૃપ્ત કરવામાં આવે તો તેમાં કશું ખોટું નથી. પણ એવી વૃત્તિને તૃપ્ત કરવા માટે અયોગ્ય માર્ગ લેવામાં આવે તો એ ખરાબ ગણાય. દાખલા તરીકે મને ભૂખ લાગે એ સ્વાભાવિક છે, અને મારી ભૂખને શમાવવા માટે હું યોગ્ય પ્રમાણમાં યોગ્ય પદાર્થો ખાઉં તો તેમાં કશું ખોટું નથી. પણ જો મારી ભૂખને તૃપ્ત કરવા માટે હું ખાદ્યાખાદ્યનો વિવેક ન જાળવું તો એ અયોગ્ય ગણાય. નાનાલાલે દેહોપભોગની આ નૈસર્ગિક વાસનાને પોતાને જ ખરાબ ગણી કાઢી છે. એમાં પ્રાકૃતિક સત્યનો વિરોધ રહેલો છે.

પોતાની આત્મલગ્નની આ પ્રિય માન્યતાનું આલેખન કરવા માટે કવિએ 'જયા – જયન્ત'ના વસ્તુનું જે સંવિધાન કર્યું છે તેમાં અનેક સ્થળે કચાશ રહી ગઈ છે અને પાર વિનાની અસંગતિઓ અને અસંભવિતતાઓ પેસી ગઈ છે.

નાટકનું મુખ્ય સ્થળ ગિરિદેશ છે. ગિરિદેશ એટલે 'દેવગિરિ' હિમાલયનાં શિખરોની ભૂમિ, જ્યાં ગમે ત્યારે હિમાદ્રિ એટલે કે એનાં શિખરો પડે છે ને હિમગંગાનો પ્રપાત થાય છે. એ ગિરિદેશનું વર્ણન 'છ માસની રાત્રિ, છ માસનો દિવસ; પખવાડિયાની તો ઉષા'વાળા પ્રદેશ તરીકે કરવામાં આવ્યું છે. જાણે હિમાલય હિન્દુસ્તાનની ઉત્તરમાં નહિ, પણ ઉત્તરધ્રુવના પ્રદેશમાં આવ્યો ન હોય! એ પ્રદેશની રાજકુમારી જયાના દાસીવર્ગમાં તો ઠીક, પણ સાહેલીવર્ગમાં પણ 'અન્ધારદેશ'ની સ્ત્રીઓ પણ છે, જેમ કોઈ વિલાસી રાજવીના અન્તઃપુરમાં દેશદેશની સ્ત્રીઓ હોય તેમ. 'અન્ધાર દેશ'ની સાહેલીઓ રાખવાની આ 'તેજવાસી' રાજકુમારીને શી જરૂર પડી? એવી સાહેલીઓ સાથેનું એનું સખ્ય કેટલું નભ્યું હશે? અને કેમ નભ્યું હશે? એ ગિરિદેશની રાજરાણી મધ્યકાલીન કાઠિયાવાડના ત્રીજા, ચોથા કે પાંચમા વર્ગના રાજ્યની અભણ રાણી કરતાં જુદી નથી. ગિરિદેશની રાજરાણી પોતાની કન્યા તો 'રાજમુગટને, રાજદંડને, રાજસિંહાસનને' જ પરણે એવો દુરાગ્રહ રાખી રહી છે. એટલું જ નહિ પણ, એટલા ખાતર, ભરસભામાં પણ પોતાના પાંતનો વિરોધ કરતાં એને સંકોચ નડતો નથી. પુત્રી પર માતાનો અધિકાર હોય તેની દલીલ કરતાં, એ જે ભાષા વાપરે છે તે પણ સંસ્કારી મનુષ્યના મોઢામાં શોભે નહિ તેવી છે:

ગર્ભ મૂકી વેગળા રહ્યા, રાજેન્દ્ર !
મ્હેં પોષી, ધવરાવી, ઉછેરી.
આજ પધાર્યા છો પાછા
પોતાની કહી પારકી કરવા. (અંક ૧, પ્ર. ૨)

અને 'કાશીરાજ પરિગ્રહબહુત્વવાળા છે, એમને જયા કેમ આપી શકાય ?' એવી મતલબની દલીલ ગિરિરાજ કરે છે ત્યારે રાજરાણી જે જવાબ આપે છે તે પણ જોવા જેવો છે:

...દશરથવતે ક્યહાં દાનવનાં છે જે ?
શિકારે સિધાવો છો, રાજેન્દ્ર !
ત્યહાં ભાળ્યા ક્યહાંઈ
હરિણી હરિણીના કુરંગરાજ ?
એક રાજસિંહાસનને
ચાર પાયા હોય સુવર્ણના. (૧-૨)

પશુસૃષ્ટિ કરતાં મનુષ્યસૃષ્ટિનો ન્યાય શા માટે જુદો હોવો જોઈએ ? સિંહાસનની સ્થિરતા અને શોભા સુવર્ણના ચાર પાયા; રાજાની શોભા ને સ્થિરતા ચાર સુવર્ણ સુન્દરીઓ !

અને આ બધું બને છે નાનાલાલ જેને 'યોગભૂમિ' કહે છે તેમાં, જે ભૂમિનો સામાન્ય પ્રજાજન–જયન્ત સદેહે સ્વર્ગમાં જઈને 'અમરાપુરીને ઉગારી' શકે છે અને જે ભૂમિના નિવાસીઓ પોતાને 'તેજવાસી' તરીકે ઓળખાવીને ગૌરવ અનુભવે છે ! તેજવાસીઓની પણ મનોદશા જો આવી હોય તો આપણે 'અન્ધારવાસી' કોને કહીશું ? કે પછી નાનાલાલે 'તેજવાસી' શબ્દ, એ પ્રદેશની ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, માત્ર સ્થૂલ વાચ્યાર્થમાં જ વાપર્યો હશે ?—જો કે ભૌગોલિક પરિસ્થિતિ પ્રમાણે પણ હિમાલયમાં ક્યાંય છ મહિનાનો દિવસ હોતો નથી એ હકીકત છે.

કલાકૃતિનો એક મહત્ત્વનો નિયમ એ છે કે એમાં જે આદર્શીકરણ થયું હોય તે સાદ્યન્ત જળવાવું જોઈએ. કલાકારને પોતાની કલ્પના પ્રમાણે પોતાની સૃષ્ટિની રચના કરવાનો અધિકાર ખરો; પણ એક વખત એ સૃષ્ટિની રચના થઈ જાય, ત્યાર પછી એનો સમગ્ર વ્યવહાર એ સૃષ્ટિના પોતાના નિયમો પ્રમાણે જ થવો જોઈએ. અંશતઃ એ સૃષ્ટિના પોતાના અને અંશતઃ બીજી કોઈ સૃષ્ટિના નિયમોની ભેળસેળ જો થઈ જાય તો કલાની દૃષ્ટિએ એ ખામી ગણાય. કાલિદાસ અજર અને અમર યક્ષોની અલકાની કલ્પના કરે. 'એવી કોઈ નગરી તે હોય ?' કહીને એને એવી કલ્પના કરતાં અટકાવવાનો આપણો અધિકાર નથી. પણ એ નગરીનો વ્યવહાર એ કલ્પના અનુરૂપ હોય તેવી રીતે ચાલી રહ્યો છે કે નહિ તેની તપાસ કરવાનો આપણને અધિકાર અવશ્ય છે. અલકાના યક્ષો અમર હોય છે એમ કહીને એ ત્યાંના સ્મશાનનું વર્ણન કરવા બેસી જાય કે કુબેરના પ્રમુખપદે મળેલી કોઈ સભાનો અહેવાલ આપવા બેસી જાય તો એ ખામી ગણાય. કલાકૃતિના અમુક ભાગમાં આદર્શીકરણ થાય અને અમુક ભાગમાં ન થાય તે ચાલે નહિ. આદર્શીકરણની પ્રક્રિયા અખંડ અને સાદ્યન્ત જળવાવી જોઈએ.

માનવસ્વભાવના પ્રેમ, ઈર્ષ્યા, હર્ષ, શોક આદિ ભાવો સર્વદેશીય અને સર્વકાલીન છે. રાવણને એક માથું હોય કે દસ માથાં, પણ એનું વર્તન માનવસ્વભાવને અનુરૂપ જ હોવું જોઈએ. એને દસ માથાં હોય એટલે એનો સ્વભાવ જુદો હોય અને તેથી એનું જેમ જેમ અપમાન કરવામાં આવે તેમ તેમ એ પ્રસન્ન થતો જાય એવી કલ્પના કરી શકાય નહિ. માતૃહૃદય બ્રહ્માની સૃષ્ટિની નારીનું હોય કે કવિકલ્પનાની યોગભૂમિની નારીનું, પણ એ સરખું જ હોવું જોઈએ. અને માતાનું હૃદય પોતાની પુત્રીને સારું ઘર મળે તેની ચિન્તા કરતું હોય તો કશું અયોગ્ય ગણાવું જોઈએ નહિ, એ વાત ખરી; પણ એવી દલીલ કરીને રાજરાણીના વર્તનનો બચાવ થઈ શકે તેમ નથી. મુદ્દાની વાત એ છે કે 'રાજદંડ' કે 'સિંહાસન' માટેના આગ્રહનું મૂળ રૂઢાચાર છે, માનવસ્વભાવનું મૂલગત તત્ત્વ નથી. રૂઢાચાર અમુક પ્રકારના વાતાવરણમાં ઘડાયેલી મનોદશાનું પરિણામ હોય છે. તેજવાસીઓની યોગભૂમિનું વાતાવરણ સ્પષ્ટ રીતે જુદું હોવું જોઈએ અને એ વાતાવરણમાં જન્મેલાં ને ઊછરેલાં મનુષ્યોની મનોદશા, બીજું કંઈ નહિ તો પણ અંધારવાસીઓની મનોદશા કરતાં જુદી હોવી જોઈએ.

એમ થવાને બદલે, આ તેજવાસીઓની ભૂમિની સ્ત્રી મૂર્ખ, મમતીલી અને દુરાગ્રહી છે. પોતાની પુત્રીના હિતનો અને સુખનો વિચાર કરવાને બદલે આ યોગભૂમિ

માતા પણ वरयते वित्तम्। અને એ પણ પુત્રીની ઇચ્છા વિરુદ્ધ જઈને. એ ભૂમિમાં પણ પુત્રી વિરોધ ન કરે તે માટે લગ્નની વાત છેક છેલ્લી ઘડી સુધી એનાથી છુપાવવામાં આવે છે. અને પુત્રી પણ પોતાના લગ્નની તૈયારીઓ ચાલી રહી છે એ જાણવા પામે છે ત્યારે નથી બળવો કરતી, નથી માતાપિતાને શાંતિથી ને મીઠાશથી સમજાવતી, નથી કાશીરાજને કહેવા માટે રોકાતી : 'તમને હું મારા ધર્મ-પિતા ગણું છું, તમારી સાથે મારાથી કેમ લગ્ન કરાય ?' એ તો કરે છે માત્ર એક કામ : આવી પરિસ્થિતિમાં કિંકર્તવ્યમૂઢ બનેલી 'અંધારવાસી' કે 'ખીણુવાસી' બીજી કોઈ છોકરીની માફક નાસી જવાનું !

અને 'અમરાપુરીનો ઉગારનાર', 'દૈત્યોનો વિજેતા', 'દેવલોકનો યુવરાજ' જયંત પણ જયાની આવી સ્થિતિમાં નથી એને હૂંફ કે હિંમત આપતો, નથી એને આ 'નરમેધ'માંથી ઉગારવાને કશી પ્રવૃત્તિ કરતો કે નથી એને એની વિકટ યાત્રામાં પોતાનો સાથ આપવાની તૈયારી બતાવતો. જયા શિખરો ભણી પગલાં વાળે છે ત્યારે એ કહે છે ખરો કે :

નહીં—નહીં જવા દઉં, જયા ! (૧. ૭)

પણ એ એટલું કહે છે ત્યાં તો જયા કૂદીને ચાલી જાય છે. થયું ! જયા કૂદી શકી એટલુંયે કૂદીને નથી જયંત એની પાછળ દોડતો; નથી એને બૂમ પાડીને અટકાવવાનો પ્રયત્ન કરતો; કે નથી જયાનાં માતાપિતાને આની ખબર આપતો. એ માત્ર સંતોષ વાળે છે આટલું કહીને :

જા, સુખી થા સદા,
પણ નહીં જાય, જયા !
જયંતના જીવનમાંથી તું. (૧. ૭)

અને જયાને શોધવાનો કશો જ પ્રયત્ન કર્યા વિના એ માલતીના મંડપમાં બેસી જાય છે અને 'પૃથ્વી ભરીને' બબડ્યા કરે છે કે 'જયા ગઈ'. જાણે કોઈ ભગ્નહૃદય પ્રણયી અને તેય પાછો કવિ કે ચિત્રકાર ! એ માત્ર એટલું ભૂલી જાય છે કે જયા નાસી ગઈ તેનું કારણ એણે (જયાએ) પોતાના (જયંતના) પ્રેમનો અનાદર કર્યો છે એ નથી; કે પરિસ્થિતિવશાત્ એ પોતાને પરણી શકે તેમ નથી એ પણ નથી. સાચું કારણ બીજું જ છે : જયાને એનાં માતાપિતા એની ઇચ્છાવિરુદ્ધ કાશીરાજની સાથે પરણાવી દેવા માગતાં હતાં તે.

આ જયંત કોઈ અદ્ભુત પાત્ર છે. નાનાલાલે એને લાડ લડાવવામાં ને એના પર પોતાનું વાત્સલ્ય વહાવવામાં ખામી નથી રાખી. કવિએ એને 'વિષ્ણુનો વ્હાલો', 'દેવોનો પ્રિયતમ', 'યોગીઓની આશા', 'આજાનબાહુ સુભટ' વગેરે વગેરે વિશેષણો વડે બિરદાવ્યો છે. પણ પરિસ્થિતિ અને ક્રિયા વચ્ચે એનામાં ભાગ્યે જ સંગતિ દેખાય છે.

જયાનાં માતાપિતાની આજ્ઞાથી એ જયને શોધવા નીકળે છે ખરો; પણ એ વખતે એ ભૂલી જ જાય છે કે જયા એની હાજરીમાં જ ચાલી ગઈ છે, અને પોતે ધાર્યું હોત તો તેને પોતે ચાલી જતાં અટકાવી શકત; અથવા તો, બન્નેની ઇચ્છા હોત તો પોતે પણ જયાની સાથે જ ગિરિદેશને સદાને માટે તજી શક્યો હોત. એ તો જયા જાણે એકાએક ને અણધારી ચાલી ગઈ હોય તેમ કહે છે કે :

ગિરિદેશ સદાના તજતાં
એક ઘડીના પડ્યા ફેર, -
ત્હારે ને મ્હારે, જયા ! (૨. ૨)

અને પોતે જયાને શોધવા માટે શું શું કર્યું તેને સંભારીને, શું શું કરવાનો છે તેના મનોરથ ઘડતો હોય છે ત્યાં 'અદૃશ્યથી દેવર્ષિની વાણી' સંભળાય છે :

જગતમાં ખોયું તે તીર્થમાં લાધશે.

. . .

આકાશધરતીનો છેડો એ છે,
જ્યહાં જયંત ! તું ઊભો છે.
પૃથ્વીમાં ન લાધ્યું તે આભ આપશે. (૨. ૨)

અલબત્ત, જયંતે જે ખોયું છે તે અંતે એને પૃથ્વીમાં જ લાધે છે. પણ એ વાત જવા દઈએ. જયંતના કહેવાથી દેવર્ષિ પ્રત્યક્ષ થાય છે અને કહે છે કે :

લગાવ અખંડ સમાધિ
તું શોધે છે ત્હેની.
ભમીશ તો ભૂલો પડીશ. (૨. ૨)

અને જયંત પણ ગુરુનો આવો આદેશ મળતાં, આનંદમાં આવી જાય છે; અને

અહીં જ મ્હારી ધરતીનો છેડો,
આ મ્હારી હરિકુંજ. (૨. ૨)

કહીને ત્યાં જ આશ્રમ માંડી બેસી જાય છે.

આ નાટકની એક વિશિષ્ટતા એ છે કે એમાં અનેક સારી સારી ભાવનાઓ ને ઊર્મિઓ આવે છે ખરાં; પણ ઘણી વાર તો અયોગ્ય સ્થળે, અયોગ્ય કાળે, કે અયોગ્ય સંદર્ભમાં. જયંત ચિત્તની શાન્તિની, આત્મદર્શનની કે પરમાત્મતત્ત્વની શોધમાં નીકળ્યો હોત તો દેવર્ષિની આ વાણીમાં આપણને આપણા તત્ત્વજ્ઞાનનો પડઘો સંભળાત. પણ અહીં તો જયન્ત પોતાની અંદર રહેલી કોઈ વસ્તુને નહિ, પણ પોતાથી ભિન્ન એવી બીજી કોઈ નાસી ગયેલી વ્યક્તિને શોધવા નીકળ્યો છે. અને દેવર્ષિની વાણી એકંદર સાચી પણ પડે છે. પણ એના પરથી ફલિત તો માત્ર એટલું જ થાય કે કોઈ સ્વજન નાસી ગયું હોય તો તેને શોધવા માટે દોડાદોડ કરવાની જરૂર નથી. જરૂર છે માત્ર એકાદ તીર્થસ્થાનમાં આશ્રમ માંડીને બેસી જવાની ને તપ કરવાની !

જયન્ત વિશેષાધિકારી હતો એટલે તે પોતાને જે મેળવવું હોય તે યોગબળથી મેળવી શકે. એણે સામાન્ય સંસારીની માફક હાંફળાફાંફળા થઈ ને દોડાદોડ કરી મૂકવાની જરૂર ન હોય. એવી દલીલ કદાચ કરી શકાય ખરી. પણ એનો જવાબ માત્ર એટલો જ હોય કે આવા તપોબળનો ઉપયોગ આત્મદર્શન કે ઈશ્વરસાક્ષાત્કાર માટે થવો જોઈએ, ભૌતિક વસ્તુઓ કે વ્યક્તિઓની પ્રાપ્તિ માટે નહિ. વાધરી માટે ભેંશ મારવા ન જવાય.

વળી, જયન્ત વિશેષાધિકારી છે એટલે એ પુરુષાર્થ કરતો જ નથી અથવા તપોબળ એકઠું કરવાનો જ પુરુષાર્થ કરે છે એવું પણ નથી. અમરાપુરીને ઉગારવાનું કામ એ તપોબળથી નથી કરતો; પણ ધનુષ્યબાણથી સજ્જ થઈ ને, જાતે રણભૂમિમાં જઈ ને અને દાનવોને હરાવીને કરે છે. એટલે જયાની શોધમાં નીકળેલો જયન્ત, બીજું કશું ન કરતાં આશ્રમ માંડીને બેસી જાય અને તપ કરવા લાગે તેમાં પરિસ્થિતિ અને ક્રિયાની ઉપપત્તિ જળવાતી નથી એમ જ કહી શકાય.

તપ કરતાં કરતાં, પોતે જયાને શોધવા માટે આ 'ઉગ્ર તપ' આદરી રહ્યો છે એ હકીકત જયન્ત ઘડીક ભૂલી જાય છે અને નાથનાં પરમ તેજનાં અખંડ દર્શન કરવાને પોતે તપ કરી રહ્યો છે એમ માનવા લાગે છે. અને દેવીની પ્રાપ્તિ, બ્રહ્મપ્રકાશનો ઉદય અને જગતનો ઉદ્ધાર ત્રણ વચ્ચે જાણે કશો જ ભેદ ન હોય તેમ એ કહી ઊઠે

સ્નેહદેવી મળજો કે ના મળજો,
બ્રહ્મપ્રકાશ ઊગજો કે ના ઊગજો,
જગતનો યત્કિંચિતે ઉદ્ધાર
મ્હારે હાથે થાવ કે પર હાથે;
વિસર્જન થાવ સારાંનીયે લાલસાઓ. (૨. ૫)

અને પોતાના 'આત્માની છેલ્લી ગ્રન્થિ'—સ્ને મેળવવાનો પોતાનો લોભ — એ છોડી દે છે; અને પ્રજ્ઞને શોભે એવો નિમિત્તમાત્ર બનવાનો પોતાનો વ્યક્ત કરે છે :

સૃષ્ટિ છે સૃજનનો હેતુ સાધવાને :
સૃજનહેતુ સીધે ત્ય્હાં ને તેમ
ફેંક—ઘૂમાવ મારા જીવનને પ્રભો !
પ્રભુની વાડીમાં પુણ્ય વાવવાં,
જ્ય્હાં ઉગાડે ત્ય્હાં તેજ વર્ષવાં,
જ્ય્હાં ફૂલડાં પ્રફુલ્લે
ત્ય્હાં પરિમલ પમરવાં,
એ જ ઉદ્ધાર, એ જ જીવન્મુક્તિ ! (૨. ૫)

ફરી સરસ વિચાર; પણ ફરી અયોગ્ય સ્થળે અને સંદર્ભમાં. ઉપરાંત, પોતે જે માટે જયાને શોધવા છે એ હેતુઓ પણ એના મનમાં ગૂંચવાઈ જાય છે જયા પોતાના જગદુદ્ધારના કાર્યમાં સહાયભૂત થાય માટે જાણે પોતે એને શોધવા નીકળ્યો હોય એમ એ લાગે છે.

ગમે તેમ પણ, તેની આસપાસના 'ચાર ઢગલા તેજસ્થંભ થાય છે, બ્રહ્મલોકમાંથી તેજનાં ધનુ ઊતરે છે અને જયન્તના હૈયામાં સમાઈ જાય છે. પ્રભાચક્ર ફરકે છે.' આમ જયન્તનું 'મેઘાજનન' અને 'બુદ્ધનાં બોધિસત્ત્વ' ઊતરે છે. પણ ત્યાં જ આકાશવાણી થાય છે ને જયન્તને સમજાય છે કે જયા પોતે અધૂરો છે, એકપંખાળો ને અપંગ છે! હતા ત્યાં

"બુદ્ધ" બનેલો આ જયન્ત આશ્રમ ચલાવે એક દિવસ, સવારના પહોરમાં એના કેટલાક શિષ્યો

મધ્યજલ 'માંથી મેળેલી અચેત જયાને તેની પાસે લઈ આવે છે. જયાને જોતાં જ જયન્તના કપાળ પર પરસેવો વળી જાય છે. પોતાની પહેલાં જયાએ ગિરિદેશ છોડ્યો હતો એ હકીકત, કોણ જાણે કેમ, એ ભૂલી જાય છે. અને પોતે જાણે ઘણા લાંબા વખત પહેલાં ગિરિદેશ છોડ્યો હોય ને પાછળથી કંઈક અણધાર્યા સંજોગો ઊભા થતાં જયાને ગિરિદેશ છોડવો પડ્યો હોય તેવી ભ્રમણામાં એ બોલી ઊઠે છે :

> આ દશા ? આ દશા કેમ ?
> શી વાર્તા હશે ગિરિદેશની ?
> ઊઘડો, ઓ કાળના પડદાઓ !
> ને કહો એ કથની. (૩-૧)

ગિરિદેશની કથની કહેવાને કાળના પડદા ઊઘડતા નથી. જયાને યોગગુફામાં સુવાડી છે ત્યાં જવાને જયન્ત તૈયાર થાય છે. 'સૃષ્ટિની સકલ સુન્દરતાની સન્મુખ' એ જાય છે. ને 'પૃથ્વીની પરમ પવિત્રતા'ને જોતાં જ, એના શરીરનું માળખું ભાગી પડવા ને 'અમ્મર આત્મા' ફૂટી જવા જાય છે. ને એના મનમાં પાપના વિચારો જાગે છે. ને એનાથી પોતાની જાતને રક્ષવા માટે જયાના નિશ્ચેષ્ટ શરીરને

> આ તો દેહનું શબ છે,
> નથી ચેતનના બ્રહ્મમહેલ. (૩-૧)

કહીને ઓળખાવવાની હદ સુધી એને જવું પડે છે. અને છતાં બીજી જ ક્ષણે, પોતે જાણે દેવોથી ચડિયાતો ને યોગેશ્વર—(મહાદેવ)નો સમોવડિયો હોય તેમ કામદેવને પડકારે છે :

> થંભો, ઓ દેવનેયે દૂભતા કામદેવ !
> થંભો બારણાની બહાર.
> આ જોદ્ધો જુદો છે.
> યોગેશ્વરે અંગ બાળી અનંગ કીધો,
> અનંગથીયે ભસ્મ કરી
> આપીશ ખાખ મ્હારા ખાખીઓને;
> ચોળશે તેને નહિ વાગે
> કામણગારી એ કીકીના ડંખ.' (૩-૧)

જેને અંગ જ નથી તેને એ કઈ રીતે ભસ્મ કરી શકત એ તો એ જાણે. પણ એનું અસ્વસ્થ થઈ ગયેલું ચિત્ત સ્વસ્થ થઈ જાય છે એમ કવિ કહે છે ને ઉમેરે છે કે પુત્રનો આ 'કામવિજય' નિરખીને જયન્તનાં માતાપિતાનો પિતૃલોકમાંથી ઉદ્ધાર થાય છે ને બ્રહ્મલોકમાં જતાં જતાં એ બન્ને પોતાના 'પુત્ર ઉપર પુષ્પવૃષ્ટિ' કરે છે. એ વાત્સલ્યવિવશ માતાપિતા પુત્ર જાણે પોતાનો તપોભંગ કરવા આવેલા રંભા કે ઉર્વશી કે મેનકાનાં દુર્નિવાર એક દુઃસહ પ્રલોભનનો સામે ટકી રહ્યો હોય ને વિજયી બન્યો હોય તેવી રીતે તેને બિરદાવે છે.

ત્યારે, હકીકતે તો માત્ર એટલું જ બન્યું છે કે જયાની આવી અસ્વસ્થ, અચેત અને અવશ અવસ્થામાં પણ તેને જોતાં વેંત જયન્તની 'મેધા' અને 'બોધિસત્ત્વ,' વરાળની માફક, ઊડી જાય છે ને બ્રહ્મયોગી જયન્ત પાણી પાણી થઈ જાય છે, કોઈ પામર મનુષ્ય પણ ભાગ્યે જ થાય તે રીતે !

અને પછી જયન્ત અને જયા, મોર અને ઢેલનાં જેવાં અશારીર આત્મલગ્ન કરીને 'ધર્મ', 'સ્નેહ' અને 'સેવા'નાં જોગી બનવાનો ને ગંગાને સામસામે તીરે પોતપોતાના અલગ અલગ આશ્રમો સ્થાપવાનો વિચાર કરતાં હોય છે ત્યારે જયાને આશંકા થાય છે કે આટલાં નજીક નજીક રહીશું તો ક્યારેક ડગી જવાશે તો ? એ વખતે જયન્ત એને કહે છે કે :

> આત્મશ્રદ્ધા ઉજ્જ્વળ રહે
> ત્હાં સુધીના જ આ આશ્રમ.
> અન્ધકારનો ઓળો ઊગે કે તરત
> તું સંચરજે દેવધામ હિમાદ્રિમાં,
> ને હું વિચરીશ સાગરયાત્રાએ. (૩-૩)

પણ એને એમ કહેવાનું સૂઝતું જ નથી કે આત્મશ્રદ્ધા ઝાંખી પડવા લાગશે તો આપણે પરણી જઈશું. પોતે અને જયા, સાથે રહીને, જે સેવા કરવા માગે છે તેમાં લગ્ન વિઘ્નરૂપ બને એમ તો એ નહિ જ માનતો હોય, કારણ કે જયા હિમાદ્રિમાં ચાલી જાય ને પોતે સાગરયાત્રાએ વિચરે તો પણ, સાથે રહીને સેવા ન કરી શકાય. એટલે, જયાના સહકાર વિના પોતાના જીવનના આદિષ્ટ કર્તવ્ય જેવું જગદુદ્ધારનું જે કાર્ય પોતે એકલે હાથે કરી શકે તેમ નથી તે કાર્ય કરવાની આટઆટલાં તપને અન્તે મળેલી તક જતી કરવી પડે તો જતી કરીને પણ એ લગ્નથી દૂર રહેવાને જ કૃતનિશ્ચય થાય છે, બન્ને સમાન શીલ અને સમાન વ્યસન વાળાં છે અને આટલા આટલા પ્રયત્નો પછી પણ બન્ને એકબીજા માટેનું આકર્ષણ નિવારી શક્યાં ન હોય તો

[અનુસંધાન પૃ. ૭૧ ઉપર]

નર્મદ સુવર્ણચન્દ્રક લેતાં મારું ભાષણ

ચન્દ્રવદન મહેતા

મહેરબાન સ્નેહી ભાઈ ઉ......, ના તમે પ્રમુખ નથી, પ્રમુખ તો ઠાવકા અને ઠરેલ શ્રી વિષ્ણુભાઈ ત્રિવેદી હતા, પણ બેત્રણ જણાએ મને પૂછ્યું કે સુરતમાં શું ભાષણ ઝાંસી આવ્યા, છાપામાં તો કંઈ દેખાતું નથી, એટલે થયું કે લાવ બે બોલ લખી નાંખું અને તમે બે આંખની શરમના માર્યા છાપશો જ (?) એટલે આ મોકલું છું.

માનશો, ખરેખર હું–હું જે હવે ચન્દ્રકો આપવાને લાયક થયો તે ચન્દ્રક લેવા ચઢી ગાડીએ ગયો. ખરું પૂછો તો સમારંભમાં વક્તૃત્વકલાની હરીફાઈમાં થોડા જીતનારા-ઓનારીઓને મારે હાથે પારિતોષિકો પણ વહેંચાવડાવ્યાં. અને છતાં હું ચન્દ્રક લેવા ગયો. ઘરડી ઘોડી અને લાલ લગામ! પેલો 'કુમાર'નો ચન્દ્રક તો મેં નહીં લીધો, ત્યારે જ નક્કી કર્યું હતું કે હવે–તે ચન્દ્રકો શા લેવા. બેપાંચ એકઠા થયા છે, તે થાય છે કે બધા છાતીએ બાંધી એક છબી પડાવું. પણ 'સંસ્કૃતિ'માં તમે એ છબી છાપો શેના, એટલે ખરચ કરવાનું માંડી વાળ્યું.

હા, પોતે ગયા, અને ચાંદ લીધા. અને ભાષણ પણ કીધાં. સુરતની કૉલેજના બે વિદ્વાન પ્રોફેસરોએ–વ્રજરાય અને કુંજવિહારીએ પ્રશંસાલીલા કીધી. નર્મદ સાથે તો સરખાવાયા જ, પોતે, તેમ વળી શેલી સાથે પણ, અને મનમાં પોતે મલકાયા. કદાચ મનમર્કટને શૉ સાથે શોભવાનું માન નહીં મળ્યું એથી ઓછું પણ આવ્યું હશે. બંને પ્રોફેસરોએ બન્દાનાં લખાણોનાં ઘલાકાવ્યોથી માંડી નાટક મેનાપોપટ સુધીનાંનાં તલસ્પર્શી વિવેચનો કર્યાં, ખાસ કરીને તો ધરાગુર્જરી નાટકનાં. અને વિષ્ણુભાઈએ તો વીણેલા અને વિચારેલા, જોખેલા અને મઠારેલા શબ્દોથી ટૂંકમાં પણ રસસુન્દર, શરૂઆતમાં જ, સમાલોચના કરી. અને એમણે પોતાને હાથે સુવર્ણચન્દ્રક ટંગાડ્યો. સભા સારી હતી. અને આખરે એ ભારવાહી પોતે પ્રત્યુત્તરમાં બોલ્યા:

"તમે મારી બહુ તારીફ કરી. એક બગડેલા માણ વધારે બગાડવાનો ધંધો તમે કર્યો છે. તમારે મને ચ આપવો છે, એટલે એની લાયકાતવાળો તો તમારે ચિતરવો જ રહ્યો. બાકી કયા ચન્દ્રવદનને તમે ચન્દ્રક અ છો? એનુ બીજું પડખું તો જરા જુઓ. જેણે આગગા કલાની ક્ષતિ થાય એવી વધારે પડતી ટ્રેજેડી ચે ટ્રેવેલીઅનના પર્લ ટ્રી ઉપરથી પ્રેમનું મોતી લાવી ગુજરાત ઠોકી બેસાડ્યું, જેણે ઢંગધડા વિનાનું નાગા બાવા લ જે બંગાળથી દ્વિજેન્દ્રનાથ રોય પાસેથી સીતા ઉઠાવી લા જેણે પાવલોવાની નૃત્યકથા ઉપરથી રમકડાંની દુકાન ચે જેનું શિખરિણી પ્રગટ થતાં જ ફટકી ગયું, જેનાં લ બગડ્યાં એટલે પાંજરાપોળમાં લગ્નની આખી સંસ્થાને વખોડી, કાલિદાસની શકુન્તલાને કન્યાવિદાયમાં અધવ જ છાંડી દીધી, એ તો ભલા ઠીક, પણ જેણે રોટલો વહાલો ગણી નટવરની નાંખેલી ટહેલને ત્યજી દીધી, કર કામ પડતું મૂક્યું, નવા થિયેટરની મોટી મોટી વાતો કલ્પનાના તુક્કાઓ ઉપજાવ્યા,—એવા નાલાયકને તમે ચન્દ્રકને લાયક ગણો છો?

છતાં તમે એને ચન્દ્રક આપો છો, પોતાનો ગણી અ છો, એમાં તમારી ઉદારતા છે. હું તમારા સૌનો આભારી આ ચન્દ્રક સુરતમાં નર્મદ સાહિત્યસભા તરફથી મળ એટલે હુ લઉં છું. રણજિતરામચન્દ્રક લેતાં મેં કહ્યું કે આ ચન્દ્રક વેચવાવારો ન આવે તો સારું. એવો વ હજુ નથી આવ્યો. એવો વખત આવે તોયે આ ચન્દ તો નહીં જ વેચું. એને સંભાળીશ.

સુરતમાં હવાડીઆચકલો, સેતાનફળિયું અને ન ચકલો એટલો નાનકડો ચૉક મુંબાઈના ફ્લોરાફાઉ જેટલી જગ્યા થાય. આટલી નાની જગ્યામાં જરા નજર કરો: હું ઊછર્યો છું એથી ફર્લાંગ દૂર પણે નર્મદ

નવલરામ, અને આ બાજુ નંદશંકર થઈ ગયા. પેલું સેતાન-ફળિયું ત્યાં દુર્ગારામ મહેતાજીનો વાસ. મારા ઘરથી દશમે ઘર સવિતાનારાયણ, સામે કમળાશંકર, મોહનલાલ દવે અને અતિસુખશંકર, અહીં રાજેન્દ્ર સોમનારાયણ અને પાછલી જ શેરીમાં જ્યોતીન્દ્ર દવે અને ત્યાંથી ઠેકડો મારીએ એટલા આઘા ધનસુખલાલ મહેતા. ત્યાં જ બે સ્ત્રીકવિઓ, જ્યોત્સનાબ્હેન શુકલ અને જયમનબ્હેન પાઠકજી. પડોશમાં વ્યોમેશચન્દ્ર. નટવર માળવી કેળાંપીઠમાં રહેતા તે પણ હવાડીએ ચકલે આવી રહ્યા. હંસા મહેતા, રમણભાઈ નીલકંઠ, પ્રીતમલાલ મજમુદાર, છગનલાલ મોદી અને કંઈક રહી જતા હશે તે બધા આ જ ચોકનો વસ્તાર – જે નાનકડા ચોકમાંથી સાહિત્યકારોનો આટલો મોટો ઘટાટોપ સરજાયો છે, એ માટીમાંથી હું ઘડાયો છું એનો આનંદ છે – એક કાળે એક શહેરમાં સાહિત્યકારોનો ઇજારો ગણાતો હતો! એક જ શહેરમાં આટલી નાનકડી જગ્યામાં ફક્ત બે મોહોલ્લામાંથી ઉત્પન્ન થયેલો આટલો ફાલ શું કેવળ અકસ્માત જ હશે? ભલે હોય, એ અકસ્માતનો હુંયે ભોગ બન્યો છું એથી ખુશી છું, એ ખુશીની ખુમારીમાં આ ચન્દ્રક સ્વીકારવા હું તૈયાર થયો છું, બાકી એને લાયક છું એમ હું માનતો નથી. તમારા સૌનો ફરીથી હું આભાર માનું છું."

ઉમાશંકર, છેલ્લો પૅરા હું બોલવાનો હતો, પણ લાગણીવશ થઈ જવાથી મારા મનમાં જ રહી ગયો, એટલે બોલ્યો નહોતો, પણ ઘણાં ભાષણો જેમ 'ટેકન ઍઝ રેડ' (વંચાયેલાં છે એમ) ગણાય છે, એમ આ બોલાયલો માની છાપજો.

[અનુસંધાન પૃ. ૬૯થી]

પણ! શુદ્ધ, ધર્મસંમત સ્નેહલગ્ન સામે પણ આટલી બધી સૂગ શાથી? ને શા માટે?

લગ્ન એટલે પાપ, દેહનો વટાળ ને અંગની આભડછેટ; અને બ્રહ્મચર્ય એટલે પરમ પુણ્ય અને વિશુદ્ધિ એમ જયન્ત અને જયા, બન્ને માને છે. એટલે લગ્ન તો ઠીક, પણ સામાન્ય દેહસ્પર્શ પણ અજાણતાંયે ન થઈ જાય તે માટે બન્ને એક જ આંબાને નહિ, પણ બે જુદા જુદા આંબાને અઢેલીને ઊભાં રહે છે (૩-૩), અને એક જ હોડલામાં નહિ, પણ બે નિરનિરાળાં હોડલાંમાં 'જલ પર તરે છે' (૩-૩); એટલું જ નહિ પણ, હિમાદ્રિ પડતો હતો અને હિમગંગા ઊતરતી હતી ત્યારે જયાને બચાવવાનો જે વિશિષ્ટ આપદ્ધર્મ ઊભો થયો હતો તે પ્રસંગે પણ જયન્ત જયાને અડતો નથી; પણ ચાપ જાણે ચીપિયો કે સાણસો હોય તેમ તેમાં જયાને ભરાવી, ઉપાડી ને કૂદકો મારી યોગ-શૃંગે ચડી જાય છે. લગ્નને અને દેહસ્પર્શને એ લોકો આટલાં બધાં અધમ ગણતાં હોવા છતાં, પોતાના કર્તવ્ય તરીકે તો એ બન્ને સ્વીકારે છે 'પતિઓની કામડી' અને 'પત્નીઓની વીણા' ઘડવાનું અને પોતે ન ગાયાં તે સંસારનાં બ્રહ્મસંગીત એમની પાસે ગવરાવવાનું! અલબત્ત, એમ કરતી વેળા, એ લોકો સામાન્ય અને વિશેષાધિકારીઓ વચ્ચે ભેદ પાડે છે અને સામાન્ય સંસારીઓ માટે 'નિષ્કામ', 'સંયમ-નિગ્રહયુક્ત' અને પ્રવાહપ્રાપ્ત વિલાસભાવ અને વિશેષાધિકારીઓ માટે નૈષ્ઠિક બ્રહ્મચર્યના આદર્શો સ્વીકારે છે. પણ તેમ છતાંએ પ્રશ્ન તો રહે જ છે કે પછી, લગ્નને આભડછેડ અને વટાળ કહીને આટલું બધું વગોવવાની જરૂર હતી ખરી? અને લગ્ન જો ખરેખર એવું જ હોય તો પોતે જેની સેવામાં જનમારો ગાળવાનાં છે એવાં સંસારીઓને ગળે એ વળગાડવા જેવું છે ખરું?

(હવે પછી પૂરું)

શામળાજીનો મેળો

સંપાદક : પુષ્કર ચંદરવાકર

[સાબરકાંઠા જિલ્લાના એદલપરા કંપામાં ગુજરાતનું નવું લોહી દશેક દિવસ પૂરતું નવરચનાના ધમધોકાર કામે લાગી ગયું હતું. સવારે છ વાગે ધરતી પર એક સાથે ત્રીસેક તીકમ તૂટી પડે, પાવડા માટી ભરવા લાગે અને ખોદાયેલ ખાડામાંથી માટી ઊંચકતાં ચોકડીઓ આભલા જેવી ચોખ્ખી ને ચટ થાય.

ઋતુ શીતળ હતી. ઉઘાડો વગડો. આખી રાત તે ઠર્યો હોય. કંતાનના ઘરમાં રહીએ તો સવારે ઊઠતાં તો મનમાં થાય કે ઠંડી... ખરી ઠંડી... પણ જ્યાં તીકમના પચ્ચીશ ઘા ધરતી પર કર્યા કે દેહમાંનું ઠરી ગયેલ 'બૉઈલર' ધગધગવા લાગે અને ત્યારે ધનસુરાના નાનકડા પૂનમચંદની જીભ પરથી કાવ્યપંક્તિ સરવા મંડે: " શામળાજીના મેળે કે રમઝણિયું રે પીંજણિયું વાગે, " ઝીણો લહેકાદાર સૂર. થતું કામ જોવા નીકળ્યા હોઈએ તો કાવ્યપંક્તિમાં જીવ જતાં ઢેફા સાથે પગ અથડાય, પણ પેલા સૂરનો રણકાર જતો કરવા કાન ના જ પાડે.

અને પૂનમચંદભાઈ ને કહ્યું : 'ફક્કડ છે. ક્યાંથી લાવ્યા છો ?' તે તો શરમાઈ પડ્યા. 'આવું પ્રેમનું ગીત, ...ભાઈ સાંભળી ગયા ?' એવું મનમાં થયું હશે ! ફરીવાર કહ્યું: 'સંભળાવશો પૂરું ?' 'પણ મને આખું નથી આવડતું. આ તો શામળાજીના મેળે ભીલ જાય ત્યારે ગાય.'

એક વખત અમારા વરુણ દુકાળદુશ્મન – 'ફેમીન-ફાઈટર'નું યંત્ર ચલાવતા જાય અને મસ્તીથી ગીત ગાય : 'ધીરુભાઈ, ફાંકડું ગીત છે. ક્યાંથી તમે લાવ્યા ?'

'આ તો આ લોક ગાય છે, મેળે જતાં જતાં.'

'મને ન માંડી આપો ? મને આખું ન સંભળાવો ?'

તેમણે બેત્રણ પંક્તિઓ ગાયા પછી કહ્યું કે 'શિબિર પૂરી થશે ત્યારે અમે નાટક આપવાના છીએ તેમાં ગાઈશું.' ને મને તેની ચાર ટૂંક લખી આપી. તે રાતે ગીત સાંભળવા ન મળ્યું. પણ સાબરકાંઠા જિલ્લાના ત્રણ વિદ્યાર્થીમિત્રોને કહી રાખ્યું. ધનસુરા ગામના શ્રી જોશી માસ્તરને વાત કરી કે આ ગીત મળશે ? તે ત્રણ સ્થળેથી મળ્યું. હિંમતનગરથી ભાઈ વલીભાઈએ પણ મોકલ્યું.

'શ્રાવણી મેળો' વાર્તામાં વાર્તાકાર લખે છે '... લોહિયા નવાનવા વનકિશોરો એકલા મેળે આવતા ને બેબની પાછા જતા. વનકન્યાઓ ટોળેબંધ ચાલી આવતી એક અણખોટ હૈયું... વનલોકને આથી જુદો વિવાહવિધિ જડ્યો ન હતો.' આવી વનજાતિનું— અણખોટ હૈયાનું આ ગીત છે, થાવરો અને કટારી શામળાજીના મેળે જતાં ગાય છે. —સં.]

શામળાજીના મેળે હાં રે રમઝણિયું રે પીંજણિયું વાગે,
હાલ કટારી હાલ રે ,, ,, ,,
કટારી : ધીરો ધીરો હાલજે, હાં જો, ,, ,,
થાવરા, તારમાર નઈં બને, ,, ,,
થાવરો : બાર ભઠ્ઠીનો દારુડો રે, હાં જો, ,, ,,
કટારી : અંડે વંડે પાન ખરંતાં,
તાંણું ગજરા લાંબા જો, હાં જો, ,, ,,
થાવરો : હોવે જો.
કટારી : સોનાનો શામળિયો જો, હાં જો, ,, ,,
થાવરો : હોવે જો.
કટારી : કેડ્યમાં કટારી રે, હાં જો, ,, ,,
થાવરો : હોવે જો.
કટારી : બરબર હોકો બોલે જો, હાં જો, ,, ,,
થાવરો : કલયારીનું અણજું આયું હાં જો, ,, ,,
પિયારી ભટકાઈ જો, ,, ,,
કટારી : જાંબુડીની જાળમાં,* હાં જો, ,, ,,
ઝાંઝરીવાળી નાળમાં, ,, ,,
થાવરા તારા પગે, ,, ,,
હે, ડોસા દોટો કાઢે, ,, ,,
મોટિયારા મૂછો મરડે, ,, ,,
એ, છૈયાં સીતો× કરે, હાં જો, ,, ,,
હે ડોસી પાણા મારે, ,, ,,

અમદાવાદ : તા. ૧૯–૧–'૫૩

પાઠાંતર (૧) સનાનો શામળિયો જો, (૨) સાંણાનો શામળિયો

* કાંટચમાં. × સીટીઓ.

[અનુસંધાન પૃ. ૪૮થી]

આ સ્થિતિ લાવી શકાઈ — દેશના અર્થતંત્રને પગભર કરી શકાયું – એ નવા ચીનની એક મોટી સિદ્ધિ છે. ૧૯૩૭ અને ૧૯૪૮ વચ્ચે ભાવોમાં ૬૦ લાખગણો ઉછાળો આવ્યો હતો. કોથળો ભરેલી નોટો આપતાં ચાનો પ્યાલો માંડ મળે એવું અર્થતંત્ર ભાંગી ગયું હતું. ૧૯૫૦ના માર્ચમાં ૧૦૦નો આંક લઈએ તો ડિસે.માં ૮૮.૬૦, સપ્ટે. ૫૧માં ૧૦૦.૩૦ અને જૂન ૧૯૫૨માં ૯૫.૨૦ — એવા જૂજ ભાવમાં ઝોલા આવ્યા છે. દેશનાં આવક અને ખર્ચનાં પાસાં સરભર થયાં. હવે પુરાંત બજેટ હોય છે. પાછલા ઇતિહાસમાં પરદેશ સાથેના વેપારમાં કદી તરતું પાસું ન હતું તે ૧૯૫૦ પછી બન્યું. ...અર્થતંત્રમાં સ્વસ્થતા આવી અને ભાવ એકસરખા થયા તે ઉપરાંત કાળાબજારનો સંભવ ટળ્યો. દરેક ચીજની રસીદ આપવામાં આવે છે. પાછળ વેચાણવેરાની ટિકિટ લગાડેલી હોય. વધુ ભાવ લેતાં કોઈ પકડાય તો એની ૮૦,૯૦ ટકા મિલકત જપ્ત થાય છે એવું સાંભળ્યું.

ચીનમાં પંચવિધ અર્થરચના છે: ૧ રાજ્યસંચાલિત અર્થતંત્ર, ૨ સહકારી અર્થતંત્ર, ૩ ખેડૂતો અને હસ્તઉદ્યોગવાળાઓનું અંગત અર્થતંત્ર, ૪ ખાનગી મૂડીશાહી અર્થતંત્ર, અને ૫ રાજ્ય અને મૂડીવાળાનું સહિયારું અર્થતંત્ર. મૂડીવાદને નાબૂદ કરી વહેલોવહેલો સમાજવાદ સ્થાપવો એ બરોબર નથી, 'આપણી રાષ્ટ્રીય પરિસ્થિતિને એ અનુકૂળ નથી' એમ માઓ ત્સે-તુંગે ૧૯૫૦માં કહ્યું હતું. શનું અર્થતંત્ર ખૂણેખૂણે વેરાયેલા હાથઉદ્યોગો પર વલંબતું હોઈ નાનાનાના વેપારીઓ પણ રહેવા જોઈશે મ સમજાયું. ચીનની નેતાગીરી કમ્યુનિઝમનો કક્કો ખરો રવા નીકળવાને બદલે જીવવું હોય તો ઉત્પાદન, ખેતરોમાં ને કારખાનાંમાં, વધારવું જોઈશે એ જોઈ શકી. રશિયા- મુશ્કેલીઓમાંથી શીખવાનું વલણ પણ ખરું. ચીનના ઓ માટે એક જ શબ્દ વાપરવો હોય તો તે વ્યવહારનિપુણ પ્રેક્ટીકલ) છે એમ કહી શકાય. એમણે દેશના અર્થતંત્રનો ર રાજ્યસંચાલિત અર્થરચનાના હાથમાં રાખ્યો, અને બીજાં ાં તંત્રોને આર્થિક સ્વાસ્થ્ય મેળવવામાં યોજ્યાં. ખાનગી દારને મૂડી ઉપર ૧૦,૨૦, ક્યારેક ૩૦ % સુધી નફાની ગવાઈ કરી, ઉત્પાદન કેમ વધે એની ઉપર નજર રાખી.

ખેતીનું ઉત્પાદન વધારવા માટે દેશની ૭૦% ખેડ જમીન (૧૧૩૦.૫ લાખ એકર) ગ્રામવસ્તીના ૧૦%થી ઓછા જમીનદારો પાસે હતી, તે વિનાવળતરે લઈ લીધી અને જૂન ૧૯૫૦માં દરેક વ્યક્તિદીઠ વહેંચી. અહીં પણ સમૃદ્ધ ખેડૂતને જીવતો રાખ્યો, કેમ કે તે ખેતીનું કામ પ્રત્યક્ષ કરતો અને ખેતીકામનો નિષ્ણાત હતો. જમીન વહેંચીને બેસી ન રહ્યા. ખેડૂતસંઘો સ્થાપ્યા. તાર કરવો હોય, વેગન જોઈતું હોય તેમાં પોલીસખાતા જેટલી ખેડૂતસંઘની અગ્રસ્થિતિ (પ્રાયોરિટી). કૃષિનિષ્ણાતો બિયારણ, ખાતર, જીવાત અંગે સલાહ આપવા ઘૂમવા લાગ્યા. એકલા કરતાં જૂથમાં થતા ખેતીકામને ઉત્તેજન આપવામાં આવ્યું. ૪૦% ખેડુ પરસ્પર સહાયજૂથમાં મળી ખેતી કરે છે. ૪૦૦૦ ખેતી સહકારીઓ ચાલે છે. સમૂહ ખેતી માટે રાજ્ય દસ ફાર્મ ચલાવી રહ્યું છે. અમે રહ્યા હતા તે ગામમાં એકજણ એકલો ખેતી કરતો હતો. તેને સૌથી ઓછું પાકયું. સહકારીમાં જોડાવા એણે ઇચ્છા બતાવી. ઢોલ, ઘંટ, ઝાંઝ વગાડતા એનું સામૈયું કરીને લઈ આવ્યા ને સહકારીમાં ભેળવ્યો. ખેતીના સુધારાને નવા ચીનમાં સૌથી વધુ મહત્ત્વ આપવામાં આવે છે. ૩૦ કરોડ માનવીઓને પોતાની માલિકીની જમીનવાળા કરવા એ બનાવ માનવઇતિહાસમાં નોંધપાત્ર ગણાય.

પરિણામે ઉત્પન્ન ખૂબ વધ્યું. અનાજ ચીનને પરદેશથી મંગાવવું પડતું. ૧૯૫૧માં ચીને હિંદને ૬૬૦૦૦ ટન ચોખા અને ૪॥ લાખ ટન કાઓલ્યાંગ આપ્યાં. (ચીને પોતાના લોકને ભૂખે મારી દુનિયામાં દાના દેખાવા હિંદને મદદ કરી હતી એમ કેટલાક હિંદીઓ પણ કહેતા!) પણ ૧૯૫૨માં હિંદે ચીન પાસેથી ચોખા ખરીદ્યા. '૫૨ના અંતમાં સિલોને રબરના બદલામાં લાખો ટન ચોખાનો સોદો ગોઠવ્યો. અમેરિકાએ નાકાબંધી મૂકી હતી અને અર્થકારણના પંડિતો કહેતા કે ચીન ભૂખે તરફડી મરશે. જમીનસુધારાનો કાયદો થયા પછીનાં પગલાંને લીધે, ચાલુ રૂ ખરીદતા ચીને ત્રણ વરસમાં રૂનો પાક ત્રણગણો વધાર્યો અને રૂ અંગે પગભર બન્યું. તંબાકુ મંગાવતું તેણે એ વેચવા માંડી. આયાતમાં હમેશાં અગ્રસ્થાને ચોખા આદિ રહેતાં, તેમાં વધારો રહેવાને પરિણામે યંત્રો ખરીદી શકાયાં અને ઉદ્યોગીકરણ માટેની મૂડી જમા થવા માંડી.

ખળામાં ચોખાનો ઢગલો મોસમે મોસમે કેમ મોટો થાય એ ધ્યેય હતું, પણ પરસ્પર સહાયજૂથો અને સહકારીઓના

[અનુસંધાન પૃ. ૭૬ ઉપર]

અકાડમી અને લોકનૃત્યો : દિલ્હીના બે પત્રો

કૃષ્ણલાલ શ્રીધરાણી, કિશનસિંહ ચાવ

સંગીતનાટક અકાડમી

ગઈ કાલે દિલ્હીમાં સંગીતનાટક અકાડમીનો જન્મ થયો. અંગ્રેજીમાં તે Academy of Dance, Drama and Musicના નામે ઓળખાશે. મૌલાના અબુલ કલામ આઝાદ જેવા બુઝર્ગ વિદ્વાનને પણ ગ્રીક શબ્દ academyનો હિન્દીમાં જોટો ન જડયો, તેથી એ શબ્દનું ભારતીયકરણ Akadami કર્યું. જે ત્રણ અકાડમીઓનો પ્રબંધ કરવામાં આવ્યો છે, તેમાંની આ પહેલી.

મૌલાના સાહેબના માનવા પ્રમાણે ભારત અને ગ્રીસ એ બે દેશોમાં જ કળાનાં મંદિરો પર સાથી દેદીપ્યમાન કળશો ચડયા. પણ સંગીતમાં તો "ભારત ગ્રીસ કરતાં પણ આગળ," કહે છે મૌલાના. હશે કદાચ, પણ જેઓને "હાર્મની"નો પરિચય થયો છે તેઓને આમાં કદાચ-છાજતું એવું દેશાભિમાન જ લાગશે.

રાષ્ટ્રપતિ બાબુ રાજેન્દ્રપ્રસાદે આ અકાડમીને ખુલ્લી મૂકી. પણ જન્મની જાહેરાત કરતાં કરતાં જ તેમણે ત્રણ આકરી ચેતવણીઓ આપી :

૧. સરકારી સંસ્થાઓ હમેશાં ચીલામાં પડી જાય છે. તુમારશાહીમાંથી તેઓ કદી ઊંચી આવતી નથી. "રેડ ટેઈપ"માં એ ગુંચવાઈ જાય છે.

૨. સમૂળી દૃષ્ટિએ કળા એટલે વ્યક્તિના આત્માનો મહિમા. જો સલ્તનતો મદદને નામે કે દેશસંગઠનને નામે વ્યક્તિગત કે પ્રાંતીય અસ્મિતાને એકસરખી સપાટ કરી નાખે તો કળાનું મૃત્યુ થાય.

૩. આ જમાનો આવૃત્તિઓનો છે. પણ આવૃત્તિઓ તો કલ્યાણકારી કૃતિઓની જ થવી જોઈએ. નહિ તો પ્રજામાં સડો પેસે.

અકાડમીના જન્મની ઝાલર વગાડતી વેળા જ જો રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદને આવી તાકેદી આપવી પડે તો આપણને સહેજે જ થાય કે કદાચ આવી પ્રવૃત્તિઓ પ્ર હાથે જ પાંગરે અને રાજ્યને હાથે વિકરે. ખાસ ક ભારતમાં, કેમ કે વ્યક્તિનું ગૌરવ પ્રજાસત્તાકના ગૌરવની હજી અહીં અધપાકું છે અને તેથી રાજ્યના તેજમાં ઝં જાય તેવું છે. આ વિષય ઘણો મહત્ત્વનો હોઈ એક ચર્ચા માગે છે. કોઈ કરશે ?

જાન્યુ. ૨૯, ૧૯૫૩ — કૃષ્ણલાલ શ્રીધ

લોકનૃત્યો

પ્રજાસત્તાકદિનના કાર્યક્રમોમાં ૨૭મી ને ૨૮મીએ નૃત્યોનો એક સરસ સમારંભ અહીંના નેશનલ સ્ટેડિ થઈ ગયો. વૈવિધ્ય, નવીનતા અને આવશ્યકતા એ દૃષ્ટિએ એને અપૂર્વતા મળી. હજારો લોકો એમાં થયા. મારા જેવા રખડુ યાત્રીને પણ એકી સાથે આટલ આવી વિવિધતા જોઈને સાચે જ આનંદ થયો. સમારંભમાં લગભગ તેર રાજ્યોનાં લોકનૃત્યોનું પ્રતિ હતું. આસામનું સેમાનાગા નૃત્ય, બિહારનું હો નૃત્ય, બંગાળનું સંથાલ નૃત્ય, મુંબઈનું હોળી નૃત્ય, પેપ્સુનું નૃત્ય, ઉત્તર પ્રદેશના પહાડી પ્રદેશના જોનસારોનાં થાલી અને ઝતીટા નૃત્યો, સૌરાષ્ટ્રનો દાંડિયા રાસ અને પદ્ય રાજસ્થાનનાં ઘૂમર અને ગૌરી નૃત્યો, દક્ષિણ હૈદરા બારમી સદીથી આફ્રિકાથી આવેલી મૂળજાતિ હબસી સીદી નૃત્ય, મધ્યભારતનું કઠપૂતળી નૃત્ય, મણિ નાગાઓના મોવો, શિનાલો ડો અને ઉરી ડો નૃત્યો, હિ પ્રદેશનું ગાડી નૃત્ય અને પંજાબનું ભાંગરા નૃત્ય—એ જુદા પ્રદેશોએ પોતાનાં વિશિષ્ટ લોકનૃત્યોની રમઝટ હતી.

પહેરવેશ, તાલ, સંગીત, વાદ્યો અને ભાવોનું કરણ એ સર્વમાં એકબીજાથી તદ્દન જુદાં હોવા છ લોકનૃત્યો દ્વારા એક બુનિયાદી હકીકત આપમેળે થઈ ગઈ. અને તે ભારતીય સંસ્કારિતાની એકતા. એ

હકીકત એ પણ ફલિત થઈ કે આપણી સંસ્કૃતિ એ મુખ્યત્વે લોકજીવનની સંસ્કૃતિ છે. આ બધાં જ લોકનૃત્યોના નિર્માતા છે પરસેવાના પાડનાર લોકો. પરસેવાનો ઉપયોગ કરનાર બુદ્ધિશીલ વર્ગનું આમાં નામનિશાન નથી. કારણ કે એ વર્ગમાંથી શુદ્ધ જિંદગી રોજબરોજ રહેંસાતી જાય છે. એટલે દિલ્હીમાં આ સમારંભે જીવનની એક લહરી ઉડાવી દીધી. કદ્રૂપતા, કૃત્રિમતા અને કીર્તિની પાછળ બાવરા બનેલા આ જમાનાને પળ વાર જિંદગીનું ભાન થયું.

સંથાલોના નૃત્યમાં સાદાઈ ઊડીને આંખે વળગે એવી હતી. સંઘતાલ અચૂક છતાં લહેરાતો હતો. સંગીત રમતું, રસળતું અને રંગદર્શી હતું. મુંબઈનું હોળીનું લોકનૃત્ય આપણા આજના ભણેલાં જુવાન ભાઈબહેનોની દેણગી હતી. એટલે એમાં લોકજીવનનાં વીર્ય અને છંદ બન્ને નજીવાં હતાં. એ લોકો નહોતા, લોકોના વેશમાં નાગરિકો હતા. આસામેનું સેમાનાગા નૃત્ય યુદ્ધવીરોનું નૃત્ય હતું. બહાદુરી, યુદ્ધનાદ અને ભયજનક સંગીત અને તાલનો એમાં સાથ હતો. પીંછાવાળો શિરપેચ અને બીજો પહેરવેશ એ ભયાનક રસને અનુકૂળ હતો. બિહારના હો નૃત્યમાં રોજબરોજની જિંદગીની ખુશીનો ગુલાલ ઊડતો હતો. એમને માટે નૃત્ય એ કોઈ પ્રસંગનો ખાસ બનાવ નથી. નૃત્ય એમની રોજિંદી જિંદગીની અનિવાર્ય જરૂર છે. એટલે એમાં તાલનો ઉઠાવ અને ચાલ બન્ને મોહક અને પ્રસન્નતાની પ્રતીતિ કરાવતાં હતાં. પેપ્સુનું નૃત્ય બારમી સદીના રાજાઓના જીવનનો પડઘો પાડતું હતું. એમાં આસામના નાગાઓ કે હૈદરાબાદના હબસીના સીદીનૃત્યનું બળ અને બહાદુરી બન્ને નહોતાં. જોનસારોનાં લોકનૃત્યો સામુહિક તાલની અચૂકતા અને પહેરવેશની નવીનતાની દૃષ્ટિએ આકર્ષક હતાં. પણ રંગ તો રાખ્યો સૌરાષ્ટ્રના બે લોકનૃત્યોએ. દાંડિયા રાસની રમઝટ અને પઢાર નૃત્યનું છંદમાધુર્ય બન્ને બહુ જ જીવનદાયક પુરવાર થયાં. તાલના ટુકડાઓ માત્રાઓ જેટલા અચૂક હતા. ગતિ તાલ સાથે સંવાદી હતી. રંગોની હીના ખીલી હતી. પઢાર નૃત્યમાં મંજીરાના તાલની મધુરી ચાલ અને પછીથી એનો કૌતુકપ્રિય ઉઠાવ, હોડી હંકારવાના અભિનય સાથે તાલનો અચૂક સથવારો એ સર્વ સંવાદિતાએ સૌરાષ્ટ્રના લોકનૃત્યોને આસાનીથી શ્રેષ્ઠતા અર્પી દીધી.

રાજસ્થાનના ગૌરી અને ઘૂમર નૃત્યોએ જિંદગીની ફેરફૂદડી ફેરવી દીધી. પળ વાર કુંવારાઓને લગ્નની બેચેની આપી દીધી. પરિણીતોને પોતાના લગ્નની યાદ આપીને વ્યાકુળ બનાવી દીધાં, જિંદગીનું નિશાન આબાદ તાકયું અને પાડયું પણ ખરું. સ્ત્રીપુરુષની વચ્ચે જિંદગીની કેવી અદ્દભુત આપલે થઈ શકે છે એનો સાક્ષાત્કાર કરાવી દીધો. પહેરવેશમાં રંગોનો અબીલગુલાલ ઊડતો હતો, સંગીતમાં ગતિ જિંદગીથી થથરતી હતી. તાલ મન મૂકીને ઘૂમતો હતો.

મણિપુરના નાગાઓએ ધરતીની આરતી, સંગ્રામનો સથવારો અને રોજના જીવનના આનંદને પ્રગટ કરતાં લોકનૃત્યો કર્યાં. આમાં તાલનું વૈવિધ્ય નહોતું, ચીલાબંધી હતી. સંગીતમાં ધરતીના તાઝગી હતી. પહેરવેશમાં જંગલની આઝાદી હતી. હિમાચલ પ્રદેશના ગાદીનૃત્યમાં નમણી નિર્દોષતા ગેલ કરતી હતી. સ્મિત રાસ રમતું હતું. તાલસૂર લંગડી રમતા હતા. પહેરવેશ રંગબેરંગી પહાડી હતો. આંખોના ભાવો નીતરતા હતા. એમાં મેળાનો આનંદ હતો અને એની જ ભાઈબંધી હતી. મધ્યભારતનું કઠપૂતળીનૃત્ય એક રીતે નવીન હતું. આપણે ત્યાં જૂના જમાનામાં રામલીલાની જેમ આવાં પૂતળીનૃત્યો પણ થતાં. પરંતુ આમાં કઠપૂતળીઓને બદલે જીવતાં છોકરાંછોકરીઓએ ભાગ લીધો હતો. પહેરવેશમાં નવીનતા, ઉલ્લાસ અને રંગોના ચમત્કાર હતાં. સંગીતમાં અભિનવતા અને સાતત્ય હતું. જીવતા માણસો નિર્જીવ પૂતળાંની પેઠે ગતિ કરતાં એ જ એની અસામાન્યતા હતી. પંજાબના ભાંગરા નૃત્યમાં છંદ, છણકો અને છેલબટાઉપણું ઉપરાછાપરી પ્રગટ થતાં. સંગીત વહેતું, તાલ રમતો અને સંઘ જીવતો લાગતાં હતાં. એમાં સુખનો નશો અને જિંદગીનો ધમકાર હતાં. આપણી સંસ્કારિતાથી જુદું પડી જતું નૃત્ય દક્ષિણ હૈદરાબાદના હબસીઓનું સીદીનૃત્ય હતું. આફ્રિકાના મૂળ વતનીઓનાં લોકનૃત્યો સાથે સામ્ય ધરાવતા આ નૃત્યમાં તાલનો ઉઠાવ ગતિપ્રેરક હતો. ગતિ જિંદગીમય હતી. જિંદગી થનગનતી હતી. વાદ્યોમાં બળ હતું, સંગીતમાં સ્ફુર્તિ હતી. પહેરવેશમાં નવીનતા, નૈસર્ગિકતા અને સ્વતંત્રતા હતી. કાળા રંગમાંથી ઉજ્જ્વલ જીવન ફૂટતું હતું. માનવી જીવનનું પુષ્પ હતું. પુષ્પમાંથી સુગંધ પ્રગટતી હતી.

આ લોકનૃત્યો જોઈને જીવન ચૂસી ખાતી આ બુદ્ધિ તરફ અણગમો ઊપજ્યો. લાગણીને કોરી ખાતા કીર્તિના કીડાને મારી નાંખવાનું મન થયું. સત્ત્વહીન જીવનની ગર્તનું ગળું મરડી નાંખવાની ઇચ્છા થઈ. અંતરાત્માએ આગળો ઉઘાડીને ટહુકો કર્યો. આવતી કાલ પરસેવાની સંસ્કૃતિની છે. પરસેવો પાડનાર સ્વામી થશે. પરસેવો લેનારની લાયકી લૂંટારાની હશે. જિંદગીનું રાજ્ય હશે. આદમીયતનું અત્તર મહેકશે.

કિશનસિંહ ચાવડા

[અનુસંધાન પૃ. ૭૩થી]
સભ્યો સાંજે ફાજલ સમયની શાળામાં ભણવાનું, સંગીત, નૃત્ય, નાટક, છાપાંવાચન, રાજકીય ચર્ચા આદિ કરવા લાગ્યા. ચોખાના ઢગલાની આસપાસ સંસ્કારપ્રવૃત્તિઓનો રાસ રચાયો. ચીનનાં હાડપિંજર સમાં ગામડાંમાં લોહી આવવા માંડ્યું, જીવ ફરકવા લાગ્યો.

સહકારી અર્થતંત્રને ખૂબ ઉત્તેજન મળે છે. ૧૦11 કરોડ માણસો સહકારીઓના સભ્ય છે. સરકાર રાજ્યહસ્તકની વેપારી પેઢીઓ ચલાવે છે તેને જે દરે નાણાં વ્યાજે મળે તે કરતાં ૧૦% ઓછે દરે (ચોગણા ટકાથી) સહકારીઓને મળે છે.

અમેરિકાની નાકાબંધી ચીનને આશીર્વાદ સમી નીવડી. વપરાશનો માલ વિદેશથી આવતો. હવે જાતે બનાવવા વિના આરો ન હતો. પોતાના ઉદ્યોગોને વેગ મળ્યો. અને આખું ઘરઆંગણાનું બજાર એ ઉદ્યોગોને મળ્યું. નિત્ય વધતી જતી ખરીદશક્તિવાળી ખેડૂતવસ્તીને લીધે આંતરવેપાર ખીલ્યો.

સ્ત્રીઓ યુગોની ગુલામીમાં હતી. અનેક સ્ત્રીઓને પરણવાની છૂટ હતી. હાંગ્ચાઉના પશ્ચિમ સરોવર અંદરના ટાપુમાં એક જમીનદારની ૧૧ પત્નીઓની કબરો છે. વિધવા-વિવાહની મનાઈ હતી. જોડું ગોઠવનારની મદદથી વિવાહ થતા. માબાપો પણ સામા પાત્રને જોઈ ન શકે. હવે લગ્ન-સુધારાના કાયદાથી ૧૮ની નીચે સ્ત્રી, ૨૧ની નીચે પુરુષ ન પરણી શકે. કોઈ પૈસા માગી ન શકે. નોંધણીથી લગ્ન થાય. એક જ સ્ત્રી કે પુરુષ જોડે લગ્ન થઈ શકે. પીણાં અને સિગારેટના જૂજ ખર્ચમાં હવે લગ્ન થાય છે.

વિદ્યાર્થીઓને પ્રાથમિક, માધ્યમિક કે ઉચ્ચશિક્ષણમાં ભલામણ આપવું પડતું નથી. ઉચ્ચશિક્ષણમાં તો ખાવું, રહેવું, ચોપડીઓ, હાથખરચી બધું મળે છે. ઉપરાંત ઘેર અપંગ માવતર હોય તો તેની પણ જોગવાઈ થાય છે. મેં સાંભળ્યું કે હોંગકોંગના દસ હજાર વિદ્યાર્થીઓ ચીનમાં ભણવા ગયા છે.

આમ, પ્રજાના બહોળા વર્ગો ખેડૂતો, મજૂરો, સ્ત્રીઓ અને વિદ્યાર્થીઓને પૂરો સંતોષ આપવામાં આવ્યો છે. મજૂરોની તો રાજ્યમાં નેતાગીરી છે. એમને માટે નિવૃત્તિ-સ્થાનો, સંસ્કારમહેલો, વૃદ્ધનિવાસો અને વીમાયોજનાની વ્યવસ્થા થઈ છે.

સહિષ્ણુતા અત્યારે સારા પ્રમાણમાં જોવા મળે. એ વાર શાકાહારમાં બૌદ્ધ ધર્મગુરુ જોડે અમે હતા. શાંઘાઈનું વડું બૌદ્ધમંદિર જોવા પણ ગયા હતા. એકલા પેકિંગમાં ૪૧ મસ્જિદો છે. પણ નવી ઊછરતી પ્રજા સહેજે ધર્મવિમુખ થઈ જાય એવી તાલીમ અપાય છે. ચીનમાં ઉપપ્રજાઓ જેટલી વેરણછેરણ પડેલી છે. તેમનાં ૧૩૦ સ્વાયત્ત લઘુરાજ્યો બનાવ્યાં છે. પક્ષોમાં સામ્યવાદી સિવાયના પણ છે. ધ્વજમાં મોટો તારો તે સામ્યવાદી પક્ષનો ને ફરતા બીજા તે બીજા પક્ષોના છે. ૭ ઉપપ્રમુખોમાં ત્રણ બિનસામ્યવાદી છે. ધારાસભામાં સામ્યવાદી પક્ષના સભ્યો ૩૧%. ૧૯૫૦માં તે પક્ષના ૪૫ લાખ જેટલા સભ્યો હતા, જેમાં અર્ધા તાજા જ ઉમેરાયેલા હતા. નવા સભ્યો ઉમેરવા ઉતાવળ ન કરવા નેતાએ ચાનક આપી હતી. હવે ચૂંટાયેલી ધારાસભા માટે પ્રયત્ન થવાનો છે, ત્યારે બીજા પક્ષોને વાસ્તવિક કેવું સ્થાન મળે છે તે જોવા મળશે. અત્યારે સામ્યવાદી પક્ષનું પૂરું વર્ચસ છે, પણ બધાં વર્તુળો (ઑલ સર્કલ્સ) મળીને ચાલવાની એની નેમને લીધે એને જરીક પોચા પડે. આપણે ત્યાં જેમ ડૉ. રાધાકૃષ્ણનની સેવાઓ લેવી તો કોકવાર કૉન્ગ્રેસને બે વાત સંભળાવે એ તે પક્ષે નભાવી લેવું પડે—એ જાતનું કાંઈક અંશે. સામાન્ય શિરસ્તો એવો લાગે છે કે એક વાર કોઈ નિર્ણય થાય ત્યાં સુધી સૌ ચર્ચા કરે અને એમાંની કેટલીક યોગ્ય વાતો સ્વીકારાય ખરી, પણ નિર્ણય થઈ ચૂકયા પછી એની ચર્ચા ન થઈ શકે. એ નિર્ણયના અમલમાં કોઈ ગલ્લાંતલ્લાં કરતું હોય, ગોટાળો કરતું હોય તો પૂરી ટીકા થઈ શકે. છાપાં ચાળીસ જેટલાં. પણ સામ્યવાદી પક્ષના 'રેમીંગ રેપાઓ' —લોકદૈનિક (... લાખ નકલ)ના અગ્રલેખો બીજાંઓ, ઘણી વાર, ફરી છાપતાં હોય છે. સમાચારોનો કાબૂ નૂતન–ચીન–સમાચારસંસ્થા હસ્તક છે. છાપાંમાં ચીનની ઉત્પાદનવિષયક ઝીણામાં ઝીણી વીગત આવે, પણ પરદેશનું પ્રમાણમાં જૂજ આવે. (આપણી જાતનાં બીબાઢાળ છાપાંઓ અથવા તો સંસ્થાનોનાં ... પેટી જેવાં અથવા અમેરિકાનાં ઘણાંખરાં બાબરો ભૂત જેવાં હોય એવાં વાઈથી પીડાતાં છાપાં મારાથી તો વાંચ્યાં નથી. ઇંગ્લૅન્ડનાં છાપાંથી ટેવાયાનું પરિણામ.)

૫૪ દિવસમાં ઠીકઠીક માણસોનો સંપર્ક થયો. કેટલાની સ્મૃતિની સુવાસ જીવનભર પહોંચશે. પણ નવા ચીન...

ધબકતી આખી એક પ્રજાને જોવી એ મોટો લહાવો હતો. અત્યારે આખી પ્રજા કોઈક સુંદર મિજાજમાં છે. માનવ-ઇતિહાસમાં ચેતનાનાં આવાં મોજાં વારંવાર ઊઠયાં નહિ હોય. આપણે ત્યાં મોટેરાંઓએ '૨૧માં, અમારા જેવાએ '૩૦માં, અલૌકિક ઉત્સાહથી ઘૂમતાં અનેક નરનારીને જોયેલાં. એ સ્થિતિનાં ફરી દર્શન કરવાં હોય તો ચીનમાં અત્યારે થાય.

ચીનના આ નવ-ઉત્થાનનો કીમિયો શી રીતે બન્યો? આખી પ્રજાની ચેતના શી રીતે હેલે ચઢી? ૧. કલ્પનામાં ન ઊતરે કે પરદેશી શાહીવાદીઓની એડી નીચેથી ચીન છૂટી શકશે. એ બન્યું. અણુઓએ એ કર્યું, સામ્યવાદીઓએ નહિ. ૨. દેશ એક છત્ર નીચે આવવા ઉપરાંત ચ્યાંગ નીચે કાળાં-બજાર, રુશ્વતખોરી અને ફુગાવો વકર્યાં હતાં તે નવા તંત્રે દૂર કર્યાં. પ્રજાએ રાહત અનુભવી. ૩. ખેડૂતોને જમીન મળી. અર્ધગુલામી, અર્ધભુખમરામાંથી ખેડૂત ચીનના ઇતિહાસમાં પહેલી વાર બહાર આવ્યો. (ચીનમાં ઈ. પૂર્વે પણ ખેડુબળવા થયેલા છે. ગઈ સદીમાં તો એક ખેડુ રાજપદે પણ પહોંચેલો.) ૪. નવી નેતાગીરી સવારમાં ઊઠી ને એના ખોળામાં પેકિંગ પડયું એમ બન્યું નહતું. બે દસકાથી આકરી તાલીમાં એ પસાર થઈ હતી. પ્રદેશોનો વહીવટ કેમ ચલાવવો તેના – રોજ-રોજના પ્રશ્નોની શિરોવેદનામાંથી એ પસાર થઈ હતી. શાસનનો નકશો તૈયાર થયો હતો. નવો પ્રદેશ મળે કે એ અમલમાં મૂકવાનો હતો. કસાયેલા–તીવડેલા કર્મચારીઓ તૈયાર હતા. નવા ઊમેરી નવા પ્રદેશમાં કામ આગળ ધપાવવું સુકર હતું. ૫. નેતાગીરી મહેલોમાં ખોવાઈ નગ ઈ. કોરીઆના પ્રકરણને લીધે તંગ ઢીલા મૂકવાનો અવસર જ ન રહ્યો. પગારો ઓછામાં ઓછા ૭૦-૮૦ અને વધુમાં વધુ ૬૦૦-૬૫૦. ઘણા તો જીવનનિર્વાહ પૂરતું લઈ સેવા આપવાની પુરવઠા-પદ્ધતિથી રહે છે.—આ બધાં કારણોને લીધે પ્રજાની શક્તિમાં જુવાળ આવ્યો છે ને મોટીમોટી યોજનાઓ હાથ પર લઈ શકાઈ છે. ચીનને હજારો-લાખોની સંખ્યામાં મોટાં કામ કરવાની ટેવ પણ છે એ 'મહાન દિવાલ' અને 'ગ્રાન્ડ કેનાલ' ઉપરથી જોઈ શકાય છે.

અત્યારે ચીન જોવા જેવું છે, એ પ્રજાની ચેતનાને જોવી એટલે એક મહાન વિભૂતિનાં દર્શન. કાલે આ રૂપનો જ ઉત્સાહ હશે, કોણ જાણે? અત્યારના ચેતનાના ઉદ્રેકમાં કોઈક તત્ત્વ એવાં હશે જે વિકાર લાવે. ચીનની પાસે અનુકરણ માટે માત્ર રશિયાની સમાજરચના છે. દરેકેદરેક માણસ કોઈ ને કોઈ સંઘ–સ્ત્રીઓ, મજૂરો, યુવકો, ખેડૂતો, વગેરેના સંઘ – નું સભ્ય હોય. સત્તા રાજ્યમાં તેમ સંઘોમાં ઉપરના કેન્દ્રમાં હોય. ત્યાં બટન દાબવાથી બધે અભિપ્રાયવીજળી ફરી વળે ધીમે ધીમે આખી પ્રજાચેતના ફરીને આ દલબંધીનાં ચોકઠાંમાં જડ થઈ શકે. માર્કસવાદી-લેનિનવાદી વિચારસરણી-નું બૌદ્ધિકોને નવેસર શિક્ષણ અપાય છે. જ્યારે કોઈ વિદ્વાનો પોતાના જૂના લેખો હવે જરી મઠારવા પડે એમ કહે ત્યારે મતાંધતાના ભાવિ ભયનો અણસારો મળતો હતો. માર્ક્સવાદને એકવાર અનુસર્યાં એટલે આ મુશ્કેલીઓ એમાં કદાચ અંતર્ગત હશે. ચીન શાણી અને મહાન વારસાવાળી પ્રજા છે. આવી મુશ્કેલીઓને તરી ઊતરે છે કે વશ થાય છે એ જોવાનું રહ્યું. નવો ઘાટ નિપજાવે એવી આશા રાખવી અસ્થાને નથી. હાથ ધોઈ નાખવામાં તો રસ ન જ હોવો જોઈએ.

અત્યારે ચીન મને એક વિશાળ નિશાળ જેવું લાગ્યું (આખો દેશ પોતાને બધી રીતે કેળવવા મંડી પડ્યો છે), પણ સાથે સાથે એક છાવણી જેવું પણ લાગ્યું. સામે ચ્યાંગ બંદૂક તાકીને બેઠેલ છે. અમેરિકાની એને ઓથ છે. કોરીઆ-માં હાથ ચંપાયો છે. પણ એ ઉપરાંત પણ આ જાતની રાજ્યરચનામાં છાવણી-તત્ત્વનો અંશ હોય એમ લાગે છે. રશિયા પાંત્રીશ વરસ પછી પણ છાવણી છે, બધા દેશો સ્વરક્ષણ માટે હોય છે એથી વિશેષ અર્થમાં.

આ જાતની રાજ્યરચના – સરમુખત્યારશાહી – કેવળ રાજકીય સ્વતંત્રતા પર થોડોક પણ કાપ મુકાયા વિના ન રહે, પણ પ્રજાના ઘણા મોટા ભાગને આર્થિક ન્યાય મળે છે. પ્રજાના ૯૯.૯૯૯૯૯ ભાગને રાજકીય સ્વતંત્રતા વાપરવાની જરૂર પણ કદી ઊભી થતી નથી. પણ .૦૦૦૦૧મા ભાગને કદીક ક્યારેક જરૂર ઊભી થાય છે, અને એટલા ભાગ માટે પણ એ સચવાવી જોઈએ કેમ કે એ .૦૦૦૦૧ ભાગ એ માનવજાતિની આશા છે. માનવજાતિએ ઘણી મુસ્કેલીએ રાજકીય સ્વતંત્રતાનો આદર્શ થોડેવત્તે અંશે પણ જગતમાં સ્થિર કર્યો છે. પણ આર્થિક ન્યાય વિના એ પોકળ નીવડે. લોકશાહી એ વધુ ઉદાર, વધુ ઊંચી વિચારસરણી હોય તો એણે વિનાવિલંબે આર્થિક ન્યાય – સંપૂર્ણ સામાજિક ન્યાય – દરેકે દરેક વ્યક્તિ માટે હાંસલ કરવાનો સમય આવી

[અનુસંધાન પૃ. ૪૩ ઉપર]

અર્ઘ્ય

કહો, હું શું શોચું ?

ઊગ્યું'તું વાડીમાં મધુર ગુલ એ સૌરભભર્યું.—
સૂંઘું ? ના, ના ! તોડ્યું ! તદપિ નહિ સૂંઘ્યું, તજી દીધું.
ધરી પાયે બેડી ધરમ તણી ચાલ્યો સુજન હો !
કહો, હું શું શોચું ? મરડી અભિલાષા નવ મરે.

*

મૃદંગોના તાલો સહ મધુર આલાપ વહતા—
સૂણું ? મોહ્યો ગીતે, નહિ નહિ, તજી હું નીકળિયો;
અને સ્વાધ્યાયે મેં દિવસ મુજ ગાળ્યા સુજન હો !
કહો, હું શું શોચું ? શ્રવણ ભણકારા ન વીસરે.

*

દીઠી આવંતી મેં પ્રણયરસઘેલી યુવતીને.
સ્મિતે મોહ્યો હું તો, સ્મરણ સરવે તો સરી પડ્યું.
'પ્રિયે, આવો.' સ્પર્શ્યો ! નહિ નહિ, કઠોરે તજી દીધી.
કહો, હું શું શોચું ? હૃદય મહીં કાંટો રહી ગયો.

*

વસીને એકાંતે મનન મહીં ગાળ્યાં વરસ મેં.
વિરાગીની ચેષ્ટા વિધવિધ કરી મેં મન દમી.
ત્યહીં સંધ્યા ખીલી, નયન મુજ નાચ્યાં સુજન હો !
કહો, હું શું શોચું ? દમનવિધિ મ્હારો સરી પડ્યો.

*

'પ્રિયે ! આવો, લ્યોને મધુર ગુલ આ સૌરભભર્યું',
સુણો મીઠાં ગાનો, પ્રણય મુજ અર્પું, નમી પદે,
નિહાળો આ સંધ્યા'–તદપિ નહિ સ્વાસ્થ્યે ! સુજન હો !
કહો, હું શું શોચું ? ગત કદીય પાછું વળી શકે ?

[શ્રી 'મુસાફિર' : 'સ્મૃતિ' પૃ. ૫–૬.]

મુદ્રણકળાની શોધ

દુનિયાની બધી શોધોમાં મુદ્રણકળા એ સૌથી વધુ સર્વદેશીય અને આંતરરાષ્ટ્રીય છે. ચીને કાગળની શોધ કરી અને બ્લૉક વડે છાપવાના અને છૂટા ટાઈપના પ્રયોગ કર્યા. જાપાને સૌથી પહેલું બ્લૉક-છાપકામ કર્યું. બીબામાં ઢાળીને કરેલા ધાતુના ટાઈપ વડે પહેલવહેલું છાપકામ કોરિયામાં થયું. એશિયાની પેલી બ્લૉક-છાપકામની કળા પહોંચાડવામાં તુર્ક લોકોએ અગત્યનો ભજવ્યો. નજીકપૂર્વમાં ઈરાન અને ઈજીપ્ત એવા દેશો છે યુરોપથી પહેલાં બ્લૉક-છાપકામ થતું એમ જાણવા મ યુરોપમાં બ્લૉક-છાપકામ આવ્યું તે રશિયા દ્વારા એમ જૂનાં પ્રમાણથી જણાય છે, પણ ઇટલીનો દાવો પણ એ મજબૂત છે. ઇટલી અને હોલૅન્ડ બ્લૉક-છાપકામનાં સૌથી કેન્દ્ર હતાં હોલૅન્ડ, ફ્રાન્સ અને જર્મનીએ શોધખોળને સં એ પહોંચાડી અને જર્મનીમાંથી તે આખી દુનિયામાં ગ્રેટ બ્રિટન અને યુનાઈટેડ સ્ટેઈટ્સ જેમાં આજે દુનિયાનું ભાગનું છાપકામ થાય છે તેમનો આ શોધખોળમાં– આરંભના તબક્કાઓમાં — કશો પોતે ભાગ લીધો દાવો નથી.

[શ્રી કે. સી. રમણ : 'ટાઈમ્સ ઑફ ઇન્ડીઆ'ની અખિલ હિંદ મુદ્રણવિદ્યા પરિષદ અને પ્રદર્શનની પૂર્તિમાં.

માધ્યમિક કેળવણી અને ગ્રામવિસ્તારો

હિંદની કુલ વસ્તીના ૮૨.૮ ટકા લોકો ગામડાંમાં છે. આખા દેશના ૧૭ ટકા લોકો લખીવાંચી જાણે છે. એ ટકા ગામડાંઓની શાળાઓમાં પ્રાથમિક કેળવણી લે છે, ટકા શહેરોની શાળામાં. પરંતુ માધ્યમિક શાળાઓની આ આંકડા બદલાઈ જાય છે. માધ્યમિક શાળાઓમાં બાળકોના કેવળ ૨૬ ટકા જ ગામડાંઓમાં છે, જ્યારે બાકી ટકા શહેરમાં છે. એટલે કે, વસ્તીના જે ૧૭.૨ લોકો શહેરો છે તેમને ફાળે માધ્યમિક શાળાઓમાં ભણતાં ૧૦૦ બાળ ૭૪ બાળકોને ભણાવવાની સગવડો જાય છે, જ્યારે ગામડાંમાં ૮૨.૮ ટકા લોકોને ફાળે કેવળ ૨૬ ટકા જ સગવડ રહે અંગે બીજી એક ચોંકાવનારી વિગત તો એ છે કે ગામડાં માધ્યમિક શાળામાં ભણતાં બાળકોનું પ્રમાણ વધવાને બદલે આવ્યું છે ! ૧૯૩૭–૩૮માં ગામડાંમાં માધ્યમિક શાળાનાં પ્રમાણ ૨૮ ટકા હતું, જ્યારે ૧૯૪૯–૫૦માં એ ઘટીને થયું ! એવું જ ખર્ચની બાબતમાં. કેળવણીના કુલ ખર્ચ ટકા ૧૯૩૭–૩૮માં ગામડાંમાં ખર્ચાતા. ૧૯૪૯–૫૦

પ્રમાણ ઘટીને ૩૦ ટકા જેટલું થયું છે! એટલે કે ૭૦ ટકા લાભ શહેરોને મળે છે!

[શ્રી ઝીણાભાઈ ર. દેસાઈ: બૃહદ્ ગુજરાત માધ્યમિક શિક્ષક સંમેલનના ત્રીજા અધિવેશનમાં ગવાડા મુકામે.]

આંતરિક અસંતોષનો ઓથાર

આપણે એ શીખવું જોઈએ કે જીવનની કોઈ એક બાજુ માથે ચઢી ન બેસે અને બીજી વિસારે પડે. કામકાજ આપણી શક્તિનો એવો ઇજારો લઈ ન બેસે કે પ્રેમ, હેતમાયા અને નચિંતાઈભરી રમત માટે કાંઈ રહે જ નહિ. આપણામાં તિરસ્કાર માટે વલણ દેખા દે, તો કોઈ વ્યક્તિ કે જૂથની દુશ્તારૂપે બહાર ફૂટી આવતા આપણા અસંતોષ માટે આપણે પોતાની અંદર નજર કરવી જોઈએ. સામાન્ય રીતે આપણી લાગણીઓની બાબતમાં સંકોચને બદલે વિસ્તારની ટેવ પાડવી જોઈએ. અને આમાં જો આપણને સફળતા મળી તો આપણે જોઈશું કે બીજાઓ પ્રત્યેની આપણી લાગણીઓ દુશ્મનાવટની નહિ પણ મિત્રતાભરી છે.

આવાં માનસિક પરિવર્તનો જો ઘણી વ્યક્તિઓના દાખલામાં સિદ્ધ થાય, તો આંતરરાષ્ટ્રીય રાજકારણના તેમ જ અર્થકારણના–સામાજિક પ્રશ્નનું સ્વરૂપ જ તે બિલકુલ બદલી નાખશે. આવા પ્રશ્નનાં માનસિક મૂળિયાં તર્કરહિત તિરસ્કાર અને દ્વેષમાં હોય છે, જેનાં મૂળિયાં વળી કોઈ ઊંડા આંતરિક અસંતોષમાં હોય છે.

હકીકતોનો સામનો કરવાની પૂરતી હિંમત અને પૂરતી ઇચ્છા માણસને ભયમાંથી મુક્તિ અપાવે છે અને ફરજોની ઉપેક્ષા તરફ દોરી જવાને બદલે એ એવું ચિંતામુક્ત સુખ નિપજાવી શકે છે, જે પંખીઓને ગાતાં કરી મૂકે છે.

આધુનિક કામગરો મનુષ્ય (બિઝનેસ મૅન) ગાતો નથી, અને જ્યાં સુધી ચિંતાઓના ઓથારમાંથી પોતાના આત્માને એ છોડવશે નહિ ત્યાં સુધી એ ગાવાનો પણ નથી. જ્યારે એમ કરશે ત્યારે માત્ર એના જ પ્રશ્નો નહિ પણ દુનિયાના પ્રશ્નોનું સ્થાન કોઈક નવતર આનંદે લીધું હશે.

[શ્રી બર્ટ્રાન્ડ રસેલ: '૧૯૫૩માં સુખી કેમ રહેવું'માં. 'ટાઈમ્સ'માંથી.]

રંગભૂમિને

રંગ અમારી રંગભૂમિ, હો
ત્હારો જયજયકાર!
ગૌરવઅંકિત ઉત્સવ ત્હારો
ઊજવીએ આ વાર!
રંગ અમારી રંગભૂમિ, હો........

મૂર્તિમંત હે જ્ઞાન-ચેતના!
કલા અમારી હૃદય-વેદના!
સીંચ નિરંતર જનસમાજમાં
ઉન્નતિના સંસ્કાર.
રંગ અમારી રંગભૂમિ, હો........

રંગદેવતાની ઓ રાણી!
કાંતિ, શાંતિ પ્રેરક વાણી!
મહાશક્તિ, કર નવચેતનમય
જનગણનો સંસાર.
રંગ અમારી રંગભૂમિ હો........

[શ્રી ચંદ્રસિંહ રામસિંહ બારોટ: રાજપીપળા ગુજરાતી નાટ્ય-શતાબ્દી મહોત્સવ પ્રસંગે.]

આંતરરાષ્ટ્રીય નગર ન્યૂયૉર્કની ૩૦૦મી જયંતી

અમેરિકામાંના ડચ વસાહતીઓએ અમેરિકન ઇન્ડિયનો પાસેથી મનહટન ટાપુ ૨૪ ડૉલરમાં ખરીદ કર્યો ત્યારપછી ૨૭ વર્ષે, ૧૬૫૩ના વરસમાં એક શહેરની સ્થાપના કરી. એનું નામ ન્યૂ આમ્સ્ટર્ડામ પાડ્યું. એ વખતે એની વસ્તી ૬૦૦ માનવીઓની હતી.

આજે એ જગ્યાએ વિશ્વનું, વસ્તીમાં બીજા નંબરે આવતું મોટું શહેર ન્યૂયૉર્ક વસેલું છે. એની વસ્તી ૭૮,૪૬,૦૦૯ માનવીઓની છે.

ન્યૂયૉર્કના પચરંગી શહેરીઓ પ્રારંભકાળથી વસેલા છે. જાણીતા અમેરિકન લેખક અને પત્રકાર જ્હૉન ગંથરે એના પુસ્તક "ઇનસાઈડ યુ.એસ.એ."માં લખ્યું છે કે, મનહટન નિરાશ્રિતો પરત્વે પ્રારંભથી જ ઉદાર રહ્યું છે.

વિદેશોમાં જન્મેલાં ૨૦,૦૦,૦૦૦ જેટલાં માનવીઓ આજે ન્યૂયૉર્ક શહેરમાં રહે છે. આમાં સૌથી વધુ ઇટાલિયનો (૪૦૦,૦૦૦ કરતાં વધુ) છે. એ પછી રશિયનો (૩૯૫,૦૦૦), જર્મનો (૨૨૫,૦૦૦), પોલૅંડવાસીઓ (૧૯૫,૦૦૦) અને આઈરિશ (૧૬૦,૦૦૦) લોકો આવે છે. આ સિવાય, ૨૮,૫૦૦ ગ્રીકો, ૨૫,૦૦૪ ચેકો અને ૧૨,૦૦૦ ચીનાઓ રહે છે. ચીનાઓ એમની આગવી વસાહત "ચાઈના ટાઉન"માં વસે છે અને એમના રીતરિવાજોને વળગી રહીને જીવન ગાળે છે. "શહેરમાંનાં અંતર્ગત શહેરો" પૈકી બીજું શહેર છે "સ્પેનિશ હાર્લેમ" એ છે પોર્ટોરિકનોનો વિભાગ. લગભગ ૩,૦૦,૦૦૦ પોર્ટોરિકનો અપર મનહટન અને બ્રોંક્સમાં રહે છે.

ન્યૂયૉર્કની હબસીઓની વસ્તી જૂનામાં જૂની છે. ભિન્નભિન્ન ધર્મ, મત અને રાજકીય વિચારસરણીમાં માનતા ૬,૦૦,૦૦૦

હબસીઓ શહેરમાં બીજી પ્રજાઓની જેમ જ ન્યૂયૉર્ક શહેરમાં રહે છે. અસમાનતાના અનિષ્ટ તત્ત્વોને નામશેષ કરવા સાંસ્કારિક અને રાજકીય ક્ષેત્રોમાંના હબસી નેતાઓ એમના ગોરા સાથીઓ સાથે ખભેખભા મિલાવીને કામ કરે છે.

બીજાં રાષ્ટ્રોનાં જૂથોને એક તાંતણે ગુંથવામાં વિદેશી ભાષાઓ-માં પ્રગટતાં અખબારો સહાયભૂત બની રહે છે. પંદરેક વદેશી ભાષાઓમાં પ્રગટતાં ૨૨૦ જેટલાં બિન-અંગ્રેજી છાપાં પરદેશોમાં જન્મેલા ન્યૂયૉર્કવાસીઓને એમની ભાષામાં સમાચાર પૂરા પાડે છે.

ત્રણ સૈકાના કામ દરમિયાન ન્યૂયૉર્ક એવું આંતરરાષ્ટ્રીય નગર બન્યું છે જે વિશ્વભરનાં માનવીઓને આવકારે છે. શહેરના ના મેયર વિન્સેન્ટ ઈમ્પેલીટરી ઇટાલીમાં જન્મ્યા હતા, એમના પુરોગામી પણ વિદેશમાં જન્મેલા હતા.

ન્યૂયૉર્કની પચરંગી વસ્તી વિશે લખતાં અમેરિકન ઈ. બી. વ્હાઈટ એવો મત દર્શાવ્યો હતો કે, સંખ્યાબંધ અને ધર્મોના પ્રતિનિધિરૂપ, વિદેશોમાં જન્મેલાં આ લાખો એનું ઘર્ષણ અને સંમિલન ન્યૂયૉર્કને એક વિશ્વની કાયમી પ્રતિક બનાવે છે. ન્યૂયૉર્કના વતનીઓ કેવળ નહિ પણ જરૂરિયાતથી પણ સહિષ્ણુ છે.

['અમેરિકન જીવન'

[અનુસંધાન પૃ. ૬૩થી]

ત્યારે કહે કે ભરૂચમાં મેં તારા પર-સત્યાગ્રહથી તબિયત સુધરે છે તે ઉપર-અરધો કલાક ભાષણ આપ્યું.

દીવાનસાહેબ કડક શિસ્તવાળા અને સીધી લીટીના માણસ હતા તેનો અર્થ એ નથી કે એ આનંદના દુશ્મન હતા. ક્રિકેટના રસિયા હતા તે તો ઉપર કહ્યું જ છે. વિસાપુરમાં રવિવારે ઘી વગરના લાડુની જ્યાફતમાં અમે આનંદપ્રમોદ કરતા. શ્રી પાઠકસાહેબનો નટવરલાલજીનો ગરબો મેં બધાંને એક વાર કહ્યો ત્યારે દીવાનસાહેબે એ બહુ માણેલો એ મને બરોબર યાદ છે. એક વાર વર્ગમાં ભણાવતાં એમણે કહેલું: 'તમારું દીવેલ પીધા જેવું મોં દુનિયાને બતાવવાનો તમને શો હક છે?'–એ વાક્ય સદાય મારા કાનમાં ગુંજ્યાં કરે છે.

પાછલાં વરસોમાં કવચિત મળવાનું બનતું. મા પુસ્તકાલયના બાંકડા સુધી સાંજે ફરવા આવવાની ટેવ હતી. ક્યારેક રસ્તામાં, ક્યારેક એ બાંકડા પર સાથે વાતો કરતો. એ બાંકડો એટલે પુસ્તકાલયના આગળ મુકાયેલી સ્વ. બલ્લુભાઈની આરસપ્રતિમાથી હાથ દૂરની જગ્યા. સાંજ પડ્યે બલ્લુભાઈની પ્રતિમા એ બાંકડા પર દીવાનસાહેબ શા શા વિચારો કરતા

સંતપણાનો કશો ધજાગરો બાંધ્યા વગર સીધું પ્રા શિક્ષકજીવન જીવનાર સદ્ગત દીવાનસાહેબ એમના વિદ્યાર્થીઓને અને ભાવિ શિક્ષકોને પ્રેરણારૂપ બની

એસ. એસ. ચુસાન, ૧૨-૧૨-૧૯૫૨ ['પ્રબ

આઈઝનહોવર ઉવાચ

"અમેરિકન બંધારણમાં એવી જોગવાઈ છે કે 'રાજ્યસંઘની પરિસ્થિતિ અંગે પ્રમુખે ધારાસ અવારનવાર માહિતી આપવી અને આવશ્યક તથા તાકીદનાં જણાય એવાં પગલાંની ભલામણ કરવી.'

પ્રમુખે ધારાસભા સમક્ષ કેટલી વાર અને કેવી રીતે ભાષણ કરવું એ અંગે બંધારણમાં કશું સ્પષ્ટપણે જ નથી. છતાં અમેરિકાના પહેલવહેલા પ્રમુખ જ્યોર્જ વૉશિંગ્ટને ધારાસભા સમક્ષ વાર્ષિક પ્રવચન કરેલું. એ પછી પ્રમુખો આ પ્રણાલિનું પાલન કરતા આવ્યા છે. ધારાસભા કોંગ્રેસની દરેક બેઠકના આરંભમાં પ્રમુખ આ પ્રવચન કરે છે.

જ્યોર્જ વૉશિંગ્ટને આવું પહેલું પ્રવચન ૧૭૯૦ના જાન્યુઆરીની ૮મી તારીખે કરેલું. એ અને એમના અનુ જહોન આદમ્સ આવાં પ્રવચનો મૌખિક રીતે કરતા. ૧૮૦૧માં ટૉમસ જેફરસને લેખિત સંદેશ મોકલવાનો શિરસ્તો કર્યો. ૧૯૧૩ સુધી આ શિરસ્તો ચાલુ રહેલો. ૧૯૧૩માં પ્રમુખ વુડો વિલ્સને ધારાસભામાં જાતે હાજર રહેવાની પ્રણાલિ ફરી શરૂ કરી. ત્યાર પછીના પ્રમુખો બન્ને પ્રકારની પ્રણાલિને અનુસરતા આવ્યા છે. કોઈ વાર તેઓ ધારાસભા રૂબરૂ પ્રવચન કરે છે, કોઈ વાર લખીને મોકલી આપે છે. પ્રમુખો જ્યારે ધારાસભામાં જાતે હાજરી આપીને પ્રવચન કરે ધારાસભ્યો ઉપરાંત પ્રમુખના પ્રધાનમંડળના સભ્યો અને બીજા દેશોના એલચીઓ પણ હાજર રહે છે.

અમેરિકાના પ્રમુખોએ આજ સુધીમાં આપેલાં આ પ્રવચનોમાં ઘણા વિચારપ્રેરક ઉદ્ગારો સંભળાયા છે. વૉશિંગ્ટને કહેલું : 'વિજ્ઞાન અને સાહિત્ય સિવાય બીજી કોઈ વસ્તુ વધારે ઉત્તેજનને પાત્ર નથી. જ્ઞાન એ સર્વ લોકોની સુખસમૃદ્ધિનો પાકો પાયો છે.' ટૉમસ જેફર્સને એવી આશા વ્યક્ત કરેલી કે 'વિદેશમાં શાંતિ અને ઘર વ્યવસ્થા તથા કાયદાપાલન માટેના પ્રામાણિક પ્રયત્નોને આપણા નાગરિકો ટેકો આપશે.' જેમ્સ મનરોએ ૧૮૨૩માં કરેલું કે અમેરિકન લોકો સંસ્થાનવાદમાં માનતા નથી.

અબ્રાહમ લિંકને ૧૮૬૧માં કહેલું : 'મૂડી કરતાં પહેલું સ્થાન મજૂરીને મળવું ઘટે. મજૂરી, મૂડીથી છે. મૂડી તો મજૂરીના એક ફળ રૂપે જ છે. મજૂરી ન હોત તો મૂડીનો જન્મ ન થયો હોત.' ૧૮૬૨માં લિંકને 'ગુલામોને મુક્ત કરવાથી આપણે મુક્ત લોકોની સ્વતંત્રતાને સુરક્ષિત બનાવીએ છીએ.' ફ્રેંકલિન રૂઝવેલ્ટે ૧૯ જાન્યુઆરીની ૬ઠ્ઠી તારીખે ઘોષણા કરેલી : 'ભવિષ્યમાં......આપણે ચાર મહત્ત્વનાં સ્વાતંત્ર્યો પર રચાયેલી દુનિ સ્થાપના કરવા માગીએ છીએ. પહેલું છે, દુનિયામાં સર્વત્ર વાણીસ્વાતંત્ર્ય. બીજું ધાર્મિકસ્વાતંત્ર્ય. ત્રીજ કંગાલિયતમાંથી મુક્તિ. ચોથી છે ભયમુક્તિ. આનો અર્થ એ થયો કે દુનિયાભરમાં શસ્ત્રોમાં એટલો ઘટાડો જોઈએ કે દુનિયામાં કોઈ પણ સ્થળે કોઈ રાષ્ટ્ર પોતાના પડોશી પર આક્રમણ ન કરી શકે.' "

[અમેરિકન જીવન, તા. ૩૦-૧-૧

" પ્રમુખ આઈઝનહોવરે વહીવટી વડા તરીકે ધારાસભા આગળના પહેલા પ્રવચનમાં આજે કહ્યું કે યુન સ્ટેટ્સના સાતમા નૌકાકાફલાને પોતે હુકમ આપે છે કે સામ્યવાદી ચીનનું રક્ષણ કરનારી ઢાલ તરીકેનો ભાગ ભજવ છોડી દે. તેમણે કહ્યું : યુનાઈટેડ સ્ટેટ્સનો કાફલો ચીનના સામ્યવાદીઓ વતી સંરક્ષણની જવાબદારીઓ ઉઠાવે રીતે આ સામ્યવાદીઓને આપણા અને સંયુક્ત રાષ્ટ્રસંઘનાં આપણાં સાથીરાજ્યોના સૈનિકોને કોરિયામાં વધુ નિર્ મારવાની અનુમતિ આપે એવી શરતમાં કોઈ બુદ્ધિ કે અર્થ નથી. તેથી હું આદેશ પાઠવું છું કે સામ્યવાદી ચીનનું કરવામાં સાતમા કાફલાનો હવે ઉપયોગ ન થાય. આ હુકમનો એવો અર્થ નથી કે આપણો આક્રમણનો આશય કોરીઆમાં જે રાષ્ટ્ર આપણી સામે લડે છે તેનું રક્ષણ કરવાની આપણી ઉપર જરૂર કોઈ ફરજ ન હોઈ શકે...યુરો ઉ. દ. અમેરિકામાં જે સ્વતંત્રતા આપણે ચાહીએ છીએ અને રક્ષીએ છીએ તે, એશિયામાં જે સ્વતંત્રતા ભયમાં મુકાઈ જુદી નથી...સ્વતંત્ર દુનિયા અચોક્કસપણે પક્ષાઘાતની સ્થિતિમાં રહી શકે નહિ,...કે ન આક્રમણકારની મુનસફી ઉપર પોતાને ઓછામાં ઓછા ખર્ચે આપણને વધુમાં વધુ નુકસાન પહોંચાડવાનો સમય, પ્રદેશ કે સાધનો પસંદ કરવાનું છોડી

[યુ. પી. એ.નો સંદેશ. તા. ૨-૨-૧૯૫૩. નાગરીકરણ અમે કર્યું

સંસ્કૃતિ

વર્ષ ૭મું : અંક ત્રીજો

તંત્રી : ઉમાશંકર જોષી

માર્ચ ૧૯૫૩

...પરબ

કલાકાર : રસિકલાલ પરીખ



સંસ્કૃતિ

વર્ષ સાતમું — અંક ત્રીજો

અનુક્રમણિકા : માર્ચ ૧૯૫૩



સંસ્કૃતિ કાર્યાલય વતી મુદ્રક-પ્રકાશક: કિશનસિંહ ચાવડા, ચેતના પ્રેસ લિ. નવાબજાર, વડોદરા.

લેખક મિત્રોને વિનંતિ:

* લખાણ કાગળની એક બાજુ સ્વચ્છ અક્ષરે લખાયેલું, ... પ્રમાણેની જોડણીવાળું ... મુદ્રણદૃષ્ટિએ જરૂરી છે.
* લખાણ પાછું મેળવવા માટે સાથે જવાબી પરબીડિયું ... આવશ્યક છે.

સૂચનાઓ :

* દર માસની સાતમી તારીખે ... પ્રસિદ્ધ થાય છે.
* દશમી સુધીમાં અંક ન ... ટપાલમાં તપાસ કર્યા ... કાર્યાલયને જણાવવું.
* પત્રવ્યવહારમાં ગ્રાહક ... લખવાથી સગવડ થશે.
* આ માસિકમાં પ્રસિદ્ધ થ... માંના અભિપ્રાય માટેની જ... તે તે લેખકની છે.
* પ્રથમ અંકથી ગ્રાહક થવું ... છે.

ગ્રાહકો નોંધવાનાં સ્થળો:

એન. એમ. ત્રિપાઠી, લિ. ...
જીવનસાહિત્યમંદિર, અમ...
ભારતીસાહિત્યસંઘ, અમ...
ઇન્દ્રધનુ, મિશનરોડ, અમ...
ગાંડીવ સાહિત્યમંદિર, ... સ્ટ્રીટ મુંબઈ-૨
ગાંડીવ સાહિત્યમંદિર, ... સુરત
એલ. કે. મેઘાણી : ... સ્ટ્રીટ, કલકત્તા ૧.
પ્રભાકર બ્રધર્સ, પો. ... નૈરોબી, ઇસ્ટ આફ્રિકા.

લવાજમ :
દેશમાં રૂપિયા સાત. પરદેશમાં ... અથવા શિલિંગ ૧૪. છૂટક ... બાર આના.

તંત્ર અને વ્યવસ્થા અંગેનો ... પત્રવ્યવહારનું સરનામું

સંસ્કૃતિ કાર્યાલય ... એલિસ-બ્રિજ, અમદાવા...

સંસ્કૃતિ

सत्यं परं धीमहि । માર્ચ  ૧૯૫૩

त्रिविध साधना

મધ્યકાલીન યુરોપનું હૃદય હદબહાર અકળાયું. અંતે એ અકળામણનો સ્ફોટ ફ્રેન્ચ રાજ્યક્રાન્તિ દ્વારા થયો. એ ક્રાન્તિને તત્ત્વજ્ઞાનનો પાયો જે લોકોએ પૂરો પાડ્યો તેઓ કેવળ બુદ્ધિવાદી ન હતા. એ લોકોએ જીવનનિષ્ઠા ઉગ્રપણે સેવી અને એમાંથી મહામંત્ર જેવા ત્રણ શબ્દો દુનિયાને આપ્યાઃ સ્વતંત્રતા, સમતા અને બંધુતા.

આપણે કહીએ છીએ કે ક્રાન્તિ તો આંધળી જ હોય. આસ્તિક લોકો કહે છે કે ઇતિહાસ-વિધાતા પોતે જ ક્રાન્તિનું સુકાન હાથમાં લઈ એ આંધળી ક્રાન્તિમાંથી પણ માનવજાતિને નવા યુગની નવી પ્રેરણા આપે છે. અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, દુકાળ, પાણીની રેલ અથવા ભૂકંપ અને જ્વાળામુખી મારફતે કામ લેનાર વિધાતાને આંધળી ક્રાન્તિ જેવું શસ્ત્ર પણ વાપરવાનું મન થાય તો તકરાર કરનાર આપણે કોણ?

ફ્રાન્સની પ્રજાએ પોતાના રાજાનું ખૂન કર્યું. લોહીના પ્રવાહો વહેવડાવ્યા અને અંતે સામાન્ય પ્રજાને સ્વતંત્રતા મેળવી આપી. એ ક્રાન્તિ એથી આગળ જઈ ન શકી. પણ સ્વતંત્રતાનું વાયુમંડળ કેવળ ફ્રાન્સમાં નહીં પણ આખી દુનિયામાં ફેલાયું. એનું કાર્ય હજી પૂરું થયું નથી.

ત્યાર પછી ઝારશાહીથી અકળાયલી રશિયાની વિશાળ પ્રજાએ સમતાનો મંત્ર ઝીલ્યો. અસંખ્ય નેતાઓનું અને સામાન્ય ક્રાન્તિકારી લોકોનુ બલિદાન આપી એ પ્રજાએ કેળવણી લીધી. અને અંતે ઝારનું અને એના કુટુંબનું ખૂન કરી, અનેક રીતે લોહી વહેવડાવી સમતાની સ્થાપના કરી. એ સમતાથી અને એ સ્થાપન કરવાની પદ્ધતિથી દુનિયાના તમામ સત્તાધીશો ધ્રૂજે છે. અને છતાં સમતાનો સંદેશો સ્વીકાર્યા વગર કોઈનું ચાલતું નથી. સ્ત્રીપુરુષ વચ્ચે સમાનતા, ગરીબતવંગર વચ્ચે સમાનતા, મજૂર અને માલિક વચ્ચે સમાનતા, રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચે સમાનતા અને સુધરેલી કે અણઘડ બધી મહાજાતિઓ વચ્ચે સમાનતાની સ્થાપના કર્યા વગર માણસજાત હવે સખણી બેસવાની નથી. એ સમાનતા દુનિયામાં હજી સ્થપાઈ નથી. પણ એ દિશામાં દૃઢ પગલાં ભરાય છે ખરાં. માનવઉદ્ધારનો ત્રિવિધ મંત્ર આખી દુનિયાએ સાંભળ્યો પણ બંધુતાની પ્રેરણા ભારતે ઝીલી છે. જે ભૂમિ ઉપર દુનિયાની બધી મહાજાતિઓ, બધા મહાન ધર્મો અને હવે તમામ જીવનવાદો (-isms) એકત્ર થયા છે, એ જ ભારત બંધુતાની સાધના સાધી શકે. ફ્રાન્સ અને રશિયા લોહીની નદી વહેવડાવી સ્વતંત્રતા અને સમતા સિદ્ધ કરી શક્યાં. ખૂના-મરકીથી, દ્વેષ અને કપટથી, લુચ્ચાઈ અને ચાલબાજીથી બંધુતા શી રીતે સ્થપાય? એટલે બંધુતાને સ્વતંત્ર અને દૈવી સાધનાની જરૂર હતી. દુનિયાના તમામ ધર્મોનો સાર પી જનાર મહાત્મા ગાંધીજીએ સત્ય અને અહિંસાની સાધના સ્વીકારી. એની જોડે બંધુતા અને વિશ્વશાંતિનો માર્ગ ખુલ્લો કર્યો છે. સત્ય

અને અહિંસા સાથે આસ્તિક ધીરજ અને તેજસ્વી આત્માર્પણ એ બે વસ્તુ હોવી જ જોઈએ. લોહી રેડવ
વખત આવે ત્યારે, પરાયું લોહી રેડવાને બદલે પોતાનું લોહી રેડીને જ અવિશ્વાસ અને દ્વેષનો નાશ
શકાય. ગાંધીજીએ એ પણ કરી બતાવ્યું છે. હવે એ સંદેશો મને કમને આખી દુનિયાને ઝીલવો પડવાને

જો માણસજાતે બંધુતાથી પ્રારંભ કર્યો હોત તો એકતા સ્થપાત. અને જ્યાં એકતા હોય
સમાનતાનું કોઈ નામેય લેતું નથી. અને જ્યાં પ્રેમની એકતા હોય અને બીજા માટે પોતે ખુવાર થ
આનંદ મળતો હોય ત્યાં કોઈની સ્વતંત્રતા ઉપર કોઈ તરાપ મારે જ શી રીતે ?

બંધુતામાં સમતા અને સ્વતંત્રતા એની મેળે આવી જાય છે. એનું અલગ નામ પણ
પડતું નથી.

ઈશ્વરની યોજના પ્રમાણે જે થઈ ગયું તે થઈ ગયું. એનો સ્વીકાર કર્યા વગર ચાલે એમ
હવે તો આપણે બંધુતાની જ ઉપાસના કર્યા કરીશું.

કાકા કાલેલકર

નવી દિલ્હી તા. ૨૫–૨–'૫૩

એક ગાય

કયાંકથી
ભૂલી પડી આવે હવા બસ; તૃણ નથી
ચોમેરમાંયે; તપ્ત કણ છે રેતના ; તડકો પડયો;
ત્યાં કાય તો કેવળ રહી કૃશ હાડકાંનો માળખો
ને છતાં એ શ્વાસ લેતી (જેની તો અચરત થતી)
—હાથમાં આવી ગયેલા મૃત્યુને વાગોળતી !

ફોકલેંડ રોડને જોતાં

રે સૂર્યમાં માછલીઓ તરી રહી !
ઉલ્કા કશી આ નભથી ખરી અહીં !
સમુદ્રને નીર સુપ્રાપ્ય શર્કરા !
હેમંતમાં આંહી વસંતના ઝરા !
શાં પ્રીતિનાં પ્રેત ? રહસ્ય ભીતિનાં ?
અનંગ ! તારી રતિની સ્થિતિ આ ?

પ્રિયકાન્ત મણિયાર

પાઠાન્તર

— કવિ !
— કહો, શું છે ?
— નહીં, નહીં; જફ્રી તારી જાત, તને કોણ પૂછે !
— વાત કંઈ નથી નવી.
— ભલે, તો લે પૂછું : તારે કેટલાં છે પ્રિયા !
— પૂછ્યું, વાહ ! બોલો, હવે ગણાવું હું નામ કિયાં
— બસ, બસ,
હવે નથી રસ;
પણ તારે જેટલી છે પ્રિયા
નથી એટલાં તો હિયાં !
— ઘેલા છોને, આ તો સહુ પાઠાન્તર, અસલ જે
— કયું ?
— મારેય તે શોધવું જ રહ્યું,
જાણ્યા છતાં કવિ હું ન થયો હોત આમ !

નિરંજન

ઉદધિસંગ

અહો ઉદધિ, આજ સંગ તુજ સાથ મારો થતો.
ઝબોળી પગ વારિમાં તુજ મહાતટે હું સ્થિત.
તરંગ ઉપરે તરંગ તુજ આ ચડી આવતા.
સુફેન કંઇ શ્વેત શ્વેત, મુજ પાયને ચૂમતા.
કશા પ્રણયથી છલે, છલબલે કલોલે મીઠા!
વળી વળી ધસંત પ્રેમ થકી,—જેમ મારું ઉર!

ખરે ઉદધિ, થાય એ ઉદધિનો જ આ સંગમ!
સપાટી તુજ ક્ષુબ્ધ ઘોર ઉછળંત, ખીણો, ગિરિ
રચંત, પ્રબળાં મહા વમળ, કિન્તુ હૈયે ઠરી
પ્રશાન્તિ પરમા કરી, સ્થિત સમાધિ માંહીં સદા!
થૈવ ઉર માહરું: ક્ષુભિત થાય શું ચંડ હા,
પરન્તુ ઉરને ઉંડાણ લપકી રહી શાન્તિ કૈં!
નહીં, નહિ, મહોદધિ, અતિ અસામ્ય છે આપણું:
તેથી હૃદય આ હજી શયનસ્થાન શ્રીનાથનું!

પ્રજારામ

એ સાંઝ

મળ્યાં બે આપણે એ સાંઝ આજે યાદ આવે છે!
મને એ યાદ સાથે આ ગઝલનો સાદ આવે છે!

અહો, વરસાવિયું એકાન્ત કેવું પુષ્પધન્વાએ?
હતી મ્હેંકી ઊઠી આ જિન્દગી એ યાદ આવે છે!

ફક્ત એ સાંઝ ન્હોતી, ના નવાં કૈં આપણે બન્ને,
અજબ તોયે બધું કેવું બન્યું એ, યાદ આવે છે!

અમીનો ઘુંટ પીધો આપણે જે ગાઢ આશ્લેષે,
મને એ સ્થૂલમાંની સૂક્ષ્મતાની યાદ આવે છે!

રહ્યો હું નર અને નારી રહી તું, 'પૂર્ણ સાચું' એ,
ત્યહાં બે તો જ થૈને એક શોભ્યાં; યાદ આવે છે!

મળ્યાં બે આપણે ત્યારે સધાયો મેળ આ જગતે,
જીવનનો સાર જાણ્યો જે, મને એ યાદ આવે છે!

મળ્યાં થોડી પળો બે આપણે એ યાદ આવે છે!
દિવસ હો, રાત હો, પણ સાંજની એ યાદ આવે છે!

હસિત બૂચ

ગર્વ

સુંદરતાનો ગર્વ ન કર
ઓ રૂપ રૂપની રાણી!
સમયરેત પર ગયાં ઊતરી
કેટલાંયનાં પાણી!

અનવર આગેવાન

સાંજ

નમેલી સાંજનો તડકો
અહીં ચડતો, પણે પડતો,
ક્ષિતિજના ઉંબરામાં સૂર્ય ખાતો ઠેસ,
અડવડતો.

અહીં પાછી ગઈ સડકો ઉપરનાં ઘર
બધાં ફીક્કાં અને જૂઠાં;
પણે સૌ મૌનમાં ડૂબી ગયાં ખેતર
બિચારાં સ્તબ્ધ છે ઠૂંઠાં!

પવન તો જંગલી, ગાંડો, વળી
સૌની તરફ કરતો અટકચાળું
ગયો છે જાત પર—
તે ઘૂમતો ફરતો અહીં ફૂટપાથ પર
મોંથી વગાડી ડાકલું!

અશ્વત્થ (જાણે તેજહીણો દ્રોણસુત)
ખખડી રહ્યો આ બંગલાની પાસ
એનું થડ ભરે છે શ્વાસ,
એનું ઓસર્યું છે ક્ષત;

અને આ ચંદ્રમા (ક્ષયમાં રિબાતો કો કવિ)
જેની છવિ,
ઉચ્છિષ્ટ પીળું તેજ પાથરતી અહીં પૃથ્વી પરે,
અંધારમાં તરતી સરે!

હસમુખ પાઠક

શે?

મ્હેક મ્હેક ઉર થાય પરાગે,
પાંખડીએ બંધાયે શે?
સૂર્ધાર ભીતર રણઝણતી,
મૌન ધર્યે રૂંધાયે શે?
લજ્જાના આવરણે નૈણાં
નેહભરેલ છુપાયે શે?
મધુર વ્યથાએ હૈયું થડકે,
પાલવમાં સંતાયે શે?
અનંગ અંગેઅંગ હસંતો,
શિશિર વસંતે છાયે શે?
કિરણ-ઝરણ પૂનમ-શશિયરનાં
તિમિરે અવરોધાયે શે?
પ્રણય-જુવાળ ચઢે અણુઅણુએ,
મત્ત જલધિ ઢંકાયે શે?!

ગીતા કાપડિયા

સ મ ય રં ગ

માધ્યમિક કેળવણી : ક્રાન્તિકારી ફેરફારોની જરૂર

કેન્દ્રીય સરકારે નીમેલા માધ્યમિક શિક્ષણપંચ સમક્ષ ગઈ ૧૨મી તારીખે મેં આપેલી જુબાની :

મને હમેશાં લાગ્યાં કરે છે કે કેળવણી પૂરતાં તો આ છ વરસ પાણીમાં ગયાં છે. કેળવણીની આખીય પદ્ધતિ પુનર્રચના માગી રહી છે. થાગડથીગડ ફ્લાન્નેથી ચાલે એવું નથી. સ્વતંત્રતા પહેલાંની જૂની ને જાણીતી કેળવણીપદ્ધતિને પાછા વળગીશું તો તો મોટી આફત થશે.

કેળવણીનો નકશો કાંઈક આ જાતનો હોય : પહેલાં સાત વરસ પાયાની કેળવણીમાં ખરચાય. આ સાત વરસમાં સમગ્ર મનુષ્ય તરીકેની કેળવણીનો પાયો નંખાઈ જવો જોઈએ. નાગરિક તરીકેની–વિશ્વનાગરિક તરીકેની–એક સાચા માનવી તરીકેની કેળવણી માટેનો સૌથી અગત્યનો સમય આ છે.

તે પછી ચાર વરસ પસંદગીના જુદા જુદા વિષયોનો અભ્યાસ થઈ શકે એવું હોવું જોઈએ. અનેક ડિપ્લોમા કોર્સની સગવડ આપવી જોઈએ. આ અભ્યાસક્રમો જરૂર પડે તો ચારથી વધુ કે ઓછા સમયના પણ હોય.

અહીં અંગ્રેજીનો પ્રશ્ન જે આજે શિરોવેદના જેવો થઈ ગયો છે તે તપાસી શકાય. કોઈ પણ પરદેશી ભાષા ફરજિયાતપણે ભણ્યા વિના હિંદના એક સારા નાગરિક થવા માટેનું યોગ્ય શિક્ષણ મેળવવાનું શક્ય હોવું જોઈએ. માધ્યમિક શાળામાં અંગ્રેજી ફરજિયાત હોવું જોઈએ નહિ. અંગ્રેજીને શિક્ષણનું માધ્યમ બનાવવું તે તો કેળવણીના પાયામાં જ ઝેર રેડવા જેવું થશે. [પ્રશ્ન : તમે જાણો છો કે અત્યારે અંગ્રેજી માધ્યમ નથી ? ઉત્તર : ભવિષ્યમાં પણ કદી એ પ્રકારનો પ્રયત્ન થવો ન જોઈએ.]...જે વિદ્યાર્થીઓ પરદેશી એલચીખાતા વગેરે માટે, વેપાર માટે, વિજ્ઞાન અને યંત્રવિદ્યા કે ભાષાવિજ્ઞાન માટે અભ્યાસ કરવા માગતા હોય તેમને માટે અંગ્રેજી–માત્ર અંગ્રેજી જ નહિ પણ કોઈક પરદેશી ભાષાનો અભ્યાસ ફરજિયાત હોવો જોઈએ. યુનિવર્સિટીમાં એ જાય ત્યારે ત્યાં પરદેશી ભાષાઓની શાખા (Institute of Foreign Languages)-માં એ જોડાઈ શકે અને એ ભાષામાં વધુ આગળ વધી શકે.

હિંદ બિનસાંપ્રદાયિક રાજ્ય હોઈ તેમ જ પ્રજાના મોટા ભાગો જુદા જુદા ધર્મના હોઈ ધાર્મિક શિક્ષણ કેમ આપવું એ મૂંઝવણનો પ્રશ્ન છે. ચિત્ર, સંગીત, નૃત્ય, નાટક આદિ સાથેનો ગાઢો સંપર્ક એ કદાચ ધાર્મિક શિક્ષણની કાર્યક્ષમ નીવડી શકે. ઉત્સવોની ઊજવણી પણ મોટો આપી શકે.

શારીરિક શિક્ષણ ઉપર વધુ ધ્યાન અપાવું જોઈએ, શાળાઓ મોકળી સુંદર જગાએ આવેલી હોય અને ત્યાં આરોગ્ય બરોબર સચવાય એ જોવું જોઈએ.

ખાનગી માલિકીની શાળાઓ જેટલી ઓછી હોય એટલું ખાનગી માલિકીની શાળાઓ પ્રયોગો કરવા માટે કાઢવા વાંધો લેવાવો જોઈએ નહિ. પણ આવી શાળાઓ સંમાન્ય ધોરણોને બરોબર અનુસરે છે કે કેમ તેની તપાસ રહેવી જોઈએ.

(એક પ્રશ્નના જવાબમાં :) માધ્યમિક શાળાનાં પાઠ્ય રાજ્યે તૈયાર કરાવવાં જોઈએ નહિ, પણ તૈયાર થયેલાંમાંથી થોડાંક પસંદ કરવાં જોઈએ, જેમાંથી દરેક શાળાને પોતે ઉપયોગમાં લેવું હોય તે લઈ શકે.

અંગ્રેજી શરૂઆતમાં રાખવાની જરૂર નથી

માધ્યમિક શિક્ષણમાં મુંબઈ રાજ્યમાં ફરી પાંચમા અંગ્રેજી દાખલ કરવાના પ્રયત્નો શરૂ થયા છે. એક દલીલ છે કે હિંદનાં બીજાં રાજ્યોની સરખામણીમાં મુંબઈનાં પાછળ પડે. માધ્યમિક શિક્ષકસંમેલનના પ્રમુખપદેથી શ્રી દેસાઈએ રજૂ કરેલા આંકડા નીચે આપ્યા છે, જે બતાવે રાજ્યો અંગ્રેજી શરૂનાં ધોરણોમાંથી ખસેડવા પ્રગતિ કરી

૮ વર્ષ અંગ્રેજી

રાજ્ય	વસ્તી
૧. અજમેર	૬,૧૩,૦
૨. મણિપુર	૫,૭૮,૦
૩. ત્રિપુરા	૬,૩૯,૦
	કુલ ૧૮,૩૦,૦

૭ વર્ષ અંગ્રેજી

૧. આસામ	૯૦,૪૪,૦૦૦
૨. દિલ્હી (કેવળ છોકરાઓ માટે; છોકરીઓ માટે છ વર્ષ)	૧૭,૪૪,૦૦૦
૩. કચ્છ	૫,૬૮,૦૦૦
કુલ	૧,૧૩,૫૬,૦૦૦

૬ વર્ષ અંગ્રેજી

૧. પશ્ચિમ બંગાળ	૨,૪૮,૧૦,૦૦૦
૨. મદ્રાસ	૫,૭૦,૧૬,૦૦૦
૩. ઓરિસા	૧,૫૬,૪૬,૦૦૦
૪. હૈદરાબાદ	૧,૮૬,૫૫,૦૦૦
૫. મૈસુર	૯૦,૭૫,૦૦૦
૬. પેપ્સુ	૩૪,૧૪,૦૦૦
૭. ત્રાવણકોર-કોચીન	૯૨,૮૦,૦૦૦
૮. કૂર્ગ	૨,૨૯,૦૦૦
૯. ભોપાલ	૮,૩૬,૦૦૦
કુલ	૧૩,૮૯,૬૧,૦૦૦

૫ વર્ષ અંગ્રેજી

૧. પંજાબ	૧,૨૯,૪૧,૦૦૦
૨. જમ્મુ અને કાશ્મીર	
૩. બિલાસપુર	૧,૨૬,૦૦૦
૪. હિમાચલ પ્રદેશ	૯,૮૩,૦૦૦
૫. વિન્ધ્ય પ્રદેશ	૩૫,૭૫,૦૦૦
કુલ	૧,૭૬,૨૫,૦૦૦

૪ વર્ષ અંગ્રેજી

૧. બિહાર	૪,૦૨,૨૬,૦૦૦
૨. મુંબઈ (વિકલ્પે પાંચ વર્ષ)	૩,૫૯,૫૬,૦૦૦
૩. સૌરાષ્ટ્ર	૪૧,૩૭,૦૦૦
કુલ	૮૦૩,૧૯,૦૦૦

૨ વર્ષ અંગ્રેજી

૧. ઉત્તર પ્રદેશ	૬,૩૨,૧૬,૦૦૦
૨. મધ્ય ભારત	૭૯,૭૫,૦૦૦
૩. રાજસ્થાન	૧,૫૨,૯૧,૦૦૦
કુલ	૮,૬૪,૮૨,૦૦૦

આ વિગતો ૧૯૫૧-૫૨ની છે. ૨,૧૨,૫૮,૦૦૦ની વસ્તીવાળા મધ્યપ્રદેશમાં હમણાં આ અંગે નિર્ણય લેવાઈ રહ્યા છે, પણ તેની વિગતો મળી નથી. પણ હિંદની કુલ વસ્તી ૩૫ કરોડમાંથી અર્ધ જેટલી વસ્તી ૧૬,૬૮,૦૧,૦૦૦માં માત્ર બેથી ચાર વરસ અંગ્રેજી શીખવાય છે એ ઉપરના આંકડા પરથી જણાય છે.

બે પ્રશ્નો

લેનિનદિને બે વિચારો સૂઝ્યા હતા: યંત્રોદ્યોગો યુરોપમાં જન્મ્યા પછી જે વિસંવાદો પ્રગટ થયા તેમાંથી માર્ક્સવાદ ઊભો થયો. માર્ક્સના માનવા પ્રમાણે યંત્રોદ્યોગ જ્યાં વિકસેલો એવાં બ્રિટન-જર્મનીમાં પહેલી અને રશિયામાં તો છેલ્લે ક્રાન્તિ થવાનાં ચિહ્નો હતાં. પણ યંત્રોદ્યોગમાં પછાત એવા રશિયામાં ક્રાન્તિ પહેલી આવી. છેલ્લાં ૩૫ વરસના ઉદ્યોગીકરણ માટેના પ્રયત્નો છતાં એક પોલાદ લઈએ તો પણ અમેરિકા કરતાં દસમા ભાગનું ઉત્પાદન રશિયા માંડ કરી શકે છે. પછાત કૃષિવિષયક અર્થરચનાવાળા પ્રદેશ(રશિયા અને હવે ચીન)માં સામ્યવાદ આવ્યો તેને બદલે યંત્રોદ્યોગ ખૂબ વિકસેલો હોય એવા ભાગોમાં જન્મ્યો હોત તો એનું સ્વરૂપ કેવું હોત ?

બીજું, ગાંધીજી રોમે રોલાઁને મળવા ગયા ત્યારે રોલાઁએ કહેલું: તમે ને લેનિન મળી શક્યા હોત તો કેવું ? હમણાં કલ્પના-સમાચાર-સંસ્થાના સમાચાર ચમકી ગયેલા કે સ્વર્ગના નન્દનવનના જનતા-મંડપમાં રોલાઁ પાસે એ બે મહાજનો મળી ગયા હતા. પણ ત્યાં બે બાજુથી લોકોની બુમરાણ મચી: તમારા દેશોમાં તો નજર કરો. ગાંધીજી આ દેશમાં આવીને જુએ તો બધે કચેરીઓમાં ખાદી જ ખાદીવાળા. પહેલાં તો રાજી થયા. પણ એમને ચશ્માં ઉપરથી જોવાની પણ ટેવ હતી એટલે બધું આરપાર જોયા વગર શી રીતે રહી શકે ? લેનિન પણ જઈને સ્તાલિનને પૂછે છે, 'ભાઈ, આપણા વીસેક સાથી હતા તે ક્યાં ?' 'તમારા સાથી નથી બન્યા એ ?...હં, તમે મર્મમાં પૂછો છો ! તમારે શું ? આવા પ્રદેશમાં સામ્યવાદ સ્થિર કરવાનું તો મારે માથે આવ્યું હતું. અને બીજા વિશ્વયુદ્ધમાં હલાલ થવા માટે સૌના આશીર્વાદ છતાં ટકી રહ્યા છીએ. તમારે પછી જે માનવું હોય તે !' લેનિન ને ગાંધીજી લગભગ સમોવડિયા. લેનિનને ગાંધીજી જેટલું કે અદકું આયુષ્ય મળ્યું હોત તો રશિયામાં સામ્યવાદનો ઇતિહાસ કેવો હોત ?

દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય

નવે. ૧૯૫૨ અંકમાં ઉપરની સંસ્થા ૧૯૫૫ના જૂનથી શરૂ થશે એમ પ્રગટ થયું છે તે ભૂલ છે. શ્રી વિદ્યામંડળ તરફથી સૌરાષ્ટ્રમાં જામનગર પાસે અલીઆ-બાડા મુકામે ૧૯૫૩ના જૂનથી એ શરૂ થશે.

અમેરિકામાં હિંદી વિદ્યાર્થીઓ પ્રત્યે* —ત્રીજા માર્ગની જરૂર

ગગનવિહારી મે

તમારા વાર્ષિક સંમેલન પ્રસંગે વ્યાખ્યાન આપવા બોલાવીને મારું સન્માન કરવા બદલ હું તમારા મંડળનો ઋણી છું. તમને સૌને મારાં પત્ની અને મારા તરફથી જ નહિ પરંતુ આપણા દેશની સરકાર—જેના પ્રતિનિધિ તરીકેનું માન મને પ્રાપ્ત થયું છે—તરફથી હું તમને અભિનંદન આપું છું. આજે તમને સૌને મળીતાં મને આનંદ અને બહુમાનની લાગણી થાય છે. આજે તમને સૌને હું એક સહાધ્યાયી તરીકે સંબોધી રહ્યો છું. તમને સલાહ કે ઉપદેશ આપવા જેટલાં મારામાં શાણપણ કે અનુભવ હોય એમ હું માનતો નથી. ખરેખર, મુરબ્બીવટનો દાવો કર્યા સિવાય પ્રશંસા કરવાનું કે શ્રેષ્ઠતાના આભાસ વિના ટીકા કરવાનું કઠિન છે. એટલે આજે મારો આશય તો મારા વિચારો વ્યકત કરવાનો, મારી કેટલીક લાગણીઓમાં તમને સહભાગી બનાવવાનો અને આપણી સમક્ષ રહેલા કેટલાક તલસ્પર્શી પ્રશ્નો અંગે મારું દૃષ્ટિબિંદુ તમારી પાસે રજૂ કરવાનો છે. આપણી પેઢીના જનો માટે પણ નવું શીખવાનો—કે શીખેલું થોડું ભૂલવાનો—સમય વહી ગયો નથી !

અથવા એમ કહું કે એક અધિકારી રાજદૂત તરીકે હું બીજા કેટલાક બિન-અધિકારી દૂતોને સંબોધી રહ્યો છું. જોકે દૂતકર્મ-વિષયક પ્રણાલિકા અને વહીવટી વ્યવહવાર અનુસાર એક પુરુષને રાજ્યના પ્રતિનિધિમંડળના વડા તરીકે નીમવામાં આવે છે. પરન્તુ મારે કહેવું જોઈએ કે યથાર્થ રીતે તો તમે સૌ આપણા દેશના પ્રતિનિધિઓ છો. આપણા દેશની નામના અને પ્રતિષ્ઠા માટે બીજાઓની માફક તમને સૌને કાળજી હોય જ ; કારણ કે અમેરિકાનાં અસંખ્ય સ્ત્રીપુરુષો તમારા સંપર્કમાં આવે છે અને તેના આધારે આપણા દેશ વિષે એક માનસિક ચિત્ર દોરે છે. આપણા દેશથી ઘણે દૂર આવેલી આ પરદેશી ભૂમિમાં અમેરિકન પ્રજાનાં જીવનચર્યા અને ધોરણો આપણા કરતાં ઘણાં જુદા પ્રકારનાં છે; સ્વાભાવિક રીતે સામાન્ય સ્ત્રીપુરુષો તમારા પોતાના—આપણા સૌના—વર્તનના રીતભાત ઉપરથી આપણા અને લોકો વિષે પોતાનો અભિપ્રાય બાંધશે. જ્યારે આપણને પૂછે: “ તમે ગાંધીજીને પિછાનતા હતા ? “ નહેરુ કેવા વિશિષ્ટ પુરુષ છે ? ” ત્યારે મને લાગે આપણે વિષે તેમના મનમાં સાચો ખ્યાલ બંધાય એ જો આપણી જવાબદારી ઘણી ભારે બની જાય છે. આ જન્મભૂમિ તરફ આપણે સૌએ હમેશાં ફરજ અદા કરતા રહે છે. પરંતુ જે દેશે—માનવજાતિએ અત્યાર સુ ઓળખેલા ખરેખર મહાન પુરુષોમાંના એક મહાપુરુષને આપ્યો ત્યાં જન્મ ધરવા ભાગ્યશાળી થવું અને પરાક્રમી અને નિસ્વાર્થ લોકનાયકોની સાથે અને નેતૃત્વ તળે કામ કરવાની તક પ્રાપ્ત કરવી એ ખરેખર વિશેષાધિકાર છે. આ અધિકાર આપણે પ્રયત્નથી ઉપા કરવો જોઈએ. આપણે યાદ રાખવું જોઈએ કે સ્વતંત્ર તરીકેના આપણા જીવનનો હજુ આ પ્રાથમિક કા આપણે ઘણા સંકુલ પ્રશ્નોનો નિકાલ કરવાનો છે અને મુશ્કેલીઓનો હજુ આપણે સામનો કરવો પડશે. હા, સ્વતંત્ર દેશને જ સમસ્યાઓ અને મુશ્કેલીઓનો આણવાનો હોય છે. આપણું ભાવિ ઘડવામાં જે અને મુસીબતો સહન કરવી પડે છે તેનાથી આપણું ચારિત્ર્ય ઘડાશે અને સુદૃઢ થશે. સ્વતંત્રતા એટલે જવા અને જેટલા પ્રમાણમાં આપણી સ્વતંત્રતા વધારે પ્રમાણમાં આપણે વધારે કામો કરવાં પડશે.

હવે તાત્કાલિક અગત્યના સવાલો તરફ દૃષ્ટિપાત કરીએ. અત્યારે અમેરિકા અને કેનેડામાં મળીને કુલ ૧૫૫૦ વિદ્યાર્થીઓ છે અને તેમાંના લગભગ ૮૦ ટકા

*ન્યૂ યૉર્કના ન્યૂ ઇન્ડીઆ હાઉસમાં હિંદી વિદ્યાર્થી મંડળના વાર્ષિક સંમેલન પ્રસંગે, તા. ૨૭-૧૨-’૫૨.

વિદ્યાર્થીઓ છે, જે વિનિયોજિત વિજ્ઞાન, ઇજનેરી વિદ્યા, શિલ્પશાસ્ત્ર(ટેકનોલૉજી) અને ખેતીવિજ્ઞાનના ક્ષેત્રોમાં અભ્યાસ કરી રહ્યા છે. આ સંબંધમાં મારે જણાવવું જોઈએ કે બીજા કોઈ પણ દેશ કરતાં આપણો દેશ માનવ–સંપત્તિનો સદુપયોગ કરવાનો આ સૌથી મોટો અખતરો કરી રહેલ છે. જો પશ્ચિમયુરોપ અને કૉમનવેલ્થના બધા દેશોનો સમાવેશ કરીએ તો પ્રતિ વર્ષ હિંદમાંથી એકી સાથે આશરે ૩૫૦૦ વિદ્યાર્થીઓ જ્ઞાન અને શિલ્પકળાની પ્રાપ્તિ માટે પરદેશ જાય છે. આ ઉપરથી પ્રતીત થશે કે આટલી મોટી સંખ્યામાં યુવાન હિંદીઓને કેળવણી આપવાનો અવિચ્છિન્ન ક્રમ નિભાવવામાં પરદેશી હુંડિયામણનો સારા પ્રમાણમાં ખર્ચ થાય છે એટલું જ નહિ પરંતુ આટલા બધાં યુવાન સ્ત્રીપુરુષોને તેમના જીવનના ઘડતરકાળનાં વર્ષો સ્વદેશની બહાર વિતાવવાં પડે છે. ત્યારે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે આપણી માનવ અને નાણાંવિષયક સંપત્તિનો આ ખર્ચ કેટલે અંશે વ્યાજબી છે?

ભૂતકાળમાં આપણા યુવાન વિદ્યાર્થીઓ મોટા પ્રમાણમાં યુનાઈટેડ કિંગડમ જતા; કારણ કે કાયદા અને વૈદકના ધંધા માટે, અને વિશેષ તો, આપણા વહીવટતંત્રમાં ઉચ્ચ પાયરીની જગ્યાઓ માટેનાં દ્વાર સમી ઇન્ડીઅન સિવિલ સર્વિસમાં દાખલ થવા માટે, બ્રિટિશ યુનિવર્સિટીની પદવી જરૂરી ગણાતી. તે ઉપરાંત, આપણા કાપડ, ઇજનેરી, રાસાયણિક અને બીજા ઉદ્યોગોમાં સામાન્ય રીતે બ્રિટિશ ધોરણો, રીતિઓ અને શિરસ્તાઓ અપનાવેલા હોવાથી, શિલ્પ–વિષયક તાલીમ કે અર્થશાસ્ત્ર અથવા સામાજિક શાસ્ત્રોના અભ્યાસ માટે આપણા વિદ્યાર્થીઓ ઇગ્લેંડ જવાનું પસંદ કરતા. લગભગ વીસ વર્ષ પહેલાં, આ દેશમાં જૂજ હિંદી વિદ્યાર્થીઓ આવતા. કારણ કે આપણા ભૌગોલિક અને મનઃક્ષિતિજના વિસ્તારથી આ દેશ ઘણો દૂર હતો. બે વિશ્વયુદ્ધના વચગાળાના સમય દરમિયાન આપણા વિદ્યાર્થીઓ, ખાસ કરીને એમ. આઈ. ટી., કાર્નેગી અને કેલીફોર્નિયા ઇન્સ્ટીટ્યૂટ ઑફ ટેકનોલૉજીમાં શિલ્પ–વિષયક વિદ્યા મેળવવા વિશેષ સંખ્યામાં આવવા લાગ્યા. આમાંના કેટલાક વિદ્યાર્થીઓએ હિંદ પાછા ફરીને સારી પ્રતિષ્ઠા સંપાદન કરી એટલે સ્વાભાવિક રીતે વિદ્યાર્થીઓ વધારે સંખ્યામાં અમેરિકા તરફ આકર્ષાયા. છેલ્લા વિશ્વયુદ્ધ દરમિયાન યુનાઈટેડ સ્ટેટ્સમાં અસાધારણ શિલ્પ–વિષયક પ્રગતિ થયેલી તેનો સમગ્ર દુનિયા પર અને ખાસ કરીને આપણા દેશ જેવા અર્ધ–વિકસિત દેશો ઉપર ખૂબ પ્રભાવ પડ્યો હતો. વિપુલ નૈસર્ગિક સંપત્તિ અને તેનો ઉપયોગ કરવાની સર્જશક્તિના સમન્વયને આધારે અમેરિકાની શિલ્પપદ્ધતિઓ સારાયે વિશ્વમાં પ્રતિષ્ઠા પામી છે. મોટા ઉદ્યોગોની સ્થાપના માટે, મોટી નહેરો કે જલ-વિદ્યુત્‌ની યોજનાઓ અંગે, તથા રાસાયણિક ખાતરના વિનિયોગ કે ખેતી માટે યાંત્રિક સાધનોના ઉપયોગ અર્થે અમેરિકા પાસેથી ઘણું શીખવાનું અને પછાત દેશોની જરૂરિયાતો માટે અનુકૂળતા પ્રમાણે અપનાવવાનું છે. વૈદ્યકીય તેમ જ સામાજિક શાસ્ત્રોની ઘણી શાખાઓના અભ્યાસમાં આ દેશે પહેલ કરી છે. એટલે આપણા યુવાન તેમ જ પુખ્ત ઉંમરના વિદ્યાર્થીઓએ પશ્ચિમયુરોપથી દૂર, આટલાન્ટીક મહાસાગરના સામે કિનારે, પોતાનું લક્ષ્ય ફેરવ્યું એમાં આશ્ચર્ય પામવા જેવું નથી.

પૂર્વના દેશોમાંના આ સ્થલાંતર :માટે આપણે શું ધારવું જોઈએ? મને લાગે છે કે પાશ્ચાત્ય સંસ્કૃતિનું સૌથી મહત્ત્વનું દાન, યંત્રસામગ્રી કે અણુ કે હાઇડ્રોજન બૉમ્બ નહિ, પણ વૈજ્ઞાનિક મનોવૃત્તિ છે. વૈજ્ઞાનિકવૃત્તિનું તત્ત્વ એ છે કે આધારભૂત હકીકત પર અનુમાનો બાંધવાં, ઊર્મિ કે પૂર્વગ્રહ વિના પ્રશ્નોની પરીક્ષા કરવી અને સત્યની સંશોધનપ્રવૃત્તિમાં તટસ્થ અને નિઃસ્વાર્થપરાયણ રહેવું. વૈજ્ઞાનિક મનોદશા તો આપણને નમ્ર અને સાવધાન બનાવે. વિજ્ઞાન તો પદ્ધતિ કે સાધન પૂરું પાડે છે; પરન્તુ આપણે એ સાધનનો ઉદાત્ત અથવા હલકા હેતુઓ માટે ઉપયોગ કરી શકીએ. પશ્ચિમમાં જે હેતુઓ માટે વિજ્ઞાનનો ઉપયોગ થઈ રહ્યો છે તે બધાંને આપણે સ્વીકારવાની કે વખાણવાની જરૂર નથી; અને ખરેખર, ઔદ્યોગિક વિકાસની ઊંચી કક્ષાએ પહોંચેલા દેશોની શિલ્પકળા અને યાંત્રિક યુક્તિઓ સારાસાર-વિવેક વિના આપણે અપનાવવાં જોઈએ નહિ. પરદેશી સંસ્થાઓને સમૂળી અપનાવવાને પરિણામે બાહ્યાકૃતિનું અનુકરણ કરીને સત્ત્વાંશ છોડી દેવાનો ભય ઊભો થાય છે. એક દેશને અનુકૂળ શિલ્પ-રીતિઓ અને પદ્ધતિઓને તેનાથી કેવળ જુદી જાતના સંયોગોવાળા દેશમાં ગ્રહણ કરવામાં ખૂબ સાવધાનતા અને દીર્ઘદૃષ્ટિ વાપરવાની જરૂર છે. દાખલા તરીકે, વસ્તીની સંખ્યા પ્રમાણમાં ઓછી હોય, નૈસર્ગિક સંપત્તિ વિપુલ હોય, મૂડીનું રોકાણ અને સાધનસામગ્રી

અત્યંત અને વધતા પ્રમાણમાં હોય અને આજીવિકા – ધોરણ ઘણું ઊંચું હોય એવા દેશમાં શ્રમ બચાવતી (labour-saving) રીતિઓ જરૂરી જણાય. પરન્તુ આપણા હિંદ જેવા મુલકમાં જ્યાં મુખ્ય પ્રશ્ન માનવસંપત્તિને પૂરી રોજી આપવાનો છે ત્યાં માણસોને બદલે યાંત્રિક સાધનો કે મજૂરીને નિરર્થક બનાવનાર શિલ્પવિષયક ફેરફારો અપનાવતાં પહેલાં માનવદૃષ્ટિએ એ સાધનો કેટલાં ખર્ચાળ છે તેનો પૂરેપૂરો વિચાર કરવાની અને તેનાં સામાજિક પરિણામો અંગે સાવચેતીનાં પગલાં લેવાની આવશ્યકતા છે. આવી પદ્ધતિઓના અવિવેકી વિનિયોગથી વ્યાધિ ઓછો થવાને બદલે વધવાનો સંભવ છે. એક દેશ કે ઉદ્યોગમાં યાંત્રિકતાની માત્રા જેટલા પ્રમાણમાં ઇચ્છવા જેવી હોય તે બીજીમાં પ્રતિકૂળ અથવા હાનિકર્તા પણ થાય. એટલે આપણા દેશમાં ઔદ્યોગિક અને ખેતીવિષયક વિકાસ આપણા પોતાના સંયોગોને અનુકૂળ અને રાષ્ટ્રીય અર્થરચનાને બંધ બેસતી રીતે થવો જોઈએ. આ હેતુને આધારે આપણી પંચવર્ષીય યોજનામાં એમ કહેવામાં આવેલ છે કે ઔદ્યોગિક પ્રગતિના નવા માર્ગોની એવી રીતે પસંદગી થવી જોઈએ કે તેના પરિણામે આપણી માનવ–સંપત્તિનો વધુમાં વધુ ઉપયોગ થઈ શકે અને સૌથી બહોળા પ્રમાણમાં રોજીનો અવકાશ પ્રાપ્ત થાય. જો આ હેતુ સાધવા માટે મોટા ઉદ્યોગો અને ગૃહઉદ્યોગોનાં ક્ષેત્રો વચ્ચે અમુક પ્રકારની મર્યાદા બાંધવાની જરૂર જણાય તો જે દ્વારા માનવસંપત્તિનો સવિશેષ ઉપયોગ થઈ શકે એવા સામાન્ય ઉત્પાદક કાર્યક્રમો યોજીને તેનો ઉકેલ લાવવો. સુભાગ્યે, આપણી કાર્ય-પાટીના ઘણા ભાગો હજુ ચોખ્ખા છે અને તેના પર આપણી ઇચ્છા પ્રમાણે લખાણ કરી શકીએ તેમ છીએ. આપણા મુખ્ય ઉદ્દેશો અને કાર્યપદ્ધતિઓનો આપણા બંધારણમાં ઉલ્લેખ કરવામાં આવેલ છે. આયોજનનું કેન્દ્રવર્તી ધ્યેય આપણા લોકોનું આજીવિકા-ધોરણ ઊંચું લાવવાનો અને અને સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ જીવનનો અવકાશ વધારવાનો છે. આપણી યોજનામાં અર્થરચનાનો વિસ્તાર એવો કલ્પવામાં આવેલ છે કે જેમાં સર્વસામાન્ય હેતુઓ માટે એક વ્યવસ્થિત સમાજ તરીકે આપણે સામાજિક અને આર્થિક ન્યાયની વૃદ્ધિ કરવી અને સાથોસાથ દરેક વ્યક્તિનું —એટલે કે તેનાં વાણી-સ્વાતંત્ર્ય, ધર્મ અને સર્જનશક્તિનું— સન્માન અને રક્ષણ કરવું. દુનિયાના બીજા ભાગો માફક આપણા દેશમાં અત્યારે ત્રીજા વિભાગની નહિ પરંતુ માર્ગની જરૂર છે—એટલે કે નિયંત્રિત વ્યવસ્થા અને નિ વ્યક્તિવાદ, કલ્પના-સૃષ્ટિવાદ અને અનિશ્ચિતતા માર્ગ. આપણે હવાઈ કિલ્લાઓ બાંધી શકીએ નહિ બાંધવા જોઈએ નહિં; એનો અર્થ એમ નથી કે સામાજિક અનિષ્ટોને મૂળગત કે સ્થાયી હકીકત તરીકે લેવાં જોઈએ. દુનિયા જેવી છે તેવી આપણે સ્વી તો પણ જે બાબતો ખોટી છે અને સુધારો માગી લે છે આપણને લાગે તેને બદલવાની આપણામાં હિમ્મત જોઈએ; અને જે વસ્તુઓ આપણે બદલી શકીએ બદલવી જોઈએ અને દુર્ભાગ્યે જે બદલવાનું શક્તિની બહાર હોય, તેની વચ્ચેનો તફાવત પાર શાણપણ હોવું જોઈએ. આ સિદ્ધ કરવા માટે, મતાગ્રહથી મુક્ત શ્રદ્ધા અને ભ્રમમુક્ત આશા જોઈએ.

એટલે અહીં તમારા અભ્યાસમાં તમે નિમગ્ન હો પણ આપણા દેશના વિકાસની પ્રત્યેક ભૂમિકા પરત્વે લક્ષ રાખવા હું તમને વિનંતિ કરું છું. અતિ સમૃદ્ધ સં વાતાવરણમાં આપણે કેટલીક વાર સંમોહિત થઈ તે દેશનાં આજીવિકા-ધોરણ અને રહેણીકરણીનો ઉદ્યો દેશોની રહેણીકરણી સાથે મુકાબલો કરીએ છીએ અ પરિણામે આપણે થોડી નિરાશા અને નિ:ફળતાની અનુભવીએ છીએ. પરંતુ મારે કહેવું જોઈએ કે નિરાશાવાદ માટે જરા પણ અવકાશ નથી. ઊલટું, ત્યાં હવે જુદાં જુદાં ક્ષેત્રોમાં સેવા કરવાની તક પ્રમાણમાં મળશે, કારણ કે આપણે હજુ લાંબી કાપવાની છે, ઘણું કામ કરવાનું છે અને ઘણું ન બાંધવાનું છે, અમેરિકન પ્રથાના લક્ષણરૂપ ગણાતાં સા વૃત્તિ, કર્તવ્યશીલતા અને આશાવાદનો આપણે થો લેવો જોઈએ. “અમેરિકન ડેમોક્રસી” નામના પુ પ્રો. હેરોલ્ડ લેસ્કીએ કહ્યું છે કે: “અમેરિકન કોઈ અભ્યાસી તેના સંશોધનનું માનસિક વાતાવરણ, પ્રગતિ અને આશાવાદની પ્રતીતિ પામ્યા વિના રહેશે પરદેશી સંસ્કૃતિ અથવા જુદા પ્રકારની અર્થરચનાનાં પાસાંઓનું આપણે મૂલ્યાંકન ન કરી શકીએ તો પણ તેને સમજવા માટે બૌદ્ધિક નમ્રતા અને સન્માનની

(અનુસંધાન પૃ. ૧૧૧)

કલાપી, સુમન અને મિત્રમંડળ

કથન : દરબારશ્રી વાજસુરવાળા આલેખન : કપિલ ઠક્કર

[લેખમાળાનો પૂર્વઇતિહાસ :

' કલાપી 'ના નિકટના મિત્ર અને હવે તો એ મંડળીમાંથી એકલા જ બાકી રહેલા હડાળા-અગસરાના ના. દરબારશ્રી વાજસુરવાળા સાહેબ સાથે ૧૯૧૬માં પ્રથમ પરિચય થયો. હડાળામાં એમણે એ વરસથી થિયોસોફીનો અભ્યાસવર્ગ શરૂ કરેલો અને એ પછી ત્રીશ કે એથી વધારે વરસ સુધી એ વર્ગ દર વરસે મળ્યો હતો. એ પ્રથમ પરિચય પછી એમની સાથે સમય જતાં ગાઢ સંબંધ બંધાયો અને હડાળા જવાનું મારે અનેક પ્રસંગે બની આવ્યું. એ વરસો દરમ્યાન અનેક વાર ' કલાપી 'નાં એમના હૈયામાં સંઘરાયેલાં અનેક સ્મરણો મેં સાંભળ્યાં. એવા કેટલાક પ્રસંગોએ સ્વ. મેઘાણીભાઈની પણ ત્યાં હાજરી હતી. અમે ત્રણે ' કલાપી ' વિષે ખૂબ વાતો કરતા.

' કલાપી 'ના એકલા બાકી રહેલા અતિ નજીકના મિત્ર પાસેથી ' કલાપી 'નાં આ સ્મરણો કાગળ પર ઉતારી લેવાની સૂચના કેટલાક મિત્રોએ મને કરી. મેં પૂ. દરબાર સાહેબને એ માટે લખ્યું. એમણે ઉત્તર વાળ્યો : " આવો. ઉતરાવી દઉં. " ૧૯૪૩ના અરસામાં એ માટે હું હડાળા ગયો. ૧૯૧૬થી એ વરસ સુધી પ્રસંગોપાત્ત સાંભળેલા છૂટા છૂટા પ્રસંગો તાજા કર્યા. એમાં બીજા કેટલાક નવા ઉમેરાયા. એમાં દરબારશ્રીના પોતાના અને બીજા અનેક મિત્રોના જીવનપ્રસંગો પણ ગુંથાયેલા હતા. એ બધાયે સાચવી રાખવા જેવા લાગ્યા, એટલે આ સ્મરણો એકલા ' કલાપી ' પૂરતાં મર્યાદિત ન રાખતાં એમનાં, દરબારશ્રી વાજસુરવાળાનાં અને એમના મિત્રમંડળનાં જીવનપ્રસંગો અને સ્મરણો આવરી લેવાનો મેં સંકલ્પ કર્યો. પૂ. દરબારશ્રી વાજસુરવાળા સાહેબે પણ ' કલાપી 'ના સમયમાં કાવ્યલેખન કરેલું અને એમનાં કાવ્યો ' કલાપી 'ની પ્રસંશાને યોગ્ય બનેલાં. " સુમન "ના નામથી એ કાવ્યો ' સુદર્શન 'માં પ્રકટ થતાં. એટલે આ લેખમાળાનું નામ ' કલાપી, સુમન અને મિત્રમંડળ ' રાખવાનો મેં નિર્ણય કર્યો.

' કલાપી ' અને ' સુમન ' છસાત વરસની વયે રાજકોટની રાજકુમાર કૉલેજમાં દાખલ થયા ત્યારથી આ પ્રસંગો મેં શરૂ કરીને સિલસિલાબંધ ગોઠવ્યા. પહેલો ભાગ ' સૈયારી નૌકા, ' બીજો ભાગ ' આશકની પ્રેમઉપાસના ' અને ત્રીજો ભાગ ' અનંત શાન્તિની શોધ '—એ મુજબ ત્રણ વિભાગમાં આ સ્મરણો વહેંચી નાંખ્યાં. દરેક ભાગનો એક એક મણકો લખાઈ રહે એમ હડાળા મોકલાઈ જતો અથવા હું પોતે જ દરબાર સાહેબ પાસે જઈ એ વાંચી આવતો. ભાષા મારી છે, નિવેદન મારું છે, પણ દરેક ભાગ પર દરબારશ્રીની આખરી સમ્મતિની મહોર ન પડે ત્યાં સુધી મેં એને છાપવા આપવા પાત્ર માન્યો નથી.

એ પ્રકરણો જેમ તૈયાર થાય તેમ શ્રી ગુણવંતરાય આચાર્યને તંત્રીપદે મુંબઈથી એ વખતે પ્રકટ થતા ' જીવન ' માસિકમાં પ્રકટ કરવાનું મેં નક્કી કર્યું અને ભાઈ ગુણવંતરાયે એ છાપવાનું સ્વીકાર્યું. આ સમગ્ર લેખમાળાના ' આમુખ ' તરીકે પ્રથમ એક લેખ મેં ' જીવન 'માં લખ્યો, જેમાં દરબારશ્રી વાજસુરવાળા સાથેનો મારો પરિચય, હડાળા થિયોસોફિકલ અભ્યાસવર્ગ, દરબારશ્રીનું રેખાચિત્ર, આ લેખમાળા લખવાનું કારણ, એ બધાંનો મેં વિસ્તારથી ઉલ્લેખ કર્યો હતો. ' જીવન 'ના ૧૯૪૬ કે ૧૯૪૭ના એક અંકમાં એ લેખ પ્રકટ થયો હતો. એ પછીના અંકમાં આ લેખમાળા શરૂ થવાની હતી.

પણ એ પછી તરત જ ' જીવન 'નું પ્રકાશન બંધ થયું. ફરી એ માટેનું સાધન શોધવાનું રહ્યું. ગુજરાતના એક સુપ્રસિદ્ધ માસિકના તંત્રીએ એ માટે પોતાના પત્રનો ઉપયોગ કરવાનું મને આમંત્રણ આપ્યું. સ્વ. મેઘાણીભાઈની પણ એવી જ ઇચ્છા હતી.

દરમ્યાન રાણપુરથી શ્રી ઇશ્વરલાલ દવેના તંત્રીપદે 'જીવન-પ્રકાશ' નામનું માસિક પ્રકટ થવાની જાહેરાત થઈ. કેટલાક સ્નેહીઓએ સૂચના કરી કે 'જીવનપ્રકાશ' કાઠિયાવાડનું માસિક છે. આ સાહિત્ય પણ કાઠિયાવાડનું છે. તમારો એ માસિક પર અને એનો તમારા પર અધિકાર છે. 'જીવન-પ્રકાશ'ના પ્રથમ અંકથી તેની શરૂઆત કરો.

પેલા ગુજરાતના માસિકના તંત્રીને મેં દૂભવ્યા. એમનું સ્નેહભર્યું આમંત્રણ મેં નકાર્યું. એ માટે એ પછી વિમાસણ કરવાનું મારે ભાગ્યે હતું.

૧૯૪૭ના મે માસમાં આ લેખમાળા, 'જીવનપ્રકાશ'ના પ્રથમ અંકથી શરૂ થઈ. ૧૯૪૮ના ઑક્ટોબર સુધીમાં એના વીસેક હપ્તાઓ છપાયા. "સૈયારી નૌકા," "આશકની પ્રેમઉપાસના" પૂરાં થયાં હતાં. "અનંત શાન્તિની શોધ" ચાલુ હતી. દરમ્યાન શ્રી ઇશ્વરલાલ દવે 'જીવનપ્રકાશ'ના તંત્રીપદેથી મુક્ત થયા. એ પછી આ માળા મેં અટકાવી દીધી. એનાં કારણોમાં ઊતરવાની અહીં જરૂર નથી.

મારી લેખમાળા રસપૂર્વક વંચાતી હતી. એમાં સમાયેલી હકીકતો મૌલિક હતી. આ માળા એમ અટકી જાય એ ઘણા મિત્રોને અને વાચકોને ગમ્યું નહિ. મારે એ પૂરી કરી નાંખવી જ જોઈએ.

પૂ. દરબારશ્રી વાજસુરવાળા સાહેબ આજે [...] વરસે પહોંચવા આવ્યા છે. એમને પણ બાકીનો ભાગ [...] દેવાની ખ્વાએશ હતી. એ ભાગ પર એમની મહોર લાગી [...] એ મારે જોવાનું હતું. પણ એ વાતો-વિચારોમાં ત્રણ [...] વરસ વીતી ગયાં.

ગયા જૂન માસમાં ભાઈ શ્રી ઉમાશંકર જોષી ભાવ[...] આવેલા અને મારે ઘેર પણ આવેલા. એમણે આ છ[...] પ્રકરણો વાંચ્યાં હતાં. એ લેખમાળા કેમ બંધ થઈ એ [...] મારી પાસેથી જાણ્યું. એમણે બાકી રહેલો ભાગ "સંસ્કૃ[...] માટે સ્વીકારવાની તસલ્લી આપી. દરબાર સાહેબને મે[...] વાત જણાવી. એમને બહુ આનંદ થયો.

ઑગસ્ટમાં હું વડીઆ ગયો. રાજ્યોનું એકમ થયા [...] દરબારશ્રી વાજસુરવાળા હડાળા છોડીને વડીઆ [...] આવ્યા છે. ધોળા—જેતપુર વચ્ચેના વડીઆ દેવડી-સ્ટે[...] વડીઆ દોઢેક માઈલ થાય. એમની નબળી તબિયત [...] બાકીનું સાહિત્ય તૈયાર કરવામાં એમણે મને સહાય ક[...] પ્રકરણો તૈયાર કરી એમને વાંચી બતાવ્યાં. એમણે [...] રાખ્યાં. બાકીનાં માટેની સામગ્રી લેતો આવ્યો. [...] પ્રકરણો 'સંસ્કૃતિ'માં પ્રકટ કરવા માટે [...] શ્રી ઉમાશંકરભાઈને મોકલું છું. બાકીનો ભાગ સ[...] જશે. —કે.]

---

૧. 'સરિતા સિન્ધુમાં ભળી ગઈ'

"એચાર જન્મદિવસો વહી કાલ જાશે,
ને મૃત્યુની જલદ પાંખ સમીપ થાશે."

(કલાપી : 'ત્રેવીશમા જન્મદિવસે')

આ લેખમાળાનો સૌથી દુઃખદાયક પ્રસંગ યાદ કરવાનું હવે મારે ભાગે આવે છે. એક કાળે એ આવવાનું જ હતું. એને પણ વટાવી જવો જોઈએ.

સને ૧૯૦૦ના જૂનની ૧૧મી તારીખે કાઠિયાવાડે અને ગુજરાતે જાણ્યું કે લાઠી રાજના ઠાકોર સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ, ૨૬ વરસની ભરજુવાન વયે, એક જ રાતની માંદગી ભોગવી આપણી વચ્ચેથી ગઈ રાત્રે વિદાય થયા. "કલાપી" નામ એ સમયે આપણા કાવ્યરસિકો અને સાહિત્યઉપા[...] બહુ પરિચિત નહોતું. "કલાપી"નાં કાવ્યો કોઈ [...] મણિભાઈના 'સુદર્શન' માસિકમાં દેખાવ દેતાં. પણ [...] વાચકસમુદાય વિશાળ ન કહી શકાય. "કલાપી"ના [...] એકે પુસ્તક પ્રકટ થયું ન હતું. 'સંવાદો' પણ [...] મિત્રમંડળ સુધી જ પહોંચ્યા હતા. ૧૯૦૩માં શ્રી મણિ[...] ભાઈએ "કેકારવ" પ્રકટ કર્યો એ પછી જ "કલા[...]

કાવ્યો ગુજરાત–મશહૂર થયાં અને એની આસપાસ 'રોમાન્સ'નું પ્રભાચક્ર પણ રચાયું. એટલે ૧૯૦૦ના જૂનની દસમી તારીખે જેમનું મૃત્યુ થયું તે "સુરતાની વાડીના મીઠા મોરલા"નું નહિ, પણ લાઠીના સાહિત્યપ્રિય ઉદાર રાજવી સુરસિંહજીનું.

એમને મૃત્યુ કેમ સાદ કરી ગયું તે પ્રશ્ન આજે પણ અણઉકેલ છે. મેં આગળ કહેલું છે તેમ શરીર તો એવું તંદુરસ્ત અને અલમસ્ત હતું કે મૃત્યુ એમની સામે નજર કરતાં ખમચાય. વિક્ટર હ્યુગો (Victor Hugo)ની આલમ–મશહૂર નવલકથા 'લે મિઝેરાબ્લ' (Les Miserables)-માં વર્ણવાયેલા, ફ્રાન્સની રાજ્યક્રાન્તિ પછી બાકી રહી ગયેલા એંશી વરસ વટાવી ગયેલા પેલા લોકનેતાના મૃત્યુપ્રસંગે કથાકારે લખ્યું છે કે મૃત્યુનો ફિરસ્તો ઇઝરાઈલ એને લેવા આવ્યો હોય તો પણ 'ઘર ભૂલ્યો' એમ બોલીને બારણેથી પાછો ફરી જાય. છતાં એ બનાવ બન્યો એ એક હકીકત છે. એડીસનના પેલા વિઝન ઑફ મિરઝા (The Vision of Mirza)માં માનવજીવનરૂપી પુલનું વર્ણન આવે છે. એ પુલના શરૂઆતના અને અંત ભાગનાં દ્વારો સદાય ગાઢ ધુમ્મસ-માં છુપાયેલાં રહે છે. એ મુજબ રાજાઓના જન્મમરણની કથાઓ કોઈ ગાઢ ધુમ્મસથી ઢંકાયેલી હોય છે. એ અંધારાં ઉલેચવા પ્રયત્ન નહિ કરીએ.

ઠાકોર સાહેબનો નીચેનો પત્ર મને ૯મી જૂનને દિવસે મળેલો :

લાઠી, તા. ૮–૬–૧૯૦૦

વ્હાલા ભાઈ,

આપને મોકલેલું પત્ર તો મળ્યું જ હશે. પહોંચ નથી, પણ Reminder પણ નથી એટલે એમ માન્યું છે.

ઇમામ બન્દીને અહીં મોકલવા ભાઈને સૂચના આપી એ માટે ઉપકાર.

ચંડુલની શોધમાં હશો. બાકી હાલ તો વરસાદની રાહ જોવાનું – અંતર – બહાર તેમ જ ધરતીની અબળાઈ એ માટે.

આપનો સુ.

ઇમામ બન્દી એક પંજાબ તરફની ગાનારી હતી. 'કલાપી'નાં કેટલાંક કાવ્યો, અને ખાસ કરીને "સાકીને ઠપકો" એ ગઝલ શુદ્ધ ઉચ્ચાર સાથે ગાતાં એને આવડી ગયું હતું એટલે એ ગીતો ગાવા એ લાઠી જવાની હતી. પ્રાન્તસાહેબ પૉટિન્જરનો મુકામ તા. ૧૨–૧૩ જૂન લાઠીમાં થવાનો હતો. એમની સામે દિલ ખોલીને કેટલીક વાતો ઠાકોર સાહેબને કરવાની હતી. ઇમામ બન્દીને તો ગાવા માટે બોલાવી હતી.

એ પછી બીજે દિવસે, ૧૦મી જૂને, મને બીજો એક પત્ર મળ્યો. ઉપરના પત્ર પછી એ લખાયેલો હતો. એમાં તારીખ નથી. એક જ લીટી હતી :

"વરસાદ વરસ્યો. આપ ક્યારે વરસો છો ?

આપનો સુરસિંહ."

અમને છેલ્લા મળ્યાને ઘણો સમય થઈ ગયો હતો.

"મેં'ની જોતાં વાટ ઉનાળો ઊડી ગયો,
પણ ના લીલીભાત ત્હારી દેખું વાલ્જસુર."

વગેરે દુહાઓવાળો પત્ર "એક કણબી"ની સહીથી લખાયેલો મને એ અગાઉ મળ્યો હતો. પણ રાહતના કામમાં રોકાયેલો હોવાથી હું જઈ શક્યો નહોતો.

અનેક પત્નીના પતિ બનેલા રાજાઓએ, સૌને સંતોષવા માટે, ખાવા-પીવા તેમ જ સુવા માટેનો ચોક્કસ ક્રમ નક્કી કરવો પડે. એ મુજબ ઠાકોર સાહેબે મોંઘીબા સાથે અઠવાડિયામાં ત્રણ રાત, રમાબા સાથે બે રાત અને આણંદીબા સાથે બે રાત ગાળવાનું ઠરાવેલું. પણ એ નિયમને વળગી રહેવાનું બન્યું નહોતું. ઘણે ભાગે મોંઘીબા સાથે રહેવાનું બનતું. જમવાનો ક્રમ નક્કી કરવાનું પણ કેટલીક વાર કેવું મુશ્કેલ બને છે એ મણિભાઈ પરના એક પત્ર પરથી સમજાશે. એમાં ઠાકોરસાહેબ લખે છે કે: "હું રાત્રિ શોભના પાસે અને દિવસ રમા પાસે ગાળું છું, રાત્રે જમવાનું શોભના સાથે કરવાનું કહેતાં રમા એ રીતે જોખમ એ શિર રહે તે સારું માનતી નથી. હું શોભનાના હાથનું પાન પણ ન ખાઉં તો જ એ મારું રસોડું રાખે — જે બની શકે નહિ — એટલે રસોડું પણ આવતા રવિવારથી મારું જુદું થશે."

તા. ૯મીએ રાત્રે ઠાકોરસાહેબ, મોંઘીબાને ઓરડે જતાં, રમાબાને ઓરડે રોકાયા. તાજા બનાવેલા પેંડા તૈયાર હતા. ઠાકોરસાહેબને પેંડાનો શોખ હતો, એટલે રમાબાના આગ્રહથી એક-બે પેંડા ખાધા. ઉનાળાની સખ્ત ગરમી હતી. ભાવનગરથી આવેલા બરફનો એકાદ કટકો લીધો. ભાવનગરમાં

એ વખતે કોલેરા હતો એમ કહેવાય છે. અરધાએક કલાકમાં ઝાડા શરૂ થયા. આખી રાત અને તા. ૧૦મીનો દિવસ એવી સ્થિતિમાં પસાર કર્યો. એમની આ માંદગીના ખબર શહેર-વ્યાપી બન્યા. તાત્કાલિક કંઈ ઉપચાર થઈ શક્યો નહિ. વૃદ્ધ શાસ્ત્રીજી પ્રભુરામે ઘી પાવાની સૂચના કરી. રમાબાએ શાસ્ત્રીજીને પૂછ્યું: "તમે જવાબદારી લેવા તૈયાર છો?" બિચારા શાસ્ત્રીજી એટલી તૈયારી બતાવવાની હિમ્મત તો શી રીતે કરી શકે?

મને તારથી બોલાવવાની સૂચના ઠાકોરસાહેબે કરી હતી. મને એવો તાર મોકલાયો કે નહિ તે કોઈ જાણતું નથી અને મને એવો તાર મળ્યો નથી.

બીજે દિવસે જેતપુરથી ડૉક્ટર દિનશા બરજોરજીને બોલાવવા માટે તાર થયો. ડૉ. દિનશા, તમારા ભાવનગરના પ્રખ્યાત ડૉક્ટર બરજોરજીના પુત્ર, રજવાડાંઓના ડૉક્ટર હતા અને એમનો કાયમી મુકામ જેતપુર હતો. ડૉક્ટર દિનશાને એ તાર મળ્યો ત્યારે જેતપુરથી લાઠી આવતી સવારની ગાડી તો ઊપડી ગઈ હતી. એ જમાનો મોટરોનો હતો જ નહિ! એમને બપોર પછીની ગાડીની રાહ જોવી પડી. જૂનાગઢમાં ડૉક્ટર ગનુભાઈના થયેલા અવસાનને કારણે હડાળાથી મારા કામદાર નૃસિંહપ્રસાદ અને ભાયાભાઈ શેખવા જૂનાગઢ ગયેલા. તેઓને પાછાં વળતાં જેતપુર સ્ટેશને ડૉ. દિનશા મળ્યા. સ્વાભાવિક રીતે ડૉક્ટરને એમણે પૂછ્યું: "કઈ તરફ, ડૉક્ટર?" એમણે જવાબ આપ્યો: "ખબર નથી? લાઠીમાં ઠાકોરસાહેબ અચાનક માંદા પડી ગયા છે અને મને તારથી બોલાવ્યો છે. સવારે પહોંચવાની જરૂર હતી, પણ તાર મોડો મળ્યો એટલે એક ગાડી ચૂક્યો."

ભાયા શેખવા એ જ ગાડીમાં હડાળા પાછા આવવા માટે કુંકાવાવ ન ઊતરતાં, નૃસિંહપ્રસાદભાઈની સૂચનાથી લાઠી ગયા. સ્ટેશન પરથી મને પોસ્ટના હલકારા સાથે આ ખબર હડાળા કહેવડાવ્યા. નૃસિંહપ્રસાદભાઈ પોતે કુંકાવાવ રોકાયા અને લાઠીથી કંઈ ખબર આવવાની રાહ જોઈ.

ભાયાભાઈ શેખવા લાઠી પહોંચતાં સીધા ઠાકોરસાહેબના ઓરડામાં ગયા. કોઈએ ઠાકોરસાહેબને ખબર આપ્યા, "હડાળાથી ભાયાભાઈ આવેલ છે." હું આવી પહોંચ્યો એમ સમજી એમણે પૂછ્યું: "ભાઈ આવ્યા?" જવાબ મળ્યો: "ભાઈ નહિ; ભાયાભાઈ–શેખવા." ભાયાભાઈ પાસે ગયા. એમણે પૂછ્યું: "ભાઈ આવ્યા?" ભાયાભાઈએ [ ] વાળ્યો: "ભાઈને તો ખબરે નથી." "ખબરે નથી!" ઠાકોરસાહેબે પૂછ્યું: "તાર કર્યો છે ને?" "ના, [ ] કશી ખબર નથી." "ત્યારે ભાઈને કશી ખબર નથી" એવા શબ્દો બોલીને ઠાકોરસાહેબે આંખો બીડી દીધી, ભાયાભાઈ શેખવાએ મને કહેલું. એ આંખો હમેશ બીડાઈ ગઈ. એ સમયે રાત્રિના ૯–૧૦ વાગ્યા હશે.

નૃસિંહપ્રસાદભાઈએ ખેપિયા સાથે મોકલેલો [ ] મને મળ્યો એટલે હું હડાળાથી ગાડીમાં કુંકાવાવ ઊપડ્યો. નૃસિંહપ્રસાદભાઈ એ સમયે હડાળા પાછા [ ] હતા. અમે વાઘણિયા પાસે સામસામા મળી ગયા [ ] હડાળા પાછો ફર્યો. ભાયાભાઈ શેખવાએ લાઠીથી [ ] સાહેબના વિદેહ થયાના ખબર મને તારથી જણાવ્યા, પોતે વળતી ગાડીમાં પાછા ફર્યા. એમનો તાર મને રા[ ] વાગ્યા પછી મળ્યો.

તા. ૧૧મી જૂનની સવારે ઠાકોરસાહેબના દેહનો [ ] સંસ્કાર થયો. વડીઆથી બાવાભાઈ સાહેબ એ જ [ ] હડાળા પધાર્યા. આઘાતને કારણે કે બીજી રીતે અસ્વસ્થ ગયેલી શરીર અને મનની સ્થિતિને કારણે, તે દિવસ [ ] જવાનું શક્ય ન બન્યું. અમે બન્ને જણા વળતે [ ] તા. ૧૨મીને રોજ લાઠી ખરખરે જઈ શક્યા. સ્ટેટનો [ ] લેવા માટે કર્નલ પૉટિંજર ૧૧મી તારીખે લાઠી [ ] પહોંચ્યા હતા. અમે એમને ૧૨મી તારીખે મળ્યા. [ ] સાહેબના ખાનામાં તાળાકૂંચીમાં રખાતી ડાયરી — જે હું અગાઉ કહી ગયેલો છું–થી એમને માહિતગાર કં[ ] આવ્યા.

ઠાકોરસાહેબનો કેસ કૉલેરાનો હતો એવું નિદાન [ ] દિનશાએ કરેલું. ભાવનગરમાં કૉલેરા હતો. ભાવ[ ] આવેલો બરફ ઠાકોરસાહેબે લીધેલો; અને એની અસર થઈ, એમ એમનું કહેવું હતું. લાઠીમાં એ વરસમાં [ ] સાહેબનો એક જ કેસ કૉલેરાનો થયો એ પણ વિધિ[ ] હશે!

લાઠીની અમારી એ શોક-મુલાકાત પછી [ ] અમારે માટે અકારું થઈ પડ્યું. એ પછી વરસ બે વર[ ] ટ્રેનમાં પણ લાઠી સ્ટેશનથી પસાર થવાનું બની શ[ ] સુધી અમે ટાળતા. એને બદલે વઢવાણ સુધી ફરવાનું [ ]

કરતા. જરૂર અનિવાર્ય બને ત્યારે લાઠી સ્ટેશન આવતાં અમે અમારા ડબ્બાના બારણાં બંધ કરી દેતા. વરસો સુધી, એ સ્ટેશને ઊતરતાં ઠાકોરસાહેબની મંદમંદ હસતી મૂર્તિ મને લેવા માટે અને ભેટીને મળવા માટે ખડી રહેતી એનાં સ્મરણો આજે પણ એવાં જ તાજાં છે. કોઈ સ્મરણો ઝાંખાં પડ્યાં નથી. આજે એ બનાવ પછી બાવન વરસ વીતી ગયાં છે. છતાં વિસ્મૃતિનો કોઈ પરદો એ ભૂતકાળ પર પડ્યો નથી. ૧૯૧૬માં તમે હડાળા પહેલી વાર આવ્યા ત્યારથી થિયોસૉફિકલ અભ્યાસવર્ગના રાત્રિવાર્તાલાપમાં, અને એ પછીનાં વરસોમાં ઝવેરભાઈ (મેઘાણી) અને તમે જ્યારે જ્યારે મારી પાસે બેસતા ત્યારે 'કલાપી'નાં સંસ્મરણો આપણે સજીવન કર્યાં છે. મોઘીબાને પણ તમે પહેલી વાર હડાળામાં મળેલા. આજે અરધી સદી વીત્યા પછી પણ મારા અંતરની વેદનાઓ હું સંતાડી બેઠો છું. પણ એને જાગી જવાના અનેક પ્રસંગો આ પાંત્રીસ વરસમાં આવ્યા છે.

ઠાકોરસાહેબના અવસાનની નોંધ એ સમયનાં આપણાં સામયિકોએ લીધી હશે. એમાં, જે માસિક તરફ એમનો સ્નેહ-સંબંધ હતો એ 'સુદર્શન'ના ૧૯૦૦ના જુલાઈ માસના અંકમાં નીચેની નોંધ પ્રગટ થઈ હતી. સાહિત્યની દુનિયામાં એ સમયે એમની કેવી ગણના હતી એનો એ ઉપરથી ખ્યાલ આવશે:


"લાઠીના ઠાકોરસાહેબ શ્રી સુરસિંહજીનો સ્વર્ગવાસ:

ગઈ તા. ૧૦માને દિને લાઠી ઠાકોરસાહેબ શ્રી સુરસિંહજીનો ૨૬ વરસની ભરયુવાવસ્થામાં સ્વર્ગવાસ થયો. એમના જવાથી ગુજરાતી સાહિત્યની વેલને એક મોટા અવલંબનની ખોટ પડી છે એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી. રાજ્યપદે રહીને સાહિત્યનો રસ લેવો અને આપવો એ વિરલ ગુણ એમનામાં હતો. એ ગુણને પરિણામે એક પાસ અનેક વિદ્વાનોને તેમણે એક મહાન રાજાને શોભે એવા ઉદાર દિલથી ઉત્તેજન આપ્યું છે અને બીજી તરફ પોતે અનેક કાવ્યો રચી ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં એક સ્થાન પ્રાપ્ત કર્યું છે. આજથી થોડાંક વરસો ઉપર, પોતે રાજ્યતંત્ર હાથમાં લીધું એ પ્રસંગે કેટલાક ગુજરાતી સાક્ષરોનો મેળાવડો ભર્યો હતો અને ગુજરાતી સાહિત્યને એમના તરફથી સારો આશ્રય મળશે એવાં શુભચિહ્નો દર્શાવ્યાં હતાં. પરંતુ દૈવયોગે, ગુજરાતને એ લાભ પરિપૂર્ણ લઈ શકવા જેટલો વખત જ મળ્યો નહિ.

'સુદર્શન' પત્રને આ બનાવ માટે સવિશેષ ખેદ થાય છે, એ પત્ર તરફ એમનું ગાઢ મમત્વ હતું, અને દિન પર દિન એને અધિક વિકસાવવું એવો એમનો સંપૂર્ણ આગ્રહ હતો. વળી, વિના નામે તેમ જ કલ્પિત નામથી એમનાં અનેક કાવ્યો આ પત્રમાં પ્રસિદ્ધ થયાં છે, જેમાં મનુષ્યહૃદયની અમુક વૃત્તિઓ એના વિવિધ ભેદપ્રભેદ સાથે ઠીક ઉતારવામાં આવી છે. આ ઉપરાંત એમણે બીજાં પણ ઘણાં કાવ્યો લખ્યાં છે, અને એ સર્વેને યોગ્ય ઉપોદ્ઘાત સાથે ગુજરાતી વાચક આગળ મૂકવાનો ઉપક્રમ હાલમાં ચાલે છે.

રાજાનું સમગ્ર જીવન સાધારણ લોકો આગળ બહુધા રજૂ થતું નથી, એથી એમના આંતરગુણો કદાચ બહુ લોકોના જાણવામાં નહિ હોય. પણ જેને એમની સાથે જરા પણ પરિચય હશે તેઓ તુરત કહેશે કે એમનામાં એવી એક વિલક્ષણ મધુરતા હતી કે એક વખત એમના સંબંધમાં આવેલો જન પુનઃ કોઈ પણ કાળે વિમુખ થઈ શકતો જ નહિ. વળી આ રસિક રાજામાં એમની પ્રજા પ્રત્યે પણ કેવી લાગણી હતી! એ કોમળ દયા અને પ્રીતિ પ્રજાના હૃદયમાં હમેશા નોંધાયેલાં રહેશે. અને એ જ રાજાનું એક સ્વર્ગ છે. તથાપિ વિશેષમાં અમારી પ્રાર્થના છે કે **એ સરળ, પ્રેમાળ અને ઉદાર આત્મા ચિરકાળ આનંદમાં વસો."**

[ક્રમશઃ]



'જહાન્નમમાં જાય તારી દીકરી !'

રમણલાલ વ. દે

સ્ટેશન ઉપર આજ મોટી ધમાલ હતી. મહાન ધનપતિના પુત્ર યોગેન્દ્ર અને તેમનાં પત્ની કુસુમકલા પરદેશ જવા માટે ગાડીએ બેસવા આવ્યાં હતાં. સાથે તેમનો નાનકડો પુત્ર વસિષ્ઠ પણ હતો — જેને સાચવવા માટે એક આયા - બાઈ પણ સાથમાં જવાની હતી. ધનપતિઓના પુત્રપરિવાર સંતાન ઉત્પન્ન જરૂર કરે છે — પરંતુ તેમના ઉછેર માટેની જવાબદારી તેમની રહેતી નથી. ખેલકૂદ માગતી બાલ્યાવસ્થામાં આયાઓનાં ટોળાં, શિક્ષણયુગમાં શિક્ષકોનાં ટોળાં અને પછી જે ટોળાં મળે તેમની વચ્ચે ધનપતિઓનાં બાળકો ઊછરે છે. ગાડીમાં બેસી મુંબઈ થઈ યોગેન્દ્રને ઊડવાનું હતું — હવે સહુ કોઈ પરદેશ જવા માટે 'ઊડે' છે — સ્ટીમરની મુસાફરી હવે લાંબી અને કંટાળાજનક બની ગઈ છે! અને તે હવે જૂનવાણી ભિખારીવટના પ્રદેશમાં ધસતી જાય છે. સાધન હોય તે હવે ઊડે છે! યોગેન્દ્ર, તેની પત્ની, પુત્ર અને આયા મુંબઈથી ઊડવાનાં હતાં.

યોગેન્દ્ર અને તેની પત્ની સંસ્કારી હતાં. ધનપતિ સંસ્કારી દેખાવા મથે ત્યારે સોનામાં સુગંધ ભળે છે. અનેક મિત્રો, અનેક ઓળખીતાઓ, અનેક એજંટો અને અનેક નોકરોથી સ્ટેશન ઊભરાઈ ગયું હતું. સહુની સાથે યોગ્યતાપૂર્વક મળવું, હળવું, હસવું, હાથ મિલાવવા, ખભે હાથ મૂકવો, સૂચના આપવી, ધીરજ આપવી વગેરે કાર્યો યોગેન્દ્ર કુશળતાપૂર્વક કરતો હતો. પત્ની કુસુમકલા પણ સુંદર દેખાઈ ને સ્વચ્છ ઢબે હસતી સહુની સાથે મળીને વાતચીત કરતી હતી. યોગેન્દ્રનાં પિતા અને માતા બાળક વસિષ્ઠને હાથમાંથી નીચે મૂકતાં ન હતાં. પૌત્રપૌત્રી મોટે ભાગે દાદાદાદીને રમવાનાં રમકડાં બની રહે છે. વહાલ ન આવે તોય મિત્રો અને પરિચિત વ્યક્તિઓ વસિષ્ઠ પ્રત્યે અત્યારે વહાલ દર્શાવી યોગેન્દ્રને, કુસુમકલાને અને ધનપતિને રાજી રાખવા મથતાં હતાં — અને બાલક વસિષ્ઠ પોતાનું મહત્ત્વ સમજતો સહુને અપમાન આપી કોઈને દાદ ન આપવાના બાલકાર્યને [illegible] બનાવતો હતો.

ફૂલહારના ઢગલા થવા લાગ્યા. વર્તમાનયુગનો કે[illegible] માનવ ફૂલહારને પાત્ર છે કે કેમ એનો નિર્ણય થઈ [illegible] નથી જ. ઘણી વસ્તુઓ વેડફાય છે તેમ આજ ફૂલ[illegible] વેડફાયે જાય છે. પહેરી પહેરીને દૂર કરવાના આ ફૂ[illegible] ઢગલામાંથી નોકરો એ ગાડીની અંદર તેમ જ બહ[illegible] બગીચાની રચના કરવાનો ઉત્સાહ સેવી રહ્યા હ[illegible] એટલામાં ગાડી આવી પણ ખરી!

ધનપતિઓ જ્યાં રહેતા હોય ત્યાં સ્ટેશનો પણ [illegible] હોય, અને ત્યાં ગાડીએ લાંબો સમય ઊભાં રહેવું [illegible] યોગેન્દ્રને માટે ગાડીનું ખાનું પ્રથમથી જ નક્કી [illegible] હતું. ઉમળકાનો પારાવાર પ્રગટ્યો. સરસામાન ઝડપથ[illegible] ગયો. ફૂલહારનો બીજો ફુવારો ફૂટ્યો. માતાપિતાની[illegible] માં આંસુ આવ્યાં. મિત્રોએ હસીને ફરી હસ્તધૂનનો[illegible] નોકરોએ પોતાની નોકરીને શોભે એવી નમ્રતાપૂર્વક[illegible] કર્યાં. ચારે પાસ ઉત્સાહ અને ઘોંઘાટ મચી રહ્યો. થોડા સમય માટે પણ દૂર થવાની કલ્પનાએ સગાં[illegible] મુખ વીલાં બનાવ્યાં, અને તેમણે આંખોમાંથી આંસુ[illegible] પણ પ્રયત્ન કર્યા. નાનકડો વસિષ્ઠ દાદાદાદી પાસેથી[illegible] પિતા પાસે જવાની ના પાડી રહ્યો હતો, પરંતુ [illegible] જવું તો જોઈએ જ. એટલે સહુએ તેને સમજાવવા[illegible] માંડ્યો. પરંતુ એ એમ જલદી જાય એમ હતું [illegible] માતાપિતાને ફુરસદ ન હતી. જવરઅવરની ધમાલમાં[illegible] બાળકની કાળજી રાખવાની જરૂર પણ નહિ. એ[illegible] તેમણે ક્યારનીયે રાખી હતી. બાળકના જન્મ [illegible] ઘરમાં પ્રવેશ કરી ચૂકેલી આયા બાળકની કાળજી [illegible] હતી. બાળકનાં દાદાદાદી અને આયાની વચ્ચે [illegible] સહીસલામત હતો.

પરંતુ આયા ક્યાં હતી ? ધનપતિએ ચારે પાસ જોયું. પાંચ મિનિટનો ગાડીઘંટ પણ થઈ ગયો હતો.

'આયા !' દાદાએ ધીમેથી ઉદ્‌ગાર કર્યો.

'આયા !' દાદીએ સહેજ બૂમ પાડી.

'આયા !' પાસે ઊભેલા નોકરે બૂમ પાડી.

પરંતુ આયા ત્યાં હતી જ નહિ. અને વસિષ્ઠ વધારે ...દે ચઢ્યો હતો. ચારે પાસે હવે આયાના નામની બૂમાબૂમ થઈ ગઈ. માનવી ઈશ્વરને સંભારે, પવિત્ર પુરુષ સ્ત્રીને સંભારે એવી તલ્લીનતાથી આયાને સહુ કોઈ સંભારવા લાગ્યાં. પરંતુ આયા કોઈને દેખાઈ જ નહિ, સ્ટેશનમાસ્તરે આવી યોગેન્દ્રને પૂછ્યું :

'કેમ સાહેબ ! બધું બરાબર છે ? સિગ્નલ આપું ?'

મોટા માણસોની ઝીણીમોટી સંભાળ રેલખાતું પણ ...ણે છે. પાંચ મિનિટમાંથી ત્રણ મિનિટ તો ચાલી ગઈ ...તી. અણીને સમયે સ્ટેશનમાસ્તર એ પાંચ મિનિટ ગાડીને ...ભાવી શકે એવી તરકીબો નથી હોતી એમ નહિ.

'માસ્તરસાહેબ ! અમારી આયા જડતી નથી.' યોગેન્દ્રે બૂમાબૂમનો સરવાળો કરી કહ્યું.

'આટલામાં જ હશે. હમણાં જડશે. ક્યાં જાય બીજે ?'

માસ્તરસાહેબ આશ્વાસન આપી આસપાસના ટોળાને ...યાર થવાનું સૂચન કરી ચાલ્યા ગયા. હવે યોગેન્દ્રને ચટપટી થઈ ...વી. આયા વગર બાળક કેમ રહી શકે ? એ કદાચ અહીંથી ...ગી ગઈ હોય તો ? કુસુમકલાના પુત્રની સંભાળ લેવા તેને ...તાનું ગામ મૂકવું નહોતું. એને પોતાને વસિષ્ઠ ઉપરાંત ...તાની બાળકીની પણ સંભાળ લેવાની હતી. મહામુશ્કેલીએ ...ને બાળકી છોડી આવવા પ્રલોભન કરવામાં આવ્યું હતું. ...ટલે યોગેન્દ્ર તથા કુસુમ બન્નેને જરા ચિંતા થઈ.

'ક્યાં ગઈ આયા ?' પ્રશ્ન ઊઠ્યો અને તે વ્યાપક બનો ...યો. સહુના મુખમાં એ પ્રશ્ન રમી રહ્યો. ચારે પાસ સહુએ ...મ કરી જોવા માંડ્યું. પરંતુ યોગેન્દ્ર કે કુસુમકલા જેટલું ...ત્ત્વ અહીં આયાનું ન હતું કે જેથી સહુ કોઈ તેને ઓળખે. ...કે બીજા ભણી અને બીજાએ ત્રીજા ભણી જોઈને આયા ...યાં ? આયા ક્યાં ? એમ કહેવા માંડ્યું. અંતે એક મહત્ત્વના નોકરે આયાને ટોળાની પાછળ એક ખૂણામાં એક બાળકી સામે રોતી રોતી આંખ લૂછતી દેખી.

'આયા ! શું કરે છે તું અહીં ?' બૂમ પાડી નોકરે તેને પૂછ્યું.

'કાંઈ નહિ ભાઈ. આ મારી દીકરીને બે વાત સમજાવું છું.' આયાએ રુદનભર્યા અવાજે કહ્યું.

'જહાન્નમમાં ગઈ તારી દીકરી ! જોતી નથી ગાડી જવાનો વખત થઈ ગયો છે તે ? ચાલ, ભાઈ બીજા કોઈ પાસે જતા નથી...અને તું રહી જઈશ,' નોકરે કહ્યું અને લગભગ તેને ઘસડી લાવવાનો પ્રયત્ન કર્યો.

આયાની આંખમાંથી આંસુ વહી જતાં હતાં ! તેણે પોતાની નાનકડી પુત્રીની આંખમાં ઊભરાતાં આંસુ લૂછી નાખતાં જવાબ આપ્યો :

'સાચું કહ્યું, સાહેબ, તમે ! મારે પેટે જન્મ લીધો ત્યારથી જ એ દીકરી તો જહાન્નમમાં ગયેલી જ છે...પણ...જતે જતે એને ઘેર પાછી લઈ જજો...દીકરી, સંભાળીને રહેજે. મામા-મામીને પજવીશ નહિ...' એટલું બોલતાં તો આયા ધ્રુસકાઈ અને ટોળા વચ્ચેથી ગાડીના ખાના પાસે આવી ગઈ. વસિષ્ઠ દાદા પાસેથી કૂદકો મારી આયા પાસે આવી ગયો. આયાને વસિષ્ઠ સાથે કોઈએ ખાનામાં ઘસડી બેસાડી દીધી. પાછળ કુસુમ અને યોગેન્દ્ર ગાડીમાં ધસી ગયાં. સીટી વાગી, ઝંડી ફરકી, નમન, નમસ્કાર, અવાજોના પોકાર વચ્ચે ગાડી ચાલી. ધનિક માતાપિતાનાં પુત્ર, પુત્રવધૂ અને પૌત્ર—નાનકડો પૌત્ર—પરદેશ હવા ખાવા, અનુભવ મેળવવા, વ્યાપાર વધારવા, જીવનની વિવિધ બાજુઓ નિહાળવા જતાં હતાં. અને આયા શા માટે જતી હતી ? એક ધનવાનના અસહાય બાળકને સાચવવા–રમાડવા–ઊછેરવા ! અને એ બાળક ઊછર્યા પછી પાછો આયાને ભૂલશે, બીજી આયાઓથી ઊછરતાં સંતાનો ઉપજાવશે, પરદેશ જશે અને પોતાના સરખી કોઈ આયાને સાથે રાખશે—પગ આગળ બેસી બાળકને રમાડવા અને બાળક સૂઈ જાય ત્યારે જોડેના નોકરખંડમાં જઈ બેસવા.

આયા થોડું ભણી હતી – સગવડ પ્રમાણે. માબાપે પરણાવી તેની સાથે એણે પરણી લીધું હતું. પરણ્યા પછી શરૂઆતમાં પતિએ સુખ આપ્યું. પરંતુ અનિશ્ચિત આર્થિક ભાવિએ તેને ચૂસી લીધો. એ વ્યસની બની ગયો અને

પત્નીને મારીઝૂડી આખી દુનિયા ઉપરનો ક્રોધ વાળતો હતો ! ચિંતામાં અને દારૂના વ્યસનમાં એ નાની ઉંમરે ગુજરી ગયો. દુઃખ આપતો પતિ ગયો એથી એને સહજ આસાયેશ મળી. પરંતુ દુઃખ સાથે પતિએ પત્નીને એક દીકરી પણ આપી હતી ! એ દીકરી એ આયાનું સુખ. પારકાં બાળકોને ઉછેરી એણે પોતાની દીકરીનું પોષણ કરવા માંડ્યું. એકાદ વર્ષથી એ વસિષ્ઠને સાચવતી હતી. વસિષ્ઠ તેને હળી ગયો હતો. પરંતુ વસિષ્ઠની સાથે પરદેશ જવાનો પ્રશ્ન આવતાં પોતાની આઠ-દસ વર્ષની પુત્રીને છ માસ કે એક વર્ષ માટે છોડવાની હતી. મળેલી સારી નોકરી છોડાય એમ ન હતું. દીકરીને છોડી પરદેશ જવા માટે તેનું હૃદય ના કહેતું હતું. હૃદય કરતાં પેટની કિમ્મત વધી ગઈ ! પોતાની મા પાસે દીકરીને મૂકી મહા કચવાતે મને એણે વસિષ્ઠને સાચવવા પરદેશ જવાનું કબૂલ કર્યું. છેલ્લાં શિખામણ પણ દીકરીને પૂરી અપાઈ નહિ, મસ્તકે હાથ ફેરવવાનો પણ રહી ગયો, આંસુભર્યા દીકરીના ગાલ પણ પૂરા લૂછી શકાયા નહિ અને પેટ એને ગાડીમાં ઘસડી ગયું ! પરાયા બાળકને સાચવવા !

આયાનું હૈયું ધબકી ઊઠ્યું. એની પુત્રી એની આંખ આગળ આવીને ઊભી રહી ! એ શું બૂમ પાડી રહી હતી ?

'મા ! મા ! મા !'

નક્કી કરે એ પહેલાં એકાએક ધમકીભર્યો બોલ સાંભળ્યો:

'આયા !' કુસુમકલાએ બૂમ પાડી.

'જી, બહેન.' આયાએ જવાબ આપ્યો.

'શું જી બહેન કર્યા કરે છે ? વસિષ્ઠ તને વળ... છે એ જોતી નથી ? પડી જશે ત્યારે ?'

'આવો ભાઈ ! હું બારીએ લઈ જાઉં.' કહી એ વસિષ્ઠને ઊંચકી લીધો.

અને તેજ સમયે આયાને સમજ પડી કે 'મા!' પોકાર એની પુત્રી અહીં કરતી ન હતી. એ તો ચાલવાનો ખટકારો બોલતો હતો.

આયાની પુત્રી તો એનાથી ન સંભળાય એટલે માને પોકારતી હતી !

દીકરીને જહાન્નમમાં નાખી મા પહેલા વર્ગની... કરી રહી હતી. પહેલા વર્ગમાં નહિ તો એની પાસે તો...

વિયેના

[અનુસંધાન પૃ. ૧૦૮થી]

સર્વત્ર નવજીવનની વસન્ત બેસે છે. જીવનનો ઉલ્લાસ સજીવન થાય છે. સંકોચ સરી જાય છે અને જીવનની ઉદારતા અને વિશાલતા નજરે પડે છે. પાર્વતીની તપસ્યાથી શંકર પ્રસન્ન થાય છે અને એ સુન્દર તપસ્વિનીની વિવાહની ઇચ્છામાં પોતાની ઇચ્છા ભેળવે છે. જેને અંગત ઇચ્છા કે રાગ નથી અને જેની સર્વ પ્રવૃત્તિ પરાર્થે છે એવા શંકર દેવોનું કાર્ય સિદ્ધ કરવાને પુત્રજન્મ માટે પાર્વતીને પરણવાની ઇચ્છા પ્રકટ કરે છે. સંયમીઓમાં આદ્ય એવા શંકર દામ્પત્યસૌભાગ્યની અધિષ્ઠાત્રી દેવી અરુન્ધતીને આગળ કરીને આર્ય સંસ્કૃતિના પ્રતીકો જેવા આર્ષદ્રષ્ટા સપ્તર્ષિઓ દ્વારા હિમાલયને પાર્વતીના કન્યાદાન માટે વિનંતિ મોકલે છે. 'પાર્વતી વધુ છે, હિમાલય દાતા છે, પોતે યાચકો છે અને સાક્ષાત્ શંકર વર છે એ એના કુલના ગૌરવ અને કલ્યાણ માટે બસ છે.' એમ કહી પર્વતરાજ પાસે વિશ્વાત્મા શંકર અર્થે ઋષિઓ પાર્વતીની ભિક્ષા માગે છે. તત્કાલ હિમાલય પ્રેમપૂર્વક એ વિજ્ઞપ્તિ સ્વીકારે છે અને પોતાની પત્ની મેનાની અનુમતિ મેળવે છે. શંકરપાર્વતીનો વિવાહ થાય છે... પુરુષ અને એને સમજી શકે એવી જ્ઞાની સ્ત્રીનો આત્મ... થાય છે. **કામ પુનર્જીવન પામે છે પરંતુ એ... મરી જાય છે. એ નવદમ્પતીને કામ સર્વથા... બને છે.** શંકર અને પાર્વતીના લગ્નથી સુન્દર અને... સંયોગ થાય છે. સુન્દરતા સાધુતામાં મળી એમાં... બને છે. ચરાચર વિશ્વ વિશ્વગુરુ શંકરને વિશ્વના પિ... અને એની પત્ની પાર્વતીને વિશ્વજનની તરીકે... જતે દહાડે કુમારનો જન્મ થાય છે અને એ... અસુરનો વિનાશ કરે છે.

મનુષ્યજાતિના ઉન્નત ભાવિના સર્જન માટે... ઉત્પત્તિ, એના વિકાસ અને એની વિશુદ્ધિ સંબંધી... સાવધાનતા રાખવી એ 'કુમારસંભવ'ના થોડાક... ચિન્તનનો નિષ્કર્ષ છે.

તા. ૧૭-૮-૧૯૫૨

છોટુકાકાનાં અસીલો

સ્વામી આનંદ

હવે તો એ વાતને વર્ષો થઈ ગયાં.

વાપી નજીક દમણગંગાને કાંઠે આવેલા લવાછા ગામે અમે જઈને રહ્યા ત્યારથી અમારા છોટુભાઈ નો એક ક્રમ એ થઈ પડ્યો કે અઠવાડિયામાં બેત્રણ દિવસ આસપાસનાં ગામો કે ફળિયાંમાં વસતાં હરિજનો કે દૂબળાં લોકોના કાગળો લખી દેવા જવું. જોતજોતામાં આ બાજુનાં ગામડાંઓની તમામ હરિજન અને આદિવાસી વસ્તીમાં 'સોટુકાકા' ગરીબોના બેલી થઈ પડ્યા.

આ અભણ નિરક્ષર વસ્તીમાં ઢેડ-દૂબળાંની બાઈઓને કે ડોસીઓને તેમના ધણી–દીકરાઓ શહેરો(મોટે ભાગે મુંબઈ)માં રળતા હોય તેમના પર ઘરખબરના કાગળો લખાવવાના હોય. ગામ પડોશનો કાપડી (દુકાનદાર વાણિયો) પેલીએ આણેલું ત્રણ પૈસાનું પત્તું એક આનો લખામણી લઈને લખી આપે. બાઈ ઘરકુટુંબના બધા સમાચાર લાંબી વિગતે લખાવે ને લખનારો કાપડી કાનમાં પૂભડાં ભર્યાં હોય તેમ સાંભળ્યે જાય. પછી ટાઢે કોઠે ચાર લીટી ચીતરી આપે.

બોલનારી ચાહે તેટલું બોલી હોય, ઘરના ખુશીખબર, પોયરાંની તાવઉધરસ ને પૈસાનું મનીઆર્ડર મોકલવાની તાકીદ ઉપરાંત બીજું કશું લખી આપવાના કાપડીએ સોગન ખાધા હોય! બસ. આનો લખામણીનો લઈને પેલીને વદાય કરે. બાપડી બાઈ ઘણુંયે સમજે કે પોતે લખાવેલું, તેનો દસમો ભાગેય કાપડીએ કાગળ પર પાડ્યો નથી. પણ શું કરે? ફરી લખાવવા, વંચાવવા આવવાની ગરજ. એટલે વગર ફરિયાદે લખાએલું કાર્ડ લઈને ચોકી પરની ટપાલપેટીમાં નાંખે ને ઘેર જાય.

આ દૃશ્ય, આવ્યાને બેત્રણ દિવસ જ થયા હશે ને, છોટુકાકાએ જોયું. લાગલો જ ઉપલો ક્રમ શરૂ થયો. ખીસામાં અરધો ડઝન કાર્ડ ઘાલીને નીકળે ને ફળિયે ફળિયે ફરે: 'કેમ ડોહી મા, કેમ છેવ? કાગલ લખાવાનો કે? આ હું આવેલો છઉં.'

'હા, હા. આવો ની ભાય, આવો ગાંધી માત્મા. ધન ભાએગ અમુ લોકનાં. અમારે કાંય ની લખાવવો હોય? તમે તો ધરમી લોક. માધેવના મંદિરમાં આવીને રેયલા. કેમ ની ઓરખું?'

પછી ડોસી ઘરમાં જઈ પોસ્ટકાર્ડ ક્યાંક મેલી રાખ્યું હોય તે ફંફોસવા માંડે.

'એ કાંવ કરો માય? આય હું ખિસ્સામાં જ કારડફારડ બધું તિયાર લી આવેલો જે!'

ડોસી ખુશખુશ થઈ જાય. મનમાં ગગણે: 'ગાંધી માત્માનું લોક. ધરમી લોક. નીકર આવું તે વરી કોન કરે?'

છોટુકાકા ઓટલાની કોરાણે બેસી કાર્ડ કલમ કાઢી લખવા માંડે. ડોસી સામે લખાવવા બેસે. ઘરની વહુઓ ને પોયરાં બીતેબીતે ખૂણેખાંચરે કે બારણુંની આડશે ઊભાં રહી તાલ જુએ. એકાદ ગોબરું પણ હિમ્મતવાળું છોકરું વળી ડોસી પાસે આવી એના ખોળામાં ચઢી બેસે ને છોટુકાકા લખતા હોય તે સામું તાકી તાકીને જોઈ રહે.

ડોસી લખાવતી જાય ને છોટુકાકા લખે. કાકાને ઝીણા અક્ષરે લખવાની ટેવ. ડોસી બોલતી જાય ને બોલેબોલ કાગળ પર પડતો જાય: "લખો, તાવ નાની પોરીની પૂંઠે પડેલો, ની મૂકતો. મોટી વહુ ઈના બાપને ઘેરે ભાત રોપવા ગઈલી. વાપી-વારો વાનિયો હેડ પૈહાનું વિયાજ ભરી જવા કે'. હું કિયાંથી દેંવ? તુંને કે'યલું કે દીવાહા અગાવ પસાહ રૂપિયાનું મનીઆડર કરી મૂકજે. પન આય આથમનો મઈનો થિયો ને ભાદરવો હઉ આવહે. પન તારા પૈહાનો પત્તો ની મ્રે (ન મળે).

"ભીખલો ઈનો છાબ વેલાત ચાલી ગિયો તિ દા'ડાનો ધંધા વના બેઠો સે. ઉદવાડાના પારહી મંભઈ લી ગેયલા. પન

એ મઈનામાં પાસો આવી રિયો. માંટીમરદથી ઘેરઆંગણે કેટલાં એહી રે'વાવાનું ઉતું ? તું ઈને મંભઈ બોલાવી લેવ. મારાથી ઈને આય પરમાને તાડીને માંડવે દા'ડો બધી પીને પડી રે'યલો ની જોત્રાતું."

ખાસી દસ મિનિટનું ડિકટેશન. લખવાને છેડે છોટુકાકા આખો કાગળ પહેલેથી છેલ્લે લગણ ડોસીને વાંચી સંભળાવે. બોલેલો જ બોલેબોલ લઘુલિપિમાં લીધો હોય તેમ ફરી એક વાર ડોસીને કાને પડે ને ડોસી ડોલે. આસપાસની ઢેડીઓ ભેળી થાય, સાંભળે, ને કોઈ પત્તું લાવી હોય તે છોટુકાકાની આગળ ધરે. છોટુકાકા એ ન લે. પોતાનું જ ખીસામાંથી કાઢે ને એનું ય લખી આપે. એ જ લખનાર ને એ જ લખાવટ. એવું જ લખીને આખું એનેય ફરી વાર વાંચી સંભળાવે. લખામણી ન લે, ને કાપડીથી દસગણું લખાણ લખી આપે.

પછી ટપાલમાં પણ 'હું જ લાખી દેવા' કહી છોટુકાકા ઘણા ઘણા હેતે કરીને ડોસીની વિદાય લે ને બીજે ફળીએ જાય, કે ઘર ભણી વળે. લખેલા કાગળો પોતે લઈ જાય ને ટપાલ-પેટીમાં નાંખે. કોકવાર વળી રિપ્લાય કાર્ડો પણ લખી આપે ને અઠવાડિયામાં જવાબ આવી પહોંચે ત્યારે લખાવનારી હેરત થઈ જાય. કોઈના મનીઑર્ડર પણ આવી પૂગે.

બીજે કે ત્રીજે દિવસે વળી એ જ ક્રમ ચાલે. છોટુકાકાને દૂરથી આવતા જોતાં વેંત ઢેડી-દૂબળીઓ ફળિયાં આંગણાંમાં દોડાદોડ કરી મૂકે. આવેલા કાગળ વંચાવવા માટે ઘરના ખૂણા ફંફોસવા માંડે ને જવાબો લખાવવા તલપાપડ થાય. એક આંગણે છોટુકાકાને કોઈ વસમી ઢેડી ધૂંઆંપૂઆં થતી ધણીને આકરો કાગળ લખાવતી હોય, તો બીજે આંગણે બે ઢેડીઓ ગુસપુસ કરતી 'સોટુકાકા'ના સમજશક્તિનાં ને ગાંધી માત્માના ઉપકારનાં વખાણ વાંચતી હોય : "આ માત્મા ગાંધી હઉ દુનિયાના માત્મા થઈ ગિયા. પડી કે હમઝ ? ઈની દયાનો પાર ની મ્રૅ. વાનિયા-ભાથેલાને ઈણે પાઘરાદોર કરી દીધા. ઘેડાં-દૂબરાંનું નામ ની લે. આ સોટુકાકો ઈનો જ ચેલો સે. કાંય એની હમઝ, ને કાંય એની ઈયાદસક્તિ. આપણે કે'તાં થાકિયેં પન ઈ લખતો ની થાકે. અને લખે તી પન કેવું ? મૂઓ કાપડી લખ્ખોદિયો, આપણે ગમે એટલું કેયેં, ઈને એનું કાંય ની મ્રૅ. ઈ તો ચાર અખ્ખર પાડીને કે'હે : 'લાવ, આનો લખામણીનો' !

"ને આય સોટુકાકો ! હું વાત ઈની કેંવ ? લખે તે લખે ! ને પાસું અખરે અખર વાંસી હંભરાવે. લખાયું હોય તીનું તીજ પાસું તમે હાંભરો. બોલેબોલ. બસ, પોતુગરાપ હાંભરી લેવ ! અને વલી કારડ પોતે ખીસામાંથી કાઢે. પૈહા આપવા કરીએ તો ની લે, તે ની લે. ને પાસો લખીને જાતે પોતે તપારમાં જઈને લા. પરભુ, માત્મા ગાંધીને લાખ વરહના કરે. ઈ ને દુનિયા તારી દીધી"

એક વાર હું ઉદવાડે રણજિત દાક્તરને દવાખાનેથી લઈને આવું. રેલફાટક ભણીથી મોટરબસ આવી અને દૂબળી ઊતરી. છોટુકાકા એટલે કોઈનો કાગળ આપેલો તે વાંચી સંભળાવે. અદબથી એક કોરાણે રહી. ઓળખીતી લાગી. જરા વારે છોટુકાકાએ વાંચવું પૂરું કરી નીચું જોયું. હસીને કહે : 'તુ વરી કાંથી લાગી ? ચોદ્દહ ઉપર અમાવસ !'

પેલી કહે : "સોટુકાકા, તુકવાડે જતી ઉ'તી, તમને જોયા ને ઊતરી પડી. હાંભરો, આ મારો સોટુ એ મરી ગિયા મંભઈ ગઈલો 'સે. એક વાર કાગજ આવયું તે કાગજ જ મોકલતો ની સે. ઈને કાંય હમઝ સે, ઈની મા મૂઈ ને કાંય કાંય થાતું ઓહે ? સોટુકાકા, ઈ ને લખા દે કે આય કાગજ દેખતાંની ઘડીયેં આવતો રે'. લખી તારી માય બઉ માંદી સે. મોઢું જોવું હોય તો આવી હાસું કઉંસું, સોટુકાકા, મારે તો ઈને મોકલવો જ ઉ'તો. પન અમારા હેઠે કાંય હાંભર્યું જ ની મ્રૅ."

છોટુકાકાએ લાંબો કાગળ લખી આપ્યો. કવરમાં બીડી કહે : "હરનામું કાંય કરું ?"

પેલીએ કાગળ જ જાણે નવો લખાવવા માંડ્યો. "લખોની, ભાય તપારવારાને માલમ થાય જે, આ આતલું આય મારું કાગજ અમારા વા'લા પોયરા સોટુને કેડકમ્મરમાં પુગાડજે. હાથોહાથ, તરત પુગાડજે મારા ભગવાન તારું ભલું કરહે !"

"પણ ઠેકાણું ?"

"લખોની, થેકાનું એવું સે જે, ઝવેરી બજાર, કૂવાની પાંહે, ગિલાન લોટ * વારા પારહીનો મારો સે, તિતે અમારા પરિયા ઉધવાડાના વાનિયા લોક રે'તા સે.

* ગ્રાન્ટરોડ.

[અનુસંધાન પૃ. ૧૦૪ ઉપર

'જયા–જયન્ત'+

મનસુખલાલ ઝવેરી

કવિને પોતાના આ માનસપુત્ર જયન્ત માટે એટલો બધો સદ્‌ભાવ અને અહોભાવભર્યો પક્ષપાત છે કે એનો મહિમા બિરદાવવામાં એમણે પાછું વળીને જોયું નથી. જયન્ત હરિ-કુંજમાં બેસીને જે તપ કરી રહ્યો છે તેની કીર્તિ એટલી બધી પ્રસરી છે કે એક તરફથી દેવર્ષિ હિમાલયની ગુફાઓમાંના જોગીઓને 'બ્રહ્મવનમાંના બ્રહ્મર્ષિનાં દર્શન કાજે' જવાનો આદેશ આપે છે ને બીજી તરફથી અઘોર વનમાં પારધિના ઝુંડમાંની ગુફામાં 'કંઈ વર્ષો'થી પુરાયેલી તેજબા પણ 'ઇન્દ્રાસનનેયે ડોલાવે એવાં' તપ માંડનાર તપસ્વીજીના તાપસક્ષેત્રે તપજ્વાલામાં તપવાનો અભિલાષ સેવે છે. (તેજબા સુધી આ કીર્તિ કેવી રીતે પહોંચી હશે? અને કોણે પહોંચાડી હશે? એ પ્રશ્ન ઊભો થાય તો, અલબત્ત, તેનો કશો જવાબ નથી.)*

જયન્તને કવિએ દુષ્યન્ત અને મહાદેવ કરતાં પણ ચડિયાતો વર્ણવ્યો છે. નાનાલાલના મનમાં કાલિદાસ સાથે સ્પર્ધાનો ભાવ છે કે નહિ તે વિશે ખાતરીપૂર્વક કહી શકાતું નથી. પણ કાલિદાસની અલકાનગરી અને નાનાલાલનો ગિરિદેશ, બન્ને હિમાલયમાં આવ્યાં છે. ઉપરાંત નાટકમાં સ્થળે સ્થળે નાનાલાલની નજર પાસે કાલિદાસ તરી રહ્યો છે એ સાફ દેખાઈ આવે છે. કાલિદાસનો દુષ્યન્ત અને નાનાલાલનો જયન્ત, બન્ને સ્વર્ગમાં જઈને રાક્ષસો સામે યુદ્ધ કરે છે. દુષ્યન્ત, અલબત્ત, ઇન્દ્રનો મિત્ર છે અને પોતે ઇન્દ્રનો મિત્ર ગણાય એને એ ઘણું મોટું માન સમજે છે. જયન્ત, એ પ્રમાણે, ઇન્દ્રનો માત્ર મિત્ર જ નથી, તારણહાર છે, 'વિષ્ણુનો વ્હાલો' છે, 'ઇન્દ્રપુરીનો ઉગારનાર' છે, 'દૈત્યો વિદારનાર, દેવો ઉગારનાર છે.' એટલે દેવતાઓની હાજરીમાં ઇન્દ્ર પોતાને અર્ધાસન પર બેસાડે અને આશાભર્યાં જયન્ત (પોતાના પુત્ર) સામે સ્મિત કરીને

आमृष्टवक्षोहरिचन्दनाङ्का
मन्दारमाला

પોતાને પહેરાવે એ બહુમાનથી કાલિદાસનો દુષ્યન્ત જ્યારે કૃતાર્થતા અનુભવે છે ત્યારે નાનાલાલને એટલી એક સાદી ને ઇન્દ્રની છાતી પરના ચન્દનથી ખરડાયેલી માળા પોતાના જયન્તને મળે તેટલાથી સંતોષ નથી થતો. એટલે એમના જયન્તનો ઇન્દ્ર 'પટ્ટાભિષેક' કરે છે. (આ પટ્ટાભિષેક એટલે સ્વર્ગનું 'યુવરાજપદ' એ પાછળથી સ્પષ્ટ થાય છે.) દેવાંગનાઓ એને પારિજાતે વધાવે છે, સુરરાણીજી એને અખંડ સૌભાગ્યનો મુગટ× આપે છે, દેવો એના પર અમૃતનો અભિષેક કરે છે ને એને બ્રહ્મલોકનાં અસ્ત્રશસ્ત્ર આપે છે. એટલું જ નહિ, પણ એ જ્યારે સ્વર્ગમાં જતો હોય છે ત્યારે 'સુરગંગાને તીર' વિષ્ણુદેવ ફરવા નીકળ્યા હશે તેનાં એને

+ ગયા અંકથી પૂરું.

* તેજબા પાસે ધનુષ્યબાણ છે. છતાં વર્ષો સુધી એને પારધિની ગુફામાં પુરાઈ રહેવું પડે છે. નથી એ પારધિને પોતાની ગુફામાં આવવા દેતી; નથી પારધિ એને ગુફાની બહાર જવા દેતો. જયાના હાથમાં એ ધનુષ્યબાણ આવે છે કે તરત એ પારધિને ઘાયલ કરીને, તેજબાની સાથે નાસી છૂટે છે. તો તેજબાને એ ધનુષ્યબાણનો ઉપયોગ કરતાં નહોતું આવડતું એમ માનવું?

× આ મુગટ જયાનાં લગ્ન થવાનાં હતાં તે સમયે જયન્ત એને આપે છે. ઇન્દ્રાણી ઇન્દ્રને નહિ પણ ઇન્દ્રાસનને પરણુતી હોવાથી, તેનો મુગટ પોતાને આપીને જયન્ત મશ્કરી કરી રહ્યો હોય કે સૂક્ષ્મ ઉપાલંભ આપી રહ્યો હોય તેમ જયાને લાગે છે. એટલે જયા પાસેથી એ મુગટ પાછો લઈને, જયન્ત તેનો નાશ કરવા જાય છે. જયા એને એમ કરતાં અટકાવે છે ને કહે છે કે પૃથ્વીની ઘણી રાજકુમારિકાઓ 'રાજવીને નહિ. પણ રાજસિંહાસનને' પરણશે તેમને કાજે એ મુગટ રહેવા દે.

ઇન્દ્રાણીએ આપેલા મુગટનો જે મર્મ જયા સમજે છે તે અને જયન્ત પણ કશો જ બચાવ કે ખુલાસો કર્યાં વિના, મૂંગે મોઢે. એ મુગટનો નાશ કરવા તૈયાર થાય છે, તે જોઈને પ્રશ્ન એટલો જ થાય છે કે ઇન્દ્રાણીએ કરેલા બહુમાનનો અર્થ આ લોકોએ આવો કર્યો?

વાટમાં દર્શન થાય છે. એ પણ એના પર પ્રસન્ન થાય છે, 'પુત્રને શિષ્ય' કરે છે ને વરદાન આપે છે કે

'ધાર્યાં પાડીશ તું નિશાન.' (૧. ૧)

નાનાલાલનો જયન્ત, આમ, જેમ કાલિદાસના દુષ્યન્તથી ચડિયાતો છે, તેમ કાલિદાસના મહાદેવથી પણ ચડિયાતો છે. 'કુમારસંભવ'માં મહાદેવ તપ કરતા હોય છે ત્યારે તેમને ચલિત કરવા માટે કામદેવ જાય છે. મહાદેવના તપનું તેજ અને અધૃષ્યતા જોઈને, પહેલાં તો કામદેવ ગભરાઈ જાય છે ને એના હાથમાંથી ધનુષ્ય અને બાણ એકાએક સરી પડે છે. પણ પાર્વતી આવે છે; અને કામદેવના હૃદયમાં ફરીથી જયની આશા જાગે છે. પાર્વતી મહાદેવને પ્રણામ કરે છે. મહાદેવ એને આશિષ આપે છે :

अनन्यभाजं पतिमाप्नुहि ॥

અને બાણને માટે યોગ્ય અવસર આવી પહોંચ્યો છે એમ જાણીને એ પોતાના ધનુષ્યની પણછને વારંવાર સ્પર્શ કરે છે ને પાર્વતી મહાદેવને 'મન્દાકિનીપુષ્કરબીજમાલા' અર્પે છે ત્યારે સમ્મોહન નામનું અમોઘ બાણ એ પોતાના ધનુષ્ય પર ચડાવે છે. બાણ છોડવાની વાત તો દૂર રહી, પણ કામદેવ હજી બાણ ચડાવે છે ત્યાં જ મહાદેવનું ધૈર્ય ડગવા લાગે છે ને એમની ઇન્દ્રિયો ક્ષોભ પામે છે.

જે કામદેવ, આમ, બાણ ચડાવતાં વેંત કાલિદાસના મહાદેવના ધૈર્યને ડગમગાવી નાખી શકે છે, એ જ કામદેવ નાનાલાલનાં જયન્ત અને જયા પર બબ્બે બાણ છોડે છે (૧. ૪); અને છતાં એની કારી ફાવતી નથી. અને બીજી વાર પણ જયન્ત જ્યારે એને દાટી આપે છે કે

થંભો ઓ દેવને યે દૂભતા કામદેવ !

. . .

આ જોદ્ધો જૂદો છે.
યોગેશ્વરે અંગ બાળી અનંગ કીધો,
અનંગથીયે ભસ્મ કરી
આપીશ ખાખ મ્હારા ખાખીઓને. (૩. ૧)

ને 'રતિનાથ' યોગીની ગુફામાંથી ખરેખર સિધાવી પણ જાય છે ત્યારે કાલિદાસ અને નાનાલાલ વચ્ચેનો તફાવત છાનો નથી રહેતો.**

જયાનું પાત્ર પણ, એ રીતે, ઘણી અસંગતિઓ[...] ભરપૂર છે. પોતે તેજવાસી છે તેનો એને ગર્વ છે અને બીજા[...] ખીણવાસીઓ પ્રત્યે એને તિરસ્કાર છે. એની દાસીઓ રાજ[...] મહેલના ચન્દનદ્વારે કમળતોરણો બાંધતી હોય છે, જયાનો જાણે[...] સ્વયંવર થવાનો હોય તેવી રીતે સિંહાસને-સિંહાસને મુગટ[...] મૂકતી હોય છે, સારો ગિરિદેશ ઉત્સવ પાળી રહ્યો છે [...] પોતે પણ શણગાર સજીને આવે છે, છતાં એને ખબર નથી[...] પોતે શા માટે શણગાર સજ્યા છે ને આ બધો ઉત્સવ શા[...] છે! નૃત્યદાસી સાથે શ્રેય અને પ્રેયની ચર્ચા એ પોતે શરૂ[...] છે. પણ સુખ નહિ પણ શાન્તિ શા માટે પસંદ કરવી જોઈએ[...] તેનાં કારણો એ સમજાવી શકતી નથી. અને નૃત્યદાસી જ્યારે[...]

દેહ નશ્વર છે, જયાબા !
માટે જ પહેલો. (૧[...]

એવી દલીલ કરે છે ત્યારે, એનો પ્રતિવાદ કેવી રીતે કરવો[...] એને ન સૂઝતાં, એ નૃત્યદાસી પર ખિજાઈ જાય છે અને[...] ગિરિદેશમાંથી કાઢી મૂકે છે.

જયન્તની લગ્નપ્રાર્થના એ સ્વીકારતી નથી. પણ[...] એને જ એનો પસ્તાવો થાય છે ને હંસોને આવાહન[...] દ્વારા એ જયન્તનું આવાહન કરે છે. મોર અને ઢેલનો[...] સાંભળીને એ ગિરિદેશમાંથી નાસી જવાનો વિચાર કરે[...] ત્યારે જયન્ત એને કહે છે કે નૈષ્ઠિક બ્રહ્મચર્યનો સાદ[...] આત્માનો ટહુકો નથી, માત્ર ભ્રમરમણા છે અને જગતથી[...] નાસી છૂટવાની વૃત્તિ તે તો અસુરોની માત્ર ઇન્દ્રજાળ [...] તો પણ એ નાસી છૂટે છે. વામાચાર્ય, પારધિ અને [...] ગોરના પંજામાંથી માંડમાંડ છટકીને એ પાછી જયન્તને[...] છે. અને જયન્ત જ્યારે એને પૂછે છે કે હવે શું કરીશું [...] જયન્તનું કહ્યું ન માનવાથી પોતાને અને સૌને જે[...]

**નાનાલાલને પોતાનાં માનસસન્તાન જયા અને જયન્ત વિષે આટલો અહોભાવયુક્ત પક્ષપાત છે, તો એ માનસસંતાનો પણ સાવ અ-કૃતજ્ઞ નથી રહ્યાં. એ લોકો પણ નાનાલાલને વર્તમાન[...] વાલ્મીકિ ગણી રહ્યાં છે.

જયા : તરછોડ્યું, જયન્ત ! તરછોડ્યું હતું મ્હેં
ત્હારું જયધનુષ્ય ચરણે ધરેલું.
મ્હારે દુઃખે તુંયે દૂભાયો.
વાલ્મીકિનો આશ્રમ આઘો નથી;
હું ક્રૌંચી ઘવાઈ એટલે
મ્હારો ક્રૌંચ મૂર્છામાં પડ્યો;
ને રચાઈ એમ આપણી રામાયણ. (૩. ૩)

કરવું પડ્યું છે તે યાદ આવતાં, એ જયન્તના આદેશ પ્રમાણે વર્તવાને તૈયાર થાય છે. અને મોર પોતાનાં પીછાંની રત્નપાંદડીઓ આપે તો ઢેલની માફક એ પણ પોતાની કલા ખીલવા ઉત્સાહ બતાવે છે. પણ જયન્ત જ્યારે

લગ્ન કે ધર્મ ?
કામ કે સ્નેહ ?
સંસાર કે સેવા ?

— ના વિકલ્પોમાંથી એકને પસંદ કરવાનું કહે છે ત્યારે એ જ જયા કહે છે કે 'હવે દેહની કથા ન કરવી.'[1] જયન્ત રજૂ કરે છે એ ત્રણ વિકલ્પો વચ્ચેનો વિરોધ સાચો નથી. પણ એ વાત જવા દઈએ. દેહની કથા ધર્મ, સ્નેહ અને સેવાના માર્ગમાં ખરેખર વિઘ્નરૂપ છે કે નહિ તેની ચર્ચા પણ ન કરીએ. પણ જયા પર અત્યાર સુધીમાં જે દુઃખો પડ્યાં છે તે બધાં એ દેહની કથા કરતી હતી એટલા માટે પડ્યાં એમ નથી. ઊલટું એમ કહેવું હોય તો કહી શકાય કે જયાએ જયન્ત સાથે દેહની કથા કરી હોત એટલે કે સ્નેહલગ્ન કર્યાં હોત તો કદાચ એના પર આ બધાં દુઃખો ન પડત. અથવા એમ પણ કહી શકાય કે જયા દેહની કથા ન કરે અને સંન્યાસિની બને તો પણ વામાચાર્ય, પારધિ કે તીર્થગોર જેવાં પશુઓ, જેની દૃષ્ટિએ લગ્ન, બ્રહ્મચર્ય કે સંન્યાસ કશું જ પૂજ્ય નથી તેમનો ભય તો ટળતો જ નથી.

જયન્ત જેમ નાનાલાલની દૃષ્ટિએ તપનો અને નૈષ્ઠિક બ્રહ્મચર્યનો આદર્શ છે તેમ કાશીરાજ રાજધર્મનો આદર્શ છે.[2] એ કાશીરાજ નીકળ્યા છે જયા સાથે લગ્ન કરવાને. રસ્તામાં એ શેવતીને જુએ છે ને તેના પ્રેમમાં પડે છે. શેવતીનાં 'પ્રાણનાં મન્દિર ને દેહના મહેલ'નો સ્વીકાર કરીને એ 'ચતુરસુજાણ' પોતાની 'સલૂણી'ને લઈને 'રસકુંજ'માં જાય છે. ગિરિદેશમાંથી જયાને નહિ, પણ ગિરિદેશનો રાજમુગટ લાવીને એ પાછો શેવતીને મળે છે ત્યારે વારાણસીનાં રાજભવનોમાં જવાની પોતાની ઇચ્છા શેવતી વ્યક્ત કરે છે. એ વખતે

આજ નહીં, અક્ષયતૃતીયાએ
ઊઘડશે આપણાયે તે દિવસે
અક્ષય સુખના ભંડાર. (૨.૩)

૧ દેવનાગરી મારા છે.

૨ એના રાજધર્મના અને ન્યાયના ખ્યાલોની ચર્ચા સ્વ. નરસિંહરાવે સમર્થ રીતે કરી છે.

એમ કહીને એ તેને અક્ષયતૃતીયા સુધી 'તપશ્ચર્યા' તપવાનું સૂચવે છે. અને અક્ષયતૃતીયાને દિવસે જ્યારે કાશીરાજ શેવતીનું 'હરણ' કરે છે, ત્યારે પોતાની એ 'દયિતા'ના દેહમાં પોતાનો કુમાર આનન્દતો હોય છે!

કાશીરાજ પણ, જયન્તની માફક, ડાહી ડાહી વાતો — પણ અયોગ્ય સંદર્ભમાં — કરવાનો શોખીન છે. અક્ષયતૃતીયા સુધી તપશ્ચર્યા તપવાનું સૂચન એ શેવતીને કરે છે ત્યારે કહે છે કે :

નિત્યમુહૂર્તના તે પુણ્યોજ્જ્વલ દિવસે
અવનીની ઉપર ગૂંથાશે
બ્રહ્મજ્યોતમાં ક્ષત્રિયજ્યોત,
ને જન્મશે ઉદ્ધાર આર્યાવર્તનો. (૨.૩)

આર્યાવર્તનો ઉદ્ધાર જે દિવસે બ્રાહ્મણત્વ અને ક્ષત્રિયત્વ — જ્ઞાન અને ક્રિયા—નો સમન્વય થશે તે દિવસે થવાનો : એ વિચાર પોતે સુન્દર છે. પણ જે સંદર્ભમાં એ વાક્યો બોલાયાં છે તે સંદર્ભમાં તો એનો અર્થ એટલો જ થાય છે કે અખાત્રીજના પુણ્યોજ્જ્વલ દિવસે ક્ષત્રિયવીર કાશીરાજ બ્રાહ્મણકન્યા શેવતીને પરણશે અને ત્યારે આર્યાવર્તનો ઉદ્ધાર થશે. જાણે આર્યાવર્તના ઉદ્ધારનો એક માત્ર ઉપાય બ્રાહ્મણક્ષત્રિયનાં પ્રતિલોમ લગ્ન જ ન હોય!

પણ, સાચું કહીએ તો, બ્રાહ્મણત્વ એટલે જ્ઞાન એવો અર્થ પણ કાશીરાજને અભિપ્રેત નથી. શેવતીની બ્રહ્મજ્યોત એટલે તેનું 'બ્રાહ્મસૌન્દર્ય' એમ એ ચોખ્ખેચોખ્ખું કહે છે.[3] અને શેવતીનું 'બ્રાહ્મસૌન્દર્ય' અને કાશીરાજનું 'ક્ષાત્રવીરત્વ' 'ઉભય એક થઈને' પૃથ્વીને પ્રકાશશે એવી આગાહી કરે છે.

૩ સૌન્દર્ય માટેનો આ ક્ષત્રિયવીરનો પક્ષપાત જાણીતો છે. ગિરિદેશમાં એ જયાને પરણવા જાય છે. પણ જયા નાસી ગઈ હોય છે એટલે પોતાનું અપમાન થયું એમ માનીને એ ક્રોધે ભરાય છે ને ગિરિરાજ પાસે એનો રાજમુગટ માગે છે. એ વખતે રાજરાણી 'તીર્થરાજ! તીર્થરાજ!' કહીને એને વીનવે છે. ત્યારે એ એની 'યાચના'ને 'તુચ્છકારી' શકતો નથી. એનું કારણ એ નથી કે એ યાચના કરનાર રાજરાણી એની સાસુ એટલે કે માતાને સ્થાને છે. પણ સાચું કારણ, એ પોતે કહે છે તે પ્રમાણે, એ છે કે રાજરાણી 'સુન્દરી' છે.

શેવતી પણ ઓછી ઊતરે તેવી નથી. એ પણ કહે છે કે:

પ્રારબ્ધ ઊઘડશે ત્યારે પૃથ્વીવાસીઓનાં. (૨. ૩)

માત્ર આર્યાવર્તનો જ ઉદ્ધાર શા માટે? બધાં જ પૃથ્વીવાસીઓનાં પ્રારબ્ધનો એકસામટો ઉદય! ક્ષત્રિયવીર કાશીરાજ બ્રાહ્મણસુન્દરી શેવતીને પરણે એ શું નાનોસૂનો પ્રસંગ છે? નાનાલાલનાં પાત્રોમાં બીજું ગમે તે હોય કે ન હોય; નમ્રતાની નિર્બળતા તો તેમનામાં નથી જ.

નાનાલાલનાં પાત્રોની એક ખાસિયત એ છે કે પ્રસંગ હોય કે ન હોય, તે સ્થાને હોય કે અસ્થાને, પણ એ પાત્રો પોતાને ઠીક લાગી હોય તેવી માન્યતાઓને વળગ્યાં ને વાગોળ્યાં કરતાં હોય છે. જયા અને જયન્ત એકબીજાને પરણવા માગતાં નથી. એ લગ્નને સંમતિ આપવા માટે નથી કદી જયાએ ગિરિરાજ અને રાજરાણી પાસે વાત કરી; નથી કદી જયન્તે એ માટે માગણી કરી. જયા ચાલી જાય છે તેનું સાચું કારણ એ નથી કે એ જયન્તની સાથે લગ્ન કરે તેનો તેનાં માતાપિતાને વિરોધ છે. પણ સાચું કારણ એ છે કે એનાં માતાપિતા એને કાશીરાજ સાથે પરાણે પરણાવી દેવા તૈયાર થયાં છે. જયાનાં માતાપિતાએ જયાનાં લગ્ન કાશીરાજની સાથે નહિ પણ જયન્તની સાથે કરવાનો આગ્રહ રાખ્યો હોત તો પણ, જયાની એ વખતની મનોદશા જોતાં, એ કદાચ નાસી જ ગઈ હોત.

આમ હોવા છતાં, જયાનાં માતાપિતાને પશ્ચાત્તાપ શરૂ થાય છે ત્યારે એ બન્ને જણાંના હૃદયમાં એક જ વસ્તુ ખટકતી હોય છે: પોતે પોતાના સન્તાનનાં 'સ્નેહનાં ઝરણ' આડે 'પાળ બાંધી' અને 'મહાત્મા' જયન્તે માગી ત્યારે જ એને જયા ન અર્પી તે.[૪] અને તેથી જ જયા સંન્યાસને પોતાના 'સુખનો શણગાર' તરીકે ઓળખાવતી હોવા છતાં એ 'સંન્યસ્ત લે' તે જોઈને રાજરાણીનું 'હૈયું ફાટી' જાય છે. જયાનું ઊર્ધ્વગમન એની માતાના હૃદયમાં પ્રતીતિ જન્માવી શકતું નથી. અને જયા અને જયન્ત, બન્ને પોતાને પરમ સુખી માનતાં હોવા છતાં ગિરિરાજ અને રાજરાણી એ લોકો દુઃખી જ છે એમ માન્યાં કરે છે ને મનાવ્યાં કરે છે. રાજરાણીના મનનું સમાધાન થાય છે, જ્યારે એ જયાને સંન્યાસિની નહિ પણ લોકમાતા ... જાણે છે ત્યારે.

આ નાટકનાં પાત્રોનાં માનસપરિવર્તન પણ એ... અને અણધાર્યાં થાય છે. વામાચાર્ય મરે છે. મરતાં મ... એનો હૃદયપલટો થાય છે, વામમાર્ગ * પાપપન્થ છે ... એને ભાન થાય છે, એ પન્થ કઈ રીતે મરે એનો એને ... સૂઝે છે, ને બીજાઓને એ બતાવતો પણ જાય છે. મૃત્યુ... ને પણ એકાએક પશ્ચાત્તાપ થવો શરૂ થાય છે. તીર્થ... હૃદયપલટો, એમ એકાએક નથી થઈ જતો. પણ ... પોતાની સગી બેન સરસ્વતી પ્રત્યે દૃષ્ટિ બગાડી છે ... એને ભાન થાય છે ને એની દીકરી શેવતીને કાશી... નસાડી જાય છે ત્યારે એની આંખ ઊઘડે છે. આ ... પાત્રોનું હૃદયપરિવર્તન થાય તેમાં ખોટું કશું નથી; ... જો એ પરિવર્તન, અહીં થાય છે એટલું આકસ્મિક ... તો, એમને પાપનો રંગ બરાબર ચડ્યો નથી એમ કહે...

નાનાલાલે પોતાની બીજી કૃતિઓની માફક, આ ના... માં પણ પ્રતીકોની યોજના કરી છે. તેમાં બે પ્રતીકો મહ... છે: હિમગંગા અને હંસ-હંસી.

આમાં હિમગંગા વમળઘોઘવતું મૃત્યુમુખ છે. ... એટલે સાંસારિક વાસનાઓ અને જંજાળ. આમ હિમ... એટલે પૃથ્વીની પાર્થિવતા ભણી તાણી જનાર વાસના... પ્રવાહ. જયન્તને ઊર્ધ્વગમનની દિશા મળે એ જ ... હિમાદ્રિ પડે ને હિમગંગા ઊતરે એ યોજના ઔચિ... જોતાં પ્રસંગોચિત ને કલાત્મક નથી લાગતી. હિમ... ઊતરે છે ત્યારે જયાની સાહેલીઓ એને 'રાજમા... રાજમાર્ગ' ભણી — ભોગવિલાસો ભણી — ખેંચી ... માગે છે. જયન્ત એને 'યોગીજનોના યોગશૃંગે' — અને સંયમની ભૂમિમાં — લઈ જાય છે. આમ કવિ સૂચ... — અને જયા પણ પાછળથી (અંક ૧, પ્રવેશ ૩) ... રીતે કહે છે — કે જયાને સાંસારિક વાસનાઓ ... તૃષ્ણાના પ્રવાહમાંથી ઉગારવાનું કાર્ય જયન્તે કર્યું.

---

૪ આ બે તો ઠીક, પણ ત્રિકાળજ્ઞાની દેવર્ષિ પણ એમ જ માની રહ્યા છે. જુઓ અંક ૩, પ્રવેશ ૫, આવૃત્તિ ૪, પૃ. ૧૭૫.

* આ નાટકમાં વામમાર્ગ અને ચાર્વાકના સિદ્ધાંતોની ભે... થઈ ગઈ છે. વામમાર્ગ આસ્તિક સંપ્રદાય છે, ચાર્વાક નાસ્તિ... અને ગુરુની અમાસનો ઉત્સવ અને ગુરુનું શબ શોધીને ... કરવાનો વિધિ એ બેમાંના કોઈનો નથી, કવિની કલ્પનાનો ...

પણ પૂર્વ સંદર્ભનો વિચાર કરીએ તો, આ વાત બરાબર નથી. જયાને એ રીતે ઉગારવાનું કાર્ય જયન્તે કર્યું જ નથી. જયન્તની લગ્નપ્રાર્થના જયાએ નકારી છે. અને લગ્નને એ લોકો પાપનું મૂળ ગણે છે તેને ધ્યાનમાં રાખીએ તો, એમ કહી શકાય કે જયન્ત, ઊલટો, જયાને હિમગંગાના પ્રવાહમાં ખેંચી જવા મથી રહ્યો હતો તેને જયાએ ઉગાર્યો છે.

હંસ-હંસી શુદ્ધ પુણ્યભાવી આત્મલગ્નનાં પ્રતીક છે. પહેલા અંકના ચોથા પ્રવેશમાં એક હંસ ઊડી જતું હોય છે ને જયા અને જયન્ત તેને પકડવા માટે દોડતાં હોય છે. ઊડી ગયેલા હંસને બોલાવવા માટે જયા હંસોને આવાહનનું ગીત ગાય છે. એ સાંભળીને એ હંસો સરોવર પર ઊતરે છે. એને પકડવા માટે જયા અને જયન્ત સામસામે કાંઠેથી ઊતરે છે. એ વખતે કામદેવ એમના પર પોતાનાં બે બાણ છોડે છે. એ બાણ એ બેમાંના કોઈને વાગતાં નથી એટલે મનોજદેવ અદૃશ્ય થાય છે. ત્યાર પછી જયા અને જયન્ત બન્ને એકએક પંખી ઝાલે છે. પછી જયા જ

'નથી તમારે લાયક
આ દેહ કે દેહી'

કહીને પોતાની પાસેના રાજહંસને ઉડાડી મૂકે છે. તે જોઈને જયન્ત પણ 'હંસ ઊડયે હંસી ઝૂરતી ન રખાય' કહીને હંસીને ઉડાડી મૂકે છે.

અને પછી બન્ને પસ્તાય છે; ને ફરી પાછી જયા હંસોને આવાહન કરતું ગીત ગાય છે.

આમ, સ્થૂલ કામવૃત્તિ અદૃશ્ય થાય છે ત્યારે જ પુણ્યભાવી આત્મલગ્નની વિશુદ્ધ ભાવના જયા અને જયન્તના હાથમાં આવે છે. પણ એ ભાવનાને ઝીલી શકે એવી પાત્રતા પોતામાં હજી આવી નથી એટલે જયા અને જયન્ત એને વળગી રહેવાનો મમત નથી રાખતાં.

આ પ્રતીકયોજનામાં પણ કેટલીક ક્ષતિઓ રહી ગઈ છે. પ્રવેશના પ્રારંભમાં હંસ ઊડી જતું હોય છે તે જોઈને જયન્ત કહે છે :

'ઊડયો, ગયો, ન ઝલાયો,
. . .
પિંજર ત્હારાં સૂનાં પડયાં.

પણ જયા ! કહીશ ?
એ હંસ હતો કે હંસી ?'

જયા સીધો જવાબ આપવાને બદલે 'ન ઝલાય તે હંસ' એવો જવાબ આપે છે. અને 'પુરુષને પાંજરે પુરાવું ગમતું નથી' એમ સૂચવે છે. જયન્ત એનો પ્રતિવાદ કરીને કહે છે કે પાંજરે પુરાવું સ્ત્રીને ગમતું નથી. અને પછી જયાના મનના સમાધાનને ખાતર કહે છે :

'હું ને તું બંનેયે સરખાં;
ન ઝલાય કોઈ કોઈનાથી.'

આ બધો વિનોદ, આમ તો, મઝાનો છે. પણ જયન્ત પોતાની મેળે પાંજરે પુરાવા આવ્યો હતો તે વખતે પોતે જ પાંજરું બંધ કરી દીધું હતું એ વાત જયાના સ્મરણમાંથી ખસી ગઈ લાગે છે.

જયા ગીત ગાય છે. હંસની પુણ્યજ્યોત બેલડી સરોવરનીરમાં ઊતરે છે. એને ઝાલવા માટે જયા અને જયન્ત સરોવરને સામસામે કાંઠેથી એવી કલાપૂર્વક જળમાં ઊતરે છે કે ઉપર ખુલ્લું આકાશ હોવા છતાં અને પોતે ઊડી શકે તેમ હોવા છતાં, એ પક્ષીઓ જયા અને જયન્તના હાથમાં ઝલાઈ જાય છે.

જયા અને જયન્ત જળમાં ઊતરે છે ત્યારે એ 'રસબેલડાંનાં આત્માનાં દુર્ગદ્વાર' ઉઘાડાં છે તે જોઈને કામદેવ એમના તરફ બે બાણ છોડે છે. પણ એ બાણ એમને ન વાગતાં, સરોવરમાં પડે છે એટલે એ એમ થવાનું કારણ શોધી કાઢીને કહે છે કે :

'નથી ચ્હડી હજુ, ઓ મન્મથ !
પૃથ્વીની ખુમારી તેમના પ્રાણને.'

પ્રશ્ન એ થાય છે કે પ્રાણને પૃથ્વીની ખુમારી ચડી હોય તો જ મન્મથનું બાણ વાગી શકે ? કે મન્મથનું બાણ વાગે ત્યારે જ એને પૃથ્વીની ખુમારી ચડે ? કદાચ, પૃથ્વીની ખુમારી ચડી હોય તો જ મન્મથનું બાણ વાગી શકે તેવું હોય તો પણ આ જયા અને જયન્તને હજી પૃથ્વીની ખુમારી ચડી નથી એમ કહેવામાં ઝાઝું સ્વારસ્ય નથી. કારણ કે એ પાત્રોને તો પૃથ્વીની જે કાંઈ ખુમારી ચડી હશે તે પણ, સાચું કહીએ તો, ઊતરવા લાગી છે.

'જયા અને જયન્ત'નું વસ્તુ કવિને પોતાની ભત્રીજીની નૈષ્ઠિક બ્રહ્મચર્યની પ્રતિજ્ઞામાંથી મળી ગયું એમ કવિ કહે છે.

પણ એ વસ્તુ એમને મળ્યું, પ્રો. ગજ્જરને ત્યાં 'સરસ્વતીચંદ્ર'-ના નાટક સંબંધી ચર્ચા ચાલતી હતી ત્યારે. એટલે 'સરસ્વતીચંદ્ર'ના વસ્તુની સાથે 'જયા અને જયન્ત'ના વસ્તુનું અમુક સામ્ય દેખાઈ આવે તેમાં નવાઈ નથી. બન્ને કૃતિઓના નાયકોની કલ્પના ભાવનાશાળી અને ઉચ્ચગ્રાહ-વાળા સાધુજનો તરીકે થઈ છે. 'સરસ્વતીચંદ્ર'માં સરસ્વતી-ચંદ્ર ઘર છોડીને નાસી છૂટે છે, અહીં જયા એમ કરે છે. 'સરસ્વતીચંદ્ર'માં કુમુદ તણાતી તણાતી સુન્દરગિરિના સાધુજનોના હાથમાં આવે છે, ત્યારે સરસ્વતીચંદ્રને મળે છે. અહીં જયા એ રીતે હરિકુંજના બ્રહ્મચારીઓના હાથમાં આવે છે ત્યારે એનો જયન્તને યોગ થાય છે. 'સરસ્વતીચંદ્ર'-માં ઘણી ચર્ચાઓને અંતે સરસ્વતીચંદ્ર અને કુમુદ વિશ્વસેવા માટે લગ્નનો ત્યાગ કરવાનો નિશ્ચય કરે છે; અહીં જયા અને જયન્ત પણ એ જ હેતુથી દેહની કથાનો વિચાર માંડી વાળે છે. 'સરસ્વતીચંદ્ર'માં દેશોદયની જે વિચારણા કરવામાં આવી છે અને કલ્યાણગ્રામની જે યોજના ઘડવામાં આવી છે તે, બેશક, વધારે સૂક્ષ્મ અને દીર્ઘદૃષ્ટિવાળી છે અને દેશના પુનરુત્થાન માટે વધારે કાર્યસાધક બની શકે તેવી છે. સરસ્વતીચંદ્ર અને કુમુદનો સંબંધ પણ માનવસ્વભાવ અને સામાજિક પરિસ્થિતિવિશેષને ધ્યાનમાં રાખીને વધારે બુદ્ધિ-ગ્રાહ્ય રીતે વિચારવામાં આવ્યો છે.

'જયા અને જયન્ત' દૃશ્યનાટક છે. દૃશ્ય છે એટલા માટે અનેક ચમત્કારક દૃશ્યતત્ત્વોને કવિએ આ નાટકમાં સ્થાન આપ્યું છે. એમાંનાં, જયન્તની આસપાસના ચાર ભસ્મના ઢગલામાંથી એકાએક તેજસ્થંભો પ્રકટ થાય; બ્રહ્મ-લોકમાંથી તેજનાં ધનુષ્યબાણ ઊતરે અને જયન્તના હૈ[યે] સમાઈ જાય; જયન્તના વદન ફરતું પ્રભાચક્ર પ્રકટી [...] પાપમંદિરનો ઘુમ્મટ તોડીને જયા ગંગાના પ્રવાહમાં પડે; જયન્તનાં માતાપિતા અન્તરિક્ષમાંથી પુષ્પવૃષ્ટિ [...] જયન્તને માથે જયનો તેજમુગટ પ્રકટે; કાશીરાજના [...] કુમાર પર અન્તરિક્ષમાંથી અમૃતના છાંટા વરસે; જયા [...] ચૂંદડી ઓઢે ત્યારે બ્રહ્મવનમાં પાંદડે પાંદડે પ્રકાશ પ્રકટે [...] દૃશ્યતત્ત્વો, આમ, કદાચ નાટકની દૃશ્યતાને વધારે [...] પણ નાટકની વિભાવના અને સંવિધાનમાં પાર [...] કચાશ રહી ગઈ હોવાથી, આ તત્ત્વો એકલાં કેટલો પ[...] આપી શકે તે પ્રશ્ન છે.

એ જ પ્રમાણે 'ચાલો સલૂણી રસકુંજમાં', 'હૈયાની સૈયાં' જેવાં કેટલાંક ગીતો ગુજરાતી રં[ગભૂમિ] પરનાં કેટલાંક ગીતો સાથે ભળી જાય તેવાં છે. પણ કવિ[...] દૃષ્ટિએ એમાં ઝાઝું સત્ત્વ ન હોવાથી એ ગીતો કવિના [...] ટકાવી શકે તેમ નથી. કવિની પ્રતિભાના ઉત્તમ આવિ[ષ્કાર] જેવાં કેટલાંક ગીતો પણ 'જયા અને જયન્ત'માં છે [...] અને 'ચન્દ્રમા જી રે ઉગ્યો, સખિ, !' 'ગોરસ લે[...] પીજે,' 'વીજલડી હો,' 'એક જવાલા જગે,' '[...] ઘેલી વહે' વગેરે ગીતો તો કવિનાં પણ ઉત્તમ કા[વ્યોમાં] સ્થાન પામે તેવાં છે એ ખરું; પણ સ્વતંત્ર કાવ્યો ત[રીકે] વધારે આસ્વાદ્ય બની શકે તેમ છે. અહીં તો આ [...] મનોરથની ભવ્યતર નિષ્ફળતામાં એ વગરવાંકે [...] ગયાં છે.*

* તરતમાં બહાર પડનાર વિવેચનસંગ્રહ 'પર્યેષણા'[...]

[અનુસંધાન પૃ. ૯૮થી]

વાંહણ ધોતોમાંજતો સે. અમારો સોટમ. તિને પૂગે. અમારા સોટમને હાથોહાથ પૂગે."

"પણ હેઠનું નામ હું?"

"અમારો હીરૂ હેઠ વરી, તિમાં કાંય પૂસો? હઉ ઓરએ. બીજો કુન હેઠ આવવાનો ઉતો જે? મોટા હેઠનો પોયરો."

છોટુકાકાએ કવર બીડી ઉપર ટિકિટ લગાડી. તે [...] વળી કહે:

"લખો, સો પૈહાનું તિકત લગાવિયું સે. સૉક[...] કીધું સે. મંબઈ હેર મોતું સે. રહતે કોઈ નરકું [...] તિકત ઉખાડી લેય તો તિમાં અમારે કાંય ની શ્રે."

બસ, પહેલવહેલીવાર છોટુકાકાને 'મૂઆ લખ[...]' કાપડીનું અનુકરણ કરવું પડ્યું!

'કુમારસંભવ'નું થોડુંક રહસ્યચિન્તન*

રતિલાલ મોહનલાલ ત્રિવેદી

હુંકાર વડે હરે મદનનું બાણ અટકાવી એના દેહને વિશીર્ણ કર્યો પરંતુ એ જ બાણે પાર્વતીના હૃદયને વીંધી નાંખ્યું. આ ક્ષણથી એ અસ્વસ્થ બની અને પિતાના ઘરમાં હિમની શીતલ શિલાઓ ઉપર સુવાથી પણ એને શાંતિ ન મળી. કેટલીક વાર એ કિન્નર રાજકન્યાઓ સમક્ષ પિનાકીનું ચરિત ગાતાં ગાતાં ડૂમો ભરાવાથી અટકી જતી તો કેટલીક વાર મધ્યરાત્રિએ ઝબકી ઊઠી 'હે નીલકંઠ! ક્યાં જાઓ છો!' એમ ઉન્માદમાં લવતી અને એના કલ્પિત કંઠની આસપાસ ભુજાને પરોવતી. કોઈ કોઈ વાર તો એ ચન્દ્રશેખરનું ચિત્ર આલેખતી અને 'શું સર્વવ્યાપી છતાં પણ મારો પ્રેમ નથી જાણતા?' એમ એકાન્તમાં એને ઠપકો આપતી. આખરે શંકરને મેળવવાનો એક પણ માર્ગ પાર્વતીને દેખાયો નહિ.

પાર્વતીના જીવનમાં ઘોર નિરાશા વ્યાપે છે. પતિપત્નીના સંયોગ માટે મોટામાં મોટું સાધન મદન તેને તો આંખ સામે ભસ્મ થતો એણે જોયો છે. પતિનું આકર્ષણ કરવામાં પોતાનું રૂપ નિષ્ફળ નીવડ્યું છે પતિના પ્રેમની પ્રાપ્તિમાં પત્નીના સૌન્દર્યની સફળતા રહેલી છે. આમ રૂપની નિંદા કરતાં કરતાં પાર્વતીને અંતઃસ્ફુરણ થાય છે અને અંતરમાં કોઈ અપૂર્વ સ્ફૂર્તિ એ અનુભવે છે. જીવનની નિશ્ચિત બનેલી કરુણતાને હઠાવનાર એક મહાન વિચાર એને આવે છે અને પુરુષાર્થ વડે એને આચારમાં મૂકવા પોતાનું સકલ જીવન સમર્પણ કરવા એ સજ્જ બને છે. રૂપની સાથે તપનું સાધન જોડવાથી રૂપને સફળ કરવાનો એ નિર્ધાર કરે છે. શંકર જેવા પતિને વરવા માટે કેવળ શરીરસૌન્દર્ય બસ નથી પરંતુ રૂપની સાથે તપના સંયોગની અપેક્ષા રહે છે. પાર્વતીને શંકર માટે અગાધ પ્રેમ છે અને એના માટે એ સર્વ સહન કરવા અને સર્વસ્વનો ત્યાગ કરવા તૈયાર થાય છે.

શંકર પ્રત્યે પરમ પ્રેમને લીધે તપ માટે પુત્રી તત્પર થઈ છે એમ સાંભળીને માતા મેનાએ એને છાતી સરસી ચાંપી અને એના શરીરની કોમળતા અને તપની ઉગ્રતા સમજાવી ગૃહદેવતાની આરાધના ઘરમાં રહીને કરવા સલાહ આપી. પરંતુ પાર્વતી એના અડગ નિશ્ચયમાંથી સહેજ પણ ડગી નહિ. તપોવનમાં જઈને તપસ્યા કરવા એણે સખી દ્વારા પિતાની આજ્ઞા મેળવી અને ગૌરીશિખર ઉપર નિવાસ કર્યો. પરમ નિશ્ચયવાળી પાર્વતીએ અલંકારો કાઢી નાંખ્યા અને ભગવા રંગનું વલ્કલ ધારણ કર્યું. એનું મુખ જેમ વિભૂષિત કેશો વડે મધુર લાગતું હતું તેમ જટા વડે પણ એવું જ મનોહર દીપતું હતું. એણે તપશ્ચર્યા અર્થે ત્રણ સેરોવાળી મુંજની મેખલા ધારણ કરી અને હાથમાં અક્ષમાલા રાખી. એણે એનાં લલિત અંગોના સર્વ હાવભાવ ત્યજી દીધા. ઉત્સાહથી જળનો અભિષેક કરીને એ વૃક્ષોને ઉછેરતી અને આમ કુમારના જન્મ પહેલાં પણ પુત્રપ્રેમ પ્રકટ કરતી. અરણ્યબીજોની અંજલિ આપીને એણે હરિણોને પોતાના વિશ્વાસમાં લીધા હતા. શાસ્ત્ર ઉપર એણે પ્રભુતા મેળવી હતી અને પ્રતિદિન એ પ્રાર્થના, પાઠ અને સ્તુતિ કરતી હતી. એની તપશ્ચર્યા જોવા માટે ઋષિઓ પણ ત્યાં આવતા હતા. એની સમીપમાં પ્રાણીઓએ પરસ્પર વૈર ત્યજી દીધું, વૃક્ષોએ અતિથિઓને અભીષ્ટ ફળો આપી એમને વધાવ્યા અને આખા તપોવનમાં પવિત્ર વાતાવરણ ફેલાયું. આટલી તપસ્યાથી એના મનોરથની સિદ્ધિ ન થઈ એટલે એણે શરીરની મૃદુતાને અવગણી તીવ્ર તપ આદર્યું. ચોપાસ સળગતા અગ્નિની મધ્યમાં એ ઊભી રહેતી અને સૂર્યના જાજ્વલ્યમાન તેજને જીતીને સૂર્ય સામે એકી નજરે જોઈ રહેતી. એને કોઈ નિવાસસ્થાન નહોતું. એ શિલા ઉપર સૂતી અને વીજળી, વરસાદ અને જોરથી ફૂંકાતા પવનની મધ્યમાં રાત્રિઓ ગાળતી. પરમ શીતલ પવનવાળી પોષમાસની રાત્રિ-

* જાન્યુ.'૫૩થી પૂરું.

ઓ એ પાણીમાં નિર્ગમન કરતી અને એકબીજાની પાસે ઊભેલા ચક્રવાકમિથુનનું કરુણ આક્રન્દ સાંભળી પોતે એના દુઃખમાં દુઃખી થતી. પાર્વતીએ વૃક્ષવૃત્તિ ધારણ કરી અને કેવળ આપોઆપ પડેલાં વૃક્ષનાં પાંદડાં ખાઈને શરીરનો નિભાવ કરવા માંડ્યો. છેવટે પાંદડાં પણ એણે ત્યજી દીધાં અને 'અપર્ણા' તરીકે ઓળખાઈ. આમ દિવસ અને રાત્રિ એણે કઠિન તપ વડે પોતાના સુકોમલ શરીરને સૂકવી નાંખ્યું અને મહાન તપસ્વીઓ કરતાં પણ અધિક તપશ્ચર્યા કરી.

શિવની ગૃહિણી અને એના સંતાનની જનની થવાનો અભિલાષ સેવતી પાર્વતી ઉગ્ર તપસ્યાથી પરિશુદ્ધ બને છે અને શંકરને પ્રિય એવી સાધુતાની ભાવનાનો સાક્ષાત્કાર કરે છે. એને ખાતરી થાય છે કે શરીરની સુન્દરતા એ કેવળ જીવનની ઉચ્ચતાનું ચિહ્ન નથી. શરીરનું સુખ, એની સગવડ, એનું પ્રસાધન એ કેવળ સામાન્ય જીવનદૃષ્ટિ છે. મનુષ્યજીવનમાં તપસ્યાનો સ્વીકાર કરવામાં આવે અને જ્ઞાનની દૃષ્ટિ ખીલવવામાં આવે તો એ અન્ધકારમાં અથડાતું પછડાતું ઠોકરાતું અટકી જાય અને ભૂલો અને ભ્રાન્તિઓમાંથી બચી જાય. પાર્વતીને સૌન્દર્ય અને સુખ નહિ પણ તપ અને ચિન્તન એ જ જીવનના પ્રધાન વ્યવસાય છે એમ હવે સમજાય છે. હવે એ સમાધિ વડે પ્રકૃતિની પાર રહેલા પ્રશાન્ત અને પ્રસન્ન પુરુષના અન્તરમાં પ્રવેશ કરે છે અને એ મહાપુરુષ શંકરની પત્ની થવાને પરમયોગ્યતા મેળવે છે. હવે એને કામ અને પ્રેમ વચ્ચેનો ભેદ સમજાય છે. કામને બાળ્યા છતાં પણ શંકર પ્રત્યે એનો પ્રેમ અચળ રહે છે. હવે એ મદનના દહનનું રહસ્ય સમજે છે અને શંકર એને ઉગ્ર નહિ પણ શાન્ત જણાય છે, રુદ્ર નહિ પણ સૌમ્ય દેખાય છે. હવે આ તપસ્વિની પાર્વતી કેવળ ભાવી કાર્તિકેયની જ જનની નહિ પરંતુ વિશ્વમાં વિલસતી જગજ્જનની બને છે.

દરમિયાન પાર્વતીની તપશ્ચર્યાના અડગ નિશ્ચયની કસોટી કરવા માટે શંકર પોતે બ્રહ્મતેજથી દીપતા જટાધર દંડી યુવાન બ્રહ્મચારીનું રૂપ ધારણ કરી તપોવનમાં પ્રવેશ કરે છે. બ્રહ્મચારી આતિથ્યનો સ્વીકાર કરી ક્ષણભંગુર શરીરનાં સુખ અને સગવડ માટે પાર્વતીની આસક્તિને કસે છે. આરંભમાં જ એ પાર્વતીને સમિધ, કુશ અને સ્વચ્છ જળ બરાબર મળે છે કે કેમ અને તપનું મૂળ સાધન જે શરીર તેને સાચવીને જ પોતે તપસ્યા કરે છે કે કેમ એમ સહાનુભૂતિપૂર્વક કુશલ પ્રશ્નો પૂછે છે. પાર્વતીને શરીરસુ[ખ] અને એના પ્રસાધન પ્રત્યે રહેલા મોહના પ્રમાણની પરીક્ષા કરે છે. એ તપસ્વિનીની સુન્દર અને પવિત્ર [આ]કૃતિની અને એના પરમ શીલની એ પ્રશંસા કરે છે. [એના] ધર્માચરણ માટે એ અભિનન્દન આપે છે. પાર્વતીનાં કુ[ળ] અને યૌવન – એ ત્રણેની સમૃદ્ધિમાં એ બ્રહ્મચારીને [કોઈ] સમૃદ્ધિનો ઉમેરો કરવાની કશી જ જરૂર જણાતી નથી [એટલે] કે તપનાં સર્વ ફળ એને મળી ચૂક્યાં છે. પાર્વતીએ [પહેરેલાં] વલ્કલ એને વાર્ધક્યમાં શોભે એવું લાગે છે, એના [આ] સુન્દર યૌવનને શોભે એવું જણાતું નથી. એ જ[ણાવે] જણાય છે કે પાર્વતી જો તપ અને સમાધિ વડે [સ્વર્ગની] પ્રાર્થના કરતી હોય તો એણે જાતે એ પતિની પાછળ [જવાનું] ન હોય, તેમ જ એને સારુ તપ પણ કરવાનું ન હોય, [કારણ] કે એનો પ્રિય આપોઆપ એની પાછળ આવશે. પાર્વતીના ઉષ્ણ નિઃશ્વાસ ઉપરથી એને સમજાય છે [કે એ] પોતે એના પતિની શોધમાં છે અને એની ઝંખના [કરે છે]. બ્રહ્મચારીને ખાતરી થાય છે કે પાર્વતીનો ઈપ્સિત [પતિ] ગમે તે હોય તો પણ એ એની પ્રિયતમાની સુન્દરતાને [ન જોતો હોય] છે એટલે ખચિત એ કઠિન હૃદયનો હોવો જોઈએ. [આવા] તપ વડે પાર્વતીને કૃશાંગી જોઈને કયા સચેતનનું [મન] દુભાય ? એના પ્રિય પુરુષને અવશ્ય સૌન્દર્યનો મ[ોહ] જોઈએ. નહિતર એ પોતાનું મુખ લાંબા સમય [સુધી] દેખાડે એમ કેમ બને ? આમ કહીને બ્રહ્મચારી પ[ાર્વતીને] વધુ શ્રમ ન લેવાનો ઉપદેશ કરે છે અને એનો [પ્રિય] મળે તે માટે એ પોતે પોતાના તપના અર્ધ ભાગનું પુ[ણ્ય] આપવાને તત્પર થાય છે.

જ્યારે એ બ્રહ્મચારીને પાર્વતીના પ્રિયતમ [વિશે] જાણવા માટે કુતૂહલ થાય છે ત્યારે પાર્વતી એના હ[ૃદયેશ] વિષે લજ્જાથી કાંઈ જ કહી શકતી નથી પરંતુ પોતાની [પાસે] ઊભેલી સખીને આંખના ઇશારાથી જણાવવા કહે [છે]. અભિમાનભરી માનિની ઇન્દ્રાદિ દેવોને અવગણીને [મદનને] બાળનાર અને રૂપથી દુર્લભ એવા શિવજીને [પામવા] દીર્ઘ કાળથી તપસ્યા કરે છે એવું સખી પાસેથી એ સુન્દર બ્રહ્મચારી સાંભળે છે. બ્રહ્મચારી પાર્વતીને [એના] સમર્થન માટે પૂછે છે. પાર્વતી મહાકષ્ટે મિતાક્ષરી [વાણીમાં] મહેશ્વરની અર્ધાંગના થવાનો પોતે ઉચ્ચ અભિલાષ [...]

ને એને પામવા તપશ્ચર્યા કરે છે એમ એ વેદવિદ્દને જણાવે છે.

પાર્વતીનાં વચનો સાંભળતાં જ બ્રહ્મચારી કહે છે કે એ મહેશ્વરને પોતે ઓળખે છે અને એનો અમંગલ પદાર્થો પ્રત્યેનો અનુરાગ વિચારતાં પાર્વતીના એની સાથેના લગ્નમાં પોતે સંમત થઈ શકે તેમ નથી. એ ભીમ અને ભયાનક પુરુષને પરણવામાં અપાર ભય અને જોખમ રહેલાં છે અને ભવ્ય અને ભયંકર સાથે સુંદર અને સૌમ્યનો યોગ શી રીતે થાય એ પાર્વતીને પોતાને જ પૂરો વિચાર કરવા એ કહે છે. પાર્વતીના સૌમ્યસુંદર શરીરની સ્તુતિ કરી એને એના અડગ નિશ્ચયમાંથી ચળાવવા માટે વધૂ અને વર વચ્ચેનો ભયંકર વિરોધ એ જોરથી એના ધ્યાન ઉપર લાવે છે. વિવાહમંગલ વખતે પાર્વતીએ એના સુકોમલ હાથ ઉપર મંગલસૂત્ર ધારણ કર્યું હશે અને શમ્ભુએ હાથ ઉપર સર્પો વીંટયા હશે. પાર્વતીએ કલહંસોનાં મનોરમ ચિત્રોથી શણગારેલી નવોઢાની રેશમી ઓઢણી પહેરી હશે અને શમ્ભુએ રુધિર ટપકતું હાથીનું ચામડું ઓઢયું હશે. એણે અળતાથી લાલ રંગેલાં પગલાં મૃતદેહોના વેરાએલા કેશવાળી સ્મશાનભૂમિમાં માંડવાં પડશે. એણે હરિચન્દનથી વિભૂષિત ઉરઃપ્રદેશ ઉપર ચિતાભસ્મની રજ સહન કરવી પડશે. ગજરાજ ઉપર જેને સવારી શોભે એણે ઘરડા આખલા ઉપર બેસવું પડશે. પુણ્યલક્ષણસંપન્ન એવી એણે વિરૂપાક્ષને વરવું પડશે. વળી, જેનું કુલ કોઈ જાણતું તથી અને દિગમ્બર હોવાથી જેની પાસે લેશ પણ સંપત્તિ નથી એને વરવાથી શો લાભ થશે? ખરેખર, પિનાકીને પ્રાપ્ત કરવાની ઇચ્છાથી બે પદાર્થો શોચનીય બન્યા છે — કલાવાન ચંદ્રની કાંતિમતી કલા અને સકલ લોકની નેત્રકૌમુદી પાર્વતી. આવા પિનાકીને પતિ તરીકે પસંદ કરીને પાર્વતીએ જગતની પવિત્રતાનો નાશ કરવો ન જોઈએ. કોઈ પણ સાધુજન આ અપવિત્ર લગ્નને સત્કારશે નહિ એવી એ બ્રહ્મચારીને ખાતરી છે.

. . .

મહાકવિ કાલિદાસનો યુગ એ ભારતની સમૃદ્ધિ અને સંસ્કારિતાનો દેદીપ્યમાન યુગ હતો. આ યુગમાં દેશની સંપત્તિ અમાપ હતી અને પ્રજાનાં બાહ્યજીવનનાં સાધનો વધતાં હતાં. મનુષ્યસ્વભાવ જીરવી શકે તેના કરતાં પણ અધિક ધન અને વૈભવ ઊભરાતાં હતાં અર્થાત્ પ્રાણ કરતાં શરીરનો ભાર વધતો હતો. આવા યુગમાં સંયમ કરતાં જીવનના ઉલ્લાસની મહત્તા વધી જાય છે. આવા સમયમાં ભોગ અને વિલાસ અને બાહ્યસૌન્દર્યની લાલસાને જીવનનું એક પ્રધાન પ્રયોજન ગણવામાં આવે છે. સૌન્દર્યની વધુ પડતી પ્રશંસા થાય છે. માંગલ્યની બેહદ પ્રશસ્તિ થાય છે. આવે વખતે પ્રજાને ચેતાવનાર કોઈ મહાકવિ આવે છે અને એની ક્રાન્તદૃષ્ટિ પ્રજાને અધઃપતનમાંથી ઉગારે છે. મનુષ્યમાત્રમાં રહેલી સદાચારવૃત્તિ દ્વારા એ કવિવર પ્રજાને સાવધાન કરે છે અને ભૌતિક સંપત્તિ અને કામ અને વિલાસિતાનાં ભયસ્થાન બતાવે છે. સાથે સાથે એ કવીન્દ્ર સાધુતાની વિશાળ અને વ્યાપક ભાવનાને એના કલ્પનાનયન સમક્ષ રાખી મનુષ્યની પરમ દિવ્યતાનું ભાન કરાવે છે. આ રીતે મહાકવિ કાલિદાસ ‘ કુમારસંભવ ’માં જીવનના આનન્દની સાથે એની ઉચ્ચતાને જોડે છે અને માનવજીવનનું અખંડ દર્શન કરાવે છે.

. . .

પાર્વતીના નિશ્ચયને કસવા માટે બ્રહ્મચારી જીવનના ઉલ્લાસ અને વિલાસની આનન્દલહરીઓનો વારંવાર ઉલ્લેખ કરે છે, પાર્વતીના રૂપની ખુશામત કરે છે અને શંકરની વિરૂપતાનો ઉપહાસ કરે છે. પરંતુ જ્યારે એ નિન્દાની છેલ્લી હદે પહોંચે છે ત્યારે પાર્વતીનાં ભવાં ઊંચાં ચઢે છે, આંખના ખૂણા લાલ બને છે અને ક્રોધથી નીચલો હોઠ કમ્પવા માંડે છે. શંકરના અનન્યસાધારણ ચરિતનો અણસમજુ માણસો દ્વેષ કરે છે એમ શરૂઆતમાં જ ઠપકો આપી પાર્વતી એ બ્રહ્મચારીના પૂર્વપક્ષના ઉત્તરપક્ષરૂપે પોતાના પ્રિય પુરુષનું સત્ય સ્વરૂપ સમજાવે છે. તૃષ્ણાથી દૂષિત થયેલા અન્તઃકરણવાળા સામાન્યજનને વિપત્તિમાંથી છૂટવાનું અને સંપત્તિ મેળવવાનું હોય છે. પરંતુ શિવજીને કોઈ પ્રકારનો કામ નથી, કોઈ આશા નથી, કોઈ અભિલાષા નથી. જે અકામની સમક્ષ કામ જાતે બળીને ભસ્મ થાય છે એવા સકલ જગત્‌નું રક્ષણ કરવાને સમર્થ પુરુષને મંગલ ચીજો કે મંગલ ક્રિયાઓનો શો ખપ છે? એ આત્મકામને કોઈ સ્પૃહા નથી તેથી સર્વ મંગલ વસ્તુઓનો એણે ત્યાગ કર્યો છે. શિવજી અકિંચન છે તથાપિ એ સકલ સંપત્તિનું પ્રભવસ્થાન છે. નીલકંઠના નગ્નત્વથી એનું અકિંચનપણું ગણાતું હોય તો એ એણે સ્વેચ્છાથી સ્વીકાર્યું છે. એ અન્યને સંપત્તિ આપે છે

અને ધારે તો ગમે તેટલી સંપત્તિ જાતે મેળવી શકે છે. વસ્તુતઃ આત્માનું નગ્નત્વ એના જેવા દિગમ્બરને દૃષ્ટિગોચર થાય છે. દેહનું આવરણ ખસેડીને આત્મા એના નગ્નસ્વરૂપ-માં—એના નિત્ય શુદ્ધબુદ્ધમુકત સ્વરૂપમાં—આ મહા જ્ઞાનીના દિવ્ય નયન સમક્ષ દેખાય છે. વળી, શિવજી શ્મશાનવાસી છતાં, ત્રણે લોકના સ્વામી છે; ભયંકર છતાં મંગલ અને કલ્યાણકારી છે. એ નિર્વિકારી નિર્વિકલ્પ સર્વજ્ઞ પુરુષના લોકોત્તર સ્વરૂપનો કોણ પાર પામી શકે તેમ છે? આખું વિશ્વ એ શિવજીનું શરીર છે. એમાં મંગલઅમંગલ, પવિત્ર-અપવિત્ર, સાધુઅસાધુ, સર્વનો સમાવેશ થાય છે. તેથી એ સર્પનાં આભૂષણો પહેરે કે હાથીનું ચામડું ઓઢે, રેશમી વસ્ત્ર પરિધાન કરે કે મનુષ્યની ખોપરી ધારણ કરે અથવા મસ્તકમાં ચન્દ્રને રાખે—એ ચાહે તે કરે—પરંતુ એ પરમ ધન્ય પુરુષને સર્વ પદાર્થો સમાન છે. એણે પરમાત્માનું સાધર્મ્ય સિદ્ધ કર્યું છે અને એના જેટલો વિશાળ અને વ્યાપક બની એ વિશ્વમૂર્તિ બને છે. અને એની પેઠે સર્વ ભૂતોનો આત્મા થઈ અનેકરૂપો ધારણ કરે છે. આ વિશ્વરૂપ શિવજીના શરીર સાથે સંપર્ક થવાથી, — એના સ્પર્શ માત્રથી — ચિતાભસ્મની રજ પણ પવિત્ર થાય છે. આ વિશ્વમાં એ નટરાજ શિવજીનું જે તાંડવનૃત્ય ચાલે છે તેમાં એ પરમ અદ્ભુત નૃત્યકારના અભિનયની ચેષ્ટાથી ખરતી એના દેહની રજને દેવો પણ પોતાના મસ્તક ઉપર ધારણ કરે છે. શક્તિમાન પુરુષ પોતાની શક્તિનું પ્રદર્શન કરે કે ન કરે, એનાં બાહ્ય સાધનો કે મંગલ ઉપકરણોનો દેખાવ કરે કે ન કરે પરંતુ શિવજી તો સર્વથા મહાન છે. ઐરાવત ઉપર બેઠેલો ઇન્દ્ર પણ વૃષભ ઉપર આરૂઢ થયેલા શિવજીને પ્રણિપાત કરે છે અને પોતાના મસ્તક વડે એનો પાદસ્પર્શ કરે છે. પાર્વતી એ બ્રહ્મચારીની સર્વ દલીલોનું ખંડન કરે છે પરંતુ શિવજીનું કુલ અજ્ઞાત છે એ એક હકીકતનો સ્વીકાર કરે છે. શિવજી જે કારણના પણ કારણ છે અને જેને કોઈ કારણ નથી એનો પાર કોણ પામી શકે? પાર્વતી વિવાદ કરવા ઇચ્છતી નથી. જેમ શિવજીએ વાસનામાત્રનો ઉચ્છેદ કરી પોતાના હૃદયને પરમાત્મા અને એની સૃષ્ટિથી ભરી દીધું છે તેમ પાર્વતીએ કામમાત્રને ત્યજી દઈ પોતાના મનને કેવળ શંકર પ્રત્યેના પ્રેમથી ભરપૂર ભર્યું છે. પ્રેમથી કરેલા કાર્યમાં એ નિંદાને લેશ પણ લેખવતી નથી.

પાર્વતીને એ અનન્ત પુરુષ શંકરનો પોતાના માનસમાં ક્ષણે ક્ષણે સ્પર્શ થયા કરે છે અને જીવનમાત્રની પવિત્ર[illegible] એ અનુભવ કરે છે. શિવના વિશ્વવ્યાપક માનસમાં ભૂત [illegible] ભાવિના અનન્ત યુગો પ્રવર્તે છે તેનું દર્શન પાર્વતીને [illegible] છે. શંકરને માનવજાતિના અસીમ ભાવિના નિધિના [illegible] તરીકે એ જુવે છે. મનુષ્યે પોતાનું વ્યક્તિત્વ જેટલું [illegible] તેટલું ઉદાર અને વિશાળ કરવું જોઈએ અને [illegible] માનવજાતિને જ નહિ પરંતુ સમસ્ત વિશ્વને પોતામાં [illegible] જોઈએ એ સત્યનો સાક્ષાત્કાર પાર્વતીને થાય છે. [illegible] માનવજીવનની સર્વ અવસ્થાઓ—પછી તે શિકારીની [illegible] કે જ્ઞાનીની હોય—પ્રત્યે કેટલા પ્રેમથી ભરેલા છે! એ[illegible] કેવી અમાપ હિંમત છે, કેવું અપૂર્વ ધૈર્ય છે અને જ[illegible] વિપત્તિઓને થંભાવે એવું કેવું ઉન્નત ડહાપણ છે! [illegible] સર્વ ગુણો પ્રત્યે પાર્વતીને આત્મભાવ થાય છે. મનુષ્ય[illegible] કેટલું ઉચ્ચ થઈ શકે, જગત કેટલું ઊંચે ચઢી શ[illegible] મહા જ્ઞાની વિના કોણ જાણી શકે, કોણ સર્વથા સમજ[illegible] અને કોણ એને માટે ઉપાયો લઈ શકે? એ પરમ [illegible] ચિન્તન કરતાં પાર્વતી શંકરમય બને છે. એના પ્રિય [illegible] વ્યાપક જ્ઞાનદૃષ્ટિ એ સંપૂર્ણ રીતે સત્કારે છે અને આ[illegible] ઉતારે છે.

એટલામાં પેલો બટુ બ્રહ્મચારી ફરી કાંઈક કહેવ[illegible] હોઠ ફફડાવે છે ત્યાં તો 'કાઢ આને અહીંથી' એમ [illegible] સખીને આદેશ કરે છે અને મહાપુરુષ શિવજીની [illegible] કરનાર તેમ જ સાંભળનાર બંને પાપી બને છે એ[illegible] કરીને કહે છે. 'અથવા હું જ અહીંથી ચાલી [illegible]' એમ કહેતી એ સત્વર ચાલતી થાય છે ત્યાં તો એના [illegible] ઉપરથી વલ્કલ સરી જાય છે અને શંકર આત્મસ્વરૂપ [illegible] કરી મોં મલકાવીને 'પરિષ્વંગ માટે તલસતી' એ 'પ્ર[illegible] જીવાત્મશક્તિ'ને પોતાના બાહુમાં વીંટે છે. શંકરને [illegible] એ ધ્રૂજતી પ્રસ્વેદથી રેબઝેબ બનેલી શૈલાધિરાજ[illegible] પોતાનો અર્ધ ઉપાડેલો પગ ન આગળ માંડી શ[illegible] ત્યાં ઊભી રહી શકી. 'હે સુન્દરી! આજથી તપથી [illegible] હું તારો દાસ છું.' એમ સુખકર શંકરે કહેતાં [illegible] પાર્વતીનો બધો શ્રમ એકાએક ઊતરી જાય છે. [illegible] કહે છે તેમ, શ્રમનું ફળ પ્રાપ્ત થતાં જ એ નવતા [illegible] કરે છે.

. . .

[અનુસંધાન પૃ. ૯૬

જિપ્સીની આંખે

'જિપ્સી'

અજવાળામાં

નવી દિલ્હીને પોતાનું આગવું વ્યક્તિત્વ છે. એના ઉપર પંજાબી સંસ્કારિતાની અસર છે. ઉત્તર પ્રદેશની સભ્યતાનું સૌન્દર્ય પણ એમાં છે. દિલ્હીની પોતાની મૌલિક ખૂબી અને ખુશ્બૂથી પણ એ ક્યારેક મહેકે છે. પણ આ સર્વની ઉપર સદોદિત છવાઈ રહેલું ચક્રવર્તિ રાજ્ય તો સાહેબશાહી સંસ્કૃતિનું ચાલે છે. આ છે જતા રહેલા અંગ્રેજોની સભ્યતાનું ખંડેર, સાહેબલોકોના જીવનનો એંઠો અવશેષ. સ્વાભાવિકતા અહીં સ્વાર્થની કીર્તિની નીચે કચડાય છે. એટલે કૃત્રિમતાનું અહીં મોટું ચલણ છે. સત્તા આ શહેરની સામ્રાજ્ઞી છે. સૌજન્ય અહીં હરિજન છે. ભલાઈની ભવ્યતા માત્ર ભાષણો માટે છે. બલિદાન કાવ્યનો વિષય છે. સત્યનું તો અહીં સપનું છે.

આવું આ બહુરૂપી શહેર પહેલા દર્શને બહુ આકર્ષક લાગે છે. પહેલી મુલાકાતે બહુ ગમી જાય છે. પણ જેમ જેમ લાંબુ રહો, એને પચાવતા જાઓ, સ્વાર્થના સંઘર્ષમાં અથડાતા જાઓ, એની આ સાહેબશાહી સભ્યતાના ભોગ અથવા ભાગ બની રહો, ત્યારે જ અદ્ભુત લાગતી આ નગરી અળખામણી બનતી જાય છે.

આજે એક ચહા પીવા જવાનું નિમંત્રણ હતું. જેમને ત્યાં જવાનું હતું એ મોટા અફસર હતા. વિશાળ બંગલો હતો. એનો બાગ ઊડીને આંખે વળગે એવો નમણો હતો. કુસુમોની છટા રંગદર્શી હતી. ગુલાબની મીઠી સુગંધથી વાતાવરણ ભર્યું ભર્યું હતું. હતું તો નમતું બપોર. પણ ગુલાબી ઠંડીને કારણે સવાર જેવું જીવનદાયી લાગતું હતું. બાગમાં બેઠકો હતી. બીજા પણ મિજબાનો હતા. યજમાને ચહા મંગાવી. ચહા પીવાતી હતી. વાતોના વિષયનો પટ નહેરુથી માંડીને યજમાનની પુત્રી નયના સુધી લંબાયો હતો.

"દિલ્હી રાજ્યની ધારાસભાની છેલ્લી ચૂંટણીમાં કોંગ્રેસને ભારે શિકસ્ત મળી." એક કોંગ્રેસવિરોધી જનસંઘીએ કહ્યું.

"પણ કોંગ્રેસની સત્તા ઓછી નબળી પડી છે? જુઓને સી. સી. દેસાઈ સીલોન હાઈકમિશ્નર તરીકે ગયા કે તરત એમનો બંગલો વિજયાલક્ષ્મી પંડિતને મળી ગયો. આટલો મોટો બંગલો એ એકલી બાઈને શું કરવો છે?" દિલ્હીમાં ઘર માટે વલખાં મારતા એક પત્રકાર બોલી ઊઠ્યા.

"અરે એ તો ઠીક. આ વખતે રેડિયો સ્ટેશન ડિરેક્ટરની જગ્યા માટે અરજી કરી હતી. પણ એમાં પબ્લિક સર્વિસ કમીશને એક મિનિસ્ટરના ભાણેજ તરફ પોતાની મહેરબાની ઢોળી દીધી." કૉલેજના એક પ્રોફેસરે હાયવરાળ કાઢી.

"પરંતુ અમારા આ સાહેબ સારા છે. જ્યારે કહીએ ત્યારે કામ કરી આપે છે. બાબુજી, આ સંદેશ ખાસ લ્યો. અમારી પાડોશની દુકાનેથી હું ખાસ તૈયાર કરાવીને લાવ્યો છું. આજની સામગ્રી બધી મારે ત્યાં જ લગભગ બની છે." એક શેઠિયા જેવા લાગતા દિલ્હીના લાલાજીએ હસીને વાત કરી દીધી.

હું બીજી તરફ અમારા યજમાન સાથે વાત કરતો હતો. પણ એ બેચેન હતા. કોઈની રાહ જોતા હતા. એટલામાં એક નેતા જેવા દેખાતા ખાદીધારી ગૃહસ્થ આવી પહોંચ્યા. લગભગ અડધા ઉપરાંત માણસો ઊભા થઈ ગયા. હું પણ સૌની સાથે ઊભો થઈ ગયો. એ તો પાર્લામેન્ટના સભ્ય હતા. અને તરત જ પાછળ એક ત્રિરંગી ઝંડો ફરકાવતી મોટી મોટર આવી પહોંચી. યજમાને દોડીને બારણું ઉઘાડ્યું. દેવ પધાર્યા હોય તેમ ભક્તો ઊભા થઈને હાથ જોડી રહ્યા. સૌને ઓળખાણ કરાવી કે આ આપણા ડેપ્યુટી મિનિસ્ટર છે.

મિનિસ્ટર તરત જ પાર્લામેન્ટના સભ્ય સાથે વાતે વળગ્યા; "કેમ, તમારા પ્રશ્નો તમારે કઢાવવો હતો એવો જ જવાબ આપ્યો ને!"

"તમે બહુ મહેનત કરો છો આજકાલ. મોડી સાંજ સુધી ઑફિસમાં બેસો છો." પેલા સભ્યે વખાણનું વલણ દેખાડ્યું. એક પછી એક રસગુલ્લાં એમના મુખમાં જતાં હતાં.

"અરે અમારી તો કંઈ જિંદગી છે. મહેનત કરીને મરી જઈએ. કીર્તિ ખાટે મિનિસ્ટર. અને પગાર અમને એમના કરતાં અડધોય નહીં." પેલા ડેપ્યુટીએ વાત કરીને સિગરેટનો જોરથી દમ લગાવ્યો.

એટલામાં એક નાની મોટર આવી. અંદરથી એક જુવાન બાઈ ઊતર્યાં. પોષાક હિંદી હતો. પણ ઠાઠ બધો જ યુરોપીય. અરે આ તો યજમાનનાં પત્ની હતાં. સૌએ ઊભા થઈને જયજયથી વધાવી લીધાં. મોડા આવવા માટે માફી માગી. પોતાની મિટિંગ મોડે સુધી ચાલી તેની ફરિયાદ કરી. એ બાઈએ ચહા પીધી ન પીધી ત્યાં તો એમના પતિએ કાનમાં કંઈક કહ્યું. એમણે તરત આયાને બૂમ પાડીને પોતાની પુત્રી નયનાને બોલાવી. ઢીંગલી જેવી છોકરી મનોરમ હતી. એની પાસે નૃત્ય કરાવ્યું. મહેમાનોએ એ બાળામાં ભાવિષ્યની મહાન નર્તિકા ભાળી.

ચહા પૂરી થવા આવી. મહેમાનો ધીરે ધીરે વિખરાવા માંડ્યાં. નિકટનાં બેચાર સ્વજનો રહ્યાં. સાંજ નમી પડી હતી. યજમાનપત્ની સૌને પોતાની બેઠકમાં અંદર લઈ ગયાં. પીણાની પૂછપરછ થઈ અને શરાબના, શરબતના પ્યાલાઓની બહારે વાતાવરણને ભરચક કરી દીધું.

થોડી વારે એક ફોન આવ્યો. યજમાનપત્નીને બીજી મિટિંગમાં જવાનું હતું. થોડી વારે મોટરમાં આવીને એક ગૃહસ્થ એમને લઈ ગયા. જતાં જતાં આયાને બોલાવીને બાળકોને ખવડાવવા પીવડાવવાની સૂચનાઓ આપતાં ગયાં. હવે રહ્યાં અમે ત્રણ જણાં. યજમાન, એમનાં એક સ્ત્રી મિત્ર અને હું. ધીરે રહીને અમારા યજમાને મને કહ્યું કે તમે અમારા મિનિસ્ટરને ઓળખો છો. તમે એક વાત એમના અંતરમાં વસે એ રીતે કહો તો હું આભારી થઈશ જિંદગીભરનો. હમણાં અમારા ખાતામાં ઉપરની એક જગા ખાલી પડવાની છે. એ મને જ મળે એટલું તમારે કરવાનું. એમ કહીને મારો હાથ દાબ્યો ને આખો ગ્લાસ ગટગટાવી ગયા.

બન્ને મિત્રો એક પછી એક ગ્લાસ પૂરો કરતા હતા. મેં આખરે રજા માગી. યજમાને કહ્યું કે હું તમને ઘેર ઉતા[રી] જઈશ. મેં કહ્યું કે આજે બિલકુલ ચાલ્યો નથી માટે ચાલી[શ] જરા. મેં ચાલવા માંડ્યું. આખે રસ્તે જાણે શ્વાસ રૂંધાતે હોય એવી મૂંઝવણ થયા કરી. પેલા શરાબની દુર્ગંધ જા[ણે] સાથે આવતી હતી.

અંધારામાં

આથમી ગઈ હતી સાંજ. રાત પડતી હતી. અંધારિ[યું] હતું. નવી દિલ્હીની અપંગ રોશનીનો અંધારાને હિસા[બ] નહોતો. શિયાળો હતો. ઠંડી તો કહે કે મારું રાજ્ય, કોંગ્રે[સ] નહીં. નવ વાગી ગયા હતા. શાહજહાં રોડ ઉપર મ[ારા] વિના બીજું કોઈ માણસ દેખાતું નહોતું. કોઈ પણ જાત[ના] વાહનનો પત્તો લાગતો નહોતો. બસ માટે થોડી વાર થોભ્[યો] પણ એનુંય નામનિશાન નહીં. મેં આકાશ ભણી જોઈ[ને] ચાલવા માંડ્યું. એકબે ઝબકતા તારાનો સાથ લી[ધો.] સપ્લાય ઑફિસ કે જ્યાં દિવસે વસ્તીનો પાર નહીં ત[્યાં] ચકલુંય ફરકતું નહોતું. મારે આખો શાહજહાં રોડ [પાર] કરીને છેક કર્ઝન રોડ સુધી પહોંચવું. ઇન્ડિયાગેટ પર પહોં[ચું] તો કંઈક વસ્તી મળે. ચાલને જરા તેજ કરી. ત્યાં ગ્રેગા[ન] હાઉસથી જરા આગળ એક ઝાડની નીચે અંધારે [બે] માણસો દેખાયાં. પાસે જઈને જોયું તો એક સ્ત્રી [અને] પુરુષ. ત્રીજી હતી સાઇકલ. બાઈએ બગલમાં બાળક દબા[વ્યું] હતું. પુરુષ જુવાન હતો. સાઇકલ સાથે માથાઝીક ક[રતો] હતો. મેં પાસે જઈને કહ્યું કે કંઈક મદદ કરું? જુ[વાન] જેવો જુવાન બિચારો લાચાર થઈને બોલ્યો: "બાબુ[જી,] સાઇકલને પંક્ચર થયું છે. અમે બન્ને પતિપત્ની કામે [જતાં] હતાં. ત્યાં જ આને થોડા કલાક પહેલાં બાળક અવતર્યું. એને સાયકલ પર પાછળ બેસાડીને લઈ જતો હતો [ત્યાં] સાલું આ પંક્ચર પડ્યું. નસીબ બે ડગલાં આગળ આગળ."

એટલામાં ઘોડાના ડાબલાનો અવાજ સંભળાયો. [મેં] કહ્યું: "કોઈ ટાંગો આવતો હોય તો હું તારી પત્નીને પહોંચાડું. તું સાઈકલને લઈ ચાલતો આવી પહોંચ."

"બાબુજી, અમે ગરીબ માણસ ટાંગાના પૈસા ક્યાં[થી] લાવીએ? આ જૂનીપુરાણી સાઇકલનું ૧૩ રૂપિયાનું [ભાડું] પણ હજી નથી અપાયું." પેલા બિચારાએ દીન વાણીમાં ક[હ્યું.]

મેં કહ્યું: "તું ગભરા નહીં. પૈસા હું આપીશ."

એટલામાં ટાંગો આવ્યો. ખાલી જ હતો. ટાંગાવા[ળાને]

ગઝલ લલકારતો વાતાવરણની શૂન્યતાને પડકારતો હતો. મેં ઠરાવીને પેલી બાઈને પાછળ બેસાડી. ટાંગાવાળા સાથે હું બેઠો. ટાંગો ચાલ્યો. આઠદસ વળાંક પછી એક બંગલાના પાછલા ભાગમાં જ્યાં નોકરોની ઓરડીઓ હોય છે ત્યાં પેલી બાઈએ ઊભો રખાવ્યો.

મેં પેલી બાઈને ઊતરીને કહ્યું : "હવે તને હરકત ન હોય તો હું જાઉં. ટાંગાવાળાને હું ચૂકવી દઈશ. લે આ." કહીને મેં પાંચ રૂપિયાની નોટ પેલી બાઈના હાથમાં મૂકી.

"હું નહીં લઉં. અને તમે પણ બાબુજી, રોકાઓ. મારો ઘરવાળો આવે પછી જ જાઓ." એણે ટાંગાવાળાને કહ્યું : "ભાઈ, જરા સામે રોકા."

બાળકને ઓટલે મૂકીને એણે અંધારામાં જ ઓરડીનું તાળું ઉઘાડયું. અંદર જઈને દીવાસળી શોધી કાઢી. ગ્યાસલેટનો ખડીઓ ચેતાવવા મહેનત કરી પણ ખડીઆમાં ગ્યાસતેલ જ ના મળે. એક ડબ્બો ઉઘાડીને અડધી મીણબત્તી કાઢી એણે ચેતાવી. હું ઊભો જ હતો. બાઈએ અંદર દોરીનો તૂટેલો ખાટલો હતો તેના ઉપર એક મેલું લૂગડું બિછાવી મને બેસવાનું કહ્યું. પણ મેં કહ્યું "હું જરા બહાર ફરું છું. પણ આ બંગલો કોનો ? અને પાછળ કયો રસ્તો ?"

"આ બંગલો સંગતબાબુનો. અને પાછલો રસ્તો બારાખમ્ભા રોડ." બાઈ જવાબ મને આપતી હતી પણ મીણબત્તીના અજવાળામાં બાળકનું મુખ જોતી હતી.

અરે આ તો મારા તે દિવસના યજમાન અફસરનો બંગલો. હું સાંભળું તે જ રીતે મારું મન બોલ્યું: "આગલે બારણે અજવાળામાં દંભની દિવાનગીરી ચાલે., પાછળ દરિદ્રનારાયણની ગરીબનવાજી જીવે. કુદરત પણ કમાલ છે."

એટલામાં પેલો પુરુષ આવી પહોંચ્યો. મને જોઈને ગદ્‌ગદ થઈ ગયો. એણે અવાજ કર્યો કે બાબુજીને બેસાડયા પણ નહીં. મેં જ ઉત્તર આપ્યો કે મારે જરા બહાર આંટા મારવા હતા.

"અરે જુઓ તો આનું મોઢું તો તમારા જેવું લાગે છે !" સ્ત્રીનો મધુર આશાભર્યો અવાજ આવ્યો.

"બાબુજી, આ અમારો પહેલો દીકરો છે." ને દોડયો મુખડું જોવા. જોઈને બોલ્યો "અરે, જા, જા મોઢું તો બરાબર તારા જેવું છે."

"સાંભળ્યું, બાબુજીને જરા ગોળ આપો. મોઢું મીઠું કરે. એમના આશીર્વાદથી આ આપણો રાજા મોટો થઈ જાય." સ્ત્રીના અવાજમાં માતાનું વાત્સલ્ય અને મધુરતા નીતરતાં હતાં. ચહેરા પર ત્રિભુવનના રાજ્યની ખુમારી હતી.

પેલી પાંચ રૂપિયાની નોટ પેલા પુરુષના હાથમાં ધરી.

એણે આશ્ચર્ય પામીને પૂછ્યું : "આ શું ?" મેં કહ્યું : "હું પણ બાળકના કાકા થાઉં. મારે કંઈ આપવું જ જોઈએ ને ! એનું મોઢું જોઈને ખાલી હાથે કંઈ જવાય !"

હું એ ઓટલાનાં પગથિયાં ઊતર્યો ત્યારે પેલાં બે પતિ-પત્ની સાથે ઊભાં હતાં : અંધારામાં એકતાના અવતાર જેવાં. ટાંગામાં બેસીને પેલી ગોળની કાંકરી મોઢામાં મૂકી. આજે વાણી બોલતી નહોતી પણ અંતર પ્રફુલ્લ હતું. શ્વાસમાં જિંદગીની ખુશ્બૂ હતી. પૃથ્વી પર અમીરીને આહ્વાનરૂપ આવી ગરીબી છે ત્યાં સુધી પુણ્ય પરવાર્યું નથી.

[અનુસંધાન પૃ. ૮૮થી]

કેળવવી જોઈએ. પ્રથમ તો એ શું છે અને તેના વિકાસનાં શાં કારણો અને માર્ગો છે તે સમજવા આપણે પ્રયત્ન કરીએ, અને આપણે તેનાં શ્રેષ્ઠ તત્ત્વો જોતાં શીખીએ. અને કોઈ પણ સંસ્કૃતિનું શ્રેષ્ઠ તત્ત્વ—પછી તે સંસ્કૃતિ પ્રાચીન હોય કે આધુનિક, પાશ્ચાત્ય હોય કે પૌરસ્ત્ય–એ તેનો આધ્યાત્મિક ગુણ છે, નહિ કે તેનાં માત્ર ભૌતિક સુખચેન. આપણે ત્યાં અમેરિકાની અખૂટ સંપત્તિ કે અસાધારણ સંયોગો નથી, પરંતુ હવે પછીનાં વર્ષોમાં આપણે ધારીએ તેવી રીતે આપણા દેશની નવરચના કરી શકીએ એમ છીએ. આપણા જેવું લોકશાહી તંત્ર, આખર તો, તેના નેતૃત્વ પર આધાર રાખે છે; કારણ કે કોઈ પણ દેશ, ત્યાંનાં નાગરિક સ્ત્રીપુરુષો મહાન ન હોય ત્યાં સુધી, ગમે તેટલી સંપત્તિ હોવા છતાં, મહાન થઈ શકતો નથી. આવી નેતાગીરી પ્રાપ્ત કરવા માટે આપણે મુખ્યત્વે આવતી પેઢી પાસે આશા રાખીએ કારણ કે સાંપ્રતકાળનું આહ્વાન એમણે ઝીલવું પડશે. નોર્થવેસ્ટના સ્નાતક-વર્ગના વિદ્યાર્થીઓને સંબોધન કરતાં મી. એડલાઈ સ્ટીવન્સને ત્રણ વર્ષ પહેલાં કહ્યું હતું તેમ : "તમે નવા પરિમાણની દુનિયામાં રમવા અને કામ કરવાના છો.... મહાન, અવિશ્રાંત બળો પ્રવૃત્ત થયાં છે...પૃથ્વીના ખૂણેખૂણા એ ક્ષોભ અનુભવી રહ્યાં છે."

[અનુ. રવિશંકર સંતોષરામ ભટ્ટ]

ઉદયશંકરનાં નૃત્યો—દિલ્હીનો પત્ર

કિશનસિંહ ચાવ

પ્રિય ભાઈશ્રી,

ગયે મહિને સ્વાતંત્ર્યપર્વ નિમિત્તે અહીં થયેલાં લોકનૃત્યો વિષે એક પત્ર તમને લખ્યો હતો. આજે બરાબર એક માસ પછી શ્રી ઉદયશંકર વિષે લખું છું.

ઉદયશંકરનાં નૃત્યો આ વખતે મેં લગભગ પાંચછ વરસ પછી જોયાં. ગઈ વખત જોયા પછી એઓ યુરોપ-અમેરિકા પણ પોતાની મંડળી સાથે ફરી આવ્યા. છેલ્લી વખતે મેં એમનાં નૃત્યો લંડનમાં જોયાં હતાં. આ વખતે એમનો કાર્યક્રમ જોઈને અંતઃકરણ પુલકિત અને પ્રસન્ન થયું. લલિત કલા એ જીવતું તત્ત્વ છે અને જીવતું છે એટલા માટે સમુત્ક્રાંતિશીલ છે. જિંદગી આ કલાની બુનિયાદ છે, એટલે આ કલાના ઉપાસકો પણ સજીવન, સત્ત્વશીલ અને પ્રગતિપ્રેરક હોવા જોઈએ. ઉદયશંકરમાં આ સર્વ વાતોનો બહુ જ સુભગ સમન્વય છે. એક રીતે કહીએ તો ઉદયશંકરની આખી કલાસાધના સમન્વયમાંથી જ સંવાદિતા સરજે છે. એના વસ્તુવિધાનમાં સંઘર્ષની છાંટ હોય છે, પરંતુ એની સર્જનલીલામાંથી નિપજતા સુમેળનું નિયામક તત્ત્વ છે એની સમન્વય સિદ્ધ કરવાની આબાદ કુશળતા. આ કૌશલને કારણે એમનાં નૃત્યોમાં રંગોની છટા, પ્રકાશની લીલા, સૂરનો સથવારો, તાલનું દાક્ષિણ્ય, ભાવોની રમણા અને ગરવી ગતિશીલતા આ સર્વ પરસ્પર એવાં તો હળીમળીને તલ્લીન થઈ જાય છે કે એમાંથી એક જ સંવાદી સત્ત્વ સરજાય છે : જીવન.

આ વખતે રંગદેવતાની આરાધના એમણે સંઘવાદનથી કરી હતી. ક્યારેક એઓ પ્રાર્થનાથી પણ કરે છે. સંઘસાજથી થતી શરૂઆત આખાય કાર્યક્રમને માટે યોગ્ય અને અનુકૂળ વાતાવરણ જમાવે છે. પહેલું 'રાજપૂતવધૂ'નું નૃત્ય અમલાએ કર્યું. પરણવા જતી કન્યાના પહેરવેશમાં ઐશ્વર્ય અને અપૂર્વતા બન્ને ભારોભાર હતાં. રંગોની છટાથી ઐશ્વર્ય ઓપતું હતું. આલોકને કારણે ઝબકતી આ દર્શનીય હતી. સંગીતમાં આતુરતા અને માદકતા સા રમતાં હતાં. અને તાલથી સચવાતી વધૂની લજ્જા એ આખાય નૃત્યનું સૌન્દર્યશિખર હતું. આંખે રમણીય અસ્પષ્ટતાને જુએ તે પહેલાં તો ઘૂંઘટ તાણીને અદૃશ્ય થઈ ગઈ. માત્ર ભણકાર મૂકતી ગઈ. ખરી ને!

કાર્તિકેયનું નૃત્ય એ ઇંદ્રના નૃત્યની જેમ ઉદયશં આગવી સિદ્ધિ છે. એમના શરીરમાં કંઈક મેદ વધે છતાં એમના દેહના હલચલનની ચારુ ગતિમાં ખાં પડ્યો નથી. કાર્તિકેયનું આખું નૃત્ય જ ગતિનું કાવ્ય છે. નૃત્ય તો એમાં સેવકની જેમ સાથ જ આ ચક્રવર્તિ રહે છે ભાવોનું નિદર્શન. ભાવોનાં વિવિધ કરણો સાથે જુદા જુદા વાદ્યોમાંથી નીકળતા આતશબાજી જે સહકાર સાધે છે અને એની સાથે નો જે મેળ મળે છે તેનાથી કાર્તિકેયનું વીર્યવાન પરાક્રમની અદ્ભુત છટા ધારણ કરી રહે છે વસ્ત્રપરિ તો વાત જ ન્યારી છે. અલંકારની કલામાં ઉદ એક્કો છે.

ગ્રામતહેવારના નૃત્યમાં ઉદયશંકર અને અમલા ભાગ નથી લેતાં. છતાં એમની મંડળી અદ્ભુત રંગ છે. ગામડિયા વેષમાં સજ્જ થયેલાં સ્ત્રીપુરુષો મુક્ત કરતાં નીકળે છે. સંગીતમાં ઉત્સાહ છે, આનંદ છે. થૈકાર છે, થડકો છે. પણ વહ્યું જાય છે નદીના પ્ર જેમ ખળખળતું. સ્વાભાવિકતા, મુક્તિ અને જીવનશીલતા આ નૃત્યનાં મૂલભૂત તત્ત્વો છે. અહીં નથી, લહેકો છે. સૌન્દર્ય કરતાં શક્તિની મુક્ત રમ અહીં વ્યક્તિવિશેષ નથી, સંઘ સર્વોપરી છે. એટલે નહીં, સહકારની બોલબાલા છે. નૃત્યને અંતે ખુશાલી મહેકી રહે છે.

ખેડૂત યુગલનું નૃત્ય ઉદયશંકર અને અમલા કરે છે. જીવનનો સાથ નૃત્યમાં વાચાળ થઈ ઊઠે છે. ગ્રામતહેવારના નૃત્યના ગુણો ઉપરાંત આ નૃત્યને બે આજન્મ કલાકારોનો પ્રસાદ મળ્યો છે. એટલે ભાવોની સૂક્ષ્મતા, ગતિની ચારુતા અને તાલની સરસતાને કારણે સહજ જીવનનો ફુવારો અહીં નિર્ભયપણે સુગંધનો છંટકાવ કરે છે. સ્ત્રી અને પુરુષ બન્નેમાંથી તાકાતનાં તીરો છૂટે છે. પણ પુરુષ જ્યારે આનંદથી ધૂણવા માંડે છે અને સ્ત્રી જ્યારે શક્તિ બનીને એને વરદાન આપે છે ત્યારની ગતિશીલતા એવો જીવનદાયી પ્રકંપ નિપજાવે છે કે આખી હસ્તી મસ્ત બની જાય છે.

મજૂરી ને યંત્રનું નૃત્ય એ ઉદયશંકરનો જૂનો નુસખો છે. પહેલાં પણ મેં જોયો હતો. એ વખતે એની છાપ મારા ઉપર બહુ સંવાદી નહોતી પડી. આખરી અસરમાં ઘણી અસ્પષ્ટતા રહી જતી હતી એવી આછી યાદ છે. પણ આ વખતે આ નૃત્યમાં ઘણો ફેરફાર લાગ્યો. આ વખતે સંગીત વધારે અસરકારક લાગ્યું, ભાવોનું પ્રકટીકરણ સ્પષ્ટ અને અર્થબોધ બલવાન લાગ્યો. એક ગામડું છે. ગામલોકો હાથમજૂરીથી પેટ ભરીને સુખી છે. આ દૃશ્ય બહુ જ સ્વાભાવિકતાથી ઉપજાવ્યું છે. તાલસંગીત આછું પણ ગતિસાધક છે. ઉદયશંકર પોતે ગામનેતા છે. જુનીપુરાણી રીતે લોકો સંતૃપ્ત છે. ત્યાં યંત્રઉદ્યોગના પ્રતિનિધિ તરીકે અર્વાચીન સંસ્કૃતિનો વાહક બુશકોટ અને પાટલૂનમાં એક 'પ્લાન'–યોજના લઈને આવે છે. એમાં બધા જ ગ્રામઉદ્યોગોને યંત્રથી ચલાવવાની યોજના છે. સૌને દેખાડે છે. સૌ પેલાની મશ્કરી કરે છે. ગામનો વૃદ્ધ માણસ, ગામનું સ્ત્રીધન, ના કહે છે. પણ પેલો અર્વાચીન યંત્રમાનવી એક વસ્તુ સાથે લાવ્યો છે: શરાબનો શીશો. એક સાધુ ધર્મપુસ્તક લઈને આવે છે. શરાબ અને ધર્મ વચ્ચે ગામનેતાના મનમાં ઘર્ષણ જાગે છે. આખરે યંત્રનો વિજય થાય છે. ગામ આખામાં બધા ઉદ્યોગો યંત્રથી ચાલતા થાય છે. પરિણામે સમૃદ્ધિ બહાર ઘસડાતી જાય છે. મજૂરીમાં પેટ ભરાતું નથી. શક્તિ ઘસાતી જાય છે. લોકો દુઃખી દુઃખી થઈ જાય છે. પાછો ગામનો વૃદ્ધ આવે છે. સાધુ આવે છે. ગામનેતાને સમજણ પડે છે. સૌ એક સાથે મળીને યંત્રોનો વિનાશ કરે છે. અને પાછી પોતાની જૂની ગ્રામ-સંસ્કૃતિની સાધના શરૂ થાય છે. સર્વ જનતાના મુખ પર હાસ્ય પાછું આવે છે, આનંદની સુરખી ઊઠે છે. સુખની સંતૃપ્તિને કારણે ગામડું પુનર્જીવન પામે છે. આ બધું નૃત્ય, ભાવ, મુદ્રા, સંગીત અને પ્રકાશસંયોજન દ્વારા બહુ જ સંયત રીતે પ્રગટ થતું જાય છે. અહીં પણ ઉદયશંકરની પ્રેરણાની જનેતા લોકો છે.

આ વખતે 'મહાભિનિષ્ક્રમણ'નું નૃત્ય એ ભાવના, શાસ્ત્ર અને સૌન્દર્યની દૃષ્ટિએ અભિનવ અને અપૂર્વ હતું. આમાં છાયાનૃત્યના પ્રકારનો વણાટ નવી ભાત પાડતો હતો. દૃશ્યોની રચનામાં દૃષ્ટિની નવીનતા અને તાઝગી વરતાતી હતી. પ્રારંભમાં છાયાનૃત્યથી અવ્યવસ્થા, વ્યસ્તતા અને હાહાકાર, ખૂનામરકી અને ખાનાખરાબી બતાવ્યાં. પળ-વારનો અંધકાર ને નવો પ્રકાશ. એક બૌદ્ધમઠમાં શરણાર્થીઓ આશરો લે છે. બૌદ્ધસાધુઓ એમને આશ્વાસન અને શાંતિ આપે છે. હિજરતીઓને પળ વાર નિદ્રા આવે છે. ત્યાં એમનામાંથી એકને બુદ્ધના મહાભિનિષ્ક્રમણનું સ્વપ્ન આવે છે.

આ આખુંય સપનું સંગીત, નૃત્ય અને ભાવભાવનાથી ભરપૂર બનીને સજીવન બને છે ત્યારે આંખો ઠરે છે. અંતઃ-કરણને આહ્લાદ મળે છે. ઉદયશંકર સિદ્ધાર્થ સ્વરૂપે અને અમલા યશોધરા રૂપે દામ્પત્યની અનાવિલ એકતાનું જબર-જસ્ત વાતાવરણ જમાવે છે. સિદ્ધાર્થ ગરીબી જુએ છે, વૃદ્ધત્વને નીરખે છે ને મૃત્યુને મળે છે ત્યારે અકળાઈ જાય છે. આ સર્વનો ઉકેલ પામવા એનું મન અધીર થઈને આકુલ થઈ જાય છે. અમાત્યને આ બધી વસ્તુઓ નહીં દેખાડવી છતાં સિદ્ધાર્થથી જોવાઈ જાય છે. આ સર્વ દર્શનથી એના અંતઃકરણમાં ઊંડો વિષાદ પ્રગટે છે. અને એને પરિણામે એ ગૃહત્યાગનો નિર્ણય કરીને આત્મસાક્ષાત્કારનો માર્ગ સ્વીકારે છે. આ નિર્ણયની સામે યશોધરાની આરઝુ અને ગૃહત્યાગ નહીં કરવાની આજીજી પોતાના પ્રેમનો એવો વિલાપ કરાવે છે કે એમાંથી કારુણ્ય છલકાય છે. રડતી રડતી યશોધરા જંપી જાય છે. દાસદાસીઓ પણ ઊંઘી જાય છે. ત્યાં મધરાતે સિદ્ધાર્થ ઊઠે છે, પત્નીને નિહાળે છે, શય્યા છોડે છે, વળી પાછો વળે છે, અને આખરે વિદાય લે છે. યશોધરા જાગે છે, અસ્વસ્થ બને છે, બનવાનું હતું તે બન્યું જ એવા વિધિના વિધાનને શરણે થઈ પોતાના પ્રિયતમનું મંગલ વાંછે છે. પળ વાર અંધકાર, ને પાછળ બોધિવૃક્ષની નીચે તથાગત તપ તપે છે. એને છળવા ને

ભ્રષ્ટ કરવા મારાઓ આવે છે, અપ્સરાઓ ઊતરે છે. પણ અમિતાભ પોતાના જીવનવ્રતમાં અચળ રહે છે. આખરે આ અકલંક બુદ્ધ પોતાને પામે છે: પળ વાર અંધકાર છવાય છે ને બીજી જ પળે પેલા બૌદ્ધમઠમાં નિદ્રાધીન થયેલા શરણાર્થીઓમાંથી પેલો સ્વપ્નસેવી જાગે છે. મહાભિનિષ્ક્રમણના એ સપનામાંથી એનું અંતર શ્રદ્ધા પામે છે. સત્પુરુષોનું ને સદ્ભાવનાનું સ્વપ્ન પણ મિથ્યા નથી જતું એવો આત્મવિશ્વાસનો સંકેત આ નૃત્યકથાના અંતને સુમંગલ બનાવે છે.

આ આખાય દૃશ્ય દરમિયાન જેમ જેમ કથા પલટાતી જાય છે તેમ તેમ સંગીત પણ વળાંકો લેતું જાય છે. તાલનું વૈવિધ્ય, પહેરવેશની સુરુચિ, પ્રકાશનું સંયોજન અને દૃશ્યબદલાની નવીન કલા એવી તો મનોહારી બને છે કે સર્જકને જે વાત કહેવી છે તેમાં પોતાનો સંવાદી સૂર પુરાવે છે.

ઉદયશંકરમાં સર્જક અને સંયોજક તરીકે રૂપનિર્માણ કરવાની શક્તિ ઘણી સારી છે. એટલે જ એમના વિચારને એઓ સંવેદના અને સદ્ભાવનાનો એવો સથવારો આપે છે કે એમાંથી જીવન સરજાય છે. સંગીત અને ભાવ દ્વારા એને એ પ્રફુલ્લિત કરે છે. પ્રકાશ અને પરિધાન દ્વારા એને એઓ દેદીપ્યમાન બનાવે છે. આખાય ક્રમ દરમિયાન સમયનો ક્યાંય બગાડ નહીં. વાગે એવું ક્યાંય સંગીત નહીં. સુરુચિને ગમગીન કરે એવી ક્યાંય કદરૂપતા નહીં. અને છતાંય કોઈ વાતની ક્યાંક અતિશયોક્તિ નહીં અને ઊણપ નહીં. બસ આ વિવેકશીલ સમતુલા એ જ ઉદયશંકરની કલાની પરમ સાર્થકતા છે.

લોકનૃત્યોમાં પણ જિંદગી વરતાતી હતી એનું કારણ એમાં સ્વાભાવિકતા હતી, લોકજીવનની બુનિયાદી પ્રેરણા અને બળ હતાં. ઉદયશંકરનાં નૃત્યો જોઈ ને પણ એવી જ લાગણી થાય છે કે જ્યાં જ્યાં એ સફળ થયાં છે ત્યાં ત્યાં એમની પ્રેરણાનો પાયો કાં તો લોકજીવન છે અથવા લો[ક]ધર્મની અનુભૂતિ છે. લોકજીવન અને લોકધર્મથી અ[ળગા] રહીને આજે કોઈ પણ કલા કે કલાકાર કદાચ જીવી શકે, એ વિજયી નહીં થઈ શકે.

ઉદયશંકર કઈ નૃત્યપરંપરાના સાધક છે? કોઈ પરંપરાના એ શુદ્ધ અનુયાયી નથી. એમનાં નૃત્યોમાં ભા[રતના] ચારેય નૃત્યસંપ્રદાયનો વિવેકશીલ સમન્વય છે. એ[મણે] મણિપુરી નૃત્યપરંપરામાંથી મુદ્રાઓની સુકુમારતા, ભંગ[ી] ભાવોનું ચારુ નિદર્શન અને લયમાધુર્ય લીધાં છે. ભ[રત] નાટ્યમમાંથી છંદગતિ, નયનકૌતુક અને અંગમરોડ અપ[નાવ્યાં] છે. કથકના કેટલાય તાલતોડાઓનો ઉપયોગ કર્યો છે [અને] કથકલીની વેષભૂષા અને તાલગાંભીર્યને પણ કામમાં [લીધાં] છે. એટલે કોઈ પણ એક શુદ્ધ ભારતીય નૃત્યપરંપરાને અનુસર્યા જ નથી. પરંતુ વસ્તુવિધાનના વિકાસમાં [અને] અર્થબોધની ચરિતાર્થતામાં એ સૌનો દૃષ્ટિસંપન્ન સમ[ન્વય] સાધ્યો છે. સમન્વય એ ભારતીય સંસ્કૃતિનું બુનિયાદી [લક્ષણ] છે. અને ભારતીય સંસ્કૃતિ લોકજીવનનું જ પ્રાંતીય[...] લોકજીવન શ્રમ સાથે સંકળાઈ ને ઓતપ્રોત થયેલું [અને] લોકધર્મ એ ઉદયશંકરનાં નૃત્યોની પ્રેરણાનો મુખ્ય [...] હોવાથી એમાં તાકાત, તાઝગી અને સ્વાભાવિક[તાનો] મુક્ત વિહાર દેખાય છે. આ વિવેકશીલતા, સમન્વ[ય] અને લોકજીવનનો સંપર્ક હોવાને કારણે ઉદયશંકર પો[તે] એક સંસ્થા બની ગયા છે. એટલે એઓ જ્યારે જ્યારે સંસ્થા સ્થાપવાના ચક્રાવામાં પડ્યા છે ત્યારે ત્યારે સર્જ[ક] સહન કર્યું છે. કલાનો આનંદ એના પ્રાકટ્યમાં છે [અને] એ જ એની સાર્થકતા છે. સાચો કલાકાર જીવે છે ત્યાં શિષ્ય અને શિક્ષક સહેજ રીતે જ હોય છે. પણ જ્યાં કલાકારને ભોગે શિક્ષકને જીવાડવાનો પુરુષાર્થ કરે છે એમાં કલા જ વિધવા બને છે.

કિશનસિંહ ચા[વડા]

નવી દિલ્હી ૨૭-૨-૫૩

ભૂલથી પણ ના પૂછો દિલની કહાની,
આગ વિણ જલતી સદા એ ધૂપદાની.

અનવર આગેવાન

પ્રજાહિતની નવી કેળવણી*

કાકા કાલેલકર

પ્રિય જુગતરામભાઈ,

સંદેશો મોકલવાને બદલે તમને એક કાગળ જ લખું છું. એનો ગમે તે ઉપયોગ કરી શકશો. આપણા દેશમાં સરકારી નોકરીનો મોહ બહુ જૂનો છે. ખેતી કરનારા ખેતી કરતા, એમાં કામ કરતાં કરતાં લોકો કેળવાતા, કારીગરોનું પણ એમ જ. વેપારની નોખી કેળવણી અપાતી નહીં. લખતાં, વાંચતાં અને ગણતાં આવડી ગયું કે છોકરો દુકાન ઉપર બેસે, અને અનુભવે બધું શીખે. લશ્કરી નોકરીમાં પ્રથમથી જ અમુક કેળવણી અપાતી પણ આગળ જતાં અનુભવે જ જ્ઞાનમાં ઉમેરો થતો. ભાષાના રસિયા ભાષા કેળવતા. જ્યોતિષીઓ, વૈદો, સંગીતશાસ્ત્રીઓ પોતપોતાના ધંધાની કેળવણી ચીવટપૂર્વક ચાલુ રાખતા એટલે કશી ખાસ રાષ્ટ્રીય યોજના વિચારાઈ ન હતી. છતાં આખો દેશ કેળવણી અને સંસ્કારથી સંપન્ન રહેતો.

મહત્ત્વાકાંક્ષી લોકો સરકારી નોકરીમાં જવા માટે હમેશાં તલસતા. એનો ઉદ્દેશ ધનપ્રાપ્તિ કરતાંયે અધિકાર-પ્રાપ્તિ એ વિશેષ હતો. એ અધિકાર લાંબા વખત સુધી ટકવાની ખાતરી નહીં એટલે કાયમી અધિકાર હોય ત્યાં સુધી વધારેમાં વધારે કમાવું, સગાંવહાલાંને અને ન્યાતના લોકોને નોકરીએ ચઢાવવા અને પરોપકારની જે વસ્તુઓ સૂઝે તે કરી પરવારવું, એવી જ વૃત્તિ રહેતી. સરકારી નોકરી અધિકાર ભોગવવાનો ઉદ્દેશ તે વખતના લોકોએ એક શ્લોકમાં ગૂંથ્યો છે :

प्राप्य चलान् अधिकारान् शत्रुषु मित्रेषु बंधुवर्गेषु
नापकृतम् नोपकृतम् न सत्कृतम् किं कृतं तेन ॥

—ચાર દિવસના ચાંદરણા જેવા અધિકારો રાજા પાસેથી મેળવીને જેણે પોતાના શત્રુનું નુકસાન ન કર્યું, પોતાના મિત્રો પર ઉપકાર ન કર્યો અને સગાંવહાલાં તેમ જ ન્યાતીલા લોકોની પ્રતિષ્ઠા ન વધારી તો તેણે કર્યું શું ?

ધની લોકો અમુક પૈસા ખર્ચીને લોકોનાં દુઃખનું નિવારણ કરતા. સાધુસંતો ઉપદેશ દ્વારા અને જડીબુટ્ટી દ્વારા લોકોની આધિવ્યાધિ મટાડતા અને આપણો સમાજ શાન્તિ અને સલામતી સાથે પ્રગતિ કરતો.

હવે સમાજની રચના બદલાઈ છે. પરદેશી રાજ્યસત્તાને લીધે જે ફેરફારો આપણે ત્યાં થયા તે લાંબા વખત સુધી ચાલ્યા હોવાથી આપણને તે જાણે સદી ગયા છે. એમાંથી થતાં લાભહાનિનો વિચાર આપણે કરતા નથી અને કેળવણી દ્વારા દરેક વ્યક્તિ પોતાની તરક્કી, બઢતી અને પ્રગતિ સાધવાનો પ્રયત્ન કરે છે. કેળવણી દ્વારા સેવાશક્તિ વધારવા-ની વૃત્તિ હજી પૂરતી ખીલેલી નથી. જ્ઞાન અને કૌશલ્યના વિકાસને અર્થે જ કેળવણી લેનારાઓની સંખ્યા નહિ જેવી છે. જ્ઞાનની ઉપાસના, કૌશલ્યનો વિકાસ અને માણસની સુખાકારીની વૃદ્ધિ, એનો ઇજારો હજીયે જાણે પરદેશના લોકોનો જ છે.

આવી સ્થિતિમાં દેશહિતચિંતક સત્પુરુષોએ સમાજ-સેવાનો આદર્શ લોકો આગળ મૂક્યો અને સ્વામી વિવેકાનંદ અને ગાંધીજી જેવી શ્રેષ્ઠ વ્યક્તિઓએ એ સેવાવૃત્તિને વ્યવસ્થિત અને સંગઠિત રૂપ આપવાનો પ્રયત્ન શરૂ કર્યો. એમાંથી નવી કેળવણીનો ઉદય થયો. 'સ્વહિત'નો ધંધો નહીં પણ લોકહિતનો ધંધો કરવા માટે જે કેળવણી યોજાઈ તે હવે રાષ્ટ્રવ્યાપી કેમ થઈ શકે એનો વિચાર આપણે કરવાનો છે.

વ્યક્તિનો સર્વાંગીણ વિકાસ, સમાજની સર્વાંગીણ પ્રગતિ અને માનવતા બધી રીતે ખીલે એ જાતની સમાજની નવરચના એ આ નવી કેળવણીનો ત્રિવિધ આદર્શ છે. એ આદર્શ જરા પણ મોળો ન પડે એની ચીવટ રાખીને એ કેળવણી લેવા વધારેમાં વધારે યુવકો અને યુવતીઓ કેમ લલચાય એ પણ આપણે જોવાનું રહ્યું.

*શ્રી ગુજરાત નઈ તાલીમ સંમેલન – ગૂંદીને શ્રી કાકાસાહેબ કાલેલકરે મોકલેલો સંદેશો.

જે કેળવણીને રાજમાન્યતા મળે છે તે કેળવણી લેવા તરફ બહુજનસમાજ દોડે છે એ વસ્તુ આપણે ભૂલી ન શકીએ. જ્યારે પરરાજ્ય હતું અને સરકારી કેળવણી વિષે આપણે તિરસ્કાર કેળવી શકયા હતા ત્યારે પણ સરકારી કેળવણી તરફનો પ્રજાનો પ્રવાહ નાનોસૂનો ન હતો. અને હવે તો પરદેશી લોકોનું રાજ્ય રહ્યું નહીં, સ્વદેશની સેવા અને સરકારી નોકરી વચ્ચે વિરોધ દેખાતો નથી. એવે વખતે સરકારમાન્ય કેળવણી તરફ જ લોકો દોડતા રહેવાના એ સ્પષ્ટ છે. તેથી કેવળ પ્રજાહિતનો જ વિચાર કરનારા લોકોએ પણ પોતાની કેળવણીની પદ્ધતિની છાપ સરકાર ઉપર પાડયા વગર ચાલવાનું નથી.

આપણે ત્યાં પરરાજ્ય મટયું એ અર્થમાં સ્વરાજ્ય થયું છે ખરું, પણ હજી એ પ્રજારાજ્ય થયું નથી. પ્રજાના આગેવાનોના હાથમાં રાજસત્તા આવી ગઈ છે અને છતાં એ પ્રજારાજ્ય થઈ શકયું નથી કેમ કે અહીંની કેળવણી હજી જૂની ઢબના લોકોના હાથમાં જ છે. મધ્યમ વર્ગના અને ઉપલા વર્ગના સ્વાર્થ માટે કલ્પેલી કેળવણી જે લોકોના હાથમાં હતી તે લોકો આજની સરકાર તળે પણ ફાવી ગયા છે. 'વસ્તુસ્થિતિને ભૂલી ન જ જવાય' એવી દલીલ કરીને તેઓ આદર્શવાદને પરાસ્ત કરી શકયા છે અને ભણેલા લોકોના બૌદ્ધિક આલસ્યનો લાભ લઈ જૂની ઘરેડ મજબૂત કરતા જાય છે.

ભોળી અથવા આંધળી પ્રજા કહે છે કે અમે તો સરકાર-માન્ય કેળવણી જ અમારાં બાળકોને આપીશું અને સરકારની માન્યતા જૂની ઘરેડના હાથમાં ફસાઈ છે. સ્વરાજ થતાં વેંત જ એ લોકો જરા ગભરાઈ ગયા હતા. ગાંધીજીએ ચલાવેલી અને કોંગ્રેસે મંજૂર રાખેલી કેળવણીની તરફેણમાં તેઓ બોલવા લાગ્યા હતા. એમ ન કરીએ તો પોતાની નોકરી, પોતાનું સ્થાન અને પોતાની પ્રતિષ્ઠા ટકવાનાં નથી એમ એમને લાગવા માંડયું હતું. પણ જોતજોતામાં એમણે જોઈ લીધું કે ગાંધીજીનો આગ્રહ આગળ ચલાવવાની શ્રદ્ધા આજના રાજદ્વારી પુરુષોમાં નથી એટલે એમણે તરત પોતાની ભૂલ સુધારી લીધી અને જૂની કેળવણી ફરી મજબૂત કરી.

આવી સ્થિતિમાં પ્રજાહિતની નવી કેળવણીના પ્રયોગો કરવા, એ વાટે તેજસ્વી પુરુષો નિર્માણ કરવા અને એ કેળવણીનું મહત્ત્વ પ્રજાના મન ઉપર ઠસાવવું અને પોતે સરકારી પદ્ધતિની અસર તળે ન જતાં સરકાર ઉપર અસર પાડવી, એ હવે આપણું મુખ્ય કામ છે. અંગ્રેજોનું હતું તે વખતે આ કામ જેટલું અઘરું હતું તેના કરતાં એ વધારે કઠણ થઈ બેઠું છે. માટે આપણે હવે તેજસ્વિતા વાપરીને સ્વતંત્ર પ્રયોગો કર્યા કરવા અને સાથે લોકમત તૈયાર કરવા માટે પ્રજાને એનું હિત સમ જવું એ ત્રિવિધ કાર્ય કરવાનું રહ્યું. આજના નેતાઓ વાત સુખેથી ન સ્વીકારે તો આજના કોંગ્રેસવિરોધી કોઈ પક્ષ સાથે ભળી ન જતાં, સ્વતંત્ર રીતે ક્રાંતિની તૈયારી કરી

નઈ તાલીમ અથવા બુનિયાદી શિક્ષણના સિદ્ધા ચર્ચા ઘણી થઈ છે. શિક્ષકો જેમ જેમ અનુભવ લેતા અને સમાજસેવા કરતા જાય તેમ તેમ એ કેળવણીમાં થતા જશે. એની સાથે ક્રાંતિની તૈયારી પણ કરવાની તરફ ધ્યાન ખેંચવું એ મને વધારે મહત્ત્વનું લાગ્યું. વાટે ક્રાંતિ અને ક્રાંતિ માટેની કેળવણી એ આપણો ઉદ્‌ઘોષ છે.

. . .

તા. ક. આ થયો મારો સંદેશો અથવા લેખ કેટલીક વ્યવહારુ સૂચનાઓ :

જૂની કેળવણીમાં ચોપડીઓ શીખી લેવી અને ઉપજતા પ્રશ્નો તૈયાર કરવા એને મહત્ત્વ અપાતું. ત્યાર પૂ. બાપુજીએ આશ્રમ મારફતે કામ, કામ અને કેળવણી ચલાવી. બન્ને પદ્ધતિ એકાંગી હતી. એ દોષ પછી કામ મારફતે બુદ્ધિનો વિકાસ સાધવાની નવી બાપુજીએ શરૂ કરી. છતાં આપણા લોકો બુદ્ધિવિકાસ ધ્યાન આપતા નથી એવો અનુભવ થતો જાય છે. નવ રચનાના આદર્શો ચર્ચવા જેટલી બુદ્ધિ ખીલેલી નથી સામ્યવાદ, સમાજવાદ વગેરે સમજવા જેટલી દેખાતી નથી. સાયન્સ – વિજ્ઞાન, કળા અને તત્ત્વ પૂરતો પ્રવેશ દેખાતો નથી. લોકોની આગેવાની કરવા જરૂરી બોધશક્તિ ખીલેલી હોતી નથી.– એ આપણી આક્ષેપો છે. એની સામે રદિયા શોધવા કરતાં એવા ઊઠે જ નહિ એટલી બૌદ્ધિક તેજસ્વિતા છોકરાઓ કરવી રહી. સામાન્ય જ્ઞાન, જાગ્રતિક જ્ઞાન અને એને માટે આપણી તૈયારી હોવી જોઈએ. આમ કરવાથી કલા પણ વધારે ખીલશે અને સમાજ આપણાથી

નવી દિલ્હી ૨૫-૨-૧૯૫૩ — કાકાના સપ્રેમ વન્દે

[અનુસંધાન પૃ. ૮૫થી]

'અંગ્રેજીની અસ્મિતા'

વચ્ચે શ્રી મુનશી અમદાવાદમાં આવી ગયા. સમારંભોનું નાનું સરખું વાવાઝોડું જ જાગ્યું. કાંકરિયાના પંચશતાબ્દી મહોત્સવ અંગે ખાસ એ આવ્યા હતા. આપણી પ્રજાને ઉત્સવોદ્વારા સાચું ચૈતન્યપોષણ મળવું જોઈએ અને ઇતિહાસદૃષ્ટિ પણ વધુ વિકસે એ જરૂરી છે એમ માનવા છતાં આ જાતના સમારંભો અત્યારની ઘડીએ – ગુજરાતમાં 'દુષ્કાળને મળતી સ્થિતિ' હોય ત્યારે – સુરુચિભર્યાં લાગતા નથી. શ્રી મુનશીની ષષ્ટિપૂર્તિ પણ, એમના ૬૬મા વરસે, ઊજવાઈ. શ્રી મુનશીની ષષ્ટિપૂર્તિ ન ઊજવાય તો કોની ઊજવાશે ? શ્રી મુનશીને દીર્ઘાયુષ્ય ઇચ્છાએ. (ષષ્ટિપૂર્તિ અભિનન્દન 'સંસ્કૃતિ' ૧૯૪૭ના ફેબ્રુઆરી અંકમાં અગાઉ અપાયેલાં છે.) આ પ્રસંગે ગુજરાત સાહિત્યસભાએ શ્રી મુનશીની પાત્રસૃષ્ટિની ચિત્રાવલિનું પુસ્તક પ્રગટ કર્યું હતું. કોઈ કલાકાર પ્રેરણાને વશ થઈ સાહિત્યમાં પ્રસિદ્ધ કોઈ કલ્પિતપાત્રને રેખા કે રંગમાં ઉતારે તો જુદી વાત છે, બાકી દરેક વાચક પોતે જ પોતાનાં સરસ્વતીચંદ્ર, ચંદ્રાવલી, કુમુદ, કીર્તિદેવ, કૌટિલ્ય, ચૌલા કલ્પનાથી આંકી લે એ વધારે ઇચ્છવા જેવું નથી ? સાહિત્યસભા આ ખરચાળ પ્રકાશનની રકમ સાહિત્ય-ઉત્કર્ષની વધુ સારી યોજનાઓમાં જરૂર વાપરી શકત એમ લાગ્યા વગર રહેતું નથી. ગુજરાત વિદ્યાસભામાં સદ્‌ગત નરસિંહરાવના ચિત્રનું શ્રી મુનશીના હાથે ઉદ્‌ઘાટન થયું અને 'નરસિંહરાવની રોજનીશી' પુસ્તકનું પણ એ પ્રસંગે પ્રકાશન કરવામાં આવ્યું. ગુજરાત યુનિવર્સિટીમાં શ્રી મુનશીએ પ્રવચન કર્યું. તેઓ અને કુલનાયક શ્રી દિવેટિયા – બંને અંગ્રેજીમાં બોલ્યા ! શ્રી મુનશીએ ઉચ્ચ શિક્ષણના માધ્યમ તરીકે અંગ્રેજી રાખવા અંગે વિલક્ષણ દલીલો કરી. રોમમાં એકવાર અંગ્રેજીમાં ભાષણ કરીને પોતે સભાગૃહને મંત્રમુગ્ધ કરી નાખ્યાની અમણે વાત કરી; — લંડન કે ન્યૂયૉર્કમાં આ બનાવ બન્યો હોત તો તો કોણ જાણે હિંદની ભાષાઓને એ જીવવાની પણ અનુમતિ આપત કે કેમ ? ગુજરાતમાં વિચાર કરી શકે એવાઓને શ્રી મુનશીની 'ગુજરાતની અસ્મિતા', 'ગુજરાત – એક સાંસ્કૃતિક 'અખંડ હિંદુસ્તાન' અને જૂનાગઢમાં ઉઠાવેલી મહાગુજરાત અને હિંદી માધ્યમની બાંગ — એ જેમ કદી ગળે ઊતરે એવાં લાગ્યાં નહતાં, તેમ આજના શ્રી મુનશીજીનો આંતરરાષ્ટ્રીયવાદ અને એની અંતર્ગત 'અંગ્રેજીની અસ્મિતા' એટલાં જ ચિંત્ય લાગ્યા વગર રહેશે નહિ.

ધૂમકેતુને ષષ્ટિપૂર્તિ અભિનન્દન

'ધૂમકેતુ'ના ઉપનામથી સુપ્રસિદ્ધ આપણા નવલિકાકાર-નવલકથાકાર શ્રી ગૌરીશંકર ગોવર્ધનરામ જોશીને સાઠ વરસ પૂરાં થયાનાં અભિનન્દન આપવાનો સમારંભ ૧૨મી ફેબ્રુઆરીએ અમદાવાદમાં યોજાયો હતો. એમનાં મોટા ભાગનાં પુસ્તકોના પ્રકાશક શ્રી ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલયે આ સમારંભ યોજ્યો હતો એ એની એક વિશેષતા હતી. ચૌલુક્યવંશની કૃતિઓના એક પ્રતીક સમા રુદ્રમાળની ચાંદીની એક નાની પ્રતિકૃતિ એ વંશની નવલકથાઓ લખનાર શ્રી ધૂમકેતુને કાર્યાલય તરફથી આ પ્રસંગે ભેટ આપવામાં આવી હતી.

શ્રી ધૂમકેતુનું નામ ગુજરાતી ટૂંકી વાર્તા સાથે જોડાઈ ચૂક્યું છે. એમની પહેલાં 'મલયાનિલ' જેવા કેટલાકમાં ટૂંકી વાર્તાનો ઉદય જોવા મળે છે, પણ ટૂંકી વાર્તાની એક કલાપ્રકાર તરીકે ગુજરાતી ભાષામાં સ્થિર સ્થાપના કરવાનું માન શ્રી ધૂમકેતુને ઘટે છે. એમની પછી એ કલાપ્રકાર કેટલાકને હાથે ગુજરાતીમાં સારી રીતે ખેડાયો છે અને ભવિષ્યમાં પણ જરૂર ખેડાશે, પણ પ્રેમમાં મુગ્ધાવસ્થાના પ્રણયની તાજગીનું જે આકર્ષણ હોય છે તે ગુજરાતી ટૂંકી વાર્તા અંગે ધૂમકેતુની રચનાઓનું છે...કહે છે કે આરંભમાં ધૂમકેતુ કવિતા પણ લખતા. એમની કવિતા લખાઈ નહિ, પણ એક આડકતરો લાભ થયો છે. એમના ગદ્યમાં ઘણીવાર કવિતાની ઝલક સહેજે ચમકે છે...ધૂમકેતુ પાસે વિચાર પણ હોય છે. એ વિચાર દૂધમાં સાકર ભળી જાય એમ ટૂંકી વાર્તામાં ભળી ગયા હોય છે ત્યારે બહુ આસ્વાદ્ય હોય છે, પણ ગળ્યા વગર ન્યારા રહે છે ત્યારે પોતા તરફ વધારે પડતું ધ્યાન ખેંચે છે...એક રોમાન્ટીકની મુગ્ધતા, અંદર ભરાઈ રહેલી કવિતા, પ્રગટ થવા મથતા વિચારકણો–આ બધાં તત્ત્વો જે ધૂમકેતુની આગવી મોહિનીભરી શૈલીના ઘટક અંશો છે, તે જ જ્યારે પૂરો સમન્વય ન થયો હોય ત્યારે પ્રતિસર્જન (પૅરડી) પ્રેરે એવાં બની રહે છે. પણ ધૂમકેતુને શૈલી છે; ઘણા લેખકો વિષે એવું કહી નહિ શકાય. ઉચ્ચ ગ્રાહથી, એક સાધનાના ક્રમે, ઘડેલી પોતાની સુરુચિપૂર્ણ શૈલીને લેખક છેલ્લાં વર્ષોમાં શિથિલતાથી છિન્નભિન્ન (ડિસ્ઇન્ટીગ્રેટ) કરી રહ્યા નથી ને ? — એવો પ્રશ્ન કેટલાક સાહિત્ય-પ્રેમીઓના મનમાં થયાં કરે છે તે તરફ નમ્રતાપૂર્વક શ્રી ધૂમકેતુનું ધ્યાન ખેંચવું આ પ્રસંગે અસ્થાને નહિ લેખાય.

શ્રી ધૂમકેતુએ ઐતિહાસિક નવલકથાઓ લખવા તરફ પક્ષપાત બતાવ્યો છે. શ્રી મુનશી જેવાની કલમની ભુરકી જે ચૌલુક્યવંશને સ્પર્શી છે તેને જ શ્રી ધૂમકેતુએ પણ પોતાના પક્ષપાતનો વિષય બનાવ્યો છે. બંનેમાંથી કોનામાં ઇતિહાસદૃષ્ટિ વધારે છે એ પ્રશ્ન ચર્ચતાં લંબાણ થાય. અહીં તો, સમારંભમાં શ્રી ધૂમકેતુએ ગુપ્તવંશની નવલકથાઓ લખવાની પોતાની ઇચ્છા પ્રગટ કરી તેના અનુસંધાનમાં એટલી વિનંતી કરીશું કે ગુપ્તવંશના સાહિત્યકાર

[અનુસંધાન પૃ. ૧૨૦ ઉપર]

અર્ઘ્ય

નરસિંહરાવ બાળકો સાથે

સાન્ટાક્રુઝ-તા. ૨૧-૧૧-૩૧ : રવિવાર : હું બેઠો બેઠો જયસુખલાલની " જગતની ધર્મશાળામાં " વાંચતો હતો. વચમાં મોટરવાળો આવીને કહે–છોકરાં બોલાવે છે. હું ગયો. માધવી કહે : ચિત્રા રમતે રમતે રોઈ ગઈ !

ચિત્રાનો case (કેઈસ) :

" હું રમતી'તી ને રોઈ ગઈ. "

" કેમ ? "

" હું ખોટા ખોટા દીવા સળગાવતી'તી. ને બ્હેન ખોટું ખોટું હોલવી નાંખતી'તી ! "

મેં કહ્યું : " દીવા શેના હતા ? વીજળીના કે મીણબત્તીના ? " તો કહે : " મીણબત્તીના. "

હું : " તો હવે તું વીજળીના દીવા સળગાવજે. એટલે બ્હેનથી ફૂંક મારીને હોલવાશે નહિ. "

તે હસ્તપ્રત હજી હયાતીમાં છે ?

અમદાવાદ—તા. ૨-૧૧-૧૧ : ગુરુવાર : રમણભાઈએ સવારે એક અજબ વાત કરી. ગટુએ પાકે પાયે સાંભળ્યું છે કે " સરસ્વતીચન્દ્ર "ના ૪થા ભાગમાં ગોવર્ધનભાઈએ પ્રથમ તો કુમુદ જોડે સરસ્વતીચન્દ્રને પુનર્લગ્ન કરાવ્યાનું પરિણામ આણ્યું'તું (અને કહે છે કે MS હજી હયાતીમાં છે !) પછી મનસુખરામે જોયું ને કહ્યું કે આ ઠીક નથી કર્યું તેથી ગોવર્ધનભાઈએ બધું ફેરવી નાખ્યું.

[નરસિંહરાવની રોજનીશી : પૃ. ૫૩૫, ૨૭૫.]

આપ સમાન બળ નહિ

૧. કચ્છમાં આવેલા વિરાણી ગામના લોકોએ આપ-પરિશ્રમ દ્વારા ગામની શાળાનું મકાન બાંધવાનું ઠરાવ્યું છે. ગામના જુવાનથી માંડી ઘરડા સુધી સૌ કામે લાગી ગયા છે. એંસી વરસના એક ડોસાએ પથ્થર ફોડવાનું કામ માથે લઈ આ શ્રમયજ્ઞમાં પોતાનો ફાળો નોંધાવ્યો હતો.

૨. છાત્રાલયનાં મકાનોની ભારે તંગી હોવાથી મુંબઈના વિદ્યાર્થીઓએ સ્વાશ્રય અને શારીરિક શ્રમ દ્વારા પોતાને છાત્રાલયનું એક મકાન ઊભું કરવાનું ઠરાવ્યું છે. વિદ્યાર્થી ઈંટો અને ચૂનો ઉપાડશે અને બધું મજૂરીનું કામ કરશે. માટે જરૂરી નાણાં ઉઘરાવવા મુંબઈના ન્યાયમૂર્તિ શ્રી ગજેન્દ્રગડકરના પ્રમુખપદે એક વગશીલ સમિતિ નિમાઈ છે.

૩. થાણા જિલ્લાના નવાઘર ગામના લોકોએ ગામ નજીક ભાયંદર સ્ટેશન સુધીનો રસ્તો જાતમહેનત અને આપફાળાના ફંડમાંથી બાંધી દેવાનું નક્કી કર્યું છે. દરેક ઘર પોતાના માણસોને રસ્તો બાંધવા મોકલશે અને યથાશક્તિ પૈસાનો ફાળો પણ આપશે. રસ્તો બાંધતાં પૈસા વધશે તો તે રકમ ગામની શાળાને આપી દેવાશે.

૪. વાડાસિનોરના ગ્રામ સેવાસમાજ તરફથી ચાલતી પ્રાથમિક શાળાઓના ૧૦ થી ૧૧ વર્ષના વિદ્યાર્થીઓએ ગામ નજીકની જૂમન નદીમાં ૭ ફૂટ ઊંચો, ૩૦ ફૂટ લાંબો, ૨$\frac{1}{2}$ ફૂટ પહોળો એક કાચો બંધ જાતમહેનતથી બાંધી ગાંધીદિન ઊજવ્યો હતો.

૫. સતારા જિલ્લાના માલેવાડી ગામની પ્રાથમિક શાળાનું રૂ. ૬૦૦૦/ની કિંમતનું મકાન તા. ૧૨મી ફેબ્રુઆરીએ ખુલ્લું મુકાયું. આ મકાન માટે ગામલોકોએ રૂ. ૩૬૦૦/ અંદરો અંદર ઉઘરાવ્યા હતા અને રૂ. ૧૨૦૦/ ઉપરાંતની મજૂરી કરી હતી. ગામલોકોના સ્વપ્રયત્ન અને શ્રમથી ઊભું થયેલું એ જિલ્લાનું ૧૧૯મું પ્રાથમિક શાળાનું મકાન હતું.

૬ (અ) કર્ણાટકના પંચમુખી વકાદમ્બર ગામના લોકોએ સ્વપ્રયત્ને બંધ બાંધવાનું નક્કી કર્યું. તે માટે તેમણે એક સહકારી સંસ્થા ઊભી કરી અને રૂ. ૨૨૦૦/ના ખર્ચે બંધ પૂરો કર્યો. ૬૦૦ એકર જમીનને એનાથી પાણી પૂરું પડે છે.

(બ) એ જ પ્રાંતના પરિવર્ધેકોડામી ગામના લોકો રૂ. ૨૫૦૦૦/ના ખર્ચે પોતાની જવાબદારી પર પાસેની નદી પર બંધ બાંધી રહ્યા છે. જ્યારે પડાલડે–ઔરંગપુર ગામમાં સહકારી સંસ્થા દ્વારા રૂ. ૧૫૦૦૦/ના ખર્ચે એક બંધ બંધાયો છે. ... એકર જમીનને એ પાણી પૂરું પાડે છે અને તેના

મેળવવાના વિસ્તારમાં સારો વરસાદ પડે તો બે હજાર એકરને પાણી પૂરું પડે તેમ છે.

(ક) સુલતાનપુરના લોકોએ રૂ. ૧૫૦૦૦ની મૂડીથી સહકારી રીતે ૫૦૦ એકરને પાણી પૂરું પાડનાર એક બંધનું કામ ઉપાડયું છે. જ્યારે સુસારી બંધ માટે તે ગામના લોકોએ રૂ. ૬૦૦૦૦/ ઉઘરાણાથી ઊભા કર્યા છે અને એક લાખ એંસી હજારનું કામ ઉપાડયું છે. આ બંધથી પાંચ હજાર એકરને પાણી મળશે.

(ડ) એવું જ એક કામ રૂ. ૬૩૦૦૦/ના ખર્ચે હોલ બંધ બાંધવા માટેનું એ જ રીતે હાથ ધરાયું છે અને તે ૬૦૦ એકરને લીલાં બનાવશે.

પાસેના જ સીંદાખેડ તાલુકામાં ત્રણ લાખ રૂપિયાની કિંમતની એક મોટી નહેરયોજના હાથ ધરવામાં આવી છે.

આ બધી યોજનાઓની ખૂબી એ છે કે સરકાર પાસે કશી પણ નાણાંકીય મદદની અપેક્ષા રખાઈ નથી અને સ્વપ્રયત્નથી લોકોએ એ બધાં કામ ઉપાડયાં છે.

૭ ખેડાજિલ્લાના ચકલાસી અને બોરીઆવી ગામ વચ્ચેનો પાણીનો કાંસ પુરાઈ ગયો હોવાથી ડાંગરના પાકને નુકસાન થવાનો સંભવ હતો. ગામનાં પચીસો જેટલાં ભાઈબહેનોએ શ્રમયજ્ઞ કરી ચાર દિવસ ચાર ચાર કલાક કામ કરી પાક પરનું જોખમ નિવાર્યું હતું.

૮ ગણરાજ્ય દિન નિમિત્તે ઉજવાએલા શ્રમયજ્ઞ સપ્તાહમાં ઉત્તર પ્રદેશના ૨૦ લાખ નાગરિકોએ ભારે ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને એક કરોડ રૂપિયાનું અંદાજી કામ કરી પંચવર્ષીય યોજનાના અમલને ભારે વેગ આપ્યો છે.

એ સપ્તાહ દરમ્યાન તેમણે કુલ ૭૮૦૦ માઈલ લાંબા રસ્તા બાંધ્યા કે સમાર્યા; ૨૪૩ તળાવ ખોદ્યાં અને ૨૫૫ તળાવને ઊંડાં કર્યાં. ૩૫૨ પુસ્તા બાંધ્યા જ્યારે ૭૯ માઈલ લાંબી નહેરો ખોદી અને ૫૫૦ કૂવા ખોદ્યા વા સમાર્યા.

આ ઉપરાંત તેમણે ૨૫૭ પંચાયતગૃહ અને ૩૫ શાળાનાં મકાન બાંધવાનું કામ પણ કરી દીધું છે.

['બાલમિત્ર' : માર્ચ ૧૯૫૩]

મ્હરોડે ટહુકો

કહેવું પડે કે, કવિ, કોકિલાએ
કે પંચમી આવી વસન્તની આ ?
શું સ્વપ્નનો સૌરભભાર વ્હેતી
સ્પર્શી નહોતી ગઈ કે તને હવા ?
લજ્જાલચેલી કળિથી નમેલી
ચમેલીએ અંગુલિથી ઈશારો
દીધો ન'તો ? આમ્રની મંજરીએ
કોરી દીધી ના નિજ ગંધ-આકૃતિ
ત્વત્ચિત્તમાં ? વા, તવ રક્તવ્હેણે
વાગ્યો ન ધક્કો સહસા કહીંયથી
આભા અનોખી નિરખી કુમોનાં
પર્ણો પરે કૈં પલકંતી પુણ્યની ?
–કહેવું પડે કે વળી કોકિલાએ !

૨૨-૧-'૫૩

[ઉ., 'કેસૂડાં'માં].

સાભાર સ્વીકાર

બાલા જોગણ : લે. રમણલાલ દેસાઈ. પ્ર. આર. આર. શેઠની કં. પૃ. ૪૧૦+૧૨, રૂ. ૬-૦-૦.

નવજીવન પ્રકાશન મંદિરનાં

રામકૃષ્ણ ઉપનિષદ : લે. ચક્રવર્તી રાજગોપાલાચાર્ય. અનુ. હિંદી પરથી મણિભાઈ દેસાઈ. પૃ. ૧૦૨. કિં. ૧ા. **બા-બાપુની શીળી છાયામાં** : લે. મનુબેન ગાંધી. પૃ. ૨૩૯. કિં. રૂ. ૨ા. **મઝધાર** (હેલન કેલરકૃત મીડસ્ટ્રીમ – માઈ લેટર લાઈફ – નો અનુવાદ) : અનુ. વિઠ્ઠલદાસ કોઠારી. પૃ. ૩૧૦. રૂ. ૨ા. **સરદાર વલ્લભભાઈ – ભાગ બીજો** : નરહરિભાઈ પરીખ. પૃ. ૫૪૭. રૂ. ૬. **જીવનશોધન** (સંશોધિત પાંચમી આવૃત્તિ) : કિશોરલાલ મશરૂવાળા. પૃ. ૩૭૪. રૂ. ૩.

[અનુસંધાન પૃ. ૧૧૭થી]

કાલિદાસે શાકુન્તલ, રઘુવંશ આદિ દ્વારા ઐતિહાસિક કાવ્યસાહિત્ય આપતાં જીવનનાં સનાતન રહસ્યોમાં જે સહેજે ડોકિયું કરાવ્યું છે તેની જ અમને મનીષા છે તે પૂરી પાડજો.

નઈ તાલીમ સંમેલન : અંગ્રેજી વિરોધદિન

ગઈ ૨૮ ફેબ્રુ. અને ૧લી માર્ચે ગૂંદીમાં ભરાયેલા ચોથા નઈ તાલીમ સંમેલનમાં અનેક સંસ્થાઓએ સારી સંખ્યામાં હાજરી આપી હતી. પ્રમુખપદેથી બોલતાં શ્રી બબલભાઈ મહેતાએ નઈ તાલીમ ખરચાળ નથી એ હકીકત ઉપર ભાર મૂક્યો હતો. ભૂમિ-દાનયજ્ઞ પ્રવૃત્તિમાં સૌએ કોઈ ને કોઈ રીતે ફાળો આપવો એ અંગેનો ઠરાવ પ્રમુખપદેથી મુકાયો હતો. અંગ્રેજી ફરી પ્રાથમિક ધોરણોમાં ઘુસાડવાનો પ્રચાર ચાલી રહ્યો છે તેનો વિરોધ કરતા ઠરાવનો મુખ્ય ભાગ આ અંકના પૂઠા પર આપ્યો છે. એ ઠરાવના અંતમાં અંગ્રેજીને પાછું લાવવાની પ્રત્યાઘાતી હિલચાલનો વિરોધ કરવા માટે ૧૫મી માર્ચે સરઘસસભાઓ યોજી ઠરાવ કરી વિરોધદિન ઊજવવા અપીલ કરવામાં આવી છે. બાલવાડીથી વિશ્વવિદ્યાલય સુધીની આખીય કેળવણીની પુનર્રચના નઈ તાલીમના ખ્યાલ અનુસાર થવી જોઈએ એવો અનુરોધ કરતો ઠરાવ પણ પસાર થયો હતો. પ્રાથમિક શાળાન્ત પરીક્ષાનો નિષેધ, લોકભારતીને આવકાર—એ અંગે પણ ઠરાવો થયા હતા.

વ્યવસ્થા સારી હતી. રંજનકાર્યક્રમમાં શ્રી નવલભાઈએ બોલ-ગામમાં નગરપાલિકાએ એક મકાનનું અંગ્રેજીમાં નામ રાખ્યું પ્રસંગ ઉપરથી યોજેલા સંવાદમાં શ્રી મુનશીની 'અંગ્રેજી અસ્મિતા' ને પણ સારી અંજલિ આપી હતી. ગોપાલક ભાઈઓ નૃત્ય બહુ જ સુંદર હતું. (બીજા દિવસનું પઢારોનું નૃત્ય હું [illegible] હતો.)

સંમેલનમાં કેટલીક મુખ્ય મુખ્ય સંસ્થાઓએ પોતાના કાર્ય પરિચય આપ્યો અને પીઢ કાર્યકરો સાથે પ્રશ્નોત્તરી ચાલી. [illegible] કાર્યક્રમ મહત્ત્વના હતા. આંબલામાં વિદ્યાર્થીઓ સૂતરની આં[illegible] બેંક દ્વારા જરૂરિયાતની વસ્તુઓ (દૂધ, તેલ, હજામત, [illegible] કપડાં વ૦) મેળવી લે છે અને એનો પ્રચાર ગામના લોકોમાં થવા માંડ્યો છે. સૌરાષ્ટ્રના બીજા એક ગામમાં શ્રી માટલી[illegible] વિદ્યાર્થીઓ પોતાની પંચાયત દ્વારા ગામના ઘણાખરા કાર્ય[illegible] પાર પાડે છે. ગામના પ્રૌઢ આગેવાનો પણ એ વિદ્યાર્થીઓને [illegible] ગામના જાહેર કાર્યક્રમો વિચારે છે. પાટણમાં 'કિલ્લોલ' સંસ[illegible] છાત્રાલયના વિદ્યાર્થીઓને પોતાને ત્યાં જમાડવા ગામનાં [illegible] કુટુમ્બોને કહ્યું અને એકએક વિદ્યાર્થી એ રીતે વહેંચાઈ જતાં નોંધપાત્ર પ્રયોગ શરૂ થયો છે. આમાં કેટલાક હરિજન વિદ્યા[illegible] પણ છે. વિદ્યાર્થી જેને ત્યાં જાય ત્યાં શાળાનું વાતાવરણ [illegible] છે અને મદદરૂપ થવા પણ પ્રયત્નશીલ હોય છે. તે તે કુટુંબ[illegible] અને સંસ્કારિતા સામેથી એ મેળવે છે.

પ્રાથમિક શાળામાં અંગ્રેજી દાખલ કરવાનો વિરોધ

પ્રાથમિક શિક્ષણની છેલ્લી ત્રણ શ્રેણીઓ અને માધ્યમિકની પહેલી ત્રણ શ્રેણી કેટલાંક વર્ષોથી એ નાખવામાં આવી છે તેથી પ્રાથમિક શિક્ષણનું સાત વર્ષનું એક પૂર્ણ ઘટક બનતું હોઈ ગુજરાતનું આ ચોથું નઈ તા સંમેલન તેને એક આવકારલાયક સુધારો લેખે છે. આ સુધારાથી હાઈસ્કૂલોમાં પ્રથમ ત્રણ શ્રેણીઓનાં બાળકો મફત શિ આપતી પ્રાથમિક શાળાઓમાં ખેંચાઈ જતાં જોઈ અને એવાં જ બીજાં આર્થિક અને અશૈક્ષણિક કારણોથી હાઈ અને ખાસ કરીને શહેરની હાઈસ્કૂલોએ આ સુધારાનો સીધી તેમ જ આડકતરી રીતે વિરોધ ચલાવ્યો છે. તેઓએ વાસીઓના અને સરકારના અંગ્રેજીના મોહનો લાભ લઈ પ્રથમ ૮મી શ્રેણીમાં અંગ્રેજી દાખલ કરાવ્યું અને તેનાથી આગળ વધીને હવે ૫મી અને ૬ઠ્ઠી શ્રેણીમાં પણ તે દાખલ કરવાની હિલચાલ ચલાવી રહ્યા છે. આ શિક્ષણસુધા યુગમાં તેવી દરખાસ્ત પ્રત્યાઘાતી લેખાઈ જાય. એમાંથી બચવા તેઓએ અંગ્રેજીને આ ધોરણોમાં વૈકલ્પિક રીતે કરવાની સૂચના મૂકી છે. શહેરના બોલકા લોકોના ટેકા ઉપર તેઓ ગણતરી બાંધી રહ્યા છે અને વૈકલ્પિક અંગ્રેજી ફરજિયાત થઈ જ જવાનું છે એમ તેઓને ખાતરી છે.

હાઈસ્કૂલોનાં સ્થાપિત હિતોની આ હિલચાલમાં સરકારી શિક્ષણ ખાતાના અધિકારીઓ અને પશ્ચિમી કેળ માં શિક્ષણ પામેલા વિદ્વાનોએ અને યુનિવર્સિટીઓએ હાથ મિલાવી દીધા છે, જેઓએ બૂમ પાડવા માંડી છે કે અં જવાથી શિક્ષણનું ધોરણ ઊતરી રહ્યું છે અને યુનિ.ના શિક્ષણમાં બાળકો પાછળ પડે છે. આ જોઈ આ સંમેલનને દુઃખ થાય છે. શિક્ષણખાતાના અધિકારીઓ સંબંધમાં સંમેલન માને છે કે તેઓ આ પગલાથી રાજ્યના સર્વ શિ ઉત્તરોત્તર બુનિયાદી બનાવવાની નીતિ પર ગુપ્ત રીતે સુરંગ મૂકી રહ્યા છે. વિદ્વાનો સંબંધમાં સંમેલનનો અભિપ્રાય તેઓએ માતૃભાષાઓ અને રાષ્ટ્રભાષા શીખવાનો ખરો પ્રયત્ન કરી નવા આવેલા સ્વાતંત્રયુગ સાથે એકરસ થઈ જ વિષયોમાં પણ પોતાની વિદ્વત્તાને શોભે તેવી યોગ્યતા મેળવી લેવી એ તેમનો પરમ ધર્મ છે. તેને બદલે તેઓ એક પ્ર બૌદ્ધિક આળસ બતાવી રહ્યા છે અને જૂનો-ગુલામી-ચીલો છોડવાની તૈયારી બતાવતા નથી એ દેખાવ આપણા સ્વાતંત્ર્યયુગમાં આપણી પ્રજાને શરમાવનારો છે એમ આ સંમેલન માને છે.

અંગ્રેજીને પાછલે બારણેથી ઘુસાડવાની આ હિલચાલમાં આંતરરાષ્ટ્રીય આકર્ષણમાં ખેંચાતા કેટલાક નેતાઓ પણ પોતાનું જોર ઉમેરતા જોવામાં આવે છે. અંગ્રેજી એક આંતરરાષ્ટ્રીય મહત્ત્વ ધરાવતી ભાષા છે એમ કહી તેનો ભાર કાચી ઉંમરનાં બાળકો ઉપર અને આખા જ દેશનાં સમસ્ત બાળકો ઉપર લાદવા તૈયાર થઈ રહ્યા છે. કેળવ લાખો ગામડાંઓમાં વસતી પ્રજાની જરૂરિયાતનો ખ્યાલ રાખવાનો તેઓનો ધર્મ છે તે ભૂલી તેઓ શહેરોમાં તેમાં પણ ઉપરના થરના થોડા લોકોના જ સ્વાર્થનો વિચાર કરી રહ્યા છે.

આ શોકજનક હિલચાલનાં અત્યંત અવળાં પરિણામો આવ્યા વિના ન રહે એમ આ સંમેલન માને છે. તે માતૃભાષાઓ અને રાષ્ટ્રભાષાની પ્રતિષ્ઠા ઘટી જશે, તેનો અભ્યાસ અને વિકાસ શિથિલ થશે. માતૃભાષા શિક્ષણ મળવાથી બાળકોની સમજશક્તિ દિવસે દિવસે વધી રહી છે તેમાં ભંગાણ પડશે. માતૃભાષા દ્વારા ઉચ્ચમાં શિક્ષણ મળતાં દેશનાં બાળકોની ઘણી મોટી સંખ્યા ઉચ્ચ શિક્ષણ સુધી પહોંચવાની શક્યતા પેદા થઈ છે તે અટકી અંગ્રેજીનો ભાર જતાં શિક્ષણમાં ઉદ્યોગો, સ્વાશ્રય, સમાજસેવા વગેરે કાર્યક્રમોને સ્થાન મળવું શક્ય થવા લાગ્યું છે તેથી શિક્ષણ વ્યવહારુ, આપસૂઝ અને સ્વતંત્ર બુદ્ધિને ઉત્તેજનારું થવા લાગ્યું છે, તેને બદલે ફરી પાછું પોપટિયું આવી રહેશે. શિક્ષણમાં કમાતા જવું અને ભણતા જવું એવી શક્યતા આવવાથી ગરીબમાં ગરીબ અને છેક ગા છેડા સુધી શિક્ષણનું દૂધ પહોંચવાની શક્યતા થતી આવે છે, તે ફરી પાછું થોડાં શહેરવાસીઓના ઇજારા જેવું થઈ …દેશની જનતાને, કેળવણીકારોને, નેતાઓને અને શિક્ષણસંસ્થાઓને આ સંમેલન અપીલ કરે છે કે તેઓ અંગ્રેજીને ફરી પાછું લાવવાની આ હિલચાલનો સખત વિરોધ કરે.

[ચોથા નઈ તાલીમ સંમેલને ૧લી માર્ચે પસાર કરેલા ઠરાવમાં

સંસ્કૃતિ

વર્ષ ૭મું : અંક ચોથો

તંત્રી :
ઉમાશંકર જોશી

એપ્રિલ ૧૯૫૩

કમળમાળા :

કલાકાર : કે. શ્રીનિવાસુલુ

નવી દિલ્હીમાં ભરાયેલા અખિલ ભારતીય લલિતકલા પ્રદર્શનમાં પ્રથમ રાષ્ટ્રપતિ ઈનામ પામેલી ૧૯૫૨ના વરસની સર્વોત્કૃષ્ટ કલાકૃતિ. સોસાઈટીના સૌજન્યથી.



સંસ્કૃતિ

વર્ષ સાતમું — અંક ચોથો

અનુક્રમણિકા : એપ્રિલ ૧૯૫૩



સંસ્કૃતિ કાર્યાલય વતી મુદ્રક-પ્રકાશક: કિશનસિંહ ચાવડા, ચેતના પ્રેસ લિ., નવાબજાર, વડોદરા.

લેખકમિત્રોને વિનંતિ :

* લખાણ કાગળની એક બાજુ સ્વચ્છ અક્ષરે લખાયેલું, જોડણી પ્રમાણેની જોડણીવાળું હોય એ મુદ્રણદૃષ્ટિએ જરૂરી છે.
* લખાણ પાછું મેળવવા માટે સાથે જવાબી પરબીડિયું હોવું આવશ્યક છે.

સૂચનાઓ :

* દર માસની સાતમી તારીખે પ્રસિદ્ધ થાય છે.
* દશમી સુધીમાં અંક ન મળે ટપાલમાં તપાસ કર્યા પછી કાર્યાલયને જણાવવું.
* પત્રવ્યવહારમાં ગ્રાહકનંબર લખવા થી સગવડ થશે.
* આ માસિકમાં પ્રસિદ્ધ થતા લેખોમાંના અભિપ્રાય માટેની જવાબદારી તે તે લેખકની છે.
* પ્રથમ અંકથી ગ્રાહક થવું આવશ્યક છે.

ગ્રાહકો નોંધવાનાં સ્થળો:

એન. એમ. ત્રિપાઠી, લિ. મુંબઈ
જીવનસાહિત્યમંદિર, અમદાવાદ
ભારતીસાહિત્યસંઘ, અમદાવાદ
ઇન્દ્રધનુ, મિશનરોડ, અમદાવાદ
ગાંડીવ સાહિત્યમંદિર, પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઈ-૨
ગાંડીવ સાહિત્યમંદિર, લાલ… સુરત
એલ. કે. મેઘાણી : અમ… સ્ટ્રીટ, કલકત્તા ૧.
પ્રભાકર બ્રધર્સ, પો. બો. … નૈરોબી, ઇસ્ટ આફ્રિકા.

લવાજમ :

દેશમાં રૂપિયા સાત. પરદેશમાં રૂ… અથવા શિલિંગ ૧૪. છૂટક નકલ બાર આના.

તંત્ર અને વ્યવસ્થા અંગેના સર્વ પત્રવ્યવહારનું સરનામું :

સંસ્કૃતિ કાર્યાલય
એલિસ-બ્રિજ. અમદાવાદ

સંસ્કૃતિ

सत्यं परं धीमहि ।

એપ્રિલ ૧૯૫૩



प्रजाहृदयमां व्यापतो सूनकार

વહેલી સવારે ફરવા નીકળેલા આપણા એક પ્રતિષ્ઠિત પ્રકાશકથી એક દિવસ ભેટો થઈ ગયો.

‘તમારાં પુસ્તકો હમણાં સારાં બહાર પડયાં.’

‘પણ’, જરીક ખમચાઈને એમણે પૂરું કર્યું, ‘ઉપાડ નથી.’

મુંબઈમાં એક ઉત્સાહી જુવાન પ્રકાશક સાથે અચાનક જ ચર્ચા થઈ. બીજા એક તરુણ પ્રયોગશીલ ગ્રંથવિક્રેતા એમાં ભળ્યા. આજે વાચકવર્ગ મુખ્યત્વે શું વાંચે છે એનું ચિત્ર કલ્પના આગળ જે રજૂ થયું તે અકળાવનારું હતું. ગ્રંથવિક્રેતાએ કહ્યું કે છ આનાની જાસૂસી કથા ઉપર એમને વંચામણના પચીસ રૂપિયા ઊપજ્યા છે, જીવનનું ભાથું આપી શકે એવા કોઈ ગ્રંથમણિ ઉપર છ આના ઊપજતા નથી. કામુકતાની કથાઓ ભરપટ્ટે વંચાય છે. સ્ત્રીપુરુષ સંબંધ અંગેનાં તરેહતરેહનાં સામયિકો પ્રગટ થવા માંડયાં છે. પ્રકાશકમિત્રે કહ્યું કે બ્લાઉઝમાં રાખી શકાય એવી નાના કદની એની ખાસ આવૃત્તિઓ પણ પ્રગટ થાય છે! આપણે ખાસ્સો વિકાસ કર્યો લાગે છે!!

દસકે દસકે ગુજરાતમાં વાચનભૂખ વધતી જતી જોવા મળે છે. ૧૯૩૦–’૩૨માં રાષ્ટ્રીય ઉત્થાનના સાહિત્યની ભૂખ ઊઘડી. ૧૯૪૦–’૪૨માં બીજા વ્યાપક વિષયોની જાણકારી મેળવવાની તાલાવેલી દેખાતી હતી. ૧૯૫૦–’૫૨માં વાચનશોખ વળી વધેલો જોવા મળે છે. પણ વંચાય છે શું? જીવને પંપાળે એવી કામકથાઓ અથવા બે ક્ષણ કૃત્રિમ ઉશ્કેરાટનો અનુભવ કરાવે એવી જાસૂસી કે ગુનાની કથાઓ. વાચન ઉપરાંત સિનેમા તો આ દિશામાં પોતાનો ગંજાવર ફાળો આપતું રહ્યું જ છે. હમણાં મુંબઈમાં ડીકઠીક મારામારીવાળી ફ્રુતીઓ ચાલી, તેમાં જોનારાનાં કીડિયારાં ઊભરાતાં હતાં.

‘બુદ્ધિપ્રકાશ’ના છેલ્લા અંકમાં અમેરિકામાં હમણાં કામોત્તેજક સાહિત્યના વધી ગયેલા પ્રચાર સામે ત્યાંના વિચારકોને થયેલી ચિંતા વિષે નોંધ છે, અમેરિકામાં તો એવા સાહિત્યની સામે અપૂર્વ માનવતાભરી ટૂંકી વાર્તાઓ, કાવ્યો અને ‘ડેથ ઑફ એ સેઈલ્સમન’ (વેચાણકામે ફરનારનો અંતકાળ) જેવાં નાટકો પણ થોડાઘણા પ્રચારમાં હોય છે. નાનપણમાં પહેલું જ જે પુસ્તક મેં રસથી વાંચ્યું તે ‘સદેવંત-શાવળીંગા’ હતું, પણ બીજા જે પુસ્તકે મારા હૃદયમનનો કબજો લીધેલો તે હતું ‘ગિરધરકૃત રામાયણ.’ જો અત્યારે આપણું ઊંચી સુરુચિવાળું સાહિત્ય ઠીક પ્રમાણમાં પ્રચારમાં જોવા મળે તો તો બહુ ચિંતાને સ્થાન ન રહે. પણ થોડીક તપાસ કરતાં ચિહ્નો એવાં જોવા મળે છે કે જીવનને સાચું પોષણ આપે એવા ઊંચા સાહિત્ય માટે રુચિ છેક જ ઓસરી ગઈ છે. એક સમય હતો જ્યારે સરસ્વતીચંદ્રનો કાંઈ નહિ તો બીજો ભાગ કુટુંબોમાં વંચાતો. હળવાં કે હલકાં ચોપાનિયાં કે પુસ્તકો વાંચતાં પકડાવામાં શરમ લેખાતી. અત્યારે એવું રહ્યું નથી.

પ્રજાની વાચનભૂખ, જાણકારી માટેની ભૂખ, આનંદ મેળવવા માટેની ભૂખ ઊઘડી છે એ સુચિહ્ન છે. પણ પ્રજાને સાચું ચૈતન્યપોષણ આપે એવી સામગ્રી એને ન પહોંચે તો એના હૃદયમાં સૂનકાર વ્યાપવાનો. કુદરત શૂન્યતાની વિરોધી છે.

કાંઈ ને કાંઈ વસ્તુઓ આવીને હૃદયને ભરવા પ્રયત્ન કરવાની. પણ આ કામુકતાનું, જાસૂસી પ્રવૃત્તિ કે ગુનાના ઉશ્કેરાટનું હલકું સાહિત્ય કે મારામારીની કુસ્તીઓ એ સૂનકાર ટાળી શકતાં નથી. અને અંતે આવા રસ્તે જ પ્રજાઓ હતાશ બની સરમુખત્યાર તળે પોતાના કિસ્મતને સોંપવા તૈયાર થઈ જતી હોય છે; અથવા હોંસે હોંસે યુદ્ધની ગર્તામાં ધકેલાતી હોય છે.

પ્રજાહૃદયમાં વ્યાપતા આ સૂનકાર સામે આપણા સંસ્કારનેતાઓ વેળાસર સાવધાન બને એ જરૂરી છે. અન્નસંકટ કરતાં જરીકે ઓછી ભયંકર નહિ એવી સાંસ્કૃતિક કટોકટીમાં આપણે અત્યારે પસાર થઈ રહ્યા છીએ. પ્રજાને સાચું ચૈતન્યપોષણ મળે એના માર્ગો ત્વરિત વિચારાવા જોઈએ અને અમલમાં મુકાવા જોઈએ.

આપણા શિક્ષકો જોશે કે વિદ્યાર્થીઓને જીવનનું પાથેય મળે એવાં પુસ્તકોમાં રસ લેતા પોતે કર્યા છે કે નહિ. જાહેર પુસ્તકાલયોના સંચાલકો પોતે પ્રજાને ઉત્તમ પુસ્તકોના સંપર્કમાં મૂકે છે કે કેમ તેની કાળજી રાખે અને વાચકો પણ એ અંગે તકેદારી રાખે. પ્રકાશકો પણ ઊંચા ભાવ રાખીને પછી મોંમાગ્યાં કમીશન આપી પુસ્તકાલયોને પોતાનો તે 'માલ' 'પહેરાવે' નહિ. અને લેખકો ? પ્રજાના હૃદયને આનંદપોષણ મળે એવું સાહિત્ય ઊંચી નિષ્ઠાપૂર્વક એને આપવાનું છે. અલ્પશિક્ષિત એવી ગુજરાતી પ્રજાએ ગોવર્ધનરામની નિષ્ઠા જોઈને સરસ્વતીચંદ્ર જેવો સાક્ષરી ગ્રંથ હોંસે હોંસે એક આખો જમાનો વાંચ્યો હતો એ ભૂલવાનું નથી.

૧૯૩૦માં ગીતાનો પોતાનો અનુવાદ પ્રગટ કરતાં ગાંધીજીએ સદિચ્છા પ્રગટ કરી હતી કે ગુજરાતમાં ગંદા સાહિત્યનો ધોધ વહી રહ્યો છે તેની સામે થવાની શક્તિ એ ચોપડી આપે. 'ગંદા સાહિત્યનો ધોધ' એ શબ્દો પણ આજની સ્થિતિનું વર્ણન કરવા માટે ઓછા પડે એમ છે. આજની પરિસ્થિતિમાંથી એક જ શબ્દ ઊઠે છે: સાવધાન ! સાવધાન !

ઉમાશંકર જોશી

શબ્દ હે !

શબ્દ હે ! વિલુપ્ત મૌનની તું શેષ ધૂળ,
રે રહસ્યનું ખીલેલ અર્ધ-ફૂલ;
ઓસબિન્દુમાં ડૂબેલ સૂર્ય શાન્ત,
ને કદી સુરા પીધેલ ચંદ્ર ભ્રાન્ત;
સુહાવતી તને મયૂરપિચ્છની છટા,
છતાંય સાથમાં ભર્યા શું વ્યાઘ્ર-ચર્મના ચટાપટા;
ભરેલ જિંદગી જલે અનંત-કૂપ તું,
ને છતાંય નિત્યનું જ શૂન્યનું સ્વરૂપ તું !

એક આ....

એક આ ઈંડું પડ્યું.
મૂક્યું કોણે ? પંખી તે નવ કોઈને હજી તો જડ્યું.
(વહે રહ્યો શો કાળ આ) નવ કોઈ ફાવે
ભેદ એનો પામવા; રે તો પછી ભીતર તહીં
જે હો ભર્યું (આ આપણી અધીરાઈની ઉષ્મા કંઈ
ઓછી નહીં !)
બસ તે હવે તો બ્હાર આવે......

પ્રિયકાન્ત મણિયાર

પ્રભુ જાણે કાલે—

પ્રભુ જાણે કાલે દિવસ ઉગતાં ક્યાં હઈશ હું !
પરોઢે પંખીના કલરવ થકી સ્વપ્ન સરતાં
ઉઠી, આંખો ચોળી, અલસ ગતિથી કુંજ ત્યજીને
શીળી રેતીશૈયા પર પડીશ આવી, નિરખતો
ઉષાતેજોવર્ષા જલધિસલિલે નૃત્ય કરતી ?

બળી બપ્પોરોના પ્રખર તણખા અંગ ભરતા
પહાડો-મિત્રોની મધુર મિજમાની ચહી હશે !
અજાણી કો' કેડી નિકટ સરતી ચાન્દ્રસીમતી-
મહીં ઝીણી ઝીણી કવનરટણામાં વિરમીશ !

ઢળી ક્ષેત્રે ખાટે કૃષિકમઢુલી પ્રાંગણ વિશે
નમેલી સંધ્યાની સુરભિઝર પાની ચુમીશ, કે
પછી, ગાડીમાંથી કનકનળિયાં ચાન્દ્રઉટજો
તણાં જોતા જોતા મુજ સફરનામું લખીશ હું !

નિશાને ઘેરીને અલકલટ ઉતારી લઈને
રૂપાળી ચન્દ્રિકા—મુજ પ્રિયતમાને ધરીશ, કે
ઊંડા અંધારામાં મણિધર ગળે વીંટી લઈને
પ્રકાશે એના હું
રહસ્યો રાત્રિનાં સુલભ કરતો ખુંદીશ વનો !
પ્રભુ જાણે કાલે સમય સમયે ક્યાં હઈશ હું !

જગદીશ

વડોદરા, ૨૦મી ફેબ્રુ. '૫૩

તણખલું

ગીચ રસ્તા (સાંભળ્યો છે આ જ કોલાહલ ક્યહીં!)
પર,
માણસો મોટર સહિત સરતાં ઝપાટાબંધ.
(જાણે દેવ સૌ ફરતા વિજયમાં અંધ!)
અહીં એ ગીચ રસ્તા પર,
(કશું કૌતુક!)
ચળકતું તણખલું. (બે ઈંચ બસ!)
બે-ધારવાળું, તીક્ષ્ણ, અણિયાળું.

સુસવતો માતરિશ્વા (બ્યૂક મોટરનો ઝપાટો)
ને ઉપર સળગે સૂરજ.
(અંગાર જાણે રાજ્યસત્તાનો બળે!)
ડામર બધોયે ખદબદે છે તાપમાં;
તોયે તણખલું આ,
નહીં ચસકે, નહીં સળગે, નહીં પિગળે!
(અજબ આ દૃશ્ય!......શું હુ ઊંઘતો?
ના......ના.) દબાતાં ડગ ભરી,
રખડુ કવિ, હું તણખલાને હાથમાં લેતો;
હથેળીમાં ધરી, જ્યાં શોચતો હું (ઇન્દ્ર સરખો)
ત્યાં હૃદય ને મન વચોવચ કોઈ સંધ્યા—
(સ્વર બધા રણકે છ!) ધીમે શબ્દ ત્રણ કહી જાય છેઃ
"આ સત્ય છે!
(બે-ધારવાળું-તીક્ષ્ણ-નાનું-તણખલું!)
આ સત્ય છે!!"
ગીચ રસ્તા પર ફરી મૂકી દઉ છું તણખલું.

હસમુખ પાઠક

બોલે બુલબુલ

બોલે બુલબુલ,
  વહેલે પહેરોડિયે બોલે બુલબુલ.
આ રે ગુલાબી મારી નીંદરની પાંખડીએ
  ઝીણા ઝરે સૂર કોના આકુલ? બોલે-
ચૈતરની ચાંદનીનાં ફોરાં શા સૂર એ
  આવી છંટાય મારી પાંપણે અમૂલ. બોલે-
રજની વલોવી એણે શું શું રે પીધું?
  અમરત પિવડાવવામાં રહેતું મશગુલ? બોલે-
અરધું પરધું સુણાય તોય રચે શો મૃદુલ
  પૃથિવી ને સ્વર્ગ વચ્ચે સૂર તણો પુલ! બોલે-

-૪-૧૯૫૩

ઉમાશંકર જોષી

અલ્લાહનું નૂર

["અન્નૂર"ની આ સૂરા કુરાનમાં નં. ૨૪ છે. તેની ૩૫મી આયતનું આ ભાષાન્તર છે. આ આયત અતિ રહસ્યમય–mystic–છે.

અલ્લામા યુસુફઅલીએ આ આયત સમજાવવા આ સૂરાને અંતે પરિશિષ્ટ ૮ આપ્યું છે, તે મનનીય છે.

આ આયત એટલી ગૂઢ છે કે તે સમજાવવા હ. ઇમામ ગઝાલીએ એક આખી કિતાબ–"મિશ્કાતુ'લ અન્વાર" લખી છે. મિશ્કાત=દીવો મૂકવાનો ગોખ; અન્વાર–નૂરનું બહુવચન.

એનો અંગ્રેજી તરજુમો W. H. T. Gairdnerએ કર્યો છે. તે રૉયલ એશિયાટિક સોસાઇટી, લંડન, તરફથી ૧૯૨૪માં એ સોસાઇટીના મોનોગ્રાફ નં. ૧૯ તરીકે પ્રસિદ્ધ થયેલો છે.

આ ભાષાન્તર કાવ્યમાં અલ્લામા યુસુફઅલીના પરિશિષ્ટનો તથા તેમાં ઇમામ ગઝાલીના "મિશ્કાત"નો જે સાર આપેલો છે, તેનો સમાવેશ કરેલો છે.]

અલ્લાહના એ નૂરનું રૂપક જુઓ દીપક મહીં,
તેમાં પ્રકાશે નૂર ને દીપક મૂક્યો છે ગોખમાં;
દીપક બનેલો કાચનો, તારક સમો એ જ્યોત છે,
તેમાં ભરેલું તેલ જે ઑલીવનું, નિર્મળ ઝરો. ૧

એ ગોખ માનો સૃષ્ટિ છે, દીપક ગણો મનુ-દેહને,
તેમાં ભરેલું તેલ તે ઇમાન ને આકીન છે;
ઑલીવ ઊગે છે પૂર્વમાં, પશ્ચિમમાં, સર્વે સ્થળે,
સંતો મળે સૌ ધર્મમાં, અવરોધ ના ધારે દિલે. ૨

ઝગમગ થતી જ્યોતિ મળે ઇસ્લામમાં એ નૂરની,
જ્યમ કાચ નિર્મળ ત્યમ પ્રકાશે તીવ્ર તેના તેજથી;
જો કાચ મેલો હોય તો એ મેલ રૂંધે તેજને,
દીપક નકામો થઈ રહે, ના માર્ગદર્શન સૂચવે. ૩

નબીઓ બધા પણ નૂર છે, મૂળ નૂરનાં પ્રતિબિમ્બ એ,
જ્યમ શશી પ્રકાશે સૂર્યથી, મૂળ જ્યોતનાં પ્રતિબિમ્બ એ;
પણ તીવ્રતા રવિ-જ્યોતની, એવી કડક સ્હેવાય ના,
જ્યારે બહુ સ્હેલાઈથી, સૌએ પ્રમોદે ચંદ્રિકા. ૪

નબીઓ પછી સૌ ઓલિયા, સંતો સહુ ર્મો તણા,
દરજ્જા ભલે એમાં રહ્યા, થર નૂર ઉપર નૂરના;
સૌ દાયરા ખુદના રચી, તેમાં પ્રકાશે સર્વથા,
ભક્તો–મુરીદોનાં જીવનને દોરતા, અજવાળતા. ૫

કરીમ મહમદ માસ્તર

સમયરંગ

માર્શલ સ્તાલિનનું અવસાન

માર્ચની પાંચમી તારીખે માર્શલ સ્તાલિનનું અવસાન થતાં અત્યારના જગતમાંથી એક અત્યંત પ્રભાવશાળી વ્યક્તિ અદૃશ્ય થઈ છે. સ્તાલિનના જેટલી ઊંડી અને વ્યાપક અસર માનવતવારીખમાં બહુ જજ વ્યક્તિઓએ પાડી હશે. એમના જીવનકાર્યનું યથાર્થ મૂલ્યાંકન ભાવિ તવારીખકારો જ કદાચ વધુ તટસ્થપણે કરી શકશે.

સ્તાલિનમાં ત્રિવિધ શક્તિ હતી: વિચારકની, યોદ્ધાની અને રચનાત્મક કાર્યકરની. બહુ દીર્ઘદૃષ્ટિથી માનવસમાજ અંગેના પ્રશ્નો ઉપર પોતાની રીતે એ વિચાર કરતા રણસંગ્રામમાં તો હિટલરનાં નાઝી સૈન્યોને હરાવી પોતાના દેશની જ નહિ પણ પશ્ચિમ યુરોપના દેશોની દુવા એ પામ્યા હતા. પણ સૌથી મોટી શક્તિ રચનાકાર્ય અંગેની હતી. સ્તાલિનને ત્રણેક દસકા મળ્યા તેમાં એમણે પૃથ્વી ઉપર એક નવી જ દુનિયા ઊભી કરી.

સ્તાલિન જતાં સ્તાલિનવાદ કાંઈ જતો રહેવાનો નથી. જ્યાં સુધી દુનિયામાંથી પ્રજાઓ અને વિશાળ સમુદાયોના શોષણનો અંત લાવવામાં નહિ આવે ત્યાં સુધી સ્તાલિનવાદ શોષિતોની એક આશારૂપ રહેવાનો, પડકારરૂપ પણ રહેવાનો. પણ સ્તાલિનવાદ એ આજની દુનિયાના પ્રશ્નોનો ઉકેલ નથી, એ બીજા વિશ્વયુદ્ધ પછી રશિયાને જે વિકાસાત્મક નીતિ અખત્યાર કરવી પડી તે ઉપરથી સ્પષ્ટ થયું હતું. મૂડીવાદી-શાહીવાદી અનિષ્ટ સામે વિદેશનીતિમાં સવાઈ-શાહીવાદનું વલણ પ્રગટ્યું; તેમ આંતરનીતિમાં રાજ્ય-મૂડીવાદનું ગંજાવર તંત્ર સ્તાલિનની નેતાગીરી નીચે રશિયામાં જામ્યું. વિદેશો સાથેના વ્યવહારમાં કુટિલનીતિ અને ઘરઆંગણે કંટકશોધનની નિર્મમ નિર્ઘૃણ પદ્ધતિ-એ સ્તાલિનવાદની મહાન ઊણપોરૂપે પ્રગટ થયાં. સ્તાલિનનું નામ માનવહૃદયના આશાધબકાર સમું હતું તે ઓથારરૂપ લાગવા માંડયું.

તેમ છતાં આ વિભૂતિએ શોષિત માનવસમાજ અંગેની મુશ્કેલીઓને ભારે ઉઠાવ આપ્યો છે અને માનવજાતિ હવે લાંબો વખત આંખમીંચામણાંની નીતિ અખત્યાર કરી શકશે નહિ-એ એક લાભ જ છે. ડૉ. રાધાકૃષ્ણને કહ્યું કે સ્તાલિન સાથેની વાતચીતથી પોતે જાણ્યું હતું કે સ્તાલિન પોતાને ત્યાંના નાગરિક સ્વાતંત્ર્યના અભાવથી અજાણ ન હતા. 'અમારા દેશનો વિવિધતાભર્યો ઇતિહાસ જુઓ અને જે ઐતિહાસિક પરિસ્થિતિમાંથી અમારે પસાર થવું પડ્યું એ પણ જુઓ. એ ઉપરથી, રશિયામાં નાગરિક સ્વતંત્રતા[ઓ]ના અભાવ શા માટે છે તેનો ઉત્તર મળી જશે. પહેલાં શાન્તિ, સ[લામતી] અને સંરક્ષણ સ્થપાઈ જાય, પછી નાગરિક સ્વતંત્રતાઓ તો પા[છી] પણ પ્રાપ્ત કરી શકાય છે.' ડૉ. રાધાકૃષ્ણને કહ્યું કે આ[...] માર્ક્સવાદને અનુરૂપ ન હતી ત્યારે સ્તાલિને એટલો જ [જવાબ] આપ્યો કે 'હું કાંઈ એવો કટ્ટર માર્ક્સવાદી નથી, સર્જ[નાત્મક] (creative) માર્ક્સવાદી છું.' સ્તાલિનને વધુ આયુષ્ય [મળ્યું] હોત તો આવી સ્વતંત્રતાઓ એ સ્થાપત કે કેમ એ કોણ કહી [શકે?] પણ વિચારશીલ માણસોમાંથી ઘણા, વડાપ્રધાન નહેરુએ [...] સંસદમાં ઉચિત અને ઉદાત્ત અંજલિ આપતાં જે ઉદ્ગાર [કાઢ્યા] તેના સૂર સાથે સંમત થશે. શ્રી નહેરુએ કહ્યું હતું: 'જ્યાં[સુધી] મારી જાણકારી પહોંચે છે તેના આધારે હું એમ કહી [શકું કે] અશાંતિ અને સંઘર્ષની આ દુનિયામાં એમણે પોતાની [...] ઉપયોગ હમેશાં શાંતિના પક્ષમાં કર્યો હતો.'

રશિયા શાંતિના પક્ષમાં સતત ચાલુ રહીને પોતાનો [...] સાધતું રહી પોતાને પડેલી મહાન ખોટ સહી લેશે એવી [આશા] રાખીએ. યુદ્ધથી દૂર રહેવાની સ્તાલિનની શાણપણભરી [નીતિનો] પ્રભાવ બીજી સત્તાઓ ઉપર પણ પડે એવી આશા રાખીએ.

સવાઈ-સ્તાલિનવાદીઓ

સ્તાલિનવાદ એ આજના જગતમાં એક જાતના ધર્મરૂપે [...] છે. તો સ્તાલિનવાદવિરોધ એ પણ એક ધર્મ બની બેઠો હોય [એમ] જોવા મળે છે. એ બંનેમાં તાત્વિક રીતે જોતાં બહુ ભેદ ભા[ગ્યે જ] જોવા મળશે. સ્તાલિનવાદવિરોધીઓ સ્તાલિનને વેરભાવે [...] છે એટલું જ. સ્તાલિનવાદની મુખ્ય અણગમતી ચીજ છે [...] સમરૂપતા (conformity). સ્તાલિનવાદવિરોધીઓ ભારે [...] પૂર્વક સ્તાલિનવાદના વિરોધમાં દરેકની પાસે વિચારની સ્વ[તંત્રતા] માગે છે. અત્યારે તો એ એક જ વાતમાં માગે છે પણ એ[...] અટકવાના ? એમનું ઝનૂન તેઓ પોતે પણ સમરૂપતાઘેલા (con-formity-minded) છે એમ પ્રગટ કરે છે. જગતના [કોઈ પણ] ક્ષેત્રમાં સ્તાલિનની મોટામાં મોટી ખરાબ અસર કોઈ [હોય તો] એણે આ સ્તાલિનવાદવિરોધીઓ રૂપી સવાઈ-સ્તાલિનવા[દીઓને] જન્મ આપ્યો છે એ છે.

'ટાઇમ્સ'ને જાહેરખબરો ન આપવાનો મુંબઈસરકાર-નો નિર્ણય

મુંબઈ સરકાર પોતાની જાહેરખબરો જે પત્રોને આપે તેમાંથી અંગ્રેજી દૈનિક 'ટાઇમ્સ'ને દૂર રાખવાનો એણે નિર્ણય કર્યા પછી એ અંગે ભારે ચર્ચા જાગી છે. વડાપ્રધાને 'ટાઇમ્સ'ના અગ્રલેખનો સૂર બરોબર નથી એ કારણ આગળ ધર્યું એથી ચર્ચાનો એવો મુદ્દો ઊભો થયો કે સરકાર પોતે જે જાહેરખબરો આપે છે તેનો વર્તમાન-પત્રોની સ્વતંત્રતાના મૂળભૂત હક્ક ઉપર અસર પડે એ રીતે ઉપયોગ કરી શકે કે કેમ. પાછળથી વડાપ્રધાને બે કારણો આપ્યાં: એક તો 'ટાઇમ્સ'ના જાહેરખબરના દરો ઘણા ઊંચા છે અને બીજું એ કે એ અંગ્રેજી પત્ર છે એટલે એમાં ખરચાયેલાં નાણાં દ્વારા સામાન્ય પ્રજા સુધી પ્રચાર ન થાય. આ કારણો અગાઉથી જ અપાયાં હોત તો ભારે ઊહાપોહ થવાને કારણ ઓછું રહેત. પણ 'અગ્રલેખના સૂર'નું કારણ વડાપ્રધાન જેવી જવાબદાર વ્યક્તિએ આગળ ધર્યું એ આપણી ઊછરતી લોકશાહી માટે અનુકૂળ વલણ ભાગ્યે જ હોય.

'ટાઇમ્સ' પત્રે હાલના વડાપ્રધાન શ્રી મોરારજી દેસાઈ અંગે લખવામાં (ખાસ કરીને ચૂંટણીમાં એમની હાર થયા પછી) અને વારંવાર દારૂબંધી અંગેનું પોતાનું ટીકાત્મક વલણ પ્રગટ કરવામાં કેટલીક વાર વ્યક્તિગત – અંગત – લાગે એવું શ્રી દેસાઈ માટે ઘસાતું લખ્યું છે, જે પત્રકારત્વના આદર્શ સાથે બંધબેસતું ન ગણાય. જાહેર બનાવોની ટીકા કરતાં બીજી પ્રામાણિક ભૂલો પણ, સૌ સામયિકોની જેમ, 'ટાઇમ્સ' પત્રની પણ થઈ હશે પણ તેથી, તું તારી ટીકાનો સૂર ન બદલે ત્યાં સુધી તને અમારી જાહેરખબરો નહિ મળે એવું વલણ શ્રી મોરારજી દેસાઈએ 'ટાઇમ્સ' પ્રત્યે અખત્યાર કર્યું એ ખરે જ શોચનીય છે.

પત્રકારત્વનું ઊંચું ધોરણ સાચવતાં, આપણા દેશમાં જે જૂજ વાંચવા જેવાં વર્તમાનપત્રો છે તેમાં 'ટાઇમ્સ'નું સ્થાન આગળ પડતું છે અને એ એવી મોટી સંસ્થા છે કે સરકારની ચપટીક જાહેર-ખબરો માટે એ મરવા ન પડે,—પણ એ જુદો સવાલ છે. સવાલ તો એ છે કે સરકાર વર્તમાનપત્રો પર પોતાનો વસીલો જમાવવાના સાધન તરીકે પોતાની આવી જાહેરખબરોનો ઉપયોગ કરી શકે? વર્તમાનપત્રો પોતાની ટીકા કરતાં લાગે એમને આ લાભમાંથી બાદાત રાખી એમના વિચારસ્વાતંત્ર્ય માટે એમને દંડી શકે?—બીજા શબ્દોમાં, જેને જાહેરખબરો આપે તેમને, આ રીતે, ટીકા ન કરવાની કિંમત સામેથી ચૂકવવા પ્રેરીને એમના વિચારસ્વાતંત્ર્યને રૂંધવા જેવું કરી શકે? આપણી ઊછરતી લોકશાહી માટે આ પ્રશ્નો ઘણા મહત્ત્વના છે અને તેથી જ વડાપ્રધાનના કમનસીબ વલણે વિચાર કરતા સૌ પ્રજાજનોમાં ખેદની લાગણી પ્રગટાવી છે.

થોડા મહિના પહેલાં બી.બી.સી. ઉપરથી બોલતાં એક વિદ્વાન ધારાશાસ્ત્રીએ દુનિયાના અત્યારનાં રાજ્યોના બે મુખ્ય ભેદ પાડ્યા હતા: Thin-skinned States (આળી ચામડીવાળાં રાજ્યો) અને Thick-skinned States (જાડી ચામડીવાળાં રાજ્યો). પહેલા પ્રકારનાં રાજ્યો, જે સહેજ અમથી ટીકા પણ ખમી શકતાં નથી, તે સરમુખત્યારી પદ્ધતિનાં હોય છે. બીજો પ્રકાર લોકશાહી પદ્ધતિનાં રાજ્યોનો છે. જે ગમે તેવી ને ગમે તેટલી ટીકાની ઝીંક સહન કરી શકે છે. બલકે મુક્ત ટીકા એ લોકશાહીનો પ્રાણવાયુ છે. 'મારા મોઢા ઉપર મને કેટલાક હિટલર કહે છે એ જ બતાવી આપે છે કે હું હિટલર નથી'—એ મતલબનું શ્રી મોરારજી દેસાઈ-એ હમણાં જાહેરમાં કહ્યું એને યથાર્થ માનીને આપણે આશા રાખીએ કે તેઓશ્રી ટીકાઓને વધુ ને વધુ આદરપૂર્વક બરદાસ્ત કરીને આપણા રાજ્યને 'આળી ચામડીવાળું' રાજ્ય થવામાંથી બચાવશે અને 'ટાઇમ્સ' સામે દર્શાવેલો 'અગ્રલેખના સૂર' અંગેનો વાંધો પાછો ખેંચી લેશે.

આ પ્રકરણને લીધે ભવિષ્યમાં સરકારી જાહેરખબરો આપવા અંગેના યોગ્ય નિયમો નક્કી થાય એની જરૂરિયાત પણ સ્પષ્ટ થઈ છે.

પક્ષપાતી ધોરણ

મુંબઈ સરકારે એવું વિચાર્યું છે કે પોતાને હસ્તક ચાલતી શાળાઓમાં સામ્યવાદી કે શેતકરી-કામગાર પક્ષ એ બે પક્ષમાંથી કોઈ પણનું સભ્યપદ ધરાવનાર વ્યક્તિ શિક્ષક તરીકે રહી શકે નહિ. આ નિર્ણય ડહાપણભરેલો નથી. બીજા રાજકીય પક્ષના સભ્યો પોતાની નીચે શિક્ષક તરીકે રહે અને અમુક રાજકીય પક્ષના સભ્યો ન રહી શકે એવો સરકારી નિયમ પક્ષપાત-વાળો ગણાય. જે પક્ષ સત્તા ઉપર હોય તે પ્રતિપક્ષને આ રીતે સજા કરી શકે? અને મોટી વાત તો અમુક શિક્ષક આ કે તે પક્ષ સાથે ભળેલો છે એ નક્કી કઈ રીતે કરવામાં આવશે એ છે. સંભવ છે કે નર્યા વહેમ ઉપરથી કેટલાક શિક્ષકોને નાહક દંડવામાં આવે. જે પક્ષો ગેરકાયદે નથી, જેને રાજ્ય ખુલ્લી રીતે કાર્ય કરવા દે છે, તેમાંથી ટાળીને અમુકને અમુક લાભ લેવા દેવા અને બીજાને એથી વંચિત રાખવા એ લોકશાહીનાં ધોરણોને અનુકૂળ નથી. આવું પગલું એ ઉપર Thin-skinned State—આળી ચામડીવાળા રાજ્ય-ની વાત કરી તેનું લક્ષણ છે. આશા છે કે આવો બેહૂદો નિયમ મુંબઈ સરકાર અમલમાં નહિ લાવે.

નાટ્યલેખન હરીફાઈ

મુંબઈમાં રંગભૂમિ શતાબ્દી મહોત્સવ પ્રસંગે સ્થપાયેલા ગુજરાતી નાટ્યમંડળે ગુજરાતી નાટ્યલેખન હરીફાઈ અંગે લેખકોને નિમંત્રણ મોકલ્યું છે. નાટ્યકૃતિઓમાંથી જે કૃતિઓ અનુક્રમે પહેલી, બીજી અને ત્રીજી પુરવાર થશે તેના લેખકોને અનુક્રમે રૂ. ૫૦૦, રૂ. ૪૦૦ અને રૂ. ૩૦૦નું પારિતોષિક આપવામાં આવશે.

[અનુસંધાન પૃ. ૧૫૩ ઉપર]

આપણો વાચકવર્ગ : ચિંતાજનક દશ્ય

ભોગીલાલ ગાંધી

રાષ્ટ્રના જીવનમાં રાજકીય કટોકટી વ્યાપે છે ત્યારે એને ઢોલ પીટી જાહેર કરવાની જરૂર નથી પડતી અને માણસના જીવનમાં આર્થિક કટોકટી જાગે છે, ત્યારેય કોઈએ એને કહેવા જવાની જરૂર નથી રહેતી.

પરંતુ સાંસ્કારિક કટોકટી એક એવું લક્ષણ છે કે જે અતિ ઉગ્ર કક્ષાની હોવા છતાં, એની ગંભીરતાની વાત તો બાજુએ રહી, પણ એના અસ્તિત્વનીય ખબર, મોટે ભાગે, ઘણાંઓને નથી હોતી !

બધી વાત છોડી, આપણા ઘરની – આપણી ગુજરાતી પ્રજાની—સાંસ્કારિક કટોકટી પ્રત્યે નજર નાખતાં શું આવું જ દૃષ્ટિગોચર નથી થતું ? બીજાં ક્ષેત્રો છોડી, ગુજરાતી સાહિત્યનાં વાચન, પ્રકાશન અને સર્જન વિષેય શું આ વાત સાચી નથી ?

બીજી કોઈ તત્ત્વ – સિદ્ધાન્તની અને અન્વેષણની વાત બાજુ પર રાખીએ અને એક ક્ષણ આપણે ત્યાં પ્રજા શું વાંચે છે, કેવુંક ને કેટલુંક વાંચે છે, એના પર ઊડતી નજર નાખીએ તોય ઘણું બંધું રહસ્ય છતું થયા વિના નથી રહેતું.

*

ઘણી વાર એવું બને છે કે, પ્રજાનો ભણેલો વર્ગ વાચન ભણી ઉદાસીનતા ધરાવતો હોય છે અને કદીક એવુંય બને કે એકાદ દાયકા પૂર્વે જેટલી સંખ્યામાં લોકો વાંચતા હોય, ને જેટલા પ્રમાણમાં વાંચતા હોય, તેનાથી ઓછી સંખ્યાના લોકો વાંચતા થાય, ને ઓછા પ્રમાણમાં વાંચતા થાય !

આવું ચિત્ર નજર સમક્ષ આવતાં જ, કોઈ પણ સુજ્ઞ માણસ કહી દેશે કે પહેલી દશા સંસ્કારક્ષેત્રની પછાત કક્ષા સૂચવે છે; ને બીજી તો પીછેહઠ ગણાય! નવા વિકસતા યુગની શરમ કહેવાય !

પણ સંસ્કારની કટોકટી – સંસ્કારની શરમ અનેક છદ્મવેશોય ધારણ કરી આવે છે, ને ત્યારે આંખ જેવી આં[ખ] પણ ભુલાવામાં પડે છે !

અત્રે, આપણી ગુજરાતી વાચકપ્રજાની જ કે[ટલીક] વાત કરીએ.

આપણે બેધડક રીતે એમ કહી શકીએ કે ગુજરા[તમાં] છેલ્લાં દશ વર્ષમાં વાચનભૂખ જેટલી ઊઘડી છે એટલી આપણે ત્યાં ન હતી. આ એક દાયકામાં આપણો વાચ[કવર્ગ] કાંઈ નહીં તોય પાંચસાતગણો વધી ગયો છે !

આની પાછળ અનેક કારણો હશે ને અનેક [...] આ પ્રતાપ હશે. પરંતુ આજે ગુજરાતનાં દૈનિક[પત્રોનો] ફેલાવો અને તેના અંદાજે વાચકની સંખ્યાનો વિચાર ક[રીએ] તોય આ વાત સ્પષ્ટ થાય એવી છે. સંદેશ, ગુજરાતસમ[ાચાર] (બંનેની સાંજસવારની આવૃત્તિઓ), લોકસત્તા, જન્મ[ભૂમિ], વંદેમાતરમ્, મુંબઈસમાચાર, જામેજમશેદ ને જનશક્તિ[,] ફૂલછાબ અને જયહિંદ—આટલાંનો જ વિચાર કરીએ[,] આશરે ૧ લાખથી વધુ નકલોનો ફેલાવો કરવાવાળા[ં] પત્રોના વાચકોની સંખ્યા ત્રણેક લાખ જેટલી થવાની.

આપણી એક કરોડ ઉપરની પ્રજામાંથી ૧૦થી ૧૨ [...] ‘ શિક્ષિત ’ તરીકે સરકારી દફતરે નોંધાયલા હશે; તેમાંથી અર્ધા તો માંડ માંડ કક્કો વાંચી શકે તેવા, ને [...] નામ લખી શકે એવા ગ્રામવાસીઓ હશે. આપણે [...] ઢૂંઢી રહ્યા છીએ એવા સ્થાયી વાચકો કાંઈ એ બધા ન[...]

એટલે કે ગુજરાત–સૌરાષ્ટ્રની વસ્તી અને મુંબઈ[...] ઇતર પ્રદેશોમાં વસતી ગુજરાતી પ્રજાના પાંચછ ટકા [...] પ્રજા આપણો પાયાનો અને નિયમિત યા સ્થાયી વાં[ચક] વાચકવર્ગ છે, એ નિઃસંશય છે.

આ પાંચછ લાખના સ્થાયી વાચકવર્ગ ઉપર જ [...] અઠવાડિકો, માસિકો, અન્ય સામાયિકો અને મોટા [...]

પુસ્તકોનાં પ્રકાશનો નિર્ભર છે એય હકીકત દુર્લક્ષ થઈ શકે એવી નથી.

અને આમાંના જ એક મોટા સમૂહ ઉપર લાખ લાખ રૂપિયાની 'બક્ષિસો' ન્યોછાવરી દેનારી શબ્દહરીફાઈની જિંદગી નિર્ભર છે!

*

આ પાયાના વાચકવર્ગની જ વાત આપણે અહીં કરવી છે. પરંતુ તત્કાલ પૂરતા આપણે ડઝનબંધ હરીફાઈપત્રોના તથા રોજિંદા અને અઠવાડિક સમાચારપત્રોના વાચકોની વાત જવા દઈશું.

હાલ પૂરતી તો પુસ્તકો, માસિકો અને મુખ્યતઃ 'સમાચારપત્રો' તરીકે નહીં, પણ કોઈ ને કોઈ સ્વરૂપનાં 'મનોરંજનપત્રો' તરીકે પ્રસિદ્ધ થતાં અખબારો—અઠવાડિકો-ની વાત કરીશું.

આ સમસ્ત સ્થાયી વિશાળ વાચકસમૂહનો આપણે અનેક રીતે પરિચય લઈ શકીએ છીએ. એક તો આપણે એને આ રીતે વિભાગીએ :

* મુખ્યત્વે સિનેમા, સેક્સ અને સ્ટંટ-ડિટેક્ટિવ સાહિત્ય વાંચનાર.
* ધાર્મિક અને ધાર્મિક જેવું સાહિત્ય વાંચનાર.
* સાધારણ હળવું તંદુરસ્ત સાહિત્ય વાંચનાર.
* ગંભીર પ્રકારનું, ચિંતનશીલ સાહિત્ય વાંચનાર.

પરંતુ આ ચાર મુખ્ય વિભાગોના વાચકોના વિભાગવાર ટકા કાઢવા બેસીશું ત્યારે ચિત્ર ચોંકાવનારું જણાશે.

'ધાર્મિક' અને ધાર્મિક જેવું, તથા સિનેમા, સેક્સ અને ડિટેક્ટિવ સાહિત્યનો વાચકવર્ગ ૮૦ ટકા રોકી લે તો નવાઈ નહીં!

અહીં એક ખુલાસો જરૂરી છે. હું જ્યારે 'ધાર્મિક' કહું છું ત્યારે ધર્મના તાત્ત્વિક સૈદ્ધાન્તિક સાહિત્યની વાત નથી કરતો પણ પ્રચલિત ધાર્મિક માન્યતાઓને ઉપરછલ્લી રીતે પોષનારા અથવા વૈષ્ણવ, જૈન, શૈવ વગેરે પંથના સાહિત્યગ્રંથોની વાત કરું છું, અને જ્યારે સિનેમા, સેક્સ અને ડિટેક્ટિવ સાહિત્યની વાત કરું છું ત્યારે એક વિજ્ઞાન તરીકે સેક્સના, યા સંસ્કારપ્રચારના સાધન તરીકે સિનેમાના અને સાહસ તથા અદ્ભુત રસના પોષનાર તરીકે ડિટેક્ટિવ સાહિત્યની વાત નથી કરતો. પરંતુ મોટે ભાગે જાતીય-રસોને ઉત્તેજનારા, છીછરા ને ઉતરતા રસોને પોષનારા તથા માણસની જિંદગીની, તેની સંસ્કારિતા અને ભાવનાની ઠેકડી ઉડાડનારા, અને સૌથી મોટા ખૂની અને ક્રૂર ઇન્સાનને એક વીર નાયક તરીકે બિરદાવનારા, અને સ્ત્રીજાતિને કેવળ ઉપભોગ અને માલિકીની ચીજ રૂપે આલેખનારા બીભત્સ સાહિત્યની વાત કરું છું.

*

ગુજરાતીમાં આજે અનેક 'સીનેવિકલી' નીકળે છે ને અનેક 'સેક્સ-મેગેઝિન્સ' નીકળે છે!

કેવળ, ગોરેગાંવના સ્ટેશને ઊભી વ્હીલરના સ્ટૉલ પર નજર કરતાં જ આટલાં તો નોંધી શકું છું : ચિત્રલોક, છાયા-સંદેશ, ચિત્રપટ, ચિત્રલેખા, આરામ, બહુરૂપી, જયશ્રી, છબી, વાર્તા, સવિતા, બેગમ, વેણી, રવિવાર, ગપસપ, ચક્રમ, ભવિષ્ય, કિસ્મત, પ્રેમકથા, યુવાની, ચુંબન, મધુ-રજની, નરનારી—પચીસ તો થવા આવ્યાં! આ બધાં મળીને આશરે બે લાખનું સરક્યુલેશન (ફેલાવો) ધરાવતાં હશે!

અને ડિટેક્ટિવ માસિક ગ્રંથમાળાઓ—બહુરૂપી, ચિત્ર-ગુપ્ત, ગુપ્તચર, મનોરંજન—વગેરે થઈ દર મહિને ૮થી ૧૦ હજાર નકલ પ્રસિદ્ધ થતી ગણાય.

આ બધા જ સાહિત્યને આપણે એક જ કક્ષામાં ફેંકી દઈ શકતા નથી; એ બધાની સરખી ઉપેક્ષા કરવી યોગ્ય પણ નથી.

પરંતુ આમાંના અનેકનો મુખ્ય રસ અને મુખ્ય ધ્વનિ નિશ્ચિત રીતે આપણા સંસ્કાર જીવનને છિન્નભિન્ન કરનારો, એનું અધઃપતન કરનારો છે. પૂંઠા પર રંગબેરંગી અર્ધ-નગ્ન ચિત્રો; સિનેમા નટીઓના અંગત જીવનના સાવ નિરર્થક ને અણછાજતા સમાચારો, સ્ત્રીઓનાં ઉપસાવેલાં અંગોના ફોટાઓ, રેખાચિત્રો તથા તુક્કાખોર 'ભવિષ્ય'ના વરતારા-ઓ વિના મોટા ભાગનાં આ અખબારો માટે પોતાનું અસ્તિત્વ ટકાવવું જ અશક્ય હોય છે! ખુદ 'વાર્તા વિકલી' તરીકે ઓળખાતાં સામયિકોનેય આવા વિભાગો તો આવશ્યક લાગે છે! અનિવાર્ય બીભત્સતાનું છડેચોક પ્રદર્શન એ જાણે આવાં સામયિકોનું ગૌરવ ગણાય છે. ખુલ્લે આમ ખાસ 'ચુંબન અંકો' અને ખાસ 'મધુરજની અંકો' પ્રસિદ્ધ થાય છે! કેટલીક વાર ખાસ નાનાં કદ તરફ ધ્યાન

આપવામાં આવે છે કે જેથી યુવતીઓ સુધ્ધાં પોતાના બ્લાઉઝમાં પ્રેમપત્રોની જેમ આ 'સાહિત્ય'નીય બીજાઓની આંખોથી રક્ષા કરી શકે !

અને રખે કોઈ એમ માને કે કોઈ અતિ ઊતરતા વર્ગની જવલ્લે વ્યક્તિઓ જ આ બધાનો આસ્વાદ માણતી હશે. આ સામયિકોના આંકડા ભલભલા સંસ્કારી–'સંસ્કારી' અને શિષ્ટ–ગણાતા સાહિત્યના સરવાળાથીય વધી જાય એવડા મોટા હોય છે ! અને ઊજળાં ઘરોમાં ને કુટુંબોમાં સુધ્ધાં તેઓ એમનું સ્થાન ખુલ્લી કે છૂપી રીતે મેળવતાં હોય છે !

*

જેમ, શ્રી રમણલાલ વ. દેસાઈની નવલકથા વાંચનારાનો સારો એવો વર્ગ સ્ટંટખોર, ગુનાહિત પ્રકારની સેક્સ ને ડિટેક્ટિવ નવલકથા–વાર્તાઓ વાંચતો હોય છે, તેવું જ 'ઊર્મિ', 'પ્રતિમા' ને સારાં માસિકો ને 'શિષ્ટ' સામયિકો વાંચનારો વર્ગ સુધ્ધાં–એમાંનો સારો એવો હિસ્સો–ઉપર કહ્યું તેવું સાહિત્યેય વાંચતો હોય છે.

વળી, ગુજરાતી બાળક અને બાળકનાં માબાપ 'રમકડું', 'ઝગમગ', યા 'બાળસંદેશ' લગભગ સરખાં રસ અને હોંશથી વાંચે છે (બાળસાહિત્ય અંગેનો રસિક હિસ્સો અહીં છોડી દઉં છું–પરંતુ પોણાલાખ જેટલી નકલો ધરાવતાં હશે); અને 'અખંડ આનંદ' કુટુંબે કુટુંબે બહુશ્રુત ને અલ્પશ્રુતોને સરખો આનંદ આપે છે !

ઘણીબધી રીતે સુસંસ્કારી, અર્ધસંસ્કારી અને અસંસ્કારી વાચકસમૂહોના ભેદો જ ભુંસાઈ રહ્યા છે !

*

આજે મુખ્યત્વે બે વિભાગો રહી ગયા છે: એક છે 'ભારે વાંચન'ને બીજું છે 'હળવું વાંચન !'

થોડાક હજારને બાદ કરીએ તો, લાખો વાચકો—વકીલ ને શિક્ષકોથી માંડી સ્ત્રીઓ ને વિદ્યાર્થીઓ, નાના વેપારી ને ગુમાસ્તાથી માંડી કારીગરો ને કામદારો—જંગી વાર્તાસમૂહ, હળવું સાહિત્ય એટલે કે હળવી નવલકથાઓ—'સેક્સ', 'સીને' અને ડિટેક્ટિવ સાહિત્ય વધુ પસંદ કરે છે.

અને જેને ગંભીર વાચન તરીકે તેઓ લેખે છે તે કવિતા, નાટક, વિવેચન, ચિંતન, જીવન, પ્રવાસ વગેરે સાહિત્યપ્રકારોને અડધા સુધ્ધાં તૈયાર નથી. ટૂંકી વાર્તાઓને 'ટૂચકા' કહી જેમ તેમ નભાવી લેવાની ઉદારવૃત્તિ બતાવે છે, તેમનીય મર્યાદા આવી જાય છે !

આ લાખોનો વિશાળ વાચકસમૂહ આપણી સા[illegible] સૃષ્ટિના પાયાનો વર્ગ છે એ ભૂલવું જોખમકારક છે.

અને આ વાચકવર્ગમાંના મોટા ભાગનાના રસો [illegible] રીતે ઘડાયા છે કે, અથવા અણઘડાયા રહી ગયા છે [illegible] વિચારશીલ, જીવનનું પ્રતિબિંબ પાડનારી ઊંડાણવાળી [illegible] ભાવનાઓની સૂક્ષ્મતા ભરેલી, શરદબાબુ, ટાગોર, પ્રેમચં[illegible] ટોલ્સટોય કે ગોર્કીની વાર્તા-નવલકથાઓનેય ભારે ગણી [illegible] છે ! પરદેશી નામો ને વાતાવરણવાળીને તો અચૂક રીતે [illegible] ને અરસિક લેખે છે. લાંબાં વર્ણનો અને જીવનનાં [illegible] પ્રતિબિંબો વાર્તારસને રોકનારાં ને રૂંધનારાં તત્ત્વો [illegible] પાનાં ઉથલાવી જાય છે !

'ગોરા'ને 'ઘરે-બાહિરે'(ટાગોર)થી માંડી આ[illegible] ઉત્તમ નવલકથાલેખક પન્નાલાલની સર્વોત્તમ નવ[illegible] 'માનવીની ભવાઈ' સુધ્ધાં આ વિશાળ વાચકને ભારે લા[illegible]

આપણા ગુર્જર સાહિત્યની રત્નકણિકાઓ સમી '[illegible] ઘેલો', 'ગુલાબસિંહ', 'સરસ્વતીચંદ્ર', કે 'ઉષા'[illegible] વાત જ ન પૂછવી. એ 'જૂનવાણી' છે, એટલા માટે [illegible] પણ 'એમાં રસ—મઝા પડતી નથી' એટલા માટે [illegible] વંચાતાં બંધ થયાં છે !

આજથી એક પચીસી પૂર્વે, સાધારણ સંસ્કારી [illegible] ની સ્ત્રી, કન્યા, સુધ્ધાં અચૂક રીતે 'કલાપીનો કેકા[illegible] બોટાદકરની કવિતાઓ, 'સરસ્વતીચંદ્ર' ને શ્રી નાના[illegible] એ પાંચ પુસ્તકો અવશ્ય વાંચતી હતી ને ઉપભોગ માણતી [illegible]

આજે એ સૌનો આસ્વાદ લેનારાં કુટુંબોય ઓછાં [illegible] ચઢે છે.

અને ૧૯૩૦–'૪૦નાં વર્ષો દરમ્યાન આપણા વાચક[illegible] વિશાળ સમૂહને શરદબાબુએ જકડી લીધો હતો; આજે [illegible] શરદબાબુ જાણે પશ્ચાદ્‌ભૂમિ ભણી ધકેલાઈ રહ્યા છે.

અને આજ સુધીમાં ગમે તે સમયેય નવલકથા [illegible] વાર્તાનું સ્થાન આગળ પડતું હતું. જીવન અને પ્ર[illegible] વાચકવર્ગ સારો એવો હતો, અને કવિતા, નાટક [illegible] વિવેચનનાં પુસ્તકો, નાની આવૃત્તિમાં, છતાં ચોક્કસ [illegible] પ્રસિદ્ધ થયા કરતાં હતાં.

[અનુસંધાન પૃ. ૧૫૦

તુકારામનું સ્વર્ગારોહણ

રામનારાયણ વિ. પાઠક

" તુકારામ તુકારામ, રટતા કાં તુકા તુકા,
ઉર્વશીનૃત્યવેળાયે હતા અન્યમનસ્ક કાં ? "
" દેવી, બન્યો એક વિચિત્ર યોગ:
આયુષ્ય ષણ્માસનું શેષ ભક્તનું.
જીવન્ છતાં મુક્ત જ ભક્ત એ તો,
આયુષ્યાન્તે મુક્તિને પામવાના,
ને એમના સંચિતનાં સુખો તે
ન ભોગવાયે વિણ સ્વર્ગ ક્યાંય;
ને ભક્તને સ્વર્ગ શી રીત લાવવા ?—
જેને નિજેચ્છાથી જ અહીં અણાય; ૧૦
જરા હસી ત્યાં વદતી શચી કે:
" તમે રહ્યા તદ્‌વિદ તો પ્રતારણે:
દેવો અને દાનવને પ્રતાર્યાં;
તો એક ભોળા ભક્તની વાત તે શી ? "
" અરે, અરે, દેવી તમે ભૂલો છો,
પ્રતારવાનું છિદ્ર છે વાસના જ.
જેને સ્પૃહા નહિ અને નહિ વાસનાયે,
તેને કહો સ્વર્ગની શી પડી છે ?
બ્રહ્મર્ષિ મેં નારદનેય પૂછ્યું,
એયે કશો માર્ગ બતાવી ના શક્યા. " ૨૦
" હાં ! હાં ! એમ કરો દેવ, બ્રહ્મર્ષિને જ પાઠવો,
કહો કે સ્વર્ગના દેવો, ભક્તનાં ભજનોત્સુક.
એક વાર કહો આવી અભંગો સુણવે સ્વયમ્.
ના નહીં કહે. " " ખરે દેવી ! પુરુષોને પ્રતારણા
વિદ્યા હશે, સ્ત્રીઓનો તો જન્મપ્રાપ્ત સ્વભાવ છે. "
" ના, ના, પ્રતારણા એ ના, મારે ભક્ત નિહાળવા
તણા કોડ,—અને સાથે સતીનેયે—" " ભલે ભલે,
પતિસેવારતા નિત્યે પતિભોગાધિકારિણી
અને હવે નારદને મળું છું જૈ. " ૨૯

* * *

આજે ભક્ત તુકારામ, ઊઠી બ્રાહ્મમુહૂર્તમાં
ગુંજતા સ્વર ધીમાથી અભંગો સ્ફુરતા સ્વયમ્.
ત્યાં સતીએ કહ્યું આવી: " સ્નાનવેળા થઈ ગઈ. "
" જાગ્યાં છો ? ન સુણી આજે વલોણું વાયું મેં હતું
હજી ઊઠ્યાં નહિ હશો. " " વલોણું બંધ છે થયું.
કેમ કાંઈ હતું કહેવું ? " " આજે સ્વપ્ન વિશે મને
વીણાપાણિ ઊર્ધ્વશિખ વિષ્ણુભક્ત મળ્યા, અને
કહ્યું દેવો નિમન્ત્રે છે સુણવા ભજનો મને.
અને વળી ઉચ્ચર્યાં કે સતીને કહી રાખજે
સાજ સંભાળવા માટે તમારી સાથ આવવા.
તો કહો—" કર લંબાવી સતીને સ્કંધ મૂકતાં ૪૦
પૂછ્યું ભક્તેઃ " કહો સાથે તમેયે આવશો જ ને ? "
સતી નીચું રહી જોઈ, ઢીંચણે માથું ટેકવી,
" પડ્યાં શું કૈં વિચારે કે ? " " ના, ના, એવું કંઈ નથી.
મારે તો એ જ કહેવું'તું, તમે જે સ્વપ્નમાં દીઠું
તે બધું મેંય દીઠું'તું, મોટે પરોઢ સ્વપ્નમાં. "
" ત્યારે તો કહો. કહે છે કે પ્રાતઃસ્વપ્નાં ખરાં પડે.
આવશો સાથ ને ત્યારે ? " કિંતુ નિઃશ્વાસ દૈ કહે:
" મને યે એ જ ચિંતા છે. તમારી સાથ આવું તો
ધન્યભાગ્ય થઈ જાઉં. કિન્તુ શું તમને કહું ?
તમે ભોળા, અમો સ્ત્રીનાં ભાગ્ય ના સમજો તમે. ૫૦
મહિષી વસુકી ગૈ છે, વિયાશે ચાર માસમાં.
મારે કૌતુક છે મોટું, પાડો કે પાડી આવશે ?
તમે ભાગ્યવિધાતા છો, ચાહો તેમ કરી શકો,
અમે સંસારગૂંથાયાં, ધાર્યું ન શકીએ કરી. "
" કાલે જવાબ છે દેવો, શી ઉતાવળ છે હજી,
વિચારીને પછી કહેજો. " કહી ભક્ત વિરામિયા.
જોડાયા નિત્યકર્મમાં. ૫૭

* * *

“ હજી કહો કાં ગમગીન દેવ :
આવી ગયા સ્વર્ગ તુકાજી સ્વર્ગે,
ગાયા અભંગો, સાંભળી હું કૃતાર્થ. ૬૦
છતાંય અસ્વસ્થ, વિમાસણે કાં ? ”
“ શચી કહું શું ? ક્ષતિ એક ટાળવા
અનેક મેં દુર્ઘટના ઘટાવી :
આ કિન્નરો ના સમજ્યા અભંગનું
સંગીત સાદું ઋજુ ભવ્ય ભાવનું;
ને અપ્સરા તો સુણી વાત ભક્તની
સતી ન આવ્યા કુતુકે માહિષીના,
રોકી શકી ના સ્મિત કે કટાક્ષો.
ને ભક્ત તો ત્રાસી ગયા છ સ્વર્ગથી—
આ સ્વર્ગ, આ સ્વર્ગ તણા વિલાસથી. ૭૦
સ્મરો તમે ના ભક્તના એ અભંગો
સ્વર્ગંગામાં પગ મૂકતાં જ
ગાયા હતા જે :

[અભંગને ઢાળે]

પરાત્પર પરબ્રહ્મ, એક તુંથી મારે પ્રેમ,
એક પ્રેમ એ જ ધર્મ, બીજી આડી કેડી.
મર્ત્યલોકે કર્મપાશ, સ્વર્ગે માત્ર છે વિલાસ,
બન્ને એક સમા ત્રાસ, દેવા ઉગારીએ.
રહ્યો હું મર્ત્ય આથડી, સ્વર્ગ એ છે ભુલામણી,
હાવાં દેવા લે આપણી—પાસે મને.
દેવા દાસ તારો, દાસને ઉગારો, ૮૦
ભવમાંથી તારો, ભવાતીત.
બીજું કશું તો મનમાં લઉં ના,
કિન્તુ જાણો શી દશા છે સતીની ? ”
“ કહો કહો, કેવી દશા સતીની ?
ઊંડી મુજેચ્છા તો સતી નિર્ખવાની,
અહીં રહે ને કૈંક આરામ પામે,
ત્યાં તો શુંનું શું થયું, એ જ નાવ્યાં !
જોવા ઇચ્છયું, કિન્તુ ના હામ ચાલી.
તમે કહો કેવી દશા સતીની ? ”
“ એ પાટ પાસે, જહીં ભક્ત બેસતા,
ત્યાં ભોંય બેસી, સૂકાને શીર્ષ પાટે,
તૂટયા શબ્દો ગદ્ગદ થૈ વિલાપતી :

[અભંગને ઢાળે]

મારા રાજા, મારા રાજા,
ભોળા ભક્ત, હરિભક્ત,
તારા ચરણે આસક્ત,
હું એકલી સ્વયંત્યક્ત,
કિન્તુ તારી દાસી નિત્ય,
સાર કરો. ”
“ સાથે રહો, નિરખું હુંય, એનું દુઃખનિમિત્ત હું.
અરેરે હજી એ બેઠી, હજી એ જ વિલાપતી.
અરે ! દેવ, તમે જોયું ? હા, હા, હું સમજી હવે
સતી સસત્ત્વ છે, માત્ર માહિષી તો હતી મિથ.”
અગાધ આ માનવભાવ કેરા
સંવેદને શક્ર અને શચી એ
ક્ષણેક તો શાન્ત થઈ રહ્યાં. પછી
કહે શક્ર : “ હું તો સમજી શકું ના
કે એમાંથી કોણ સાચું જ મોટું ?
સંસારથી ઊર્ધ્વ જતા તુકા વા
સંસારચક્ર અનુવર્તતી વા જિજાઈ. ”*

---

* તા. ૧૫ માર્ચ ૧૯૫૩ના રોજ મુંબઈ રેડિયો સ્ટે
કવિસંમેલનમાં પઠાયેલું, રેડિયોના સૌજન્યથી, થોડા
સુધારા સાથે.

પ્રોફેસર કે. ટી. શાહ

સુમન્ત મહેતા, શારદાબહેન મહેતા

પ્રોફેસર કે. ટી. શાહના અવસાનથી ભારતદેશે એક સમર્થ, દૂરંદેશી, વિદ્વાન અર્થશાસ્ત્રી અને અસામાન્ય વિચક્ષણ વ્યક્તિ ગુમાવી છે. ખુશાલ તલકશી શાહ સારા દેશમાં "કે. ટી. શાહ"ના નામે જ મશહૂર હતા, અને જો કે છેક ૧૯૩૦ની સાલથી એમણે આચાર્યપદ છોડ્યું હતું તે છતાં એ હમેશાં પ્રોફેસરના નામથી જ સંબોધાતા હતા.

છેક નાનપણથી જ એમને બધા વિષયોના વાચનનો શોખ હતો અને એવી અજબ એમની સ્મરણશક્તિ હતી કે વીસ વર્ષ પહેલાં વાંચેલા પુસ્તકમાં અમુક લખાણના ફકરા ડાબી બાજુનાં કે જમણી બાજુનાં પાનાંઓમાં મથાળે અધવચ કે ક્યાં જડી આવશે તે કહી શકતા. આ ઉપરાંત એ પોતાનું લક્ષ એવું કેન્દ્રિત કરી શકતા કે આસપાસના વાતાવરણનું તેમને ભાન રહેતું નહીં. બારેક કલાકનો ભારે પરિશ્રમ ઉઠાવ્યા પછી પણ એ તાજા રહેતા અને બ્રિજ કે એવી કોઈ પાનાંની રમતમાં ગૂંથાયલા હોય તો તેમાં લીન થઈ જતા. એટલામાં જો કોઈ ગંભીર રાજકીય કે સામાજિક પ્રશ્નની ચર્ચા શરૂ થતી તો તેમાં પૂરા ઉત્સાહથી મૂળ સિદ્ધાંતના પ્રશ્નોનું પૃથક્કરણ કરીને એવા પ્રશ્નની ચર્ચાનું લાંબું ભાષણ ચલાવી દેતા.

વિદ્યાર્થીઅવસ્થામાં અર્થશાસ્ત્રમાં પ્રથમ વર્ગની ઉપાધિ લીધા પછી એમણે લંડનમાં વધુ અભ્યાસ કર્યો અને ત્યાં પણ ઉજ્જવળ સિદ્ધિ પ્રાપ્ત કરી. અર્થશાસ્ત્રના અભ્યાસ ઉપરાંત તેમણે ન્યાય-ધારાશાસ્ત્રનો પણ અભ્યાસ કરેલો અને બારિસ્ટર થયા હતા. ઊંડા તથા વિશાળ જ્ઞાનને કુશળતાથી કેવી રીતે રજૂ કરવું એ કળા એમણે પ્રાપ્ત કરી અને તેથી ભાષણ કરવામાં કે લેખો લખવામાં એમનામાં અજબ સ્પષ્ટતા તથા રજૂઆતનું કૌશલ્ય ખીલ્યું હતું. પ્રોફેસરના જીવનકાર્યમાં એમને આ બધું પુષ્કળ ઉપયોગી થઈ પડ્યું. લંડનથી પાછા ફર્યા પછી તરત જ આ નવજુવાન પ્રોફેસરે એક ભાષણ કરેલું. જે મારા એક મિત્રે સાંભળેલું તે અમને કહેતા હતા કે કલાક દોઢ કલાક સુધી એમના ભાષણનો અસ્ખલિત પ્રવાહ એટલી બધી સરળતાથી વહી જતો હતો કે સાંભળનાર વિદ્યાર્થીઓ આ ભાષણથી મુગ્ધ થઈ ગયેલા. લંડન જતાં પહેલાં એમણે "સરસ્વતીચંદ્ર" પર આવું જ ભાષણ કરેલું, જે સાંભળીને નડીઆદના નાગર વિદ્યાર્થીઓ જે એવું માનતા હતા કે સરસ્વતીચંદ્રનો ઊંડો અભ્યાસ તો અમારો જ હોય તે બધા છક થઈ ગયા. આ હકીકત કહેનાર ભાઈ જાણીતા લેખક છે.

પ્રો. શાહ માત્ર વિદ્વાન બહુશ્રુત અર્થશાસ્ત્રી નહોતા. સામાજિક, રાજકીય તથા આર્થિક પ્રશ્નોનું રહસ્ય, તેની ઊંડી ફિલસૂફી એમના માનસમાં સ્પષ્ટ ઊતરી ગયાં હતાં અને તેથી પોતાના વિચારો સહેલાઈથી અને સ્પષ્ટતાથી વ્યક્ત કરી શકતા હતા. એમના વિચારો પ્રગતિશીલ હતા. એમનામાં સ્વમાન હતું અને દેશને માટે ભક્તિભાવ હતો. એમને પોતામાં શ્રદ્ધા હતી અને તેટલી જ શ્રદ્ધા હિંદી પ્રજામાં હતી. રાજકીય, સામાજિક કે સાંસ્કૃતિક પ્રશ્નો જુદા જુદા વિભાગોમાં અલગ પાડીને તેમનો ઉકેલ કરી શકાય એવું એ સ્વીકારતા નહીં. ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી તથા ફ્રેન્ચ વાઙ્મય તથા સાહિત્યનો તેમણે ઊંડો અભ્યાસ કર્યો હતો. અનેક ગુજરાતી અને અંગ્રેજી સામયિકોમાં એ લેખો લખતા, અનેક સામયિકોના તંત્રીમંડળમાં એ કામ કરતા અને "ક્રૉનિકલ" દૈનિક છાપામાં પોતાના નામથી અગર તખલ્લુસથી લેખો લખવા ઉપરાંત કદી કદી તંત્રીના અગ્રલેખ પણ લખી આપતા. તેવું જ "હિંદુસ્તાન"માં પણ થતું હતું. અર્થશાસ્ત્રના કોઈ પણ વિષય પર અને ખાસ કરીને રાજ્યના બજેટ પર એમના લખો એટલા બધા વિદ્વત્તાપૂર્ણ અને આધારરૂપ આવતા કે સરકાર વિમાસણમાં પડી જતી અને પોતાની યોજનામાં કેટલીક વાર સુધારાવધારા કરતી.

પ્રો. શાહની સાથે અમારે ૧૯૨૨ની સાલમાં પરિચય શરૂ થયો હતો. આપણા દેશના રાજકીય વાતાવરણમાં ૧૯૧૯–'૨૦–'૨૧ના અસહકાર તથા સત્યાગ્રહનું ક્રાંતિકારક આંદોલન શમવા આવ્યું હતું. સત્યાગ્રહ સંકેલી લેવામાં આવેલો અને ગાંધીજીને જેલમાં પૂરી દીધા હતા તે છતાં પ્રજામાં ઉત્સાહ તથા ઉમંગના ઉછાળા જણાતા હતા. પ્રજાની શક્તિનાં સાક્ષીરૂપ દૈનિક છાપાંઓમાં સાર્વત્રિક જાગૃતિ પ્રગટ થઈ રહી હતી. સરકારના ટેકેદાર "ટાઈમ્સ ઑફ ઇન્ડીઆ"ની સામે ટક્કર મારવા માટે ૧૯૧૫ની સાલમાં "ક્રોનિકલ" પત્ર શરૂ થઈ ગયું હતું. મહારાષ્ટ્રમાં ઘણાં વર્ષોથી દેશભક્ત ટીળક "કેસરી" પત્ર દ્વારા સ્વભાષામાં પ્રજામત કેળવી રહ્યા હતા ગાંધીજીએ "નવજીવન" કાઢ્યું હતું. તેવી જ રીતે ગુજરાતી ભાષા દ્વારા પ્રગતિશીલ વિચારોનો પ્રચાર કરવા માટે શ્રી લોટવાળાએ પોતાનું "હિંદુસ્તાન" દેશને અર્પણ કર્યું. ખુલ્લી રીતે શ્રીમતી હંસાબહેન મહેતા અને ખાનગી રીતે પ્રો. શાહ આ પેપરનું સંચાલન કરતાં હતાં. મેં જાહેરજીવનમાં ઝૂકાવ્યું હતું અને અખિલ હિંદ મહિલા વિદ્યાપીઠની સેનેટ–સિન્ડીકેટની સભાઓ માટે મારે વખતોવખત મુંબઈ–પૂના જવું પડતું તેથી "હિંદુસ્તાન" પેપરના નવા સાહસમાં મારો સાથ માંગવામાં આવેલો. આવી રીતે અમારો પ્રથમ પરિચય થયો, પણ પછીનાં વર્ષોમાં શારદાબહેન મુંબઈ યુનિવર્સિટીની સેનેટ–સિન્ડિકેટમાં ગયાં ત્યારથી અમારો સંબંધ લગભગ કુટુંબો જેવો થઈ ગયો અને તે હજી સુધી ટકી રહ્યો છે.

જ્યારે મુંબઈ યુનિવર્સિટીએ ઉચ્ચ અભ્યાસને માટે, સ્કૂલ ઑફ ઇકોનૉમિક્સ ઍન્ડ સોશિઓલોજી (અર્થકારણ તથા સમાજશાસ્ત્રના અનુસ્નાતક વર્ગો) કાઢ્યા ત્યારે પ્રો. શાહને તેના આચાર્ય નીમવામાં આવ્યા. એમને એક અલગ મકાન આપવામાં આવ્યું અને તે મકાનમાં શાહનો ખાનગી ઓરડો હતો તે મુંબઈ–ગુજરાતના વિચારકો, અભ્યાસીઓ તથા કાર્યકરોનું મિલનસ્થાન બની ગયો. આ ઓરડામાંથી અનેક જુવાનો પ્રેરણા મેળવીને પોતાના વિચારોનું પરિવર્તન કરતા.

આ સમયમાં મુંબઈ યુનિ.માં સરકારી પક્ષ તથા પ્રજાકીય પક્ષ વચ્ચે તીવ્ર ઘર્ષણ ચાલી રહ્યું હતું. સરકારી પક્ષને હમેશાં થોડા ખુશામતીઆ ટેકેદારો મળી રહેતા. શાહ લઘુમતીમાં હોવા છતાં એમનું વર્ચસ્ સેનેટ, સિન્ડિકેટ તથા બીજી સમિતિઓમાં એટલું બધું હતું કે યુનિ. એટલે શાહ અને શાહ એટલે યુનિ. એવી છાપ શિક્ષિત પ્રજાજનોમાં થોડા સમય સુધી પડી હતી. સેતલવાડ, શાહ અને એમના મિત્રોના સતત પ્રયાસથી યુનિ.ના બંધારણ તથા કાર્યપ્રદેશની ફેરતપાસણી કરવા માટે એક કમિટિ નિમવામાં આવી અને તેની ભલામણોના પરિણામે પ્રજાએ યુનિવર્સિટી પર વધુ કાબૂ મેળવ્યો.

"હિંદુસ્તાન" પેપરમાં સામાજિક પ્રશ્નોની છણાવટ થતી હતી. પ્રો. શાહે તેમાં એકબે નાટકો છપાવેલાં. શાહને સ્ત્રીઓની ઉન્નતિ તથા પ્રગતિ માટે લાગણી હતી. એમણે અનેક વિદ્યાર્થિનીઓને જાહેરપ્રશ્નોમાં જોડાઈ જવાની પ્રેરણા આપી હતી. શાહના પ્રશંસક સ્ત્રીવૃંદની સંખ્યા ઓછી નહોતી.

શાહને પોતાના વિદ્યાર્થીઓ માટે ઊંડા અંતરનો પ્રેમ હતો. વિદ્યાર્થીઓની શંકાઓ અગર મુશ્કેલીઓનું નિરાકરણ કરવા માટે એ કાયમ તત્પર રહેતા; ચર્ચાસંવાદમાં એમને ઘણો રસ હતો. વિદ્યાર્થીઓનાં મંડળોને ઘણી મદદ કરતા. વિદ્યાર્થીસંમેલનમાં અતિશય ધીરજથી પ્રમુખપદેથી સંચાલન કરતા. ભાષાની છટાથી શ્રોતાઓને આંજી નાખવા એ કદી પ્રયત્ન કરતા નહીં. રાતના ઉજાગરો કરીને વિદ્યાર્થીઓને ઠરાવો ઘડવામાં સહાય કરતા.

૧૯૨૬ની સાલમાં હિંદભરનાં રાજસ્થ નેતા કાર્યકરોએ એક કાયમી મંડળ રચવા માટે પ્રાથમિક સંમેલન મુંબઈમાં ભર્યું હતું. જે પ્રાથમિક સભ્યો એકઠા થયા તેમાં સભા બોલાવનારમાં બ્રેલ્વી (ક્રૉનિકલના તંત્રી) અને હું હતા. અમે બંધારણનો ખરડો કરેલો તે ઘડવામાં શાહે અથાગ મહેનત ઉઠાવેલી. ધારાધોરણની દૃષ્ટિથી સદાય કામમાં આવે એવા બંધારણ માટે એ બધું બહુ ઝીણવટથી કરી દેતા, જે અમને વ્યવહારુ દૃષ્ટિએ વાયડાપણું લાગતું. વડોદરા રાજ્ય પ્રજામંડળ તો દસ વર્ષ પહેલાં અસ્તિત્વમાં આવેલું. મહારાષ્ટ્ર અને મદ્રાસ પ્રાંતમાં પણ રાજસ્થ પ્રજામંડળો હતાં. કચ્છ રાજ્યના પ્રજાજનો આવી પરિષદ કચ્છમાં ભરતાં ડરતા હતા તેથી પહેલી પરિષદ મુંબઈમાં મળેલી. તે પરિષદ માટે ભાષણો, ઠરાવોના ખરડા, બંધારણનો મુસદ્દો વગેરે બધું તૈયાર કરવામાં શાહે તનતોડ શ્રમ

હતા, અને એ બધું સભા પાસે મંજૂર કરાવવામાં મદદ કરેલી.

શાહનું શરીર ટૂંકું હતું, રંગે શ્યામ હતા, કપડાંનો ભપકો નહોતો, પણ મોં પ્રભાવશાળી હતું. એમની બન્ને આંખો એટલી બધી બગડી ગયેલી કે પુસ્તક અથવા ચોપાનિયું છેક આંખની પાસે લઈ જાય ત્યારે એ વાંચી શકતા. અમારી પિછાન થઈ ત્યાર પહેલાંથી એ દૂઝતા હરસથી પીડાતા હતા અને કોઈ કોઈ પ્રસંગે લોહી એટલું બધું પડતું કે એ બેભાન થઈ જતા. છતાં એમનું શરીર ખડતલ હતું એમ પણ કહેવાય. એ વહેલી સવારે ચારપાંચ વાગે ઊઠીને અંધારામાં દરિયાકિનારે ફરવા જતા. સાંજે યુનિ.-માંથી એમના ગામદેવીના ઘર સુધી ચાલતા આવતા. રવિવારના દિવસે એ છેક ખાર કે સાંતાક્રુઝ થઈને જૂહુ સુધી પોતાના મિત્રોને મળવાને ચાલતા જતા. શાહનો ખોરાક સારો હતો, સારો એટલે જરા વધારે પડતા પ્રમાણમાં હતો. વખતે એમ પણ હોય કે એ વાતોમાં એવા ગુલતાન થઈ જતા કે એ કેટલું ખાય છે તેનું ભાન એમને ન રહેતું હોય. એમનું જીવન સાદું હતું, ઘરમાં સરસામાનની સજાવટ સાદી હતી. ઘરમાં ખોરાક પણ સાદો રહેતો. પોતાનું બધું કામ પોતાની મેળે કરી લેવાની ટેવ હતી. કપડાંની બાબતમાં પણ ઘણી સાદાઈ હતી. ઘરમાં ધોતિયું અને મલમલનું પહેરણ પહેરતા. બહાર જતી વખતે લાંબો સફેદ ડગલો અને કાળી લાંબી ટોપી પહેરતા. સવારે યુનિ.માં કે ઑફિસે જવા માટે મોટરબસનો ઉપયોગ કરતા. એમને ખાદી પ્રત્યે વિરોધ હતો અને એમના ઘરમાં કોઈ ખાદી પહેરતું નહીં.

જ્યારે વિલ્સન કૉલેજની પાછળ શંકરલાલ બેંકરના ઘરની સામે બેંકરની જ ચાલી હતી તેના ઉપલા માળે એ રહેતા હતા ત્યારે અમને એમનાં મા, પત્ની, છોકરાંઓ સાથે ઓળખાણ થયું અને તે વખતે અમને શાહના ઘરના કુટુંબવાત્સલ્યનો પરિચય થયો. એમનાં મા પ્રત્યે એમનો પ્રેમ એવી રીતે ઊભરાઈ જતો કે તેમની સાથે બાળક છોકરાની જેમ લાડ કરતા, તેમનો હાથ પંપાળ્યાં કરે અને વહાલના શબ્દો બોલ્યાં કરે. જ્યારે મા ગુજરી ગયાં ત્યારે ઘણા સમય સુધી જમતી વખતે એમનાં માને માટે એક ઠામ મૂકવામાં આવતું. એવું જ લાડ એમનાં પત્ની પ્રત્યે પણ રાખ્યું હતું. એ જમાનામાં મુંબઈમાં રહેતા ગુજરાતી લોકોમાં સંગ્રહણીનો રોગ ઠીક પ્રચલિત હતો તેમાં એમનાં પત્ની પીડાઈને ગુજરી ગયાં. ત્યાર પછી એમણે બધો પ્રેમ પોતાનાં ત્રણ બાળક છોકરાંઓ પર વરસાવી દીધો. ગાંધીજીની જેમ એમને એક પણ દીકરી નહોતી તેનું બહુ દુઃખ હતું: એમને પોતાના મિત્રોને પોતાને ઘેર જમાડવાનો ઉત્સાહ હતો. મહીસૂરની કૉલેજના એમની સાથેના પ્રોફેસર રાધાકૃષ્ણન એમને ત્યાં ઘણી વાર આવતા. નૅશનલ પ્લૅનિંગ કમિટિના દિવસોમાં પંડિત નહેરુ પણ આવતા. આજે પાકિસ્તાન તરફથી દિલ્હીમાં હાઈકમિશ્નર તરીકે છે અને જે એક વખત "નવજીવન"-ના તંત્રી હતા તે રવેઝ કુરેશી તો એમને ઘેર વારંવાર રહેતા, ખાતા અને સૂતા. આ શબ્દ "સૂતા" એ મેં હેતુસર વાપર્યો છે. શાહ કોઈ સ્થાપિત ધર્મમાં માનતા હોય એવું હું જાણતો નથી, તે છતાં એમના ઘરમાં માંકણ અટકાવવાનાં કે તેનો નાશ કરવાનાં પગલાં લેવાતાં નહીં. એમનાં ભાભી ચુસ્ત જૈન હતાં તેથી કુરેશી, શારદાબહેન કે હું એમને ઘેર રહેતાં ત્યારે ખાટલા–ગાદલાં ન વાપરતાં ઓરડાની વચ્ચે અમારા ચારસા કે શેતરંજી જમીન પર પાથરીને તેના પર સૂતાં. શાહને સેંકડો સ્ત્રીપુરુષ મિત્રો હતાં. ઘણાં એમને ત્યાં જમ્યાં હશે પણ શાહ બીજાને ઘેર ક્વચિત જ જતા. અમદાવાદમાં એ અચૂક અમારે ઘેર જ રહેતા. અમદાવાદમાં જે ત્રણચાર મોટા શેઠીઆનાં કુટુંબો છે તેમના આગ્રહને કદી વશ થતા નહીં, અંદરખાનેથી એમને મૂડીવાદીઓ તરફ થોડો અણગમો હતો. એવા શેઠોનાં સમાજવાદી કહેવાતાં છોકરાંઓ સાથે સારો સંબંધ રાખતા ખરા.

એમનો સ્વભાવ ઘણો સ્નેહાળ, વહાલસોયો હતો, પણ સાથેસાથે એ અત્યંત દઢાગ્રહી હતા, તેથી એમની રીતિ-નીતિથી જુદી પડતી વ્યક્તિઓ વિશે એમને ખોટું લાગી આવતું, અને તેમની સાથે સંબંધ બગાડતા. આવી રીતે એમણે થોડા જૂના મિત્રો ગુમાવ્યા હતા. એ ઠીકઠીક ખુણી-આળા (અણિયાળા) હતા, અને થોડા ક્રોધી પણ ખરા. એક ઉનાળામાં અમે એમને ઘેર રહેતાં હતાં ત્યારે શાહનાં એક જૂના મિત્ર, જે પ્રસિદ્ધ વ્યક્તિ છે તેમને એમ લાગ્યું કે શાહની અને એમની વચ્ચે જે ખોદિલી છે તે ટાળી નાખવી, અને તેટલા માટે તે અને બીજા એક પ્રખ્યાત ગુજરાતી ગૃહસ્થ એ બન્ને મને મળવાને માટે આવીને શાહ સાથે મીઠો સંબંધ તાજો કરે. એ ભાઈઓએ મને ફોનથી પુછાવ્યું

કે શાહ ઘરમાં હશે કે નહીં. શાહને મેં વાત કરી એટલે એ ઉશ્કેરાઈ ગયા. મેં એમને ઉદાર મન રાખવાની સલાહ આપી ત્યારે શાંત પડીને એમણે મને કહ્યું : "જુઓ દાક્તર સાહેબ, તમે મારા મહેમાન છો, આ ઘર તમારું છે, તમારે જેમને અહીં મળવું હોય તેમને મળવાનો તમને અધિકાર છે, જેમને જમાડવા હોય તેમને જમાડજો. આ બન્ને મિત્રોને જમાડી શકો છો પણ પેલી વ્યકિત આ ઘરમાં હશે ત્યાં સુધી હું આ ઘરમાં નહીં રહુ." એમના ચારિત્ર્યનું આ પાસું એમના મિત્રો જાણતા હતા.

૧૯૩૦-'૩૧ની સાલમાં લંડનમાં ગોળમેજી પરિષદ ભરાઈ હતી તેમાં શાહ ભોપાળના નવાબને સલાહ આપવા માટે ગયા હતા. ત્યાં સમસ્ત હિંદના પ્રતિનિધિ હોવાનો દાવો કરીને ગાંધીજી પણ ગયા હતા, જો કે સરકારે તો એમને કોંગ્રેસના પ્રતિનિધિ ગણેલા. ગાંધીજીએ બંધારણ તથા આર્થિક પ્રશ્નો વિશે શાહની સારી મદદ લીધી હતી.

કોંગ્રેસે રાષ્ટ્રીય નિયોજન (નૅશનલ પ્લૅનિંગ) કરવા માટે એક કમિટિ નીમી હતી તેમાં નહેરુ પ્રમુખ હતા અને શાહ મંત્રી હતા. ખરું જોતાં આ કમિટિના કારભારનું બધું કામ અને ઘણી જવાબદારી પ્રો. શાહને માથે આવી પડ્યાં હતાં. નિયોજન શા માટે કરવાની જરૂર છે, નિયોજનના મુદ્દા કયા કયા હોઈ શકે અને તેનું કામ કેવી પેટાસમિતિ દ્વારા લેવું તેની વિગતે વિગત શાહે ઘડી કાઢી હતી. આ કમિટિની અદ્ભુત સિદ્ધિ શાહની તનતોડ મહેનતને આભારી છે. એમણે વર્ષો સુધી અવેતન કામગીરી કરી એટલું જ નહીં પણ મોટે ભાગે આ કમિટિને અંગે થયેલા ખર્ચનાં નાણાં પોતે જ ઉપરાવી લીધાં. વર્ષો પછી જયારે નહેરુની સરકારે પ્લૅનિંગ કમિશન (નિયોજન પંચ) નીમ્યું ત્યારે તેમાં શાહનું નામનિશાન હતું નહીં. જગત આવું નગુણું છે.

કોંગ્રેસે હિંદી પ્રજાનાં દેવાં(પબ્લીક ડેટ)ની તપાસણી માટે એક કમિટિ નીમી હતી તેમાં પ્રો. શાહે સારા કામનો ફાળો આપ્યો હતો.

મુંબઈ યુનિવર્સિટીના શિક્ષકોનું મંડળ સ્થાપવાની પ્રાથમિક તૈયારીઓમાં પોતે દોરવણી આપી હતી અને જયારે એ સંમેલન ભરાયું ત્યારે તેના પ્રમુખ તરીકે ખૂબ કિંમતી સેવા એમણે બજાવી હતી.

ગાંધીજીએ પાયાની કેળવણી વિશે પ્રથમ ચર્ચા કરવા માટે દેશના થોડાક કેળવણીકારોને બોલાવેલા તેમાં શાહ પણ હતા. પાયાની કેળવણીના મુખ્ય સિદ્ધાંતની સાથે એ સંમત થયા હતા, પણ જયારે ગાંધીજીએ કહ્યું કે એવી કેળવણી સ્વાવલંબી થવી જોઈએ ત્યારે એમણે વિરોધ દર્શાવ્યો. ગાંધીજીએ એમને જિતી લેવા માટે ફરી ફરીને દલીલો કરી. પણ શાહે કહ્યુ કે આ પ્રશ્ન માત્ર બુદ્ધિ અને અર્થશાસ્ત્રનો છે, અને આ યોજના આર્થિક દૃષ્ટિએ સ્વાવલંબી થઈ શકે જ નહીં. ત્યાર પછી પાયાની કેળવણીની યોજના ઘડવા માટે એક સમિતિ નિમાઈ તેમાં ગાંધીજીએ શાહનું નામ મૂક્યું. શાહે તેમને લખી દીધું કે એમના વિચારો બદલાયા નથી. ગાંધીજીનું શરીર લથડી પડ્યું હતું. એમના આગ્રહને વશ થઈને એમણે કમિટિમાં કામ કર્યું, પણ સ્વાવલંબનની બાબતમાં એ અડગ રહ્યા.

હિંદ દેશનું બંધારણ ઘડવા માટે જે વિધાનસભા ભરાઈ હતી તેને સલાહ આપવા માટે એક નિષ્ણાતોની સમિતિ નીમેલી તેમાં શાહ હતા. ધારાશાસ્ત્રી તરીકે, અર્થશાસ્ત્રી તરીકે અને મુસદ્દો ઘડનાર તરીકે શાહે એમની રીત પ્રમાણે પુષ્કળ જહેમત ઉઠાવી.

પછી પહેલાં પાર્લમેંટમાં એ બિહાર પ્રાંતમાંથી ચુંટાઈ ગયા હતા. એ કોંગ્રેસપક્ષમાં નહોતા એટલે સ્વાભાવિક રીતે અલગ પક્ષમાં રહ્યા. કોઈ કોઈ પ્રસંગે એમણે કોંગ્રેસી કારભાર વિશે સખત ટીકાઓ કરી, પણ એક વિરોધપક્ષ રચાય એટલી સંખ્યા થઈ નહોતી.

કાશ્મીરના પ્રશ્નની બાબતમાં નહેરુના વિચારોથી એ જુદા પડ્યા હતા અને તેથી નહેરુનો અણગમો વહોરી લીધો હતો. એટલી વાત સ્પષ્ટ છે કે કાશ્મીરની બાબતમાં નહેરુ અને વલ્લભભાઈના વિચારો પણ બહુ જુદા જુદા હતા, અને વલ્લભભાઈ નહેરુને ટેકો આપતા હતા.

૧૯૫૨માં ધારાસભાઓ માટે ચૂંટણી થઈ તેમાં શાહ ચુંટાયા નહીં. દેશની સ્થિતિ દિન પર દિન બગડતી જતી હતી. ઉદ્યોગોમાં સારી એવી તેજી આવી શકે તેમ નહોતું. ખેતીની સ્થિતિ જરાય સુધરી નહોતી. નોકરશાહીનું તંત્ર વધારે જોર પકડતું હતું. લાંચરુશ્વત વધ્યે જતાં હતાં. કોંગ્રેસમાં સડો એટલો ખરાબ હતો કે તેના પ્રમુખ પોતે સખત શબ્દોમાં ચેતવણી આપ્યાં કરતા હતા. કોંગ્રેસીઓ માંહોમાંહે ઝઘડા કરતા હતા. સમાજવાદી પક્ષમાં કાંઈ ભલીવાર નહોતો.

[અનુસંધાન પૃ. ૧૬૦ ઉપર

યતિભંગ*

રામનારાયણ વિ. પાઠક

હવે હું મધ્ય યતિના સ્થાને થતા યતિભંગનો વિષય લઉં છું. યતિની ઘણીખરી ચર્ચા મધ્ય યતિ વિશેની જ હોય છે. આ ચર્ચાને અંગે અનેક પ્રશ્નો ઉપસ્થિત થાય છે. તેમાં પ્રથમ હું એટલો જ પ્રશ્ન લઉં કે યતિથી, એટલે મધ્ય યતિથી, શબ્દનો પ્રત્યય જુદો પડી જાય તો એ દોષ ગણાય? ખરી રીતે આ પ્રશ્નની લાંબી ચર્ચા કરવાની જરૂર રહેતી નથી, કારણ કે ચરણાન્ત યતિથી છૂટા શબ્દો જેવા પ્રત્યયો કપાય તેને આપણે ક્ષમ્ય ગણ્યું છે; અનુષ્ટુપના એક જ અર્ધમાં ચરણાન્ત યતિથી સ્વતંત્ર શબ્દ ન હોય એવો પ્રત્યય કપાય તે પણ હું પોતે નિર્વાહ્ય ગણવા તૈયાર છું, તો આ મધ્ય યતિ તો ચરણાન્ત યતિ કરતાં ટૂંકી અને નિર્બલ છે. અને આનો એક દાખલો ઠેઠ દલપતરામમાંથી મળે છે, જેમણે યતિચર્ચા કરી નથી, પણ જેમની છન્દઃશુદ્ધિની બુદ્ધિ આપણે સારી ગણી શકીએ. દૃષ્ટાન્ત :

' માલિની વૃત્ત '

તરુણ જુવતિ જોડે, ડોશી વિસ્તારવાળી,
પરમ હરખ પામે, પુત્રપૌત્રાદિ ભાળી
તરુણ સુભટ ટોળી-માં મળી એક ઠામે
રણવિજાયેશુરો તે,[1] કેમ સંકોચ પામે ?

દ. કા. ભા. ૨, પૃ. ૧૩૫

અર્વાચીન યુગમાં આ પ્રત્યયવિશ્લેષનું આટલું જૂનું દૃષ્ટાન્ત મળવાથી આથી વધારે ચર્ચા કરતો નથી. અને છતાં હજી આ નિયમને અજમાયશી જ ગણવો. યતિભંગના બધા દાખલા જોઈ ગયા પછી આપણે છેવટના નિયમો કરી શકીએ.

બીજો પ્રશ્ન એ છે કે આ મધ્ય યતિઓના બલમાં કંઈ તારતમ્ય છે કે કેમ ? પ્રો. ઠાકોર યતિઓમાં કેટલીક વધારે દૃઢ અને કેટલીક અછડતી જ માને છે. (ભણકાર. આ. ૧. પૃ. ૨૨.) અહીં હું સ્વીકારેલી યતિઓની જ વાત કરું છું. કેટલાક અહીં સ્વીકારેલી યતિઓ સિવાય બીજી યતિઓ માને છે, જેમાંની પૃથ્વી, નર્દટક, વસંતતિલકાની યતિઓ વિશે હમણાં જ હું કહી ગયો; પટવર્ધન ઇન્દ્રવજ્રા અને ઉપેન્દ્રવજ્રા બન્નેમાં પાંચમે અક્ષરે યતિ જેવું માને છે. ('છન્દોરચના.') એ યતિઓની વાત અહીં નથી. અહીં તો સર્વમાન્ય ગણાયેલી મેં સયતિક વૃત્તોમાં ગણાવેલી યતિઓની જ વાત છે. આ યતિઓમાં પ્રથમ દર્શને એટલું તો લાગે છે કે કેટલાક યતિઓમાં યતિભંગ આઘાતકારક નથી લાગતો, નિર્વાહ્ય લાગે છે, જેમ કે રત્નદર્શિમએ 'પૂર્ણિમા' કાવ્યના મન્દાક્રાન્તા વૃત્તમાં માત્ર એક જ જગાએ પ્રથમ યતિનો ભંગ કરેલો છે :

' મંદાક્રાન્તા '

આછું કે અન્તરપટ ચિરા-ઈ જતાં દ્વૈત કેરું.

પૂર્ણિમા, પનઘટ પૃ. ૬૩

પણ એ ૨૨૧ પંક્તિના કાવ્યમાં બીજા યતિસ્થાને ૧૮ યતિભંગો કરેલા છે, જેમાંનો એક ઉપરની પંક્તિમાં પણ છે. એટલે યતિઓમાં કંઈક તારતમ્ય તો માનવું પડે એમ છે. પણ આ ઉપરથી એનો ખુલાસો શો કરવો ? કે પહેલા કરતાં બીજી યતિ વધારે નિર્બલ છે કે ગુરુઅક્ષરો પછીની યતિ, લઘુઅક્ષરો પછીની યતિ કરતાં વધારે દૃઢ છે, કે કંઈ બીજું ? બે યતિવાળાં વૃત્તો વિશે એમ કહો તો પછી એક જ યતિવાળાં વૃત્તો વિશે શું કહેવું ? એટલે આ સંબંધી પણ વિશેષ ચર્ચાની જરૂર છે. હજી એક બીજી દૃષ્ટિએ આ પ્રશ્ન વિચારવા જેવો છે. સંસ્કૃત યતિચર્ચામાં કહેલું છે કે મધ્ય યતિ આગળ શબ્દને તોડી શકાય પણ તે એવી રીતે કે શબ્દનો યતિભંગ થયેલો કોઈપણ ટુકડો બે અક્ષરથી ટૂંકો ન હોવો જોઈએ. સંસ્કૃત દૃષ્ટાન્તમાં આ રીતે चामीकर શબ્દ વચમાંથી તૂટતો હતો. આ

* પ્રસિદ્ધ થનાર 'બૃહત્ પિંગલ'નું એક પ્રકરણ.

[1] છંદની દૃષ્ટિએ અહીં એક ગુરુ ખૂટતો હતો તેથી પાઠમાં 'તે' ઉમેર્યો છે. છાપની ભૂલ હશે એમ માનું છું.

યતિભંગ અનિવાર્ય નથી થતો એ સાચું. પણ ગુજરાતીમાં યતિભંગથી એક જ અક્ષર કપાયો હોય એવાં અનેક દૃષ્ટાન્તો છે, અને ત્યાં ત્યાં સર્વત્ર યતિભંગ દોષરૂપ નથી લાગતો. એટલે યતિભંગને નિર્દોષ કરનારાં કારણો હજી શોધવાં રહે છે. તેને માટે યતિભંગનાં વિવિધ દૃષ્ટાન્તો ભેગાં કરી તેનો અભ્યાસ કરવો જોઈએ. અને ઉપરની ચર્ચામાં યતિભંગના જે જે અજમાયશી નિયમો આપણે જોયા એને દૃષ્ટિમાં રાખીને દૃષ્ટાન્તો પસંદ કરવાં જોઈએ. આ નીચે હું જેને લાક્ષણિક ગણી શકાય એવાં અનેક દૃષ્ટાન્તો ભેગાં કરું છું. દાખલામાં દરેક સ્થળે છંદનું નામ આપું છું. અભગ્ન યતિ, પૂર્વ પેઠે દંડથી દર્શાવું છું અને યતિભંગ, શબ્દમાં ટૂંકી આડી લીટીથી બતાવું છું :

૧. શાર્દૂલ૦ :

નાદો ઘોર ચડે નભે, ગડગડા–ટે વિશ્વમૂર્છા લહે,

सत्यं शिवं सुन्दरम्, કાવ્યમંગલા પૃ. ૨૮

૨. મન્દાક્રાન્તા :

ધીમા મીઠા | કરથી સઢ પં—પાળનારા સમીરે

હું તો બાબા, આલબેલ પૃ ૯૫

૩. સ્રગ્ધરા :

વીણાનાં ગાન થંભે | નિજનિજ વ્યવહા–રો તજી

વિશ્વ દેખે : સાફલ્યટાણું, કાવ્યમંગલા પૃ. ૨૭

૪. સ્રગ્ધરા :

કૂદી અદ્રી અહીંથી | તહિં જતિ વણઝા–રો દિઠી, ને કતારો

વણઝાર, નિશીથ પૃ. ૧૩૦

૫. સ્રગ્ધરા :

આત્માને એક મારા | જીવનભર વફા–દાર નિત્યે રહીને.

માગું, અભિસાર પૃ. ૩

૬. સ્રગ્ધરા :

જાતે ઓછી જ ? એ તો | પ્રતિજનઉર અં–કાયલું

બાવલું છે ! પ્રાણવંતા પૂર્વજને, વસુધા પૃ. ૧૧૦

૭. મંદાક્રાન્તા :

ઢાંકયે રાખું | વદન પર ગં–ભીરતા ધારી ગાણું

કેદી અને કવન, આલબેલ પૃ. ૮૩

૮. શાર્દૂલ :

ધાયે છે મદિરા મને કંઈ અટક્–ચાળી ભલી ગોરિયો

સૌંદર્ય, કલાન્ત કવિ પૃ. ૮૨

૯. મંદાક્રાન્તા :

આભાસોથી | થતું યુગલ ઉન્–મત્ત એ સ્નેહબાલ

ચક્રવાક મિથુન, પૂર્વાલાપ પૃ.

૧૦. મંદાક્રાન્તા :

ખોવાવાનું | નવ જનનિ ઉત્–સંગમાં ક્યાંય સ્થાન

હું તો બાબા, આલબેલ પૃ.

૧૧. મંદાક્રાન્તા :

આદર્શોમાં | અપરિચિત સૌં–દર્યનાં સંઘર્ષોને

ક્ષમાયાચના–ખમાસણું, એજન પૃ.

૧૨. મંદાક્રાન્તા :

ક્યાંથીયે કો | જિવતર કટો–રી લઈને પધારી

આરઝૂ, નિશીથ પૃ.

૧૩. શિખરિણી :

અને આપ્યું ત્યાં અં–જલિ જલમહીંથી ન ઉંચકી

એક તરતું ફૂલ, એજન પૃ.

૧૪. શિખરિણી :

કલેજાં ભૂખ્યાં દા–નવ તણિ ક્ષુધાને શમવવા

લડે, વસુધા પૃ.

૧૫. સ્રગ્ધરા :

એ ત્યાં બેઠું લપી ચં–ડુલ ગુલ પર જો | વાણિ

લવન્તુ : વનમાં એક પ્રભાત, ગ્રામ્ય માતા મને બીજાં કાવ્યો,

૧૬ મંદાક્રાન્તા :

| પ્રાતિ સ્વાતન્ત્ર્યહેલા

જોતાં આજે | કંઇ કંઇ પ્રસં–ગો ફરીને રસાળા

લેશે મોટા | તદપિ નવ હૈ–યે વસે લેશ ભીતી

૧૭. સ્રગ્ધરા

ગદ્યાત્મા ગુર્જરીનો | પ્રથમ પ્રખર રૂ–પે જ આવિર્

પ્રાણવંતા પૂર્વજને, વસુધા પૃ.

૧૮. શાર્દૂલ :

તે શ્યામા અલકાવલી સઘન કું–જે રમ્ય ગુંજારવે

સૌંદર્ય, કલાન્ત કવિ,

૧૯. મંદાક્રાન્તા :

ત્યાં સૂતેલો | લઘુ નવલ અ–ર્ધો અનાયાસ છંદે

ભણકારા, ભણકાર (૧૯૧૭)

૨૦. મંદાક્રાન્તા :

પુંજે પાને | વિમલહિમ મો–તી સરે તેમ છાની

૨૧. સ્રગ્ધરા :

આળોટી આયખું આ–ખું રુદન પડઘા | સાંભળી
મ્હાલવાનું : જલસો જોયા પછી, ધરિત્રી પૃ. ૫૭

૨૨. હરિણી :

પ્રહર પણ આ—જે વીતે તે | જ એક જ અંતનો
રાતને પ્રાર્થના, પૂર્વાલાપ, પૃ. ૪૯

૨૩. શિખરિણી :

શકો પ્હોંચી ક્યારે—ય નહિ, તમ સાચી જરુર ત્યાં
શાને ? આરાધના પૃ. ૪૧

૨૪. મંદાક્રાન્તા :

જ બુદ્ધીની | સકળદરશી—તાનિ રાખી ખુમારી
સમર્પણ, આલબેલ પૃ. ૮૫

૨૫. મંદાક્રાન્તા :

વ્યાઘ્રોમાં આ–શ્રમહરિણી શી | એક ત્યારે કળાશે
એક પળ, આલબેલ પૃ. ૭૯

૨૬. શાલિની :

પી જાણે હા–લાહલો હોઠથી જે,
હૈયે તેણે | અશ્રુસો છે પિવાનાં.
ઉમાશંકર : સંસ્કૃતિ, નવેંબર ૧૯૪૮ પૃ. ૪૧૧

૨૭. શાલિની :

વાણીના મા–હાત્મ્યથી ના અજાણ

*　　*　　*

ને તો યે હૈ—યાં તણો એક બન્ધ
સુંદરજી ગો. બેટાઈ. સંસ્કૃતિ, નવેંબર ૧૯૪૮, પૃ ૪૩૨

૨૮. હરિણી :

શશિમણિશિલા | ભાસે આ, તે | જ જે પર બેસિને,
સુખધવલ િનઃ—શ્વાસોથી વા—મ હસ્ત વિષે સુકી,
કુપિત થઇને | રીસાવી, મેં | વિલંબ કર્યાં થકી,
રડતિ રિસ છાં—ડીને, મેં જો—ઇ સ્વપ્ન વિષે પ્રિયા.
નાગાનન્દ નાટકનું ગુજરાતી ભાષાંતર, પૃ. ૭૯

૨૯. હરિણી :

દિનકર કર | સ્પર્શે જેની | દ્યુતી પરિપાટલા,
દશનકિરણો | શોભે જાણે | સુવાસિત કેશર
વદન તવ ભા–સે કાન્તે, પ—દ્મ જેવું બધી રીતે,
અલિ ન રત હે—ખૂં એકે કે—મ તદ્રસ પાનમાં ?
અંજન પૃ ૪૬

૩૦. મંદાક્રાન્તા :

વૈશું આકા—શ સકલ વિમા—નો તણાં વૃંદથી આ,
વર્ષાકાલે | જ્યમ દિન દિસે, | શ્યામ છે સૂર્ય તેમ
યુદ્ધાર્થે સિ—દ્ધ સકલ જુએ | વાટ આજ્ઞા તણી આ,
માનો નક્કી | ક્ષય રિપુ તણો | ક્ષેમના સ્વીય રાજ્યે.
અંજન પૃ. ૪૭

ચર્ચા શરૂ કરતાં પહેલાં જરા પુનરુક્તિનો દોષ વહોરીને પણ એટલું કહું કે યતિભંગદોષ ક્યારે ન ગણાય કે જ્યારે યતિભગ્ન શબ્દના ટુકડાનું સમગ્રતાયે આકલન કરવામાં યતિ વિઘ્નરૂપ ન થાય ત્યારે. બધા યતિભંગોમાં આપણે એ જોવાનું કે એ ક્યારે વિઘ્ન થાય છે અને ક્યારે નથી થતી.

આપણે ઉપર જોઈ ગયા કે તૂટેલા શબ્દનો દરેક ટુકડો બે અક્ષરથી નાનો ન હોય ત્યારે યતિભંગ ક્લેશકર લાગતો નહોતો. પણ ઉપરનાં યતિભંગનાં દૃષ્ટાન્તોમાં દરેક જગાએ યતિભગ્ન ટુકડા બે કે વધારે અક્ષરના નથી. ખરી રીતે જોતાં બબ્બે કે વધારે અક્ષરોના ટુકડા બહુ વિરલ છે. (૫)માં 'વફા–દાર,' (૮)માં 'અટક–ચાળી' અને (૨૪)માં 'સકળદરશી–તાનિ' આટલા જ છે. બાકી ઘણાં દૃષ્ટાન્તોમાં ચાર કે વધારે અક્ષરોના શબ્દો યતિભગ્ન થયા છે ત્યાં પણ એક જ અક્ષર કપાયાનાં દૃષ્ટાન્તો છે. (૧)માં 'ગડગડા–ટ', (૨)માં પં–પાળનારા', (૩)માં 'વ્યવહા–રો', (૪)માં 'વણઝા–રો', (૬)માં 'અં–કાયલું' વગેરે. અને આમાંનું કોઈ દૃષ્ટાન્ત દોષવાળું નથી. આ ઉપરથી કદાચ એમ લાગે કે યતિ ઉપરનો શબ્દ જેમ લાંબો તેમ યતિભંગ ઓછો ક્લેશકર નીવડે, પણ એમ પણ નથી. (૯), (૧૦), (૧૧), (૧૨), (૧૩) વગેરેમાં યતિભગ્ન શબ્દ ત્રણ અક્ષરનો છે, અને (૧૬), (૧૭), (૧૮), (૧૯) વગેરે દૃષ્ટાન્તો તો બે જ અક્ષરના શબ્દભંગનાં છે, એટલે યતિભંગના ક્લેશકરત્વને યતિ ઉપરના શબ્દના અક્ષરોની સંખ્યા સાથે સંબંધ નથી. ત્યારે આપણે ક્લેશકર યતિભંગનું કોઈ દૃષ્ટાન્ત આ સાથે સરખાવવા માટે લઈ જોઈએ. (૨૧)મું દૃષ્ટાન્ત એવું છે :

સ્રગ્ધરા

આળોટી આયખૂં આ–ખું રુદન પડઘા | સાંભળી
મ્હાલવાનું.

અહીં 'આખું' શબ્દનો 'ખું' યતિથી કપાઈ બીજા યતિખંડમાં ચાલ્યો જાય છે અને તેથી 'આખું' શબ્દના આકલનમાં યતિ વિઘ્નરૂપ છે. આનું કારણ વારંવાર પઠન કરી જોતાં એ જ જણાશે કે યતિ પછી બાકી રહેલો લઘુ અક્ષર 'ખું' બીજા

યતિખંડના પ્રવાહમાં એટલા વેગથી તણાઈ જાય છે કે પૂર્વના અક્ષર સાથે તેનું અનુસંધાન નથી થઈ શકતું, 'ખું રુદન પડ્યા' એમ એક અક્ષરપિંડ સંભળાય છે; અનુગત એ અક્ષરપિંડમાં 'ખું રુદન'થી કોઈ શબ્દ બનતો નથી એટલે આપણે પછી 'ખું'નું અનુસંધાન આગલા અક્ષર સાથે કરી જોઈ, 'આખું' શબ્દ ઘટાવી લઈએ છીએ, પણ એ વ્યાપાર સરલ રહેતો નથી, આકલનવ્યાપાર આગળ જઈ વિઘ્ન સાથે અથડાઈને પ્રતિઘાત પામેલો હોઈ ક્લેશકર નીવડે છે. આ ક્લેશ 'આખું' શબ્દ બે જ અક્ષરનો છે માટે થાય છે એમ નથી. હું નીચે એક દૃષ્ટાન્ત બનાવી મૂકું છું :

'મંદાક્રાન્તા'

ઊભો પ્રાકા–ર ઉપર પછી | રાજવી શસ્ત્રહીન

અહીં પ્રાકા-ર શબ્દ ત્રણ અક્ષરનો છે, છતાં આગળના દૃષ્ટાન્તની પેઠે જ યતિથી કપાયેલો લઘુ અક્ષર 'ર' છન્દના ઉત્તરવેગમાં તણાઈ, પૂર્વાક્ષરો સાથે અનુસંધાન પામી શકતો નથી. હજી એક વધારે દૃષ્ટાન્ત વધારે અક્ષરોના શબ્દનું લઈ જોઈએ :

'મંદાક્રાન્તા'

સાહિત્યાકા–શ મહિં ન લસે | આવું નક્ષત્ર બીજું.

અહીં પણ કપાઈને જુદો પડેલો એકલો લઘુ અક્ષર 'શ' પૂર્વાક્ષરો સાથે સરલ અનાયાસ અનુસંધાન પામી શકતો નથી.

અહીં એમ લાગે કે મંદાક્રાન્તામાં બીજા યતિખંડના પ્રારંભમાં લાંબી લઘુધારા છે તેથી પ્રવાહનો વેગ વધારે ત્વરિત હોવાથી છૂટો પડેલો લઘુ તેમાં તણાઈ જાય છે. પણ એટલી લાંબી લઘુપરંપરા ન હોય ત્યાં પણ એકલો લઘુ ટકી શકતો નથી. આપણે લીધેલાં દૃષ્ટાન્તોમાં (૨૮)ના બીજી ચોથી પંક્તિ અહીં લઉં છું :

'હરિણી'

સુખધવલ નિઃ–શ્વાસોથી વા–મ હસ્ત વિષે મુકી
રડતિ રિસ છાં–ડીને મેં જો–ઇ સ્વપ્ન વિષે પ્રિયા.

દરેક લીટીમાં બન્ને યતિસ્થાનોમાં યતિભંગ કરેલો છે. તેમાં પહેલા યતિસ્થાને થયેલા યતિભંગો સુનિર્વાહ્ય છે, પણ મારે અહીં તેની સાથે સંબંધ નથી. પછીના યતિસ્થાને યતિ ઉપરના શબ્દનો અંત્ય લઘુ યતિથી કપાઈ છૂટો પડ્યો છે. અને એ પણ અનાયાસ અનુસંધાન મેળવી શકતો નથી, જો કે હરિણીના એ યતિખંડમાં લઘુ પરંપરા નથી. એ યતિખંડનો ન્યાસ છે લગા લલગા લગા. ક્યાંય લઘુની લાંબી પરં[પરા] નથી. એકેક બબ્બે અક્ષરે ગુરુ આવે છે. અને છતાં લઘુ આ[ગલા] યતિ પૂર્વના અક્ષર સાથે સહેલાઈથી અનુસંધાન મે[ળવી] શકતો નથી. એટલે અહીં એક જ વાત દેખાય છે કે યતિ[થી] કપાયેલા લઘુ અક્ષરમાં પૂર્વાક્ષર સાથે અનુસંધાન મેળવ[વાની] શક્તિ નથી. પણ ચામી-કરવ ણું દૃષ્ટાન્ત જોતાં આપણે [કહી શકીએ?] જોઈએ કે, જે સામર્થ્ય એક લઘુમાં નથી, તે બેમાં છે. [...] ઉપર લીધેલાં દૃષ્ટાન્તોમાં જ્યાં જ્યાં યતિ પછી લઘુનું [...] આવે છે ત્યાં ત્યાં બે લઘુઓ જ નજરે પડે છે. (૧૫) [...] છે તેમાં 'ચં-દુન' પહેલા યતિસ્થાને ભગ્ન થાય છે, [...] યતિ પછી શબ્દના બે લઘુઓ આવવાથી અક્ષરોનું અનુસં[ધાન] અનાયાસ થાય છે. મંદાક્રાન્તા અને સ્રગ્ધરાની પે[ઠે] શિખરિણીમાં પણ યતિ પછી લઘુપરંપરા આવે છે, ત્યાં દૃષ્ટાન્ત (૧૩), (૧૪) માં 'અં-જલિ' અને 'દા-[...]' બન્નેમાં યતિ પછી બે લઘુ આવવાથી યતિભંગ નિર્વાહ્ય છે. અને તેથી ઊલટી રીતે દૃષ્ટાન્ત (૨૮), (૨[...]) હરિણીમાં અને (૩૦)ના મંદાક્રાન્તામાં અનેક [...] યતિથી એકલો એક લઘુ અક્ષર કપાય છે અને ત્યાં યતિ[ભંગ] ક્લેશકર બને છે.

હવે યતિભંગના બીજા સ્વરૂપનો વિચાર કરીએ. [યતિ] પછી ગુરુ અક્ષરનું સ્થાન આવતું હોય ત્યાં શું? [જવાબ] સહેલો છે કે યતિ પછી ગુરુ આવે તો યતિભંગ કદી [ક્લેશકર] બનતો નથી. મંદાક્રાન્તા અને સ્રગ્ધરામાં ત્રીજા યતિ[ખંડના] આદિમાં પ્રથમ સ્થાન ગુરુનું છે એટલે એ સ્થાને યતિ[ભંગ] કદી ક્લેશકર થતો નથી. આપણે યતિભંગની પ્રાથમિક [ચર્ચા]માં જોયું હતું કે મંદાક્રાન્તામાં ઘણે ભાગે બીજા યતિ[સ્થાને] જ યતિભંગો થાય છે. (૨), (૩), (૪), (૫), ([...]) (૭) એ બધાં એનાં જ દૃષ્ટાન્તો છે; અને હવે તેનું [કારણ] આપણે આપી શકીએ કે એ સ્થાને ઉત્તર યતિખંડમાં [...] ગુરુ છે એટલે યતિભંગ નિર્વાહ્ય બને છે. બે જ અક્ષરનો [...] પણ ત્યાં યતિભગ્ન થતાં ક્લેશકર થતો નથી. (૧[...]) 'હૈ-યે,' (૧૭)માં 'રૂ-પે' બબ્બે જ અક્ષરોના [...] છે. પ્રાચીન પિંગળકારોના બબ્બે અક્ષરોના [...] આવશ્યકતાને અહીં જરા પણ સમર્થન મળતું નથી [...] છતાં યતિભંગ ક્લેશકર થતો નથી. આ રીતે આપણે [કહી] શકીએ કે શાલિની, માલિની અને શાર્દૂલવિક્રીડિતમાં [...] થાય જ નહિ, કારણ કે એ છંદોની યતિ પછી તર[ત ...]

આવે છે. (૧૮) એ શાર્દૂલવિક્રીડિતનું અને (૨૭) શાલિનીનું દૃષ્ટાન્ત છે. આપણે આગળ જોયું કે

• સ્રગ્ધરા •

આળોટી આયખૂં આ–ખું રુદન પડઘા | સાંભળી મ્હાલવાનું

આમાં 'આ–ખું'નો 'ખું' લઘુ કપાતાં યતિભંગ સદોષ પ્રતીત થાય છે એ જ 'ખું'ને ગુરુ કરી યતિભગ્ન કરતાં યતિભંગ ક્લેશકર જણાશે નહિ :

• શાલિની •

સેવામાં આ–ખૂં સમર્પ્યૂં જ આયૂ.

અહીં યતિભંગ નભી શકે છે. આ ઉપરથી પ્રાચીન પિંગળકારોના નિયમમાં ફેરફાર કરી આપણે કહી શકીએ કે યતિ પછી શબ્દની ઓછામાં ઓછી બે માત્રા–બે લઘુ રૂપે કે એક ગુરુરૂપે–આવે તો યતિભંગ ક્લેશકર થતો નથી.

હજી એક પ્રશ્ન રહે છે: પ્રાચીન પિંગળકારોએ કહ્યું છે કે યતિની પૂર્વનો અને પછીનો એમ બન્ને ટુકડા ઓછામાં ઓછા બે અક્ષરના જોઈએ. આપણે અત્યાર સુધી પૂર્વના ટુકડા વિશે કશું કહ્યું નથી. એને વિશે ઝાઝું કહેવાની જરૂર પણ નથી. કારણ કે એવાં અનેક દૃષ્ટાન્તો આપણે યતિભંગ-નિર્વાહનાં જોયાં જેમાં યતિ પૂર્વે એક જ અક્ષર હતો. તો બીજો પ્રશ્ન થાય છે: યતિ પૂર્વનો એ એક જ અક્ષર ગુરુ જોઈએ કે લઘુ ચાલે? જવાબ એ છે કે વૃત્તોમાં એટલે અનાવૃત્ત સંધિવૃત્તોમાં યતિ હમેશાં ગુરુ અક્ષર પછી જ આવે છે. એટલે લઘુનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી, ઉપરનો નિયમ કાયમ રહે છે. યતિભંગની પ્રાસ્તાવિક ચર્ચામાં મેં એક અજમાયશી નિયમ તરીકે કહ્યું કે ગુજરાતીમાં શબ્દનો વિભક્તિપ્રત્યય યતિથી કપાય તો દુષ્ટપ્રયોગ થતો નથી, અને તે માટે દલપતરામના શ્લોકનું દૃષ્ટાન્ત આપ્યું. પણ આ પ્રત્યય સંબંધી નિયમ પણ મેં ઉપર આપ્યો તે બે માત્રાના નિયમની મર્યાદામાં જ સાચો છે. ગુજરાતીમાં નામને લાગતા પ્રત્યયો—એ, ને, થી, નું,[1]માં, બધા જ ગુરુ છે એટલે એના કપાવાથી યતિભંગ ક્લેશકર થાય નહિ. પણ આમાંના જ 'નું' ('ની') 'થી' કાવ્યની છૂટથી લઘુ પણ થઈ શકે અને ત્યારે યતિભંગ ક્લેશકર થાય જ. એવાં દૃષ્ટાન્તો મારા ધ્યાનમાં નથી; પણ આપણે એવું એક દૃષ્ટાન્ત રચવા પ્રયત્ન કરીએ. કલાપીની એક પંક્તિ નીચે પ્રમાણે છે :

• શિખરિણી •

ઝુલન્તાં વૃક્ષોથી | અમર રસનાં બિન્દુ ઝરશે

આપણે 'થી'ને યતિની પેલી પાર લઈ જઈએ.

ઝુલન્તાં આ વૃક્ષો–થિ મધુ રસનાં બિન્દુ ઝરશે.

યતિ પાર ગયેલો લઘુ પ્રત્યય શોભતો નથી. કાન પર 'થિ મધુ' એક પિંડ અથડાય છે અને 'થિ'નું અનુસંધાન નિર્વિઘ્ન થતું નથી. એટલે પ્રત્યયો યતિપાર જવાનો નિયમ પણ જુદો કરવાની જરૂર રહેતી નથી.

સંસ્કૃતમાં યતિપૂર્વે સપ્રત્યય શબ્દ પૂરો થવો જોઈએ એવો નિયમ હતો, એટલે કે (સંધિની અમુક આવશ્યકતા સિવાય) પ્રત્યય કપાવાથી પણ યતિભંગનો પ્રસંગ ઊભો થતો હતો, તેવો જ અન્ય શબ્દ સાથે નિત્ય સંબંધથી જોડાયેલો બીજો શબ્દ પણ યતિથી છૂટો પાડી શકાતો નહિ, જેવો કે च. ગુજરાતીમાં चના અર્થનો કોઈ શબ્દ એવી રીતે બીજા શબ્દને વળગેલો હોતો નથી. પણ 'ય' અને 'જ' અન્ય શબ્દને વળગેલા હોય છે, અને તે લઘુ હોઈ યતિથી જુદા પડે ત્યારે યતિભંગ થાય છે. ઉપરનાં દૃષ્ટાન્તોમાં (૨૨) અને (૨૩) એ પ્રકારનાં છે.

• શિખરિણી •

શકો પ્હોંચી ક્યારે—ય નહિ, તમ સાચી જરૂર ત્યાં.

અર્થ એવો છે કે 'તમારી સાચી જરૂર હોય ત્યાં તમે ક્યારે-ય પહોંચી શકતા નથી.' 'ક્યારે' સ્વતંત્ર શબ્દ છે એ ખરું, પણ અહીં 'ય' તેની સાથે વળગેલો છે. અને 'ય', સંબંધી શબ્દ સાથે એટલો બધો દૃઢબદ્ધ થાય છે કે અમુક અમુક પ્રસંગે તો શબ્દનો પ્રત્યય પણ આ 'ય' પછી લાગે છે, જેમ કે "ઘણાયને આમ લાગતું હશે" તેમાં 'ઘણાયને'. દૃષ્ટાન્ત (૨૩)માં એ જ રીતે 'જ' કપાય છે અને યતિ-ભંગ થાય છે.

• હરિણી •

પ્રહર પણ આ—જે વીતે તે | જ એક જ અંતનો.

અર્થ એવો છે કે 'આજે અંતનો પ્રહર વીતે તે જ બલવન્તના જન્મનો પણ છે.' અહીં 'તે જ'માં 'જ' 'તે' સાથે અવિશ્લેષ સંબંધ રાખનારો છે અને તેથી કપાતાં, યતિ-

[1] 'નું' લખાય છે હ્રસ્વ પણ ઉચ્ચારમાં એ 'ગુરુ' જ છે.

ભંગનો દોષ થાય છે—અક્ષગત લઘુ છે માટે. આ પંક્તિ કાન્તની છે અને કાન્તની છન્દોશુદ્ધ બહુ જ સૂક્ષ્મ અને અવાચ્ય છે, છતાં અહીં એમણે આવી ક્લિષ્ટ પંક્તિ લખી છે. આ પંક્તિમાં પહેલા યતિસ્થાને આવતો 'આ – જે' શબ્દ પણ યતિભગ્ન છે. પણ ઉપર કહેલા નિયમ પ્રમાણે કપાયેલો 'જે' ગુરુ છે એટલે એ રીતે એ ભંગ દોષપાત્ર નથી. છતાં એટલું કહેવું જોઈએ કે અહીં યતિયો છૂટા પડતા અક્ષરો 'આ' અને 'જે' બન્ને સ્વતંત્ર શબ્દોની ભ્રાંતિ કરે એવા છે. અને આ પણ યતિભંગમાં ધ્યાનમાં રાખવા જેવું છે. આપણે કહી શકીએ કે શબ્દ યતિભગ્ન થતાં એના ટુકડાઓથી અન્ય શબ્દ કે શબ્દોની ભ્રાંતિ ન થાય એ ઇષ્ટ છે. દૃષ્ટાન્ત (૨૦)માં "વિમલ હિમમો–તી સરે તેમ છાના" એ ખંડોમાં ત્રીજા યતિખંડમાં 'તી સરે' જેવું ઉચ્ચારણ કાનને અથડાય છે અને એ વિલક્ષણ લાગે છે. સદ્ગત કવિએ એમનાં નવાં સંસ્કરણોમાં આ પંક્તિ બદલી છે, જો કે ઉપરના કારણે જ કે કોઈ બીજા, એ હું જાણતો નથી. અને આની જ સાથે કહેવા જેવું બીજું એ છે કે યતિભંગથી કર્ણકઠોર ઉચ્ચારણ ન થવું જોઈએ. દૃષ્ટાંત (૩૦)માં :

યુદ્ધાર્થે સિ-દ્ધ સકલ જુએ | વાટ આજ્ઞા તણી આ.

ઉપરની પંક્તિમાં 'દ્ધ સકલ' સાથે બોલાય છે તે કર્ણકટુ લાગે છે. એવા પ્રયોગો ટાળવા જોઈએ. અને છેવટે એ કહેવું જોઈએ કે યતિભંગ ગમે તેમ તોય નિર્વાહ્ય વસ્તુ છે, એ હકની નથી, એટલે એક જ પંક્તિમાં બને ત્યાં સુધી વધારે યતિભંગો ન આવે, એક જ શ્લોકમાં પણ ઘણા યતિભંગો ન આવે તો સારું. એટલું આપણે કહી શકીએ.

તે સિવાય એ પણ ધ્યાનમાં રાખવા જેવું છે કે યતિભંગમાં શબ્દના પૂર્વટુકડાને ઉત્તરટુકડા સાથે યતિના વિલંબનથી સાંધવાનો છે. એટલે યતિપૂર્વેનો અક્ષર ગુરુ અને ઉચ્ચારણમાં વિલંબિત હોય તો સારું. ઉપર આપેલા દૃષ્ટાંતમાં

યુદ્ધાર્થે સિ–દ્ધ સકલ જુએ

એમાં 'સિ' પ્રકૃતિથી ગુરુ નથી, તેનું ગુરુત્વ પછી આવતા સંયુક્તવ્યંજન ઉપર આધાર રાખે છે, અને એ સંયોગ યતિથી દૂર પડી ગયો છે, એ દૂર પડેલા સંયોગની અપેક્ષાએ 'સિ'ને લંબાવવો પડે છે તે ઉચ્ચારમાં કષ્ટરૂપ લાગે છે. યતિના વિલંબન માટે યતિ પહેલાંનો અક્ષર ઉચ્ચારમાં વિલં[illegible] હોય તે ઇષ્ટ છે. ઉચ્ચારણમાં જેમ વધારે દીર્ઘ [illegible] તેમ સારું.* પહેલા પ્રકરણમાં આપણે જોયું કે [illegible] ગણાતા બધા સ્વરો એક સરખા દીર્ઘ બોલાતા નથી. દા[illegible] તરીકે 'આ' ઘણો દીર્ઘ છે. એવા જ સંયુક્ત સ્વરો ઐ [illegible] ઔ પણ ઘણા દીર્ઘ છે. યતિ પૂર્વે આ, ઐ, ઔ આવે તે [illegible] છે. તીવ્ર અનુસ્વારનું પણ એવું જ છે. કારણ કે અનુ[illegible] લંબાતાં તેનો રણકો મધુર લાગે છે. ઉપર આપેલાં દૃષ્ટા[illegible] ઘણી જગાએ યતિ પૂર્વે એવા જ સ્વરો આવેલા જણાશે. દૃ[illegible] (૧), (૩), (૪), (૫), (૧૪), (૨૧), (૨૨), (૨૫), (૨૬), [illegible] (૨૮), (૨૯), (૩૦)માં યતિભંગ પૂર્વે આ છે, (૨), ([illegible]), (૧૩), (૧૫), (૧૬), (૧૮)માં તીવ્ર અનુસ્વાર છે, (૧૧), [illegible] (૨૭)માં આવતા સૌ–ન્દર્ય અને હૈ–યામાં સંયુક્ત સ્વ[illegible] 'હૈયું' શબ્દના ભિન્નાભિન્ન રૂપોમાં તો મેં અનેક [illegible] યતિભંગ જોયેલા છે. પણ હવે વધારે દાખલા આપતો [illegible]

અને છેવટે તો કાવ્યમાં જે હમેશ સામાન્ય રૂપે [illegible] હોય છે કે સહૃદયને ક્લેશ ન થવો જોઈએ એ જ યતિ[illegible] વિશે પણ કહેવાનું રહે છે. [અનુસંધાન પૃ. ૧૬૦

---

* ભરત નાટ્યશાસ્ત્રમાં વિરામ આવશ્યક હોય ત્યાં [illegible] અક્ષરો વાપરવા એમ કહ્યું છે, તે મારા મતને ટેકો આપે છે[illegible]

कार्यो विरामः पादान्ते तथा प्राणवशेन वा ॥
शेषमर्थवशेनैव विरामं संप्रयोजयेत् ।

अत्र च भावगतानि रसगतानि च कृष्याक्षराणि शो[illegible]
तद्यथा :—

आकारैकारसंयुक्तमेकारौकारसंयुतम् ।
व्यजनं यद्भवेद्दीर्घं कृष्यं तत्तु विधीयते ॥

भ. ना. शा. गा. ओ. वा. २, १७.[illegible]

આનો અર્થ હું એવો સમજું છું કે પાદાન્તને લીધે, [illegible] લીધે તથા અર્થને લીધે વિરામ કરવો પડે છે. તેવે સ્થ[illegible] એટલે ખેંચી-લંબાવી શકાય એવા દીર્ઘ સ્વરો વાપરવા [illegible] આ, ઐ, એ, ઔ વગેરે. આના ઉપરની ટીકામાં અભિનવગુપ્ત[illegible] "कृष्याक्षराणीति, कृषतीति कृपो विलंबितो लयः तत्र [illegible] कृष्याणि सन्ध्यक्षराणि, यथा आ ई ऊ इति [illegible] એથી ઉપરના જ અર્થને સમર્થન મળે છે. ઉપર શ્લોકમાં [illegible] શબ્દ આવે છે, તેનો અર્થ શ્વાસ-શ્વાસ લેવાની જગ્યા [illegible] સામાન્ય રીતે જણાય. પણ એ અર્થનો નિષેધ કરીને અભિ[illegible] તેનો અર્થ રસભાવાદિ એવો કરે છે. (ઓઝન પૃ. ૩૯૯.)

રંગ અને રેખાનો ઉત્સવ : દિલ્હીમાં ૨૨મું ભારતીય કલાપ્રદર્શન

કિશનસિંહ ચાવડા

પ્રિય ભાઈશ્રી,

ગઈ કાલે રાજકુમારી અમૃતકુંવરે બાવીસમું અખિલ ભારતીય કલાપ્રદર્શન ખુલ્લું મૂક્યું. આ પ્રદર્શનનું એક વિહંગાવલોકન તો કાલે જ ભાઈ યશવંત પંડ્યા સાથે કરી લીધું હતું. પણ આજે એ નિરાંતે અને સ્વસ્થતાથી જોયું. કલાકાર ઉકીલ અને મંત્રી કલાકાર શ્રી અનિલ રાયચૌધરીનો સાથ પણ મળ્યો. કેટલાંક ચિત્રો સમજાતાં નહોતાં ત્યાં એમની દોરવણી મળી, કેટલીક કલમની ગમ નહોતી પડતી ત્યાં એમણે દીવો ધર્યો. આમ આ પ્રદર્શનમાં એક રીતે કહું તો જીવનની ઉજાણી થઈ. રંગનો આવો સુમંગલ મહોત્સવ નીરખીને આનંદ આવ્યો. એટલે એમ થયું કે લાવો તમને આ આનંદના ભાગીદાર બનાવું. નવી દિલ્હીની ઑલ ઇન્ડિયા ફાઈન આર્ટ્સ અને ક્રાફ્ટ્સ સોસાઇટી દરેક વર્ષે આવું એક પ્રદર્શન ભરે છે. ૧૯૫૩ના માર્ચમાં ભરાયલા આ પ્રદર્શનમાં વૈવિધ્ય આકર્ષક હતું. રંગસૃષ્ટિ મનોહારી હતી. વિલસતી સર્જકપ્રતિભા અને મસ્ત દૃષ્ટિસંપન્નતાનાં દર્શન થતાં હતાં. પ્રયોગશીલતાનો મુક્તવિહાર હતો. ગયા જાન્યુઆરીમાં કલકત્તાના આધુનિક કલાકારવૃંદે એક પ્રદર્શન ભર્યું હતું. એમાં આધુનિક જીવનવાદને નામે અનેક અવનવા અખતરા મુકાયા હતા. એ પ્રદર્શનમાં રૂઢિગત ભારતીય ચિત્રકલાને આંચકો આપે એવી ઘણી વિચક્ષણ કૃતિઓ આવી હતી. પરંતુ સંવાદિતા, સૌન્દર્ય અને પ્રતિભાની દૃષ્ટિએ સંકેત અથવા સંદેશનું જે મંગલ સત્ત્વ પ્રગટ થવું જોઈએ તેનો એ કૃતિઓ બહુ ગરીબ ઉત્તર વાળતી હતી. બીજી બાજુ મશહૂર કલાકાર કે. કે. હેબ્બરનાં ચિત્રોનું એક જુદું જ પ્રદર્શન ડૉ. રાધાકૃષ્ણને ક્વીન્સ વે પર આવેલા મેસોનિક હૉલમાં ખુલ્લું મૂક્યું હતું. એ પ્રદર્શનમાં મૌલિક શૈલી અને શીલવંત પ્રતિભાનું એવું સુકોમળ તેજ પ્રગટ થતું હતું કે ક્રાંતિ અને પ્રયોગશીલતા ભણી સમભાવ રાખનારને પણ કહેવું પડે કે કલકત્તાવૃંદે રજૂ કરેલ તેવા કોઈ પણ નવા પ્રયોગ કે પ્રસ્થાનને માટે પ્રતિભા ન હોય તો પરિણામ અસરકારક કે કાયમી બનતું નથી. આ દૃષ્ટિએ આ ૨૨મું કલાપ્રદર્શન એક રીતે કહીએ તો પરંપરાગત ચિત્રકલાની સફળતા પ્રગટ કરતું હતું.

ઉદાહરણ તરીકે ૧૯૫૩ના આ પ્રદર્શનમાં સર્વોત્કૃષ્ટ કલાકૃતિ તરીકે પ્રથમ રાષ્ટ્રપતિ ઇનામ પામેલું ચિત્ર 'કમળનો હાર' મદ્રાસના કલાકાર શ્રી કે. શ્રીનિવાસુલુનું સર્જન છે. એમાં પ્રાચીન ગુજરાતી પોથીથી માંડીને જૈમિની રોય સુધીની અસરનો સમાવેશ થઈ શકે. એટલે આમ એ પરંપરાગત સંપ્રદાયની કલાકૃતિ થઈ. છતાં એ ચિત્રમાં સંવેદનની જે પ્રબળતા છે એ કલાકારની રહસ્યમયી મૌલિકતા જ છે: કેટલાક અભિનવ અલંકારોની આખી વલ્લરી એમાં લચી પડી છે. રાજસ્થાની કલમના સુકોમળ રંગોની પ્રભા અને સંવાદિતા એક તદ્દન આગવી શૈલીથી એમાં પ્રગટ થઈ છે. આકૃતિનું આ પુષ્પ જાણે પંકજના પરાગથી હમણાં મહેકી ઊઠશે એવો આભાસ થાય છે.

અરુણ મુખરજીનું એક ચિત્ર છે : ગામનું તળાવ. નીલા ભીના રંગોથી વાતાવરણમાં વનશ્રીના લાવણ્યનું અને સ્થિર ઊભેલી વનસ્પતિથી શાંતિનું નિદર્શન કર્યું છે. એક મુગ્ધા તળાવ ઓળગે છે. સહેજ દૂર તરતા બતકના એક યુગલને જોઈને પળવાર થંભે છે. જીવનસ્વપ્નના રોમાંચથી ગતિ અટકી જાય છે. ઝૂકી પડેલું એક વૃક્ષ એની આંખોમાંથી સ્વપ્નને ઊંચકી લે છે. નયનમનોહર આ ચિત્ર યૌવનની જાગૃતિનું નિરુપમ કાવ્ય બની જાય છે.

સેન રૉયનું 'મોર'નું ચિત્ર એની સાદાઈ અને સંવાદિતાને કારણે ઊડીને આંખે વળગે છે. એક ઝાડ ઉપર મોર ને ઢેલ એકબીજાની સોડમાં લપાઈને બેઠાં છે. નરનું ધ્યાન છે પોતાનાં રૂપાળાં પીછાંમાં. ઢેલ મસ્ત છે એના પ્રિયતમમાં. પુરુષ અને સ્ત્રીના મૂળગત સ્વભાવની સનાતનતા હળવેક

રહીને કલાકારે બતાવી દીધી છે. મોરપીંછની રંગલીલા વાચાળ બની ઊઠી છે.

કલાકાર ચંદોલાનું ‘ ઘરભણી ’ પહાડી વાતાવરણનું રંગદર્શન અજબ રીતે સરજે છે. હિમાલયની કૌતુકપ્રિય સંધ્યા કુમાશભર્યાં રંગોથી એવી તો આકર્ષક અને અદ્‌ભુત બને છે કે ઘરભણી જતી કોઈક સુકન્યાની નરી એકલતા એનો અજંપો આકરો કરી દે છે. બહારનું સૌન્દર્ય અને અંદરની શૂન્યતાની આવી દોરતી વિરલ એકતાનું દર્શન કરાવે છે.

ઠાકુરસિંહનું ‘ ગરીબનું સ્વર્ગ ’ રંગોની સાદાઈ અને ભાવોની સ્વચ્છતાને કારણે ખૂબ આસ્વાદ્ય બન્યું છે. નથી એ ઉપવન. તપોવન પણ એ નથી. એવા વનશ્રીના વાતાવરણમાં નાનકડાં બહેનભાઈ એકબીજાને ખભે હાથ મેલીને દૂરસુદૂર કંઈક જોતાં ઊભાં છે. ચીંથરેહાલ અવસ્થા છે. પરંતુ જીવનસ્વપ્નનું ભાથું છે. પ્રેમનો સહારો છે. કુદરતનો સાથ છે. રંગોની જમાવટ પ્રસન્નતાભરપૂર હોવાથી ચિત્ર હૃદયંગમ લાગે છે.

હજારનીસના ‘ નૈનીતાલની દાઈ ’ ચિત્રમાં એક પહાડી સ્ત્રી થાકી ગઈ છે છતાં ચાલે છે. ખભે ટોપલામાં બાળક બેઠું છે. ચઢાણ ચઢીને હારી ગઈ છે. આંખોથી માંડીને પગનાં આંગળાં સુધી બસ થાકની જ વાચા છે. જાણે થીજી ગયેલો પરસેવો. પણ સામે ખળખળ વહેતું એક ઝરણું જીવનની સંજ્ઞા કરે છે. આ ગમગીન આત્મા હમણાં હવે પાછો ચાલવા માંડશે એવો આશાપ્રેરક આ આકૃતિનો સંકેત ઊઠે છે. હજારનીસની પીંછીમાં બળ છે. અંતઃકરણમાં શ્રમ ભણી સદ્‌ભાવ છે. શ્રમના સૌન્દર્યનો એ શિલ્પી છે.

ચિત્રકાર જુવાનીસના એક ચિત્રમાં બે ઝરખ સામસામાં આવી ગયાં છે. ગમે તે એકની જિત અનિવાર્ય છે. વિકરાળ પશુતાનું એવું મૂર્તિમંત આલેખન છે કે આ ક્રૂરતા પ્રગટ કરવા કલાકારે ઓછામાં ઓછા રંગોનો આશ્રય લીધો છે. બળવાન રેખાઓ માત્ર કેવી ભયાનકતા દર્શાવી શકે છે એનો અચ્છો નમૂનો છે.

ઉત્તરપ્રદેશના કલાકાર બદરી થોડા વખત પહેલાં ઉપરોક્ત સોસાઇટીનું કલાપ્રદર્શન લઈને જાપાન ગયા હતા. ત્યાંથી એઓ એ દેશની કુમાશભરી રંગલહાણી લઈ આવ્યા છે. એ રંગો વડે એમણે ગયશા સ્ત્રીઓના જીવનપ્રસંગનું એક મધુરવિલાસી આલેખન કર્યું છે. ગયશા સ્ત્રી એ ભારતની ગાયિકાની જેમ ઋજુ, રંગીન અને મસ્તવિલાસી જીવનની પ્રતિનિધિ છે. બે ગયશા સ્ત્રીઓ બેઠી છે. બન્નેના હાથમાં વાદ્યો છે. ત્રીજી નૃત્ય કરે છે. આલેખન સુમેળથી ઓપે છે. વિલાસની સૂક્ષ્મતાથી સુગંધિત છે. જીવનસંગીતનો આલાપ હમણાં સંભળાશે એવી ઉત્સુકતાને જન્માવનારું આ કલાકારની રંગદર્શી દૃષ્ટિનો પ્રસાદ છે.

માયા રૉયનું ‘ બંસીધર મોહન ’ રંગોની નવીનતા અને તાજગીને કારણે આકર્ષણ કરે છે. બાલકૃષ્ણ મુરલી બજાવતા વચ્ચે ઊભા છે. આસપાસ બે ગાયો ઊભી છે. બે ગોપીઓને બદલે ગાયો ઊભી રાખીને કલાકારે બંસીની મોહિનીને બળ આપ્યું છે એ ચિત્રમાં પણ વિશદરૂપે પ્રગટ થાય છે. પૌરસ્ત્ય કલમના સર્વશ્રેષ્ઠ ચિત્ર તરીકેનું ઇનામ એને મળ્યું ગયું છે.

વસંત જોષીનું ‘ લણણી ’ એ તો શ્રમનું બલવંત ચિત્ર છે. રંગોની સ્વાભાવિકતાને કારણે પરસેવાનાં શક્તિ અને સૌન્દર્ય બન્ને આપમેળે વાચાળ બની ગયાં છે. મહારાષ્ટ્રની ચાર ખડતલ સ્ત્રીઓ લણે છે, બે લણણીના ભારા લઈ જાય છે. એક પુરુષ કસીને ભારો બાંધે છે. ગતિ, શ્રમ, સાથ અને સહકારનું એવું તો અદ્‌ભુત મિલન થયું છે કે ગરીબાઈ પ્રાણવંત પ્રતિષ્ઠા ધારણ કરી રહે છે. લાલ, લીલો અને પીળો એ ત્રણે રંગોની અભિનવ રમણા પહેલી જ વાર નીરખીને ખૂબ આનંદ થયો.

શનુ મજમુદારનું એક નિર્દોષ ચિત્ર જોઈને મજા પડી. બે કુમારો પત્તાં રમવા બેઠા હતા તેમાંથી લડી પડ્યા. બન્નેએ એક બીજાના વાળ જોરથી પકડ્યા છે. પત્તાં વેરાઈ પડ્યાં છે. કદી નહીં છોડે એમ નિશ્ચય કરીને પકડેલા વાળ હમણાં જ બન્ને જણા છોડી દેશે એવી આશા આ ચિત્રને નયનરંજક બનાવી દે છે.

સરબજિતસિંહ એક અનોખા કલાકાર છે. એમનાં ચિત્રો અલગ અલગ રીતે અપૂર્વ છે. ‘ લડાખમાં ’ એ ચિત્ર ગતિ, બળ અને જીવનના ત્રિવિધ સંગમનું ચિત્ર છે. લડાખખીણમાંથી સિંધુ ચાલી જાય છે: મલપતી, ધસતી. ખીણની આસપાસ મહર્ષિઓની તપસ્યા ની જેમ અડગ પહાડ ઊભા છે. એક બાજુ સ્થિરતા

પાસે જ મૂર્તિમંત ચંચળતા, આ પરસ્પર વિરોધાભાસમાંથી જીવનનું એવું સમર્થ ગીત ઉપાડ્યું છે કે કલાકારની સર્ગ-શક્તિ માટે વાહવાહ કહેવી પડે. માત્ર ભૂરા નીલા રંગોની જ રમત છે. પરંતુ એ રંગોમાંથી જિંદગીની આકૃતિ ઊઠે છે. જીવંત, ઝિંદા દિલ. એમનું હેમંતનું ગીત રંગશાસ્ત્રની દૃષ્ટિએ અભિનવ ચિત્ર છે. કુલુવેલીના એક ગામડામાં ઠંડી કહે મારું કામ. એમાં એક વૃક્ષની ઓથેથી સંધ્યા નીરખતું યુગલ જીવનની હૂંફ પ્રગટ કરે છે. સફેદ અને લાલ રંગના કુતૂહલભર્યા મિશ્રણમાંથી ઠંડક અને ઉષ્માના સંકેત એવી કુશળતાથી આલેખ્યા છે કે એની નવીનતા આકર્ષ્યા વિના રહેતી નથી.

શૈલા ચક્રવર્તિનું 'પ્રેમીઓ'નું આલેખન સુરમ્ય અસ્પષ્ટતાનું મનોરમ ઉદાહરણ છે. ગાઢ વન છે. વનશ્રી લચી પડી છે. હરિયાળી તો આંખ ઠારે એવી છે. માર્ગ પણ મુશ્કેલીએ મળે એવી ઘટા જામી છે. એમાંથી પગદંડી પાડીને એક જુવાન યુગલ પરસ્પરને ગળે હાથ મૂકીને ચાલ્યું જાય છે. ભાવિ અસ્પષ્ટ છે છતાં સાથે જીવવાની અભિલાષાનો એવો જોરદાર ઉઠાવ આપ્યો છે કે મૈત્રીનું એ ગરવું ચિત્ર આપમેળે બોલી ઊઠ્યું છે.

'હોળી'ના ચિત્ર દ્વારા ઉત્તરપ્રદેશના લોકજીવનના આનંદની ઉત્કટતા ભટનાગરે પ્રગટ કરી છે. એમાં ચારુ રેખાઓ અને જીવંત અંગમરોડ વડે લજ્જા અને અપેક્ષાનું એવું રંગદર્શી વાતાવરણ સરજ્યું છે કે ગમે તેવા ઠંડા માણસને હોળી રમવાનું મન થાય. રંગો ગ્રામ્ય હોવા છતાં સહજ રીતે આ તિને સજીવન કરે છે.

પરંતુ રંગોની ઉજાણીનું ચિત્ર તો છે ખિતિન ચક્રવર્તિનું દિવ્યતા. સર્વોત્તમ મ્યુરલ ચિત્ર તરીકેનું એ બિરુદ પામ્યું છે. એમાં જગન્નાથના મંદિરના ગર્ભદ્વારમાં બેઠેલા દેવ અને એની આસપાસ રચાયલી દુનિયાના વિરોધાભાસમાંથી દિવ્યતાના પ્રકટીકરણનો સંકેત કરવામાં આવ્યો છે. ખિતિન બાબુ સંઘર્ષમાંથી સંવાદિતા જન્માવનાર કલાકાર બ્રાહ્મણ છે. એમની દૃષ્ટિની વિશાળતા અને અંતઃકરણની ઉદારતાને કારણે આ ચિત્ર એમની ઉદાત્ત પ્રતિભાનું સહજ દર્શન કરાવે છે. પૌરસ્ત્ય પીંછી રંગોની કેવી અદ્‌ભુત અને અભિનવ રમણા કરી શકે છે, એમાંથી કેટલી તાજગી અને તન્મયતા પ્રગટ કરી શકે છે તેનું આ ચિત્ર અનુપમ દૃષ્ટાંત છે. જીવનનાં બધાં રૂપ અધૂરાં છે. દરેક રૂપને જીવનની ફેરફૂદડી ફરીને અંતે અંતરાત્માનો જ આશ્રય લેવો પડે છે. સમુત્ક્રાંતિનું આ અનાવિલ દર્શન કલાકારે અજોડ ધીરજ અને અંતર્મુખતાના આનંદ વડે આલેખ્યું છે.

શાંતનુ ઉકીલના એક ચિત્રમાં સ્ત્રીઓની ચાર બેઠેલી આકૃતિઓ વડે ચાર પેઢીનું નિદર્શન થયું છે. રંગો ભીના છે. એટલે એમાંથી લાવણ્ય નીતરે છે. પ્રૌઢા પોતાની દીકરીનું માથું ઓળે છે પણ પોતાની પૌત્રીના ઊઘડતા યૌવન ભણી આશાભરી આંખે નીરખી રહે છે. પોતાની પુત્રીના આ સુખને જોતી એની વૃદ્ધા માતા જાણે ઈશ્વરના ઉપકાર માનતી હોય એમ ધન્યતા અનુભવી રહે છે. ચારે આકૃતિઓમાં રૂપનો પ્રસાદ ભર્યો છે અને આ પ્રસાદનો પાયો છે આ કુટુંબે મહેનત કરીને મેળવેલી તંદુરસ્તી. એટલે એક રીતે આખુંય ચિત્ર શ્રમશીલતાના સૌન્દર્યનું પ્રતીક બની ગયું છે.

આ જ જુવાન કલાકારનું એક સંથાલ સ્ત્રીનું ચિત્ર અતિ નયનમનોહર છે. રૂપભરી વનશ્રીને નીરખતી એ મુગ્ધા પોતાના જ ઊઘડતા યૌવનને ઓળખવાની મૂંઝવણ અનુભવે છે. કાળા રંગની એ સંથાલ સુંદરીએ શ્વેત વસ્ત્રથી શરીર ઢાંક્યું છે છતાં જુવાની જંપતી નથી. આખી હસ્તીમાં લજ્જાની સાથે સંતાકૂકડી રમતા યૌવનને કારણે આ સંથાલ સ્ત્રી શ્યામ કમળનું પ્રસાદમય કાવ્ય બની ગઈ છે.

શીલા સભરલાલે પણ વિષય સંથાલ સ્ત્રીઓનો જ લીધો છે. પણ આ કલાકાર આધુનિક સંપ્રદાયની હોવાથી એણે અંગમરોડની રેખાઓથી ભાવ પ્રગટ કર્યો છે. આકૃતિનાં લાવણ્ય પર ધ્યાન નથી આપ્યું. સંથાલ સ્ત્રીઓ આરામ લઈ રહી છે ને વાર્તાલાપ ચાલી રહ્યો છે. સમય પરત્વે ઉદાસીન આ સંથાલ સ્ત્રીઓ જીવનની કેવી માવજત કરે છે એ આ ચિત્રની સંજ્ઞા લાગે છે.

સોસાઇટીના મંત્રી કલાકાર અનિલ રોયચૌધરીની કલમમાંથી નીકળેલું એક પહાડી સ્ત્રીનું ચિત્ર નવીન રંગાવલિનો સુંદર નમૂનો છે. રંગો વડે એમણે આ સ્ત્રીના છિન્નવિછિન્ન જીવનનો એવો તાદૃશ ચીતાર આપ્યો છે કે જોનાર પળવાર રોકાઈને વિચાર કરતો થઈ જાય છે. આ સ્ત્રી પીઠ પર ભાર લઈને એક પર્વતની શિલાને જરાક અઢેલીને ઊભી છે. થાક ખાઈને ચાલવા માંડશે એવી ઇચ્છા એની આંખમાં વરતાય છે. રંગ અને રેખામાં પહાડના

…ીના રંગોની મૌલિકતા બરાબર ઊતરી છે. આને કારણે વાતાવરણમાં થાકને હરી લેનારી વનશ્રીની તાજગી છે. પરસેવાને ટીપેટીપે જિંદગી બાંધનારી આ પહાડી જાતિનું મૂલગત બળ કલાકારે બરાબર પકડ્યું છે. અને સ્ત્રીની આકૃતિમાં આ બળને પ્રગટ કરીને એમણે પોતાની કલાને ચરિતાર્થતાની કુસુમમાળા પહેરાવી છે.

દારુકવનમાં ભીખ માગતા શિવ એ કલાકાર કૃષ્ણમૂર્તિનું ચિત્ર છે. એમાં રંગોની નવીનતા અને સુજનતા પ્રથમ ધ્યાન ખેંચે છે. અનેક સ્ત્રીઓ મહાદેવને ભિક્ષા આપવા આવે છે છતાં એમનું પાત્ર ખાલી છે વિવિધ અને અનેક સ્ત્રીઆકૃતિઓમાંથી કલાકારે અભિનવ 'કૉમ્પોઝીશન' ઉપસાવ્યું છે. લાલ રંગનો એમાં ઘણો છતાં સમુચિત ઉપયોગ થયો હોવાને કારણે એમાં એક પ્રકારની અસામાન્યતા લાગે છે. નિકોલસ રોરીકના ચિત્રમાં જેમ ભૂરો રંગ મુખ્ય હોવા છતાં આંખને હારે છે તેવી જ સિદ્ધિ લાલ રંગ પરત્વે કૃષ્ણમૂર્તિએ દેખાડી છે.

આપણા લાડીલા કલાકાર સોમાલાલ શાહનું 'પ્રતીક્ષા' ચિત્ર આતુરતા અને આકુલતાનું ઉત્તમ કાવ્ય છે. આહીર મુગ્ધા વાટ જોતી ઊભી છે. રંગોની મનોહર અને નયનભર મેળવણીમાં સોમાભાઈની પીંછી જાદુ કરે છે. વાતાવરણ અને જીવન બન્નેમાં સંપૂર્ણ સૌરાષ્ટ્રી આ આલેખન સ્વપ્ન જેવું સોહામણું અને જિંદગી જેવું જયવંત છે.

પૂર્ણા ચક્રવર્તીના એક ચિત્ર વિષે કહેવું તો બાકી જ રહી ગયું. શચિ માતાને બાઝી પડીને બાળક ચૈતન્ય બંધ આંખે પોતાની અંતરવાર્તા પ્રગટ કરી રહ્યો છે. અહો! કેવું જીવંત છે આ આલેખન! ચૈતન્યની આંખો બંધ છે છતાં મોટો થશે ત્યારે દ્રષ્ટા થશે એવો સંકેત એટલો બધો સ્પષ્ટ છે કે આપણને કલાકારની સમજણ વિષે આશ્ચર્ય થાય! ચિત્રમાં ભગવા રંગનું એવું સુકોમળ અને સમુચિત પ્રભુત્વ છે કે બાળકના અંતઃકરણમાં છુપાઈ રહેલું સંન્યસ્ત વાચા ધારણ કરે છે. એની બાથમાં એવું બળ છે કે ભવિષ્યમાં પ્રગટ થનારી ઉત્કટ ભક્તિનો જાણે અહીં જ પ્રારંભ છે. સુકુમાર છે એની રેખાઓ. હૃદયંગમ છે આ મધુર ચિત્ર.

આ પ્રદર્શનમાં થોડા દિવસ પહેલાં આ જ હોલમાં યોજેલા પ્રતિભાવંત કલાકાર સતીશ ગુજરાલનાં ચિત્રો પણ હતાં. ભાઈ યજ્ઞેશ્વર શુક્લનું શ્યામ અને શ્વેત રંગોમાં રચા… કાવ્યમય ચિત્ર 'હીંચકો', લાડીના રાજકુમાર મ… સિંહજીનું ચિત્ર 'સનાતન વાર્તાલાપ' અને પલશી… 'વૃક્ષપૂજા' ઉપર પણ થોડું કે લખવાની ઇચ્છા હતી. … એસ. જોષીનું 'મુંબઈ ડક્કો', શેણુી અને દાતેનાં ચિત્રો… ભાવના અને વાનકરના 'ઓમકારેશ્વર ગ્રામ' વિષે… લખવું પડે એવાં મને હર એમનાં ચિત્રો હતાં. એ… 'કેળાંની મારકીટ' વાળા જાણીતા ચિત્ર વિષે એટલું… લખું કે એ લીલા રંગથી ઊભરાણી હતી અને … આકૃતિઓના વૈવિધ્યમાંથી ઊઠતા જિંદગીના ફુવારાનું… આંખ હારે એવું આલેખન હતું, તો બેંદ્રેને ન્યાય ન… ધનપાલનું 'પાણી માટે રાહ' એકલતાનું મૂગું કાવ્ય…

આ પ્રદર્શનમાં થોડાંક શિલ્પ પણ હતાં. પરંતુ … શિલ્પી ચિંતામણિ કારનાં ત્રણ શિલ્પ એ કલાકારની … પ્રતિભાનાં સંતાન હતાં. ગાંધીજીનું માથું એણે એવું… અદ્ભુત સરજ્યું છે કે એણે કલાકારના માથાનો … આપી દીધો છે. આપણી સરકારે એ ખરીદીને … સંગ્રહાલયને ભેટ આપ્યાં હોત તો જેવી એ અપૂર્વ … છે. મા અને બાળકનું બીજું શિલ્પ વાત્સલ્યનું … પ્રગટીકરણ છે. જનનીની બાથમાં આખું વિશ્વ સમાઈ… પણ એમની એક સ્ત્રીની આકૃતિ તો અદ્ભુત સંવેદન… રસળતું જીવનસંગીત અને સૌન્દર્યના પ્રતીક તરીકે … અનુપમ છે.

એકંદરે આખા દેશમાંથી ૨૦૩ કલાકારોએ ૫૮૮ … મોકલ્યાં હતાં. એમાંથી આ પ્રદર્શનમાં ૧૬૪ કલા… કૃતિ ચિત્રો પ્રદર્શિત થયાં છે. એટલે વૈવિધ્ય અને … સાચવવામાં પ્રદર્શનના સંચાલકોએ ઠીક ઠીક જહેમત … છે એ તો પ્રદર્શનમાં તમે એક લટાર મારો તોય ખબર … જાય. રંગ અને રેખાના શાસ્ત્રની મને ખબર નથી. … કલાની પરંપરાઓ અને એની વિશિષ્ટતાઓના … વિષે મારું અજ્ઞાન છે. પણ મને જીવનમાં રસ છે. … જે જે કલા જિંદગીને પ્રગટ કરે છે તેને જોવામાં, મારું … અંતરને સુખ થાય છે. આ સુખને અહીં શબ્દબદ્ધ … છે. સુખને બાંધવા ગયો પણ મળ્યો એમાંથી … એટલું બસ.

નવી દિલ્હી, ૫-૩-'૫૩ — કિશનસિંહ ચ…

ચોપાટીને બાંકડેથી

'વક્રગતિ'

મુમ્બાપુરીની મૂલ્યપત્રિકા ફ્રડાવતી વેળા ભદ્રંભદ્રે આ શહેર માટે 'મોહમયી'નું સૂચક વિશેષણ વાપરેલું. કાઠિયાવાડીઓ તો કૃતજ્ઞભાવે આ નગરીને 'મુંબઈ માવડી' કહીને સંબોધે છે. આ બન્ને વર્ણનો સરખા જ પ્રમાણમાં સાચાં છે. મુંબઈ સૌ કોઈને મોહિની લગાડે છે. અને સાથોસાથ, પુત્રવત્સલ માતાની જેમ સૌ આગંતુકોને પોતાને ખોળે સમાવે છે.

ક્રિકેટની મોસમ હજી હમણાં જ પૂરી થઈ. એક તરફ કાપડ-કરિયાણાંના ભાવ ગગડવાથી વેપારી લોકો 'મરી ગયા! મરી ગયા!'ની બૂમો પાડતા હતા ને બીજી તરફ ક્રિકેટની ટેસ્ટ માટે સ્ટેડિયમમાં ટિકિટ નહોતી મળતી. (દોઢસો વરસના બ્રિટિશશાસને કેળવેલા આ ક્રિકેટશોખનો લાભ – અથવા ગેરલાભ – લઈને સિનેમાના અભિનેતાઓ અને અભિનેત્રીઓએ પણ સ્ટેડિયમ પર મુંબઈગરાંઓનાં ખિસ્સાં ખંખેરી લીધાં.) અને ભારતી ક્રિકેટ ટીમ વિદેશીઓ સામે આખા દેશમાં પરાજય પામતી પામતી હાર્યો જુગારી બમણું રમે એમ વેસ્ટ ઇન્ડીઝમાં રમવા ગઈ ત્યાં તો મુંબઈને આંગણે જે. કૃષ્ણમૂર્તિનું આગમન થઈ ચૂક્યું હતું.

કૃષ્ણમૂર્તિએ ખાસ્સા દોઢેક મહિના સુધી વ્યાખ્યાનો આપ્યાં. અને એમાં તો મુંબઈવાસીઓએ ક્રિકેટ મેચ કરતાંય વધારે ઉત્સાહ દાખવ્યો. ભદ્રવર્ગમાં તો ઉદયશંકરનાં નૃત્યોની જેમ કૃષ્ણમૂર્તિનાં વ્યાખ્યાનોમાં હાજરી આપવાની રીતસરની ફેશન જ થઈ પડી. 'તમે કૃષ્ણમૂર્તિને સાંભળવા નથી જતા?' એમ કોઈ પૂછે તો નીચી મૂંડીએ ભોંઠામણ અનુભવવી પડે એવી સ્થિતિ સરજાઈ ગયેલી. ઉદયશંકરનાં નૃત્યોમાં કશુંય સમજ્યા વિના પણ તાળીઓ પાડવી જ પડતી એમ કૃષ્ણમૂર્તિના ફિલસૂફીના ગબારા પકડાય કે ન પકડાય તો પણ એ વિશે ભારેખમ મોંએ વિશ્લેષણ, વિવેચન અને વિવરણ કરવાં પડતાં.

મુંબઈવાસીઓ માટે આવા સમારંભોની બીજી કોઈ ફલશ્રુતિ હોય કે ન હોય પણ એનો એક આનુષંગિક લાભ એ છે કે આવે પ્રસંગે "ફેન્સી ડ્રેસ" જેવી ફાંકડી ફેશન પેરેડ યોજાય છે. અમદાવાદમાં શાહીબાગી શાલ-દુશાલાનું પ્રદર્શન કરવાની તક જેમ પ્રેમાભાઈ હોલના શિયાળુ કાર્યક્રમોમાં સાંપડી રહે છે એમ મુંબઈમાં પણ ભારતીય વિદ્યાભવન કે સુંદરાબાઈ હોલ આવી સગવડ પૂરી પાડે છે. કમનસીબે વિદ્યાભવનમાં ગુજરાતી રંગભૂમિના શતાબ્દી ઉત્સવે નાટ્યપ્રવૃત્તિનાં સોએ સો વરસ પૂરાં કરી નાખ્યાં ત્યાર પછી નાટકો ભજવાતાં સમૂળગાં બંધ થઈ ગયેલાં. આવી વિષમ સ્થિતિમાં કૃષ્ણમૂર્તિનું આગમન—વિશેષ તો ગુજરાતીઓ માટે—આશીર્વાદ સમું થઈ પડેલું. બુશશર્ટની છેલ્લામાં છેલ્લી ડિઝાઈન કે બ્લાઉઝનો અદ્યતન 'કટ' જોવા કે જોવડાવવા માટે હવે રેઈસકોર્સ ઉપર જવાની જરૂર નહોતી. ઊંચામાં ઊંચાં રેશમ કે એટલી જ મોંઘી ઝીણામાં ઝીણી ખાદીનાં દર્શન એ સલૂણી સાંજનાં વ્યાખ્યાનોમાં થઈ શકતાં.

રેઈસકોર્સની જેમ કૃષ્ણમૂર્તિનાં વ્યાખ્યાનોમાં પણ સમાજનો સમગ્ર 'ક્રોસ સેક્શન' ઠલવાતો છતાં અહીં પણ રેઈસકોર્સમાં બને છે તેમ ગુજરાતીઓનું બાહુલ્ય ધ્યાન ખેંચી રહેતું. કહેવાય છે કે શ્રી ઑરોબિન્દોના વધુમાં વધુ અનુયાયીઓ ગુજરાતીઓ છે. કૃષ્ણમૂર્તિના પ્રશંસકો પણ વધુમાં વધુ સંખ્યામાં ગુજરાતમાંથી નીકળે તો નવાઈ નહિ. કૃષ્ણમૂર્તિ જે 'મુક્ત માનવમન'ની વાત કરે છે એ ગુજરાતી તાસીરને અત્યંત અનુકૂળ આવી જાય એમ છે. શ્રોતાઓમાંથી એક બહેને વક્તાને ચિઠ્ઠી મોકલીને પ્રશ્ન પૂછેલો: 'મારું દામ્પત્ય મારા પતિ સાથેની લડજોડની એક અખંડ પરંપરા સમું છે. મારે શું કરવું એ કહો.' અને વક્તાએ જે ઉકેલ સૂચવ્યો એ આ વ્યાખ્યાનોની લોકપ્રિયતા સમજાઈ રહે એવો હતો

મુંબઈમાં આજ સુધી ચાર સર્કલો જાણીતાં હતાં: માટુંગાનું કિંગ્ઝ સર્કલ, સાત રસ્તા પરનું જેકબ સર્કલ, ટાઉન હોલ સામેનું એલ્ફીન્સ્ટન (હવે હોર્નીમેન) સર્કલ અને ચોથું શ્રી ઓરોબિન્દો સર્કલ. હવે પાંચમું 'કૃષ્ણમૂર્તિ સર્કલ' અસ્તિત્વમાં આવે તો પંચ ત્યાં પરમેશ્વર સિદ્ધ થઈ જાય.

ક્રિકેટ અને કૃષ્ણમૂર્તિનું પૂરું થયું ત્યાં જ જાણે કે કક્કાનો મેળ સાચવવા મુંબઈને આંગણે કુસ્તીબાજો ઊતરી પડ્યા. અને એમનાં મલ્લયુદ્ધો પણ સરદાર વલ્લભભાઈનું નામ જેની સાથે સંકળાયેલું છે એ સ્ટેડિયમ પર ખેલાયાં. નેવું નેવું હજાર પ્રેક્ષકોની ભીડ જામવા માંડી. આ દિવસોમાં મુંબઈમાં સાંજને સમયે જેટલી જેટલી જાહેરસભાઓ યોજાયેલી એ બધી, કંગાલ હાજરીને કારણે નિષ્ફળ ગયેલી. કેટલાંક છબીઘરોમાં પણ કાગડા ઊડેલા. ટ્રામમાં, બસમાં, ટ્રેનમાં કે ચોપાટીને બાંકડે—જ્યાં જુઓ ત્યાં કોરીઆની લડાઈને બદલે કિંગકોંગની જ વાતો થતી. મહારાષ્ટ્ર-ગુજરાતના દુષ્કાળને બદલે દારાસિંગના પરાજયની વધારે ચિંતા દેખાતી. પ્રજાનાં નાડ-પારખુ છાપાંઓએ પણ આ પ્રસંગે પ્રશસ્ય કામગીરી બજાવી. એક અખબારે તો સ્તાલિનના મૃત્યુના સમાચારની સમાંતર આ પહેલવાનનો "પર્સનલ ઇન્ટરવ્યૂ" (અંગત મુલાકાત) પ્રગટ કરેલો.

આ કુસ્તીજંગમાં દાવ લેવાના કોઈ નિયમો કે 'કોડ' નથી. પ્રતિસ્પર્ધીને મહાત કરવા માટે મરણતોલ માર મારવાની પણ છૂટ છે. અને તેથી જ પ્રેક્ષકો આટલો રોમાંચ અનુભવતાં લાગે છે. આખરે તો માણસ પણ હિંસ્ર પ્રાણી જ છે ને!

...

કુસ્તીના કાર્યક્રમોની સાથોસાથ મુંબઈમાં કંકોત્રીઓની મોસમ પણ ચાલતી હતી. કહેવું પડશે કે કુમકુમપત્રિકાની કલામાં ગુજરાતીઓએ અસાધારણ પ્રગતિ સાધી છે. ગાંધીજી જીવતા હતા ત્યાં સુધી બ્લોટિંગ પેપર જેવા હાથકાગળ પર લગ્નપત્રિકા છાપવાની ફેશન હતી. આજે કાચકાગળ જેવા એ ખડબચડા પદાર્થમાંથી રંગબેરંગી રેશમ સુધીની ઉત્ક્રાંતિ આપણે સાધી ચૂક્યા છીએ. આજની ભભકદાર કંકોત્રીઓ જોઈને ભલભલા ભીષ્મપિતામહોને પણ પરણવાનું મન થઈ જાય એવું છે.

મુંબઈમાં લગ્નોત્સવ માટે એ જ વસ્તુઓની જરૂર પડે છે. તમે કહેશો કે વર અને કન્યાની. ના, ભાઈ, મુંબઈના લગ્નોત્સવમાં વર અને કન્યા કરતાંય વધારે સાંચી સ્તૂપનાં તોરણ અને સ્ટ્રોબેરી સન્ડી આવશ્યક હોય છે. લગ્નમંડપના સુશોભનમાં પ્રાચીન સંસ્કૃતિના પ્રતીક સમું સાંચીનું તોરણ ન લગાવ્યું હોય તો પરણનારાં અસંસ્કારી ગણાઈ જાય—કલ્ચર્ડને બદલે એગ્રિકલ્ચર્ડ જેવાં લાગે છે. આવી ઉચ્ચ રસવૃત્તિ કેળવવામાં કેટલીક અવેતન નાટ્ય સંસ્થાઓનો ફાળો નાનોસૂનો નથી. કંકોત્રીની ઉત્ક્રાંતિના ઇતિહાસમાં જેમ કુમાર કાર્યાલયની કામગીરીની નોંધ લેવાશે એમ લગ્નમંડપની સુશોભનકલાની તવારીખમાં ઇન્ડીઅન નેશનલ થિયેટરની સેવાઓ પણ સ્થાન પામશે. આ નાટ્યસંસ્થાએ રંગભૂમિ કરતાંય વધારે સેવા લગ્નભૂમિની બજાવી છે એટલું ન્યાય ખાતર પણ નોંધવું પડશે.

હુતાશણી પછી લગ્નની એક જ તિથિ નીકળી. એ દિવસે રોગચાળાની જેમ લગનગાળો પણ વ્યાપક પ્રમાણમાં ફાટી નીકળેલો. એ દિવસે સાંચી-તોરણોની કારમી ખેંચ પડી. એટલું જ નહિ પણ મુંબઈના પ્રધાનો ઉપર પણ અસાધારણ બોજો આવી પડેલો. કેટલાક લગ્નમંડપોમાં લગભગ આખી કેબિનેટે હાજરી આપવી પડેલી. લગ્નસમારંભોના સવિસ્તર અને સચિત્ર અહેવાલો પ્રગટ કરવા માટે એક અખબારે તો આખું પાનું ફાજલ પાડ્યું. લગનગાળો અંકુશમાં ન આવ્યો હોત તો તો છાપાંને આખેઆખા લગ્નાંક પણ બહાર પાડવા પડત.

આ વખતની લગનની મોસમની વિશિષ્ટતા પ્રધાનોની અસાધારણ હાજરીને કારણે નહિ પણ ખુદ રાષ્ટ્રપતિએ આ પરિણયોમાં દાખવેલા ઉત્સાહને આભારી હતી. રાષ્ટ્રપતિ તરફથી એક જ દિવસે બે સંદેશાના સમાચાર વાંચવા મળેલા. એક હતો માર્શલ સ્તાલિનના નિધન અંગેની દિલસોજીનો, બીજો હતો, એક વરવધૂના જીવનસાયુજ્ય પ્રસંગે શુભેચ્છાનો.

મુંબઈ તો પહેલેથી જ પચરંગી પ્રજાનું નગર છે. મુંબઈવાસીઓ ઝડપભેર વિશ્વનાગરિકો બની રહ્યાં છે. શુભપ્રસંગોએ માત્ર ભારતના રાષ્ટ્રપતિના સંદેશાથી સંતોષ માનવો એ આ વિશ્વનાગરિકો માટે લાંછનરૂપ ગણાય. આવે પ્રસંગે ચર્ચીલ, આઈઝન હોવર, માલેન્કોવ, ખ્વાજા નઝીમુદ્દીન વગેરેના સંદેશા પણ શા માટે ન મેળવાય?

...

[અનુસંધાન પૃ. ૧૪૯

જિપ્સીની આંખે

'જિપ્સી'

સાતત્વ

નવી દિલ્હીમાં ગઈ ધૂળેટીને દિવસે એક અનોખો ઉત્સવ ઉજવાયો હતો. દિલ્હીમાંથી 'શંકર્સ વિકલી' નામે મશહૂર ઠઠ્ઠાચિત્રઆલેખક શ્રી શંકરનું એક અંગ્રેજી સાપ્તાહિક નીકળે છે. એમાં ઠઠ્ઠાચિત્રો દ્વારા દેશ અને દુનિયાના જીવનના વિવિધ પ્રશ્નો અને સમસ્યાઓ ઉપર સંજ્ઞાસૂચક અભિપ્રાય પ્રગટ કરવામાં આવે છે. શંકરની પારદર્શક તેજસ્વી દૃષ્ટિ, નિર્દેશ જીવનદર્શન અને ભાવનામય ઉદારતાને લીધે આ સાપ્તાહિકમાં પ્રગટ થતાં ઠઠ્ઠાચિત્રોએ સમગ્ર દેશમાં એક પ્રકારની પ્રતિષ્ઠા મેળવી છે. જેમને વિષે અભિપ્રાય અથવા સંકેત પ્રગટ થયો હોય તે માણસ પણ એમાં રસ લઈ શકે એવી એની બિન-અંગતતા હોય છે.

શંકર હમણાં બેત્રણ વરસથી દર વર્ષે આ સાપ્તાહિકનો બાળકઅંક પ્રસિદ્ધ કરે છે. આ અંક દરેક વર્ષે વિકાસનું એકએક પગથિયું ચઢતો જ જાય છે. આ વર્ષે આ બાળકઅંકમાં આખી દુનિયામાંથી પાંત્રીસ દેશોનાં તેરહજાર ને સાતસો બાળકોએ પોતાનાં ચિત્રો અને લખાણો મોકલીને ભાગ લીધો હતો. એમાંથી ચિત્રાલેખનો માટે એકસોનેવું અને લખાણો માટે સો ઇનામો આપવામાં આવ્યાં હતાં.

આ ઇનામો આપવાનો સમારંભ નવી દિલ્હીના સ્ટેડીઅમમાં ધૂળેટીને દિવસે બપોરે ચાર વાગે શ્રી જવાહરલાલ નેહરુના પ્રમુખપણા હેઠળ થયો હતો. આ ઉત્સવમાં પ્રમુખ ઉપરાંત બીજાં પણ બેત્રણ આકર્ષણો હતાં. ડૉ. રાધાકૃષ્ણને ને આવકાર આપ્યો એ તો સામાન્ય વાત થઈ. પણ એમાં જુદા જુદા દેશનાં બાળકોએ સરસ કાર્યક્રમ આપ્યો એ વાત અસાધારણ મહત્ત્વની અને આકર્ષક હતી. પાંત્રીસ દેશોનાં બાળકો જેમણે આ હરીફાઈમાં ભાગ લીધો હતો તે તે દેશના રાષ્ટ્રધ્વજોએ હારમાં ઊભા રહીને એકતા ઊભી કરી હતી. એની આસપાસ લાંબા અને ગોળ ફુગ્ગાઓની હારમાળાએ વાતાવરણને પ્રફુલ્લ બનાવ્યું હતું અને અસંખ્ય બાળકોની હાજરીએ આખા ઉત્સવમાં પ્રાણ પૂર્યો હતો. નવી દિલ્હીમાં વસનારા જુદા જુદા દેશોના લગભગ બધા જ રાજદૂતો પોતાના કુટુંબ અને બાળકો સાથે હાજર રહ્યા હતા. એટલું જ નહીં. પરંતુ અમેરિકા, ઇંગ્લાંડ, જાપાન, ઇન્ડોનેશિયા અને બર્માના રાજદૂતવાસનાં બાળકોએ તો કાર્યક્રમમાં પણ ભાગ લીધો હતો.

રાયસીની માધ્યમિક બંગાળી કન્યાશાળાની બાળાઓએ રાષ્ટ્રગીતથી પ્રારંભ કર્યો હતો. જાપાનની એક સુકન્યાએ આવીને એક મીઠું ગીત ગાયું હતું. દિલ્હીની સંત થોમસ માધ્યમિક શાળાનાં બાળકોએ 'સુતેલી સુંદરતા' નામની એક રસિક નાટિકા ભજવી હતી. ઇન્ડોનેશિયાનાં બાળકોએ વિખ્યાત સુમાયાનૃત્ય કર્યું હતું. અમેરિકાનાં બાળકોએ તો ત્રણ જુદી જુદી ગીતનાટિકાઓ આપી હતી. દિલ્હીની જાણીતી રાષ્ટ્રીય મુસ્લિમ વિદ્યાપીઠ જામિયા મિલિયાના બાળકોએ સરસ કવ્વાલી ગાઈ હતી. એમની આવવાની રીત, સલામ કરીને બેસવાની રીત, કવ્વાલી ગાવાની રસમ—એ સર્વમાં શુદ્ધ મુસ્લિમ સંસ્કારિતા અર્થશુદ્ધ પ્રગટ થઈ હતી. પરદેશીઓને એનું આકર્ષણ હતું. એવી જ રીતે જાપાનીસ ગીત અને સુમાયાનૃત્ય વખતે પણ સંગીત અને પહેરવેશની સુંદરતાએ ધ્યાન ખેંચ્યું હતું. પણ સરસ નાટિકા તો ભજવી દિલ્હીની પબ્લીક સ્કૂલનાં બાળકોએ. નાટિકાનું નામ હતું 'સમસ્યા.' એમાં સંગીત અને પરિધાનકલાની નવીનતા અપૂર્વ હતી. બે છોકરાઓ કાગળ બનીને આવ્યા. એમણે પોતાનું આગમન અને અગત્ય કહ્યાં. બે છોકરીઓ કલમ બનીને આવી. એમણે વળી પોતાનો મહિમા ગાયો. ત્યાં વળી બે છોકરાઓ પાકીટ બનીને આવ્યા. એમણે પોતાનું મહત્ત્વ જાહેર કર્યું. બે છોકરીઓ ટિકિટો બનીને સરી પડી. એટલામાં તો બે બાળકો ટપાલની પેટી બનીને આવી પહોંચ્યા. એમણે જણાવ્યું કે કાગળ તો લખાયો પણ ટપાલપેટી વિના નાંખશો

ક્યાં ? ત્યાં તો બે ટપાલી નીકળી આવ્યા. કાગળ ટપાલની પેટીમાં તો પડ્યો પણ એને પોસ્ટઑફિસમાં પહોંચાડશે કોણ? એટલામાં તો આગગાડી નીકળી. ટપાલ ઊપડી. બીજે ગામ પહોંચી ગઈ. બીજા ટપાલીએ આવી એ કાગળ માલિકને પહોંચાડ્યો. 'પત્ર' એ જ સમસ્યા હતી અને એનું જ નાટક હતું : સરસ અને સુમેળવાળું. રંગ રાખ્યો અને જમાવ્યો પણ ખરો. બાળકો અને મોટાંઓએ ખૂબ તાળીઓ પાડી.

મારી બાજુમાં એક જુવાન યુગલ બેઠું હતું. ઘણાં રૂપાળાં બાળકો વિષે વાતો કરતાં હતાં એ બે જણાં. ક્યારેક એમને કોઈ છોકરી ગમતી. ક્યારેક વળી કોઈ નમણો છોકરો. ક્યારેક કોઈકની આંખો વખાણતાં, કદી વળી કોઈના નાકની પ્રશંસા કરતાં. કોઈકની વળી ચાલ પસંદ પડતી, તો કોઈની ભાષાની શુદ્ધિ આકર્ષક લાગતી. પરંતુ છેલ્લી નાટિકામાં બે ટપાલી બનીને આવેલા છોકરાઓમાંથી એક છોકરાની ચકોરતા અને ચારુતાએ પેલી જુવાન સ્ત્રીને જાદુ કર્યું. એની આંખમાં એ છોકરો વસી ગયો. એને વિષે એણે વખાણ ચાલુ જ રાખ્યાં. પતિ સાંભળતો હતો. રસ પણ બતાવતો હતો. એટલામાં બર્માના એક છોકરાએ આવીને મોઢેથી વગાડવાનું પેલું વાજું વગાડ્યું એવો લાંબો શ્વાસ લે ને એવો સૂર કાઢે, તાલ સાચવે કે એણે બંધ કર્યું ત્યારે બાળકો તો ખુશખુશ થઈ ગયાં. ત્યાં તો રંગભૂમિનો રંગ બદલાયો. ઇંગ્લાંડનાં બાળકોએ એક નાટિકા ભજવવા માંડી. એમાં મુખ્ય સ્ત્રીનું કામ કરતી એક નાનકડી બાળાએ મારી પાસે બેઠેલા યુગલમાંથી સ્ત્રીને પોતાની કરી લીધી. પેલી બાઈએ પાછી પોતાના અંતરની પ્રીતિનો અવાજ પ્રગટ કર્યો. શું લાવણ્યવતી છોકરી છે! ધન્ય છે એનાં માબાપને! પુરુષ કહે કે શું અદ્‌ભુત શિક્ષણ આપ્યું છે! એનો પિતા કેળવણીકાર હશે! બાઈ કહે કે ના રે, એની માતાની કાળજીનું જ આ પરિણામ છે. બાળકોના બાપ તો રખડતા ફરે છે. બાળકોના ઉછેરનો આધાર જ મા છે. મારું અડધું ધ્યાન જોવામાં અને અડધું પાડોશીની વાતચીત સાંભળવામાં. આંખો નાટિકા જુએ. કાન બાજુમાં થતો સંવાદ સાંભળે. અંતર ખુશી અનુભવે.

એટલામાં દક્ષિણભારતનાં બાળકોએ કૃષ્ણલીલાનું નૃત્ય કર્યું. સંગીતમાં સુકોમળ તામીલ લહેંકો. મૃદંગમાં શુદ્ધ તામીલ થડકાર. મંજીરાનો સાથ. પહેરવેશમાં રંગવૈવિધ્ય. એમાં કૃષ્ણ બનેલ છોકરો ભારે રૂપાળો લાગે. મીઠો પણ ઘણો. એ સ્ત્રીને ગમે એવું પ્રસાદભર્યું એ બાળક. મારી પાડોશણે અંતરનાં બારણાં ઉઘાડ્યાં. હાય હાય! આ છોકરો જુઓ! રૂપરૂપનો અંબાર મધુરતાની તો જાણે નદી. પણ ભીંજાયો. સ્ત્રી સાથે સહમત થયો. છોકરો બહુ છે. પણ સ્ત્રીને હજી વધારે રસિક અને ગાઢ સાથ જો હતો. એટલે બોલી કે એનો મોરપીંછનો મુગટ તો જુ બાળકૃષ્ણ આવો જ હશે! હા, આવો જ હશે! હવે અવાજમાં રસ રેડ્યો જરા. એટલામાં તો ગોપીઓ આગળ પાછળ વીંટળાઈ વળી. એમાંથી બાળકૃષ્ણે રાધાની જ આંગળી ઝાલી લીધી. કેટલો હોશિયાર છે! હૈયું નાચી ઊઠ્યું. ખરો આ બાળકૃષ્ણ! જોઈતી હતી ગોપીને પકડી લીધી. પુરુષે સૂર પૂર્યો. બધા પુરુષો અડધા કૃષ્ણ જ હોય છે એમ હું નથી કહેતી? સ્ત્રીએ આં કશુંક આણ્યું હશે. મેં જોયું નહીં. કારણ મારી દૃષ્ટિ ભણી હતી. પણ પુરુષના જવાબે મારી શંકા સાચી! એણે કહ્યું કે બહુ ઓછી સ્ત્રીઓ અડધી રાધા હોય છે. રમણી કંઈક રંગમાં હતી. એણે કહ્યું કે પોતે તો અડધી આખી રાધા છે. એના ઉત્તરમાં પુરુષ બોલ્યો નહીં. એણે વર્તનમાં ઉત્તર વાળ્યો હશે. નહીં તો વાણી રોકાય

ત્યાં તો કાર્યક્રમ પૂરો થયો અને જવાહરલાલજી રં પર આવ્યા. ઇનામ વહેંચાવા માંડ્યાં. જે દેશનાં હાજર ન હોય તે દેશના રાજદૂત આવીને પોતાના બાળકો વતી ઇનામ લઈ જાય. પદ્ધતિ ગમે એવી હતી. વધારે ઇનામો જાપાનનાં બાળકોને મળ્યાં. રાજદૂત ઊં શકે એટલાં. બીજે નંબરે અમેરિકા. પછી ચાલી નં રશિયાના રાજદૂત આવ્યા ને ત્યાર પછી આવ્યા એલચી. એ સર્વથી વૃદ્ધ હતા. એટલે નહેરુએ ઇનામોની પાસેની છત ઉપરથી એક ફુગ્ગો તોડીને એલચીને ઇનામની ભેટ ધરી. આખો સમારંભ હસી ઊઠ્યો. રાષ્ટ્રીય એકતાની વાતો, ચર્ચાઓ અને પરિષદો કરતાં સમારંભ પોતે જ વિશ્વઐક્યની સંજ્ઞા જેવો લાગતો એટલામાં તો પંડિતજીએ જાહેર કર્યું કે સમારંભમાં દરેક બાળકને કંઈ ને કંઈ ઇનામ આપવાની વ્યવસ્થા આ જાહેરાત સાંભળીને તો બાળકોની દુનિયામાં ખુશી ઊછળી પડ્યો. અને પછી ધસારો કહે મારું કામ. પંડિ પ્રમુખ તરીકે ભાષણની શરૂઆત કરતાં લગભગ

કલાકથી વધારે વખત નીકળી ગયો. પણ બાળકોની મસ્તી, એમની ખુશી, એમનું હાસ્ય, એમની આશા એ બધું એવું સજીવન, એટલું આહ્‌લાદક અને એવું પ્રફુલ્લિત લાગતું હતું કે આખી સાંજ સોહામણી અને મનોરમ બની ગઈ.

પંડિતજીએ ધીરે રહીને બોલવા માંડ્યું. મારા પાડોશમાં પણ વાતચીત શરૂ થઈ. મને દુવિધા થઈ. કોનું સાંભળું ? પંડિતજીનું ભાષણ બિનંગત હતું. પાડોશીઓની વાતચીત અંગત હતી. સાહિત્યમાં આપણે જેને objective અને subjective કહીએ છીએતે એની અનુભૂતિ થવા માંડી. આંખો જુવે પંડિતજી ભણી. સાંભળવાનો ડોળ પણ ચહેરો કરે. પરંતુ કાન સાંભળે પાડોશીનો વાર્તાલાપ. સ્ત્રીના અંતરમાંથી પેલો કૃષ્ણ થયેલો છોકરો ખસતો નહોતો. પુરુષના મનમાં પણ એની મોહિની તો લાગી જ હતી. બન્નેની વાણીમાં આનો રણકો હતો. એટલામાં પંડિતજીએ બોલતાં બોલતાં પંચવર્ષીય યોજનાને સ્પર્શ કર્યો. એ સાંભળીને પેલી સ્ત્રી બોલી ઊઠી કે દરેક વાતમાં આ લોકો યોજના ને નિયોજનને શું કામ વચમાં લાવતા હશે ! મારું ધ્યાન જરાક પંડિતજી તરફ ગયું હતું તે તરત પાછું પાડોશમાં ગોઠવાયું. પુરુષે કહ્યું કે નિયોજન વિના જીવનનું રૂપ બંધાતું નથી. એના જવાબમાં સ્ત્રી તો કૂદી જ પડી. જિંદગીની બધી બાબતમાં નિયોજનને શું બાળવું છે ! હમણાં હમણાં આ નિયોજનનો લોકોને હડકવા લાગ્યો છે. કુટુંબમાં અંદાજપત્ર બનાવો. હિસાબ લખો. ટકાવારી પ્રમાણે ખર્ચ કરો. આ તે કંઈ જીવવાની રીત ! જરા નિરાંતે જીવવા તો દો. નિયોજનનો આટલો વખારો શો !

પુરુષ સમજ્યો હોય કે કોણ જાણે પણ એ ચૂપ જ હતો. આ મૌન પેલી સ્ત્રીથી હવે ના સહેવાયું. બોલી : ' ખોટું કહું છું ? " પુરુષને હવે બોલવું જ પડ્યું. જીવનમાં કોઈ પણ પ્રકારની વ્યવસ્થા ના હોય તો એમાં ભલીવાર નથી આવતો. એટલે યોજના ખોટી વસ્તુ નથી. માત્ર એનો તંત ના લેવો જોઈ એ. જુઓને આ કુટુંબનિયોજને આપણને જ કેટલી મદદ કરી ! નહીં તો આજે આપણા પગારમાંથી એક પાઈ બચતી ના હોત. પેલી સ્ત્રીમાંથી આખીને આખી માતા ઊછળી પડી : " બળ્યું તમારું કુટુંબનિયોજન ! દેવું કરીશું ! હું હવે નથી માનવાની...! " એટલામાં પંડિતજીને હારતોરા થયા. કોલાહલ વધી પડ્યો. મારા કાન તો પાડોશમાં હતા. આંખો ત્યાં ફરી ત્યારે પુરુષે નાકે આંગળી અડાડી હતી. સ્ત્રીની આંખોમાં સમગ્ર વિશ્વનું માતૃત્વ એકાગ્ર થયું હતું !

[અનુસંધાન પૃ. ૧૪૬થી]

કુમકુમપત્રિકાઓની મોસમની પૂર્ણાહુતિ ' મધુરેણ સમાપયેત્ 'ની શૈલીએ મુંબઈ રેડિયો પરથી કવિસંમેલનને કરી આપી. થોડા સમય પર લાઇસન્સ વિનાના રેડિયોસેટ ધરાવનાર કેટલાક ગૃહસ્થો પકડાયેલા ત્યારે એમને શી સજા ફટકારવી એ અંગે સત્તાવાળાઓ વિચારણા કરી રહ્યા હતા. એ વેળા કોઈએ દલીલ કરેલી કે લાયસન્સ કઢાવ્યા વિના પણ શ્રોતાઓએ રેડિયો પરથી રજૂ થતા એવા કાર્યક્રમો સાંભળવાની જે સજા સહન કરી છે એ શું કમ છે કે એમને હજી વધારાની સજા ફરમાવવી પડે ? છતાં મુંબઈ રેડિયોએ ૧૫મી અને ૧૬મી માર્ચે રાતે કલાક એ કલાક સુધી કવિસંમેલનો યોજીને સમગ્ર શ્રોતૃવૃંદને પાકી આસનકેદ ફટકારી ! આ કાર્યક્રમો સાંભળ્યા પછી ઘણા શ્રોતાઓએ પોતાના રેડિયોસેટનાં લાઈસન્સ કઢાવવાનું માંડી વાળ્યું છે. એનું કારણ જાણો છો ? કારણ એ છે કે સંમેલનમાં કેટલાક કવિઓએ જે અસાધારણ બુલંદ અવાજે કવિતાઓ લલકારી એ અવાજની ઉગ્રતા કાચાપોચા રેડિયો ઝીલી-ખમી શક્યા નથી. આ કાર્યક્રમ પછી ઘણા લોકોને ઘેર રેડિયોના વાલ્વ બગડી જતાં હોનારત સરજાઈ ગઈ છે અને એમાંથી ઘંટીના અવાજ જેવા ઘરરર્...ઘરરર્...નાદ ગુંજ્યાં કરે છે ! શનિવારના રાષ્ટ્રીય કાર્યક્રમના સંગીતની મુલાયમ અસર નીચે પાછા એ બધા રેડિયોસેટ ઠેકાણે આવી જશે એવી આશા જાણકાર મંડળો આપી રહ્યાં છે.

[અનુસંધાન પૃ. ૧૨૯થી]

આજે ?

આજે કોઈ વિદ્યાસભાય આવા સાહિત્યની હિંમત કરતાં ખચકાય છે.

આજે 'નવજીવન' જેવી પ્રકાશન સંસ્થાનેય—પોતાની રીતે સારી પેઠે સ્થિર ને પ્રતિષ્ઠિત હોવા છતાં—પહેલાંની જેમ બેફિકર બની ગાંધીજી અને ગાંધીવાદી સાહિત્યના ધોધ છાપવાનું શકય નથી રહ્યું. પુસ્તકોની સંખ્યા અને નકલોની સંખ્યા બંને રીતે આ વાત વિચારવા જેવી છે.

'સસ્તું સાહિત્ય' પણ આજે વિશાળ વાચકના રસો અને વૃત્તિઓને ઓળખીને જ નવલકથાઓ—વાર્તાઓ તરફ વધુ ને વધુ વળી રહેલ નથી શું ?

આજે તો, કોઈ લેખક એક સુંદર કાવ્યસંગ્રહ, યા વિવેચનગ્રંથ, યા ટાગોર, રોમેં રોલાં ને શેક્સ્પિયરના જીવન અને પરિચયનો અભ્યાસી ગ્રંથ લઈ પ્રકાશક પાસે જવાનો ઉત્સાહ કરી બેઠો તો ક્રૂર હાંસી લઈને જ પાછો ફરવાનો. એની પાસે નાટિકા હશે, તો એ શાણી સલાહ સાંભળી, (શું લખવું વગેરેની), બગલમાં મેન્યુસ્ક્રીપ્ટ (હસ્તપ્રત) મારી એ પાછો ફરવાનો. અને વાર્તાઓ હશે તો મેન્યુસ્ક્રીપ્ટ છોડી આવી, મનમાં થોડીક આશાયેશ ધરતો તે ઘેર જઈ શકશે.

'નવલકથાઓ લાવો !' – એક જ માંગ એને કાનેથી ડઝનબંધ પ્રકાશકોને ઓટલે ચઢતાં ને ઊતરતાં સાંભળવા મળશે. અલબત્ત, નવલકથાની હસ્તપ્રત સાથે લઈને જનાર નવા ઊગતા લેખકને હમેશાં 'આવકાર' યા 'ઉમળકો' જોવા મળશે એવું તો નથી જ નથી. પરંતુ તે બીજા વિષયોના લેખકોના જેવો હડધૂત તો નહીં જ થાય એટલી તો ખાતરી આજે દેખાય છે.

આ વર્ણવી તે વાતમાં અપવાદ હોવાનો જ. પરંતુ સર્વસાધારણ રીતે અનુભવ આવો જ થવાનો એ મીનમેખ સત્ય છે.

બોરીવલીમાં આ બધાંની સરખામણીમાં વધારે તો નહીં જ, થોડાંક ઓછા ભાડાનો દર મેં રાખ્યો, ને સાત મહિના પુસ્તકાલય ચલાવ્યું.

શરૂથી તકેદારીઓ મળી ચૂકી હતી: " 'ડિટેક્ટિવ સાહિત્ય' ને 'સિને વીકલી' નહીં હોય તો નહીં ચાલે !"

મને હતું—મારી પાસે શ્રી. મેઘાણી, પન્નાલાલ, પેટલીકર, ધૂમકેતુ, ૨. વ. દે., ચુનિલાલ વ. શાહ, જ્યોતીન્દ્ર દવે, ચંદ્રવદન મહેતા, સુંદરમ્, ઉમાશંકર અને બીજા લગભગ બધા મૌલિક નવલકથાલેખકો ને વાર્તાલેખકોનાં પુસ્તકો છે. નાટકો, કવિતા વિવેચનનાંય થોડાંક ચૂંટીને વસાવ્યાં છે, અને જીવન, ઇતિહાસ, પર્યટન વગેરેનાંય ચૂંટેલાં કેટલાંક છે. હવે ફિકર શી છે !

અને પહેલે મહિને આશરે ૪૦ સભ્યોથી શરૂઆત કરી. થોડા જ દિવસમાં ખાતરી થઈ કે 'ડિટેક્ટિવ' વિના નહીં ચાલે. ને અમે આશરે કુલ ૫૦૦ પુસ્તકોની લાયબ્રેરીમાં ૫૦ જેટલાં ડિટેક્ટિવ પુસ્તકો ઉમેર્યાં. પરંતુ સૌથી વધુ વાંચનાર વર્ગ કારીગર, નાના વેપારી અને ગુમાસ્તાનો હતો. લગભગ રોજ એક પુસ્તક એમને જોઈએ ! અને એમના ચોક્કસ આગ્રહો ! – સૌથી મોટા ભાગના 'ડિટેક્ટિવ' માગે; એ પણ ઐતિહાસિક – સામાજિકમાં ખાસ કરીને વાર્તારસ એકધારો વહ્યા કરે, તેવાં જ માગે.

આ પુસ્તકાલયનું સંચાલન એક સાહિત્યિક મિત્રને હસ્તક હોઈ તેઓ સવારસાંજ પુસ્તકાલયમાં બેસતા ને વાચકોને ધીમે ધીમે વધુ ને વધુ તંદુરસ્ત, સારું સાહિત્ય વાંચવા માટે પ્રેરતા હતા.

સાત મહિનાને અંતે ખોટ ખાઈ, થાકીને પુસ્તકાલય બંધ કર્યું – દરમ્યાનનો અનુભવ કહે છે કે દર મહિને જૂના ખરી પડતા ને નવા આવતા સભ્યો થઈ કુલ સો વાચકોનો સંપર્ક થયો. તેમાંથી આશરે પચાસેક વાચકો જેઓ મોટે અથવા મોટે ભાગે 'ડિટેક્ટિવ' વાંચવા માગતા હતા, એમાંના અરધાએક ડિટેક્ટિવ નવલકથાઓ પૂરી થતાં સભ્ય મટી ગયા હતા. બાકીનાઓ ચુ. વ. શાહ, ૨. વ. દે. ને પેટલીકરની નવલકથાઓ વાંચતા થઈ શકયા હતા. પરંતુ તેમને શરદબાબુ, ટાગોર, પ્રેમચંદજી, ટૉલ્સટૉય અને આપણા પન્નાલાલ જેવાની ઉત્તમ નવલકથાઓ 'ભારે' અને અરસિક જણાતી હતી. એવા કેટલાક અખતરાઓ પછી સભ્ય-વાચક એ જ સાંજે યા બીજી જ સવારે પુસ્તક પછાડતો કહેતો સંભળાતો હતો: " આવું તે કેવું પુસ્તક આપ્યું ? ડિટેક્ટિવ ના આપો તો મજ્જા પડે એવું તો આપો !" અંતે સહેજે તે શ્રી. શયદાની 'મા તે મા', શ્રી વજુ કોટકની 'જુવાન હૈયાં' અથવા શ્રી દેવશંકર મહેતાની 'ધરતીની આરતી' વગેરે આગ્રહપૂર્વક માગતા હતા.

*

અહીં એ વાતનો ખુલાસો કરું કે આમાંથી કોઈ લેખકો અથવા પુસ્તકોને ઉતારી પાડવાનો હેતુ નથી, પરંતુ વાચકોની માંગ, વાંચકોનો વાચનરસ, અને વાચકોનું વાચનધોરણ સમજવું અને તેનાં કારણોમાં ઊતરવું કોઈ પણ જાગૃત લેખક, પ્રકાશક અને ખુદ જાગૃત વાચક માટે ય જરૂરી હોઈને જ મદદરૂપ દૃષ્ટાંતોરૂપે અહીં તેમનો ઉલ્લેખ કર્યો છે. અને કદાચ એમેય ઉમેરી શકાય કે આપણા મધ્યમવર્ગી વિશાળતમ વાચકસમૂહને આજે આ અને આવા બીજા કેટલાક મિત્ર લેખકોની કલમ પકડી લઈ શકે છે, શકી છે – એ હકીકતને કેવળ એમ કહી નજર અંદાજ કરવી યોગ્ય નહીં ઠરે કે, આ બધું તો ઊતરતું સાહિત્ય છે, માટે જ લોકો એ વાંચે છે. બલકે આ લેખકોની રસળતી કલમની જે ચોટદાર ખૂબી છે એમાંથી તો ભલભલા પ્રતિષ્ઠિત લેખકોએ સુધ્ધાં નવું વિચારવા જેવું છે.

*

આપણા વાચકવર્ગના સૌથી વિશાળ સમૂહનું આ ચિત્ર છે.

અહીં એક વાત ખાસ નોંધ માગી લે છે:

આમાંનો **મોટો ભાગ** છેલ્લા યુદ્ધ દરમ્યાન વાંચતો યા ઝપાટાબંધ વાંચતો થયો છે. એનું મન ચારેબાજુથી થાકેલું, કંટાળેલું હોય છે, એને આશા ને ઉત્સાહ પ્રેરે તેવું ભાગ્યે જ કંઈ દેખાય છે, એને પોતાના મન પર ચિંતાઓનો એટલો બોજો હોય છે કે હવે તે એને કોઈ રીતે વધુ 'તંગ' કરવા ઇચ્છતો નથી. એટલે એ માગતો આવે છે: 'હળવું' સાહિત્ય આપો. નવલકથાઓ લાવો. લાંબાં વર્ણનોનાં ટાયલાં ને ઉપદેશોની અમને જરૂર નથી ધોધમાર વાર્તારસ આપો એટલે બસ છે.

અને આ વાચક 'સેક્સ' અને 'ડિટેક્ટિવ' માગે છે ત્યારે એને તો 'હળવું' અને ધોધમાર વાર્તારસથી ભરેલું વાચન જોઈતું હોય છે. એને બીભત્સ જ જોઈએ છે, એવું હરગિઝ નથી (અલબત્ત, એક છેડાનો એશઆરામી, વિલાસી જીવન જીવનાર નાનકડો સંપન્નવર્ગ અને બીજા છેડાનો વિકૃતિ પામેલો 'રંક', રસિકવર્ગ બાદ કરીએ તો).

આ વર્ગને આજે સ્પર્શી શકે તેવા તંદુરસ્ત વિષયો તેમના વાસ્તવિક જીવનના પ્રસંગો લઈ જો ઊછળતી કલમે ને રસમય શૈલીમાં નવલકથા લખાય તો આ આખો વિશાળ વર્ગ સ્ટંટખોરી ને સેક્સને જ વળગી રહેવાનો જરાય ભય નથી.

*

અને હવે આપણે, લાખોના વિશાળ વાચકસમૂહ પરથી ખસીને સાધારણતઃ સુશિક્ષિત ગણાતા વર્ગ તરફ વળીએ.

વિશેષ ધ્યાન ખેંચે એવી વાત તો એ છે કે—આ વર્ગ પણ નવલકથા વધુ પસંદ કરશે; વાર્તાઓ નભાવી લેશે; કવિતા ને નાટક એને બહુ ફાવશે નહીં: વિવેચન એને સમજાશે નહીં, છતાં જીવનચરિત્રો, પર્યટનો, ઇતિહાસ, વિજ્ઞાન, બોધાત્મક નિબંધિકાઓ વગેરે સરળ અને આકર્ષક રીતે તેને આપવામાં આવે તો તેને માટેય તેની તૈયારી હોવાની.

આ વર્ગને 'હળવા'ને નામે ચાલતા 'હલકા' વાચન તરફ અણગમોય છે; ને 'તંદુરસ્ત' વાચન માટેનો થોડોક આગ્રહ પણ છે. પરંતુ તેની સમજ, તેના રસો, અને તેની જ્ઞાનમર્યાદાને કારણે ને અમુક હદથી વધુ ઊંડાણવાળાં ને ગંભીર પ્રકારનાં લખાણોથી દૂર રહે છે અને ઘણી વાર તે ફરિયાદ કરે છે: અમારે જોઈએ છે તેવું સારું ને રસિક સાહિત્ય જ ક્યાં મળે છે?

મુંબઈમાં એક સારું પુસ્તકાલય (ભાડાથી પુસ્તકો આપતું) ચાલે છે તેના સંચાલકમિત્ર ઘણી વાર કહે છે કે: છેલ્લાં ત્રણ વર્ષમાં સેંકડો નવલકથાઓ પ્રસિદ્ધ થઈ છે, તેમાં માત્ર ૮૫ જ મારા વાચકોને સારી લાગી છે! આ વાચકવર્ગ મુંબઈના સારા શિષ્ટ ગણાતા લત્તાનો છે.

અખંડ આનંદ, ઊર્મિ, નવચેતન, પ્રતિમાથી માંડી અન્ય માસિકો અને શ્રી મેઘાણી, પન્નાલાલ, ર. વ. દે., ધૂમકેતુ, ગુણવંતરાય, પેટલીકર, ચુ. વ. શાહથી માંડી સોપાન અને પીતાંબર પટેલ વગેરે નવલકથાલેખકો, શરદબાબુ, ખાંડેકર વગેરે બંગાળીમરાઠી લેખકો સુધ્ધાં આ વાચકવર્ગોમાં સારું સ્થાન ધરાવતા હોય છે.

આ વાચકવર્ગ, ભલે આગળ જણાવ્યા તે અતિ વિશાળ વાચકવર્ગની સરખામણીમાં નાનો હોય છતાં સંખ્યાદૃષ્ટિએ અને સંસ્કારી વાચકવર્ગના પાયા તરીકે આ વર્ગ અતિ મહત્ત્વનો છે.

આજનાં આપણાં મોટા ભાગનાં માસિકો ને નવલકથા તથા અન્ય સાહિત્યિક પુસ્તકોનો પાયો આ વાચકવર્ગ છે.

આગળ વધીને એમ કહું કે માસિકોનાં ક્ષેત્રો કુલ પંદરેક માસિકો (આશરે ૪૦ હજાર સંખ્યા)માં—'અખંડ આનંદ' એકલું જ અર્ધાથી વિશેષ સંખ્યા અને પોણા ભાગના વાચકવર્ગનું પ્રતિનિધિત્વ ધરાવે છે તો તે અયોગ્ય નહીં ઠરે, અને ર. વ. દે., પેટલીકર તથા ખાંડેકર—આજે સૌથી વધુ ઝડપથી વંચાતા (અને વેચાતાય) નવલકથાકારો આ ક્ષેત્રે એમના પ્રતિનિધિલેખકો છે એમ કહેવામાંય અતિશયોક્તિ નથી.

હકીકતે તો, આપણે આગળ ઉપર વર્ણવેલા લાખોના વિશાળ વાચકવર્ગ અને આ બીજી કક્ષાના હજારોના વિશાળ વાચકવર્ગ વચ્ચે આ માસિકો ને આ લેખકો પુલ સમાન છે. પહેલી કક્ષામાંના હજારો આ બીજી કક્ષાના ભાગીદાર છે. એમાંથી ચળાઈને આવનારા માટેય તો આ જ આધાર છે – આ બધા, બીજી જે કાંઈ ઊણપો હોય, પણ તંદુરસ્ત અને લોકપ્રિય સાહિત્યના પક્ષકાર છે.

*

અને આને અંતે આપણે ત્રીજી કક્ષાના થોડાક હજાર વાચકોના સમૂહો પાસે ડોકાઈએ.

● 'નવજીવન પ્રકાશન'ને પોતાનો ચોક્કસ અને આગવો વાચકવર્ગ છે – પણ દિવસે દિવસે, એક હાથે એ 'ચોક્કસપણું' ને બીજે હાથે એ 'આગવાપણું' ઘસાઈ રહ્યું છે.

● 'સસ્તું સાહિત્ય' પોતે જ પોતાનો જુદો ચોકો છોડી દઈ સર્વસાધારણ રસનું સંસ્કારીવાચન આપવા પ્રવૃત્ત થઈ ચૂક્યું છે; છતાં તેનેય હજી તેનાં ચોક્કસ વર્તુળો છે.

● 'કુમાર' ને 'સંસ્કૃતિ' પોતાના ચોક્કસ વર્ગોને (પ્રમાણમાં ઘણા નાના સમૂહો) સંતોષે છે.

● સીધું રાજકીય અને તેમાંય ઉદ્દામ રાજકીય સાહિત્ય વાંચનારો વર્ગ પણ પ્રમાણમાં હજી ઘણો નાનો છે, એ વાચકવર્ગ પણ લગભગ અલાયદો ગણી શકાય તેવો છે.

આ બધા વાચકવર્ગોના રસો ચોક્કસ રીતે ઘડાયેલા છે.

● ત્યારે — રા. વિ પાઠક, ઉમાશંકર ને સુંદરમ્ અત્યંત પ્રતિષ્ઠિત તરીકે સર્વત્ર સ્વીકારાઈ ચૂક્યા હોવા છતાં, એમની વાર્તાઓ, એમની કવિતાઓ, એમનાં નાટકો, નિબંધો બહુ જ નાનકડા સમાજને સ્પર્શી શકે છે!

*

અને ઘણી વાર માનવામાં આવે છે તેમ 'આવું ... હોય', 'આવું જ બને' — એ વાત ગળે ઊતરે એવી ... જ્ઞાન, ઊંડાણ, સંસ્કારિતા ને કલા માત્ર થોડાક મૂઠી... માનવીઓ જ સમજી શકે ને આસ્વાદ લઈ શકે એ ... બેહૂદી છે; એ હકીકત હોવા એમાં સંસ્કારી પ્રજાની ... શરમ રહેલી છે.

ભાલણ ને નરસિંહ, અખો ને પ્રેમાનંદથી ... ગોવર્ધનરામ ને નાનાલાલને જે પ્રજા લગભગ વિસરી ... છે, ને જે ઉત્તમ કવિઓ અને સાહિત્યકારોની કૃતિ... આસ્વાદ માણવા જેટલી રસવૃત્તિ ધરાવતી નથી, ... શરમ પ્રજાને એ રીતે ઘડનારા એના સાહિત્યકારો ને ... પ્રકાશકોની નથી શું? આટલા એક સવાલ સાથે વિરમું ...

અંતે સારરૂપે એટલું યાદ આપું છું કે:

* આપણો વાચકવર્ગ પહેલાં કરતાં અનેકગણો વધ્યો ...

* આપણે ત્યાં પ્રસિદ્ધ થતાં પ્રકાશનોની સંખ્યા ... કરતાં અનેકગણી વધુ છે.

* સર્વસાધારણ રસનાં પ્રકાશનોમાં નવલક... આવૃત્તિની નકલો પણ પહેલાં કરતાં ઘણી વધી છે.

* સારી વાર્તાઓ, જીવનકથાઓ ને પર્યટન ... થોડીક ગુંજાયેશ રહી છે.

(બાળ અને કિશોરસાહિત્યનો અહીં સમાવેશ ... નથી.)

* કવિતા, નાટક, વિવેચન વગેરે પ્રકારો કેવળ ગૂં... રહ્યા છે.

વાચકો અનેકગણા વધ્યા છતાં તંદુરસ્ત સાહિત્ય ... વધુ ગૂંગળાઈ રહ્યું છે.

સંસ્કાર ને સાહિત્યની આ કટોકટી પ્રત્યે દુર્લક્ષ ... એટલે કે જે કાંઈ સારું છે તેય નષ્ટ થવા દેવું?

અને આની જવાબદારી, ફરીથી કહું તો આ... સાહિત્યકારો ને આપણા પ્રકાશકોને માથે મુખ્યતઃ છે. ... જાતે જાગૃત બને ને ક્રિયાશીલ બને તો સંસ્કારી, સરકા... શિક્ષણસંસ્થાઓ દ્વારા આ કટોકટીનો ઉકેલ ... શક્તિમાન થઈ શકે એય ચોક્કસ છે.

(અનુસંધાન પૃ. ૧૨૫ થી)

નાટક મૌલિક અને લેખકની સ્વતંત્રકૃતિ હોવું જોઈએ. ઓછામાં ઓછું અઢી કલાક ચાલે એવું, પૂર્વે પ્રસિદ્ધ થયેલું કે ભજવાયેલું ન હોય એવું હોવું જોઈએ. પુસ્તકરૂપે પ્રગટ કરવાનો પ્રથમ અધિકાર મંડળને રહેશે, જે બદલ વેચાણકિંમત ઉપર દસ ટકા રૉયલ્ટી આપવામાં આવશે. એક જ નાટક મોકલી શકાશે. (લખાણમાં ક્યાંય પોતાના મૂળનામ કે તખલ્લુસનો ઉપયોગ કરવાનો નથી.) નાટ્યકૃતિ ૩૧મી જુલાઈ ૧૯૫૩ સુધીમાં મંત્રી: ગુજરાતી નાટ્યમંડળ, દેવકરણ નાનજી બિલ્ડિંગ્સ, એલ્ફીન્સ્ટન સર્કલ, કોટ-મુંબઈ ૧—એ સરનામે મોકલી આપવી જોઈએ.

આ જાતની હરીફાઈથી ઉત્તમ નાટકો સર્જાવા માંડશે એવી આશા વધુ પડતી છે. પણ નાટ્યમંડળનો હરીફાઈ રાખવા પાછળ નજેવા ગુજરાતી નાટ્યસાહિત્યને સમૃદ્ધ થયેલું જોવાનો સ્તુત્ય આશય છે એ સૌ કોઈ સ્વીકારશે. એ આશયને સફળ કરવા ગુજરાતી નાટ્યમંડળ હરીફાઈ બહાર પણ ગુજરાતી ભાષામાં ઉત્તમ નાટ્યકૃતિઓ પ્રગટ થાય તો તેને સારાં પારિતોષિક આપવાનો ઉપક્રમ રાખે તો એ એક વધુ સાત્ત્વિક પ્રકાર લેખાશે.

હરીફાઈમાં ઇનામને પાત્ર ગણાયેલી નાટ્યકૃતિને પહેલી વાર પોતાના નાટ્યમહોત્સવમાં વિનાપુરસ્કારે ભજવવાનો હક ગુજરાતી નાટ્યમંડળે રાખ્યો છે એ નિયમ ઠીક નથી. કેમ કે એમાં તો નાટક પોતે જ પોતાના ઇનામની (સંભવ છે કે એથીય વધારે) રકમ કમાઈ લે એવું થશે. જેમ છાપવામાં વધુ નહિ તેમ ઓછી પણ નહિ એવી દસ ટકાની રૉયલ્ટીનું ધોરણ રાખ્યું છે એ ઉચિત છે, તેમ ભજવવામાં પણ કાંઈક રૉયલ્ટીનું ધોરણ રાખવું એ અત્યંત ઇચ્છવા જેવું છે. આપણે કેટલાંક પ્રામાણિક ધોરણો નવેસરથી બાંધવાં પડે એવા સંક્રાન્તિકાળમાં જીવી રહ્યા છીએ. ગુજરાતી નાટ્યના ઉદ્ધારમાં રસ લેતી ગુજરાતી નાટ્યમંડળ જેવી સંસ્થા પોતે જે કોઈ નાટક કે નાટકનો અંશ પણ ભજવે તેને માટે રૉયલ્ટી આપવાનું ધોરણ શરૂઆતથી જ નિરપવાદપણે રાખે એવી આશા રાખવી વધારે પડતી નહિ ગણાય.

મુંબઈમાં મણિપુરીનર્તનાલય

મુંબઈમાં ભગિનીસમાજની પ્રવૃત્તિના એક ભાગ રૂપે મણિપુરી-નર્તનાલય નામની સંસ્થા બે વરસથી ચાલે છે. એનો પરિચય કરવાની હમણાં તક મળી. મણિપુર તેમ જ તેની પાસેનાં કાચાર, સિલ્હટ તથા ત્રિપુરામાં આ પ્રાચીન નર્તનકલાના વિવિધ પ્રકારોને શુદ્ધ સ્વરૂપમાં સાચવી રહેલા ગુરુઓ પાસે શિક્ષણ પામેલા મણિપુરી નર્તનવિશારદ શ્રી બિપિન સિંહા સંસ્થાના આચાર્યપદે છે. છેલ્લાં સાતઆઠ વરસથી એમનાં શિષ્ય તરીકે તાલીમ મેળવતાં શ્રી નયના ઝવેરી અને શ્રી રંજન ઝવેરી સહકાર્યકર્તા છે. આ બે બહેનોએ મણિપુર જઈ લાસ્યનર્તનગુરુ શ્રી અમુબી સિંહા પાસે લાસ્ય શૈલીની વિશિષ્ટતાનું શિક્ષણ મેળવેલું છે.

મણિપુરીનર્તનાલયમાં પાંચ શ્રેણી છે. પહેલી ત્રણ શ્રેણી પૂરી કર્યા પછી વિદ્યાર્થિનીને 'લાસ્યજ્યોતિર્મયી'નું પ્રમાણપત્ર આપવામાં આવે છે. પાંચ શ્રેણીનો અભ્યાસક્રમ નર્તનવિદ્યાનો કાંઈક ખ્યાલ આવે એ માટે નીચે આપ્યો છે :

"પ્રથમ વર્ષ

તાલીમ : અંગચાલના, શિરચાલના, હસ્તચાલના, ભિન્નભિન્ન ગતિ, તાંડવ અને લાસ્યનું સ્થાનક.

નર્તન : ચાલી, ચાલની, વૃંદા-નર્તન.

શાસ્ત્ર : મણિપુરીનર્તનની લાક્ષણિકતા.

દ્વિતીય વર્ષ

તાલીમ : પ્રથમ વર્ષ સમાન.

નર્તન : ચલન, અભિસાર, સરલ તાલ ઉપર નર્તન, કરતાલી, મંજીરા.

શાસ્ત્ર : પ્રાચીન અને આધુનિક મણિપુર, મણિપુરી નર્તનારંભની દંતકથા.

તૃતીય વર્ષ

તાલીમ : હસ્તક(મુદ્રા)પરિચય.

નર્તન : જુગ્મા ભાગ ૧ અને કઠિન તાલ ઉપર નર્તન, માતેક, કરતાલી તોડા, તરાના.

શાસ્ત્ર : મણિપુરીનર્તનનાં મૂળભૂત અંગો, ભિન્નભિન્ન પ્રકારો, વેશભૂષા તથા લોકનૃત્યો.

ચતુર્થ વર્ષ

તાલીમ : રસાભિનય.

નર્તન : જુગ્મા ભાગ ૩ અને ૪, માતેક, બલિ, ગીત ઉપર નૃત્ય.

શાસ્ત્ર : રસ, તાલાદિ અંગો, મણિપુરીનર્તનમાં બેલેનાં તત્ત્વો, તેની શિક્ષણપદ્ધતિ, નર્તન, ગીતોની ભાષા અને સંગીતપદ્ધતિ.

પંચમ વર્ષ

નર્તન : ભંગી પરેંગ, વૃંદાવલી પરેંગ, ખુરૂમ પરેંગ, વર્ણન, સ્વર.

શાસ્ત્ર : નાટ્યશાસ્ત્ર પ્રમાણે નૃત્યનો ઉદ્‌ગમ અને પ્રચાર, લાસ્ય અને તાંડવ, વિવિધ હિંદી નર્તનનો પરિચય, એકએકની ખાસિયતો અને મણિપુરીનર્તન સાથેનો સંબંધ, ઉદયશંકરની આધુનિક નર્તન-પદ્ધતિ, લોકનૃત્ત, નર્તનનો જીવન સાથેનો સંબંધ, આધુનિક રંગભૂમિ."

નર્તનાલયમાં અત્યારે નાની બાલિકાઓથી માંડીને મોટી વિદ્યાર્થિનીઓ સુધી જુદી જુદી કક્ષાનું શિક્ષણ અપાઈ રહ્યું છે. આપણે ત્યાં શ્રી ઉદયશંકર આદિનું કાર્ય લોકપ્રિય થયા પછી

શાળામહાશાળાના ઉત્સવોમાં નૃત્યો સવિશેષ ડોકિયું કરવા લાગ્યાં. પણ તાલનું જ ઠેકાણું ન હોય એવું ઘણા દાખલામાં બનતું. નૃત્ય એક કલા છે અને પૂરી સાધના માગી લે છે. આવી શાળાઓ દ્વારા એની સાચી તાલીમ મળી શકે. ઉપરાંત આપણા સાંસ્કૃતિક જીવન માટે જરૂરી વસ્તુ તો એ છે કે આપણે ત્યાં ભિપાંચ, નૃત્યનાં મહાન કલાકાર સ્ત્રીપુરુષો પાકે એ પૂરતું નથી, પણ આપણી મહાન નૃત્ય-પરંપરાઓ એમના સાચા રૂપમાં પેઢીદરપેઢી જળવાઈ રહે. આ દિશામાં આ મણિપુરીનર્તનાલયની સંસ્થા એક નાનો ધીનો દીવો છે. બાલિકાઓનું તાલનું ભાન, અંગોની ચાલના, લયવાહી ભંગીઓ, વગેરે એમના શિક્ષણ માટે બહુ આશા પ્રેરનારાં હતાં. કેટલાકના મુખભાવ પણ તલ્લીનતાના સૂચક હતા.

પુરુષવિદ્યાર્થીઓ પણ આ સંસ્થાનો લાભ લેશે એવી આશા રાખીએ.

આપણા દેશમાં શુદ્ધ સમુલ્લાસનો પણ ચાલુ દુકાળ હોય એવી સ્થિતિ પ્રવર્તે છે. પ્રજાના ચૈતન્યપોષણમાં લલિત કલાઓ ખૂબ ફાળો આપી શકે. આપણે ત્યાં લોકનૃત્યોના અઢળક પ્રકાર છે. તે પણ આવી શાળાઓ મારફત ઊછરતી પેઢીમાં પ્રચલિત થાય તો દેશના નવઉત્થાનમાં અગત્યનો ફાળો આપ્યો ગણાશે.

કોંગ્રેસ-પ્રજાસોશ્યલિસ્ટો ન મળી શક્યા

કોંગ્રેસ અને પ્રજા - સોશ્યલિસ્ટ એ બે પક્ષો, પક્ષો તરીકે એકમેકમાં ભળી ગયા સિવાય, સાથે મળીને દેશના નવઘડતરનું કાર્ય ઉપાડી લે તે માટે પ્રયત્નો થયા તે આશાપ્રેરક હતા. હજી દેશની સ્થિતિ વળી શકે એવી છે. જો પ્રજાને ઉત્સાહમાં લાવી શકાય તો હજી બાજી હાથમાં છે. કોંગ્રેસ અને પ્રજા-સમાજવાદી પક્ષ દેશ સામેની ભગીરથ જવાબદારી ઉઠાવવાના કાર્યમાં અત્યારે મળી શક્યા નથી, પણ નજદીકના ભવિષ્યમાં વધારે અનુકૂળ વાતાવરણ પ્રગટશે એવી આશા રાખીએ. પ્રજાસમાજવાદીપક્ષે ચૌદકલમી કાર્યક્રમ સૂચવ્યો હતો (જે નીચે ઉતાર્યો છે). સત્તાપરના પક્ષમાંનાં કેટલાંક તત્ત્વોથી સમાજવાદની આટલી માત્રા પણ સહન થતી નથી એનો અર્થ એ કે દેશના જીવનમાં જે બળો અચૂકપણે કાર્યશીલ બની રહ્યાં છે તેનો એમને અણસારો સરખો નથી.

શ્રી જયપ્રકાશના પત્રના ત્રણ મુદ્દા

ચૌદકલમી કાર્યક્રમ પહોંચાડતાં એની સાથે શ્રી જયપ્રકાશે પત્ર લખેલો. તેમાં એમણે શ્રી નહેરુને કહ્યું હતું : (૧) તમે કહો છો કે સમાજવાદ કોઈ એક જથનો ઈજારો નથી અને તમે કોઈ 'સાંપ્રદાયિક' સમાજવાદી નથી. તમારા કહેવાનો અર્થ કદાચ એ હશે કે સમાજવાદના કોઈ એક ચોક્ક[સ] સિદ્ધાન્તને તમે વળગેલા નથી. પણ સમાજવાદનાં ધ્યેય [અને] મૂલ્યો તમે સ્વીકારતા નથી એમ કહેવાનો અર્થ તો [ન] હોઈ શકે. એ મૂલ્યો અને ધ્યેયો દિશાસૂચન કરતાં રહે છે [અને] તાકીદ કરવાની લાગણી ઉપજાવે છે, જે તમે સંમત થશો તમારી નીતિમાં ખૂટતાં રહ્યાં છે. સાવચેતીના પક્ષમાં [ઘણી] મોટી ઉથલપાથલો ન થઈ બેસે એના પક્ષમાં ઘણું [કહી] શકાય, પણ સરવૈયે જો માણસ પાસે નિશ્ચિત રાજકીય [ધ્યેય] હોય તો તેણે હિંમતપૂર્વક પોતાની મકસદ તરફ પગલું [ભરવું] જોઈએ. જ્યારે નવું પરિવર્તન કરવાનું હોય ત્યારે આરં[ભનું] પગલું તેજ અને જોશીલું હોવું જોઈએ, મધ્યમાં તે [ઓછું] એમ ન હોય તો હજી ચાલે. પગલું એવું હોવું જોઈએ [કે] આમ-સમુદાય એની કદર કરી શકે અને સમજી શકે અને [એવું] પગલું ભરી રહ્યો છે એની એને પ્રતીતિ થવી જોઈએ. [બ]ીજી એક આદર્શ વિષયક વાત મારે રજૂ કરવાની છે. [આપણે] સૌ ગાંધીજીની ઊંડી અસર નીચે આવેલા છીએ. [મને] કહેવામાં મને વાંધો નથી કે છેલ્લેછેલ્લે હું એમની પુસ્ત[કો] કરી રહ્યો છું અને એમને ફરી નવેસરથી સમજી રહ્યો છું. [હું] માનું છું કે આધુનિક યુગના સૌથી પ્રાણવાન વિચારકો[માંના] એક એ હતા. મને ખાતરી છે કે એ જો જીવ્યા હોત તો [અને] આગળ વધ્યા હોત, જેમ અવિરત એમના દાખલામાં [બન્યું] જ કરતું; અને આપણને બંનેને આજે જે ધ્યેય ઇષ્ટ [છે તે] પ્રાપ્ત કરવા માટે તેઓ જે પદ્ધતિ અનુસરત તેનું વધુ [સ્પષ્ટ] ચિત્ર આપણને મળ્યું હોત. આજે ગાંધીજીની એ ગતિશી[લતા] (dynamism) અને પોતાનાં અંતિમ મૂલ્યોની [ખોજ] ખોજ વિનોબા સિવાય કોઈમાં મને જોવા મળતાં [નથી.] વિનોબાએ દેશના સૌથી મોટા પ્રશ્ન – જમીનના પ્રશ્ન[ના] ઉકેલ માટે નોંધપાત્ર રીતે ગાંધીવાદી એવી પદ્ધતિ નિ[પજાવી] છે. મને લાગે છે કે ગાંધીવાદીઓ અને સમાજવાદી[ઓએ] પોતપોતાના સૂત્રઅખડાટ છોડીને સાથે મળી કામ [કરવું] જોઈએ. આ બધું મેં કહ્યું તે એ ઠસાવવા માટે [કે] તમારી રાજ્યનીતિઓમાં આ ખ્યાલો માટે કશી જ[ગા] તો નોંધપાત્ર, સજગતા દેખાતી નથી. (૩) ત્રીજી [વાત] વિચારવાની છે : એશિયામાં ચીન અને હિંદ એ બે [દેશ] એવા છે જેમની પ્રત્યે આખું એશિયા ને આખો [...] તાકી રહ્યાં છે. જો હિંદ કલ્યાણરાજ(મને આ શબ્દ [...] ગમતો નથી; ગાંધીજી અને વિનોબાનો સર્વોદય [...]

વધુ સારો શબ્દ છે)નું ઝાંખુંપાંખું ચિત્ર જ માત્ર આપવાનું હોય તો મને ભય છે કે ચીનની અપીલ સામનો ન કરી શકાય એવી થઈ બેસશે અને કોટિકોટિ માણસોના જીવન ઉપર એની અસર પડશે અને ઇતિહાસના પ્રવાહને એ ભયંકર રીતે મરડશે.

પત્રને અંતે એમણે ઉમેર્યું હતું : તમારી સરકારને પરદેશીઓએ પ્રમાણપત્રો આપ્યાં છે તેથી તમે વધુ પડતા પ્રભાવિત થયા છો એ તરફ તમારું ધ્યાન ખેંચું કે ? એ પ્રમાણપત્રોની મારે મન તો એવડીઅર્ધી કિંમત ન હોય.

પ્રજાજીવનમાં મૂળિયાં જામવાં જોઈએ

હમણાં શ્રી મ. સ. વડોદરા યુનિવર્સિટીની સેનેટની બેઠક મળી. સેનેટે એક ઠરાવ પસાર કરીને રૂ. ૨૫૦ સુધીના યુનિવર્સિટીના પગારદારોનાં તદ્દન નજીકનાં સગાંને ઉચ્ચ અભ્યાસની ભણતરની ફીમાંથી મુક્ત કર્યાં એ માટે વડોદરા યુનિ.ને ધન્યવાદ ઘટે છે.

બીજો અગત્યનો ઠરાવ ઉપ-કુલનાયક(પ્રો. વાઈસ-ચેન્સેલર)ની ચૂંટણી અંગેનો હતો. ખરું જોતાં આવડી નાની યુનિ.માં ઉપ-કુલનાયકના જુદા હોદ્દાની જ જરૂર ઘણાને જણાતી ન હતી. ગુજરાત યુનિ.નો વહીવટ બહુ બહોળો હોવા છતાં એણે પોતાને ત્યાં ઉપ-કુલનાયકની જગા હતી તે રદ કરી છે. વડોદરામાં ચૂંટણી જે રીતે થઈ એણે વળી વધુ કચવાટ પેદા કર્યો. બંધારણ પ્રમાણે સિન્ડીકેટે ત્રણ નામોની યાદી સેનેટ આગળ રજૂ કરવાની હોય છે, જેમાંથી સેનેટ ગમે તે એકની વરણી કરે. યુનિ.ના ત્રણ વિદ્યાનિધિઓ-(ડીન)ની યાદી રજૂ કરવામાં આવી હતી. સેનેટની બેઠક મળી ત્યારે જાણવા મળ્યું કે બે જણા પોતાનાં નામ પાછાં ખેંચી લેવા માગે છે. એટલે જે એક જણનું નામ રહ્યું તેમને જ કુલનાયકે ચૂંટાયેલા જાહેર કર્યા. જે વિદ્વાન ચૂંટાયા તેમના સામે અંગત કોઈને કશું જ કહેવાનું ન હતું. પણ આવી અગત્યની ચૂંટણીમાં સિન્ડીકેટ પોતાના ઘરઆંગણાના પ્રોફેસરોનાં ઉપ-કુલનાયક પદ માટે નામો રજૂ કરે અને બે જણાની તે માટે નામરજી હોય એ છેક છેલ્લી ઘડીએ જ પ્રગટ થાય–એમાં સૂક્ષ્મ કાનૂનની દૃષ્ટિએ કદાચ કશું વાંધાપડતું ન હોય તો પણ સેનેટમાં કચવાટ જગાવવા માટે પૂરતું થઈ પડે એવું હતું.

એક ઠરાવ યુનિ.નું બંધારણ ફેરવવા અંગે હતો. વડોદરા રાજ્યનું વિલીનીકરણ થતાં પહેલાં ભારે ઉતાવળમાં આ યુનિ. અસ્તિત્વમાં આવેલી. કદાચ આ યુનિ. જેવું બિન-લોકશાહી બંધારણ કોઈક જ ઉચ્ચ શિક્ષણસંસ્થામાં જડશે. આ વિશ્વવિદ્યાલય વડોદરાની દસ માઈલ ત્રિજ્યાની વસ્તી માટે છે, પણ વડોદરા તળના વિશાળ સમાજનું એમાં પૂરતું પ્રતિબિંબ પડયું નથી. અને એથી એનાં મૂળિયાં વડોદરાની ભૂમિમાં બરાબર જામતાં લાગતાં નથી. વડોદરાના સમાજજીવનના એક ઉત્તમ આવિષ્કાર રૂપે આ નવી યુનિ. વિકસી શકે એને માટે એ જરૂરી છે કે એનું બંધારણ વધુ લોકશાહી બને. ઉપ-કુલનાયકની ચૂંટણીના પ્રસંગ પરથી પ્રજા આ વિષે વધુ આગ્રહી બને એ સમજાય એવું છે. ઠરાવ સિન્ડીકેટ પાસે પાછો ગયો છે. યુનિ.ના સાચા વિકાસની દૃષ્ટિએ વિચાર કરી સિન્ડીકેટ યોગ્ય ભલામણ કરશે એવી આશા રાખીએ.

શ્રી નાનાલાલ ચોકસીએ ઠરાવ મૂકીને પદવીદાન સમારંભ વખતે પહેરવામાં આવતા ઝભ્ભાઓને બદલે કાંઈક આપણા દેશને અને વડોદરા યુનિ.ના મુદ્રાલેખ 'સત્યં શિવં સુન્દરમ્'ને અનુકૂળ વ્યવસ્થા કરવાની માગણી કરી હતી. ઠરાવ ઊડી ગયો હતો. નાની વાત છે, પણ આપણા સ્થિતિચુસ્ત ગુલામી માનસની મોટી નિશાનીરૂપ છે. કેટલીક બાબતોમાં આખી દુનિયામાં એકસરખા રિવાજ રહી શકતા હોય તો તે ઇચ્છવા જેવું છે. દુનિયા આજે એક કુટુંબ જેવી નાની થઈ ગઈ છે. પણ આ ઝભ્ભા એ એવી કોઈ અનિવાર્ય રૂઢિ નથી. સેનેટરીએ કાળા ઝભ્ભા પહેરીને કાજીના બાદશાહના જેવો સ્વાંગ એકબે કલાક માટે ધારણ કરવાની જ એક તો કોઈ જરૂર નથી, અને બીજું વિદ્યાર્થીઓના જીવનની જરૂરિયાતોની મુશ્કેલીઓ છે ત્યાં એમને પણ એવા ખર્ચમાં ઉતાર્યા વગર કશું અટકી પડે એવું નથી. ટાગોરના શાંતિનિકેતનમાં અને ગાંધીજીની ગૂજરાત વિદ્યાપીઠમાં અખત્યાર કરાયેલી પદ્ધતિ આપણી નવી યુનિવર્સિટીઓ સ્વીકારે તો એમનો મોભો કાંઈ ઓછો થઈ જાય ખરો ? નવી સ્થપાયેલી ગુજરાત યુનિ.માં તો સેનેટના સભ્યોએ ઝભ્ભાઓને બદલે છાતી પર બિલ્લા ધારણ કરવા અને વિદ્યાર્થીઓએ ગળે વિવિધ રંગના ફટકા રાખવા એ રીતે સુંદર તોડ કાઢવામાં આવ્યો હતો. (અમદાવાદમાં કાપડની તંગી ખરી ને ?) વડોદરા યુનિ. આ અસુન્દર, અભદ્ર અને આપણી પરિસ્થિતિમાં જુદા લાગતા વેશને ફગાવી દેશે એવી આશા રાખીએ.

વિશ્વશાંતિની વધતી જતી આશા

રશિયામાં માર્શલ સ્તાલિનના ઉત્તરાધિકારીપદે શ્રી માલેન્કોવ આવ્યા પછી 'ઠંડા યુદ્ધ'ના અંતની આશા આપે એવાં નિવેદનો થયાં છે. નૂતન ચીને બિમાર યુદ્ધકેદીઓની અદલાબદલી અંગે તૈયારી બતાવી છે. ઉ. કોરીઆએ યુદ્ધનો અંત લાવવા સંયુક્ત રાષ્ટ્રસંઘને આ રસ્તે વિચાર કરવા અપીલ કરી છે. આ બધાં સુચિહ્નો ગણાય. અમેરિકા-ઈંગ્લેંડમાં આનો અનુકૂળ પ્રતિશબ્દ સંભળાયો છે; જો કે આત્મરક્ષણઅર્થે શસ્ત્ર તૈયારીઓમાં ઢીલ નાખવાનું કારણ હજી એમને જણાતું નથી. દુનિયામાં પ્રવર્તતી તંગદિલી ઝડપથી ઓછી થાય અને 'ઠંડા યુદ્ધ'નો સદંતર અંત આવે એમ સૌ કોઈ ઇચ્છશે.

મરાઠી 'अभिरुचि'

પહેલાં વડોદરાથી પણ હવે મુંબઈથી પ્રગટ થતા પણ થોડા વખતથી અનિયમિત થયેલા મરાઠી ભાષાના એક અગ્રગણ્ય માસિક 'અભિરુચિ'ના સંપાદક તરફથી નીચેનું નિવેદન પ્રકાશનાર્થે મળ્યું છે:

"'અભિરુચિ' માસિકનું પ્રકાશન ફેબ્રુઆરી ૧૯૫૩થી અભિરુચિ કાર્યાલય, પોપટવાડી, રાનડે રોડ, દાદર, મુંબઈ-૨૮થી ફરી શરૂ કર્યું છે. પહેલો અંક પ્રગટ થવાની તારીખ ૨૩મી છે. વાર્ષિક લવાજમ રૂ. ૬ મોકલીને ગ્રાહક તરીકે નોંધાવાની વ્યવસ્થાપક તરફથી રસિક વાચકોને વિનંતિ છે. છૂટક નકલની કિં. આઠ આના છે."

ગુજરાત લેખકમિલન

ગુજરાત લેખકમિલન સુરત મુકામે જૂનના આરંભમાં મળવાની તૈયારીઓ થઈ રહી છે એમ સંભળાય છે.

[અનુસંધાન પૃ. ૧૫૯થી]

અલબત્ત મકાનો સાદાં, ગ્રામ વાતાવરણને શોભે તેવાં હશે, પણ ટકાઉ અને ઉપયોગી હશે. આ મકાનોમાંથી કેટલાંએક તો વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને હાથે બંધાશે. પોતાની સંસ્થાની સાથોસાથ પોતાની બુદ્ધિ અને ચિત્તનું ઘડતર પણ આ મકાનનું બાંધકામ કરતાં કરતાં તેઓ કરશે. આમ સંસ્થાના આરંભથી જ તેમની ને અધ્યાપકોની વિરલ કેળવણી શરૂ થશે. શ્રમ, તેની પાછળ જરૂરી બુદ્ધિ, અને તેની પાછળ રહેલું કાવ્ય તેઓ પહેલા દિવસથી જ માણતા થશે.

આ દૃષ્ટિએ લોકભારતી(ગ્રામવિદ્યાપીઠ) શરૂ કરવા માટે ઓછામાં ઓછી જે જરૂરિયાત છે (રૂ. ૭, ૨૨, ૬૫૦) તે આ સાથે મૂકી છે.

ગુજરાત તેનો ઉમળકાભેર જવાબ આપશે તેવી આશા રાખીએ છીએ.

જાન્યુઆરી, ૧૯૫૩

ગણેશ વાસુદેવ માવલંકર, મોરારજી રણછોડજી દેસાઈ, વૈકુંઠરાય લલ્લુભાઈ મહેતા, બળવંતરાય ગોપાળજી મહેતા, ઉછરંગરાય નવલશંકર ઢેબર, ભીમભાઈ રૂડાભાઈ પટેલ, નાનાભાઈ ભટ્ટ.

પત્રવ્યવહારનું કામચલાઉ સરનામું:—

મંત્રી: **લોકભારતી** (ગ્રામવિદ્યાપીઠ)

આંબલા (સોનગઢ થઈને), સૌરાષ્ટ્ર

[લોકભારતીની પુસ્તિકામાંથી]

વાતવાતમાં

વિવેચક

સાક્ષરશ્રી બલવંતરાય ક. ઠાકોરનાં પુત્રવધૂને પાપડી ફોલતાં જોઈ આપણા હાસ્યકાર શ્રી જ્યોતીન્દ્ર દવેથી બોલી જવાયું: 'તમે પાપડી ફોલો છો. બલ્લુકાકા અમને ફોલે છે.'

સારી જિન્દગીની પ્રતિષ્ઠા

કવિશ્રી નાનાલાલને એક જાણકાર મિત્રે સલાહ આપી: આવકવેરા(ઇન્કમટેક્સ)ના પત્રકમાં અમુક રીતે વીગતો ભરશો તો ઓછા પૈસા ભરવાના રહેશે. સાંભળી રહીને કવિશ્રીએ પૂછ્યું: 'સરકારને એથી કેટલું નુકસાન થશે?' મિત્રે પાંચ-પચાસ જે હશે તે આંકડો કહ્યો. કવિશ્રીનો વેદનાભર્યો બીજો પ્રશ્ન તરત આવ્યો: 'અને નાનાલાલને કેટલું નુકસાન થશે?'

ઉછેર અને અનુભવ

લલિત નિબંધનો પિતા ફ્રેન્ચ સાહિત્યકાર મોન્તેઈન બાળક હતો ત્યારે પ્રભાતમાં એ સૂરીલા-સંવાદી વાતાવરણમાં નિદ્રામાંથી ઊઠે એ સારુ એના પિતા સુમધુર વાદ્યો વગાડાવતા. રાજદરબારે ઉંબરા ઘસી દુનિયાની વિસંવાદિતાઓથી ગળે આવી ભરજુવાનીમાં જ એ પાછો ઘેર આવી ભરાયો અને જગપ્રસિદ્ધ નિબંધોનો લેખક બન્યો.

પતિના સાહિત્ય માટે ઊંચો અભિપ્રાય

'પ્રિયતમ, પેલા ગુંદરિયા મહેમાનો રાતે પછી ખસે ત્યારે તો તમે જે નવી નવલકથા માંડી છે તેનો પ્લૉટ (વસ્તુ) કહેવો શરૂ કરજોને જરી!' (SRL)

[ઉ. 'સંદેશ'ના 'સાહિત્ય-સાધના' વિભાગમાં. તા. ૪-૪

મહત્ત્વાકાંક્ષા

(મુખમ્મસ)

મને મારી મહત્ત્વાકાંક્ષા બહુવિધ બનાવે છે,
કદી તરવાર આપી હાથમાં મુજને લડાવે છે,
વળી થીજી ચૂકેલા ધર્મનું ચિંતન કરાવે છે,
નજર બાંધી લઈ ભૂતકાળનું ગુંજન કરાવે છે,
અને અણદીઠ ભાવિનું મને દર્શન બતાવે છે.

બતાવે છે મને એ અર્થતંત્રોની સકળ રીતો,
ગવાડે હોઠથી મુજ રાષ્ટ્રની સંપત્તિનાં ગીતો,
કરાવે સંગઠન વિધવિધ પ્રકારે બાંધીને ભીંતો,
મને પિંજર મહીં રાખી સદા મુજ જાતથી બીતો,
"છે પિંજરમાં જ આઝાદી" કહીને ફોસલાવે છે.

ને કારાવાસના બંધન તણું જો ભાન થાયે છે,
તો મુક્તિ કાજ કારાવાસ ત્યાં બીજું રચાયે છે,
નવે વેષે પુરાણા ચોપદારો ગોઠવાયે છે,
"હવે તો મુક્ત છો ને?" બૂમ હરનિશ સંભળાયે છે,
હકીકતમાં શિકારી નિત નવી જાળો રચાવે છે.

કદીક વ્યાપાર મારી પેઢીનો મોકૂફ રાખું છું
અને "મુજ દેશ મારી પેઢી છે" એવુંય ભાખું છું,
ને જનસેવા તણો લ્હાવો મીઠો દિનરાત ચાખું છું,
પડે બોજો પ્રસિદ્ધિનો કદી, તો તેય સાંખું છું,
અહા એક જ શિકારી શા વિવિધ વેષો ધરાવે છે.

શિકારી જાળમાં બેચાર પંખી કો'ક દિ' આવે
ને મુજ આદર્શની જાળે કરોડો માનવી આવે,
ભૂખ્યાંઓ ને ધરાયેલાં તણી એક મેદની આવે,
મહત્ત્વાકાંક્ષાના ખપ્પરે સર્વસ્વ લઈ આવે,
મને જાદુગરીના ખેલ એ એવા શીખાવે છે.

વળી દેખાડતી એ ત્યાગમાં સંપત્તિનું દર્શન
અને જગને મુખે ગવડાવતી મુજ ત્યાગનાં કીર્તન,
મહત્ત્વાકાંક્ષા મારી સજાવે જૂજવાં અંજન,
કદી નિજ ધ્યેયપ્રાપ્તિ કાજ એવું તો કરે નર્તન
દરિદ્રી વેષને જોરે મને શાસક બનાવે છે.

મને ઇતિહાસમાં મારી શરમગાથા ભણાવીને
અને "એ કીર્તિગાથા છે" કહી નયનો નચાવીને,
છૂપેલા આર્તનાદોની ભયંકરતા ભૂલાવીને,
મને મુજ દેશભક્તિનો નશો ઘેરો કરાવીને,
ગીતા-કુરાનનો આધાર લઈ મુજને બતાવે છે.

મને ભૂગોળ કેરા પાઠ પણ રૂડા ભણાવીને,
ધરાના ભાગલા પાડી નવા દેશો બનાવીને,
સીમાડા સંસ્કૃતિ કેરા ઘણાયે ચીતરાવીને,
સદાયે બાથમાં રહેતાં સ્વજનને પર ગણાવીને
નથી જાણ્યા કદી તેને જ મુજ બાંધવ મનાવે છે.

મને સંભળાવતી દિનરાતભર આદર્શના મંત્રો
અને પોકારતી મુજ કાનમાં કૈં વાદનાં સૂત્રો,
કદી તરવાર છોડાવી સજાવે શાંતિનાં તંત્રો,
વળી સજતી અહિંસાની સરાણે યુદ્ધનાં શસ્ત્રો,
મને ઉત્ક્રાન્તિક્રમમાં રોજ એ આગળ ધપાવે છે.

પછી મુજને કહે છે: "સૌથી તારો દેશ છે સુંદર,
નથી તુજ સંસ્કૃતિની જોડ આ બ્રહ્માણ્ડની અંદર,"
કહે છે કાનમાં: "તુજ ધર્મ વિશ્વે છે સદા સદ્ધર,
વિપત એ પર પડે તો સજ્જ થા, જઈ ઘાવ પહેલો કર,
ઇજારો સત્યનો તારો જ છે" એવું સુણાવે છે.

પુરાણા કાળમાં અધ્વર્યુ યુદ્ધ આશિષો દેતા,
સમારંભો હવે લશ્કરના દિપાવી રહ્યા નેતા,
પુરાણા કાળમાં દૂભવી હતી કો દ્રૌપદી-સીતા,
હવે પ્રસરી ઘરોઘરમાં સળગતી આગની ચિતા,
શિશુના આર્તનાદો રોજ કાનોને થીજાવે છે.

નથી રહેતું મને એ યાદ કે ભૂખ્યાં ઘણાંયે છે
ને શોષિતરક્તથી કબરો મહત્તાની ચણાયે છે,
નવાં લોહીની મારી ઝંખના વધતી જ જાયે છે,
ભૂખ્યાંનાં સૈન્યની ભેરી મને ક્યાં સંભળાયે છે?
ભૂખ્યાંની કૂચ તો નિર્ધાર પણ ચુપચાપ આવે છે.

છે નિર્ભર મુજ મહત્ત્વાકાંક્ષા માનવ જુદાઈ પર
અને માનવની માનવને મળેલી બેવફાઈ પર,
અને "જનતા"ના નવસર્જન તણી જુઠી વધાઈ પર
અને અંધે સુણેલી અંધની ખંડિત ગવાહી પર!
મને એ ઘોર અટવીમાં ફસાવીને ભમાવે છે.

કોઈ શાહબાઝ નિજ પાંખો સમષ્ટિ પર ધુમાવીને,
અકળ વેધક નયનમાં દશ્ય દુનિયાનું સમાવીને,
કદીક તો તીર શો ઊતરી જગતની પાસ આવીને,
મહત્ત્વાકાંક્ષાના વેષ પર પંજા ભરાવીને
હકીકતનું જગતની આંખને દર્શન કરાવે છે.

અનંતરાય ઠક્કર

મણિપુરી નર્તન

ઉચ્ચ ગિરિમાળાઓની મધ્યે મણિપુર નામનો ફળદ્રૂપ પ્રદેશ છે, જેની સાથે અનેક રોમાંચક દંતકથા ગૂંથાઈ છે. એ પૌરાણિક પ્રદેશ સમૃદ્ધ હોઈ સ્વાભાવિક રીતે જ ત્યાંના લોકો નર્તનકળાને ખીલવી શક્યા અને અદૃશ્ય ભૂતકાળથી તેઓ આ નર્તનકળાને સાચવી રહ્યા છે. મણિપુરીનર્તન શૈલીએ પ્રાચીન નાટ્યશાસ્ત્ર, અભિનયદર્પણ અને સંગીતરત્નાકર જેવાં શાસ્ત્રોમાંથી પ્રેરણા મેળવી છે. આ શાસ્ત્રો પ્રમાણે નર્તનના મુખ્ય ત્રણ વિભાગ પાડવામાં આવ્યા છે: જેમકે નૃત્ત એટલે તાલ અને લય ઉપર આધાર રાખતો શોભનાત્મક અંગવિક્ષેપ; નૃત્ય એટલે જેમાં અંગવિક્ષેપ દ્વારા રસ અને ભાવ દર્શાવાય છે; અને નાટ્ય એટલે જેમાં વાણીનું મહત્ત્વ હોય છે. એ જ રીતે શાસ્ત્રોમાં અભિનયનાં મુખ્ય ચાર તત્ત્વો વર્ણવ્યાં છે; જેમ કે આંગિકાભિનય એટલે અંગભંગી; વાચિકાભિનય એટલે વાણી અને ગીત, આહાર્યાભિનય એટલે વેશભૂષા, સંનિવેશ વગેરે અને સાત્ત્વિકાભિનય એટલે રસ અને ભાવ. આ ઉપરાંત નર્તનના બે પ્રકાર હોય છે, જેમ કે લાસ્ય જે સ્ત્રીસહજ, સુકુમાર, માર્દવ તથા લાલિત્યભર્યું હોય છે, અને તાંડવ જે પૌરુષેય અને વીરતાભર્યું હોય છે. મણિપુરી નર્તનના વિવિધ પ્રકારોમાં ઉપર જણાવેલાં સર્વ વિભાગોનું દર્શન થાય છે.

મણિપુરવાસીઓનું જીવન સંગીત અને નર્તનકળાથી રંગાયેલું છે. તેઓના જીવનનો કોઈ પણ સામાજિક કે ધાર્મિક પ્રસંગ નર્તન વિના અભિવ્યક્તિ પામતો નથી. જનતા વૈષ્ણવધર્મી હોવાને લીધે ત્યાં રાધાકૃષ્ણની પ્રેમલક્ષણા ભક્તિનો મહિમા જોવામાં આવે છે. તેઓની ધાર્મિક ક્રિયાઓ અને ઉત્સવોમાં રાધાકૃષ્ણના જીવન-પ્રસંગો લેવામાં આવ્યા છે. દરેક ધર્મક્રિયા અને ઉત્સવને અનુરૂપ નર્તનપ્રકાર નિશ્ચિત કરવામાં આવ્યો છે: જેમ કે હરિઉત્થાનમાં મૃદંગચલન, કાર્તિક પૂર્ણિમાએ મહારાસ, પોષ મહિનામાં કુંજ-રાસ, ફાગણ માસમાં વસંતરાસમાં હોળીનૃત્ય, આષાઢ મહિનાની રથયાત્રામાં કરતાલી નૃત્ય, ઇત્યાદિ. આ રીતે નર્તન ધર્મનું એક અંગ જ બની ગયું છે, અને બાળકથી માંડીને વૃદ્ધ સુધી બધાં જ ભક્તિપૂર્વક નર્તન કરે છે.

સામાજિક પ્રસંગો જેમ કે જન્મ, લગ્ન અને મરણમાં પણ એને અનુરૂપ નર્તનપ્રકાર યોજવામાં આવ્યો છે. ખાસ કરીને શ્રદ્ધાના પ્રસંગે હરિસંકીર્તનમાં કરતાલચલન (મોટા મંજીરા … નર્તન) થાય છે. આ ઉપરાંત કાર્તિકપાલીમાં ઢોલનૃત્ત થાય છે … નર્તન દ્વારા પ્રદર્શિત થતાં રામાયણ અને મહાભારતમાં યુદ્ધ … ભાલાનૃત્ત અને તલવારનૃત્ત પણ થાય છે. મણિપુરી નર્તન … ફક્ત મૃદંગના બોલ, તરાના, સ્વરાવલિ કે ક્વચિત ભાવપ્રધાન … ઉપર થાય છે. ઘણાં ગીતો કવિ જયદેવ, વિદ્યાપતિ, ચંડીદાસ … પ્રખ્યાત ભક્તકવિઓનાં છે અને સંસ્કૃત, મૈથિલી, બંગાળી, … મૈથેઈ ભાષાનાં છે. મણિપુરી નર્તનના તત્ત્વને યોગ્ય રીતે અભિ… કરવા માટે મણિપુરી કલાધરોએ એને અનુરૂપ સંગીત, તાલ … વેશભૂષા ઘડ્યાં છે.

આવી વિવિધ પ્રકારોયુક્ત અને શાસ્ત્રીય નર્તનશૈલીને … કળાપ્રકાર તરીકેનું સ્થાન ઘટે છે. આજે સ્વતંત્ર ભારતની … વિદ્યાપીઠો તથા રાજતંત્ર, આજનું જીવન અને ભાવિના ઘડતર … આપણા પ્રાચીન કળાસંસ્કારો કઈ રીતે પ્રેરણારૂપી નીવડે … માટે જાગૃત રહે. અને એના વિકાસ માટે યોગ્ય સંસ્થાઓ … સગવડો ઊભી કરે, તો જ ભારતના કળાપ્રકારો તથા … સમૃદ્ધ બનશે.

[શ્રી નયના ઝવેરી : ' મણિપુરીનર્તનાલય 'ની પત્રિ…

લોકભારતી : ગ્રામવિદ્યાપીઠ

સૌરાષ્ટ્રમાં સણોસરા ગામે લોકભારતી(ગ્રામવિદ્યા… સ્થાપવાનો સંકલ્પ જાહેર થયો છે.

લોકભારતી(ગ્રામવિદ્યાપીઠ)નો મુખ્ય હેતુ … વિશાળ હિતને રક્ષવામાં અને આગળ વધારવામાં ઉપ… મદદગાર થાય તે છે.

શિક્ષણનો હેતુ જીવનને સમૃદ્ધ, સમતોલ ને શાંત … છે. જીવનની જરૂરિયાતો ચાર છે : (૧) અન્નવસ્ત્ર, … આશ્રય, (૩) આરોગ્ય અને (૪) આનંદ.

લોકભારતી(ગ્રામવિદ્યાપીઠ)નો અભ્યાસક્રમ … પ્રકાર – અન્ન, આશ્રય, આરોગ્ય અને આનંદ – ની … બાજુ ગોઠવાશે.

લોકભારતી(ગ્રામવિદ્યાપીઠ) જે આદર્શ લઈને ઊભી થાય છે તે જોતાં તેમાં વિદ્યાર્થીઓ બુનિયાદી ને ઉત્તર બુનિયાદીનું શિક્ષણ લઈને આવેલા હોય તો વધારે સુગમ પડે. પણ જ્યાં સુધી બુનિયાદી શિક્ષણ વ્યાપક થયું નથી ત્યાં સુધી વ્યાવહારિક ઉકેલ તરીકે મૅટ્રિક, એસ. એસ. સી, સીનિયર કે તેની કક્ષાની હરકોઈ પરીક્ષા પાસ કરેલ વિદ્યાર્થીને પ્રવેશ પરીક્ષામાં બેસવાની છૂટ રખાશે. આ કક્ષાનો વિદ્યાર્થી જો પ્રવેશ પરીક્ષામાં ઉત્તીર્ણ થશે તો તેને દાખલ કરાશે. આ પ્રવેશ પરીક્ષામાં એનું સામાન્ય જ્ઞાન, એનું સામાજિક અને વૈયક્તિક જીવન પ્રત્યેનું વલણ, ને તેની આદતો એ ત્રણેની કસોટી થશે. આ કસોટી આપવા માટે વિદ્યાર્થીઓએ બેત્રણ અઠવાડિયાં અધ્યાપકો સાથે ગાળવાનાં રહેશે.

લોકભારતી(ગ્રામવિદ્યાપીઠ)માં કેમ ભણાવાશે ?

લોકભારતી(ગ્રામવિદ્યાપીઠ) એ નઈ તાલીમનો જ ઉચ્ચ વિદ્યા માટેનો પ્રયોગ હોવાથી તેનું શિક્ષણ જીવનકેન્દ્રી હોવાનું. અન્ન, આશ્રય, આરોગ્ય અને આનંદ એ ચારેને લક્ષમાં રાખીને તાલીમ ગોઠવાશે. (૧) ખેતી, ગોપાલન, વસ્ત્રવિદ્યા, (૨) ગ્રામ વાસ્તુશાસ્ત્ર ને ભગીરથ વિદ્યા, (૩) ગ્રામઆરોગ્યશાસ્ત્ર–આ ત્રણ મુખ્ય વિદ્યાઓમાંથી ગમે તે એકને શિક્ષાર્થીએ લોકભારતી(ગ્રામ વિદ્યાપીઠ)માં સગવડ હોય તે ખ્યાલમાં રાખીને પસંદ કરવાની રહેશે.

ઉદ્યોગ અને સેવા પાછળ શિક્ષાર્થી રોજ ચાર-પાંચ કલાક પ્રત્યક્ષ પરિશ્રમ કરશે. તેને જ તેમના શિક્ષણના પાયા રૂપ બનાવવામાં આવશે. બુદ્ધિને ઉદ્યોગ અને સેવા દ્વારા, પ્રત્યક્ષ શિક્ષણ દ્વારા, સંશોધન દ્વારા, અને વિદ્યાવિસ્તાર દ્વારા વિકસાવવાનો પ્રયત્ન રહેશે.

વિદ્યાર્થી પોતાના ઉદ્યોગનું બૌદ્ધિક ને પ્રત્યક્ષ શિક્ષણ મેળવશે, પછી તેનો જ વિસ્તાર તેને સોંપાયેલાં બેત્રણ ગામડાંમાં કરશે, ને તે જ ગામડાંમાં આ વિસ્તાર કરતાં નવા જાગેલ પ્રશ્નોમાંથી કોઈ મહત્ત્વના પ્રશ્ન પર અધ્યાપક સાથે રહીને સંશોધન કરશે.

આમ શિક્ષાર્થી વિદ્યા ભણશે, વિદ્યાનો વિસ્તાર કરશે ને નવી વિદ્યા ઊભી પણ કરશે. આ ઉપરાંત દરેક શિક્ષાર્થીએ નીચેના વિષયો લેવાના રહેશે :—

(૧) તત્ત્વજ્ઞાન, (૨) સમાજવિદ્યા અથવા ઇતિહાસ અથવા અર્થશાસ્ત્ર અથવા રાજનીતિશાસ્ત્ર, (૩) માતૃભાષા (ગુજરાતી) (૪) ઇતર ભાષા–અંગ્રેજી અથવા સંસ્કૃત અથવા માતૃભાષા સિવાયની હિન્દુસ્તાનની કોઈ ભાષા.

વિદ્યાર્થી જે ચાર-પાંચ કલાકનો પરિશ્રમ કરશે તેના ફલરૂપે થતું ઉપાર્જન સંજોગો અનુસાર કાં તો ભોજનખર્ચ પેટે અથવા શિક્ષાશુલ્ક પેટે જમા થશે. આ રીતે ઉચ્ચ વિદ્યા માટેના માબાપોએ ભોગવવાના ખર્ચમાં ઘટાડો થશે.

લોકભારતી(ગ્રામવિદ્યાપીઠ)ની જરૂરિયાતો

સૌરાષ્ટ્ર સરકારે તો લોકભારતી(ગ્રામવિદ્યાપીઠ)ના વિચાર તરફ પહેલેથી જ સહાનુભૂતિ રાખી છે, ને તેને તેના ખર્ચમાં અર્ધો ખર્ચ મદદ આપવાનું નક્કી કર્યું છે.

પણ ગુજરાતના જે વિદ્યાવ્યાસંગીઓ છે, જે વિદ્યાર્થીઓ છે ને જે ધનિકો છે તેમની પર પણ અમે મોટી આશા બાંધી છે.

ગંગાની નહેરની જેમ પોતાની વિદ્યા જનસામાન્યના હૃદયરૂપી ખેતરે ખેતરે પહોંચી તેને નવપલ્લવિત, લીલુડા પાકે ડોલતાં કરે તેવી ઇચ્છા ઊંડે ઊંડે કયા વિદ્યાના ઉપાસકને નથી હોતી ? અરે, તે વિના કોને કૃતાર્થતા લાગે છે ! ગુજરાતના વિદ્યાવ્યાસંગીઓ પોતાની અમૃતા વિદ્યા આ લોકભારતી(ગ્રામવિદ્યાપીઠ)ને વિકસાવવામાં આપશે તેની અમને શ્રદ્ધા છે.

ત્રીજો સહકાર જોઈશે ગુજરાતના ધનિકોનો. ગુજરાતના ધનિક ભાઈઓ જાણે છે કે વિદ્યાયુક્ત લક્ષ્મી જ શોભે છે, ને તે લક્ષ્મી જ સ્થિર થાય છે.

લોકભારતી(ગ્રામવિદ્યાપીઠ)ને જમીન, કૂવા, એંજિનો જોઈશે; લોકભારતી(ગ્રામવિદ્યાપીઠ)ને પ્રયોગશાળા જોઈશે, ગ્રંથાલય જોઈશે, અધ્યાપકોનાં નિવાસસ્થાનો જોઈશે; રેંટઘર, ગૌશાળા, બીડ, પરિશ્રમાલય–વર્કશૉપ, જલાગાર (વૉટરવર્ક્સ) જોઈશે.

લોકભારતી(ગ્રામવિદ્યાપીઠ) ગ્રામપ્રદેશમાં હોવાથી કાંઈ આ બધા વિના ચાલે એમ ન માનવું જોઈએ. લોકભારતી(ગ્રામવિદ્યાપીઠ)માં વિદ્યાએ ફક્ત પોતાનું મુખ જ બદલવાનું છે, દિશા ફેરવવાની છે. પણ વિદ્યા તો ત્યાં રહેવી જ જોઈશે; ઊલટી ત્યાં તો વિશેષ તેજસ્વી ને વિશેષ સેવાપરાયણા વિદ્યા જોઈશે. ને તેને માટે જોઈશે આ બધું.

[અનુસંધાન પૃ. ૧૫૬ ઉપર]

[અનુસંધાન પૃ. ૧૩૪થી]

સામ્યવાદી પક્ષ સાથે એમને મેળ ખાય તેમ નહોતું. જેણે આખું જીવન વિચાર અને કામમાં ગાળેલું, લેખો, ભાષણો, વાર્તાલાપો દ્વારા પ્રજામત કેળવેલો તેમને પૂરતું અનુકૂળ કામ મળતું નહોતું. તેથી જેમ હજારો બુદ્ધિજીવીઓ નિરાશામાંથી નિષ્ક્રિયતા અનુભવતા હતા તેવું પ્રો. શાહને પણ થયું હતું.

રાષ્ટ્રપ્રમુખ રાજકર્તા પક્ષના જ ન હોય એ ખ્યાલથી તેઓએ એ પદ માટે પ્રતીકરૂપ ઉમેદવારી કરી હતી. તેવામાં એમને ચીનમાં એક બિનસરકારી મંડળમાં જવાનું આમંત્રણ મળ્યું. એ ચીન ગયા અને નવીઆશાનું ભાથું લેતા આવ્યા, એમણે પોતાના અનુભવો પુસ્તકાકારે લખવા માંડ્યા, એટલામાં એમના એ પુત્રોને સખત બિમારી થઈ. શાહનું કોમળ હૃદય વિંધાઈ ગયું. કૌટુંબિક આઘાતોથી એમને હૃદયમાં અજંપો શરૂ થયો હતો. થોડા દિવસો પછી એમનું અવસાન થયું.

આવી રીતે આ વિચક્ષણ વ્યક્તિએ આખા જીવન પર્યંત દેશોન્નતિ માટે અથાગ પરિશ્રમ ઉઠાવ્યો છે. એમના જવાથી ગુજરાતે–બલકે હિંદે એક અત્યંત પ્રામાણિક, પ્રગતિશીલ સહૃદયી વિદ્વાન વ્યક્તિ ગુમાવી છે.

[અનુસંધાન પૃ. ૧૪૦થી]

एवं यथा यथोद्वेगः सुधियां नोपजायते।
तथा तथा मधुरतानिमित्तं यतिरिष्यते॥

સુધિયોને ઉદ્વેગ ન થાય એ રીતે મધુરતા નિમિત્તે યતિ મૂ[illegible]

આ પ્રમાણે યતિભંગો મધ્ય યતિને સ્થાને નિર્વા[illegible] છે, છતાં ઉપર કહ્યું તેમ મધ્ય યતિ વૃત્તના બંધા[illegible] સ્વાભાવિક અંશ છે. તેમાંથી એ ફલિત થાય છે [illegible] ચરણ શ્લોકનું અંગ છે, તેમ યતિખંડ ચરણનું ઉપાં[illegible] એક ઉપાંગ તરીકે એ યતિખંડ વ્યાપારમય બનતો [illegible] શકાય છે. ખરી રીતે વ્યાપારમયતા એ જ કોઈ પણ [illegible] એકતાનું નિર્ણાયક પ્રમાણ છે, આ વ્યાપારમયતા [illegible] નવા છંદોની રચનાની પ્રક્રિયામાં જોઈ શકીએ છીએ, [illegible] તે બાબત આ પછીના પ્રકરણનો વિષય છે.

---

૧ છન્દોમંજરી ઉપરની શ્રી રામધન ભટ્ટાચાર્યની [illegible] ટીકામાંથી. પૃ. ૧૭.

  Reg. No. B. 494

વૈશાલીનો સંદેશ

દીર્ઘ તપસ્વી મહાવીરની જન્મભૂમિ અને તથાગત બુદ્ધની ઉપદેશભૂમિ હોવાને કારણે વૈશાલી, જે વિદેહ
મુખ્ય નગર રહ્યું છે, તે કેવળ જૈનો અને બૌદ્ધોનું જ નહિ પણ માનવજાતિના એક તીર્થ જેવું બની ગયું છે. એ બ
શ્રમણવીરોએ કરુણા તથા મૈત્રીનો જે વારસો તત્કાલીન પોતાના સંઘો દ્વારા માનવજાતિને આપ્યો છે એનો કાલક્રમે ભારત
અને ભારત બહાર એટલો વિકાસ થયો છે કે આજનો કોઈ પણ માનવતાવાદી વૈશાલીના ઇતિહાસ પ્રતિ ઉદાસીન
શકે નહિ.

મહાત્મા ગાંધીજીએ અહિંસાની નવી સાધના શરૂ તો કરી દક્ષિણ આફ્રિકામાં, પણ એ અનોખા ઋષિશ
સીધો પ્રયોગ એમણે પહેલવહેલો ભારતમાં શરૂ કર્યો આ વિદેહક્ષેત્ર(બિહાર)માં. પ્રજાની અન્તશ્ચેતનામાં અહિંસાનો
વારસો સુષુપ્ત પડ્યો હતો તે ગાંધીજીના એક મૌન પુકારથી જાગી ઊઠ્યો અને કેવળ ભારતનું જ નહિ, દુનિયાભરનું
જોતજોતામાં ચમ્પારણ – બિહાર-ની તરફ ખેંચાયું. અને મહાવીર તથા બુદ્ધના સમયમાં જે ચમત્કાર આ વિદેહમાં
હતા તે જ ગાંધીજીને લીધે પણ જોવામાં આવ્યા. અનેક ક્ષત્રિયપુત્ર, ગૃહપતિપુત્ર, અને બ્રાહ્મણપુત્ર તથા પુત્રીઓ
મહાવીરની પાછળ પાગલ બનીને નીકળી પડતાં હતાં, તેમ કેટલાય અધ્યાપક, વકીલ, જમીનદાર અને અન્ય સમ
સ્ત્રીપુરુષ ગાંધીજીના પ્રભાવમાં આવ્યાં. જેમ એ પુરાણા યુગમાં કરુણા તથા મૈત્રીનો સાર્વત્રિક પ્રચાર કરવા માટે
બન્યા હતા, એમ સત્યાગ્રહને સાર્વત્રિક બનાવવા માટે ગાંધીજીના સ્વપ્નમાં સીધો સાથ આપનારાઓનો એક મોટો
બન્યો. આમ નવયુગીન દૃષ્ટિથી પણ આ સ્થાનને હું ધર્મ તથા વિદ્યાનું તીર્થ સમજું છું અને એ ભાવનાથી બધું વિચારું

સાંપ્રદાયિક દૃષ્ટિથી આપણે મહાવીરને અલગ, બુદ્ધને અલગ અને ઉપનિષદના ઋષિઓને અલગ સમ
છીએ, પણ ઊંડાણથી જો જોઈએ તો એ સર્વના મૂળના સત્યમાં શબ્દભેદ સિવાય બીજો કોઈ ભેદ મળશે નહિ. મહ
મુખ્યત્વે અહિંસાની પરિભાષામાં બધી વાત સમજાવે છે, તો બુદ્ધ તૃષ્ણાત્યાગ અને મૈત્રીની પરિભાષામાં પોતાનો સંદેશ
છે. ઉપનિષદના ઋષિ અવિદ્યા યા અજ્ઞાનનિવારણની દૃષ્ટિએ ચિંતન રજૂ કરે છે. આ સૌ એક જ સત્યના પ્રતિપાદનની
જુદી રીતો છે, જુદી જુદી ભાષા છે. અહિંસા ત્યાં સુધી સિદ્ધ નથી થઈ શકતી, જ્યાં સુધી તૃષ્ણા છે. તૃષ્ણાત્યાગનું બીજું
તો અહિંસા છે. અજ્ઞાનનું વાસ્તવિક નિવારણ થયા વિના ન તો અહિંસા સિદ્ધ થઈ શકે કે ન તો તૃષ્ણાનો ત્યાગ સં
છે......હું મારા છપ્પન વર્ષના થોડાઘણા શાસ્ત્રીય અધ્યયનચિંતનથી એ નિર્ણય ઉપર આવ્યો છું કે પંથભેદ ભલેને
તેટલા હોય, પણ બધાના મૂળમાં એક જ સત્ય રહેલું છે. આજ હું એ જ ભાવનાથી મહાવીરની જન્મજયન્તીના
મહોત્સવમાં ભાગ લઈ રહ્યો છું. મારી દૃષ્ટિએ મહાવીરની જયન્તીનો અર્થ છે એમની અહિંસાસિદ્ધિની જયન્તી

આચાર્ય વિનોબાજીની હાજરીને લીધે સારા દેશનું ધ્યાન હમણાં બિહાર તરફ ખેંચાયેલું છે.
કે એ અહિંસાના પુરાણા તેમ જ નવા સંદેશને લઈને બિહારમાં વૈશાલીની ધર્મભાવનાને મૂર્ત કરી રહ્યા છે. ભૂદાન
તો અહિંસાભાવનાનું એક પ્રતીક માત્ર છે. સાચા અર્થમાં એની સાથે કેટલીય વાતો અનિવાર્યરૂપે જોડાયેલી છે,
વિના નવભારતનું નિર્માણ સંભવિત નથી. જમીનદાર જમીનનું દાન કરે, ધનવાન સંપત્તિનું દાન કરે, પણ એના
પણ અનેક રૂપે આત્મશુદ્ધિ આવશ્યક છે. આજે ચારે બાજુ લાંચરુશ્વતની ફરિયાદ છે. બિહારના તંત્રવાહકો આ
નિર્મૂળ કરશે તો એ કાર્ય ભૂમિદાનયજ્ઞથી પણ વિશેષ આશીર્વાદરૂપ નીવડશે, અને દેશના અન્ય ભાગોમાં બિહારે
પહેલુ અનુકરણ યોગ્ય બનશે. ઉપર જે કાંઈ કહેવાયું છે તે બધું મહાવીર, બુદ્ધ, ગાંધીજી વગેરેની સંમિલિત
ભાવનામાંથી ફલિત થતો એવો વિચાર છે અને આ જન્મજયન્તી પ્રસંગે ઉપયુક્ત છે.

[પં. સુખલાલજી સંઘવી : બિહારમાં વૈશાલીમાં મહાવીર જયન્તી પ્રસંગે ભરાયેલા સંમેલનમાં પ્રમુખ

સંસ્કૃતિ

વર્ષ ૭મું : અંક પાંચમો તંત્રી : ઉમાશંકર જોષી મે ૧૯૫૩

શણગાર કલાકાર : પ્રમોદ દાસ

નવી દિલ્હીમાં ભરાયેલા ૨૨મા અખિલ ભારતીય લલિતકલા પ્રદર્શનમાં મુકાયેલું ચિત્ર : સોસાઈટીના સૌજન્યથી.



સંસ્કૃતિ

વર્ષ સાતમું   અંક પાંચમો

અનુક્રમણિકા : મે ૧૯૫૩



સંસ્કૃતિ કાર્યાલય વતી મુદ્રક-પ્રકાશક: કિશનસિંહ ચાવડા, ચેતના પ્રેસ લિ., નવાબજાર, વડોદરા.

લેખકમિત્રોને વિનંતિ :

* લખાણ કાગળની એક બાજુ સ્વચ્છ અક્ષરે લખાયેલું, જોડણી-પ્રમાણની જોડણીવાળું હોય મુદ્રણદૃષ્ટિએ જરૂરી છે.
* લખાણ પાછું મેળવવા માટે સાથે જવાબી પરબીડિયું હોય આવશ્યક છે.

સૂચનાઓ :

* દર માસની સાતમી તારીખે પ્રસિદ્ધ થાય છે.
* દશમી સુધીમાં અંક ન મળે ટપાલમાં તપાસ કર્યા પછી કાર્યાલયને જણાવવું.
* પત્રવ્યવહારમાં ગ્રાહકનંબર લખ થી સગવડ થશે.
* આ માસિકમાં પ્રસિદ્ધ થતા લે માંના અભિપ્રાય માટેની જવાબ તે તે લેખકની છે.
* પ્રથમ અંકથી ગ્રાહક થવું આ છે.

ગ્રાહકો નોંધવાનાં સ્થળો:

એન. એમ. ત્રિપાઠી, લિ. મુંબ
જીવનસાહિત્યમંદિર, અમદાવ
ભારતીસાહિત્યસંઘ, અમદાવ
ઇન્દ્રધનુ, મિશનરોડ, અમદાવ
ગાંડીવ સાહિત્યમંદિર, પ્રિન્સ સ્ટ્રીટ મુંબઈ-૨
ગાંડીવ સાહિત્યમંદિર, લાલ સુરત
એલ. કે. મેઘાણી : અગર સ્ટ્રીટ, કલકત્તા ૧.
પ્રભાકર બ્રધર્સ, પો. બો. નૈરોબી, ઇસ્ટ આફ્રિકા.

લવાજમ :

દેશમાં રૂપિયા સાત. પરદેશમાં રૂ. અથવા શિલિંગ ૧૪. છૂટક નક બાર આના.

તંત્ર અને વ્યવસ્થા અંગેના પત્રવ્યવહારનું સરનામું :

સંસ્કૃતિ કાર્યાલય
એલિસ-બ્રિજ. અમદાવાદ

સંસ્કૃતિ

सत्यं परं धीमहि ।



મે ૧૯૫૩

संवादितानी साधना

ઉપરથી તો આખો સમય આપણને કોલાહલ જ લાગે છે. વિવિધ અવાજો, ઘોંઘાટ, નિઃશ્વાસ, ડૂસકાં ખિલખિલ હાસ્ય, ચીત્કાર – બધાનો શંભુમેળો ગાજતો હોય છે. કશો એમાં મેળ હોતો નથી. પણ કોઈ સંગીતકાર સતાર કે વીણા કે અમથો તંબૂર લઈ ને 'સાઆઆ...' છેડે છે ને તરત કોઈ પરમ સંવાદની સાથે આપણા હૃદયનું સંધાન થાય છે. જાણે કે વિશ્વના કેન્દ્રમાં ઊછળતી સંવાદિતાનો એ ક્ષણે સાક્ષાત્કાર થાય છે.

ઉપરથી મનુષ્યના જીવનમાં કોઈ ઢંગધડો, કોઈ મેળ દેખાતો નથી. પણ રંગભૂમિ ઉપર એ ત્રણ કલાક નાટકરૂપે મનુષ્યજીવન રજૂ થાય છે, તેમાંથી કોઈ એક સુરેખ સંવાદિતા ઊપસી આવતી હોય છે. નાટકકાર વિશ્વનિયંતાને શું એમ દર્શાવવા માગે છે કે તને માણસનાં જીવનને મેળમાં ગોઠવતાં ન આવડ્યું, જો સર્જન તો આમ થાય – જીવન આમ પ્રસ્તુત થાય? ના, ના, નાટકકાર તો માત્ર સામાન્ય માણસની નજર જે સહેજે જોઈ ન શકે એવા મેળ વિધાતાની વિશ્વરચનામાં જોઈ શકતો હોય છે, અને તે પ્રસ્તુત કરે છે. વિશ્વવિધાતાના સર્જનમાં ઈશુના પરમજીવનદાયી અવસાન સમયે સમ ઉપર આવેલું સંગીત ફરી ૧૯૪૮ વરસે સમ ઉપર આવ્યું. વિશ્વસર્જનમાં સ્ફુરતા સંવાદને પામવા જેટલું આયુષ્ય કે ધીરજ કે ભૂત અને ભાવિની આરપાર ફરી વળતી નજર સામાન્ય માણસ પાસે નથી. માનવજાતિમાં જેમને કળાની બક્ષિસ મળી હોય છે તેઓ આ સંવાદને પારખે છે ને માનવજાતિનું એ સંવાદ સાથે સંયોજન કરતા રહે છે. કળાકારનો ધર્મ એટલે સંવાદિતાની સાધના...કળાકારોમાં અને જીવનયોગીઓમાં આ સાધના તીવ્રપણે વરતાય છે પણ સમગ્ર માનવજાતિ પણ એ સંવાદિતાને જ ઝંખી રહેલી છે. ભલેને એનો માર્ગ શોણિતઅંકિત હોય. જરીક ઊંડાણથી અવલોકીશું તો જણાશે કે યુદ્ધ, સંઘર્ષ એ કાંઈક અણઘડ અને આકરો છતાં સંવાદિતા સાધવાની મથામણનો જ એક પ્રકાર છે. અત્યારનો તીવ્ર સંઘર્ષ એવી કોઈ મથામણની જ સાક્ષી પૂરે છે.

કળાકારનો એવે સમયે શો ધર્મ? ચંદનમહેલમાં નિરાળા રહીને નીરખ્યાં કરવું? કે કૂદી પડીને કોઈ પક્ષની દીક્ષા અંગીકાર કરવી? જીવનના જોદ્ધાઓ માટે આવી દીક્ષા અનિવાર્ય હશે. એમને જગત સત્ અને અસત્ એવા ઘેરા રંગે રંગાયેલા પક્ષો રૂપે ભાસતું હશે. પણ નિર્મળ સત્ કે અસત્‌ના પક્ષ જેવું કદાચ હોતું નથી. સંવાદિતાની સાધના જેમણે સ્વીકારી છે એવા કળાકારો ધીરતાપૂર્વક એવા પક્ષરંગથી પોતાની ક્રાન્તદર્શી નજરને ખરડાવા દેતા હોતા નથી. અપૂર્વ સહાનુકંપાથી વિકલ બનેલું એમનું હૃદય સંઘર્ષોથી અભિભૂત થયા વિના સંવાદિતાને જ સારવી લેતું હોય છે. વ્યાસે શું કર્યું? મહાસંઘર્ષમાંથી यतो धर्मः ततो जयः, જ્યાં ધર્મ ત્યાં જય એ સંવાદ સાર્વ્યો. પણ શાન્તિપર્વના આરંભમાં જ યુધિષ્ઠિર એકરાર કરે છે : जयोऽयं अजयाकारो भगवन् प्रतिभाति मे — આ જય એ અજય જેવો મને ભાસે છે. પાંડવોનો જય થયો એટલે એ સાચો જય છે અથવા ધર્મનો એમનો જ ઈજારો છે એવું વ્યાસ ક્ષણભર પણ સૂચવતા નથી. જેટલે અંશે ધર્મનું સેવન તેટલે અંશે જય એવો અર્થ यतो धर्मः એ મંત્રનો કરવાનો છે. સુયોધનના મૃત્યુપ્રસંગે થયેલી પુષ્પવૃષ્ટિના અને દ્વારિકાનિમજ્જન પછી રસ્તે આભીરોએ હલ્લો કરતાં 'સ્વેચ્છાથી ચાલી ગયેલી' યાદવ સ્ત્રીઓના વર્ણનદ્વારા જિતેલા કહેવાતા પક્ષની ટીકા પણ એમનાથી થઈ છે. શ્રીકૃષ્ણે શસ્ત્ર છોડ્યાં, પરંતુ છેવટ પાર્થસારથિ પણ એ બન્યા. વ્યાસનો સૌ ઉપર વાસ્તવિક સમ-ભાવ છે. અને તેથી તો અપુત્ર બનેલા ધૃતરાષ્ટ્રને સાન્ત્વન આપવામાં શ્રીકૃષ્ણ જ્યાં ફાવતા નથી ત્યાં વ્યાસના શબ્દની અસર થાય છે. ખરે જ, કળાકારની સાધના વિકટ છે. નૃપશાસન હતું તે સમયથી કવિઓને ભાટચારણ તરીકે જોવામાં આવ્યા છે. હવે લોકશાસન થયું એટલે કવિઓએ – કળાકારોએ લોકના ભાટચારણ બનવું જોઈએ – અને પરિણામે પક્ષદીક્ષિત થવું જોઈએ – એવો જાણ્યે અજાણ્યે ઘણાનો ખ્યાલ હોય છે. પણ કલાકારે તો સંવાદિતાની પરમ સાધનાદ્વારા જ મનુષ્યજાતિ પ્રત્યેનું ઋણ અદા કરવાનું છે.

ઉમાશંકર જોષી

સ મ ય રં ગ

તંત્રી

નવાં માસિકોની ઋતુ

ચારપાંચ મહિનાથી 'વંદના' નીકળ્યું છે. 'નાગરિક'નું તંત્ર આપણા બે સાહિત્યકારો સંભાળવાના છે. 'આકાશગંગા' ફરી શરૂ કરવાના પ્રયત્નો ચાલે છે. મુંબઈ નાટ્યમંડળ 'ગુજરાતી નાટ્ય'નો એપ્રિલ-મેનો પ્રથમ અંક હમણાં પ્રગટ કર્યો છે. રાણપુરથી શ્રી નરહરિ દવે અને દશરથકુમાર 'નવસર્જન' પ્રગટ કરવાની તૈયારીમાં છે.

૧૯૪૭માં સ્વાતંત્ર્યપ્રાપ્તિના ભળભાંખળામાં અનેક નવાં માસિકો નીકળ્યાં હતા અને ઘણાં તો કાળ ભગવાનના ઉદરમાં વિલીન પણ થઈ ગયાં છે. હમણાં નવા પ્રયત્નોની ઋતુ બેઠી હોય એમ વરતાય છે. બધાને સુખી સફર ઇચ્છીએ.

ગુજરાતી માસિકો અને શ્રી સૂબેદાર

ગુજરાતી નાટ્યમંડળ મુંબઈ તરફથી 'ગુજરાતી નાટ્ય'-માસિકનો પ્રથમ અંક પ્રગટ થયો છે તેમાં શુભેચ્છાના સંદેશાઓમાં શ્રી મનુ સૂબેદારનો પણ એક છે. સંદેશાનાં ત્રણ વાક્યમાંથી પહેલું આ છે: "ગુજરાતમાં બધા સામાન્ય વિષયોને લગતાં માસિક પણ 'અખંડ આનંદ' આવ્યું ત્યાં સુધી અત્યંત સાધારણ કોટિનાં હતાં." શ્રી સૂબેદાર અર્થકારણના આપણા અગ્રગણ્ય વિદ્વાનોમાંના એક છે. સાહિત્યની દુનિયાની એમની જાણકારી ઉપરનો અભિપ્રાય આપવા જેટલી હોય તો પણ પોતે જે સંસ્થાના ટ્રસ્ટી છે તેના તરફથી પ્રગટ થતા માસિક વિષે નિરભિમાન વચનો એમને વધારે શોભત. કદાચ એમને ખ્યાલ હશે કે અખંડ આનંદની પહેલાં અખંડ આનંદમાં અત્યારે જાહેર ખબરનાં પાનાં હોય છે એનાથી પણ ઓછાં પાનાંવાળાં પરંતુ અત્યંત તેજસ્વી માસિકોએ દલપતરામ અને નવલરામના વખતથી ગુજરાતની સેવા કરી છે. ઊલટું કોઈ પણ જાતના અવિનય વિના એમ કહી શકાય કે 'અત્યંત સાધારણ(કૉમન) કોટિ'ના માસિકનો નમૂનો અખંડ આનંદ આવ્યું તે પહેલાં જડવો મુશ્કેલ છે. અને આમ કહેવામાં એનું ગુણદર્શન કરવાનો જ હેતુ છે. અખંડ આનંદ એના વ્યવહારુ સાહિત્યરસિક તંત્રી નીચે લોકશિક્ષણનું વ્યાપક કાર્ય સુંદર રીતે કરી રહ્યું છે. માત્ર બહુજનસમાજની અર્ધનિદ્રિત ધર્મશ્રદ્ધાને પંપાળવા કરવાને બદલે જાગ્રત તેજસ્વી ધર્મભાવનાનો પુરસ્કાર કરવાનું વલણ વધુ પ્રબળ બને એમ ઘણા ઇચ્છશે.

ઓસરતાં વૈમનસ્ય

માલેન્કૉવ અધિકાર પર આવ્યા પછીનાં રશિયા-ન[illegible] નિવેદનો અને પગલાંથી જગતમાં વૈમનસ્ય ઓસરવા માંડ્યાં એમ લાગે છે. આઈઝનહોવરે પત્રકારો પાસે કરેલા નિવેદનમાં [illegible] આશયોની ઘોષણા છે. ('અર્ધ્ય'માં એવો ભાગ ઉતાર્યો [illegible]

એશિયા–આફ્રિકામાં સંસ્થાનોને સ્વતંત્રતા મળે તો સામ્યવાદ ફેલાશે એવી દલીલ કરી સ્વતંત્રતા રોકવાનું વલણ [illegible] થવાની જરૂર છે. કોઈ દેશ ઉપર બહારથી આક્રમણ થાય [illegible] યુનો મારફત એને અટકાવી શકાય. નૂતન ચીન યુનોનું સભ્ય [illegible] તો એના તરફથી એવી કોઈ ભીતિનો અવકાશ ઘટે.

ગુજરાત શાંતિપરિષદ

તા. બીજી-ત્રીજીએ અમદાવાદમાં ગુજરાત શાંતિપ[illegible] ભરાઈ. અખિલ હિંદ શાન્તિઆંદોલનના પ્રમુખ, સ્તાલિન [illegible] પારિતોષિકના વિજેતા ડૉ. કિચલૂ પ્રમુખપદે હતા. કૉંગ્રેસી[illegible] આમાં ભાગ ન લેવો એવો આદેશ પ્રાંતિક સમિતિના નેતા[illegible] થી ફરી વળેલો તેના પડઘા સારા પડ્યા ન હતા. શ્રી નરહરિ [illegible] પરીખે હાજરી આપી હતી. શ્રી રવિશંકર મહારાજ પ્રમુખ[illegible] માં રહ્યા હતા અને ગાંધીજીની શાન્તિભાવના નિરૂપી અ[illegible] ભૂદાનપ્રવૃત્તિના રહસ્યનું સૂચન કર્યું હતું. શ્રી દાદાસાહેબ માવ[illegible] ડૉ. સુમન્ત મહેતા આદિના સંદેશા આવ્યા હતા. ડૉ. કિ[illegible] પોતાના ભાષણમાં કહ્યું હતું કે આવા આદેશ નીકળવા ન [illegible] કૉંગ્રેસ મહાસમિતિમાં એને અંગે ઠરાવ કરાવવો જોઈએ. ([illegible] થી જાણવા મળ્યું હતું કે મુંબઈની સભામાં શ્રી પકવાસા [illegible] હતા અને નગરપતિ શ્રી ગણપતિશંકરે ડૉ. કિચલૂને પાદિ[illegible] મળ્યું તેમાં દેશનું માન થતું જોયું હતું. દિલ્હી સભામાં પ્રમુ[illegible] રાજેન્દ્રપ્રસાદ અને પં. નહેરુ આદિના સંદેશા મળ્યા હતા. [illegible]

અમદાવાદની પરિષદની સજાવટ સાદગીભરી હતી. [illegible] અને ગાંધીજીની છબીઓ મૂકી હતી. પાંચ મહાસત્તાઓ કરા[illegible] એશિયાવાસીઓ આપસમાં નહિ લડે, સામ્રાજ્યવાદીઓ [illegible] છોડો,—એ ત્રણ સૂત્રો ટાંગ્યાં હતાં. ગીતોનો કાર્યક્રમ સારો [illegible]

શાંતિઆંદોલનને સૌનો ટેકો શી રીતે મળે?

શાંતિપરિષદમાં મને બોલવાનું કહેવામાં આવતાં, મેં [illegible] પ્રમાણેના વિચારો રજૂ કર્યાં હતા :

સૌ શાંતિ ઝંખે છે, પણ જે રીતે શાંતિ સ્થાપી હોય છે તે રીત એવી હોય છે કે તેમાંથી ફરી પાછી અશાંતિ નીપજે છે. વધુ લશ્કરીબળ દ્વારા ઝટપટ શાંતિ સ્થાપવાનું મન થઈ જાય છે, પણ એમ સ્થપાયેલી શાંતિ અલ્પજીવી હોય છે. ગાંધીજીની રીતથી અકળાઈ જવાય છે. કીડીના વેગે વાત આગળ ધપતી હોય એમ લાગે છે. પણ ગાંધીજી ખુમારીથી એ મતલબનું કહેતા કે મારે રસ્તે જતાં પાંચ-પચાસ કે સેંકડો કે હજારો વરસ લાગવાનાં હોય તો ભલે લાગે, પણ અંતે તો મારો રસ્તો ટૂંકામાં ટૂંકો છે.

શાંતિના પ્રશ્નમાં રસ લેતા, ખાસ કરીને બિનપક્ષીય, માણસોએ કશી આભડછેટવૃત્તિ વિના શાંતિના વિવિધ પ્રયાસોમાં રસ લેવો જોઈએ. આ શાંતિઆંદોલન વિષે દુનિયાના બૌદ્ધિકોમાં શંકા છે કે લોખંડી પડદાની આ બાજુ સામ્યવાદીઓએ મૂકેલો આ તો એક જાતનો ટ્રૉયનો ઘોડો (ટ્રોજન હૉર્સ-જેમાં દુશ્મન સૈનિકો છાપો મારવા છુપાઈ પેઠેલા હતા) છે, રશિયા-ચીનની વિદેશનીતિનો પુરસ્કાર કરવાનો મોરચો છે આ શંકા દૂર થવી જોઈએ. ચીને જ્યારે કોરિયા ઉપરના હિંદી ઠરાવને ફેંકી દીધો ત્યારે અહીંના શાંતિકાર્યકરોમાંથી એકાદને પણ એ અયોગ્ય લાગ્યું ન હતું? લાગ્યું હોય તો એ વ્યક્ત કર્યું હતું? વરસના ત્રણસો સાઠ દહાડામાં રશિયા-ચીનની એક વાત કે વાતના કોઈ અંશ વિષે મતભેદ બતાવવાનો પ્રસંગ જ ન આવે તો ઉપરના જેવી શંકાને બળ મળે. બીજું, શાંતિના રશિયા-ચીનના ખ્યાલનો આપણે ત્યાં પ્રચાર થાય છે, પણ તે દેશોમાં શાંતિના દા. ત. ગાંધીજીના વ્યાકરણ(ધ ગાન્ધીઅન ગ્રામર ઑફ પીસ)નો પ્રચાર રાજ્યના અંકુશોને લીધે આમ તો સંભવિત નથી, પણ શાંતિઆંદોલન દ્વારા શાળામહાશાળા, જાહેર સંસ્થાઓ, વર્તમાનપત્રો આદિની મદદથી થવો જોઈએ. આમ થતાં શાંતિઆંદોલન સૌ રસ લઈ શકે એવું વિશાળ ભૂમિકાવાળું આપોઆપ બનશે.

ગૂજરાત લેખકમિલન :

ચોથું અધિવેશન, સુરત

ગૂજરાત લેખકમિલનના કાર્યવાહકો તરફથી નીચેનું મળ્યું છે :

શ્રી નર્મદ સાહિત્યસભા, સુરતના આમંત્રણથી ગૂજરાત લેખકમિલનનું ચોથું અધિવેશન આ વર્ષે સુરતમાં યોજવામાં આવ્યું છે.

સ્થળ : એમ. ટી. બી. કૉલેજ

સમય : ૫, ૬, જૂન, ૧૯૫૩

કાર્યક્રમ નીચે પ્રમાણે છે :

૫ જૂન, શુક્રવાર :

સવારે ૮-૩૦ વાગે

સ્વાગત.

મંગલ પ્રવચન : શ્રી વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી

પરિચય. "મારો પ્રિય ગૂજરાતી વિદ્યમાન લેખક" ઉપર વિવિધ વક્તાઓનાં વક્તવ્ય અને પ્રશ્નોત્તરી.

સાંજે ૪-૦૦ વાગે.

"ગમ્યું તે ગાયું" (વીથ નો એપોલોજીઝ)

રાત્રે ૯-૦૦ વાગે.

જાહેર કાર્યક્રમ : સાહિત્યમાધુરી.

૬ જૂન, શનિવાર :

સવારે ૮-૩૦ વાગે.

"હું શું લખવા ધારું છું?" ઉપર વિવિધ વક્તાઓનાં વક્તવ્ય.

બપોરે ૧૨-૦૦ વાગે.

'મિલન' વિષેની વિચારણા

બપોરે ૩-૩૦ વાગે

"મરાઠી સાહિત્યમાં મારું અર્પણ"

શ્રી મામા વરેરકર.

શ્રી અનંત કાણેકર

શ્રી બાળકૃષ્ણ બોરકર

સાંજે ૫-૩૦ વાગે

નર્મદ સાહિત્યસભાના સમારંભમાં હાજરી

૭ જૂન, રવિવાર :

પર્યટન

પત્રવ્યવહાર શ્રી જયન્તીલાલ દલાલ, વસન્ત પ્રેસ, ઘીકાંટા અમદાવાદ એ સરનામે કરવો.

ભૂમિદાન અંગે ડૉ. જ્ઞાનચંદના વિચારો

પ્રસિદ્ધ અર્થશાસ્ત્રી ડૉ. જ્ઞાનચંદ માર્ક્સવાદી વિચારક છે. પેકિંગમાં ભરાયેલી એશિયાઈ અને પાસિફિક પ્રદેશોની શાંતિ-પરિષદમાં ગયેલા હિંદી પ્રતિનિધિમંડળના એ ઉપનેતા હતા. હમણાં ચાંડિલ સંમેલનમાં હાજરી આપ્યા પછી ભૂદાનપ્રવૃત્તિ વિષે એમના જે વિચારો પ્રગટ થયા છે (મરાઠી 'સાધના'માં) તે રસપ્રદ નીવડશે :

સામાજિક ક્રાંતિનો સંદેશ આ આંદોલનને લીધે દેશને ખૂણે-ખાંચરે ફેલાશે અને હમણાં પ્રસરેલી ઉદાસીનતા જઈને રાષ્ટ્રમાં

[અનુસંધાન પૃ. ૨૦૦ ઉપર]

હોલા-હોલીનો સત્યાગ્રહ

કિશોરલાલ મશરૂવાળા સં. નરહરિ પરીખ

[૧૯૨૭ના રેલસંકટ વખતે શ્રી કિશોરલાલભાઈ વડોદરામાં કામ કરતા હતા અને ત્યાંની એક ધર્મશાળામાં રહે હતા. ત્યાં રાત્રે ચોર આવ્યો, પણ બધા જાગી જવાથી ચોર પકડાઈ ગયો. પોલીસે એના ઉપર કેસ કર્યો. શ્રી કિશોરલાલભાઈ પત્ની ગોમતીબેને એને પેટી ઉપાડતો જોયેલો અને પેટી કિશોરલાલભાઈની હતી એટલે બેયને સાક્ષી આપવાનો પ્રસંગ આવે કિશોરલાલભાઈએ વિચાર કર્યો કે ચોરને થોડી સજા થાય અને તેથી સુધરે તો સાક્ષી આપવામાં વાંધો ન ગણવો. વિચારથી મૅજિસ્ટ્રેટની કોર્ટમાં બંનેએ જુબાની આપી અને મૅજિસ્ટ્રેટને પાછી અરજી આપી કે તમે ચોરને ઓછામાં ઓ સજા કરશો. એ અરજી અનધિકૃત ગણીને મૅજિસ્ટ્રેટે ફાઇલ કરી અને પેલા ચોરે પહેલાં ઘણી વાર ગુના કરેલા હોવાથી વધારે સજા કરાવવાના હેતુથી સેશન્સ કમીટ કર્યો. દરમ્યાન કિશોરલાલભાઈએ બાપુજીને કાગળ લખ્યો. બાપુજીએ આપી કે અહિંસાની દૃષ્ટિએ આપણાથી જુબાની ન અપાય. આજે એની અસર કશી ન થાય, પણ આપણે આ પદ્ધતિ સુધારો કરાવવો હોય તો આપણા જેવા કેટલાક જણા જુબાની ન આપે — અને જુબાની ન આપવા બદલ સજા વેઠે — આ પદ્ધતિમાં સો-બસો વરસે પણ સુધારો થશે. કિશોરલાલભાઈ ને સ્વતંત્ર રીતે પણ લાગેલું કે આપણે જુબાની આપી તે કરી. પછી સેશન્સ કોર્ટ તરફથી બંને જણને જુબાની આપવાનો સમન્સ મળ્યો. એમણે જુબાની આપવાની ના કહી કોર્ટે કહ્યું કે જુબાનીની વાત પછી જોઈ જશે, પણ તમે સોગન તો લો, સોગન લેવામાં શો વાંધો છે? બેય જણાએ સો લીધા અને નામઠામ લખાવ્યાં. પછી જુબાની આપવાની ના પાડી. તે બદલ સેશન્સ જજ એમને સજા કરી શકે, પણ સેશ જજ ઉપર કિશોરલાલભાઈના કોઈ મિત્રે લાગવગ વાપરેલી કે ગમે તેમ કરીને આ લોકોને સજા ન કરશો. એટલે સેશન્સ નીચલી કોર્ટમાં આપેલી જુબાની રેકર્ડ ઉપર લીધી અને ચોરને સજા કરી. આમ સત્યાગ્રહી તરીકે કિશોરલાલભાઈ બની એનું આ પ્રહસન છે. નીચે '**હોલો પોતે**' એમ સહી કરેલી છે. — **ન.**]

એક મોટી હવેલી હતી. એના છાપરા નીચેની બખોલમાં એક હોલા–હોલીએ પોતાનો માળો બાંધ્યો હતો.

બાજુ પરની એક બીજી બખોલમાં એક કબૂતરના જોડાએ પોતાનો માળો બાંધ્યો હતો અને તેમાં ઈંડાં મૂકીને તેને સેવતાં હતાં.

એક દિવસ કબૂતરી આવીને હોલીને કહે : "બાઈ, આજે ભૂલેશ્વરના કબૂતરખાના આગળ એક શેઠે કબૂતરની ન્યાત કરી છે, એમાં અમારે ચણવા જવાનું છે. બાઈ, મારાં ઈંડાંને તું આજનો દહાડો સંભાળીશ ?"

મોટા મનની હોલીએ કહ્યું : 'હા, બાઈ, જા સુખેથી જઈને ચણી આવ. કશી ચિંતા કરીશ નહિ. તારાં ઈંડાંને હું મારાં ગણીને જ સંભાળીશ."

કબૂતરનું જોડું ફરરર કરતું ઊડ્યું કબૂતરખાના પેલો હોલો ને હોલી કબૂતરના માળામાં જઈને બેઠાં.

હોલાંની પાંખો નાની, અને કબૂતરનાં ઈંડાં વધારે મોટાં. જેમ તેમ કરી બીજાં ઈંડાંને તો પાંખો તળે દાબ્યાં એક ઈંડું બહાર રહ્યું.

મોડું થયું પણ કબૂતરો તો ચણવા ગયેલાં પણ આવે જ નહિ. બેઠાંબેઠાં હોલા–હોલીની આંખમાં ભરાવા લાગી.

સામે એક લુચ્ચા કાગડાની આંખ પેલા છૂટા ઈં પડી. એની દાનત બગડી અને એ અંદર પેસવાનો જોવા લાગ્યો.

અંતે પેલા હોલા–હોલીની આંખ મળી ગયેલી કાગડો હળવે રહીને અંદર પેઠો અને ઈંડું ચાંચમાં ઉ

સળવળાટથી એકદમ હોલી જાગી ઊઠી.

હોલીને કાંઈ ચિચિયારી કરતાં આવડે ? પણ આજ તો ધારતીની મારી એની ચાંચ ઊઘડી ગઈ અને ગળામાંથી જેટલે મોટથી ઘૂ-ઘૂ-ઘૂ કરી શકાય તેટલો અવાજ કર્યો. સફાળો હોલો પણ જાગ્યો અને બન્ને જણાં પાછળ પડ્યાં. કાગડાથી ઈંડું નહિ લેવાયું અને તે મૂકીને એણે ઊડવા માંડ્યું.

ખળભળાટથી આજુબાજુથી લલેડાં દોડી આવ્યાં અને કાગડાને ઊડીને નાસતો જોઈ લેલે લેલે કરતાં એની પાછળ પડ્યાં. થોડી વારમાં તો લલેડાંએ કાગડાને પકડી પાડ્યો અને બાંધીને પોલીસકચેરીમાં હાજર કર્યો. લુચ્ચા કાગડાને શિક્ષા થવી જ જોઈએ એવો બધા લલેડાંનો એક મત થયો. પોલીસકચેરીમાં એચાર કાબરો બેઠી હતી. તેમાં એક ફોજદાર હતો. તેણે હોલાને બોલાવી મંગાવ્યો.

હોલાને વિચાર થયો : " આ તો ભૂંડું થયું. આ કાબરો તે વળી ક્યાં ભલાં છે કે એ કાગડાને શિક્ષા કરવા લાયક ગણાય ? જીવતાં ને જીવતાં જીવડાં ખાય, લોકોના ઘરમાં જઈ રોટલી, ભાત, મલાઈ વગેરે ચોરી જાય, અને મોટા શાહુકારની માફક કાગડાને શિક્ષા કરાવવા માગે ! એ શિક્ષા કરાવવાના કામમાં આપણાથી ન પડાય ! "

વળી વિચાર કર્યો : " પણ, આમ કાગડો ચોરી કરે એ પણ કાંઈ બરોબર તો ન જ કહેવાય. એમ ઈંડાં ચોરાય તો પંખીઓ કેમ નીરાંતે સૂઈ શકે ! પંખીઓમાં એવી વ્યવસ્થા તો હોવી જ જોઈએ કે જેથી ચોરીઓ ન થાય. અને જો ચોરીની વાત આપણે કાબરફોજદારની પાસે જાહેર ન કરીએ તો એવી વ્યવસ્થા પણ કેમ થઈ શકે ? માટે થયેલી બિના જાહેર તો કરવી જ. "

ખાવાપીવાનુંયે બાજુએ મૂકી પંખીસમાજ પ્રત્યેની ફરજ બજાવવા માટે હોલાભાઈ તો ઊપડ્યા કાબરકચેરીમાં. ફોજદાર કાબરે કલબલ કલબલ પૂછવા માંડ્યું. હોલાએ કાલકાઈથી ઘૂ-ઘૂ-ઘૂ લખાવ્યું.

ફોજદારે પૂછ્યું : " તમે હરામખોરને ઈંડું મેલી દેતાં જોયો હતો ? "

હોલો કહે : " ના, એ તો હોલીએ જોયો હતો. "

ફોજદાર કહે : " હવે, એનું નામ શીદ લાવો છો? નકામું કચેરીમાં અથડાવું પડે. કહી દેજો ને કે, હા. બાપડાં બાઈ માણસને કચેરીમાં ઘસડાવું પડશે. "

હોલો કહે : " ના, ના. મારાથી જૂઠું બોલાય નહિ. હોલીને કચેરીમાં જવું યે પડે. "

બીજી કાબર કહે: " મોટો હરિશ્ચંદ્ર લાગે છે ! "

પછી વળી પૂછ્યું : " આવી તમારી ફરિયાદ છે ને ? "

હોલો કહે : " ના, ના. હું ફરિયાદ કરતો જ નથી. હું તો અહીં જાહેર કરું છું એટલું જ. મારી કાંઈ ફરિયાદ કરવાની ઇચ્છા નથી. "

ફોજદાર : બહુ ચીબાવલો લાગે છે !

કાબરોએ તો પકડ્યો કાગડાને અને પૂર્યો કેદમાં, પછી ન્યાયમંદિરમાં ફરિયાદ નોંધાવી.

પંખીનો રાજા ગરુડ એ તો બધા જાણે છે. પણ ગરુડરાજ કાંઈ બધી ફરિયાદો સાંભળે ? એ તો ન્યાયાધીશનું કામ. ગરુડરાજના ન્યાયાધીશ કોણ હશે, ખબર છે ?

જુઓ, શાણા, વ્યવહારુ, ચતુર પોપટોને ગરુડરાજ વકીલ નીમે છે, અને તેમાંથી જંગબારી પોપટ, કાકાકૌઆ વગેરે જાતના પોપટો ન્યાયાધીશ બને.

એક જંગબારી પોપટ આગળ ફરિયાદ આવી; એક શાણા, લાલકસુંબી ચાંચવાળા પોપટે કાબરો તરફથી વકીલાત કરી.

હોલો તો બહુ મૂંઝવણમાં પડ્યો. એ તો સત્યાગ્રહી ! અહિંસામાં માને, સત્યમાં માને, કાગડાનુંયે બૂરું ઇચ્છે નહિ, પંખીઓનુંયે ભલું કરવા ચાહે. એને ન્યાયમંદિરનાં ફારસોમાં શ્રદ્ધા નહિ, શિક્ષા કરવાથી કાંઈ કાગડો સુધરશે એમ લાગે નહિ, બહુબોલા પોપટો ભલા જ હોય છે એમ ખાતરી નહિ, કાબરોની ડોંગાઈ તો જાણીતી જ; પેલાં ચકલાં ન્યાયમંદિરનાં કારકુન. એમને કોણ ઓળખતું નથી ! આ બધા ન્યાય કરવાના, અને કાગડાભાઈને ચોર ઠરાવવાના ! અને શા પાપે ? કબૂતરોને મનમાન્યા દાણા મળે, કાબરો ફૂદફૂદ કરતી આવે ને લૂટી જાય, ચકલાંને તો જાણે ધાસ્તી જ નહિ. પોપટ મીઠું મીઠું બોલી માલમાલ ખાઈ જાય; બળિયાં પક્ષી લૂંટે તેને તો ચોર કહે જ કોણ, બાપડા કાગડાને

જે જુએ તે ' એ, ઉડાડ ! એ, ઉડાડ ' કરીને ક્યાંય ઠરવા ન દે. એને પણ જીવ હોય કે નહિ ? આમાં તો દોષ બધાનો છે. પ્રામાણિક રીતે ગુજરાન કરવાનો કાગડાને માટે માર્ગ હોવો જોઈએ. આમ શિક્ષા કર્યે કાંઈ ચાલે ! એ તો ચોરી કરી કરીને જ પોતાનું જીવન પૂરું કરવાનો.

પણ હવે શું કરવું ? ન્યાયમંદિરમાં બોલાવે ત્યારે શું કહેવું ? સાક્ષી ન આપવી ? બહુ પંખી ભેગાં રહે ત્યાં કોઈ ખરાબ તો હોવાનાં જ; અન્યાય થવાનો. જબરાં હોય તે ગરીબને પીડવાનાં. સુધરેલાં પંખી હોય તો તેઓ ન્યાયકચેરીમાં ઇન્સાફ કરાવે. જંગલી હોય તો અંદર અંદર લડી મરે. ઇન્સાફકચેરી તો જોઈએ જ. ડાહ્યાં પંખી હોય તેણે એ કચેરીના કામમાં મદદ પણ કરવી જોઈએ. મદદ કરું તો કાગડાને શિક્ષા થાય. એમાં મને વિશ્વાસ નથી. ન કરું તો ડાહ્યો – સુધરેલો ન-ગણાઉં !

અંતે હોલાએ વિચાર્યું : ' કચેરીમાં તો જઈશ. સાક્ષીએ આપીશ. પણ ઇન્સાફની આવી રીતમાં અને શિક્ષાની પદ્ધતિમાં વિશ્વાસ નથી એમ પણ સાથે સાથે જણાવીશ. ન્યાયાધીશને કહીશ કે કાગડા પર દયા બતાવે. કોઈ ઓળખીતા પોપટલાલને કહીશ કે એની તરફથી વકીલાત કરે. આટલી મારી કાગડા તરફની સદ્વૃત્તિ જણાવી એટલે મેં મારી ફરજ બજાવી. બાકી હવે એ પકડાયો એટલે પરિણામ કાંઈ મારા હાથમાં છે !'

હોલાએ સામેના ઝાડ પર રહેતા એક પોપટને કહ્યું : " ભાઈ, આટલું કામ ન કરે ? આ કાગડાની તરફ રહેમ બતાવવા ન્યાયાધીશને વિનવે નહિ ? "

નમણા રાતા નાક નીચે હસવું છુપાવી પોપટ બોલ્યો : " હવે આવા કાગડા ઉપર તે દયા હોય ? અત્યાર પહેલાં એણે કેટલી વાર ઈંડાં ચોર્યાં છે તે જાણો છો ? તમે તો સાવ અવ્યવહારુ છો. "

હોલાએ વિચાર્યું : " મારો કાંઈ પોપટ પર જોરો છે ? એમની વ્યાવહારિક બુદ્ધિને મારી વિચારસરણી કેમ સમજાય ? હશે, હું મારે મારી તરફથી જંગબારી સાહેબને વિનંતિ કરીશ. મારા હાથમાં છે તેટલું હું મારે કરી છૂટીશ. "

ઠરાવેલે દહાડે હોલા જોડું ન્યાયમંદિરમાં ગયું. હોલાએ એક વિનંતિપત્ર તૈયાર કરી રાખ્યું. એમાં લખ્યું કે :

" સાહેબ,

મને આ કેસમાં સાક્ષી આપતાં દુઃખ થાય છે. સ
ન આપું તો પંખીસમાજ પ્રત્યેની ફરજ ચૂકું. પણ
છું તો તેમાં અસત્ય જોઉં છું. કેમ કે–

મને શિક્ષા કરાવવાની રીતમાં વિશ્વાસ નથી.

મને ન્યાય કરાવવાની પદ્ધતિમાંયે વિશ્વાસ નથી.

મને જેઓ શિક્ષા કરાવવા પ્રયત્ન કરે છે તેઓ
કરતાં વધારે ભલાં છે એવો વિશ્વાસ નથી.

કાગડાઓ બધા જેવી રીતે વર્તે છે તે રીત જ એ
કે એને ચોરી કર્યા વિના છૂટકો ન થાય.

પણ તમે કહેશો કે : ' આ બધું સાંભળીને હું શું
મારે તો ગુનો સાબિત થાય તો શિક્ષા કરવી જ જોઈએ

તમે છોડવાની હિંમત ન કરો તો મારી એટલી
છે કે કાગડા ઉપર બતાવી શકાય તેટલી રહેમ બતાવવી"

કાબર પક્ષના પોપટને કાગળ બતાવ્યો. ઠાવકું મેં
પોપટે કહ્યું : " હા, ભલે, સાહેબને આપજો ને."

સાક્ષીના પાંજરામાં હોલાને ઊભો રાખ્યો. સાચું
ના સોગંદ લેવડાવ્યા, જુબાની લીધી અને જવાનું
હોલાએ પેલો કાગળ આગળ ધર્યો. જંગબારી સાહેબ
" આનું મારે શું કામ છે ? આ મારાથી ન લેવાય."

હોલો કહે : " આમાં મેં વિનંતિ કરી છે. "

જંગબારી : " મારે તમારી વિનંતિને શું કરવી

કાબરનો વકીલ : " સાહેબ, લઈ ને એને ખુશ
દફતરે રહેશે એટલે થયું."

હોલીની સાક્ષી લીધી. બન્ને ઘેર આવ્યાં.

હોલાને થયું, આ તો બધાં દુનિયાદારી માણસો
એમની આગળ આવી વિનંતિ કરવી નકામી છે.
કામમાં મદદ કરી આપણાથી એમને ન સમજાવાય.
જ મદદ કરવી નહિ એ જ ઉપાય.

હોલાઓના મુખીને પૂછ્યું કે આવું થાય ત્યારે શું
એણે કહ્યું, આપણાથી ફરિયાદ ન કરાય, આપણાથી
ન અપાય. હોલાએ નિશ્ચય કર્યો, હવે કોઈ દિવસ
આપવી.

બીજી બાજુ પેલા જંગબારી પોપટની કચેરીમાં કાબરો કહે, આ કાગડાએ તો પહેલાં બહુ વાર ચોરી કરી છે. એને તો સાહેબે બહુ શિક્ષા કરવી જોઈશે.

જંગબારી કહે, મારો શિક્ષા કરવાનો અધિકાર થોડો છે. માટે ચાલો, હું એને કાકાકૌઆ સાહેબ પાસે મોકલાવી દઉં.

કાકાકૌઆ સાહેબ પાસે તો ન્યાયનું મોટું નાટક થાય. એ તો એકલા ઇન્સાફ કરે જ નહિ. એ તો પોતાની સાથે વળી ચકલાનું પંચ બેસાડે. ચકલાના દેખતાં ઇન્સાફનું કામ ચલાવે. પછી ચકલા કહે કે 'અપરાધ થયો છે' તો શિક્ષા કરે, 'નથી થયો' કહે તો છોડી મૂકે. એની કચેરીમાં તો વળી વધારે ચતુર અને બોલકણા પોપટ આવે.

હોલા–હોલીને પાછું તેડું આવ્યું કે ચાલો, કાકાકૌઆની કચેરીમાં, વળી સાક્ષી આપવા.

હોલાને થયું : "હાશ, મારી ભૂલ સુધારવાનો આ તો મને અણધાર્યો પ્રસંગ મળ્યો. હવે તો હું સાક્ષી આપું જ નહિ."

હોલીએ કહ્યું : "હોલારાજ ન આપે તો મારાથીયે કેમ અપાય ? હું યે નહિ આપું."

હોલો : "પણ શિક્ષા થશે તો ?"

હોલી : "થશે તો તમારી માફક હુંયે ખમીશ. હોલા–હોલીનું જોડું કાંઈ તૂટયું સાંભળ્યું છે ?"

હોલો : "સાબાશ હોલી, ધન્ય છે તને. તારા વિચારમાં કાયમ રહેજે."

હોલો–હોલી ચાલ્યાં કાકાકૌઆના દરબારમાં. સાથે ચાલ્યાં બીજાંયે હોલાં, કબૂતર, દેવચકલી વગેરે હોલા–હોલીનો સત્યાગ્રહ જોવા.

પણ કચેરીમાં જુએ છે તો ત્યાં તો નવું સાંભળ્યું.

કાકાકૌઆનો એક સગો તે હોલાનો મિત્ર નીકળ્યો. એણે સત્યાગ્રહ થવાની વાત જાણી લીધી. એણે વિચાર્યું, મારા મિત્રને સજા થાય એ કાંઈ ઠીક નહિ. આ હોલાં એકલાં ભોળાં. એમને દુનિયાનું જ્ઞાન નહિ, અને નકામા જેવા ઝઘડા માટે સજાનું જોખમ વહોરવા તૈયાર થાય. એને સમજાવીએ તો સમજશે નહિ. પણ મારે તો ગમે તેમ કરી બન્નેને શિક્ષામાંથી બચાવવાં જોઈએ.

એણે કાકાકૌઆને કહ્યું, જો, મારા મિત્રો પર કામ ચલાવવું નહિ. કાબરોના પોપટને કહ્યું, જો, એના ઉપર કામ ચલાવવાનું કહીશ નહિ.

કાકાકૌઆએ અને દરબારી પોપટે કાંઈ અંદર અંદર મસલત કરી, અને બોલાવ્યાં હોલા–હોલીને સાક્ષીના પાંજરામાં. હોલાને કહ્યું, સોગંદ લો.

હોલો કહે, મારે સાક્ષી નથી આપવી.

કાકાકૌઆ કહે, સાક્ષી ન આપશો ને ? પણ સોગંદ તો લેવા જ પડે ને ?

હોલો બાપડો ભોળવાઈ ગયો. સોગંદ લીધા, નામ નોંધાવ્યું, બાપનું નામ નોંધાવ્યું, રહેવાનું ઠેકાણું નોંધાવ્યું.

પછી દરબારી પોપટે પ્રશ્ન પૂછયો : "તમે પેલી હવેલીના છાપરા નીચેની બખોલમાં રહો છો ને ?"

હોલો કહે : "હું જવાબ નહિ આપું."

પોપટ : "પણ આટલું કહેવાને શું છે ?"

હોલો જરા મરડાઈને બોલ્યો : "હુંયે કાયદો ભણ્યો છું, હોં."

પોપટે મોઢું મલકાવી કહ્યું : "વાહ, હોલાભાઈ, એ તો બહુ સારી વાત."

કાકાકૌઆએ ઘૂરકીને કહ્યું : "રહેવા દો તમારું જ્ઞાન તમારી પાસે. સીધો જવાબ આપો."

હોલો એમ કાંઈ બીએ એવો નહોતો. એણે કહ્યું : "નહિ આપું જવાબ."

બીજો પ્રશ્ન પૂછયો. પાછું કહ્યું : "હું જવાબ નહિ આપું."

કાકાકૌઆએ ડોળા ઝીણા કર્યા ને પાછો ઘૂરકયો : "ત્યારે તમે ઇન્સાફના કામમાં મદદ કરવા માગતા નથી, ખરું ને ?"

હોલો કહે : "શિક્ષા કરવામાં મદદ કરવા નથી માગતો."

કાકાકૌઆ : "શિક્ષા કરવામાં મારે તમારી મદદ નહિ જોઈએ. ઇન્સાફના કામમાં મદદ જોઈએ છે."

હોલો કહે : " મારાથી ઇન્સાફની ચાલુ પદ્ધતિમાં મદદ નહિ આપી શકાય."

એક ચકલો ચશ્માં ચઢાવી કારકુન થઈ ને બેઠો હતો. હોલો કહે તે લખીએ.

કાકાકૌઆ કહે : લખી લ્યો કે, "ઇન્સાફના કામમાં મદદ કરવા નથી માગતો" એમ કહે છે.

હોલો કહે : " એમ નહિ. ઇન્સાફની ચાલુ પદ્ધતિમાં મદદ કરવા નથી માગતો."

કાકાકૌઆ : " હવે રહેવા દો તમારું ડહાપણ."

પણ હોલો જાતે નરમ તોયે દૃઢ રહ્યો.

એણે કહ્યું : " હું લખાવું છું તેમ નહિ લખો તો હું સહી નહિ કરું."

ન્યાયાધીશ હાર્યો અને છર કરી બોલ્યો : " વારુ, તમને જોઈએ તેમ લખાવો." પછી કાબરના પોપટને કહે, બીજું પૂછો.

સ૦ : તમારી જંગબારી સાહેબ પાસે સાક્ષી થયેલી ને ?

જ૦ : હા.

સ૦ : ત્યાં ત્યારે કેમ આપી ?

જ૦ : ભૂલ થઈ.

સ૦ : જુઓ, આ જ ને તમારી સાક્ષી ?

જ૦ : તે હું નહિ કહું.

કાબરનો પોપટ કહે : " એ સાક્ષી એની નથી એમ કાંઈ હોલાએ કહ્યું નથી એટલે એણે પહેલી જે સાક્ષી આપી તે વડે ચલાવી લેવું."

કાકાકૌઆએ કહ્યું, ઠીક. પછી હોલાને કહે, અમારું કામ થઈ ગયું, તમે તમારે જાઓ.

હોલીને પણ બોલાવી. હોલીએ પણ સાક્ષી આપવા ના કહી. એને પણ સોગંદ લેવડાવ્યા.

બહુ નમ્રતાથી દરબારી પોપટે પૂછ્યું : " બહેન, તમે પેલી હવેલીના છાપરા નીચે રહો છો ને ?"

હોલી : હા.

સવાલ : વારુ, તમે એક દહાડો કબૂતરનાં [illegible] સાચવતાં'તાં ?

હોલી : હા.

સવાલ : એક દહાડો તમારી અને હોલાભાઈની [illegible] મળી ગઈ ત્યારે કાંઇ ખળભળાટ થવાથી તમે જાગી [illegible]

હોલી : હા.

સવાલ : પછી તમે એક માણસને બેઠેલો જોયો, [illegible]

હોલી બોલી જ નહિ.

કાકાકૌઆ કહે : કેમ બહેન, જવાબ આપો ને.

હોલી : હું નહિ કહું.

પોપટે બીજો સવાલ પૂછ્યો : તમારા ધણી પણ [illegible] ઉઠેલા ને ? આનો જવાબ આપો બહેન, આ કાંઈ આ[illegible] લગતો સવાલ નથી.

હોલી બોલી નહિ.

કાકાકૌઆ કહે : કેમ, નહિ જ બોલો ?

હોલી : હું કંઈ જ કહેવાની નથી.

પોપટ : હશે ત્યારે. પણ આ ઈંડું તો પેલા [illegible] જ ને ?

હોલીને થયું, ના કહીશ ને બાપડાં કબૂતરનું [illegible] તો ? એટલે ઝટ દઈને બોલી દીધું, " હા."

કાકાકૌઆ કહે : વારુ, હવે જાઓ.

બાપડાં હોલા-હોલી ભોંઠાં પડ્યાં. એમને થ[illegible] લુચ્ચા પોપટોએ આપણા ભોળપણનો પૂરો લાભ લીધો. [illegible] થયું કે સત્યાગ્રહી થવું, લુચ્ચાઈ, અસત્ય ન કરવાં; પ[illegible] સમજાય નહિ–એ કાંઈ બરાબર નહિ.

હોલા-હોલીનો સત્યાગ્રહ પૂરો થયો. સાંજના [illegible] સુજાણુ પોપટો, કાકાકૌઆઓ ઈંદ્રફળના વેલાઓ ઉ[illegible] હોલા-હોલીના સત્યાગ્રહ ઉપર હસવા લાગ્યા, [illegible] ચતુરાઈથી એમને બનાવ્યા તેની પરસ્પર વાતો કર[illegible]

હોલાને એટલું તો થયું કે નયું ભોળપણ તો [illegible] પણ હોલો તે હોલો જ. એ કાંઈ ભોળપણ છોડી [illegible]

—હો[illegible]

કલાપી, સુમન અને મિત્રમંડળ*

કથન : દરબારશ્રી વાજસુરવાળા આલેખન : કપિલ ઠક્કર

અનંત શાન્તિની શોધ

૧૮૯૯–૧૯૦૦માં લખાયેલા ચાર સંવાદો આપણે જોઈ ગયા. આજ બાવન વરસ વીતે પણ એ ચાર સંવાદોની હરોળમાં મૂકી શકાય એવા ઘણા સંવાદો ગુજરાતી સાહિત્યમાં ઉમેરાયા નથી એ તમારું કથન કદાચ સાચું હશે. એનું મુખ્ય કારણ તો એ કહી શકાય કે એ ચારેયમાં અંતરનું મંથન છુપાયેલું છે. થિયોસોફીના સ્વીડનબોર્ગના સાહિત્યનું ઠીકઠીક વાચન એના પાયામાં છે એ વાત ખરી, પણ 'અનંત શાન્તિની શોધ 'પાછળ જતા આત્માની વેદના પણ એમાં ભરી છે. પરીઓનાં અને જોગીઓની જમાતનાં સ્વપ્નાંઓ નીરખતો અને માતાને હાથે છેલ્લું વસ્ત્ર પહેરીને ગુરુ મત્સેન્દ્રની છાયામાં આશ્રય મેળવવા પહોંચી જતો અઢાર વરસનો યુવાન રાજા ગોપીચંદ; નર-રાક્ષસમાંથી સંતોને માર્ગે વળી જતો ભયંકર લુંટારો જેસળ; " તારી બેડલી હું બૂડવા નહિ દઉં " એમ અનંત શ્રદ્ધાથી ઉચ્ચારતી સતી તોરલ; વાવના પગથિયા પર, એક કાળે જે પત્ની હતી એની કોતરાયેલી આરસમય મૂર્તિનાં દર્શન થતાં ભૂતકાળમાં વહી જતો યોગી ગોપીચંદ—એ બધાંના મંથનમાં આત્મમંથનનો પડઘો માત્ર હતો.

સને ૧૮૯૮–૯૯માં 'આશકની પ્રેમોપાસના' પૂરી થઈ. પછી તો 'સનમની શોધ,' જ બાકી રહી હતી. 'રાજ્યદ્વારોના ખૂની ભભકા' તરફ તો પ્રથમથી જ અણગમો હતો. એટલે ફરીથી એ જંગલો અને એ જોગીઓની જમાતો આંખ આગળ તરવરવા લાગી, અને રાજ્ય છોડી જવા માટેની આખરી તૈયારીમાં મન રોકાયું. આ વિચારો ગાદીએ બેસતાં પહેલાં પણ આવેલા, પણ વ્યક્ત કરવાની હિમ્મત નહોતી; અને થોડાં વરસો પહેલાં લીંબડીના ના. ઠાકોરસાહેબ સર જસવંતસિંહજી અને એમનાં રાણીસાહેબા પાસે એ માટે દિલ ખોલેલું ત્યારે ત્યાંથી કશું ઉત્તેજન મળેલું નહિ. મારી પાસે પણ પ્રસંગોપાત્ત આવી વાતો ઠાકોરસાહેબ કરતા, પણ અમે એ વાતોને કદી કશું ગંભીર સ્વરૂપ આપ્યું નહોતું, અને 'વખત આવ્યે જોઈ લેવાશે' એટલો જ ખ્યાલ કરી અટકતા.

દરમ્યાન ૧૯૦૦ના વરસમાં છપ્પનિયો દુકાળ આવ્યો. અમારે સૌને અમારા તાલુકાના કે રાજ્યના દુકાળરાહતના કામમાં રોકાઈ જવાનું હતું. સૌને પોતપોતાની શક્તિ અને જરૂરિયાત મુજબ જવાબદારી ઉઠાવવાની હતી. એ માટે 'એજન્સી' જાગૃત હતી અને અમારા કામ તરફ એની આંખ સતત ઉઘાડી હતી. એટલે એ વરસ દરમ્યાન અમારે મળવાના પ્રસંગો પણ લાંબે ગાળે આવવા લાગ્યા. પ્રજાને નિરાધાર મૂકીને રાજ્ય છોડીને ચાલ્યા જવાનો વિચાર તો ઠાકોરસાહેબ કરે એ એમના સ્વભાવમાં જ નહોતું. પણ રાહતકામ પૂરું થયે, ચોમાસું સારું નીવડે એ જોઈને એમણે થોડાક માસ અથવા એકાદ-બે વરસ માટે લાઠી છોડીને હિન્દુસ્થાનમાં કોઈ કુદરતી સૌંદર્યવાળા એકાન્ત પ્રદેશમાં ચાલ્યા જવાની સંપૂર્ણ યોજના તો ઘડી રાખી હતી, અને એ માટે એમના સલાહકાર સ્વ. ગોવર્ધનરામભાઈ સાથે વિસ્તૃત પત્રવ્યવહાર ચલાવ્યો હતો, અને એમના કારભારી ગિરધરલાલ મંગળદાસ દેસાઈ સાથે પણ પત્રથી ચર્ચા કરી હતી. એ બન્ને વ્યક્તિઓ પરના પત્રો પરથી, એમની આખી યોજના નીચે મુજબ હતી એમ સમજાય છે :

(૧) આ વરસે વરસાદ સારો થઈ જાય ત્યાર પછી, એટલે દિવાળી બાદ, આ વિચારો અમલમાં મૂકવાની મારી ધારણા છે.

(૨) રાજાની ગેરહાજરીમાં દુશ્મનો ચડી આવે એ કાળ હવે ગયો છે. લાઠી જેવા રાજ્યને સરકારને સોંપી જવામાં હાનિ જણાતી નથી. મારી ગેરહાજરીથી કશી હાનિ થવાની નથી. જેનું મન કાર્યમાં નથી,

* માર્ચ '૫૩ અંકથી ચાલુ.

જે કાર્ય જોઈ શકતો નથી, જે કાર્ય જોવા ઇચ્છતો નથી, એવા અન્ય રીતે ગમે તેવા સારા રાજાના રાજ્ય કરતાં સરકારી રાજ્ય આવે તે નાની હાનિ છે.

(૩) ત્રણચાર વરસ સુધી રાજ્ય છોડવું. પછી મને એમ લાગે કે મને જંગલમાં જ વાંચવાલખવાનું તેમ જ રાજ્યમાં રાજ કરવાનું સરખું જ સુખરૂપ છે, તો પાછું આવવું. એ લાગવું સહેલ નથી અને એમ લાગવાની જરૂર પણ નથી. હું કોઈ દુઃખથી, કોઈ ક્ષણના વિચારથી રાજ્ય છોડી જતો હોત તો એ ધાસ્તી રહેત. પરંતુ તેમ નથી. મારી પ્રજા સુખી રહેશે, પાછા આવવાની જરૂર નહિ રહે તો પ્રભુકૃપા. નહિ તો પાછો આવીશ.

(૪) હું એકાન્તમાં રહીને વાંચીશ, લખીશ, પ્રભુનો વિચાર કરીશ. ગરીબોમાં, દર્દીઓમાં – તનના અને મનના દર્દીઓમાં – ભળીશ અને તેઓને બની શકશે તો કંઈ આરામ આપીશ, નહિ તો તેમાંથી હું તો આરામ લઈશ. નિવૃત્ત થયેલાની શાન્તિથી મળતી શુદ્ધ ભાવનાઓ પ્રભુ મને આપશે તે લઈશ. પંચગની કે નીલગિરિમાં રહેવા ધારું છું.

(૫) મને કૉલેજમાં દર માસે તેરસો રૂપિયા મળતા. એટલા મને મળે તો કંઈ તંગી રહેશે નહિ. એક સામાન્ય ગૃહસ્થથી કશો વિશેષ ખર્ચ રાખવાની મારી ઇચ્છા નથી.

(૬) પત્નીઓમાંથી જેને સાથે રહેવા વિચાર હશે તેને સાથે રાખીશ. અલબત્ત, સાથે રહેનારે પોતાના માણસોને બદલે હું આપું તે અને તેટલા જ માણસો સાથે લેવા પડશે.

(૭) It may be a disease of the mind or it may be Destiny – કાં તો એ મનનો રોગ હોય કે પ્રભુનિર્માણ હોય – પણ એ વિચારને હું રોકી શકતો નથી.

જવાનું નક્કી થાય તો રાજ્યના મૅનેજર તરીકે કોની પસંદગી કરવી એ માટે ઠાકોરસાહેબે મારી સાથે થોડીએક ચર્ચા કરી હતી અને પત્રવ્યવહાર પણ કર્યો હતો. તાત્યાસાહેબ–ગિરધરલાલ મંગળદાસ દેસાઈ–જેઓ કારભારી હતા, તેમની રહેવાની ઇચ્છા હોય તો તેઓ રહી શકે. નહિ વઢવાણવાળા રાવબહાદુર પ્રાણજીવન વિશ્વનાથ ઠાકર, જે હિન્દુસ્થાનના પ્રવાસમાં અમારા રક્ષક–guardian– સાથે આવેલા, એમનું નામ મેં સૂચવેલું. મારા પર ૩૧–૩–૧૯ ના પત્રમાં ઠાકોર સાહેબે એક બીજું સૂચવ્યું હતું. એ પત્ર આ રહ્યો:

લાઠી, તા. ૩૧–૩–૧

વ્હાલા ભાઈ,

મી. પ્રભુદાસ માર્ફત, મી. મોતીભાઈ અહીં આવે પ્રયાસમાં આપ છો એવા ખબર આજે મને ભાવ મળ્યા છે અને એ વાત સારી પેઠે ચર્ચાય છે એવા ખ આ વાત સાચી હોય કે જૂઠી હોય એની સાથે મ્હારે નથી. આપ નામ આપો એટલી જ રાહ જોઉં છું. વિચાર કરવા હું પણ એક નામ આપીશ—લક્ષ્મીપ્રસાદ આપને યોગ્ય લાગે તે પ્રમાણે જોશો. હું જે નામ યોગ્ય લાગે તો પણ ફરીથી એ નામ આપની આવવું જોઈએ, જેથી બમણી ખાતરી થાય એટલું પણ અમુકને હું યોગ્ય માનું છું તેના કરતાં આપ અમુકને યોગ્ય માનો છો એ હકીકતથી મને વિશેષ થશે. મ્હારે તો અહીં રહેવું નથી એ વાત તો ઈશ્વરે નક્કી જ છે. આપ બન્ને ભાઈઓએ આપેલું મા જઈશ તો વિશેષ સંતોષથી જઈ શકીશ. પણ કૃપા રાખશો.

લક્ષ્મીપ્રસાદ દેસાઈ યોગ્ય લાગે, પણ નહિ આ લાગે, તો એ આવશે એટલું તો હું કહી શકું. પણ જવાનો છું એ હકીકત પછી ન આવે એમ પણ જો આવનાર હોય તો તેમણે સ્પષ્ટ સમજવું જોઈ રહેવાનો નથી. એવું ન બનવું જોઈએ કે હું ચાલ એટલે એટલા માટે જ એ પણ ઉચાળો ભરે. એમ ફરીથી એ જ મૂંઝવણ રહે.

જવાબ ટૂંકું અને મોઘમ આપશો તો ચાલશે.

આપનો

ગોવર્ધનરામભાઈ અને તાત્યાસાહેબ પરના પ પછી, એટલે એપ્રિલની આખરમાં લખાયેલા છે.

પણ વિધિનિર્માણ જુદું હશે એની કોને ખ

દરમ્યાન, મેં માંસાહાર ક્યારે અને કયા સંયોગોમાં છોડ્યો એ તમારા પ્રશ્નનો ઉત્તર આપી દઉં. છપ્પનિયા દુકાળ પછી ૧૯૦૦ના જૂનમાં મેં શરાબનો ત્યાગ કયા સંયોગોમાં કર્યો એ હું અગાઉ જણાવી ગયો છું. આ પણ એ જ વરસમાં બન્યું.

છપ્પનિયાના દુકાળ દરમ્યાન હડાળામાં જે રાહતકામો થયાં એ બહુ ટકાઉ નીવડ્યાં નહોતાં. પણ એ દિવસોમાં વહેલી સવારે પારેવાંને જાર નાંખવાનો મારો એક અમુક નિત્યક્રમ હતો. અને એ પંખીઓ પણ મને એટલાં હળી ગયાં હતાં કે હું ગઢની ડેલીમાંથી બહાર નીકળું અને બહાર-ના મેદાનમાં આવેલા અવેડા તરફ ચાલવા લાગું એટલે એનાં ટોળાંઓ ઊડીને કે ચાલીને મારી પાછળ આવતાં. ત્યાંથી પાછો ફરી 'પોર્ચ'ના બારણાને ઓટલે બેસી જાર વેરતો, અને પારેવાંનાં ટોળાંઓ મારા માથા પર, ખભા પર, હાથ પર નિર્ભય રીતે બેસતાં અને જાર ચણતાં. આ એક જોવા લાયક દૃશ્ય થતું અને એ જોવા માટે લોકોનાં ટોળાં આવતાં.

આપણા જૂનાગઢવાળા થિયૅસોફિસ્ટ બંધુ અને જીવદયા-ના પ્રખર હિમાયતી ભાઈ લાભશંકર લક્ષ્મીદાસના સાંભળવામાં આ વાત આવી. તેઓ એ સમયે જૂનાગઢની મ્યુનિસિપાલિટીમાં નોકરી કરતા. એ વખતના મારા કામદાર, જૂનાગઢવાળા શ્રી નૃસિંહપ્રસાદ મઝમુદારે મને પુછાવ્યું : "શ્રી લાભશંકર-ભાઈ આ દૃશ્ય જોવા આવવા માગે છે, માટે સાથે લાવી શકું?" એમણે કદાચ મને 'સૅઇન્ટ ફ્રાન્સીસ ઑફ અસીસી' કલ્પ્યો હશે ! મેં જવાબમાં લખ્યું કે : "લાભશંકરભાઈ ભલે આવે, પણ મને માંસાહાર છોડાવવાની ગડમથલમાં તેઓ પડવા માગતા હોય તો તેમાં તેઓ નિરાશ થશે."

શ્રી નૃસિંહપ્રસાદની સાથે લાભશંકરભાઈ આવ્યા. લાભશંકરની પાસે અમેરિકાના દુકાનદારોનાં કેટલાંક સચિત્ર પ્રાઈસલીસ્ટ (ભાવતાલની યાદીઓ) હતાં. મેં સહજ પૂછ્યું : "આ શું છે, લાભભાઈ?" એમણે જવાબ આપ્યો : "ખાલી પ્રાઈસલીસ્ટો છે. જુઓને!" ચિત્રોથી આકર્ષાઈ મેં એ ઉઘાડ્યાં. એમાં શિકાગોના કતલખાનામાં કપાતાં જાનવરો પર, કતલ થતાં પહેલાં અને કતલ થતાં શું વીતે છે એ બતાવનારાં ચિત્રો હતાં. એ કામ માટે વપરાતાં સાધનોનાં એ પ્રાઈસલીસ્ટો હતાં. કપાતાં પહેલાં ઘસડી જવામાં આવતાં જાનવરોની આંખોમાંથી લાચાર કરુણતા અને કતલખાનામાં નજરે પડે એવાં દૃશ્યોનાં અનેક ચિત્રો મેં જોયાં. મેં પૂછ્યું : "લાભભાઈ, આ સાચું હશે ?" એમણે ઉત્તરમાં શાન્તિથી એટલું જ કહ્યું : "એ તો હું કેમ કહી શકું ? આ પ્રાઈસ-લીસ્ટો એમ કહે છે." મેં એ બંધ કર્યાં. હું ત્રાસી ગયો. એની છાપ અંતરમાં કોતરાઈ ગઈ.

એ પછી એકેક માસ વીત્યે એક સવારે અમે સૌ તેજુરીવાળા ઓરડાની ઓશરી અને ફળિયામાં જમવા બેઠા હતા. ત્રણેક મહેમાનો ઓશરીમાં પાટલાઓ ઉપર અને હું લીમડા નીચે ટેબલ પર એમ ગોઠવાયા હતા. મારી થાળીમાં માંસ આવ્યું. લાભભાઈએ બતાવેલાં ચિત્રો નજર પાસે ઓચિંતાં ખડાં થયાં. વિચાર આવ્યો : 'આ જાનવરોને પણ કતલ થતાં એવું જ વીત્યું હશેને ! એમની આંખો એ સમયે શું યાચી રહી હશે ?" હું એ ઘડી થંભી ગયો. નોકરને કહ્યું : "આ થાળી ઉઠાવી જા." ઓશરીમાંના જમનારાઓએ પૂછ્યું : "કેમ, જમી રહ્યા ?" મેં જવાબ આપ્યો : "હા, માંસ જમી રહ્યો – હમેશને માટે."

એ દિવસથી મેં માંસનો ત્યાગ કર્યો. [અપૂર્ણ]

સા ભા ર સ્વી કા ર

ગુજરાતી સાહિત્ય પરિષદ સંમેલન-નવસારીનાં વ્યાખ્યાનો અને પ્રસ્તાવો : પ્રકાશક : નવસારી સ્વાગત સમિતિ. **ગુજરાતી નાટ્ય શતાબ્દી મહોત્સવ સ્મારક ગ્રંથ** : પ્ર. પ્રકાશક સમિતિ ગુજ. ના. શ. મહોત્સવ મુંબઈ. **શ્રી સર્વોદય સહકારી પ્રકાશન સંઘ લિ., ભાવનગરનાં લોકભારત** ભા. ૧થી ૧૨ : નાનાભાઈ ભટ્ટ (૧) દ્રૌપદી. પૃ. ૪૫. ૦–૮–૦. (૨) અંગરાજ. પૃ. ૪૧થી ૯૨. ૦–૮–૦. (૩) ધર્મરાજ. પૃ. ૪૮. ૦–૮–૦. (૪) ગાંધારી પુત્ર. પૃ ૫૦. ૦–૮–૦. (૫) વૃકોદર ભીમ. પૃ. ૪૨. ૦–૮–૦. (૬) અંધ ધૃતરાષ્ટ્ર. પૃ ૧૯. ૦–૮–૦. (૭) ગાંડીવધારી પૃ. ૬૩. ૦–૧૦–૦. (૮) પિતામહ પૃ. ૩૮. ૦–૮–૦. (૯) ગુરુ ને ગુરુપુત્ર. પૃ. ૫૦. ૦–૯–૦. (૧૦) બે માતાઓ પૃ. ૫૮ ૦–૧૦–૦. (૧૧) વાસુદેવ. પૃ. ૬૯ ૦–૧૩–૦. (૧૨) બાણશય્યા પરથી. પૃ. ૩૬. ૦–૭–૦.

બ્રિટનની ક્રિયાશાળાઓ—મૉન્ટેસોરી સિદ્ધાંતોની દૃષ્ટિએ : એક વિવેચન

હરપ્રસાદ ભટ્ટ

બ્રિટનની ક્રિયાશાળાઓનાં સ્વરૂપો, શાળાએ શાળાએ ઘણાં જ બદલાતાં હોવાથી, તેમની પ્રવૃત્તિની નિશ્ચિત વ્યાખ્યા આપવાનું કાર્ય સહેલું નથી. તેમ છતાં દરેકે, આ "ક્રિયા-શાળા પ્રવૃત્તિની" બાબતમાં એક યા બીજા સ્વરૂપે ઘણું સાંભળેલું હોય છે. કારણ કે ઘણાં અધ્યાપનમંદિરો અને વિદ્યાધિકારીઓ હાલમાં આ બાબતની પ્રબળ હિમાયત કરી રહ્યાં છે.

મૉન્ટેસોરી શાળા અને ક્રિયાશાળાનું કાર્ય

ખરું જોતાં તો મૉન્ટેસોરી શાળા એ પણ ક્રિયાશાળા જ છે. દરેક જણને સુવિદિત છે કે ડૉ. મૉન્ટેસોરીએ તેમની શાળામાં "શિક્ષક"ને બદલે માર્ગદર્શિકા (Directress) શબ્દ પ્રયોજેલો છે કારણ કે તેમને મન શિક્ષકનું પ્રધાનકાર્ય બાળકની સ્વયંસ્ફુરિત શક્તિઓને, સર્જનાત્મક પ્રવૃત્તિઓ તરફ દોરવાનું છે. આ બન્ને જાતની ક્રિયાશાળાઓમાં કેટલાંક લક્ષણો સામાન્ય હોય છે. નીચેના મુદ્દાઓની બાબતમાં તેઓ એક સરખાં જણાય છે.

બન્ને પદ્ધતિઓનું સામ્ય

બાળકો વધારે પ્રવૃત્તિશીલ હોવાં જોઈએ અને શિક્ષક વધારે નિષ્ક્રિય હોવા જોઈએ. બાળકો માટે ક્રિયાની સ્વતંત્ર પસંદગી હોવી જોઈએ. એકલાં કે સમૂહમાં, બાળકોને, એમની પસંદગી પ્રમાણે પ્રવૃત્તિ કરવાનું સ્વાતંત્ર્ય હોવું જોઈએ. શિક્ષકે બાળકોની પ્રવૃત્તિમાં, શક્ય હોય ત્યાં સુધી, દખલગીરી નહિ કરવાનો સિદ્ધાંત જાળવવો જોઈએ. અને શિક્ષકના કાર્યના મોટા ભાગનો સમાવેશ, બાળકોની પ્રવૃત્તિઓનો પાયો રચનાર સાધનસામગ્રી તૈયાર કરવામાં તેમ જ સાધનસામગ્રીને બાળકોની પસંદગી માટે પહેલેથી વાતાવરણમાં મૂકવામાં થાય છે. આ બન્ને દૃષ્ટિબિન્દુઓ વ્યક્તિગત બાળક માટે ગાઢ આદર બતાવે છે. આ આદર શિક્ષક અને શિષ્ય વચ્ચેના નૂતન સંબંધનાં દર્શન દે[illegible] શિક્ષકપક્ષે આ બાબત ઓછું આધિપત્ય અને શિષ્ય[illegible] સરળતા અને સ્વયંસ્ફુરણા દર્શાવે છે.

ક્રિયાશાળાની પ્રવૃત્તિઓ

આ પ્રમાણે હોવા છતાં પણ આ અસમાનતાઓ સાથે ગંભીર અને દૂરસ્પર્શી તફાવતો અસ્તિત્વમાં હો[illegible] જો આપણે આ બન્ને જાતની શાળાઓ ઉપર કાળ[illegible] દૃષ્ટિપાત કરીશું તો આ વસ્તુને સ્પષ્ટ કરવામાં તે સહા[illegible] થશે. ક્રિયાશાળામાં પ્રવેશ કરતાં જ આપણને જણા[illegible] ત્યાં આપણું ધ્યાન દોરનાર સૌથી પ્રથમ વસ્તુ, મૉન્ટે[illegible] શાળા કરતાં વધારે ઘોંઘાટ થતો હોય છે તે છે. દા[illegible] મેં એક શાળાના દરેક વર્ગના ઓરડામાં, લાકડામાં [illegible] વડે ઘણી લહેજતથી ખીલીઓ ઠોકતા છોકરાઓના [illegible] જોયો હતો અને તેઓએ મચાવેલો ઘોંઘાટ ઓરડાની [illegible] બધી વસ્તુઓ માટે વાતાવરણ સર્જતો હતો. પ[illegible] વાતચીત પણ ઘાંટા પાડીને જ કરવી પડતી હતી.

પ્રવૃત્તિઓના મોટા ભાગનું વર્ગીકરણ મુખ્ય [illegible] સમૂહોમાં કરી શકાય. (૧) કાળા પાટિયા ઉપર [illegible] ભૂંસી નાખવાના લૂછણાને ધોવું; ઢીંગલીઓનાં કપડાં [illegible] ઇસ્ત્રી કરવી; પકાવવું; પેટીઓ ચીતરવી કે રંગવી [illegible] (૨) ચિત્રકામ, રંગકામ, પ્લેસ્ટીસીન માટીમાંથી ભિન્ન [illegible] નમૂના બનાવવાનું કામ, કાગળના માવામાંથી ટ્રે, પે[illegible] ટોપલીઓ, ઢીંગલીઓ અને વિમાન વગેરે બનાવવાનું [illegible] (૩) ત્રીજા સમૂહમાં દરેક પ્રકારની સ્પષ્ટ કાલ્પનિક મ[illegible] પૂર્ણ રમતોનો સમાવેશ થાય છે. દા. ત. બાળકો પો[illegible] જાણે કે ખોદવાનાં સાધનો લઈ જતા ખાણીઆઓ [illegible] તેવી કલ્પના કરે; અથવા તેઓ પોતે જ જાણે કે, [illegible] બાજુમાં ઈંટોનો ઢગલા કરતા ઘર બાંધનાર હોય તેવી [illegible] કરે; ઇસ્પિતાલની રમત રમે; અથવા કોઈ લગ્નસમા[illegible]

રમત યોજે; મેં એક શાળામાં "નિશાળની રમત" રમતાં બાળકોના જુદા બે સમૂહોને જોયા હતા. એક સમૂહમાં બાળક પોતે શિક્ષક બનીને બીજાં બાળકોને સાચા નહિ પણ કાલ્પનિક દાખલાઓ આપતું હતું.વળી બાળકોનો બીજો સમૂહ વિમાન બનાવવા સારુ, રમતના મેદાનની વચમાં, મેજ અને ટેરક ખેંચી લાવ્યો હતો. અને શરદઋતુની ચકલીઓની જેમ તેઓ, તેના પર હારમાં ગોઠવાઈ જઈ ચું, ચું, ચું અવાજ કરતાં કરતાં જાણે કે ફ્રાન્સની દક્ષિણ દિશા તરફ ઉડ્ડયન કરી રહ્યાં હોય તેવી કલ્પના કરતાં હતાં. બીજાં બાળકોએ વિલક્ષણ પોષાકો પહેર્યા હતા અને તેઓ જાણે કે સાચા રેડ ઇન્ડિયન્સ, ગોપબાળકો, રાજકુમારીઓ અથવા જે કાંઈ તેમની કલ્પનાને રુચ્યું તે તેઓ હોય તેમ માની, વર્ગના ઓરડામાં અથવા ઓરડાની બહારની પડાળી-(corridors)માં આમ તેમ ફરી વેશ ભજવતાં હતાં. મેં મુલાકાત લીધેલા એક વર્ગમાં છ વર્ષની બે બાળાઓ થોડી થોડી વારે મૂ..મૂ... બરાડા પાડવા સિવાય બીજું કાંઈ નહિ કરતી, લોરીમાં પૂરેલી ગાયો હોય તેમ, કલાકનો મોટો ભાગ ગાળી રહી હતી.

કોરિડોરની સામેની બાજુએ એ જ શાળામાં સાત વર્ષની ઉંમરના કિશોરોની એક ટોળકીએ એક આકૃતિના છેડાને રેડીએટરની ટોચે મૂક્યો હતો, જ્યારે તેમણે તેનો બીજો છેડો એક દેવદારના ખોખા ઉપર મૂક્યો હતો. જ્યારે આ આનંદી મસ્તીખોરો કલ્પિત બ્રેનગનની મદદથી, એક બીજા તરફ ગોળી છોડતા ન હતા ત્યારે તેઓ રેડીએટર પર ચઢી જતા અને તે આકૃતિને સામેનો પક્ષ ન જુએ તેમ નીચે ધકેલી મૂકતા કે સરકાવી દેતા. પુનઃ સામેનો પક્ષ તેને યથાસ્થિત કરવા ધક્કામુક્કી કરતો. આ સર્વ પ્રવૃત્તિ પ્રભાતના પ્રથમ વિભાગમાં થતી હતી.

આ સર્વ કાલ્પનિક માન્યતાપૂર્ણ પ્રવૃત્તિઓનું વિસ્તૃત વર્ણન કરતાં એક આખું પુસ્તક ભરાય. પણ જે રમતો બાળકો પોળમાં કે સામાન્ય ઘરમાં રમે છે તે જ રમતોમાંની ઘણી રમતો અહીં રમાતી હતી. આની વિશિષ્ટતા એટલી જ કે આ સર્વ પ્રવૃત્તિઓ શાળાના કલાકો દરમિયાન થતી હતી અને તે કર ભરનારને ખરચે થતી હતી.

મૉન્ટેસોરી શાળાની પ્રવૃત્તિઓ

મૉન્ટેસોરી શાળાની પ્રવૃત્તિઓની સાથે ઉપર જણાવેલી સર્વ પ્રવૃત્તિઓને સરખાવવાનું વધારે લાભદાયી નીવડે. ધ્યાનમાં રાખવાની પ્રથમ વસ્તુ એ છે કે ક્રિયાશાળાની સંખ્યાબંધ પ્રવૃત્તિઓ જીવનવ્યવહારની તાલીમ(Exercises in Practical Life)ના શિર્ષક હેઠળ મૉન્ટેસોરી શાળામાં પણ જણાઈ આવે છે. પણ પ્રથમ દૃષ્ટિએ જણાઈ આવે તેટલી ઊંડી સામ્યતાઓ તેમાં હોતી નથી કારણ કે ક્રિયાશાળાઓમાં દોષાંકુશ અથવા સ્વયંભૂલસુધારણા(The control of error)ના સિદ્ધાંતનો પુરાવો હું જોઈ શક્યો નથી—જે અંકુશ કે સ્વયંભૂલસુધારણા વાતાવરણ અને સાધનો દ્વારા સ્વયંપ્રેરિત હોય. મૉન્ટેસોરી શાળામાં બાળકોને પોતાના હાથ કેવી રીતે ધોવા તે વિષે નિશ્ચિત અને સ્પષ્ટ પાઠ આપવામાં આવે છે અને વધુમાં તેઓને જલબિંદુ ટપકવા દીધા વિના કાર્ય કરવાનું ઉત્તેજન આપવામાં આવે છે. એવી જ રીતે ટેબલ ગોઠવવાની ક્રિયામાં તેમને અવાજ કર્યા વિના રકાબીમાં પ્યાલો ગોઠવી દેવાનું સૂચવવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો, શક્ય હોય ત્યાં આ ક્રિયાઓમાં "સંપૂર્ણતાનો હેતુ" સમાવી લેવામાં આવેલો હોય છે. જેથી એકી વખતે ક્રિયાની સંપૂર્ણતા સધાય છે અને સાથે સાથે નવો રસ ઉમેરાય છે. કાતર કેવી રીતે પકડવી કે ગૃહાગત માટે કેવી રીતે બારણું ખોલવું – જેવા મૉન્ટેસોરી - શાળાની પ્રવૃત્તિના આવશ્યક ભાગરૂપ બનતા વિનયલાવણ્યના પાઠનું મેં અહીં ચિહ્ન પણ જોયું નથી. પરિણામે શિસ્તબદ્ધ સ્વાતંત્ર્યનો અનુભવ પામેલાં મૉન્ટેસોરી શાળાનાં બાળકોમાં જે ક્રિયાલાલિત્ય અને સંપૂર્ણ ચોકસાઈ જોવા મળે છે તે ક્રિયાશાળાનાં બાળકોમાં ભાગ્યે જ જોવા મળે છે.

સર્જનાત્મક પ્રવૃત્તિઓ તરીકે વર્ણવી શકાય તેવી બીજી ક્રિયાઓના સમૂહ વિષે વિચારતાં ફ્રોબેલ જેને "આન્તરિકનું બાહ્યીકરણ" કહે છે તે વિષે હવે વિચારવાનું રહે છે.

આત્માવિષ્કરણ (Self-expression) માટે ડૉ. મૉન્ટેસોરી આવી તકોને જરૂરી ગણે છે એ તેમનાં પુસ્તકોના વાચકને માટે તો તદ્દન સ્પષ્ટ જ છે. પણ અહીં ચર્ચાસ્પદ મુદ્દો ભારપૂર્વક જાણવા યોગ્ય છે. મૉન્ટેસોરીનાં મન્તવ્યો અનુસાર બાળકને જેની સૌથી વધારે જરૂર છે તે સર્જનાત્મક કાર્ય તેનું પોતાનું જ આત્મસર્જન છે.

ક્રિયાશાળામાં બાળક

ક્રિયાશાળામાં અભ્યાસ કરતું બાળક એટલો બધો સમય

આત્માવિષ્કરણ કરવાના પ્રયત્નમાં ગાળે છે કે તેને આવિષ્કરણ કરવા માટેનો આત્મા સર્જવાની તક અને સમય મળતાં નથી, એ જ તેનો સાચો ભય છે.

ઉપર વર્ણવેલી કાલ્પનિક રમતો સામે પણ તેની જ જાતની ટીકા થઈ શકે. ઘર ઘર રમતાં, ઇસ્પિતાલની રમત રમતાં કે રેડ ઇન્ડિયનની રમત રમતાં બાળકોનો સમૂહ કે બાળક – નવું જ્ઞાન પ્રાપ્ત કરવાની બાબતમાં અથવા તેની સાથે થતા માનસિક વિકાસની બાબતમાં – અંતે પણ આરંભમાં હતાં ત્યાંનાં ત્યાં જ હોય છે. અથવા સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો તેઓ કાંઈ જ શીખ્યાં હોતાં નથી. ક્રિયાશાળાની મારી પ્રથમ મુલાકાત વખતે, રસ્તાનો મને ખ્યાલ નહિ હોવાથી મેં માર્ગમાં મળેલા સાત વર્ષના એક કિશોરને, મને ત્યાં લઈ જવા કહ્યું. અમે સાથે જતા હતા ત્યારે મને સમજાયું કે જે શાળાની હું તપાસમાં હતો ત્યાં જ તે કિશોર પહેલાં ભણતો હતો. મેં તેને પૂછયું કે તે કઈ શાળા પસંદ કરે અને શા માટે? ત્યારે તેણે ઉત્તર આપ્યો કે: “હાલમાં હું જે શાળામાં જઉં છું તે જ; કારણ કે પેલી બીજી શાળામાં મને કાંઈ શીખવવામાં આવતું ન હતું.” કદાચ એ કિશોર વધારે પડતી આશા રાખતો હશે! લગભગ એક માસ પહેલાં બાલશાળાની એક મુખ્ય શિક્ષિકાએ મને જણાવ્યું હતું કે છોકરાંઓ તેમની શાળામાં વાંચતાં, લખતાં કે દાખલા ગણતાં ન શીખે તો નિશ્ચિન્ત રહેવું. તેઓ પ્રાથમિક શાળામાં જઈ ને ત્યાં સારી રીતે શીખી લેશે.

મૉન્ટેસોરી શાળામાં બાળક

હવે આપણે મૉન્ટેસોરી શાળામાં એક ક્ષણ માટે કાલ્પનિક દૃષ્ટિપાત કરીએ. ત્યાં આપણા મન પર પ્રબળ અસર કરનાર વસ્તુ “પ્રવૃત્તિ” છે. દરેક બાળક મનથી અને કરથી તે પ્રવૃત્તિમાં ગૂંથાયેલું જણાય છે. ઘણે મોટે ભાગે, વ્યક્તિગત રીતે પણ બાળકો કામમાં મગ્ન થયેલાં જણાય છે – સિવાય કે જ્યાં તેઓએ સ્વયંસ્ફુરિત નાના સમૂહો રચ્યા હોય. તેઓએ તેમની પ્રવૃત્તિની પસંદગી પણ કરેલી હોય છે. તે પ્રવૃત્તિમાં ફેરફાર કરવાની તેમને સ્વતંત્રતા હોય છે. અહીં તેમની પ્રવૃત્તિનો શાન્ત અવાજ થતો જણાય છે પણ ઘોંઘાટ સંભળાતો નથી. વળી આ પ્રવૃત્તિઓ કોઈ પણ પ્રવૃત્તિ-સમયથી મર્યાદિત થયેલી હોતી નથી. ઊલટું તે પ્રવૃત્તિઓ પ્રતિક્ષણ વિકસતા સામાજિક જીવનનો અન્તર્ગત ભાગ રચે છે. દા. ત. ટેબલ ધોવામાં આવે છે કારણ કે ટે[illegible] પર શાહીના કે રંગના ડાઘા પડેલા હોય છે; કબાટને [illegible] સાફ કરવામાં આવે છે. કારણ કે ત્યાં ધૂળ ઠરેલી હો[illegible] ટેબલ પર કપડું પાથરવામાં આવે છે કારણ કે ત્યાં ભો[illegible] પીરસવાનું હોય છે. આ સર્વ ક્રિયાઓ કાલ્પનિક નથી[illegible] વાસ્તવિક જગતના, વાસ્તવિક જીવનના ભાગરૂપ છે. [illegible] વયનાં માનવીઓનાં વિશાળ બાહ્યજગતનાં કદ, હેતુઓ [illegible] તરંગોથી તે પ્રવૃત્તિઓ ભિન્ન હોવાના કારણે તેમને [illegible] વાસ્તવિક માનવાનું કોઈ કારણ નથી.

અન્ય ચાલતી પ્રવૃત્તિઓ વિષે અભિપ્રાય પ્રદર્શિત [illegible] આપણે જરૂર કહી શકીએ કે કેટલીક પ્રવૃત્તિઓમાં [illegible] વિકાસનું તત્ત્વ પ્રધાનપણે હોય છે જ્યારે બીજી કેટલી[illegible] વિચાર અથવા બુદ્ધિનું તત્ત્વ મહત્ત્વનો ભાગ ભજવે છે [illegible] તેમાં એવો કોઈ સંક્રાન્તિ દર્શાવનારો દૃઢ અને અચલ[illegible] ભેદ નથી કારણ કે પ્રબળ રીતે વિકાસ પામેલાં સાથે[illegible] માનસિક પ્રવૃત્તિ સાકાર વસ્તુઓ સાથે હમેશાં સમાન્તર[illegible] કરતી જણાય છે.

પુન: અત્રે નોંધપાત્ર બિના એ છે કે આ પ્રવૃત્તિ[illegible] સવારના સમય દરમિયાન ચાલે છે અને તેઓ આ[illegible] વિષયો(Tool Subjects) તરીકે ખ્યાત થયેલા [illegible] વિષયો માટે જ યોજેલા નિયમપૂર્વક ચાલતા પાઠમાં [illegible] ફેરફાર સાથે ફેરફારને પાત્ર થતી નથી. આનો અર્થ [illegible] છે કે લેખન, વાચન અને ગણિતનું પ્રાથમિક જ્ઞાન [illegible] પ્રાપ્ત થતું નથી પણ જ્યારે બાળકોને ખ્યાલ આવે છે [illegible] વિષયો જાણવા તે શિક્ષણના હેતુઓ અનુસાર છે ત્યારે [illegible] પ્રાપ્ત થાય છે. “પ્રાથમિક શાળામાં પ્રવૃત્તિઓ” (Acti[illegible] in Primary Schools) નામના પોતાના પુ[illegible] ડેનિઅલ્સ નિશ્ચિત રીતે સૂચવે છે કે ક્રિયાસમયો લેખન, [illegible] અને ગણિતનું જ્ઞાન મેળવવા માટે યોગ્ય સંજોગો ઉ[illegible] કરતા નથી, તેમ જ લેખન, વાચન અને ગણિતમાં કુશ[illegible] મજબૂત પાયો મળશે એવી ખાતરી પણ તેઓ આપતા [illegible]

ક્રિયાશાળામાં શિક્ષણ

ઘણી ઊંચી કક્ષાની એક ક્રિયાશાળાની મુલાકાત [illegible] મેં જોયું કે ક્રિયાસમય પૂરો થતાં આખા વર્ગનાં [illegible] શિક્ષકની આસપાસ ગોઠવાઈ ગયાં હતાં અને શિક્ષક [illegible] એક કલાક સુધી આખા સમૂહને વાચન શીખવી રહ્યા [illegible]

અહીં જૂની શિક્ષણપદ્ધતિનો અમલ થતો હોય તેમ લાગતું હતું કારણ કે તેજસ્વી, મંદ અને સાધારણ કક્ષાનાં બાળકો એકી સાથે શીખી રહ્યાં હતાં અને સમૂહશિક્ષણ દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરતાં હતાં. તે ઉપરાન્ત રસ જાળવવા માટે શિક્ષક પણ સ્પર્ધાત્મક રમતો, ગુણ, વર્ગનાં અન્ય બાળકોનું અનુમોદન વગેરે જેવી ગતયુગની યુક્તિઓ યોજી રહ્યા હતા. વળી બીજી એક શાળામાં દસબાર બાળકો શિક્ષિકાની આસપાસ બેસી દાખલા ગણી રહ્યાં હતાં. આ શિક્ષિકાબહેને મને નીડરતાથી જણાવ્યું હતું કે દરેક બાળકને રમતગમતોની પ્રવૃત્તિમાં ભાગ લેવા જતાં પહેલાં તેમના ટેબલ પાસે આવી અમુક દાખલા ગણવાનું ફરજિયાત હતું.

મૉન્ટેસોરી શાળામાં શિક્ષણ

મૉન્ટેસોરી શાળામાં " ટૂલ સબ્જેક્ટ્સ " હોતા નથી. તેમ જ એમની જરૂર પણ હોતી નથી. તેવી જ રીતે પ્રભુત્વ મેળવવા માટેના સમૂહપાઠ કે નિયમપૂર્વક થતા પાઠ પણ હોતા નથી. વાંચવા, લખવા અને ગણિતના દાખલા કરવામાં રહેલી સ્વાભાવિક મુસ્કેલીઓનું પૃથક્કરણ કરી તેમને જુદી તારવી લેવામાં આવે છે. ત્યારબાદ મુસ્કેલીઓને વ્યક્તિગત બાળક સમક્ષ ખાસ સાધન દ્વારા એવી કુશળતાથી રજૂ કરવામાં આવે છે કે યોગ્ય પ્રવેશ કરાવ્યા પછી તે સ્વયંસ્ફુરિત વ્યકિતગત ક્રિયાને ઉત્તેજિત કરે છે અને ટકાવી રાખે છે કે જેથી તે મુસ્કેલી પર ભણનારનું પ્રભુત્વ આપોઆપ બેસી જાય છે અને મુસ્કેલી સહસા દૂર થાય છે. તે જ પ્રમાણે બધી બાબત માટે બને છે.

મૉન્ટેસોરી શાળાની વિશિષ્ટતા

મૉન્ટેસોરી શાળામાં આપણું ધ્યાન ખેંચે તેવી અગત્યની બાબત એ હોય છે કે ત્યાં બાળકો રમતાં હોતાં નથી પણ કાર્ય કરતાં હોય છે. બાળકો દરેક કલાક સ્વયંસ્ફુરિત કાર્ય કરવામાં ગાળતાં હશે એ વાત ઘણા શિક્ષકો અને વિદ્યાધિકારીઓને માનવા યોગ્ય જણાતી નથી. વળી કેટલાકને તો આ વાત ફક્ત માનવા યોગ્ય જણાતી નથી એટલું જ નહિ પણ ઘણી જ અયોગ્ય જણાય છે; જે નીચેના દૃષ્ટાન્ત ઉપરથી સ્પષ્ટ સમજાશે. એક વિદ્યાધિકારી બેન, મૉન્ટેસોરી બાલમંદિરના સૌથી ઉપલા ધોરણની મુલાકાત લઈ રહ્યાં હતાં. જ્યારે તેઓ શાળાની અધિષ્ઠાત્રી સાથે વાત કરી રહ્યાં હતાં ત્યારે બે નાની બાળાઓ તેમની પાસે દોડી આવી અને કહેવા લાગી : " અમે અમારું કામ મૂકી દઈએ ત્યાર પહેલાં તમે તે જોઈ જશો ? " આ બાળાઓએ ચલ મૂળાક્ષરોની મદદથી જમીન પરના પાથરણા ઉપર જેક અને જિલ (Jack and Jill) વિષે એક ગેય કાવ્ય રચ્યું હતું. સાનંદ કહી શકીએ કે તેમાં કશી જ ભૂલ હતી નહિ. તરત જ તે વિદ્યાધિકારીબેન શાળાની અધિષ્ઠાત્રી સાથે તે જોવા ગયાં. અને આ બાળાઓની કૃતિ જોઈ તરત જ તેમની વય વિષે તેમણે પ્રશ્ન કર્યો અને જ્યારે તેમણે જાણ્યું કે એક છ વર્ષની અને બીજી સાડાછ વર્ષની બાળા હતી ત્યારે તિરસ્કારથી નહિ પણ જાણે નાપસંદગીથી એમણે ઉદ્ગાર કાઢ્યો : " તમે તમારી ઉમરના કરતાં વધારે પડતાં હોશિયાર જણાઓ છો ! " એમ કહી પ્રગલ્ભ રીતે ચાલતાં થયાં. આમ હોવા છતાં આ બાળાઓએ તો પોતાનું કાર્ય પસંદ કરેલું હતું. અને એમની ઇચ્છા પ્રમાણે એમણે એ કાર્યને કોઈપણ ક્ષણે બંધ પણ કર્યું હોત છતાંય નિરાશ થયા વિના તેમણે તે કાર્ય ચાલુ જ રાખ્યું.

ડૉ. મૉન્ટેસોરીનો અપૂર્વ ફાળો

" બાળકોને પ્રવૃત્તિ માટે પ્રેમ હોય છે " એ નિશ્ચિત શોધ કરીને મૉન્ટેસોરીએ એમની શિક્ષણપદ્ધતિ કરતાં પણ વધારે મોટો ફાળો કેળવણીના ક્ષેત્રમાં આપ્યો છે. આને જ ડૉ. બેલાર્ડ " મૉન્ટેસોરીના ચમત્કાર " તરીકે ઓળખાવે છે. – જેમાં એક જ ઓરડામાં, એકી સાથે, એક જ સમયે સ્વતંત્ર રીતે ઘણાં બાળકોને પ્રવૃત્તિમય બનાવવાનું શક્ય બને છે. અને બાળકોને પ્રવૃત્તિમય બનાવવાનો પ્રેરક વેગ કાર્યમાંથી જ ઉદ્ભવે છે અને નહિ કે કોઈ બાહ્ય પ્રેરણાથી. આનું નામ જ " પલટાતી શાળા. " જે સાધનોથી ડૉ. મૉન્ટેસોરી આ ચમત્કાર સિદ્ધ કરે છે તેનું વર્ણન કરતાં જ આ બે પદ્ધતિઓ – ક્રિયાશાળાની અને મૉન્ટેસોરીની – વચ્ચેનો મૂળભૂત તફાવત સ્પષ્ટરૂપે રજૂ થાય છે. અત્રે આપણી મર્યાદામાં આ કાર્ય અશક્ય હોવાથી ફક્ત અગત્યના મુદ્દાઓ જ આપણે ચર્ચીશું.

ક્રિયાશાળા અને મૉન્ટેસોરી શાળાની તુલના

શિક્ષણની બાબતમાં—

" ક્રિયા " વિષે લખાયેલા એક વિખ્યાત પુસ્તકના કર્તા સૂચવે છે કે : " બાળકને કાંઈક શીખવવાની ઇચ્છાને વશ થઈ, તેના સ્વાતંત્ર્યને નિયન્ત્રિત કરવું યોગ્ય નથી. "

મૉન્ટેસોરી સિદ્ધાન્તોથી આ કેટલું બધું ભિન્ન જણાય છે ! મૉન્ટેસોરી સ્વાતંત્ર્યનાં પ્રખર હિમાયતી હોવા છતાં જણાવે છે કે યાદ રાખો કે શીખવવામાં ભય રહેલો જ નથી. તમારે પૂછવાનું : " મારે એને શીખવવું કે નહિ ? " ચાલો, હું જ તમને સૂચવું : " તેને તમે શીખવો. "

વાતાવરણની બાબતમાં

જ્યારે આપણે બાળકો, વાતાવરણ અને શિક્ષક વચ્ચેના સંબંધનો વિચાર કરીએ છીએ ત્યારે, શિક્ષણના પ્રશ્નની બાબતમાં આ મતભેદ સ્પષ્ટ થઈ જાય છે. યોગ્ય વાતાવરણ સરજીને અને બાળકને એ વાતાવરણમાં મૂકીને ક્રિયાના હિમાયતીઓ બાજુ પર ખસી જાય છે અને તેને તેના મનને રુચે તે વસ્તુની પસંદગી કરવાની તક આપે છે અને લીલા ઘાસથી આચ્છાદિત ભૂમિ પર ઘોડાને ચરવા છૂટો મૂકીએ તેવી રીતે બાળકને જ્ઞાન ગ્રહણ કરવા માટે જાણે કે મુક્ત કરવામાં આવે છે. મૉન્ટેસોરીની દૃષ્ટિએ આ સ્વીકાર્ય જણાતું નથી. તેમના સૂચન પ્રમાણે, બાળકને યોગ્ય વાતાવરણમાં મૂકવાથી, એ રસાયણિક તત્ત્વો વચ્ચે ઉત્પન્ન થતા સ્વયંપ્રેરિત પ્રત્યાઘાતની માફત યોગ્ય સંબંધ આપોઆપ પ્રગટ થશે એવી કલ્પના કરવી તે નિરુપયોગી જણાય છે. મૉન્ટેસોરીની દૃષ્ટિએ શિક્ષક, બાળક અને તૈયાર કરેલા વાતાવરણ વચ્ચેની પ્રથમ ગણી શકાય તેવી પ્રેરક કડી(Dynamic link)૩૫ છે. બાળકોને તો કાળજીપૂર્વકના, સમયસરના, પુનઃકથિત ચોક્કસ અને ડહાપણભર્યા પાઠપ્રવેશની જરૂરિયાત હોય છે – તેમને માટે જ સરજાયેલી અને તેમના આગમનની રાહ જોઈ રહેલી ક્રિયાઓમાં તેમના પ્રવેશની જ જરૂર હોય છે. જ્યારે આ પ્રેરક કડી અસરકારક રીતે બાળકનો અભિનિવેશ પારખે અને તે બાળક સ્વતઃ વસ્તુ ઉપર એકાગ્ર ચિત્ત થવાનો આરંભ કરે ત્યારે જ તે બાજુ ઉપર ખસી જઈ શકે અને તેણે ખસી જવું પણ જોઈએ. આ જ ક્ષણ છે કે જ્યારે તેણે સંકોચ વિના પશ્ચાદ્ભૂમિમાં જતા રહેવું જોઈએ.

શિક્ષણનાં સાધનો

શિક્ષણનાં આ બધાં સાધનો બાહ્યજગત અને બાળકની બુદ્ધિ વચ્ચે અગત્યના સંસર્ગબિન્દુ તરીકે કાર્ય કરે છે અને તેમાંથી ઉદ્ભવતી અને દીર્ઘકાલ સુધી ચાલ્યા કરતી પ્રવૃત્તિ દ્વારા બાળક કાંઈક નિશ્ચિત વસ્તુ શીખે છે. એટલે કે ફ્રોબેલનું વાક્ય ટાંકીએ તો આ વખતે જ " બાહ્યનું અભ્યન્તરીકરણ થાય છે. " સાધનોમાં દરેક વસ્તુ એવી યુક્તિથી રચેલી [illegible] છે કે તેનો સાચો ઉપયોગ કરવાથી તે કાંઈક શીખ્યા વિ[illegible] રહે જ નહિ. અથવા તો વધારે સ્પષ્ટ અને નિશ્ચિત શબ્દો[illegible] કહીએ તો બાળક તે સાધનો દ્વારા પોતાને કાંઈક શી[illegible] છે જ. કારણ કે તે સંસ્કારના પ્રથમથી જ તૈયાર [illegible] માર્ગનો ઉપયોગ કરે છે. અંતમાં શિક્ષણનાં સર્વ સા[illegible] એક મૂળભૂત એકમમાં સંકળાવી લેવામાં આવેલાં [illegible] અથવા તો એકબીજા સાથે સંબંધ ધરાવતા એ[illegible] સમૂહોમાં તેમનું સંકળામણ થયેલું હોય છે. આ સા[illegible] એવા સંપૂર્ણ એકમોમાં ગોઠવેલાં હોય છે કે પસંદગી [illegible] અથવા સ્વેચ્છાનુરૂપ, તેમની સાથે કાર્ય કરતાં [illegible] જણાય છે કે તે શાળાના, શિક્ષણ સાથે સંબંધ [illegible] પણ ભિન્ન સ્વાંગમાં રજૂ થયેલા, જુદાજુદા વિષયોના [illegible] માટેના તૈયાર કરેલા વિવિધ સંસ્કારમાર્ગે પ્રગતિ [illegible] હોય છે.

મૉન્ટેસોરી પદ્ધતિમાં દરેક વસ્તુ બીજી સાથે સં[illegible] ધરાવતી હોય છે. તેની પાછળ હેતુ હોય છે, આદર્શ [illegible] છે, પ્રમાણ હોય છે અને તે શા માટે રાખવામાં આ[illegible] અને ક્યાં દોરી જાય છે તે સ્પષ્ટ હોય છે. માતસ[illegible] અને અમલમાં મૂકવાની વ્યાવહારિક દૃષ્ટિએ તેના [illegible] સ્પષ્ટ અને તેજસ્વી સિદ્ધાન્તનો હોય છે એ જ તેનું [illegible] છે. પણ આ વસ્તુ ક્રિયા-પ્રવૃત્તિ વિષે કહી શકાય તેમ [illegible] કોઈ પણ ઠેકાણે તેમાં રહેલા સ્પષ્ટ અને સાંશ્લિષ્ટ સિદ્ધ[illegible] શોધી કાઢવાનું કાર્ય મુશ્કેલ છે. ઘણા લોકો માને છે [illegible] મુખ્ય પ્રેરણા ફ્રોબેલ પાસેથી મળેલી છે પણ તેમ મા[illegible] તેઓની ભૂલ છે. જર્મન આદર્શવાદી પાસેથી નહિ [illegible] અમેરિકન તત્ત્વદર્શી જોન ડયૂઈ (John Dewey) [illegible] તેના મુખ્ય ઉદ્ભવસ્થાને જાણી શકાય. એક ફિલસૂફી [illegible] વ્યવહારવાદ(Pragmatism) પર્યાપ્ત મૂલ્ય(Ab[illegible] Value)નો સ્વીકાર કરતી નથી. પણ એમ પ્રતિપાદન [illegible] કે પદાર્થ એ સત્ય છે કારણ કે જ્યાં સુધી તે કાર્ય ક[illegible] છે ત્યાં સુધી તે કાર્ય કરે છે.

હું માનું છું કે આ જ કારણને લીધે ક્રિયા[illegible] પ્રયોગોનો સતત ઊભરો હોય તેવી છાપ આપણા ઉપ[illegible] છે. અને તેના પ્રબળ ઉત્સાહી પક્ષકારો પણ જાણતા[illegible] કે તે ક્યાં દોરી જાય છે.

" ક્રિયા શિક્ષણ "ની બાબતમાં પ્રવૃત્તિમાર્ગે [illegible]

[અનુસંધાન પૃ. ૨૦[illegible]

આપણું કલંક : દેશની પછાત પ્રજાઓ

સુમન્ત મહેતા

૧૯૫૧ની વસતિગણતરીમાં આપણા ભારત દેશની આબાદી (વસતિ) લગભગ ૩૬ કરોડ મનુષ્યોની થઈ છે. હિમાલય અને વિંધ્યાચળ એ બે આપણી મોટી લાંબી પર્વતમાળા છે, અને એ પર્વતોનાં ગાઢ જંગલોમાં રહેતી પ્રજા પછાત રહી ગઈ હોવાને લીધે તેમની ઉન્નતિ તથા રક્ષણ અને વિકાસ માટે આપણા સંવિધાન(બંધારણ)માં વિશિષ્ટ જોગવાઈ કરવામાં આવેલી છે. તેવી જ રીતે આપણા સમાજમાં લગભગ ૨૦૦૦ કે વધારે વર્ષોથી અમુક લોકોને અસ્પૃશ્ય ગણવામાં આવ્યા હતા. આ બન્ને પ્રકારના લોકો અસમાન આર્થિક અને સામાજિક વ્યવસ્થા તથા વાતાવરણને લઈને પછાત પડી ગયા છે. જે પ્રજાજનો દૂરદૂરના પહાડી મુલકમાં રહે છે તે આદિવાસી કહેવાય છે, અને સંવિધાનમાં તેમની યાદી કરવામાં આવી છે માટે એ "પરિશિષ્ટ જાતિઓ"(ટ્રાઈબ) કહેવાય છે, અને જે પ્રજાજનો સમાજમાં જ રહેવા છતાં તેમને અસ્પૃશ્ય ગણીને તેમને અમુક જ કામ કરવાની છૂટ હતી તેમને પરિશિષ્ટ 'ન્યાત'(કાસ્ટ) કહેવામાં આવે છે.

આ ઉપરાંત બીજા અનેક જાતના પ્રજાજનો છે કે જે સામાજિક તથા આર્થિક અસમાનતાને લીધે તથા શિક્ષણ તથા ઔદ્યોગિક કેળવણીના અભાવને લીધે સામાન્ય પ્રજાથી પછાત પડી રહ્યા છે. આ બધા "પછાત વર્ગ"ના ગણાય છે. આ પછાત વર્ગોને માટે હમણાં જ એક તપાસમંડળ શ્રી કાલેલકરના પ્રમુખપણા નીચે નીમવામાં આવ્યું છે.

ઉપર જણાવેલી હકીકત, વખતે, ઘણા હિંદીઓ જાણતા હશે પણ બનવાજોગ છે કે તેમને પૂરેપૂરું ભાન નહીં હોય કે ઉપર જણાવેલા ત્રણ વર્ગોના હિંદીઓની સંખ્યા લગભગ ૧૪ કરોડ મનુષ્યોની થાય છે. ૩૬ કરોડમાંથી ૧૪ કરોડ એટલે અડધેઅડધાથી જરા જ ઓછી.

(૧) જંગલોમાં રહેતા આદિવાસીઓ અથવા પરિશિષ્ટ જાતિઓની સંખ્યા લગભગ બે કરોડ છે.

(૨) અસ્પૃશ્ય કે અછૂત ગણાતા, પંચમ ન્યાતના, ગાંધીજીએ જેમને હરિજન કહ્યા છે તે પરિશિષ્ટ ન્યાતોવાળાની સંખ્યા પાંચ કરોડની છે; અને

(૩) જે પછાત વર્ગોને માટે હાલમાં (કમિશન) તપાસ-મંડળ નીમવામાં આવ્યું છે તેમની સંખ્યા લગભગ સાત કરોડની છે.

ઉપર જે બે પરિશિષ્ટ વર્ગો જણાવ્યા છે તેના હિતનું રક્ષણ કરવા માટે, તેમ જ તેમને સામાન્ય પ્રજાજનોના કરતાં વિશેષ લાભ આપવા માટે આપણા રાષ્ટ્રીય સંવિધાનમાં જોગવાઈ કરવામાં આવી છે, અને તે ઉપરાંત તેમને મદદરૂપ થવા માટે પરિશિષ્ટ ન્યાતો તથા જાતિઓને માટેના એક કમિશનર (અમલદાર) નીમવામાં આવ્યા છે. તેમના હાથ નીચે તેમના મદદનીશો છે અને તેમને માટે ખાસ દફતર (ખાતું) ખોલવામાં આવ્યું છે. હાલના એટલે પહેલા કમિશનર તરીકે આપણા પંચમહાલ જિલ્લામાં ભીલસેવા-મંડળના આજીવન સભ્ય અને ઠક્કરબાપાના મદદનીશ, લક્ષ્મીદાસ શ્રીકાંત છે. ૧૯૫૨ના પાછલા ભાગમાં તેમણે પોતાના દફતરનો પહેલો હેવાલ પ્રગટ કર્યો છે. આ હેવાલ વાંચીને મારા મનમાં જે વિચારો સ્ફુર્યા છે તે ગુજરાતની પ્રજાની જાણ માટે આ લેખ દ્વારા પ્રગટ કરું છું.

અઢાર કરોડ સ્ત્રીઓ

પણ, આ હેવાલની સાથે જેને જરા પણ સંબંધ નથી તેવી એક બાબતનો વિચાર કરી લેવાની જરૂર છે. દિલ્હીની લોકસભામાં તેમ જ કાઉન્સિલમાં તથા દરેક રાષ્ટ્રની આવી સભાઓમાં આ પરિશિષ્ટ ન્યાતો તથા જાતિઓના અમુક સંખ્યામાં સભ્યો ચુંટાઈ આવવા જોઈએ તેના નિયમોનો સમાવેશ સંવિધાનમાં સ્પષ્ટ થઈ ગયો છે. જ્યારે આ પ્રશ્ન-

વિધાન સભા પાસે ચર્ચાતો હતો ત્યારે એ પ્રશ્ન ઉપસ્થિત થયો કે હિંદી સ્ત્રીઓ જાહેર જીવનમાં, સંખ્યાની દૃષ્ટિએ, પછાત કહી શકાય, અને કેળવણીમાં તો પછાત જ રહી ગઈ હતી, તેથી તેમને માટે અમુક સંખ્યાની બેઠકો અલગ રાખવી કે કેમ. સ્ત્રીઓની અમુક સંસ્થાઓએ અને જે આગેવાન ગણાતાં હતાં તેવી સ્ત્રીઓએ આવી વિશિષ્ટ સગવડ લેવાની ના પાડી. આપણે માની લઈએ છીએ કે આમ કરવાથી સ્ત્રીઓએ સારી આત્મશ્રદ્ધા બતાવી અને મનની ઉદારતા પણ રાખી. તે છતાં એટલું તો સૌ કોઈ જાણે છે કે ૧૦૦માંથી ૯૭ સ્ત્રીઓ અશિક્ષિત રહી ગઈ છે. આપણી રાષ્ટ્રીય ચૂંટણીમાં સ્ત્રીઓએ સારી જાગૃત બતાવી હતી તે ગર્વ લેવા જેવી વાત છે, અને તે છતાં જે સ્ત્રીઓ ગામડાંઓમાં રહે છે, અને આપણે વારંવાર પોકારીએ છીએ કે લગભગ ૮૦ ટકા જેટલા હિંદીઓ ગામડાંમાં વસે છે, ત્યારે એ વાત તો કબૂલ કર્યા વિના છૂટકો નથી કે હિંદી સ્ત્રીઓ શિક્ષણની દૃષ્ટિએ, આર્થિકદૃષ્ટિએ અને સામાજિક તથા જાહેરકામની દૃષ્ટિએ પછાત છે. ઉપર જણાવેલી પછાત પ્રજાની ૧૪ કરોડની વસતિમાંથી સાત કરોડ સ્ત્રીઓ બાદ કરીને જો ૧૮ કરોડનો તેમાં ઉમેરો કરીએ તો પછાત પ્રજાજનોની કુલ સંખ્યા ૨૫ કરોડની થશે. ત્યારે બાકી રહ્યા માત્ર ૧૧ કરોડ. આ પછાત પ્રજાનું પુરાણ હું બંધ કરી દઉં છું. વાચકવર્ગ પોતપોતાની બુદ્ધિ પ્રમાણે તેમાંથી અનુમાનો કરી લે.

પરિશિષ્ટ ન્યાતના માણસોમાં કોનો સમાવેશ કરવો એ મહત્ત્વની બાબત છે. આનો નિર્ણય કરવા માટે સેન્સસ-કમિશનરે કેટલાક મુદ્દાઓ નક્કી કર્યા હતા તે જાણવા જેવા હોઈને અહીં ટાંક્યા છે :

(૧) બ્રાહ્મણો તેમની યજમાનગીરી સ્વીકારે કે નહીં. (૨) સામાન્ય વાળંદો, દરજી, પાણી ભરનારા અમુક વર્ગનું કામ કરે કે નહીં. (૩) ઊંચી ગણાતી ન્યાતના લોકો અમુક વર્ગ તેમને અડકે અગર પાસે આવે તેનો વાંધો લે છે કે નહીં. (૪) ન્યાતમાં રહેતો હિંદુ તે વર્ગના લોકોએ આપેલું પાણી પીએ કે નહીં. (૫) આ વર્ગના લોકો જાહેરગાડીઓ, મોટર-બસ, જાહેરરસ્તા, નદીપાર કરવાની હોડીઓ, જાહેરકૂવા, શાળાઓનો ઉપયોગ કરી શકે છે કે નહીં. (૬) હિંદુ મંદિરોમાં એ વર્ગ દર્શન માટે પ્રવેશ કરી શકે છે કે નહીં. (૭) આ વર્ગના ભણેલા મનુષ્યને અન્ય ભણેલા મનુષ્યના જેટલું માનભર્યું સ્થાન મળે છે કે નહીં.—આવા મુદ્દાઓ તપાસવામાં આવતા હતા.

પણ હવે આપણા નવા સંવિધાનની કલમ ૧૫ પ્રમાણે "કોઈ પણ નાગરિકને તેના ધર્મ, વંશ (રેઈસ), ન્યાત, જાતિ કે જન્મસ્થાનના કારણે ભેદભાવ દર્શાવવામાં આવશે નહીં" એવું નક્કી થયું છે. વિશેષમાં એવું સ્પષ્ટ કર્યું છે કે ઉપરના કોઈ પણ કારણના પરિણામે કોઈ પણ નાગરિકને દુકાનો, રેસ્ટોરાં(વીશી), જાહેર હોટેલ(નિવાસસ્થાન), જાહેર રમતગમતનાં સ્થળો (નાટકશાળા, સિનેમાઘર, કસરતશાળા, નહાવાના કુંડ વગેરે), કૂવાઓ, તળાવના ઓવારા, રસ્તાઓ, બાગબગીચા, વગેરે સ્થળો કે જે સરકારી નાણાંથી તૈયાર થયાં હોય કે જેમાં સરકારે થોડી પણ મદદ કરી હોય તેનો ઉપયોગ કરવામાં રોકાણ કે અગવડ કરવામાં આવશે નહીં. કલમ ૧૭મીથી અસ્પૃશ્યતાને સ્પષ્ટ રીતે કાયદાથી કાઢી નાખી છે અને જો કોઈ પણ રીતે તેનું પાલન થાય તો તેને માટે સજા ફરમાવવાનો કાયદો થયો છે. કલમ ... એવી જોગવાઈ કરી છે કે જેને લીધે બધાં હિંદી રાજ્યો આ પરિશિષ્ટવર્ગની કેળવણી તથા આર્થિક ઉન્નતિની કાળજી રાખવી.

આ બધી સંવિધાનની કલમો તથા રાષ્ટ્રોના ... કાયદાઓનો અમલ કેટલો અને કેવી રીતે થાય છે ... ખરો મુખ્ય પ્રશ્ન છે. સમાજસેવકો તો સારી રીતે ... કે સ્વરાજ્ય મળ્યાને પૂરાં પાંચ વર્ષ વીતી ગયાં હોવા ... હજી સુધી આ પરિશિષ્ટ ન્યાતો એટલે હરિજનોની ... અને સામાજિક સ્થિતિમાં બહુ ફેરફાર થયો નથી. ... ગુજરાતના એક સાચા, નમ્ર, સુશીલ, પ્રામાણિક ... ભાઈ પરીક્ષિતલાલ મજમુંદારે એક જાહેરસભામાં ... કે વર્ષો પહેલાં એમણે જ્યારે હરિજન સેવાસંઘનું કામ ... લીધું ત્યારે એમનાં વૈષ્ણવ સગાંઓ એમની સાથે ... કરતાં અને આજે આ પ્રકારની સૂગ જતી રહી છે ... પરીક્ષિતલાલ આને ક્રાન્તિકારક પરિવર્તન તરીકે ... એમાં મોટી ભૂલ તો એ છે કે પરીક્ષિતલાલ પોતે તો "... અપરિશિષ્ટ, 'ઉચ્ચ' કોમના છે. તેમની "ઘેલછા" ... સગાંઓએ દરગુજર કરી છે. આવા મામૂલી સુધારા ... વસનારાઓ સહન કરી લે છે. મોટાં ગામોમાં અને ...

જરૂર અસ્પૃશ્યતા તરફની સૂગ તરફ આંખઆડા કાન કરવામાં આવે છે પણ આપણાં ગામડાંઓમાં અસ્પૃશ્યતાનું નિવારણ બહુ થોડું થયું છે, લગભગ નહી જેવું. આપણાં છાપાંઓમાં વારંવાર હકીકતો છપાય છે કે જેમાં "ઉજળા" લોકો 'હરિજનો'ને ટીપે છે, તેમનો આર્થિક બહિષ્કાર કરે છે, ક્રૂરમાં ક્રૂર, અત્યંત અન્યાયી, અને જંગલી પ્રકાર તો એ છે કે જ્યારે કોઈ ગામડાંમાં ચેપીરોગના કારણે ઢોરો મરી જાય છે ત્યારે અભણ વહેમી ખેડૂતો બિચારાં નિર્દોષ ચમાર કુટુંબોને ધીબી ટીપી નાંખે છે.

કમિશનર લક્ષ્મીદાસ શ્રીકાંત લખે છે કે: "બ અને ક વર્ગનાં રાષ્ટ્રોના જોડાયલા (ઇન્ટીગ્રેટેડ) પ્રદેશોમાં" એવું બન્યું છે કે હરિજન વરરાજાને ઘોડા પર સ્વાર થવા દેતા નથી, અને સ્ત્રીઓને ઘરેણાં પહેરવા દેવામાં આવતાં નથી. આ હકીકતમાં સત્યને ઢાંકવાનો પ્રયત્ન થયો છે તે ઇષ્ટ નથી. 'અ' વર્ગનાં રાષ્ટ્રોમાં પણ આવું બને છે, અને તે જોડાયલા પછાત પ્રદેશમાં બને છે એવું છાનું સૂચન કરવું એ અયોગ્ય છે. કમિશનરે વધારે વિગતો મેળવવી જ જોઈએ અને તે પ્રજા સમક્ષ સ્પષ્ટ શબ્દોમાં જણાવી દેવી જોઈએ.

આપણે ચોખ્ખા દિલથી એકરાર કરવો જોઈએ કે આજે પણ ભાગ્યે કોઈ જ ગામડાંમાં સાર્વજનિક કૂવામાંથી હરિજનોને પાણી ભરવા દેવામાં આવે છે, ગામડાંની વીશીમાં તેમને દૂર બેસીને ચા પીવી પડે છે, તેમને કોઈ અડકતું નથી. અનેક રાષ્ટ્રોએ "સામાજિક અન્યાયનિવારણના કાયદા" કર્યા છે તે છતાં તે રાષ્ટ્રોની કોરટોમાં એવા કેસ નોંધાયાની સંખ્યા અત્યંત જૂજ છે. આમ થવાનું કારણ હેવાલમાં એવું આપ્યું છે કે હરિજનોમાં આવા કેસ માંડવાની હિંમતનો અભાવ છે. "પડ્યા પર પાટુ મારવા" વિષે જે કહેવત છે તેવી આ દલીલ છે. અમુક પ્રજાજનોને ૨૦૦૦ વર્ષ સુધી મારીટીપી, બહિષ્કારથી ભૂખ્યા રાખીને તેમને નિર્વીર્ય બનાવ્યા પછી નાહિંમતની વાતો કરવી એ તિરસ્કારને પાત્ર છે. જ્યાં જ્યાં અન્યાયોના પોકાર પેપરોમાં આપણે વાંચીએ છીએ ત્યાં અમલદારો તથા જાહેર કાર્યકર્તાઓ દોડી જાય છે, પણ કોઈ પણ વ્યક્તિને સખત શિક્ષા થઈ હોવાનું જાણવામાં આવ્યું નથી. સમાજ આવા બનાવો સહન કરી લે છે, અને કમિશનર શ્રીકાંતે હજી સુધી કાયદાઓમાં એવા ફેરફાર કરાવ્યા નથી કે જેને લીધે ગુનેગારો સખત નસિયત પામે. આવા કેસ પોલીસે પોતે ચલાવવા જોઈએ (કૉગ્નિઝેબલ) અને કાયદા પ્રમાણે સખત સજા થવી જોઈએ. ચીનમાં આવા કેસોનો નિકાલ જે તે ગામડાંની સમિતિ કરે છે એ રીત સારી છે, પણ આપણે ત્યાં ગામડાંમાં ગ્રામપંચાયતોમાં હજી સુધી પ્રાણ આવ્યો નથી અને સામાજિક ક્રાન્તિ કરવાની જાગૃતિ પણ આવી નથી. આપણો આગ્રહ સજા કરવા માટે ન હોય પણ આવા બનાવ ફરી બને નહીં તે માટે હોય, અને જો સજા કરવી જ પડે તેવું હોય તો તે જરૂર ફટકારવી જ જોઈએ. હરિજન સેવાસંઘો હરિજન વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિઓ અપાવે છે, ખાસ શાળાઓ, છાત્રાલયો કઢાવે છે, અલગ કૂવાઓ ખોદાવી અપાવે છે, પણ હિંદના પાંચ કરોડ પરિશિષ્ટ હરિજનો સમાજમાં ભળી જાય, એકત્ર થઈ જાય તે માટે લગભગ કંઈ પ્રયાસ કરતા નથી. સારા નસીબે હવે હરિજનો માટે જુદાં મંદિરો બાંધવાનું ધતિંગ પડતું મુકાયું છે, અને હરિજનો માટે સત્યાગ્રહો કરવાકરાવવાનો ઉત્સાહ આવા સેવાસંઘોમાં છે નહીં.

સમાજમાં હરિજનોને સમાવી લેવા માટે અને પ્રજાના અમુક વર્ગને કોઈ પણ જાતની અડચણો ભેદવૃત્તિથી નડતી અટકાવવા માટે પાર્લમેંટ જ કાયદો કરી શકે તેમ છે એમ કમિશનર પોતાના હેવાલમાં જણાવે છે (પા. ૧૫ પેરા ૧). આવો કાયદો ગૃહપ્રધાન ઘડી રહ્યા છે એવી આશા હેવાલમાં આપી છે. આજે તેને ૧૨ માહના થઈ ગયા છતાં એ ઝળકતા કાયદાનાં નામનિશાન આજ સુધી જોવામાં આવ્યાં નથી. ગાંધીજીને આ બાબતમાં કેટલી તીવ્ર લાગણી હતી તે બતાવવા માટે તેમના એક લેખનો ફકરો હેવાલમાં ટાંકયો છે, જેમાં ગાંધીજી કહે છે કે: "મારે મોક્ષ મેળવવો નથી, મારે પુનર્જન્મ લેવો નથી, પણ જો મારે ફરી જન્મવાનું જ હોય તો મારે અસ્પૃશ્ય ન્યાતમાં જન્મ લેવો છે, જેથી આ પ્રજાનાં દુઃખો, તેમને પડતા ત્રાસ, તેમને થતાં અપમાન સહન કરવામાં હું ભાગીદાર થાઉં, અને તેથી હું એ ત્રાસ તથા અપમાન ટાળવાને માટે ઝૂંબેશ ઉપાડું. માટે હું પ્રાર્થના કરું છું કે જો મારે ફરી જન્મ લેવાનો હોય તો મને બ્રાહ્મણ નહીં, ક્ષત્રિય નહી, વૈશ્ય નહીં, શૂદ્ર નહીં, પણ અતિ શુદ્ર તરીકે જન્મ મળે." આવી હૃદયભેદક હકીકત હોવા છતાં આપણી પોતાની હિંદી સરકાર, વારંવાર "બાપુ"નાં ગુણગાન ગાનારી સરકાર, બાપુને પગલે

ચાલવાનો દાવો કરતી સરકાર, એક નાનો સરખો કાયદો કરીને પાંચ કરોડ હિંદીઓને ન્યાય આપીને પોતાના કપાળ પરનું કાળું મેશ જેવું કલંક દૂર કરતી નથી એ નવાઈ પામવા જેવું છે.

વેઠ-બેગાર

બ્રિટિશ અને હિંદી રાજાઓની હકૂમત નીચે આખા હિંદ દેશમાં ગામડાંના તથા જંગલના પ્રજાજનો પાસેથી વેઠ-બેગાર લેવાની પ્રથા હતી. તે કાઢી નંખાવવા માટે કરોડો સભાઓ ભરાઈ હશે, લાખો ઠરાવો પસાર થયા હશે અને હજારો પગલાં, (પગલાં એટલે ચાલુ કાયદામાં સુધારા અને વેઠની કનડગત ઓછી થાય તે માટેનાં પગલાં) લેવાયાં હશે. આજે ૧૯૫૩માં વેઠ ચાલુ છે. આંતરરાષ્ટ્રીય કામદાર મંડળ (આઈ. એલ. ઓ.) તરફથી હિંદી સરકાર પર આ બાબતમાં સુધારા કરવાનું દબાણ થયાં કરે છે. આ હેવાલના પા. ૨૬માં પૅરા ૭૭માં કમિશનર લખે છે કે : "સરકારના સંગીન પ્રયત્ન હોવા છતાં વેઠબેગારની પદ્ધતિ હજી ચાલ્યાં કરે છે અને તેમાં મોટે ભાગે જેમને ત્રાસ તથા અન્યાય વેઠવો પડે છે તે હરિજનો અને આદિવાસીઓ છે. અમલદારો કબૂલ કરે છે કે આદિવાસીઓને મહેનતાણું મળતું નથી. કેટલીક વાર પ્રજાજનોને ૧૦-૧૨ માઈલ ચલાવીને કામ પર લઈ જવામાં આવે છે અને તે પણ જે મોસમમાં આદિવાસી ખેડૂતને પોતાના ખેતરમાં પુષ્કળ કામ હોય ત્યારે. જો સરકારના આવા "સંગીન" પ્રયત્નો તથા હુકમોનો ખુલ્લી રીતે છોટા અમલદારો અનાદર કરતા હોય તો કાં તો સરકાર રાજીનામું આપી દે અથવા છોટા અમલદારોને નોકરીમાંથી છૂટા કરી દે. આ બેમાંથી એકેય પગલું લેવાતું નથી અને હિંદી સરકારનું રગશિયું ગાડું ચીચુડ ચીચુડ બોલતું કલાકે અડધા માઈલના વેગથી ચાલી રહ્યું છે.

આ હેવાલમાં બીજી ઘણી બાબતોનો સમાવેશ થાય છે દરેક પ્રાંતમાં પ્રાંતીય ધારાસભાઓમાં આ બન્ને વર્ગોને કાયદાથી સ્થાન મળ્યું છે. તેમને માટે અમુક સંખ્યાના સભ્યો મુકરર થયા છે. આ બધી ચર્ચામાં હું ઊતરતો નથી.

જે આદિવાસીઓ છે તેમનામાં કેવા પ્રકારની કેળવણી દાખલ કરવી, તેમના રીતરિવાજોમાં કોઈ પણ જાતના સુધારા સૂચવવા કે કેમ, જો સૂચવવા હોય તો તે કયા ધોરણે સૂચવવા એ બધું વાંચીને વિચાર કરવા જેવું છે. કેટ મુદ્દાઓ તીવ્ર ચર્ચાસ્પદ છે. પછાત આદિવાસીઓ જં બાળીને ખેતી કરે છે તે કરવા દેવું કે નહીં, (કારણ કે કરવાથી વખતે લાખો કિંમતી ઝાડો બળી જાય છે) દારૂ નહીં તો દારૂનું વ્યસન ઓછું કરવાના પ્રયત્ન કરવા કે ન લગ્નની બાબતમાં જે કુરિવાજો આપણને લાગે છે કંઈ ફેરફાર સૂચવવા કે કેમ, દૂર ભવિષ્યમાં આદિવાસી પોતપોતાના રીતરિવાજો સંભાળી રાખીને, સામાન્ય હિ નાગરિક બને એવો આદર્શ રાખવો કે કેમ? અમેરિ ત્યાંના આદિવાસીઓ જેમને "લાલ હિંદીઓ" (ઇન્ડિયન્સ) કહેવામાં આવે છે તેમને સામાન્ય પ્રજાથી અલગ રાખવાનો પ્રયોગ થયો, તેનું પરિણામ માઠું પણ ભયંકર આવ્યું છે, તેમની સંખ્યા ઘટી ગઈ છે થોડાં વર્ષોમાં તે નાબૂદ થઈ જશે. તેના કરતાં આ સામાન્ય બીજા હિંદીઓની અંદર સમાઈ જાય તેમાં શું છે? પોતપોતાના રીતરિવાજો, તહેવારો વગેરે સાચવી રાખે આજે શીખ અને હિંદુ કુટુંબોમાં, અને જૈન વાણિયામાં આંતરલગ્નો થાય છે. સ્ત્રીપુરુષો પોતાના ધર્મ પાળે છે. એટલી વાત સાચી કે હજી કેટ સુધી આ આદિવાસીઓને ભણેલાગણેલા લોકો છેતરી જાય, તેમનું શોષણ ન કરી શકે તેને માટે પૂરતી તજવીજ રાખવી પડશે.

પછાત પ્રજાઓ

હમણાં જ પછાત પ્રજાઓ કઈ કઈ છે તેનો કરવા માટે તેમ જ તેમની ઉન્નતિનાં પગલાં સૂચવવાં માટે કમિશન નિમાયું છે. શ્રીકાંતના હેવાલ પરથી એક જાણવા જેવી મળે છે કે એકલા મુંબઈ પ્રાંતમાં (પાત આવી ૧૬૨ ન્યાત કે જાત છે, સૌરાષ્ટ્રમાં ૭૯ છે અને હિંદની પછાત જાતો (હરિજન આદિવાસી સિવાય) વસતિ સાત કરોડ મનુષ્યોની છે.

ઉપસંહાર

સરકારની જે રાષ્ટ્રીય ફરજ છે તેનો અમલ કર આ એકંદરે ૧૪ કરોડ મનુષ્યોની ઉન્નતિ માટે યોગ્ય કા અને બીજાં બધાં પગલાં લેવાય તેટલા માટે પરિશિષ્ટ કમિશનરનું દફતર ખોલવામાં આવ્યું છે. મારા અ અનુભવે મને સ્પષ્ટ શીખવ્યું છે કે પોતાનાં ખાતાં

કામગીરી) માટે જે જે સૂચનાઓ કરવામાં આવે તેના સ્વીકાર માટે જે અમલદાર અતિ આગ્રહ, વિનયપૂર્વકનો પણ મક્કમ આગ્રહ, કરતો નથી, તેને નથી મળતા સારા મદદનીશો, નથી મળતાં નાણાં, નથી મળતી અમલદારી સહાનુભૂતિ, નથી મળતો જશ.

આ પછાત કહેવાતી પ્રજાની ઉન્નતિ માટે સરકારની ફરજ છે તેના કરતાં જરૂર છે પ્રજાજનોની મદદની. બ્રિટિશ સરકાર તથા બ્રિટિશ અમલદારોની છત્રછાયા નીચે હજારો યુરોપીય અને અમેરિકન મિશનરીઓ આપણા આદિવાસીઓ અને હરિજનોમાં કામ કરી રહ્યા છે. મારા એક નિકટના મિત્ર (અને સગા) હમણાં જ હિંદની દૂર પૂર્વ સીમા પર લુશાઈ હિલ્સમાં ફરતા હતા. આ પર્વતોની પૂર્વમાં છે બ્રહ્મદેશ, અને પશ્ચિમમાં છે પૂર્વ પાકિસ્તાન. ત્યાંના લોકો એ પર્વતોને લુસે, લુસાઈ કહે છે. તેમાંથી ૯૯ ટકા ખ્રિસ્તી છે. અંગ્રેજોના રાજ્યમાં ખ્રિસ્તી થઈને હિંદવિરોધી લાગણી કેળવતા હતા, રાષ્ટ્રીય આદર્શોનો અનાદર કરતા હતા. જ્યાં સુધી આ ૧૪ કરોડ પછાત પ્રજામાં થોડા લાખ હિંદીઓ શુદ્ધ સેવાભાવથી, જે તે પ્રજાના જેવી જ રહેણીકરણી સ્વીકારીને તેમને માર્ગદર્શન કરવા માટે થાણાં નાખશે નહીં ત્યાં સુધી માત્ર સરકારના પ્રયાસો ઉપરછલ્લા રહેવાના છે. આજે ભારત દેશને જોઈએ છે લાખો સ્વયંસેવકો. (રૂસમાં તથા ચીનમાં તે 'કેડેટ' કહેવાય છે.) તેમનાં મથકો અને થાણાંને આપણે આશ્રમ કહીએ છીએ; માત્ર સામાજિક અને આર્થિક પ્રશ્નોમાં દોરવણી આપે, સાંસ્કૃતિક બાબતોમાં જે તે પ્રજાની ઇચ્છા જાણી લઈને મદદરૂપ થાય પણ પોતે સદાચારી રહીને સદાચાર શીખવે એવા નાયકો, આગેવાનો, હિંદી પ્રજાએ મોટી–બહુ મોટી સંખ્યામાં આપવા પડશે.

આપણા વર્તમાન યુગમાં આપણે અનુભવ્યું છે કે એક સારો આગેવાન ૪૦–૫૦ નાયકોને તાલીમ આપીને તેમની મદદથી એક આખા જિલ્લાને (૧૦–૧૨ લાખ માણસની વસતિને) યોગ્ય માર્ગે દોરવી શકે છે. દસ લાખે એક ઉત્તમ વર્ગના નેતાની જરૂર પડતી હોય તો માત્ર ૩૬૦ પહેલા વર્ગના નેતાઓ હોવા જોઈએ. શું હિંદ દેશ એટલા પૂરા ન પાડી શકે ?

મધ્યાહ્ન

ઘોમ ધખતો હતો
દૃષ્ટિના ભેદને તોડતો,
કાળની સાથ શા તોરથી
પાય ભરતો હતો
ક્યાં ? અરે તેય તો પ્રશ્ન તેનો હતો.
ને છતાં વેગને તેજથી ડારતો
દૂર કૈં દૂર ધસતો હતો
ત્યાં જહીં જેહની પુચ્છના ઘાતથી
ક્ષિતિજની ધાર તૂટતી હતી,
જેહના કાળ વિકરાળ તે દંષ્ટ્રથી
પૃથ્વિની કાય કંપી જતી,
તે જ તે ઘોર અંધારના રુક્ષ
અજગર તણા મુખ મહીં
ઘોમ ધખતો હતો,
ઘોમ ધસતો હતો.

નલિન રાવળ

અમાવાસ્યા

અમાવાસ્યાનું આ નભ દિસતું કો' તામિલ ઋષિ
ઊભા ઓઢી વ્યાઘ્રચરમ ટપકાં તે પર સમા
દિસે ખીલ્યા તારા, ગગનતણી ગંગા ધવલ જે
લલાટે એ જાણે લસતી ત્રણી રેખા ભસમની.

અમાવાસ્યાનું આ નભ દિસતું કો' અબ્ધિ સરખું
ખરે આ તારાઓ દૂર દૂર જતી હોડીશઢનાં
દિસે છેલ્લાં ધોળાં, નજર નરીએ દૃશ્ય, ટપકાં
હવાથી ફુલેલા શઢ સમ જરી ફરફર થતાં.

અમાવાસ્યાનું આ નભ દિસતું કાલિંદી સરખું
રહી જેની પીઠે ધવલ બક હંસાવલિ તરી;
ઊભા ઓઢી કાળી કમલી કર બંસી જદુપતી
અને સ્વર્ગંગા આ લસતી ગલમાળા બકુલની.

ઊંડે શોભા શ્યામ ચહુ દિશ ફિરી તારકરજ
ખીલ્યું જાણે આજે નભ તણું પ્રફુલ્લ કુવલય.

'સનાતન'

જિપ્સીની આંખે

'જિપ્સી'

'બંસી કાહે કો બજાઈ ?'

હોય તેવું ન દેખાય તેનું નામ ભ્રમ. આવી ભ્રમણામાં એક વાર પડ્યો. પરિણામે પાંસળી ભાંગી. મસૂરીના આ દિવસો ઘણી વાર સાંભરે છે. પણ એમાં પાંસળી ભાંગ્યા પૂછીનો વિશ્રામ યાદ આવે છે ત્યારે તો અંતઃકરણ આનંદથી ભરાઈ જાય છે. ૧૯૩૯ના ઉનાળામાં અમે ત્રણ મહિના મસૂરી રહ્યાં હતાં. એક રાતે રાજપીપળાનાં મહારાણી સાહેબને ત્યાંથી જમીને અમે નીકળ્યાં. સૌને રિક્ષાઓમાં રવાના કરીને મેં ચાલવા માંડ્યું. મને એમ કે આવી મનોહર રાતે રિક્ષામાં કેમ બેસાય? આકાશને જોતા જોતા હું ચાલ્યો જઈશ. બાગમાં એક લાંબો ક્યારો ખોદાયલો પડ્યો હતો. અંધારું હતું. મને લાગ્યું કે આ નવો ટૂંકો રસ્તો છે. આપણે તો પડ્યા ખાડામાં. માંડ માંડ ઘેર પહોંચ્યો. સવારે ડૉકટરે કહ્યું કે પાંસળી ભાંગી ગઈ છે. પંદર દિવસ પથારીવશ રહેવું પડ્યું. આ અકસ્માત થયાને બેત્રણ દિવસો થયા ને મહારાજા અને એમનું આખું કુટુંબ હારદ્વાર થઈને દિલ્હી જવા રવાના થઈ ગયું. વિશાળ મહેલ જેવા બંગલામાં હું, એક નોકર અને રસોઇયો એમ ત્રણ જ રહ્યા. ભરપૂર વસતિવાળો બંગલો વસ્તી વિનાનો થઈ જતાં એકદમ તો એકલતા અને શૂન્યતા બન્ને લાગવા માંડ્યાં. અનિવાર્ય પરિસ્થિતિને અનુકૂલ બનાવી દેવાની અથવા અનુકૂલ થઈ જવાની માનવીમાં કેવી સ્વાભાવિક કલા છે!

ચોથે દિવસે સવારે એક મધુર સૂરના સ્પર્શથી જાગી ઊઠ્યો :

> બંસી કાહે કો બજાઈ,
> મૈં તો આવત રહી! બંસી કાહે કો ?

વરદાન પામેલા કોઈ નમણા કંઠમાંથી ગળાઈને સ્વર વહી આવતો હતો. ખરી રીતે એ ગીત નહોતું ગવાતું. માત્ર ગુંજનનો વિહાર હતો. ઊઘડતું સવાર. મસ્ત ઠંડી હવા. વાતાવરણની તાઝગી. પ્રકૃતિની રમણીયતા. અને એ સર્વ આળોટીને આવતા આ ગુંજને અંતરને તરબતર [illegible] દીધું. ત્યાં તો એ જ ગુંજારવથી ભરાયલો અવાજ [illegible] થયો : "રામપરસાદ! ભૈયા, પાનીકી બાલટી બહાર આના!"

મારાથી માણસની મદદ વિના બેઠા પણ થવાતું ન[illegible] એટલે મેં ધીરેથી નોકરને બોલાવ્યો. રામપ્રસાદ આવ્યો. પૂછ્યું : "રામપ્રસાદ, હમણાં કોણ ધીરે ધીરે ગાતું હતું?"

"સાહેબ, એ તો આપણી ઝાડુવાળીની [illegible] ગુલબ્બો." મને પથારીમાં બેઠો કરતાં કરતાં એણે [illegible] "નામ તો એનું ગુલાબ છે. પણ લાડમાં એને સૌ ગુલ[illegible] કહે છે."

પલંગમાં તકીએ અઢેલીને બેઠો. સામે બારી[illegible] સવારના કોમળ સૂર્યનાં જીવનદાયક કિરણો ખોળામાં [illegible] પડ્યાં. કેટલાંક કિરણોએ સમગ્ર હસ્તીની સાથે ગેલ[illegible] માંડ્યાં. ત્યાં એ સોનેરી કિરણાવલિને પોતાના પા[illegible] સંતાડતી બારતેર વર્ષની ગુલબ્બો સામે આવીને ઊભી[illegible] ઊભી તો રહી પણ લજ્જાથી બેચેન થઈ રહી હતી. આંખોમાં, ચહેરા પર, અરે સમગ્ર દેહમાં એ લજ્જા [illegible] બનીને જીવનનો અભિષેક કરી રહી હતી. હું તો [illegible] એને જોઈ જ રહ્યો. મારી આ દૃષ્ટિએ એની લજ્જાને વધારી મૂક્યો. એક બાજુ લચી પડીને એ કોઈ [illegible] કોરેલી ત્રિભંગી મુગ્ધા બની રહી.

મેં કહ્યું : "ગુલબ્બો, આ ગીત તને પૂરું આવડે [illegible]

આંખો વડે એણે હા કહી. બોલી નહીં.

"તું અહીં પાસે બેસીને આખુંય ગીત ગાઈ[illegible] મારાથી બોલી જવાયું.

ડોકું હલાવીને હા કહી. ફરીથી બોલી નહીં.

સામે રામપ્રસાદ જીવનની આ ઉજાણી માણતો ઊભો હતો. એની આંખોમાંય જુદો ચમકાર હતો.

"રામપ્રસાદ, ગુલબ્બોને આજે ચા અને ખાવાનું આપજો." કહીને મેં એ છોકરીને કહ્યું: "હમણાં નહીં તો પછી ગાજે હોં! જા, રામપ્રસાદ તને બધું આપશે. તારી મા આજે કેમ નથી આવી?"

"એ બીમાર છે, સરકાર" છોકરીની આંખોમાંથી લજ્જાને ધક્કો મારીને ચિંતા આગળ આવી. આંખોનો રંગ ફરી ગયો.

"કંઈ કામકાજ હોય તો કહેજે, જા." મારા અવાજમાં અકારણ અનુકંપા ઊપસી આવી.

ગુલબ્બોના ગયા પછી મારા મનમાંથી પેલા ગીતનો ગુંજારવ હટે જ નહીં. ગમે તે વિચાર કરું, ગમે તે પુસ્તક વાંચું, ગમે તેની સાથે વાત કરું, મને સદા એ જ સંભળાયાં કરે:

"બંસી કાહે કો બજાઈ,
મૈં તો આવત રહી! બંસી કાહે કો?"

અને સામે આવીને ઊભી રહે પેલી સુકુમાર કન્યા. એના ઝૂંથરા જેવા અસ્તવ્યસ્ત વાળ, એનાં મેલાંઘેલાં કપડાં, એનો શ્યામ રંગ, એના જન્મકર્મની પરિસ્થિતિ, એ સર્વની ઉપરવટ થઈને મારી સામે પેલી લજ્જાના શીલથી અંજાયલી બે નિષ્કલંક આંખો જ આવીને ઊભી રહે. અને એની પાછળ વહી આવે અંતરની આર્તિથી અજવાળાયલો ગુંજારવ. સૂરમાંથી શબ્દ એઠો થાય અને ભાવને ઊંચકીને મારા હૃદય સુધી લઈ આવે.

રોજ સવારે સૂર્યનાં કિરણો આવીને મારી છાતી પર બેસે. હૂંફ આપે. મને જગાડે અને એની નીચે જીવનને જગાડે પેલા ગીતનું ગુંજન!

ચારપાંચ દિવસ પછી મારી તબિયત કંઈક સારી થઈ. પણ હજી બિછાનામાંથી ખસવાની ડૉક્ટરની રજા નહોતી મળી. પાંસળી સંધાતી જતી હતી. દુઃખ ઓસરતું જતું હતું. સપ્ટેમ્બરનો મહિનો હતો. એક સવારે ઊઠ્યો ત્યારે ઝરમર ઝરમર વરસાદ વરસતો હતો. વાતાવરણમાં ઠંડીનો કંપ હતો. સામે બારીમાંથી દૂરસુદૂર સુધી દેખાતી નયનમનોહર હરિયાળી વરસાદમાં નહાતી હતી. સ્નાન કરતી પ્રકૃતિનું આવું અભિનવ નિર્મળ સૌન્દર્ય જીવનમાં પ્રથમ વાર સાક્ષાત કરીને અસ્તિત્વ ઓશિંગણ બની રહ્યું. અને મારા એકલાનું અસ્તિત્વ જ નહીં! બાગનાં રમ્ય પુષ્પો પણ પોતાના ઐશ્વર્યને ભૂલી જઈને નિસર્ગના આ અભૂતપૂર્વ સ્વરૂપને વિનમ્ર ભાવે નમી રહ્યાં હતાં. પળવારમાં તો પ્રકૃતિ અને પુરુષ વચ્ચે સંકેત થયો. વરસતી વાદળીઓ વિખરાઈ ગઈ. આકાશ નિરભ્ર થવા માંડ્યું. પૂર્વમાં રંગાવલિ પ્રગટી. સોનેરી તેજની ટશરો ફૂટી. તેજકિરણો પર સવારી કરીને પૃથ્વી પર સુવર્ણમેઘ ઊતર્યો. સમસ્ત પ્રકૃતિ પ્રેમથી પાંગરી ઊઠી. પુષ્પોએ મસ્ત બનીને સુગંધ છલકાવી દીધી. આ સૌરભનો સાથ કરીને પેલું પ્રિય ગુંજન આવ્યું:

બંસી કાહે કો બજાઈ,
મૈં તો આવત રહી! બંસી કાહે કો?

ધીરે ધીરે ગુંજન, ગીત અને ગુલબ્બો મારે માટે એકરસ થઈ ગયાં. પંદર દિવસનો મારો આરામ પૂરો થયો. ડૉક્ટરે ફરવાહરવાની રજા આપી. પાટો છૂટી ગયો. મસૂરીથી નીકળવાનો દિવસ પાસે આવ્યો. જવાને આગલે દિવસે મેં રામપ્રસાદને કહીને ગુલબ્બોની માને બોલાવી મંગાવી.

બપોરે ચારનો વખત હતો. રામપ્રસાદે આવીને ખબર આપ્યા કે સુરખ્ખી આવી છે, સાથે ગુલબ્બો પણ છે. સુરખ્ખીના મનમાં ભય પેઠો હતો કે મને ગુલબ્બોના કામથી અસંતોષ થયો છે એટલે કંઈક ઠપકો આપવા બોલાવી છે. મેં રામપ્રસાદને કહીને બન્ને માદીકરીને ચા ને ખાવાનું અપાવ્યાં અને થોડી વારમાં એમને બોલાવવાને બદલે હું જ એમની પાસે બાગમાં પહોંચી ગયો. માદીકરી બિચારાં ઊભાં થઈ ગયાં. હું કંઈક કહું તે પહેલાં જ માએ આજીજીભર્યા અવાજે કહ્યું:

"માલિક, ગુલબ્બોકી ગુસ્તાખી માફ હો. અભી બચ્ચી હૈ. કુછ સફાઈ મેં કમી હો તો આપ સરકાર હૈં, મૈં ઔર લડકી દોનો માફી માંગતે હૈં." કહીને સુરખ્ખીએ નીચે વળીને ધરતીને હાથ લગાડી થોડી ધૂળ માથે મૂકી. ગુલબ્બોએ પણ માનું અનુકરણ કર્યું.

"નહીં નહીં સુરખ્ખી, ઐસી કોઈ બાત નહીં હૈ. હમ તો ગુલબ્બો કે કામસે બડે ખુશ હૈં. ઈસ લડકીકે કામમેં કોઈ તુરખ નહીં હૈ. તુમ્હારે જૈસાહી કામ કરતી હૈ. ગુસલખાને, પાયખાને, આંગન—સભીકી સફાઈ તુમ્હારેસે ભી અચ્છી કરતી હૈ. ઈસી લિયે તુમ્હેં કુછ ઇનામ દેને હમને

બુલાયા હૈ. કલ હમ જા રહે હૈં." હું છેલ્લો શબ્દ પૂરો કરું ત્યાં જ ગુલબ્બોથી બોલી જવાયું :

"આપ જા રહે હૈં ? અબ આપ કભી નહીં આયેંગે ?"

"નહીં ગુલબ્બો ! મકાન હમ છોડ રહે હૈં." કહીને મેં પચ્ચીસ રૂપિયા સુરખ્ખીના હાથમાં મૂકયા. કહ્યું કે એણે ત્રણ મહિના આ બંગલામાં સારું કામ કર્યું તેના પગાર ઉપરાંતનું આ ઇનામ છે.

પચ્ચીસ રૂપિયા પામીને સુરખ્ખીની સૂરત બદલાઈ ગઈ. એના મુખ પર ખુશીનો પાર નહોતો. પણ ગુલબ્બોના ચહેરા પરની ગમગીની ઓસરી નહીં.

બીજે દિવસે સવારે નીકળવાની વેળાએ ગુલબ્બો લપાતી લપાતી આવી. પણ સાથે ન હતું ગીત કે ન હતું ગુંજન. એની આંખોમાં આશ્ચર્ય અને રંજ બન્ને એવાં મળી ગયાં હતાં કે એમાંથી એની બિચારીની તો નિર્દોષતા જ પ્રગટ થતી હતી. મેં આગ્રહ કરીને એને આજે તો ઓટલા પર બેસાડી અને બહુ જ સમભાવ અને વાત્સલ્યથી પેલું ગીત ગાવાનું કહ્યું. આંખો નીચી. ચહેરો સ્તબ્ધ. હરતીમાં કયાંય હરખ નહીં. ગળું ગાય. આંખો રડે. વાતાવરણ ભરાઈ ગયું.

મારો સામાન નીચે ઊતરતો હતો. રામપ્રસાદને બોલાવીને મેં મારી એક ટ્રંકમાંથી લાલ ચૂંદડીભાતનો સાફો લાવવાનું કહ્યું અને ઓટલાનાં પગથિયાં ઊતરતાં ઊતરતાં એ સાફો ગુલબ્બોના હાથમાં મૂકયો. એનો ખભો થાબડીને કહ્યું : "લો બેટા, તુમ્હારી શાદીમેં ઇસકી ચુન્ની બના લેના." અને એની સામે જોયા વિના જ હું પગથિયાં ઊતરી પડ્યો.

૨

ઈ. સ. ૧૯૫૮ની શરૂઆતના ત્રણ મહિના માટે દિલ્હી રહેવું પડ્યું હતું. એ વખતે સ્વામી આનંદની મુલાકાત એ મીઠો અકસ્માત હતો. એમને મળવા મારું મન ઝંખતું હતું. મળ્યા ત્યારે બહુ આનંદ થયો. તેમાંય એમના હૃષીકેશ જતાં પહેલાંનો અમારો સહવાસ ચિરસ્મરણીય રહેશે. સ્વામી જીવનના કસબી છે. એમની સાથે અંતઃકરણનાં કમાડ ઉઘાડીને વાતો કરવી એ લહાવો છે. એમની મૈત્રી, એમનો સ્નેહ, એમનું વાત્સલ્ય પામવાં એ આ કળિયુગની એક સુમંગલ અનુભૂતિ છે. હૃષીકેશમાં મળીને મારે નિરાંતે એક રાત એમની સાથે ગાળવી હતી. ચૈત્રની પૂર્ણિમા મેં [illegible] અને હૃષીકેશમાં ગાળી પણ અમે મળી ન શકયા.

ગયે વર્ષે અમારે દહેરાદૂન જવાનું થયુ હતું. [illegible] ગંગાસ્નાન કાજે હરદ્વાર જઈ આવ્યા હતા. પણ હું [illegible] પાસે જઈ શકયો નહોતો. એને મળ્યાને ચૌદ વરસ [illegible] થયાં. ૧૯૩૯માં મસૂરીથી પાછા વળતાં ગંગામાં [illegible] હતો. આ વખતે દિલ્હી હતો ત્યારે જ કોણ જાણે પણ ગંગાને મળવાની ખૂબ આતુરતા હતી. સ્વામીનું [illegible] મળ્યું એટલે પહોંચ્યો હરદ્વાર.

ઘણા સમયનો વિખૂટો પડેલ પુત્ર જેમ માતે [illegible] અધીર થઈ જાય તેવી મારી મનોદશા હતી. વહેલી [illegible] હરદ્વાર ઊતરીને સીધો પહોંચ્યો ગંગાની પાસે. [illegible] ગોદમાં આજે જેટલું સુખ, જેટલો આનંદ મળ્યાં [illegible] વર્ણન થઈ શકે એમ નથી. એ ઉષાનો ઉદય, સોહા[illegible] સવારનું જાગવું, સૂર્યના પ્રથમ કિરણનું ગંગામાં આ[illegible] સમીરનું ગંગાસ્નાન, જાહ્નવીની પ્રસન્નતાનો કલકલ [illegible] અને જાણે દેવોના આશીર્વાદથી મંગલમધુર બનેલું [illegible] સુગંધિત વાતાવરણ. જિંદગી પળવાર તો દંગ બની [illegible] અંતરાત્મા મંત્રમુગ્ધ બનીને કૃતાર્થતા અનુભવી રહ્યો. [illegible] લાગ્યું કે સ્વર્ગમાંથી ગંગા એકલી આ પૃથ્વી ઉપર ઊતરી, એની સાથે સ્વર્ગનો સદા અભિનવ આનંદ [illegible] આવી છે. ગંગાજલ માત્ર જલ નથી, જીવનનું [illegible] સમગ્ર અસ્તિત્વના મળ ધોનાર અનાવિલ અમૃત છે.

હરદ્વારથી ગંગાને કિનારે કિનારે ચાલીને [illegible] આવ્યો. ગંગાનું દર્શન જેમ જેમ વ્યાપક બનતું ગયું જેમ ઊંડું ઊતરતું ગયું તેમ તેમ અંદરનો માનવ [illegible] બનતો ગયો. અન્નછત્રમાંથી માગીને થોડું ખાઈ [illegible] બપોર આખી ગંગાના સાન્નિધ્યમાં કયાં ગઈ તેની [illegible] ન પડી. સાંઝની વેળાએ તો પાછો 'હરકી પેડી' [illegible] ગયો. ઓહો શું ભીડ હતી ! ચૈત્રીપૂનમનું પુણ્ય સ્નાન [illegible] ભાવિકોનો એવો તો માનવમેળો જામ્યો હતો [illegible] ગાંડપણનું દૃશ્ય માત્ર આપણા દેશમાં અને તેય [illegible] કિનારે જ જોવા મળે.

ઘાટની છેક ઉપર ઊભો રહીને નહીં પણ ભીડ[illegible] એક નાનકડા મંદિરની ભીંતને અઢેલીને હું આ [illegible] ચિત્ર વાગોળતો હતો. સમાજનું આવું અને આટલું [illegible]

મેં પહેલી વાર સાક્ષાત્ કર્યું. આટલી અપાર અશાંતિમાં હું શાન્તિથી ઊભો ઊભો ગંગાના વહેતા પ્રવાહને જોતો હતો. પળવારના જંપ વિના એ વહેતી હતી: અગાધ, અસ્ખલિત, અનુપમ.

સાંજની વેળા હતી. રાત હજી પડી નહોતી, પડવાની હતી. ગંગાનાં નીર ઉપર ઊતરતાં એ અચકાતી હતી. હું અનિમેષ નયને એની વાટ જોતો હતો. એટલામાં મારી પાસેથી એક પહાડી જુવાન હાંફળોફાંફળો નીકળ્યો. એનાથી ન રહેવાયું એટલે આમતેમ ગભરાયલી દૃષ્ટિએ જોઈને એણે બૂમ પાડી: "ગુલબ્બો! ઓ ગુલબ્બો! અરી ગુલબ્બો!"

અને ભીડમાંથી અવાજ ખેંચાઈ આવ્યો: "ઓ... આઈ અમૂલો! કહાં હો?"

અને પેલા પુરુષે આવેલા અવાજને પોતાના અવાજથી સાંધ્યો: "ચલી આઓ, મંદરકે પા...સ." અને એ અવાજની આંગળી પકડીને એક સ્ત્રી પોતાની આંગળીએ એક છોકરાને વળગાડીને ચાલી આવી.

છોકરાને છાતી સરસો ચાંપીને પુરુષે સ્ત્રીને પણ સોડમાં લઈ લીધી. સ્પર્શનું સાંત્વન મેળવીને હેઠે બેઠેલા એના શ્વાસે ઉચ્ચાર કર્યો: "કહાં ખોવત રહી!"

"હમ તોંહે દેખત રહે!" ધીરેથી બાઈએ ઉત્તર વાળ્યો.

બસ આ પળ બે પળમાં મારી સ્મૃતિ ચૌદ વરસ પાછળ જઈને મસૂરી જઈ આવી. સાથે પેલા મધુરા ગુંજનને લેતી આવી અને એ ગુંજનને પેલી સ્ત્રીમાં પરોવીને અવાજ ઊંચકાયો: "ગુલબ્બો! ગુલબ્બો, કહાં મસૂરીસે આઈ? અરે વહી સાફેકી ચુન્ની બનાઈ હૈ! યે કૌન તેરા બેટા હૈ? ઔર યે તેરા આદમી!"

પ્રતિઉત્તરના અવાજમાં આશ્ચર્યનો આંચકો હતો: "માલક, આપ યહાં! બરસોં કે બાદ!" અને જરા રહીને એણે પોતાના દીકરાને કહ્યું: "બુલ્લો, બેટા માલકકે પાંવ પડો!" અને દીકરો કંઈ કરે તે પહેલાં તો એણે પોતે ચરણરજ લઈ લીધી. "અમૂલો, યે મસૂરીવાલે માલક હૈ! યે ઈનીકી તો ચુન્ની હૈ! તું ભી પાંવ લગ્ગ!" અને પેલો જુવાન પણ નમી પડ્યો.

મેં સૌને સાથે લીધાં. ઘાટ ચઢીને એક શિલા ઉપર જઈને બેઠાં. ગુલબ્બોએ નિરાંતે એના પતિ અમૂલોની અને દીકરા બુલ્લોની વિગતવાર ઓળખાણ કરાવી. એની મા સુરખ્ખીના અવસાનની વાત કરતાં એ રડી પડી. વળી પાછી બુલ્લોના જનમની વાત કહેતાં હસી રહી. ગુલબ્બોએ પોતાના એકના એક દીકરાને સાતમે વરસે ગંગાસ્નાન કરાવવાની બાધા રાખી હતી. એ બાધા પૂરી કરવાને બાળકને ગંગા નવડાવવા આ ચૈત્રીપૂનમે મસૂરીથી હરદ્વાર આવી હતી. મારા આપેલા સાફામાંથી એણે બે ચુન્નીઓ ફાડી હતી. એક એણે લગ્ન પર પહેરી હતી. અને બીજી આજે દીકરાની માનતા પર પહેરીને આવી હતી.

હું એમને ત્રણેને બેસાડીને હલવાઈને ત્યાંથી શાકપૂરી, દહીં અને મિઠાઈ લઈ આવ્યો. ત્રણચાર પતરાળાં પાથરીને અમે સૌ સાથે જમવા બેઠાં. મેં ગુલબ્બોને કહ્યું કે તારા લગ્ન વખતે હું હાજર નહોતો એટલે આ ઉજાણી આપણે સાથે કરીએ છીએ. અમૂલો અને બુલ્લોના તો આશ્ચર્યનો પાર નહોતો. બુલ્લોને બરફીનું એક ચોસલું આપતાં મેં કહ્યું: "બુલ્લો, તું તો મારી છોકરીનો છોકરો થાય. તારા જન્મ વખતે હું હોત તો તારા હાથ ચાંદીથી ભરી દેત" કહીને મેં બુલ્લોના હાથમાં ત્રણચાર રૂપિયા ને થોડું પરચુરણ મૂકી એની મુઠ્ઠી વળાવી દીધી. બુલ્લોની ખુશી પર આશ્ચર્ય ચઢી બેઠું.

ગંગાના ઘાટ પર આ અકૃત્રિમ કુટુંબજીવનની લહાણી જિંદગીમાં અણધારી મળી એનો આનંદ મારામાં સમાતો નહોતો. આનંદનો એ જ રણકો મારા અવાજમાંથી નીકળ્યો. "ગુલબ્બો! વો ગા...બંસી કાહેકો બજાઈ!"

"માલક, બડા અચ્છા ગાતી હૈ યે ગાના!" અમૂલોથી ન રહેવાયું.

"મા, ગા, બનસીવાલા!" બુલ્લોએ ટહુકો કર્યો.

થોડોક ગુંજારવ કરીને ગીત બહાર નીકળ્યું:

"બંસી કાહે કો બજાઈ,
મૈં તો આવત રહી! બંસી કાહે કો?"

એ જ લજ્જાનું શીલ, એ જ લાવણ્ય! મધુરતાની એ જ વેણુ! અંતરની આર્તિનો એ જ પ્રસાદ!

સૌ કહે છે માનવ બદલાય છે, જગત બદલાય છે! શું બદલાય છે? માનવનું મન બદલાતું હશે! અંતઃકરણ નહીં! અંતઃકરણ જેની ખાણ છે એ આજન્મ સંબંધ તો ઋણાનુબંધની ઋજુગરવી કવિતા છે.

ચોપાટીને બાંકડેથી

'વક્રગતિ'

રેલવેખાતા તરફથી કર્ટસી વીક–વિનયસપ્તાહ–ઊજવાયું. આમ તો આપણું રેલવેતંત્ર લોકોને વિનયના પદાર્થપાઠ શીખવવા માટે ઘણા સમયથી "કર્ટસી ઈઝ એ ટુ વે ટ્રાફિક"નું સૂત્ર છાપેલાં પોસ્ટરોનો પ્રચાર કરી રહ્યું હતું, જેનો કઢંગો તરજુમો–'વિનય બન્ને બાજુનો વહેવાર છે'–ઠેકઠેકાણે વાંચવા મળતો. 'વધુ અનાજ ઉગાડો'નાં દીવાલપત્રોને પરિણામે વધુ અનાજ ઊગવાને બદલે ઊંઘી ગયેલું એવું જ આ વિનયના સૂત્રપ્રચારનું પરિણામ આવેલું. મુનશીનાં વનમહોત્સવ વખતે નવાં વૃક્ષારોપણ માટે જગ્યા કરવા સારુ જૂનાં ઝાડ કાપી નાખવાનું કેટલાક દીર્ઘદર્શીઓને સૂઝેલું, એવી જ જાતનો વિપરીત રકાસ વિનયસપ્તાહમાં થઈ ગયો. સપ્તાહને પહેલે જ દિવસે સવારના પહોરમાં સેન્ટ્રલ રેલવેના મસ્જિદ બંદર સ્ટેશને રેલવેના સત્તાવાળાઓ અને ઉતારુઓ વચ્ચે જે ભયંકર અવિનયનું આચરણ થઈ ગયું એવો અવિનય તો શતાબ્દી ઊજવી રહેલ ભારતી રેલવેની સો વરસની તવારીખમાં પણ કદી નથી નોંધાયો. અવિનયથી ઉન્મત્ત બનેલા લોકોએ પ્લેટફૉર્મ પરનો ચાપાણીનો સ્ટૉલ સમૂળો ઉખેડી નાખ્યો, ટ્રેનની અવરજવરના સમય દર્શાવતું ઈન્ડીકેટર ભાગી નાખ્યું અને આખા 'વિનયસપ્તાહ'ની હોનારત સરજી નાખી. આ ઉપરથી એક ગહન સત્ય ફલિત થયું: જે કોઈ સૂત્રોનો પ્રચાર થાય છે એનાં વિપરીત પરિણામો જ આવે છે. બ્રિટિશ સરકારે યુદ્ધકાળમાં "ટ્રાવેલ ઓન્લી વ્હેન યૂ મસ્ટ"નું સૂત્ર પ્રચાર્યું ત્યારે ગભરુ લોકો શહેરોમાંથી ગામડામાં નાહકની નાસભાગ કરવા લાગેલા. સરકારે "ટ્રાવેલ લાઈટ"નો આદેશ આપ્યો ત્યારે લોકો ઘરવાળી સાથે ઘરવખરીને પણ ઉપાડીને પ્રવાસ કરતા. આજકાલ મુંબઈમાં નીરો–કેન્દ્ર ઉપર "નીરો આરોગ્યદાયક પીણું છે" એવાં પોસ્ટરો લગાડવામાં આવ્યાં છે ત્યારે મુંબઈગરાઓ આ નીરોગી પીણું છોડીને તાડી તરફ વળી રહ્યા કહેવાય છે. આ ઉપરથી ફલિત થાય છે કે કોઈ પ્રવૃત્તિને ઠાર મારવી હોય તો એનું સૂત્ર રચી કાઢવું, ઉદ્ઘાટન કરી નાખવું, સપ્તાહ ઊજવી નાખવું.

હમણાં ચોપાટી ઉપર રસ્તો ઓળંગવાનો પુલ બંધાયો અને મુંબઈના પંતપ્રધાને આ પુલનું ઉદ્ઘાટન કરીને અવરજવરનો એ નવો માર્ગ આમજનતા માટે ખુલ્લો મૂક્યો. ચમત્કાર એવો બન્યો કે ઉદ્ઘાટન થયા પછી તરત જ પુલ પર–થોડા દિવસ માટે–અવરજવરનો પ્રતિબંધ મુકાઈ ગયો હતો. કહેવાય છે કે સુધરાઈ અને રેલવેખાતા વચ્ચે આ પુલ અંગે 'ટેક્નિકલ' પ્રકારનો કાંઈક વાંધો ઊભો થયેલો. પણ આ ચમત્કારિક ઘટના પરથી એક સત્ય સાબિત થયું કે કોઈ પણ પ્રવૃત્તિની માતમ કરી નાખવી હોય તો તાબડતોબ એનું ઉદ્ઘાટન કરાવી નાખવું. સાંભરે છે કે અમદાવાદમાં થોડાં વરસ પહેલાં ગુજરાત યુનિવર્સિટીનાં મકાનો માટેનો શિલારોપણવિધિ થયેલો. પણ હવે ઈ ખેતરોમાં કઈ જગ્યાએ એ શિલા નાખવામાં આવેલી કોઈ ને યાદ રહ્યું નથી. રોપાયેલી શિલા શોધી જડતી નથી, તેથી મકાન પણ શી રીતે બંધાઈ શકે? સૌરાષ્ટ્રમાં પ્રધાને બીજું કશું ન કરતાં છેવટ એક નવી બંધાયેલી ગટરનું ઉદ્ઘાટન કરેલું પણ એ ગટરમાં ગંદુ પાણી જઈ શકતું નથી. In my beginning is my end. 'ફોર ક્વૉર્ટેટ્સ' ના મહાન કાવ્યમાં આ પંક્તિ લખતી વખતે એલિયટને સ્વપ્ને પણ ખ્યાલ નહિ હોય કે આ ઉક્તિનો વાચ્યાર્થ આટલો ભયંકર રીતે સાચો નીવડશે.

* * *

મુંબઈની અનેક સપ્તાહ–ઊજવણીઓની સાથે પૂર્ણાહુતિ કરવા એપ્રિલના આરંભમાં દારૂબંધી ઊજવાયું. "નશાબંધીથી નવજીવન"નો ઉત્સવ માટે અમુક માઈલ લાંબું સરઘસ કાઢવામાં આવ્યું. સરઘસની સરદારી મોખરાના બે મદ્યરત માતંગોએ

આવેલી. આ ઝૂલતા હાથીઓની સંજ્ઞા આમજનતા માટે અનેક રીતે શિક્ષણાત્મક બની રહી. આપણા લોકતંત્રની લગામો હજી પણ 'ધોળા હાથી' સમા સતંદી અમલદારોના હાથમાં છે એ હકીકતની યાદ તાજી થઈ એ તો ઠીક, પણ દારૂબંધી દાખલ કરીને આપણે રાંક આંગણે હાથી બાંધવા જેવી જવાબદારી વહોરી લીધી છે એ વાતનો પણ ખ્યાલ આવી શક્યો. આ હાથીઓની સંજ્ઞા ખુદ દારૂડિયાં લોકો માટે પણ બોધપાઠરૂપ બની રહી. સુરાપાન કરનારાઓને એમની સુષુપ્ત અવસ્થામાં pink elephants (?'ફૂલગુલાબી હાથી') ડોલતા દેખાય છે એવી અંગ્રેજીમાં એક ઉક્તિ છે. પણ મુંબઈ રાજ્યમાં સંપૂર્ણ દારૂબંધી થયા પછી કોઈ માનુનીની મજાલ નથી કે "આજ રે સપનામાં મેં તો ડોલતા ડુંગર દીઠા જો..."નું મૌગ્ધ્ય – મસ્તીભર્યું લોકગીત લલકારી શકે. આપણા રામરાજ્યમાં દારૂબંધીએ ડોલનને સદંતર દેશવટો દીધો છે — કહો કે ડોલનને દીવ દમણ તરફ તડીપાર કર્યું છે. મુંબઈવાસીઓએ ડોલન અનુભવવા માટે તો હવે આવાં આવાં દારૂબંધીનાં સરઘસનો અને પ્રોફેસર દેવલના સર્કસનો કે બહુબહુ તો કવિ નાનાલાલના અપદ્યાગદ્યના ડોલનનો જ આશરો લેવો રહ્યો. "નશાબંદી સે નવજીવન" સપ્તાહની ઊજવણી દરમિયાન વિધિવક્રતા એટલી જ અનુભવવા મળી કે અમદાવાદમાં નામદાર નાણાંખાતાના પ્રધાનનું દારૂબંધીનું ભાષણ સાંભળવા માટે એક શ્રમજીવી બગલમાં જ દારૂનો શીશો મારીને આવેલો. અને વેજલપુરાના બાપાચકલામાં દારૂબંધીના પ્રચારાર્થે "માનવ કે દાનવ?" નામનું નાટક ભજવાતું હતું ત્યારે અભિનેતાઓને બદલે પ્રેક્ષકોએ જ સાચા "પીધેલા"નો પાઠ ભજવી નાખેલો અને પરિણામે નાટકના નામ આગળના પ્રશ્નાર્થચિહ્નને ઉડાવી દઈને દુઃખદ આશ્ચર્યચિહ્ન ઊભું કરી દીધેલું!

* * *

એક જ અઠવાડિયામાં મુંબઈ નગરીએ બે જાહેર વ્યક્તિઓની જન્મજયંતીઓ પણ ઊજવી – ભગવાન રામચન્દ્રની અને ભગવાન મહાવીરની. ભારતમાં હવે સાવ રામરાજ્ય જેવી હાલત થઈ ગઈ હોવાથી સરકાર મર્યાદા–પુરુષોત્તમની યાદમાં જાહેર રજા પાડવા સિવાય રામજયંતીની બાબતમાં વધારે ઊંડો રસ લેતી નથી. પણ મહાવીરજયંતીની વાત જુદી જ છે. ભગવાન રામચન્દ્રજીના અનુયાયીઓ ભારતભરમાં કરોડોની સંખ્યામાં હોવા છતાં સરકાર પર એમની બહુ વગ નથી. પણ ભગવાન મહાવીરના ઉપાસકો માંડ દસપંદર લાખ જેટલા હોવા છતાં સરકાર પર તેઓ અસાધારણ પ્રભુત્વ ધરાવે છે. આપણી શાણી સરકાર પણ આ ઝાઝાં નબળાં લોકથી કદી વેર ન કરવું એ સોનેરી સૂત્ર સમજી ગઈ છે. દેશની રાજકીય સત્તાનાં સૂત્રો ભલે કોંગ્રેસના હાથમાં રહ્યાં પણ અર્થતંત્રની લગામો તો હજી જૈનોના હાથમાં મોજૂદ છે. અપરિગ્રહવ્રતને વરેલા આ વીતરાગના ઉપાસકો વધુમાં વધુ વિત્તરાગ ધરાવે છે અને પરિણામે કોઈ પણ રાજકીય સત્તા પર પોતાનું વર્ચસ્ પાડી શકે છે. બળથી નહિ પણ કળથી કામ લેવામાં માનનારાં અને વિદેશોમાંથી આવનાર ભલભલા મૂર્તિભંજકો સામે પણ પોતાનાં જિનાલયોની મૂર્તિઓને અખંડ જાળવી શકનાર આ અહિંસાપ્રેમીઓ ગમે તે રાજકીય સત્તા પર શેહ પાડી શકે છે.

* * *

મુંબઈમાં 'જસ્ટીસ ઑફ પીસ' અને ઓનરરી મેજિસ્ટ્રેટના માનવંતા ઇલકાબ ધરાવનારાઓની સંખ્યામાં જાલિમ વધારો થઈ ગયો. ગુજરાતી ભાષામાં થિસિસ લખીને પી. એચડી. પદવી મેળવનારાઓ જે ઝડપે વધી રહ્યા છે એટલી જ ચિંતાજનક ઝડપે જે. પી.નો ઇલકાબ મેળવનારાની સંખ્યામાં ઉછાળો આવી રહ્યો છે. પણ કહેવું પડશે કે આ વખતે સરકારે આ મહામૂલા અને માનાર્હ ઇલકાબ માટે જે વ્યક્તિઓ પર કળશ ઢોળ્યા છે એમની નામાવલિ જોતાં સાચી લોકશાહીની દિશામાં એક મહત્ત્વનું આગેકદમ ભરાયું છે. બ્રિટિશ શાસન દરમિયાન તો જે. પી.ની પદવી માટે બહુધા સરકારના પીઠુઓની જ પસંદગી થતી, ત્યારે આ વખતે આ ઇલકાબ માટે આમજનતાના સેવકોને જ લાયક ગણવામાં આવ્યા છે. ગાંઠિયા – ભજિયાં ને ગોળધીના વેપારીઓથી માંડીને હીંગમરચાં ને હળદરના હાટડીદારો સુધીની જનતા લગી આ નવાજેશને વિસ્તારવામાં આવી છે એ ઘટના વર્ગભેદની નાબૂદી અને સમત્વની દિશામાં એક હાથીપગલું ગણાવું ઘટે (અલબત્ત, આ રીતે ઊભા થતા જે. પી.ઓના નવા જ વર્ગને બાદ કરતાં.) આ પગલાનું બીજું પણ આડનીપજ જેવું શુભ પરિણામ આવી રહ્યું છે. 'જસ્ટીસ ઑફ પીસ' અને ઓનરરી મેજિસ્ટ્રેટની મુખ્ય કામગીરી અમુક મહત્ત્વના પ્રસંગોએ કાગળ ઉપર સહી કરી આપવાની હોય છે. આપણાં અભણ લોકોએ ઓનરરી મેજિસ્ટ્રેટનો અપભ્રંશ ઉચ્ચાર 'અનાડી' કરી નાખ્યો હોવા

છતાં સહીસિક્કા કરવાની આ માનાર્હ ન્યાયમૂર્તિઓની કામગીરીનું મૂલ્ય તો કોઈ રીતે કમ નથી જ થયું. પરિણામે, લેવડદેવડના લેખિત વ્યવહારમાં જે લોકો આજ સુધી અંગૂઠા જ ચાંપતા તેઓ હવે આ વણમાગી ‘ ઉપાધિ ” આવી પડવાથી તાબડતોબ પોતાના નામના અક્ષરો ઘૂંટી રહ્યા છે. આ રીતે નિરક્ષરતાનિવારણની દિશામાં પણ આગેકૂચ થઈ રહી છે એ લાભ અદકલહાણનો ગણવો રહ્યો.

જે. પી. જેવા ઉચ્ચ ઇલકાબનું જનતા-જનાર્દનમાં જે ‘ સાધારણીકરણ ’ થઈ રહ્યું છે એનો એક પ્રત્યાઘાત પણ પડશે એમ લાગે છે. જેમ ગુજરાતીમાં થિસિસ લખીને ‘ ડૉક્ટરેટ ’ની ડિગ્રી લઈ જનારાઓનો રાફડો ફાટ્યો ત્યારથી તબીબી ડૉક્ટરો પોતાની જાતને ડૉક્ટરમાં ગણાવવાનો ઇનકાર કરી રહ્યા છે એમ મુંબઈના કેટલાક જૂના જે. પી. અને ઑનરરી મૅજિસ્ટ્રેટો પોતાનાં માનઅકરામ માનભેર પાછાં સોંપી દેવાનું અગંભીરપણે વિચારી રહ્યા છે.

* * *

પવિત્ર પુરુષોત્તમ મહિનામાં આપણા ધર્મઘેલા લોકોને પુણ્ય હાંસલ કરવાની સોનેરી તક આપવા માટે મુંબઈના એક દૈનિકે શબ્દરચના હરીફાઈનો “ પુરુષોત્તમ વ્યૂહ ” યોજ્યો છે. આમેય દુકાળમાં આવી પડેલા આ અધિક માસમાં લોકો દાનપુણ્ય અને સ્નાનાદિક કર્મો વડે પુણ્યસંચય કરવાનાં જ છે, તો આ શબ્દરચના હરીફાઈનાં પ્રવેશપત્રો ભરીને અદકું પુણ્યભાથું બાંધે તો કાંઈ ખોટું નથી. આ ‘ પુરુષોત્તમ વ્યૂહ ’ને પણ દુષ્કાળગ્રસ્ત ગુજરાતમાં અધિક માસ જેવી અનિવાર્ય આપત્તિ ગણીને ભાવિક લોકો પ્રવેશ-ફી ભરી મોકલશે તો એમને બમણો ધર્મલાભ થવાનો સંભવ છે. એમને ઇનામ નહિ મળે તો કર્મણ્યેવાધિકારસ્યનો બોધપાઠ મળશે અને ઍન્ટ્રી (કુપનની) રકમ ડૂલ ગયા બદલ ‘ નાહી નાખ્યા ’નો જેર સાનુભવ થશે એથી આ પવિત્ર અધિક મહિના દરમિયાનનાં રોજિંદાં સ્નાનકર્મોમાં ‘ અધિક ’ ઉમેરો થશે.

શબ્દબ્રહ્મના ઉપાસક સાહિત્યકારો હવે ‘ શબ્દભ્રમ ’ પાછળ પડ્યા છે. એમની શીળી છત્રછાયા તળે “ લખપતિ ”માંથી “ કરોડપતિ ” થવા માગતા સુધી ફૂલીફાલી રહેલી શબ્દરચના હરીફાઈનો ચેપ હવે સાહિત્યને પણ લાગુ પડે એમાં શી નવાઈ? “ હેરોલ્ડ ટ્રિબ્યુન ” અખબારથી માંડીને મુંબઈના હાટ પણ સાહિત્યસર્જન અંગેની હરીફાઈઓ યોજી રહ્યા આ હરીફાઈઓમાં શ્રેષ્ઠ વાર્તાલેખનથી માંડીને સૂકા (ખરેખર એક સૂકા મેવાની કંપનીએ આવી હરીફાઈ છે) પરના શ્રેષ્ઠ નિબંધલેખન જેટલું વિપુલ વૈવિધ્ય મળે છે. કહેવું પડે કે લેખકોને એકબીજા સામે બકાવવાની આ પ્રવૃત્તિમાં પ્રથમ પ્રણાલિકાભંગ યશ મુંબઈના ભારતી વિદ્યાભવનને ફાળે જાય છે. એ એ મહાભારતની વાર્તાઓની હરીફાઈ યોજી છે મુનશીના મૂલ્યપરિવર્તનના મહાન સિદ્ધાંતને અનુ વાર્તા મોકલનાર હરીફો પાસેથી પ્રવેશફી તરીકે ‘ મૂલ્ય ’ પણ માગ્યું છે. (અને એ રીતે, સરકાર કરવેરાનું એક નવું સાધન પણ ઊભું કરી આપ્યું અલબત્ત, સરકારને આ સૂઝે તો!) આ હરીફાઈ રોકડ રકમથી માંડીને રેડિયોસેટ, ઘડિયાળ અને સૂકા ના બાકસ સુધીનાં બહોળા વૈવિધ્યવાળાં ઇનામો જાહે છે. કહેવું પડશે કે આ બધામાં વધુમાં વધુ નાટકી તો, નાટ્યાત્મક રીતે અસ્તિત્વમાં આવી ગયેલ નાટ્યમંડળે યોજેલી નાટ્યલેખનની હરીફાઈ છે. જેમ માં રેડિયોસેટ આવી પડે તો એ સાચવવાની જગ્યાને ‘ વક્રગતિ ’એ વાર્તા – હરીફાઈમાં ભાગ લેવાનું માંડી છે એવી જ રીતે આ નાટ્યલેખનહરીફાઈમાં પણ થતાં ‘ વક્રગતિ ’નો જીવ નથી ચાલતો. એનું ગંભીર એ છે કે આ નાટ્યલેખનની હરીફાઈ યોજનાર સંસ્થા જે આમંત્રણ અપાયું છે એના પરબીડિયા પર લદ આકૃતિ સાથે ભયસૂચક લાલભડક શાહીમાં સિક્કો છે: देना बँक को अपना बँक बनाइऐ. આ આદેશ ‘ વક્રગતિ ’ના પેટમાં ધાસ્તી પેસી ગઈ છે કે મળનારી રકમ બારોબાર આ બૅંકમાં જ જમા પડશે. અને આખરે તો, બૅંકનું નામ ‘देना’ છે,

---

સ્વાધ્યાય અને સમીક્ષા

—ગો.

વિશેષાંજલિ : સ્વલ્પ પરિચય*

અલ્લા બેલી, અલ્લા બેલી,
  જાવું જરૂર છે, બંદર છો દૂર છે!
બેલી તારો, બેલી તારો,
  બેલી તારો તું જ છે, બંદર છો દૂર છે!

. . .

આંખોના દીવા બુઝાવે આ રાતડી,
ધડકે ને થડકે જે છોટેરી છાતડી;
તારી છાતીમાં જુદેરું કો' શૂર છે,
  છોને એ દૂર છે!
(પૃ. ૧૯૯)

ઉત્સાહ, જોમ તથા આત્મીયતાનું ભાન કરાવનાર આ અંતિમ ગીતની પંક્તિઓના ઉલ્લેખથી 'વિશેષાંજલિ' કાવ્યસંગ્રહની પરિચયનોંધનો આરંભ કરું છું. આપણે જાણે સમુદ્રકિનારે ઊભા ન હોઈએ અને વહાણો ભરતી વેળાએ ખારવાઓ શ્રમભાર ઓછા કરાવતી ધૂનો ના ઉચ્ચારતા હોય તેવા ચેતનદાયી સૂરો 'અલ્લા બેલી' ગીતમાંથી ઊઠે છે. હતોત્સાહી ન થતાં જો 'તારા હૈયામાં સાચી સબૂર છે' તો બંદરે પહોંચી જવાશે જ એમ કવિ ઉદ્બોધે છે; ભલેને 'મધદરિયો મસ્તીમાં ચકચૂર' હોય, ભલે ને

આકાશી નૌકાને વીજ દેતી કાટકા,
તારી નૌકાનેયે દેતી એ ઝાટકા;

પણ 'તારા હૈયામાં જો સાચી સબૂર છે' તો છેવટે બંદર લાધશે જ.

આ ગીત-કાવ્ય કાન્તનું 'મારી કિસ્તી'ને સ્મરાવે છે. સાહસવીરની પેરે કાન્તે પોતાની કિસ્તી 'સહસા' 'ઝુકાવી દીધી' અને કવિ કહે છે કે નબળોપોચો (બેટાઈના શબ્દોમાં 'છોટેરી છાતડી' કાચી છાતીના અર્થમાં–છાતડી શબ્દ બહુ ગમે એવો તો નથી.)—

અન્ય દશા જોઈ ડરત,
ધીમે ધીમે ગતિ કરત;
પણ અરે! આ તો તરત, ઝુકાવી છે મેં કિસ્તી!
દેખી નહીં શકું ચંદર.
કેમ દેખું ત્યારે બંદર:
મોજાં તોફાનની અંદર, ઝુકાવી છે મેં કિસ્તી!

કાન્તને કોઈ 'ઉપાય સૂઝતો' ન હતો પણ વિશ્વાસે વહાણ હંકારાયે જતું હતું તેમ કવિ બેટાઈ અલ્લાની સહાયથી અને આત્મવિશ્વાસને બળે 'બંદર છો દૂર છે, જાવું જરૂર છે' એવી વાણીથી વાચકના હૃદયમાં પ્રાણ ભરે છે અને પોતાની વિશેષતાનો પરિચય કરાવે છે.

બેટદ્વારકામાં જન્મેલ બેટાઈ પોતાની જન્મભોમ વિષે લખતાં

હિન્દુ – મુસલમીન – અભેદ સાધતી
અનોખી નૌકાનગરી જ આ હતી.

એમ કહીને કવિ

રેતાળ કાંઠો ભરચક હતો ત્યાં
એકાંત ઊભું ગતકાલ શોચતું.

સજીવારોપણ અલંકારનો આશ્રય લે છે. પણ આ કવિના નસીબમાં દરિયો પાસે જ લખ્યો લાગે છે કારણ કે મુંબઈ પાસેના વીલેપારલે(વીરને પારણે)થી એક માઈલને છેટે જ જુહૂનો કાંઠો છે જ્યાં સાગર ગહન ગીત સુણાવતો ઘૂઘવ્યાં કરે છે અને તેથી

હું રહેનારો જલધિતટનો આંહીં આવી પડ્યો ક્યાં?
હું સ્હેલાણી જલધિજલનો ક્યાં પડ્યો પથ્થરોમાં?

. . .

હું તો મારે જલલહરની લ્હેરમાં લ્હેરનારો!
ઘેરાં ગાણાં સમદર તણાં અંતરે સંચનારો!
(જાને હોંસે : પૃ. ૩)

* કર્તા : શ્રી સુંદરજી ગો. બેટાઈ; પ્રકાશક : આર. આર. શેઠની કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૨. પૃષ્ઠસંખ્યા ૨૨૨, પાકું પૂઠું (સુશોભનવાળું): મુદ્રણ વગેરે સુઘડ: મૂલ્ય રૂપિયા ત્રણ.

એમ શા સારુ કહે છે ?! આ આત્મ–પરલક્ષી પ્રથમ કાવ્ય લાગે છે સાદું પરંતુ ગૂઢત્વ ભરેલું છે. જિંદગીમાં કર્મ કરવાનું સરજાયલું જ છે અને તેથી અમુક વાતાવરણમાં ઊછર્યા હોઈએ છતાંય જ્યાં જ્યાં જવું પડે ત્યાં ત્યાં નિરાશ થયા વિના, સંજોગોને અધીન થયા વિના, સ્થળોના ભેદોને તાબે થયા વિના

જા ને હોંસે જલધિસફરે વા પ્રવાસે જમીંના !
શાને રે આ ! વિફલ કરવા ભેદ ખુશ્કીતરીના ?
(જાને હોંસે : પૃ. ૩)

આ કાવ્યમાં ‘જમીં’ શબ્દ ખૂંચે છે, આ અને બીજાં કાવ્યોમાં સંસ્કૃતફારસીના ભાવતા સમાસો વપરાયા છે. ભાષા સમૃદ્ધ થાય છે, ભાવ ખીલી ઊઠે છે.

*

આ કવિ કેડીની શોધમાં ભમ્યા જ કરે છે. સૌને ધૂન હોય છે તેમ કવિ સુંદરજી બેટાઈ ને આત્મચિંતનની અટવિ-માં રઝળવાની અને કેડી પાડવાની તથા શોધવાની ટેવ પડી લાગે છે. ‘ભમતાં ભમતાં અમને કેડી રે લાધી’ એના ગાયક આ કવિને એકાદ કેડી લાધવાથી સંતોષ શાનો થાય ? અટવિને વટાવી ન શકાય ત્યાં સુધી અનેક કેડીઓ શોધવી રહી :

ભમી ભમી નિષ્ફલ ડુંગરો મહીં
થયા હતા લોથ જ પાય મારા;
પ્રવૃત્તિચક્રાવ મહીં ભમેલું
ચિત્તે હતું ઝંખતું કૈં વિસામવા.

. . .

પ્રવાસઘેલા ! પળવાર જંપ લ્યાં.

. . .

અનન્ત યાત્રા વચમાં વિસામા
આવી મળે તો કયમ એ ન લેવા ?

. . .

ભેરવી ઝોળી હું ખાંધે કેડીની શોધમાં ફરી
ઘેરાતા અંધકારે ત્યાં પડયો સોત્સાહ નીકળી.
(કેડીની શોધમાં ફરી : પૃ. પથી ૭)

આ પ્રવાસઘેલો કવિ આંખ ઉઘાડી રાખી, કાન ખુલ્લા રાખી, હૃદય ને મન મોકળાં રાખી દુનિયામાં વિચરે છે. તેના હૃદય ઉપર દુનિયાની વિષમ પરિસ્થિતિની, વિશ્વયુદ્ધની કારમી છાપ પડે છે. ‘આ તે મૃત્યુ ?’, ‘જીવતા મોતનો જય’, ‘મૃત્યુમ્હોર્યું પ્રભાત’, ‘નિશાદર્શન’—આ કા[...] માં યુદ્ધની, કલહની, કલેશની, વેદના અંકિત થાય છે. કવિ મૂંઝાય છે. આ તે સંસ્કૃતિ છે, વિદ્યા છે, [...] છે ?!! પૃથ્વી રસાતળ જવા બેઠી છે ?!

વૈરરક્ત બની દૃષ્ટિ ઝેરઝાળ પ્રસારતી
અરે એ જગમાં કયાંથી કેડી કલ્યાણદાયિની ?
નિશા આ ઘોર અભ્રોની જામી છે ત્યાં કયહીં સ[...]
ખીલવાં જીવને આંહીં સુહાગી સ્નેહપોયણાં ?
(જીવતા મોતનો જય-[...])

પોતાના કવિમિત્ર શ્રી અનસુખલાલ ઝવેરીના [...] દિવાળીના શુભેચ્છાના ઉત્તરરૂપે ઉપરનું કાવ્ય છે. શ્રી [...] એ વાંછ્યું હતું :

અંધારે અટવાતી આ મુગ્ધ માનવતા તણી
અમાવાસ્યા મહીં દીપો દ્યુતિ દિવ્ય પ્રદીપની.

. . .

ને કુરુક્ષેત્રના કાળા કોલાહલ શમી બધા,
ગુંજે માનવહૈયે જ્યાં સન્મંત્રો શાન્તિપર્વના.
(પૃ. [...])

‘મૃત્યુમ્હોર્યું પ્રભાત’માં કવિ ભાવાનુરૂપ શબ્દ[...] ‘પીસાતી આ જુગજુગ તણી મુક્તિની સ્વપ્નસૃષ્ટિ’નું વર્ણન કરે છે :

છે ખંડાયું ઉર જગતનું રાષ્ટ્રના કૂપવાદે,
છે વેડાયું સુખ જગતનું ક્રૂર સામ્રાજ્યવાદે,
છે ડંખાયું દિલ મનુજનું વર્ગના વિગ્રહોથી,
ને રંગાયું જગત દિસતું દીનનાં શોણિતોથી.
(પૃ. [...])

‘નિશાદર્શન’માં

લોભ માત્સર્ય ને દંભ તણા ત્રેવડ બંધથી
રોધી સ્વાતંત્ર્યનું સત્ત્વ ખડી છે શસ્ત્રસંસ્કૃતિ.
(પૃ. [...])

આ કાવ્યમાં કવિ છેલ્લા મહાયુદ્ધનું વર્ણન [...] ‘હિટલરી વીજ પડી યુરોપમાં’ અને તેને કારણે

આજે મહાકાલનું ચંડ નેત્ર,
વર્ષાવતું ભીષણ અગ્નિ–અસ્ત્ર.
(પૃ. [...])

આવા વાતાવરણને કેમ પહોંચી વળવું ?!

યુદ્ધથાક્યા, યુદ્ધત્રાસ્યા, લોહીભીંજ્યા જગત્તટે
શાન્તિની પ્રાપ્તિને માટે મૃત્યુ એક જ માર્ગ છે ?

(પૃ. ૧૫)

. . .

વિજ્ઞાનમદિરામત્ત મર્કટી મૂઢ માનવે
સ્વકલ્પી ઇન્દ્રજાલોમાં માંડ્યો શું આત્મઘાત છે ?
વિનાશવીજ વીંઝાતો પૃથ્વીનો પટ વિસ્તરે,
કારમી માનવીચીસો વાતાવરણને ભરે.

(પૃ. ૧૬)

'વાંતાવરણને ભરે'ને બદલે 'વાયુમંડળ આવરે' વધારે ઠીક લેખાય કે ?

આવાં કાવ્યો વાંચતાં સ્વ. બ. ક. ઠાકોરે 'ભણકાર' બીજી આવૃત્તિના પંચમ ગુચ્છમાં મહાવિગ્રહની ભીષણતા આલેખતાં કહ્યું છે :

ભાવિ નવ સૂઝે માનવઆંખે,
સ્વાર્થી વાદળ પરિસ્થિતિ ગોંધળ સીમાવર્તુલ આંકે.

(છેલ્લો મહાવિગ્રહ : પૃ. ૨૫૯)

અરેરે ! વિજય ભૂંડા બળ શઠના !
અરેરે ! ઘોર ભોગ સત હઠના !'

(માનવતા કંદુક ચંપાતાં : પૃ. ૨૬૨)

'ધરણી થરથર ધ્રુજાવંત રે હિટલરા !
માંસશોણિતદધી સર્જતો વર્ષિને, દૈત્ય,
દિગ્વ્યાપિ હિંસાગબારા !
કપટે તુજ ભેદ તુજે ગજબ હિટલરા !'

(હિટલરવિજય પરંપરા : પૃ. ૨૬૨)

કવિ એટાઈ પોતાને

એ રાષ્ટ્રનો **શાયર અલ્પ અક્ષરે**
ઘેરું નિશાદર્શન આંહિં ચીતરે
અમ્ભોધિ - આરે વલખંત મુક્તિને.
અવનીને શિરે વીતે રજની પ્રલયંકર,
પ્રભાત તો દિસે દૂર સર્વભદ્ર શિવંકર. (પૃ. ૧૭)

કવિ પોતાને અલ્પ શાયર જ કહી શકે પણ દેહલીદીપક-ન્યાયે 'અલ્પ' **શાયર** તથા **અક્ષર** બન્નેને અજવાળે છે. મહાવિગ્રહે કવિ માનસ ઉપર નિરાશાની કેવી ઘેરી છાપ પાડી છે—'પ્રભાત તો દિસે દૂર...'' શ્રી. બ. ક. ઠાકોર પણ સિંધુને આશરે જાય છે :

સિંધુ હે ! ઉર તુજ વિશાળ શીતળ !
મનુ રોતો, મનુ હુસ્કાં ભરતો, હાથપાય પટકંતો
નિજ વિપદે જગભર વિષમે તુજ કાંઠે કદિ સરકંતો
નવ બોલે તૂં કઠોરકોમળ
નવ ભાળે તૂં નઠોરપ્રેમળ...

. . .

પ્રલયતણો સૂરજ ઊગે છે, યમવિરાટ પ્રકટે છે
ફાડે છે મુખ, અસંખ્ય દાઢે અસંખ્યાત ભરખે છે,
મનુની છાતી ચપટ બને છે,
હિબકે શ્વાસોશ્વાસ તુટે છે....'

(સિંધુ હે : પૃ. ૧૭૧)

આપણા કવિ સમુદ્રદેવતાને શાંત થવા વિનવે છે :

"બનો તમે પુનઃ પિતા" ઓ સમુદ્રદેવતા !
'પ્રવાસમાર્ગ મોકળા તમારી છાતીએ છતા
પુનઃ કરો; બનો ફરી બધી તરી સુરક્ષિતા. !
શિવંકરા ! સુખંકરા ! ઓ સમુદ્રદેવતા !'

(પૃ. ૨૧)

પ્રથમ વિભાગમાંના 'ઓ ધરિત્રી !' માં

તું ક્ષમા કરશે કદી, ઓ માવડી,
આ હું અભાગીની અધનતા આવડી ?

(પૃ. ૨૩)

'માનવીની ભવાઈ' માં

કંઠે બાંધી ઘંટ ને ચાલવાનું,
હાંફી જતાંયે રહ્યું મ્હાલવાનું.
અંધારામાં માર્ગ કોરી જવાનું,
આવે પીછે, કેડી તેની થવાનું;

. . .

ભૂંડાંને લેખવાં આપ - જેવાં;
ને ના જેણે પાવળું પાણી પાયું—
હો પોતીકું વા અજાણ્યું પરાયું—
તેના પ્રત્યેયે સદા એક ધારા
શીળી વર્ષે નેહની નેત્રધારા.

(પૃ. ૨૬)

'કરજ્ય પણ નિઃશેષ કરજે' એ પ્રાર્થનામાં

ભલે આ હૈયાની સમવિષમ માર્ગે ગતિ રહે,

વિધાતો આઘાતો સ્વજન પણ છાને વરસતાં,
કદી સામા ઘાતો સ્વપરજનને સ્વપ્નમહિં યે
કરે આ હૈયું તો પ્રભુ, તવ કૃપા એક કરજે:
તું મારા હૈયાને અદય બનીને વજ્રઝટકે
વિદારીને એની કરચ પણ નિઃશેષ કરજે.

(પૃ. ૨૭-૨૮)

કેવી ઉદાત્ત ભાવના, શઠમ્ પ્રતિ સત્યમ્. સ્વપ્નમાંયે જો મને દોષી જુએ તો મારા હૈયાનું નામોનિશાન ના રહેવા દઈશ, હે પ્રભો! એક ભક્તકવિની પ્રતીતિ આ સરલ છતાંય વિશિષ્ટ પ્રાર્થનાકાવ્ય કરાવે છે.

'આવો, આવો'માં કવિ ગુલાબને નોતરે છે અને કહે છે કે કાંટાને સાથે લાવવા હોય તો લાવજો; વિપદાઓ સંપદાની સાથે સાથે જ હોય છે; કંટકોથી જ ગુલનું મહત્ત્વ વધે છે :

સંગોપાયા કંટકોના વિનાનું
રૂપેલું જો ના સોરવે, ઓ ગુલાબ !
તો એ સૌના સંગ લૈ આવશો જ
આછાંપાછાં ના લગીરે થશો જ.

. . .

માણતાં રંગ ને ગંધ ઊઝડાશું ભલે ભલે;
ઊઝડાતાંય જો હોયે માણવાનું ખરેખરું.

(પૃ. ૩૧)

'ચરણરજ તો ધારવી કાં ન શીર્ષે' એ કાવ્યમાં સિદ્ધપુરુષ પ્રત્યેની પોતાની ભક્તિભાવના કવિ દાખવે છે.

જેની દૃષ્ટિ સમરસ બની આમ વિશ્વે પ્રવર્તે
એ જીવોની ચરણરજ તો ધારવી કાં ન શીર્ષે ?

(પૃ. ૪૦)

'એક બપોરનું સ્મરણ'માં કવિ બજારનો હાસ્યરસિક વાસ્તવિક ચિતાર આપીને પછી સિંધુતીરે વિશ્રામ શોધે છે :

વિસામી ત્યહિં શીળી રેત તણી રમ્ય શય્યા પરે,
ભયંકર પ્રવૃત્તિમાંય નિરખી કંઈ સ્વસ્થતા :

. . .

ગયાં દિવસ, માસ, વર્ષ; અધિકાં હજી વીતશે;
અને પળ અચૂક અંતિમ કદીક તો આવશે,
મનોમય વિભૂતિ તાંડવ પ્રચંડ સામર્થ્યની
સુનીલ નવલાસ્વરૂપ ધરી અંતરે રાજશે,
સદા હૃદય આશ એ જ અભિલાષ શ્રદ્ધા મને.

(પૃ. ૪૯)

. . .

લાધે થોડુંયે અમી જીવને તો
હોંસે હોંસે હૃદયજનમાં સંવિભાગી જ દેવું.

(જાણું બન્ધુ : પૃ. ૮

કાવ્યસંગ્રહનો બીજો ભાગ આ રીતે કવિએ તારવ્યો ને તે તેમણે ઉચિત જ કર્યું છે. શ્રી વિનોબાજીનો ભૂદાન પણ આ જ ભાવનાનું ઉદ્બોધન કરે છે. જે કાંઈ હોય તેમાં 'સંવિભાગી જ દેવું' એ આપર્દર્શન છે અને એવી વાળા કવિની 'વિશેષાંજલિ'માં આવી વિશેષતાઓ છે. ખબરદારે પોતાની 'દર્શનિકા'માં

આપવું, આપવું, ફરી ફરી આપવું,
નેઃહજી આપવું, એ જ રિદ્ધિ;
એક આનંદ એ પરમ છે જીવનનો
આપવામાં પરમ જીવનસિદ્ધિ.

આ વિભાગનાં મુખ્ય કાવ્યોમાં મસ્તી પ્રધાનપદે છે :

'શા બોલવા ? શા ચિન્તવા ? હો યા ન હો નિત આ સ્વપ્ન
આજે રટણ બસ આજનું ને આજની સુલતાનીનું !
ઓ ગુલબદન ! ઓ ગુલચમન ! ઓ ગુલવદન ! ઓ ગુલવદન

(ઓ ગુલબદન : પૃ.

આ વિભાગમાંનાં 'વિદાય', 'તારી વિદાય પર—' સવારી' (લાંબું કાવ્ય) ખાસ ધ્યાન ખેંચે છે. 'બન્ધુ'માં

ને હું જાણું જિંદગીમાં બધાંને
પીવાના છે ઝેરઘૂંટો અનેક;

. . .

કોઠે પાડી સર્વ એ શાન્તિમૌને
ઢાંકી હૈયું હસતવદને કૈંક જીવી જવાનું.' (પૃ

'વાંછવું શું વિશેષ ?' એમાં 'એક છાલક' માત્રની કરી છે. આ કાવ્ય સાથે સરખાવો 'એક ઉગલું બસ 'એક જ દે ચિનગારી' વગેરે.

કાવ્યસંગ્રહનો ત્રીજો વિભાગ ભારતની તસ્વીર અને કવિનો ભારતભાગ્યવિધાતા 'શાન્તિમન્ત્ર - ઉ મહાત્મા ગાંધીજી પ્રત્યેનો અગાઢ પૂજ્યભાવ વર્ણવે છે.

ગાંધીજી વર્ગવિગ્રહ ચાહતા ન હતા એટલે કવિએ **'દલિત અને દળનાર ઉભયના** પુણ્ય-પ્રખર ઉદ્ધા **(પૃ. ૮૯) કહ્યા છે.**

'વસુંધરાનું ગુંજન' કાવ્ય ઐતિહાસિક સિંહાવલોકન સમાન છે. સંતપુરુષોના એમાં ઉલ્લેખ છે અને તે હિંદી સંતો જ નહિ પણ

'કંટકી તાજ પ્હેરેલો, ધારેલો, ક્રુસ અંતરે,
ખીલા ઠોકેલ અંગાંગે, પનોતો પ્રભુપુત્ર એ :'

(પૃ. ૯૨)

[ઈસુખ્રિસ્ત માટે શ્રી બ. ક. ઠાકોરે શાંતિકુંવર, તથા ઈશપુત્ર ('અકળ ભાવિ' કાવ્યમાં); કાંતે તાતજી, સ્વામી એ શબ્દો પ્રયોજ્યા છે.]

'જગની સાધુતા કેરો ગાંધી એ વર વારસ,
શુદ્ધ બુદ્ધ સદા એનો વર્તતો વિમળો યશ.

. . .

પ્રતાપ ભાનુના જેવો, સાંમ્યતા સોમના સમી,
સર્વનાં વિષને શોષી વર્ષ્યાં એણે સદા અમી.'

(પૃ. ૯૨)

. . .

ભારતી–જનનો ભવ્ય નવ્ય દ્રષ્ટા જગદ્‌ગુરુ,
મારા હૃદયનો છેલ્લો વિસામો, નહિ હું રહું.

. . .

મહાજીવો તણી આ હું જનેતા કયમ રાંકડી?

(બંકિમ બાબુએ 'વંદે માતરમ્' ગીતમાં 'કે બોલે મા તુમિ અબલે' ગાયું છે.)

'કહે જન મને પૃથ્વી, તો બનું કયમ સાંકડી?'

(આમાં કવિએ પૃથ્વીનો શબ્દાર્થ પૃથુલ – પહોળી – વિશાળ લઈને વિરોધ દાખવી કવિતાની ખૂબી વધારી છે.)

'ઊર્ધ્વહસ્ત બની સૌએ ઉચ્ચાર્યો પ્રશ્ન એક જે,
પાછો જગતના હૈયે ટંકારું આજ હું ય તે:
धर्मादर्थश्च कामश्च स धर्मः किं न सेव्यते ?'

(પૃ. ૯૩)

'જાગૃતિગંગા'માં કવિએ ગાંધીજીને ગાયા છે. 'વસુંધરાનું ગુંજન'માંના ઉદ્‌ગારો અહીં એ જ અને નવા શબ્દોમાં નીકળ્યા છે. અનુષ્ટુપનો પ્રવાહ અસ્ખલિત છે. નાનાલાલ કવિના પિતૃતર્પણની યાદ આપે એ રીતની ઉપમાઓ આમાં છે.

'અધૂરપ અમારીને સહી મધુરપે તમે'

(પૃ. ૯૫)

આમાં ગાંધીજીની લાક્ષણિકતા વર્ણવાઈ છે. દેશજનોના દોષોનું માર્જન તેઓ કરતા રહેતા.

'ફૂલવિસર્જન' પ્રસંગે કવિનું હૈયું હલાવી દીધું છે. ગાંધીજીનાં અસ્થિ જુહૂના દરિયામાં પધરાવાયાં ત્યારનું વર્ણન આમાં છે. ભારતીગાન ગુજરાતના કવિઓએ કર્યાં છે – નર્મદ, દલપત, નવલરામથી માંડીને તે ઊછરતા કવિ સુધી સૌએ ભારતમાતાને સંબોધતું કાવ્ય, ગીત લખ્યું છે. આપણા આ કવિ પણ 'ધૂલિ તુજ ધન્ય' એ નામનું કાવ્ય ધરે છે :

'વન્દું ભારતી! ધૂલિ તુજ ધન્ય!
તીર્થમાં તીર્થ અહો તું અનન્ય!'

(પૃ. ૯૯)

ગાંધીજીએ જે દ્વાદશાક્ષરી ઘુંટાવી 'અહિંસા, સત્યની' તેને અમે કેટલી ટકાવી છે? એનું ચિત્રણ ૧૯૪૭માં કવિએ કર્યું છે : (મારામારી, પંજાબ, બંગાલ, નોઆખલી વગેરેને લીધે.)

'અહિંસા, સત્યની, બાપુ ઘુંટાવી દ્વાદશાક્ષરી,
અધૂરાં સૌ અમે પાત્રો, અપાત્રો વા કુપાત્ર વા;
સંજીવની તમે દીધી, અમે ના જીરવી શક્યાં,
અમે આનંદની વેળા કીધી વિષમયી અરે!
અપૂર્વ ધન્યતાનેયે રગદોળી ધૂળમાં ખરે!'

(મૂર્છાની અપયશકથા પૃ. ૧૦૧)

અને કવિની આ ઉક્તિ આજેયે એટલી જ સાચી પડે છે કે?!

અત્યાર સુધીના ત્રણે ભાગોમાં છંદોબદ્ધ કાવ્યો સંગ્રહાયાં હતાં. ચોથો તથા પાંચમો વિભાગ ગીતકાવ્યોની લહાણી કરે છે. ગેયતા ગીતનું એક લક્ષણ છે પણ સાથે સાથે તેમાં વિચારબીજ તથા ભાવનાસ્પંદન હોય છે. કવિ નાનાલાલના રાસનું સ્મરણ આ વિભાગોનાં કેટલાંક ગીતો કરાવે છે. ચોથા વિભાગમાં ૧૦ તથા પાંચમામાં ૨૯ ગીતો છે.

સાંજરે લ્હેકંતા લીમડા હેઠે કે આંખિયું પ્હેલેરી સંભરી;
સાંભરે આ રે આંબલિયે પ્હેલેરી હૈયાની ફોરી'તી મંજરી.

આ ગીત સ્નેહમૈત્રીનું પહેલું સ્મરણું જગાવે છે. જો કે 'કાંત'ના 'આપણી રાત' સાથે સરખાવવાની હિંમત નથી કરતો પણ સંકેત માત્ર કરું છું :

'શરદ પૂનમની રઢિયાળી સદા
મને સાંભરે આપણી રાત, સખી.
. . .
રાત રૂપાળી, રૂડી, રસાળી હતી,
આશકોની અપૂર્વ દિવાળી હતી;
આખી ઉત્સવ માફક ગાળી હતી
મને સાંભરે........

(પૂર્વાલાપ : ૧૮૩)

'રૂપેરી રાત્યું, સોનેરી સોણલાં' એ ઉત્તમ ગીતોમાં સ્થાન પામે એવું છે :

જોબનિયું એ જાણે આંબાવાડિયું
મ્હેકી ઊઠ્યું નવે મ્હોર
કાળી રે કોયલડીએ ગાજતું !
ચેત્યું ચિત્તડું ચકોર ?'

(પૃ. ૧૦૯)

'આંબો મ્હોરિયો' 'કહે કહે'લી વીજળી'

સખિ, ચાર ચાર આંબા મ્હોરિયા,
એમાં ચોરીનાં મંગલ થાય રે,
હાંરે એમાં હૈયાની ચોરિયું રચાય રે.

(પૃ. ૧૧૭)

'ઓ પનિહારી પાતળી'

શાપી અહલ્યા શું અહિંયાં પડી ઢળી,
રોષે સતી શું દક્ષયજ્ઞમાંહ્ય પ્રજ્વળી,
શિવની નિર્માલ્ય વા શું વિખરી ચંપાકળી,
પનિહારી પાતળી.

(પૃ. ૧૧૮)

આ **પનિહારી** તે ગણદેવી પાસેની નદી છે પણ વિરહિણી પનિહારી 'આષાઢ'ની આશાએ

બળતા બપોર તણી સૂસવતી લાયમાં,
છાને કુંઠાય તારી રમ્ય ગતિ વાંકડી,
આજ ભલે તારી ના છલકાતી છાતડી.'

(પૃ. ૧૧૮-૧૧૯)

વગેરે સહન કરે છે.

આવાં ગીતો છે.

પાંચમો ખંડ શરૂ થાય છે 'દિલ હરામી'થી :

'કોણ પુકારે રે, ખૂણેખૂણ કોણ પુકારે રે ?
માંડ જંપ્યો મારો પ્રાણ અજંપે કોણ ઉઠાડે રે?
કટાણે કોણ ઉઠાડે રે?'

(પૃ. ૧

'ઓ રજની, ઝંખા હતી મને તારી.
તું ભલે આજ પધારી, ઓ સજની, તું ભલે આજ પ
. . .
અગણિત આંખનાં અમૃત વરસી
ચંદાની ધારે અમીમય વરસી
મંદાકિનીનાં અતલ તલ દરસી
તરસી છાતી દે તું ઠારી.'

(પૃ. ૧૨૫-

રાણી, સૂતી પડી,—નાચ ઓ ! નાચ તું આ રે અ ભલે રાત પડી રે! ઓ ફુલડા, જીવે બળન્તી મારી ચિર વિરહને અંતે, હૂએ તોયે તારી !—વગેરે ગીતો અલગ રીતે નિહાળવા જેવાં છે. કવિ 'તારી નજરે ન એ ગીતમાં પ્રભુને વિનવણી છે :

'નિત્યની દિવાળી તારી બારિયું હસાવે,
અંતરે અંધારાં, રે હો કેવડો ઉચાટ !
તેજની ઓટ્યું તે તારે કેવડીક હોશે
પેટવી દેતાં આ **મારા કોડિયાની** વાટ?

(માત્ર કોડિયાની વાટ—સરખાવો 'એક જ દે ચિનગારી

લાખુંના લખેશરી ! ઓ દાતાના દાનેશરી !
રાજ-અધિરાજ કેરા વડા ઓ મહારાજ!
દેવું ના દેવું તારે, ઝૂંટવી ન લેવું મારે,
બારીએ આવીને તારી નજર નવાજ :
અદકી મ્હોલાત, કેવી અદકી મ્હોલાત !
ઝાંખે રે ઝુરન્તી મારી નાનેરી જાત !

(પૃ. ૧૪

'કયે રે નામે,' 'કોક સમે,' 'રે કો વત્સલ રમાડે ?' આ કાવ્યો વાંચતાં જ આપણને કવિવર ટા કવિ નાનાલાલનાં કેટલાંક ભાવગીતો સાંભરે છે.

કવિ 'મારી નાવડી'ને **અરબી તોખાર** જુદેજુદે સ્થળે નાવ, વહાણ માટે એમણે

રૂડા અરબ્બી બગલા સમુદ્રના :
પખાળ એ અશ્વ ખરા સમીરના
........આરબ ઘોડલા સમા

વગેરે પ્રયોગો કર્યા છે.

આવ્યું આવ્યું ક્યાંથી કોનું તીર ?
વેધાયું ચિત્તનું રે મારું માછલું.

. . .

ઊતર્યાં ઊતર્યાં ઝેર અરે એ તીર !
સંજીવન છલકન્તું શું આ માછલું !

(પૃ. ૧૬૧)

જેવી લીટીઓ 'આ તીર ક્યાંથી'માંની ઊંડે ઊંડે ઉતારે છે. 'ઝાડનું ગાન' પણ સાંભળવા જેવું છે:

જાળવી વાજે, ઓ વાયરા !
ઘેરું ભલે ગાજે, ઓ વાયરા !
પીળાં સૂકાં મારાં પાંદડાં ઘણેરાં:
ખેરી ખાતર કરી જાજે, ઓ વાયરા !

. . .

ફૂલી ફળી મારી ડાળિયું લળૂંબે
હળવે હીંચોળી જરા ગાજે, ઓ વાયરા !

. . .

ધરતી-ધાવન્તાં મારાં ઊંડેરાં મૂળિયાં:
તેને ઉખેડતો ન ધાજે, ઓ વાયરા !'

(પૃ. ૧૬૭)

આ રૂપકને સમજાવવાની જરૂર છે ?

'ઓ આગિયા !'માં કવિએ આગિયાના મહત્ત્વને પારખ્યું છે. દુનિયામાં સૌનું સ્થાન છે, સૌનો ખપ છે, ખપ પડે છે ને કામે આવે છે. સંઘર્યો સાપેય કામનો, આ તો આગિયો છે. ઉર્દૂ કવિઓએ આગિયાનો મહિમા ગાયો છે. અહીં આપણા કવિ :

ચમકો ઓ આગિયા !
ચમકી બૂઝો તોયે ચમકો, ઓ આગિયા !
ઘેરા અંધાર ભલે જાયે ન તાગિયા,
નાનેરા તોય તમે તેજે સોહાગિયા,
જગ આ ગણે છોને તમને અભાગિયા,
કણ કણ છૂટા છૂટા તોય તેજ-રાગિયા...

(પૃ. ૧૬૮)

'મોટાં ન્હાનાં અતિ મોટામાં, તો ન્હાનાં યે મોટાં;
ભોમ દીપ રવિ નભબિંદુ તો ઘરદીવડાં શાં ખોટાં !

સાક્ષર ગોવર્ધનરામનું સ્નેહમુદ્રાનું એ અવતરણ 'નાનેરા તોય તમે તેજે સોહાગિયા' ગાતાં સાંભરે છે.

*

'વિશેષાંજલિ'ના અલ્પ રસપાન સિવાય બીજું તે અહીં શું થઈ શકે ? પ્રત્યેક કાવ્યની આલોચના પ્રસ્તુત નથી. આ કવિમાં કેટલીક નવીનતાઓ છે. અંબારીને, ખંડેરાયાં, કલંકાયું, પરાગે, ચિન્તી, સારવું, વિજયંત ચાલે, પોબારના, ઉન્મથી, ટેકંત, ખમાવે (ક્ષમા આપે), ઉબળી, ચંક્રમતું, વિજવળું, આશ્વસે, જંગાલિયતનાં, સુરભાય, ચુરાવે, જેવા પ્રયોગો શબ્દસમૃદ્ધિ વધારવા, છંદનું માપ સાચવવા કરે છે; કવિઓને છૂટ હોય છે. એમના ભાવવહન માટે જેનો જેવો ઉપયોગ થઈ જાય તેવો તેઓ થવા દે છે. પ્રલયંકર, શિવંકરા, સુખંકરા, ઋતંભર જેવા પ્રયોગોમાં સંસ્કૃત તરફનો પ્રેમ દર્શાવે છે. 'આકરો સમાધિ' (પૃ. ૮૪) પણ શુદ્ધ સંસ્કૃતનો આગ્રહ દર્શાવે છે. આવે પૂંઠેને બદલે 'આવે પીછે' (પૃ. ૨૬) 'બીચ મારગ' (પૃ. ૧૩૨) વગેરે હિંદી-પ્રયોગો ધ્યાન ખેંચે છે. રીત્યું, રાત્યું બોલી ને બદલે 'લી, કે કે પાડી, કૈં, લૈ, માવડી, આવડી, જેવા સોરઠી પ્રયોગો રસ-વૃદ્ધિ કરનારા છે. શબ્દવૈવિધ્ય માટે કવિની શક્તિ માટે માન ઊપજે છે. સાદામાં સાદી ચીજે કવિમાનસને આકર્ષ્યું એટલે કાવ્યવ્યાપાર શરૂ થઈ જાય છે—નિર્મળ ને સરલ.

કવિને અલંકારોનો તો આશરો લેવો જ પડે છે. વર્ણ-સંગાઈનો શોખ લાગે છે. આપેલ અવતરણોમાંથી એ જણાઈ આવશે જ; 'વાડીના વેરણ વાયરા વાય' (પૃ. ૧૩૭), સોરાં ને સામાં (પૃ. ૧૪૯), સૂતી સુગંધને સ્ફુરાય (પૃ. ૧૫૨), વગેરે પણ વધારાના નમૂનાઓ છે. પ્રાસ, અનુપ્રાસની હથોટી કવિને છે પણ તેઓ ક્યાંક ક્યાંક કૃત્રિમ પણ બની જાય છે-હૈયા કપાટ ને હા...શઘાટ (પૃ. ૮૩) હારી, હ્રાસ, ત્રાસ (પૃ. ૯૮) ઝંઝાવાતો, વિદ્યુત્પાતો, ઉદ્ઘાતો (પૃ, ૧૦૦).

છંદો ઉપરનું પ્રભુત્વ, એક છંદમાંથી બીજામાં સરી જવાની કળા પ્રશંસાપાત્ર છે. જો કે એઓ યતિભંગને (પ, ૪૬ તથા ૭૦) દૂષણ નથી લેખતા, પણ તેમણે યતિને સાચવવાનો પ્રયત્ન તો કર્યો જ છે. 'ને પલટાતાં પ્રતિ સ્થિતિ-બલે હોંસથી પાલટીશ' (પૃ. ૩૯)માં પલ બે લઘુને એક ગુરુ લેખવા પડશે, પણ આ તો વિરલ દૃષ્ટાંત છે; લઘુગુરુનાં ચિહ્નો ક્યાંક ક્યાંક વપરાયાં છે. 'જગતે દીઠી ના કદી' (પૃ. ૯) ચરણને 'દીઠી ના જગતે કદી' માં ફેરવ્યું હોય તો ? દરેક કાવ્યમાં વપરાયેલ છંદના નામનો નિર્દેશ વિદ્યાર્થી તથા સામાન્ય વાચક માટે જરૂરી છે.

કવિએ આ કાવ્યસંગ્રહનું નામ **વિશેષાંજલિ** કેમ રાખ્યું ? અગાઉના સંગ્રહોને 'જ્યોતિ-રેખા' તથા 'ઇન્દ્ર-ધનુ' જેવાં નામો કાવ્યોનાં નામો ઉપરથી આપવામાં આવ્યાં, ત્યારે આ સંગ્રહ 'વિશેષાંજલિ' કેમ કહેવાયો ? નિવેદનમાં કવિ કાંઈ સ્પષ્ટ કરતા નથી પણ 'આ સંગ્રહનું ટિપ્પણ **આસ્વાદ** રૂપે અધ્યાપક અનંતરાય રાવળે મિત્રભાવે લખ્યું છે તેમાં "શ્રી બેટાઈનો આ ત્રીજો કાવ્યસંગ્રહ સાદું પણ અન્વર્થ નામ લઈને આવે છે. 'જ્યોતિરેખા' અને 'ઇન્દ્ર-ધનુ' પછી આ ત્રીજી એટલે વિશેષ અંજલિ પોતે કાવ્ય-દેવીને સમર્પે છે એમ કવિને અભિપ્રેત છે એમ ગણવું. એમાં પોતાનો શક્તિવિશેષ ચમકાવી પોતે કોઈ વિશિષ્ટ સારસ્વત પ્રદાન કરી રહ્યા છે એવો પ્રગટ કે પ્રચ્છન્ન દાવો આ કવિની નમ્ર પ્રકૃતિ એને કરવા દે એમ નથી. સહૃદયોને એમાં ગુણ-વિશેષ દેખાય એ જુદી વાત." (પૃ. ૧૭૩)—આ ખુલાસો છે.

આપણા ઉપર 'વિશેષાંજલિ'નો પ્રભાવ શો પડ્યો ? ગુજરાતનાં ભાગ્ય છે કે અત્યારે આપણા કવિઓમાં જેઓ પ્રથમ પંક્તિના છે તેમાં શ્રી. સુંદરજી ગો. બેટાઈનું સ્થાન આગળ પડતું છે. આ કવિની કૃતિઓમાં નરસિંહરાવનું અવલોકન તથા પાંડિત્ય છે, કાન્તની કલા છે, નાનાલાલની મધુરપ છે, બલવંતરાયની નવીનતા છે; અને એ સર્વનો સમન્વય કરવાની પ્રતિભા કવિની પોતાની છે. રીતિ, અર્થ ને પ્રસાદનું બેટાઈમાં સુભગ દર્શન થાય છે.

કવિના 'જ્યોતિ-રેખા' પ્રથમ સંગ્રહનો સાશિષ પરિચય એમના ગુરુ નરસિંહરાવે કરાવ્યો હતો; અર્થવિવરણ એમના ગુરુબંધુ ભાનુશંકર વ્યાસે (બાદરાયણે) લખ્યું હતું. આ સંગ્રહનો આસ્વાદ કરાવનાર વિદ્વાન અનંતરાય રાવળ મળી ગયા એ પણ વિશેષાંજલિની વિશેષતા છે. એમને પોતાના વિવરણને 'રહસ્યદર્શી, રસલક્ષી અને મિતાક્ષરી' બનાવ્યું છે પણ કહેવું જોઈએ કે શ્રી અનંતરાયની આસ્વાદ કરાવવાની રીત કવિ તથા તેના કાવ્યને તાદશ્ય કરાવનારી છે ને તેથી તે ઉપકારક છે. સંગ્રહ તથા 'આસ્વાદ'ને આસ્વાદ્યે જ ખબર પડશે.

આજના આપણા કવિઓમાંના **અગ્રેસર** કવિ એ[...] પોતાને નમ્ર જ નહિ પણ વિનમ્ર, અતિ ઘણા વિનમ્ર માને[...] કારણ કે તેઓ 'વિશેષાંજલિ'ના અર્પણમાં 'હૈયાને[...] નિતાન્ત ઊષર હતી વેરાન શી વિસ્તરી' એમ કવે છે. [...] માનવહૈયું આવું હોઈ શકે ?! એમાંયે બેટાઈ જેવા કવિનું [...] જેમણે અત્યાર અગાઉ ગુર્જરગિરાને મોંઘા થાળ ધરાવ્યા [...] તેમના હૈયાભોમ તદ્દન જ નકામી, વેરાન માની શકાય [...] સ્પષ્ટ ઉત્તર મળશે, ના, ના, ના.

'વિશેષાંજલિ' ગુજરાતી સાહિત્યમાં મૂલ્યવાન વૃદ્ધિ[...] આપણે કવિ પાસે સવિશેષાંજલિઓની આશા રાખીએ છી[...] મહેચ્છાને વધારનારું, ઊર્ધ્વ ગતિએ લઈ જનારું, કેડીને [...] લેવામાં સહાયક થનારું આવું પાથેય વિશેષાંજલિરૂપે વિશે[...] વિશેષ મળતું રહો તથા સાચા ભણતરની કિતાબ ઉકેલ[...] મદદગાર થતું રહો :

> પ્યારા છેલ રે હો છેલ ! વ્હાલા, ગેલ રે હો ગેલ !
> કાગજની કિસ્તીના માંડ્યા ખેલ, રે હો છેલ !
>
> આવી રે કિતાબ ઊંધી ક્યાં રે તું ભણેલ,
> છેલા, ક્યારે તું ભણેલ !
>
> શું વા ! તું ભણેલ બધી કિતાબો ભૂલેલ,
> ઘેલા કિતાબો ભૂલેલ !
>
> હું તો આ કિતાબી બંડો જોઉં તારા ખેલ,
> ઝાઝા જોઉં તારા ખેલ
>
> મસ્ત તું તો, તારી મોંઘી અંતરની રેલ,
> વ્હાલા અંતરની રેલ
>
> છો ને હું ઊભેલ !
> છેલા ! તું તારે રેલ !
> તારું જગ સાચું. મારું ખોટું છે ખગેલ,
> સાચે ખોટું છે ખગેલ !
>
> (પૃ. ૧૬૩)

કવિ ! તું તો તારી મસ્તીમાં રેલતો રે'જે, રેલાવતો [...]

જાયા

પાલવમાં ઢબૂરી
એ આવી લૈને શિશુ-ફૂલ પ્હેલું;
હૈયું ભર્યું હર્ષથી ઘેલું ઘેલું—
મારીય ના રહૈજ તદા સબૂરી;
જોઈ રહું પાલવને હટાવી:
મારો અરે વિગત શૈશવ કાળ લાવી!

એનું મન

ખીલ્યું એનું મન
જાણે વસંતનું વન;
મને પતંગને પૂછે ડાળ: 'કયું ફૂલ ઝંખો?'
અને તહીં સૂઝી
હું તો લેવા જઉં ચૂમી
ત્યાં તો સર્વને એ સંકેલતી જાણે ચીની-પંખો!

સવાર

આછી જાગી સવાર
નિંદરની મધુ કુંજ થકી ને સ્વપ્ન લોકની પાર!—આછી૦
પારિજાતનાં ઝરણે ન્હાઈ
કોમલ એની કાય
વ્યોમ આયને જેની છાઈ
રંગ રંગની ઝાંય;
ઓઢયો પાલવ સાગરજલનો છલ છલ નીલ નિતાર—
આછી૦
લહર લહર સમીરણની વાતી
કેશ ગૂંથતી જાણે
અંબોડામાં શું મદમાતી
અભ્ર-ફૂલને આણે
કે જેનો ઊડતાં પંખીના કલરવ માંહી બહાર—આછી૦
ભુવન ભુવનનાં ઉજ્જવલ રવિની
બિન્દી અહો લગાવી
દિશા દિશાના સુખરિત કવિની
વાણી રહી વધાવી:
રંગ મંદિરે જાવા જાણે સજી રહી સિંગાર—આછી૦

કુત્તાં

આગંતુકોને વચમાં જ ખાળી
ના જોશથી કૈં ગરવું ભસે છે;
રસ્તે જતાં તો ગજરાજ ભાળી
ના વામણાંઓ વરવું ભસે છે.
બિલ્લી ગઈ હાથથી થૈ અધીર
ના ભાગ્યહીણાં બબડી ભસે છે;
યુદ્ધે ચઢ્યાં એ વરણાગી વીર
ના દુશ્મનોને કરડી ભસે છે;
પેખી નદીમાં નિજનું જ રૂપ
ના છાંયથી ત્યાં ભરમી ભસે છે;
નિહાળીને તસ્કર કોઈ ચૂપ
ના રાત્રિમાં કૈં મરમી ભસે છે:
ના જાણું રે કારણ શું વસે છે
મારાં જ કુત્તાં મુજને ભસે છે!

પ્રિયકાન્ત મણિયાર

નિરાળો પંથ

રે મન મારું મતવાલું,
સકળ દિશમાં સભર પ્રીત રે કયાંય મળે ના ઠાલું.

ઝંખે દુનિયા મારગ ઘેરી, જ્યાં હોય ફૂલ-બિછાવન,
મારો પંથ નિરાળો, કોઈની આવન નહિ, નહિ જાવન.

ફૂલમઢેલો મારગ મૂકી, કંટક-કેડી ઝાલું
રે મન મારું મતવાલું.

છો ને લોકો ઘેલો ગણતાં, હસતાં નયન વિકાસી,
પ્રીતના વાઘા પ્હેર્યા મેં તો, પરશે લેશ ન હાંસી;

નામ રૂવાબી, ઠાઠ નવાબી, દુનિયા ભરમાં મ્હાલું,
રે મન મારું મતવાલું.

દિનેશ કોઠારી

ચલ રે, મનચંચલ

ચલ રે, ચંચલ મનચંચલ,
ઉપવન તુજને એક બતાવું
રસભર ફૂલડાંથી સંકુલ—ચલ રે૦

કામ્ય કેતકી માદક ગંધે મઘમઘતી,
રજનીગંધા વિટપે વિટપે પાંગરતી,
રોમાંચક ભૂચંપક પ્રગટયા પાંચે પાંખડીએ ઉત્ફુલ્લ,
—ચલ રે૦

શેફાલિની સુરભિ પ્રસરે મદમાતી,
કુમુદિની આમોદ તણાં ગીત ગાતી,
કુન્દ પુષ્પનાં વૃન્દ વૃન્દ પમરાટ ધરે અણમૂલ,
—ચલ રે૦

ધવલ કમલની સૌરભ ભભકે મીઠી,
પતંગપાંખે પરાગ કેરી પીઠી,
ગંધ થકી બસ અંધ થઈને ગુંજે કૈં ભ્રમરોનાં કુલ,
—ચલ રે૦

રંજનમ

ઈશાવાસ્ય ઉપનિષદ

સંપૂર્ણ તે બ્રહ્મ જ પૂર્ણ વિશ્વ,
સંપૂર્ણથી પૂર્ણ ઉલેચી આવે;
સંપૂર્ણનું પૂર્ણ ઉલેચી લેતાં,
સંપૂર્ણ તે તો અવશેષ રહે છે.
ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

ઈશથી વસવા યોગ્ય આ જે કો વિશ્વચેતના;
તે કાજ ત્યાગીને ભોગ. કો'નું ના ધન સંઘરો. ૧

કર્મોને કરતા રહીને ઇચ્છો સો વર્ષ જીવવા;
એ ત્હારે, ના બીજો માર્ગ. નરને કર્મલેપ ના. ૨

અસુર્ય નામના લોક ગાઢા અંધારથી ભર્યા;
ત્યાં કરે ગતિ તે અહીંથી, જે જનો આત્મઘાતક. ૩

ગતિ વિનાનો મનથીય વેગીલો,
દેવો ન પહોંચે, ઋષિ એક પ્હેલો
ઓળંગી ઊભો સહુ દોડતાંને;
ત્યાં માતરિશ્વા બીજ-કર્મ ધારે. ૪

ગતિ કરે તે, ન ગતિ કરે તે,
તે દૂર રહેતો, સહુ પાસ તે તો,
તે સર્વની અંદર છે વસેલો,
ને સર્વની બ્હાર રહેલ છે તે. ૫

જે ખરે સર્વ ભૂતોને પેખે છે આત્મરૂપમાં,
ને સર્વ ભૂતમાં આત્મા, તે નિંદે નહિ કોઈને. ૬

જે કાળે આત્મજ્ઞાનીનો આત્મા હો સર્વ પ્રાણીઓ,
જે પેખે એક આત્માને, તેને શો મોહ, શોક શો ? ૭

તેને ન કાયા, વ્રણ સ્નાયુ કો ના,
તે પાપથી વિદ્ધ ન, શુદ્ધ શુક્ર;
કવિ મનીષી પરિભૂ સ્વયંભૂ
આત્મા કરે વ્યાપક શુદ્ધ બ્રહ્મને;
પહેલાં હતું તેવું જ વિશ્વ ધારે. ૮

ગાઢ અંધારમાં પેસે, અવિદ્યા જે ઉપાસતા;
તેનાથી ગાઢ અંધારે વિદ્યામાં માત્ર જે રત.

અવિદ્યાથી જુદો લાભ, વિદ્યાનું ફળ છે જુદું—
સાંભળી છે અમે વ્યાખ્યા ધીર જ્ઞાની જનો થકી.

વિદ્યા અવિદ્યા બંનેને જાણે જે સહકારથી,
અવિદ્યાથી તરી મૃત્યુ, વિદ્યાથી મોક્ષ મેળવે.

ગાઢ અંધારમાં પેસે, જે પૂજે વ્યક્તિભાવને,
તેનાથી ગાઢ અંધારે સંઘસત્તા વિષે રત.

વ્યક્તિભાવે જુદો લાભ, સંઘસત્તા થકી જુદો,—
સાંભળી છે અમે વ્યાખ્યા ધીર જ્ઞાની જનો થકી.

વ્યક્તિ ને સંઘશક્તિને જાણે જે સહકારથી,
વ્યક્તિભાવે તરી મૃત્યુ સંઘથી મોક્ષ મેળવે.

સોનેરી પાત્રથી જાણે ઢાંકેલું સત્યનું મુખ,
તેને તું ખોલને પૂષન્! સત્યના ધર્મદર્શને.

જે એક દ્રષ્ટા યમ સૂર્ય પૂષા
પ્રજા તણા પાલક હે પ્રજાપતિ!
ઊંચે નીચે રશ્મિ કરો તમારાં,
પેખું તમારું હિત તેજ રૂપ;
જે પ્રાણમાં પૂરુષ, તે જ હું છું.

દિવ્ય ને સ્થિર આ વાયુ, શરીર રૂપ ભસ્મનું;
ઓમ્ ક્રતુ સ્મર તું કાર્ય, ક્રતુ તું સ્મર કાર્યને.

અગ્નિ સુપંથે શુભ હેતુ દોર,
તું જાણકાર પ્રભુ! વિશ્વકાર્ય;
હટાવ પાપો અમને નડે જે,
ધારું વિશેષે નમ ઉક્તિ દેવ!

[શ્રી વિષ્ણુદેવ સાંકળેશ્વર પંડિતની ઈશાવાસ્ય ... પુસ્તિકા ...

'નૂતન યુદ્ધનાં' સ્મારકો

"તૈયાર થતી દરેક તોપ, તરતું મુકાતું દરેક યુદ્ધજહાજ, ફેંકવામાં આવતું દરેક રૉકેટ આખરે તો નાગાંભૂખ્યાં લોકો પાસેથી કરવામાં આવેલી ચોરીનું જ પ્રતીક બની રહે છે.

"આજની શસ્ત્રસજ્જ દુનિયા માત્ર નાણુંનો જ વ્યય નથી કરતી.

"એ તો શ્રમજીવીઓના પરસેવાનો, વિજ્ઞાનશાસ્ત્રીઓની બુદ્ધિપ્રતિભાનો તેમ જ આવતી કાલના નાગરિકોની આશા-આકાંક્ષાઓનો પણ વ્યય કરી રહી છે.

"આજે એક મોટું બૉમ્બર વિમાન તૈયાર કરવામાં આટલો ખર્ચ આવે છે: ત્રીસ શહેરોમાં શાળાનાં અદ્યતન પાકાં મકાન બાંધવા જેટલો. આ રકમમાંથી બે વીજળીઘર ઊભાં કરી શકાય, જેમાંનું દરેક વીજળીઘર સાઠ સાઠ હજારની વસતિવાળાં શહેરને અજવાળી શકે. એમાંથી અદ્યતન સાધનસામગ્રીથી સુસજ્જ એવી બે ઇસ્પિતાલ બાંધી શકાય. એમાંથી લગભગ પચાસ માઈલનો લાંબો કોંક્રીટનો રસ્તો બાંધી શકાય. એક જ લડાયક વિમાન તૈયાર કરવામાં આપણે પાંચ લાખ ઘઉંના કોથળાનો ભોગ આપી રહ્યા છીએ. એક જ વિનાશિકા (ડિસ્ટ્રૉયર) તૈયાર કરીને આપણે ૮,૦૦૦ લોકો વસવાટ કરી શકે એટલાં મકાનોનો ભોગ આપી રહ્યા છીએ.

"હું ફરીફરીને કહું છું કે આજે દુનિયા જે માર્ગે જઈ રહી છે એ માર્ગે આ જ ફળ પ્રાપ્ત થવાનાં છે. આ કાંઈ જીવન જીવવાની સાચી રીત નથી. યુદ્ધનાં ઘેરાયેલાં વાદળો તળે જીવતી દુનિયામાં માનવજાત જાણે કે મૃત્યુના મુખમાં જ જીવી રહી છે...રાષ્ટ્રોની તવારીખમાં આ એક એવી ક્ષણ આવી પહોંચી છે, જે ક્ષણે ન્યાયી અને કાયમી શાંતિ તરફ પાછા વળવું હોય તો અત્યંત ગંભીર પસંદગીઓ અને નિર્ણયો કરી નાખવા જરૂરી છે...આ ક્ષણ, સર્વ સમજદાર માનવીઓનાં હૃદયને વલોવી રહેલા પ્રશ્નનો ઉત્તર આપવાનો સરકારોને અનુરોધ કરે છે. એ પ્રશ્ન છે: દુનિયાને જીવવા માટે બીજો કોઈ માર્ગ નથી કે શું?...

"અમે બીજું મહત્ત્વનું કાર્ય હાથ ધરીશું. એ કાર્ય છે, હાલ દુનિયા પર ભારરૂપ બની રહેલ શસ્ત્રીકરણનો બોજ હળવો કરવાનું.

"આ નેમને લક્ષમાં રાખીને અત્યંત પવિત્ર કરારો કરીશું. આમાં, અમુક ચોક્કસ સંખ્યામાં કે સર્વસંમત આંતરરાષ્ટ્રીય પ્રમાણમાં લશ્કરી અને સલામતી દળોની સંખ્યામાં ઘટાડો કરવાનો સમાવેશ થશે. અણુશક્તિના શાંતિમય વપરાશ માટે એના ઉપર આંતરરાષ્ટ્રીય અંકુશ મૂકવાનો અને બીજાં સંહારક શસ્ત્રો પરના નિયંત્રણ કે પ્રતિબંધનો પણ એમાં સમાવેશ થશે. અને આ બધાં નિયંત્રણો અને પ્રતિબંધોના અમલ માટે સંયુક્ત રાષ્ટ્રો મારફતની વ્યવહારુ તપાસ-યોજના પણ હશે.

...

"આ બધાં કાર્યોમાં જે સફળતા મળશે એના ફળરૂપે દુનિયા સમક્ષ મોટામાં મોટું કાર્ય—મોટામાં મોટી તક ઉપસ્થિત થશે.

"એ તક આ હશે: બધાં જ શાંતિચાહક રાષ્ટ્રોની શક્તિ, સાધનસંપત્તિ અને કલ્પનાસમૃદ્ધિ એક નવા પ્રકારના યુદ્ધ માટે યોજાશે.

"એ યુદ્ધ કોઈ માનવશત્રુ સામે નહિ પણ કંગાલિયત અને દરિદ્રતાનાં પાશવી બળો સામેનું યુદ્ધ હશે. રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચેની શ્રદ્ધા અને સહકારી પુરુષાર્થ પર રચાયેલી જે શાંતિ અમે ઝંખીએ છીએ એ શાંતિ લડાયક શસ્ત્રો વડે નહિ પણ ઘઉં અને રૂ, દૂધ અને ઊન, માંસ અને સાગ અને ચોખા વડે જ સિદ્ધ થઈ શકે એમ છે.

...

"આ નૂતન પ્રકારના યુદ્ધનાં આટલાં સ્મારકો રચાશે: શાળાઓ અને રસ્તાઓ, ઇસ્પિતાલો અને મકાનો, ખોરાક અને આરોગ્ય."

[પત્રકારો સમક્ષ પ્રમુખ આઈઝનહોવર: 'અમેરિકન સંદેશ'માંથી]

ફલોરા ફાઉન્ટન

કાચકાંકરેટના અનન્ય કાનને,
સદાય શાંત, સ્વસ્થ, આશવંત આનને
ઊભી છ વિશ્વમાલણી, વસંત સ્વપ્ન નેત્રમાં અમૂલ;
બેઉ હાથમાં ધર્યાં છ શલ્યફૂલ,
ચારકોર લોહનાં પતંગિયાં ભમી રહ્યાં,
અચેત જે પરે અનેક જંતુડાં રમી રહ્યાં.

નિરંજન ભગત

[મુંબઈ રેડિયો ઉપર]

[અનુસંધાન પૃ. ૧૬૩થી]

નવીન ચૈતન્યનો સંચાર થશે એવાં ચિહ્ન દેખાય છે. પોતાને માર્ક્સવાદી કે ભૌતિકવાદી કહેવડાવનારાઓને વિનોબાજીના આંદોલનનું મહત્ત્વ સમજાતું લાગતું નથી. તેમણે આ આંદોલનનો નવેસરથી ફેરવિચાર કરવો જોઈએ.

વિનોબાજીની આસપાસ સાંપ્રદાયિક ધર્મભાવનાનું વાતાવરણ છે અને તે ધાર્મિક પરિભાષા વાપરે છે એથી આ મહાન આંદોલનની ઉપેક્ષા કરવી એમાં ભૂલ થશે. હિંદુસ્તાનમાં સમાજ-ક્રાંતિની આગાહી આપતો રાષ્ટ્રપુરુષ નિર્માણ થયો છે. જનતાનું અંતઃકરણ હલાવવાનું સામર્થ્ય તેનામાં છે. અને એક પરિવર્તનનો પ્રારંભ થયો છે એ સ્પષ્ટ થવા માંડ્યું છે. વિનોબાજીની ભાષા અને સંદેશ ભારતની ભૂમિમાંથી નિર્માણ થયાં છે એમાં શંકા નથી.

દેશના સૌ પ્રાન્તોમાં ભૂદાનયજ્ઞનું આંદોલન શરૂ થયું છે. આ આંદોલનનો જે અહેવાલ ચાંડિલ સંમેલનમાં રજૂ થયો છે તે ઉપરથી જણાય છે કે કેટલા એકર જમીન મળી એના કરતાં આ આંદોલનનો સંદેશ કેટલે ઠેકાણે જઈ પહોંચ્યો અને સમાજક્રાન્તિની ભેરી કેટલે ઠેકાણે વાગી એ અધિક મહત્ત્વનું તો છે.

[અનુસંધાન પૃ. ૧૭૬થી]

થતી હોય તેમ થોડા માનવીઓ પણ નીરખતા નથી. [illegible] પદ્ધતિની પ્રતિરોધક કઠોરતાનો તે પ્રત્યાઘાત છે. આ પદ્ધતિ[illegible] બાળકોને ભય અને નિરોધમાંથી મુક્ત કર્યાં છે અને [illegible] જીવનને આનંદ અને સ્વેચ્છાપૂર્ણ બનાવ્યાં છે અને [illegible] લીધે વર્ગના ઓરડામાં નૂતન પ્રાણ સંચર્યો છે. આ [illegible] તે અભિનંદનીય છે પણ એની મુખ્ય નિર્બળતા એ [illegible] છે કે સંસ્કારનાં મૂળ તત્ત્વોના દૃઢ પાયાની રચના [illegible] સારાં લક્ષણોનો સમન્વય કેવી રીતે કરવો તે વિ[illegible] પદ્ધતિ હજી સંદિગ્ધ દશામાં હોય તેમ જણાય છે. [illegible] મૉન્ટેસોરી પદ્ધતિ સાથે ગાઢ અને લાંબો પરિચય ધ[illegible] તેમને મૉન્ટેસોરીપદ્ધતિમાં ક્રિયાશાળાનાં શુભ મૂળ ત[illegible] જૂની પદ્ધતિમાં પ્રાપ્ત થયેલાં સિદ્ધિનાં ઉચ્ચતર ધોરણ [illegible] સંયોગ સાધી આપતી (Via Media) સાંકળતાં [illegible] થાય છે.

ખેતી અને ખાદી વગેરે ગ્રામઉદ્યોગોનો સંબંધ

ખાદી અને બીજા ગ્રામોદ્યોગોના વિષયમાં એક મહત્ત્વના અનુભવ તરફ કદાચ ઘણા કાર્યકર્તાઓનું ધ્યાન દોરાયું નથી. સાધારણપણે આપણે એવી અપેક્ષા રાખીએ છીએ કે જે લોકો છે, અધભૂખ્યા છે અને સાધનહીન છે તે ખાદી વગેરે ઉદ્યોગોને ઝટ અપનાવી લેશે. પરંતુ જો અવલોકન બરાબર હોય તો અનુભવ આથી ઊલટો જ થાય છે. બિલકુલ બેકાર લોકો કરતાં જેમની કંઈક સારી છે અને ઘરનાં માણસોને નવરાશ પણ ઓછી રહે છે, તે લોકો નવા નવા ધંધાઓ વિ ઉત્સાહ રાખે છે. આ વાત મારા ધ્યાનમાં સૌથી પ્રથમ કર્ણાટકમાં લાવવામાં આવી અને બીજી જગાઓએ પણ આના પુરાવા મળ્યા. આથી હું એવા નિર્ણય ઉપર આવ્યો કે જે લોકોની આ સ્થિતિ બહુ સારી તો નહીં, પણ જેમની પાસે જીવનનિર્વાહનાં કંઈક સાધન છે, તે લોકો થોડી વધ આવક આપે એવા ઉદ્યોગ અપનાવવા માટે વધુ તૈયાર હોય છે. પરંતુ, જેની પાસે આજીવિકાનું કશું હોતું નથી અને જેઓ ભૂખે મરતા હોય છે, તેઓ સહેજસાજ આવક આપનારા – જેમાંથી આખા કુ ગુજરાન ન ચાલી શકે એવા – ઉદ્યોગો પ્રત્યે ખેંચાતા નથી. જો આખા કુટુંબ માટે દસ આના જરૂર હોય અને આપણા સૂચવેલા ઉદ્યોગમાંથી દસ આના નહીં, પણ માત્ર ત્રણચાર આના જ મ એવી સ્થિતિમાં જ્યાં બીજો કોઈ આરો જ ન હોય તેમ હોય તો તેવે વખતે ચાર આના, ત્રણ આના આના આપનારી મજૂરી કરી તો લે પરંતુ એમાં એમનું દિલ ચોંટે નહીં. પરિણામ એ આવે છે ઉદ્યોગની પણ પૂરી મજૂરી તેઓ મેળવી શકતા નથી. શહેરના મધ્યમ વર્ગના બેકારોની પણ મનોવૃત્તિ જોવામાં આવે છે. આ સ્થિતિમાં આપણે વિશેષ ઊંડા ઊતરવાની જરૂર છે. આને માટે તેના સારા કુટુંબની અને તેના સંસ્કારોની તપાસ કરવી પડશે. હું અનુમાન કરું છું કે ત્યારે આ ખબર પડશે કે આ લોકોનાં જીવન સ્થિર કરવા માટે તેમને જમીન અને ખેતીનાં સાધનો દેવાની જ જમીન સાથે તેમનો પૂરો જીવનપ્રેમ બંધાયેલ હોય છે અને જમીન ચાલી જવા પછી તેમને કંઈ સૂઝતું નથી. જમીન વગર તેમને પોતાના ગામમાં પણ કશો રસ નથી આવતો. પછી કાં તો તેઓ વ્ય પડી જાય છે, અથવા ગામ છોડીને શહેરોમાં જતા રહે છે. મને લાગે છે કે જો આપણે તેમને ગામમાં રોટલો આપવા માગતા હોઈએ તો આપણે તેમને એવી રીતે ઉદ્યોગ આપવો પડશે કે જેથી ભવિષ્યમાં ફરીથી જમીન મળવાની આશા પેદા થાય. અથવા આમ ન કરી શકીએ તો તેમને કારીગર – સ્કીલ્ડ આર્ટીઝન – બનાવવાની તાલીમ આપવી પડશે.

[શ્રી કિશોરલાલભાઈએ ગાંધી સેવાસંઘના ત્રીજા વાર્ષિક અધિ પ્રમુખપદેથી હુદલી મુકામે તા. ૧૬ એપ્રિલ ૧૯૩૭ના રોજ આપેલા ભાષ

સંસ્કૃતિ

ર્ષ ૭મું : અંક સાતમો | તંત્રી : | જુલાઈ ૧૯૫૩

ઉમાશંકર જોષી



'ભૂમિદાનયજ્ઞ એક અહિંસાનો પ્રયોગ છે, જીવનપરિવર્તનનો પ્રયોગ છે. હું તો નિમિત્ત માત્ર છું. તમે પણ સૌ નિમિત્ત માત્ર છો. પરમેશ્વર તમારી અને મારી મારફત આ કામ કરાવવા ઇચ્છે છે. આ પરમેશ્વરની પ્રેરણા છે; એટલે હું માગી રહ્યો છું તમે સૌ આપો, દિલ ખોલીને આપો.'

—વિનોબા



સંસ્કૃતિ

વર્ષ સાતમું

અંક સાતમો

અનુક્રમણિકા : જુલાઈ ૧૯૫૩



સંસ્કૃતિ કાર્યાલય વતી મુદ્રક-પ્રકાશક : કિશનસિંહ ચાવડા, ચેતના પ્રેસ લિ., નવાબજાર, વડોદરા.

લેખકમિત્રોને વિનંતિ :

* લખાણ કાગળની એક બાજુ ... સ્વચ્છ અક્ષરે લખાયેલું, લેખ... પ્રમાણેની જોડણીવાળું હોય ... મુદ્રણદૃષ્ટિએ જરૂરી છે.
* લખાણ પાછું મેળવવા માટે ... સાથે જવાબી પરબીડિયું હોવું ... આવશ્યક છે.

સૂચનાઓ :

* દર માસની સાતમી તારીખે ... પ્રસિદ્ધ થાય છે.
* દશમી સુધીમાં અંક ન મળે ... ટપાલમાં તપાસ કર્યા પછી ... કાર્યાલયને જણાવવું.
* પત્રવ્યવહારમાં ગ્રાહકનંબર ... થી સગવડ થશે.
* આ માસિકમાં પ્રસિદ્ધ થતા ... માંના અભિપ્રાય માટેની જ... તે તે લેખકની છે.
* પ્રથમ અંકથી ગ્રાહક થવું ... છે.

ગ્રાહકો નોંધવાનાં સ્થળો :

એન. એમ. ત્રિપાઠી, લિ. ...
જીવનસાહિત્યમંદિર, અમ...
ભારતીસાહિત્યસંઘ, અમ...
ઇન્દ્રધનુ, **મિશનરોડ**, અમ...
ગાંડીવ સાહિત્યમંદિર, ... સ્ટ્રીટ મુંબઈ-૨
ગાંડીવ સાહિત્યમંદિર, ... સુરત
એલ. કે. મેઘાણી : ... સ્ટ્રીટ, કલકત્તા ૧.
પ્રભાકર બ્રધર્સ, પો. ... નૈરોબી, ઇસ્ટ આફ્રિકા.

લવાજમ :

દેશમાં રૂપિયા સાત. પરદેશમાં ... અથવા શિલિંગ ૧૪. છૂટક ... બાર આના.

તંત્ર અને વ્યવસ્થા અંગેનો ... પત્રવ્યવહારનું સરનામું ...

સંસ્કૃતિ કાર્યાલય, ... એલિસ-બ્રિજ. અમદાવાદ

સંસ્કૃતિ

सत्यं परं धीमहि । જુલાઈ



૧૯૫૩

आंसु अने कमळ

હમણાં શ્રી ગુરુદયાળ મલ્લિકજી સાથે મેળાપ થઈ ગયો. એમણે એક અનુભવની વાત કરી.

પોષી સાતમે મહર્ષિ દેવેન્દ્રનાથ ઠાકુરને સપ્તપર્ણ વૃક્ષ નીચે શાંતિનો અનુભવ થયેલો. દર વરસે એની પુણ્યસ્મૃતિમાં શાન્તિનિકેતનમાં મેળો ભરાતો. ગયે વરસે છાત્રમંદિરનો એક વિદ્યાર્થી ગુમ થયેલો. એટલે આ વરસે ગુરુદેવે અધ્યાપકોને રાતે ચોકી કરવા આદેશ દીધો હતો. રાતે દોઢ વાગે શ્રી નંદબાબુની ચોકી પૂરી થઈ. આવીને એમણે શ્રી મલ્લિકજીને જગાડ્યા અને લાકડી સોંપી. ચોકીની પરિક્રમા ચાલે છે. છાતિમતલા (જે સપ્તપર્ણ વૃક્ષ નીચે મહર્ષિને આધ્યાત્મિક આનંદ મળેલો તેની નીચેની બેઠક ફરતી વંડી) બહાર દુકાનદારો ઘડીક જંપીને આરામ લઈ રહ્યા છે. સવારે તો મેળો વિંખાઈ વિખેરાઈ જશે. પણ પેલા ઝાડ નીચે ગોદડી કેમ સળવળી ? ગાભા જેવી ગોદડી બાજુ પર ફગાવી એક વૃદ્ધ, પડખેનો એકતારો લઈ, ઊભો થઈ ગયો. મસ્ત થઈ નાચવા લાગ્યો અને સાથે આરતભર્યું ગાન શરૂ થયું.

મલ્લિકજી હજી નવાનવા આવેલા. બંગાળી પૂરી સમજાય ન-સમજાય. આમાં તો વળી પૂર્વ-બંગાળીની છાંટ. નક્કી કોઈક ‘ બાઉલ ’ લાગે છે. બાઉલ ભક્તકવિઓ મૌનરસિક છે અને છૂપા જ રહેવું પસંદ કરે છે. એમને છેડો, કાંઈક પૂછો તો જવાબ ગાનમાં જ આપી બેસે, નહિ તો મૂંગા રહે. આ ડોસો અત્યારે નીરવ શાંતિમાં એકાએક ભગવાનની સાથે શી ગોઠડી માંડી બેઠો હશે ?

પ્રભાતબાબુને વહેલા ઊઠવાની ટેવ. પણ બ્રહ્મો. આવા પ્રલાપોમાં ઝાઝો રસ ન હોય. મલ્લિકજીએ વિનંતિ કરી : શાંતિથી સાંભળી લઈએ. પછી એનો અર્થ આપે મને કહેવાનો છે. ગીતમાં હતું :

‘ હે પ્રભુ, ઉત્તર આપ. આ જિંદગી તો હવે પૂરી થવા બેઠી. હું કાંઈ પામ્યો નહિ. જીવનભર મારી આ આંખોએ અસંખ્ય આંસુ સાર્યાં. ક્યાં છે એ આંસુ ? એ આંસુનું શું થયું ? ઉત્તર આપ, મારા પ્રભુ ! ’

પ્રભુ કહે છે : ‘ પહેલાં એક વાર મારી પાસે આવ અને પછી પ્રશ્ન કર. ’

હું જ્યારે પ્રભુ પાસે ગયો, ત્યારે મેં શું જોયું ? મારાં અશ્રુ કમળો બનીને પ્રફુલ્લ હસી રહ્યાં હતાં.

પ્રભાતમાં ગળી જતી રાત્રિના એકાન્ત શાન્ત વાતાવરણમાં બાઉલની ભગવાન સાથેની મસ્ત ગુફતેગો સાંભળેલી તે જાણે આજ સવારની વાત હોય એમ વર્ણવી મલ્લિકજીએ ઉમેર્યું : ક્યારેક હું આપણા લોકોને આશાભંગ જોઉં છું, જીવનમાં હારી ખાતા હોય એવું એમનું વલણ જોઉં છું, એક પ્રકારનું ભગ્નાશપણું–Frustration દેખું છું. એવે પ્રસંગે મને પેલા વૃદ્ધ બાઉલની ગીત–ગુફતેગો સાંભરે છે. પરમેશ્વર તરફ પગલાં વળે તો જિંદગીમાં આશાભંગ થવાને અવકાશ જ ક્યાં રહે છે ? બલકે વેદનાનું–એકલતાનું–યાતનાનું એકેએક અશ્રુ ત્યાં તો પ્રફુલ્લદલ કમલ થઈને હસી ઊઠતું દેખાય છે.

ઉમાશંકર જોષી

સ મ ય રં ગ

ભૂદાન : અમદાવાદમાં શ્રી જયપ્રકાશનું વક્તવ્ય

ભૂમિદાનપ્રવૃત્તિ અંગે મુખ્ય કાર્ય દેશમાં વૈચારિક ક્રાન્તિ લાવવાનું છે, લોકમત ઘડવાનું છે. હું આ પ્રવૃત્તિને શી રીતે સમજ્યો છું તેની અત્યારે વાત કરીશ.

પહેલી નોંધપાત્ર વસ્તુ તો તમારી આગળ પ્રત્યક્ષ છે. વિનોબાજીએ એક એવો અસરકારક પ્રયોગ શરૂ કર્યો કે બધા પક્ષો એક મંચ ઉપર એકત્ર થઈ શકે છે. સર્વોદય કાર્યકરો, કોંગ્રેસ કાર્યકરો અને પ્રજાસમાજવાદી કાર્યકરો બધાને અહીં બેઠેલા તમે જુઓ છો. પક્ષો ભેગા થવાથી કામ વધારે થાય છે એ જ ફાયદો નથી, સામસામે ઝઘડવામાં જે શક્તિ ખરચાય છે તેનો બચાવ થાય એ લાભ પણ મોટો છે. વિનોબા કહે છે કે આ પ્રવૃત્તિથી એવી રાજનીતિ ઘડાશે કે જેમાં પક્ષો નહિ રહે, એક જ પક્ષ રહેશે – સજ્જનોનો. બીજો હશે તો તે દુર્જનોનો હશે. મારું માનવું છે કે આજે આપણા દેશમાં પક્ષોની પદ્ધતિથી રાજ્ય ચાલે છે એ દેશના હિતમાં નથી. દેશની બધી જનતા એક સાથે રહી કામ કરી શકે તો જ આપણી ઉન્નતિ થશે. ગાંધીજીનું રાજનીતિનું ચિત્ર ગામડાંના નવનિર્માણનું ચિત્ર હતું, પક્ષોની નીતિનું નહિ. જો એમણે પક્ષોની નીતિનું બંધારણ જોયું હોત તો તેને જરૂર કચરાટોપલીમાં નાખી દીધું હોત. એમનું રામરાજ્યનું ચિત્ર તો એવું હતું કે ગામડામાં પંચાયતનો વહીવટ હોય, ગ્રામપંચાયતોમાંથી તાલુકાપંચાયત, તેમાંથી જિલ્લાપંચાયત, તેમાંથી પ્રાંતપંચાયત અને પ્રાંતપંચાયતોમાંથી રાષ્ટ્રપંચાયત રચાય, એમ નીચેથી ઉપરવાળાને સત્તા મળે. આ ગ્રામરાજ અત્યારની શોષણપદ્ધતિમાં શક્ય નથી. વિનોબાજીની પ્રવૃત્તિ દ્વારા પક્ષથી પર એવા સાચા ગ્રામરાજની રચનાનું ધ્યેય આપણી આગળ સુરેખ પ્રગટ થાય છે.

આ માત્ર ભૂમિ માગવી અને એની વહેંચણી કરવી એમાં મર્યાદિત થઈ જતું આંદોલન નથી, એટલેથી એ અટકવાનું નથી. ભૂમિદાનયજ્ઞ એ તો આર્થિક અને સામાજિક ન્યાય સ્થાપવા માટેની અહિંસક ક્રાન્તિ આવી રહી છે તેનું પ્રથમ ચરણ છે. એનું લક્ષ્ય છે ગાંધીજીએ કહ્યું છે તેમ સર્વોદય – સૌનો ઉદય, બલકે અન્ત્યોદય. એ શબ્દ પણ એમણે જ આપ્યો છે. છેલ્લામાં છેલ્લા માણસનો ઉદય ન થાય ત્યાં સુધી એનું કામ અટકવાનું નથી.

ગાંધીજીએ વિદેશી સત્તાને દૂર કરવા માટે ઇલાજ બતા[વ્યો.] સ્વરાજ મળ્યા પછી આર્થિક અન્યાય દૂર કરવા માટે વિનો[બા] બાપુનો ઇલાજ દેશ આગળ ધર્યો છે. કેટલાક કહે છે કે વિ[નોબા] ક્રાન્તિની તલવારની ધાર બૂઠી બનાવી રહ્યા છે. પણ લો[હિયાળી] ક્રાન્તિનાં પરિણામ સારાં આવતાં નથી. આપણા દેશમાં તેલં[ગણનાં] ગામડાંમાં હિંસાત્મક પ્રયોગો થયા. લશ્કરે એ શમાવી દી[ધું] પણ એના તણખા બુઝાઈ જ ગયા છે એવું કાંઈ નથી. [આખા] દેશમાં એ તણખા ફેલાઈ શકે. કોણ ઇચ્છશે કે સારા દેશમાં [એ] આગ ફેલાઈ જાય? પણ સામાજિક અન્યાય દૂર ન થાય તો [બીજી] શાની આશા રાખી શકાય?

ચીનમાં ક્રાન્તિ થઈ છે. હજી શરૂઆત છે. આગળ શું [થશે] એ કહી શકાય નહિ. અત્યારે ચીન વિષે કાંઈ ન કહેવું એ [જ] વધુ ઉચિત છે. પણ રશિયામાં છત્રીસ વરસોથી ક્રાન્તિ થઈ [છે ત્યાં] શું થયું છે? મૂઠીભર અફસરોના હાથમાં સત્તા એકઠી [થઈ છે.] અફસરશાહી જામી છે. સત્તાધારીઓની અંદરઅંદર ઝઘડા-[ઝઘડી] થાય છે ને એકબીજાને ખતમ કરે છે. નવાબ, મૂડીદાર વ[ર્ગ] પણ આ નવો વર્ગ ઊભો થયો છે. નીચલામાં નીચલી આ[વક] કરતાં સોગણી આમદાનીવાળી વ્યક્તિઓ છે, તો શો[ષણ] રહ્યું જ. આમ, હિંસક ક્રાન્તિથી પરિણામ ઠીક આવ[તું નથી.] હિંસક ક્રાન્તિને પરિણામે ગરીબોનું હિત તો બાજુ જ [રહે છે.] જેનામાં લૂંટવાની વધુમાં વધુ તાકાત હશે, શસ્ત્ર હશે, તે [સૌની] છાતી ઉપર બેસી જશે, પછી એ નામ ગમે તે ધારણ [કરે,] પોતાને સામ્યવાદી કહેવડાવે, સમતા એને પરિણામે સ્થપા[તી નથી.]

ભારતભરમાં જ્વાલામુખી ફાટે એમ કોઈ ન ઇચ્છતું [હોય તો] બીજો શો રસ્તો છે? આ ભૂમિદાનયજ્ઞનો રસ્તો જ એક [છે.] ભારતની જ નહિ એશિયાભરની સમસ્યાનો વિનોબાનો [આ] ઉકેલ છે. એશિયાના દેશોમાં ભૂમિની સમસ્યા સૌથી [મોટી છે.] મિસરમાં જ. નજીબે સત્તા પર આવતાં જ જમીનવહેંચ[ણીનું કામ] હાથ પર લીધો. ચીન, ઇન્ડોનેશિયાથી મિસર સુધી ભૂ[મિનો] મુખ્ય પ્રશ્ન છે. એશિયાઈ પરિષદમાં પંડિતજીએ મિસરને [...] રંગૂન સમાજવાદી પરિષદમાં પણ મિસર આવ્યું હતું. [...] એશિયામાં જ ગણીએ છીએ. એશિયામાં, ચીનમાં જમીન[...] થઈ છે, પણ જપાનમાં સૌથી સારી થઈ છે. મૅકઆર્થરે [...]

એ કાંઈ ન્યાય ઇચ્છતો હતો માટે નહિ. પણ જપાનની લશ્કરી તાકાત તોડવા માટે એણે આ કર્યું. છા એકરથી વધુ જમીન કોઈ કુટુંબ પાસે ન હોય. (એક એકરમાં એ પાંચ એકર જેટલું પકવે એ જુદો સવાલ છે.) તો, એશિયાનો મુખ્ય સવાલ જમીન-વહેંચણીનો છે. ભૂમિસમસ્યા હલ થાય તો એવી જનશક્તિ પ્રગટ થશે. એવું વાતાવરણ, એવો લોકમત પ્રગટ થશે કે ધનવહેંચણી જેવું બીજું આપોઆપ બની આવશે. આને વિનોબા પ્રથમ ચરણ કહે છે. વામનજીનાં ત્રણ ચરણ. તેમાં આ પ્રથમ ચરણ છે.

આ પ્રવૃત્તિ શી રીતે આગળ વધે છે? આ રીતે માગતાં તો ૫૦૦ વરસ થાય એમ કહેવાતું. હજી તો બે વરસ અને બે માસ થયા છે. ગયામાં ફરતા ફરતા આવ્યા ત્યારે વિનોબાને થયું કે આ ભગવાન બુદ્ધનો પ્રદેશ. કાંઈક સંકલ્પ કરું. આમ ફરું છું એ કરતાં એક પ્રદેશમાં બેસીને આંદોલન ચલાવું. બિહારમાં ભૂમિસમસ્યા હલ થઈ શકે તો દૂર દા. ત. ગુજરાત આદિ પ્રદેશમાં પણ જરૂર હલ થશે. ૨ કરોડ ૪૦ લાખ એકર જમીન બિહારમાં છે, તેમાંથી ૩૨ લાખ જમીન બિહારમાં માર્ચ '૫૪ સુધીમાં મેળવવાનો એમણે સંકલ્પ કર્યો. છા લાખ એકર મળી છે. હજી નવ માસ બાકી છે. મને શ્રદ્ધા છે કે સંકલ્પ પૂરો થશે.

લોકો પર બહુ પ્રભાવ પડ્યો. વિનોબાજી માંદા પડ્યા. છતાં ચાલે. ન ચલાય તો બળદગાડીથી જાય. ન જ બન્યું ત્યારે એક સ્થાને રોકાયા. ગરીબો ને મધ્યમવર્ગના માણસોએ તો સાથ આપ્યો, પણ મોટા લોકો શરૂમાં થોડું થોડું આપતા. પણ પછી રાજાઓ સપડાયા. લાખ લાખ એકરનાં દાન અપાયાં. એક રાજાએ ૫૫ ગામ આપી દીધાં. શું ખાશો?—એમ વિનોબાએ કહ્યું ત્યારે કહે: ભગવાન છે. વિનોબાએ ૫ ગામ પાછાં લેવા સમજાવ્યા. મોટા લોકોએ જમીન જ આપી એમ નહિ, એમાંથી કેટલાક કાર્યકરો પણ થઈ ગયા. વિનોબાએ રમૂજ કરી: હાથી જ હાથીને પકડી શકે. જાઓ, બીજા મોટાઓને પકડો. પરિણામ ઘણું સુંદર આવ્યું આમ સન સત્તાવન – જે દેશનું ક્રાન્તિકારી વરસ છે ત્યાં સુધીમાં ૫ કરોડ એકર જમીન વિનોબા દાનમાં મેળવવા માગે છે જુદા જુદા પ્રદેશના ક્વોટા બાંધવાની યોજના કરવાથી કાર્ય સરળ થયું છે. હજારીબાગ જિલ્લાનો ક્વોટા ૩ લાખ એકરનો હતો, ૪ાા લાખ એકર જમીન મળી ગઈ.

ગુજરાતનો ક્વોટા ૧૫ લાખ એકર જમીન છે. એ પાર પડે તેને માટે એક જ શરત છે: ગામગામ ઘેરઘેર માગવા જનારા જોઈએ. એથી ભૂમિદાન-સંપત્તિદાન-સાધનદાનની સાથે સમયદાનની પણ જરૂર છે. કાર્યકરો જોઈએ છે. [ગુજરાત કૉલેજમાં રાષ્ટ્રીય વિદ્યાર્થીમંડળ આગળ બોલતાં આ અંગે એમણે ઉમેર્યું હતું: બિહારમાં તો અમે જોયું કે આટલાં ગામમાંથી આટલા એકર જમીન મેળવવી છે, તેને માટે આટલા સેવકોએ ફરવું જોઈએ. બિલકુલ ગણિત માંડીએ એવો હિસાબ છે. યોગ્ય પ્રમાણમાં કાર્યકરો હોય તો જમીન મળે છે. અમારો અનુભવ છે કે જમીન માગવા જઈએ છીએ તો જમીન મળે છે જ. કૉલેજના વિદ્યાર્થીઓ વરસ બે વરસ ભણવાનું છોડી દે તો એમાં એમનો પણ વિકાસ જ થશે. ક્રાન્તિનું વરસ વારેવારે આવતું નથી. ૧૯૨૧ની સાલ ફરીફરી ન આવી શકે, ૧૯૩૦–'૩૨ની કે ૧૯૪૨ની સાલ આવી તે આવી. તેમ ૧૯૫૩–'૫૪નાં અપૂર્વ ક્રાન્તિનાં વરસો પણ આવ્યાં કે આવશે. વર્ડ્ઝવર્થના શબ્દો મને સાંભરે છે:

> Bliss it was to be alive in that dawn,
> And to be young was very heaven.

—ક્રાન્તિની ઉષાના સમયમાં જીવતા હોવું એ પરમ આનંદની વાત હતી, પણ યુવાનયુવતી હોવું એ તો નર્યું સ્વર્ગ જ હતું. તમે જે યુવાનયુવતીઓ છો તે આવા અપૂર્વ ક્રાન્તિના સમયે કૉલેજમાં પુસ્તકો જ વાંચ્યાં કરશો? મારી વાત કરું? ૧૯૨૧માં ગાંધીજીએ એલાન આપ્યો અને ભણવાનું અમે છોડ્યું. પછીથી જ્ઞાનની તો ભૂખ હતી જ, એટલે અમેરિકા ગયો. અમેરિકા જવાના બાપીકા પૈસા તો હતા જ નહિ. તો અહીં કેમ ન ભણ્યો? કારણ એ હતું કે નીકળતી વખતે કાગળમાં અમે ગાંધીજીના શબ્દોમાં કૉલેજના શિક્ષણને 'શયતાનિયતના શિક્ષણ' તરીકે ઓળખાવ્યું હતું. અમેરિકામાં પણ પૈસા વિનાનો હતો એટલે કામ કરીને ખરચ મેળવી લેતો, એ પ્રાક્રયામાં જે જ્ઞાન મળ્યું તે તો કૉલેજોમાંથી મળ્યું જ નથી. આ ભૂમિદાનયજ્ઞમાં જે વિદ્યાર્થીઓ જશે તે. મને ખાતરી છે કે, પાછા કૉલેજમાં આવવાના નથી, સેવક જ બની જશે. એમ કરતાં કૉલેજો ખાલી થાય, તો અધ્યાપકો અને આચાર્ય પણ વિદ્યાર્થીઓના માર્ગે આવે—એથી વધુ રૂડો અવસર કયો?]

બુદ્ધિવાળા પૂછે છે. આ ઠીક છે, પણ કાનૂનથી આ ન બની શકે? બને. પણ ત્યાં સુધી અમે ચૂપ નહિ બેસીએ એમ ભૂમિદાન-કાર્યકર્તાઓ કહે છે. સામ્યવાદી પણ કહે છે: અમે ચૂપ નહિ બેસીએ, કત્લ કરીશું. ભૂમિદાનકાર્યકર્તા કહે છે: કાનૂન માટે અમે ભૂમિકા તૈયાર કરી રહ્યા છીએ. કાનૂન બનાવી દેવાથી બધું પતી જતું નથી લોકમત તૈયાર થવો જોઈએ. લોકમત તૈયાર થઈ જાય તો કાનૂન તો બની આવશે. વિનોબા કહે છે: લાઠી-તલવારના ઉપયોગ પછી, પશુતાના ઉત્પાત પછી, પણ કાનૂન બનશે. ભૂમિદાન-યજ્ઞ પછી પણ કાનૂન બનશે. પણ તે કેવા સંજોગોમાં? માનવતાનું ઉત્થાન થયું હશે, ચિત્તશુદ્ધિ થઈ હશે, માનવતાના અને પ્રેમના ઉદય પછી, સમાજના ને વ્યક્તિના આવા ઉત્થાન પછી કાનૂન બનશે. હિંસક ક્રાન્તિમાં ગરીબોનું ભલું કરવા માટે થઈને ભારે આતંક મચાવ્યા પછી કાનૂન બનશે. આતંકને પરિણામે સત્તા હાંસલ થઈ હશે, પણ એ સત્તા શયતાનિયતની હશે, ઇન્સાનિયતની નહિ. જ્યારે વિનોબા કહે છે કે ભૂમિદાનયજ્ઞપ્રવૃત્તિ દ્વારા માનવતાની

શક્તિ પેદા થશે. અમે તો ઇચ્છીએ છીએ બીજા બે-ચાર વરસ આ પ્રવૃત્તિ ચાલે, જેથી આધ્યાત્મિક ક્રાન્તિનું વાતાવરણ બરોબર ઉત્પન્ન થાય. પછી કાનૂન તો આપોઆપ પાછળ પાછળ ચાલ્યો આવશે.

પૂજ્ય મહાત્માજીનો જ એ માર્ગ વિનોબાએ આપણી સમક્ષ ધર્યો છે. ક્યો માર્ગ એ? આ ધરતી તમારી છે? તમે કરોડપતિ છો? — ભલે. પણ એ બધાના તમે ટ્રસ્ટી છો એમ સમજો. ગરીબોનું એ બધું છે, એમાંથી ઓછામાં ઓછું પોતાને માટે વાપરો. વિનોબા કહે છે ભગવાનની ભેટ ભગવાનને—ભગવાનનાં બાળકોને વહેંચી આપો. બિહારમાં મેં જોયું છે કે ઝૂંપડીમાં પાંચ બહેનો હોય તો દરેક પાસે એક એક સાલ્લો નથી. એક જ છે. વારા ફરતી, કામ માટે પાણી ભરવા વ. માટે—બહાર જવું પડે ત્યારે પહેરે છે. બજારમાં સાડીઓ તો છે, પણ ખરીદે શાના વડે? વિનોબા કહે છે: **सब भूमि गोपालकी.** ધરતી ભગવાને બનાવી છે, તે સૌને માટે બનાવી છે, સૌનું પેટ ભરાય એ માટે બનાવી છે. તમારી પાસે છે, તો તમારે જોઈએ એટલી રાખો. તમે દુઃખી થાઓ એમ નથી કહેતો. પણ ગરીબોનો—ભૂમિહીનોનો ખ્યાલ કરો. લોકો આ સમજવા લાગ્યા છે ને એ પ્રમાણે આચરણ પણ કરવા લાગ્યા છે. આવી નૈતિક શક્તિ, વૈચારિક ક્રાન્તિ પેદા કરીને વિનોબા દેશનું કાર્ય આગળ ધપાવી રહ્યા છે.

સારા ગામની વ્યવસ્થા બદલવી એ ભૂદાનયજ્ઞનો ઉદ્દેશ છે. ગામની જમીનની સૌમાં વહેંચણી થાય અને વધુમાં વધુ અનાજ પેદા થાય, ગામમાં વધુમાં વધુ ઉદ્યોગો ખેડાય, અને વધુમાં વધુ માણસોના હાથમાં સત્તા અધિકાર રહે—સાચું રામરાજ્ય સ્થપાય એ ઉદ્દેશ છે. આજની પ્રવૃત્તિ તો એનું પ્રથમ ડગલું છે. કોઈ કહે છે જમીનના ટુકડા થશે, પણ એ અડચણ મોટી નથી. આમાં સફળ થઈશું તો દેશમાં વીજળીનો સંચાર થશે,—આજે દેશમાં નિરુત્સાહનું વાતાવરણ છે તેને બદલે નવી શક્તિ પ્રગટશે, નવું ભારત નિર્માણ થશે. એવી વીજળી ન તો નાંગરા બંધ, ન દામોદર વેલી કે તાપી-બંધમાંથી પ્રગટશે. આ આંદોલનનો બીજો પહેલુ એ છે કે કાર્યકર્તાઓ પ્રગટ થશે. અર્થશાસ્ત્રનો ફર્સ્ટ ક્લાસ ફર્સ્ટ વિદ્યાર્થી હોય, પણ ભૂમિ જે આપણા દેશનું જીવન છે તેને વિષે એ લગભગ અજાણ છે. વધુ ઉત્પાદન કરવાની પદ્ધતિ પણ જપાનની પેઠે શીખવી પડશે.

વિનોબા કહે છે: જમીન નહિ છોડો, તો જમીન તમને છોડી જશે. જમાનો જુદો છે. પણ જમીનનો-સંપત્તિનો મોહ છૂટતો નથી. હું તો સાધુસંત નથી, આપ જેવો ગૃહસ્થ છું. છતાં કહું. આપણી પાસે જમીન હશે, સંપત્તિ હશે, પણ એક દિવસ એવો આવવાનો છે, જ્યારે આ બધી જમીન અને સંપત્તિ પાછ[ળ રહી] જશે. અને જ્યાં જવાનું થશે ત્યાં કેટલી જમીન પાસે [હતી] સંપત્તિ હતી તેનું કાંઈ વજન પડવાનું નથી, શું કર્મ કર્યાં તે[નો] હિસાબ માગવામાં આવશે. ચાર દિનની જિંદગી છે એમ કહીએ છીએ ને જાણીએ છીએ કે બધું પાછળ રહી જશે, તો [...] સંબલ વધારવું જોઈએ. વિનોબા, એથી, આત્મશુદ્ધિનો [...] રાખે છે. પરિવારવાળાઓ પાછળનાંના વિચારથી મૂઠી સાંકડી [...] મધ્યમ વર્ગના આવો વિચાર કરે, પણ અમીરોને શું ઓછું [...]

એક વાર પ્રવચન અંતે વિનોબાએ જમીન માગી. એક [...] કહ્યું: મારે જમીન આપવી છે, પણ મારી પાસે માત્ર પંદર [...] છે. પાંચ દીકરા માટે પૂરતી પણ નથી. વિનોબાએ માર્મિક રીતે [...] જો ભગવાને પાંચ દીકરા આપ્યા તેણે જ માનો કે છઠ્ઠો દીકરો આપ્યો હોત તો તમે શું કરત? તમે એમ કહેત કે દીકરા, [...] મોડો આવ્યો. મારી પાસે હવે તારે માટે જમીન નથી. [...] કહ્યું: ના, મહારાજ, એમ તો થાય કાંઈ? આપત એને [...] ભાગ. વિનોબા બોલ્યા: તો માની લો કે હું તમારો છઠ્ઠો દીકરો [...] મારો-દરિદ્રનારાયણનો ભાગ આપશો, બોલો? ડોસાએ [...] —ખુશીથી છઠ્ઠો ભાગ આપ્યો. આપણા દેશમાં તો [...] પરંપરા છે. આદ્ય શંકરાચાર્યે દાનની કરેલી સુંદર [...] વિનોબા આગળ ધરે છે. दानं संविभागः। દાન છે સંવિ[ભાગ] સંપત્તિને ન્યાયપૂર્વક સૌમાં વહેંચવી એ દાનનો [...] મુસલમાનભાઈઓને આ સભામાં હું જોઉં છું. એમને તો [...] મહિમા મારે કરવાનો શો હોય? તેરસો વરસથી દાનનો [...] ગવાતો આવે છે. માલિક અને નોકર એક દસ્તરખાન પર [...] એવો આદેશ છે. પણ એમ ખાવું એથી જ સંતોષ માની [...] માલિક અને નોકરનો ભેદ મિટાવી દેવો જોઈએ. બહેનોને [...] કહું? એ તો પ્રેમની ને કારુણ્યની મૂર્તિઓ છે. આપણે [...] યજ્ઞ થતો નથી, જેમાં પુરુષ અને સ્ત્રી સાથે ન હોય. [...] તલવારનો ઉપયોગ પણ કરે છે. બહેનો તલવાર લેવાની નથી [...] માટે તો આવી અહિંસક ક્રાન્તિ જ એમની પૂરી શક્તિ દા[ખવવાની] તક આપનારી છે.*

હું આપ સૌને ભૂમિદાનયજ્ઞમાં ફાળો આપી છૂટવા [...] કરું છું.

*બહેનો પ્રત્યેના ઉદ્બોધનનો થોડોક ભાગ ગુજરાત[...] વ્યાખ્યાનમાંથી છે.

મહત્ત્વની શુદ્ધિ

✽ ✽ જૂન, ૧૯૫૩ના અંકમાં પૃષ્ઠ ૨૩૬ ઉપર "શહીદ" પુસ્તકના પ્રકાશક તરીકે "ભારતીય સાહિત્યસંઘ"નું [...] બદલે, **પ્ર. એન. એમ. ત્રિપાઠી લિ.,** કિં. રૂ. ૩. વાંચવા વિનંતિ છે. ✽ ✽ એ જ અંકમાં પૃ. ૨૩૪ ઉપર શ્રી પુષ્કર [...] સંપાદિત કરેલું ગીત 'આઈ અખાતરી' શ્રી **મનસુખલાલ મિસ્ત્રી**કૃત 'ખાટાંમીઠાં બોર'માંના ગીતનું રૂપાન્તર છે. ([...] ગીતની લોકપ્રિયતા દર્શાવે છે.) —**તંત્રી**

નાટકકાર—સાચો ક્રાન્તિકાર *

મામા વરેરકર

ગુજરાતી સાહિત્ય સાથેનો મારો સંપર્ક ઘણો જૂનો છે. મારી ખાતરી છે કે મારા મરાઠી વક્તવ્યમાંથી આપને બધું નહીં, પણ થોડુંક તો જરૂર સમજાશે.

૧૯૪૫-'૪૬માં 'મરાઠી સાહિત્ય સંમેલન'નો હું અધ્યક્ષ બન્યો ત્યારે સર્વ ભારતીય ભાષાઓના લેખકોને હું મળતો અને આપણી ભારતીય ભાષાઓના સાહિત્યનો વિનિમય કરવાની હિમાયત કરતો. ત્યારે સ્વરાજ્ય પ્રાપ્તિનો અવસર નજીક હતો. મને ત્યારે મરાઠી ઉપરાંત માત્ર કન્નડ જ આવડતી; તામીલ-તેલુગુ આદિ ભાષાઓ આવડતી નહોતી, પણ એ ભાષાના સાહિત્યકારોમાંથી મારે ઘણા મિત્રો હતા. હું કન્નડ સાહિત્યપરિષદનો સભાસદ છું; ગુજરાતી સાહિત્ય-પરિષદ સાથે પણ મારે વર્ષો જૂનો સંબંધ છે.

પણ મારું સાહિત્યસર્જન તો મરાઠીમાં જ થયું છે. એક કૌટુંબિક જીવનમાંથી દાખલો આપું તો પુત્રવધૂ ઘરનાં સૌની સેવા કરશે, પણ એનું સ્થાન તો પતિની મેડીએ જ હશે. તેમ મેં સર્વ ભાષાઓની સંસ્કારસેવા કરી છે, પણ મારું અર્પણ તો મરાઠીને જ કર્યું છે.

સાહિત્યવિનિમયની જરૂર

છેલ્લાં કેટલાંક વર્ષથી હું ભારતીય ભાષાઓના પરસ્પર સંપર્ક માટે પ્રયત્ન કરું છું. આપણે ત્યાં અંગ્રેજીએ કેવી જડ ઘાલી દીધી છે! અંગ્રેજીમાં બોલેલું સમજાય, પણ પડોશની જ ભાષા મરાઠી સમજાય નહીં. મારું મરાઠી તમે સમજો, તમારું ગુજરાતી હું સમજી શકું, એમ થવું જોઈએ.

ભાષાઓની રાજધાની મુંબઈ છે. ત્યાં ભારતની સર્વ ભાષાઓ ચાલે છે. મુંબઈ તો ભાષાભગિનીઓનો સંસાર છે: એને છે તેમ જ રહેવા દો, એના ખંડ પાડવા યોગ્ય નથી. સાહિત્યવિનિમય(interchange of literature)ની આવશ્યક્તા છે. દિલ્હીમાં 'અકાડમી' શરૂ થઈ છે. પણ ત્યાં કાંઈ પણ સંગીન કામ થશે એવી અપેક્ષા સફળ થનાર નથી.

મારું ગામ માલવણ. એ શિવાજી મહારાજનો એક કિલ્લો છે. આખા મહારાષ્ટ્રમાં એ જ એક એવી જગા છે જ્યાં શિવાજીની દેવ તરીકે વિધિસર પૂજા થાય છે. આ ગામમાં મારું બાળપણ ગયું. ત્યાં આઠ વર્ષનો હતો ત્યારે એક નાટક જોયું. એ મેં જોયેલું પહેલું નાટક. નાટકનાં જે જે અંગો હોય—ગાયન, વાદન, વેષભૂષા – એ સર્વ મને ગમ્યાં.

શિક્ષણ માટે મને કાંઈ સાધન ન મળ્યું – હું મેટ્રિક પણ થઈ શક્યો નહીં. હું ચૌદ વર્ષનો હતો ત્યારે રાણીની જ્યૂબિલીને અવસરે 'વાર્તાદર્શ'નું સંપાદન કર્યું. ૧૮૯૯થી ૧૯૧૯ સુધીનાં વીસ વર્ષ પોસ્ટખાતામાં નોકરી કરી.

મારું પ્રથમ નાટક

એ દરમિયાન ૧૯૦૮માં 'કુંજવિહારી' નામનું કૃષ્ણ-ચરિત્ર વિષેનું નાટક લખ્યું. એમાં કાલિયમર્દનના પ્રસંગ સુધીનું વસ્તુ આવતું હતું. એ મારું પહેલું નાટક. તે વખતે નાટકનો નાયક મુસલમાન સૂબાના જેવો ફેંટો પહેરતો અને સુભદ્રા જાણે પેશ્વાની સ્ત્રી જેવી લાગતી. એ મને બિલકુલ પસંદ નહોતું. મથુરામાં તે વખતે જે પોષાક પહેરાતો હશે એવો જ પોષાક પાત્રો પહેરે એવી મારી ઇચ્છા હતી. પણ એટલા પ્રાચીન કાળની વેષભૂષાનો બરાબર ખ્યાલ ત્યારે મને નહોતો, એટલે મધ્ય યુગના રાજપૂત ચિત્રકારોએ કૃષ્ણજીવનનાં ચિત્રોમાં પાત્રોને જે વેશપરિધાન કરાવ્યું છે તેનાથી સંતોષ માન્યો: નાના કૃષ્ણને મુકુટ પહેરાવ્યો; સ્ત્રીઓને લેંઘા ને ઉપર ઓઢણી પહેરાવ્યાં. રંગભૂમિના વ્યવસ્થાપકો એ માટે કબૂલ થયા. એ નાટક ખૂબ લોકપ્રિય થયું. ગુજરાતી પ્રેક્ષક-

* સુરતમાં લેખકમિલનના ચોથા અધિવેશનમાં સન્માન્ય અતિથિ તરીકે કરેલું પ્રવચન. તા. ૬-૬-૧૯૫૩.

વર્ગ મરાઠી નાટકોમાં આવવા લાગ્યો તે આ નાટકમાં જ. ગુજરાતી પ્રેક્ષકવર્ગ ઘણો ભાવિક હતો; નાટક પૂરું થતાં કૃષ્ણને હાર પહેરાવવાને લોકો સ્ટેજ ઉપર આવતા. એ નાટકના સંગીતની પદ્ધતિ ગુજરાતી અને ક્લાસિકલ સંગીતની હતી.

બીજું નાટક, આન્તર સમન્વયતું, ૧૯૧૯માં લખ્યું, તે 'સંન્યાસીચે સંસાર'. એમાં વસ્તુ ખ્રિસ્તીઓને હિંદુ-ધર્મમાં લેવાતું હતું. એનાં પાત્રો ભિન્નભિન્ન પ્રાંતોનાં, ભિન્નભિન્ન પોષાકધારી હતાં. એમાં શંકરાચાર્યનું પાત્ર દાક્ષિણાત્ય હતું, ખ્રિસ્તી પાદરી મલ્યાળી('મલયાલમ' ભાષી) હતો, શિક્ષકનું પાત્ર કન્નડ અને બિંદુમાધવનું પાત્ર ઉત્તર હિંદુસ્તાનનું હતું.

નોકરી છોડયા પછી

૧૯૧૯માં મેં સરકારી નોકરી છોડી દીધી અને નાગપુર કોંગ્રેસમાં ગાંધીજીને ચરણે જીવન સમર્પી દીધું ત્યારથી અત્યાર સુધી મેં કોંગ્રેસની સેવા કોઈ પણ સંયોગોમાં કરી છે. એ સેવા સાહિત્ય દ્વારા થઈ છે. મારા સાહિત્યની મહારાષ્ટ્રમાં એવી ટીકા થઈ છે કે: 'એમાં પ્રચાર છે પણ કલા નથી.' પણ જો એમાં કલા ન હોય તો પ્રચાર થાય ક્યાંથી? કલા તો સાધન છે, હથિયાર છે; એ દ્વારા સાધવાનું છે લોકશિક્ષણ. મહારાષ્ટ્રમાં કોંગ્રેસનો વિરોધ કરનારા વિદ્વાનો વધુ. તેમણે મને અનુલ્લેખથી માર્યો—અર્થાત્ ટીકા યા સ્તુતિરૂપે કોઈ પણ પ્રકારે તેઓ મારો ક્યાંયે નામોલ્લેખ જ કરતા નહીં.

૧૯૩૨માં વડોદરામાં સાહિત્યસંમેલનનો હું અધ્યક્ષ બન્યો. સદ્ગત મહારાજા સયાજીરાવ સ્વાગતાધ્યક્ષ હતા. આ અવસરે મારા ઉપર પૂનાની literary beaurocracyએ—સાહિત્યિક અમલદારશાહીએ હલ્લો કર્યો, ત્યારથી સાહિત્યમાં મારા નામનો ઉલ્લેખ થવાનો શરૂ થયો.

૧૯૨૨માં જ્યારે મહાત્માજીની ચળવળ જોરમાં ચાલતી હતી ત્યારે 'સત્તેચે ગુલામ'('સત્તાના ગુલામ') એ નાટક લખીને મેં ગાંધીજીના સિદ્ધાન્તોનો જોરદાર પ્રચાર કર્યો. એ નાટક લોકપ્રિય થયું અને હજુ સુધી એ ભજવાય છે.

ઇબ્સનનો મારા ઉપર ખૂબ પ્રભાવ પડયો છે. એથી મેં એકાંકી નાટક લખવાનો પ્રયત્ન કર્યો. પણ મહારાષ્ટ્ર ખૂબ પરંપરાપૂજક હોવાથી અને નાટકમંડળીના સંચાલકો [illegible] વિચારના હોવાથી અગાઉની પદ્ધતિમાં ફેરફાર કરી રં[illegible] ઉપર કાંઇક નવીન કરવું ઘણું કઠિન હતું. ૧૯૨૩ના ફેબ્રુઆરીમાં 'તુરંગાચ્યા દારાંત' નામનું અસ્પૃ[illegible] નિવારણ સંબંધે એકાંકી નાટક મેં લખ્યું એનો [illegible] થયો. મોટા નાટકનો દર આટલો તો નાના નાટકનો એના પ્રમાણમાં ઓછો હોવો જોઈ એ એવી પણ ચળવ[illegible] છતાં નાટક લોકપ્રિય થયું અને એ નાટકથી ખુશ [illegible] શ્રીમતી સરોજિની નાયડુએ મને સુવર્ણચંદ્રક આપ્યો. હવે તો એ ચંદ્રક મેં વેચી નાંખ્યો છે.

નાટકકારની કનડગતો : દિલ્હીમાં મોરચો [illegible]

મારું એ સદ્ભાગ્ય હતું કે મને મારી યોગ્ય જો[illegible] તેવા પેંઢારકરનો સહકાર સાંપડયો. નાટક એ મો[illegible] લોકશિક્ષણનું મોટું માધ્યમ છે. એમાં સરકારની [illegible] ખોટા કોન્ગ્રેસીઓની મશ્કરી પણ હું કરતો. પણ [illegible] પાસે એવું નાટક પાસ કરાવવાનું મુશ્કેલ. પોલીસ [illegible] કાંઈ વાંધો કાઢે જ. ત્યારે રા. બ. પટવર્ધન પોલીસ [illegible] હતા. એ નાટકના સારા વિવેચક અને રસિક ભોક્તા [illegible] એમની નજર ચુકાવવી કઠિન હતી. એ માટે હું એવી [illegible] કરતો કે પોલીસ વાંધો કાઢે તેવાં વાક્ય ખાસ નજરે [illegible] આવે તેવી જગાએ ગોઠવતો. પોલીસ એ કાઢી [illegible] સંતોષ મેળવતા અને મારું નાટક યથાસ્થિત રહેતું. વર્તમાનપત્રોને બંધન નહોતું, પણ નાટકોને તો ત્યારે [illegible] અત્યારે બંધન છે. મારું 'અ-પૂર્વ બંગાલ' ના[illegible] મહિના પર મુંબઇ રંગભૂમિએ ભજવ્યું. નોઆ[illegible] પરિસ્થિતિથી પરિચિત થવાને ગાંધીજીની સાથે [illegible] ફરેલો. ત્યાં અગાઉ મુસલમાનો બંગાળી ભાષા [illegible] અને હિંદુઓની સાથે ભાઈચારાથી રહેતા, એ કોમી [illegible] ભાવના એમાં ગૂંથી છે. આ નાટકનો કેટલોક ભાગ [illegible] પોલીસ અમલદારે કાપ્યો. પોલીસે અટકાવેલાં તે [illegible] કરેલાં નાટકો હું પાસ કરતો એથી ચીડાઈને પોલીસે [illegible] જ આ નાટક અટકાવ્યું. એ માટે મારે શ્રી મોરાર[illegible] મળવું પડ્યું. છેવટે પોલીસે એ ઉપર (એટલે કે ઓ[illegible] ટ્રાન્સલેટરને) મોકલાવ્યું અને એમણે એ પાસ કર્યું [illegible] પોલીસની ડખલગીરી ઉપર સખત ટીકા કરી. આ[illegible] ખૂબ જહેમતે મારું નાટક પસાર થયું.

આમ નાટકકારો બ્રિટિશ સમયમાં હતા તે જ સ્થિતિમાં આજે પણ છે. સાહિત્યમાં તો નાટકકાર જ ખરો ક્રાન્તિકાર છે. એ દૃશ્ય સૃષ્ટિ નિર્માણ કરીને સામે ધરે છે. નવલકથાકાર નવલકથા લખે કે વાર્તા લખે, તેથી પ્રત્યક્ષ દર્શનનો લાભ મળતો નથી. પણ નાટકકાર તો જાણે વિધાતા છે : પોતાની નવી સૃષ્ટિ બરાબર થઈ છે કે નહીં તે એ જોઈ શકે છે અને આવશ્યક લાગે ત્યાં સુધારી શકે છે. નાટકકાર આ રીતે ખૂબ અદ્યતન (Modern) થઈ શકે છે. નાટક આમ અતિશય પ્રભાવશાળી સાહિત્યપ્રકાર છે.

સરકારે ' સર્વોદય કલામંદિર ' નામની એક સંસ્થા કાઢી અને એને એક લાખ રૂપિયા આપ્યા. પણ એનું કામ પ્રાણવંત નથી, કારણ કે અધિકારીઓ એનું સંચલન કરે છે, અને તેઓ સરકારના અને પ્રધાનમંડળના વૈરીઓ છે. યુરોપિયન આઈ. સી. એસ. અમલદારોમાં એક ખાસ ગુણ હતો : જેની નોકરી કરવી તેની પ્રામાણિકપણે સેવા કરવી એ એમનું સૂત્ર હતું. એમનું સ્થાન હવે જે અમલદારોએ લીધું છે તેમનામાં એવી પ્રામાણિકતા કે સેવાભાવના નથી. એમને બદલાય પણ શી રીતે ? આ ચક્રમાંથી બહાર નીકળવું અત્યંત આવશ્યક છે.

દરેક ગામમાં જેમ દવાખાનું, સુવાવડખાનું હોવું જોઈએ તેમ દરેક ગામમાં રંગભૂમિ અને નાટકસંસ્થા જોઈએ. જો ' એમેચ્યોર ' ડૉક્ટર ન ચાલે, ' એમેચ્યોર ' વકીલ ન ચાલે, તો ' એમેચ્યોર ' નટ શા માટે ચાલે ? રંગભૂમિની ઉપેક્ષા થતાં ઘણું નુકસાન થયું છે. મારો જ દાખલો આપું તો પહેલાં નાટકમંડળીમાંથી મળતી આવકથી જીવન ચાલતું, પુસ્તકોમાંથી તો સાધારણ જેવી આવક થતી. હવે નાટકમંડળી જતાં આર્થિક મુશ્કેલીને કારણે મારે third rate ' ખડતૂસ ' અંગ્રેજી ડિટેક્ટિવ વાર્તાઓનો અનુવાદ કરવો પડ્યો છે એ મારે માટે નામોશી ભરેલી પણ સત્ય વાત છે.

આપણી નાટક-પ્રણાલિકાનું, રંગભૂમિનું—સરકાર શું સન્માન કરે છે ? યુરોપથી કોઈ સામાન્ય ગોરો નટ આવે તેનું પંડિત જવાહરલાલ નહેરુ સન્માન કરશે, એવું સન્માન કોઈ મરાઠી-ગુજરાતી નટનું કર્યું છે ? એક ઑસ્ટ્રિયન ગૃહસ્થે મને દિલ્હીમાં પૂછ્યું : " Where is your National theater ? " અમારી જૂની પરંપરા તો નાટકની પોથી વાંચી જવી, કથા જોઈ જવી અને પછી નાટક વખતે સ્વયંભૂ સ્ફુરણા પ્રમાણે બોલવું; એ અમારું National theater—રાષ્ટ્રીય રંગભૂમિ.

સિનેમાએ રંગભૂમિનું સ્થાન લઈ લીધું છે એમ કહેવામાં આવે છે તે સત્ય નથી. રંગભૂમિ જીવંત છે, પણ રંગભૂમિનું ઘર ક્યાં છે ? અંગ્રેજો પોતાનો શેક્સ્પિયર ગણાવે એમ આપણે આપણો કાલિદાસ ગણાવીએ; પણ એ ભજવવાને જે રંગભૂમિ જોઈએ તે ક્યાં છે ? આપણી સરકારે કલા, વાઙ્મય અને રંગભૂમિ માટે શું કર્યું ? રંગભૂમિ લોકશિક્ષણનું એક પ્રભાવશાળી સાધન છે; એ વડે લોકોને કલા દ્વારા સંદેશ પહોંચાડી શકાય છે. પણ એ માટે સ્વતંત્ર રંગભૂમિની આવશ્યકતા છે.

ગ્રામોફોનમાં ગીતો ઉતારાય તેના પૈસા કલાકારોને મળે એ માટે મેં ઝૂંબેશ ઉઠાવી હતી. રેડિયોમાંથી ગાયકો અને નટોને પૈસા મળે, એમનું ગૌરવ થાય એ માટે ચળવળ ચલાવી હતી અને એમાં સફળતા મળી હતી. એ જ રીતે રંગભૂમિ માટે મારી ઝૂંબેશ છે.

આજે પંચવર્ષીય યોજના આવી છે. એને યશસ્વી કરવા માટે પ્રયત્ન કરવો જોઈએ. પણ એ યોજનામાં કલા અને રંગભૂમિ માટે શું નિયોજન કરવામાં આવ્યું છે ? નાટકકાર ગડકરીના અભિમાની શ્રી દેશમુખે પંચવર્ષીય યોજનામાં નાટક અને રંગભૂમિને શું સ્થાન આપ્યું છે ? આગળની રાજ્યવ્યવસ્થામાં નાટકના કલાધરોને હરિજન જેવા ગણતા તેવું જ આ પણ નથી શું ? રંગભૂમિ દ્વારા પંચવર્ષીય યોજના તેમ જ ભૂદાનયજ્ઞ માટે પ્રયત્ન કરી શકાય પણ આજે સાહિત્યને અને કલાને સમર્થન આપનાર કોઈ નથી. સાહિત્ય અને વિજ્ઞાન માટે પાર્લમેન્ટમાં જે બેઠકો અનામત રખાઈ છે તે બહુધા હિંદી ભાષાસ્વામીઓથી પુરાઈ છે. ત્યાં ગુજરાતી-મરાઠીનું સ્થાન નથી. બંનેની દૈન્યાવસ્થા આવી છે.

માટે બંનેએ સાથે મળી ત્યાં જ, દિલ્હીમાં જ, મોરચો માંડવો જોઈએ. મરાઠી-ગુજરાતી નાટકો—મરાઠી-ગુજરાતી દિગ્દર્શકોએ દિગ્દર્શન કરાવેલાં અને મરાઠી–ગુજરાતી નટોએ ભજવેલાં નાટકો—દિલ્હીમાં જ ભજવવાં જોઈએ. ત્યાં આપણું સ્થાન નિર્માણ કરવું જોઈએ. રાષ્ટ્રપતિ, વડાપ્રધાન સૌ એ આવીને જુએ અને આપણી રંગભૂમિની કક્ષા કેવી છે તેનો ખ્યાલ મેળવે. આજની તરુણ પેઢીને મારું આહ્વાન છે કે આગળ ચાલીને દિલ્હીના મોરચા પર ગુજરાત - મહારાષ્ટ્રે રંગભૂમિ ઉપર કેવી સિદ્ધિ પ્રાપ્ત કરી છે તે સૌને પ્રત્યક્ષ કરી બતાવો અને એ માટે ગૌરવભર્યું સ્થાન પ્રાપ્ત કરાવો.

[અનુ. કાન્તિલાલ બળદેવરામ વ્યાસ]

અનન્તમાં વિલુપ્ત

સંધ્યાના આકાશમાં નમતા સૂર્યનાં આછાં કિરણો જાણે મંદ મંદ હાસ્ય કરતાં સંભળાય છે!

ત્યારે ભૂતકાળનાં કંઈ કંઈ સ્મરણો મનમાં ઊગે છે અને આથમે છે.

કિરણોનું એ મંદ હાસ્ય સંભળાતું હોત તો હું જરૂર સાંભળત.

એ અનન્ત આકાશમાં શાન્તિથી, મૌન સ્વરે અથડાતાં સુવર્ણમય મોજાં જોઈ શકાતાં હોત તો અવશ્ય નિહાળત.

પરંતુ મારી આંખો મને જોવા નથી દેતી;
મારા વિચારો મને શૃંખલા પેઠે બાંધી દે છે;
કાળ મને ચારે પાસ વિંટળાઈ વળે છે.

પશ્ચિમના આકાશ તરફથી હું તો નજર વાળી લઉં છું

એ શું હું જ હસતો હતો?
કે એ મારા મનનાં જ મોજાં હતાં?
અને મારી આંખોનું જ તેજ હતું?

પશ્ચિમમાં સૂર્ય તો હવે અસ્ત પામ્યો છે;

અંધકારની છાયા સમુદ્રપટ પર ક્ષિતિજ આગળ દેખાય છે; શૂન્ય હૃદયે કોણ જાણે શું જોતો, વિચાર કર્યા વગર વિચારતો, જે કોઈક કદી પણ નહિ આવે એની વાટ જોતો, હું હજી પણ ત્યાં જ ઊભો છું. અનન્તમાં હું ભૂલો તો નથી પડયો ને?

વૉશિંગ્ટન ડી. સી.
૩૦-૫-'૫૩ ગગનવિહારી મહેતા

કોઈને કંઈ પૂછવું છે?

મંદ વેગે ચાલતો
(તેથી જ તો ચાબુકના ફટકારથી)
દોરાઈને બપ્પોરમાં
ઉત્તર થકી દક્ષિણ જતા રસ્તા ઉપર
નંબર લગાવેલો જતો પાડો;

અને ત્યાં કાટખૂણે, છેક આડા
પૂર્વથી પશ્ચિમ જતા આસ્ફાલ્ટના રસ્તા ઉપર
ચિક્કાર બસ(માં માણસો માટે હવે જગ્યા નથી!)
ચાલી જતી પૂરજોશમાં ધુંધવાઈ ને! —

ને ક્રૉસ પર જે થાય છે તે થઈ ગયું.

લોહીના ખાબોચિયામાં માંસના લચકા
અને બે શિંગના ટુકડા —
(બધું ભેગું કરીને સાંધવા મથતી નજર) તે
ફાટી આંખે શૂન્યમાં જોતા હવે ડચકાં ભરે!
(યમરાજ પણ છેવટ, પછી, આવ્યા ખરેખર!)

ખાલ મુડદાની (અહીંથી લઈ જઈ આઘે)
ઊતરડે ના ઊતરડે, ત્યાં સુધીમાં
આ ગરમ આબોહવામાં લોહી તો જલ્દી સુકાયું

બસ (ફરી ચિક્કાર; ચ્હેરા છે નવા!)
પાછી વળી પશ્ચિમથી પૂરવેગમાં.

એક આ ડાઘો રહ્યો
એના વિષે, ક્હો
કોઈને કંઈ પૂછવું છે?

હસમુખ પ

ગ્રીષ્માન્તે

સરોવર પડેલ આ સ્મરણશેષ, ના બિન્દુયે
અને સરિતની દશા, ધનિક દીન જ્યારે થયે
ઝળાય તરુઔષધિ પ્રજળતા હવે વિસ્તરી
નહીં નજર ઠારવા સરિતતીર લીલોતરી.
બધાંય તરુ સ્થિર ને વરસતી બધે લૂ હતી,
અજંપ જન માત્ર, ને ધરતીયે હતી ધીકતી,
પ્રસુપ્ત પરચેતના, જીવનદ્રવ્ય જાણે ગળી!
મુદામય અનન્તનું સ્થૂલ જશે હવે ઓગળી!

તહીં ક્ષિતિજમાં દિસે પ્રથમ ઊડતી શું ધૂલિ!
અને ક્ષણ મહીં કરે નજર દૂરથી વાદળી,
અરે, પ્રબળ ઘૂમતા ઝડપભેર ઝંઝાનિલો,
પ્રચંડ ઘનગર્જના, વીજળીધાર, કંપે દિલો.
અને તરત વેગમાં વરસતું રહ્યું ત્યાં જલ,
દિયે પરમ ચેતના, જીવનદ્રવ્ય, સાચું બલ.

ચંપકલાલ વ

એક દીવાલનું ઘર — ચીનમાં જોયેલાં નાટકો ને નૃત્યો

ઉમાશંકર જોષી

અમે પેકિંગ પહોંચ્યા તે રાતે જ નટખેલ (ઍક્રોબૅટિક્સ)નો કાર્યક્રમ હતો. પણ અમે નવા આવેલા મહેમાન હોઈ શહેરની સંભાવિત વ્યક્તિઓ ભોજન સમયે સ્વાગત કરવા આવે, એટલે ભોજન છોડીને પણ ખેલ જોવા કેમ જવાય? ચીનના લોકો નટખેલ માટે પ્રખ્યાત છે. અમને સદ્ભાગ્યે પછીના કાર્યક્રમોમાં ચીનની નટખેલ વિદ્યાનો ઠીકઠીક પરિચય મળ્યો.

નૂતન ચીન નૃત્ય, સંગીત, નાટક વગેરેમાં ખૂબ રસ લે છે. ચીને આ ક્ષેત્રમાં મેળવેલી સિદ્ધિઓને–કેળવેલી પરંપરાઓને પચાવીને આગળ વધારવામાં આવે એને માટેની જાગ્રતિ અને ઉત્સાહ જોઈ શકાય છે. નેતાગીરીએ હમેશાં લશ્કરની સાથોસાથ સંસ્કારટુકડીઓ પણ રાખેલી. હવે તો 'અપના રાજ', હવે ઑફિસમાં કચરો વાળે તે બીજા, હવે તો આપણા રામ મૅનેજરની ખુરશીમાં જ બેસવાના એમ એક પટાવાળાને, સામ્યવાદી લશ્કરો શહેરમાં આવી પહોંચ્યાં તે પછી, થાય છે. સામ્યવાદી અમલદાર એટલામાં આવે છે અને પટાવાળો એને કહે પણ છે કે હવે મૅનેજર માટે આપણે કચરો વાળવાના નથી. ધણીયે વાળી લેશે એ. અમલદારે સાવરણો મૅનેજરના હાથમાં મૂક્યો અને પટાવાળાને કહ્યું : ત્યારે તમે મૅનેજરનું સ્થાન સંભાળો. બેઠો એટલે ધીરે રહીને પૂછ્યું : કંપનીના કામની તપસીલ મને આપશો? લોકસરકારે એ મેળવવા મને કહ્યું છે. જોજો, એમાં જરી સરખી ભૂલ નહિ ચાલે. ભૂલચૂક માટે તમારી જવાબદારી ગણાશે. મૅનજર–પટાવાળો તો ખૂબ ગભરાયો : 'હું તો દરવાન, ઝાડુ વાળનાર. રાંધી પણ જાણું. પણ ભાઈસાબ, આ આંકડા-વાંકું...! મને કાં રીબાવો?' પેલાએ કહ્યું : 'તો તમે તમારું કામ ચલાવો, મૅનેજર ચોપડાનું સંભાળે. કબૂલ?' નવી લોકસરકારની સંસ્કારટુકડી આવા નાટ્યપ્રયોગો રજૂ કરીને શાંઘાઈ જેવાં શહેરો કબજામાં આવે ત્યારે લોકશિક્ષણ આપીને વ્યવસ્થા જાળવતી.

પેકિંગમાં નાટ્યવિદ્યાની એક મોટી મધ્યસ્થ સંસ્થા છે. તેની વિવિધ શાખાઓ છે, જેમાં લોકનાટ્ય અને લોકગીતોના સંશોધનની શાખા ખાસ નોંધપાત્ર છે. મધ્યસ્થ નાટક અકાદમીની રંગભૂમિએ રજૂ કરેલા 'ધોળાવાળવાળી છોકરી' આદિ પ્રયોગો જોવા મળ્યા હતા. ચીની નાટક અને ગીતકથા સંશોધન સંસદે રજૂ કરેલા પ્રયોગો પણ જોવા મળ્યા હતા. 'આથમણો ઓરડો' નામે સંગીતનાટક જૂની ચીની શૈલીથી 'લોકોની ક્રાન્તિકારી લશ્કરી સમિતિના સામાન્ય રાજકીય ખાતાની સંસ્કારટુકડી'એ રજૂ કર્યું હતું એ નોંધપાત્ર છે.

એક બે વસ્તુ આરંભમાં જ નોંધવા જેવી છે. એક એ કે કળા અને સંસ્કારિતાના ક્ષેત્રોમાં નવી લોકસરકારે મૂલોચ્છેદ કર્યો નથી, બલકે જૂનાં કલારૂપોને પોતાનાં નવાં ધ્યેયો માટે યોજ્યાં છે, જેમ રશિયામાં. રશિયાના અનુસરણનો લાભ આ બાબતમાં પણ જરૂર મળ્યો હશે. લશ્કરી સમિતિની સંસ્કાર-ટુકડીએ 'આથમણો ઓરડો' જેવું ન તો લશ્કર કે ન સામ્યવાદ સાથે કશો સંબંધ ધરાવતું કેવળ કળા-આનંદ નીતરતું સંગીતનાટક રજૂ કરેલું જોયું, ત્યારે હિટલર સામેની ખરી ભીંસ વખતે પાપાવે દસ લાખ રૂબલને ખરચે શેક્સ્પિયરનું 'મધ્ય-ઉનાળાની રાત્રિનું સ્વપ્ન' લાલ લશ્કર માટે રજૂ કરેલું તેનું સ્મરણ થયું. કળાના આનંદની ચેતન્યપોષણ – કાંઈ નહિ તો સામાન્ય રંજન–તરીકેની અને પ્રચારના એક અમોઘ સાધન તરીકેની અગત્ય સામ્યવાદીઓ ખૂબ પિછાને છે. એટલે ભૂતકાળનું વધુમાં વધુ દેવું સ્વીકારવા એ તૈયાર હોય તો તે કદાચ કળાના ક્ષેત્રમાં, એમ લાગે છે. જૂના વિષયો જૂનાં લોક-પ્રિય નાટકો દ્વારા રજૂ થાય, ત્યારે એ સામંતશાહી જમાનામાં લગ્ન સ્વતંત્રતાથી થઈ શકતું નહિ–એ જાતની ટીકા છાપેલા ચોપાનિયામાં કરી લે ને પોતાના સામ્યવાદી આત્માને સંતોષ આપે, પણ રંગભૂમિ ઉપર કશું ડહાપણ કરે નહિ, કૃતિ સાંગોપાંગ કળાદૃષ્ટિએ પરંપરા પ્રમાણે નિરૂપે.

બીજું, નૂતન ચીનના રોજના સમૂહજીવનમાં અત્યારે પશ્ચિમી ઢબનું સંગીત વધારે પડતું આગળ તરી આવે છે. પણ રંગભૂમિ ઉપર ચીની સંગીતની પરંપરા સોળે કળાએ ખીલી રહેલી જોવા મળે છે. સંગીતનાટકો બહુ લોકપ્રિય છે. એકલા પેકિંગમાં ૫૧ નાટકઘર છે, જેમાં મુખ્યત્વે સંગીત-નાટકો ચાલતાં હોય છે.

પહેલો પ્રયોગ જોયો તેમાં ચાર જુદા જુદા ટુકડા હતા. એક તો ' આથમણો ઓરડો 'માંનો થોડોક ભાગ હતો. દરિયાઈ ડાકણ સાથેના એક મધ્યયુગીન બાળાના તલવારયુદ્ધ-નો એક પ્રશિષ્ટ (ક્લાસિકલ) પ્રયોગ હતો. તેમાં સંગીત પણ હતું. બીજા એમાં નટખેલવિદ્યાનો સારો એવો ઉપયોગ હતો. એક સેનાપતિને દેશવટે મોકલવામાં આવે છે. રસ્તે રાતમાં એક ધર્મશાળામાં એ સૂતો છે. એના રક્ષણ માટે મિત્રે મોકલેલો એક સરદાર આવીને અહીં જ ઊતરે છે. ધર્મશાળાના માલિકને અને એની પત્નીને વહેમ જાય છે કે સેનાપતિને દેશવટે મોકલનારનો એ દૂત હશે. ગેરસમજમાંથી અંધારામાં જ સૌ વચ્ચે જામી પડે છે અને શસ્ત્રો વીંઝવાની વિવિધ છટાદાર રીતિઓના પ્રયોગો એ રીતે રજૂ થાય છે. પણ સૌથી આકર્ષક આ જાતનો પ્રયોગ હતો વાનર–જાદુગરનો. એને મોટો હોદ્દો આપી સ્વર્ગમાં બોલાવેલો, પણ કામ તો ફળવાડી સાચવવાનું જ સોંપેલું. રોષે ભરાઈ ને એક દિવસ એ જગદંબાની જન્મ-ગાંઠના ઉત્સવના દિવસે બધાં ફળ ઓહિયાં કરી માથેથી નિત્યયૌવન અર્પનારી સ્વર્ગીય ગોળીઓ ઉચાપત કરી પોતાની પૃથ્વી પરની ફૂલફલગિરિની ગુફા તરફ ગચ્છંતિ કરી જાય છે. પેલા આવે છે શોધતા. યુદ્ધ જામે છે તેમાં ચીનના વિવિધ યુદ્ધરીતીઓના પ્રશિષ્ટ પ્રયોગો જોવા મળે છે. વાનરના હાથમાં માત્ર લાંબી લાકડી. એના ઠેકડા, પટાબાજી, વીંઝાવીંઝી, કેવો ઢાળો દીધો એવા આંખના મચકારાં, લાકડી એ લંબાવેલા હાથનો જ ભાગ હોય એમ એના વડે ' બેસ હવે ! '–એવા થતા અભિનય અને એમ અવારનવાર પ્રગટ થતું હાસ્ય, વીરતાભરી ત્વરિત ગુલાંટો, રંગમંચ ભરી દેતા દુશ્મનોની દોડાદોડ ને ક્ષણમાં તો ભાગાભાગી, રંગબેરંગી વેશભૂષા, ભાત-ભાતનાં ચમકતાં આયુધો–રૌદ્ર, વીર અને અદ્ભુતનું સુંદર વાતાવરણ રચાઈ જતું. આ પ્રયોગોમાં એક નોંધપાત્ર વસ્તુ એ છે કે લાઠી વીંઝવામાં આવે ત્યારે સામો માણસ બેસી જઈ ને નીચો દબી જાય, લાઠી માથા ઉપર પસાર થઈ જાય, વાગે નહિ. આવા પ્રહારોનો વારંવાર પ્રયત્ન થાય. જો સામો માણસ સહેજ ગફલતમાં રહે તો લાઠી અફળાઈ ... સમજો. નૃત્ય, યુદ્ધકળા અને નટખેલવિદ્યાનો ચીની રંગભૂમિ... આવા પ્રયોગોમાં મેળો જામતો હોય છે. ચોપાનિયામાં જણાવ્યું હતું કે ' સામંતશાઈ અમલ સામેનો ચીની શ્રમીણ પ્રજાનો... અણનમ જુસ્સો જેમાં અભિવ્યક્તિ પામ્યો છે એવી આ એક પ્રસિદ્ધ લોકકથા છે. ' પણ રંગભૂમિ ઉપરના પ્રયોગમાં ... અર્થઘટનની અસરે કશી ઘાલમેલ કરી હતી નહિ. આપણે તો આખો વખત ' લંકામાં હનુમાન 'નો ખેલ ચાલી રહ્યો ... એમ લાગે.

*

ઘરનો એક કરો માત્ર, અંદરથી જોતા હોઈએ એ ... રંગભૂમિ ઉપર છે. કરાની આ બાજુ ઘરમાં જમણી ... ચૂલો છે. ડાબા તરફ ભીંતમાં ગોખલા ને ખાંટીઓ ... જૂજ ઘરવખરી ભીંત પાસે પડેલી છે. ઝૂંપડી જેવું ... માણસનું ઘર છે. ઘરની દીકરી શિયેર (હ્શિયેહ્) ... ગાતી ગાતી પિતાની રાહ જોઈ રહી લાગે છે. ડાબી ... ભીંતના છેડાની હારમાં આવી પગ જરીક ઊંચો કરી ... ટપી રહી હોય એમ આગળ વધે છે. ઘરની આગલી દી... માંના બારણાનો ઉંબર ઓળંગીને એ ઘરની બહાર ... એમ આપણને સમજાય છે. બહાર બરફ વરસી રહ્યો ... તેની સામે જોઈ રહે છે. હજી પિતાજી કેમ ન આવ્યા ... એના કરુણમધુર સૂરો ગૂંજ્યા જ કરે છે. પાછી ઉંબર... જગ્યાએ ઓળંગવાનો અભિનય કરી ચૂલા નજીક ... જાય છે. પછીથી પણ જે કોઈ આવવાનું તે આ રંગ... ઉપર ન મૂકેલા ઉંબરને ઓળંગવાનો અભિનય કરીને ... આવવાનું. પહેલા અંકના અંતભાગમાં પિતા ઘરની ... જાય છે ત્યારે ડાબી તરફ ઉંબર ઓળંગી થોડોક ... તરફ ખસી પગદીવાઓની સમાંતર જમણી તરફ ... આપણી તરફને કરે કરે બહાર ચાલે છે. આમ નાટ્યપ્રયોગ... માં આવતા પ્રસંગોપાત્ત અભિનય દ્વારા જ આખા ... દીવાલો રચાઈ જાય છે. એટલો સહજ અભિનય હોય ... આપણને એનો ભાર રહેતો નથી. અભિનેતાઓને ... એમ તો લાગતું જ નથી. નાટકમાં ત્રણ દીવાલનું ... હોય જ છે, આપણે પ્રેક્ષકો એક દીવાલ ખસેડીને બેસી ... હોઈએ છીએ ને બધું જોઈ જતા હોઈએ છીએ. ... જેવું ખુલ્લામાં દશ્ય હોય તો આખી ઝૂંપડી મૂકવી પડે, ... દીવાલો સાથે, માત્ર સામે બારણું દેખાય,—એટલે કે ... સામેની આગલી દીવાલ તો રાખવી જ પડે.

કલ્પનાશક્તિ ઉપર આધાર રાખી, આ એક દીવાલનું ઘર રજૂ કરવાની આયોજનકળા ખરે જ આકર્ષક હતી. આપણી આંખ આગળ જ હોવો જોઈએ તે આ તરફનો કરો, ડાબે બારણાવાળું આગલું ભડું અને જમણે પછીત—એ ત્રણે દીવાલો દૂર કરી હતી. માત્ર પેલી તરફનો કરો અંદરની બાજુથી દેખાતો હતો. જો ડાબી તરફથી કોઈ ધસી આવ્યું તે બારણાની જગાએ જ—અને તે પણ ઉંબર સાચવીને—પ્રવેશ્યું નહિ, તો ભીંત કે ઉંબર સાથે એ અફળાયું એમ, રંગભૂમિ ઉપર ભીંત–ઉંબર કશું ન હોવા છતાં સહજપણે આપણે ચિંતાથી ચોંકી ઊઠવાના.

પિતા ગણોત ભરી શક્યો નથી. સાતસાત દિવસથી એ ભાગતોસંતાતો ફરે છે. ૧૯૩૫ના વસન્તોત્સવના દિવસો છે. આજ તો પિતા આવવા જોઈએ. અને આવ્યા પણ. દીકરી-ની સગાઈ થયેલી છે. તેની મા આવી પહોંચે છે અને ટાણું ઊજવવા જોગ રસોઈપાણી કરવામાં મદદ કરે છે. ત્યાં જ જમીનદારનો કારભારી આવે છે ને ખેડૂતને દરબારમાં હાજર કરવા ઘસડી જાય છે. ત્યાં દીકરીને ગીરો મૂકવાના ખત ઉપર અંતે જણા પેલાનો અંગૂઠો ચપકાવી લે છે. પાછા વળતાં બાપ રસ્તે મૂર્છા ખાઈ પડે છે. મિત્ર ચાઓ એને ઘર સુધી ભાળવી જાય છે. જમાઈ થવાનો છે તે તાહ ચુન મા સાથે આવી પહોંચે છે ને મીઠાઈની ભેટ આપી લાલ લશ્કરની વાતો જાણી હશે તે કહે છે. આખો વખત બાપ તો વિચારોમાં ડૂબેલો છે. મોડી રાતે નિદ્રાધીન દીકરીનું મોં જોઈ કંપી ઊઠે છે અને ઝેર લે છે. સવારે નૂતન વર્ષાભિનન્દન આપવા તાહ ચુન આવે છે તો બાપ તો મૃત્યુશરણ થયેલો. ચાઓ એની મૂઠીમાં જકડેલો દસ્તાવેજ જુએ છે ને કારણ સમજી જાય છે. ત્યાં કારભારી ગુંડાઓ સાથે આવે છે ને શિયેરને ઉપાડી જાય છે.

મહારાજની આંખમાંથી તો ટપટપ આંસુ વહી ચાલ્યાં. એમણે નાટક વરસો પહેલાં પોતાના કવિમિત્રનું રચેલું એકાદ, આગ્રહથી, જોયું હશે એ. અને આ તો બધું ભારે સ્વાભાવિક કળાથી નજર આગળ તાદૃશ થતું રીબાતી ખેડુજનતાનું વાસ્તવિક ચિત્ર! દીકરીના પથ્થર પીગળાવે એવા વિલાપ એક વાર સાંભળ્યા પછી કેમેય કાનમાંથી એના ભણકારા શમે નહિ.

દૂરના એક શહેરની બેન આજે દુભાષિયા તરીકે અમારી વચ્ચે હતી. એ પાતળી ભોળકુડી સરળ કન્યા મહારાજની દીકરી જ પછીથી બની ગઈ. એની મોટી નિર્દોષ આંખોમાં બધી વેદના તરવરતી હોય. ઘૂંટડા ગળતી જાય અને નાનાં છોકરાં કરે તેમ પાંસળાંમાં કોણી લગાવતી — જોયું? – આ આમ થયું — એમ રજેરજ બધું સમજાવતી જાય.

બીજા અંકમાં જોઈએ છીએ તો જમીનદારનાં ભગતાણી માતુશ્રીની પરિચારિકા તરીકે શિયેર મુકાઈ છે. બીજી દાસી ચાંગફેઈ જોડે સદ્ભાગ્યે એનો જીવ મળી જાય છે. મહિનાએક પછી તાહ ચુન જમીનદારના ત્રાસથી પિત્તો ગુમાવી કારભારીને ઘોલાટી બેસે છે. જોડીદાર પકડાઈ જાય છે પણ એ નાસી છૂટે છે અને લાલ લશ્કરમાં જઈ ને ભળે છે. જતાં જતાં, શિયેરને વાટ જોવાનો સંદેશો પહોંચાડવાનું ચાઓ કાકાને કહેતો જાય છે. અહીં શિયેરને માથે તો ઘણી વીતે છે. રોજની મારઝૂડ ને જાળો. બેશરમ જમીનદાર બળાત્કાર પણ કરે છે. શિયેર ફાંસો ખાવા પ્રયત્ન કરે છે, પણ ચાંગફેઈ એને વારે છે. સાત માસ પછી જમીનદારની બીજા એક જમીનદારની દીકરી જોડેનાં લગ્નની તૈયારીની ધામધૂમમાં સૌ પડ્યાં છે. શિયેર એને ઠીકઠીક તતડાવે છે. પરિણામે કેદ પુરાય છે. ચાંગફેઈ ચાવી ચોરી લાવીને એને મુક્ત કરે છે. શિયેર નાસી છૂટે છે. શિકારીઓ પીછો પકડે છે. નદીતીરે એક જોડો જોઈ જરૂર એણે નદીમાં પડતું મેલ્યું હશે માની પાછા વળે છે.

છેલ્લા અંકમાં તો ત્રણ વરસ પછી જપાનના આક્રમણ પછીના સમયમાં આવી પહોંચીએ છીએ. નદીકાંઠે સીમમાં ઘેટાં ચરાવતા ચાઉકાકા વાંગ અને ચાંગફેઈને મળી જતાં, નાશ પામેલી શિયેર માટે સૌ ગળગળાં બને છે. શિયેર તો પડખેની ટેકરીઓ પરની ગુફામાં જીવી રહી છે. ટેકરી પરના મંદિરમાં ધરાવેલા પ્રસાદ પર અને વનફળ પર ગુજારો કરે છે. મીઠા વગરનો ખોરાક ખાવાથી અને સંતાઈ રહેવાને લીધે તડકો નહિ પામવાથી ત્રણ વરસમાં એના વાળ ધોળા થઈ જાય છે. લોક એને 'શ્વેતકેશી પરી' કહે છે. એક વાર વાવાઝોડું છે ને નીચે આવેલી છે ને અકસ્માત્ જમીનદારનો ભેટો થઈ જાય છે. ભૂત માનીને જમીનદાર ભડકે છે. શિયેર પુરાણા દુશ્મનને ધુત્કારે છે. લાલ લશ્કરમાં સૈનિક બનેલો તાહ ચુન લશ્કર સાથે આ વિભાગમાં આવી પહોંચે છે. જમીનદાર ખેડૂતોની કરઘટાડાની ઝુંબેશનો લોકોના વહેમો ઉશ્કેરીને સામનો કરે છે. તાહ ચુન જિલ્લાસરકારનો એક

અધિકારી બન્યો છે. લોકોના વહેમ ટાળવાના પગલા તરીકે એ શ્વેતકેશી પરીને પકડવાનું બીડું ઝડપે છે. મંદિરમાં સંતાઈ રહી પરીનો ગુફા સુધી પીછો પકડે છે ને અંતે જુએ છે કે એ તો એની શિયેર છે. લોકોના વહેમ દૂર થાય છે. જમીનદાર પર જાહેર તહોમતો મૂકવાની સભા ભરાય છે. શિયેર પોતાની અંદર વરસોથી ધૂંધવાઈ રહેલો રોષ ગુનેગાર ઉપર ઠાલવે છે. લોકો જમીનદાર અને કામદાર સામે આક્ષેપો કરે છે. લોક-સરકાર એમને યોગ્ય નશિયત કરે છે. પ્રજા મુક્તિ અનુભવે છે. સામે સૂર્યોદય થઈ રહ્યો છે, એને વધાવતાં સૌ ગીત ગાય છે, પ્રેક્ષકવૃંદ પણ એ મંડળના ભાગરૂપ જ બની જાય છે. ઉત્સાહ અને ઉલ્લાસના વાતાવરણમાં પડદો પડે છે.

કઈ કળા અને કયો પ્રચાર, કયો વાસ્તવવાદ અને કયો આદર્શવાદ, — એવા કશા વિચારો જ મગજમાં ડોકિયું કરીને વિક્ષેપરૂપ થવા પામતા નથી. અભિનય ઉચિત અને સંયમ-ભર્યો. પણ મોટા ભાગની અસર તો સંગીત દ્વારા જ પડે છે. આ સંગીતરૂપકમાંનું શિયેરનું કેટલુંક સંગીત રાષ્ટ્રની સંપત્તિ-સમું બની ગયું છે. મોટા ભાગનું સંગીત ચીની છે.

પ્રયોગ પૂરો થયો ત્યારે પ્રો. છિયેનને મેં વિનંતિ કરી કે ટેકરીઓ પરની ગુફા તો ઠીક પણ ચંદ્ર–તારા અને કિરણ-પંખાવાળો સૂર્યોદય વગેરે નિરૂપવાની પદ્ધતિનો પરિચય કરવા પછીથી રંગભૂમિ ઉપર જઈ શકાય તો સારું. સૌ વેરાઈ ગયું એટલે અમે ગયા. બહુ સાદી રીત હતી. રંગમંચના પેલા છેડા તરફ નીચે પ્રકાશની વ્યવસ્થા રાખી એની આગળ કાપેલી આકૃતિવાળા કાગળ મૂકી કોરા પડદા ઉપર પ્રકાશ પડવા દઈને આકાશનાં નક્ષત્રો, ચંદ્ર, સૂરજ વગેરે બતાવવાની યોજના કરવામાં આવી હતી. એ રીતે મોટી ગિરિમાળા પણ બતાવી શકાય. શિયેરનો પાઠ લેનાર બહેનને અભિનંદન આપી અમે નીકળ્યા.

નીકળતાં એક બીજું નાનકડું દૃશ્ય ભજવાઈ ગયું. રંગપીઠથી ઊતરી બહાર આવતા હતા ત્યાં અભિનેતાવૃંદે એ બાજુ દબીને અમને માર્ગ કરી આપ્યો હતો. પેલી દાદા-(મહારાજ)ની દીકરી એમને પગથિયાં ઊતરતાં સાચવવા ખભાથી પકડીને ચાલતી હતી. અભિનેતાઓના વૃંદમાંથી કોઈક બહેનની આંખો આશ્ચર્યથી વિસ્ફારિત બની: તું અહીં ક્યાંથી? આને પણ–નવી નવી આજે જ આવેલી તેને–કોઈક ઓળખીતી બહેનપણી આમ અચાનક મળી જવાથી હૂંફ જેવું લાગ્યું. પણ આ બધું આંખોમાં, મનોમન, ભજવાઈ ગયું જ. ન એના પગની ગતિમાં ફેર પડ્યો, ન એક હરફ કે ઉં સરખો મોઢામાંથી નીકળ્યો. જે કામ હાથ પર હતું તેમાં ઓતપ્રોત રહી.

*

'આથમણો ઓરડો' યુયેહ પ્રકારનું સંગીતરૂપક એમાં બધી ભૂમિકાઓ સ્ત્રીઓ જ ભજવતી હોય છે. આ પદ્યમાં હતું. સોળ માત્રાની ચોપાઈની પંક્તિઓમાં ચાલતો. સંગીતની છોળો ઊડતી. કથા ઇ. સ. ૮૦૦ની પ્રધાન ગુજરી ગયો છે તેની પત્ની અને રૂપવતી દીકરી મંદિરમાં ધર્મક્રિયા માટે આવ્યાં છે. એક પ્રવાસીને પ્ર પુત્રી સાથે ચક્ષુરાગ થઈ જાય છે. પ્રવાસી સાધુને કહી અતિ ગૃહની પડખે આથમણા ઓરડામાં ઉતારો મેળવે છે. બાગમાં પ્રધાનપુત્રી પ્રાર્થના કરે છે એ જાણી પ્રવાસી જાય છે અને એક સુંદર કાવ્ય તત્કાલ રચીને ગાય છે. પણ એ જ પ્રાસ જાળવીને સામેથી બીજા કાવ્યમાં પ્રતિ આપે છે. (બંને વચ્ચેની દીવાલ બતાવવામાં આવતી ન બંને તદ્દન પાસે આવીને પરસ્પર પ્રણય શબ્દનો વિનિમય છે પણ વચ્ચે દીવાલ છે એ આખો વખત આપણા ખ્યા રહે છે.) બંને વચ્ચે પ્રણય દૃઢમૂલ થયો, પણ ત્યાં જ વિ આવે છે. પાંચહજાર બહારવટિયાના સૈન્ય સાથે એનો મંદિરને ઘેરો ઘાલી રૂપવતી પ્રધાનપુત્રીના હાથની માગણી છે. માતા જાહેર કરે છે કે દીકરીને આનાથી જે બચાવશે તે સાથે એનું લગ્ન કરીશ. પેલો પ્રવાસી એ માથે લે છે. પોતા મિત્ર સેનાપતિને પત્ર લખી તેની મદદથી સફળતા મેળવે માતા ખુશાલીની મિજબાની આપે છે. પણ બંને પ્રણયી પરસ્પર ભાઈ-બહેન કહીને બોલાવવા કહે છે દીકરીના વિવાહ તો થઈ ચૂકેલા છે. ભગ્નહૃદય પ્ર એક વાદ્ય બજાવી પોતાનો શોક સંગીતમાં રેલાવે પ્રેમિકા એને મળવા દાસીને મોકલે છે. દાસી જોઈ પત્ર પાઠવે છે. દાસી માને કહી બેસત તો?— એ ખ્યા પ્રેમિકા પ્રેમીનો અનાદર કરતો સંદેશો મોકલાવે છે. શબ્દોનો ગર્ભિત અર્થ રાત્રિમિલનના સંકેતનો હતો. વાતની ગંધ આવી છે એમ માની પ્રેમિકા પેંતરો અને એની આગળ પ્રેમીને ધુત્કારી કાઢે છે. પેલો તો ચાંદનીમાં સંકેત પ્રમાણે ગયો ને કોઈ મળે કે કરે. આ થઈ મરવા પડે છે. ત્યાં દાસી પત્ર લઈને આવે છે.

સાજો થઈ જાય છે. રાતે પ્રેમિકા આવે છે ને એની સાથે રહે છે. મહિના પછી માને ખબર પડતાં દાસીને એ ચાબખે લે છે. મા છેવટે કહે છે કે પ્રધાનનો જમાઈ જેવોતેવો માણસ ન થઈ શકે, જો રાજધાનીમાં જઈ શાહી પરીક્ષા (જૂના સમયથી ચીનમાં અમલદાર થવા માટે યોજાતી) આપી આવે તો લગ્ન થઈ શકે. પ્રેમિકો હૈયાફાટ વેદનાથી, અશ્રુભરી આંખે અબોલ વિખૂટાં પડે છે રાતે કોઈ ગામની ધર્મશાળામાં પ્રવાસી ઊતર્યો છે. આથમણા ઓરડાની આખી કથા એની નજર સમક્ષ ભજવાય છે. પરોઢિયે જાગે છે તો સપનું સાચું પડયું હોય છે.

*

છેલ્લે દિવસે વિવિધ કાર્યક્રમ હતો: ગીતો, તંતુવાદ્યો, નૃત્યો, નાટકનાં દશ્યો. નવા ઉત્સાહનાં પ્રદર્શક સંગીત-નિયોજનો પશ્ચિમી ઢબનાં હતાં. પણ કેટલાક લોકનૃત્ય-ગીત-કલાના પ્રયોગો બહુ સુંદર હતા. તેમાં ખાસ હતું ચીની રેશમનૃત્ય. રેશમના આશરે વીસેક ફૂટ લાંબા ફટકા એ છેડેથી હાથમાં ઝાલી હવામાં ઉછાળી હલાવી એની ગોળ, લંબગોળ, વિવિધ પ્રકારની આકૃતિઓ કર્યે જાય, કપડું જમીનને અડે નહિ, સંવાદી આકૃતિઓમાં ભંગ પડે નહિ. એક સાથે અનેક વ્યક્તિઓ આવું રેશમનૃત્ય કરી રંગભૂમિને ઊછળતી તરતી રંગ-આકૃતિઓથી ભરી દે. ભારે તરવરાટ અને સમુલ્લાસભર્યો નૃત્યપ્રકાર છે આ. ...સોએક વરસ જૂના એક પ્રશિષ્ટ નાટકનો અંશ—સ્ત્રીને ભોજ્યા લેખી તેની થતી વિમાનનાનો પ્રસંગ ('કુયુઈ-ફેઈનું સુરાપાનમાં આશ્વાસન') અત્યંત મુલાયમ કલામયતાથી પ્રસ્તુત થયો હતો નાયિકાનો પાઠ પ્રસિદ્ધ કલાવિદ્ મેઈ લાઙ્-ફાઙ્ એમણે લીધો હતો. જૂની કલાપરંપરા સોળે કળાએ ખીલી ઊઠતી જોવા મળતી હતી. ...એક પ્રયોગ અદ્યતન જીવન અંગેનો – ચીનના ઉપરાષ્ટ્રોની એકતા પ્રસ્તુત કરવાનો – હતો. ચીનની ભાતભાતની પ્રજાઓના પ્રતીકસમાં નરનારી પોતપોતાના વેશમાં પોતાના જીવનવ્યવહારનો ખ્યાલ ઉલ્લાસ અને તરવરાટવાળા નૃત્ય દ્વારા આપે છે. અંતે રાજધાનીના ટિયેન-આન-મીન દરવાજાની પશ્ચાદ્ભૂ આગળ સૌ એકતાના સૂત્રથી ગૂંથાય છે. આ નૃત્યનું સંયોજન ખૂબ જ આકર્ષક હતું.

*

મુગડેનમાં રંજનકાર્યક્રમ અપાયો તેમાં વિવિધ વસ્તુઓ હતી. પેકિંગમાં સિંહને એ સિંહશિશુ સાથે દડો રમતો બતાવ્યો હતો. (સિંહનું મ્હોરું પહેરેલો એક જણ આગળ. બીજો જણ પૂંછડું સંભાળે. ઉપર રેશમી ઓછાડ હોય. સુંદર મેળથી બંને ખસે અને એક સિંહની છાપ પાડે.) અહીં 'સિંહ અને લાલ દીવો' એ ચીની સ્વાગતમંગલનું લોકનૃત્ય હતું. ઈશાન ચીનનાં લોકગીતોનું પંખાનૃત્ય એ પણ બહુ આકર્ષક હતું. ૨૩૦૦ વર્ષનો ઇતિહાસ ધરાવતી એક પ્રકારની સારંગી છે તેના વાદનનો કાર્યક્રમ હતો. રેશમનૃત્ય અને ચીનની પ્રજાઓની એકતાનું પેકિંગમાં હતું તેવું અહીં દુનિયાની પ્રજાઓની એકતાનું નૃત્ય હતું. ખાસ નોંધપાત્ર એક 'વાર્તાકથન'નો કાર્યક્રમ હતો. અમુક એક રાગ દ્વારા કથા રજૂ કરવાની પ્રચલિત લોકશૈલીમાં બે તરુણ તરુણી નવ લગ્ન-ધારા અંગે 'વાર્તાકથન' કરી રહ્યાં હતાં. માંબાપ વચ્ચે વિઘ્ન નાંખે છે તે વાત પણ પાછાં એ બંને જણાં જ માબાપ બનીને ભજવે. માદીકરી વચ્ચેનો સંવાદ હોય તો તે પણ તરુણી પોતે જ એકલી રજૂ કરે. વળી પાછાં બંને પ્રેમીઓ બની જાય ને એ બે વચ્ચેની વાત ચાલે. આખો વખત બંનેએ ઊંચા આસને બેઠાંબેઠાં ગાયાં કરવાનું હોય છે. હલનચલન સાથે અભિનય આમાં હોતો નથી. રસપ્રદ કલાપ્રકાર હતો.

*

યાંગ ચોમાં પણ કાર્યક્રમમાં વિવિધતા હતી. પણ એનું એક નાનું નાટક ખાસ નોંધપાત્ર છે. પર્વત પરનો વૃદ્ધ જંગલી વાઘવરુનો ત્રાસ વધી પડે છે ત્યારે એનો સામનો કરવા તરુણને પ્રેરે છે. ત્રાસનિવારણ થયા પછી સૌને ખેતીકાર્યમાં ગૂંથાઈ જઈ ધાન્યભર્યાં ખળાંનો આનંદ માણવા તરફ વાળે છે. દેશ પર આફત આવે ત્યારે જાગ્રતપણે સામનો કરવો અને એમાં સફળતા મળી કે તરત પાછા હમેશનાં જીવનકાર્યોમાં ગૂંથાઈ જવું આ બોધનો પ્રચાર સુંદર રૂપક દ્વારા યોજાયો હતો. જૂની રસકસ વગરની ખેતી, નવાં સાધનો અને નવી પદ્ધતિ (સહકારી કે સમૂહખેડની) દ્વારા ધાન્યથી ઊભરાતાં ખળાં, પરિણામે પશ્ચાદ્ભૂમાં ઊભાં થઈ શકેલાં જાતજાતનાં તોતિંગ કારખાનાં એ પ્રકારનાં દશ્યો પણ બતાવવામાં આવ્યાં હતાં. કામ કરવું, ખૂબ ઉત્પાદન કરવું અને ખળાં ધાન્યથી છલકાય એટલે સૌએ ભેગાં મળીને નૃત્ય કરી સંગીત ગાઈ જીવનનો સમુલ્લાસ રેલાવવો — એ ભાવ ઉપર પણ ખાસ ભાર મૂકવામાં આવતો હતો.

*

શાંગ્હાઈમાં જોવા મળેલું લિ કવેઈ અંગેનું નાટક કોઈ રીતે ખાસ આગળ પડતું ન હતું અને સ્પષ્ટપણે પ્રચારાત્મક

હતું. હજારેક વરસ પહેલાંનો ખેડૂતક્રાન્તિકારી નેતા લિ કવેઈ પર્વતોમાંથી ખાદ્યાખોરાકી ખરીદવા આવ્યો છે ત્યાં સાંભળે છે કે પીઠાવાળાની દીકરીને પોતાના બે સાગરીતો ઉપાડી ગયા છે. ધૂંઆંપૂંઆં થતો એ પેલા બંનેની ધરપકડ કરી પીઠા પર લાવે છે ત્યાં જાણે છે કે ગામનો તુમાખીખોર જાગીરદાર ગુનેગાર તો છે. પેલા બેમાંથી એક જણ લોકોને સંગઠિત કરી જાગીરદારને ઠેકાણે પાડે છે ને બાઈને છોડવે છે. લિ કવેઈ પોતાના ઉતાવળિયા સ્વભાવ માટે પસ્તાય છે ને માફી માગે છે. પેલાઓ એની વીરતાની પ્રશંસા કરે છે, પણ તે પહેલાં એના સ્વભાવ અંગે ટીકા કર્યા વગર રહેતા નથી. (આજના ચીનની વિવેચન અને આત્મવિવેચનની પદ્ધતિનો આમાં વિનિયોગ થયો છે.)

*

હાઙ્ચાઉમાં એક મનોરમ નાટ્યપ્રયોગ જોવા મળ્યો. પાછળથી પૂછતાં જાણવા મળ્યું કે ધંધાદારી કલાકારોએ એ રજૂ કર્યો હતો. લ્યાંગ શાન-પો અને ચુ યિંગ-તાઈની પ્રાચીન લોકકથા સોળમાત્રિક ચોપાઈમાં પ્રસ્તુત કરવામાં આવી હતી. ચુ યિંગ-તાઈ બારીમાંથી જોઈ રહી છે. પીઠે પોટલાં લઈ વિદ્યાર્થીઓ હાઙ્ચાઉ જઈ રહ્યા છે. એને પણ આમ ભણવા જવાનું મન થયું. પણ પિતા રજા આપે તો ને ? પોતે જ્યોતિષીનો વેશ લઈ પિતા પાસે આવે છે અને દીકરી ઘેર રહેશે તો દુઃખી થશે એમ કહે છે. પછી પોતે છતી થાય છે. પુરુષવેશમાં કેવી પકડાઈ નહિ એ પિતા આગળ પુરવાર થયું છે. ઊંચા ઘરની દીકરીઓએ રજવાડામાં પરિચારિકાઓ તરીકે જોડાવાના ફરજિયાત રિવાજમાંથી પણ દીકરી બચશે એ ખ્યાલે પિતા રજા આપે છે. બોલાવું ત્યારે પાછી આવજે એવી શરત કરે છે. દીકરી પુરુષવેશમાં, નોકરડી સાથે, રવાના થાય છે.

રસ્તામાં એક સમાધિ આગળ લ્યાંગ શાન-પો નામના સ્કૉલર (વિદ્યાભ્યાસી) સાથે ભેટો થાય છે. આપણે બંને ભાઈ એમ બંને પરસ્પરને સ્વીકારે છે. લ્યાંગ શાન-પોને ભાઈ નથી, તેથી પોતાને ભાઈ મળ્યાનો આનંદ એના હૈયામાં માતો નથી. હાઙ્ચાઉમાં બંને સાથે જ રહેવાનું નક્કી કરે છે.

ત્રણ વરસ સુધી બંને કન્ફ્યુશ્યસની પવિત્ર મૂર્તિ આગળ અભ્યાસ કરે છે : ' સ્કૉલર ' ખરેખર વિદ્યારત છે, સાથી વિદ્યાર્થી તે સ્ત્રી છે એનો એને વહેમ સરખો આવ્યો નથી. અચાનક પિતાની માંદગીના સમાચાર આવે છે. ચુ યિંગ-તાઈ જવા તૈયાર થાય છે. ગુરુપત્નીને મળવા ગઈ [illegible] એમણે તો સ્ત્રીસહજ આવડતથી પોતાને ઓળખી કાઢી છે તે એ જાણે છે. ' હું તમારી જોડી ગોઠવનાર (ચીન[illegible] રિવાજ અનુસાર) બનીશ, તમે બે પરણો, ' એમ એ [illegible] છે. પોતાનો વાળનો એક ચીપિયો એમને એ આપે છે.

પેલો ક્ષાંબે સુધી વળાવવા આવે છે. પાછળ ગિરિમાળ[illegible] સુંદર દૃશ્ય છે. રસ્તે એક પુષ્પિત વૃક્ષને જોઈ ચુ યિઙ્-ત[illegible] કહે છે : પુષ્પ તરત ચૂંટી લે, વેળા વીત્યે પછી હાથમાં [illegible] નહિ રહે. (ચીની ગીત પરથી શ્રી સ્નેહરશ્મિએ યોજે[illegible] ' કળી ચૂંટે તો ઘડી આજની ન ચૂકજે, વેળા વીત્યે [illegible] ડાંખળી રે; '—કદાચ આ પ્રસંગની જ કવિતા ન હોય ! રસ્તે સારસબેલડી જોઈ બોલે છે : આપણે સારસયુગ્મ જે[illegible] છીએ. લ્યાંગ શાન-પો કહે છે : સારસયુગ્મ નથી આપણે. [illegible] મને સદા છોકરી જેવો જ ગણે છે ! બતકાં ચાલ્યાં જ[illegible] હોય છે, માદા પાછળ નર છે. છોકરી કહે છે આપણી જે[illegible] જાય છે. આપણો વેદિયો ત્યાં છેડાઈ પડે છે : શું તુંય [illegible] કાંઈ માદા નથી. છોકરી રસ્તામાં બીજી બાજુનો વાળ[illegible] ચીપિયો રહેલો તે નાખી દે છે. પેલાને જડે છે, ત્યારે કહે[illegible] તને જડચો છે, તું લઈ જા. ગુરુપત્નીને આપજે. રસ્તે [illegible] આવે છે તે બંને ઓળંગે છે. (અત્યાર સુધીની બધી [illegible] એક જ દૃશ્યમાં સમાવેલી છે. આમથી તેમ જમણાથી [illegible] ગોળ ફરતાં ફરતાં રસ્તો કપાયાનો ખ્યાલ આપી શકાય. [illegible] આવ્યો ત્યારે વિશિષ્ટ ગતિથી—સંભાળપૂર્વક—ચાલે. [illegible] ભૂમિ ઉપર કશું ન મળે, છતાં પુલ તાદૃશ થાય.) મંદિર [illegible] છે. છોકરી કહે છે : સાધુ થવું છે ? તું સાધુ થાય, તો [illegible] સાધ્વી થઈશ ને પરણીશ. પણ કશું સમજે તે બાળો. [illegible] મંદિર આવે છે, ત્યારે કહે છે : ચાલ, જઈએ, યુગલ જ[illegible] ને વિધિ કરીએ. પેલો કાંઈ સમજતો નથી. કૂવો આવે [illegible] અંદર પથ્થર નાખે છે ને પછી પેલાને પાસે બોલાવી [illegible] મોં જુએ છે. (પરણેલાં આમ કરે.) પેલો ચિડાય છે : [illegible] કાંઈ સ્ત્રી છું ? છોકરી કહે છે : ભેંસના ભાઈ જેવો છે [illegible] વિદ્વાન ગુસ્સે થાય છે : હું તારી સાથે નહિ આવું [illegible] છોકરી કહે છે : તું તો કફનમાંના શબ જેવો છે. આપણે [illegible] વરસ સાથે અભ્યાસ કર્યો, મંડપ (શહેરથી દસ માઈલ [illegible] સુધી તો આવ. છૂટા પડતી વખતે કહે છે : મારે [illegible] આવીશ ને ? તું પરણ્યો છે ? મારે ઘેર બેન છે. [illegible] જોડું ગોઠવનારી બનીશ. પેલો કહે છે : જરૂર આ[illegible]

ક્યારે આવું, કહે ? છોકરી સમસ્યા આપે છે : એ છૂટે ત્યારે આવજે. સામસામાં હાથ રાખી બંને છૂટાં પડે છે.

વિદ્યાવ્યાસંગી કૉન્ફ્યુશ્યસ આગળ બેઠો છે. (દૃશ્ય અદ્ભુતવાની રીત સુંદર હતી : સામે બે બાજુના થોડા થોડા મધ્ય તરફ ખસેડેલા પડદાઓ વચ્ચે સૂચક ચિત્ર હોય તે, દીવા બંધ કરી, આછા અંધારામાં ખસેડી બીજું મૂકી દેવું; આગલો પડદો પાડવો જ નહિ.) ભાઈબંધ સાંભરે છે. ભાઈબંધતી બેનનું રૂપ પણ એના જેવું જ સુંદર હશે એવાં સ્વપ્નાં સ્ફુરવા માંડે છે. ત્યાં ચમકીને ઊભો થઈ જાય છે : ઉકેલ જડયો, ઉકેલ જડયો. ૧, ૭, ૨, ૮, ૩, ૯ જેવા આંકડા સમસ્યામાં હતા, જેનો સરવાળો ૩૦ થતો હતો. એટલે કે મહિના પછી જવું જોઈએ. તયાર થાય છે. ત્યાં ગુરુપત્ની આવે છે. પૂછે છે : તારો સહાધ્યાયી પુરુષ હતો કે સ્ત્રી? અંતે એ કહે છે કે એ સ્ત્રી હતી. ચાલ, હું તમારી જોડી ગોઠવનાર થાઉં, કહીને વાળનો ચીપિયો બતાવે છે. વિદ્વાન પોતાની બાંયમાં રાખેલો બીજો બહાર કાઢે છે, તો અદ્દલ પેલા જેવો : 'હવે હું સમજ્યો ! એ સ્ત્રી જ છે. તે જોડી ગોઠવનાર થવાની છે, પણ પોતાની જ !......પણ હું ગરીબ છું. ગુરુપત્ની એને પૈસાની મદદ કરે છે ને સધિયારો આપે છે.

રસ્તે ચાલે છે ને ચુ યિङ્-તાઈની વિદાયના પ્રસંગો સાંભરે છે ને હવે એ બધું હૃદયવિદારક નીવડે છે. પુષ્પિત વૃક્ષ, સારસયુગ્મ, બતકજોડી, મંદિર, કૂવામાં જોયેલાં પ્રતિબિંબ, 'ભેંસનો ભાઈ' બધું જ એક પછી એક જેમ સાંભરે છે તેમ હૃદય ભરાઈ આવે છે : તું ચુ યિङ્-તાઈ છે. જોડી ગોઠવનારી થવા તું કબૂલ થઈ છે. હવે તારે મને પરણવું જ પડશે. ખુશ થતો એ આગળ વધે છે.

પ્રેમિકા પોતાને ઘેર બેઠી પ્રિયતમને ઝંખી રહી છે, ત્યાં દાસી આવે છે : તારે માટે સારા સમાચાર છે. પિતા આવે છે. કહે છે : તારે માટે વર શોધ્યો છે. દીકરી આઘાત અનુભવે છે. કહે છે : હું હજી નાની છું. બાપ દાસીને પૂછે છે : વાત શી છે? સાચું કહી દે. દાસી હાङ્ચાઉમાં વિદ્યાર્થી થઈ રહ્યાની વાત કરે છે. પિતા ગુસ્સે થાય છે. 'એ તો ગરીબ છે', કહી ચાલ્યો જાય છે.

છોકરી માંદી પડે છે. દાસી કહી જાય છે કે કોઇક આવ્યું છે. પેલો વિદ્યાર્થી હસતો હસતો આવ્યો. દાસી ખમચાઈ. એ પણ ખમચાયો. (દાસી પણ હાङ્ચાઉમાં પુરુષવેશમાં જ હતી.) બાપ કહેવડાવે છે કે એને મળતાં પહેલાં દીકરી પોતાને મળી જાય. બંને વચ્ચે ટપાટપી બોલી જાય છે. 'તું જો એને ચાહતી હોય તો એને જીવાડવા ખાતર હું કહું તેને પરણ. નહિ તો હું એને મારી નાખીશ.' છોકરી હા પાડે છે, અને પેલાને મળવા જાય છે. ત્યાં પિતા બંનેની આડે આવે છે—બલકે બંને વચ્ચે પંખો ખોલી આડો ધરે છે. પછી, મારે કામ છે, તમે વાતો કરો, કહી ચાલ્યો જાય છે. નોકરો પણ આઘાંપાછાં થાય છે. પેલો કહે છે : પહેલાં હું તને ભાઈ કહેતો, હવે સ્ત્રી કહું ? પણ આ વાતની જગા નથી, કહી છોકરી એને પોતાના ખંડમાં લઈ જાય છે.

પેલો ખુશહાલ છે. છોકરી ગમગીન છે. 'તું ખાસ કામે આવ્યો છે કે અહીંથી પસાર થતો હતો ?'

'અહીં જ આવ્યો છું. કેમ વળી એક તો તારા પિતાને મળવા અને બીજું તારી બેનને જોવા.'

એ હરખથી અરધોઅરધો થઈ જાય છે. પેલી ચિંતા-પારાવારમાં ડૂબેલી જેવી લાગે છે. કશું વળે એમ નથી. હાङ્ચાઉ છોડયું ત્યારે પોતે લળીલળી જતી હતી, પેલો સમજતો ન હતો. આજે પોતે વજની થઈ ને બેઠી છે. મૌન અસહ્ય બને છે.

'તારે કાંઈ કહેવું છે? કહે. કોઈ વાંધો નથી.'

'પિતાજી બીજા જોડે પરણવાનું મને કહે છે.'

સાંભળતાં જ પેલાને આઘાત લાગે છે. ગુસ્સે થઈ જાય છે :

'કમજોર સ્ત્રી છે તું. મને છેતર્યો છે તેં.'

'ના, હું મા વેં-ચાઈ જોડે કદી નહિ પરણું.' પણ પછી કહે છે : 'મા વેં-ચાઈ પાસે તો જોડી ગોઠવનાર છે. તારે ?'

'મારી પાસે આ રહ્યા બે વાળના-ચીપિયા.' ફરી ક્રોધાયમાન થઈ જાય છે : 'હું કોરટે ચઢીશ. તારો બાપ, મા વેં-ચાઈ ને તું ગુનેગાર છો.' એટલું બોલતાં હાંફ ચઢે છે ને ખુરશીમાં ફસડાઈ પડે છે.

'ચીઢથી શો અર્થ સરવાનો છે? મા વેં-ચાઈ ધનિક છે, મોભાવાળો છે. સમજ્યો ? બીજી શોધી લેજે !'

'મોટી રૂપસુંદરીને પણ પરણી નહિ શકું.' અને એ રડવા જેવો થઈ જાય છે. પ્રેમિકાના મુખ પર મરકલડાં ખીલી ઊઠે છે.

'તું ચીઢાઈશ નહિ. આ તારે માટે રેડું છું', કહી પ્યાલીમાં આસવ રેડે છે. પેલો રીસાય છે ને આ ઊભીઊભી આંસુ સારે છે. છેવટે બોલી : 'હું માફી માગું છું.'

'હું કાંઈ પ્યાલી દારુ પીવા આવ્યો નથી.'

'અરે ભલા, ત્રણ ત્રણ વરસ સાથે ભણ્યાં. તને મારે માટે જરા સરખી સહાનુભૂતિ નથી ?'

'આહ !' કરી પેલો વેદનાથી અમળાય છે.

'તેં મારા કાનમાં વીંધ જોયો હતો, પણ તું સમજ્યો નહિ. વિદાયવેળાએ મેં ઘણાં ઘણાં સૂચન કર્યાં. ન જ સમજ્યો ! અંતે મેં વચન દીધું કે બેન માટે જોડી ગોઠવનારી બનીશ. યાદ કર બધું એ ભૂંડા, અને રીસ કર માં કે હું તને છેતરું છું !'

બંને રડે છે. પસ્તાય છે હવે બહુ મોડું થઈ ગયું. પ્રિયતમાને મનાવવા પ્રેમી પ્યાલી ગટગટાવી જાય છે. પછી તરત થૂંકે છે તો અંદર લોહી ! પ્રેમિકા પડખે ઘૂંટણિયે પડીને એને આશ્વાસન આપે છે. પેલો એને પંપાળે છે ને ધ્રૂસકાંની વચ્ચે વચ્ચે એના શબ્દો આવે છે :

'તારો કશો વાંક નથી. મને તારા માટેનો પ્રેમ વ્યક્ત કરવા દે. એટલો બધો તને ઝંખું છું કે મગજ ખસી ગયું છે. રાતે ઓશીકું ભીંજાઈ જાય છે.' છૂટે મોંએ એનાથી રડી પડાય છે. પ્રેમિકા અંદરથી રાજીરાજી થાય છે. પણ તરત ગમગીન બની જાય છે.

'પાંજરાની પંખિણી હું, બહાર ન જઈ શકું.'

બંને જણાં આંખો લૂછે છે.

'આખી રાત તને ઝંખું છું ને પ્રભાતનો કૂકડો સાંભળું છું' — એમ બોલે છે ત્યાં પ્રેમિક એને ખેંચે છે :

'ચાલ, ચાલ્યાં જઈએ.'

'ના, મા વેં-ચાઈ પાસે ગુંડા છે.'

'તો હું અહીં મરવા માગતો નથી. જાઉં.'

'પાછો આવીશ ને ?'

'માંદગીમાંથી સારો થાઉં કે આવીશ.'

ત્યાં દાસીએ ડોકિયું કર્યું એટલે બંને છૂટાં પડે છે. પ્રેમિકા એક છેલ્લો કારમો બોલ ઉચ્ચારી લે છે :

'તને અકસ્માત્ થાય, સાજો ન થાય તો સ્મારક ઉ[illegible] બંનેનાં નામ મુકાવજે. પાછળ આત્માઓ એક થશે.'

લ્યાંગ શાન-પો ભારે માંદગીમાં હોવાના સમાચાર મ[illegible] ચુ યિંગ-તાઈ એને મળવા જવા પિતાની રજા માગવા [illegible] છે. બાપ અણગમો બતાવી છેવટે હા પાડે છે.

શ્વેત વસ્ત્રમાં લ્યાંગ શાન-પોના ઘર આગળ આવે છે [illegible] ત્યાં કફન મૂકેલું. 'હું માની શકતી નથી કે તું મરી ગયો [illegible] પહેલાં પંખીના બોલમાં શુભ શકુન સંભળાતા. હવે કાગડ[illegible] અવાજમાં દુર્ભાગ્ય સાંભળવાનાં આવ્યાં. અરેરે ! મર્યો, [illegible] તારી આંખ ખુલ્લી છે. દુઃખથી પૂરો મર્યોય નથી. [illegible] પૂરું પ્રગટ થયું નથી ! એક આંખ ખુલ્લી કેમ છે ? [illegible] મનમાં કાંઈ રહી ગયું છે ? હજીય મને યાદ કર્યાં કરે છે !'

એ ક્ષણે એની આંખ બંધ થઇ.

'અહીં જ હું દેહ પાડવાની.' પણ ત્યાં નોકર આ[illegible] એને લઈ જાય છે.

મા વેં-ચાઈ પાલખી લઈને કન્યાને તેડવા આવે [illegible] પાછા વળતાં રસ્તે એક ગોળ સમાધિ આવે છે. જુએ છે તો [illegible] એ નામ લખેલાં છે. છોકરીનું લાલ અક્ષરે લખેલું છે. [illegible] મારફત સમાધિને પગે લાગવાની મા વેં ચાઈ પાસેથી [illegible] મેળવી ચુ યિંગ-તાઈ પાલખીમાંથી નીચે ઊતરે છે. સમ[illegible] પાસે જાય છે ત્યાં એના વેદનાવિલાપથી એકાએક [illegible] કડાકા ને વીજળીઓ થાય છે. સમાધિ વચ્ચોવચથી ફાટે [illegible] પ્રેમિકા અંદર સમાઈ જાય છે.

બંને પ્રેમીઓના જીવ સુંદર પતંગિયાં રૂપે પ્રત્યક્ષ થા[illegible] અને દિવ્ય ઉલ્લાસમાં હવામાં નર્તન કર્યાં કરે છે.

આ જ નાટક અમે ગામડાંમાં ગયેલા ત્યાં ખેડૂતકન્યાઓ[illegible] બતાવ્યું. તાઓ ધર્મનું જૂનું મંદિર હતું. પૂજારી બીજે [illegible] મોટા મંદિરમાં જઈને રહ્યો છે એમ જાણ્યું. મૂર્તિ[illegible] પાછળના એક ઓરડામાં ભરી રાખી હતી. આખા વિ[illegible] ખંડમાં જમીનથી થોડે ઊંચે બેસવા માટે જાડી પીઢો [illegible] પર ગોઠવી દીધેલી. ખંડ સભાગૃહ કે પ્રેક્ષકાગાર બની [illegible] સામે રંગપીઠ કરેલી. થોડાંક સાધનોથી પણ સુંદર [illegible] રજૂઆત કરી હતી. દુભાષિયાએને કહ્યું કે ચુ યિંગ-તાઈ [illegible] વારંવાર કરે છે લોકનાટક હોઈ કેટલાક અંશ અહીં [illegible] પણ હતા. ગ્રામમંડળી માટે કળાનું ધોરણ ખરે જ [illegible]

કારક કક્ષાનું હતું. ત્રીજે દિવસે અમે બીજે ગામડે ગયેલા ત્યારે શકરીઆં ખોદવાના કામમાં ગૂંથાયેલ લ્યાંગ શાન-પોનો પાઠ લેનાર બહેને ઊંચા હાથ કરી અમને દૂરથી જયજય કર્યાં હતા.

*

કેન્ટનમાં સમય બહુ ન હતો, પણ કેન્ટન તરફ સંગીતની શૈલી જુદી છે. તેનો કાંઈક પરિચય કરવાનો લોભ હતો. વ્યવસ્થા થઈ. નાટકઘરના દરવાજા પાસે ફળ વગેરે વેચનારાઓ બેઠા હતા. કાગળિયાં ઊડતાં હતાં. અંદરથી મકાન પણ ખખડી ગયેલું, તોતિંગ, જૂની ઢબનું હતું. નાટક ક્યારનું શરૂ થઈ ગયું હતું. સ્વર્ગની એક પરી પૃથ્વી ઉપરના એક ભરવાડ સાથે આવીને રહે છે. ભરવાડની ને એના બળદની વચ્ચેનો પ્રસંગ રસપ્રદ હતો. માણસ જ, પણ બળદનું મ્હોરું પહેરેલું. બે પગે ઊભો હતો. એમની વાતચીતમાં ઘણી મજાક પણ ઊડી રહી હતી. આખું શેક્સ્પિયરના ગર્દભમુખ બૉટમની યાદ આપે એવું હતું. (આ નાટક તો શેક્સ્પિયરથી ઘણું પુરાણું હતું.) સ્વર્ગ અને પૃથ્વીનાં દૃશ્યો બહુ ચિત્તાકર્ષક હતાં. પણ સૌથી વધુ રસપ્રદ હતું સંગીત. મોટાં કાંસીજોડાં જોરથી વારંવાર અફાળવાનો અવાજ ચાલુ આવ્યાં કરે અને વચ્ચે ઈઈઈઈઈ—નાં પારાવાર આવર્તન. એ સંગીતના આરોહઅવરોહ અને લયમાધુર્ય મને તો બહુ સંતર્પક લાગ્યાં. બીજે દિવસે સવારે નીકળવાનું હતું. રંગનાં તો ચટકાં હોય — એમ કરી અધવચથી જ અમે ચાલી નીકળ્યા.

[પ્રગટ થનાર "**ચીનમાં ૫૪ દિવસ**"માંથી.]

સ્ટીમરને કઠેરે

દીપાવલી મૂર્તિમતી સુરમ્ય
સમી સરે સ્ટીમર રાત્રિસાગરે,
ઉવેખતી સૂસવતા સમીરને.

ટેકી જરા સ્ટીમરને કઠેરે,
અનેકમાં એકલભાવમગ્ન,
અનન્તના કો કણશો વિમુગ્ધ
અગમ્ય કો વિસ્મયમાંહિ ડૂબ હું.

જીવન્ત અંધાર સમો વિશાળ
ઊછળો હતો સિન્ધુ અસંખ્યહસ્ત
અઘોર, કો તાંડવ ઉચ્છલન્ત.

અમેય આકાશ, અસંખ્ય તારકો,
મંદાકિનીની જલઊર્મિમાલા,
હૈયા મહીં સિન્ધુ બધું વિલોપતો,
અંધારમાં કૈં કરતો રસાયન.

અકલ્પ્ય બ્રહ્માંડ તણાં રહસ્યો
ઉકેલવા બુદ્ધિ તણે પ્રકાશ
મથે યથા કો નવતત્ત્વચિન્તક,
તેવો ત્યહીં પશ્ચિમ કેરી બારીએ
નિહાળતો સાગર મુગ્ધ શુક્ર !
અતાગનો તાગ કંઈક લેવા
પ્રસારતો શું નિજ રશ્મિદંડ ?

નિહાળીને બાલિશ ખેલ એના
હસન્ત અંભોધિ પ્રચંડવીર્ય
ઉવેખતો, નિત્ય સહસ્રહસ્તે
બજાવતો કાલમૃદંગ ઘોર.

ભલે, હશે તાગ કદીક આવ્યો
છલી રહ્યા આ જલરાશિ કેરો;
પરંતુ ગર્જન્ત અનન્ત ઘોષ આ
કદી કયમે કોઈથી જાય માપ્યો ?

નિઃસીમ તાને,
નિજ ઊર્મિગાને
ભરી રહ્યો સિન્ધુ અનન્તતાને.
એ ગાનથી નીરવ અંતરેયે
જાગે રમે ચિન્તનતારરણઝણો.

ઊભી અહીં સ્ટીમરને કઠેરે
સરન્ત આ અદ્ભુત રાત્રિસાગરે
પૂર્વે કદી જે નવ ભાવ ચિન્તવ્યો
સુસ્પષ્ટ તે અંતરમાંહિ ઉચ્છલ્યો.

શાન્તિ ઘોષમયી ઊંડી સિન્ધુના અંતરે મહા
ઉલ્લસન્તી કંઈ દીઠી બ્રહ્માંડ ભરતી મુદા.

૧૫–૧૦–'૩૮ — સુંદરજી ગો. બેટાઈ

દરિયા સાથે દિલ્લગી—હેમિંગ્વેની પુલિટ્ઝર પારિતોષિક વાર્તા

ચુનીલાલ મડિયા

ત્રીસ હજારથીય ઓછા શબ્દોમાં લખાયેલી, માંડ સો-સવાસો પાનાંની આ લઘુનવલને ખુદ પ્રકાશકોએ જ આત્મશ્રદ્ધાથી 'ક્લાસિક' કહીને બજારમાં મૂકેલી. એ વેળા વિવેચક માલ્કમ કાઉલીએ આ કૃતિનું ગુણદર્શન કરાવતાં યોગ્ય ટકોર કરેલી કે અગાઉના જમાનામાં તો કોઈ પણ સાહિત્યકૃતિને 'ક્લાસિક' માં ખપતાં સહેજે ત્રણચાર સૈકાં વીતી જતાં. પણ આજના વિદ્યુદ્વેગી અણુયુગમાં પુસ્તક પ્રગટ થતાં જ અમરત્વ પામી જાય એમાં કશું આશ્ચર્ય નથી. ક્લાસિક એટલે 'સ્થળકાળ, વસ્તુવિષય અને માવજતની મર્યાદાઓ સ્વીકારીને સરજાતી બિલકુલ ક્ષતિરહિત સર્વાંગસુંદર કલાકૃતિ' એ વ્યાખ્યા અનુસાર હેમિંગ્વેની આ લઘુ રચના પણ ગૉથિક કેથેડ્રલ નહિ પણ ગ્રીક દેવળોના વર્ગમાં બેસી શકે એવું સંપૂર્ણસુંદર સર્જન છે.

જે અર્થમાં પન્નાલાલકૃત 'મળેલા જીવ' કરતાં પણ 'વળામણાં' વધારે કલાત્મક છે એ અર્થમાં હેમિંગ્વેકૃત 'ફૉર હુમ ધ બેલ ટોલ્સ' કરતાં 'ઓલ્ડ મૅન ઍન્ડ ધ સી' ચઢિયાતી કૃતિ ગણાય. 'વળામણાં'ની જેમ આ કથામાં પણ ઓછામાં ઓછાં પાત્રો છેઃ ખુદ માછલીને પણ ગણતરીમાં લેતાં, રોકડાં ત્રણ પાત્રોની આ વાત છે. હવાનાને કાંઠે ગલ્ફ સ્ટ્રીમમાં માછલાં પકડનાર સાન્ટીઆગો નામના એક વયોવૃદ્ધ માછીમારની આ કથા છે. જિંદગીને આરે પહોંચેલા આ જૈફ માણસને ભયંકર એકલવાયાપણું પીડી રહ્યું છે. પોતાની ઝૂંપડીમાં એણે દીવાલ પરથી પત્નીની છબી ઉતારીને ઈસુ ખ્રિસ્તનું ચિત્ર ટાંગી દીધું છે. દરિદ્રતા એવી છે કે ટંકે ટંકના ભોજનનાં ફાંફાં મારવાં પડે છે. એવામાં એને એક માછીમારનો છોકરો મદદનીશ તરીકે મળી જાય છે. ડોસો આ છોકરા પાસે પોતાની દરિદ્રતા છૂપાવવા મથે છે—ભૂખ્યે પેટે ઓડકાર ખાવાની રીતે એ આ છોકરાને તેમ જ પોતાની જાતને પણ છેતરતો રહે છે.

સદ્ભાગ્યે આ બન્ને જણાને દરિયા પ્રત્યે દિલ્લગી જામી છે. આ લોકો આપણા સાગરખેડુઓની જેમ સાગરને 'દરિયાપીર' ગણીને પૂજનઅર્ચન નથી કરતા. સમુદ્ર માટેનું એમનું સંબોધન પુરુષવાચક નહિ પણ સ્ત્રીવાચક છેઃ એના પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કરવા માટે તેઓ સ્પૅનિશ બોલીમાં 'લા માર' સ્ત્રીવાચક સંબોધન વાપરે છે. ડોસો માને છે કે સમુદ્રમાં પણ સ્ત્રીહૃદયની જેમ રોષ તેમ જ રહમ અભરે ભર્યાં હોય છે. ચન્દ્રની પ્રતિદિન પલટાતી કલાને પરિણામે સ્ત્રીહૃદયની જેમ સાગરના હૃદયમાં પણ ભરતીઓટની વિવર્તલીલા અહોનિશ ચાલ્યાં કરે છે. દીવાલ પરથી પત્નીની છબી ઉતારી લેનાર આ એકાકી વૃદ્ધ પુરુષ સાગરદેવી સાથેની દિલ્લગીમાં ઓતપ્રોત થઈ જાય એમાં શી નવાઈ?

રોજ પ્હો ફાટતાં પહેલાં ડોસો તથા છોકરો મછવામાં બેસીને શિકારની શોધમાં નીકળી પડતા, પણ કિસ્મત એમને યારી નહોતું આપતું. દિવસો સુધી ડોસાની જાળમાં માછલી ન આવતાં, છોકરાને એનાં માબાપે બીજા મછવામાં મોકલી આપ્યો. પોતે એકલો પડવા છતાં ડોસાએ તો પ્રયત્નો જારી જ રાખ્યા. ચોરાસી–ચોરાસી દિવસ સુધી માછલી પકડવાની મિથ્યા મથામણ કર્યા છતાં ડોસો હજી હતાશ નહોતો થયો. એણે તો વધારે દૂર–મઝધાર–માં માછલીની ખોજ આદરી. સાગરના પેટાળમાં વધારે ઊંડે જાળ ઉતારતાં આખરે એક જબરજસ્ત માછલી સપડાઈ ગઈ. વિશાળકાય મત્સ્યને સહીસલામત કાંઠે ઉતારવાનું સહેલું નહોતું. શિકાર અને શિકારી વચ્ચે સાચું દ્વંદ્વયુદ્ધ જામે છે. શિકારની તાકાત અને શિકારીની હોંશિયારી વચ્ચેનો એ સંગ્રામ બની રહે છે. ડોસો વિચારે છે: 'માછલીનું મન તો માનવ-આંખથી દૂરસુદૂર, સાગરના પેટાળનાં કાળાં ડીબાણ પાણીમાં પડ્યાં રહેવાનું છે. મારું મન એને ત્યાંથી પકડીને લઈ જવાનું છે.' આ માછ

પોતાના શિકારને ઉદ્દેશીને બોલે છે પણ ખરો: 'માછલી, હું તને ચાહું છું, તારી સાથે મને મહોબ્બત છે, બેહદ મહોબ્બત છે, પણ સૂરજ આથમતાં પહેલાં મારે તને મારી નાખવી જ રહી.'

સૂરજ આથમે છે ને આખી રાત મછવો ઊગમણી દિશામાં આગળ વધતો રહે છે. બીજે દિવસે એના હાથમાં હતા માછલાં આવતાં એનું કાચું માંસ ખાઈને એ શરીરમાં તાકાત જાળવી રાખે છે, જેથી પેલી માછલી સાથેની લડાઈમાં પોતે ટકી રહી શકે. ઘડીક વાર તો એને થાય છે કે આ બિચારી ભૂખી માછલીને પણ થોડું માંસ ખવડાવું! એ પણ મારા એક ભાંડુ સમોવડી જ ગણાય. પણ મારે એનો ખાતમો કર્યા વિના પણ ચાલે એમ નથી.

આખરે ત્રીજે દિવસે આ જંગ પરાકાષ્ઠાએ પહોંચે છે. બન્ને પક્ષો મરણિયા થઈને, જીવ પર આવીને ઝઝૂમે છે. 'માછલી, તું તો મને મારી નાખીશ!' ડોસો મનશું બોલે છે, 'પણ મારો જાન લેવાનો તને અધિકાર છે. તારાથી મોટી, તારાથી વધારે રૂપાળી, સૌજી કે ખાનદાન માછલી મેં જિંદગીભરમાં જોઈ નથી. આવી જા, મને મારી નાખ. કોણ કોને મારે છે એની હવે મને પરવા નથી.'

કથામાં 'હવે શું બનશે?' એવું કુતૂહલ સતત રહ્યાં જ કરે છે. આખરે સાન્ટીઆગો માછલીને મારી નાખે છે ત્યારે પણ કુતૂહલનો અંત તો નથી જ આવતો. મરેલી માછલીને લઈને એ કાંઠા તરફ આગળ વધે છે ત્યારે એને શાર્ક માછલીઓનો સામનો કરવો પડે છે. પહેલી શાર્કને મારવા જતાં એને ભાલો ગુમાવવો પડે છે. પણ તુરત એ હલેસાને છેડે છરી બાંધીને બીજી બધી શાર્કનો સામનો ચાલુ રાખે છે. 'માનવી પરાજય પામવા માટે નથી સરજાયો' એવું સૂત્ર ઉચ્ચારીને એ ઝઝૂમે છે. પણ ઘવાયેલી પહેલી શાર્કના લોહીની ગંધ પારખીને વધુ માછલીઓ ધસી આવે છે. એમાંથી પણ ત્રણ તો પેલી છરી વડે વીંધાઈ જાય છે, ત્યાં તો છરીના જ ટુકડા થઈ જતાં ડોસો સાવ નિઃશસ્ત્ર બની જાય છે અને મહામહેનતે શિકારમાં સાંપડેલી પેલી મોટી માછલીનું માત્ર હાડપિંજર જ એના હાથમાં રહેવા પામે છે.

ભંગાર મછવો હાંકતો હાંકતો એ ઘર તરફ વળે છે ત્યારે મનમાં વિચારતો હોય છે: 'મેં શા કારણે આટલો માર ખાધો? કારણ એટલું જ કે હું બહુ દૂર—વધારે પડતો દૂર—નીકળી ગયેલો.'

*

પહેલી નજરે તો સાગરજીવનની સાવ સામાન્ય સાહસ-કથા જેવી લાગતી આ વાતનો ધ્વન્યર્થ ઊંડો છે. આ એકાકી માછીમારે દરિયામાં લાંબે અંતરે ઊંડાણે જઈને માછલી પકડી એ બદલ એને કાવ્યન્યાય જેવી સજા થઈ. પણ એક અચ્છા કાબેલ માછીમારની અદાથી એણે માછલી સામે ટક્કર ઝીલી હતી, એની સાથે મહોબ્બત કરી હતી અને આખરે એને મારી નાંખી હતી એ જોતાં પરાજયની નામોશીમાંથી તો એ ઊગરી ગયો હતો. એણે માછલાં વેચીને એ પૈસા પેદા કરવા માટે કે શિયાળામાં એની સુકવણી કરવાના ઇરાદાથી આ સાહસ નહોતું ખેડ્યું. એનો ઉદ્દેશ તો, માનવસહવાસ માટેનો પોતાનો અધિકાર સ્થાપિત કરીને એકલવાયાપણા ઉપર વિજય મેળવવાનો જ હતો એ દૃષ્ટિએ જોતાં એના વિજયની કદરબૂઝ પણ થાય છે. એના મછવા પર મૃત માછલીનું જબરજસ્ત હાડપિંજર જોઈને બીજા માછીમારો આ ડોસા પ્રત્યે ફરી વાર આદર અને અહોભાવ દાખવવા માંડે છે અને પેલો ચાલ્યો ગયેલો છોકરો પણ, હવે તો માબાપની આજ્ઞાને અવગણીને પણ ફરી વાર ડોસાના મછવા પર રહેવા આવી પહોંચે છે.

આધ્યાત્મિક દૃષ્ટિએ આ કથાનું વિવરણ કરતા વિવેચક કાર્લોસ બેકર આને ધાર્મિક રૂપકકથા તરીકે ઘટાવે છે. (અલબત્ત, આમાંનાં પ્રતીકો ખ્રિસ્તી ધર્મનાં હોવાથી, બિન-ખ્રિસ્તી વાચકો એનો પૂરેપૂરો આસ્વાદ ન માણી શકે એ સમજી શકાય.) પોતાના જીવનકાળ દરમિયાન બબ્બે વિશ્વયુદ્ધના સાક્ષી બની ચૂકેલ હેમિંગ્વે પણ, ટી. એસ. એલિયટની જેમ ધાર્મિક આસ્થા ધરાવે છે. પોતાની પચાસમી જન્મગાંઠને પ્રસંગે પ્રગટ કરેલી આ કથામાં એ ધર્મભાવના વણાઈ ગઈ હોય એમાં કશી નવાઈ નથી. "ફોર હુમ ધ બેલ ટોલ્સ"માં લેખકે વૃદ્ધ એન્સેલ્મોના પાત્રમાં આદર્શ પાપભીરુ ખ્રિસ્તીનું આલેખન કરેલું. પ્રસ્તુત કથામાં બુઝર્ગ સાન્ટીઆગો મછવામાંથી જખમી થઈને લોહી-નીંગળતો નીચે ઊતરે છે. એની હથેળીમાં તોતિંગ રસ્સા-દોરડાના ઊંડા ઊંડા વઢ પડી ગયા હોય છે. ખભા પર કૂવાથંભ ટેકવીને એ ટેકરી પર ચડી જાય છે. ઝૂંપડીમાં જઈને, ખાટલાની સ્પ્રિંગ પર જતું છાપું પાથરીને ક્રૂસારૂઢ

અનુસંધાન પૃ. ૨૬૫ ઉપર]

‘ આર્યાના ’ : અફઘાનિસ્તાન

સુમન્ત મહેતા

આપણા દેશ(આર્યાવર્ત)ના પ્રજાજીવનમાં એક યુગ એવો હતો કે જ્યારે આપણા રાજાઓ અને તેમનાં સૈન્યો, સાધુસંતો અને વિદ્વાનો તથા મુસાફરો જગતના અન્ય દેશોમાં જઈને આર્યસંસ્કૃતિનો પ્રચાર અથવા તેની સ્થાપના કરતા હતા. છેલ્લાં એક હજાર વર્ષથી આપણી પ્રજા આવું કરી શકી નથી કારણ કે આપણા દેશ પર મુસ્લિમ રાજ્ય તથા ઇસ્લામની સંસ્કૃતિનું એટલું જબરું આક્રમણ સતત ચાલુ રહ્યું હતું કે આપણી સંસ્કૃતિનું રક્ષણ કરવામાં, તેમ જ આપણી સંસ્કૃતિમાં સડો પેઠો હોય તે દૂર કરવામાં, અને ઇસ્લામમાંથી જે કંઈ સ્વીકારી લેવા જેવું જણાયું હોય તે પચાવીને આપણી સંસ્કૃતિ સાથે તેનો સમન્વય કરવામાં આપણી બધી શક્તિ વપરાઈ જતી હતી. આ કારણને લીધે સિલોન, બ્રહ્મદેશ, મલય પ્રદેશ, જાવા, સુમાત્રા, કંબોડીઆ, સિયામ, ચીન, તીબેટ વગેરે દેશોની પ્રજા સાથેનો આપણો સંપર્ક ઘણો ઘટી ગયો. આપણા વેપારીઓ અને ખલાસીઓ આ બધા દેશોમાં જતા હતા પણ તેમનો સંપર્ક માત્ર કામધંધા પૂરતો છીછરો રહેતો. પશ્ચિમ દિશામાં આવેલા દેશો સાથે વેપાર તો ચાલુ રહ્યો હતો. અરબસ્તાન, ઈરાન અને અફઘાનિસ્તાન એ ત્રણે દેશોની સાથે આપણો વેપારી સંબંધ તો ચાલુ રહ્યો છે, તે છતાં આ બધા દેશોના વાઙ્મય, ઇતિહાસ, ભૂગોળ વિષે આપણા સાહિત્યમાં જોઈએ તેટલું સાધન નથી અને મુસાફરીનાં વર્ણનો જેમાં દેશનું રાજકારણ, પ્રજાના રીતરિવાજો, સૌન્દર્યસ્થાનોનાં વર્ણનો, જૂનો અને નવો ઇતિહાસ—વગેરેનાં લખાણો આપણી ભાષાઓમાં ઘણાં ઓછાં છે.

અફઘાનિસ્તાનની અંદર આપણાં ઘણાં હિંદી કુટુંબો વસવાટ કરી રહ્યાં છે. તેમાંનાં ઘણાં હિંદુધર્મ પાળે છે (હિંદુ, શીખ) અને તે છતાં તેમાંથી કોઈ પણ વ્યક્તિએ સારું પુસ્તક લખ્યું હોય એવું આપણા જાણવામાં નથી. હિંદુઓએ લખેલાં પુસ્તક અંગ્રેજી કે હિંદી ભાષામાં છ[illegible] હશે તો તે જૂજ હશે.

“આર્યાના” એ અંગ્રેજી ભાષામાં લખેલું અને [illegible] છપાયલું પુસ્તક છે. એ પુસ્તકના લેખકનું નામ આપ્યું [illegible] અને પુસ્તકની કિંમત લખી નથી, માત્ર તેની પ્રસ્તાવના [illegible] રહમાન પેઝવાકે લખી છે. આ પેઝવાક કોણ છે તેનો નિ[illegible] થયો નથી. હું અનુમાન એવું કરું છું કે બ્રિટનના અ[illegible] એલચીખાતા તરફથી પ્રગટ કરીને પ્રચારાર્થે આ પુ[illegible] વગદાર સજ્જનોને ભેટ આપવામાં આવતું હશે. મને તે[illegible] એક નકલ દિલ્હીના અફઘાન એલચીખાતાના એક અ[illegible] આપી હતી. હાલમાં અફઘાનિસ્તાનના જે પાદશાહ છે[illegible] દુર્રાની કુટુંબના છે અને તે જ વંશના એક નબીરાએ [illegible] આ પુસ્તક આપ્યું છે.

આજે જે દેશ અફઘાનિસ્તાન કહેવાય છે તે નામ [illegible] પુરાણું નથી. અહમદશાહ દુર્રાનીએ ૧૮મી સદીના [illegible] ભાગમાં મોટું રાજ્ય સ્થાપ્યું તેને અફઘાનિસ્તાન [illegible] આપવામાં આવ્યું. કંદહાર તેનું પાટનગર હતું. એટલે [illegible] નામને માત્ર બસો વર્ષ થયાં છે. ત્યાર પહેલાં તેને ખો[illegible] કહેતા હતા. બાબરની રોજનીશીમાં આ નામ વપરા[illegible] આ શબ્દનો અર્થ “ જે દેશમાંથી સૂરજ ઊગે છે તે” [illegible] છે, અને અરબસ્તાન તથા ઈરાનના લોકો આ શબ્દ [illegible] હતા. વધારે જૂનું નામ આર્યાના છે, આર્યપ્રજાનો દે[illegible] જૂના કાળમાં આર્યાનાની ઉત્તર સીમા આસુદરિયા નદી[illegible] ઉત્તરમાં હતી. અહીં અવિભક્ત આર્યપ્રજા રહેતી હતી [illegible] આજે જેમ હિંદ અને પાકિસ્તાન છૂટાં પડ્યાં છે તેમ [illegible] પ્રજાનો એક વિભાગ પૂર્વ દિશામાં સિંધુ નદીને પાર [illegible] હાલના ભારત દેશમાં આવ્યો અને બીજો વિભાગ [illegible] તરફના ઈરાનના ઊંચા મેદાનમાં ચાલ્યો ગયો. ત્રીજો [illegible] આજના અફઘાનિસ્તાનમાં રહ્યો જ હશે. પા[illegible]

ધર્મશાસ્ત્ર ઝંદ અવેસ્તા(યસ્ત)માં જણાવ્યું છે કે આજના હિંદુકુશ પહાડોની પૂર્વમાં જે દેશ છે તે આઈરીન–વીજો અથવા આર્યનમ–વીરજુ કહેવાય છે. સંસ્કૃત ભાષામાં શબ્દ છે આર્યાવર્ત અથવા આર્યવર્ષ. પશ્તો ભાષામાં વર્ષનો અર્થ ચરવાનું સ્થાન (ગોચર) થાય છે, પશ્તો એ અફઘાનિસ્તાનની તથા પખ્તુનિસ્તાનની જીવતી પ્રચલિત ભાષા છે.

આ પુસ્તકમાં જણાવ્યા પ્રમાણે અવેસ્તામાં આર્યોનાના ૧૬ વિભાગો અથવા પ્રદેશો જણાવ્યા છે. આ સોળમાંથી ૧૫ આજે ઓળખી શકાય છે. તેમાં હપ્ત હિંદુ (સપ્ત હિંદુ) પ્રદેશ છે કે જે આજ સુધી પંજાબ કહેવાતો હતો. હવે તો આ પંજાબના બે વિભાગ પડી ગયા છે અને આ સાત કે પાંચ નદીઓ એક જ દિશામાં રહી નથી. અવેસ્તામાં જણાવેલી હકીકત સૌથી વધારે જૂની—બેત્રણ હજાર વર્ષ પહેલાંની હશે. આર્યોનાના લેખકે જણાવ્યું છે કે વેદના જૂના શ્લોકો આ દેશમાં લખાયા હતા અને આજે જ્યાં બલ્ખ નામનું શહેર છે તેની આસપાસનો પ્રદેશ બખ્તાર કહેવાય છે. ગ્રીક લોકો તેને બેક્ટ્રીયા કહેતા હતા તેને અવેસ્તામાં બુખડી કહ્યો છે. ત્યાં ધર્મગુરુ ઝોરાસ્તર, ઝરથુસ્ત્ર રહેતા હતા અને ત્યાં એમણે ધર્મશાસ્ત્રો લખેલાં. આવી રીતે આર્યોનામાં એ મોટા ધર્મોની સ્થાપના થઈ હતી. આખમીનિયાના શિલાલેખોમાં પણ અફઘાનિસ્તાનના વિભાગો એટલે પ્રાંતોનાં નામ આપ્યાં છે. આ લખાણો ઈ. સ. પૂર્વે ૫૦૦ના સમયનાં હશે. પછી ગ્રીક ઇતિહાસકાર હેરોડોટ્સ, સ્ટ્રાબો વગેરે અનેક લેખકોએ અફઘાનિસ્તાન વિશે હકીકત આપી છે.

અફઘાનિસ્તાનની ઉત્તરે જે ફરઘાનાનો પ્રદેશ છે તેમાં આર્યપ્રજા વસી હતી. તેમનો મુખ્ય વ્યવસાય પશુઉછેર અને પશુપાલનનો હતો. વધારે દક્ષિણ પૂર્વમાં રહેતા આ આર્યોએ ખેતી પણ શરૂ કરી હશે, અને ધાતુ ગાળવાનો હુન્નર પણ કેળવ્યો હશે. વેદના બધા શ્લોકો એક જ સ્થળે અને એક જ સમયે રચાયા હશે એવું માનવાને કંઈ કારણ નથી. આ પુસ્તકમાં એવું સૂચન છે કે સોમરસ જે વનસ્પતિમાંથી કાઢવામાં આવતો હતો તે અફઘાનિસ્તાન અને તેની ઉત્તરે આવેલા પ્રદેશમાં જ ઊગે છે, હિંદ દેશમાં નહીં. લેખક એવું માને છે કે આ શાસ્ત્રોની અસર અફઘાન પ્રજા પર ઊંડે ઊંડે ભીતરી છે અને તે કારણે આજના રીતરસમો તથા રોજિંદા વર્તનમાં પણ જણાઈ આવે છે.

ઝરથુસ્ત્રના ધર્મની અસર પણ ઘણી ઊંડી પડી હતી. એ પણ આર્યપ્રજાનો એક ધર્મસંસ્થાપક હતો. રાજા વેશાસ્પ અને ગુસ્તાસ્પનો એ કુટુંબી હતો અને વેશાસ્પે એના ધર્મને સ્વીકારીને તેનો ખૂબ પ્રચાર કરેલો. એક નાની હકીકત નોંધવા જેવી છે કે આ "અસ્પ" જાતિએ ઘોડેસ્વારીને ખૂબ ખીલવી હતી, અસ્પ અને અશ્વ બન્ને એક જ ધાતુમાંથી ઉત્પન્ન થયા છે.

ઈ. સ પૂર્વે ચોથી સદીની શરૂઆતમાં મહાન સરદાર આલેકઝાંડરે ગ્રીક સૈન્યવડે ઈરાન વગેરે દેશો જીત્યા. એના મૃત્યુ પછી હજારો ગ્રીક ઈરાન, અફઘાનિસ્તાન, પશ્ચિમ હિંદ વગેરે દેશોમાં વસ્યા. તેમણે નવાં નવાં રાજ્યો સ્થાપ્યાં. રાજ્યો સ્થપાયાં અને વિખેરાઈ ગયાં, પણ ગ્રીક ફિલસૂફી તથા કળા-હુન્નરની અસર અનેક દેશોમાં થઈ. ચન્દ્રગુપ્તે ગ્રીકોને હરાવીને હાંકી કાઢ્યા તથા પાટલીપુત્રમાં મોટું રાજ્ય સ્થાપ્યું પણ તેની સાથે સાથે હિંદ દેશમાં એક નવી હિંદુ–ગ્રીક સંસ્કૃતિ પેદા થઈ અને હિંદુ–ગ્રીક લલિતકળા પણ ખીલી. તેની જ રીતે ગ્રીક–બેક્ટ્રીઅન સંસ્કૃતિ પણ ઉત્પન્ન થઈ અને આ બન્નેની અરસપરસ અસર ઘણાંઘણાં વર્ષો સુધી ચાલી. સાથેસાથે એ કહેવાની જરૂર છે કે મહારાજા અશોકના સમયમાં બૌદ્ધધર્મ એશિયાખંડના અનેક દેશોમાં ફેલાઈ ગયો ત્યારે અફઘાનિસ્તાન પણ તેમાંથી બચ્યો નહોતો. છેક ઈ. સ. ૯૦૦ સુધી એટલે લગભગ ૧૦૦૦ વર્ષ સુધી બૌદ્ધ સંસ્કારો અફઘાનિસ્તાનમાં વધારે ઓછા પ્રમાણમાં મોજૂદ હતા. તેની સામે બેક્ટ્રીઓ-ગ્રીક લશ્કરો વારંવાર હિંદ પર આક્રમણ કરીને હિંદમાં આવીને રાજ્ય કરતાં તેથી ગ્રીક અસર પણ થયાં કરતી હતી. અફઘાનિસ્તાનમાં અનેક જાતિઓ આવતી, રાજ્ય કરતી અને હારીને નાસી જતી. હિંદ દેશના પશ્ચિમ વિભાગમાં પણ સેંકડો વર્ષો સુધી આવું થઈ રહ્યું હતું. અફઘાનિસ્તાનમાં તેમ જ પશ્ચિમ હિંદમાં એ કહેવું મુશ્કેલ છે કે અમુક જાતિ કે ટોળી એ ક્યાંથી આવી અને કઈ પ્રજામાંથી ઉત્પન્ન થઈ છે. અફઘાનિસ્તાનનું બલ્ખ તો એશિયા અને યુરોપ વચ્ચેના ધોરી માર્ગમાં આવેલું છે અને ત્યાં તો વર્ણસંકર, પારવિનાનો થયો હશે. પણ ઉત્તર ગુજરાતમાં ઔદિચ્યો, નાગરો, કુર્મિ ક્ષત્રિયો કે વૈશ્યો કયા જાતિસંકર-(ખીચડા)માંથી ઉત્પન્ન થયા છે તે કોણ જાણે છે? ભાંડારકરે એવું સૂચન કર્યું નથી કે વડનગરા નાગરબ્રાહ્મણો એ બેક્ટ્રીઅન ગ્રીકમાંથા પેદા થયા છે? લગભગ ૧૦૦૦–૧૫૦૦ વર્ષો સુધી

પશ્ચિમ અને મધ્ય એશિયામાં રાજ્યોની ઉથલપાથલ થયાં કરતી હતી, જુદી જુદી જાતિઓ દૂર દૂર જઈને વસતી, એ યુગમાં તલવાર મારે તેનું રાજ્ય થતું, થોડાં વર્ષોમાં તે રાજ્ય ભૂંસાઈ જતું અને પ્રજા પણ સેળભેળ થઈ જતી હતી. અનેક ધર્મોના, અનેક સંસ્કારોમાંથી નવા સમન્વય થતા, અને કલાઓનો પ્રચાર ખૂબ થઈ રહ્યો હતો. અફઘાનિસ્તાન અને હિંદુસ્તાન એ બન્ને અડીઅડીને આવેલા પાડોશી દેશો છે, પ્રજા આમથી તેમ ફર્યાં કરતી હતી. સંસ્કારોની આપ-લે થતી હતી, અને પ્રજાનું લોહી પણ અમુક પ્રમાણમાં સેળભેળ થતું હતું. ગાંધાર એ આજના કંદહારનો પ્રદેશ છે. ગાંધારી કૌરવોને પરણી હતી. જ્યારે ઇસ્લામનો ફેલાવો થયો ત્યારે ગઝનવી વંશના મહમદે હિંદ દેશ પર હલ્લા કર્યા. જ્યારે દિલ્હીમાં મુસ્લિમોનું રાજ્ય સ્થપાયું ત્યારે માત્ર ગઝનીનો ગઝનવી નહીં પણ લોદી સુલતાનો પણ અફઘાન હતા; અને અકબર બાદશાહના રાજ્યમાં મોગલ સૈન્યના રાજપૂત (હિંદુ) સૂબેદાર કંદહારમાં રાજ્યસત્તા ભોગવતા હતા, એમ કહી શકાય કે અફઘાનિસ્તાનમાં હિંદુઓનું રાજ્ય હતું.

વર્તમાન આર્યાના

મહમદની હિજરત પછી લગભગ ૧૨૯ વર્ષ સુધી ખોરાસાન (અફઘાનિસ્તાન) આરબ સૈન્યોની સામે ટક્કર ઝીલ્યાં કરતું હતું, હારતું અને જીતતું, આરબ સૈન્યો અફઘાનિસ્તાનમાં વસવાટ કરતાં અને પાછા અફઘાનો તેમને હાંકી કાઢતા, સિંધ, સીસ્તાન, બલૂચિસ્તાનમાં આરબો ફતેહ પામ્યા હતા, હીજરી ૯૩માં અરબો છેક મુલ્તાન સુધી પહોંચી ગયા પણ અફઘાનિસ્તાનના પહાડી મુલકને જીતી શકયા નહીં, અરબોએ ખોરાસાનના ઘણા પ્રાંતો જીતીને તેમાં રાજ્ય સ્થાપ્યું તે છતાં આખી પ્રજાને હરાવી શકયા નહીં અને લગભગ ૨૦૦ વર્ષ સુધી અફઘાનોએ સામનો ચાલુ રાખ્યો; એટલું જ નહીં પણ અફઘાની અબુ મુસ્લિમે તો સ્વતંત્ર રાજ્ય સ્થાપીને ઉત્તર દક્ષિણ તથા પશ્ચિમમાં પોતાના દેશની સીમા આગળ વધારી. ત્યાર પછી તાહીરી વંશના અફઘાન રાજાઓએ રાજ્ય કર્યું. સફરી અને સામની વંશના રાજાઓએ પણ ખોરાસાનને સ્વતંત્ર રાખ્યું. જેવી રીતે દિલ્હીમાં ખલજી, ઘોરી, લોદી, ગુલામ વંશ, મોગલ વગેરે સરદારો આવીને રાજ્ય કરી ગયા (આ બધા તો પરદેશી હતા) તેમ ખોરાસાનમાં સફરી, સામની, ગઝનવી, સલજુકી, ઘોરી, ખારઝમ શાહી, મોગલ વગેરે વંશના રાજાઓ રા[જ્ય] કરી ગયા. આ બધા ઇતિહાસનું લંબાણથી વિવેચન કર[વા]ની અહીં આવશ્યકતા નથી. આ ગઝનવી, ઘોરી, મોગલ [વગેરે] આપણા દેશમાં પણ આવીને રાજ્ય કરી ગયા છે. મોગ[લ] સરદાર બાબરે દિલ્હી જીત્યા પછી રાજધાની તો કાબુલ[માં] રાખી હતી અને એ કાબુલમાં દટાયો છે.

ઇ. સ. ૧૭૩૯માં ઈરાનના પાદશાહ નાદીરશાહે હિંદ[પર] ચઢાઈ કરી. નાદીરશાહને તો પાછા ઈરાન ચાલ્યા જવું પ[ડ્યું]. એક બ્રિટિશ ઇતિહાસકાર લોર્ડ એકટને સાચું કહ્યું છે [કે] યુદ્ધ લડવાનો મુખ્ય હેતુ ગમે તે હોય પણ જીત થયા [પછી] પરિણામ તદ્દન જુદું જ આવે છે. ૧૯૧૪નું પહેલું [યુદ્ધ] બ્રિટિશ અને જર્મન હરીફાઈને પરિણામે લડાયું હતું [અને] પરિણામે તેમાંથી રાષ્ટ્રીય આત્મનિર્ણયનો સિદ્ધાંત જ[ન્મ] પામ્યો અને રશિયાના સામ્યવાદની ફતેહ થઈ. ૧૯૩[૯-] ૧૯૪૫ની લડતમાં જર્મની પશ્ચિમ યુરોપની પ્રજા [તથા] અમેરિકા સાથે લડયું અને પરિણામ એ આવ્યું કે આ[ખા] એશિયા અને આફ્રિકાના દેશોમાં સ્વતંત્ર થવાની જા[ગૃતિ] આવી, તેવી જ રીતે નાદીરશાહના હુમલાના પરિ[ણામે] અફઘાનિસ્તાન દેશનો નવો ઇતિહાસ શરૂ થયો.

અફઘાનિસ્તાન

નાદીરશાહે પોતાના લશ્કરમાં અફઘાન સૈનિકો [અને] અફસરોને રાખ્યા હતા તેમાં અહમદશાહ અબ્દઅલી [એ] બહાદુર અને કુશળ નીવડ્યો. નાદીરશાહ પોતાના [દે]શમાં પહોંચ્યો ત્યાં તેનું ખૂન થયું. અહમદશાહે [બધા] અફઘાન સરદારો (મલીક, અમીર વગેરે)ને એકઠા [કર્યા] અને અફઘાનિસ્તાનનું રાજ્ય એ નામથી સ્થપાવ્યું. પાટ[નગર] કંદહાર રાખ્યું હતું. આવી રીતે હાલના દુર્રાની વં[શનો] અહમદશાહ રાજગાદી પર આવ્યો. ૧૭૪૭થી આજ [સુધી] એના વંશજો અફઘાનિસ્તાનમાં રાજ્ય કરી રહ્યા છે. કહે[વાય] છે કે એનું રાજ્ય સીસ્તાન, બલૂચિસ્તાન, સિંધ, કાશ્[મીર,] ચિત્રાલ અને પેશાવર સુધી ફેલાયું હતું, પણ શીખ [રાજા] રણજીતસિંહનું જોર વધતું હતું તેથી તૈમુરશાહના સમ[યમાં] પોતાનું પાટનગર પહાડી મુલક કાબુલમાં ખસેડવામાં આ[વ્યું]. ૧૯મી સદીના શરૂઆતથી બ્રિટિશ સરકારે અફઘા[નિસ્તાનને] પોતાના હાથમાં રાખવાનો પ્રયત્ન કર્યો. બીજી તરફથી [તે] જ પ્રયત્ન રશિયા કરી રહ્યું હતું. અફઘાનિસ્તાનની [...]

સીમા આમુદરિયા નદીથી થઈ રહી છે અને નદીને ઉત્તર કાંઠે રશિયાનો પ્રદેશ શરૂ થાય છે. આ ખેંચતાણ (રશિયા અને બ્રિટિશ વચ્ચે) આજ સુધી ચાલી રહી છે. સ્વીટ્ઝરલૅંડની જેમ અફઘાનિસ્તાને તટસ્થ રહેવામાં ડહાપણ માન્યું છે. અમીર અબ્દુર રહેમાનના સમયમાં (૧૮૮૫–૧૮૯૨) બ્રિટિશોએ બલૂચિસ્તાન તથા અફઘાનિસ્તાન અને હિંદ વચ્ચેનો પ્રદેશ, જેમાં આજે જે વાયવ્ય સરહદી પ્રાંતનો સમાવેશ થાય છે તે બધો પોતાને કબજે લઈ લીધો. આ પ્રદેશ આજે પખ્તુનિસ્તાનના નામથી ઓળખાય છે. એ મૂળ અફઘાનોનો છે. આજે તેના કેટલાક ભાગ પાકિસ્તાનમાં છે અને બીજો સ્વતંત્ર તાયફાઓના હાથમાં છે. પહેલું યુદ્ધ પૂરું થયું ત્યાર પછી અમાનુલ્લા અફઘાનિસ્તાનની ગાદીએ આવ્યો અને એણે રશિયા, ગ્રેટ-બ્રિટન, ફ્રાન્સ વગેરે દેશોની સાથે સ્વતંત્ર રાજ્ય તરીકેના સંબંધો બાંધ્યા અને યુરોપમાં એલચીઓ મોકલ્યા. અમાનુલ્લાએ રાજકીય અને સામાજિક સુધારાઓ દાખલ કરવા માંડ્યા. એની નજર સમક્ષ તુર્કીના મહાન સર્જક કમાલ પાશા(આતાતુર્ક)નું દૃષ્ટાંત હતું. આ સુધારાઓ સફળતાથી અમલમાં મૂકી શકાયા હોત પણ અમુક યુરોપની રાજસત્તાએ જેવી રીતે અરબસ્તાનમાં આંતરવિગ્રહ જગાડ્યો હતો તેવી જ રીતે અફઘાનિસ્તાનમાં પણ જગાડ્યો અને અમાનુલ્લાને ગાદીત્યાગ કરવો પડ્યો. એ યુરોપીય સત્તાએ પ્રત્યાઘાતી મુલ્લાઓ તથા થોડા ફીતુરી ગુંડાઓનો સાથ મેળવીને તેમને નાણાં તથા શસ્ત્રસરંજામ પૂરો પાડેલો. અરબસ્તાનમાં પણ ભાગલા પડ્યા અને કાબુલનું જોર પણ કમી થયું. આ પ્રશ્ન અતિ મહત્ત્વનો છે. અમૃતનું ઝેર કેવી રીતે થાય છે તેનો આ ઉત્તમ દાખલો છે. મુલ્લાંઓને લીધે મુસ્લિમો આશ્ચર્યજનક ઐક્ય સાધી શકે છે. મુલ્લાંઓ (મૌલાના) એ આખી પ્રજાને જાગૃત કરી છે અને ખાડામાં પણ નાંખી છે. આજે પાકિસ્તાનમાં મુલ્લાંઓએ રાજ્યવ્યવસ્થામાં હસ્તક્ષેપ કર્યો છે અને છેવટે અહમદિયા સંપ્રદાયને કાફર ગણવા સુધી તૈયાર થયા છે, તે બતાવે છે કે અમુક સંજોગોમાં અમૃત ઝેર સમાન થઈ જાય છે.

અફઘાનો સુન્ની પંથના છે. ઇસ્લામમાં ગ્રીક તથા હિંદી ફિલસૂફી, વિજ્ઞાન, વૈદકશાસ્ત્ર, અલકેમી (રસાયણશાસ્ત્ર), સ્થાપત્ય, વેધશાસ્ત્ર વગેરેનો અભ્યાસ કરીને તેમાં પોતાના ફાળો ઉમેર્યો છે. સંગીત, ચિત્રકલા, નૃત્યકલા વગેરેનો લાક્ષણિક વિકાસ કર્યો છે. હુન્નરઉદ્યોગોની કળામય ખીલવણી સારા પ્રમાણમાં થઈ છે. અફઘાનિસ્તાનમાં બે ભાષાઓ વપરાય છે, પશ્તુ અને ઇરાની. બન્ને ભાષામાં ઉત્તમ પ્રકારનું સાહિત્ય અફઘાન લેખકોએ લખ્યું છે. આ બધી બાબતનું વર્ણન બહુ લાંબું થઈ જાય.

અફઘાનિસ્તાન સ્વતંત્ર લોકશાહી રાજ્ય ગણાય છે. લોકસભાના સભ્યો મુખ્ય પ્રધાનને ચૂંટી કાઢે છે પણ તેની નિમણૂક રાજા કરે છે. રાજા કાયદાને આધીન હોય છે. પણ ઉપલી ધારાસભાની સ્થાપના ઘણી વિચિત્ર છે. સેનેટમાં ૬૦ સભ્યો હોય છે. જે જે સજ્જનોએ દેશની સેવા કરી હોય, અગર જે અનુભવી, દરેલ, શાણા અને વિદ્વાન હોય અથવા સમાજમાં જે વગદાર ગણાતા હોય, તેમને રાજા નીમે છે, અને તે કાયમને માટે નિમાય છે, આને ઉપલી ધારાસભા કહી શકાય. તે ઉપરાંત લોકસભા છે. ૨૦ વર્ષની વયનાં બધાં સ્ત્રીપુરુષોને મતાધિકાર છે. લોકસભામાં ૧૬૪ સભ્યો હોય છે. અમલદારો ચૂંટણીમાં વગ ન ચલાવે તે માટે નિયમો છે.

આ ઉપરાંત કટોકટીના સમયે આખી પ્રજાના આગેવાનોને એકઠા કરવામાં આવે છે. જીરગા એકત્ર થાય છે તે પ્રમાણે, અથવા પ્લેબિસાઈટ લેવાય તેમ મત લેવાય છે. આને શોરા-એ-મીલી કહે છે. યુરોપના છેલ્લા યુદ્ધમાં ભાગ લેવો કે તટસ્થ રહેવું તેનો નિર્ણય આવી રીતના રાષ્ટ્રમતથી લેવાયો હતો.

મુખ્ય પ્રધાન અને એની પસંદગીના પ્રધાનો રાજ્ય-વહીવટ ચલાવે છે.

આ હકીકત સાચી છે કે દેશ જગતવ્યવહારથી જરા અલગ રહી ગયો છે. એની ચારે બાજુએ પરદેશી રાષ્ટ્રો છે. એક વખત કરાંચી પખ્તુનોના હાથમાં હતું. રેલ્વે તથા દરિયાઈ બંદર ન હોવાને લીધે દેશમાં ઉદ્યોગ વેપારની ખિલવણી સારી થઈ નથી. આમુદરિયા સિવાય એકેય મોટી નદી નથી. નાની નદીઓ પુષ્કળ છે પણ છેલ્લાં ચારસો વર્ષોમાં મોગલ વગેરે દુશ્મનોએ નદીના બંધો તોડી નાખ્યા હતા. બાકી ખીણોમાં ઉત્તમ પ્રકારની ખેતી થાય છે. હવા ઉત્તમ છે. ઊંચા પહાડો પર ઝાડનાં વન છે, ખીણોમાં સારી જમીન છે. ઉત્તમ પ્રકારનાં ફળ પાકે છે અને તેનો બહોળો વેપાર છે. તે છતાં હજી રેલ્વે કરી શકાઈ નથી.

ઊંટ અને મોટરબસથી મુસાફરી થાય છે. એકંદરે કેળવણી-માં દેશ જરા પછાત કહેવાય. પ્રાથમિક કેળવણી ફરજિયાત છે. બધી કેળવણી મફત છે. એક યુનિવર્સિટી (પોહાનતુન) છે. જે લોકો કાયમ અફઘાનિસ્તાનમાં રહે છે તેમને બધા નાગરિક હક મળે છે. ધર્મનો જરાય બાધ આવતો નથી. બધા નાગરિકો અફઘાન કહેવાય છે, પછી તે હિંદુ ધર્મ કે જરથુસ્તી ધર્મ પાળતા હોય તો પણ. અફઘાન શબ્દ માત્ર પખ્તુનને લાગુ પડતો નથી. આખા દેશની વસતી ૧,૩૦,૦૦,૦૦૦ની છે. હિંદદેશમાં ગુજરાતીઓની વસતી લગભગ સવા કરોડની ગણાય છે તેટલી આ થઈ. તેમાંથી પખ્તુન ૬૦ ટકા જેટલા છે, તાજીક ૩૦ ટકા છે, ઉઝબેગ પાંચ ટકા છે. પખ્તુન અને તાજીક આર્યકુળના છે. પખ્તુન પસ્તુ ભાષા બોલે છે, તાજીકની ભાષા "દારી" છે. દારી એટલે ફારસી. આ બન્ને ભાષાઓ સંસ્કૃતમાંથી નીકળેલી ભાષાઓ જેવી છે. અફઘાનિસ્તાન અને પાકિસ્તાનની વચ્ચે જે પખ્તુનિસ્તાન છે ત્યાં સાત લાખ મનુષ્યો પસ્તુ ભાષા બોલે છે.

આ દેશમાં મુખ્ય ધર્મ ઇસ્લામનો છે, લગભગ ૯૯.૭ ટકા જેટલા આ ધર્મના અનુયાયી છે. થોડા હજાર હિંદુ, શીખ, અને યહૂદીઓ પણ છે. આ દેશમાં વેદ અને અવેસ્તા લખાયાં હતાં. બન્ને ધર્મોનો ખૂબ પ્રચાર થયો હતો તે છતાં આજની પ્રજામાં આ બન્ને ધર્મોનાં નામનિશાન જરાય જોવામાં આવતાં નથી. આજે જેમને જે ધર્મ પાળવો હોય તેની છૂટ છે. ફારસી ભાષાનો પ્રચાર ભદ્રલોકમાં છે અને દરબારી ભાષા હજી પણ ફારસી છે. પ્રજાના બહુ મોટા ભાગે મુસ્લિમ ધર્મ સ્વીકાર્યો છે છતાં એ ધર્મની પહેલાંના પ્રખ્યાત વંશજોનો ઇતિહાસ લોકવાર્તા તથા લોકગીતોમાં જળવાઈ રહ્યો છે, અને તે જમાનાનાં શૌર્ય, દાન, પવિત્રતા, સચ્ચાઈ વગેરેના કિસ્સાઓ માટે પ્રજાજનો મગરૂબ છે.

લોકો શરીરે ઊંચા, ભવ્ય અને તાકાતવાન હોય છે. કારણ કે આબોહવા સારી છે. ગામડાંઓમાં ગરીબી હોવા છતાં પ્રજાજનો દિલદાર અને આનંદી, ભોળા, સાચા, પ્રામાણિક, વિશ્વાસપાત્ર હોય છે, અફઘાન ખૂની અને ક્રૂર છે એવી ગેરસમજુતી અમુક પરદેશીઓ અને ખાસ કરીને યુરોપીય પ્રજાએ ઊભી કરી છે. કવિવર રવીન્દ્રનાથ ટાગોરે કાબુલીવાલા નામની વાર્તા લખી છે તેમાં અફઘાનોના બાળક પ્રે[illegible] પ્રેમનો નિર્દેશ કર્યો છે.

અફઘાનોને સંગીતનો બહુ શોખ છે. લલિતકળાઓમાં [illegible] ઇરાની અસર ખાસ જણાઈ આવે છે. ગામડાંઓમાં [illegible] શહેરના ગરીબ લત્તાઓમાં એકતારો ખૂબ વપરાય છે. [illegible] પણ અત્તાન નામનું લોકનૃત્ય કરે છે. ધાર્મિક ઉત્સવે [illegible] પ્રસંગે આવા નાચમાં બધી ઉંમરના માણસો ભાગ લે [illegible] પુરુષો જમણે હાથે તલવાર(સમશેર)ના દાવ ખેલે છે. [illegible] કોઈ જુવાનો ડાબા હાથમાં બંદૂક અને જમણા હા[illegible] સમશેર રાખીને પટા રમે છે.

સંગીતનાં સાધનોમાં તબલાં અનિવાર્ય છે. હવે [illegible] જ અનિવાર્ય પેટી જેવાં હાર્મોનિયમ દાખલ થઈ ગયાં [illegible] તંબુર, સારંગી, દિલરૂબા, અને બીન (વીણા) એ આ[illegible] દેશોમાં સર્વસામાન્ય છે.

આજના યુગની બધી જ પ્રવૃત્તિઓ અફઘાનિસ્તાન[illegible] દાખલ કરવામાં આવી છે. આજનો યુગ જ નકલીઓ[illegible] યુરોપીય ઢબનાં દવાખાનાં ચાલે છે તેની સાથે સાથે [illegible] એટલે હકીમી જેને આપણે યુનાની (ગ્રીક) કહીએ [illegible] તે પણ ચાલે છે. યુનિવર્સિટીમાં બધા વિષયોની એ[illegible] સાથોસાથ મદ્રસા પણ સામાન્ય તથા ઉચ્ચ શિક્ષણ આ[illegible] આપણે ત્યાં કાશીમાં બધાં શાસ્ત્રોનો અભ્યાસ થાય છે [illegible] કાબુલમાં તેવી જ સગવડ રાખવામાં આવી છે. અહીં [illegible] ખેતીસુધાર, અનેક પ્રકારની ટેકનૉલૉજી, સહકાર્ય, એ[illegible] યરિંગ, ન્યાય વગેરે શીખવાય છે.

આ સામાન્ય હકીકતોના વર્ણનમાં વધારે ઊતર[illegible] જરૂર નથી. મુખ્ય જાણવા જેવું તો એ છે કે અ[illegible] સંસ્કારી પ્રજા છે. શરીરે સશક્ત અને ખડતલ છે, કર્ત[illegible] અને મહેનતુ છે, ભોળા મુલાયમ હૃદયના છે, કુટું[illegible] તેમ જ દોસ્તો માટે કુરબાની આપતાં ડરે એવા નથી. [illegible] પહાડી દેશની આબોહવા સારી છે. ત્યાં મોડી ઠંડી હો[illegible] ખીણોમાં ઉનાળામાં તાપ પણ સારો હોય છે. ઊંચા [illegible] પર બરફ હોઈને તે પીગળે છે ત્યારે અસંખ્ય નદી[illegible] છે. જ્યારે દેશમાં શાંતિ હતી ત્યારે બંધ બાંધીને [illegible] લીલોછમ કરી શક્યા હતા. આજે પૃથ્વી પર [illegible] ઉતારી શકાય તેમ છે આ ભૂમિ સુજલાં, સુફલાં, [illegible] શીતલાં બનાવી શકાય. અનાજ સારું પાકે તે[illegible]

અનેક જાતનાં ફળ પુષ્કળ જથામાં પરદેશ મોકલવામાં આવે છે. ઘોડા, ગાય, બળદ, ઘેટાંનો ઉછેર મોટા પ્રમાણમાં થાય છે. પ્રજા ઘણી આનંદી અને ઉત્સાહી છે. ધર્માંધતા ઓછી હશે એવું અનુમાન કરી શકાય છે. શાંતિનાં વર્ષો આવે અને દેશની ખિલવણી માટે થોડી આર્થિક મદદ મળે તો દેશ આબાદ થઈ જાય તેમ છે. પખ્તુનિસ્તાન એમનું હતું તે પાછું મળે એવી અફઘાનોની માગણી છે. એમને કરાંચીથી વધારે પશ્ચિમ દિશામાં દરિયા પર એક બંદરની બહુ જરૂર છે. તે મળી શકે તેમ ન જ હોય તો તેમને આગગાડીના માર્ગની છૂટ તો મળવી જ જોઈએ. હિંદમાંથી ત્યાં જવું હોય તો હમણાં પાકિસ્તાનમાં થઈને ખૈબરઘાટમાં થઈને મોટરબસથી ૨૦૦ માઈલની લાંબી મુસાફરી કરવી પડે છે. એરોપ્લેઈને પણ ૧૦૦૦માઈલનો ચકાવો લઈને કંદહાર જવાની સૂચના પાકિસ્તાને કરી હતી. આજે અફઘાન અને પાકિસ્તાન રાષ્ટ્રો વચ્ચે બહુ મીઠો સંબંધ નથી કારણ કે એ બન્ને દેશોની વચ્ચે આવેલાં પ્રદેશ તથા પ્રજા કોની સાથે જોડાઈ જાય તેને વિષે તીવ્ર મતભેદ છે. અફઘાનોને હિંદી પ્રજા માટે બંધુભાવ અને માન છે. આપણા બન્ને દેશો વચ્ચે અવરજવર કરવાની છૂટ તથા સગવડ થાય તો અફઘાનિસ્તાનની ખિલવણીમાં આપણે ખૂબ મદદરૂપ થઈ શકીએ તેમ છે. હમણાં અમેરિકાએ આર્થિક મદદ આપવાની શરૂઆત કરી છે. ઉદ્યોગની ખિલવણી માટે ફ્રેન્ચ તથા રશિયનો મદદ કરે છે. આ બધાય કંઈ ને કંઈ હેતુસર મદદ કરે છે. હિંદીઓ કેવળ મિત્રભાવે સહાય કરી શકે. ત્યાંની યુનિવર્સિટીમાં હિંદી અધ્યાપક હોય છે. આપણા હિંદી જુવાનો સારી મોટી સંખ્યામાં અફઘાનિસ્તાન જાય, ત્યાંના પ્રજાજનો સાથે મિત્રાચારી કરે અને દેશને આબાદ કરવામાં સહાયરૂપ બને એ જરૂરી છે.

[અનુસંધાન પૃ. ૨૫૯થી]

દશામાં, બન્ને હાથ લાંબા કરીને અને હથેળી ઊંચી રાખીને ઊંઘી જાય છે. અને એ રીતે આ કથાનાયક હુતાત્મા ખ્રિસ્તની હરોળમાં જઈ બેસે છે.

સાગરજીવનની પશ્ચાદ્‌ભૂમાં લખાયેલી આવી જ બીજી એક વિખ્યાત રૂપક-કથા હર્મન મેલવિલકૃત 'મોબિ ડિક' યાદ આવશે. ઘણા વિવેચકોએ હેમિંગ્વેની આ લઘુનવલને મેલવિલની એ મહાન સાગરકથા સાથે સરખાવવાનો પ્રયત્ન કર્યો છે. પણ બન્ને કૃતિઓ વચ્ચે એક મૂળભૂત ભેદ છે. 'મોબિ ડિક'નું સ્વરૂપ રંગદર્શી છે, ત્યારે 'ઓલ્ડ મૅન ઍન્ડ ધ સી' સૌષ્ઠવયુક્ત છે. 'મોબિ ડિક'નાં પાત્રો 'સરસ્વતીચન્દ્ર'નાં પાત્રોની જેમ પ્રતીકરૂપ છે. કપ્તાન અહાબ ભયંકર અભિમાન અને દારુણ વૈરવૃત્તિનું પ્રતીક છે, જળચર વ્હેલનું આલેખન પણ 'જીવનના મહાસાગરોના મહાન દૈત્ય' રૂપે થયું છે. કપ્તાન અહાબ અને એના સાથીઓના સર્વનાશમાંથી કરુણગાન ગુંજી રહે છે: અરેરે, માનવનું અભિમાન પલકમાં ગળી જશે રે...હેમિંગ્વેનો નાયક જિંદગીની થપાટો ખાઈખાઈને વિનમ્ર—અતિ વિનમ્ર બનેલો છે. માણસમાં અંતર્ગત રહેલા આદર્શ ખ્રિસ્તીપણાના સદ્‌અંશો સાન્ટીઆગોમાં, મૂર્ત સ્વરૂપ ધારણ કરતા દેખાય છે. 'મોબિ ડિક'માં અંગ્રેજી ગદ્યનું સઘળું સામર્થ્ય અને ભાષાવૈભવ ઉચ્ચતમ કક્ષાએ જોવા મળે છે. "ઓલ્ડ મૅન ઍન્ડ ધ સી" માં અંગ્રેજી ભાષાની અસાધારણ સાદગી જ કથયિતવ્યને વેધક બનાવી રહે છે હેમિંગ્વેએ બાઇબલશાહી મિતાક્ષરી ગદ્યશૈલીનું પોતાનું જે આગવું ઘરાણું યોજ્યું છે એનાં સુ-ફળ પરિપક્વ સ્વરૂપમાં આ કથામાં સાંપડી શક્યાં છે.

ગયે વરસે પાર લેગરક્વીસ્ટની બસો પાનાંની નવલકથા 'બારાબાસ' નોબલ પરિતોષિક લઈ ગયેલી. આ વરસે હેમિંગ્વેની આ ટચુકડી કથા પુલિટ્‌ઝર પરિતોષિક પામે છે એ ઉપરથી, અર્વાચીન યુગની અભિવ્યકિત માટે આ લોકપ્રિય સાહિત્યપ્રકાર કેટકેટલી શક્યતાઓથી સભર છે એનો ખ્યાલ આવે છે.

દેડકી બિચારી

જયન્તી દલાલ

હાડિયાને મન હસવું અને દેડકાનો જીવ જાય.

એવી જ વાત થઈ. આજે જાન આવવાની. સાંજે હથેવાળો થવાનો. કાલે 'ચાલો આપણા ઘેર રે'નાં ગીત. જીવનની સર્વ કામનામાં મંગળમાં મંગળ એવું પગરણ આજે. મંગીના ઉમંગની કવિતા દુનિયાભરના કવિઓ કરે; સાત સાગરની શાહી બનાવો, દુનિયાભરનાં વૃક્ષનાં પાનનો કાગળ બનાવો, એટલું ઓછું હોય તો આ અસીમ દેખાતા આકાશના અવકાશનું ફલક બનાવો, કશા ધ્યેનના કારણે કે કશાય કારણ વિના જ પ્રમત્ત એવી કલ્પનાને કામે જોતરો—પણ આજે સાંજે જ જેનું લગ્ન છે, એવી કોડભરી કન્યાના ઉમંગની કવિતા કોણ કરી શકવાનું છે?

મંગીને કરસન ભગતે પૂરા લાડકોડમાં ઉછેરી હતી. નાનપણમાં વિવાહ તો કરી દીધેલા. પણ જે કોઈ વાત કરતું તે મંગીને બડભાગી જ કહેતું. નામે નટવર, રૂપે કેલૈયાકુંવર જેવો રૂપાળો. ઘર પણ સારું. વાડી અને વજીફો બન્ને. સાસુ જસોદામા જેવાં વત્સલ. સસરો તો લાખ રૂપીઆનું માણસ. પાંચે આંગળીએ પરમેશ્વર પૂજ્યા હોય તો જ મંગીને મળ્યો એવો વર અને સાસરી મળે.

અને આજે જાન આવવાની. નટવર ઘોડે ચઢીને આવવાનો.

દહાડે દીવે સ્વપ્નાં જોતી મંગીને લખમીએ ઢંઢોળી ત્યારે જાણે ધરતી પર પગ ધરતી હોય એવું લાગ્યું. પણ લખમીનું મોં આવું પડી કેમ ગયેલું છે?

'શું છે 'લી?'

લખમીના તો બારે વહાણ ડૂબ્યાં હોય એવું લાગતું હતું.

'બોલ તો ખરી. મૂળમાં બાઈ અપસરા ને એમાં મોં ચઢાવે' મંગી આજે ન બોલે તો ક્યારે બોલે?

'મન માનતું નથી બુન.' બોલવું કે ન બોલવું એની ભાંજગડમાં પડેલી લખમી આટલું બોલી.

'લો બુન ઓછું ન આણતી. ઘણાય જાનૈયા આવ્યા? દલાકાકાનો ડોળો ત્યાં જ ભમતો હશે.'

'મારી વાત કરવી રે'વા દે. તારી જ માંડ.' લખમીના બોલવામાં રોષ અને ઉદ્વેગ બન્ને વાણેતાણે ભળતા હતા.

'મારી શું માંડવી છે?' મેશભરી આંખને ઝીણી કરી મંગીએ પૂછ્યું.

'લે પૂછ પૂછ કરે છે ત્યારે કહી દઉં. મંગીબુન, છેતરાઈ.'

'છેતરાઈ?'

'હા બુન. તુંય છેતરાઈ અને કરસનકાકાય છેતરાયા. નટવર તો છે ખાસ્સા સાઠ વરસના.'

વીજળી પડતાં તો જોઈ નથી. પણ આટલા છ શબ્દ સાંભળતાં મંગીની જે હાલત થઈ તેને, વીજળી પડી એમ કહેવામાં કશું ખોટું કહ્યાનો દોષ ન લાગે.

'સાઠ વરસ?' પાતાળમાંથી આવતો હોય એવા અવાજે મંગીએ પૂછ્યું.

'હા બુન. એકાદ વધારે હશે.'

મંગી લખમીને બાઝી પડી.

'મંગીબુન, કોકે સાત ભવનું વેર લીધું.'

મંગી તે શું બોલે? રોવું પણ શું? કરવું શું? ભગતને કહેવું? પળભર તો મંગીને થયું કે બાપે જ ... ઉતારી અને પાછું વરત વાઢી લીધું. પણ ભગતનું યાદ આવતાં એને થયું: એ બિચારા છેતરાયા હશે. ... કરતાંય અધિકી ગણીને ઉછેરી તે જાણી જોઈને તો ... ન કરે.

પણ આ બધાં આટલાં વરસ કેલૈયાકુંવરની વાતો ... હતાં તે?

મશ્કરી ? ઠઠ્ઠો ? આવી તે મજાક હોય ? હાડિયાને મન હસવું પણ દેડકાનો તો જીવ જાય. જનમ ધારીને જેણે કોઈનુંય ભૂંડું કર્યું ન હતું તેવા ભગતજી અને કોડભરી કુંવારકા – એમની મશ્કરી ? ઠઠ્ઠા ? ના ના, ન બને.

પણ લખમી જઠ્ઠું બોલે ? અને તેય આવું ! સગી બેન જેવા લખમી...

વિચારના એક તારને બીજા તાર સાથે પરોવવાની શક્તિ ગુમાવી મંગી રોવા મંડી. નિર્મળ સ્વચ્છ આબદાર આંસુ રેલે વહ્યા. પાસે બેઠેલી લખમી મંગીને બરડે હાથ ફેરવતી રોતી હતી. રુદન પણ અવાક બન્યું હતું.

લગનના ઘરમાં, લગ્નને પ્રસંગે, કન્યા રુવે ! અને પાછું એ પણ અબોલ. પંડિતો કહે છે એવું અશબ્દ.

મા આવી. ઢંઢોળી ઢંઢોળીને પૂછ્યું. જવાબમાં માત્ર આંસુ. પહેલાં ક્રોધે ભરાઈને અને પછી લાચાર થઈને મા પણ રોવા બેઠી.

ભગત આવ્યા અને માદીકરીને રોતાં જોઈ છળી ગયા. પોચા મનના માણસને શું પૂછવું, શું કરવું એ પણ ન સમજાયું. સોનાના તોરાવાળી પાઘડી માથે પહેરી રાખીને એ મેડે ચઢી ગયા.

અને ભગતને મેડે ચઢી જતાં જોઈ ને મંગીને જરાકે શંકા ન રહી. લખમીની વાત સાચી. કોકે બાપને બનાવ્યા. અને ભારે પોતાની જિંદગી...

મંગીને મૂર્ચ્છા આવી.

અને વાયરે વાત ઊડી તે લોકને કરસનભગતને ત્યાં જોણું થયું. કોક હિતસ્વી તાલ જોતું. કોક વાલેશ્રી વિંઝણો નાંખતાં વાતનો તાગ પામવા કરતું. કોક વળી ભલો જીવ કારણ સમજવાની મથામણમાં પડ્યા વિના જ દુઃખી થતો. ઘડી પહેલાં જ્યાં ઉલ્લાસ, આનંદ અને અપાર ઉમંગ હતાં ત્યાં દીનતા, ઉદ્વેગ અને દુઃખ આવી વસ્યાં.

મણા પટેલને આ ન સમજાયું. મૂળમાં એ ભારાડી માણસ. પાછા આખા બોલા. એટલે એમની કવારી પડેલી. મણા પટેલ આવે એટલે બધાય બોલતા બંધ થાય. છોકરાં રોતાં બંધ થાય અને વહુવારુ તો દોઢ હાથનો ઘૂમટો તાણીને જાતને દીસતી કરે. કોઈ ન બોલે એટલે મણા પટેલ જાતને સંબોધીને થોડું બોલે અને ચૂંગી ફૂંકતા ફૂંકતા પાછા ઘર ભેગા થાય.

કરસનભગતને ત્યાં કશું અજુગતું થયું છે એટલી ભાળ મળતાં એ આવ્યા. એમને આવતા જોઈને કોક બોલ્યું: ‘ લો હવે આ મોટા આયા. ’ મણા પટેલને કાને આ પડ્યું પણ એમણે એ અણસૂણ્યું કર્યું અને સીધા મેડે કરસન પટેલ પાસે પહોંચ્યા.

કરસન પટેલ તો ગાદીએ પડ્યા પડ્યા હિબકતા હતા.

‘ શું છે તે પોચકાં મૂકો છો ? ’ મણા પટેલે એમની અસલ ભાષામાં સંભાષણ શરૂ કર્યું.

‘ છોડી રુવે છે. ’ ભલા બિચારા ભગત બોલ્યા.

‘ તે પિયર છોડવું તે કોઈ ને ગમે ? અને તેમાંય તમારા જેવો બાપ. પાણી કે'તાં દૂધ હાજર કરે તે. ’ અને ચૂંગીનો દમ ખેંચતાં બોલ્યા : ‘ તે આટલા સારુ રુવો છો ? વાહ ભગત, વાહ ? ’

મણા પટેલને લાગ્યું કે વિષાદની વાદળી હટી ગઈ.

‘ એમ નથી, મણાભાઈ. છોડી રુવે છે પણ બોલતી નથી.’

કરસનભગતે પોતે ડૂસકાં લેતાં લેતાં આખો હાલ કહ્યો અને જિંદગીમાં પહેલી વાર મણા પટેલ વિચારમાં પડ્યા.

‘ કાંક લાગે છે, ભગત ’ કરતાકને એ તો નીચે ઊતરીને જ્યાં બૈરાં મંગી આસપાસ ટોળે વળીને બેઠાં હતાં ત્યાં જ પહોંચ્યા. મલાજામાં માનનારામાં તો આકાશ તૂટી પડ્યા જેવું થયું. પણ એની જરાકે પરવા કર્યા વિના મણા પટેલે મંગીને માથે હાથ ફેરવતી લખમીનું કાંડું પકડીને ઊભી કરી.

‘ આમ આવ જો છોડી. ’

બધા ફાટે ડોળે જોઈ રહ્યા. કોની દેન છે કે આ ભારાડીને એમ કહે કે પોતાની છોડી હોય તો તેનુંય કાંડું આમ ન પકડાય. બધા જોઈ જ રહ્યા. પણ મણા પટેલ તો લખમીને લગભગ ઢસડતા જ ઉપર મેડીએ લઈ ગયા.

‘ શું છે 'લી ?' ચૂંગીનો ઊંડો દમ ખેંચતાં મણા પટેલે પૂછ્યું.

લખમી રોઈ પડી.

‘ ગજબ થઈ ગયો, કાકા. મંગી... મંગી... ’

‘ હા હા, પણ શું મંગીને ? ’

કરસન પટેલને થયું આ મણા પટેલ જરા ધીરથી પૂછે તો...

'શું થયું છે મંગીને?'

રોતી આંખો પણ કરસનભગત તરફ વળી. અને એમની આંખોમાં વસેલી આર્દ્રતાએ લખમીને ઓશતી કરી.

'ભગતકાકા છેતરાયા છે. નટવરલાલ તો સાઠ વરસના છે.' અને પાછાં આંસુ વહેવા લાગ્યાં.

સપ દેતાને કરસન ભગત બેઠા થયા.

'કોણે કીધું 'લા છોડી?' એમના અવાજમાં આટલો રોષ જીવનભરમાં આવ્યો નહીં.

'કે' કુણ? મીં નજરે જોયું!'

મણા પટેલના મનમાં કાંક ગડ બેઠી.

'અને તેં આવીને મંગીને કીધું?'

'હોવે.'

'અને એ રોઈ. પછી આ ભગત રોયા અને પછી બધાંય રોયાં. તમારી અક્કલમાં તે પૂળો મૂકે આ વેંતની છોડીએ કીધું અને બધાંય બલોયાં પે'રીને રોવા બેઠાં.'

'પણ છોડી, તેં ખોટું દીઠું. નટવરલાલને તો હજુ પૂરાં વીસે નથી થયાં.'

'ખોટું કો' છો ભગતકાકા. તમનેય કોક ભળતું જ દેખાડ્યું લાગે છે.'

'તે લેને બુન હવડાં બધાની ખાતરી થશે. હાથકંકણને વળી દરપણનો ખપ શો?' અને ભાંગેલા હારેલા લશ્કરની સરદારી લેતા હોય એમ મણા પટેલે ખુંખારીને કહ્યું: 'લો ભગત, હવે જરા મોં ધોઈ લો. જાનીવાસે કોકે ખબર કહેવરાવી હશે તો ત્યાંથી મોં વાળવા આવતા હશે.' અને હાથનો ટેકો દઈને મણા પટેલે ભગતને બેઠા કર્યા.

'જુઓ ભગતજી, હવે મારે જરા જાડું ભરડવું પડશે. તમે તો આ પાઘડી પહેરીને બેસી ગયા. પણ મારાથી કાંઈ બેસાશે? ઊઠ છોડી, જા, મંગીને બોલાવી આવ.'

અને મણા પટેલનો કડપ એવો હતો તે લખમી ઝપ દઈને બેઠી થઈ ગઈ અને નીચે ગઈ. દાદરને છેલ્લે પગથિયે પહોંચી હશે એટલી ધરપત થઈ એટલે પાછા બોલ્યા.

'ભગત, જરાય મેલું હોય તો કહી દેજો.'

'અરે પણ મણા પટેલ, મંગી તો મારી...' ભગતથી રડી પડાયું.

'મરો તમે, ભગત ના થતા; બેરું થયા હોત તો કોક વાંઢાના રોટલા ટીપવા મટત. પણ જુઓ, તમને સારું લાગે કે માઠું, પણ ભગતજી, મારે આ બેને મોંઢામોંઢ કરાવવાં પડશે. પછી તમે કહેતા...હા, ભાઈ. પછી પાછું ગામ બોલે તે આપણને નહીં પાલવે. આપણને કોઈનાય બાપની સાડાબારી નથી. આ મંગી રુવે એ આપણને ન ગમે. બોલી દો.'

ભગતજીનું મન પણ ઉકેલ શોધવા મથતું હતું. પણ મણા એ ફાડ જેવી મણા પટેલની વાત એમને ગળે એકદમ તે કેમ ઊતરે? એ એક વાત કહે. મણા પટેલ સામી સો વાત. ભગત કહે, સાવ ખોટી વાત છે તે ચોરીમાં તો ખુલ્લી થશે જ ને? તો પટેલ કહે, તમારે કન્યાને રોતીરોતી જ ચોરીમાં મોકલવી છે? આવી તો કંઈક દલીલ આવી અને કાંઈકના જવાબ પટેલે આપ્યા. ભગત કાંક કહેવા જતા હતા ત્યાં તો લખમી મંગીને લઈ ને આવી પહોંચી.

'આવ બુન.' કદાચ જિંદગીમાં પહેલી વાર આવો સાકરનો ટુકડો એમની જીભે આવ્યો હશે. પણ આથી મંગી એમની પાસે જ જાણે ઢગલો થઈ પડી.

'રોઈ લે બુન.'

ભગત તો મણા પટેલ સામું જોઈ જ રહ્યા. આ જણ શું કરવાનો છે? મારે ત્યાં આવો અવસર અને આવું!

'જો બુન, આવી વાતમાં આપણે આપણું મત કે' જ કરીએ. જનમ દીધો એટલે માબાપનું કામ સમજીને? જો ભગત છેતરાયા હોત તો આપણે લગન નથી કરવું.'

રોતી મંગી, વ્યાકુળ લખમી અને ભાન વગરતા ભગતમાં જાણે વીજળીનો સંચાર થયો.

'શું કહો છો મણા પટેલ તમે?'

'સાવ સાચું. કાંઈ છોડીને છતી આંખે કૂવામાં નાંખવી છે? અને ભગત તમને કહી દીધું. પછી મારા જેવો ભૂંડો નથી, હોં.'

'મણા કાકા...' મંગીથી એટલું જ બોલી

'જો મંગી, તારું કહ્યું મેં માન્યું. આ ભગત માને કે ન માને એની ફકર ન કરતી. પણ હવે તું મારું કહ્યું માનીશ ને ?'

'હોવે તે તમે કાંઈ...'

'અરે છોડી કોઈ તારું અહિત કરવા નથી બેઠું. તો જો, મોં ધોઈને મારે ઘેર પહોંચી જા. અને લખમી દેવી આ તમે આખું ઉપાસન કર્યું છે તે તમેય જરા જોડે પહોંચી જજો.'

લશ્કર શું હોય એ તો મણા પટેલે નહીં જોયું હોય પણ લશ્કરી અમલ શું હોય અને લશ્કરી અમલદાર શું હોય એની ખાતરી તો એમણે ત્યાં હાજર હતા એ સહુને કરાવી દીધી. કોક બટકબોલાએ વાતનો તાગ લેવા મણા પટેલને પાનો ચઢાવવા જેવું કર્યું તો સામેથી ધારિયાના ઘા જેવો જવાબ આવ્યો: 'તે તમે મને એ ગમની ઢોલકી સમજ્યા છો ?' અને રોફભેર મણા પટેલ આગળ નીકળ્યા.

કલાક બાદ જ્યારે પાછલી ખડકીએથી હસતી ખીલતી મંગી અને શરમથી સડક બની ગયેલી લખમી ઘરમાં દાખલ થયાં અને ચૂંગીના દમ પર દમ ખેંચતા મણા પટેલ ફળીમાં દાખલ થયા ત્યારે ગામને સાચું જોણું થયું. ગાદીતકીઆ પાથરેલા હતા ત્યાં આગળથી જ મોટે ઘાંટે મણા પટેલ બોલ્યા: "કરસનભગત, આ તમારું પરતાનું સંભાળી લો ભાઈ હેમખેમ. અને હવે કરો લીલાલહેર."

દીકરીને હસતી જોઈ માબાપ હસ્યાં અને કરસન પટેલ દોડીને મણા પટેલને ભેટી પડ્યા.

'મણાભાઈ, તમે તો મારી સાત પેઢીની લાજ રાખી.'

'અરે ભાઈ, હું તે શું રાખવાનો હતો, નળીઉં ? આ હતી તો રહી.'

મણા પટેલને ભેટી પડેલા કરસનભગતે એમને ગાદી પર બેસાડ્યા અને બીજા બધા ગામલોક, સગાંવહાલાં અને તમાશબીન બધા એમની આસપાસ વીંટળાઈ વળ્યા. મણા પટેલને બોલવા ન દેનાર આજે એનો પડતો બોલ ઉપાડતા હતા. કરસન પટેલે સુખ અને સંતોષનો શ્વાસ લેતાં ઘર સામી મીટ માંડી. ત્યાંય જાણે હરખ હરખ થતો લાગ્યો. અને કોકે મીઠું હલકદાર ગીત ઉપાડ્યું.

શોક ગયો. હર્ષ આવ્યો. મણા પટેલ ચૂંગી ચૂસતા હતા. કોકથી ન રહેવાયું : 'પણ આ બધું હતું શું, મણાભાઈ ?'

'ધૂળ ને ઢેફાં. મંગીએ લખમીને કહ્યું હશે તે લખમી વરને જોઈ લેવા અને વધાઈ ખાવા પહોંચી. એને બિચારીને ખબર નહીં. ચોરા પાસે પહોંચી ત્યાં તો એણે ગામના બધા સારા લોકને સારાં કપડાં પહેરીને ઊભેલા જોયા અને એ બિચારી સમજી કે જાનનું સામૈયું થાય છે.'

'પણ ત્યાં તો પરધાન આવવાના હતા ?' કોકે પોતાનું આશ્ચર્ય વ્યક્ત કર્યું.

'હું એ જ કહું છું ને ? આ કોકે સાઠ વરસના પ્રધાનજીના ગળામાં હાર નાંખ્યો એટલે તો લખમી બોલી ઊઠી: 'આ નટવરલાલ !' અને એ પહોંચી મંગી પાસે. બસ હાડિયાનું હસવું થઈ ગયું અને દેડકી બિચારી...'

ભારે સંતોષથી મણા પટેલે ચૂંગીનો દમ ખેંચ્યો.

[અનુસંધાન પૃ. ૨૭૧થી]

ગધેડા જેવા ઉપયોગી પ્રાણીને સાહિત્યસર્જનમાં ઉવેખીને એ મૂગા જીવને આપણે ઘોર અન્યાય કર્યો છે. ભગવાન ઈસુ ખ્રિસ્તથી માંડીને ડોન ક્વીશોટના શિલેદાર સાન્કો પાન્ઝા સુધીના મહાનુભાવોના વાહન બની ચૂકેલ આ ચો-પગાંને સાહિત્યમાં આપણે કેટલું ઓછું સ્થાન આપ્યું છે ! ગુજરાતી લેખકોમાં સ્વ. ગિજુભાઈ ને ગધેડા ઉપર અનન્યઅસાધારણ ભાવ હતો અને એમણે ઘણી વાર્તાઓમાં આ હડધૂત થયેલા પ્રાણીની કથાનાયક તરીકે પુનઃપ્રતિષ્ઠા કરી છે. બાકી તો કોઈ વાહિયાત કે બેહૂદી વાત માટે "ગધેડાને તાવ આવે એવી વાત"ના રૂઢિપ્રયોગ કરવા સિવાય એ પ્રાણીને આપણે [illegible] યાદ પણ નથી કરતા. કાઠિયાવાડમાં જૂના જમાનામાં લગ્નપ્રસંગે એવું ફાંકડું ફટાણું ગવાતું : 'ગઢમાં ગધેડી વિયાણી, ભોળા ભમરડા રે...' પણ હવે તો લગ્નમંડપમાં 'ઇસ દિલ કે ટુકડે હઝાર હુવે'ની રેકર્ડે આ ગર્દભગીતને પદભ્રષ્ટ કરી નાખ્યું છે. આવી વિષમ સ્થિતિમાં, સાહિત્યિક સંમેલનોમાં પ્ર-ખર સાક્ષરો આ ઉવેખાયેલા પ્રાણીને અંજલિ આપતા રહે એ સર્વથા યોગ્ય ગણાવું ઘટે. વિવેચકોએ નહિ તો પણ સર્જક લેખકો તો આ પ્રાણીની જેટલી પ્રશસ્તિ કરે એટલી ઓછી જ ગણાય. ગર્દભ પણ આખરે તો કુમ્ભકારનું—પ્રજાપતિનું—એટલે કે સર્જકોનું જ વાહન છે... પણ એમ 'વક્રગતિ'ના કહેવાથી જ કોઈ કુંભાર ગધેડે થોડા બેસવાના છે ?

ચોપાટીને બાંકડેથી

'વક્રગતિ'

શુદ્ધ શું ? અશુદ્ધ શું ?

કહેવાય છે કે કલાનો ધર્મ વિવિધતામાં એકતાનું દર્શન કરવા-કરાવવાનો છે. પણ કોઈ કલા એકતામાં વૈવિધ્યનાં દર્શન પણ કરાવે તો એને નિભાવી લેવી જોઈએ. ગુજરાતી ભાષામાં આવી જ વિલક્ષણ કલા રહેલી છે. આમ તો દોઢેક કરોડ જેટલાં ગુજરાતીભાષીઓનાં કક્કા-બારાખડી સર્વ-સામાન્ય જ છે, પણ એ બારાખડીની 'બોલી'માં – એટલે કે ઉચ્ચારમાં–એવું તો બહુવિધ બખડજંતર છે કે ગરવી ગુર્જરગિરા 'જૂજવે રૂપ અનંત ભાસે' છે.

હમણાં સુરત લેખકમિલનના 'માઈક' ઉપરથી આપણી માતૃભાષાનાં લગભગ બધાં જ સ્વરૂપો સાંભળવાનો સુઅવસર પ્રાપ્ત થયેલો. એકોઽહમ્ બહુ સ્યામ્ જેવો આ બહુરૂપી–પ્રયોગ સહન ન કરી શકનાર એક વક્તાએ તો ખિજાઈ જઈને સંભળાવી પણ દીધું કે બધા જ લેખકોના ઉચ્ચારો અશુદ્ધ છે, માટે પહેલાં તો ઉચ્ચાર સુધારતાં શીખો.

હવે પ્રશ્ન એ થાય છે કે શુદ્ધ ઉચ્ચાર કોને કહેવા અને અશુદ્ધ ઉચ્ચાર કોને ગણવા. (કૃષ્ણમૂર્તિ જેવાને આવો પ્રશ્ન પૂછ્યો હોય તો તેઓ તો 'ઉચ્ચાર એટલે શું ?' થી જ સામી પૃચ્છા શરૂ કરે.)

સાંભળ્યું છે કે નડિયાદી નાગરો ગુર્જરગિરાનો એકહથ્થુ ભોગવટો કરતા ત્યારે ઉચ્ચારશુદ્ધિ માટે આચારશુદ્ધિ કરતાંય અદકો આગ્રહ – બલકે દુરાગ્રહ – રાખવામાં આવતો. માનો કે કોઈ માણસનું નામ મનઃસુખરામ હોય તો મન પછીના 'દુઃખના ચિહ્ન' (વિસર્ગ)નો અણિશુદ્ધ ઉચ્ચાર ન થાય તો મનઃસુખરામને બેહદ મનઃ – દુઃખ થઈ જાય. કહેવાય છે કે એ જમાનામાં સાક્ષરને આંગણે ટપાલ નાખવા આવનાર પોસ્ટ-મેન પણ સાક્ષરશ્રીના શુભનામના અશુદ્ધ કે અશુભ ઉચ્ચાર કરે તો એ ટપાલનો સખેદ અસ્વીકાર કરવામાં આવતો અને અભણ ટપાલીની ઉચ્ચારઃઅશુદ્ધિ સામે ટપાલખાતામાં પ્રતિ… કરવામાં આવતી. પરિણામે ટપાલીઓ પણ તાલુસ્વર અને દંતસ્વર વચ્ચેનો સૂક્ષ્મ ભેદ સમજતા થઈ ગયેલા. ઉચ્ચારની આ અતિશુદ્ધિ 'ભદ્રંભદ્ર'માં સોળે કળાએ જોવા મળેલી.

પણ ભદ્રંભદ્ર પછી તો સાક્ષરયુગનો સુવર્ણયુગ આથમ્યો. ગુજરાતી ભાષાના ભોગવટાનો નાગરોનો નવ્વાણું વર્ષનો પટ્ટો પૂરો થતાં વિદ્યાનું વિકેન્દ્રીકરણ થઈ ગયું અને ઉચ્ચારની ભયંકર એકવાક્યતા પણ આથમી ગઈ. ઉચ્ચારોમાંથી નાગરી હ-કારનો હણહણાટ ઓછો થતાં વ્યંજનાશક્તિ વિવિધ… ખીલવા લાગી. આનું એક શુદ્ધ પરિણામ તો એ આવ્યું કે બોલનાર માણસની શુદ્ધ બોલી અને ઉચ્ચાર ઉપરથી જ એ ગુજરાતના કયા પ્રદેશનો વતની છે એ સમજી શકવાની સરળતા થઈ ગઈ. કૉલેજો અને હૉસ્ટેલોમાં પચરંગી પ્રદેશના વિદ્યાર્થીઓનાં મૂળ વતન જાણવા માટે તો એમના શ્રીમુખે ઉચ્ચારાતું એક જ વાક્ય બસ થઈ પડે. 'એ થેલો' ભણનાર વિદ્યાર્થી 'ડેહડિમોના'ની પાત્રચર્ચા કરે અથવા હૉસ્ટેલના રસોડે જઈ ને 'હાનું હાક કરિયું છ ?' કહે પછી એને પૂછવું જ ન પડે કે તમે હુરતના છો કે વલહાડના ? એ શ્રીમાન તો… અને તાપીની વચ્ચેના જ હોવાના. એવી જ રીતે, … જમતાં દાળશાકમાં ખટાશ ઉમેરવા માટે 'મા'રાજ, લીંબુ ચોરિયું નચોવજો, બા !'ની વિનંતિ કરનાર કે જમ્યા પછી હાથ ધોવાનું 'પોણી' માગનારનું વતન સુણાવ-મોઢ… કે વસોની આસપાસ સહેલાઈથી મૂકી શકાય.

કાઠિયાવાડીઓ સ્વભાવથી જ કરકસરિયા હોય… એમણે 'ळ' વ્યંજનનો વપરાશ જ માંડી વાળ્યો છે… એકલા 'ર' પાસેથી એવડી કામગીરી લઈ ને ગાડું ગબડાવી રાખે છે. 'કાગર'ને 'કામરા-ધાબરા'થી માંડીને … અરદ'ને 'હરદર' સુધીની ચીજવસ્તુઓમાં તેઓ … કરકસર કરી જાણે છે. પરિણામે કોઈ કોઈ વાર 'હું …

ગયો પણ એ ન મર્યો ' જેવાં અનર્થકારક વાક્યો પણ ઉચ્ચારી નાખે છે. જેવું ળનું એવું જ શ અને ષનું પણ સમજવું. સીધોસાદો સસલાનો સ હાથવગો—કે જીભવગો હોવાથી શકોરાનો શ કે મૂર્ધન્ય ષનો શોખ કરવાનું ઘણાને પાલવતું નથી. આ લોકો પણ અમેરિકનોની જેમ ભાસામાં સાદગી લાવી રહ્યા છે. એમણે પોતાના સબ્દકોસમાંથી સુસ્ક સબ્દ જ સમૂળો ઉડાવી દીધો છે.

આને સામે પક્ષે ઉચ્ચારશુદ્ધિના અંતિમમાર્ગીઓ ળ વ્યંજન એવી તો તીવ્રતાથી ઉચ્ચારે છે કે એક ળને બદલે એકી સાથે ત્રણ ત્રણ ળ ત્રણગણી તીવ્રતાથી સંભળાય છે. 'કાળા અડદની દાળમાં ગોળ નાખવો છે?' એમ કોઈ પૂછે તો સાંભળનારના કાનમાં ખીલા ધરબાતા હોય એવો અનુભવ થાય છે. આવે પ્રસંગે ઘડીભર થઈ આવે કે આને બદલે તો 'ગોળ'નો ઉચ્ચાર 'ગોર' કરી નાખીને બ્રહ્મપુત્રોને યાદ કરનાર પેલા કાઠિયાવાડીઓ સાત થોકે સારા.

કેટલાક લોકો વળી ઉચ્ચારશુદ્ધિનું એવું તો તીવ્ર સભાનપણું ધરાવે છે કે 'મોહનલાલ'નું 'મોસનલાલ' કરવાની હદે પહોંચી જાય છે અને 'ખીહર'(મકર-સંક્રાંતિ)નો 'ખીસર' જેવો હાસ્યજનક પ્રયોગ કરવા લાગે છે. આ અતિશુદ્ધિના આગ્રહીઓ શકોરાનો શ અને મૂર્ધન્ય ષ વાપરવાના એવા તો અતિશોખીન હોય છે કે સાદા સસલાના સની જગ્યાએ પણ તેઓ શકાર જ વાપર્યા કરે છે અને એ શકારના ઉચ્ચારમાં પણ તેઓ એટલા તો અતિ-સભાન હોય છે કે બોલતી વેળા એમના ઓષ્ઠગોળાર્ધમાંથી રીતસર સિસોટી જ સંભળાય છે. 'શરલાબેન ગુશ્શે થયાં છે' એમ બોલનાર પ્રત્યે સાંભળનાર જ ગુસ્સે થાય એમાં શી નવાઈ?

ઉચ્ચારશુદ્ધિના આ બન્ને અંતિમ માર્ગો વચ્ચે પારસીઓએ અપનાવેલો મધ્યમપ્રતિપદા માર્ગ અનુસરવા જેવો લાગે છે. પારકી ભાષાને પોતાની કરી લેનાર આ જરથુસ્તી બિરાદરોને જ્યારે દડાના દ અને ડગલાના ડ વચ્ચેનો અતિ-સૂક્ષ્મ ભેદ જાણવાની ફરજ પડે છે ત્યારે તેઓ હિન્દુરાંઓને બેધડક પૂછી જ લે છે: 'ડાડાભાઈનો ડ કે ડોસાભાઈનો ડ?' બાકી, ગુજરાતી લેખકોના ઉચ્ચારો અશુદ્ધ છે એમ કહેનાર આપણે કોણ? આવો આક્ષેપ કરવામાં તો, પેલી વેશ્યા ઉપર પથરાબાજી કરનારાઓની ઈસુ ખ્રિસ્તે જે હાલત કરી મૂકેલી એથીય વધારે કફોડી હાલત થઈ જાય એમ છે. 'આપડાં બ્હહદ્ધાંહાં જ લેખકો અશુદ્ધ ઉચ્ચાર કરે છે' એમ કહેવું એ તો 'આજથી હું મધર ટંગમાં જ બોલવાના ઓથ લઉં છું,' એવો સંકલ્પ કરનારના જેવી વાત થઈ કહેવાય. એના કરતાં ઉચ્ચારની શુદ્ધિ કે અશુદ્ધિ અંગે અશુદ્ધ આક્ષેપ ન જ કરીએ તો શું ખોટું? હાડકાં વિનાની જીભ જેમ વળતી હોય એમ છોને વળતી!

अथ श्रीगर्दभप्रशस्तिः

સરસ્વતીનું વાહન તો હંસ (અથવા મયૂર) છે, છતાં સાહિત્યકારોનાં સંમેલનોમાં ઘણી વાર ગર્દભનો ઉલ્લેખ શા કારણે થાય છે એ સમજાતું નથી. વરસો પહેલાં વડોદરા ખાતે સાહિત્યપરિષદ મળેલી ત્યારે કાઠિયાવાડના એ વેળાના એક રિયાસતી દીવાને પોતાના પ્રદેશના 'જંગલી ગધેડાઓ'નાં મોંફાટ વખાણ કરીને શ્રોતાઓને અનેકાનેક તર્કવિતર્કમાં નાખી દીધેલા. આ ગર્દભપ્રશસ્તિ સાંભળીને કવિલોકો તો આ નવા ભાવપ્રતીક ઉપર ભોળે ભાવે મુગ્ધ થઈ ગયેલા અને નટખટ પત્રકારોએ તો જંગલી ગધેડાઓ વિશેના આ આખા વક્તવ્યને તત્કાલીન દેશસ્થિતિના નખશિખ રૂપક તરીકે જ ઘટાવેલું...હમણાં સુરતમાં લેખકમિલન યોજાયેલું ત્યારે પણ પહેલે દિવસે પ્રારંભિક કાર્યક્રમમાં જ એક લેખિકાબહેને પોતાના વક્તવ્યમાં સાવ અસંબદ્ધ રીતે ગધેડાં, છાલકાં ને કુંભારનો ઉલ્લેખ કરીને શ્રોતાઓને આશ્ચર્યમાં — કે આઘાતમાં? – ગરકાવ કરી નાખેલા.

અને પછી તો આ ચેપ બપોરના કાર્યક્રમમાં પણ ચાલુ રહ્યો. 'ગમ્યું તે ગાયું'ના કાર્યક્રમમાં એક વક્તાને આ બેવડા ગ-કાર અને પ્રાસવાળું વિનમ્ર શીર્ષક મોળું લાગ્યું તેથી એમણે વધારે ખુમારીવાળું નવું શીર્ષક જાહેર કર્યું: 'ના હું તો ગાઈશ!' અને પછી તો એમણે પોતાની કૃતિઓના બચાવમાં જે ગાન ગાવા માંડ્યું એમાં આ નૂતન શીર્ષકને ઠેઠ સુધી વફાદાર રહીને વિવેચકોના ટીકા-પ્રહારો માટે 'ડફણાં'નો આલંકારિક શબ્દપ્રયોગ કર્યા જ કર્યો. એમ કરીને વક્તાએ—ભલે અજાણતાં પણ—વિવેચકોને ગર્દભારૂઢ કુંભારમાં ખપાવી દીધા. એ તો પાડ માનીએ પરમેશ્વરનો કે હાજર રહેલા વિવેચકોમાંથી કોઈએ આ રાંપીનો ઘા ગણકાર્યો નહિ ને કાર્યક્રમ હેમખેમ પૂરો થઈ ગયો.

[અનુસંધાન પૃ. ૨૬૯ ઉપર]

જિપ્સીની આંખે

'જિપ્સી'

જીવન, વિષ, અમૃત

લાડલી એ નીલમનગર રાજ્યની પહેલી હરોળની જાગીર. એના વૃદ્ધ જાગીરદાર ઠાકુર દીવાન ગિરિરાજસિંહનું મૃત્યુ થયું ત્યારે લોકોને શોક થયો તેના કરતાં આનંદ વધારે થયો. આ જાગીરદાર આમ તો ગીતાભક્ત. પણ શ્રાવણ મહિનામાં જન્માષ્ટમીએ એક મેળો ભરે. એમાં મોટું જુગારખાતું ચલાવે. એની મોટી આવકથી ખિસ્સું ભરે અને અનેક લોકોને આંસુ સારતા પાછા વાળે. એ જાગીરની પ્રજા કંગાલ અને દુઃખી. પરંતુ જનતાનું મોટું આશ્વાસન લાડલીનો રાજકુમાર રઘુરાજસિંહ. પોતાના બાપની સાથે એનો બિલકુલ મેળ નહિ. જન્માષ્ટમીના મેળામાં રઘુરાજસિંહ નીલમનગર આવતા રહે. લાડલીના લોકોને મન આ રાજકુમાર સોનાનો માણસ.

બાપના અવસાન પછી રઘુરાજસિંહ ગાદીએ આવ્યા. રઘુરાજ મને બહુ વહાલા. એટલે એ ઉત્સવમાં મેં અંતર ભરીને ભાગ લીધો. અને પછી તો અમારી મૈત્રી નિકટતાનું એક પછી એક પગથિયું ચઢતી ચાલી. સુંદર અને લાવણ્યવતી સ્ત્રીઓ જોઈ છે. ચારુ અને મનમોહક નારીઓના પરિચયમાં પણ આવ્યો છું. ચકોર અને દક્ષ સન્નારીઓનો સમાગમ થયો છે. આ સર્વ હોય ને શીલનું ઓજસ્ હોય એવા વિરલ મહિમાવંત માતાને પણ મળ્યો છું. પરંતુ રૂપવંતા તેજસ્વી પુરુષો ઓછા જોયા છે. જેમના વર્તનમાં પ્રસાદનો પરિમલ મહેકે છે, જેમના હૃદયકમળનું આકર્ષણ મનોહારી નીવડ્યું છે એવા જૂજ જ નરરત્નોનો પરિચય થયો છે. દાક્ષિણ્ય જેમનું અદ્ભુત છે અને મેધાના ગૌરવથી જેઓ શોભે છે એવા સજ્જનોના સંપર્કમાંય આવ્યો છું. પરંતુ આ સર્વનો સપ્રમાણ સુમેળ હોય ને શીલના સુવર્ણરંગે ઓપતા હોય એવા વિરલ સત્પુરુષોને મળવાનું સુભાગ્ય પણ મળ્યું છે, એમાં રઘુરાજસિંહનું નામ આવે. એટલે એમનું મારા અંતરને એવું તો આગવું આકર્ષણ કે એનાં સ્મ[illegible] માત્રથી મને આનંદ થાય.

આ રઘુરાજસિંહ માટે લગ્નની અનેક માગ[illegible] આવવા માંડી. રાજામહારાજાઓ અને રાજકુ[illegible] જાગીરદારોના ચારિત્ર્ય વિષે કોઈ ભાગ્યે જ છાતી ઠો[illegible] ખાતરી આપી શકે. પણ લાડલીના આ સપૂતનું ચારિત્ર[illegible] ટચનું સોનું મનાતું અને હતું. સવારે બે કલાક ધ્યાનપૂ[illegible] ગાળે. કંકુના તિલકથી દીપતું એમનું મુખ નિર્મળ પ્ર[illegible] છટાથી ઝાંયઝાંય થયા કરે. એ નિષ્કલંક આંખોમાંથી [illegible] નીતર્યાં કરે. સુવર્ણરંગી ને સુરેખ કાયામાં બેઠેલો પરાક્રમ[illegible] પ્રાણ અને અભિજાત આત્મા આપણને વહાલ કરવાનું આમં[illegible] આપ્યા જ કરે. બાળક જેવું એમનું નમણું અને નિ[illegible] વર્તન સ્વાભાવિકતાની એવી સુગંધ મહેકાવે કે આ[illegible] દુષ્ટતાનો વિચાર કરતાંય સંકોચ થાય. આ બધું જો[illegible] મને એમ થતું કે રઘુરાજ ગયા જન્મનો કોઈ યોગી છે, આ જન્મે અધૂરો રહેલો યોગ પૂરો કરવા આવ્યો છે. ભ[illegible] ક્ષત્રિયનો અવતાર આપ્યો છે પણ દૃષ્ટિ અને હૃદય બ્રાહ્[illegible] આપ્યાં છે. પરાક્રમ અને પવિત્રતાના આવા સુમેળથી [illegible] પુરુષ કેવો ગરવો અને ગરીબનવાજ લાગે છે! એટલે [illegible] તો એના ઉપર મુગ્ધ. એની મિત્રતાનો મારે મન [illegible] આનંદ અને એ લહાવો પણ હું વિરલ ગણું.

એક વખત રઘુરાજસિંહ મોટર લઈને નીલ[illegible] આવ્યા. નિરાંત અને એકાંત મેળવીને એમણે મારા [illegible] એક પત્ર મૂક્યો. એમાંની વિગત વાંચીને મને પણ [illegible] ઊપજ્યું. લાડલીથી સાઠ–સિત્તેર માઈલ આવેલી [illegible] રાજપૂત જાગીર અસલનેરની રાજકુંવરીનો એ કાગળ[illegible] એમનું નામ સુમનકુમારી. એ બાઈ સવારે પૂજામાં [illegible] હતાં. ત્યાં ધ્યાનમાં એમની કુલદેવીએ આવીને દર્શન [illegible] અને આજ્ઞા કરી કે લાડલીના જાગીરદાર સાથે લગ્ન[illegible]

જોઈએ જા. મારા આશીર્વાદ છે. એટલે એમણે પોતે કાગળ લખ્યો હતો. રાજપૂતોમાં અને તેમાંય આવી ઠકરાતોમાં કન્યા પોતે આવો પત્ર ન લખે. એમાં લજ્જાનું શીલ તૂટે. છતાં પોતે આવી હિંમત કરી છે. એટલે અમે માગું મોકલીએ છીએ. તમે હા જ પાડજો. ના પાડશો તો હું શરીર પાડીશ.

રઘુરાજસિંહનું અંતઃકરણ ઋજુ અને સ્નિગ્ધ હતું. એમણે મારી સલાહ માગ્યા પહેલાં પોતાનો નિર્ણય કર્યો. એઓ માગું સ્વીકારશે. મારે વધુ કહેવાનું હતું જ નહીં. એમને તો માત્ર આ નિર્ણય પોતાના મિત્રને કહીને હૃદય હળવું કરવું હતું. બીજી વસંતઋતુમાં લગ્ન થઈ પણ ગયું. લાડલી અને અસલનેરનાં જૂનાં વેર. આ લગ્ન કોઈની કલ્પનામાંય નહીં. પણ કન્યાની હઠ અને રઘુરાજસિંહની સહજ સંમતિએ આ અસંભવિત લગ્ન કરાવ્યું હતું. અસલનેરનાં રાજકુમારીને લાડલીની હવેલીમાં જોયા પછી જે સુખ, જે આનંદ મારા અંતઃકરણને થવાં જોઈએ તે થયાં નહીં. ઊલટું એમનું વ્યક્તિત્વ જોઈ ને થોડીક બીક લાગી. આમ તો એ નમણાં હતાં. સુકુમાર પણ લાગતાં. દેહ ઘાટીલો હતો. આંખોમાં ચમક હતી. પરંતુ કોણ જાણે કેમ એમને જોઈને, મળીને આનંદ નહોતો થતો. એ શાંત રહેતાં તે સહેવાતું પણ હસતાં ત્યારે તો ડરી જવાતું. સ્ત્રીમાં એવું એ કયું તત્ત્વ હતું જેણે આ રાજરાણીને બિહામણી બનાવી દીધી હતી! પરખાય નહીં પણ લાગે એવું કોઈ અસુરી સૂક્ષ્મ સત્ત્વ હશે! નહીં તો, સમઝણ ન પડે? પણ મારી આ લાગણી, મારું આ સંવેદન મેં મારી પાસે જ રાખ્યું.

લગ્નને છ-સાત માસ વીતી ગયા હશે ને રઘુરાજસિંહ નીલમનગર આવ્યા. પાંગરેલું પ્રફુલ્લ પૌરુષ જોવા ટેવાયલી મારી આંખોએ કરમાતું અંતઃકરણ જોઈને ઊંડી ગમગીની અનુભવી. એ રાત કદી નહીં ભૂલાય. રાતે અમે અગાસીમાં બેઠા હતા. બે ઓશીકાને પોતાના ખોળામાં રાખી એના ઉપર હાથ રાખીને રઘુરાજસિંહ બેઠા હતા. એમને કંઈક કહેવું હતું ને એ કહેતા નહોતા. અંતરને ઊઘડવું હતું ને એ ઉઘડવા દેતા નહોતા. હું જરા પાસે ખસ્યો. મને એઓ બહુ જ ગમે. હું તો સ્નેહથી ગદ્‌ગદ્ થઈ ગયો. મેં એમની દાઢીએ એક આંગળીનો સ્પર્શ કરીને પૂછ્યું: "રઘુરાજ, દિલ ન ખોલે તેને આ રાતના સોગન." ને એમણે થોડી વાર મૌન રાખીને અતિશય ધીરેથી કહ્યું: "આ સુમનકુમારી આમ સારાં છે, સ્નેહાળ છે, હુશિયાર છે. પણ..." કહીને એ અટકી ગયા. મેં વાત આગળ ચલાવવા કહ્યું: "પણ?" અને એમણે કહ્યું: "પણ એઓ મારા પલંગમાં સુએ છે ત્યારે જાણે મારી પાસે નાગણ સૂતી હોય એવો આભાસ મને થયા જ કરે છે. એટલે ઘણી વાર મને નિદ્રા જ નથી આવતી. ક્યારેક તો એમ લાગે એટલે બીજા પલંગમાં જઈને સૂઈ જાઉં છું. અને ઘણી વખત એ સૂતાં હોય છે ત્યારે મને વહાલાં લાગવાને બદલે બિહામણાં લાગે છે." આ વાતથી મને આશ્ચર્ય ન થયું. કારણ કે મારું સંવેદન પણ એવું જ હતું. મેં એમને મારી લાગણીની વાત કરી. એમને વિષે અમે બન્ને એક મત થયા. પણ આનો ઉપાય શો? ખૂબ વિચાર કર્યો. મેં એમને થોડો વખત નીલમનગર રાખ્યા. થોડાક પ્રસન્ન થયા ત્યારે વિદાય લીધી. અમે એક નિર્ણય કર્યો કે સુમનકુમારીને થોડો સમય અસલનેર મોકલવાં.

એકેક મહિના વીત્યા હશે. આસો મહિનો હતો એમ યાદ છે. નવરાત્રિના દિવસો હતા. દશેરાનો એ આગલો દિવસ હતો. બપોરે ત્રણેક વાગે લાડલીની મોટર મહેલમાં આવી. એણે ખબર આપી કે રઘુરાજસિંહ ઇસ્પિતાલમાં છે. અમે તો સૌ દોડ્યા ઇસ્પિતાલમાં. ડૉક્ટર ઊતરેલે ચહેરે ઊભા હતા. રઘુરાજસિંહની સુવર્ણરંગી કાયા જાણે છાયાથી ઢંકાઈ ગઈ હોય એમ નીલીછમ થઈ ગઈ હતી. આંખો મિંચાયલી હતી. મેં એમના હાથને મારા હાથમાં લીધો. વહાલથી કપાળે હાથ ફેરવ્યો. ને બોલાવ્યા : "રઘુરાજ! રઘુરાજ! રઘુરાજ!" ત્રીજે અવાજે આંખો ખૂલી. મારા ભણી જોયું અને આંખો આપમેળે બિડાઈ ગઈ. ડૉક્ટરના ઇંજેક્શનનું કશું ના ચાલ્યું. પળ વારમાં જ એમની ગરદન એક બાજુ પડી ગઈ. ત્યાં ઊભેલા સૌ સ્તબ્ધ થઈ ગયા.

એ જ રાતે એમનું શબ લઈને અમે લાડલી આવ્યા. સવારે અગ્નિસંસ્કાર થયા. લાડલી ઉપરાંત દૂરદૂરનાં ગામોમાંથી લોકો ઊમટી આવ્યાં હતાં. રઘુરાજસિંહની સુગંધ દૂરસુદૂર વિસ્તરેલી હતી. એટલે માતમ ઊંડો હતો. વેદના એકરાર કરનારી હતી. એ જ એકરારી સાથે મેં હવેલીમાં જઈને સુમનકુમારીને આશ્વાસન આપ્યું. ખરી રીતે તો એ સાંત્વના હું મને જ આપતો હતો.

તે જ સાંજે લાડલીથી નીકળીને નવાગામ આવ્યો. અહીં નીલમનગરનો બંગલો હતો. રાત ત્યાં રહીને સવારે નીકળવાની

[અનુસંધાન પૃ. ૨૯૦ ઉપર]

સ્વાધ્યાય અને સમીક્ષા

મનહર અને મનભર

પ્રાચીન હિંદમાં નાનાં નાનાં સ્વતંત્ર પ્રજાસત્તાક રાજ્યો ગણરાજ્યો-સંઘરાજ્યો હતાં એવું પાણિનિ, બૌદ્ધ સાહિત્ય, કૌટિલ્ય અર્થશાસ્ત્ર, પરદેશીઓનાં બયાનો વગેરેમાંના ઉલ્લેખો અને સિક્કાઓ ઉપરથી જાણવા મળે છે. મલ્લ, માલવ, પટલ, પાટલ, લિચ્છવી, ત્રિગર્ત, શિબિ, યૌધેય, કઠ, બ્રાહ્મણક, કુકુર, કુરુ, પાંચાલ, સુરાષ્ટ્ર આદિ અનેક ગણરાજ્યો યશસ્વી કારકિર્દી ભોગવી ગયાં છે. મગધનું સામ્રાજ્ય ફાલ્યુંફૂલ્યું ને એના બૃહદ્ ઉદરમાં આ લઘુક કોળિયા શાં ગણરાજ્યો વિલીન થયાં. ગણરાજ્યોના ટમટમતા છેલ્લા દીવડાઓ કેમ નિર્વાણ પામ્યા-હોલવાયા તેની આ વીરતાભરી રોમાંચક કથા છે.

કથાપટ ઉપર એક નજર ફેરવતાં પહેલી છાપ એ પડ્યા વગર રહેતી નથી કે આપણે સૈકાંઓ જૂના સમયમાં માનસયાત્રા કરી રહ્યા હતા. ઇતિહાસનું તથ્ય આ નવલકથામાં પૂરું સચવાયું છે. ઐતિહાસિક નવલકથાઓનો સામાન્ય દોષ એ હોય છે કે અર્વાચીન ભાવનાઓને નિરૂપવાના ઓઠા તરીકે જૂના સમયનો ઉપયોગ થતો હોય છે. સાચી ઐતિહાસિક નવલકથા તત્કાલીન ઇતિહાસના સત્યને સાંગોપાંગ જાળવવા મથે છે અને માનવભાવોની સનાતન લીલા તે સમય પર કેવી ખીલી શકે એનું આલેખન કરી ઇતિહાસના અને માનવતાના સત્યને એકરસ કરી મૂકે છે. શ્રી દર્શક 'કલાશત્રુ' બ્રાહ્મણકો કે 'રમણીલુબ્ધ' માલવો, અર્ભક હત્યારા કઠો કે અજજડ શકો, યવન યુવકો કે મગધના રાજપ્રપંચવીરો—એ સૌ વચ્ચે એમની હેડીના જ હોય એ રીતે સ્વાભાવિકપણે વિચરે છે.

નવલકથામાં તરત ધ્યાન ખેંચે છે—અદ્ભુત રસના અવસરો. આનંદનું મગર સાથેનું યુદ્ધ, ઉત્સવની રથદોડ, તક્ષશિલાનાં ખાવા ધાતાં ખંડેર, મૈનેન્દ્રની ભવ્ય રઝળપાટ, માથા પરનું લીંબુ તીરથી ચીરવાનો (વિલ્હેલ્મ ટેલની યાદ આપતો) પ્રસંગ, સોનાથાળીમાં રત્ન પીરસવાનો પ્ર[illegible], નંદિગ્રામનો ઘેરો, કઠકન્યાઓની આગ-રમણાનો હાહાકાર અને અંતે વીરકરુણ લવણદ્વીપ—એક પછી એક રોમાંચક, સાહસભર્યા અને આશ્ચર્યભર્યા અવસરો કથાનકમાં પથરાયેલા છે. કલાકૃતિમાં આગંતુક ન લાગે એ રીતે-બલકે કથાપ્રવાહને પોષે એ રીતે-અદ્ભુત પ્રસંગોની ગૂંથણી લેખક કેવી કુશળતાથી કરે છે તેમાં ઘણી વાર એનું માપ મળી આવે છે.

શ્રી દર્શકે ભૂતકાળના કાવ્યનું આકંઠ પાન કરેલું છે. મયૂરયુગલને વીણાવાદનથી નચવતી સુચરિતાનું પ્રથમ દર્શન, સુદત્તપ્રાસાદનું વર્ણન, નિર્વાણગિરિ પરના વિહારો, શિલ્પકલા—વિશેષતઃ પદ્મપાણિની પ્રતિમા, તક્ષશિલાના વિવિધ વિદ્યાનિવાસો,—આ બધું આપણને પ્રાચીન સમયના અલૌકિક કાવ્યલોકમાં તરત જ ઉપાડી જાય છે.

પણ આ બધું કથાવસ્તુની સપ્રમાણ ઔચિત્યપૂર્ણ ગૂંથણી વિના ભાગ્યે જ કાર્યક્ષમ નીવડે. તે સમયના [illegible] વાસ્તવિકતા ઉપરથી લેખક કદી નજર ખસવા દેતા નથી, કથાના કોઈ અંશને વધુ પડતો લડાવતા પણ નથી અને પ્રસંગોને અનિવાર્યતાના સંબંધથી પરસ્પર સાંકળે છે. દેખીતાં જ આનંદ-સુચરિતા મુખ્ય પાત્રો છે, પણ [illegible] ખંડમાં તો અંતે જતાં બંને મળે છે. આનંદની માતાની [illegible] પ્રથમ ખંડના આરંભમાં આવી એ જ. લેખકના કલાસંયમનો એક સૌથી મોટો દાખલો છે—આનંદ અને એના [illegible] આચાર્ય શીલભદ્રનું છેક કથાના અંતે થતું પ્રથમ [illegible] આચાર્ય મૈનેન્દ્રના શકોને સંસ્કારવા હરૌવતી તરફ [illegible] કરવાનું સ્વીકારે છે ત્યારે આપણે મનોમન સમજી [illegible] છીએ કે ઐલની સમન્વયદૃષ્ટિનો વારસો પામેલા, [illegible] હમેશના અસંતુષ્ટ, આનંદને એ સૌથી વધુ ઋણી [illegible] રહ્યા છે.

ભાષા કથાસૃષ્ટિને યોગ્ય રૂપની જ છે. તે સમયના [illegible]

પ્રયોગો *–ગણાધીશ, નગરશ્રેષ્ઠિ, કાર્ષાપણ, કંટકશોધક, સમાજ, સંથાગાર, વેણુસંઘાત—વાતાવરણ જમાવવામાં ફાળો આપે છે. શ્રી દર્શકની ભાષા સંસ્કારી છે. તે સમયની સંસ્કારિતાની દીપ્તિ કથાના અવયવે અવયવમાં તરવરતી પ્રતીત થતી હોય તો તે આ ભાષાના પ્રતાપે. લેખકની શૈલી શિથિલ કે દીર્ઘસૂત્રી નથી બલકે સુશ્લિષ્ટ લેખન(tight writing)માં રાચનારી છે, એટલે વખતે દુરૂહ પણ ભાસે. પણ શ્રી દર્શકમાં સાત્ત્વિક રસિકતા ભરપૂર પડેલી છે. એમના શૈલીપ્રવાહમાં તણાયે જ છૂટકો. 'વનસ્પતિથી ઊભરાઈ ઊઠેલી નાચેની સાંકડી ખીણ અને આ યુવતીમાં કોણ વધુ સુંદર હતું?'–એમ નિર્વાણ-ગિરિ પર વિચારચગડોળે ચઢેલા આનંદ તરફ નજર કરો કે સિંધુતટના નિબિડ ભીષણ મહાકાન્તાર પર વારી જતા લોથ-પોથ મહાકાશ્યપ ઉપર આંખ માંડો— લેખક સૌન્દર્ય જ્યાં પડ્યું હોય ત્યાંથી ભાષામાં ઝીલી લેવા કેવા સજાગ છે એનો ખ્યાલ આવશે.

આ બધાં લક્ષણોથી કથાસૃષ્ટિ મનહર બની છે, પણ એ મતભર બની હોય તો તે એનાં થોડાંક ચિરસ્મરણીય પાત્રોને લીધે–બલકે એ પાત્રોનાં સંકુલ જીવનના આઘાતપ્રત્યાઘાતો દ્વારા કથાસૃષ્ટિમાં ડોકિયાં કરતા માનવ્ય-સમૃદ્ધિના અખૂટ ખજાનાઓને લીધે.

આમે પાત્રો બહુ નથી. આત્રેય, મહાકાશ્યપ, આસંગ, ઐલ, શીલભદ્ર, ધનપાલ, પ્રભાકરવર્ધન–એ વૃદ્ધો અને પ્રૌઢો; આનંદ, સુદત્ત, ચારુદત્ત, મૈનેન્દ્ર, વસુમિત્ર, દિમિત્ર,–એ યુવકો; અને સ્ત્રીઓમાં તો આરંભમાં પ્રૌઢા ગૌતમી અને અંતમાં કિશોરી રોહિણી બાદ કરતાં માત્ર સુચરિતા અને કૃષ્ણા એ બે યુવતીઓ.

સુચરિતા અને કૃષ્ણા એ અનુક્રમે પહેલા અને બીજા ખંડનાં રસબિંદુ છે. કળા ઉપર મોહેલી સ્વયં કલાધરી સુચરિતા, એક નાની અમસ્તી–વચન આપી બેસવાની ભૂલથી પારાવાર યાતનામાં હડસેલાતી, માધુર્ય અને વેદનાની મૂર્તિ, સહન કરીકરીને સ્નેહનાં અશ્રુ વડે જગતના દુરિતને આત્મા-ના એકાંતમાં ધોતી અને અંતે વિશ્વના કેન્દ્રમાં વિરાજતી અમોઘ લક્ષ્મી સ્વરૂપે આત્મસ્થાપના કરતી નારી, સીતા અને શકુંતલાના સહિયરવૃંદમાંની છે. અને કૃષ્ણા? તોફાની, રણકુશળ, ચારુદત્ત જેવા શ્રમણ સાધુને ભોગે પણ ઠેકડી કરી લેનારી, તક્ષશિલાની 'કામરૂ', મૈનેન્દ્ર જેવા ઝંઝાવાતને નાથનારી, ઉન્માદિની, વિદ્યુતસમી દેદીપ્યમાન એ નિત્યતરુણી છે. બિચારા સુદત્ત જેવાને પણ એનું 'મિજાજી નાક' વાગ્યું છે! સમાજમાં એ કેકયકન્યા એક વાર આનંદથી આગળ નીકળી જાય છે તે ક્ષણે થાય છે કે આ સુદત્ત–સુચરિતાના ઝઘડાનું મૂકોને લપ, આનંદ અને આ કેકયકન્યાની જુગતી જોડી જામશે, વિધાતા (કે આ કથાસૃષ્ટિવિધાતા) એને પણ આનંદ કરતાં વધુ સારો વર ક્યાંથી મેળવી દઈ શકશે?— પણ બીજા ખંડમાં જોઈને આપણી આંખ ઠરે છે તેમ મૈનેન્દ્ર ને કૃષ્ણા એ બે જ પરસ્પર માટે નિર્મિત છે. આખી કથામાં હાસ્ય નજેવું છે. પણ જે કાંઈ છે તે આ કેકયકુમારીને લીધે છે. બધાની ઠેકડી ઉડાવનાર કૃષ્ણા શકસરદારોએ ઉચ્ચારેલા આશીર્વાદના લાગની જ હતી: 'અમારા કબીલાને તું આવીને સમૃદ્ધ કર! અશ્વ જેવાં વેગીલાં ને રીંછ જેવાં શક્તિશાળી સંતાનોની માતા થા! પ્રસૂતિ વખતે તને પીડા ન થાય!' કૃષ્ણા દ્વારા લેખક આંતર-જાતીય લગ્નોનો સંસ્કારવિસ્તારની પ્રક્રિયામાં કેવો અગત્યનો ફાળો છે તેનું સૂચન પણ કરતા હોય એમ લાગે છે. સુચરિતાનું કથાના અંતભાગનું નર્મવચન ઘણું સારગર્ભ છે. ઐલ અને શીલભદ્ર જેવા ઋષિવરોએ પ્રચારેલી સંસ્કારસમન્વયની ભાવનાનું પરિમળ કૃષ્ણા જેવી સન્નારીનાં સ્નેહરસાયણ વિના ખરે જ અ-પૂરતું ગણાય.

આનંદ અને મૈનેન્દ્ર પૌરુષના અવતાર સમા છે, છતાં બંને કેવા જુદા? સંઘસેનાપતિપદને પામનાર--એ પદને સર્વથા પાત્ર આનંદ જન્મ સમયે કઢંગણના ધોરણે અશક્ત હતો એ હકીકતમાં વિધિનો સુંદર કટાક્ષ(irony) છે. મૈનેન્દ્રમાં બે વ્યક્તિઓ છે, પણ ઐલ અને કૃષ્ણાની બેવડી અસર નીચે પલોટાઈને એનું વ્યક્તિત્વ એકતા પામશે એ માત્ર આશા નથી. હકીકત જેવું લાગે છે. પણ એ પ્રક્રિયા ચાલે છે તે દરમ્યાન તરુણી કૃષ્ણા સાથે એનું મિલન થાય છે. બંને ઉત્કટ સ્વભાવનાં છે, બંને વચ્ચેનો પ્રણય નાનપણની ધીંગામસ્તી ખ્યાલમાં રાખીએ તો પણ કાંઈક સહસા પ્રગટી

* તત્કાલીન વાતાવરણને બાધક એવા કેટલાક અર્વાચીન પ્રયોગો મારા ધ્યાનમાં આવ્યા છે તે નોંધું છું. મુખ્યત્વે તે સૌરાષ્ટ્રી પ્રયોગો છે: દોડજો જોઈ (પૃ. ૬૩), ઓલી આંબલી (૨૦૭), ટેનાયલ (૨૧૨), જોતું (૨૭૧); રામ બોલો ભાઈ (૨૬૯) ને કંસાર અને એરંડિયાનો દીવો (૧૮) પણ આધુનિકતાનાં [illegible] છે. નવી આવૃત્તિમાં નિવારી શકાય એવી આ વિગતો છે.

ઊદ્દતા ભાસે છે. કૃષ્ણાના હૃદયમાં પ્રણયનો પ્રથમ ઉદય થતો વરતાય છે–એ ક્ષણ જાણે કે જરીક આઘાતકારી અને અનપેક્ષિત રીતે આવે છે. આનંદ-સુચરિતાનો હૃદયસંબંધ જે પૃષ્ઠોમાં નિરૂપાયો છે તેવાં, પ્રેમની ઊંડી સમજદારી અને સંયમભરી શ્રીવાળાં પૃષ્ઠો આપણી ભાષામાં કયારેક જ જોવા મળે છે. સુદત્ત તરફ સુચરિતા ઢળી હતી એ કુદરતી હતું, બંને કળાના જીવ હતા. પણ સુદત્તમાં સુચરિતાના જીવનનાં ઊંડાણોને સ્પર્શવાની ગુંજાશ ન હતી. એ પણ વિધિની કેવી કટાક્ષ-પ્રિયતા(irony) કે કળાધરી સુચરિતાને કળાકાર સુદત્ત* કામ્યા તરીકે જુએ છે, એનામાં ભગવતીનાં દર્શન કરી શકતો નથી ? જ્યારે સેનાની આનંદ સુચરિતાને કયાંય કેવળ કામ્યા તરીકે જોતો હોય એવું આપણને લાગતું નથી—બલકે સુચરિતા કોઈની આંખમાં દેવીરૂપ હોય તો તે આનંદની આંખમાં ! ચારુદત્તનું પાત્ર આ કથામાં મજાનું છે. નિર્મળ સ્વભાવના ચારુદત્તને લીધે સુચરિતાને, કહો કે, સખીનું સુખ છે.

વૃદ્ધોના આલેખનમાં લેખક સિદ્ધહસ્ત લાગે છે. શ્રી દર્શકને કોઈ એમ ન કહી શકે કે न वृद्धाः सेवितास्त्वया । શરૂ શરૂમાં બધા વૃદ્ધો એક ઢાળાના ભાસે છે, પણ પછી તરત જ સૌ નિજાનિજનાં વ્યક્તિત્વે ઓપી રહે છે. આસંગ વીર છે. આત્રેયની વીરતામાં સ્વભાવના ઉગ્ર અંશોનો ભેળ છે. શીલભદ્રનું પાત્ર એક ખ્યાલ(idea)રૂપ જ રહે છે. આત્રેયે નિરૂપેલા દેવહૂતિ, મહાકાશ્યપ અને ગૌતમીના હૃદયમાં અંકાયેલા દેવહૂતિ અને સુદત્તગુરુ શીલભદ્ર—એ બધામાંથી એક સુગ્રથિત(well-integrated) પાત્ર ઊપસતું હોય એવી છાપ પડતી નથી. આગળ તરી આવે છે મહાકાશ્યપ. 'અહીં બધી કામનાઓના વિસર્જનમાંથી સર્વ શુભનો પુનર્જન્મ થાય છે. અહીં પુષ્પની સૌરભ, પૃથ્વીની દાનશીલતા ને મુક્તિનું અમરત્વ આવી વસ્યાં છે. આકાશને ઊંચે લે તેવા આ ઉન્નતશીર્ષને કોઈ લોકાપવાદ સ્પર્શી શકે તેમ નથી, ને આ વક્ષઃસ્થળ હરકોઈનાં કૂડકપટ, વાંધાવિરોધ સમાવી શકે તેવું વિશાળ છે.' ગણમુખ્યોની સંમતિમાં મગધના મહાઅમાત્ય આગળ એમની માર્મિક વાગ્ધારા ચાલે છે, એમાં કેવડા મોટા ગજાના માણસ છે તે સહેજે જણાઈ આવે છે. સંસારથી એ પોતે ન્યારા છે પણ સંસાર શું સરસા રહે છે, જાણે સંસારને જોઈ એમની એક આંખ રડે છે ને એક હસે છે. આનંદને 'પ્રેમનો મહિમા ગાવા' સુચરિતાથી વિયુક્ત રહેવા પ્રેરે છે, સત્પુત્રી સુચરિતાને વજ્જર-છાતી કરી સંન્યાસમાર્ગ ચીંધે છે, વારંવાર સુદત્તને પોતાની કલા ... ઊંચો થવા ઉદ્બોધે છે, મગધકુમાર ઇન્દુને ભણાવે છે કેમ? 'મારો એ ધંધો છે, એટલે.' મહાકાશ્યપના સર્વ ગુણો સોળે કળાએ પ્રગટાવવા તો લેખકની કલ્પનાને લવણુંદ્ધીપ... અદ્ભુતસુંદર રચના કરવી પડી છે. એમના તપસ્તે ... એવા અન્તને એ પામે છે.

પણ ઐલની તોલે કોઈ ન આવે. ઐલ આ કથા... મંગળમૂર્તિ છે. તપસ્નો પાર નથી, પણ અંદર કોઠામાં ... પરમ સંવાદિતાનું નિત્યલીલું પાતાળઝરણ છે. પોતે યવનો... વેચાઈ ગયા છે એવો આરોપ વેઠીને પણ સૂની તક્ષશિલામાં 'સરસ્વતીનું રાજ્ય' સાચવતા એ બેઠા છે. હું 'નથી આર્ય કે નથી યવન–હું માત્ર સારસ્વત છું.' છૂપો રત્નભંડાર ... આનંદ આશ્ચર્ય પામે છે; તેને કહે છે : 'વિદ્યાલય માટે ઊભું કરવા માગું છું–ધન પર નહિ.' પરમ શ્રદ્ધા... એમનો અવાજ છે. 'શકો સાથે તલવારો-ભાલા વતી લડવા કરતાં તેમને બૌદ્ધ સાધુસન્યાસીઓ વડે જીતવા તે સહેલું ...' એમ એ માને છે. 'આવા સંન્યાસીઓ પૃથ્વીપટે નહિ ... ત્યાં સુધી વિજિગીષુ ચક્રવર્તીઓનાં રક્તચર્ચિત પૈડાં વડે કેડીઓ પડવાની,' એમ એ સ્પષ્ટ જોઈ શકે છે. શકો પાસે શીખવા પણ તૈયાર છે : 'જેમ કે અશ્વવિદ્યા.' ... વિદ્યાર્થીઓને હોંશે હોંશે ભણાવે છે અને એ એરિસ્ટોટલ, પ્લેટોની મર્યાદાઓ પણ સુરેખ આંકી આપે છે. અને ... ભારતવર્ષની સાધનાનો મુખ્ય તાર છેડાય છે :

'આપને અરસ્તુ કેવો લાગ્યો ?'

'સ્મૃતિરત્ન.'

'ફિલસૂફ નહિ ?'

'ના, વિદ્યાવારિધિ ખરો.'

'ને અફલાતૂન ?'

'ફિલસૂફ ખરો, પણ સાન્તમાં વધારે પડતી શ્રદ્ધા ... તમારા બધા જ વિચારકો તંત્રમાં વધારે પડતી શ્રદ્ધા રા...

---

* કથાના અંતભાગમાં સુદત્ત પશ્ચાત્તાપના અગ્નિમાં તવાઈને શુદ્ધ બને છે ત્યારે સુચરિતા પ્રત્યેની એની દૃષ્ટિમાં પણ મેલ રહેતો નથી. મૃત્યુપૂર્વે એ મેધાવી કળાકારનો વાસનાકોષ વિગલિત થઈ જાય છે. જો સુદત્ત કથાનું મુખ્ય પાત્ર હોત તો 'દીપનિર્વાણ' સુદત્તના જીવનદીપના નિર્વાણની કથા લેખાત.

વાળા દેખાય છે. જનચિત્તમાં જે અનંત મંગલ પડયું છે તેમાંથી ઊઠતી શ્રદ્ધાનો અવાજ અહીં જેવો નિર્ભય રીતે સંભળાય છે તેવો તેમાં નથી સંભળાતો.'

'તંત્ર પર તમને શ્રદ્ધા જ નથી ?'

'ના, અનંત પરની શ્રદ્ધામાંથી જે તંત્ર જન્મે તે તો મને વંદનીય લાગે છે, પણ તમે તો પહેલાં અમુક શુભાકાંક્ષા સાથે જ એ તંત્રમાં ગોઠવાનાર અણુ પ્રત્યે અશ્રદ્ધાનું બીજ પડયું છે તે આકાંક્ષાથી તંત્ર રચો છો. અમારા ઋષિઓ તો તંત્ર રચતા નથી. એ તો માનવચિત્તને મઠારે છે, જાગ્રત કરે છે ને જાળાં કાઢી નાંખે છે. પછી તંત્ર રચવાનું એને જ સોંપે છે. અમે કોઈ તંત્રના આશ્રિત થતા નથી.'

સંસ્કૃતિના સંગમસ્થાન પર ચૈલની સંસ્કૃતિસમન્વયકારી સાધના ચાલી રહી છે. એમાં ભારતવર્ષની આખાય ઇતિહાસ-કાલમાં પ્રતીત થતી પ્રધાન સાધનાનો ક્રમ જોવા મળે છે. સુચરિતાના પ્રેમથી પરિપ્લાવિત થયેલું સેનાની આનંદનું હૃદય ચૈલની આ બૃહત્ આર્યતાની દીક્ષા પામવા તૈયાર થઈ રહ્યું જ હતું.—ભારતવર્ષનો સાચો સેવક બનવા માટે એ દીક્ષા એ પામે એ કેટલું ઉચિત હતું ?

ઉપર નિર્દેશેલી સમૃદ્ધિઓ 'દીપનિર્વાણ'ને ગોવર્ધનરામ પછીની એક અગ્રગણ્ય નવલકથા,—ખાસ કરીને ગોવર્ધન-રામે નિરૂપેલા 'સાક્ષરજીવન'ના ઉચ્ચ આદર્શની જેનામાં કાંઈક ઝાંખી થતી હોય એવા એક લેખકની કૃતિ ઠેરવવા બસ છે.

આરંભમાં કહ્યું કે 'દીપનિર્વાણ' એ ગણરાજ્યો રૂપી દીપકો હોલવાયાની કથા છે. પણ પુસ્તકમાં તો અંતે ગણોનો વિજય નિરૂપાયો છે. 'નંદિગ્રામ'ની પુનર્રચનાનું મૂલ્ય મગધરાજે આપવું એવો એમની ઉપર દંડ પણ નખાયો છે. ભલે કથાનો સુખાન્ત સધાયો, ભલે આ પળે ગણો ટકી રહ્યા અને અંતે ફાવ્યા પણ ખરા, પરંતુ હવે ઇતિહાસની આંખ ગણો ઉપર રહી છે. આલિકસુંદર વખતે ગણો ટકયા. એલેકઝાન્ડર ઝટ પાછો વળ્યો હતો. પણ યવનસામ્રાજ્યના સામંતો હિંદને બારણે હોય અથવા મધ્ય એશિયામાંથી શક જેવી શક્તિ-ઉદ્રેકથી ઊભરાતી જાતિઓ ધસી આવતી હોય, ત્યારે હિંદમાં સામ્રાજ્ય હોય તો જ કાંઈક સબળ સામનો થઈ શકે. પોતાપૂરતા સમાજો સુવ્યવસ્થિત હોય, પણ બહારની પરિસ્થિતિ એમને આકાર બદલવા ફરજ પાડે છે એ ઇતિહાસમાં જોઈ શકાય છે. આજે અમેરિકામાં કરવેરા શા રાખવા તે એની આંતર જરૂરિયાતો ઉપર નહિ પણ દૂર ક્રેમલિનમાં ખેલાતી રાજરમતો ઉપર અવલંબતું હોય છે. બહારની પરિસ્થિતિએ હિંદમાં કઈ રાજ્યવ્યવસ્થા વધુ કાર્યક્ષમ નીવડે તે નક્કી કર્યું હતું અને આજની લોકશાહી ભાવનાને કારણે ગણો આપણને ગમે તેટલા ગમે એવા હોય, એ વખતની પરિસ્થિતિએ સામ્રાજ્યપદ્ધતિ દ્વારા દેશ ઊભો રહી શકે એમ ચુકાદો આપ્યો હતો. મૌર્ય, ગુપ્ત અને હર્ષ-વર્ધનનાં સામ્રાજ્યો પછી હિંદ નવાં આક્રમણો સામે ઊભું રહી શકયું નથી એ સુવિદિત છે.

ગણો કાળધર્મ પામ્યા, ઇતિહાસની ગોદમાં શમ્યા. આત્રેય કહે છે તેમ ગણો 'એકલપંથી' હતા. એ એકલપંથીપણાનો રંગ એ પણ માનવજીવનનું કાવ્ય છે. ફરી રાજપૂતોમાં એ રંગ દેખાય છે. એક રીતે જોઈએ તો બાહ્ય આક્રમણો સામે હિંદુ ધર્મને ટકાવનાર મોટા ભાગના ભક્ત સંતોમાં પણ એ તત્ત્વનાં દર્શન થશે. એકલપંથીપણાના-મરણિયાપણાના વીર રંગમાં ભગવાન મહાકાલની વિભૂતિ વિલસતી જરૂર જણાય છે, પણ ભારતવર્ષની પ્રધાન સાધના તો છે બહારનાં આક્રમણના આઘાતો અગર તો અંદરની ફાટફૂટોથી ડગાયા વગર સર્વસમન્વયકારી પરમ-સંવાદિતાનું રસાયણ નિપજાવ્યાં કરવાની સાધના.

હેથાય આર્ય, હેથા અનાર્ય, હેથાય દ્રાવિડ, ચીન—
શક હુણદલ પાઠાન મોગલ એક દેહે હોલો લીન.

—આમથી આર્યો, આમથી અનાર્યો, આમથી દ્રવિડો, આમથી ચીનવાસીઓ, અહીંથી શક-હૂણનાં દળ, પઠાણો ને મુગલો—સૌ આવીને આ ભારતમાં એક-આકાર બન્યા છે. એ ભારતના પુણ્ય તીર્થતીરે, આપણા યુગના સંવાદિતાના એક મહાસાધક રવીન્દ્રનાથ પોતાના ચિત્તને (અને સાથે સાથે આપણાં સૌનાં ચિત્તને) જાગ્રત થવા નિમંત્રે છે:

હે મોર ચિત્ત ! પુણ્ય તીર્થે
જાગો રે ધીરે—
એઈ ભારતેર મહામાનવેર
સાગર તીરે.*

તાપીતટે માંડવી
મે ૧૭, ૧૯૫૩

* 'દીપનિર્વાણ'ની ત્રીજી આવૃત્તિની પ્રસ્તાવનામાંથી. લે. 'દર્શક'. પ્ર. સર્વોદય સહકારી પ્ર. સંઘ.

અર્ઘ્ય

તંત્રી

લેખકે શું લખવું જોઈએ

હું હવે પછી શું લખવા ધારું છું એ આજનો વિષય છે, પણ એ વિષે હું કાંઈ નહીં બોલું. આ મિલન અવિધિસરનું છે એટલે ઘણા તક લઈ પોતાને ફાવતું બોલે છે, તેમ હું પણ આ તકનો લાભ લઈ લેખકે શું લખવું જોઈએ એ અંગે બે મુદ્દાઓ રજૂ કરું છું.

સાહિત્યને ખાતર સાહિત્ય અને કલાને ખાતર કલા એમ કેટલાક સાહિત્યરસિકો એવા લોકો, પોતે આત્મસંતોષ ખાતર લખીએ છીએ, જેવી ઊર્મિ આવે તે પ્રમાણે લખીએ છીએ એમ માનનારા ને કહેનારા છે. અમે અમને ગમે તે લખીએ છીએ તેમાં અમને કહેનારા વળી બીજા કોણ એમ પણ તેમને લાગતું હશે. કાલિદાસ જેવાએ તો વિદ્વાનોને સંતોષ થાય એને પોતાનો આદર્શ ગણ્યો, પણ આ લેખકો તો આત્મસંતોષ કે ઊર્મિને ખાતર અમે લખીએ છીએ એમ કહે છે અને કલાને ખાતર કલાનો સિદ્ધાન્ત આગળ કરે છે. પણ લેખક એ કેવળ વ્યક્તિ નથી, સામાજિક પ્રાણી પણ છે. એણે વ્યક્તિગત રીતે જ વિચાર ન કરવો જોઈએ, સામાજિક દૃષ્ટિ રાખવી જોઈએ. એટલે તેણે શું લખવું જોઈએ તેનો વિચાર કરવો જોઈએ અને એમાં દોષ ન હોય તેનો ખ્યાલ રાખવો જોઈએ.

કાલે ઘણાએ કહ્યું કે આપણા સાહિત્યમાં અશ્લીલતા ઘણી વધી પડી છે. એક ભાઈએ તો ગર્ભિત રીતે એમ પણ કહી દીધું કે સમાજ માગે તેમાં લેખકો શું કરે ? એટલે કલાને ખાતર કલા અને ઊર્મિને ખાતર લખવાની વાતને સમાજની માંગ સાથે જોડવામાં આવે છે. શ્રી ભોગીલાલ ગાંધીએ હમણાં 'સંસ્કૃતિ' અને 'બુદ્ધિપ્રકાશ' એ માસિકોમાં લેખો લખ્યા હતા તેમાં કઈ જાતનાં પુસ્તકો હમણાં બહાર પડે છે ને વંચાય છે તેનો ચિતાર આપ્યો છે. આજે આ લેખકમિલનમાં એકત્ર થયેલાઓએ એ વિચારવું જોઈએ કે આવી ચોપડીઓ કેમ વધારે ખપે છે અને સારાં પુસ્તકોની ખપત કેમ નથી. એકલી ખુમારીથી લખવાની વાત સારી નથી. જો સામાજિક દૃષ્ટિએ વિચાર્યા વિના લખાય તો એવી ખુમારી બરાબર ન કહેવાય. આવી અશ્લીલ ચોપડીઓ છપાય છે ને ખપે છે તેનું શું કારણ ? મને લાગે છે કે એ માટે લેખકોની જવાબદારી છે. તેઓ સમાજને વ્યાજબી રીતે કેળવતા નથી તેનું એ પરિણામ છે. અથવા તો લેખકો તરફથી સમા... ખોટી કેળવણી અપાય છે તેથી આમ બન્યું છે એમ કહી શક... આ લેખકોની ચૂક છે અને તેઓ એ દિશામાં કંઈ નથી કરતા... સ્થિતિ બગડી છે. સમાજને કેળવીને આવું સાહિત્ય વંચાતું... કરવાની તેમની ફરજ છે. પણ અમે શું કરીએ, સમાજનો... વર્ગ જ એવો છે કે તેને આવા વાચનનો શોખ છે એટલે અમે... માંગ પૂરી પાડીએ છીએ એમ તેઓ કહે છે અને હલકું, બીભ... અને ગલગલિયાં ઉત્પન્ન કરે એવું સાહિત્ય અપાયે જાય છે.

૧૮૮૨માં ટૉલ્સસ્ટોયે કહ્યું હતું કે જો લેખકો પોતાની... ચૂકશે, લોકોને કેળવીને સારા વિચારો ફેલાવવાનું કામ તેઓ... કરે, તો તેઓ સાહિત્યની દુકાનદારી માંડી બેસશે. આ... ત્યાં એ પ્રમાણે કેટલાક સાહિત્યકારો દુકાનદારી જ માંડી બેઠા... એટલે આજે તો તમામ લેખકોનો ધર્મ થઈ પડે છે કે તેમણે... સાહિત્ય આપવું જોઈએ ને જે ઢગલાબંધ અશ્લીલ સા... બહાર પડી રહ્યું છે તેની સામે મોરચો માંડવો જોઈએ. એ... મુશ્કેલ છે એ હું જાણું છું પણ લોકોની સુરુચિને કેળવવાનું... લેખકો જો કરશે તો આ પ્રશ્નનો ઉકેલ આવ્યા વિના રહેશે નહિ.

બીજો મુદ્દો કયો વર્ગ આવું સાહિત્ય વાંચે છે તે અંગેનો. આર્થિક કારણો અને આળસ એવા વર્ગના મૂળમાં છે. સા... રીતે જેને ભણેલાગણેલા કહી શકાય એવા વર્ગના લોકો... સાહિત્ય વાંચતા હોય છે. જેની પાસે ઘણું ધન હોય,... કુટુમ્બમાં એકની કમાણી ઉપર અનેક જીવતા હોય એવા... મોટે ભાગે આ વર્ગમાં આવે છે. આજે સવારે સાંભળ્યું કે... છોકરા-છોકરીઓ જ આવું વાંચે છે એવું નથી. શેઠાણીઓ... આવું સાહિત્ય માગે છે. આ કુરસદિયો વર્ગ છે. કોઈ... સમાજમાં આવો મોટો વર્ગ ઊભો થાય એ સમાજનો દો... એવી કઈ અર્થવ્યવસ્થા છે જેને લીધે આવો કુરસદિયો વર્ગ... થયો છે ? એને સૂતાં સૂતાં વંચાય એવું સાહિત્ય જોઈએ છે... પણ વિચાર કરવો પડે એવું સાહિત્ય જોઈતું નથી. તેમને... વાર્તા સમજાવી પણ મુશ્કેલ પડે છે, કેમ કે તેમાં ધ્વનિ... મગજને સહેજ કસવું પડે છે. લાંબી નવલકથા વાંચે, તે પણ... હોય તો તેમને રુચે મુંબઈ, અમદાવાદ, સુરત જેવાં શ... આવી ચોપડી માગનારા અને તે પૂરી પાડનારાઓ ઘણા છે.

એટલે મને લાગે છે કે સાહિત્ય અંગે કેળવણી અપાતી નથી, આર્થિક પરિસ્થિતિ બદલાતી નથી અને કુરસદિયો વર્ગ નાબૂદ થતો નથી એથી અશ્લીલ સાહિત્યને ફાવવાની તક મળે છે. આર્થિક પરિસ્થિતિ ફેરવવાની આપણી જવાબદારી છે. સમાજનાં દૂષણો કાઢવા માટે કેળવણીનું કામ આપણે સતત કરવાનું છે. આપણી સમાજરચનામાં જે દોષ છે, જે મૂડીવાદી મનોદશા છે તે ફેરવવા લેખકો કટિબદ્ધ થાય એવી હું આશા રાખું છું. જે શ્રમ નહીં કરે તેને ખાવાનો અધિકાર નથી એ સિદ્ધ કરી નૂતન સમાજરચના કરવા આપણે સૌ પ્રયાસ કરીએ. અમે કવિતા કે નાટકો દે બને તે બીજું આપીએ છીએ એમ કહી આપણે છૂટી પડીએ તે ચાલે નહીં.

નવી આર્થિક વ્યવસ્થા માટે ચીન અને રશિયામાં લેખકો જેટલી મહેનત લે છે તેટલી જ મહેનત ઉઠાવવાની આપણા લેખકોની જવાબદારી છે.

[સુરત લેખકમિલનમાં **શ્રી નરહરિ પરીખે** આપેલું વ્યાખ્યાન.]

પ્રેમમયી ક્રાન્તિ

આજ આવ્યો વિરાટ, ધરી વામન આકાર,
કોઈ ભૂમિ આપો !
ઘૂમી રહ્યા ઠેરઠેર, જઈ માગે ઘેરઘેર:
સહુ ભૂમિ આપો !
પવન, પાણી ને પૃથ્વી—ત્રણે ભેટ છે પ્રભુની,
કોઈ ભૂમિ આપો !
ભૂમિભૂખ્યાંને કાજ આપો શ્રમયજ્ઞસાજ,
સહુ ભૂમિ આપો !
પાપ યુગોતણાં ધોવા, આંસુ ભાંડુઓનાં લોવા,
કોઈ ભૂમિ આપો !
ભૂમિદાનયજ્ઞજ્વાળા જલે ભારતમાં સારા,
સહુ ભૂમિ આપો !
ભૂમિ દેને થૈ હળવા, થાઓ હૈયાથી નરવા,
કોઈ ભૂમિ આપો !
આવી પ્રેમમયી ક્રાન્તિ, જગે પ્રેરે દિવ્ય શાન્તિ.
સહુ ભૂમિ આપો !

મે ૨૭, '૫૩ ['સંદેશ : સાહિત્યસાધના 'માંથી] —ઉ.

હવે, કહે માનવ, ક્યાં ચઢીશ તું ?

હિમાદ્રિ જે ઉન્નત ઊર્ધ્વમસ્તકે
ઊભો યુગોથી દૃઢ, તું'થી આજ તે
થૈને પદાક્રાન્ત નમી રહ્યો તને,
ઘૌ ખૂંદનારા અથવા શું તારા
દુર્દમ્ય સંકલ્પ તણા પ્રભાવને ?

ના, ના, હસે એ સમુત્સાહસાહસો
મનુષ્યનાં, માનવછોગું મસ્તકે
ફરકાવતો મસ્ત રહ્યો જ પૂછી:
ચઢ્યો તું ગૌરીશિખરે અહીં ભલા,
કહે હવે, માનવ, ક્યાં ચઢીશ તું ?

૮-૬-૫૩ ['સંદેશ : સાહિત્યસાધના 'માંથી] —ઉ.

આપો ભૂમિ, આપો ભૂમિ

"આપો ભૂમિ, આપો ભૂમિ !"

ઘરઘરમાં આ ભારતભરમાં ભિક્ષુક રહ્યો છ ઘૂમી.
—હો એક ભિક્ષુક રહ્યો છ ઘૂમી.

'સર્બૈ ભૂમિ ગોપાલકી' જાણો,
કોઈને રોટી, કોઈને લ્હાણો
હોય નહીં એ સમાજ શાણો,—
એમ આપણી માનવતાના ચરણ રહ્યો છ ચૂમી.
—હો એક ભિક્ષુક રહ્યો છ ઘૂમી.

સરખે સરખું માણો સાથે,
નિજને દૈ દો નિજને હાથે,
એક રહ્યો બસ ઈશ્વર માથે
જેની આ કરુણા પૃથ્વી પર ઊતરે ઝૂમી ઝૂમી.
—હો એક ભિક્ષુક રહ્યો છ ઘૂમી.

['ભૂમિદાન ગીતો 'માંથી] **નિરંજન ભગત**

[અનુસંધાન પૃ. ૨૭૩થી]

ધારણા હતી. બંગલે પહોંચ્યો ત્યાં જ બેચાર માણસો મળવા ઊભા હતા. એમણે લોકવાયકા કહી કે લાડલીદરબારનું ઝેરથી મૃત્યુ થયું. લોકો વાત કરતાં ડરતાં હતાં. હું કપડાં બદલીને બહાર પલંગમાં આડો પડ્યો. ખાવાપીવાની સુધબુધ પણ નહોતી. દિલમાં, મનમાં, શરીરમાં; આખી હસ્તીમાં બસ વેદના ગાંડાની જેમ રઝળતી હતી. અંતરમાં યાદની ફરિયાદ આકરી બનતી જતી હતી. આમાં બિચારી નિદ્રા ક્યાં આવે! દૂરથી વાતચીત સંભળાઈ. અવાજ માળીનો હતો. જરા ધ્યાનથી જોયું તો માળી ને એની વહુ વાતો કરતાં હતાં: "રોજ રાતે શાનો દારૂ ઢીંચીને આવે છે? શરાબી?" માળીની વહુ બોલી ત્યાં તો માળી ઊકળી ઊઠ્યો. બેચાર ગાળો સાથે એ બિચારી સ્ત્રી ઉપર તૂટી પડ્યો.

હું જઈને જોઉં છું તો બન્ને કુસ્તીમાં મસ્ત હતાં. બન્નેને છોડાવ્યાં. માળી શરાબથી ગંધાતો હતો. એને ખેંચીને મેં વરંડામાં સુવાડ્યો. માલણને કહ્યું કે જઈને નિરાંતે સૂઈ જા. થોડી વારે મને ઊંઘતો ધારીને પેલી સ્ત્રી આવીને પોતાના પતિને પ્રેમથી સંભાળીને લઈ ગઈ. અમારા બંગલાના ચોકીદારે પાંચ ઘંટા વગાડ્યા ત્યારે મને ખબર પડી કે હવે સવાર પડ્યું. ભરભાંખળું થયું હતું. અંધારું ઓસરતું હતું. અજવાળું આવતું હતું. ઉષ:કાળ હતો. ફૂલોની સુગંધથી વાતાવરણ ભર્યું હતું. પ્રભાતના પવનની લહેરોએ મને જરા જંપ વાળી. આંખો મીંચીને હું અંતરની યાદ સાથે મસ્ત હતો. ત્યાં અચાનક બુમરાણથી ચોંકી ઊઠ્યો. માળીની વહુનો પોકાર હતો. જઈ ને જોઉં છું તો ઓરડીના ઓટલા ઉપર માળી પડ્યો છે. માલણ કકળી રહી છે. પૂછ્યું ત્યારે ખબર પડી કે માળીને સાપ ડસ્યો છે. મેં તો તરત જ મોટરના હાંકનારને ઉઠાડ્યો. મોકલ્યો મોટર લઈ ને ડૉક્ટરને બોલા[...] ચોકીદાર આવી પહોંચ્યો. પણ માલણ ચૂપ રહે ત્યારે ને! [...] તો વળી નીચી. માતાનું નામ દીધું. ને માળીને પગે [...] સાપ ડસ્યો હતો ત્યાં જોરથી બચકું ભરી આખો [...] ઉખાડી લીધો અને લોહી ચૂસવા મંડી. લોહી ચૂસતી [...] બહાર થૂંકતી જાય. આમ ચૂસતાં ચૂસતાં એની ગતિ [...] પડી અને થોડી વારમાં ચક્કર ખાઈ ને બાઈ ધરતી પર [...] પડી. મેં માન્યું કે બાઈ એ ઝેર ચૂસ્યું તેની અસર થઈ. [...] જોઉં તો માળીની આંખો ઊઘડવા માંડી. પાસે માલ[ણ] પડેલી જોઈ ને મહામહેનતે એ બેઠો થયો. ઢસડાઈ ને [...] જતો હતો તે મેં ઊંચકીને માલણ પાસે બેસાડ્યો. મા[...] આંખો પૂરી ઊઘડી ત્યારે માલણની સંપૂર્ણ [...] માળીની ઘેનઘેરી આંખોમાંથી આંસુની ધારા ચાલી. [...] જેવો પુરુષ રડી પડ્યો.

તડકો ચઢ્યો ત્યારે ડૉક્ટર આવી પહોંચ્યા. મેં [...] કહી. માલણની નાડી જોઈ ને એમણે ઇંજેકશન આપ્યું. [...] મોતની પાસે માણસ શું કરે! થોડી જ વારમાં મા[...] હૃદયના ધબકાર બંધ થઈ ગયા. એ છાતી પર માથું [...] માળી તૂટી પડ્યો.

બપોરે માળીના શબના અગ્નિસંસ્કાર કરીને મો[...] હું નીલમનગર જતો હતો. રસ્તે કેન નદી આવી. [...] અસ્તિત્વ થાકી ગયું હતું. મોટર બાજુએ મુકાવીને હું [...] ઘાટ પર બેસીને પાણીમાં પગ બોળ્યા. આંખે થોડું [...] છાંટ્યું. મને લગભગ ચક્કર આવતાં હતાં. છતાં મારી [...] વહેતા પાણીમાં શબ્દો વાંચતી હતી: જીવન, વિષ, [...]

અમેરિકામાં સ્વતંત્ર પત્રકારિત્વ પરનો ભય

હકીકતની ઉપાસના અને ઘરેળુ કુતૂહલવૃત્તિ એ એક સર્વવિદિત અમેરિકન લક્ષણ ગણાતું, તે હવે વધુ ને વધુ વિચારઢાંચામાં ઢળાતી દુનિયામાં અદૃશ્ય થતું જતું જણાય છે. ચતુરાઈભરી ગોઠવણીથી રાસાયનિક મિશ્રણથી નિપજાવેલી બનાવટી (સિન્થેટિક કે પ્લાસ્ટિક) 'હકીકતો' ઊભી કરવા શક્તિશાળી માણસોને ભાડે રાખી, સાચ અહેવાલોની ગેરહાજરીમાંથી ન્યૂસ પ્રકાશનો નફો બનાવી રહ્યાં છે. 'લાઈફ' (લોકપ્રિય સાપ્તાહિક) સામાન્ય જીવન ચિત્ર આપવા કરે છે. તેમાં વસ્તુતઃ સાવધાનીપૂર્વક યોજેલાં 'પોઝ' (ફોટો પડાવવા માટે ધરેલા ખાસ ચહેરામહોરા) વાળાં સ્થિરચિત્રોની હારમાળા હોય છે. અને 'ટાઈમ' વાચકોની યથાર્થતા માટેની ઝંખનાને કૃતક-યથાર્થતા, બનાવ યથાર્થતા દ્વારા સંતોષે છે. એમાં ભીતરની વાતો અમે જાણીએ છીએ એવો દંભ હોય છે. વસ્તુતઃ તો સંશોધકોએ કરેલી અને 'ટાઈમ'ના તંત્રીઓના અભિપ્રાયો પ્રમાણે ગૂંથણી પામેલી હકીકતો પર સફાઈ માટે હાથ ફેરવ (પ્રોસિસીંગ) ક્રિયા થઈ હોય છે. અને સિદ્ધાંતને ખાતર થઈને વાતને વળાંક આપ્યો હોય તે બાદ કરીએ તો 'ટાઈમ'ની શ્રમવિભાગની અને નામનિર્દેશ ન કરવાની પદ્ધતિ પોતે જ ચોકસાઈને મુશ્કેલ બનાવે છે. કોઈ પ્રસંગે ત્યાં હાજર રહેલા માણસના અનુભવ કરતાં 'ટાઈમ'નું બયાન ઘણી વાર આશ્ચર્યકારક રીતે જુદું હોય છે. ...

ઉદારમતવાદી સામયિકો આજે પોતાને અગ્નિપરીક્ષામાં કલ્પી લઈને મુખ્યત્વે સલામતીનો ખ્યાલ રાખ થઈ ગયાં છે. દુશ્મનને મદદરૂપ કે સુખરૂપ ન થઈ બેસવાની વૃત્તિ તેમને લશ્કરી ચોકીદારોની જેમ દુશ્મનપક્ષને ટે આપે એવી હકીકતો કે ખ્યાલોને દબાવી દેવા પ્રેરે છે. વ્યવહારમાં આનો અર્થ એ કે સ્વતંત્ર મનોવૃત્તિવાળા લેખકો પસંદગીએ વેઠઉતાર લહિયાઓને તેઓ ભાડે રાખવાના. વેઠઉતાર લખનારો એના લખાણનું મોંમાથું કાપવામાં અથવા આખું નવેસર લખાય તેની સામે વાંધો લે નહિ, અને તંત્રીની માગણીને વશ વર્તવું એ એના સ્વભાવમાં હોય છે. તંત્રી એની પાસે જે વાત લખાવવા ઇચ્છે છે તે, એ પોતાનું સંશોધન શરૂ કરે તે પહેલાં જ, એના મગજ સાકાર થયેલી હોય છે. અને બધી જાતનાં સામયિકોમાં તંત્રીઓના સહકાર્યની – એટલે કે લેખક કે વૃત્તનિવેદકને ઉપર મોકલતાં પહેલાં જ વાતનો નકશો તૈયારી કરવાની – વધતી જતી પદ્ધતિ મૂળમાં જ એકરૂપતા (conformity નિશ્ચિતપણે સાધી આપે છે. ...

અને અમેરિકામાં આજે સ્વતંત્ર પત્રકારત્વ સામેનો સૌથી મોટો ભય તે સેનેટર મેક્કાર્થી કે પ્રતિનિધિ નથી—બીજી બાબતો અંગે એમને અંગે ભલે ગમે તે કહો. વાચકનો એક અમુક ખ્યાલ બાંધી દઈને એનું જે ચિત્ર કરવામાં આવ્યું છે તે આજના પત્રકારત્વ ઉપર કોઈ અણદીઠ આપખુદ વ્યક્તિની જેમ શાસન કરી રહ્યું છે. આ પ્રમાણે, વાચક એ તંત્રી જેનાથી બીએ અને જેની ઉપર અહેસાન વરસાવે એવી, તંત્રીથી વધુ મૂર્ખ એવી વ્યક્તિ અમેરિકાનાં ઘરોમાં ને શાળાઓમાં બાળક બદતર પ્રાણી હોવા છતાં એનું સમારાધન કરવું જ પડે—એવો જે ભજવી રહ્યું છે, તેવો જ ભાગ આ વાચક ભજવી રહ્યો છે. મવાળ, મધ્યસ્થ કે ઉદ્દામ, થોડા કે વધુ પ્રચારવાળા એક સામયિકનો ધ્યાનમંત્ર છે: 'આપણા વાચકો સ્વીકારશે?' કોઈ લેખમાં આજે ભેળસેળ કરવામાં આવે છે તંત્રીના પૂર્વગ્રહોને માન આપીને એમ થતું નથી (તો તો કાંઈ નહિ તો વૈયક્તિક અને વિચિત્ર પત્રકારત્વ તો મળે), પણ વાચકના સરેરાશ માનસને અને એની માની લીધેલી બુદ્ધિહીનતાને માન આપીને એમ કરવામાં પહેલાં જાહેરખબરો આપનારના ઠપકાની બીક રહેતી, હવે કોઈ કલ્પી લીધેલા ઢંને નારાજ કરી બેસવાની ગેરસમજ ઉત્પન્ન કરવાની બીક છે. આ અર્થમાં, ખરે જ, અમારે ત્યાં એક-પક્ષીય વર્તમાનપત્રો – અણદીઠ વાચ જેની ઉપર વર્ચસ્ છે એવાં વર્તમાનપત્રો – છે. આ સર્વસત્તાધીશને પદભ્રષ્ટ કરી શકાય એમ નથી, કોઈ રાજકારણી પુરુષ હોય તો કરી શકાય, આ તો છે નર્યું ભૂત. કોઈ પણ સેનેટર કરતાં એ વધુ શક્તિશાળી છે, કારણ વ્યાખ્યાથી જ દરેક સેનેટરનો- એનામાં સમાવેશ થાય છે. અને વાચકનું આ ચિત્ર સાચું બિનલોકશાહી ચિત્ર કેમ કે સામયિકનો તંત્રી જ્યારે એનો સ્વીકાર કરે છે ત્યારે એ સમતાની ભૂમિકા – માનવપ્રાણીઓ વચ્ચે મુક્ત વિ વિનિમય ચલાવવા માટેની એકમાત્ર ભૂમિકા–નો ઇન્કાર કરે છે.

[અમેરિકન નવલકથાલેખિકા **મૅરી મૅક્કાર્થી** બી.બી.સી. ઉપર : લિસનર તા. મે ૧૪, ૧૯૫

સંસ્કૃતિ

વર્ષ ૭મું : અંક આઠમો | તંત્રી : ઉમાશંકર જોષી | ઑગસ્ટ ૧૯૫૩



તામીલ તરુણી — ચિત્રકાર : શાંતિ શાહ



સંસ્કૃતિ

વર્ષ સાતમું

અંક આઠમો

અનુક્રમણિકા : ઑગસ્ટ ૧૯૫૩



સંસ્કૃતિ કાર્યાલય વતી મુદ્રક-પ્રકાશક : કિશનસિંહ ચાવડા, ચેતના પ્રેસ લિ., નવા બજાર, વડોદરા.

લેખકમિત્રોને વિનંતિ :

* લખાણ કાગળની એક બાજુ સ્વચ્છ અક્ષરે લખાયેલું, જોડણી પ્રમાણેની જોડણીવાળું હોય મુદ્રણદૃષ્ટિએ જરૂરી છે.
* લખાણ પાછું મેળવવા માટે સાથે જવાબી પરબીડિયું હોય આવશ્યક છે.

સૂચનાઓ :

* દર માસની સાતમી તારીખે પ્રસિદ્ધ થાય છે.
* દશમી સુધીમાં અંક ન મળે ટપાલમાં તપાસ કર્યા પછી કાર્યાલયને જણાવવું.
* પત્રવ્યવહારમાં ગ્રાહકનંબર લખવાથી સગવડ થશે.
* આ માસિકમાં પ્રસિદ્ધ થતા લેખોમાંના અભિપ્રાય માટેની જવાબદારી તે તે લેખકની છે.
* પ્રથમ અંકથી ગ્રાહક થવું આવશ્યક છે.

ગ્રાહકો નોંધવાનાં સ્થળો:

એન. એમ. ત્રિપાઠી, લિ. મુંબઈ
જીવનસાહિત્યમંદિર, અમદાવાદ
ભારતીસાહિત્યસંઘ, અમદાવાદ
ઇન્દ્રધનુ, મિશનરોડ, અમદાવાદ
ગાંડીવ સાહિત્યમંદિર, પ્રિન્સેસ **સ્ટ્રીટ મુંબઈ-૨**
ગાંડીવ સાહિત્યમંદિર, લાલ **સુરત**
એલ. કે. મેઘાણી : આર્મેનિયન **સ્ટ્રીટ, કલકત્તા ૧.**
પ્રભાકર બ્રધર્સ, પો. બો. **નૈરોબી, ઇસ્ટ આફ્રિકા.**


લવાજમ :

દેશમાં રૂપિયા સાત. પરદેશમાં રૂ. અથવા શિલિંગ ૧૪. છૂટક નકલ બાર આના.

તંત્ર અને વ્યવસ્થા અંગેના પત્રવ્યવહારનું સરનામું :

સંસ્કૃતિ કાર્યાલય
એલિસ-બ્રિજ. અમદાવાદ

સંસ્કૃતિ

सत्यं परं धीमहि । ઑગસ્ટ  ૧૯૫૩

भारत खाते जमा

શ્રમશિબિરમાં ભાગ લઈ આવનાર એક ભાઈ કહે: ગ્રામપ્રદેશમાં અમે શ્રમ કરવા ગયા હતા. ખાસ્સો મજાનો રસ્તો અમે બનાવ્યો. પણ પછી અમારામાંથી કેટલાકને થયું કે આને પરિણામે ખાસ કોઈ ખાટી ગયું હોય તો બહારથી આવીને અહીંની જમીનો ખરીદી તેની ઉપર ખેતી કરાવી રહેલા ભાઈ. એમને મફતમાં જ અવરજવરની સારી એવી સગવડ થઈ ગઈ!

આવા આવા વિચારો આવ્યા વગર રહે નહિ એવી વિષમ અત્યારના સમાજની સ્થિતિ છે. જ્યાં સુધી દુનિયામાં મોટા પાયા ઉપરના ઉત્પાદનનાં સાધનો મૂઠીભર માણસોની અંગત (–હિતપ્રેરિત, અને નહિ કે જાહેરહિતપ્રેરિત) માલિકી હેઠળ રહે, ત્યાં સુધી તમે જે કાંઈ પણ કરવા જાઓ — સેવા, કળા, ધર્મ, સુધારો, — બધાનું ફળ મુખ્યત્વે, केशवं प्रति गच्छति એ ન્યાયે, જેની પાસે 'છે' તેના લાભમાં જવાનું, નહિ કે જેની પાસે 'નથી' તેના લાભમાં. પણ તેથી શું કાંઈ જ કરવું નહિ?

પેલા ભાઈની સાથે મેં દલીલ કરવા પ્રયત્ન કર્યો: એમાં શું? આસપાસના ગામલોકોને પણ થોડોઘણો એનો લાભ મળવાનો જ. સૌના, અરે પેલા જમીનદારના, મૂંગા ગાડું-ખેંચતા બળદોને પણ થોડીક રાહત મળવાની ને? અને આ ભૂદાનનું શરૂ થયું છે તેને પરિણામે ક્યારેક જમીનદારના હૃદયમાં રામ વસ્યા ને ડેરા ઉઠાવી લે ત્યારે આ રસ્તો સાદડીની પેઠે વીંટાળી લઈને ઓછો જ બગલમાં સાથે લઈ જવાના છે?

'એ બધું ખરું, પણ... !' ઘણાં 'પણ' સૂઝે એવી આપણી પરિસ્થિતિ છે. એ બધાં 'પણ' તો આપણને કાંઈ જ કરવા ન દે. આપણો સવાલ તો છે પરિસ્થિતિથી દબાયા-ડરાયા વગર કામમાં મચ્યા રહેવાનો. હાથથી થોડીક મહેનત કરી જે જૂજ કમાણી કરીએ એ અર્થશાસ્ત્રના ધોરણે અત્યારના યંત્રઉત્પાદનની પદ્ધતિની સરખામણીમાં હાસ્યાસ્પદ પણ દેખાય. આપણો પ્રશ્ન નર્યો આર્થિક છે જ નહિ. માણસાઈની તાલીમ મેળવવાનો આપણો ઉપક્રમ છે. એમાંથી ક્યારેક ક્યાંક ભર્યામાં ભરવા જેવું થતું જણાય કે કેવળ અર્થશાસ્ત્રની દૃષ્ટિએ પ્રાથમિક કક્ષાના પ્રયત્ન જેવું જણાય એ વસ્તુઓ બહુ આડે આવવી જોઈએ નહિ. માણસાઈની કેળવણી મેળવવાના એક તરીકા તરીકે આપણે તો એનું મૂલ્ય સમજવાનું છે. આ રીતે શ્રમ કરવા જનાર ઊછરતી પેઢીની આખી જીવનરીતિમાં એક જાતનો પલટો આવ્યા વિના રહેશે નહિ. પૈસો કેમ ઉત્પન્ન થાય છે એ એને સમજાશે. થોડીક પણ સાચી સેવા પહોંચાડવી કેવી દોહ્યલી છે એ સમજાતાં, સેવાઓ લેતી વખતે એ પોતાની જવાબદારી સમજશે. અને એમ ધીમે ધીમે રોજ રાત પડ્યે એને આખા દિવસમાં પોતે શી શી સેવાઓ લીધી તે યાદ કરવાની અને મનના ચોપડામાં ભારત ખાતે જમા કરવાની ટેવ પડશે.

'ભારત' તો તરત સમજમાં ઊતરે એવું એક પ્રતીક ગણવાનું છે. ખરું જોતાં, સમગ્ર માણસજાત પ્રત્યેનું ઋણ રોજેરોજ આપણી ઉપર વધતું જતું હોય છે. એ ઋણ માત્ર આર્થિક પરિભાષામાં વ્યક્ત થઈ શકે એવું રૂપિયા–આના–પાઈનું જ નથી. સામાજિક સંબંધોનું, સંસ્થાઓનું, લાગણીઓનું, ભાવનાઓનું પણ ગંજાવર ઋણ હોય છે. જીવનની અંતિમ ક્ષણે સરવૈયામાં ઉધાર પાસું બહુ તરતું ભલે ન નીકળે, જમાઉધાર પાસાં સરખાં નીકળે તો પણ ભારે કીમિયો કર્યો ગણાય.

ભાગ્યે જ એવો ચહેરો હશે, જેમાં કુશળ કૅમેરા–કળાકાર કે ચિત્રકાર સૌન્દર્ય પકડી ન શકે. ભાગ્યે જ એવું કોઈ માણસ હશે, જેમાં કુશળ શિક્ષક કે નેતા કોઈ ને કોઈ આવડત, કોઈ ને કોઈ શકિત જગાડી ન શકે. એ શકિતને સુયુક્ત થવામાં યોજ્યાં કરવી એ પ્રશ્ન છે.

[વિદ્યાર્થીઓના સ્વાધ્યાયવર્તુળ સમક્ષ]

ઉમાશંકર જોષી

સ મ ય રં ગ

કવિશ્રી ખબરદારનું અવસાન

હમણાં કવિશ્રી ખબરદારના અવસાનના સમાચાર આવ્યા. કવિશ્રીની વિદાયથી ગુજરાતી સાહિત્યના સર્જકોની જૂની પેઢી પૂરી થાય છે એમ કહી શકાય. પારસીઓએ ગુજરાતી સાહિત્યને અર્પેલા કવિઓમાં મલબારી અને ખબરદારનાં નામ ગુજરાતી ભાષામાં સદા જીવતાં રહેશે. કવિશ્રીએ રાષ્ટ્રીય ઉત્થાનના સમયમાં સ્વદેશ-ભક્તિનાં ગીતો લખેલાં અને ' ભર ભર મારું ખપ્પર લૈયા ' આદિ ઉદ્‌ગારોમાં એમની સાચી શક્તિ ઊતરેલી જોવા મળે છે. એમની પ્રીતિવિષયક, ભક્તિવિષયક અને તત્ત્વલક્ષી કવિતા પણ સરળ, સુઘડ, પ્રવાહી શૈલીથી સંપન્ન છે. ઇતર કવિઓની કૃતિના અનુરણન-થી કે આછા ઘેરા સંસ્કારથી પોતાની રચનાઓને એ સમૃદ્ધ થવા દેતા. એક જાતની બોધપ્રધાનતા એમની કવિતાની સરસતાની આડે આવતી હોય એમ લાગ્યાં કરે છે. પણ શાન્તરસ એ ખબરદાર-ની કાવ્યરચનાનો એક મુખ્ય રસ છે. દર્શનિકાના કેટલાક છંદોમાં અને મોટા પ્રમાણમાં તો ' કલ્યાણિકા 'માં એ જાતનો અનુભવ આપણને થાય છે. કવિશ્રીએ છંદોના નોંધપાત્ર પ્રયોગો પણ કરેલા છે. ઉત્તરાવસ્થામાં ધર્મસંશોધનને એમણે પોતાની શક્તિ સમર્પી હતી અને અવેસ્તા ઉપર એક વિસ્તૃત ચર્ચાનો ગ્રંથ આપ્યો હતો. એ વીરભક્તકવિના આત્માને અમર શાંતિ હો !

બે અગ્રગણ્યો

શ્રી શામળદાસ ગાંધીના અવસાનથી ગુજરાતી ભાષામાં વાગ્મિતા(Rhetoric)ની સારી એવી શક્તિ ધરાવનાર એક અગ્રણી પત્રકારની ખોટ પડી છે. શ્રી જયસુખલાલ કૃ. મહેતાનાં પ્રવચનોની શામક અસરનો ' નરસિંહરાવની રોજનીશી 'માંથી પરિચય મળે છે. હમણાં એમનું અવસાન થયું. ... બન્નેના આત્માને શાન્તિ હો !

' देवनागर '

ભારતની સંસદમાંના ભિન્નભિન્ન ભાષા બોલનારા પ્રતિનિધિઓએ ' સંસદીય હિન્દી પરિષદ 'ની સ્થાપના કરી છે અને પોતાની તરફથી ' દેવનાગર ' ત્રૈમાસિક પ્રગટ કર્યું છે. સંપાદકમંડળમાં જુદી જુદી બાર ભાષાના વિદ્વાનો છે (ગુજરાતી માટે શ્રી રામનારાયણ વિ. પાઠક છે). ડૉ. નગેન્દ્ર અને શ્રી સચ્ચિદાનંદ હીરાનંદ વાત્સ્યાયન આ ત્રૈમાસિકના કાર્યકર તંત્રીઓ છે. (પૃ. ૯૬. વાર્ષિક લવાજમ-રૂા. ૬. આત્મારામ ઍન્ડ સન્સ, કાશ્મીરી ગેટ, દિલ્હી.)

' દેવનાગર ' મૂળ તો લગભગ ૪૬ વરસ પૂર્વે ન્યાયમૂર્તિ શ્રી શારદાચરણ મિત્રે આખા દેશની જુદી જુદી ભાષાઓ દેવનાગરી લિપિ દ્વારા રજૂ કરવાના ખ્યાલથી શરૂ કર્યું હતું. બધી ભા[ષાઓ] માટે દેવનાગરી લિપિ પ્રચારમાં આવે એ ઉદ્દેશ્યથી એ[ક]લિ[પિ] વિસ્તારપરિષદ પણ શરૂ થઈ હતી. જુદી જુદી ભાષાના લે[ખો] તે ભાષામાં, પણ દેવનાગરી લિપિમાં, શ્રી મિત્ર પ્રગટ કરતા. એ સમજવા માટે એ જ ભાષામાં (પાછળથી હિંદીમાં) વ્યાકરણ પણ આપતા. શ્રી મિત્રનું ' દેવનાગર ' થોડોક સમ[ય] ચાલ્યું. પણ એ નામથી ફરી ત્રૈમાસિક શરૂ કરીને સં. હિં. [પ.એ] શ્રી મિત્રની સેવાદૃષ્ટિને ઉચિત અંજલિ આપી છે. નવા સં[પાદકો] અત્યારના આપણા પ્રશ્નને યથાર્થ રીતે સમજે છે એવું ' સંપાદ[કીય] લખાણ અને પ્રથમ અંકના સંપાદન ઉપરથી સમજાય છે. ' [ભાષા]-લિપિ-સાહિત્ય-ઐક્યની મૂળ ભિત્તિઓ પર " દેવનાગર " [રાષ્ટ્રીય] એકતાનો ભવ્ય પ્રાસાદ નિર્મિત કરવા માટે પ્રયત્નશીલ રહેશે ' [એ] નિવેદનમાં ' ભાષા-લિપિ-સાહિત્ય-ઐક્ય 'નો અર્થ એક લિ[પિ] (દેવનાગરી)માં વિભિન્ન ભાષાઓનાં સાહિત્યો રજૂ કરીને [અને] એક ભાષા (હિન્દી) દ્વારા એમને સુગમ બનાવીને એ બધાં [સા]હિત્યોની ભિન્નતા પાછળ રહેલી એકતાને ઉઠાવ આપવો [એ] જ હશે.

આ પ્રથમ અંકમાં ' આદાન ', ' ભારતીય વાઙ્મય ' [અને] ' પ્રદાન ' એમ ત્રણ વિભાગો છે. ' આદાન 'માં તામિલ, બં[ગાળી], અસમિયા, ઉર્દૂ, ગુજરાતી, કન્નડ અને મરાઠી સાહિત્યની [કૃતિઓ] આપવામાં આવી છે: મૂળ તેમ જ અનુવાદ. ગુજરાતીમાં[થી] ધૂમકેતુની વાર્તા ' પોસ્ટ-ઑફિસ ' અપાઈ છે એ પસંદગી [યોગ્ય] પણ એમાં ગુજરાતીને દેવનાગરી લિપિમાં મૂકતાં અસંખ્ય [ભૂલો] છે, જે નભાવી ન જ લેવી જોઈએ. અનુવાદમાં પણ વધુ [ચોકસાઈ] અપેક્ષિત છે. આરંભમાં ' ભૂરું ' આકાશ તે ' धूमिल ' [...] ' દાતારનું શિખર 'થી ' देव-मन्दिर के शिखर ' અભિપ્રે[ત] [...] ગિરનારનું દાતારપીરનું શિખર કદાચ સૂચવાયું છે, એ કદાચ [...] ગુજરાતીપ્રેમીના ખ્યાલમાં તરત ન પણ આવે. પૃ. [...] ' कोचबान अली बाबा की चीट्ठी है न ? 'માં [...] (' કીધોના ') ઉદ્દિષ્ટ છે. આવી અ-સફાઈ ' દેવનાગર 'માં [...] ખૂંચે. કવિતા-વિભાગમાં ભાલણનાં ત્રણ પદ અપ્યાં. [...] આપ્યાં છે. બાલ-કૃષ્ણવિષયક સાહિત્ય દેશની બધી [...] ખેડાયું છે. સૂર આદિ સાથેનું ભાલણ જેવા કવિની [...] ' ભાવ-સાદૃશ્ય ' નિર્દેશવાનો ખ્યાલ કાંઈક આગળ [...] એટલે ભાલણનાં વધુ ભાવસભર પદો કે કાદંબરીનો [...] અંશ આપવાનું બન્યું લાગતું નથી. પહેલા પદમાં [...]

અણિયાળી એની. થઈ છે રાતાં રાતી ચોલી 'નો અનુવાદ 'लाल हो गयी है जैसी लाल चोली ' થયો છે તે मसल कर लाल हो गयी है એમ થવો જોઈએ (ચોળવું=મસળવું). 'લિપિ-સંકેત ' અંગે લખતાં શ્રી કાકાસાહેબ કાલેલકરે ચોકડી જેવા + આકારમાંથી નાગરીમાં આડી લીટીએ પાંખડાં કાઢયાં હતાં તો ગુજરાતી લિપિમાં ઊભી લીટીએ કાઢયાં એવો તર્ક કર્યો છે, પણ એમના જેવા લિપિવિદ્ સાથે તકરારમાં ન ઊતરતાં એટલો પ્રશ્ન પૂછીએ કે નાગરી क જ જૂનાં લખાણોમાં પડખું ફેરવતો ફેરવતો છેવટે ગુજરાતી લિપિમાં, શિરોરેખા જતાં, ટટાર થયો હોય એ વધુ યથાર્થ વર્ણન નથી ? એમણે 'ય' અને 'હ' શ્રુતિ 'સામાન્યતયા લખીને બતાવતા નથી' એમ કહ્યું છે, પણ તે એમના અધ્યક્ષપણા નીચે પ્રગટ થયેલા જોડણીકોશમાં (તે પૂર્વે હોપવાચનમાળાથી એ અચોકસાઈ શરૂ થઈ હતી) જ, હસ્તપ્રતોમાં 'હ' અને 'ય' શ્રુતિ અત્યંત પ્રચુર પ્રમાણમાં છે અને સહેતુક છે.

'આદાન' વિભાગ વધુ ચોકસાઈથી રજૂ થવો જોઈએ એમ ગુજરાતી અંશ ઉપરથી કહેવાનું પ્રાપ્ત થાય છે. 'ભારતીય વાઙ્મય' વિભાગમાં જુદાં જુદાં સાહિત્ય કે સાહિત્યકાર ઉપર લેખો છે. આ વિભાગ ઘણો વધારે ખેડાવો જોઈએ. હિંદી સાહિત્ય વિષે અ-હિંદી ભાષીઓની માર્મિક આલોચનાઓને વધુ અવકાશ હોય એ કદાચ વધુ ઇચ્છવા જેવું થશે. 'પ્રદાન' વિભાગમાં સૂરદાસ અને 'પ્રસાદ'ની રચનાઓના તેલુગુ, ઉડિયા, મલયાલમ્ અને પંજાબીમાં અનુવાદ આપ્યા છે. આ વિભાગની હવે કદાચ બહુ જરૂર નહિ રહે કેમ કે બધે હિંદીની જાણકારી હવે સ્વીકારી લઈને ચાલવું જોઈએ. તે તે ભાષાનાં પત્રોએ આ કાર્ય કરવું જોઈએ. ભારતીય આર્ય ભાષાઓમાં તો હિંદીના અનુવાદ આપવાની ઝાઝી જરૂર હોય જ નહિ, દ્રવિડ ભાષામાં અપાય. હિંદીના અનુવાદો અનુવાદ તરીકે ખાસ નોંધપાત્ર હોય તો જ અપાવા જોઈએ, માત્ર અર્થબોધ માટે નહિ.

હંસ માસિકે સ્વ. પ્રેમચંદજીની હયાતીમાં શ્રી કનૈયાલાલ મુનશીના સહકારથી દેશની ભાષાઓનાં સાહિત્યોનો પરસ્પર સંપર્ક વધારવા જે પોતાની રીતે પ્રયત્ન કર્યો હતો, તે હવે આ નવા પત્રથી વ્યવસ્થિત રૂપે થશે. દેવનાગરને સૌ સાહિત્યપ્રેમીઓ આવકારશે.

શુભ સમાચાર

આપણા પડોશી રાજ્ય પાકિસ્તાનનો ને હિંદનો સંબંધ છેલ્લા થોડાક સમયથી સારો એવો સુધર્યો છે. પાકિસ્તાનના નવા વડાપ્રધાન સાથે લંડનમાં હિંદી વડાપ્રધાનને અવિધિસરની વાતો થઈ હતી અને હમણાં વધુ વાતચીત માટે તેઓ કરાચી જઈ આવ્યા. પાકિસ્તાન અને હિંદની આમજનતા પરસ્પરના સંબંધો વધુ સારા બને એ માટે કેટલી આતુર છે એ આ પ્રસંગે સ્વાભાવિક રીતે જણાઈ આવ્યું. બંને પડોશીઓ વચ્ચે અનેક મુદ્દાઓ કોયડા-રૂપ છે, પણ વિવિધ રાજકીય ભેદક બળો કે વિદેશી વિઘ્નસંતોષીઓ સામે નજર રાખવામાં નહિ આવે અને બંને દેશની આમજનતા હૃદયની લાગણીનો અને એના સાચા સુખનો જ મુખ્યત્વે વિચાર કરવામાં આવશે તો ગમે તેવા કોયડાઓ પણ ઉકેલાયા વિના રહેશે નહિ. જે શુભનિષ્ઠાનું વાતાવરણ શરૂ થયું છે તે વધુ ને વધુ બળવત્તર બને એમ સૌ કોઈ ઇચ્છશે.

વડાપ્રધાન પં. નહેરુ કરાચીમાં હતા ને કોરીઆમાં યુદ્ધવિરામ-કરાર પર સહીઓ થયાના સમાચાર આવ્યા. દ. કોરીઆના વડાપ્રધાન ડૉ. રહીએ એવા કરારને સુરંગ ચાંપવા ઘણાં નખરાં કર્યાં. અમેરિકી વિદેશપ્રધાનના હમણાંના ઉદ્ગારો પણ દુનિયાના રાજનીતિજ્ઞોને બહુ મદદરૂપ લાગતા નથી. આખો પ્રશ્ન યુનોની સપાટીએ હવે આગળ ચલાવવાનો રહે છે, માત્ર કોરીઆ કે યુ. એસ. એના અંગત પ્રશ્નરૂપે નહિ. પં. નહેરુએ સૂચન કર્યું છે તેમ કોરીઆ અંગે મળનારી પરિષદે માત્ર કોરીઆના પ્રશ્નના ઉકેલ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ અને બીજી બાબતોમાં તરત સંડોવાઈ જવાથી દૂર રહેવું જોઈએ નૂતન ચીનને યુનોમાં દાખલ કરવું, વ. પ્રશ્ન આપો-આપ એ પછી ઉકેલાઈ જવા સંભવ છે.

કેટલાક સાહિત્યિક પ્રસંગો

સુરત મુકામે મળેલા ચતુર્થ લેખકમિલન વિષે લખી શકાયું નથી. પણ ત્યાં રજૂ થયેલાં વક્તવ્યોમાંથી મળ્યાં તે કેટલાંક ગયે વખતે અને કેટલાંક આ વખતે રજૂ થયાં છે. પદ્ય અને ગદ્યમાંથી પસંદ કરેલા ખંડો ('સાહિત્યમાધુરી') જુદા જુદા સાહિત્ય પ્રેમીઓએ રજૂ કર્યા હતા, તે પ્રયોગ હજી વધુ વ્યવસ્થાપૂર્વક રજૂ કરવામાં આવશે તો હજી વધુ આસ્વાદ્ય બનશે એમ લાગે છે.

શ્રી ચુનીલાલ વર્ધમાન શાહ ('સાહિત્યપ્રિય') ચાર દસકા ઉપરાંત સમય 'પ્રજાબંધુ' સાપ્તાહિકમાં કામ કરી, એ સાપ્તાહિક બંધ થતાં, છૂટા થયા તેનો નિર્દેશ આટલો મોડો પણ કરવો અયોગ્ય નહિ લેખાય. 'પ્રજાબંધુ'ને 'ગુજરાત સમાચાર' દૈનિકના વિભાગ રૂપે દર રવિએ આપવાનું વ્યવસ્થાતંત્રને યોગ્ય લાગ્યું તે વિષે કાંઈ કહેવાનું ન હોય, પણ ગુજરાત પાસે એક સ્વચ્છ ઠરેલ સાપ્તાહિક હતું તે જો ખાસ ખોટ ન કરતું હોય તો ગુજરાતને એથી વંચિત રાખવું સારું ખરું ? – એટલો પ્રશ્ન પૂછી શકાય. શ્રી ચુનીલાલ શાહે 'પ્રજાબંધુ' દ્વારા નિષ્ઠાપૂર્વક ગુજરાતી પત્રકારત્વની જે ઉચ્ચ સેવા કરી છે તે ચિરસ્મરણીય રહેશે. ચોથી ગુજરાતી સાહિત્ય પરિષદ ૧૯૨૦માં અમદાવાદમાં ભરાઈ તે સમયથી 'સાહિત્યપ્રિય' ઉપનામથી એમણે સાહિત્યના વિવિધ પ્રશ્નો ઉપર કંડિકાઓ લખીને પત્રકારત્વનો અને સુરુચિમુક્ત સાહિત્યચર્ચાનો મેળ કરવાની પ્રણાલિકા સ્થિર કરી (જેને પછીથી સદ્ગત મેઘાણીએ પોતાની રીતે ખૂબ પોષી) તે એમની સેવા ખાસ નોંધપાત્ર છે.

મારું સર્જન*

રામનારાયણ વિ. પાઠક

આ શ્રેણીને માટે હું 'એક સન્ધ્યા' કાવ્ય પસંદ કરું છું. કાવ્ય સળંગ વાંચું તે પહેલાં, આ કાવ્ય મેં શા માટે પસંદ કર્યું છે, તે જરા સ્પષ્ટ કરું. તેનો મુખ્ય અર્થ અને તે સાથે તેનો વ્યંગ્યાર્થ સ્પષ્ટ કરું. એમ કરવા માટે હું કાવ્યનાં અવતરણો પણ વચ્ચે વચ્ચે જરૂર પ્રમાણે મૂકતો જઈશ, જેથી મારો અર્થ કાવ્યમાં કેવી રીતે વ્યક્ત થાય છે તે પણ પ્રતીત થાય.

આ કાવ્યમાં એક ઘન પ્રણયવાળાં, છેક મુગ્ધ નહિ, તેમ છેક પ્રૌઢ નહિ, એવાં દંપતી ઘેર જવા માટે સાથે સાથે નદી ઊતરે છે તેનું વર્ણન છે. એ જ કાવ્યની પ્રસ્તાવનામાં કહ્યું છે :

> સન્ધ્યા હતી, અસ્ત રવિ ગયો 'તો
> ને ઘેર જાવાનું હતું અમારે
> આ ઊતરી શાન્ત નદી સુનીરા.

અહીં જ કહું કે આખું કાવ્ય નાયકની ઉક્તિરૂપે પ્રકટે છે.

વેદમાં રવિ અસ્ત ગયો હતો એનો અર્થ રવિ ઘેર ગયો હતો એમ થાય છે. એ અર્થને અવલંબીને કહ્યું છે કે રવિ પોતાને ઘેર જતો હતો અને અમે અમારે ઘેર જતાં હતાં. ઘેર જતાં સુનીરા નદી વચમાં આવતી હતી તે ઊતરીને અમારે જવાનું હતું. ઊતરવાનું સ્થાન હમેશનો આરો નથી, જરા ઉપરવાસ છે, સમય સન્ધ્યાનો છે, એમ અહીં સ્થાન અને સમય બન્ને કૌતુકમય છે. વર્ણન ચિત્રમય, પૂરેપૂરું મૂર્તરૂપે છે, એ, કાવ્ય પસંદ કરવાનું એક કારણ છે, પણ તે ઉપરાંત બીજું પણ એ કારણ છે કે અહીં, આ નદીનું વહેતું પાણી, એ દંપતીપ્રેમનું પ્રતીક છે. અને એ વાત કાવ્યાનુભવની પરાકોટિ આગળ સ્પષ્ટ પણ કરેલી છે :

> ન પાણી ને પ્રેમ સમું બીજું જગે !
> જે સર્વતઃ સ્પર્શ કરે મનુષ્યને !
> રમાય, પીવાય, ન્હવાય જેમાં
> બાહ્યાન્તર, ઉભયની શુદ્ધિ તાજગી !

પ્રેમ અને પાણી બન્ને મનુષ્યને સર્વતઃ સ્પર્શ કરે [illegible] મનુષ્યના દેહજીવન માટે તે આવશ્યક છે–તે પીવાનું છે, [illegible] તે ઉપરાંત તેમાં નવાય છે, રમાય છે, અને એના આંતર[illegible] સર્વતઃ સ્પર્શથી, મનુષ્યને શુદ્ધિ અને તાજગી બન્ને મળે [illegible]

અતિ પ્રૌઢ નહિ એવા દાંપત્યપ્રેમની, કદાચ બધી [illegible] દાંપત્યપ્રેમની પણ, મર્યાદા ગણવી હોય તો મર્યાદા ગણો, [illegible] એ એની એક વિશેષતા તો છે જ કે તેની રસિકતાના [illegible] અંશોની પ્રકટતા માટે, નિર્જનતા, પર નજરથી [illegible] અસ્પૃષ્ટતા, અનન્યદૃશ્યતા, જોઈએ છે. વ્યવહાર[illegible] એ નિર્જનતા ઘરની સીમામાં મળે છે. પણ આ [illegible] બીજું પણ એક એવું લક્ષણ છે કે એ પ્રેમ એટલો મ[illegible] કે આખું જગત તેને માત્ર પોતાનું લાગે છે, એટલે [illegible] પ્રેમના પ્રકટીકરણ માટે બે કંઈક વિરોધી વસ્તુસ્થિતિ જો[illegible] વિહારને માટે આખું જગત અને તે સાથે નિર્જનતા. [illegible] આ યુગલનો વિહાર એટલા માટે ખુલ્લા નિઃસીમ અવ[illegible] મૂકેલો છે અને એકાન્ત સન્ધ્યાના અંધારાથી રચેલું છે :

> અંધારું એકાન્ત રચી રહ્યું 'તું,

અંધારાથી એકાન્ત રચાયું હતું. પણ પ્રેમને નિકટતા[illegible] પરસ્પર દર્શનની પણ જરૂર છે, તેથી કહે છે :

> અંધારું એકાન્ત રચી રહ્યું 'તું,
> છતાં હતી દર્શન પૂરતી દ્યુતિ.

દર્શન પૂરતો પ્રકાશ હતો. પણ અહીં કાવ્ય એ[illegible] કૂદીને ફરી કહે છે. ત્યાં—

> હતી દર્શન પૂરતી દ્યુતિ
> ને પ્રીતિ દ્યુતિ વિણ ક્યાં ન દેખતી જે !

માર્ગમાં એક કોટિ ઊભી કરીને તે ઉપરથી કૂદી જવા[illegible] છંદ બદલાવે છે, અને કાકુની ભંગીથી બોલાતા વાક્[illegible] છંદ અનુકૂળ પડી જાય છે.

* મુંબઈ રેડિયોના સદ્ભાવથી. રજૂ થયું તા. ૧૬-૭-૧૯૫૩.

ને પ્રીતિ દ્યુતિ વિણ ક્યાં ન દેખતી જે !

એમ, પ્રશ્નને આ છંદ બરાબર વ્યક્ત કરે છે.

સામાન્ય વ્યવહારજીવનથી આ અનુભવ વધારે ઉચ્ચ છે એમ બતાવવા કહ્યું છે, અલબત નાયક કહે છે :

> 'સામાન્ય આરો તજી,' મેં કહ્યું : 'સખી !
> આજે નિંચે ઉપરવાસ ઊતરી.'

અને એ પ્રમાણે બન્ને ઉપરવાસ નદી ઊતરવા ચાલ્યાં.

> એકાન્ત ત્યાં એ નદીને કિનારે
> સંકોરિયાં વસ્ત્ર, અને સખીએ
> નજીક આવી મુજ હાથ ઝાલ્યો,
> ચાલ્યાં અમે પાણી ભણી ધીમેથી.

અને હવે પાણીમાં પગ મૂકતાં જ અદ્‌ભુત અનુભવ થાય છે : આકાશના તારા, તીર ઉપરનાં વૃક્ષો પાણીપટ ઉપર ધ્રૂજતાં અને ઘુમરીઓ ઘૂમી રહેલાં જણાય છે. આ જોઈને નાયકને બાળપણ, કહો કે પ્રેમની પ્રથમાવસ્થાનો કાળ યાદ આવે છે, જેમાં તોફાનને અવકાશ છે. પ્રૌઢ પ્રેમમાં પણ આ પ્રથમાવસ્થાના પ્રેમને કદી સ્થાન જ ન હોય એમ નથી.

> જરા પછી સ્પર્શ થતાં જ પાણીનો
> દશે દિશા સ્તબ્ધ થઈ રહેલાં,
> આકાશના તારક વૃક્ષ તીરનાં
> ધ્રૂજી રહ્યાં, ઘૂમરીઓ ઘુમી રહ્યાં
> પાણીપટે એક તણાં અનેક થૈ !
> ને મારું એ બાલ્યનું જાગ્યું ચેતન !
> ન પ્રેમમાં સ્થાન શું બાલ્યનું એ ?
> પછાડીને પાય ઉડાડ્યું પાણી
> થઈ રહ્યો ઘુમ્મટ શીકરોનો !

પ્રેમતંત્રની પ્રેરનાર સ્ત્રી છે, તો તેના ઉપર અંકુશ રાખનાર પણ સ્ત્રી જ છે. પુરુષના બાલ્યોચિત તોફાનને એ એક અણુસારા માત્રથી શમાવે છે. મુખથી 'ના' કહીને નહિ,

> 'ના' ના કહી, હાથથી હાથ દાબી,
> જરા જ કીધી મુજ પેર દૃષ્ટિ
> અંધારામાં દ્યુતિ જેની થકી બાલ્ય શમી ગયું.

યુગલ આગળ ચાલે છે. પાણી ઊંડું થતું જાય છે :

> પાણી પછી ઘૂંટણપૂર આવ્યે
> સંકેલી સાડી સખીએ, કહ્યું મેં :
> 'મારે ખભે મૂક.' 'ખભે તમારે ?'
> 'હું આં ! હું ય ઘડીક કાં ન બનું અર્ધનારીશ્વર !'
> ને અર્ધનારીશ્વર થૈ હું ચાલ્યો.

પુરુષ સ્ત્રીથી વધારે ઊંચો છે, બળવાન છે, તેથી સ્ત્રીનો સાળુ પોતાના ખભા ઉપર લેવા કહે છે. આ સામાન્ય વ્યવહારથી બેહૂદું છે. પુરુષ સામાન્ય રીતે, પ્રસિદ્ધ રીતે સ્ત્રીનાં કપડાં અંગ પર લે નહિ, એટલે નાયક સાળુ પોતાને આપવાનું કહે છે ત્યારે આશ્ચર્યથી સ્ત્રી પૂછે છે : 'ખભે તમારે ?' અને પુરુષ કલ્પનાના ઉત્તુંગ ઉડ્ડયનથી તેનો જવાબ આપે છે :

> હું આં ! હું ય ઘડીક કાં ન બનું અર્ધનારીશ્વર !

પુરુષ પોતે સાળુ ખભે રાખે, એ દૃશ્યને એ અર્ધનારીશ્વર સાથે સરખાવે છે ! પોતાની તેમાં ધન્યતા બતાવી સ્ત્રીનો સંકોચ હરે છે અને એમ થતાં દાંપત્યપ્રેમના આદર્શરૂપ અર્ધનારીશ્વરનું કાવ્યમાં સૂચન થાય છે.

પાણી વધારે ઊંડું આવતું જાય છે. ઊંડું પાણી, અજ્ઞાત તલ, તીરની દૂરની વ્યોમરેખા, પાણીના ઝીણાઝીણા અવાજો, માછલાંના પીડા વિનાના પણ ચોંકાવનારા સ્પર્શો, એ બધું અનુભવતી, સંમુખ પાણી ઉપર સ્થિર દૃષ્ટિ રાખી નાયિકા આગળ ચાલે છે, અને એના બધા અનુભવો, નાયક પણ સંલક્ષતો સંલક્ષતો નાયિકા સામે સ્થિર દૃષ્ટિએ જોઈ રહ્યો છે. અને એ રૂપ એને અપૂર્વ સુંદર લાગે છે !

> ચાલ્યાં ધીમે : ગૂઢ જમીન કેરા
> કુતૂહલે, કાંઈ ભયે નદીના.
> સન્ધ્યા હતી ગાઢ થતી જતી ને,
> દૂરે રહ્યા તીરની વ્યોમરેખા,
> ધીમા ધીમા પાણી તણા અવાજો,
> અપીડકારી ય છળાવનારા
> વિચિત્ર સ્પર્શો મૃદુ માછલીના,
> કો સ્વપ્નમાંહી 'નુભવન્તી જાણે
> જતી 'તી રાખી દૃગ પાણીમાં તે,
> ને ભાવ તેના મન સંચરંતા
> હું હાથમાં હાથથી લક્ષતો 'તો—
> નિહાળતો વદન સખીનું મુગ્ધ થૈ !
> સહુ સુભગ દર્શનો મહીં ન અલ્પ એને ગણું :
> બીજે નજર એની, એનું મુખ હું નિહાળ્યા કરું.

નાયકને નાયિકાનું અન્યત્ર દૃષ્ટિવાળું મુખ જોતાં સૌન્દર્યનો નવો દૃષ્ટિકોણ લાધે છે.

અને એ દૃષ્ટિકોણ સાચો છે. ચિત્રોમાં અને મૂર્તિઓમાં પણ ઘણી વાર કલાકૃતિની વિષયભૂત વ્યક્તિ પ્રેક્ષકની સંમુખ જોતી નહિ પણ ક્યાંક બીજે જોતી બતાવાય છે અને એ

અહા વધારે સ્વાભાવિક છે, એટલું જ નહિ, પ્રેક્ષકને વધારે કૌતુકપ્રેરક છે :

સહુ સુભગ દર્શનો મહીં ન અલ્પ એને ગણું :
બીજે નજર એની, એનું મુખ હું નિહાળ્યા કરું.

દંપતી પાણીમાં આગળ ચાલ્યાં. ઓચિંતાં, પાણી વધારે ઊંડું આવતાં, નાયિકા નાયકનો એક હાથ ઝાલી, સાથે સાથે ચાલતી હતી તે, સામે મોંએ આવી, નાયકના બન્ને હાથ ઝાલી લે છે :

પછી જતાં આગળ, હાથ મારો
સીત્કારની સાથ જરા દબાતાં,
હજી હું જાણું, નવ જાણું, ત્યાં તો
દીઠી સખી કંઠ સુધી ય વારિમાં,
આડી ફરી, સંમુખ મારી થૈને,
બીજે કરે હાથ બીજોય ઝાલતી.

પણ પ્રેમનો અનુભવમાં એનો ભય તરત જતો રહ્યો.

કિન્તુ હસી એ ક્ષણ બીજી એ જ.
અને જરા નિર્ભયતા પ્રતીતિથી,
ને કૈંક વિશ્રંભથી પ્રેમ કેરા,
જરા વળી સંનિધિના પ્રમોદે,
ફરી-દૃઢાલિંગનના પ્રતીક શા
દબાવિયા હાથથી હાથ મારા.

પ્રેમના પરમ અનુભવનું હવે કથન કરે છે :

દેહો હતા એક જ વારિમગ્ન
ને જીવને એક જ કેમ જાણે
વહી રહ્યું હાથની સોસરું ને
અન્યોન્ય એકાગ્ર થઈ દૃગોમાં !
આવ્યાં હતાં કંઈક વિશેષ પાસે
ને પાણીના મન્દ અવાજ શું કહ્યું:
'સખે, વહ્યું જાય અનન્ત વારિ,
અને મહીં આપણ બેઉ એકલાં !'

આખી સૃષ્ટિમાં જાણે એ બે જ વિહરી રહ્યાં છે એવી અનુભૂતિ થતી હતી.

આ પ્રેમને લીધે જીવનની ગતિ જાણે કોઈ અકલિત પ્રેરણાથી થતી હતી :

ન જાણું કે એ સખી દોરતી 'તી
કે ચાલતો હું જ ચલાવતો 'તો,
કે પાણીનો વેગ લઈ જતો 'તો,
જતાં હતાં આગળ એમ ચાલ્યાં !

હવે ઉપસંહાર તરફ જઈએ છીએ. ઊંડાણમાંથી એક[illegible] ઊંચી જમીન આવી, અને નાયિકા એકાએક તે ઉપર આ[illegible] નાયકને તરત જ, પાણીમાંથી ઊર્ધ્વ ફૂટી નીકળતી નાયિ[illegible] દર્શન થાય છે :

ઊંડાણ પાણીનું પૂરું થતાં ત્યાં,
ઓચિંતી એ સંમુખ મારી ઊઠી
વીનસ ડ મીલો સમ ઊર્ધ્વ પાણીમાં !
ને એક તેજનો અર્ઘ્ય સન્ધ્યા એ અર્પતી રહી.

'વીનસ ડ મીલો' એ નારીદેહસૌંદર્યની અ[illegible] મૂર્તિ ગણાય છે. અને તેના અંગવિન્યાસ વિશે એક [illegible] અભિપ્રાય છે કે એ, વીનસની પાણીમાંથી ફૂટી ની[illegible] વેળાની મૂર્તિ છે. અહીં પણ નાયિકા નદીના પાણી[illegible] એકદમ ઊંચી આવી ઊભી રહે છે તે દૃશ્ય છે. એનું [illegible] સૌંદર્ય જોઈ નાયક સ્તબ્ધ અને મૂર્ચ્છિત બની જાય છે:

તારા અને દૂરની ટેકરી શો,
હું સ્તબ્ધ એ દર્શનથી થઈ રહ્યો,
ઝાલી રહ્યો હાથથી બેઉ હાથ
છોડાવવા એક જતી સખીના.

સ્ત્રી જેમ સૌંદર્યથી મૂર્ચ્છિત કરનાર છે, તેમ જ [illegible] પ્રેમમૂર્ચ્છામાંથી જગાડી તેને વ્યવહારમાં લાવનાર પ[illegible] સ્ત્રી જ હાથ છોડાવી નાયકને જગાડવા પ્રયત્ન [illegible] મૂર્ચ્છિત થયેલાને

કિન્તુ હલાવી, મુજને જગાડી
જરા બળે છોડવી એક હાથ,
બીજાથી એ દોરતી, ખેંચતી મને,
ચાલી; ઘડીમાં તટ આવી ઊભાં.

હજી નાયક અર્ધમૂર્ચ્છિત અવસ્થામાં છે :

ન જાણું ક્યારે મુજ હાથ છોડ્યો,
ક્યારે હુંથી એ અળગી થઈ ઊભી !
મેં માત્ર ત્યાં જોઈ નદીકિનારે
કો શિલ્પીની અદ્‌ભુત પૂતળી સમી !
તેનાં નદીદર્શન 'નૈક આજનાં
એક ક્ષણે મૂર્ત હું નીરખી રહ્યો !
જેવી સુધા વ્હેંચણીકાળ મોહિની
દેખી સુરો અસુરો મુગ્ધ થૈ રહ્યા,
તેવી બધી ગૂઢ અગૂઢ વૃત્તિઓ
ઉન્મત્ત ને મૂર્ચ્છિત મારી થૈ રહે.

નાયક મૂર્ચ્છામાં હતો પણ નાયિકા મૂર્ચ્છામાં નહોતી. [illegible] મનગમતી નાયકની મૂર્ચ્છાથી, અને એ મૂર્ચ્છા પોતે [illegible]

[અનુસંધાન પૃ. ૩[illegible]

સાહિત્યનું આન્તર ઉપાદાન—જીવનવ્યવહાર*

વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી

પ્રિ. કાલિદાસભાઈ દેસાઈએ આપનો સત્કાર કર્યો છે. હું પણ નર્મદ સાહિત્યસભા તરફથી અત્રે મળેલાં લેખક ભાઈબહેનોને સન્માનું છું. એમણે જણાવ્યું કે આવાં અવિધિસરનાં મિલનો કોઈ કોઈને નવી વસ્તુ સુઝાડે છે, પ્રેરણા આપે છે, અને વિચારોને કેન્દ્રિત વા ચેતનમય કરે છે. મારા આજના વક્તવ્ય સારુ પ્રિ. દેસાઈની આ સમઝ બહુ પ્રોત્સાહક છે.

ગુજરાતી ભાષા અને સાહિત્યના ઘડતરમાં પરંપરાનું અનુસરણ એકંદરે ઓછું જણાય છે. એના કવિઓ બહુશ્રુત હતા, પણ પંડિત ઓછા. તેઓ સંસ્કૃત કે વ્રજને દાસભાવે વળગેલા નહિ. રાજકીય ઘટનાઓ અને સામાજિક પોત પણ અહીંનાં એવાં કે ભાષાસાહિત્યવિષયક પરંપરાઓ લાંબો વખત ટકી શકે નહિ, અને જડ તો ક્વચિત જ થાય. ગુજરાતી આખ્યાન અને ઊર્મિકાવ્યમાં જેટલું ઊછીનું છે તેટલું આગવું પણ છે. વળી, અર્વાચીનોમાં સુરતના ત્રણ મહાપુરુષોનું સ્મરણ કરું : તેઓએ પોતપોતાના કાર્યપ્રદેશમાં સ્વતંત્રતા દર્શાવી છે. દુર્ગારામ મહેતાજી અને કવિ નર્મદે ધાર્મિક અને સામાજિક પ્રશ્નોમાં અને શાણા નવલરામે કેળવણીના વિષયમાં સ્વતંત્ર માર્ગદર્શન કરાવ્યું છે. અંગ્રેજીની વધતી ઝલકના સમયમાં પણ નવલરામે સ્વતંત્ર મત ઉચ્ચાર્યો હતો કે ઠેઠ યુનિવર્સિટીના શિક્ષણ પર્યંત બોધભાષા ગુજરાતી હોવી જોઈએ.

મિલનનું કામ શરૂ કરતાં વડોદરાના મિલન પછી જે ત્રણ અગ્રણી ગુજરાતી વિદ્વાનો દેવલોક પામ્યા છે તેમનું ભારે હૈયે હું સ્મરણ કરું છું. પ્રો. બલવંતરાય ઠાકોર, શ્રી દુર્ગાશંકર શાસ્ત્રી અને શ્રી કિશોરલાલ મશરૂવાળા, એ ત્રણના અવસાનથી ગુજરાતી સાહિત્યને ભારે ખોટ પડી છે. એ ત્રણેય પરંપરાના પૂજક નહિ પણ સ્વતંત્ર વિચારના હિમાયતી હતા. એમણે કાવ્ય, જીવનવિચાર અને સંશોધનક્ષેત્રમાં આજીવન સ્વતંત્ર દૃષ્ટિ રાખી હતી.

આ ભૂમિકામાંથી પ્રેરણા લઈ હું આજે બે-ત્રણ વાત આપની સમક્ષ રજૂ કરું છું. એમાં કેટલાક સાહિત્યિક પ્રશ્નોને નવેસરથી સમજવાનો આશય છે. આપણી સાહિત્યિક હવા આજે ઘન ગણાય એવી નથી. આપણે માનીએ છીએ અને કંઈક સાચી રીતે માનીએ છીએ કે ગુજરાતી સાહિત્ય અન્ય ભારતીય સાહિત્યની અપેક્ષાએ ઘણાં ક્ષેત્રમાં ઊંચી કક્ષાનું છે અને એનાં કેટલાંક પ્રસ્થાનમાં અપૂર્વતા છે. પણ એવી પ્રતીતિ સમસ્ત ભારતમાં થઈ જણાતી નથી. ભારતની સરકારી કે બીજી પ્રતિનિધિ સંસ્થાઓ તરફથી તેની યોગ્ય ગણના હજી થતી નથી.

*

સાહિત્યતત્ત્વ, ધ્વનિકાવ્ય અને અશ્લીલ સાહિત્ય, એ ત્રણ વિશે થોડું મંથન રજૂ કરવાની રજા લઉં છું. સાહિત્યના સ્વરૂપનો વિચાર કરતાં બીજી લલિત કલાઓને સાથે રાખી સર્વનું ભેગું અને સામાન્ય તત્ત્વનિરૂપણ કરવા બેસીએ છીએ ત્યારે કોઈ ઝાંખી વસ્તુ હાથ આવે છે, પણ સાહિત્યની સાચી વિશિષ્ટતા ઊડી જાય છે. વળી એમ ને એમ કાવ્ય કે સાહિત્યકલાનું લક્ષણ શોધીએ છીએ ત્યારે પણ હાથમાં અર્ક જાણે આવે છે ને સાહિત્યરૂપ મૂળ વસ્તુ જતી રહે છે. સર્વ કલાઓના પર્યવસાનમાં આનંદ કે પ્રસન્નતાનો અનુભવ રહેલો છે, એટલે તે સર્વમાં કોઈ સમાન ભાવનારૂપ તત્ત્વ તો હશે જ; પણ એ તત્ત્વને શોધતાં કલાકલાની વિશિષ્ટતાનું ભાન ઊડી જાય છે. સાહિત્ય કે કાવ્યને પૂર્ણતયા સમજવા માટે એને બીજી કલાઓથી અલગ રાખી સમજવા પ્રયત્ન કરવો જોઈએ. માણસનો સ્વભાવ

*સુરત લેખકમિલન સમક્ષ આપેલા વ્યાખ્યાનનો પ્રથમ અંશ.

પૃથક્કરણશીલ ને કાર્યકારણની શૃંખલાઓ શોધનારો છે, એટલે એ બધી લલિત કલાઓમાં સમાન તત્ત્વ શોધે એ ઠીક છે; પણ પ્રત્યેક લલિત કલાના સાચા વિમર્શ માટે આ પૂરતું નથી, બલકે કેવલ આ પ્રક્રિયા હોય તો લલિતકલાની સમજ ખોટી થવાનો મોટો ભય રહે છે.

સાહિત્યને કે કાવ્યને બીજી કલાઓથી અલગ રાખી સાહિત્ય તરીકે જોવું એ જરૂરી છે. તે જ રીતે સાહિત્યને સમજવા માટે સાહિત્યનું સમગ્ર દર્શન આવશ્યક છે. મહાકાવ્ય, મહાનવલ કે મહાનાટક જેવાં સાહિત્યસ્વરૂપો વિચાર્યા વિના સાહિત્યનું સ્વરૂપ પૂર્ણતયા નહિ સમજી શકાય. હું પૂર્ણતયા શબ્દ ઉપર ભાર મૂકું છું. બીજાં સાહિત્યસ્વરૂપોને નજરમાં રાખી સાહિત્યને અંશતઃ સમજી શકાય, પણ એની સાચી વ્યાખ્યા માટે, એની પૂર્ણ સમજ માટે સાહિત્યનાં વિરાટ સ્વરૂપનાં દર્શન અનિવાર્ય છે. ઊર્મિકાવ્ય, મુક્તક, ગઝલ, છપ્પા, સૉનેટ જેવાં સાહિત્યનાં લઘુ સ્વરૂપ ઉપરથી કાવ્યનો ખ્યાલ અધૂરો રહેશે. એ જ રીતે ફિલસૂફીનું કાવ્ય, રૂપકપ્રધાન કાવ્ય કે અતીન્દ્રિય અનુભવનું કાવ્ય પણ કાવ્યનું પૂર્ણ દર્શન કરાવી શકતું નથી. સાહિત્યકૃતિનું રહસ્ય એ સાહિત્ય નથી. જે સંદર્ભમાં એ રહસ્ય પ્રગટ થાય છે એ સંદર્ભ વિના રહસ્ય ઉપયોગી ભલે લાગે, પણ એ કલા નથી. મહાન કવિ કે મહાન કાવ્યનું વિવેચન કરતાં જીવનને સૂક્ષ્મ રીતે પ્રકાશિત કરતી લેખકની ઉક્તિઓ સંભારીએ છીએ. એ ઠીક છે. એ દ્વારા સાહિત્યકારની માનસિક સંપત્તિનો અને જીવન-સમજનો કંઈક ક્યાસ બંધાય છે. પણ એવી ઉક્તિઓ, જે પ્રકરણમાં તે આવે છે તેના વિના, પાંગળી છે, અને કવિઓ કે કૃતિઓને સરખાવવાનો બહુ અલ્પ માનદંડ છે. આપણાં ઉપનિષદોમાં કાવ્યત્વ રહેલું છે. વિચારણા, વિચારપ્રવાહ અને વિચારછટાની દૃષ્ટિએ ભગવદ્ગીતા પણ સુંદર કાવ્ય છે. પણ એક પલ્લામાં મહાભારત મૂકીએ અને બીજા પલ્લામાં કાવ્ય તરીકે ભગવદ્ગીતા મૂકીએ; ભગવદ્ગીતા એ મહાભારતનો અંશ છે એ વાત ક્ષણભર ભૂલીએ; અને ધર્મ અને નીતિની દૃષ્ટિએ જીવન માટે પાથેય બનવાનું ભગવદ્ગીતાનું સામર્થ્ય બાજુએ રાખીએ; તો સમજવું કઠિન નથી કે કેવળ કાવ્ય તરીકે મહાભારતનું મૂલ્ય અવશ્ય વિશેષ છે. એમાં જીવન પ્રત્યક્ષ છે; એમાં જીવનનો સંઘર્ષ છે; પ્રચંડ લાગણીઓવાળા વિવિધ માનવીઓનાં એમાં મંથન છે; મહાન પટ ઉપર પ્રતીતિ ઉપજાવે એવાં પાત્રો પરસ્પરના જીવનની અડફટમાં આવતાં આવતાં જીવન જીવી જાય છે; કવિની આ યોજનામાંથી રસ નિષ્પન્ન થાય છે; એ યોજનામાંથી જીવનનું કવિને ઇષ્ટ રહસ્ય આપણા હિત... ઊગી આવે છે. એવી રસ નિષ્પન્ન કરવાની શક્તિ, એ રહસ્યદર્શનની શક્તિ 'રહસ્યવાદી' કાવ્યોમાં, કે રૂપકપ્રધાન કાવ્યોમાં નથી હોતી. આપણે રમણીયતા અને રસની ... કરીએ છીએ, પણ જે સામગ્રીમાંથી સમૃદ્ધ રમણીયતા ... રસનો ઓઘ ઉદ્ભવે છે તેનો પૂરતો ખ્યાલ રાખતા ન... સાહિત્ય વિશે વિચાર કરતાં જેમાંથી રમણીયતા અને ... પાતળાં પાણી જ મળવાનાં હોય ત્યાંથી નજર ખસેડી ... સંવિધાનમાં ગાઢ રસને અવકાશ છે ત્યાં તેને સ્થાપવી જોઈએ. સાહિત્યતત્ત્વને પૂર્ણતયા સમજવા માટે જે સાહિત્યસ્વરૂપ... વિપુલતા છે તે વિલોકવું જોઈએ, કેમ કે સાહિત્યકૃતિ... વિપુલતા હશે તો કલાપ્રપંચમાં ઊંચી કલાદૃષ્ટિને અને ... નિષ્પત્તિને અવકાશ રહેશે. માનવભાવ, માનવસ્વભાવ ... માનવવ્યવહાર એ સાહિત્યનું આન્તર ઉપાદાન છે. ... ઉપાદાનનો યોગ્ય કે પર્યાપ્ત ઉપયોગ ન થયો હોય તો આ... હાથમાં નીતિનાં કે વિશ્વતત્ત્વનાં દ્યોતક વાક્યો કદાપિ ... પણ સાહિત્ય આવશે નહીં.

માનવવ્યવહારના સંદર્ભમાં જ રસનો સંભવ હોય ... પછી રૂપકપ્રબંધ કે તત્ત્વજ્ઞાનની કવિતાનું સ્થાન ઊંચું ... ગણાય, કેમ કે તેમાં રસનિષ્પત્તિને પૂરતો અવકાશ ... અમુક વસ્તુ સિદ્ધ કરવા પાત્રો આવતાં હોય ત્યારે તે... ચેતના ઓછી થઈ જાય છે. એ કાષ્ઠપૂતળાં એનો તંત્રી ... નચાવે તેમ નાચે છે. એમની લીલા સ્વાભાવિક, આપ... નથી લાગતી. અને તત્ત્વવિચારની બીજી કવિતામાં બુ... જેટલું ઉદ્બોધન હોય છે તેટલું ચિત્તની બીજી શક્તિ... નથી હોતું. તત્ત્વવિચાર, વિચારસંગતિ કે કોઈ આન્વી... આપણી કલ્પનાને મોહક લાગવા સંભવ છે, પણ રસનિ... એવા મોહથી કોઈ જુદી વસ્તુ છે. સાહિત્યકલાનું ... ઉપાદાન ભાષા છે, ભાષા એ તેની શકિત છે અને ... મર્યાદા પણ છે. સાહિત્યનું આન્તર ઉપાદાન, જે ... અર્થનો ખરો આશ્રય છે તે, માનવવ્યવહાર છે. એ ... વિશિષ્ટતા છે અને કદાપિ મર્યાદા પણ છે.

જીવનની વિગતોમાં જેટલું સાહિત્યમાં કે સાહિત્ય... ઊતરી શકાય છે તેટલું બીજી કલાઓમાં નથી ઊતરી ...

[અનુસંધાન પૃ. ૩૨૦ ...

મારો પ્રિય વિદ્યમાન ગુજરાતી લેખક*

નિરંજન ભગત

વક્તવ્યનો વિષય છે 'મારો પ્રિય વિદ્યમાન ગુજરાતી લેખક'. એટલે કે મારે લેખક પર બોલવાનું છે. લખ-લખ કરનાર પ્રાણી પર લખલખ કરવું સાવ સહેલું છે. વળી લેખક પર બોલવું એ તો વાચકોનો જન્મસિદ્ધ હક્ક છે. કેટલીક વાર તો એ હક્ક જન્મ પહેલાં પણ સિદ્ધ થઈ જાય છે, કેટલાક લેખકો સનાતન કાળનું સાહિત્ય સર્જે છે ને! અલબત્ત ચાર્લ્સ લેમ્બ જેવા પર બોલવાનો હક્ક એના જન્મ પહેલાં જે પંચત્વને પામી ચૂકયા હતા એમને હતો. લેમ્બ પૂર્વજો માટે સાહિત્ય લખતો હતો. આમ, લેખક પર બોલવાનો આવો અધિકાર ભોગવવા હું અત્યારે આ જગા પર ઊભો થયો છું. ભોગવવા જેવો હોય અને આ દેશમાં તો પૂરા સ્વાતંત્ર્યથી જો કોઈ અધિકાર ભોગવી શકાતો હોય તો તે આ અધિકાર છે. પણ વિશેષણોને વશ કરવા જેવી કોઈ જબરજસ્ત જવાબદારી નથી. આખાયે વ્યાકરણમાં વિશેષણ જેવી કોઈ વસમી વસ્તુ નથી. વિશેષણો-એ તો કેટકેટલા કવિઓનો ભોગ લીધો છે. અહીં એકસામટાં ચાર વિશેષણોનો એકલે હાથે સામનો કરવાનો છે. મારો, પ્રિય, વિદ્યમાન અને ગુજરાતી. ગુજરાતી લેખક એટલે હું જે ભાષા બોલું છું તે ભાષા બોલનારી પ્રજાનો લેખક. બાકી તો લેખક જેવા પટુકરણ પ્રાણીને આજના જમાનામાં ગુજરાતી કે અ-ગુજરાતી કેમ જ કહેવાય? પ્રિય લેખક, લેખક પ્રિય હોય એટલું એના વિષે આમ જાહેરમાં બોલવું પ્રિય ન પણ હોય, બલકે ન જ હોય. પ્રિય લેખક પર બોલવું પોતા પર બોલવાથી કે પ્રિયતમા પર બોલવાથી પણ વધુ વિષમ છે. કારણ કે પ્રિય લેખકના સાહિત્ય દ્વારા જ મનુષ્ય અહીં પૃથ્વી પર જીવવા ન મળેલું પોતાનું બાકીનું જીવન, વધુ પ્રિય જીવન, ભાવનાઓનું, સ્વપ્નોનું જીવન જીવી લેતો હોય છે; જીવાયેલા જીવનની પૂર્તિ કરી લેતો હોય છે. પણ ક્યારેક સામો માણસ પ્રિય થઈ પડે છે પોતાના જેવો હોવાથી નહીં પણ પોતાનાથી તદ્દન જુદો હોવાથી, તદ્દન નિરાળો હોવાથી, પોતે જે કંઈ-નથી-તે-સર્વ-કંઈ તે હોવાથી, તે પોતાનું અવર સ્વરૂપ anti-self અથવા other self હોવાથી, જેકિલનો હાઈડ હોવાથી. મારો પ્રિય લેખક મારા જેવું નથી લખતો ને હું એના જેવું નથી લખતો એથી જ એના પર બોલવું મને વિષમ નહીં પણ કંઈક વિશેષ પ્રિય લાગે છે. વિદ્યમાન લેખક, વિદ્યમાન લેખક પર બોલવું એ તો નર્યું સાહસ જ. એના પર બોલાયેલું એકેએક વાક્ય વિદ્યમાન લેખક ધારે તો પોકળ પુરવાર કરી શકે. સમકાલીનો પર સમ ખાવા પૂરતોય એક હરફ ઉચ્ચારવાની હાડીએ તો હસીને નહીં પણ ધસીને ના પાડી દીધી હતી. આઈઝેકસે પણ એના બી. બી. સી. વ્યાખ્યાનોમાં એલિયટ પર બોલતાં કહ્યું હતું કે જીવતા લેખક પર બોલવું એક જ રીતે શક્ય છે કે એને મુએલો માની લેવો. ને સાહિત્યની કૃતિઓ પણ સર્જકની મૃત-ક્ષણોના અવશેષો જ છે ને! એટલે લેખકના મૃતજીવન પર જ બોલવા જેવું થયું ને! ને વળી અહીં જે મંતવ્યો રજૂ કરું છું તેને લેખકના આ ક્ષણો પછીના જીવનકવન સાથે કંઇ જ સંબંધ નથી. ને એટલે તો આ બે પગ પર અહીં ટટાર ઊભો રહી શકયો છું. વિષયમાંના 'મારો' શબ્દનો આટલો લાભ કે ગેરલાભ લીધા પછી કહું કે મારો પ્રિય વિદ્યમાન ગુજરાતી લેખક છે ઉમાશંકર જોષી.

ઉમાશંકરે જ ગાયું છે 'વ્યક્તિ મટીને બનું વિશ્વ-માનવી' એટલે આ વક્તવ્યનો વિષય વ્યક્તિ ઉમાશંકર નહીં પણ જેમનામાં વિશ્વમાનવી પ્રગટ થવાને મથી રહ્યો છે તે કવિ ઉમાશંકર. મને ઉમાશંકર પ્રિય છે એનું કારણ એમનું સદાય હસતું મોં નથી, બેસમજથી ભર્યું ભર્યું એવું મારું

* ગુજરાત લેખકમિલન, સુરતમાં ૧૯૫૩ના જૂનની ૫મીએ વંચાયું તે સહેજ સુધારાવધારા સાથે.

બોલવું સાંભળી લીધા પછી પણ એમનું મોં તો હસતું જ હશે; મને ઉમાશંકર પ્રિય છે એનું કારણ એમની મૈત્રિ નથી, મિત્રને ખાતર મૈત્રિનો ભોગ આપવા એ તત્પર હોય છે; મને ઉમાશંકર પ્રિય છે એનું કારણ એમનું આતિથ્ય નથી, એમના ઘરમાં એ અતિથિ હોય અને આપણે યજમાન હોઈએ એવો અનુભવ પણ થતો હોય છે; મને ઉમાશંકર પ્રિય છે એનું કારણ એમની વિદ્વત્તા નથી, અનેક વિદ્વાનો અપ્રિય થઈ પડે એવા હોય છે—બલકે એવા જ હોય છે; મને ઉમાશંકર પ્રિય છે એનું કારણ એમનું ઋષિપણું નથી, પાપીઓમાં પણ પ્રિય થઈ પડે એવું ઘણું હોય છે; મને ઉમાશંકર પ્રિય છે એનું કારણ એમનું 'સંસ્કૃતિ'નું તંત્રીપણું નથી, કયારેક મારી કવિતા છપાઈ નથી પણ કચરાપેટીને અપાઈ છે; મને ઉમાશંકર પ્રિય છે કારણ કે એ ઉમાશંકર છે. એટલે કે એમની સર્જનપ્રવૃત્તિ—જે મનુષ્ય માત્રની સાચામાં સાચી આધ્યાત્મિક પ્રવૃત્તિ છે તે-માં એક પ્રકારની અનન્યતા છે, મૌલિકતા છે. એમાં અન્યત્ર ક્યાંય નથી એવાં તત્ત્વોનું દર્શન થાય છે. એ પ્રવૃત્તિ એક પરમ પુરુષાર્થથી પ્રેરિત અને અલબત્ત અનેક મથામણો અને મુસીબતોથી સભર એવા અખંડ પ્રયોગ જેવી છે.

નરસિંહ, અખો, પ્રેમાનંદ, દયારામ, મણિશંકર અને બળવંતરાયને હાથે ગુજરાતી ભાષામાં અનુક્રમે પ્રભાતિયું, છપ્પો, આખ્યાન, ગરબી, ખંડકાવ્ય અને સૉનેટ કાવ્યસ્વરૂપોમાં પ્રગટેલી ઊર્મિકાવ્ય અને કથાકાવ્યની સિદ્ધિ પર જો હવે કળશ ચડાવવાનો હોય તો તે પદ્યનાટકનો. અહીં મહાકાવ્યનું સ્મરણ ન કરવામાં જ સાર છે. એટલે આજના કે આવતી કાલના કવિનો જો કોઈ પુરુષાર્થ હોય તો તે પદ્યનાટક રચવાનો. 'આવતી કાલની ગુજરાતી કવિતા'× નામના લેખમાં ઉમાશંકર લખે છે :

'આયુષ્ય અને અનુભવની અમુક કક્ષાએ પહોંચ્યા પછી કલાકાર—જો અંગત સંવેદનોને આત્મલક્ષી કવિતા રૂપે રજૂ કરવાં બહુ ગમે નહિ, ફાવે નહિ, અને એ પરલક્ષી પ્રકારો તરફ—નાટક-નવલકથા તરફ—વળે એ સ્વાભાવિક છે. આપણામાંથી જેમની કાવ્યાનુભૂતિ ઉત્કટ અને સભર હશે તેમને મોડા વહેલા પણ નાટક તરફ ઢળ્યા વગર ચેન પડવાનું નથી અને એ પરિસ્થિતિમાં જ ભવિષ્યના પદ્યનાટ્ય માટેની આશા છે. ભવિષ્યની ગુજરાતી કવિતાની આશા છે.'

આ શબ્દો એમને પોતાને ઉદ્દેશીને ન ઉચ્ચારી શકાય? એમાં એમના કવિહૃદયની આકાંક્ષાઓનો અણસારો મળી રહે છે. કારણ કે 'કવિતાનો જન્મ' * નામના લેખમાં લખે છે :

"સાબરમતી જેલમાં હું સાથીઓથી વિખૂટો પડી એકથી બીજી બૅરેકમાં ખસેડાતો હતો. ...તેવામાં તારાઓની લગની લાગી. અને અતલાન્ત આકાશને તળિયે ભાખોડિયાં ભરવા માંડ્યાં. ...રોજ સવારે વહેલો ઊઠી દીવાલથી જરા દૂર—અઢેલ્યા વગર—ટટાર બેસી અંતરનું અતલાન્ત તળિયું તપાસવા ફાંફાં મારવાની ટેવ એ વખતે કેળવી હતી. એક દિવસે પ્રાતઃકાળે માથા પર જાણે કોઈ અગોચર સ્પર્શ થયો અને એના વેગ નીચે દબાઈને મારું આખું અસ્તિત્વ પૃથ્વીની સપાટી સાથે સમરેખ થઈ ગયું. પૂર્ણ આત્મવિલોપનનો—પ્રકાશભર્યા આત્મવિલોપનો ભાવ ઊભરી રહ્યો. શૂન્યતાનો નહિ—સભરતાનો એ અનુભવ હતો.

આ અનુભવની છાયામાં મને એક નાટક સૂઝ્યું. કહેવાની જરૂર નથી કે એ નાટક એ વખતે હું લખી શકું એમ ન હતું. હજી પણ લખી શક્યો નથી. આથી મને એક મોટો ફાયદો એ થયો કે એ નાટક લખવાની—કવિ ધર્મની—તૈયારી કરતો હોઉં એવો ભાવ જ એ પછીનાં વર્ષોમાં સતત રહ્યો છે. એ કાવ્યકૃતિ સૂઝી પછીથી ભલે એ રચાઈ નથી, એમાંથી બીજી અનેક નાનીમોટી કૃતિઓ ઉદ્ભવી છે."

આમ ઉમાશંકરના સાહિત્યજીવનનું પરમ લક્ષ્ય, એમનો કવિપુરુષાર્થ, એમનું સ્વપ્નધ્રુવ છે પદ્યનાટક. તો આજ લગીની એમની 'અનેક નાનીમોટી કૃતિઓ'ની સર્જનપ્રવૃત્તિમાં આ સ્વપ્ન સિદ્ધ કરવાની સાધનાનું દર્શન થાય છે તે જોઈએ :

ઉમાશંકરની સર્જનપ્રવૃત્તિનાં અનન્ય તત્ત્વો ત્રણ છે :

૧. મહત્ત્વના વસ્તુની પ્રાપ્તિ અથવા તો અનુભૂતિ–Significant theme.

૨. એ અનુભૂતિને સમજવાનું સંવેદનનું તંત્ર અથવા સહાનુભૂતિ–approach.

×'રશ્મિ' ૧૯૪૩-૪૫

*'બુદ્ધિપ્રકાશ', સપ્ટેમ્બર, ૧૯૪૯

૩. એ અનુભૂતિ સામાને સમજાવવાનું સમસંવેદનનું તંત્ર અથવા તો રીતિ–technique.

આ તત્ત્વો સહેજ વીગતે તપાસીએ.

મહત્ત્વનું વસ્તુ પ્રાપ્ત થવું, દર્શન થવું એ જ એક પરમ સદ્ભાગ્ય છે. દર્શન વિના ભાગ્યે જ કોઈ પ્રૌઢ કવિ(major poet) પાકે. અસંખ્ય ઉપ-કવિઓની કવિતા એથી તો અહીં તહીં ભૂલી ભૂલી ભમ્યા કરે છે ઉમાશંકરની આ ઉત્કટ કાવ્યાનુભૂતિને એક જ શબ્દમાં વ્યક્ત કરવી હોય તો તે એમની પ્રથમ કાવ્યપુસ્તિકા સૂચવે છે તે વિશ્વશાંતિ. ગુજરાતી વિવેચનમાં પ્રચલિત એવી પરિભાષામાં કહેવું હોય તો ઉમાશંકરના રસાત્મક વિશ્વનું કેન્દ્ર છે વિશ્વશાંતિની અનુભૂતિ. આ કેન્દ્રમાંથી જ એમની સર્જનપ્રવૃત્તિ ચોમેર પ્રસરી છે. આ વિશ્વશાંતિ તે આજકાલ ફૅશનેબલ થઈ પડેલી રાજકારણના અર્થની વિશ્વશાંતિ નહીં પણ વ્યાપક અર્થમાં વિરાટ વિશ્વમાં વ્યાપેલી સંવાદિતા.

વિશ્વશાંતિ એ આપણા યુગનો પ્રાણપ્રશ્ન છે (પણ કયા યુગમાં ન'તો ?). મોહનદાસ ગાંધી નામનો એક માણસ આપણી વચમાં વસતો હતો ત્યારે ઘડીક જાણે કે આ પ્રશ્ન ઊકલી ગયો હોય એમ લાગ્યું. પણ હવે પાછો એ પ્રશ્ન માણસજાતને માટે શિરોવેદના થઈ પડ્યો છે. જગતના મહારથીઓના મુખમાંથી વાતવાતમાં શાંતિ શબ્દ સરી પડે છે. પણ એ કેટલો બોદો ને ખોખરો લાગે છે ! કારણ કે એમાં લોકહૃદયનો પડઘો નથી. જ્યારે કદાચને જે લોકહૃદય લગી કદી પહોંચવાનું નથી એવા 'ધ વેસ્ટ લૅન્ડ'ની ૪૩૩મી પંક્તિમાંનો શાંતિ શબ્દ કાન પર કેવો રણકી રહે છે, જાણે ટંકશાળમાંથી તાજો જ બહાર પડેલો સિક્કો ! 'ધ વેસ્ટ લૅન્ડ'ને રચાયે ત્રીસ વરસ વીતી ગયાં છે. એ શાંતિ શબ્દ કરુણાથી વિગલિત એવા એક કવિહૃદયનો શબ્દ છે. એમાં અનુભૂતિની સચ્ચાઈ છે. ઉમાશંકરની કેટલીક કૃતિઓમાંથી પણ એ જ રણકો સંભળાય છે. પણ જ્યારે કવિ શાંતિ વિષે રોમેન્ટીક આવેશમાં આવી જાય છે ત્યારે એમનાથી કલ્પના-વિહોણું 'વિશ્વશાંતિ', કાલગ્રસ્ત 'નિશીથ' કે નિબંધસ્વરૂપ 'વિરાટ પ્રણય' રચાઈ જાય છે અથવા તો શાંતિપરિષદોમાં હાજરી અપાઈ જાય છે.

'વિશ્વશાંતિ' કાવ્ય જાણે કે સમુદ્રના ધુમ્મસતરંગો પર ઊંચાઈને વ્યોમના ધૂંધળાં વાદળોમાં વીલાઈ જાય છે. એમાં અતિશય ઉત્સાહ અને અસ્પષ્ટ આશાવાદ છે. એનો અનુભવ એ કાવ્યાનુભવ નથી. આખું કાવ્ય જાણે કોઈ કલાકૃતિના કાચા માલ જેવું છે. એમાં કવિની આગવી અનુભૂતિના પુરાવા જેવાં પ્રતીકો નથી, કવિના લોહીનો લય નથી (વારંવાર ન્હાનાલાલ અને નરસિંહરાવની અસરો સ્પષ્ટ વરતાય છે), કોઈ સુરેખ આકાર નથી. એકતા(unity)નું પુદ્ગલ રચવાને કવિની કલ્પના પ્રવૃત્ત થતી નથી. એમાં પ્રજાહૃદયનો બુલંદ પડઘો છે પણ કવિએ પોતાની નસો પર ઝીલી ઝીલીને લોહીનાં બુંદેબુંદમાં આત્મસાત્ કરેલી અનુભૂતિનો રણકો નથી. 'વિશ્વશાંતિ' વિશેષ તો મુગ્ધ કવિની નરી ભાવના છે (જો કે આવાં કાવ્યોનું મૂલ્યાંકન કલાદૃષ્ટિએ કરવું કે જીવનદૃષ્ટિએ કરવું એ પ્રશ્ન વિવેચન પાસે હજુ વિવાદાસ્પદ જ પડ્યો છે. એટલે યુગપ્રવાહ અને લોકહૃદયના આવેગ અને પડઘા રૂપે જ એનું મૂલ્યાંકન કરવું એ કાવ્ય અને વિવેચન બન્નેના લાભમાં છે.)

વિશ્વશાંતિનો પાયો પ્રેમ છે અને કવિનો ધર્મ પણ પ્રેમ છે. 'નિશીથ'માં કવિનો પ્રેમ 'ભોળુડાં લોકહૈયાં' લગી, સ્વદેશ લગી વિસ્તર્યો છે. કાવ્યના પ્રથમ પાંચ ખંડકોમાં કવિની 'તારાઓની લગની'નો પરિચય થાય છે. પણ પછી છેલ્લો છઠ્ઠો ખંડક વાંચતાં વાંચતાં જાણે કે એ ઓચિંતો આવી ચડ્યો હોય એવો અનુભવ થાય છે. આગલા પાંચ ખંડકોમાં ક્યાંય છઠ્ઠા ખંડકનો અણસારો આવતો નથી, એનું ગર્ભિત સૂચન પણ થતું નથી; એની કોઈ પૂર્વતૈયારી થતી નથી. કાવ્યનો વિરામ સ્વાભાવિક એટલે કે ક્રમે ક્રમે કાવ્ય જ્યાં વિકસતું આવીને વિલીન થાય એવો નથી. એટલે કે કાવ્યમાં સુશ્લિષ્ટ એકતા(organic unity) નથી. જ્યારે કલ્પનાનું પ્રધાન કાર્ય એકતા સ્થાપવાનું હોય છે. અહીં કાવ્યના દેહના અણુએ અણુમાં કલ્પના સમરસ પ્રસરી નથી. વળી પ્રથમ પાંચ ખંડકોનો ભાર પણ છઠ્ઠો ખંડક સહી શકતો નથી. સાબરમતી જેલના અદ્ભુત અનુભવમાં કવિના અસ્તિત્વનું થયું હતું તેમ અહીં પણ છઠ્ઠો ખંડક પ્રથમ પાંચ ખંડકના વેગ નીચે દબાઈ જાય છે. અર્વાચીન માનસને આખું યે કાવ્ય અસ્વીકાર્ય અને કદાચ અપ્રામાણિક પણ લાગે એવી પ્રો. ઠાકોરસૂચિત કલ્પનાની કાલગ્રસ્તતા તો એમાં છે જ. કવિનો આ પ્રેમ 'વિરાટ પ્રણય'માં હજુ પણ વધુ વિકસ્યો છે, 'પ્રિયા માનવતા' લગી વિકસ્યો છે. ત્યાં પણ કાવ્યના આઠમા ખંડકનો અંત આગળના છ ખંડકોની

૧૯૯ પંક્તિમાં મનુષ્યજાતિના ઇતિહાસનો પદ્યબંધમાં આપેલો સાર સહી શકતો નથી. 'નિશીથ' અને 'વિરાટ પ્રણય' બન્નેમાં અંત અને એની આગળની પંક્તિઓ એકમેકથી અલિપ્ત જ રહી જાય છે; ઓતપ્રોત થતી નથી. કાવ્ય સળંગ એકરસ થતું નથી, આદિથી અંત લગી એક સંવાદ સ્થપાતો નથી. એક વાક્યમાં કહેવું હોય તો બન્ને કાવ્યમાં સપ્રમાણતાનો અભાવ છે. આથી જ એમાં કોઈ અદ્ભુત કલ્પનાશક્તિનો પરિચય થતો નથી. બાકી બન્ને કાવ્યો આર્ષછંદોની પ્રૌઢ બાનીમાં પ્રગટેલા ઉદાત્ત એવા ઉદ્ગારો છે. અને એ રીતે એ આસ્વાદ્ય પણ છે. પણ એમાં કવિની આત્મલક્ષી અંગત ભાવનાઓનું જ માત્ર નિરૂપણ છે. નાટ્યોચિત સંદર્ભ વિનાના માત્ર આવેશમય પ્રશ્નો (rhetorical questions) અને અસ્પષ્ટ ઉદ્ગારો (abstract statements)ને કારણે કવિ એમાં 'નાટક લખવાની તૈયારી' કરતા હોય એવું લાગતું નથી. આ કાવ્યોમાં કવિ પોતાને પ્રગટ કરે છે જ્યારે નાટ્યાત્મક કૃતિઓમાં કવિ પરિસ્થિતિને પ્રગટ કરે છે અને એ દ્વારા જ શક્ય એટલો પોતાને પ્રગટ કરે છે. આ બધું વિશ્વશાંતિ અને માનવપ્રેમ માટેના કવિના રોમેન્ટીક આવેશનું પરિણામ છે.*

અહીં પાદટીપ રૂપે ઉમેરવું જોઈએ કે વિશ્વશાંતિ અને માનવપ્રેમ માટેનો આ રોમેન્ટીક આવેશ જ્યારે વ્યક્તિ ઉમાશંકરમાં પ્રગટ થાય છે ત્યારે એમનાથી શાંતિપરિષદોમાં હાજરી અપાઈ જાય છે. અને ઉમાશંકર કહે છે કે 'મારું બંધારણ કંઈક એવું છે' પણ કલાકારે તો શાંતિનું સ્વપ્ન શબ્દની વધુ ને વધુ ઉગ્ર ઉપાસના દ્વારા જ સિદ્ધ કરવાનું છે. એની પાસે શાંતિના કાર્યમાં કામયાબ થનારું કોઈ શ્રેષ્ઠ સાધન હોય તો તે શબ્દ. શબ્દના સાધન દ્વારા જ એ વધુમાં વધુ કાર્ય સાધી શકે, કારણ કે એ સાધન પર જ એનું વધુમાં વધુ (અને સમાજના બીજા કોઈ પણ વર્ગના સભ્ય કરતાં વધારે) સ્વામીત્વ હોય છે; એણે એની સાધના કરી હોય છે. એની દૃષ્ટિએ તો યેટ્સ કહે છે તેમ 'Words alone are certain good.' એનો અર્થ એ નથી કે એ શબ્દ સિવાયના કોઈ સાધન દ્વારા કાર્ય ન કરે (કરતો જ હોય અને અનિવાર્ય પણ છે), અવશ્ય કરે પણ શબ્દને ભોગે નહીં જ. એની વધુમાં વધુ નિષ્ઠા, શ્રદ્ધા તો શબ્દમાં જ [illegible] નહીં તો વ્યક્તિગત તેમ જ સામાજિક બન્ને હેતુને [illegible] થવાનો સંભવ છે. કમનસીબે પ્લેટોએ કવિ સામે જે તહો[illegible] પોકાર્યું છે તેમાં ખુદ કેટલાક કવિઓએ પણ સૂર પુરાવ્યો[illegible] માત્ર શબ્દોથી જ કાર્ય કર્યાથી ઓછું આવતું હોય તો [illegible] સાચું નક્કર કાર્ય તો 'સાપના ભારા' અને 'શ્રાવણી મે[ળો]'ની સૃષ્ટિ આજુબાજુ જ્યાં જ્યાં વાસ્તવરૂપે રચાઈ હોય [illegible] ત્યાં રાહત પહોંચાડવાનું છે. વિશ્વયુદ્ધનો અંત આણવાનો [illegible] માત્ર માર્ગ છે વિશ્વયુદ્ધો જગતને જોઈએ એટલાં જ[illegible] પણ આપણી આજુબાજુના નાના નાના કલહો શમા[illegible] કારણ કે વિશ્વયુદ્ધ અંતે તો નાના નાના કલહોનો સર[illegible] જ છે ને! જગત જેમ જેમ અશાંત થાય તેમ તેમ [illegible] દ્વારા વધુ ને વધુ કરુણા વહાવવી એ જ શાંતિના કા[ર્યમાં] કલાકારનું સક્રિય અર્પણ છે. 'અગન વચમાંયે કવિપ[illegible] 'પ્રણાશોની પારે તવ કવનનો નાદ રમશે' અને '[illegible] જનવિમર્દમાંય કવિશબ્દ સંજીવની' ગાનાર કવિની [illegible] બ્રહ્મમાં શ્રદ્ધા ન હોય એવી અશ્રદ્ધા ધરાવવાનું કોઈ કારણ [illegible]

રોમેન્ટીક આવેશમાં નહીં પણ કલાના સંયમથી [illegible] સાચી સહાનુભૂતિથી જ્યારે જીવનની વાસ્તવિકતામાં [illegible] વિશ્વની શાંતિને વિઘાતક એવી વિષમતાઓને કવિએ [illegible] છે ત્યારે 'એક બાળકીને સ્મશાન લઈ જતાં,' '[illegible] મોટાભાઈ' અને 'લોકલમાં' જેવી કૃતિઓ જન્મી છે.

એક બાળકીને સ્મશાન લઈ જતાં

તને નાનીશીને કશું રડવું ને શું કકળવું?!
છતાં સૌએ રોયાં! રડી જ વડમા લોકશરમે,
હસી જો કે હૈયે નિજ ઘર થકી કાશ ટળતાં.
બિચારી બાનાં બે ગુપત ચખબિંદુ ય વચમાં
ખર્યાં, સ્પર્શ્યાં તુંને નહિ. યમસમા ડાઘુજન તે
નિચોવે શા કાજે નયન અમથાં અન્ય ઘર? તે
વિચાર્યું હું-જેવે, મરણ કુણું તે શીદ રડવું!
—છતાં સૌયે રોયાં રૂઢિસર, દઈ હાથ લમણે!

*અહીં વિશ્વશાંતિ, યુદ્ધવિરોધ અને જીવમાત્ર પ્રત્યેના પ્રેમના એક એક મહાકાવ્ય સમાં બે ચીની કાવ્યોનું સ્મરણ થાય છે:

"દેવળના ઘંટની ઝાલર પર
પતંગિયું ઊંઘી રહ્યું છે."

"તોપના મોમાં
એક ગાતું પંખી માળો રચીને
ઈંડાં સેવી રહ્યું છે."

ખભે લેને ચાલ્યા, જરી જઇ, વળાંકે વળી ગયા,
તહીં ઓટે તારી સરિખ વયની ગોઠણ દીઠી.
રહી'તી તાકી એ, શિર પર ચડીને અવરને
સૂઈ રૂહેવાની આ રમત તુજ દેખી અવનવી,
અને પોતે ઊંચા કર કરી મથી ક્યાંક ચડવા;
—અમે આગે ચાલ્યા—રમત પરખી જે જ કપરી,
ગળા પૂંઠે નાખી કર, પગ પછાડી, સ્વર ઉંચે
ગઈ મંડી રોવા! તુજ મરણથી ખોટ વસમી
અકેલીએ આખા જગત મહીં એણે જ વરતી!
અને રોવું ન્હોતું પણ મુજથી રોવાઈ જ ગયું!!

એક બાજુ છે વડમા અને ડાહ્યુજનની નિર્દયતા અને બીજી બાજુ છે ગોઠણની નિર્દોષતા. અને ગોઠણ પાસે મૃત્યુને અવનવી રમત કહેવડાવીને તો કવિએ કરુણતાની અવધિ જ આણી છે ને! 'અને રોવું ન્હોતું પણ મુજથી રોવાઈ જ ગયું' ન્હોતું રોવું છતાં રોવાઈ ગયું એમ ન લખ્યું હોત તોય કવિએ શું કર્યું હશે એ સહેજમાં સમજાય એમ છે. ગોઠણ રોવા મંડી ગઈ ત્યારે કવિ શું કરતો હશે? માત્ર જોતો જ નહીં હોય, રોતો પણ હશે; પોતાની આંખે નહીં, પારકી આંખે, ગોઠણની આંખે. પણ હવે હાથ લમણે દઈને રૂઢિસર નહીં પણ અન્ય રીતે જ, અનિવાર્ય હોવાથી. કારણ કે એને ગોઠણની જેમ ખોટ તો સાલતી જ હતી પણ નિયતિની વિષમતા, વિચિત્રતા, માનવજીવનની અંતર્ગત કરુણતા એને વધુ સાલતી હતી, જે અહીં 'કપરી' શબ્દથી ધ્વનિત થાય છે. પણ 'સદ્‌ગત મોટાભાઈ'માં તો યોગ્ય રીતે જ સ્ફુટ સ્વરૂપે પ્રગટ થાય છે:

કાળને તે કહીએ શું જરીયે નવ ચૂકિયો,
પાંચ આંગળીઓમાંથી અંગૂઠે વાઢ મૂકિયો.
પાંડુના પાંચ પુત્રોએ હેમાળે હાડ ગાળિયાં,
રહ્યા'તા ધર્મ છેવાડે, તમે આગળ શે થયા?

છે મૃત્યુ તો પ્રકૃતિ જીવિતમાત્રની, એ
સત્યે ઠરે મન ઘણું; પણ જો વસંતે
પર્ણો ખરે શિશિરમાં ખરવાનું જેને,
તો સત્ય ક્યાં, ઋત કહીં, પ્રકૃતિક્રમો ક્યાં?

આ પ્રશ્નથી નિયતિની ઊંઘ ઊડી જાય તો નવાઈ નહીં! ક્યાંક કાચી કળી ખરી પડે છે, ભરવસંતે ફૂલ કરમાઈ જાય છે; તો ક્યાંક વળી પક્વ ફળમાં એ જ કળી અને ફૂલની સાર્થકતા સમજાઈ પણ જાય છે:

લોકલમાં

એની દીઠી ન નજરે મુખમાધુરી મેં.
દેખાત તો ઘણીય ડોક ફિરાવતાંમાં;
જોયું ન કિંતુ ફરીને જરી, ના જ જોયું.
ને તોય તે ક્ષણક્ષણે મુજ અંતરે તો
એ સૌમ્યરેખ રસમૂર્તિ તરે અનસ્ત.

એનાં હશે પ્રણયકામણપૂર્ણ નેણ,
ધીરે ઢળી ઉછળતુંય હશે જ હેયું.
દીઠેલ આ નયનથી ન સ્વયં અરે મેં,
તોયે કહું અમૃતકોશ હશે જ હૈયું.
વેગીલી લોકલ તણા ધબકાર તાલે
ધીરે ધીરે ઉછળી મસ્ત ઢળી રહંતું.

હું તો શું જાણું, પણ સામી જ બેઠકે કો
બેઠેલ વૃદ્ધ; જરી ફેરવી ક્ષીણ નેત્ર
જે આમતેમ, કદિ ઝોકુંય ખાઇ લેતો.
એ ક્ષીણલોચન મહીં કહીંથીય ત્યાં તો
મેં જોઈ, જોઈ સહસા ભભુકંતી આગ.
આંખો કરી જરઠ કોટિક રોમ ફેરી
ટાળી મને મુજ પૂંઠે કંઇ તાકી જોતો,
ને કૈં ચિરંતૃષિત ચક્ષુથી પી રહંતો.

મેં પૂંઠ ફેરવી ન જોયું સ્વયં જરીકે,
કે કૈં હતી જરૂર ના! મુજ આંખ સામે
એ વૃદ્ધનાં પરમ તૃપ્ત પ્રસન્ન નેત્રે
મેં એક જોઈ છબી ડોલતી લોલ મસ્ત.

લાવણ્યમૂર્તિ મુજ નેત્રથી જોઇ જાતે
મેં હોત, તેથી અદકા રસરૂપ રંગે
એ કાલજર્જરિત નેત્ર મહીં નિહાળી.
ને એક વાર નિરખેલ તહીં હજી યે
જોયાં કરું ઉર ભરી ભરી નેણ એનાં,
વિશ્વો ઉછાળી ઢળતું વળી મત્ત હૈયું
ને બે વસંતલચતી કરવેલ રમ્ય.

કવિ જેમ રડે છે પારકી આંખે તેમ હસે છે પણ પારકી આંખે જ. કહે છે મુજ નેત્રથી લાવણ્યમૂર્તિ મેં જાતે જોઇ હોત તેથી અદકા રસરૂપરંગે નિહાળી. પણ ક્યાં? કાલજર્જરિત નેત્રમહીં. આ લાવણ્યમૂર્તિ નેત્રમાં સમાઈ છે ત્યાં લગી જ એ પરમતૃપ્ત પ્રસન્ન નેત્ર છે, પછી તો જ્યાં ભભૂકંતી આગ છે એવાં એ ચિરંતૃષિત ક્ષીણ લોચન જ છે. અહીં પણ કવિ એક આંખે હસે છે ને અન્યથી રડે છે.

કવિનું દર્શન મધુર છે પણ કરુણમધુર. 'અને રોવું ન્હોતું પણ મુજથી રોવાઈ જ ગયું' અને 'મેં પૂંઠ ફેરવી ન જોયું સ્વયં જરીકે, કે કે હતી જરૂર ના!' અહીં રડવાનો કે હસવાનો કવિને ધજાગરો નથી, સહાનુભૂતિના ઢોલનગારાં નથી વગાડ્યાં. કેવા સંયમપૂર્વક અશ્રુ અને હાસ્ય રેલાય છે. પાણીપોચી પ્રજાની પોચટ કવિતામાં આ પુરુષાર્થ કેટલો આલ્હાદક અને આશ્વાસક છે. આ સંયમ કેટલો સાન્ત્વન આપનારો છે. સીધીસાદી સામાન્ય વસ્તુને એવી રીતે યોજી હોય કે અનાયાસ જ, કવિના કોઈ પણ સ્પષ્ટ સૂચન વિના, વાચક આપમેળે એમાં માનવજીવનની અંતર્ગત કરુણતાનું દર્શન કરવાને પ્રવૃત્ત થાય એ કલ્પનાની કરામત છે. એ વ્યંગની, ધ્વનિ(Understatement)ની કલા છે. અને પરલક્ષિતા અને વાસ્તવિકતા વિના એ અશક્ય છે. આવી કૃતિઓમાં જ કવિના આંતરદર્શનનું અને જગતની બાહ્યપરિસ્થિતિનું પરસ્પર સહજ મિલન થાય છે. નાટક લખવાની તૈયારી કરતા કવિની સર્જનપ્રવૃત્તિમાં પરલક્ષિતા, વાસ્તવિકતા અને નાટ્યાત્મકતાની દૃષ્ટિએ 'નિશીથ' અને 'વિરાટ પ્રણય' (અન્ય રીતે એ ગમે તેટલી મહાન સિદ્ધિઓ ભલે હોય!) કરતાં 'એક બાળકીને સ્મશાન લઈ જતાં' અને 'લોકલમાં'નો મહિમા સવિશેષ છે.

આ જ સંયમ અને સહાનુભૂતિનો 'સાપના ભારા', 'શ્રાવણી મેળો' અને 'પારકા જણ્યા'માં વિકાસ થયો છે. અંબા, નંદુ, ચંદણી આદિ પાત્રો ખુમારીથી ખમી ખાનારાં છે. જુદી જ માટીનાં માનવી છે. ગુજરાતના કુલણજીવેડાને અનુકૂળ છે એથી નહીં પણ અધિકારથી કહી શકાય એમ છે કે જગતભરના એકાંકીઓમાં પણ પાત્રોની કરુણતાને આટલા સંયમથી કહેવાની આ કલા અત્યંત વિરલ છે. (મેનાનું પાત્ર તો માત્ર સૂચિત હોવાથી આ 'સંયમ' શબ્દ પણ નકામો થઈ પડે છે, ઓછો પડે છે.) 'શ્રાવણી મેળો'માં શાંતારામ, હીલ્લી, સુમંત, વાઘેલા, લક્ષ્મી અને 'પારકા જણ્યા'માં સુખી, મકન આદિ પાત્રો પ્રત્યે વાર્તાકારનું હૃદય સ્વાભાવિક જ ઢળી ગયું છે. પોતાના જ અવતાર જેવાં પાત્રોમાં માનવહૃદયની આકાંક્ષા, આશા, વાસના, ઝંખના, મહેચ્છા, સ્વપ્ન વગેરેને વાર્તાકારે પૂરી તદ્રૂપતાથી પિછાન્યાં છે. અહીં માનવ-જીવનની કરુણતાનું દર્શન વધુ વિશદ અને હૃદયની ક્ષિતિજોનું વર્તુલ વધુ વિશાળ થયું છે. મનુષ્ય કટાક્ષને લાયક પણ કરુણાનો અધિકારી છે એ કલાકારની પ્રતીતિ આ [illegible] દ્વારા પ્રગટ થઈ છે. માનવસહજ નિર્બળતાઓની [illegible] આદર્શોનાં મહેણાં માથામાં મારવાનાં ન હોય (આદ[illegible] તે શું ઓઢે કે પાથરે?) પણ હમદર્દીનો એક [illegible] પૂરતો છે. અને જ્યાં જ્યાં વાર્તાકારે એ ઉચ્ચાર્યો [illegible] ત્યાં ત્યાં એણે પોતાના જ આત્માનો વિકાસ કર્યો [illegible] પણ જ્યાં 'ચાલો સહાનુભૂતિ પ્રગટ કરીએ' એમ [illegible] સહાનુભૂતિથી સભાન થયો છે અને 'રખેને કોઈને અ[illegible] થશે' એમ કરીને એણે વધુ પડતો વિનય કર્યો છે (ત્યાં [illegible] નિર્દોષોને નુકસાન અને દુષ્ટોને ફાયદો થયો છે. (ઉ[illegible] 'ઢેઢના ઢેઢ ભંગી' કે 'મારું હતું ને મેં લીધું'.) સદ્ભાગ્યે આવાં ઉદાહરણ જૂજ છે. ભણેશરીએ પ્રશ્ન પૂ[illegible] કે તારું 'ભલું' શેમાં છે? અને જવાબ ન મળ્યો ([illegible] થયું ભણેશરીનું!). પણ જ્યાં નાટ્યકારે અને વાર્તાકારે [illegible] પ્રશ્ન પૂછ્યો અને જવાબમાં નાટક કે વાર્તા મળ્યાં [illegible] એ સુધારક, પ્રચારક અને પક્ષકાર બન્યો છે. ઉમાશં[illegible] હમણાં જ પોતાને વહેમની નજરે જોતા થયા છે કે 'મને [illegible] છે કે મારા પોતામાં પણ સુધારક તત્ત્વ ભરાયેલું છે, [illegible] મને બચાવે!'

ઉમાશંકરની આ કૃતિઓમાં અસદ્નો આડકતરો [illegible] અછડતો ઉલ્લેખ જોવા મળે છે (એનો અભાવ છે એમ [illegible] નહીં કહી શકાય કારણ કે અંબા, નંદુ, ચંદણી વ. [illegible] પ્રવૃત્તિનાં પરિણામો નથી તો શું છે?) જો કે [illegible] એકાંકીસ્વરૂપમાં અને 'પ્રાચીના'માં પણ સદ્[illegible] તીવ્ર સંઘર્ષ અનિવાર્ય નથી, કદાચ શક્ય પણ નથી [illegible] ઉત્કટ અને સંપૂર્ણ નાટ્યાનુભવ કરાવવાની મહત્ત્વા[illegible] જે કૃતિમાં હોય એમાં એનો મહિમા અવશ્ય છે. કારણ [illegible] સંપૂર્ણ અને ઉત્કટ નાટ્યાનુભવની સામગ્રી સદ્[illegible] તીવ્ર સંઘર્ષમાં છે (સદ્અસદ્ની વચ્ચેનો આ [illegible] નાટ્યકાર ક્યારેક એ પાત્રો દ્વારા રજૂ કરે છે, Antigo[illegible] કર્યો છે તેમ; પણ જ્યારે એક જ પાત્ર દ્વારાએ રજૂ ક[illegible] Oedipusમાં થયો છે તેમ, ત્યારે કલાની પરાકાષ્ઠા [illegible] છે. વિશ્વસાહિત્યમાં Oedipus જેનો જોટો ન જડે [illegible] સર્વશ્રેષ્ઠ ટ્રેજેડી છે કારણ કે એમાં સદ્અસદ્ [illegible] તો ઓતપ્રોત છે કે કોને સદ્ કહેવાય અને કોને [illegible] કહેવાય એ નક્કી કરતાં બુદ્ધિ બહેર મારી જાય છે [illegible] નીતિનો બધો જ નશો ઊતરી જાય છે.) એથી તો [illegible]

અસદ્‌ને અવગણવાનું નહીં, આવકારવાનું છે. અસદ્‌ને નકારીને નહીં પણ આવકારીને, સહર્ષ સ્વીકારીને આ વિશ્વની યોજનામાં એનું સ્થાન સમજી લેવાનો તો કલાનો ઉપક્રમ છે. ઉમાશંકર 'સંવાદિતાની સાધના'*માં લખે છે:

"નિર્ભેળ સદ્ કે અસદ્‌ના પક્ષ જેવું કદાચ હોતું નથી. સંવાદિતાની સાધના જેમણે સ્વીકારી છે એવા કળાકારો ધીરતાપૂર્વક એવા પક્ષરંગથી પોતાની ક્રાંતદર્શી નજરને ખરડાવા દેતા હોતા નથી. અપૂર્વ સહાનુકંપાથી વિકલ બનેલું એમનું હૃદય સંઘર્ષોથી અભિભૂત થયા વિના સંવાદિતાને જ શારવી લેતું હોય છે."

આ કલાના તત્ત્વનું ટૂંપણું તો સમજ્યા કે જીવનમાં જે અસદ્ બેડોળ અને બેસૂર લાગે છે તેને કલાકાર પોતાની કલાકૃતિમાં કલ્પનાની કરામતથી અને દર્શનની દીપ્તિથી સૌન્દર્યવંતુ અને સંવાદી બનાવી મૂકે છે. આ માટે સર્વપ્રથમ તો એણે અસદ્‌ના અસ્તિત્વને સ્વીકારવું તો પડશે ને! એક વાર કલ્પનામાં પણ અસદ્‌ના અસ્તિત્વનો અસ્વીકાર કરો અને પછી જુઓ કે જગત કોઈ પરીલોક જેવું લાગે છે કે નહીં! તે પછી જેમાં ઝૂઝવા ઝઝૂમવાનું નથી એ જગતમાં ત્રાસ, કંટાળો અને નિરસતા વિના બીજું કંઈ કલ્પી શકાય? આ જગત જો ધર્મક્ષેત્ર કુરુક્ષેત્ર હોય તો તેમાં અહોરાત સદ્‌અસદ્‌નો મહાભારત સંગ્રામ ચાલે છે એર્થી. કલાકાર અસદ્‌ને હોંસભેર સ્વીકારીને પોતાની કરુણાથી એવું તો કૃતાર્થ કરે છે (અને જગતમાંથી કાલાંતરે પણ અસદ્ અલોપ થવાનું હશે તો આ કરુણાથી જ થશે, ન અન્યથા) કે એથી તો સદ્ પણ શ્રદ્ધેય બની જાય છે. કલાકારની સાધના સંવાદિતાની સાધના હોય તો એ સંવાદિતા સાધવાની શેમાં? વિરોધોની જ વચમાં ને! કલાકારનો ધર્મ સંગીત પ્રગટાવવાનો હોય તો એ સંગીત પ્રગટવાનું શેમાંથી? કોલાહલમાંથી જ ને! આ માટે પણ એક વાર તો કલાકારે અસદ્‌ને એના અસલ સ્વરૂપમાં નખશિખ એ જેવું છે તેવું નિહાળી લેવું પડશે. 'Calm of mind, all Passion spent'નું ભરતવાક્ય ઉચ્ચારનાર મિલ્ટન જેવા મહાન કવિએ તો સદ્‌ની પરવા જ ન કરી. સદ્‌ને એણે એક કોર મેલ્યું અને અસદ્‌ને એના પૂર્ણ સ્વરૂપમાં સોળે કળાએ એવું તો પ્રગટ કર્યું કે પાછળથી એના પર બ્લેઈક જેવા સહૃદય આત્માનો પુણ્યપ્રકોપ પ્રગટી ઊઠ્યો. ઉમાશંકરે દુનિયાના દુરિતનું દર્શન 'પાંચાલી', 'બેન્ક પાસેનું ઝાડ', 'સીમાડાના પથ્થર પર', 'અન્નબ્રહ્મ', 'માણેકચોક', 'શહીદનું સ્વપ્ન' આદિ કૃતિઓમાં કંઈક કર્યું છે. અને હજુ પણ એનો વધુ ગાઢો પરિચય એ કરી રહ્યા છે એનો પુરાવો 'સંસ્કૃતિ'ના પ્રથમ પાને અને 'સમયરંગ'માં પડ્યો છે. પણ વ્યક્તિ ઉમાશંકરને થયો છે એટલો દુરિતનો પરિચય કદાચ એમની કવિતાને થયો નથી લાગતો. નામ ઉમાશંકર છે ને ત્રીજું નેત્ર ન ખૂલે તો જ નવાઈ! અખાએ જેના મનનો કબજો ક્યારે પણ લીધો હોય એને મૌન સેવવું પડે એ કેટલું અસહ્ય હોય!

* સંસ્કૃતિ મે, ૧૯૫૩

'પ્રાચીના'નાં કર્ણ, કુંતી, કૃષ્ણ અને ગાંધારીમાં 'સાપના ભારા'નાં પાત્રોનું પુનર્દર્શન થાય છે. અંબા, નંદુ, ચંદણી વ. જાણે કે જુદાં નામ ધારણ કરીને 'પ્રાચીના'માં પ્રગટ થાય છે. એ જ સહનશીલતા ને એ જ ખુમારી, મૂંગે મોઢે ખમી ખાવાની એ જ તમન્ના ને જીવનનું હલાહલ હોંસેહોંસે પી જવાની એ જ તત્પરતા. પણ 'સાપના ભારા'ની સૃષ્ટિ એ ઉમાશંકરના અનુભવની સૃષ્ટિ છે. જ્યારે 'પ્રાચીના'ની સૃષ્ટિ એ ઉમાશંકરની ભાવનાની સૃષ્ટિ છે. એટલે 'સાપના ભારા'નાં પાત્રો જેટલાં સજીવ અને વાસ્તવિક (સ્વજનોથી પણ વધુ સજીવ અને વાસ્તવિક) લાગે છે એટલાં 'પ્રાચીના'નાં પાત્રો નથી લાગતાં. ભાવના-સૃષ્ટિનાં પાત્રો અનુભવની સૃષ્ટિનાં પાત્રો જેટલાં સજીવ અને વાસ્તવિક ન જ લાગે એમ નથી. પણ અહીં આમ લાગે છે એનું કારણ 'સાપના ભારા'નાં પાત્રો માત્ર એમને પોતાને ખાતર સર્જાયાં લાગે છે જ્યારે 'પ્રાચીના'નાં પાત્રો ફિલસૂફીના કોઈ સિદ્ધાંતની સ્થાપનાને ખાતર સર્જાયાં લાગે છે એ છે. નાટ્યાત્મક અનુભવ એ 'સાપના ભારા'ની પ્રેરણા છે. જ્યારે 'પ્રાચીના'ની પ્રેરણા કોઈ જીવનમૂલ્યોનું પ્રતિપાદન કરવામાં હોય એવી શંકા શબ્દે શબ્દે થાય છે. કાવ્યસ્વરૂપ નાટ્યાત્મક છે જ્યારે વસ્તુ ચિંતનાત્મક છે. સંગ્રહની શ્રેષ્ઠ કૃતિ 'ગાંધારી'ના ગાંધારી પાત્રના અપવાદ સિવાય પાત્રો નાટ્યોચિત (dramatically motivated) લાગતાં નથી, પાત્રોનું નાટ્યાત્મક પરિવર્તન (dramatic conversion) થતું નથી. એક માત્ર ગાંધારીનું આમૂલ પરિવર્તન થાય છે. આરંભની અને અંતની ગાંધારી

એકની એક હોવા છતાં જાણે કે ભિન્ન વ્યક્તિઓ હોય એવો ભેદ સ્પષ્ટ છે. પાત્રના નાટ્યવિકાસની દૃષ્ટિએ ગાંધારી સફળ પાત્ર છે. આ અપવાદ સિવાય 'પ્રાચીના'માં વસ્તુ અને વાહનનો સંતોષકારક સુમેળ ન થયો હોય એમ લાગે છે. 'પ્રાચીના' વાંચ્યા પછી નાટક વાંચ્યાનો અનુભવ કે આનંદ થતો નથી. સંવાદો, સુન્દર અને ચતુર સંવાદો, મોહક વાણીમાં સંવાદો વાંચ્યાનો આનંદ અવશ્ય થાય છે. મોહક વાણી એ જ કદાચ 'પ્રાચીના'ની મુશ્કેલી છે. નાટકનું વસ્તુ ભલે કવિ પ્રાચીન કે પૌરાણિક પસંદ કરે. પ્રાચીન વસ્તુનો નિષેધ નથી. કવિને કોઈ નિષેધ કબૂલ નથી. અને પ્રાચીન વસ્તુમાં 'અર્વાચીન'નો અર્થ અજવાળી આપવાની શક્તિ છે જ. (અહીં એક આડવાત કરી લઈએ. ઉમાશંકરનો પ્રાચીનતા પ્રત્યેનો પ્રેમ જોઈને પ્રો. ઠાકોર 'જડવાદ વિરુદ્ધ આધ્યાત્મિકતા'+ નામના ચર્ચાપત્રમાં ઉમાશંકરને સંબોધીને અભિપ્રાય આપે છે.

"હિંદના હિંદી ઉછેરઓલાદના અનેકાનેક વિદ્વાનોની જેમ આપ પરંપરાપૂજક છો, પ્રગતિપ્રેમી છું એમ માત્ર બોલી જાણો છો, વિવેકી પ્રાગતિકને તો વારંવાર પીછેહઠિયા (reactionary) જ લાગો છો. આપ આર્યસંસ્કૃતિના તેની હાલની અને સૈકાઓથી વધતી ગયેલ અધોગતિમાં પણ પ્રશંસક છો; અને આપનાં કાવ્યો, ગીતો, ચિંતનો, ચર્ચાઓ અને સર્જનોમાં આપ વારંવાર, જાણ્યેઅજાણ્યે, આપણા વિદ્વાનોમાં અતિવ્યાપક છે એવા કોઈને કોઈ વલણે દોરવાઈ જાવ છો."

આ અભિપ્રાયની સાથે ભાગ્યે જ સંમત થઈ શકાય. કારણ કે પરંપરાના પરિચય અને પરિશીલન વિના અને વર્તમાનના પરીક્ષણ અને પૃથક્કરણ વિના ભાગ્યે જ ભાવિમાં ડોકિયું કરી શકાય. એક બાજુ જ્યારે પોંડિચેરીથી જે વિચારોનું આક્રમણ – અલબત્ત અહિંસક – થયું છે તે વર્તમાનને વીસરી જવા માંગે છે અને બીજી બાજુ મૉસ્કોથી જે વિચારો આયાત થયા છે તે ભૂતકાળને ભૂંસી દેવા માંગે છે ત્યારે ઉમાશંકરનો ભાવિના નિર્માણને માટે વર્તમાનને સમજી લેવા આપણી સંસ્કૃતિના મૂળિયાં તપાસવાનો, આપણા લોહીમાં ભળી ગયેલા સત્ત્વોની ભાળ લેવાનો આ આખોયે પુરુષાર્થ કેટલો પ્રશસ્ય લાગે છે!) જગતના મહાન નાટ્યકાર કવિઓએ તો છૂટે હાથે પ્રાચીન વસ્તુનો ઉ[પયોગ] કર્યો છે (આર્નોલ્ડ જેવા વિવેચકે તો પ્રાચીન વસ્તુ પસંદ કરવાનો કવિઓને આગ્રહ કર્યો છે.) પણ વર્તમાન સાથે એનો એવો અદ્‌ભુત સંબંધ સાંધી આપ્યો છે કે ... આસ્વાદતાં વસ્તુની પ્રાચીનતાનો ખ્યાલ પણ રહેતો ન[થી]. નાટ્યકાર પાસે આ સંબંધ સાંધવાનું એક સફળ સા[ધન] છે શબ્દ. પ્રાચીન અને અર્વાચીન સૃષ્ટિઓને એ શબ્દ[ના] સેતુથી સાંધે છે. નાટ્યકાર કવિનો શબ્દ મુખ્યત્વે તો ... જીભે રમતો શબ્દ જ હોય ('સાપના ભારા'નાં પાત્રો[ની] સજીવતાનું એક કારણ આ પણ છે.) શેક્સ્પિયરના ... અંગ્રેજી પદ્યનાટકોની સફળતાનું અને આખીને ... ઓગણીસમી સદીનાં અંગ્રેજી પદ્યનાટકોની 'નિષ્ફળતા'નું રહસ્ય આમાં છે. ઉત્કટ અને સં[પૂર્ણ] નાટ્યાનુભવ આ શબ્દ વિના અશક્ય છે. અને આ શબ્દ[નો] 'પ્રાચીના'માં અભાવ છે. પણ જે ભાષામાં આ શ[બ્દની] પરંપરા ન હોય, નાટ્યોચિત પદાવલિનો સદંતર અ[ભાવ] હોય એ ભાષામાં એવી પદાવલિ પ્રગટાવવાની પીડા 'અનુભવી હોય તે જાણે રે.' એટલે અહીં કવિની મ[ર્યાદા] કરતાં તો ગુજરાતી ભાષાની મર્યાદાને વધુ ધ્યાનમાં [લેવી] જોઈએ. અને 'કર્ણ-કૃષ્ણ'માં કવિ નાટ્યોચિત પદાવ[લિની] વધુમાં વધુ સમીપ પહોંચ્યા છે એ સિદ્ધિ પણ ધ્યાનમાં [લેવી] જોઈએ. '૧૯મા દિવસનું પ્રભાત'માં સૂતનું પાત્ર ... સૂચક છે (સૂત જો અટકી જાય તો નાટક આગળ ... ખરું?). 'પ્રાચીના'ની સૃષ્ટિમાં પ્રવેશવું એક જ રીતે ... છે અને તે સૂતનું સ્વરૂપ ધારણ કરીને, યુધિષ્ઠિરે સૂતની નોકરી સ્વીકારીને. બાકી ઉમાશંકરનો પદ્ય[નાટ્ય]ઉચિત પદાવલિ પ્રગટાવવાનો પ્રયોગ સતત ચાલે છે. ... પૂરાવો 'સંસ્કૃતિ'નાં પાનાંઓમાં ('સંદેશ'નાં ... વાત જવા દઈએ.) અગ્રંથસ્થ પડેલી યુધિષ્ઠિર, ... અને અન્ય નાટ્યાત્મક નહીં એવી કેટલીક લઘુ કૃતિ[ઓ] નાટ્યોચિત પદાવલિની વધુ નિકટ આવેલી ભા[ષા] પાડે છે. પરલક્ષી કવિતાના પ્રદેશમાં મણિશંકરનાં કાવ્ય... કાવ્યોમાંથી પદ્યનાટકની દિશામાં ગુજરાતની કાવ્ય... 'પ્રાચીના' સંપૂર્ણ સફળ કૃતિ ન હોય તો પણ ... 'પ્રાચીના' સંપૂર્ણ સફળ કૃતિ ન હોય તો પણ ... અત્યંત મહત્ત્વનું સીમાચિહ્ન છે અને એ દૃષ્ટિએ એનો આદર કરીએ એટલો ઓછો છે.

આમ ઉત્કટ અને સંપૂર્ણ નાટ્યાનુભવ કરા...

+ 'સંસ્કૃતિ', જૂન ૧૯૫૧.

એવા પદ્યનાટકના અનિવાર્ય અંશો અનુભૂતિ, સહાનુભૂતિ અને રીતિ ઉમાશંકરનાં સર્જનમાં અહીંતહીં છૂટાછવાયા પડ્યા છે પણ એક જ કૃતિમાં એમનું સુભગ સંમિશ્રણ હજુ થયું નથી.

જ્યારે રોમેન્ટિક આવેશથી નહીં પણ કલાના સંયમથી, સભાન સહાનુભૂતિ કે વધુ પડતા વિનય વિના, સંઘર્ષની તીવ્રતા સાથે નાટ્યોચિત પદાવલિમાં ઉમાશંકરની કવિતા જન્મશે ત્યારે માત્ર ઉમાશંકરનું જ નહીં પણ આપણા જમાનાનું પ્રતિનિધિ કાવ્ય રચાશે. આ આશા ઉમાશંકરની સર્જનપ્રવૃત્તિ આપે છે. આ સ્વપ્નની સિદ્ધિની સાધનાનું દર્શન એમાં થાય છે. આ પરિસ્થિતિ અન્યત્ર ક્યાંય પ્રવર્તતી નથી. આ અપેક્ષા અન્ય કોઈ કવિની સર્જનપ્રવૃત્તિ જોતાં જન્મતી નથી. આથી જ મારો પ્રિય વિદ્યમાન ગુજરાતી લેખક છે ઉમાશંકર જોષી. સર્વ વિદ્યમાન કવિપદવાંચ્છુઓ (સર્વની સંમતિથી, સર્વના વતી કદાચ કહી શકાય) માંથી કોઈએ પણ આજ લગીમાં 'કવિ થવાની' તાલીમ પૂરી કરી હોય તો તે ઉમાશંકરે. ફરીને એમના જ શબ્દોમાં કહી શકાય કે ઉમાશંકર આયુષ્ય અને અનુભવની અમુક કક્ષાએ પહોંચ્યા છે જેથી એ સ્વાભાવિક જ નાટક તરફ વળે.

આ મિલનની એક સભામાં ઉમાશંકરે કહ્યું હતું કે બે ભ્રૂકુટિની વચ્ચે અનેક પાત્રો પલાંઠી વાળીને બેસી ગયાં છે, ઊઠે ત્યારેને! પણ જો પાત્રોને પૂછીએ તો કહે (અલબત્ત ઉમાશંકર કહેવા દે તો) કે અમે તો ઊઠવા તૈયાર છીએ પણ ઉમાશંકર પલાંઠી વાળીને બેસે ત્યારેને!

અવસર નહિ આવે વારે વારે

એક અલબેલો અવધૂત આંગણ આવી પુકારે,
આપ્યાનો અવસર આવો નહિ આવે વારેવારે.

સાંભળજો જગના લોક! પલપલ દુનિયા પલટાય,
આ જુગજુગજૂનાં અંધારાં આજે ઓસરતાં જાય.
રે સૂતાં માનવ જાગે ને માગે નવલા ન્યાય,
જે આપ્યું તે તો રહેશે, રાખ્યું તે રઝળી જાય.
નિજ ભાંડુઓનો ભાગ માગે, પ્રેમે હાથ પ્રસારે—
આપ્યા૦ ૧

અવધૂતે અહાલેક જગાવ્યા, સાંભળજો નરનારી!
અંતરને અજવાળે એના પ્રેમ તણી ચિનગારી.
જોર નહિ, કંઈ શોર નહિ, છે એની રીત નિરાળી,
આપો તે બસ પ્રેમે આપો, રામ હૃદયમાં ધારી.
અહિંસા તણી વિજયધ્વજા એ લહરાવે સંસારે—
આપ્યા૦ ૨

એ જોગંદરના બોલે કોઈ ખેતર દે, કોઈ ક્યારી,
ભીતરના ભોગળ તૂટે, કોઈ સોંપે સંપત સારી,
ત્યાગ કરીને ભોગવવી દોલત સાચી સહિયારી,
રે ગામે ગામે નગરે નગરે ભટકે ભવ્ય ભિખારી.
જ્યમ એક દિન ભમતા બુદ્ધ લઈને ઝોળી દ્વારેદ્વારે—
આપ્યા૦ ૩

ભારત કેરી ભોમ મહીં આ નવયુગનાં મંડાણ,
રે અંતર અંતર ગુંજે એ સંત તણાં આહ્વાન.
ક્રાંતિ તણો આ શંખ બજે, એ ઓળખજો એંધાણ,
બાંય પકડવા બાંધવની રે દ્યો ભૂમિનાં દાન.
યહ સબ ભૂમિ ગોપાલકી, એક જોગંદર લલકારે—
આપ્યા૦ ૪

નાથાલાલ દવે

ગમ્યું તે ગાયું

ઈશ્વર પેટલીકર

મિત્રો,

સર્જક ગમ્યું તે જ ગાવાની મનોવૃત્તિવાળો હોય છે. પરંતુ એને ગમ્યું તે વાચકોને જો ન ગમ્યું તો એને ડફણાં પણ પડે છે. મારી છેલ્લી નવલકથા 'આશાપંખી'માં નાયક અને તેનો ભાઈ ઓચિંતા બેભાન થઈને મરણ પામે છે. આગલા પ્રકરણમાં ખલપાત્રે મૂઠનો ટુચકો કર્યો હોય છે એટલે એ મૂઠથી જ મરણ થયું તેમ મનાય તે સ્વાભાવિક છે. 'પ્રજાબંધુ'માં આ વાર્તા ચાલુ હતી એટલે એ પ્રકરણ આવતાં વાચકોનાં ડફણાં પડવાં શરૂ થયાં.

એક વાચકે લખ્યું : તમારી વાર્તા અમે બધાં રસપૂર્વક વાંચતાં હતાં, ઘણી ગમી હતી, પરંતુ મૂઠની વાત અંદર લાવીને તમે ગુજરાતની મોટી કુસેવા કરી છે. સમાજમાંથી જૂના વહેમ અને મંતરજંતર ભુલાવા બેઠા છે ત્યારે આ વાત લખીને તમે એ વહેમને મજબૂત કર્યો છે.

લેખકમિત્રોમાં ચર્ચા ચાલી કે જો પેટલીકરને રાઈટર્સ ક્રેમ્પ ન થયો હોત, લખવાની મુશ્કેલી ઊભી ન થઈ હોત તો વાર્તા આમ ટૂંકાવત નહિ, હજુ લાંબી ચાલત, પણ હાથને કારણે વાર્તા ટૂંકાવવી પડી એટલે મૂઠનો પ્રસંગ લાવી ઓચિંતી સમેટી લીધી. 'પ્રજાબંધુ'ના તંત્રી શ્રી ચુનીલાલ વ. શાહ જાણીતા નવલકથાકાર છે. ચાલુ વાર્તામાં તો એ પ્રકરણ એમણે છાપ્યું, પણ રૂબરૂ મળતાં સૂચન કર્યું કે આ બરાબર થયું નથી. પુસ્તક પ્રસિદ્ધ કરો ત્યારે એ સુધારી લેજો.

મેં પોતે નવલકથા લખવી શરૂ કરી ત્યારે વાર્તાનો અંત કેવો આવશે તેનો મને પણ ખ્યાલ ન હતો. પરંતુ વાર્તાનાં આઠ પ્રકરણ લખાયાં અને જે સત્યઘટનાને આધારે વાર્તાની માંડણી કરી હતી તે નાયક એ જ રીતે બેભાન થઈને મૃત્યુ પામ્યાના સમાચાર મળ્યા! મને થયું જીવનમાં જો બન્યું તો વાર્તામાં એવું બને તો ખોટું શું છે? અને વાર્તાનો અંત છેવટે મારા મનમાં નક્કી થઈ ગયો. પરંતુ વાર્તા... મારી દૃષ્ટિએ અગત્યનું છે તે મૂઠ નહિ, પરંતુ મૂઠ... પ્રયોગ કરવા ખલપાત્ર કેમ ઉશ્કેરાયું તે છે. અને તે વ... મારી દૃષ્ટિ સન્મુખ દુર્યોધનનું પાત્ર હતું. દુર્યોધને પાંડ... અન્યાય કર્યો હતો એમાં બે મત નથી, પરંતુ એ અન... કરવા ઉશ્કેરી મૂકનાર પાંડવો હતા—દ્રૌપદી હતી. દુર્... કૃષ્ણવિષ્ટિ કરવા ગયા, છેવટ પાંચ ગામ માગ્યાં છતાં એ... માગણી પણ ન સ્વીકારી ત્યારે યુદ્ધ કરવું પડ્યું એ... બચાવ કરવામાં આવે છે. પરંતુ એ જ દુર્યોધને ગાદીમાં... ભાગ આપ્યો હતો, ઇન્દ્રપ્રસ્થની ગાદીએ ધર્મરાજા બેઠા ક... એ પણ ભૂલવું ન જોઈએ.

તો પછી એવું વેર દુર્યોધનમાં શાથી વ્યાપ્યું કે... ભાગ આપનાર, છેવટ પાંચ ગામ પણ આપવા તૈયાર... થયો? ઇન્દ્રપ્રસ્થની ગાદી મળ્યા પછી પાંડવોએ રાજ... યજ્ઞ કર્યો તેમાંથી આ વેર રોપાયું. સામાજિક ક્ષેત્રે જેમ... પિત્રાઈથી મોટો છે તે બતાવવા માણસ લગ્ન વખતે બિ... જરૂરી ખર્ચ કરે છે, તેમ રાજાઓ મોટાઈ લેવા આવા... કરતા હોવા જોઈએ. હસ્તિનાપુરની ગાદી ભલે મોટી હ... પણ ઇન્દ્રપ્રસ્થની ગાદીએ બેઠેલા અમે કંઈ એનાથી ઊ... નથી એ મનોવૃત્તિ સાથે પાંડવોએ યજ્ઞ કર્યો. બધા રાજા... ને નોતર્યા. રાજાઓનું સંમેલન હોય ત્યારે એમાં જે ... ગાદીનો ધણી હોય તેને મુખ્ય તરીકે માન ... જોઈએ—પ્રમુખનો રિવાજ હોય તો પ્રમુખ તરીકે કે પૂ... નો રિવાજ હોય તો પૂજન તરીકે. એ રીતે દુર્યોધન ... અધિકારી હતો. છતાં એનું હાડોહાડ અપમાન થાય ... પગલું ભરાયું. કૃષ્ણ જે રાજા ન હતા તેમનું રાજ... સભામાં પૂજન કર્યું. શિશુપાલે એ ક્રોધ વ્યક્ત કર્યો ... દુર્યોધને મનમાં વેરની ગાંઠ વાળી.

આટલે જ આ અપમાન અટક્યું ન હતું. મય... પાસે પાંડવોએ એવો વૈભવશાળી અને વિચિત્ર સભા...

બંધાવ્યો હતો કે જળની જગાએ થળ અને થળની જગાએ જળ દેખાય. આથી દુર્યોધન સભામાં પ્રવેશતાં છેતરાયો, જેમાં એની બુદ્ધિની ખામી ન ગણાય, છતાં દ્રૌપદીએ ભરસભામાં એને મહેણું માર્યું કે, આંધળાના આંધળા જ હોય ને !

બસ, આ જ કારણે દુર્યોધન પાંડવોનો પાકો વેરી થયો, એમની પૃથ્વી ઉપર હયાતી ન રહેવા દેવી એવા છેલ્લા ઝનૂને ભરાયો. આમેય, એ સાત્ત્વિક વૃત્તિવાળો ન હતો. રાજસ અને તામસ કૃતિવાળા એની સ્થિતિ મર્કટને દારૂ પાય એવી થઈ. દ્રૌપદીને સ્વયંવરમાં એ નહોતો પરણી શક્યો માટે એણે વેર લીધું એમ નહિ પણ દ્રૌપદીએ એનું હાડોહાડ અપમાન કર્યું, તેથી એ ભરસભામાં એનાં ચીર ખેંચાવવાની હદે ગયો. પાંડવોએ જો રાજસૂય યજ્ઞ ન કર્યો હોત, દુર્યોધનનું આમ અપમાન ન થયું હોત તો મહાભારત સ્યાત નહિ.

એ જ રીતે મારી નવલકથા, ' આશાપંખી 'માં એ શોક્યો વચ્ચેનો કંકાસ આમ તો શમી ગયો હતો, પરંતુ દિવાળીબા સુખી થયાં એટલે પોતાની શોક્યને બાળવા માટે શહેરમાંથી ઘેર ગયાં. જો એ ન ગયાં હોત તો શોક્ય ઉશ્કેરાત નહિ, આજ સુધી ઝગડો હોવા છતાં શોક્ય મૂઠના પ્રયોગ સુધી નહોતી ગઈ, એટલે પછી હવે જવાનો સવાલ ન હતો; પરંતુ એટલી હદે પછી એ ગઈ તો એનો દોષ દિવાળીબાને માથે જાય છે. પાંડવોએ જેમ ફળભોગવ્યું તેમ એમને પણ બે દીકરાઓ ગુમાવવા પડયા.

એટલે મૂઠનો પ્રસંગ મૂળ સત્યઘટનામાં બનેલો છે માટે મૂક્યો છે એવું કંઈ નથી. પરંતુ માણસ વેરે ભરાય ત્યા રે ખૂન માટે જે રસ્તો એને સૂઝે તે લેવાની હદે જાય છે, તે સૂચવવાનો આશય છે. મૂઠથી માણસ મરી જાય છે તેવી અંધશ્રદ્ધા પોષવાનો ઉદ્દેશ નથી, પરંતુ પોતાના સુખથી સંતોષ ન માનનાર, જ્યારે બીજાને એ સુખથી બાળવામાં તૃપ્તિ માને છે ત્યારે એ કેવા ઝેરી સાપને છંછેડે છે, તે વાર્તાની કરુણતા દ્વારા બતાવ્યું છે.

આ વસ્તુ કોઈના દ્વારા ખૂન કરાવીને પણ મૂકી શકાત. પરંતુ મૂળ ઘટનામાં કોઈ દર્દનો દાક્તરને પણ ખ્યાલ આવતો નથી એ રીતે નાયક બેભાન થઈને ગુજરી જાય છે એટલે એવો પ્રસંગ રજૂ કરવા મૂઠનો આશ્રય લીધો છે.

પરંતુ આટલા ખુલાસાથી પણ હું રજૂઆતમાં સાચો છું એમ સાબિત થવાનું નથી. કારણ કે વાર્તાકલાના પરીક્ષકો કહેવાના કે મૂળ ઘટના ગમે તે હોય પરંતુ વાર્તામાં એની રજૂઆત એવી રીતે થવી જોઈએ કે એ સ્વાભાવિક, એક ને એક બે જેવી ચોક્કસ લાગે. આ કારણે જ મુ. ચુનીભાઈએ વાર્તાના અંતને કળાની રીતે સ્વાભાવિક લાગે તેમ સુધારવા કહ્યું હતું. છતાં ગમ્યું તે ગાયું એવા આત્મસંતોષમાં મસ્ત રહી મેં એમાં સુધારો ન કરતાં મૂળ રૂપે જ એ વાર્તા પ્રસિદ્ધ કરી.

પરંતુ આ આત્મસંતોષ કાયમ ટકી રહે છે, એમાં ફેરફાર થતો નથી એવું પણ નહીં. '૪૫માં ' લખ્યા લેખ ' નવલકથા પ્રસિદ્ધ થઈ ત્યારે એનું તેજસ્વી પાત્ર ચંપાનું પુનર્લગ્ન ન થયું તે ઉપર પણ ડફણાં પડયાં હતાં. એક મુરબ્બી મિત્રે લખ્યું હતું : ભલા માણસ, વિધવાવિવાહ કરાવવાની તમારામાં હિંમત ન હોય તો દૂર ઊભા રહેવું હતું, પરંતુ એ છોકરી જાતે હિંમત કરી, ઘર છોડી ચાલી ગઈ ત્યારે તમે વચ્ચે પડી રંગમાં ભંગ શું કામ પાડયો? બીજા એક અજાણ્યા મિત્રે લખ્યું : વાર્તામાં તમે વિધવા-વિવાહ કરાવી શકતા નથી, તો સામાજિક (પાટીદાર) માસિક ચલાવીને તમે શો સમાજસુધારો કરવાના હતા ?

વિધવાવિવાહનો તો હું પણ વિરોધી ન હતો. પરંતુ શિક્ષક સાથે શિષ્યા પરણે તે આર્ય આદર્શ પ્રમાણે બરાબર નથી. માની શિક્ષક સુમંતે ચંપાને પરણવાની ના પાડી હતી, એવો વાર્તાનો અંત હતો. અને એનો વિરોધ છતાં એ વાર્તાની બીજી આવૃત્તિ '૪૬માં થતાં મેં ફેરફાર કર્યો નહીં.

પરંતુ તે પછીનાં વરસોમાં મારા માનસે જે વિચારો ગ્રહ્યા તેમાં શિક્ષક–શિષ્યા લગ્ન ન થઈ શકે એવો આદર્શ રહ્યો નહીં. એ આદર્શ સ્વીકારતી વખતે મારા માનસમાં અર્જુન–ઉત્તરા હતાં. અર્જુને એ કારણે જ એને પરણવાની ના પાડી હતી. એ પ્રસંગને આજે હું જોઉં છું ત્યારે એની બીજી બાજુ પણ દેખાય છે. માબાપ કોઈના ઉપર પ્રસન્ન થાય અને દીકરી ભેટ આપી દે એવી વિચિત્ર સ્થિતિ ! વિરાટ રાજા પાંડવો ઉપર ખુશ થયા તેથી દીકરી આપવા તૈયાર થાય ! અર્જુને ગુરુપદનું કારણ આપી ના પાડી તો, તમારા દીકરા સાથે પરણાવી અનુગ્રહ કરો તેવી વિરાટે વિનંતિ કરી ! એ રીતે અભિમન્યુ પરણ્યો પણ ખરો.

પરણનાર કન્યા – પુરુષની ઉંમર જોવાની જ નહિ, દીકરીની ઇચ્છા જાણવાની નહીં, કન્યા દાન આપવા જેવી વસ્તુ તે બાપનેય અપાય અને દીકરાનેય અપાય! એટલે જૂના કાળમાં –મહાભારતમાં બધું સારું છે, એને સ્વીકારવું જોઈએ એમ ચાલીને વર્તવું ન જોઈએ. દરેક જમાનાએ સમાજહિત લક્ષમાં રાખી નિયમો, આચારો, આદર્શો રચવા જોઈએ.

લગ્નક્ષેત્રે આજનો આદર્શ પરણનાર પાત્રોની લાયકી, સંસ્કાર, પરિચય, સ્નેહ એ જોવાવું જોઈએ. અને એ જો હોય તો શિક્ષક-શિષ્યા પરણે તેમાં વાંધો પણ શો? પરિચય પછી લગ્ન સ્વીકારીએ તો શિક્ષક-શિષ્યાના પરિચયને કેમ ન સ્વીકારવો? એવી જ રીતે બંને પાત્રોની ઉંમર-સંબોધનની પણ મર્યાદા ન હોઈ શકે.

કોઈ પ્રસંગમાં છોકરી જેને કાકા કહેતી હોય તેને પરણે છે ત્યારે સમાજમાં હાહાકાર મચી જાય છે. મારા એક વિચારક મિત્ર દલીલ કરે છે કે એમાં વરવું લાગે છે તેમ માનવું ન જોઈએ. પરિચય પછી લગ્ન થવાનું હોય તો, પ્રથમ પરિચયે કોઈને ખબર પડતી નથી કે પોતે વિવાહ-સંબંધથી બંધાશે. એટલે ઉંમરનો, કુટુંબ સાથે જેવી જાતનો પરિચય હોય તેવાં બોલાવવાનાં સંબોધન શરૂ થાય છે. પિતાના મિત્ર સાથે દીકરીને પરિચય થાય એટલે એ કાકા કહે, એના દીકરા સાથે પરિચય થાય તો ભાઈ કહે. આ 'કાકા' અને આ 'ભાઈ'નાં કેવળ માનવાચક સંબોધનો છે, લોહીની સગાઈ નથી. એવી જ રીતે એ દીકરીને પણ ભત્રીજી તરીકે કે બહેન તરીકે સંબોધાય એટલે એવી છોકરી સાથે વિવાહસંબંધ ન બંધાય એવા પૂર્વગ્રહો ન હોવા જોઈએ. પરિચય પછી લગ્ન સ્વીકારવાં હોય તો કોઈ ને કોઈ સંબોધનો આવવાનાં. જૂના કાળમાં પરિચયમાંથી લગ્ન નહોતાં થતાં એટલે એવાં સંબોધનોવાળાં પરણતાં નહોતાં, એટલે એ શરૂઆતમાં વરવું લાગે તો પણ ચીલો પડી જતાં અસ્વાભાવિક નહિ લાગે.

એટલે બંને પાત્રો સ્વેચ્છાપૂર્વક, જવાબદારી સમજીને, પુખ્ત ઉંમરે પરણતાં હોય તો શિક્ષક-શિષ્યા હોય કે કાકા-ભત્રીજી જેવો ઉંમરમાં તફાવત હોય તો પણ કંઈ અયોગ્ય નથી એવો માનસિક બંધારણમાં ફેરફાર થતાં.

'લખ્યા લેખ'ની '૫૨માં ત્રીજી આવૃત્તિ થઈ ત્યારે વાર્તાના અંતમાં ફેરફાર કર્યો. ચંપા ઘર છોડી ચાલી જાય છે ત્યાં એનો છેડો લટકતો રહેવા દીધો છે. પ્રથમ આવૃત્તિમાં, સુમંત ગુરુ હોવાને કારણે જે ઇન્કાર કરે છે તે પ્રકરણ રદ કરી નાખ્યું છે. બંને પરણ્યાં તે અધ્યાહાર રહે છે, પરંતુ બીજાં પાત્રોથી વાર્તા જે રીતે આગળ ચાલે છે, તેમાં એ પરણે તે પ્રકરણ ઉમેરવાની જરૂર નથી એટલે તેવો ઉમેરો બિન-જરૂરી માન્યો છે.

આમ ગમ્યું તે ગાનાર સર્જકને ગમવાનો ગજ-દંડ બદલાય ત્યારે ગાયેલું બદલવું પણ પડે છે. આ ગમવા, ન ગમવાના મતભેદ તો સર્જક અને વાચક વચ્ચે કાયમ ઓછાવત્તા રહેવાના. વાચક એથી ડફણાં મારે તેથી સર્જકે ડરાવાનું પણ કારણ નથી. પરંતુ સર્જકે જે કાયમ ધ્યાનમાં રાખવાનું છે તે સદ્‌ગત મેઘાણીભાઈએ મને પહેલી મુલાકાતમાં વાતવાતમાં સૂચનરૂપે કહ્યું હતું તે છે. '૪૪માં મારી પ્રથમ નવલકથા 'જનમટીપ'નાં એમણે મુક્ત કંઠે વખાણ કર્યાં હતાં, એટલે મારી કમાન કંઈ છટકે નહીં તેમ માની એમણે મને કહેલું: ગુજરાતને મેઘાણી કે પેટલીકરની કંઈ જરૂર નથી. 'જનમટીપ'ને લીધે ગુજરાત પેટલીકરને ઓળખે છે, એટલે પેટલીકરની ફરજ ગુજરાતને 'જનમટીપ'થી સવાઈ કૃતિઓ આપવાની છે.

મેં કહ્યું: દરેક લેખક સવાઈ કૃતિ આપવા ઇચ્છા રાખે છે, પણ એવી કૃતિ સર્જાય નહિ તેમાં એ શું કરે?

મેઘાણીભાઈ: તમારું કહેવું બરાબર છે. કૃતિ સવાઈ નીવડે કે અધીં નીવડે તે સર્જકના હાથની વાત નથી. પણ પોતાની પૂરેપૂરી શક્તિ ખર્ચવી, પરસેવો પાડવામાં કંઈ કમી ન રાખવી, એટલો સંતોષ જો પોતાની કૃતિ માટે સર્જક લઈ શકે તેમ હોય તો એની કૃતિ ભલે સવાઈ ન નીવડી હોય, ફળ ભલે ન આવ્યું, એ કર્મ કરીને છૂટી ગયો છે.

મતલબ કે, ગમ્યું તે ગાવાની સર્જકને છૂટ છે, પણ પોતાની પૂરેપૂરી શક્તિ ખર્ચીને ગાવું તે એની જવાબદારી છે. જેમ સૌ ક્ષેત્રમાં, તેમ સર્જનમાં પણ સ્વતંત્રતા અને ફરજ બંને સાથે જોડાયેલાં છે.*

---

* સુરત લેખકમિલનમાં તા. ૫-૬-'૫૩નું વક્તવ્ય

'ઉત્તરરામચરિત'માં સ્પર્શનો સાક્ષાત્કાર

રતિલાલ મો. ત્રિવેદી

રામ અને સીતાના સહજીવનથી 'ઉત્તરરામચરિત'નો આરંભ થાય છે. આ સહજીવનનું પ્રત્યક્ષ દર્શન ભવભૂતિ મુખ્યત્વે કરીને પતિપત્નીનાં પરસ્પર દર્શન, શ્રવણ અને સ્પર્શ દ્વારા કરાવે છે. રામ અને સીતા એકબીજાને આંખ ભરીને જુએ છે, કાન વડે અન્યોન્યના મધુર શબ્દો સાંભળે છે અને હાથથી પરસ્પરના શરીરનો સ્પર્શ કરે છે. પરંતુ ઇન્દ્રિયોથી થતો આ સાક્ષાત્કાર દામ્પત્યજીવનનો બાહ્ય સાક્ષાત્કાર છે. ઇન્દ્રિયોના સાક્ષાત્કાર કરતાં દમ્પતીના આન્તર-જીવનનો, એકબીજાનાં સુખદુઃખમાં એકત્વનો, હૃદયના વિસામાનો અને વાર્ધક્યમાં પણ પ્રેમના સાતત્યનો સાક્ષાત્કાર વધુ ચઢિયાતો છે. આમાં પતિપત્નીનાં મન, હૃદય અને ઇચ્છાના ઐક્યનું સાક્ષાત્દર્શન છે. રામ અને સીતાના દામ્પત્યજીવનનું આ વિરલ અદ્વૈત જે પતિપત્નીના પ્રેમ-જીવનનું પરમ શિખર છે તેની પ્રતીતિ પ્રથમ અંકમાં જ ભવભૂતિ સહૃદય વાચકને કરાવે છે.

પરંતુ રામ અને સીતાના—પતિપત્નીના—સંબંધમાં આ મહાકવિ સ્પર્શ ઉપર સવિશેષ ભાર કેમ મૂકે છે? સામાન્ય રીતે સાક્ષાત્કારના ક્રમમાં, પ્રથમ શ્રવણ, પછી દર્શન, ત્યાર પછી સ્પર્શ એવો અનુક્રમ છે. સ્પર્શનો સાક્ષાત્કાર શ્રવણ અને દર્શનના સાક્ષાત્કાર કરતાં ચઢી જાય છે. રામથી સ્પર્શ વડે જેટલું સીતાનું અસ્તિત્વ અનુભવાય છે તેટલું બીજી ઇન્દ્રિયોથી અનુભવાતું નથી. સ્પર્શનું સુખ, શ્રવણ અને દર્શનના સુખ કરતાં અધિક છે અને સ્પર્શથી થતો પ્રિયજનનો પ્રત્યક્ષ અનુભવ સચોટ છે.

મનુષ્યનો સ્નેહથી નીતરતો સ્પર્શ કોમળ, સુકોમળ, પરમ કોમળ થઈ શકે છે. કરમાએલા માનવજીવનને એ અભિનવ વસન્તની પેઠે વિકસાવે છે. એનામાં મધુરમનોહર પુષ્પોની સુકુમારતા છે, નિર્મલ ચન્દ્રકિરણોની શીતલતા છે, જલસીકરોની આહ્લાદક આર્દ્રતા છે, ચન્દનરસની સરસતા છે અને મન્દ મન્દ વાતા શીતલસુગન્ધિત પવનની સંતાપહર શક્તિ છે. પરંતુ પ્રકૃતિના અસંખ્ય સુખપ્રદ પદાર્થોમાં પણ સમાઈ ન શકે એટલી, મનુષ્યના પ્રેમમય સ્પર્શના 'પ્રત્યેક અણુમાં ચૈતન્ય રસસાગરની અનન્ત ઊર્મિઓ નૃત્ય કરી રહે છે' અને પ્રિયજનને પરિતૃપ્ત કરે છે. માનવ-સ્પર્શમાં આ ચૈતન્યશક્તિ—આ સંજીવનશક્તિ ભરેલી છે એ મનુષ્યહૃદયમાં છૂપાએલાં નિગૂઢ સત્યોના પરમ અન્વેષક ભવભૂતિની અનુભૂતિ છે.

ભવભૂતિ 'ઉત્તરરામચરિત'ના પહેલા અંકમાં સીતાના સ્પર્શમાં જીવાડવાની શક્તિ (जीवयन्निव ઇત્યાદિ) છે એનો પ્રથમ ઉચ્ચાર કરીને સ્પર્શથી થતા સંવેદનના વર્ણનમાં આગળ ચાલે છે. સીતાનો બાહુ પોતાના કંઠની આસપાસ વીંટાતાં જ એના સ્પર્શથી જે વિકારો રામ અનુભવે છે તે સર્વનું સ્વરૂપ પોતે નક્કી કરી શકતા નથી. એ કહે છે તેમ એ સુખ હશે કે દુઃખ હશે, બલવાન મોહ હશે કે નિદ્રા હશે, વિષનો પ્રસાર હશે કે મદ હશે! શું હશે! સીતાના સ્પર્શે સ્પર્શે પોતાની સર્વ ઇન્દ્રિયો જડ બની ગઈ છે અને વિકાર વડે ચૈતન્ય ભમી જાય છે અને આનન્દસમાધિમાં લીન થઈ જાય છે. આ વિકાર એ ચિત્તની અસ્થિર અવસ્થા છે પરંતુ સીતાને રામના સ્થિર પ્રેમમાં પૂરો વિશ્વાસ છે.

ઇન્દ્રિયજન્ય સ્પર્શનો મહિમા ભવભૂતિ વ્યક્ત કરે છે પરંતુ સાથે સાથે એ આધ્યાત્મિક સ્પર્શનું મહત્ત્વ પણ રજૂ કરે છે. એ જ સાચો મહાકવિ છે કે જે આ લોકમાંથી પરલોકમાં અને પરલોકમાંથી આ લોકમાં આવજા કરે છે અને પાર્થિવ જીવન અને દિવ્ય જીવન, ભાવનાનું જીવન અને વાસ્તવિકતાનું જીવન, બંનેને એક કાળે અને એક સ્થળે એક સાથે જોડે છે. સ્થૂલ એટલું જ સાચું, ઇન્દ્રિયગોચર એ જ સત્ય, ઇન્દ્રિયોનો અનુભવ, એનો સાક્ષાત્કાર, એ જ યથાર્થ અને બીજો અતીન્દ્રિય અનુભવ એ યથાર્થ નહિ, એ મિથ્યા દૃષ્ટિ બલકે અપૂર્ણ દૃષ્ટિ છે. કેવળ ઇન્દ્રિયોની વૃત્તિઓમાં

પરોવાયેલો પ્રેમ ઇન્દ્રિયજીવન પૂરું થતાં વિલોપન પામે છે. પરંતુ જે મનુષ્યને પ્રેમના અમૃતસ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે તેનો પ્રેમ મૃત્યુને ભેદી એની પેલી પાર પહોંચે છે.

સીતાના સંજીવનસ્પર્શનું ઊંડું સુખ રામ અનુભવે છે ત્યાં તો વિયોગરૂપી મહાન અન્તરાય આવીને ઊભો રહે છે અને પતિપત્નીનું સહજીવન સમાપ્ત થાય છે. પ્રિયતમાના ચરણકમળને છેલ્લો સ્પર્શ કરી રામ સીતાને વનવાસ વિદાય કરે છે. આ આત્યન્તિક વિયોગમાં રામના ચિત્તમાં સીતાની દેહવિશિષ્ટ આત્માની છવિ અનેકવાર પ્રકટ થાય છે અને જીવનને આશ્વાસન અને પ્રકાશ આપે છે.

ભવભૂતિના રામ, સીતાનું મૃત્યુ થયું છે એમ માને છે. સીતાનું પાર્થિવ વ્યક્તિત્વ લુપ્ત થઈ એનું સ્વર્ગીય વ્યક્તિત્વ એમને મન હવે બાકી રહ્યું છે. આ સ્વર્ગીય અથવા ભાવનાના વ્યક્તિત્વમાં વિકાર નથી, મોહ નથી, પાર્થિવ પ્રેમની મૂર્ચ્છા નથી; એમાં પ્રેમના અમૃતસ્વરૂપનો સાક્ષાત્કાર છે. જ્યારે જ્યારે રામ સીતાને સંભારે છે ત્યારે ત્યારે સીતાની સનાતન છવિ એમના સ્મરણમાં મૂર્તિમન્ત થાય છે, 'વિદ્યમાન પ્રિયજનની સ્મૃતિમાં મૃત પ્રિયજન જીવે છે.' એ 'માલતી માધવ'-માં પણ ભવભૂતિનું સંવેદન છે.

નાટકના ત્રીજા અંકમાં ભવભૂતિની કાવ્યકલા પરાકાષ્ઠાએ પહોંચે છે. વસ્તુતઃ સીતા જીવે છે અને જ્યારે રામ શમ્બૂકનો વધ કરી જનસ્થાનમાં પુનઃ પ્રવેશ કરે છે ત્યારે કુલદેવી ભાગીરથીના પ્રભાવ વડે સીતા અદષ્ટરૂપે રામને આશ્વાસન આપવા તમસા સાથે આગળથી ત્યાં આવી પહોંચે છે. રામવનવાસના પંચવટીનિવાસ દરમિયાન રામ અને સીતાએ પ્રકૃતિ સાથે કોઈ વિરલ સદ્ભાવ કેળવ્યો છે, તેથી જ આજ અખિલ પ્રકૃતિ અને એની અધિદેવતા ગોદાવરી રામની સેવામાં હાજર છે. સીતાના દીર્ઘકાળના વિયોગથી ક્ષીણ બનેલા રામ જો શોકથી વિહ્વળ બની મૂર્ચ્છિત થાય તો પદ્મકેસરોની સુગંધવાળા જલસીકરોની ફરફરથી શીતલ બનેલા મંદસુમંદ વાયુના સ્પર્શ વડે એને મૂર્ચ્છામાંથી જાગ્રત કરવા ગોદાવરી પોતે સાવધાન બની રહ્યાં છે.

જનસ્થાનમાં પ્રવેશ કરતાં જ રામને 'પુરાનુભૂત પંચવટી-સ્નેહ' યાદ આવે છે અને પંચવટીના દર્શનમાત્રથી 'હા પ્રિયે જાનકિ!' કહી મૂર્ચ્છા પામે છે. તત્કાલ અદૃષ્ટ રહેલી સીતા જગતના નાથને જીવાડવા માટે તમસાને પગે પડે છે. તમસા ગોદાવરીના જલસીકરોથી સીંચેલા વાયુ કરતાં સીતાનો સ્પર્શ સંજીવની અનન્તગણી અસરકારક છે એ સારી રીતે જાણે છે એટલે સીતાને એના હૃદયનાથને પ્રેમમય સ્પર્શથી જગાડવા કહે છે. શોકાર્ત બનેલી સીતા પરમ કોમળતાથી રામને સ્પર્શ કરે છે કે તત્ક્ષણ રામ શુદ્ધિમાં આવે છે અને ઊંડો આનંદ અનુભવે છે. રામને મન પરલોકવાસિની પ્રિયતમા મૃત્યુની પેલી પાર ઘુઘવતા અમૃતત્વના મહાસાગરમાંથી એકાએક પ્રકટ થઈ એના પ્રિયતમ સ્પર્શથી પ્રેમથી જીવાડવા પૃથ્વી ઉપર આવી છે એવું સંવેદન થાય છે. સીતાનો સ્નેહજન્ય શીતલ સ્પર્શ રામના સંતપ્ત જીવનને પરિતુષ્ટ કરે છે અને હૃદયમાં સંજીવનઔષધિનો રસ સીંચાયો હોય એવી શાન્તિ આપે છે. સીતાનો આ સ્નેહાર્દ્ર સ્પર્શ રામને પૂર્વપરિચિત છે અને એમાં સંજીવનશક્તિ છે એની પ્રથમથી જ એને પ્રતીતિ છે. આ સ્પર્શ રામના સંતાપની મૂર્ચ્છા હરી લે છે અને અન્તરમાં આનન્દ દેનારી એક પ્રકારની જડતા પ્રસારે છે. આ પ્રસન્નતાની મૂર્તિ સમો સ્પર્શ મૂર્ચ્છા વળ્યા પછી પણ આનન્દ આપે છે.

ત્રીજા અંકમાં આગળ જતાં, વનદેવતા વાસન્તીએ જગાડેલાં સીતાનાં સ્નેહમય સ્મરણોથી વળી પાછું રામનું ચિત્ત ઊભરાય છે અને જાનકીનું સાક્ષાત્દર્શન કરવા રામ પરમ ઉત્સુક બને છે. એના દર્શન વગર એને હૃદય ફાટતું લાગે છે, શરીરબન્ધ વિશીર્ણ થતો દેખાય છે, જગત શૂન્ય ભાસે છે, અન્તરમાં સતત જ્વાળા સળગે છે, આત્મા ઘોર અન્ધકારમાં સરી જતો અનુભવાય છે અને ચેતના પર મૂર્ચ્છા પથરાતી જણાય છે. આમ કહેતાં કહેતાં તો રામ ફરીથી મૂર્ચ્છિત થાય છે.

રામની કરુણ મૂર્ચ્છાથી સીતા એબાકળી બની જાય છે અને વાસન્તી સીતાને એના કરસ્પર્શથી રામને સ્વસ્થ કરવા પ્રેરે છે. સીતા રામનાં હૃદય અને લલાટ ઉપર હાથ ફેરવે છે અને રામને ફરી ચેતન આવે છે. સીતાના અમૃતમય સંસ્પર્શથી રામ પરમાનન્દ પામે છે. સીતાનો હાથ ઝાલીને કોઈ અતીન્દ્રિય સ્પર્શસુખ અનુભવતા રામને કંકણધારી કરતી વેળા સમયે થયેલા પ્રિયતમાના કમનીય-કંકણધારી કરનો સ્પર્શ યાદ આવે છે અને પોતે આનન્દની મૂર્ચ્છા અનુભવે છે. એટલામાં સીતા હાથ ખસેડી સરી જાય છે એટલે પોતાના પ્રમાદ

એ પશ્ચાત્તાપ કરે છે.

રામને સ્પર્શ થાય છે પણ સ્પર્શની દેવી દેખાતી નથી; આનન્દ અનુભવાય છે પણ આનન્દ આપનારી આનન્દ-લતિકા ક્યાંઈ એ જણાતી નથી. ખરેખર, સીતાનું વારંવાર ચિન્તન કરવાથી પોતાને ભ્રમણાઓ થાય છે એમ ધારી રામ ફરીથી શોકમાં ડૂબે છે.

સીતામાં પ્રેમની મૂર્ચ્છા ખાવી એ રામના જીવનની પરમ ધન્યતા છે. કોઈ વિરલ વ્યક્તિને જ આવી મૂર્ચ્છા આવે છે. જ્યાં પ્રિયજન પ્રત્યે પ્રેમનો નિરવધિ રસસાગર ઊછળતો હોય ત્યાં આવી અવસ્થા થાય છે. આ મૂર્ચ્છા આપોઆપ આવે છે. એ યત્નપૂર્વક લાવી શકાતી નથી. આવી મૂર્ચ્છામાં રામના ચિત્તમાં સીતા આવે છે અને સમગ્ર ચિત્તન્ત્રને એના અસ્તિત્વથી સભર ભરી દે છે. એમાં સીતા સિવાય કોઈ પણ અન્ય સંવેદન રામને રહેતું નથી. કોઈ પરમ ભક્ત કે મહાન યોગીની નિર્વિકલ્પ સમાધિની સ્થિતિ મૂર્ચ્છામાં રામને પ્રાપ્ત થાય છે.

ત્રીજા અંકમાં સીતા રામનાં શ્રવણ, દર્શન અને સ્પર્શ, ત્રણેનું સુખ અનુભવે છે; રામને માત્ર સ્પર્શનું સુખ મળે છે. પરંતુ આ સ્પર્શથી થતા સાક્ષાત્કારનો આનન્દ શ્રવણ અને દર્શનથી થતા આનન્દ કરતાં ઘણો વિશેષ છે. એનાથી સીતાની વાસ્તવિકતા વધુ અનુભવાય છે. સીતાનો પરિત્યાગ પોતે કર્યો છે અને સીતા સ્વર્ગમાં વસે છે એવી પરિસ્થિતિમાં પણ રામનું હૃદય એના કોમળ અને કમનીય સંસ્પર્શ માટે કેવું તલસે છે!

અલબત્ત, પ્રકૃતિમાં મનુષ્યને તાઝગી આપવાનો, એની ક્ષીણ થયેલી ચૈતન્યશક્તિ પાછી લાવવાનો અને એને મૂર્ચ્છામાંથી જાગ્રત કરવાનો મહાન ગુણ છે પરંતુ તે કરતાં અનંતકોટિગણો ગુણ માનવહૃદયના અપાર રસથી રસેલા મધુર કોમલ સ્પર્શમાં છે એ ભવભૂતિના અનુભવની નિષ્પત્તિ છે. સ્પર્શના પરમ મર્મને જાણનાર આ મહાકવિએ બાહ્યપ્રકૃતિ કરતાં માનવહૃદયની સર્વતોમુખી શ્રેષ્ઠતા નિઃશંકપણે એના 'ઉત્તરરામચરિત'માં સિદ્ધ કરી છે. ખરેખર, મનુષ્યના આન્તરજીવનના આ મહાન અન્વેષકે મનુષ્યસ્વરૂપના જ્ઞાનમાં કોઈ વિરલ તત્ત્વદૃષ્ટિ અર્પણ કરી છે.

સાભાર-સ્વીકાર

નવજીવન પ્રકાશન મંદિરનાં

દારૂબંધી શા સારુ?: ભારતન કુમારપ્પા, પૃ. ૬૭. ૦-૧૦-૦. **અહિંસાનો પહેલો પ્રયોગ**: ગાંધીજી, સંક્ષેપકાર ...માલા દેસાઈ, પૃ. ૧૪૬, રૂા. ૧. **ગોપાલન**: નટુભાઈ દેસાઈ. ...૨૯૧, રૂા. ૩.

ચેતન પ્રકાશન ગૃહ લિ.નાં

અવિનાશ: શાંતા ગાંધી, પૃ. ૨૫૫, રૂા. ૪. **જાહ્નવી**: ...નુભાઈ વ્યાસ 'સ્વપ્નસ્થ', પૃ. ૨૩૪, રૂા. ૩ા. **વહેતાં ઝરણાં**: ...વન્ત ખત્રી, પૃ. ૩૦૩, રૂા. ૪ા. **માટીના મહેલ**: માનિક ...દ્યોપાધ્યાય અનુ. શ્રીકાન્ત ત્રિવેદી. પૃ. ૩૧૦, રૂા. ૫.

મ. સ. વડોદરા વિશ્વવિદ્યાલયનાં

સ્થાનિક સ્વરાજ્ય વ્યાખ્યાનમાળા – કેશુભાઈ શા. ...ઈ. પૃ. ૯૨ રૂ. ૧ા. નેમિચંદ્ર ભંડારીવિરચિત षष्टिशतक प्रकरण ...બાલાવબોધ સહિત): સં. ભોગીલાલ જ. સાંડેસરા. ...૧૯૩+૩૦. રૂ. ૫. છોટાલાલ નરભેરામ ભટ્ટ. કલાદીપવિરચિત **આત્મવૃત્તાન્ત**: સં. ગોવિંદલાલ ટ. ભટ્ટ. પૃ. ૪૮+૧૪૬+૪૬. રૂ. ૫-૪-૦

આર. આર. શેઠની કું. નાં

આશાપંખી ૧-૨: ઈશ્વર પેટલીકર. બંનેની કિં. રૂ. ૮. **સેવા અને શોષણ ૧-૪**: પ્રેમચંદજી. અનુ. માણેકલાલ જોષી. ચારેની કિં. રૂ. ૧૮.

ગૂજરાત વિદ્યાપીઠનાં

મજૂરકલ્યાણ પ્રવૃત્તિ: હીરાલાલ જરીવાલા, પૃ. ૧૪૦. રૂા ૧ા. **ગુજરાતનું ગોધન**: કમલાપતિ અં. શુક્લ, પૃ. ૧૦૭ રૂા. ૧ા.

વોરા ઍન્ડ કં. લિ.નાં

પર્યેષણા: મનસુખલાલ ઝવેરી, પૃ. ૨૦૧, રૂા. ૩ા. **શ્રેષ્ઠ નાટિકાઓ**: સં. ચુનીલાલ મડિયા પૃ. ૨૪૦, રૂા. ૩ા. **ગુજરાતી સાહિત્યનું રેખાદર્શન**: મનસુખલાલ ઝવેરી, રમણલાલ શાહ. પૃ. ૨૨૨, રૂા. ૨ા.

બૅંગ્લોરમાં બે મહિના

ગુલાબદાસ બ્રોકર

હવાફેર કરવા બૅંગ્લોર જવાનું નક્કી કર્યા પહેલાં મનમાં અનેક તર્કવિતર્કો થતા હતા. કોઈ કહેતું ત્યાંનાં હવાપાણી સારાં ખરાં પણ પેટના દરદી માટે નહીં. કોઈ કહેતું ત્યાંની ઉનાળાની ઋતુ કંઈ આદર્શ ગણાય નહીં. મારું પોતાનું મન નૈનીતાલ કે કોડાઈ કેનાલ જવા થયા કરતું. પણ આવાં દરદોમાં પહાડોની હવા માફક ન આવે એવી સલાહ વારંવાર મળતી. ક્યાં જવું, શું કરવું, કશી ગમ નહોતી પડતી. માત્ર એક વાત મનમાં નક્કી હતી કે મુંબઈની બહાર તો મહિના બે મહિના માટે દોડી જ જવું. એવામાં ઓચિંતાં જ બૅંગ્લોરમાં એક સારા મકાનની વ્યવસ્થા થઈ ગઈ અને બીજા બધા વિચારોને તિલાંજલિ આપી તા. ૧૯મી એપ્રિલની બપોરે હું કુટુંબસહિત બૅંગ્લોર જવા માટે ઊપડી ગયો.

ઊપડયો તો ખરો પણ મન હજુય ઢચુપચુ હતું. ત્યાંની ભાષાનો એકે શબ્દ મને આવડતો નહોતો કે ત્યાંના એકે માણસની ઓળખાણ નહોતી. ગુજરાતીઓ ત્યાં ખૂબ વસે છે એ ખબર હતી પણ તેમાંથીયે કોઈ નો કશોય પરિચય નહોતો અને અમારે રહેવા માટે જે ઘરની વ્યવસ્થા થઈ હતી તે ઘર બૅંગ્લોરમાં વસતા ઝાઝા ભાગના ગુજરાતીઓની વસતીથી માઈલોને અંતરે આવેલું હતું એવું તો અમને અહીંથી જ કહેવામાં આવ્યું હતું.

ત્યાં ગમશે ખરું? ત્યાંનાં હવાપાણી ફાવશે? મન મળી જાય એવી અનેક વાતો કરવી ગમે એવી, કોઈની જોડે ત્યાં ઓળખાણ થશે? આમ તુરત નિર્ણય કરી નીકળી પડવામાં ભૂલ તો નહોતી કરી?

ગાડી દક્ષિણ તરફ ધસતી હતી અને મનમાં આ અને આવા અનેક પ્રશ્નો ઘોળાતા હતા; જો કે, આમ તો, મનમાં બૅંગ્લોર-માઈસોરના થોડાઘણા સંસ્કાર હતા જ. અગાઉ બેએક વાર બેએક દિવસ માટે એ બન્ને જગ્યાઓએ હું જઈ આવેલો. ત્યાંના સૃષ્ટિસૌંદર્યની અને ત્યાંનાં માણસોની ભલમનસાઈની આછીઆછી છતાં મધુર છાપ મન ઉપર કોતરાયેલી પડેલી જ હતી. એટલે જ્યારે વીસમીએ બૅંગ્લોરના સ્ટેશને ઊતર્યો ત્યારે મનમાં અપરિચિતતાની વ્યગ્રતા અને થોડીઘણી પરિચિતતાની સ્વસ્થતા વચ્ચે રમતા હતા. મને થતું હતું કે ઊતરતાં વેંત જે છાપ ઉપર પડશે, એ છાપ આ પ્રવાસને સૂચક વળાંક આપશે.

એ છાપ મધુર જ પડી. મુંબઈની ઓગાળનારી ગરમી અને ગાડીમાંની મૂંઝવનારી ગિરદીથી અકળાઈ ઉઠેલાંનું સ્વાગત બૅંગ્લોરે ઝરમર ઝરતી વર્ષાની ધારાથી કર્યું. ધારાની સાથે સાથે પવનની એવી તો મીઠી લહરો ... કે મન પ્રફુલ્લિત બની ગયું. શુકન તો સારા થયા, મને ...

ઘેર પહોંચવા ટેકસી કરી, ને ઊપડયાં. મારી ... મનમાં મારા કરતાં જુદી જ જાતની અવઢવ મચેલી ... અમે ભાડે લીધેલું ઘર અમેરિકન માલિકનું હતું. તેમાં ... એક માત્ર બહેન પણ અમેરિકન હતાં. એ બહેન ... નહોતાં એટલી ખબર તો મારી પત્નીને હતી, ... સંતોષ પણ હતો, પણ એ "યુરોપિયન", આપણે ... રીતરિવાજ, ખાણીપીણી, બોલીચાલી, બધું જ ... એમાં કેમ ફાવે? આપણાં છોકરાં તોફાન કરે ને ... તો? એ બગીચામાં ધાંધલ કરે ને પેલી ... આજુબાજુ માઈલોના વિસ્તારમાં કોઈ ગુજરાતી ... હોય તો વાત કોની સાથે કરવી? આખો દિવસ ... સમય કેમ પસાર થાય? એના કરતાં, આપણાં લોકો ... હોય તેની નજીકમાં જ ક્યાંક ઘર લીધું હોત તો? ... આવા પ્રશ્નો, ટેકસી અજાણ્યા ઘર તરફ દોડી રહી હતી ... તેના મનમાં જ ઊઠી શમી નહોતા જતા પણ ઉચ્ચાર ... પામતા હતા, અને હસીને એને ઉડાવી દેવા પ્રયત્ન ...

હતો છતાં મને પણ ઉતાવળથી કરી લીધેલા આ ઘર વિશેના મારા નિર્ણયની વ્યવહારુતા અને ડહાપણ વિશે શંકાશીલ કરતા જતા હતા.

ઊતરતા જતા અંધારામાં, ઝરમર ઝરતા વરસાદમાં, ટેક્સી પૂછતાછ કરતી અંતે જ્યારે એ ઘરના દરવાજા પાસે આવીને ઊભી રહી ત્યારે મનને ટાઢક થઈ. અમને મળેલું ઘર એ સાદું સીધું સામાન્ય ઘર નહોતું પણ વિશાળ બગીચાવાળો સુંદર બંગલો હતો. મારી પત્ની પણ બોલી ઊઠી:

"ઘર તો સરસ છે હોં !"

મેં કહ્યું: "ત્યારે? એ વિના આવું 'યુરોપિયન'નું મકાન લીધું હશે?"

અમે બન્ને હસી પડયાં. પણ એના હાસ્યમાં આનંદ હતો, મારામાં હજીય થોડીઘણી મૂંઝવણ.

પેલાં અમેરિકન બહેન—મિસ સોફિયા ટેનબ્રુક—ઘરના નોકરોને અમારી વ્યવસ્થા જાળવવા સૂચના આપીને, પોતાને કામે બહાર ગયાં હતાં. નોકર સામાન કઢાવી ઘરમાં મુકાવતો હતો ત્યારે મારા મનમાં એક પ્રકારનું—આવડા મોટા મકાનમાં એકલી પડી રહેનારી એ મિસ ટેનબ્રુક—ચોવીસથી તે ચોસઠ સુધીમાં કઈ ઉંમરની હશે તેનું—કુતૂહલ થતું હતું, અને આવે ટાણે પણ ગેરહાજર રહેવા બદલ તેના ઉપર અકારણ રોષ ભરાતો જતો હતો. મનમાં સાથે સાથે એમ પણ થતું જતું હતું કે આવા હાલહવાલમાં અમને અત્યારે જોવા એ હાજર નથી એ પણ સારું છે, નહિતર ગાડીમાંથી ઊતરેલાં મેલાંઘેલાં જેવાં અમને અને ભૂખ્યા અને કંટાળેલા, રડવાની અણી ઉપર પહોંચેલા અમારા બાળકને જોઈને, કદાચ, તે અમેરિકન કન્યકાનું નાકનું ટેરવું ઊંચું ચડી જાત ! આ તો બધું પતી જાય અને નાહીધોઈને સ્વચ્છ બનીને અમે એઠાં હોઈએ પછી એ આવે એટલે નિરાંત !

પણ મનની ઇચ્છા પ્રમાણે જ બધા બનાવો કંઈ થોડા બને છે? બે મિનિટમાં જ દરવાજો ખુલ્યો, સાઇકલની ઘંટડી રણઝણી ઊઠી અને બાવીસ-ત્રેવીસ વર્ષની લાગતી એક તંદુરસ્ત અમેરિકન છોકરી "આવી ગયાં?" કહેતી નમસ્કારમાં હાથ જોડતી હસતી હસતી અમારી સામે આવી ઊભી રહી.

"તમે જ સોફિયા ટેનબ્રુક?" મેં પૂછયું.

"હા, હું જ. માફ કરજો, જરા કામે બહાર જવું પડયું ને આવતાં મોડી પડી."

"આ મારાં પત્ની." મેં ઓળખાણ કરાવી. બન્નેએ સામસામા નમસ્કાર કર્યા. મેં જ કહ્યું: "તમને થોડું ઘણું હિન્દી આવડતું હશે તો એ તમારી જોડે વાત કરી શકશે."

"એ સિવાય પણ મારી જોડે એ વાત કરી શકશે," તે હસતી હસતી બોલી: "કેમ કે મને ગુજરાતી આવડે છે."

"ખરેખર?" મને આશ્ચર્ય થયું: "બોલતાં કે સમજતાં?"

"બોલતાં, સમજતાં, વાંચતાં, લખતાં, બધુંય આવડે છે. હું ગુજરાતી નિશાળમાં ભણી મેટ્રિક થઈ છું."

મારી પત્નીના ચહેરા ઉપર આનંદ પથરાઈ ગયો. "હવે અહીં એકલું એકલું નહિ લાગે." તે બોલી. પેલી તેની સામે મીઠું હસી.

મારું હૃદય હળવું બની ગયું. બધા સંકેતો શુભ હતા. ગામમાં દાખલ થતાં વેંત સ્વાગત કરતી રમણીય વર્ષા, આ સુંદર મકાન ને પોતાના પરદેશીપણાનો રજમાત્ર પણ ખ્યાલ ન આપતી હસતી અને મદદરૂપ થવા ઇચ્છતી આ કુમારી સોફિયા ટેનબ્રુક! અમારું અહીં રહેવાનું સુખમય થવાનું!

એ પળે મને થયેલી એ પ્રતીતિ કેટલી સાચી હતી તે તો ત્યાર પછી ત્યાં ગાળેલા બીજા સત્તાવન અઠ્ઠાવન દિવસોમાં સિદ્ધ થઈ ગયું. એ સિદ્ધ કરી આપવામાં સહુએ પોતપોતાની રીતે પોતપોતાનો ફાળો આપ્યો: શહેરે પોતાની રમણીયતા અને સ્વચ્છતાથી, ગામલોકોએ પોતાની રહેણીકરણી અને અજાણ્યાને મદદરૂપ થવાના પોતાના જન્મજાત સંસ્કારથી, સાહિત્યકાર મિત્રોએ પોતાના પ્રેમભર્યા સહકાર અને સહચારથી, અને કુદરતે વૃક્ષ, વિટપ, વાયુ અને વિહંગરૂપી પોતાની વિપુલ સમૃદ્ધિથી. એ બધાંએ સાથે મળીને મારા ઉદાસ બની ગયેલા ચિત્તને એનો ઉલ્લાસ પાછો આપ્યો, મારા નિર્બળ બની ગયેલા શરીરને એની સ્ફુર્તિ. એ બધાં વિશે વાત કરીને તેમનું મારા ઉપર ચડેલું ઋણ થોડુંઘણું પણ ઓછું ન કરું તો કૃતઘ્ની ગણાઉં.

તો પહેલાં શહેરની જ વાત કરું.

સમુદ્રની સપાટીથી ત્રણેક હજાર ફીટ ઊંચે આવેલું

માઈસોર પ્રદેશની રાજધાનીનું આ શહેર અનેક રીતે રમણીય છે. તેની સ્વચ્છતા ઊડીને આંખે વળગે એવી છે. તેના લાંબા લાંબા રસ્તાઓ ખાડાખબચા વિનાના અને લીસાલપટ છે, તેની વનશ્રી તેના વિશાળ વૃક્ષાચ્છાદિત બગીચાઓમાં જ સમાઈ જવાને બદલે આખા શહેરને પોતાની વિપુલ સમૃદ્ધિનું દાન કરી હમેશાં જનગણમનરંજન કરતી રહે છે. શહેરમાં થોડે થોડે અંતરે રસ્તાઓ વર્તુલોમાં વહેંચાઈ જઈ આગળ વધે છે અને એવા દરેક વર્તુલમાં નાનો એવો બગીચો ઊભો કરી દેવામાં આવ્યો હોય છે. રસ્તાની બન્ને બાજુ વિધવિધ જગતનાં વૃક્ષો પોતાની આરામદાયક છાયા પ્રસારતાં ઊભેલાં છે. હું ત્યાં હતો તે દિવસોમાં તો ચારે બાજુ ખીલી ઊઠેલાં ગુલમહોર સૃષ્ટિને શણગારી રહ્યાં હતાં. નાનાં મોટાં જળાશયો પણ શહેરની રમણીયતાનાં વિશેષાંગો જેવાં જુદી જુદી જગ્યાએ શોભી રહ્યાં હોય છે; અને મુંબઈ જેવા ધાંધલિયા શહેરમાંથી જનારને ખાસ ધ્યાન ખેંચે એવી એક વાત તો એ લાગે છે કે ઉદ્યોગધંધામાં ઝડપબંધ વિકસતું જતું આ સાત-આઠ લાખની વસતીવાળું વિશાળ નગર પ્રમાણમાં ઘણું જ શાંત અને સ્વસ્થ છે. મુંબઈ કે કલકત્તા જેવા ઊંચાઊંચા મહાલયો તેમાં નથી, પણ ત્યાંનાં નાનાં સુંદર મકાનો ઓછાં રમણીય નથી લાગતાં. અને ઝાઝે ભાગે એ બધાં મકાનો છૂટાંછવાયાં ગોઠવાયાં હોઈ ગીચતાનો નહિ પણ મુંબઈનાં પરાંઓમાં કે અમદાવાદના સોસાયટી વિસ્તારમાં બંધાયેલાં મકાનોના જેવી પૃથક્તાનો અનુભવ કરાવે છે.

સ્વચ્છતા માત્ર શહેરના મોટા રસ્તાઓ ઉપર જ દેખાય છે એવું નથી. નાની નાની ગલીઓ પણ અમને તો સ્વચ્છ લાગી. અને નાનાં નાનાં સામાન્ય સ્થિતિનાં માણસોનાં ઘરોનાં આંગણાંઓએ પણ એ જ સ્વચ્છતાનો અનુભવ કરાવ્યો. લોકો પણ શ્રીમંત તો બહુ ન લાગ્યા પણ સ્વચ્છ તો લાગ્યા જ. સામાન્ય સ્થિતિનાં માણસોનાં વસ્ત્રો પણ, રસ્તા ઉપર કે બસમાં ગમે ત્યાં, તેમના અસ્ત્રીબંધ ભપકાથી નહિ, પણ તેમની સુઘડ સફાઈથી તો જરૂર ધ્યાન ખેંચતાં જ હતાં. ગરીબ ગણાય તેવાં માણસો પણ મેલાંઘેલાં બહુ ઓછાં લાગતાં. સ્ત્રીઓ તો ભાગ્યે જ મેલીઘેલી દેખાતી. ખાસ કરીને મધ્યમવર્ગની અને ઉપલા વર્ગની સ્ત્રીઓ તો તેમના રેશમી જરીભરેલ સાડીના કલાત્મક પહેરવેશથી અચૂક ધ્યાન ખેંચતી.

આ રેશમી હાથવણાટની જરીભરેલ સાડીઓ દક્ષિ[ણ]… ખાસ આકર્ષણ છે. બેંગ્લોરની કાપડબજાર (ચિક્પેટ)… હાથમાં હજાર રૂપિયાની નોટો મૂકીને કોઈ પણ સ્ત્રીને … એમ ને એમ પાછી આવવાનું કહો તો એ અશક્યવત્ … જાય—એવાં સુંદર રંગબેરંગી આકર્ષક વસ્ત્રોથી એ … ભરપૂર છે. અને એની એ વિશેષતા માત્ર બજારોની દુકાનો… માં જ નથી દેખાતી, રસ્તે હરતીફરતી સ્ત્રીઓનાં અંગ … પણ દેખાય છે. સ્થિતિ સામાન્ય હશે તો ઘણી સ્ત્રીઓ… પગમાં ચંપલ નહિ પહેર્યાં હોય પણ શરીર ઉપર … સાડી તો વીંટાળી હશે જ.

સ્ત્રીઓના અંગ - શણગારની એક બીજી વિશેષતા … એટલી જ આકર્ષક છે. એ છે તેમનો ફૂલોનો શોખ. ગરીબ… ગરીબ સ્ત્રી પણ, મજૂરણ સુધ્ધાં, માથામાં એકાદ ફૂલ… નાખ્યું હોય એવી ભાગ્યે જ દેખાય. માથામાં તેલ ન … પણ ફૂલ તો હોય જ. મહારાષ્ટ્રીય સ્ત્રીઓના ફૂલના … કરતાંય ત્યાંની સ્ત્રીઓનો એ શોખ વધી જતો હોય … લાગ્યું. તે માટેનું એક કારણ તો તેમનો, જેમાં માથું ઉ… રહે તેવો, પહેરવેશ હોવું જોઈએ અને બીજું … અનુકૂળ કારણું ત્યાંની જાતજાતનાં અને ભાતભાતનાં ફૂ… બેહદ પેદાશ. ત્યાં વક્તાઓને અને નેતાઓને પહેરાવાતા … હારોની સુગંધ અને કોઈ શ્રીમંત સ્ત્રીના વાળને વળગી … જથ્થાબંધ ફૂલોના ભારથી લચી રહેલા સુગંધિત … પુષ્પોની આ પેદાશની વારંવાર સાક્ષી પૂરતી દેખાઈ આવે…

સ્ત્રીઓના—સ્ત્રીઓના નહિ પણ સ્ત્રીજાતિના … એવા અંગ શા કુમારિકાઓના પહેરવેશની ત્યાંની … રૂઢ કાઠિયાવાડના નાના એવા શહેરમાં નાનપણ ગુ… મને તો ખૂબ ગમી ગઈ. નાની નાની છોકરીઓ ત્યાં … જ ફ્રૉક પહેરે છે. બધી જ ઘાઘરી-પોલકું પહેરે … નાની ટબુડી ટબુડી એ બધી મને મારા બાલપણની દુ… સ્મરણ કરાવી ખરેખર આનંદ આપતી હતી. અને … પહેરેલી આપણા ભાગની કન્યકાઓ કરતાં એ … ચપળ કે વધારે મૂંઝાતી લાગતી નહોતી જ. … શાસનકર્તાઓ દ્વારા મેળવેલ તેમની ભાષાનું વિશે… અને તેમના પાંડિત્યનો વિશેષ શોખ કદાચ આ … જાળવી રાખ્યો હશે, અને તેમના પહેરવેશ અને ચેતન… વિશેષ અનુરાગ કદાચ આપણે કેળવ્યો હશે એવું …

મહિનાઓ દરમિયાન મને વારંવાર લાગતું હતું. તરતમ-ભાવથી જ આ કહું છું, અને એમાં મારી ભૂલ પણ હોય પણ મારા મન ઉપર આવી સ્પષ્ટ છાપ પડી છે તે ચોક્કસ છે.

સ્ત્રીઓ સંબંધી બીજી પણ એક રૂઢિ ખાસ ધ્યાન ખેંચે તેવી લાગી. એ પ્રજાની કલાભાવના અને સંગીત પ્રત્યેની રુચિની એ નિદર્શક તો છે જ અને વાદ્ય સંગીતને જીવનમાંથી લગભગ તિલાંજલિ આપી દેનાર આપણા જેવા પ્રજાજનોને આશ્ચર્યમાં ડુબાડી દે તેવી પણ છે; પણ આજના પલટાયેલા અને વિષમ આર્થિક સંજોગોમાં ત્યાંનાં પ્રજાજનોને પણ એને વળગી રહેતાં કેટલી મુશ્કેલી પડતી હશે તેની મને ખબર નથી. એ રૂઢિ તે ત્યાંની સ્ત્રીઓમાં વીણાવાદનનો વિસ્તૃત પ્રચાર. મધ્યમ અને ઊંચા વર્ગની કોઈ પણ સ્ત્રી ત્યાં એવી નહિ હોય, જેને વીણા વગાડતાં અને વીણા સાથે ગાતાં ન આવડતું હોય. સ્ત્રીત્વની તાલીમનો આ વીણા ઉપરની કુશળતા એક ભાગ જ છે. આપણે ત્યાં જેમ કોઈ પણ કન્યાની વેવિશાળ માટેની લાયકાત વિચારતાં આપણને તેના ભણતરનો ખ્યાલ મેળવવાની ઇચ્છા રહે છે, અને ઓછું ભણેલી કન્યાની કિંમત, તેનામાં બીજી લાયકાત હોવા છતાં, જેમ ઓછી અંકાય છે, તેમ ત્યાં બીજી બધી રીતે લાયક કન્યા હોય પણ જો તેને વીણા વગાડતાં કે તેની સાથે ગાતાં ન આવડતું હોય તો લગ્નના બજારમાં તેની કિંમત ઓછી ઊતરે. એટલે તમે કોઈ પણ ઘેર જાઓ તો ત્યાં વીણા તો લટકતી હોય જ. ઘેરેઘેર કન્યાને એમાં શિષ્ટ તાલીમ આપવા માટે અમુક ખર્ચ તો અનિવાર્ય જ ગણાય. જો કે સામાન્ય સ્થિતિનાં માબાપોએ દબાઈ દબાઈને અને આર્થિક રીતે રહેંસાઈને કરેલો એ ખર્ચ કન્યાની પાછળની જિંદગીમાં કેટલો ખપ આવતો હશે તે તો રામ જાણે! મારા ઉપર તો છાપ એવી પડી કે આપણે ત્યાં સંસારમાં પડ્યા પછી જેમ સારું એવું ભણેલી બહેનો પણ ભણતરમાંથી કે વાંચવામાંથી પોતાનો રસ સ્વાભાવિક રીતે જ ઓછો કરી નાખે છે તેવું જ ત્યાં આ વાદન-વાદન સંબંધી સામાન્ય રીતે બને છે. ને છતાં રૂઢિ બળવાન છે. મારા અમુક અત્યંત સામાન્ય આર્થિક સ્થિતિના મિત્રોને ઘેર પણ તેમની કન્યાઓને વીણા શીખવવાનું ટ્યૂશન તો રાખવું જ પડતું!

સ્ત્રીઓ સંબંધી ધ્યાન ખેંચે એવો બીજો રિવાજ બસમાં સુધી દરેક જગ્યાએ સ્ત્રીઓ માટે પુરુષો કરતાં અલાયદી વ્યવસ્થા રાખવાનો લાગ્યો. નાટકસિનેમાઓમાં કે જાહેર-સભાઓમાં સ્ત્રીઓની બેસવાની જુદી જગ્યા હોય એ તો ઠીક પણ બસ સુધ્ધાંમાં સ્ત્રીઓ માટે જુદી જ બેઠકો રહેતી. તેમને માટેની ખાસ બેઠકો ભરાઈ જાય પછી પણ અમુક સંખ્યામાં સ્ત્રીઓ બેઠી હોય તેમને એકઠી કરીને તેમને જુદી જ બેસવાની સોઈ બસનો કંડક્ટર અચૂક કરી આપતો અને તે વાત મુસાફરી કરતી સ્ત્રીઓને જ માત્ર નહિ, પુરુષોને પણ, વ્યાજબી લાગતી. ખાસ હક્ક ભોગવનાર વર્ગને હમેશાં અમુક ખાસ અગવડો પણ ભોગવવી પડે છે. એવી અગવડ આ સ્ત્રીઓને ભાગે પણ આવતી. દરેક બસમાં સાતથી દસ માણસને ઊભા રહેવાની ત્યાં છૂટ હોય છે. પણ એ છૂટનો લાભ માત્ર પુરુષોને જ મળે છે, સ્ત્રીઓને નહિ. બેસવાની જગ્યા ન હોય તો તેમને ઊતરી જવું પડે, તેમનાથી ઊભાં રહેવાય નહિ. એમનું એટલું બધું માન! અને પરિણામે ઘણીયે વાર તેમને રસ્તા ઉપર અર્ધો કલાક વધારે ઊભાં રહેવાની સજા ભોગવવી પડે.

એ અર્ધો કલાક જ ઊભા રહેવાથી પતી જાય તો તો સારાં નસીબ ગણાય. કેમ કે ઝપાટાબંધ મોટું થતું જતું આ સુંદર નગર વાહનવ્યવહારની વ્યવસ્થામાં તેની વિકસતી જતી વસતીને અનુરૂપ વિકાસ સાધી શક્યું નથી. વસતી-ના પ્રમાણમાં બસની સંખ્યા થોડી છે, ને ઈશ્વર જાણે શા માટે દરેક જગ્યાએ ઇન્સ્પેક્ટર કે કંડક્ટર પોતે ઉતારુઓની સંખ્યા ગણી નોંધી પોતાની જાતને સંતોષ ન આપે ત્યાં સુધી બસને અધવચ્ચે ઊભી રાખવાની બાદશાહી કરામત તે લોકો અમલમાં મૂકે છે, કે જેથી જે જગ્યાએ પહોંચતાં મુંબઈના બસવાહનને દસ મિનિટ ભાગ્યે લાગે ત્યાં પહોંચતાં ત્યાં સહેજે અર્ધો કલાક નીકળી જાય છે. બધું ગણી પરવારી નિરાંતનો શ્વાસ ખેંચી કંડક્ટર કે ઇન્સ્પેક્ટર એક મુસાફરીમાં ઘણી બધી વાર "રાઈટ" કહી ટકોરી મારી ડ્રાઈવરને આગળ વધવાની સૂચના આપે ત્યારે આપણા મનમાં જામી ગયેલી "ફાઈટ"—આ હવે આપણને આપણા સ્થાને ક્યારે પહોંચાડશે, અને કદિયે પહોંચાડશે કે નહિ એ પ્રકારની—માંડ હળવી બને. મેં ઘણા માણસોનું આ શિથિલતા પ્રત્યે ધ્યાન ખેંચ્યું હતું પણ "આ કાંઈ મુંબઈ નથી" એમ કહી તેઓ પોતાનું મન મનાવી લેતા. પણ મારું મન કેમે માનતું નહિ, હજીયે નથી માન્યું!

[અપૂર્ણ]

ભૂદાન-યાત્રિકની ડાયરીમાંથી

નારાયણ દેસાઈ

૨૬–૨–'૫૩

પંચમહાલ જિલ્લાના રમણીય ભાગમાં આજથી પ્રવેશ થયો. આટલી સખત ગરમી છે, છતાં ચારે તરફ દૃશ્ય મનોરમ છે. નાના નાના ડુંગરાઓ ચડતી અને નાની નાની ખીણો ઊતરતી અમારી ટુકડી એક નાની સરખી પગદંડી પર થઈ ને ચાલી જતી હતી. પંચમહાલમાં ઠેર ઠેર વહી જતાં ઝરણાં અને નાળાં કોઈ કોઈ વાર અમારી સાથે ગેલ કરી જતાં. આ ઝરણાં સાથેના ગેલને લીધે અમારો થાક તો ક્યાંય નાસી જતો.

સંતરામપુર તાલુકામાં પ્રવેશતાંની સાથે મને પૂ. ઠક્કરબાપાની યાદ આવી. એમ તો પંચમહાલમાં આવ્યો છું ત્યારથી એમનું પુણ્યસ્મરણ મનમાં ઘોળાયાં કરે છે, પણ અહીંના તીરકામઠાંવાળા ભીલોને જોઈને ઠક્કરબાપાની મૂર્તિ નજર સમક્ષ ખડી થઈ ગઈ. હું નાનો હતો ત્યારે એક વાર મેં ઠક્કરબાપાને કહેલું કે: 'તમે ભીલ લોકોમાં કામ કરો છો, તો મારે માટે તીરકામઠું લઈ આવજોને!' ત્યારે તેઓ આખું જ તીરકામઠું લઈ આવ્યા હતા. ત્યારે મને માત્ર તીરકામઠા સાથે લેવાદેવા હતી. અત્યારે મને સમજાયું કે આ લોકોમાં કામ કરવું એટલે દેશના કોઈ પણ ધોરી રસ્તાથી દૂર ઊંડાણમાં જઈ ને દેશની સૌથી ગરીબ પ્રજામાં કામ કરવું. ગુજરાતના ભીલોમાં જુઓ કે ઓરિસ્સાના શબરોમાં જુઓ ઠક્કરબાપાનું સંસ્મરણ તો તમને મળશે જ.

અને એટલામાં તો દૂર દૂરથી જયઘોષ સંભળાવા લાગ્યો. મને થયું કે આ અરણ્યમાં વસ્તી ક્યાંથી? ત્યાં તો સામેની ટેકરી ઉપરથી કીડીની હાર જેવી ભીલબાળકોની એક હાર ઊતરતી દેખાઈ. એમનાં મોં ઉપર બે પોકારો ગૂંજતા હતા: 'ઠક્કરબાપાકી જય' અને 'મહાત્મા ગાંધીકી જય.' મેં એમાં એકનો વધારો કર્યો: 'સંત વિનોબાકી જય'. પણ આ ભૂલકાંઓ તો અગ્રદૂત બનીને આવ્યાં હતાં પોતાના વડીલોનાં. અમે ટેકરી ચડ્યા ત્યારે જો[યું] કે પેલી બાજુની ટેકરીઓ પરથી ભીલોની ટુકડીઓ અ[મારા] સ્વાગત માટે આવી રહી હતી. એમનાં શરીરનો શ્યામ [રંગ] ધરતીના રંગમાં ભળી જતો હતો. પણ દારિદ્રય સામે ઝ[ઝૂમતાં] ઝીલતાં એમનાં ખડતલ શરીર, એમના જબરજસ્ત તીર[કામઠાં] અને એમનાં મોં પરનાં નિર્દોષ મીઠાં હાસ્ય સહેજે પો[તાની] તરફ ધ્યાન ખેંચતાં હતાં. ભીલસેવા મંડળના કાર્યકર્તાઓએ આ તરફ સારી જાગ્રતિ આણી દીધી છે. અમારે માટે [આ] ભાઈઓ એક ખાટલી પણ લઈ આવ્યા હતા. આજે અ[મારે] ઠીક ઠીક લાંબી મજલ કાપવાની હતી એટલે મેં પીઠ ઉપ[રનો] સામાન છોડ્યો નહીં. આ ભાઈઓને મેં એક જ [વાત] સમજાવી: "બાપુ અને બાપાની પરંપરાના એક મહા[ન] બીજા પાક્યા છે. એમણે કહી દીધું છે કે ધરતી સૌની છે. એનો ખોળો ખૂંદવાનો સૌને સરખો અધિકાર છે. ધરતી તમારી થવાની જ છે, પણ તમારે એને માટે [લાયક] થવું પડશે."

મારા એક સાથીએ કહ્યું: 'મહારાજ તો આ [લોકો] પાસેથી પણ માંગે છે, તમે કેમ નથી માગતા?' મેં ક[હ્યું]: 'હું પણ માંગું છું. પણ મને આ લોકોમાં ત્યાગ [કરતાં] સંગઠન, નિર્વ્યસનીપણું અને અભયની વધારે જરૂર [લાગે] છે, માટે હું એની ઉપર વધારે જોર મૂકું છું.'

હિંદોળિયાના ઠાકોરસાહેબે ખૂબ ઠાઠમાઠથી સ્[વાગત] કર્યું. ઘરમાં પ્રવેશ કરવાના રસ્તા ઉપર પાથરણાં [પાથર્યાં] હતાં. આખે રસ્તે તોરણો બાંધ્યાં હતાં. હાથપગ ધો[વા] ઠંડા અને ગરમ પાણીની ડોલો રાખી હતી. દરેકને જુદા નેપ્કીન રાખ્યા હતા. પોચાપોચા ગાદીતકિયા [પર] અમને બેસાડ્યા. મોટામોટા ફૂલહાર આપ્યા અને મુ[લાકાત] લેવા ઘરમાં ગયા ત્યારે મેં એક સાથીને કહ્યું: '[આ] સ્વાગત એવું છે કે દાન કાંઈ થાય એમ મને લાગતું [નથી].' થોડી વાર પછી એક ભાઈ આવીને અમારા હાથમાં

લગાડી ગયા. મોટી મોટી તાસકોમાં નાસ્તો આવવા માંડ્યો. સદ્ભાગ્યે જ હું એ વારના ભોજનની વચ્ચે કાંઈ ખાતો નથી એટલે એમાંથી બચી ગયો. 'અમારે ત્યાં આપના જેવાનાં પગલાં ક્યાંથી ?' વગેરે ગૂંગળાવનારાં, ઔપચારિક વાક્યો શરૂ થયાં, એટલે હું તરત વિષય ઉપર આવ્યો : 'ભૂમિદાન અંગે આપે કાંઈ વિચાર કર્યો હશેને ?' ઠાકોરસાહેબ આ એક વસ્તુ સિવાય બીજી બધી રીતે અમારું સ્વાગત કરવા તૈયાર હતા ! પહેલાં તો કાયદેસરના વાંધા બતાવ્યા. અમે તેનું નિવારણ કર્યું એટલે પછી બીજી રીત અજમાવી જોઈ : 'તેરસિંહભાઈ નથી, એમને પૂછવું પડશે.' 'એમના નિમંત્રણથી તો અમે તમારે ત્યાં આવ્યા છીએ, એટલે એમની સમ્મતિ તો છે જ. તમે તમારો નિશ્ચય કરો એટલે એમની સમ્મતિ સમજવી.' છેવટે ડોકું ધૂણાવી એમણે કહ્યું : 'અમારા ગરાસિયા મંડળમાં વિચાર કરીને પછી કહીશું.'

કોઈને સમજાતું ન હોય તો એમને વારંવાર સમજાવવું ગમે, પણ ઠાકોરસાહેબને તર્કથી સમજાવવાનું કશું નહોતું. એટલે મેં આગ્રહ કરવાનો છોડ્યો. પણ સ્થાનિક કાર્યકર્તાને એમ હતું કે આમની પાસેથી આજે કાંઈ ન મળે, તો એની આગલા પ્રવાસ પર અસર થશે. એટલે એમણે આગ્રહ કરવા માંડ્યો. 'પાછળથી તમે તમારી શકિત પ્રમાણેનો આંકડો કહેજો, પણ આજે શુકન પૂરતો તો તમારો આંકડો કહો.' બારસો એકરના માલિક બે એકર જમીન લખી આપવા તૈયાર થતા હતા અને અમારા પેલા ઉત્સાહી સાથી શુકન ખાતર એટલી જમીન પણ લખી લેવા તૈયાર થતા હતા. ! મેં કહ્યું : 'આપના બે એકરથી તો શુકનને બદલે અપશુકન થાય !' ઠાકોર બેના પાંચ એકર કરી આપવા તૈયાર થતા હતા, પણ અમે એનો પ્રેમપૂર્વક અસ્વીકાર કરીને આગલી કૂચની તૈયારી કરી. ઠાકોરસાહેબે સહેજ ખંધું હાસ્ય કરી કહ્યું : 'તમને આગળ બધે મુકામેથી આવો જ જવાબ મળવાનો છે !'

ગામ બહાર એક આમલીના ઝાડ તળે ભીલોનું એક મોટું ટોળું અમારી વાટ જોતું ઊભું હતું. મેં એમને પૂછ્યું કે : 'તમે ઠાકોરસાહેબને ત્યાં કેમ નહોતા આવ્યા ?' એમણે કહ્યું : 'ઠાકોરસાહેબ સાથે અમારે જમીન અંગે તકરાર છે. એ અમારી જમીન પચાવી બેઠા છે. એટલે અમે ત્યાં ન આવ્યા. પણ તમારી સાથે એમની શું વાતો થઈ એ અમારે જાણવું છે.' આ ભીલભાઈઓને સહેલાઈથી એ વાત સમજાઈ ગઈ કે પાંચ એકર જમીન અમે સ્વીકારી હોત તો એમાં આ ભૂમિહીનોનું અપમાન થાત. અને ન સ્વીકારવાથી જ એમની શક્તિ વધી છે. છતાંય એમના મનમાં એક પ્રશ્ન હતો : 'લોકો માગવાથી જમીન આપે ખરા ?' મેં એમને ફરી પાછું કહ્યું : 'જમીન તો તમારી થઈ ચૂકી છે, તમે એ વસ્તુ બરાબર સમજી જાઓ એટલી જ વાર છે.' એ લોકો એકી અવાજે બોલી ઊઠ્યા : 'તમારા જેવા સમજાવનાર હશે તો અમે શું કામ નહીં સમજીએ ?' એમની ઝૂંપડીઓ જોઈ. સુરત જિલ્લાના રાનીપરજ જેવી જ દરિદ્રતા અને અજ્ઞાને ગ્રસેલી હતી. એમને ત્યાંનાં રસોઈનાં ખાલી ઠોબરાં જોયાં અને માટીની બનાવેલી ખાલી કોઠી જોઈ ત્યારે મને ઠાકોર-સાહેબને ત્યાંની પેલી મીઠાઈઓ યાદ આવી.

અમે આગળ ચાલ્યા, ભીલોનું ટોળું પણ અમારી સાથે ચાલ્યું, રાયણિયા ગામનું શું પરિણામ આવે છે એ જોવાની એમને ઉત્સુકતા હતી. આ ગામે પણ અમારે ઝાઝું રોકાવાનું નહોતું. બપોર ચડતા જતા હતા. દશેક માઈલ અમે ચાલી ચૂક્યા હતા અને બીજા ચારેક માઈલ જઈ અમારે વિસામો કરવાનો હતો. રાયણિયામાં માત્ર એક ભાઈ સાથે વાત કરીને અમારે આગળ ચાલવાનું હતું. શ્રી દેસાઈનું સ્વાગત સાદું હતું. એમની વાડીનાં પપૈયાં અમારે માટે તૈયાર રાખ્યાં હતાં તે સાથીઓએ ખાધાં. એમને પણ દાન આપવા અંગે મૂંઝવણ હતી તે અમે દૂર કરી. એમની માલિકીની ૨૮ એકર જમીનમાંથી ૮ એકર તેઓ ગરીબોને આપી ચૂક્યા હતા. જાગીરીની સાઠેક એકર જમીન હશે. મેં એની ઉપરથી પોતાનો હક જતો કરવાનો આગ્રહ કર્યો. એમણે પોતાનો ચોપડો કાઢ્યો. એક એક ખાતેદારનું નામ દેખાડતા જતા હતા. હું પૂછતો જતો હતો : 'આ ભાઈની સ્થિતિ કેવી ગણાય ?'

'ગરીબ કહેવાય.'

'તો એમની જમીન ઉપરનો તમારો હક છોડોને ?'

કોઈ દલીલ નહીં. એક જુદા કાગળિયામાં માત્ર એની જમીનના સર્વેનંબર લખી લીધા.

'આ ભાઈની ?'

'એ મધ્યમ સ્થિતિના કહેવાય.'

'એમની જમીન છોડવાનું તમને મન થાય ખરું કે ?'

દેસાઈ એ કહ્યું : ' જે જવાનું જ છે, તેને gracefully (માનભેર) આપવામાં જ અમારી શોભા છે. એમની પણ જમીન લખો.'

એમણે જુદા જુદા ખાતેદારોની થઈ ૨૬।। એકર જમીન ઉપરનો પોતાનો હક તે દિવસે છોડયો. એમની જાગીરીની જમીનમાંથી એ લગભગ અર્ધી થતી હતી.

એમના ઓટલા પર બેઠેલા હિંદોળિયાના ભીલો અમારી વાતો ખૂબ ધ્યાનથી સાંભળતા હતા. એક એક જણની જમીન ઉપરથી દેસાઈ કબજો ઉઠાવી લેતા હતા તેમ તેમ એમને ગલગલિયાં થતાં હતાં! કેટલાક તો આનંદમાં આવી જઈ એકબીજા સામે આંખના ઇશારા પણ કરતા હતા!

મેં જ્યારે ઓરડાની બહાર આવી વિધિસર જાહેરાત કરી ત્યારે બીજા જ ગામના ભૂમિહીનોનું સુખ જોઈ ને આ ભૂમિહીનોના આનંદનો પાર ન રહ્યો. એક જણે કહ્યું : 'આપે તો ખરા, હોં!' મેં કહ્યું : 'તમારે પણ બહુ વાર નહીં જોવી પડે એવી આશા રાખું છું. અત્યારે તો તમે પાછા જઈ તમારા ઠાકોરસાહેબને આ સમાચાર આપો એટલું જ પૂરતું છે.'

હિન્દોળિયા જેવા નાના મનના અને રાયણિયા જેવા દીર્ઘદૃષ્ટિવાળા જમીનમાલિકોનો મને આ પહેલાં પણ અનેક વાર ભેટો થયો છે, પણ પેલા ભીલોને આ આંદોલનની વિવિધ બાજુઓ તરત દેખાડી શકાઈ એનો મને સંતોષ થયો.

હીરાપુરના ઠાકોરસાહેબ ગામમાં નહોતા. પાસેના ખેરવા ગામમાં તેઓ ખાટલાવશ હતા. તેમણે એમ પણ કહેવડાવ્યું હતું કે અહીં આવશો તોય તમારું કાંઈ વળવાનું નથી. પહેલાં તો અમને કહેવામાં આવ્યું કે એ ગામ બહુ દૂર છે. પણ મેં ત્યાં જવાનો આગ્રહ રાખ્યો. સદ્ભાગ્યે એ ગામ બહુ દૂર નહોતું. અહીં વળી અવનવો જ અનુભવ થયો.

ઢોર બાંધવાની છાપરીમાં ઠાકોરસાહેબનો ખાટલો ઢાળેલો હતો. સહેજે આઠ-દશ મણના એમના વજનને લીધે ખાટલો સાવ લચી ગયો હતો. એમના પગ હાથીપગા ... એટલે એમનાથી ખાટલા પરથી ઊઠી શકાતું નહોતું. એમ... મૂર્તિ જોઈને હું તો સ્તબ્ધ જ બની ગયો. કાળો રંગ, ... બીહામણી દાઢી અને મૂછ, લાલચોળ આંખો, ભૂરું ... અને લાલ હિંગળોક જેવો ફેંટો. ભૂદાનયાત્રામાં વિનોબા... કહે છે ને કે દેવનાં દર્શન કરો. મને થયું ભગવાન યમ... તો નથી કરાવતા ને? પણ મેં ઉદ્ધત મનને માર્યું. ભગ... અર્જુનને વિશ્વરૂપ દર્શન કરાવ્યું હતું ત્યારે ઘૂંટણિયે ... અર્જુને ભગવાનને પ્રાર્થ્યા હતા. મેં એ ભાવનું સ્મરણ ... એમનામાં શ્રદ્ધા આરોપી અને અમારી ઢબે વાત ... માંડી. ઠાકોરનો અવાજ ઘોઘરો હતો. અમારા કોઈ પ્ર... પૂરો જવાબ તેઓ આપતા નહીં. માત્ર સહેજ હ... મારે કબૂલ કરવું જોઈએ કે એ હાસ્ય અમા... સામું હાસ્ય પ્રેરી શકતું નહીં. મને થયું કે આજે ... કસોટી થવાની છે. મનમાં પ્રાર્થના કરવા માંડી. મનમાં ... મેં એમ ગોઠવી રાખ્યું હતું કે આમની પાસે બે એકર ... મળે તો પણ તે પ્રસાદી સમજીને ગ્રહણ કરવી, પણ ... કંઈ વાતનો જવાબ એમની પાસેથી મળે તો ને? છેવટની ... તરીકે મેં એમને પૂછી નાંખ્યું : 'તો કહો જોઈએ આ... કેટલી જમીન નોંધું?' ઠાકોરસાહેબે અમારા સાથીને ... બોલાવ્યા અને એમના કાનમાં કાંઈક કહ્યું. 'ના' તો ... કહી હોય? એવી ધાકથી અમે સૌ બેઠા હતા. એટ... સાથીએ જાહેર કર્યું : "ઠાકોરસાહેબ હમણાં ૫૫ ... આપે છે, પછી બીજીનો વિચાર કરશે." અને મેં વિનો... પેલું વાકય યાદ કર્યું : "તારી સામે બેઠેલો માણસ ... રામ જ છે એમ સમજ." આજે ઈશ્વરે જાણે શિ... "મારા બાહ્ય રૂપથી ન ભરમાઈશ."

બીજા ચારેક માઈલ ચાલી રાતે સંતરામપુર પ... ત્યારે અમારા પગનો બધો થાક ઊતરી ગયો હતો.

સાભાર–સ્વીકાર

બાપુ : નવલભાઈ શાહ. પ્ર. વિશ્વવાત્સલ્ય કાર્યાલય. પૃ. ૪૦. ચાર આના. **કલ્યાણસાધન દિશા :** મુનિ શ્રી ન્યાયવિજયજી. પાટણ. પૃ. ૪૩. **મહાભારત** અને **ઉત્તરાધ્યયન સૂત્ર:** ઉપેન્દ્રરાય જયચંદભાઈ સાંડેસરા. પ્ર. ભોગીલાલ જ. સાંડેસરા. પૃ. ૯૫. રૂ. ૧-૨-૦. **દેવનાગર** (ત્રૈમાસિક): સં. નગેન્દ્ર, સ. હી. વાત્સ્યાયન. પ્ર. સંસદીય પરિષદ. દિલ્હી. વાર્ષિક રૂ. ૬. **મૂષકદૂત :** તનમનીશંકર લા. શિવ. પ્ર. રવાણી ઍન્ડ કં. પૃ. ૨૩. દસ આના. ભર્તૃહરિકૃત **નીતિશતક.** (સમશ્લોકી અનુવાદ) : લે. એ જ. પ્ર. ... શિવ. પૃ. ૩૨. બાર આના. **પૃથ્વીરાજની આંખો** અને ... **નાટકો :** રામકુમાર વર્મા. અનુ. ત. લા. શિવ. પ્ર. ઉપર ... પૃ. ૧૪૨. રૂ. ૨. **સુંદરવન :** દુર્ગેશ શુક્લ. પ્ર. જશવંત ... પૃ. ૧૨૮. રૂ. ૨।।. **વિરાજવહુ :** કાનાઈ બસુ. અનુ. ... જોષી. પ્ર. ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય. પૃ. ૧૬૮ રૂ. ૨. Satap... રઘુવીર. પ્ર. ઇન્ટરનેશનલ ઍકૅડેમી ઑફ ઇન્ડીઅન ... નાગપુર. પૃ. ૩૧.

ચોપાટીને બાંકડેથી

'વક્રગતિ'

પ્રાસનો ત્રાસ

આમ તો હરેક માનવીમાં એક અર્ધજાગ્રત કવિ રહેલો જ હોય છે અને તેથી, એ રીતસરની કવિતા ભલે ન કરતો હોય પણ પોતાની વાણીમાં જાણેઅજાણ્યે વર્ણસગાઈ અને પ્રાસાનુપ્રાસ તો રચતો જ હોય છે. કહેવાય છે કે પ્રાચીન લાટ પ્રદેશના રહેવાસીઓ કાવ્યરસનાં ઘેલાં હતાં. એ લોકો પ્રાસાનુપ્રાસના એવા તો અતિશોખીન હતા કે એમની પ્રાસપ્રવૃત્તિ 'લાટાનુપ્રાસ' તરીકે આજે પણ પ્રખ્યાત છે.

પણ હવે આ વર્ણસગાઈ અને પ્રાસવૃત્તિનો શોખ લાટ પ્રદેશમાંથી મહારાષ્ટ્ર તરફ વિહાર કરી ગયો લાગે છે. મહારાષ્ટ્રના એક આગેવાન અને મધ્યસ્થ સરકારના ખેતી-ખાતાના પ્રધાન ડૉ. પંજાબરાવ દેશમુખે કોલ્હાપુર ખાતેના એક ભાષણમાં સંયુક્ત મહારાષ્ટ્રની માગણી કરેલી એમાં એમણે એ ભાવી પ્રાંતની સીમા "બેલગામથી બરોડા" લગીની આંકેલી. આથી, ગભરુ ગુજરાતીઓને ભડક પેસી ગઈ કે હાય! વીરક્ષેત્ર વડોદરું પણ મહારાષ્ટ્રમાં ગયું! ગુજરાતના મહાકવિ પ્રેમાનંદની પુનિત જન્મભૂમિનું સાચે જ પરપ્રાંતમાં ભેળાણ થઈ ગયું એમ સમજીને કેટલાંક અખબારો પણ કાગારોળ કરી પડચાં. પણ કોઈ ને એટલું વિચારવાની અક્કલ નહોતી કે પ્રધાન પંજાબરાવ તો પોતાના ભાવી પ્રાંતના સીમાડા સમજાવવા માટે માત્ર પ્રાસાનુપ્રાસનો ઉપયોગ કરી રહ્યા હતા! આખરે આ ઊહાપોહ શાંત પાડવા દેશમુખ-સાહેબને પોતાને જ ખુલાસો કરવો પડચો કે સંયુકત મહા-રાષ્ટ્રની સરહદો "બેલગામથી બરોડા" સુધીના આંકવા પાછળ મારો ઉદ્દેશ તો વકતવ્યમાં જોસ્સો લાવવા માટે બ અને બનો પ્રાસ જ મેળવવાનો હતો!

આમાં વાંક કોઈનો કાઢવો હોય તો આપણા દેશનાં વિશેષનામોના વિપરીત ઉચ્ચાર કરીને ચાલ્યા ગયેલા અંગ્રેજ લોકોનો જ કાઢી શકાય. એ વિદેશી શાસકોએ વીરક્ષેત્ર વડોદરાનો ઉચ્ચાર બરોડા કરી નાખેલો, અને તેથી જ, આ મહારાષ્ટ્રી આગેવાને બેલગામની સાથે બરોડાને જોડી દીધું. બાકી, પ્રાસપ્રેમી પંજાબરાવ તો, સંયુક્ત મહારાષ્ટ્રના સીમાડા સાંગલીથી સુરત, કે અમલનેરથી અમદાવાદ, કે પૂણાથી પાલણપુર, કે જલગાંવથી જૂનાગઢ કે વિંધ્યાચલથી વેરાવળ સુધી પણ સહેલાઈથી આંકી શકયા હોત. રખે કોઈ માની બેસે કે આવાં ઉચ્ચારણો પાછળ પંજાબરાવનો ઉદ્દેશ ગુજરાતનો કોઈ પ્રદેશ પચાવી પાડવાનો છે! વર્ણસગાઈને વરેલો વિશ્વમાનવી તો વ્યાખ્યાન કરતી વેળા પોતાના માદરેવતનના સીમાડા કોલ્હાપુરથી કોન્સ્ટન્ટીનોપલ, કે અહમદનગરથી એમ્સ્ટર્ડમ કે સતારાથી સ્તાલિનગ્રાડ સુધી વિસ્તારે તો પણ કોઈ ને કશું ગુમાવવાનું કે મેળવવાનું નથી.

સાચી વાત તો એ છે કે આ પ્રકારનો પ્રાસ-પ્રેમ પ્રાણી-માત્રના લોહીમાં રહેલો છે. દેડકાં ડ્રાંઉ ડ્રાંઉ કરતી વેળા ડ કારનો પ્રાસ મેળવે છે, બાળક જન્મતાં જ ઉંવાં...ઉંવાં કરીને રડે છે ત્યારે રુદનમાં પણ ઉ નો ઉપયોગ એકધારી રીતે કર્યા કરે છે. ઉમ્મરમાં વધવા સાથે એની વાણીમાં વર્ણ-સગાઈનું પ્રમાણ ઉત્તરોત્તર વધતું જ રહે એમાં શી નવાઈ? આપણી આઝાદીની લડતો ચાલતી એ સમયે આપણા નેતાઓ વર્ણસગાઈનો વધુમાં વધુ ઉપયોગ કરતા. આપણા અછૂત નેતાઓ એમનાં વ્યાખ્યાનોમાં 'આઠ કરોડ અછૂતો' ના ઉદ્ધારની વાતો કરતા અને દલિત નેતાઓ દેશના 'દસ કરોડ દલિતો' વતી દલીલો કરતા ત્યારે ભાગ્યે જ કોઈ શ્રોતાઓ દેશની વસ્તીગણતરીના સાચા આંકડા તપાસવાની તકલીફ લેતા. નહિતર તો, વાગ્મિતાને વરેલા એક આર્યસમાજી નેતાએ જાહેર સભામાં ભારતની તેત્રીસ કરોડ વિધવાઓનો સવાલ હલ કરવાની વાત કરેલી ત્યારે હાજર રહેલા પુરુષ શ્રોતાઓનું પૌરુષ ઘવાયું જ હોત ને? પણ આ પુરુષોએ વક્તાને શાંતિ-પૂર્વક સાંભળી લીધા અને બદનક્ષીનો દાવો ન માંડ્યો એ જ બતાવે છે કે વ્યાખ્યાનોમાં વાગ્મિતા લાવવા માટે આવા

નજીવા હકીકતદોષો ક્ષમ્ય ગણાયા છે.

માનવ-વાણીને લયમંજુલ બનાવવા માટે ઇતિહાસ અને ભૂગોળનાં સત્યોનો ભોગ આપીને પણ વર્ણસગાઈ અને પ્રાસાનુપ્રાસ સાધી શકાતા હોય તો એ સર્વથા ક્ષમ્ય ગણાય છે. ભારતની ભૌગોલિક સીમાઓ સમજાવવા માટે આજ સુધી 'અટકથી કટક', 'દિલ્હીથી ધનુષ્કોડી', 'કાશ્મીરથી કન્યાકુમારી' વગેરે શબ્દપ્રયોગો પ્રચલિત હતા. પણ આ ઉક્તિઓ મોજણીદારના નકશા સાથે સોએ સો ટકા બંધબેસતી ન પણ થાય. જેવું ભૂગોળનું એવું જ ઇતિહાસનું—ખાસ કરીને સાહિત્યના ઇતિહાસનું—સમજવું. કવિઓની વાત કરતી વેળા 'કાલિદાસથી કોલક લગી' એમ કહીએ ત્યારે કાલિદાસના પુરોગામીઓ કે કોલકના અનુગામીઓને અન્યાય કરવાનો કોઈનો ઇરાદો નથી હોતો. ગુજરાતી નવલિકાઓનું એક સંકલિત પુસ્તક પ્રગટ થયેલું એમાં 'મલયાનિલથી મડિયા લગીના' વાર્તાકારોની કૃતિઓ લેવામાં આવેલી. એવી જ રીતે, આજે ગુજરાતી કવિતાનો ઇતિહાસ નરસી ભગતથી નિરંજન ભગત સુધીનો આલેખવામાં આવે છે એમાં પણ આ બન્ને કવિઓમાં રહેલું ન-કાર અને મકારનું એવડું સામ્ય જ મહત્ત્વનો ભાગ ભજવી જાય છે. ગઈ પેઢીમાં કહેવાતું કે ગુજરાતી વિવેચનક્ષેત્રે ત્રણ 'વિ' વિવેચકો છે: વિષ્ણુપ્રસાદ, વિજયરાય અને વિશ્વનાથ. આ વિધાનમાં પણ વિવેચન શબ્દ સાથે વિ-કારની વર્ણસગાઈનો, "વિ ફોર વિક્ટરી" જેવો, વધારે પડતો મોહ દેખાઈ આવે છે.

વર્ણસગાઈના વધારે પડતા વપરાશને કારણે ઘણાં વિશેષણો પણ પોતાનો અર્થ ગુમાવી બેઠાં છે અને કેવ[ળ] શોભાનાં લટકણિયાં બની રહ્યાં છે એ આપણે ક્યાં ન[થી] જાણતા? થોડાં વરસ પહેલાં એક ચિત્રકારનાં સોળ ચિત્રો[નું] આલ્બમ બહાર પડેલું એને "સોળ સુંદર ચિત્રો" એ[વું] સોહામણું નામ આપવામાં આવેલું. હવે એ જ ચિ[ત્ર]કારે સોળને બદલે આઠ જ ચિત્રોનું આલ્બમ બનાવ્યું હો[ત] તો એને "આઠ ઉત્તમ ચિત્રો' કહેવાં પડત. શિ[હોરના] સાકરિયા પેંડા કે સોલાપુરના સ્વાદિષ્ટ ચેવડા જેવી આ [વાત] છે. આવા કિસ્સાઓમાં ઘણી વાર વિશેષણને એના વિ[શેષ્ય] સાથે કશું સ્નાનસૂતક હોતું નથી. કેટલાંક વિશેષ[ણો] વર્ણસગાઈ વડે કેટલાંક વિશેષણોને આપમેળે પોતાની [સાથે] સંડોવી લે છે. દાખલા તરીકે, કેલિકો મિલના કાપડની [કે] કુમાર કાર્યાલયની કંકોત્રીઓ कलात्मक જ હોય, એમાં શં[કાને] સ્થાન જ નહિ.

આ ઉપરથી સમજાશે કે 'બેલગામથી બરોડા' સુ[ધીનો] પ્રદેશ માગનારું પંજાબરાવનું પ્રવચન પણ વર્ણસગા[ઈયુક્ત] વાગ્વિલાસ જ હતો, પ્રાસાનુપ્રાસ મેળવવા સિવાય એ[માં] કશો ઇરાદો નહોતો. આવું ભાષાવૈભવથી સભર [પ્રવચન] સાંભળીને, પ્રાસાનુપ્રાસના લય ઉપર મુગ્ધ લાટ પ્રદે[શમાં] વસનારાં ગુજરાતીઓએ શા માટે ગભરાવું જોઈએ? પ્ર[ાચીન] લાટવાસીઓના વંશજોએ તો આ પ્રાસ-સભર પ્રવ[ચનનો] પંજાબરાવના જ પૂર્વજો માટે વપરાયેલી અંત્યપ્રા[સયુક્ત] ઉક્તિ વડે ઉત્તર આપવો જોઈએ:

હાથમાં દાંડિયો, બગલમાં મોઈ,
હવેલી લેતાં ગુજરાત ખોઈ.

સાભાર-સ્વીકાર

વિશ્વસંહિતા : દેસાઈ વાલજી ગોવિંદજી. પ્રા. નવજીવન કાર્યાલય. પૃ. ૧૧૨. રૂ. ૧. **દયારામ બિદુમલ :** ટી. એલ. મંધીરમલાની. અનુ. ચંદુભાઈ રા. પટેલ પ્ર. ઉપર પ્રમાણે પૃ. ૬૨. બાર આના. કવિ ભાલણકૃત **कादंबरी** (પૂર્વ ભાગ-મધ્યકાલીન કાવ્ય): સં. કેશવરામ કા. શાસ્ત્રી. પ્ર. ભારતીય વિદ્યાભવન. પૃ. ૧૬૪. રૂ. ૪. ગુજરાતી **ભાષાલેખન** (બીજું સંસ્કરણ): કેશવરામ કા. શાસ્ત્રી. પ્ર. લક્ષ્મી પુસ્તકભંડાર. પૃ. ૩૧૨. રૂ. ૨ાા. **ખારાં પાણી :** બકુલેશ. પ્ર. પ્રતિમા પ્રકાશન. પૃ. ૧૪૬. રૂ. ૨ા. **જૈન દર્શન :** મુનિ ન્યાયવિજયજી. પ્ર. હેમચંદ્રાચાર્ય જૈન સભા. પૃ. ૫૬૮. રૂ. ૩. **શેફાલી :** રામચંદ્ર ઠાકુર. પ્ર. એન. એમ. [...] પૃ. ૧૭૫, રૂ. ૩ાા. **જિન્દગીના ફેરા :** સારંગ બારોટ. [...] એમ. ત્રિપાઠી. પૃ. ૩૦૦. રૂ. ૩ાા. **પ્રતીક :** પ્રિયકાન્ત [...] પ્ર. કવિલોક પ્રકાશન. પૃ. ૪૨. રૂ. ૧. **સૂક્તિસુધા** [...] **પ્રાતઃપ્રાર્થના :** દ્વારકાદાસ લા. સરૈયા. પ્ર. પોતે પૃ. [...] **અમદાવાદ** ગુજરાતનું પાટનગર : (સચિત્ર) [...] ભીમરાવ પ્ર. મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ. પૃ. [...] **ગુજરાતી ક્રમિક વ્યાકરણ** ભાગ ૩. ખંડ ૧ : કેશવરા[મ] [...] શાસ્ત્રી. પ્ર. એન. ડી. મહેતાની કું. પૃ. ૧૬૮. રૂ. ૧ા. [...] શેખાદમ આબુવાલા. પ્ર. ભારતી સાહિત્યસંઘ. પૃ. [...] **નિવાપાંજલિ :** ચૈતન્ય બાળા દિવેટીઆ. પ્ર. પોતે. પૃ. [...]

જિપ્સીની આંખે

'જિપ્સી'

એને ક્યાં જવું હતું ?

ચઢી આવેલી ઘનઘોર વાદળીઓ વરસતી નહોતી. વાતાવરણ સ્તબ્ધ હતું. પવન પડી ગયો હતો. સામે દૂરદૂર સુધી દેખાતાં લવિંગનાં વૃક્ષો સૂમસામ ઊભાં હતાં. ઝાંઝીબારના હવાઈમથકે અમે દારેસ્સલામથી આવતા વિમાનની વાટ જોતા હતા. એટલે બહારના વાતાવરણની અસરથી મારું તો અંતર ઉદાસ થઈ ગયું. માણસ અને કુદરત વચ્ચે કેવી મૂગી આપલે હોય છે! પરંતુ મારી ઉદાસી ઝાઝી વાર ટકી નહીં. ઝરમર ઝરમર વરસાદ શરૂ થયો. વર્ષા વરસી એટલે એની સાથે રમતી પવનની લહેરો આવી. લહેરો લવિંગની સુગંધ વહી લાવી. પળ વાર પહેલાંના સૂનમૂન વાતાવરણમાં જિંદગી જાગી ઊઠી. વાદળીઓ વરસતી જાય ને ચાલતી થાય. એટલામાં સાગર ભણીથી ઘનસ્યામ વાદળીઓનું એક જૂથ આવ્યું. શી એની ગતિશીલતા! એમની ગતિમાં છંદ હતો. છંદમાં છટા હતી. સંપ કરીને આવી હતી. સંપથી વરસવા માંડ્યું. ઘનસ્યામ રંગ નીચોવાઈ રહ્યો: થોડી વારમાં વર્ષા આછી થઈ ગઈ. વાતાવરણમાં કંઈક ઉજાસ આવ્યો. ઉપર દૃષ્ટિ કરી ત્યાં તો પેલું જૂથ વરસી રહી, હળવું થઈ, જેમ આવ્યું હતું તેમ ચાલ્યું ગયું. વરસાદ બંધ થઈ ગયો. લવિંગના વનમાંથી સુવાસને સાથે લઈ આવીને હવાએ વાતાવરણને મ્હેંક મ્હેંક કરી મૂક્યું. ઉદાસીને ઠેકાણે અપેક્ષાનો આનંદ ઊગ્યો. અંતર અને આંખો બન્નેએ અણસારા કરી લીધા.

અમે વાટ જોતા હતા તે વિમાન દેખાયું. વનના વનમાળી જેવું એ આત્મવિશ્વાસથી ધરતી પર ઊતર્યું. હવાઈમથકે આવ્યા ત્યારે ઉદાસ હતા. ઊડ્યા ત્યારે આનંદિત. એ આનંદમાં ને આનંદમાં દૃષ્ટિ પેલા અદૃશ્ય થતા લવિંગનાં લીલમલીલાં વૃક્ષોને બસ જોઈ રહી તે જોઈ જ રહી. ઝાંઝીબાર અને પેમ્બાના ટાપુઓની વચ્ચેથી માર્ગ કરીને વિમાન સામો કિનારો પકડવા ધસી રહ્યું હતું. મારા મનમાં રંગ હતો. અંતરમાં ઉમંગ હતો. અવસ્થા સપનાની હતી. પેલા લવિંગનું વન પીછો છોડતું નહોતું. મનનો મોરલો અસ્તિત્વની ધરતી ઉપર કલા કરી રહ્યો હતો. ત્યાં ધબ દઈને આંચકો આવ્યો. હવાના દબાણથી વિમાન ગભરાઈ ગયું. એણે દિશા બદલી. સરરરર દઈને વધુ ઊંચું ચઢ્યું. સ્વસ્થતા ધારણ કરી. પાછળ જોયું તો ઝાંઝીબાર ને પેમ્બાના ટાપુઓ ધ્યાનસ્થ યોગીની જેમ આસન વાળીને બેઠા હતા. દૃષ્ટિ પાછી વળીને કિનારે આવી ત્યાં તો એક અપૂર્વ કૌતુક જોયું. વરસતાં પહેલાં ડૂમો ભરાયલા ભારે હૈયા જેવી ઘનશ્યામ વાદળીઓ જોઈ હતી. વરસતી, વરસીને હળવી થતી, હળવી થઈ ને વિખરાતી વિમળ વાદળીઓ પણ જોયેલી. પણ આ તો કદી ન જોયેલું દૃશ્ય જોયું! નિર્મળી, નિર્ભ્રાન્ત, નિર્મમ, નિસ્તેજ વાદળીઓ સાગરના નીલાભૂરા અગાધ જલરાશિ પર ઊતરે છે. પાણી પર પથરાઈ જાય છે. જાતને ઝબકોળે છે. ઊંડાં વારિમાં ડૂબકી મારે છે. અને શ્યામ રંગ ધારણ કરીને બહાર નીકળે છે. નવા જીવનની અપેક્ષાથી પોતાનું અંતર ભરીને ભારે હૈયે એ શ્યામા ગગનવિહારે નીકળે છે. રસ્તે સખીઓનો સાથ કરે છે. મનસૂબા કરે છે. અપેક્ષાથી ઓપતી, જીવનથી લચી પડતી લાવણ્યમયી એ ઘનશ્યામ અંતર્વર્તનીઓનાં જૂથને જતું જોઈ, મારા અંતરે પુલકિત થઈ ને મને જ બાથ ભરી લીધી.

આ સૌન્દર્યમૂર્છા વળી ત્યારે વિમાન એકીશ્વાસે મોમ્બાસા ભણી ધસતું હતું. એક બાજુ હિંદીમહાસાગરનો અપાર જલરાશિ, બીજી બાજુ આફ્રિકાખંડનો વિસ્તરેલો ધરતીનો પટ; અને ઉપર અનંત આકાશ! પ્રકૃતિનાં મહાસત્ત્વોનો કેવો નિરૂપમ સંગમ! ત્રણેયની વિભૂતિ અલગ. છતાં એકયની કેવી અદ્‌ભુત રમણા!

દૂરથી મોમ્બાસા દેખાયું. પૂર્વઆફ્રિકાનું એ પ્રથમ

મુખદ્વાર. સાગરની સાંકડી ખાડી મોમ્બાસાને વિંટળાઈ વળી છે. એટલે ધરતીના અંદરના ભાગમાં જતી આગગાડીને પણ પુલ પર થઈને જવું પડે છે. વિમાનમાંથી મોમ્બાસા મધ્યમવર્ગના સુઘડ કુટુમ્બ જેવું રમણીય લાગ્યું. સ્ટીમરમાંથી જોયેલું ત્યારે પુરાતન નાના બંદર જેવું અનાકર્ષક લાગેલું. નિવાસ કરીને જોયું ત્યારે એનો અનુભવ સામાન્ય જન જેવા તેજહીન થયો.

પંદરેક દિવસ ત્યાં રહેવાનું થયું. એક રાતે એક મિત્રે એક હોટેલમાં ખાણાની મિજબાની આપી. આ કૉલોનીમાં અંગ્રેજોના પ્રભાવને કારણે અને આરબ તથા આફ્રિકનોની ગુલામીને કારણે હિંદીઓ પણ ત્યાં પ્રવર્તતી સાહેબશાહી સંસ્કૃતિના ભક્તો બની ગયા છે. એટલે અમારી મિજબાનીમાં શરાબની રેલમછેલ હતી. જમણને અંતે અમે છૂટા પડ્યા ત્યારે મારા મિત્રની અવસ્થા નાજુક હતી. સૌના ગયા પછી એમણે પાછળથી થોડો વધુ શરાબ લીધો. મારી પ્રાર્થના અને સલાહ બન્ને એમણે ન માન્યાં. લગભગ મધરાતે અમે બન્ને જણા એમની મોટરમાં નીકળ્યા. હાંકનાર હતો નહીં. એઓ પોતે જ હાંકતા હતા. મોટરમાં બેસીને એમણે કહ્યું: "મારે મારી એક આરબ છોકરીને ત્યાં જવું છે. આમ તો એ બજારમાં બેસે છે. પણ મારી જૂની ઓળખાણ છે. અત્યારે એ જરૂર બારણું ઉઘાડશે!"

બહુ જ આગ્રહથી મેં એમને વાર્યા. કહ્યું કે આપણે સીધા ઘેર જ જઈએ. પણ એ તો એકના બે ન થયા. મારી મૂંઝવણનો પાર નહીં. એમને મૂકીને ચાલ્યા જવું? હું અજાણ્યો! અને આવી હાલતમાં મિત્રને એકલા પણ કેમ મુકાય! ત્યાં તો મોટર ચાલી. મોટર જે રીતે ચાલતી હતી તે રીતે મને બીક લાગી કે કોઈ ઠેકાણે એ અથડાય કે ઊંધી ન વળે તો સારું.

પણ મારા આશ્ચર્ય વચ્ચે મોટર આવીને મિત્રને ઘેર જ ઊભી રહી. પોતાનું ઘર જોઈને એમને પોતાને પણ નવાઈનો આંચકો લાગ્યો! એમને તો પેલી આરબ બાઈને ઘેર જવું હતું. મોટર લીધી પાછી. પાછા આવ્યા હોટેલે. હોટેલ જોઈને પાછું એમને અચરજ થયું કે આ તો હોટેલ છે. ત્યાંથી મોટર પાછી હંકારી. પેલી બાઈને ઘેર જવું તું ને! મોટર સડસડાટ ચાલી. મારો જીવ અદ્ધર હતો. આજે [illegible] કોઈ અકસ્માત થવાનો. થોડી વારે મોટર આવીને પાછી મિત્રને ઘેર જ ઊભી રહી. જોયું તો એ પોતાનું જ ઘર. હું પણ આભો બની ગયો. પણ મને થયું કે એમને સદ્બુદ્ધિ સૂઝી હશે. ઘેર સલામત પહોંચી ગયા. હું ઊતરવા જાઉં [illegible] તો ગુસ્સો કરીને એમણે મોટર પાછી વાળી. ભયંકર ગતિ[illegible] અમે પાછા હોટેલ પર આવી ઊભા. મિત્રના ગુસ્સાનો પાર નહોતો. શરાબનો નશો હજી ઉત્કટ હતો. છતાં મેં આજીજી કરી. આપણે ઘેર જઈએ. તમારી તાબયત સારી નથી. આપણે ભયમાં છીએ. આપણું બૂરું થશે. પણ કોણ માને! મોટર તરત જ ચાલી. મિત્રે કહ્યું કે મરી જઈશ પણ જઈશ તો એને ત્યાં જ. અને મોટરની ગતિ વધી. મહા મુશ્કેલીએ અકસ્માતોથી બચતા આવીને પાછા ઊભા મિત્રને ઘેર! [illegible] મારી ધીરજ ખૂટી. હું ઊતરી જ પડ્યો. બળ કરીને એમને ઉતાર્યા. મોટરને આંગણામાં મૂકી દીધી. ઘર ઉઘડાવીને એમને સોંપ્યા એમની પત્નીને. મારા ઓરડામાં જઈને હું સૂઈ ગયો.

સવારે મિત્રપત્નીએ કહ્યું ત્યારે જાણ્યું કે જેટલી વખત મોટર આવીને ઊભી તેટલી વખત જાગીને એ બારણું ઉઘાડવા આવેલાં. બારણું ઉઘાડીને જુએ ત્યાં મોટર રવાના! [illegible] એમને સાંત્વના આપી. પણ બાઈનું મન માન્યું નહીં.

ચિત્ત તો મારુંય ચકડોળે ચઢ્યું હતું. માણસ શરાબે તરબતર. જવું વેશ્યાને ત્યાં. જાય પોતાને ઘેર. કરવું કંઈ, થાય કંઈ. આ પરવશતા કેમ? આ લાઈલાજી શાની? માણસ નશામાં હોય છે ત્યારે એનું મન મૂર્ચ્છિત હોય છે. એની ચેતના મુક્ત હોય છે. બુદ્ધિનાં કબંધનું બંધન એના ઉપર હોતું નથી એટલે સાચી વાણી જ પ્રગટ થાય છે. સત્ય આચરણ કરાઈ જાય છે. આંતરરાષ્ટ્રીય રાજદ્વારીઓ પણ આવી રમત ક્યાં નથી રમતા! સર્જનની મૂર્ચ્છામાં પડેલો કવિ પોતાની અંતરવાણી કેટલી સચ્ચાઈથી પ્રગટ કરે છે - [illegible] જીવનવ્યવહાર જુદો હોય! આ બધી વાતની ખબર હતી. [illegible] મન માનતું નહોતું. પરંતુ અંતરને એક વાતની ગમ [illegible] હતી. શ્રદ્ધાના દીવાનું અજવાળું સતેજ થતું હતું.

માણસ બુનિયાદે સાચો છે. બુદ્ધિ એને ખરાબ [illegible] કામનાઓ એને જકડે છે. સ્વાર્થ એને અંધ બનાવે છે. [illegible] અંશ પામર બની જાય છે. માનવી છે સાચો. ખોટો [illegible]

-[illegible]

જિપ્સીની આંખે એ મથાળા નીચે અહીં પ્રગટ થતી પ્રસંગકથા શરદપૂનમ સુધીમાં પુસ્તકાકારે પ્રસિદ્ધ થશે.

સ્વાધ્યાય અને સમીક્ષા

રમણલાલ જોષી

*'યાત્રા'ની કવિતા

શ્રી સુન્દરમ્ આપણા એક લાડીલા કવિ છે. અર્વાચીન કવિતામાં ઉમાશંકર-સુન્દરમ્‌ની બેલડી અજોડ છે. તેમની કવિતા નિર્વિવાદપણે પ્રથમ પંક્તિની ગણાઈ ચૂકી છે. વિદ્યમાન કવિઓમાં આપણું એ પરમ આશાસ્થાન છે.

શ્રી સુન્દરમ્ થોડાં વર્ષોથી પાંડિચેરી રહે છે. ગુજરાત સાથેનો તેમનો સંબંધ વિશેષે કરીને કવિતા અંગે છે. ગુજરાત બહાર રહ્યા છતાં એ સંબંધ તેવો જ સતત અને જીવંત રહ્યો છે. તેમની 'અર્વાચીન કવિતા' માટે યોજાયેલા મહીડા-પારિતોષિકપ્રદાન સમારંભમાં અને તેમના તંત્રીપદે પ્રસિદ્ધ થતા 'દક્ષિણા'માં તેમણે અવારનવાર આ વાત કરી છે. કોઈ કોઈ વાર ગુજરાતમાં આવવાનું બને છે ત્યારે ગુજરાતની પ્રજા તેમનું જે ઉમળકાભેર સ્વાગત કરે છે એ જોતાં ગુજરાતને સાહિત્યની પડી નથી એમ ભાગ્યે જ કહી શકાશે. તો બીજી બાજુ પેલો સૂર પણ વ્યકત થતો રહે છે કે સુન્દરમ્ હવે આપણા રહ્યા નથી (?)!... શ્રી સુન્દરમ્ આ મમતાની કદર કરે છે. સાથે સાથે પોતાની વાત પણ સમજાવે છે. વાસ્તવિક રીતે એ સંબંધ વિશેષ નિકટનો અને ઘનિષ્ઠ બન્યો છે. અને એ રીતે જોઈએ તો શ્રી વિજયરાય કવિશ્રી કાન્ત માટે 'કવિ અને સત્યશોધક' કહે છે તે બરાબર રીતે શ્રી સુન્દરમ્‌ને પણ લાગુ પડે છે! અને આ રીતે શ્રી સુન્દરમ્ ગુજરાતના એક પ્રતાપી પ્રતિનિધિ રૂપે શ્રી અરવિંદાશ્રમમાં વસે છે એ ઘટના ગુજરાતને માટે સાચે જ ગૌરવપ્રદ છે. આ રીતે તેમણે સાચો કવિધર્મ બજાવ્યો છે. શ્રી સુન્દરમ્‌નું માનસ સ્વતંત્ર, ચિંતનશીલ, ભાવસંભૃત અને નિખાલસ છે. એમના વ્યક્તિત્વ માટે એક જ વિશેષણ પૂરતું છે – સૌષ્ઠવપૂર્ણ. સુન્દરમ્ એટલે માધુર્ય અને સુદૃઢતાનો સુયોગ. આને લઈ ને જ તેમની સત્યની ખોજ અનેરું લાવણ્ય ધારણ કરે છે :

> નીર ભર્યાં ઘટ ઠલવી દીજે અને
> સાસુની આણ ન સુણીએ,
> છોરુંવછોરુંને છૂટાં મૂકી હવે
> મોંઘું સોંઘુ નહિ ગણીએ રે,
> ચલ ગાગર લે ઝટ જઈએ. ('ચલ')

માનવીના મનને જે પૂર્વગ્રહો – માન્યતાઓ – અભિપ્રાયોનાં ભૂત વળગ્યાં છે એમાંથી મુક્ત થયા સિવાય એ નિર્મળ સત્ય ક્યાંથી પામવાનો ? અજ્ઞાનાવસ્થામાં ચિરકાળ પોષેલાં પોતાનાં માનસઅપત્યોને પરાં કર્યા સિવાય, દુન્યવી નફાતોટાની ગણત્રી દૂર કર્યા સિવાય એને ભગવાનની પ્રાપ્તિ ક્યાંથી થાય?... અને છતાં કવિમાં આવેશ નથી, ઉન્માદ નથી. તેમની અભીપ્સા : 'અથંભ, અણજંપ, સ્વસ્થ, અણકંપ, સોત્કંઠિત, । ન મંદ, દૃઢસ્પંદ, ઉન્મદ નહીં, નહીં કુંઠિત' છે. એટલે તો કવિને અજબ ખુમારી છે – ક્યાંક વિનોદ પણ છે :

> હવે પ્રભુ જો મુજ પ્રેમ વાંછે,
> આવે ભલે તે લયલા બનીને! ('कस्मै')

*

> સૂને ઘાટે બેઠો એકલ સાંવરો
> આપણી વાટ નિહાળે,
> અમ સરીખાં એને ઝાઝાં મળે ના,
> બીજા કોને એ પાર ઉતારે રે
> ચલ ગાગર લે ઝટ જઈએ. ('ચલ')

અને આ ખુમારી – આ વિનોદ કવિના વ્યક્તિત્વમાંથી આવે છે. કવિ પોતાને 'જિંદગીના અવિજેય શત્રુ' તરીકે ઓળખાવે છે. આ લડાયકવૃત્તિ અધ્યાત્મજીવનમાં તો એક મહાન વસ્તુ છે. આ જીવન એ તો પરમ સંગ્રામ છે. એ ખેડવાની તાકાતવાળો માણસ જ અહીં ફાવી શકે છે. 'અહો ગગનચારિ!', 'જાગ અગની', 'कस्मै', 'રાઘવનું હૃદય', 'હે ચકવા', 'કત્લની રાત', 'નયન નિમીલિત' વગેરે કાવ્યોમાં આ તાકાતનું – પ્રતાપનું દર્શન થાય છે. છતાં કવિ પોતાની

*યાત્રા : સુન્દરમ્. પ્ર. આર. આર. શેઠની કં. પૃ. ૨૨૨. રૂ. ૪॥.

મર્યાદાઓ વિષે અભાન નથી. 'નાચીજની કહાણી'માં એ વેધક સ્વરૂપે વ્યક્ત થાય છે.

સાધના હમેશાં સભાન જ હોય એમ નથી. અંતરમાં એ ક્રિયા અભાનપણે પણ ચાલતી જ હોય છે. હું ભૂલતો ન હોઉં તો એક વાર વડોદરા લેખકમિલનમાં આપણા આ સત્ત્વશીલ કવિએ કાવ્યના સૌન્દર્યસ્પર્શ વિષે કેટલીક વાતો દર્દપૂર્વક કહી હતી. તે જ વાત મહીડા પારિતોષિકના સમારંભ અંગે પ્રગટ થયેલા 'પરાવરની યાત્રા' નામે વ્યાખ્યાનમાં કહી હતી. 'યાત્રા'નાં કેટલાંક કાવ્યો જોતાં આપણને એક દૃઢ પ્રતીતિ થાય છે કે કવિને સૌન્દર્યનો કો'ક સઘન સ્પર્શ થઈ ચૂકયો છે. 'વસુધા'નાં શરૂઆતનાં ચૌદ કાવ્યોમાં કવિની સાચી (કદાચ, અભાન) ઝંખનાનાં દર્શન થાય છે. અધ્યાત્મજીવનનું - પરમ સત્યની ખોજનું મૂળ ઠેઠ 'કાવ્યમંગલા'ના 'ધ્રુવપદ કયહાં' સુધી પણ જોઈ શકાય છે. 'ભવભવને ઘાટે' વિચરતા કવિ છેવટે 'બાંધ ગઠરિયાં, મૈં તો ચલી' કહેતા 'યાત્રા' આરંભે છે. કવિની આ મંગલયાત્રા આપણી હૃદયાંજલિની અધિકારી છે.

> આ હવા અહીં મર્મરતી,
> કો મંત્ર મધુર નિર્ઝરતી.

—ખરેખર 'યાત્રા'નો કાવ્યસંગ્રહ પણ આપણા સાહિત્યમાં કો'ક નવી જ હવા લઈ આવે છે!... દિવ્ય-જીવન માટે કવિનું હૈયું કેવું તો તલસી રહ્યું છે એ સંગ્રહનાં ઘણાં પૃષ્ઠો વારે વારે કહ્યાં કરે છે. વર્તમાન જીવન સાથેનો તીવ્ર અસંતોષ કવિની જાગ્રતિ અને વિકાસવાંચ્છનાનો દ્યોતક છે. 'ઘણું ક ઘણું તોડવું ઘણુ ઉઠાવ મારી ભુજા' એમ કહેનાર કવિએ કેટકેટલાં પ્રલોભનો અને આકર્ષણોમાંથી પોતાની જાતનો મોક્ષ કર્યો હશે એ જોવા જેવું છે. અને છતાં સમગ્ર વિશ્વ સાથે કવિહૃદય કેવો તો મંગલ સંવાદ રચે છે! આ જ સામાન્યજીવન અને અધ્યાત્મજીવનના પરસ્પર સંબંધની ખૂબી છે. ત્યાં રહ્યાં રહ્યાં જે વ્યવહાર થાય છે તે જાણે કે આખા વિશ્વહૃદયને સ્પર્શે છે. 'ધરાનાં પાર્થિવ્યો' પરહરનાર 'મુદાની ગંગા'નો વારસ બને છે, પણ એ વચ્ચેનો ગાળો યુદ્ધનો છે. પોતાની શક્તિ ઉપર જ બધો મદાર રાખનાર તપસ્વી કરતાં સમગ્ર જીવનનું સમ્પૂર્ણ સમર્પણ કરનાર ભક્તિનું માનસ કવિને વિશેષ અનુકૂળ છે. આ શરણાગતિ–પ્રપત્તિ કવિના વ્યક્તિત્વને એક નવો ઘાટ આપે છે. 'ગગનચારિ'ને આહ્વાન કરતા કવિ કયાંક 'નાચીજની કહાણી' કહે છે તો કયાંક પ્રભુને શોધતાં શોધતાં 'થક ગઈ મતિયાં' એવું પણ બને છે, પણ છેવટે 'દેશ... રાત' આવે છે અને 'તવ ચરણે'નું મધુર ગાન ... કવિને 'શ્રી અરવિંદ' 'પ્રભુત્વ તણી શીખ' સ્વમુખે દે ... અને 'અજાયબ હથિયાર' આપે છે ત્યારે 'અથંભ ... ચગતી કવિની મનગોપિકા 'ભવ્ય સતાર'ના આનંદ ... 'વિજય દદામાં' વગાડે છે :

> આ કૌઆ અને કબૂતર દોસ્ત બન્યાં અમ!
> આ સાગર અને શિખર પણ દોસ્ત બન્યાં અમ!
> આ જયાં જયાં પડે નજર અમ ત્યાં ત્યાં
> કો ન અવર અમ પાખે!
> જયમ જયમ પેખું અધિક જગત ત્યમ
> અધિક અધિક રસ દાખે!
> હે, બાજો વિજયદદામાં.

સંગ્રહનાં ઘણાં બધાં કાવ્યો શ્રી અરવિંદ અને ... માતાજી વિષયક હોય એમ લાગે છે. ખાસ કરીને '... અર્પુ', 'હે માતા', 'તને વંદું', 'તને જો...' 'અમોને તું દેખે', 'અમોને સ્પર્શે છે', 'તે જ ...' 'દેજે', 'પળું છું', 'એક જ રટના', 'હું ગાન ગાઉં' 'શ્રી અરવિંદ', 'તવ સંગ', 'સદૈવ'—આટલાં ... ખાસ ધ્યાન ખેંચે છે. કવિની આ ગુરુદ્વય તરફની સમર્પ... યુકત ભકિત અને એમાંથી જન્મતા આંતર અનુભવ ... એવી સરસ રીતે મૂર્ત થાય છે કે બધા જ વર્ગના ... એમાંથી કાંઈ ને કાંઈ મેળવી શકે એમ છે! કવિનો ... ભાવ સાધારણીકરણથી એવું તો બિનંગત સ્વરૂપ ધારણ ... છે કે માનવહૃદયના સનાતન ભાવનું જ આલેખન એ ... છે. આ સિવાયનાં કેટલાંક કાવ્યોમાં શ્રી અરવિંદનું ત... જાણે કે કાવ્યસ્વરૂપે જોવા મળે છે. જયાં એ 'જોવા મળે' ત્યાં એ કઠે છે. બાકી સામાન્યત: 'આસ્વાદવા મળે' એમ જ કહેવું વધુ ઉચિત છે. આ સંગ્રહનું ખાસ ... તો એનાં ગીતો છે. ગીતોમાં કવિ કો'ક નવી જ સૃષ્ટિ ... આપણી સમક્ષ હાજર થાય છે. આપણે ત્યાં નાના... ઉમાશંકર આદિનાં ગીતો છે. ગીતકલામાં શ્રી ... નાનાલાલના યોગ્ય વારસ બનશે એમ સામયિકો જોતાં ... છે. પણ 'યાત્રા'નાં ગીતો તો જુદી જ ... સૂક્ષ્મ અધ્યાત્મ-અનુભૂતિને કાવ્યસ્વરૂપે ઢાળવામાં ... સાહિત્યકારોને હમેશાં મુશ્કેલી રહી લાગે છે. સાહિત્યની ...

પ્રક્રિયા જોતાં પણ એ વસ્તુસ્થિતિ આગવું કૌશલ માગી લે છે. મનસાતીત તત્ત્વને મનને અવગત થાય એ રીતે રજૂ કરવામાં કવિને ખૂબ જાગરૂક રહેવું પડે છે. આપણે ત્યાં નાનાલાલ – ખબરદારની કેટલીક કવિતા ગદ્યાળુ બની ગઈ છે એ વિચારવા જેવું છે. કવિતા કલા લેખે જ જીવી શકે છે અને અતીન્દ્રિય કવિતાને કલારૂપ આપવું મુશ્કેલ નહીં તો દોહ્યલું તો છે જ. અને તેમાંય ગીતરૂપે!... આ વિરલ સંસિદ્ધિ કવિશ્રી સુન્દરમ્ દાખવે છે એ તેમની કાવ્યકલાનો ઉત્કર્ષ સૂચવે છે. 'ગા ગા તું', 'એક જ્યોત', 'ગુંજ ગુંજ', 'ઝીણું ઝરણું', 'ભવ્ય સતાર', 'ઢૂંઢ ઢૂંઢ' આદિ ગીતો નોંધપાત્ર છે. ગીતોમાં કવિ ક્યાંક ગંભીર બને છે તો ક્યાંક રમતિયાળ પણ બને છે. ક્વચિત્ રંગમાં પણ આવી જાય છે. વ્રજભ.ષા-ના પ્રયોગો પણ છે. એ પ્રયોગો કવિની ભાવસઘનતા જોતાં અનિવાર્ય ઠરે છે તો ક્વચિત્ એનો અતિરેક પણ થઈ ગયો છે. સંસ્કૃતપ્રાચુર્ય એના અસલ ગુણરૂપે જોવા મળે છે. છંદનું વૈવિધ્ય છે, ક્યાંક સરવાળાબાદબાકી પણ છે. સોનેટનું સંવિધાન સુઘટ્ટ અને સુંદર છે. કેટલાંક સોનેટ પ્રો. ઠાકોર અને ચન્દ્રવદનનાં સોનેટને ટપી જાય એવાં છે. ભાષાની દૃષ્ટિએ પણ આ સંગ્રહ જોવા જેવો છે. ક્યાંક ક્યાંક તો કેટલીક પંક્તિઓ મંત્રત્વની કોટિએ પણ પહોંચે છે. 'યાત્રા'નો કાવ્યસંગ્રહ અર્વાચીન કવિતામાં એક ગણનાપાત્ર ઉમેરો માત્ર નથી, પણ અભ્યાસીઓ અને વિવેચકોને આહ્વાનરૂપ છે એ નોંધવું અપ્રસ્તુત નહીં લેખાય.

સંગ્રહનાં છૂટક આકર્ષણો પણ ઠીક ઠીક છે. ખાસ તો એનાં લાંબાં કાવ્યો. 'આ ધ્રુવપદ' અને 'મનુજપ્રણય' આ બન્ને ઠીક ઠીક લાંબી રચનાઓ છે. 'ધ્રુવપદ ક્યહીં?'-એમ પ્રશ્ન પૂછનાર કવિને અહીં ઉત્તર મળે છે. કવિના અધ્યાત્મજીવનને સમજવામાં આ કાવ્યો મહત્ત્વનાં છે. સંગ્રહમાં પ્રાસંગિક કાવ્યો પણ છે. સ્વ. રવીન્દ્રનાથ ઠાકુર, નાનાલાલ, ગાંધીજી, કસ્તુરબા વગેરેને અનુલક્ષીને લખાયેલાં કાવ્યોમાં કવિની સ્વસ્થ, તત્ત્વજ્ઞાનાત્મક વિચારસરણીનાં દર્શન થાય છે. પ્રો. ઠાકોરને ઉદ્દેશીને લખાયેલું જાણીતું કાવ્ય 'શ્વેતકેશી પિતરને' પણ અહીં છે. રાગના વ્યક્તિત્વને કાવ્યસ્વરૂપે ઢાળવાનો પ્રયત્ન 'સપ્તરાગ'માં થયો છે. એ સાતે કાવ્યો અભિનવસુંદર છે. 'પંચસુહૃદ' આદિમાં મુક્તક-રચના મળે છે. પણ એમાં કાંઈ ખાસ ઉદ્રેક નથી વરતાતો. 'આભનો ખેડૈયો' અને 'હંસા મારા'માં ભજનનો ઢાળ જોવા મળે છે. એમાંનું છેલ્લું કાવ્ય વિશેષ સુંદર છે, અને 'કોયાભગતની કડવી (?— ના, હવે તો મીઠી!) વાણી'ના આશાસંદેશરૂપ છે. સંગ્રહમાં પ્રણયકાવ્યો પણ છે. જ્યાં વિપ્રલંભવર્ણન છે ત્યાં 'વસુધા' સાથેનું સાદૃશ્ય રોચક છે, પણ કવિની નૂતન વિચારસરણીનો રંગ જ્યાં સ્પર્શ્યો છે ત્યાં એ કાવ્યો બહુ રુચિર નથી નીવડતાં. શૃંગાર મહારસ જરૂર છે, પણ કેવળ ઊર્ધ્વસ્થિત કવિને એનું આલેખન બહુ ન પણ ફાવે. હવે કદાચ સુન્દરમ્‌ને આ રસ યારી નહીં આપે એમ લાગે છે. તો ઊલટ પક્ષે, ઊર્ધ્વજીવનની અનુભૂતિઓનાં, સૂક્ષ્મ રસલોકનાં સંવેદનોનાં, પ્રેમ અને ભક્તિના શુદ્ધ સનાતન ભાવોનાં વિવિધરંગી કાવ્યો વિશેષ મળવાનાં. એટલે એ રીતે ઓછું લાવવા જેવુ નથી.

વૈવિધ્યની દૃષ્ટિએ કવિએ પોતાના પુરોગામી સંગ્રહો પ્રતિ દૃષ્ટિ રાખી લાગે છે. તેમ છતાંય જોઈએ તેવું વૈવિધ્ય નથી આવ્યું એમ ફરિયાદ કરવી હોય તો કરી શકાય. સામાન્ય વાચકની દૃષ્ટિએ તે ઉચિત પણ છે. તેમ છતાંય જ્યાં 'એકવિધતા' છે ત્યાં પણ અવનવાં ભાવપ્રતીકો – રસોપકર્ષો – મંગલમધુર સંવેદનશ્રેણિ – બાનીની અભિનવ છટાઓ — એને વિનીત કરવા હાજર જ છે. વિશેષ તો છે પ્રત્યેક ભાવને વિવિધ રૂપે મૂર્ત કરવાનું કવિનું આગવું ભાષાસામર્થ્ય.

અને કવિતાના વિકાસની દૃષ્ટિએ પણ આ ફરિયાદમાં બહુ વજૂદ નથી. કાવ્યપ્રભુ કોઈ પ્રકારના અતિરેકને સાંખી નથી લેતો. કલાપી-નાનાલાલની કવિતાના પ્રત્યાઘાત રૂપે પ્રો. ઠાકોરની કવિતા આવી. બુદ્ધિતત્ત્વ ને વિચારઘનતાનો મહિમા વધ્યો. એના પ્રત્યાઘાત રૂપે આવે છે સુન્દરમ્ અને પૂજાલાલની કવિતા. 'દક્ષિણા'માં નવીન–નવીનતર કવિઓ આ દિશા તરફ વળવા લાગ્યા છે એ જણાઈ આવે છે. એ જેટલું આશાજનક છે તેટલું ભયજનક પણ છે. આપણા કવિઓ અંતરતત્ત્વના કશા સાચા રણકાર વિના કેવળ શબ્દોના ખખડાટમાં ન સરી જાય એ જોવા જેવું છે.

હૃદયની ઉદાત્તતા ને નિર્મળતા, ચિંતનની પ્રૌઢિ અને ભવ્યતા, બુદ્ધિની સ્ફટિક શી નિર્મળ પ્રભા – આ બધાંને લઈ ને કવિના તપઃપૂત વ્યક્તિત્વનો પરિચય વાચકના આખા સંવિત્‌ને આનંદ-પરિપ્લાવિત કરી મૂકે છે. 'યાત્રા'ની કવિતા આપણી અર્વાચીન કવિતાનું ઉન્નત શૃંગ છે. કવિની કાવ્યકલા હજુય હિમાદ્રિ શી ઉન્નતભવ્ય બનો એ શુભેચ્છા સાથે, તેમના આ સંગ્રહ માટે સાનંદ અભિનન્દન અર્પીએ.

ગયાં વર્ષો—

ગયાં વર્ષો તે તો ખબર ન રહી કેમ જ ગયાં!
ગયાં સ્વપ્નોલ્લાસે, મૃદુ કરુણહાસે વિરમિયાં!
ગ્રહ્યો આયુર્માર્ગ સ્મિતમય, કદી તો ભયભર્યો;
બધે જાણે નિદ્રા મહીં ડગ ભરું એમ જ સર્યો!
ઉરે ભારેલો જે પ્રણયભર, ના જંપ ક્ષણ દે,
સ્ફુર્યો કાર્યે કાવ્યે, જગમધુરપો પી પદપદે
રચી સૌહાર્દોનો મધુપુટ અવિશ્રાંત વિલસ્યો.
અહો હૈયું! જેણે જિવતર તણો પંથ જ રસ્યો.

ન કે નાખ્યાં માર્ગે વિષ, વિષમ ઓથાર, અદયા
અસત્ સંયોગોની; પણ સહુય સંજીવન થયાં.
બન્યા કો સંકેતે કુસુમ સમ તે કંટક ઘણા,
તિરસ્કારોમાંયે કહીંથી પ્રગટી ગૂઢ કરુણા.
પડે દ્રષ્ટે, ડૂબે કદિક શિવનાં શૃંગ અરુણાં:
રહ્યો ઝંખી, ને ના ખબર વરસો કેમ જ ગયાં!

રહ્યાં વર્ષો તેમાં—

રહ્યાં વર્ષો તેમાં હૃદયભર સૌન્દર્ય જગનું
ભલા પી લે; વ્હીલે મુખ ફર રખે, સાત ડગનું
કદી લાધે જે જે મધુર રચી લે સખ્ય અહિંયાં;
નથી, તારે માટે થઇ જ, નિરમી 'દુષ્ટ' દુનિયા.
—અહો નાનારંગી અજબ દુનિયા! શે સમજવી?
તને ભોળા ભાવે કરું પલટવા, જાઉં પલટી;
અહંગર્તામાં હા પગ, ઉપરથી, જાય લપટી!
વિસારી હુંને જો વરતું, વરતે તું મધુરવી.—

મને આમંત્રે એ મૃદુલ તડકો, દક્ષિણ હવા,
દિશાઓનાં હાસો, ગિરિવર તણાં શૃંગ ગરવાં;
નિશાખૂણે હૈયે શશિકિરણનો આસવ ઝમે;
જનોત્કર્ષે-હ્રાસે પરમઋતલીલા અભિરમે.
—બધો પી આકંઠ પ્રણય, ભુવનોને કહીશ હું:
મળ્યાં વર્ષો તેમાં અમૃત લઇ આવ્યો અવનિનું.

૨૧ : ૭ : '૫૨-'૫૩ — ઉમાશંકર જોષી

[૧૮, ૨૫–૭–'૫૩ના સંદેશમાંના 'સાહિત્ય સાધના' વિભાગમાંથી]

ઢળે દિન—

ઢળે દિન ધીમે ધીમે પલપલે કંઈ રાત્રિમાં.
શમે ધ્વનિ ધીમે ધીમે સકલ કો મહાશાન્તિમાં.
પ્રવૃત્તિ સઘળી નિવૃત્તિ ઉદરે વિરામી જતી;
વિલીન જ્યમ શર્કરા મધુર ક્ષીરમાંહીં થતી.

વસાય દિનદ્વાર, રાત નિજ ખોલતી બારણાં.
શમે રવિ, ખૂલી જતાં નયન લાખ તારા તણાં.
સુએ દિવસ શ્રાન્ત. ખીલી ઊઠતી નિશા જાગ્રત.
નિશા પ્રકટ શી પ્રજાગ્રત, પ્રશાન્ત, યોગીવત!

અહો, ખબર ના પડે જ ત્યમ કો અજાણ્યા કરે
મહોર તણી બાજુ આખી ઉલટાવી દીધી, ખરે!
અદૃશ્ય થયું દૃશ્ય, દૃશ્ય સઘળું ય ના-દૃશ્ય શું!
નવીન કંઈ રૂપ સૃષ્ટિ તણું નેત્ર સામે લસ્યું!

બહિર્જગ લહંત નેત્ર મુજ ફેરવે દૃષ્ટિને;
ગભીર નિરખી રહંત મુજ ભીતરી સૃષ્ટિને.

પ્રજારા[illegible]

['દક્ષિણા'માંથી]

એક્શનરેડ ([illegible]
તા. ૨૮-૬-[illegible]

પ્રિય ભાઈ,

આજે અહીં આવ્યાને બરાબર એક અઠવાડિયું [illegible] થયું છે. લગભગ ૬૦ એકરનું એલનભાઈનું ખેતર [illegible] ગાયો છે, પણ અત્યારે પાંચ દૂધ આપે છે. બાકીની [illegible] વર્ષથી દૂધ આપશે. પાંચ જ ગાયો દૂધ આપે છે છતાં [illegible] લગભગ દોઢ મણ દૂધ થાય છે! ગાયો હાથેથી દોહતાં [illegible] જવાય છે એટલે ગાય દોવા માટેનું યંત્ર છે. યંત્રથી [illegible] પણ લગભગ એક કલાક લાગે છે! દોહ્યા પછી દૂધ [illegible] પહોંચાડવાનું. તે ઉપરાંત ઈંડાં માટે દસેક મરઘીઓ, [illegible] કૂતરા, એક બિલાડી, ૪ ઘોડા, ૧ ટ્રેક્ટર અને જુદાં જુદાં [illegible] માટેનાં અનેક ઓજારો–સાધનો છે. સવારના ૬ વા[illegible] કામની શરૂઆત થાય છે અને સાંજના લગભગ ૬ [illegible] પૂરું થાય છે. સવારે પાંઉ–માખણ, દૂધ, પનીર અને [illegible] નામના અનાજની પોરીજ (કાંજી) રોજ નાસ્તામાં [illegible] છીએ. પછી ખેતર પર કામે જઈએ ૧૧ વાગે [illegible]

ઈંગ્યાંબેન કૉફી અને બિસ્કિટ લઈને ખેતર ઉપર આવે. પછી બે વાગ્યા સુધી કામ કરીએ. અઢી વાગે ભોજનમાં સૂપ, કચૂંબર, બાફેલા બટેટા ઉપરાંત પાંઉ-માખણ-દૂધ તો ખાં. વળી હમણાં તો કામની મોસમ છે તેથી એલનભાઈ તો રાતના પણ કામ કરવા જાય છે. મને હજી બરોબર આવડે નહિ એટલે રાતના કામ પર આવવાની ના પાડે છે. ઉનાળાને લીધે રાતના પણ ઘણું અજવાળું મોડે સુધી હોય છે તેથી બધું કામ થઈ શકે. અહીંના મુખ્ય પાકમાં ઘઉં, જવ, 'રાઈ' (જવ જેવું અનાજ) અને બટેટા છે. તે ઉપરાંત થોડાં શાકભાજી, બાકીના ખેતરમાં ગાય અને ઘોડા માટે ખડ ઉગાડાય છે. હમણાં ખડ વાઢવાનું કામ ચાલે છે. ઘોડાથી ચાલતા 'મોવર'-યંત્ર વડે ખડ વઢાય છે. એલનભાઈને દરેક કામમાં પૂરતી મદદ કરવાની કોશિષ કરું છું.

અહીં દરેક ખેડુ કુટુંબ પોતાના ખેતર પર જ રહેતું હોય છે. એલનભાઈનું ખેતર નજીકમાં નજીકના રેલવે સ્ટેશન ક્રિશતરેડથી ત્રણેક માઈલ દૂર છે. પાસે નજીકમાં નજીક ગામ અહીંથી ૬ માઈલ દૂર છે. કાંઈ ખરીદી કરવાની હોય તો વેનર્સબોર્ગ નામના એ ગામે જવું પડે. સામાન્ય રીતે ખેતરો મોટાં રહ્યાં એટલે આજુબાજુમાં ખાસ કોઈનાં ઘર નથી. એલનભાઈનું ઘર સરસ મજાનું છે. સગવડ પણ ઘણી જ. ઘરમાં રેડિયો અને ટેલિફોન પણ છે. તે ઉપરાંત ઘરનું ફર્નિચર તો આપણા કોઈ મોટા શહેરમાં રહેતા પૈસાદાર માણસના જેટલું ! મને બધી સગવડવાળો એક સરસ ઓરડો આપ્યો છે, અને મારી પાસે ઘડિયાળ નથી એમ જ્યારે ગઈ કાલે એમને ખબર પડી ત્યારે એક એલાર્મ ઘડિયાળ પણ આપ્યું છે. એલાર્મ વાગે ત્યારે સરસ મજાનું સંગીત પંદરેક મિનિટ સુધી વાગે એટલે એના અવાજથી જાગી જવાય ! ખેતર પર કામ કરવા ત્રણ જોડી જોડા પણ આપ્યા છે, અને આવતા શિયાળાની કડકડતી ઠંડીમાં પહેરવા માટે ગરમ મોજાં એલનભાઈનાં પત્ની ઈંગ્યાબેન અત્યારથી મારે માટે ગૂંથી રહ્યાં છે. બન્ને જણ ઘણાં જ માયાળુ અને પ્રેમાળ છે. એમના કુટુંબમાં કુલ ચાર જણ છે. (હવે પાંચ કેમ કે હું નવો ઉમેરાયો છું !) એમને ચાર વર્ષની એક બેબી છે, જેનું નામ અનમરી છે. ચાર વર્ષની છતાં એ આપણી આઠ વરસની મુરલીબેન જેવડી દેખાય છે. બીજો એક ત્રણેક મહિનાનો બાબો છે, જેનું નામ હેલ્ગો છે. હમણાં તો ઉનાળો છે એટલે ઠંડી પડતી નથી. દિવસ સવારના સાડાત્રણ વાગે ઊગે છે અને રાતના નવ વાગે આથમે છે. રાતના પણ અંધારું ખાસ હોતું નથીઃ સૂર્યાસ્ત પછી હોય તેવું ઝાંખું અજવાળું રહે છે. કામ ગમે તેટલું હોય છતાં દર રવિવારે તો દરેક ખેડૂત રજા જ પાળવાનો જ. એટલે રવિવારે નવરાશ મળે છે.

[મસ્તાન મેઘાણી : સ્વીડનના પત્રમાંથી]

[અનુસંધાન પૃ. ૨૮૬થી]

છે અને એના ઉપર પોતાનો વિજય છે, અંકુશ છે એવા ભાનથી નાયકની અવશ અવસ્થાનો ઉપહાસ કરતી હોય તેમ નાયિકા હસીને નાયકને વ્યવહારમાં લાવવા પ્રયત્ન કરે છે :

તેવી બધી ગૂઢ અગૂઢ વૃત્તિઓ
ઉન્મત્ત ને મૂર્ચ્છિત મારી થે રૂહે.
વરતી હસી મન્દ સખી. કહ્યું મેં :
સદા સખી મોહક અંગ તારાં
ને હું તો, ક્વચિત જ મુગ્ધ થાઉં છું.

જગતમાં સૌન્દર્ય તો કાંઠા સુધી ભરેલું છે, પણ માણસ કોઈક જ ધન્ય ક્ષણે તેને સંવેદી શકે છે.

એ સત્યને અવલંબી નાયક ચાટૂક્તિથી પોતાનો બચાવ કરે છે :

સદા સખી મોહક અંગ તારાં
ને હું તો ક્વચિત જ મુગ્ધ થાઉં છું !

'હું કોઈ વાર મુગ્ધ થાઉં એમાં તને નવાઈ શી લાગે છે ! મોહક તો તું સદાની છે.'

બન્ને હવે નક્કર વ્યવહારભૂમિ ઉપર આવ્યાં છે અને નાયિકા પોતાનો સાળુ પાછો માગે છે.

"આપો હવે દઈ દો, મારો સાળુ ન આવશો નિકટ."

અને નાયક પોતાના ખભેથી એ સાળુ લઈ તેને પહોળો કરી નાયિકાને ઓઢાડે છે :

ખભેથી લૈ ઉકેલી મેં, ઓઢાડયો ત્યાં સરિત્તટ
ઓઢાડે જેમ આકાશ પૃથ્વીને રજનીપટ.

અને એ જ વખતે આકાશ પૃથ્વીને રજનીપટ ઓઢાડે છે. આકાશ અને પૃથ્વી પ્રાચીનકાલથી દંપતી ગણાય છે. એમ કાવ્યને અંતે તત્કાલીન કાવ્યની ભૂમિકામાંથી જ દંપતી-પ્રતીક રજૂ કરી કાવ્ય પૂરું થાય છે.

[અનુસંધાન પૃ. ૨૮૮થી]

ભાષા મનુષ્યનું એવું સહજ અને સૂક્ષ્મ સાધન છે, એવું સમૃદ્ધ અને અનુનેય સાધન છે કે એમાં ઊતરતી કલાનો વ્યાપ અને અવકાશ અત્યન્ત વિશાળ થઈ શકે, અને છતાં એમાં કલાનું કોઈ વાહન છે એમ સમજાય પણ નહિ. વ્યવહારના સંદર્ભમાં, રાગદ્વેષના પ્રત્યક્ષ સંઘર્ષમાં, માનવને રમાડતી નિયતિની લીલામાં રસનો ઉદય થાય છે, તેથી સાહિત્યકૃતિમાં આવતો માનવવ્યવહારનો પિંડ મહત્ત્વનો અને છે. રસનિષ્પત્તિનો આધાર એ છે, એટલું જ નહિ, દર્શનની, કૃતિના રહસ્યની સ્વાભાવિકતા, પ્રતીતિજનકતા, પ્રાણપ્રદતા અને પ્રસાદજનકતા એ પિંડમાં રહેલી છે. કલામાં જેની વધારેમાં વધારે શકયતા છે તેનું વત્તુંઓછું અસ્તિત્વ જ કલાકૃતિઓમાં તારતમ્યનો ગજ બને છે, અને એના તત્ત્વનિર્ણયમાં પણ એ શકયતાને પ્રથમ ધ્યાનમાં લેવી જોઈએ. આ દૃષ્ટિએ જોતાં સાહિત્યતત્ત્વને સમજવા સારુ આપણી નજર નાટક, નવલકથા કે મહાકાવ્ય ઉપર ઠરવી જોઈએ.

સાહિત્યકલામાં જીવનવ્યવહારના નિરૂપણની અત્યંત શકયતા એ એને બીજી લલિતકલાઓથી જુદી પાડે છે. કાવ્ય કરતાં નૃત્યમાં એવા નિરૂપણની શકયતા ઓછી છે. નૃત્ય કરતાં ચિત્રમાં ઓછી, ચિત્ર કરતાં શિલ્પમાં ઓછી, શિલ્પ કરતાં સ્થાપત્યમાં ઓછી, અને સંગીતમાં તદ્દન ઓછી શકયતા વરતાય છે. તેથી સાહિત્યકારના વિશિષ્ટ ધર્મ પણ સાહિત્યના આ અવકાશ અને ક્ષેત્રમાંથી ઉદ્ભવે છે.

મારા કથનનો કોઈ એમ અર્થ ન કરે કે દળમાં મો[illegible] હોય કે વ્યાવહારિક જીવનનું ખૂબ આલેખન હોય તે [illegible] સાહિત્યકૃતિ. મને એટલું જ અભિપ્રેત છે કે સાહિ[illegible] માનવવ્યવહાર સાથે નિસબત છે; મોટા ફલક ઉપર [illegible] નિરૂપણની અને નિષ્પન્ન થતા રસની જેટલી શકયતા [illegible] તેટલી નાના ફલક પર નથી; તેથી સાહિત્યનું તત્ત્વ [illegible] સાહિત્યસ્વરૂપમાં પૂર્ણતયા સમજાતું નથી. લાગણીનાં [illegible] સ્વરૂપ તેના આવેગોની ક્ષણમાં એટલાં નથી અનુ[illegible] જેટલાં જીવનના વિચિત્ર, સંકુલ, સુખદુઃખાદિના પ્ર[illegible] ની ભૂમિકામાં અનુભવાય છે. જીવનની રહસ્ય[illegible] જીવનના અંશ ઉપર વિદ્યુત્ જેવા પ્રકાશથી એટલી વ[illegible] નથી જેટલી તેના વિશાળ પટ ઉપર ઠરતી સ્થિર દ[illegible] થાય છે, વાસ્તે ઉત્કૃષ્ટ કાવ્યમાં દળ જોઈએ, વિપુલતા [illegible] એ. વાસ્તે જ "શાકુન્તલ" કે "રામાયણ", "હેમ[illegible]" કે "પેરેડાઈઝ લૉસ્ટ"નું મૂલ્ય ઊર્મિગીતો કરતાં, [illegible] સામાન્ય નિયમ તરીકે, વિશેષ રહે છે. બીજું [illegible] મને એ છે કે સાહિત્યકૃતિમાં પ્રયોજનકેન્દ્ર કે તાત્પર્ય [illegible] છે જેને વશ રહી કૃતિની સંશ્લિષ્ટતા ને સૌષ્ઠવ સધા[illegible] એ તાત્પર્યના મૂળમાં જીવનવ્યવહાર હોય છે. પરંતુ ત[illegible] એ સાહિત્ય નથી, અને કેવળ તાત્પર્યની મહત્તા ઉપર [illegible] મહત્તાનો આધાર નથી.

[અ[illegible]

Reg. No. B 43

માંહ્યલો સાબદો નથી

પ્રો. જુંગે પોતાના જીવનના અનુભવનો સારાંશ નીચેના શબ્દોમાં આપ્યો છે : " છેલ્લાં ત્રીસ વરસ પૃથ્વી પરના સો સભ્ય દેશોમાંના લોકોએ મારી સલાહ માગી છે. ... જીવનના ઉત્તરાર્ધમાં – એટલે કે પાંત્રીસ ઉ વરસોમાં – મને મળેલા દર્દીઓમાં એકે એવો ન હતો, જેનો પ્રશ્ન છેવટને પલ્લે જીવનની ધર્મદૃષ્ટિ મેળવવાનો ન સલામતીપૂર્વક એમ કહી શકાય કે દરેક જમાનાના જીવતા ધર્મોએ પોતાના અનુયાયીઓને જે આપ્યું છે તે બેસવાને કારણે એ એકેએક દર્દી બિમારી ભોગવતો હતો, અને જેને ધર્મદૃષ્ટિ પાછી લાધી ન હોય તેવો કોઈ સાચેસાચ સ્વાસ્થ્ય મેળવી શક્યો ન હતો. " ...

પૃથક્કરણશીલ મનોવિજ્ઞાનને જો આપણી સભ્યતાના સારાનરસાપણા વિષે કાંઈ કહેવાનું હોય, તો તે એ કે ધર્મપ્રતીકો આધિભૌતિક કે ઐતિહાસિક અર્થમાં સાચાં હોય કે ન હોય, સામાજિક અને મનોવૈજ્ઞાનિક અર્થમાં સાચાં છે અને જાગ્રત અને અજાગ્રત મન વચ્ચે મેળ સ્થાપવા માટે જરૂરી છે. ... ઘણા ખરા મનોવૈજ્ઞાનિકો, હું ધારું કે, સંમત થશે કે જાણીતા ધર્મોનાં પ્રતીકો માનવચેતનાની પાયાની પ્રક્રિયાઓની અભિવ્યક્તિઓ કે અભિક્ષે (પ્રોજેક્શન્સ)નું સૂચન કરે છે. કેટલીક અગત્યની બાબતોમાં આપણે એમને વટાવી ગયા છીએ એટલા ખાતર એ પ્રતીકોને અશેષપણે અને વિવેકવિના ફગાવી દેવાં એ તો નાવણના પાણી ભેળું બાળકને જ ફગાવી દેવા જેવું થશે....

ચેતનાની ગહનતર અને ઘણી વાર તો ભયંકર યથાર્થતાઓને અવગણવાથી આપણે ઉજ્જવળ માનવ પ્રતિ ઉદ્ભાસતી દુનિયાનું નહિ – બલકે એથી બરોબર ઊલટા જ પ્રકારની દુનિયાનું – નિર્માણ કરી રહ્યા છીએ. માન મુક્ત કરવાને બદલે એની અંદરના પશુને છૂટો દોર આપી રહ્યા છીએ, કારણ કે નર્યો બૌદ્ધિક માનવ અજા માનસનાં તર્કહીન, વિનાશક, અરે રાક્ષસી બળોનો શિકાર બની બેસે છે. ...

અર્વાચીન માનવ અંગે આ પ્રશ્ન શું સ્વરૂપ ધારણ કરે તેનો દાખલો પૃથક્કરણ માટે આવેલા એક દર્દી અનેકમાંના એક સ્વપ્નમાંથી મળે છે. સ્વપ્ન એક નમૂનેદાર અર્વાચીન બૌદ્ધિક નાસ્તિકને આવેલું. અગાઉનાં સ્વપ્ બૌદ્ધિક ભૂમિકાની ઉન્મૂલક અને વેધક (જો કે અજાગ્રત) આલોચના પ્રગટ થઈ હતી. પછી આવ્યું નીચેનું સ્વ " અલાસ્કામાં એક ઝૂંપડીમાં હું હતો. બારણા પર ટકોરા થયા અને સાન્ટા ક્લાઉસ અંદર આવ્યા. બહુ થાકી ગ હતા. બોલ્યા : 'આટલો બધો બરફ પડે છે અને એક નક્કર ગાંગડો ન મળે !' મને બુઢ્ઢાની દયા આવી અને એ ખોજમાં મદદરૂપ થવા હું બહાર નીકળ્યો. બંને ખૂબ મહેનતપૂર્વક ઘૂંટણભેર આકૃતિવર્ધક કાચથી શોધતા રહ્યા. અમને મળ્યા માત્ર અલ્પ, આકૃતિહીન લચકા, એકે નક્કર સ્ફટિક ન મળ્યો. બુઢ્ઢાએ દિલગીરીપૂર્વક કહ્યું : 'માંહ્ય વચાળમાં તાકાતનું નામ ના મળે !' મેં જવાબ આપ્યો : 'હા, ગભારો સૂનો સુમસામ છે.' ...

આજની માનવતાનું એ ચિત્ર છે. આકૃતિહીન વ્યક્તિઓ એટલે કે લચકાઓ જૂથો કે સમુદાયો રૂપે પર વળગી રહેલ છે, કારણ કે કોઈ વાસ્તવિક સાર્થક કેન્દ્ર નથી. 'માંહ્યલો સાબદો નથી' – માંહ્યલીકોરની તાકાત પોતાની નરી હાજરીથી જ સમગ્રને આકાર, સાર્થકતા, આયોજન અર્પે અને એને નકરા લચકામાંથી વ સ્ફટિકમાં પલટાવી દે એની જ અરેરે ઊણપ છે ! ગર્ભગૃહ ખાલીખમ છે.

આ સ્વપ્ન બહુ વ્યાપક એવી બેચેનીનું સૂચક ચિહ્ન છે. એ એક મનોવૈજ્ઞાનિક – અને અવશ્યપણે ન હું ફરીથી કહું છું, ઈશ્વરવિષયક – સત્ય આપણને કહે છે : એ સત્ય એ કે પવિત્ર પરમ તત્ત્વ માટેના ખ્યાલને પુનઃ કરીને અને આપણી અજાગ્રત ચેતનાની વાસ્તવિકતાઓ તરફ મુખ ફેરવીને જ માનવના – તેમ જ સમા વ્યક્તિત્વને પુનઃ સુગ્રથિત કરવું શક્ય છે.

[આર. જે. ઝેડ. વેર્બ્લોવ્સ્કી : બી. બી. સી. ...

સંસ્કૃતિ

વર્ષ ૭મું : અંક નવમો

તંત્રી :
ઉમાશંકર જોષી

સપ્ટેમ્બર ૧૯૫૩



શ્રીઅરવિંદ



સંસ્કૃતિ

વર્ષ સાતમું   અંક નવમો

અનુક્રમણિકા : સપ્ટેમ્બર ૧૯૫૩



સંસ્કૃતિ કાર્યાલય વતી મુદ્રક-પ્રકાશક : કિશનસિંહ ચાવડા, ચેતના પ્રેસ લિ., નવા બજાર, વડોદરા.

લેખકમિત્રોને વિનંતિ :

* લખાણ કાગળની એક બાજુ સ્વચ્છ અક્ષરે લખાયેલું, જોડણી પ્રમાણેની જોડણીવાળું હોય મુદ્રણદૃષ્ટિએ જરૂરી છે.
* લખાણ પાછું મેળવવા માટે સાથે જવાબી પરબીડિયું હોવું આવશ્યક છે.

સૂચનાઓ :

* દર માસની સાતમી તારીખે પ્રસિદ્ધ થાય છે.
* દશમી સુધીમાં અંક ન મળે ટપાલમાં તપાસ કર્યા પછી કાર્યાલયને જણાવવું.
* પત્રવ્યવહારમાં ગ્રાહકનંબર લખવાથી સગવડ થશે.
* આ માસિકમાં પ્રસિદ્ધ થતા લેખોમાંના અભિપ્રાય માટેની જવાબદારી તે તે લેખકની છે.
* પ્રથમ અંકથી ગ્રાહક થવું આવશ્યક છે.

ગ્રાહકો નોંધવાનાં સ્થળો:

એન. એમ. ત્રિપાઠી, લિ. મુંબઈ
જીવનસાહિત્યમંદિર, અમદાવાદ
ભારતીસાહિત્યસંઘ, અમદાવાદ
ઇન્દ્રધનુ, મિશનરોડ, અમદાવાદ
ગાંડીવ સાહિત્યમંદિર, પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઈ-૨
ગાંડીવ સાહિત્યમંદિર, લાલ... સુરત
એલ. કે. મેઘાણી : ... સ્ટ્રીટ, કલકત્તા ૧.
પ્રભાકર બ્રધર્સ, પો. બો. ... નૈરોબી, ઇસ્ટ આફ્રિકા.

લવાજમ :

દેશમાં રૂપિયા સાત. પરદેશમાં ... અથવા શિલિંગ ૧૪. છૂટક ... બાર આના.

તંત્ર અને વ્યવસ્થા અંગેના પત્રવ્યવહારનું સરનામું :

સંસ્કૃતિ કાર્યાલય
એલિસ-બ્રિજ. અમદાવાદ

સંસ્કૃતિ

सत्यं परं धीमहि ।



સપ્ટેમ્બર ૧૯૫૩

भारतनी आत्मस्थापना

કર્મવીર યુરોપનું આહ્વાન ગઈ સદીમાં ભારતે અનુભવ્યું. ત્યારે એ તો મહાન સત્યોને પોપટની જેમ જલ્પતો ખખડી ગયેલો ખોખંધર દેશ હતો. પણ યુરોપના વીજળીક સંપર્કના પ્રથમ આંચકા શમ્યા ન શમ્યા ત્યાં જ એની આત્મસ્થાપનાની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી હતી. યુરોપના આહ્વાનથી ભારતની ચેતનાના ઝરા, સેંકડો વરસોના આલસ્યપ્રમાદના – તંદ્રાના પોપડા ભેદીને, સળવળવા લાગ્યા. ભારતનો પ્રયત્ન, વસ્તુતઃ, આત્માની સ્થાપનાની દિશામાં હતો. યુરોપમાં અને એના અનુકરણમાં જાપાન આદિ એશિયાઈ દેશોમાં રાષ્ટ્રવાદ ખીલ્યો હતો તેમાં મોટે ભાગે સામૂહિક અહમ્‌ની સ્થાપનાની ચેષ્ટા જોવા મળે છે. જાપાનનો શો ફેજ આવ્યો એ સુવિદિત છે.

રવીન્દ્રનાથનો ભારતની આત્મસ્થાપનાના ઉદ્‌ગાતારૂપે જગતને પરિચય થયો.

ભારતના આત્માની સમૃદ્ધિની વિલક્ષણતા તો જુઓ. દુનિયાએ ભારતના આત્માના પ્રકટનરૂપ બીજા જોયા ગાંધીજીને. એક આધુનિક ધૂલિધૂસરિત ભારતના યથાર્થ પ્રતીકરૂપ કર્મઠ તપોમૂર્તિ છે, બીજી ભારતના આત્માની સમગ્ર સંચિત શ્રીને સાકાર કરતી રસમૂર્તિ છે. બંને કેવી વિભિન્ન ભાસે છે! છતાં બંને ઉપર ભારતવર્ષની કેવી તો અચૂક સ્પષ્ટ મહોર છે! ત્રીજી છે પ્રબુદ્ધમૂર્તિ, અરવિંદની. ત્રણે પશ્ચિમથી પૂરા રંગાયેલા છે. પશ્ચિમના જીવનનાં ઉત્તમ અંશોને આત્મસાત્ કરવામાં ત્રણે પાછા પડતા નથી. પણ એમના વ્યક્તિત્વને તપાસશો, બારણાં ઠોકતા ઠોકતા છેક ગર્ભગૃહ સુધી જશો તો ત્યાં ભારતના આત્માનાં દર્શન થશે. રવીન્દ્રનાથ, ગાંધીજી, શ્રીઅરવિંદ કશું જ નથી, જો તે નખશિખ (every inch) ભારતીય નથી.

શું ય ધતીંગ છે આ ભારતનો આત્મા અને એની સ્થાપનાની પ્રક્રિયા? ઓગણીસમી સદીમાં યુરોપે યંત્રની મદદથી સુખસગવડોનો એક તબક્કો સિદ્ધ કર્યો. વિલાસનો ઓથાર અનુભવતાં યુરોપે ફિટ્‌ઝરાલ્ડ જેવા મારફત પૂર્વના (ઓરિયેન્ટલ) ઓમર ખય્યામની કવિતામાં સુખકેફના ઉદ્‌ગારો આરોપ્યા અને આસ્વાદ્યા. પણ ૧૯૧૪નું પ્રથમ વિશ્વયુદ્ધ ફાટ્યાના સમાચાર મળતાં ફ્રેંચ રાજપુરુષ પોંકારેએ ટાગોરના પુસ્તકની માગણી કરી એ નાનકડી ઘટનામાં પૂર્વના—ભારતના સાચા આત્માના સંપર્ક માટેનો પશ્ચિમનો તલસાટ પ્રતીત થાય છે. રાજકીય અને આર્થિક પ્રગતિના ઉપાયો (દા. ત. સ્વદેશી) ભારતના નેતાઓએ કેવળ રાજકીય કે આર્થિક પ્રગતિના ખ્યાલથી વિચાર્યા નથી, પણ ભારતના આત્માના સાચા આવિષ્કારરૂપે એમનો અંદાજ કર્યો છે. રાજકીય-આર્થિક રીતે પશ્ચિમનાં રાષ્ટ્રોની સરખામણીએ હજી ભારત પગભર નથી, પણ એ પોતાનો વિકાસક્રમ આત્માના અનુલક્ષમાં યોજશે ત્યાંસુધી એની અસર શામકતાની રહેવાની.

કોઈ જડ ધર્મરૂઢિ કે સાંકડા રાષ્ટ્રવાદ સાથે ભારતની આ આત્મસ્થાપનાને સંબંધ નથી. 'ગોરા' નવલકથામાં ટાગોરે એવો પેચ રચ્યો કે હિંદી ધર્મ માટે પારાવાર ધગશ રાખનાર ગોરા પોતે જ પરદેશી હતો, અને સૂચવ્યું કે ભારતધર્મ જો માનવધર્મરૂપે વ્યક્ત ન થઈ શકે તો એની કોડીની કિંમત રહેવાની નથી. ગાંધીજીએ રાષ્ટ્રવાદ અંગે પણ આ જ દૃષ્ટિ સ્થાપી: My nationalism is internationalism in practice.—મારો રાષ્ટ્રવાદ એ અમલમાં મુકાઈ રહેલો આંતરરાષ્ટ્રીયવાદ જ છે. આ જ વલણ, કેવળ સંસ્થાઓ કરતાં માનવીમાં વધુ વિશ્વાસ–એ રૂપે પણ વ્યક્ત થાય છે. શ્રી અરવિંદ કહે છે તેમ 'જે સમાજ એના માનવીઓથી નહિ પણ સંસ્થાઓથી જીવે છે એ સામૂહિક આત્મા નથી, પણ યંત્ર છે; એનું જીવન યાંત્રિક પેદાશ બની રહે છે અને પછી એનું જીવંત સંવર્ધન થંભી જાય છે.'

ભારતની આત્મસ્થાપનાની પ્રક્રિયા અત્યારના કસોટીકાળમાં વધુ તેજસ્વી બને તો જ એ સાચી.

૭-૮-૧૯૫૩, રવીન્દ્ર પુણ્યતિથિએ

ઉમાશંકર જોષી

સમયરંગ

માધ્યમિક શિક્ષણપંચનો અહેવાલ

માધ્યમિક શિક્ષણપંચનો અહેવાલ બહાર પડ્યો છે તેનો સાર છાપાંમાં પ્રગટ થયો છે. શારીરિક શિક્ષણ ઉપર યોગ્ય રીતે ભાર મૂકવામાં આવ્યો છે. શાળાઓનું નિરીક્ષણ માત્ર વહીવટી ધોરણે નહિ, પણ શિક્ષકો સાથે વાર્તાલાપો યોજી દોરવણી આપવાના ખ્યાલથી પ્રેરાયેલું હોવું જોઈએ એ સુંદર સૂચન પંચે કર્યું છે. રજાઓ થોડીક ઓછી થાય, કામ કરવાના દિવસ વધે એ સૂચન પણ છે. જો કે આપણા રાજ્યમાં તો શાળાઓ પંચની ભલામણ કરતાં પણ વધુ દિવસ કામ કરે છે. શિક્ષકોની સ્થિતિ બધાં જ રાજ્યોમાં સારા પાયા પર મુકાય તેની હિમાયત થઈ છે.

પહેલી નજરે ટીકાપાત્ર વસ્તુ લાગતી હોય તો તે મિડલ સ્કૂલ (ધોરણ ૫-૬-૭) કક્ષામાં એક સ્વભાષા અને રાજભાષા ઉપરાંત એક 'પરદેશી' ભાષા પણ ફરજિયાત શીખવાનું એ કહે છે તે છે. બાળકોને ભાષાના બોજથી જ ગૂંગળાવી મારવાના જૂના વલણમાંથી કોણ જાણે પણ હજી છૂટી શકાતું નથી! ગુજરાતી સાત ધોરણ (પાયાની કેળવણી) પૂરી કરતાં સુધી કોઈ પરદેશી ભાષાનો ફરજિયાત અભ્યાસ જરૂરી ન જ હોવો જોઈએ. અને આ અંગે સ્વાતંત્ર્ય મળ્યા પછી આપણી પ્રજાના મોટા ભાગે પગલાં લીધાં પણ છે. ૩૫ કરોડમાંથી ૩૧ કરોડ પ્રજામાં અંગ્રેજી પાંચમીમાં શિખવાતું નથી, એમાંથી ૧૮ કરોડમાં છઠ્ઠીમાં પણ શિખવાતું નથી, અને એમાંના સારા એવા ભાગમાં સાતમીમાં પણ શિખવાતું નથી. આ પંચે શું એમ માન્યું કે આ બધું ખોટું થયું છે? ફરીથી પાછા અંગ્રેજી અમલની જૂની ઘરેડમાં તદ્દન આરંભના શિક્ષણને નાખવું એથી વધુ પ્રત્યાઘાતી શું હોઈ શકે? પોતાની સૂચના રાષ્ટ્રને કેટલી બધી ખૂંચશે એનો ખ્યાલ પંચને હોય એમ એણે 'અંગ્રેજી ભાષા'ને બદલે 'પરદેશી ભાષા'નો શબ્દપ્રયોગ કર્યો છે તેમાં છતું થયા વગર રહેતું નથી!

ફરજિયાત વિષયોમાં સમાજજ્ઞાન, સામાન્ય વિજ્ઞાન અને એકાદ હાથઉદ્યોગ છે એમાં હાથઉદ્યોગ ઉપર મૂકેલો ભાર ઉચિત છે. પણ દેશમાંની શિક્ષિતોની બેકારીને મૂળમાંથી જ ડામવા માટે પુખ્ત વિચાર આ પંચે કર્યો હોય એવી છાપ પડતી નથી. માધ્યમિક શિક્ષણની જે બે કક્ષા ત્રણ અને ચાર વરસની યોજાઈ છે તેમાંથી પહેલી કક્ષા પછી વ્યવસાયોની કેળવણીના અનેક અભ્યાસક્રમો ખુલ્લા મૂકવામાં આવે તો સોળસત્તર વરસે જુવાનો કમાતા થઈ શકે. આ દિશામાં આ પંચને ભારપૂર્વક કાંઈ સૂચવવાનું હોય એવું છાપાંના સારાંશો પરથી લાગતું નથી. દેશના અત્યારના પ્રશ્નો ઉપર, અગાઉ મળેલી સૂચનાઓ ઉપરાંત, [illegible] વિશેષ પ્રદાન આ પંચ કરી શક્યું નથી.

ઉચ્ચ શિક્ષણનું માધ્યમ

માધ્યમિક શિક્ષણપંચે માધ્યમિક શિક્ષણનું માધ્યમ દેશભર[illegible] બધે પ્રાદેશિક ભાષા હોવી જોઈએ એમ કહ્યું છે. પણ ઉચ્ચ શિ[illegible] અંગે હજી મતભેદ પ્રવર્તે છે. ૧૯૫૪થી કેટલેક અંશે પ્રાદે[illegible] ભાષા કે હિંદીને માધ્યમ તરીકે યોજવાનું ગુજ. યુનિવર્સિટીએ ઠ[illegible] છે. પણ ચોપડીઓ તૈયાર થતી નથી એ જાતની મુશ્કેલીઓ આ[illegible] ધરી અંગ્રેજી હજી વધુ વરસો ચાલુ રાખવાનું સૂચન થાય છે [illegible] પંતપ્રધાન શ્રી મોરારજી દેસાઈએ પદવીદાનસમારંભમાં ઇશારો[illegible] શ્રી મોરારજીભાઈએ પોતાના વ્યાખ્યાનમાં કહ્યું કે અંગ્રેજીએ દે[illegible] એકતા આણી એમ વારંવાર કહેવામાં આવે છે, પણ એ બરા[illegible] નથી, બલકે ભણેલા અને ન ભણેલા, તંત્ર અને પ્રજા એ વચ્ચે દીવા[illegible] ઊભી કરવામાં એણે ભાગ ભજવ્યો છે. અંગ્રેજી ઉચ્ચ શિક્ષ[illegible] માધ્યમ ન હોઈ શકે, સ્વભાષા પાસેથી એ કામ લેવાનું [illegible] એમ એમણે ભારપૂર્વક કહ્યું. ગુજ. યુનિવર્સિટી એક પ્રાગતિક [illegible] કરી એને ત્રિશંકુની દશામાં હવે વધુ વખત નહિ રાખે એવી [illegible] કોઈ આશા રાખશે.

અભિનન્દન

શ્રી કેશવરામ કા. શાસ્ત્રી અને શ્રી જયશંકર 'સુંદરી'ને [illegible] ૧૯૫૨ના રણજિતરામ સુવર્ણચંદ્રક આપવાનું સાહિત્ય[illegible] ઠરાવ્યું છે. શ્રી બચુભાઈ રાવતને મુંબઈ રાજ્યની ઉપલી [illegible] નિયુક્ત કરવામાં આવ્યા છે. એ ત્રણે સજ્જનોએ પોતપો[illegible] ક્ષેત્રમાં નિષ્ઠાપૂર્વક સેવાઓ આપી પ્રજાના સંસ્કારજીવનની [illegible] ફાળો આપ્યો છે. ત્રણેને અભિનંદન!

હિંદ-પાકિસ્તાન એખલાસ

વડાપ્રધાન શ્રી નહેરુની કરાચીની મુલાકાત અત્યંત [illegible] આગાહી કરનારી જણાઈ હતી. બંને પડોશી દેશોની પ્રજા[illegible] પરસ્પર સારા સંબંધો સ્થાપવા માટેની ઇંતેજારી પણ સુંદ[illegible] પ્રગટ થઈ હતી. પછી એવામાં જ કાશ્મીરની સરકારમાં [illegible] ફેરફાર થયા અને પાકિસ્તાનની નેતાગીરીનાં જૂનાં તત્ત્વોએ [illegible] ઉપર ભારે બેદિલી ઉશ્કેરી. શ્રી નહેરુએ ખાતરી આપી [illegible] આંતરિક ફેરફારથી કાશ્મીર અંગેના હિંદના વલણમાં કો[illegible] પડતો નથી. પણ પાકિસ્તાનમાંની બદલાયેલી રાજકીય [illegible] થઈ ત્યાંના વડાપ્રધાન જ. મહમદઅલીએ દિલ્હીની મુલાકા[illegible] વહેલી યોજાય એમ સૂચવ્યું. પાકિસ્તાનમાં જેહાદની વાતો [illegible]

થઈ રહી હતી તે ઘડીએ હિંદી પ્રજા પાકિસ્તાનના વડાપ્રધાનને દિલ્હીમાં હૃદયના સ્વાભાવિક ઉમળકાથી માનપૂર્વક વધાવી રહી હતી. પાકિસ્તાનની ને હિંદની પ્રજાઓ પરસ્પર એખલાસ માટે કેટલી આતુર છે એ બંને દેશના નેતાઓને આવા પ્રસંગોથી સમજાઈ જવું જોઈએ. બંને વડાપ્રધાનોએ સંયુક્ત નિવેદન પ્રગટ કર્યું, અને કાશ્મીરના પ્રશ્ન અંગે સંતોષકારક પ્રગતિ સાધી શકાઈ એમ લાગ્યું. પણ પાકિસ્તાનની નેતાગીરીનાં જૂનાં તત્ત્વો બન્ને દેશોની પ્રજાઓના વધતા જતા એખલાસ પ્રત્યે રહેમવાળાં જણાતાં નથી. કાશ્મીરના પ્રજામતના નિરીક્ષક તરીકે યુનોએ નીમેલા નિમિત્ઝ માટે આગ્રહ બતાવી દિલ્હીનિવેદનને લૂલું કરવાનો પ્રયત્ન ત્યાં શરૂ થયો. દરમ્યાન શ્રી નિમિત્ઝે 'અંગત કારણોસર' પોતાના પદનું રાજીનામું આપ્યાના સમાચાર છે.

કોરિયા શાંતિપરિષદ

આ અંગેની યુનોની આખી કારવાઈમાં યુ. એસ. એ. સારો ભાગ ભજવી શક્યું નહિ એમ જણાયું. હિંદ જેવી ઊછરતી લોકશાહી માટે ગૌરવથી વર્તવાનું શક્ય હોય, પણ આજે દુનિયાનો સૌથી વધુ પ્રભાવશાળી ગણાય એવો દેશ યુ. એસ. એ. ગૌરવથી વર્તી ન શકે એ કેવું! આજે યુ. એસ. એ.ના જ નહિ, દુનિયાના ઇતિહાસમાં એક કટોકટીની વેળા છે, એ વખતે અમેરિકાનો પ્રતિનિધિ અવાજ પરદેશમંત્રી શ્રી ડલેસ જ હોય તો તે ઓછું કમભાગ્ય ન ગણાય. અમેરિકાને કદાચ એમ લાગે છે કે શ્રી વિશીન્સ્કીને સવાઈ વિશીન્સ્કી બનીને જ પ્રભાવિત કરી શકાશે! શ્રી વિશીન્સ્કીના ભાથામાં 'તમે એમ માનો છો કે તમે સર્વોપરી જાતિ છો?'—જેવાં શસ્ત્રો છે તેની ધાર બૂઠી કરવાને બદલે એશિયા-આફ્રિકામાં પ્રત્યાઘાતી સરકારોને પીઠબળ આપવાની અને હિંદ જેવી પ્રાગતિક સરકારની ઉપેક્ષા કરવાની ચેષ્ટા અમેરિકાને સૂઝે, તો તે આ વિશાળ પ્રદેશોમાં ભલી લાગણી ગુમાવવા માટેનો રાજમાર્ગ તો છે જ, પણ અમેરિકાને પોતાને માટે પણ એ આત્મઘાતક નીવડ્યા વિના રહેશે નહિ

સુધારો

આ અંકમાં પૃ. ૩૩૬ પહેલી હાર, પં. ૫માં 'આ બંને... વિચારની'ને બદલે 'આ બંને સ્થિતિમાં અર્વાચીન વિચારણા' વાંચવું; બીજી હારમાં, પં. ૧૨માં 'પ્રતિભાત'ને બદલે 'પ્રતિભાન' અને પં. ૧૩માં 'સમગ્રને'ને બદલે 'સમગ્ર ને' વાંચવું.

[અનુસંધાન પૃ. ૩૪૮થી]

માટેય અત્યારે બહુ સારું ક્ષેત્ર છે." કોઈએ કહ્યું કે: "હવે સુન્દરીસુબોધ, સ્ત્રીબોધ વગેરે બન્ધ થયાં છે એટલે ખાસ." મેં મનમાં "સ્ત્રીમિત્ર" ને "ગુણસુન્દરી" ઉમેર્યાં. પછી મોટેથી કહ્યું કે: "સુન્દરીસુબોધ પહેલું નીકળ્યું ત્યારે એક વરસના એક રૂપિયાના લવાજમવાળા ને ૩૨ પાનાંવાળા આ પત્રે ગુજરાતમાં જે ચમક આણી હતી, તેવી તો ફરીથી નહિ જ આવે. પછીથી થોડાં વર્ષો પછી સાર્જન્ટરાવ મુંબઈ આવ્યા, ને બિન્દુભાઈએ તે હાથમાં લીધું. એમની મહત્ત્વાકાંક્ષા એ પત્રને બત્રીસમાંથી સો પાનાં ઉપર લાવી, પણ આમ એક કૂદકે આગળ જવાના યત્નમાં થોડાં જ વર્ષમાં એ પત્ર બન્ધ થયું." કોઈએ એના મૂળ પ્રકાશક "બન્ધુસમાજ"ની વાત કાઢી; આજે એ દુર્ભાગ્ય જ છે કે એ સમાજનો એક પણ બન્ધુ હયાત નથી. છેલ્લા બન્ધુ શંકરરાય એએક વર્ષ થયાં જ અવસાન પામ્યા છે.

મેં ઉમેર્યું કે: "બિન્દુભાઈને મેં ખૂબ વાર્યા હતા કે ધીરે ધીરે આગળ વધો. બીજાઓએ પણ કહ્યું હતું. પણ એમણે માન્યું નહિ. પછીથી સો પાનાં દર માસે 'ભરવાં' મુશ્કેલ થયાં, અને અમદાવાદી અનિયમિતતા, 'વસન્ત'ની પેઠે 'સુન્દરીસુબોધ'ને પણ વળગી. કદીક અંકો સારા ને મોટા, કદીક મોડામોડા બબ્બે સામટા નીકળે. પણ પછી સૌ બંધ પડ્યા." મેં ઉમેર્યું કે: "એક રીતે માસિકોની નિયમિતતાનો દાખલો ગુજરાતમાં તો મટુભાઈએ 'સાહિત્ય'ની દ્વારા જ આપ્યો." આમાં સૌ સંમત થયા.

એકાએક રમણભાઈએ સૂચન કર્યું: "બન્ધુસમાજ, 'સુન્દરીસુબોધ'નો પ્રથમ યુગ વગેરે વિષે તમે ઘણું જાણતા હશો. હાલ તો તે જાણનારા બહુ થોડા જ છે." મેં કહ્યું: "અબઘડી તો કૃષ્ણલાલ ઝવેરી ને હિંમતલાલ અંજારીઆ એ બેનાં જ નામ યાદ આવે છે."

"તો પછી તમે એનાં સંસ્મરણોનો એક લેખ 'નાગરિક'ને આપો તો?"

આમ રસભરી વાતોમાં દશબાર માઈલની સફર જણાઈ જ નહિ. હું ખાર ઊતર્યો ત્યારે ૧૦॥ થયા હતા. મારા ૭ સોબતીઓને તો વધારે મોડું થયું હશે.

પણ આ ભોજન ને મિલનના સંસ્કારો અત્રે ને પછી હમેશના રહી ગયા. ખાસ કરીને કેટલાક જૂના મિત્રોના ને નવા મિત્રોનાય!

પદ્માવતી (ગીતિ-નાટ્ય)

રાજેન્દ્ર શાહ

પાત્રો

પદ્માવતી
જયદેવ
મંદાકિની — પદ્માવતીની નાની બહેન
અલકનંદા — પદ્માવતીની સહિયર
રાજા
રાણી
દાસી
યમદૂતો
દેવદૂતો
અગ્નિ

દૃશ્ય—૧

[**સ્થળ:** કવિ જયદેવના ઘર-મંદિરનો મંડપ.
સમય: ગ્રીષ્મના દિવસનો શેષભાગે બીજો અને મુખ્યત્વે ત્રીજો પ્રહર.]

(પડદો ઊપડે છે ત્યારે મંદાકિની વીણાના તાર મેળવી રહી હોય છે.)

અલક૦ (બહારથી):
મંદા ! રે અલિ મંદા !

મંદાકિની : કોણ સાહેલી સાદ કરે છે ?
કોણ રે અલકનંદા ?

(બીન બાજુ ઉપર મૂકી બારણું ખોલવા ઊઠે છે. પિંજરની મેના એક ટહુકો કરે છે. પણ આ ક્રિયા દરમ્યાન બહારથી અલકના ગાનનો ધ્વનિ આવતો હોય છે.)

અલક૦ (બહારથી આવતો ધ્વનિ):
દુવાર ખોલિયે
સરખાં ઉરની વાત, સખીરી !
મન મેલીને બોલિયે...
એકલની અકુલાઈ ઘડીભર ભૂલિયે,
સોણલાંને સૂર હળવે ઝૂલે ઝૂલિયે,
સાવણની ઝરમરને ઝીલી
રહીએ ફાગુન હોળીએ.

(મંદાકિની દ્વાર ખોલે છે. અલક પ્રવેશ કરે છે

મંદા૦ : આવ રે સઈ આવ
પિંજરે બેઠી બોલતી મેના
આવ, આવ, આવ...
જલ જમુનાતીર ને પેલું
તુલસી કેરું વન,
વ્રજની આહીર નારની હારે
રમતો જ્યાં મોહન,
એવી તારી
વાતમાં એનું મન,
બોલતી મેના
આવ, આવ, આવ...

પિંજરની મેના (અલકનંદાને પ્રવેશ કરતાં જોઈ.):
નમઃ ગોવિન્દાય

અલક૦ : ગોવિન્દાય નમો નમઃ

મંદા૦ : નમઃ ગોવિન્દાય.

(સ્વસ્થાને બેસી બીન ઉપર કોમળ ધૈવતનો
ઉઠાવે છે.)

અલક૦ (ફૂલદાની ખાલી જોઈ):
કમળનું ફૂલ કુંભ વિષે નહિ
માલતીની નહિ માળ,
એક વિના ઘર સાવ સૂનું
સઈ...

મંદા૦ : ગોપવનિતન કા'ન વિના ...
વિણુ હંસ સરોવર પાળ.

અલક૦ : કિહાં ગઈ પદ્મા ?

મંદા૦ : પૂજન ઘરથી ન આવી હજી
પ્રિય - વિરહ ઉદાસીન વદના.
ક્યાંય રે એને ચેન મળે ના
સુરજમુખી ફૂલ શી, એનાં
ક્યાંય રે બીજે નેણુ વળે ના ...
એવી એની ભક્તિ
પલ પલનો સહચાર ચહે
ન વિયોગ સહે અનુરક્તિ ...
અલક ! તુંય તે જાણે છે ને ?
ચરણુ ધરિયા રાણીમાએ યદા પતિ ચેહમાં ...

અલક૦ : હા, ત્યારે તો
અનુમરણને પદ્માએ તો ગણેલ વિડંબના
પ્રણય તણી,
એ સંભારે છે ?

મંદા૦ : હતી શી અલૌકિક
દ્યુતિ નયનમાં...વાણી હૈયા ઊંડાણની ગંભીર !
'અનુમરણ જે કાલક્ષેપે થતું, ધિક પ્રેમ એ,
હૃદય-મળિયાં એને જુદાં ન મૃત્યુ કરી શકે.'

અલક૦ : રતિ હૃદયના !
વાણી એની ન વૈખરી, મર્મની.
રે કિંતુ એ બોલ થકી કલંકિત
રાણી ગણે છે નિજ રાજકુલને.
હૈયે અસૂયા જલતી અખંડિત
ધારી, કહે ડંખથી 'જોઈશું જ ને.'
મને રહે ભીતિ
રે ભીતિ રે' શાસનમત્ત ગર્વની

મંદા૦ : ને પ્રીતિ કેરા વશીકાર મંત્રમાં
તારી ન શ્રદ્ધા ?

અલક૦ :
નહિ. મતિ મારી દંગમાં

મંદા૦ : મૃદંગને મેળવ બીન સૂરમાં.

(અલક મૃદંગને ઉછંગમાં લઈ બીન સાથે મેળવે છે.)

પદ્માવતી (અંદરથી) :
દૂર કુંજ મહિં મધુરવ મુરલી બાજે.
સૂર મિષે પ્રિય સાદ કરે, અવ
ચલ ચલ રે હિય
ઘરબંધન નવ સાજે ...

અલક૦ : આવે સખી અહીં...

મંદા૦ : શી આકુલ અતિ આજે !

પદ્મા૦ : ધીર, ચરણુ ! તવ ચાલ,
અધીર મન મારું
ઉન્મન લાજે ...

અલક૦ : આ આવી સઈ ...

પદ્મા૦ : દૂર કુંજ મહિં મધુરવ મુરલી બાજે ...

(અલકને જોઈ આંખથી અભિવંદન કરે છે)

મેના૦ : નમઃ ગોવિન્દાય.

પદ્મા૦ (પિંજર કને જઈ) : ગોવિન્દાય નમો નમઃ

(પિંજર ખોલી મેનાને પંપાળે છે. મેના હરખી ઊડે છે. પિંજરનું દ્વાર ખુલ્લું જ રહેવા દઈ પદ્મા પાથરણા પર જઈ બેસે છે. મંદાકિની એના હાથમાં બીન મૂકે છે.)

પદ્મા૦ : અલક ! જલ તેં લીધું ?

અલક૦ : મારી તૃષા તવ ગીતની.

(પદ્મા બીન પર સા બજાવે છે.)

પદ્મા૦ : પ્રિયતમને મળવાને ઉત્કંઠ, વિરહાકુલ કૃશદેહા રાધાની સ્થિતિ સખી જઈ ભગવાનને કહે છે....
રહઃ વિષે રહી દિશ દિશ હેરત,
અધર મધુર મધુ રમણી પીવત;
નાથ હરે ! ઝુરતી રાધા વાસગૃહે...
તવ અભિસાર પથે મિલનાકુલ,
ધાવત ઢળતી નિતમ્બવતી સ્થૂલ;
નાથ હરે ! ઝુરતી રાધા વાસગૃહે...

'આ આવ્યા ઘનશ્યામ' છળીને
તિમિર અનલ્પ ચૂમે ભુજ ભરીને
નાથ હરે! ઝુરતી રાધા વાસગૃહે...
(બારણે ટકોરા.)

અસહ વિલમ્બથી વિગલિત લજ્જા,
વિલપત રોવત . વાસકસજ્જા;
નાથ હરે! ઝુરતી રાધા વાસગૃહે...

દાસી (બહારથી): દેવી!
(મંદાકિની દ્વાર ખોલે છે.)

દાસી (ગળગળા સાદે):
કેમ કરી વેણુ બોલવું મારે?
હાય રે
મૂંગી જનમારાની હોત ને તો આ
ફૂલને આગે રોળવું મારે
કરમે લખ્યું હોત ના...

મંદા૦: બોલ રે બેન, બોલ રે સંદેશ

અલકા૦: મન માંહિ અશુભનો આવે રે અંદેશ.

પદ્મા૦: હે કર્તવ્યપરાયણા,
નવ ઘટે વેળા વૃથા ગાળવી.

દાસી: કહાવ્યું છે રાજઘરેથી આમ

અલકા૦: કે

દાસી: અરણ્યથી કો અસવાર વાવડ
લાવ્યો મહારાજ તણા

મંદા૦: નિરામય?

દાસી: વૈકુંઠલોકે ગત ભક્તરાજ...

મંદા૦: પદ્માવતી રમણ?

દાસી: હા, જયદેવ...

પદ્મા૦: નાથ!

(ચીત્કાર કરતી પદ્માવતી સહસા શબવત્ ઢળી પડે છે. હાહાકાર પ્રવર્તે છે. પિંજરની મેના બહાર આવી ક્ષણભર સળિયા પર બેસી ઊડી જાય છે. મંદાકિની પદ્માને ઢંઢોળે છે...દાસી વિલાપ કરતી ચાલી જાય છે.)

મંદા૦: એક વાર કંઈ બોલ
હે પ્રિય મિલન અધીર
ચરમ પલ એક વાર દ્રગ ખોલ...

દશ્ય—૨

[**સ્થળ:** અંતરીક્ષ માર્ગ.
સમય: પ્રથમ દશ્યના અનુસંધાનમાં જ.
(અંતરીક્ષમાં બ્રહ્માંડગુંજન.)

પદ્માવતી અક્ષર દેહે (માર્ગના ત્રિભેટા આગળ આવતાં)
કહીં અવ જાઉં?
પથ સંગમ પર પંથવિહીન હું
એકલ અતુલ મુંઝાઉં મુંઝા[ઉં]

અલગ અલગ વળતા કંઈ ફાંટા,
મન મારું અહીં તહીં લે આંટા;
વિજન વિષે મુજ વધે વિમાસણ
અંતરિયાળ અરે અટવા[ઉં]

(મહિષના ઘૂઘરાના રણકાર સાથે દૂરથી [illegible] ગીતના સૂર સંભળાય છે.)

યમદૂતો (અંદરથી):
ચલ હે પાપી, ચલ અભાગી
પુણ્યવિહીન જંત,
આગળ આગ ઝરે, તવ પાછળ
ખરી–ધુલિમય પં[થ]

પદ્મા૦: કોઈ પથિકગણની ઇહ વાણી
પલ પલ નિકટ ઘુઘર રવ બાજે
મુંઝવણ બને અગા[ધ]

(યમદૂતો આસુરી જીવને લઈ પ્રવેશે)

યમદૂતો: આ સુર-સુતને લોક વિષે, તવ
દુરિત થાય વિ[illegible]
રુધીરની તવ કાય થકી અહીં
ઊઘડે રંગ [illegible]

નીલ હલાહલ જીરવ હે જીવ
તું હિ બને શિવ સંત...
(યમદૂતો [illegible]

પદ્મા૦: આ માર્ગ જાણ્યો યમલોકમાં જતો.
ને
વાયુના મંડલમાંહિ સૂક્ષ્મ કો
સુણાય જાણે જલનો કલધ્વનિ...

સુદૂર પર્જન્યની ગર્જના તણો
ગોરંભતો નાદ શમે રહી રહી...

(દેવદૂતોનો પુણ્યશીલ જીવ સાથે પ્રવેશ.)

દેવદૂતો : તું હિ ધન્ય ધન્ય
આ સુરલોક સુમોહન
આંહીંનાં સુખવિનોદ અનન્ય...

પદે પદે તવ પારિજાતકનાં ફૂલ,
આવરણે ઝીણું ઝાકળ કેરું દુકૂલ.
સુરબાલા તણું ગાન,
સોમ સુધારસ પાનઃ

આંહીં આનંદ અનુભવ
જ્યાં લગી ક્ષીણ ન હો તવ પુણ્ય...

(દેવદૂતોનું પ્રસ્થાન.)

પદ્મા૦ : આ યાત્રિકોનો પથ સ્વર્ગલોકનો.
ને શેષ આ તે લહું બ્રહ્મલોકનો...
જે માર્ગ મારે ગ્રહવો, નિતાન્ત એ
એકાન્તનો, દુર્ગમ, ચિહ્નશૂન્યનો.
એ માર્ગનો દાખવનાર એકલો
(કહ્યો પુરાણે) હુતભુક અગ્નિને.
આહ્વાન એનું કરું...

જાતવેદ!

અગ્ને નય સુપથા રાયે અસ્માન્ વિશ્વાનિ
દેવ વયુનાનિ વિદ્વાન્,
યુયોધ્યસ્મજ્જુહુરાણમેનો
ભૂયિષ્ઠાં તે નમઉક્તિં વિધેમ.

(અગ્નિનું પ્રાકટ્ય.)

અગ્નિ : ભગવતી!

કયમ યાદ કર્યો મને?

પદ્મા૦ : અહીંથી,

હા, કવિ ભક્ત ગયા હશે...

અગ્નિ : અહીંથી?

ના, હમણાં નવ કો ગયું.

પદ્મા૦ : કયમ બને?

અણજાણ તમેય શું?

અવર પંથ ન હોઈ શકે...

અગ્નિ :

પણ...

પદ્મા : નહિ વિલંબ હવે સહું, સત્વર
નય સુપથા રાયે

અગ્નિ : ભગવતી!

અહીં, ઊર્ધ્વથી ઊર્ધ્વમાં...

(પ્રસ્થાન)

દૃશ્ય—૩

[સ્થળ : પ્રથમ દૃશ્યનું.]

મંદા૦ : નહીં અવ બોલે?
આંહી ઢળ્યું ધરણી પર તે બીન
અવ નહીં લે નિજ ખોળે!

કંઈ દિન, કંઈ જામિની
(જેણે) તાહરી વાણીમાં
લીધે વણી નિજ રાગિણી

(એના) સૂર સંગ તવ અંગ,
ઉમંગથી લોલ,
નહીં અવ ડોલે!

અલક૦ : ક્ષણુનોય વિયોગ સહ્ય ના
પ્રિયનું તે પરિયાણ સાંભળી
તનની કરી સદ્ય તર્જના
અભિસારે મનવેગથી પળી.

મંદા!

પરંતુ સ્ફુરતી મન માંહિ શંકા.
મિથ્યા ય હોય કથની ઈહ

મંદા૦ :

તોય તે શું?

પદ્મા ન પાછી મળશે.

અદકેરું દેખું

કારુણ્ય એનું, પરલોક વિષે અકેલ
રે એકલી ટળવળે પ્રિયસંગહીન.

રાણી (બહારથી) :
પદ્માવતી!

કવિપ્રિયા! કહીં છો?

અલક૦ :

અરે આ

વાણી છ રાજમહિષીતણી આર્દ્ર

મંદા૦ : જેના
પ્રાયઃ નિમિત્ત થકી મૃત્યુ...

(રાણી પ્રવેશ કરે છે. ક્ષણભર દ્વાર કને અટકે છે.)

રાણી : નહીં, ન બોલ

(આવેશમાં પદ્માના શબ આગળ જઈ પડે છે. દાસી આવી બારણા કને ઊભી રહે છે, પદ્માને નિષ્પ્રાણ જોતાં ઊંડી વ્યથાથી.)

રાણી : રે હાય રે દગે આંજિયું મેં અભિમાનઃ
કાજળને જલ ડૂબકી દીધ,
ન તેજની કીધ પિછાન...

જેને મારાં પયપાનતું પોષણ,
એના તે પ્રાણનું કીધ મેં શોષણ,
પ્રેમસૂતી, કરુણાહીન રે હું તો
કેવલ પાપ નિધાન...

હે કરુણામય ! આવો હે નિધન,
જીવ સાટે, એનું દેઈ દ્યો જીવન,
આ રે સ્થિતિ ન સહાય...

મેના (ઊડતી આવી પાંજરા પર બેસે છે. ઉત્સાહની એક સીસોટી વગાડી ન વગાડી ત્યાં અટકી બોલે છે) :
જયદેવ, દેવ.

અલક૦ (મેના તરફ ધ્યાન ખેંચાતાં અનુમાનથી) :
ઇહ દૂત બનેલ સારિકા,
કવિ કેરું ટહુકે નિરામયઃ
અનુમાનથી જોઉં આવતા
અહીં એ સત્વર ધાવતે હય.

મંદા૦ : સહશે કેમ વિયોગ નિત્યનો ?

(બારણામાં જયદેવ અને એમની પાછળ રાણી આવી ઊભાં રહે છે.)

અલક૦ (એમને જોતાં) :
પદ્મા ! તું ઊઠ
તવ સંનિધિમાંહી ભક્ત
આવી ઊભા અહીં...

રાણી (રાજા આગળ જઈ નત મસ્તકે) :
અમંગલકારિણી હું
હે નાથ ! હું જ અપરાધિની, દંડ માગું.

રાજા : દેવી !
અનર્થતણું કારણ ! ?

રાણી : હું...
કહું તે.
પૂર્વે જ્યારે અનુગમન કીધું સતી રાણીમાએ
પદ્માએ તો પ્રણય નહિ, પાખંડ એને કહેલ.
'અનુમરણ જે કાલક્ષેપે થતું, પ્રીતિ એ નહિ;
પતિસહ ન જે કાયા ત્યાગે, વૃથા વ્રત એહનું.'
આવા એના વ્રતની વચનોની કરી મેં પરીક્ષાઃ
મિથ્યા કીધું :
તવ પતિ અકસ્માત રે મૃત્યુ પામ્યાઃ
ને શબ્દો જ્યાં શ્રુતિપથ સર્યા,
એના તહીં પ્રાણ ચાલ્યા...
હું જ છું ઘાતિની, નાથ ! કરો કર્તવ્ય આપનું.

રાજા : તમે લીધું લાંછન આ અકારણઃ
દેહાંતની ભેટ વરે છ શાસન.
પરંતુ
સ્ત્રી માત્રને નીતિ અવધ્ય બોલતી...
જેવી દશા છે જયદેવની સતી—
સૂતી, હવે તેવી જ આપણી પણ
હોવી ઘટે, ત્યાગ કરું હું આ ક્ષણ
થકી તમારો...

જયદેવ : મહારાજ ! નહીં
ન કૌતુકે
બોલાયલા શબ્દતું હોય પાતક.
દેવી તણો દોષ નહીં.
નહીં શક.
ગોવિન્દતું કીર્તન, ધ્યાન, સંશ્રય,
કલ્યાણકારી પ્રભવંત નિશ્ચય.

(જયદેવ ભૂમિ પર પડેલું બીન લઈ પદ્માવતી પાસે બેસે છે. ગોવિન્દનું લક્ષ્ય ધરી આર્દ્રભાવે ગીત ઉપાડે છે. રાજા અને રાજમહિષી જરા દૂર બાજુ પર બેસે છે.)

શ્રિત કમલાકુચમંડલ
ધૃત કુંડલ હે, .
કલિત લલિત વનમાલ
જય જય દેવ હરે...

દિનમણિ-મંડલ-મંડન
ભવખંડન હે,
મુનિજન માનસ હંસ
જય જય દેવ હરે...

કાલિય વિષધર ગંજન
જનરંજન હે,
યદુકુલ નલિન દિનેશ
જય જય દેવ હરે...

દૃશ્ય—૪

[સ્થળ : અંતરિક્ષ માર્ગ.]

(જયદેવનું ગીત પાર્શ્વભૂમિમાં.)

મધુ-મુર-નરક વિનાશન
ગરુડાસન હે,
સુર કુલ કેલિ નિદાન
જય જય દેવ હરે...

અમલ કમલ દલ લોચન
ભવ મોચન હે,
ત્રિભુવન ભુવન નિધાન
જય જય દેવ હરે...

અભિનવ જલધર સુંદર
ધૃત મંદર હે,
શ્રીમુખચંદ્રચકોર
જય જય દેવ હરે...

પદ્મા૦ (જયદેવના ગીતની મધુર મંદ વાણી સાંભળતાં) :
હવે હશું સાન્નિધિમાંહીં,
એમની
વાણી અહો મિષ્ટ રહું છું સાંભળી.
(અગ્નિને)
તમે અધિષ્ઠાન સમગ્ર વાણીનું
અગ્ને ! હજી અંતર કેટલું રહ્યું ?
હજીય તે કાલ વ્યતીત કેટલો
થશે ?

અગ્નિ :
તમે અર્ધપથે ઉભેલ છો.

પદ્મા૦ : હજી !

અગ્નિ : વાણી આ તો આવતી મર્ત્યલોકથી

પદ્મા૦ : મર્ત્યલોકથી ?
શું આર્ય પૃથ્વી પર ?
શબ્દ ત્યાંનો
આવી શકે આંહીં ?

અગ્નિ : ન વૈખરીનો.
વાણીનીયે જેહ વાણી, સમસ્ત
બ્રહ્માંડમાંહિ લહરાય વ્યાપૃત.

પદ્મા૦: તો સદ્ય પાછા વળવું અહીં થકી...

(બન્ને પાછાં ફરે છે. જયદેવનું ગીત સમસ્ત અવકાશને આંદોલિત કરી રહ્યું હોય છે.
માર્ગના ત્રિભેટા કને આવતાં.)

હવે અજાણ્યો પથ લાગતો નથી.
(જયદેવને સંબોધીને)
આ આવું હું સત્વર, નાથ! આવતી...
(અગ્નિને)
આ એ ત્રિભેટો જયહીંથી કરી ગતિ
મેં આપની સંગ, અહીંથી તો અવ
હું એકલીયે વિચરીશ...
દેવ !
મેં કષ્ટ દીધું બહુ આપને, ચહું
ક્ષમા, દિયો આશિષ, હું જઈ શકું.
નમો નમસ્તે !

અગ્નિ : શુભમસ્તુ અસ્તુ !

દૃશ્ય—૫

[સ્થળ : પ્રથમ દૃશ્યનું]

જયદેવ : તવ ચરણે અમ પ્રણતિ
શરણોત્તમ હે,
(પદ્માવતી કંઈક સજગ બને છે.)
કરિયે કુશળ કૃપાળ
જય જય દેવ હરે...

(નિદ્રામાંથી જાગતી હોય તેમ ઊઠી પદ્માવતી બેઠી થાય છે.)

મંદા૦ : પદ્મા !

(પદ્માને વળગી પડે છે.)

અલક૦ : સખી !

(ભાવાવેશથી નેત્ર છલકાઈ જાય છે.)

રાણી : શુચિવ્રતા, તું હિ ધન્ય...

દાસી : ધન્ય...

મેના : નમ : ગોવિન્દાય

પદ્મા૦ : ગોવિન્દાય નમો નમ :

(જયદેવ ગાનમાં ધ્યાનસ્થ છે તેમને પ્રણમી સહુને અભિવંદના કરી રાણી પાસે જાય છે.)

ક્ષમા કરો બેન,
ન શીલનોયે
હોવો ઘટે ગર્વ.

રાણી : ન એમ બોલીને
કરો મને લજ્જિત, દોષ માહરો
ક્ષમાથી'ને શીર્ષ કૃપા ઝરી રહો.

(જયદેવ નેત્ર ખોલે છે દૃષ્ટિમાં શાન્ત [illegible] ઝળહળી રહી છે.)

પદ્મા અને રાણી :

કીજિયે સકલ ભૂલની ક્ષમા કીજિયે:
પ્રેમથી હૃદય સરસું હૃદય લીજિયે
દૃગજલે અમ દૂર હો કાજલ-ગર્વ,
વરસે વિમલ ભાવ પલેપલ
કેવલ, એ અમ પર્વ :
સોહિ સુધામહીં નિશદી આપણ ભીંજિયે
પ્રેમથી હો અમ અંતરની પરિશુદ્ધિ,
એકબીજાને રે મિલન, વ્યાપક
આનંદની અભિવૃદ્ધિ:
અંજલિમાં ક્ષીર સાગરનાં પય પીજિયે

આકાશને વિનંતિ

ઓ આકાશ, મારે તને અડકવું છે !
કયું મીઠું ગીત ગાઈને હું પેલા ચન્દ્ર પાસે પહોંચીશ ?
કેવો ભીષણ પવન મને દૂરના તારા પાસે લઈ જશે ?

હું શું પેલા પક્ષી કરતાં ભારે છું ?
પેલું વાદળ મારાથી વધુ ચપળ છે ?
તો પણ, આકાશ, તું કેમ પકડાતું નથી ?

અને ક્ષિતિજ કેમ સદાયે આઘી ને આઘી જતી જાય છે ?
ત્યાં દૂર જ્યાં પૃથ્વી અને સમુદ્ર મળી જાય છે ત્યાં શું હશે ?
ત્યાં જમીન છે કે દરિયો ? તેજ છે કે અંધકાર ?
ત્યાં શાન્તિ હશે કે ઉદ્વેગ ? મૃત્યુ હશે કે અમર જીવન ?

આકાશગંગા, તારામાં મને ડૂબી જવા દે;
પવન તું મને ખૂબ ઊંચે ઉડાડી દે;
ચન્દ્ર, તારી મીઠી જ્યોતિ વડે મને ખેંચી જા;
ક્ષિતિજ, ક્ષણભર તું સ્થિર રહે !

તો કદાચ મૌનની દિવ્ય પાંખો પર ઊડીને
આકાશને હું અડકું !

વૉશિંગ્ટન, ડી. સી.
૪-૭-'૫૩

ગગનવિહારી મહેતા

લોક-ભારતી*

કાકા કાલેલકર

એક મહાન વૃક્ષનું બીજારોપણ કરવા માટે આજે આપણે આ પવિત્ર દિને અહીં ભેગા થયા છીએ. એવે વખતે દૃષ્ટિ જરા સિંહાવલોકન કરે એ સ્વાભાવિક છે. કહે છે કે સિંહ આગળ ફલાંગ મારે તે પહેલાં પોતે કેટલું અંતર કાપીને આવ્યો છે એ જોવા જરા નજર પાછળ ફેંકે છે. એને સિંહાવલોકન કહે છે.

આજથી લગભગ સો વર્ષ પહેલાં અંગ્રેજો આપણા દેશમાં પોતાની વિદ્યાની વિદ્યાપીઠો સ્થાપતા હતા. મુંબઈ, મદ્રાસ અને કલકત્તા એ ત્રણ ઠેકાણે તેમણે એવી વિદ્યાપીઠો સ્થાપી અને આપણી બૌદ્ધિક ગુલામી મજબૂત કરવાના પ્રયત્ન કર્યા. એ વિદ્યામાં અમૃત પણ હતું અને ઝેર પણ હતું. આપણે એનો વિવેક કરી શકતા ન હતા. આપણે સ્વરાજનું આંદોલન શરૂ કર્યું અને ઝેર કયું અને અમૃત કયું એ થોડું થોડું ઓળખતા શીખ્યા. હજી એ વિવેક આપણામાં પૂરેપૂરો આવ્યો નથી. આજે જે નવી વિદ્યાનો પ્રારંભ કરીએ છીએ તેમાંથી એ શક્તિ આવવી જોઈએ. એ વિદ્યાનાં બીજની શોધ નાનાભાઈ જેવા ૩૦–૪૦ વરસથી કરતા રહ્યા. ભાવનગરમાં અનેક જાતના પ્રયોગો કરી અને ગાંધીજી જેવા પાસેથી પ્રેરણા મેળવી નાનાભાઈને જે કાંઈ સારરૂપ બીજ મળ્યું તે એમણે આમલામાં વાવ્યું. લગભગ દસ વરસ સુધી ત્યાં એની ઉછેર કરી આજે તેઓ એનું ધરૂ અહીં સણોસરામાં વાવે છે.

નાનાભાઈ જે વિદ્યા અહીં વાવે છે તે પ્રાચીન વિદ્યાનું નવું સંસ્કરણ છે. પશ્ચિમમાંથી આપણને જે કાંઈ સારું મળ્યું, અને આટલાં વરસના અનુભવને અંતે આપણને જે હિતકર દૃષ્ટિ મળી છે તે બધાનો આમાં સમાવેશ થાય છે. જૂની પરંપરા આંધળાની પેઠે આગળ ચલાવીએ એવા આપણે નથી. નાનાભાઈ તો નથી જ.

અંગ્રેજોએ જે વિદ્યા પોતાના દેશમાં કેળવી અને જે વિદ્યા તેઓ અહીં લઈ આવ્યા તે અદ્ભુત હતી, સાહસિક હતી, જાતજાતના પ્રયોગો કરી જ્ઞાનનાં ક્ષેત્રો વધારનારી હતી. પણ એના પાયામાં પ્રજાદ્રોહ, માનવતાનો દ્રોહ હતો. તેથી એમની જાહોજલાલીનો આટલો જલદી અંત આવ્યો. અધર્મથી માણસ ઝપાટાભેર આગળ વધે છે. બુદ્ધિશક્તિ હોય, સંગઠન-શક્તિ હોય અને એની સાથે ધર્માધર્મનો વિવેક ન હોય તો માણસ તીવ્ર ગતિએ આગળ વધે છે. પણ એ જ કારણે એનાં મૂળિયાં સડવા માંડે છે અને એ સર્વનાશ વહોરી લે છે.

વિશ્વભારતીના પુરોધા રવીન્દ્રનાથ ઠાકુર મહાભારતનો આ શ્લોક ટાંકતાં કંટાળતા જ ન હતા :

> **वर्धति अधर्मेण नरः**
> **ततो भद्राणि पश्यति।**
> **ततस्सपत्नान्(न्)जयति**
> **समूलस्तु विनश्यति ॥**

ઘરની કે બહારની કોઈ પણ પ્રજાનો દ્રોહ કરીને આપણે આગળ વધવાના નથી. વધીશું તો તે આપણને સદવાનું નથી. એટલો બોધ અંગ્રેજી સામ્રાજ્યની ચઢતી-પડતીનો ઇતિહાસ નજરે જોઈ આપણે તારવી શકીએ છીએ. પશ્ચિમ-ની ગોરી સભ્યતાએ દુનિયાની ભિન્નવર્ણી પ્રજાઓ પર કેર વર્તાવ્યો પણ સાથે સાથે એને પોતાની વિદ્યા પણ આપી. હવે એ સંસ્કૃતિ પોતાનાં જ સામર્થ્યની પરાકાષ્ઠા જોઈ ધ્રૂજવા માંડી છે.

હવે આપણે પ્રજાદ્રોહ અટકે એવી વિદ્યા અને એવી સંસ્કૃતિનો પ્રારંભ કરવો છે. આપણે ત્યાં આપણી સંસ્કૃતિમાં પણ આંતરિક પ્રજાદ્રોહ ઓછો નથી. આપણે ત્યાં ઉચ્ચવર્ણી લોકોએ બીજા વર્ણોને ઇરાદાપૂર્વક દબાવી રાખ્યા. એ અધર્મ પોતાને ન નડે એટલા માટે બ્રાહ્મણવર્ણે રાજ્યાધિકાર

* લોકભારતી (ગ્રામવિદ્યાપીઠ)ના ઉદ્ઘાટન પ્રસંગે સણોસરામાં બુદ્ધજયન્તીના દિવસે આપેલું ભાષણ.

અને સંપત્તિથી દૂર રહેવાનો આદર્શ સ્વીકાર્યો. પણ એ અધર્મ એમને પણ નડ્યા વગર રહ્યો નહીં. આપણે માણસ માણસ વચ્ચે ઉચ્ચનીચ ભાવ કેળવ્યો અને એ મહાપાપને ધાર્મિક માન્યતાનું પીઠબળ આપ્યું. પરિણામે આપણે ત્યાં આપણી માનવસંપત્તિ આપણે માટે બોજારૂપ બની ગઈ. લોકસંખ્યા એટલે રાષ્ટ્રનું ખરેખર જીવતું જાગતું બળ—એ અજ્ઞાનદશામાં રહેવાથી આપણને ભારરૂપ થઈ ગયું. આજે દેશમાં અન્નની જરૂરિયાત વધી છે અને ખેતીની અવદશા થઈ છે, આની પાછળ અજ્ઞાન અને શોષણનો સો વરસનો ઇતિહાસ છે.

પાછળનું તો આપણે જાણતાં નથી. પણ છેલ્લાં હજાર વરસથી તો આવું જ ચાલતું આવ્યું છે. આ સ્થિતિ બદલાય એવી વિદ્યા હવે કેળવ્યે જ છૂટકો.

અત્યાર સુધી આપણે સ્વદેશી અને પરદેશી સમ્રાટોનું રાજ્ય ચલાવ્યું. હવે આપણે જોઈ શક્યા છીએ કે પરમ સમ્રાટ તો માનવ પોતે જ છે. એનો દ્રોહ કર્યો તે હવે ધોઈ કાઢવો છે. એ પાપ ગંગાજળથી નહીં ધોવાય, પણ પરસેવાના જળથી જ ધોવાય. શરીરપરિશ્રમના પુણ્યજળથી આપણી નવી સંસ્કૃતિનું હવે આપણે સિંચન કરીએ.

આપણા પૂર્વજોએ જાણેલા એક સિદ્ધાન્તનું આપણે ફરીથી પાલન કરવું જોઈએ. આપણી આ નવી કેળવણી રાજ્યસત્તાને અધીન ન રહેવી જોઈએ. રાજ્યસત્તા — પછી એ પ્રજાકીય હોય તોયે — રાજ્યસત્તા છે એટલા માટે જ, કેટલીક વસ્તુઓ ન કરી શકે એ એની આંતરિક મર્યાદા છે.

આજે જેમ ન્યાયદાનની વ્યવસ્થા સરકારથી પર હોય છે, તેમ જ કેળવણીનું પણ હોવું જોઈએ. કાયદાઓ ભલે સરકાર દ્વારા ઘડાતા હોય. ન્યાયાધીશો ભલે સરકાર તરફથી નિમાતા હોય. એમની આજીવિકા પણ સરકાર તરફથી ભલે મળતી હોય, પણ એમ હોવા છતાં રાજસત્તા ઉચ્ચ ન્યાયાધીશો ઉપર અંકુશ રાખી શકતી નથી. કેળવણીનું પણ એમ જ થવું જોઈએ. સ્વરાજ સરકાર વિદ્યાદાન માટે બધી સગવડો ઊભી કરી આપે, પણ કેળવણીનું તંત્ર સરકારના હાથમાં ન જ હોવું જોઈએ. એ તો ક્રાન્તદર્શી, પ્રજાહિતપરાયણ, ચારિત્ર્યશીલ કેળવણીકારોના હાથમાં જ રહેવું જોઈએ.

અહીં એક ચેતવણી આપવાની જરૂર રહે છે. સ્વરાજની સ્થાપના થયા પછી કેટલાયે વિદ્વાનો પોતાને કેળવણી[illegible] ગણાવી સરકારને કહેવા લાગ્યા છે કે : "કેળવણીનું આખું [illegible] બજેટ તમે પાસ કરો અને કેળવણીનું આખું તંત્ર અમને સોંપી દો." એમનો અધિકાર તપાસવાના દિવસો આવ્યા [illegible]

સ્વરાજની લડત ચાલતી હતી ત્યારે જેઓ દૂર [illegible] આપણી સંસ્કૃતિમાંથી જેમને સારું એવું કશું જડ્યું [illegible] મોટા મોટા પગારો લેવા, પેન્શનની જોગવાઈ છે [illegible] એની ખાતરી કરી લેવી, ઓછામાં ઓછા કલાક કામ [illegible] અને સામાન્ય પ્રજાનો તિરસ્કાર કરવો, એટલું જ [illegible] જેમણે કર્યું છે, એમના હાથમાં આ કેળવણી જાય તો [illegible] ત્રીસ વરસની તપસ્યાથી ગાંધીજીએ જે રાષ્ટ્રીય [illegible] કેળવ્યું અને રાષ્ટ્રશક્તિ સંગઠિત કરી અને સ્વરાજ [illegible] હાથમાં આવ્યું, તે ત્રણ વર્ષમાં ખોઈ નાખતાં આ [illegible] વાર નથી લાગવાની. અંગ્રેજી વિદ્યાના આ ગુમાસ્તા[illegible] અંગ્રેજીમાં જ ભણાવી શકે છે, અંગ્રેજીમાં જ ચોપડી [illegible] શકે છે, એટલા માટે ચાળીસ કરોડની જનતાએ [illegible] મારફતે જ કેળવણી લેવી જોઈએ! અને એમની વિ[illegible] સાર શો? પશ્ચિમના લોકોએ શું શું વિચાર્યું છે, [illegible] સાર કાઢી આપવો એટલું જ એમનું કામ.

અમારા એક પ્રોફેસર હતા. બહુ ભલા. એમને [illegible] માન છે. એક વાર એમણે પશ્ચિમના અનેક તત્ત્વજ્ઞાનીઓ[illegible] સિદ્ધાન્તોનું સુંદર પૃથક્કરણ કરી આપ્યું. અમે ખુશ [illegible] પણ એમના દુર્દૈવે એક વિદ્યાર્થીએ ઊઠીને પૂછ્યું : "[illegible] સર, આપને પોતાને એમાંથી કયું સાચું લાગે છે?" [illegible] સવાલ માટે એમની તૈયારી ન હતી. એમને પરસેવો [illegible] અને એટલું જ કહી શક્યા : "Well, each one is [illegible] in his own way!" (અને એ જવાબ પણ [illegible] ન હતો. એડિસનનો સર રિચર્ડ ડ કોવર્લે ઉગલે [illegible] કહે છે "Well, much might be said on [illegible] sides.")

એટલા માટે જ કહું છું કે જેઓ સદાચા[illegible] પુરુષાર્થી અને પ્રયોગપરાયણ છે, પ્રજાહિતનું [illegible] જાણે છે, પ્રજાજીવન સાથે ભળીને રહી શકે છે, [illegible] વિદ્યાનું અનુશીલન કરે છે, અને ભવિષ્ય માટે [illegible] યોજનાઓ ઘડી શકે છે એવા કેળવણીકારના હાથમાં [illegible]નું તંત્ર સોંપાવું જોઈએ.

સૌરાષ્ટ્રમાં આને માટે અનુકૂળ પરિસ્થિતિ છે. અહીં પ્રજાસેવામાં જોડાયેલા કાર્યકર્તાઓ અને પ્રજાનો વિશ્વાસ મેળવી રાજ્યતંત્ર ચલાવનારા રાજ્યકર્તાઓ વચ્ચે સંઘર્ષ નથી. નાનાભાઈ જેવા કેળવણીકારો પ્રત્યે સૌરાષ્ટ્ર સરકારનો વિશ્વાસ છે. બીજી બાજુ જોઉં છું તો ભીમજીભાઈ પટેલ જેવા અભણ ખેડૂતોના પ્રતિનિધિઓનો પણ આ નવી કેળવણી પર અનુભવે વિશ્વાસ બેઠો છે. આવી સ્થિતિમાં નાનાભાઈ જેવા કેળવણીકારોનું એક બોર્ડ નીમી તેના હાથમાં તમામ કેળવણીની વ્યવસ્થા સોંપી દેવી જોઈએ. રાજતંત્ર શું અને કેળવણીનું તંત્ર શું ? એમાં પશ્ચિમની જટિલતા ન જ આવવી જોઈએ.

હવે આ નવી કેળવણીમાં કઈ કઈ વસ્તુઓ આવે છે તે જરા જોઈશું. ખેતી અને અન્નઉત્પાદન એ તો સૌથી પ્રથમ હોવું જ જોઈએ. अन्नं बहु कुर्वीत । એને માટે ભગીરથવિદ્યા -irrigationની વિદ્યા પણ કેળવવી જોઈએ. નદી અને નહેરો અને તળાવો દ્વારા જમીનનો બધો જ ભાગ ખેતી તળે આણવો જોઈએ. નદીનાં પાણીનું એક ટીપું પણ સમુદ્ર સુધી શા માટે જાય ? જ્યાં વહાણવટાની જરૂર હોય ત્યાં જ નદી સમુદ્ર સુધી પહોંચે એવી વ્યવસ્થા હોવી જોઈએ. જમીનનો એક કકડો પણ એળે ન જાય. આકાશમાંથી પડતું તમામ પાણી વપરાય. ખાતરમાત્રનો સદુપયોગ થાય અને માણસની શક્તિનો વધારેમાં વધારે ઉપયોગ થાય એવી વિદ્યા અહીં કેળવવી જોઈએ.

આમાં વિજ્ઞાનની ઉપેક્ષા આપણે નહીં જ કરીએ. વિજ્ઞાનને હું ઈશ્વરભક્તિનો જ એક પ્રકાર ગણું છું. આ વિવિધ સૃષ્ટિ ચલાવતા ઈશ્વરને કહો કે કુદરતને કહો—શું શું સૂઝયું છે એ બધું જાણી લેવું એનું નામ તે વિજ્ઞાન. ઈશ્વરને કેટલા હાથ છે અને એ હાથમાં કયા કયા આયુધો છે, એનાં સ્તોત્રો ગાવાથી હવે નહીં ચાલે. કુદરતમાં પ્રગટ થતી ઈશ્વરની બધી શક્તિઓ અને એનાં બધાં સાધનો આપણે જાણી લેવાં જોઈએ. અજ્ઞાન, વહેમો અને રગશિયાપણું એ આપણી કે કોઈ પણ સંસ્કૃતિની વિશેષતા ન જ હોઈ શકે. અણિશુદ્ધતા અને કુશળતા એ આપણી વિદ્યાનું મુખ્ય લક્ષણ થવું જોઈએ. જે જમાનામાં હવાઈ જહાજનાં પૈડાંઓ એક ઈંચના હજારમા ભાગની ભૂલ પણ સહન કરી શકતાં નથી, તે જમાનામાં ધૂળના રસ્તા ઉપર ચાલતાં આપણાં ગાડાંઓના પૈડાંઓ માથું ધુણાવતાં ચાલે એ કેમ જ સહન થાય ? પૈડાંઓ તો બિચારાં માથું ધુણાવી ધુણાવીને કહે છે કે : ‘ આ પ્રકાર હવે નહીં જ ચાલી શકે.’

વિજ્ઞાન (ભૌતિકશાસ્ત્રો) અને યાંત્રિક કૌશલ્ય કેળવીને એને આધારે આપણે ગ્રામોદ્યોગો ખીલવવા જોઈએ અને નાનામોટા પ્રદેશોને સ્વાવલંબી અને સ્વયંપૂર્ણ કરવા જોઈએ.

બીજી એક મહત્ત્વની વાત અહીં રજૂ કરવા માગું છું. આપણે શોષણહીન, અહિંસાપરાયણ સમાજની સ્થાપના કરવા માગીએ છીએ. એમાં આપણી અહિંસાની જૂની કલ્પનાઓ કામ નહીં આવે. જૂની કલ્પના પ્રમાણે આપણે જીવમાત્ર પ્રત્યે દયાભાવ કેળવ્યો. જીવન પ્રત્યે પવિત્રતાનો ભાવ પણ કેળવ્યો. પણ માણસનાં વ્યક્તિત્વ પ્રત્યે આદર ન કળવ્યો. તેથી આપણી અહિંસા નિર્વીર્ય જ રહી, સામાજિક અન્યાય પ્રત્યે આપણે ચીઢ કેળવી ન શક્યા. જેને આપણે દયા કહીએ છીએ એ ખરું જોતાં તિરસ્કારનું જ એક સૌમ્ય સ્વરૂપ છે. ભિખારી બારણે આવી કરગરે એટલે એની આગળ આપણે રોટલાનો એક કકડો ફેંકી દઈએ છીએ. એ છે આપણી જીવદયા. કોઈના પ્રત્યે તિરસ્કાર બતાવી એને જીવાડવા કરતાં એનું ખૂન કર્યું હોય તો તેમાં ઓછી હિંસા અને ઓછું પાપ છે. ભિખારીને એઠું ખાવાને આપવું એની અંદર શું ખરેખરી જીવદયા કે અહિંસા છે? ભિખારીથી કંટાળીને બચી જવા માટે એને કાંઈપણ આપવું એમાં માનવતા નથી. એ આપણો ભાઈ છે એમ સમજી એને અપનાવવો, ભાઈને કેળવીએ તેમ એને કેળવવો, અને એનામાં સ્વમાનની વૃત્તિ જાગ્રત કરવી એ આજનું મુખ્ય કામ છે. વ્યક્તિત્વ પ્રત્યે આદર એ જ ખરી અહિંસા છે.

બીજી બાજુએ જોતાં જે લોકો કોઈ પણ જાતની જાત-મજૂરી કરતા નથી, સમાજસેવા કરતા નથી અને ધનને જોરે એદા બેઠા ખાય છે તેમના પ્રત્યે આપણે આદર બતાવીએ છીએ. ભિખારી અને એદાળુ ધનવાન બન્નેમાં આપણે અપંગતા વધારીએ છીએ. એદાળુ લોકોના હાથમાં ધન રહે એના કરતાં સમષ્ટિના હાથમાં સંપત્તિ પહોંચી જાય એ જ વધારે સારું છે. પછી એ સમષ્ટિ સમાજસેવાને વરેલી જાહેર સંસ્થા હોય કે રાજસત્તા હોય. હું જાણું છું કે સરકારી વહીવટમાં ઉડાઉપણું હોય છે. ખોટો ખર્ચ થાય છે અને કામો કુશળતાથી થતાં નથી. પણ એ દોષો કાયમ

રહેવા જોઈએ એવું નથી. સરકાર પોતાની જ છે એ ભાવના કેળવીને સરકારરૂપી સંસ્થા પ્રત્યે પ્રજા અને સેવકો નિષ્ઠા કેળવશે ત્યારે એ દોષો દૂર થશે. ન્યાતના આગેવાનો ન્યાતનાં ફંડોનો વહીવટ જે ચીવટથી કરે છે તેટલી ચીવટ તો સરકારી વહીવટમાં આવી જ શકે છે.

હું તો માનું છું કે પ્રજાનું—આખા રાષ્ટ્રનું વલણ સર્વોદયનો આદર્શ સ્વીકારવા તરફ વધે અને સરકાર પોતે સમાજસત્તાવાદ કેળવે એ જ આપણે માટે સાચો ઉપાય છે.

આઝાદી પછી આપણી દુનિયા એકાએક મોટી થઈ ગઈ છે. અંગ્રેજોનું રાજ્ય હતું ત્યારે 'હિન્દુસ્તાનની પ્રજા અને અંગ્રેજી રાજ્યકર્તા'—એટલી જ આપણી દુનિયા હતી, બાકીના દેશો અને ત્યાંના લોકો જાણે પડદા પરનાં ચિત્રો હોય એવા જ આપણે માટે હતા. આપણે આઝાદ થયા અને પડદા પરનાં એ બધાં ચિત્રો જીવતાં થઈને આપણી રંગભૂમિ ઉપર આવી ગયાં, અને હવે એ બધાંની વચ્ચે સમાનભાવે રહીને આ વિશ્વનાટકમાં આપણે આપણો ભાગ ભજવવો રહ્યો. આખી દુનિયામાં માનભેર રહીને માનવસેવાનું આપણું મિશન સિદ્ધ કરવું હોય તો આપણે આપણા ઘરના પ્રશ્નોનો ઉકેલ આ પંદર વરસમાં આણવો રહ્યો. આપણને સ્વરાજ મળ્યું છે તે આરામ ભોગવવા માટે નહીં પણ માનવજાતિની સેવા કરવા માટે મળ્યું છે. વસાહતો સ્થાપીને સામ્રાજ્ય ચલાવનારાં રાષ્ટ્રો પણ સેવાનું જ નામ લે છે. પણ પ્રત્યક્ષ જોતાં 'ભાષામાં સેવા અને હાથે લૂંટવાનો ધંધો' એવાં એમનાં લક્ષણો દેખાય છે.

એ લોકોમાં પણ કેટલાક એ પાપમય જીવનથી અકળાયા છે; નિવૃત્ત થવા માંગે છે. આપણે એમની સાથે સહકાર કરવાનો છે. એવો સહકાર ત્યારે જ કરી શકાય જ્યારે આપણે શ્રમજીવનના પાયા પર નવી કેળવણી અને નવી સંસ્કૃતિ સિદ્ધ કરી શકીએ. આપણે ત્યાં ખોટી રીતે વપરાતા બે શબ્દોનો ખરો અર્થ જોઈશું તો આપણને સાચો રસ્તો જડશે. 'જે માણસ મહેનતમજૂરીથી શુદ્ધ સેવા કરી પવિત્રપણે ખાય છે તે હલાલખોર છે; બીજાની મહેનતનો ગેરલાભ લઈ આરામ-તલબ જીવન ગાળનાર જે પાપનું ખાય છે તે હરામખોર,—આટલું રહસ્ય જો આપણે જાણીએ તો આપણે જીવતાં કોઈના ખભા ઉપર ચઢીને ન બેસીએ. મહેનતમજૂરીનો રોટલો ખાઈએ અને સૌની સેવા કરીએ.

સદ્‌ભાગ્યે આપણા દેશમાં દુનિયાના બધા ધર્મો આવીને વસ્યા છે. તેથી જ આપણે જોઈ શક્યા કે બધા ધર્મો, એમના શુદ્ધ સ્વરૂપમાં, એક જ છે. લોકભારતીમાં બધા ધર્મોના કોઈને પ્રવેશ હશે જ. આપણા જ દેશના આપણા ભાઈઓએ જે જે ધર્મનો સ્વીકાર કર્યો તે તે ધર્મ આપણે માટે પ[illegible] રહ્યા નથી. આપણી દીકરીએ પરગોત્રના વર સાથે લગ્ન કર્યું તેથી આપણે આપણી દીકરીને પરાઈ નથી ગણતા પણ ખાનદાનમાં એ પહોંચી ગઈ તે ખાનદાનના લોકોને આ[illegible] વેવાઈ—આત્મીય તરીકે સ્વીકારીએ છીએ. એવી જ [illegible] આપણે ત્યાં આવીને વસેલા અને આપણા લોકોએ અપનાવેલા ધર્મો વિષે આપણે આત્મીયતા કેળવવી જોઈએ.

ગઈ કાલે રાત્રે અહીં આવતાં સણોસરાનાં ભાઈબહેનોએ અમારું ભાવભીનું અને લોકકલાત્મક સ્વાગત કર્યું. તે વ[illegible] બધાને ઘણી ધૂળ ખાવી પડી એનો ઉલ્લેખ એક ભાઈએ આજે કર્યો. એમને કોઈએ સૂઝાડયું હોત તો એમણે [illegible] ના એટલા ભાગ પર પાણી છાંટીને ધૂળ બેસાડી દીધી હોત. પણ એ વસ્તુ ગૌણ છે. એ સ્વાગત પાછળ જે ભાવ હતો, ભવિષ્ય માટેની એમાં જે આશા હતી, તેને કારણે એ ધૂળ પણ પવિત્ર થઈ હતી. એવી ધૂળ પેટમાં પહોંચે તો એનું માઠું ન લગાડાય. મને તો લોકોનો એ ઉત્સાહ જોઈ [illegible] ૧૯૨૧ના એઝવાડામાં રાષ્ટ્રીય મહાસમિતિની જે બેઠક [illegible] હતી અને તેમાં આસપાસના ગામલોકોનાં જે ટોળેટોળાં ભજન ગાતાં ઊલટયાં હતાં, તેનું સ્મરણ થયું.

સણોસરાના અને આસપાસના પ્રદેશના લોકોને હું કહું કે તમારાં ભાગ્ય ખૂલ્યાં છે. રાષ્ટ્રજીવનમાં પરિવર્તન [illegible] મહાન સંકલ્પ સાથે નાનાભાઈ જેવા ઋષિ તમારી [illegible] આવીને વસ્યા છે. હિંદુસ્તાનની આ પહેલવહેલી ગ્રામવિદ્યા[illegible] પીઠ છે. અહીં દેશપરદેશના લોકો આવશે. ગરીબોના ઉદ્ધાર[illegible] ચર્ચા ચાલશે. કેવળ સ્વાર્થનો વિચાર કરશો તોયે [illegible] વિદ્યાનો પ્રવાહ આ તરફ વહેશે. તમારા દીકરા-દીકરી[illegible] સારામાં સારી કેળવણી મળશે. ભાગ્યોદયનાં અનેક [illegible] એમને માટે ખુલ્લાં થશે. હવે જૂના સંકુચિત વિચારો [illegible] નહીં બેસતા. નાનાભાઈ જેવા તમારે માટે જે પ્રમાણ [illegible] તે સ્વીકારીને ચાલશો.

એક મહત્ત્વની વસ્તુ રહી જતી હતી. સારું થયું [illegible] છેલ્લે તમારી આગળ મૂકું છું. સૌરાષ્ટ્રની ભૂમિની આ[illegible]

લગભગ બધી દિશાએ સમુદ્ર છે. પુરુષાર્થી માણસ માટે સમુદ્ર એ પ્રવૃત્તિની મર્યાદા નથી પણ વિશાળ અને વ્યાપક પ્રવૃત્તિ માટે, અમર્યાદ પુરુષાર્થ માટેનું આમંત્રણ છે.

લોકભારતીના અભ્યાસક્રમમાં વહાણવટાને સ્થાન હોવું જોઈએ. લોકોમાં સમુદ્રાયણતા—sea-mindedness—વધવી જોઈએ. સમુદ્ર ઉપર દીવાલો બંધાતી નથી. અને જે લોકો સમુદ્ર ખેડે છે તેમનામાં સંકુચિતતા આવી શકતી નથી. લોકભારતીના વિદ્યાર્થીઓને કહીશ કે તમે જમીન ખેડો, સમુદ્ર ખેડો અને પાસેની ટેકરી ઉપર મોટાં દૂરબિન સાથે એક વેધશાળા ગોઠવી, આકાશ પણ ખેડો. ખગોળ-શાસ્ત્ર એ કાંઈ નવરા લોકોની વિદ્યા નથી. નક્ષત્રવિદ્યા ખેડૂતોએ અને ખલાસીઓએ ખેડેલી વિદ્યા છે.

જ્યારે દેશનું રક્ષણ કરવાનો વારો આવશે ત્યારે દેશના કિનારાનું રક્ષણ કરવા માટે શું આપણે હમેશાં અંગ્રેજોની મદદ યાચીશું ? આજે આપણે સ્વતંત્ર કહેવાઈએ છીએ, પણ આપણા કિનારાનું રક્ષણ આપણે કરી શકતા નથી ત્યાં સુધી ખરી રીતે આપણે સ્વતંત્ર નથી. સરકાર હદ બહાર પૈસા ખરચી નૌસેના ઊભી કરી શકશે. પણ એને માટે જોઈતું મનુષ્યબળ ત્યારે જ મળી શકે, જ્યારે આપણા વેપારીઓ અને ખલાસીઓ અનેક રીતે સમુદ્ર ખેડતા થશે. દક્ષિણ આફ્રિકાથી માંડીને ઑસ્ટ્રેલિયા સુધી ફેલાયેલા હિંદી મહાસાગરમાં હિંદી લોકો પોતાનાં વહાણો ચલાવવા માંડશે ત્યારે જ આપણે આપણી સેવાશક્તિ પૂરેપૂરી ખીલવીશું.

અહીં કોઈ કહેશે કે સૈન્ય રાખીને દેશનું રક્ષણ કરવાની તમારી વાત અહિંસા સાથે શી રીતે બંધ બેસે છે ? હું એટલું જ કહીશ કે દેશનું રક્ષણ કર્યા વગર તો આપણે રહેવાના નથી ને ? અહિંસા પાળવી છે માટે સૈન્યમાં જોડાવું નથી; અને અહિંસક ઢબે રક્ષણ કરનારી શાન્તિસેના પર વિશ્વાસ બેસતો નથી માટે એમાં પણ દાખલ થવું નથી, એ જાતનું માનસ રાખનારા લોકો સ્વતંત્ર ન જ રહી શકે અને અહિંસક તો તેઓ નથી જ.

તમે થોડા જ દિવસોમાં જોશો કે દુનિયાના તમામ સવાલો આપણે અપનાવવા પડશે અને દુનિયાના તમામ લોકો સાથે સમાનભાવે સહકાર કરી, એ સવાલોનો ઉકેલ આણવો પડશે. એમાં ગાંધીજીનું નામ લઈ ગુરુભાવ બતાવવા જઈશું તો દુનિયામાં આપણી હાંસી જ થશે. અને કોઈની આગળ દબાયેલા રહીશું તો આપણું જીવન વિફળ થશે. નિર્દોષ અને સમ એવા બ્રહ્મની ઉપાસના કરતાં આપણે સમાનભાવે માનવજાતમાં ભળી જઈશું એમાં જ કૃતાર્થતા છે.

નવી વિદ્યાની નવી સંસ્થાનું મુખ્યકામ ઘણી જ ઝડપથી પૂરતી સંખ્યામાં શિક્ષકો તૈયાર કરવાનું છે. એ શિક્ષકોમાં પુરુષો પણ હોય અને સ્ત્રીઓ પણ હોય. પુરુષો કરતાં સ્ત્રીઓની સંખ્યા સ્વાભાવિકપણે વધારે હોવી જોઈએ.

આપણું કામ પુરુષોમાં જ ચાલે તો તે એકાંગી ગણાય. એ લકવો લોકભારતીમાં ન જ ટકવો જોઈએ.

લોકભારતી એ બાળક અને યુવાન વિદ્યાર્થીઓની કેળવણીને પ્રધાનપદ આપવાનું છે એ ખરું. પણ આ નવી ક્રાન્તિ ત્યારે જ જડ પકડે, અને વખતસર સફળ થાય, જ્યારે આપણે આજથી પ્રૌઢોની કેળવણીને પણ સમાનભાવે મહત્ત્વ આપીશું. આ વિચારનો વિસ્તાર કરવાની આવશ્યકતા નથી. અનુભવી લોકો આ વાત સહેજે સમજી શકે એમ છે. શુદ્ધ પાયા ઉપર રચેલી અને વિશ્વસેવામાં પરિણત થવા માટે કલ્પેલી આ સંસ્થા છે. એનો સર્વાંગીણ વિકાસ થાઓ એ જ પ્રભુ પ્રત્યે પ્રાર્થના.

[અનુસંધાન પૃ. ૩૩૯થી]

મૂળ અનુભૂતિની જે કુદરતી ગતિ છે તેને નિષ્ઠાથી વફાદાર રહેવું, એ સાહિત્યકારનો ધર્મ છે. એ રીતે જ સાચી રમણીયતાનો પૂર્ણ આવિષ્કાર થઈ શકે. મૂળ અનુભૂતિને અપ્રસ્તુત એવા અંશો સાહિત્યકારે ટાળવા જ જોઈએ. તો જ એ એની રમણીયતા પ્રકટ કરી શકશે. નહિ તો રમણીયતા તો જવાની. નામના કે પૈસો, થોડાંઘણાં, કદાપિ પ્રાપ્ત થાય; પણ એ સાહિત્ય દુર્ભગ અને વરવું અને ક્લેશકર નીવડવાનું. આનંદ કે વિશ્રાન્તિ, એમાંથી કશાનો તે ઉદય કરાવી શકશે નહિ. અશ્લીલતાનું ચિત્ર રમણીયતાને આગન્તુક છે, તેનો ઘટક અંશ નથી; અને મોટે ભાગે સાહિત્યકાર રમણીયતાને એ અપ્રસ્તુત અંશને જાણીબૂજીને નોતરે છે

૧૯-૮-૧૯૫૩

વ્યંગ્યાર્થ : અનુભાવન*

વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી

(૨) વ્યંગ્યાર્થ

ભારતીય આલંકારિકોની વિચારસંપત્તિ સમૃદ્ધ છે. તેમણે સાહિત્ય અને કાવ્યને અનેક દૃષ્ટિએ અને ભિન્ન ભિન્ન રીતે વિચાર્યાં છે. કેટલીક વખત એક જ વસ્તુ તેઓ જુદા જુદા શબ્દોમાં કહે છે; કેટલીક વખત તેમના વિચારોમાં વિકાસ દેખાય છે. આ બંને સ્થિતિ અર્વાચીન વિચારની એકવાક્યતા અને સમન્વય સ્થાપી શકે છે. પરંતુ ભારતીય આલંકારિકોનું સમગ્ર દર્શન એક જ વિચારસંગતિનું છે એવો ભ્રમ કોઈને નહિ હોય. એમાંના મમ્મટ, જગન્નાથ કે વિશ્વનાથ આદિથી ઓછા પ્રતિષ્ઠિત પંડિતોએ પણ સાહિત્ય-તત્ત્વ વિશે અતિશય દ્યોતક વિચારણા કરી છે. એથી અર્વાચીન વિવેચકનું તો એ કર્તવ્ય છે કે જે વિચારો કાવ્ય કે સાહિત્યને ઊંડાણથી તેમ સર્વગ્રાહિતાથી સમજાવતા હોય તેનો પુરસ્કાર કરવો અને આપણી અર્વાચીન જગત્–સાહિત્યની સમજ અને વિવેચનાના અનુબન્ધમાં તેને વિલોકવા. ઘણા પ્રસંગોમાં ભારતીય વિવેચક ખૂબ અર્વાચીન દૃષ્ટિવાળો લાગે છે, બલકે જેને આપણે પાશ્ચાત્ય દૃષ્ટિ કહીએ છીએ તે દાખવતો જણાય છે. પરંતુ ઘણી વખત તે કેટલાંક તત્ત્વોનું સૂચન કરી અટકી જાય છે અને ગુણ કે અલંકારની અતિશય અને અકારણ સૂક્ષ્મ ચર્ચામાં અટવાઈ જાય છે. વળી, એમની પરિભાષા વસ્તુની દ્યોતક બનવાને બદલે એક પ્રકારની પંડિતોની "પારસી" થઈ, તેનો વિલાસ આલંકારિકોનો એક રસિક ઉદ્યમ બની જાય છે. ઝીણું ઝીણું પૃથક્કરણ કરી વસ્તુથી તેઓ વેગળા જતા રહે છે, વિવેચન કૃત્રિમ બને છે, રસદૃષ્ટિ પણ વિકૃત થાય છે અને કૃત્રિમ સાહિત્યને પોષણ મળે છે. પરિભાષાને અનુભવ સાથે મેળ રહેતો નથી. તે એવી જડ થાય છે કે વિચાર અને વિવેચનને પ્રવાહી અને જીવંત રાખવાને બદલે જડ, બંધિયાર અને મિથ્યા કરે છે. શબ્દ અને પરિભાષા વિચારનાં સાધન છે. વિચારણાને મદદ કરવા બદલે વિચારોને શબ્દોનાં બીબાંને અનુકૂળ થવું પડતું હોય તો જૂની રૂઢ પરિભાષાને છોડી નવી પરિભાષા ઉપજાવવી તે સાહિત્ય અને વિવેચનના હિતમાં છે. આપણે ધ્વનિને સહેજ, સહેજ જ, જુદી રીતે સમજવાનો આયાસ કરીએ.

વિશિષ્ટ પ્રકૃતિને યોગે કવિ વિશેષ સંવેદનશીલ મનુષ્ય છે. વિશિષ્ટ પ્રકૃતિને યોગે કવિ પોતાના અનુભવના ભાવ, વિચાર, તરંગના કોઈ કોઈ અંશોને મેળવી એક અખંડ, એક આકાર, અનુભૂતિ,—જાણે ક્રમ વિનાની યુગપત્ પ્રાપ્ત કરે છે. એ એક સમગ્ર સ્ફુરણ કે સંવેદન, માનસિક ચિત્ર, દર્શન કે પ્રતિભાત બને છે. એ વ્યાપાર કવિકલ્પનાનો છે અને એ સમગ્રને અખંડ રૂપે ગ્રહાએલી અનુભૂતિને આપણે કલ્પન કે વિભાવન કહી શકીએ. એ કલ્પન કે વિભાવન એ સાહિત્યકારનું વિશિષ્ટ માનસિક કાર્ય છે. કવિની અનુભૂતિ જેટલી તીવ્ર, ઉત્કટ કે આગ્રહી તેટલો કવિનો કલ્પનાવ્યાપાર જાગ્રત, ત્વરિત અને પ્રબલ. કવિની અનુભૂતિ ઉત્કટ અને આગ્રહી હોવાથી એ ભાષામાં આવિર્ભાવ ન પામે ત્યાં સુધી તે અજંપો અનુભવે છે. સંવેદનના વેગ અને બળના પ્રમાણમાં તેના ચિત્તની બધી શક્તિ કામ લાગી જાય છે અને પોતાના પર્યન્ત ભાષા, લય, છટા અને સંવિધાન પ્રયોજે છે. અનુભૂતિ સંવેદન કે સ્ફુરણાને કવિએ અન્તરથી આપેલા મહત્ત્વના પ્રમાણમાં તેની કલ્પના સતેજ થાય છે, એ કલ્પના સ્ફુરણને ઘાટ આપે છે, અને સમગ્ર શક્તિથી તે ભાષામાં ઉતારે છે. એટલે દરેક કવિ એવા વ્યાપારમાં પોતાની સાધારણ શક્તિની મર્યાદાને વટાવી જાય છે, પણ મર્યાદા વટાવીને પણ અમુક હદ સુધી જ જઈ શકે છે. એની સુપ્ત શક્તિઓનો [illegible] વિલાસ પણ ક્યાંક જઈ અટકે છે અને એમાં કવિ [illegible]

*સુરત લેખકમિલન પ્રસંગે આપેલા વ્યાખ્યાનના મુદ્દા વિસ્તારીને. ગતાંકથી પૂરું.

વચ્ચે કલ્પનની સુરેખતા અને તેજસ્વિતા અને આવિષ્કારની પર્યાપ્તતા અને સચોટતામાં ભેદ પડી જાય છે.

કલ્પન કે વિભાવનરૂપ કવિકર્મ શબ્દાર્થમાં પ્રગટ થવા મથે છે. અમુક સંવેદન મને થયું છે તેના માત્ર સમાચાર (વાર્તા) કવિ આપવા નથી માગતો. એને તો એ સંવેદન વાચકમાં પ્રગટ કરાવવું છે. એના ચિત્તમાં જે વ્યાપાર થયો તેને મળતો વાચકના ચિત્તમાં વ્યાપાર ઊભો કરવા એ માગે છે. એને જે કલ્પન કે વિભાવન થયું તેનું વાચકના ચિત્તમાં સંક્રમણ કરવા માગે છે, એટલે કે તેનું પ્રતિરૂપ નિષ્પન્ન કરવા માગે છે. આ બીજી કોટિના કલ્પનને કે વિભાવનને આપણે અનુકલ્પન કે અનુભાવન કહીશું, અને તેની પાછળ રહેલી શકિત કે વ્યાપારને અનુભાવના કહીશું. વિભાવના અને અનુભાવનાને સ્થાને કેવળ વિભાવના શબ્દથી નિર્વાહ થઈ શકે તેમ નથી; કેમ કે કવિના વ્યાપારનો પ્રભવ સ્વતંત્ર સ્ફુરણ, સંવેદન કે અનુભૂતિમાં છે. વાચકના પ્રતિયોગી વ્યાપારનું પ્રભવસ્થાન સાહિત્યકૃતિ છે; એની સામે જે શબ્દાર્થની લીલા છે, તે છે. વાચકને પ્રથમ શબ્દબોધ થાય છે, અને તે દ્વારા અર્થબોધ થાય છે. પણ આ અર્થ ક્રમમાં આવતા શબ્દોનો ક્રમમાં ઉપસ્થિત થતો અર્થ છે. અર્થબોધ એ અવયવોનો બનેલો છે અને કટકે કટકે થાય છે. પણ મનુષ્યમાં પૃથક્કરણની શકિત પેઠે અન્વિતિની પણ શકિત છે. કવિ જેમ અનુભવના અંશો લઈ વિધાયક સંકલનાત્મક વ્યાપાર વડે એક કલ્પન પ્રાપ્ત કરે છે, તેમ શબ્દોના ક્રમશઃ પ્રાપ્ત થતા અર્થબોધમાંથી અન્વિતિના વ્યાપારથી વાચક એક અખંડ અનુભવ પામે છે. શબ્દોના વ્યાકરણસિદ્ધ અર્થમાંથી કવિ-વ્યાપારનો પ્રતિયોગી અનુભાવનાનો વ્યાપાર શરૂ થાય છે અને વાચકને કવિના કલ્પન કે વિભાવન જેવો અખંડ અનુભવ (integrated experience) થાય છે કલ્પનાથી થતું આ અનુભાવન ચિત્તની એક વિશિષ્ટ સ્થિતિ છે. એ ચિન્તનની હોઈ શકે; ચિત્રાત્મક દર્શનની હોઈ શકે; ભાવાત્મક હોઈ શકે; બધાં તત્ત્વોથી સંકુલ થયેલી હોય છતાં તેમાં એક અંશની પ્રધાનતા વરતાય એવી હોય. સખંડ ભાષા અને વ્યાકરણસિદ્ધ પણ સખંડ અર્થમાંથી વાચકમાં અખંડ અનુભૂતિનો ઉદય શરૂ થાય. એ સકળ સાહિત્યકૃતિની પ્રથમ શરત છે. એનું રમણીયતાની કે જીવનની દૃષ્ટિએ મૂલ્ય કરવું એ પ્રથમ શરત સંતોષાયા પછીનો પ્રશ્ન છે. ઇષ્ટ અને રમણીય કે રસમય અર્થના પ્રતિપાદન પછી પણ સાહિત્યકૃતિઓમાં ઉચ્ચ-અવચના ઘણા થર પડી શકે. સર્વ રમણીયતાઓનું સરખું મૂલ્ય એ ખ્યાલ જીવનની દૃષ્ટિએ તેમ રમણીયતાની દૃષ્ટિએ પણ અયુકત છે. કેવળ અનુભાવનમાં ઉચ્ચ સાહિત્યની કૃતાર્થતા નથી.

હવે આના પ્રકાશમાં ભારતીય આલંકારિકોના ધ્વનિ વિષે વિચાર કરીએ. શબ્દ પરત્વે સ્ફોટનો જે સિદ્ધાન્ત છે તેને વ્યાપક કરી કાવ્યમાં ધ્વનિનો સિદ્ધાન્ત કદાચ પ્રતિપાદિત થયો હોય. અથવા ધ્વનિના સિદ્ધાન્ત માટે સ્ફોટના સિદ્ધાન્ત-માંથી સૂચન મળ્યું એમ સમજીએ તો પણ બાધ નથી. “ આપણે શબ્દના (ઘટક) વર્ણો એકી સાથે બોલતા નથી, પણ એક પછી એક બોલીએ છીએ. હવે અર્થ સમજાવવા-ની શક્તિ તો આખા શબ્દમાં રહેલ છે. અને શબ્દ તો આપણે આખો એકી સાથે બોલી શકતા નથી. ત્યારે બોલવા-થી શબ્દાર્થ સમજાય છે કેવો રીતે ? તેનો ખુલાસો વૈયાકરણો એવો કરે છે કે આપણા એક પછી એક બોલાઈ બોલાઈને અસ્ત થતા ધ્વનિથી, અવાજથી, નિત્ય શબ્દ જે વ્યંગ્ય છે તે વ્યક્ત થાય છે અને તેનાથી અર્થબોધ થાય છે તે નિત્ય શબ્દને સ્ફોટ પણ કહે છે, અને તે જ મુખ્ય છે. ” *

આમ તો સ્ફોટને વ્યક્ત કરનાર અવાજને ધ્વનિ કહેવાય. શબ્દની પાછળ જે નિત્ય, અખંડ અને અક્રમ શબ્દતત્ત્વ છે તેને સ્ફોટ કહે છે, અને શબ્દ જાતે ધ્વનિ કહેવાય; પણ અર્થસંક્રાન્તિથી સૂચવનારને બદલે સુચવાયલાને માટે ધ્વનિ વપરાતો થાય છે. ધ્વનિ એટલે સૂચક શબ્દ નહિ પણ સૂચિત અર્થ, એમ સમજવામાં આવે છે. અને એ વ્યાપારને અનુસરી કાવ્યમાં પણ ધ્વનિ એટલે સૂચિત અર્થ—suggestion — એમ થઈ ગયું છે. પણ આપણે, “ આલંકારિકો પ્રધાનભૂત વ્યંગ્યાર્થને વ્યકત કરનાર શબ્દાર્થ-યુગલને ધ્વનિ, ધ્વનિકાવ્ય કહે છે ”, એમ ગણીને ચાલીશું તો પણ બાધ નથી.

શબ્દ અને શબ્દમય કાવ્યની સરખામણી વાસ્તવિક હોય તો એમ સમજવું રહ્યું કે જેમ સક્રમ, સખંડ શબ્દમાંથી અક્રમ, અખંડ સ્ફોટ પ્રગટ થાય છે તેમ સક્રમ કાવ્યમાંથી અક્રમ વ્યંગ્યાર્થ પ્રકટે છે. આ વ્યંગ્યાર્થ પ્રકટે છે તેથી

* કાવ્યપ્રકાશ (સં. પાઠક અને પરીખ) પૃ. ૫.

કાવ્યને ધ્વનિકાવ્ય કહીએ છીએ. વ્યંગ્યાર્થ એ અર્થ—meaning–નથી, પણ માનસિક અવસ્થા છે. આ વ્યંગ્યાર્થ જ ચિત્તની પેલી અવસ્થિતિ (integrated experience.) છે જે સાહિત્યના વિમર્શમાંથી ઉદ્ભવે છે. એમાં વાચક કલ્પનાનેત્ર આગળ કોઈ ચિત્ર પ્રત્યક્ષ કરે છે; અથવા કોઈ ચિન્તનની અવસ્થામાં લીન થઈ જાય છે, જાણે કે એને કોઈ નવો પ્રકાશ લાધ્યો હોય; અથવા તેનું હૃદય કોઈ ભાવવિશેષ અનુભવી આર્દ્ર કે ઓજસ્વી થાય છે. ચિત્તની અવસ્થા અનુસાર કાવ્ય અલંકારધ્વનિ, વસ્તુધ્વનિ કે રસધ્વનિ બને છે. હું ધારું છું કે કાવ્ય કે સાહિત્ય કહેવાવા લાયક દરેક કૃતિમાં વ્યંગ્યાર્થ અપેક્ષિત છે. એ વ્યંગ્યાર્થ જ સહૃદયની પેલી અનુભૂતિ છે જેની સર્જક અપેક્ષા રાખે છે, એ વ્યંગ્યાર્થ જ કવિના સંવેદન કે અનુભવનો પ્રતિયોગી અનુભવ છે.

પ્રો. ડોલરરાય માંકડે ભારતીય સિદ્ધાન્તના મર્મમાં પ્રવેશ કરી જે દર્શન કર્યું છે તે કેટલાક અંશમાં મને મારા વક્તવ્યને સમર્થક લાગે છે. *" સંસ્કૃત કાવ્યશાસ્ત્રમાં આ જે ત્રણ કાવ્યભેદો ગણાવ્યા છે તેમાં સિદ્ધાન્ત એ રહેલો છે કે કાવ્યમાં પ્રધાનત્વની દૃષ્ટિએ એટલે કે ઉદ્દીપનની દૃષ્ટિએ ત્રણ તત્ત્વો છે. સમગ્ર કાવ્યજાતિ વિશે એમ કહી શકાય કે એના વાચનથી વિચાર, ઊર્મિ કે કલ્પનાનું ઉદ્દીપન થાય છે." " વિચારપ્રધાન કાવ્ય, કાવ્યમાં જે વિચાર વ્યક્ત થયો હોય તે ભાવક સમજે તે પછી તેની અભિવ્યક્તિના બળે વિચારનાં આંદલનો ભાવકમાં જગવે જ. ટૂંકામાં, વિચારપ્રધાન કાવ્ય ભાવકને વિચાર કરતો કરી મૂકે, એટલે કે, ભાવકના મનમાં વિચારોનું ઉદ્દીપન કરે અને હું સમજું છું ત્યાં સુધી વસ્તુધ્વનિનું ખરું તત્ત્વ પણ એ જ છે." પ્રો. માંકડનું " મનમાં વિચારોનું ઉદ્દીપન " એ જ મને અભિપ્રેત ભાવકની માનસિક અવસ્થિતિ છે જેની સારાં ચિન્તનપ્રધાન કાવ્યોમાં કવિ અપેક્ષા રાખે છે. એ ઉદ્દીપનની સ્થિતિ કવિના મૂલ વ્યાપારને મળતી છે અને તેની પ્રતિયોગી છે. આ રીતે સમજીએ તો પ્રો. માંકડનું વધારે વ્યાપક કથન પણ મને યથાર્થ લાગે છે: " કલાકૃતિ જો પ્રધાનપણે વિચારોનું ઉદ્દીપન કરે તો તે વિચારપ્રધાન કહેવાય અથવા વસ્તુધ્વનિ છે એમ કહેવાય. કલાકૃતિ જો ભાવકમાં પ્રધાનપણે ઊર્મિનું ઉદ્દીપન કરે તો તે ઊર્મિપ્રધાન કહેવાય અથવા તેમાં રસધ્વનિ છે એમ કહેવાય. કલાકૃતિ જો ભાવકમાં પ્રધાનપણે કલ્પનાનું ઉદ્દીપન કરે તો તે કલ્પનાપ્રધાન કહેવાય અથવા તેમાં અલંકારધ્વનિ છે એમ કહેવાય."

---

* પ્રો. ડોલરરાય માંકડનું નવસારી પરિષદમાંનું વ્યાખ્યાન.

પરંતુ મારો મત એમ થાય છે કે આવું ઉદ્દીપન, હું અનુભાવન પણ કહું, એ સાહિત્યકૃતિનું પ્રથમ ક્રિયાધર્મ (function) છે. એ વિના સાહિત્ય લાયક કૃતિ પ્રભવતી જ નથી. વળી, પ્રત્યેક ઉદ્દીપનપ્ર ઉત્કૃષ્ટ કાવ્યની તે શ્રેણી પૂરતી સંભાવના છે, પ્રકારનાં કાવ્યોમાં ઉચ્ચમધ્યમનો ભેદ આપણે કાવ્યોમાં પણ જોઈ શકીએ. પરંતુ ઉત્કૃષ્ટતાનો પ્રશ્ન **પ્રકારમાં** ઉત્કૃષ્ટતા છે કે નહિ ત્યાં આવીને અટકતો ઉદ્દીપન પ્રકારોમાં, અનુભૂતિનાં મુખ્ય સ્વરૂપોમાં પણ શ્રેષ્ઠ એવો કેવલ પાંડિત્યવિષયક કે ભાવનાલક્ષી જ નહિ વસ્તુલક્ષી પ્રશ્ન ઉદ્ભવવાનો, અને તેમાં કાવ્યના સ્વરૂપ વખતે જીવનવ્યવહારની આપણે વાત કરી હતી તેને સંભારવી જોઈશે. ઉત્કૃષ્ટ સાહિત્યે તો વિશાળ મર્મગામી અને વ્યાપક દૃષ્ટિથી જોવું પડશે. ઉત્કૃષ્ટ સા નિર્માણની ઉત્કૃષ્ટતા માટે આકૃતિનું સૌષ્ઠવ, અંગોની સંશ્લિ શબ્દાર્થનું સંપૂર્ણ ઔચિત્ય અને શોભા દાખવવાં જીવનનું કોઈ નિયામક તત્ત્વ પ્રકાશિત થાય એવા સ વાળું, વિશાળ જીવનનું **સાક્ષાત્કારકલ્પ** દર્શન કરાવ એવું સર્જન હોય તો તે જ ઉત્તમ ગણાવું ઘટે. એવા સાહિ ફલક જ મોટું હોય; એના નિર્માણની કલામાં સહજ કે રસજ્ઞતા કરતાં પ્રજ્ઞાનો, કોઈ સ્થપતિનું સ્મરણ એવો, સુચિન્તિત વ્યાપાર હોય. તેથી શક્યતા કે સં ની દૃષ્ટિએ અલંકારધ્વનિ કે વસ્તુધ્વનિ કાવ્ય એ પહોંચી શકે નહિ.

(૩) અશ્લીલતા

સાહિત્યમાંની અશ્લીલતાનો પ્રશ્ન સાહિત્ય સામાજિક અને વૈયક્તિક નીતિનો પ્રશ્ન વિશેષ છે. સ્વ-રૂપથી અનીતિને કે શિથિલ નીતિને કે અપૌરુષને એવું માનનારા જૂજ છે, જો કે તે જૂજમાં પણ પુરુષો છે. સાહિત્યને નીતિઅનીતિ સાથે કાંઈ નથી, એનું તો પોતાનું અલબેલું વૃન્દાવન છે, એમ

વર્ગ છે; પણ એ ભ્રમમાં પડેલો છે. એ રમણીયતા જુએ છે, પણ રમણીયતા માટે કઈ અનિષ્ટ સામગ્રીનો ઉપયોગ થાય છે તે તરફ દુર્લક્ષ કરે છે. રમણીયતા સર્જાયાથી આન્તર-સામગ્રી તિરોહિત નથી થતી, માત્ર તે જુદે સ્વરૂપે દેખાય છે. એ એવે સ્વરૂપે દેખાય છે કે ઇચ્છાએ અનિચ્છાએ એ આન્તર-સામગ્રી – જીવનવ્યવહાર – વિશે વાચકને વિચાર કરતો કરી મૂકે; એને માટે એ ભૂમિકા કે દૃષ્ટિબિન્દુ આપે. નીતિ–અનીતિ એટલે મનુષ્યના વ્યવહારોમાં મૂલ્યોની આંકણી. એ મૂલ્યોની આંકણી પારંપરિક હોય કે પરંપરાવિરોધી હોય તેથી તે આંકણી મટતી નથી; અને તેને જીવનવ્યવહાર સાથે અનિવાર્ય સંબંધ છે. રંગ અને રંગિત વસ્તુનો અભેદ છે તેવો વ્યવહાર અને મૂલ્યોનો અભેદ છે, પછી એ મૂલ્યો ભલે જંગલી માનવજાતનાં હોય કે ગાંધીના રામરાજ્યનાં હોય. સાહિત્યની રમણીયતા એ મૂલ્યોનું સમર્થન કરે; એ મૂલ્યોનો વિરોધ કરે; એ મૂલ્યોની ચિકિત્સા સૂચવે. પણ હરેક પરિસ્થિતિમાં સૂક્ષ્મતાથી નિહાળતાં નીતિતત્ત્વ સામે આવીને ઊભું રહે છે. આ વસ્તુસ્થિતિ છે, તો પછી સમાજહિતચિન્તકો સાહિત્ય પાસે અમુક અપેક્ષા રાખે અથવા અમુક પ્રકારના સાહિત્યનો વિરોધ કરે તે સમજી શકાય તેમ છે. એમની સમજફેર એ થાય છે કે સાહિત્ય એ રમણીયતાનું સર્જન છે; રમણીયતા સધાય એટલે એનું કામ પૂરું થાય છે; એ રમણીયતા પોતે અથવા એ જેનો આશ્રય લે છે તે જીવતપદાર્થ વાચકની નીતિદૃષ્ટિ કે ધર્મવૃત્તિને કોઈ ને કોઈ રીતે અસર કરશે. રમણીયતાનો પરામર્શ મનુષ્યની વૃત્તિઓને એવી વિશ્રાન્તિ દે છે, એના ચિત્તને એવા શુદ્ધ સ્વરૂપમાં મૂકી આપે છે કે તે થોડો સમય તો સ્થિતપ્રજ્ઞ બને છે; તેમની પ્રજ્ઞા સ્વસ્થતાથી અને સમતાથી વૃત્તિઓ અને વર્તનનાં અમુક બિમ્બોને જોઈ શકે છે અને તે વિશે સાચાં મૂલ્યો અનાયાસે પ્રગટ થાય છે. નીતિવિષયક અમુક જ વલણ દાખવવું એ સાહિત્યકારનો ધર્મ છે એમ કહેવામાં અધર્મ રહેલો છે: સાહિત્યકાર એનો ધર્મ પાળશે તો સમાજહિત-ચિન્તકનું કામ પણ ભેગું થઈ જશે અથવા સરળ થશે, એવી સમજ કેળવવાની જરૂર છે.

પોતાનો ધર્મ સાહિત્યકાર કેમ પાળે? રમણીયતાના સર્જનમાં નિષ્ઠાવાળા અને પ્રામાણિક રહીને. સૌન્દર્ય એ સત્ય અને શિવથી, ધર્મ અને નીતિથી ઇલાયદું તત્ત્વ છે, એ ખરું; પણ એ એનું વિરોધી કે વિનાશક નથી. વિધાયક બીજમાં અને સર્જનવ્યાપારમાં સાહિત્યકાર સર્જનવ્યાપારની સાચી સ્થિતિને વફાદાર રહે તો સમાજહિતચિન્તકને ભડકવાનો પ્રસંગ ક્વચિત જ આવે. પરંતુ બીજાં ક્ષેત્રોમાં, બીજાં ઊજળાં ગણાતાં ક્ષેત્રોમાં અપ્રામાણિકપણું વધ્યું છે; વકીલ, દાક્તર, અધ્યાપક, અમલદાર, ઓછી નિષ્ઠાવાળો અને ઓછો ભાવનાશીલ થયો છે, તેમ સાહિત્યકાર પણ થયો છે; સમયપ્રવાહને, જરાજરામાં બદલાતા ખ્યાલોની ફેશનોને વશ થતો જાય છે; અને એ પૈસા કે નામના ઝટપટ કમાઈ લેવાની વણિકવૃત્તિથી અલિપ્ત રહી શક્યો નથી. અશ્લીલ સાહિત્યના ઉત્પાદનમાં આ પરિગ્રહવાસના મુખ્ય કારણ છે. તે એકમાત્ર કારણ છે એમ સમજવું ના જોઈએ. કવિના સર્જનનું આન્તર કારણ તો કવિના સંવેદનની ઉત્કટતા ને પ્રકાશમયતા છે; એ સંવેદન એટલું બધું મહત્ત્વનું તેને લાગે છે, તેનાથી એ એટલો પ્રભાવિત થયો છે કે તેનો જીવ એમાં જ પુરાઈ રહે છે; જ્યાં સુધી એનો આવિષ્કાર ન થાય ત્યાં સુધી એ બેચેની અનુભવે છે. એને તો એટલે સુધી લાગે છે કે આ અનુભૂતિ ક્યાંકથી આવી અને કોઈ તેને તો માત્ર નિમિત્ત બનાવી વ્યક્ત કરાવે છે. મતલબ કે સાહિત્ય-કારને સંવેદનના આવિષ્કારમાં અનિવાર્યતા સમજાય છે. આ ઉદ્ભાવક પ્રેરણા વખતે કશી સાંસારિક ગણતરી હોતી નથી. એ તો એક સૌન્દર્યમય ઝાંખી છે જેનું સ્મરણ કરી સાહિત્યકાર રળિયાત થાય છે. એ બીજમાં, કૃતિના બીજ-ભૂત દર્શનમાં, અશ્લીલતાને અવકાશ ના હોય. કવિ છેક જ પામર, હીન કે વિકૃત માનસવાળો હોય તો જ પ્રેરણાના પ્રભાવમાં અશ્લીલ તત્ત્વો આવે. અશ્લીલતા તો બીજને ખોટી રીતે ઉછેરતાં ઉછેરતાં પેસી જાય છે. કાવ્ય-બીજને ઉછેરવાને નિયતિના નિયમો જરૂરી નહિ હોય; પણ પોતાના સંવર્ધનના નિયમો લઈને જ તે જન્મે છે. વડનું બીજ હોય, તેને યોગ્ય જમીન, હવા, અજવાળું અને પાણી મળે એટલે તે પોતાના આન્તરનિયમને બળે વટવૃક્ષ થાય; વટવૃક્ષ જ થાય અને લીમડો ન થાય. તે પ્રમાણે સાહિત્યનું બીજસમાન સંવેદન પ્રામાણિક સંવર્ધનની અપેક્ષા રાખે છે. એની અંદર નિયતિનું, નિશ્ચિતતાનું, અનિવાર્ય આવિષ્કારનું જે બળ રહ્યું છે તેને માર્ગ કરી આપવો, એ સાહિત્યકારનું કાર્ય છે.

[અનુસંધાન પૃ. ૩૩૫ ઉપર]

વનવાસીઓ માટે શ્રમજીવી કૉલેજ

સં. સુમન્ત મહેતા

૯૪ વર્ષના બુઝર્ગ પ્રોફેસર ધોંડો કર્વેને પચાસેક વર્ષ પહેલાં વિચાર આવ્યો કે મહારાષ્ટ્રમાં ઘણી ઘણી વિધવાઓ તદ્દન નિરાધાર, અભણ અને ગરીબ બેકારીમાં જીવન ગાળે છે તેમને શિક્ષણ આપીને કમાણી કરતી, સ્વાશ્રયી તથા જીવનમાં રસ લેતી કરી શકાય. ઓછામાં ઓછા ખર્ચે રહી શકાય તેટલા માટે પૂનાથી દસેક માઈલ દૂર હિંગણે બુદ્રુક નામનું ગામડું હતું ત્યાં એમણે ઝૂંપડામાં બે વિધવાઓને રાખીને તેમને શિક્ષણતાલીમ આપવાનું શરૂ કર્યું. આ નાનકડા પ્રયાસમાંથી જે સંસ્થા "ઈન્ડિયન વિમેન્સ યુનિવર્સિટી", ઠાકરસી હિંદ મહિલા વિદ્યાપીઠ કહેવાય છે તેનો જન્મ થયો, અને આ સંસ્થાની શાળાઓ મહારાષ્ટ્ર, ગુજરાત, મધ્યભારત વગેરે અનેક પ્રદેશોમાં ફેલાઈ રહી છે.

કંઈક આવી જ રીતે યુનાઈટેડ સ્ટેટ્સના કેન્ટકી સ્ટેટમાં એક પછાત રહી ગયેલા, પહાડી, જંગલી પ્રદેશમાં થોડા નાના ખેડૂતોએ એક ઓરડાવાળી નાની શાળા બાંધી. આ લોકોએ એક બિનસંપ્રદાયી ખ્રિસ્તી ધર્મપ્રચારક(પાદરી)-ને શાળાના શિક્ષક તરીકે રાખ્યો. આ જમીનદારો અને પાદરી ગુલામગીરીની પ્રથાના સખત વિરોધી હતા, જો કે આસપાસની જમીનોમાં ગુલામોને રાખવામાં આવતા હતા. અને ગુલામી નાબૂદ કરવી જોઈએ એવો પ્રચાર કરનારને (લાગ મળ્યે) ટીપી નાખતા. પ્રો. કર્વે તરફ પણ પૂનાના બ્રાહ્મણો તિરસ્કાર અને ઘૃણાની દૃષ્ટિથી જોતા. ૧૮૫૫ની સાલમાં આ એક ઓરડાવાળી અને એક શિક્ષકવાળી શાળા બેરીઆ નામના ગામડામાં શરૂ થઈ. જે પહાડી પ્રદેશમાં માઈલોના માઈલો સુધી એક પણ શાળા નહોતી ત્યાં ગરીબ ખેડૂતોએ તેની સ્થાપના કરી. થોડાં વર્ષો પછી ગુલામી નાબૂદ કરવાના પ્રશ્નને લીધે આખા દેશમાં આંતરવિગ્રહ (સિવિલ વૉર) લડાઈ થઈ. એ વર્ષોમાં લોકો પાસે નાણાં ખૂટી પડેલાં. લડાઈના કારણે ખેતી તરફ દુર્લક્ષ રહેતું હતું. જે છો… ભણતાં હતાં તેમનાં ગરીબ માબાપ પાસે ફી આપવાનાં … હતાં નહીં તેથી તેઓ માખણ, ઈંડાં, અનાજ, ઘેર વ… ટુવાલ જેવી ચીજો આપીને છોકરાંને ભણાવતા. … શરૂઆતથી જ છોકરાઓ તથા છોકરીઓને સાથે શિ… મળતું અને નિગ્રોને પણ છૂટથી રાખવામાં આવતા, … પછીથી કેન્ટકી રાષ્ટ્રે કાયદો કર્યો કે ગોરા અને … સહશિક્ષણ આપવું નહીં, તેથી આ શાળાના વ્યવસ્થાપકો… તરત જ નિગ્રોને માટે લિંકન ઇન્સ્ટીટ્યૂટ નામની … (અને કૉલેજ) પોતાના ખર્ચે કાઢી. માત્ર ૧૪ વર્ષની … આ શાળાને કૉલેજ તરીકે સરકારે માન્ય કરી, જો કે … ૧૯૨૦ની સાલ સુધીમાં ત્યાંના વિદ્યાર્થીઓની બહુ … સંખ્યા પ્રાથમિક અને માધ્યમિક કેળવણી લેતી હતી. … સંસ્થાના પ્રમુખ ડૉ. ફ્રોસ્ટ હતા. તેમને એટલી બધી ધગશ … કે પોતે અને તેમનાં પત્ની પહાડોમાં દૂરદૂર આવેલાં … ખાંચરામાં સંતાઈ ગયેલાં ખેતરોમાં પહોંચીને ત્યાનાં કુ… સમજાવીને છોકરાંઓને શિક્ષણ આપવાનું મહત્ત્વ સમજા… કેટલાંક ખેતરોમાં જવા માટે તો ગાડાંના ખડબચડા … પણ નહોતા. કેટલેક ઠેકાણે નદીનાળાંના પથરાળ પટ પર … ચલાવવા પડતા. આ ડો. ફ્રોસ્ટ ઘણો વિદ્વાન હતો અને … સાહિત્યનો નિષ્ણાત ગણાતો હતો, પણ પોતાની સં… તો પ્રાથમિક શિક્ષણ ઉત્તમ પ્રકારનું થાય, શિક્ષકોને … તાલીમ વર્ગો સ્થપાય અને છોકરાંઓને વોકેશનલ … ધંધાર્થી શિક્ષણ અપાય એવી જ બધી વ્યવસ્થા એમણે … હતી. આવી રીતે એક પછાત પ્રદેશમાં આ બેરિયા … જ્ઞાન અને ધર્મનો પ્રકાશ ચારે બાજુએ ફેલાવી … જેમ જેમ દેશમાં શિક્ષણપ્રચાર વધતો ગયો, … આસપાસ સેંકડો પ્રાથમિક અને અન્ય શાળાઓ … ગઈ તેમ બેરિયામાં માત્ર કૉલેજ જ રહી છે, પણ … શરૂઆતમાં જે શાળા કાઢી હતી તે ચાલુ રાખવામાં …

છે અને તેમાં ખેતીવાડીનું, દુકાન ચલાવવાનું અને બીજું ધંધાર્થી શિક્ષણ આપવામાં આવે છે. તે ઉપરાંત જે માણસોને કોઈ પણ પ્રકારની તાલીમ જોઈતી હોય, તે વીસ વર્ષની અંદરનો જુવાન હોય કે ૪૫-૫૦ વર્ષનો અભણ ખેડૂત હોય તો તેને માટે ટૂંકા અભ્યાસક્રમ યોજવામાં આવે છે. શિક્ષણને માટે કોઈ પણ જિજ્ઞાસુને ના પાડીને નિરાશ કરવામાં આવતો નથી.

એક દિવસ આ સ્કૂલમાં એક નવજુવાન ગામડિયો આવી પહોંચ્યો. એને બારાખડી પણ આવડતી નહોતી. એણે કહ્યું કે મને બંદૂકથી શિકાર કરતાં આવડે છે, હું ગમે તે ઘોડા પર સવારી કરી શકું છું, હું ઘોડાને નાળ જડી શકું છું, તો પછી આ ચોપડી વાંચવાનું કેમ નહીં આવડે. એને તપાસ્યો ત્યારે ખબર પડી કે એની બુદ્ધિ સારી હતી. છ મહિનામાં એણે પાંચ ગ્રેડ(વર્ગો)નો અભ્યાસ પૂરો કર્યો. એક દિવસ એણે શિક્ષકને છાપું બતાવ્યું. તેમાં કેટલાક જુવાનોએ ખૂન કરેલું તેનો હેવાલ હતો. એણે કહ્યું કે આ બધા મારા લંગોટીઆ મિત્રો છે, અને જો હું અહીં આવ્યો ન હોત તો આ કેસમાં જરૂર સંડોવાઈ ગયો હોત.

આજે આ બેરિયા (Berea) કૉલેજમાં ૧૫૦૦ વિદ્યાર્થીઓ ત્યાંની હૉસ્ટેલોમાં રહીને અભ્યાસ કરે છે. અહીં રંગભેદ કે લિંગભેદ રાખવામાં આવતા નથી, પણ તાલીમ મેળવવા જેની ખાસ જિજ્ઞાસા અને ઇચ્છા હોય છે તેમને જ આ સંસ્થામાં દાખલ કરવામાં આવે છે. પૈસાદાર કે વગદાર માબાપો ફાવી જતાં નથી. જે વિદ્યાર્થીઓ કેન્ટકી અને તેની પાસેનાં બીજાં પહાડી સ્ટેટોમાંથી આવે છે તેમને ખાસ પસંદગી મળે છે.

આ સંસ્થાને ફેડરલ, સ્ટેટ કે પ્રાંતીય સરકાર તરફથી એક પાઈ મળતી નથી. એની નાણાંભીડ ભારે છે. એની પાસે જે ફંડ છે તેના પર ૪½ ટકાનું વ્યાજ મેળવી લે છે. બીજી કૉલેજોમાં જે અભ્યાસક્રમો શિખવવામાં આવે છે તે બધા આ સંસ્થામાં પણ છે, પણ તે ઉપરાંત બીજી કૉલેજોમાં હોતી નથી તેવી અનેક પ્રવૃત્તિઓ અને યોજનાઓ અહીં જોવામાં આવે છે. કૉલેજમાં જ ગાયો પાળવામાં આવે છે અને અહીં ઉત્પન્ન થતું દૂધ, પનીર (ચીઝ) અને માખણ ૩૦ માઈલના પરિઘમાં વેચવાની વ્યવસ્થા છે. અહીંની રોટી અને કેક મશહૂર હોઈને દૂરદૂર સુધી વેચાય છે. સાવરણીઓ, કાપડ, ગરમ કાપડ, અને સારું ફર્નિચર (સુથારી કામ) અહીં બનાવીને વેચાય છે. આ બધું કામ વિદ્યાર્થીઓ જ પોતાના ફુરસદના પણ નિશ્ચિત કરેલા સમયમાં કરે છે. બેરિયામાં સારી નાની હોટેલ છે તેની બધી વ્યવસ્થા છોકરીઓ કરે છે. દરેક વ્યક્તિ કમાય છે અને ભણે છે. બહુ જ ગરીબ હોઈને જેને ઘેરથી મદદ નથી મળતી તે છ કે બાર મહિના કૉલેજ છોડીને બધો સમય કામ કરીને નાણાં બચાવે છે. ઘણા વિદ્યાર્થીઓ વૅકેશનોમાં કામ કરે છે. આ કૉલેજની આસપાસ નવું ગામ વસ્યું છે, શાળા કાઢી ત્યારે ત્યાં ગામડું પણ નહોતું. હોટેલમાં લેખિત જાહેરાત કરવામાં આવી હોય છે: "આ કૉલેજમાં શિક્ષણની ફી લેવામાં આવતી નથી અને દરેક વિદ્યાર્થીને કંઈ ને કંઈ કામ કરવું પડે છે. આ હોટેલમાં દરેક જાતનો કારભાર વિદ્યાર્થીઓના હાથમાં છે. કોઈ પણ કાર્યકરને બક્ષિસ આપવી નહીં."

અત્યારે બેરિયા ગામડાની વસ્તી ૩૩૭૨ માણસોની છે. આગ હોલવવાનું ખાતું વિદ્યાર્થીઓને હસ્તક છે, આ ગામડામાં વીજળીનું કારખાનું, રિપેર કરવાનું બધું કામ, ઘરમાં વીજળીના તાર ગોઠવવા વગેરે બધી વ્યવસ્થા વિદ્યાર્થીઓ કરે છે. શરૂઆતના દિવસોમાં એ ગામડામાં ટાઇફૉઇડના કેસ થયા તેથી પાણીનું કારખાનું (વૉટર વર્ક્સ) પણ વિદ્યાર્થીઓએ સ્થાપ્યું અને તેનો વહીવટ પણ તેઓ જ કરે છે. બધા વિદ્યાર્થીઓનો પગાર અને બીજો ખર્ચ કાપ્યા પછી કૉલેજને ૪૫૦૦ ડૉલરનો ચોખ્ખો નફો રહ્યો.

આ સંસ્થાની શરૂઆત દેવળ અને શાળાથી થઈ હતી અને ધર્માચાર તથા શિષ્ટાચાર પર ઘણો ભાર મૂકવામાં આવે છે. રવિવારે સાંજે દરેક વિદ્યાર્થીને ચેપલ (મંદિર)માં જવાનું ફરજીઆત છે. રવિવારે સવારે ગામના દેવાલયમાં જાય તો સારું એવું વાતાવરણ હોય છે, ફરજ નથી. બાઇબલમાં આધુનિક જ્ઞાન તથા વિજ્ઞાનને અનુસરીને ફેરફાર કર્યા છે તે કેટલાંક ધર્મચુસ્ત માબાપોને ગમતા નહીં હોય તે છતાં તે અહીં શિખવાય છે. વિદ્યાર્થીઓએ અમુક વખતે રાત્રે હૉસ્ટેલમાં હાજર થઈ જવું આવશ્યક છે. શનિવારે ૧૧-૩૦ સુધી બહાર રહી શકાય છે. કપડાં સાદાં જ પહેરવાની પ્રથા છે અને ખર્ચાળ પહેરવેશ તથા અલંકારની મના છે. વિદ્યાર્થીઓ હૉસ્ટેલના અમુક ઓરડાઓમાં બીડી ફૂંકી શકે છે પણ કૉલેજ

કે ગામના રસ્તા પર તેમ કરવાની સખત મના છે. અધ્યાપકો-ને બીડી કે પાઈપ (ચિલમ) પીવાની મના છે. અધ્યાપકો તથા વિદ્યાર્થીઓથી કોઈ પણ સ્થળે દારૂ પી શકાય નહીં અને ગામમાં પણ દારૂ વેચાતો મળતો નથી.

આમ હોવા છતાં કોઈ એમ માની ન લે કે બેરિયા કૉલેજમાં બધાં ગંભીર, ડાહ્યાં ધુવડો વસે છે. કૉલેજમાં અનેક નાટયમંડળો છે. ત્યાં લોકનૃત્યોનાં મંડળો છે. લોકગીતો તથા મંદિરનાં સમૂહગીતોનાં એક કરતાં વધારે મંડળો છે, દરેક જાતની મર્દાની રમતો રમાયાં કરે છે, અને તેની હરીફાઈ માટે તાલીમ આપવામાં આવે છે. વિદ્યાર્થીઓની ટોળીઓ જંગલો અને નદીનાળાંનાં મૂળ તરફ સહેલ(પિકનિક) માટે જાય છે, ઘણા વિદ્યાર્થીઓ માઈલોના માઈલો સુધી ચાલવાને નીકળી પડે છે. શિક્ષકો, વિદ્યાર્થીઓ તથા ગ્રામજનો ચિનાઈ માટીનાં વાસણો બનાવતાં શીખે છે, કાચનાં વાસણો બનાવે છે, ટેબલો જેવું સુથારી કામ કરતાં શીખી લે છે. ઑકટોબરમાં એક "પર્વત દિન" પાળવામાં આવે છે, જ્યારે દરેક વિદ્યાર્થી પહાડો ચઢીને ત્યાં મોજમજાહ કરે છે. આવી અનેક પ્રવૃત્તિઓમાં છોકરા છોકરીઓ સાથે ભણે છે અને સાથે રમે છે. કૉલેજજીવનનાં ઓળખાણ પરિચયમાંથી અનેક વિદ્યાર્થીઓ પરણે છે, શિક્ષકો કહે છે કે શા માટે ન પરણે ? એક પહાડી વિદ્યાર્થી પહાડી વિદ્યાર્થિનીને પરણે તે યોગ્ય છે. બેરિયામાં માન્યતા એવી છે કે અહીંનો વિદ્યાર્થી વધારે સારો અભ્યાસ કરે છે અને તે ઉપરાંત ધંધાર્થી કામ પુષ્કળ કરે છે. પરીક્ષાઓ સહેલી નથી, વાંચવાનું પુષ્કળ હોય છે, અને આવું સખત જીવન ગાળવાનું હોવા છતાં દર વર્ષે ૩૦૦-૬૫૦ નવા વિદ્યાર્થીઓને દાખલ કરવાના હોય છે તેને માટે ૧૦૦૦ ઉમેદવારો હોય છે. શુદ્ધ ચારિત્ર્ય, ભણવાની શક્તિ અને ગરીબી હોવા છતાં ભણવા માટે તીવ્ર ઇચ્છા આ ત્રણ બાબતોની બારીક તપાસ કર્યા પછી વિદ્યાર્થીને દાખલ કરવામાં આવે છે. આ કૉલેજનાં વખાણ સાંભળીને જાપાન, કોરિયા વગેરેના વિદ્યાર્થીઓ પણ આવે છે. જાપાનની પાસે રયુકયુનો બેટ છે ત્યાંનું એક દંપતી આવી જ સંસ્થા પોતાના દેશમાં કાઢવા માટે બેરિયામાં રહી ગયાં હતાં. આફ્રિકાના નાઈજેરિયાના એક સરદારનો છોકરો આદેરોનમ્યુ અહીંના વાતાવરણનો અભ્યાસ કરવા માટે કૉલેજમાં દાખલ થયો હતો. કેટલાક છોકરાઓ વેકેશનોમાં પાસેનાં ગામડાંમાં જાઈ[illegible] વર્ગો ચલાવે છે, ગ્રામજનોની અનેક રીતે સેવા કરે છે. એકંદરે ૬૨ જાતનું જુદા જુદા પ્રકારનું કામ હોય છે તેમાંથી એક તેમને (યોગ્યતા પ્રમાણે) સોંપાય છે અને તેની કમાણી-માંથી શિક્ષણનો ખર્ચ નીકળી જાય છે. બહુ મોટા ભાગના વિદ્યાર્થીઓ મહેનતુ ખેડૂતોનાં છોકરાં હોઈને તેમને વહેલા સવારે ઊઠવાની ટેવ હોય છે અને આ સંસ્થામાં ઘણાં કામ સૂર્યોદયની બહુ પહેલાં કરવાનાં હોય છે.

આ સંસ્થાની નાણાંકીય સ્થિતિ વિશે લખવામાં [illegible] અર્થ નથી, કારણ કે દેશ ધનાઢ્ય છે. ડૉલરની કિં[illegible] રૂપિયાથી પાંચગણી વધારે છે, છતાં ખરીદશક્તિની સરખામણી કરવી અઘરી છે. એક પૈસાદાર ખેડૂતને આ સંસ્થાનાં બિસ્કિટ બહુ ગમી ગયાં તેથી તે સંસ્થા જોવાને આવ્યો. [illegible] વાતાવરણ એને પસંદ પડયું. એના વસિયતનામામાં પોતાની જમીન બેરિયા કૉલેજને આપી દીધી. કૉલેજે તે ૫૦૦૦[illegible] ડૉલરે વેચી નાંખી. એક મિલમાલિક બેરિયાના મુખ્ય સંચાલક(અમેરિકામાં તેમને પ્રેસિડેન્ટ કહે છે)ના મિત્ર હતા તેમણે ૨૫૦,૦૦૦ ડૉલર આપ્યા હતા. બીજા એક પ્રશંસકે વખતો વખત આ સંસ્થાને મદદ કરીને એકંદરે ૨૫૦,૦૦૦ ડૉલર આપ્યા અને પોતાના છેવટના ભાષણમાં કહ્યું કે: "મેં મારાં બધાં દેવાં આપી દીધાં છે, મારે [illegible] કરવાની જરૂર રહી નથી કારણ કે હું નિર્ધન છું"

સંસ્થા પાસે જે મૂડી છે તેના વ્યાજમાંથી અધ્યાપકોને પગાર આપવામાં આવે છે. પગારો અન્ય કૉલેજોના પગાર કરતાં ઓછા હોય છે, પણ એ સૌ સાદાઈથી રહેશે એવી અપેક્ષા રાખવામાં આવે છે, પણ સાથે સાથે તેમને રહેવા માટે જે સગવડ કરી આપવામાં આવે છે તેનું ભાડું ઓછું હોય છે અને જો અધ્યાપકો વિદ્યાર્થીઓને રસોડે જમે તો જમણનો ખર્ચ પણ ઓછો થાય છે. પોતે પોતાનું જીવન સંસ્થાને અર્પણ કરી દીધું છે એવી ભાવનાવાળા અધ્યાપકો આ ડૉલરપૂજક અમેરિકામાં પણ મળી રહે છે.*

---

* અમેરિકાના સૅટર-ડે ઇવનિંગ પોસ્ટ(મે-૨, ૧૯૫[illegible]) "જે શાળામાં કોઈ વિદ્યાર્થી આળસુ નથી" એ લેખમાંથી [illegible] સાર ગૂંથીને આ લેખ તૈયાર કર્યો છે. —સં.

કેટલાંક પુનર્મિલનો

કાન્તિલાલ છ. પંડ્યા

दिनयामिन्यौ सायंप्रातः शिशिरवसन्तौ पुनरायातः।
कालः क्रीडति गच्छत्यायुः ... ॥

શંકરાચાર્યનું આ અવલોકન જગતનાં સર્વાનુભવ સત્યોમાંનું એક છે : રાતદિવસ, સવારસાંજ, તડકોછાંયડો, ટાઢતાપ, સુખદુઃખ, ચઢતીપડતી — દુનિયાના આ સર્વભોગ્ય અનુભવોની વચ્ચે, આપણે ભૂલી જઈએ તો પણ, ભૂંસી ન શકાય એમ એ બનાવો નિરન્તર બન્યા જ કરે છે — કાળની ક્રીડા અને આયુષ્યનું નિર્ગમન. સન ૧૯૫૧ની મારી ગંભીર માંદગી પછી આ સત્યનું મને વધુ ને વધુ ભાન થયું. તેની સાથે જ મારી નાનકડી થયેલ દુનિયામાં કેટલાક નવા રંગો દેખાવા લાગ્યા; સ્નેહી-મિત્ર-સ્વજન એ સર્વને મળવાની તથા એમનો વધુ સમાગમ-સહવાસ કરવાની ઇચ્છા પહેલાં કરતાંય બહુ વધુ પ્રબળ થતી જણાઈ. કાળનો શો ભરોસો ? મારા વડીલો તો લગભગ સૌ ચાલ્યાં ગયાં છે; સમોવડીઆ સાથીઓ – સ્વજનો – મિત્રોમાંનાં પણ ઘણાં ચાલ્યાં ગયાં છે, કેટલાંકોને સંસારના તરંગોએ મારાથી છૂટાં કરી મૂકયાં છે : છતાં હજી ઘણાં રહ્યાં છે. તેમને ઝટ મળી લેવું, ઘણું મળી લેવું, એ જાણે મારા આ નવા જીવનની એક ઊંડી અભિલાષા થઈ છે. કામ કરવાની શક્તિ બહુ ઓછી થતાં આવા સમાગમો એ બહુ ઇષ્ટ પ્રવૃત્તિ બની ગઈ છે. આ ઇચ્છાની સિદ્ધિ પણ ધીરે ધીરે થવા લાગી છે, અને ત્રીસ-ચાળીસ-પચાસ વર્ષેય કેટલાક મેળાપો ને સમાગમો પાછા થયા છે; તેઓએ મારા જીવનમાં જાણે નવાનવા રોમાંચ ઊભા કર્યા છે.

આનો એક બહુ સારો લાગ “ નાગરિક ” પત્રના સંચાલકે યોજેલ સ્નેહસંમેલને આપ્યો. એ સંમેલનની મુખ્ય વાત, ચિત્રોની સાથે, “ નાગરિક ”ના પહેલા અંકમાં પૃ. ૫ ઉપર આપેલ છે. જે ભાઈઓનાં નામ એમાં ગણાવ્યાં છે તેઓનો લગભગ ⅔ ભાગ મારા સ્નેહીઓમાં આવી જાય છે. મારા જીવનના એક બહુ મીઠા અવસર તરીકે આ સંમેલન મારી સ્મૃતિમાં રહે છે.

શેઠ મફત ગગલના મોટા પુત્રના સ્મરણાર્થે બનાવેલ ને મુંબઈના હિન્દુઓની એક મોટી જરૂર પૂરી કરનાર “ સ્વિમિંગ-બાથ ” (સ્નાનગૃહ)માં આ સંમેલન એપ્રિલની ૧૧મી સાંજે યોજાયું હતું. ભાઈ પ્રાણસુખ (સન ૧૯૨૦-૨૧)માં અમારે ત્યાં લંડનમાં એક વાર જમવા આવ્યા હતા ને શેઠ મફતલાલને ત્યાં હું તે પહેલાં મિત્ર દાદુભાઈ દેસાઈ વગેરેની સાથે ગયો હતો, તેમ જ સન ૧૯૪૨માં કાશ્મીરના પહેલગામમાં અમે એક જ હોટેલમાં થોડા દિવસ રહ્યા હતા. આ સ્નાનગૃહ અંદરથી હજી દીઠેલું નહિ તેથી એ જોવાનો પણ લાભ મળશે એમ મેં ધાર્યું હતું. હું સારી પેઠે વહેલો પહોંચેલ તેથી સ્નાનગૃહની અગાશી ઉપર ચઢી આ મોટા લંબચોરસ કુંડને તથા તેમાં નહાવા-તરવા પડેલ માણસોને જોઈ શક્યો.

ચોપાટીના દરિયા ઉપર જમીનના મોટા કટકાની ઉપર આવેલ આ સ્નાનમન્દિર મુંબઈનું એક મોટું આકર્ષણ છે. ઉત્તરમાં પ્રવેશદ્વાર તથા ભોજનાલય, ને દક્ષિણે સ્નાનગૃહ; એની વચ્ચે લૉનનું મોટું મેદાન, અત્યારે ત્યાં હજારેક માણસો ખુરશીટેબલે બેસી આઇસ્ક્રીમ ને નાસ્તો ઝાપટતાં હતાં; છેક પશ્ચિમે એક મંચ ઉપરથી ભાષણોનો ધ્વનિ, “ લાઉડસ્પીકર ”ની દ્વારા, આખા મેળાવડામાં ફરી વળતો હતો. આ સાર્વજનિક મેળાવડો નવા જજ (additional Presidency Magistrate) શ્રી બારોટને અભિનન્દનો આપવાનો હતો. વધુ સાંભળતાં બેચાર સરસ વાતોય કાને પડી : એક એ હતી કે શ્રી બારોટ તો નડિયાદના જ વતની હતા. તે જાણી મને આનંદ થયો તેમાં એક એ વિચારનો પણ ભાગ હતો કે મારા બીજા બે બારોટમિત્રોની માફક બારોટમાંથી “ બ્રહ્મભટ ” થવા કરતાં બારોટ જ રહેવું

એમણે પસંદ કર્યું હતું! બીજી એક વાતની શાહેદી સૌ બોલનારાઓએ—શ્રી બારોટે પણ—પૂરી કે એમના જીવનમાં ને કારકિર્દીમાં એમનાં પત્નીએ બહુ ભાગ લીધો હતો.

અમારા સ્નેહસંમેલનની જગ્યા ભોજનાલયની પછવાડે, પશ્ચિમે, હતી. સાઠેક માણસોને માટે ટેબલખુરશીઓ હતાં. આ નાનકડા સ્થળની ત્રણે બાજુઓએ દરિયો હતો ને આ દ્વીપકલ્પની એ ત્રણ બાજુઓએ "રેલિંગ" હતી, તેથી જાણે કોઈ સ્ટીમરના તૂતક ઉપર હોઈએ એમ આભાસ થતો હતો.

શ્રી બારોટની સભામાં જ ભાનુભાઈ વ્યાસ(બાદરાયણ)-ની પરિચિત કદાવર મૂર્તિનાં દર્શન થયાં. આવાં આવાં સંમેલનોમાં એ દર્શન અવશ્ય થાય છે. છેલ્લાં વર્ષોમાં તો એમનાં કાવ્યો મેં થોડાં જ વાંચ્યાં છે, પણ તેથી એમના આનન્દી રમૂજી સ્વભાવના ઓળખાણમાં રજ પણ મુશ્કેલી નડી નથી. વહેલા હોવાથી અમે બન્ને આ શ્રી બારોટની સભામાં જ બેઠા.

થોડી વારે ધનુભાઈ (ધનસુખલાલ મહેતા) આવ્યા. એ તેમ જ એમના મોટાભાઈ જયસુખલાલ અમારા સાન્તાક્રુઝના જૂના સાથી; સન ૧૯૧૦-૧૧ના સમયમાં મારાં બહેન, બનેવી ચન્દ્રશંકર પંડ્યા વગેરેની સાથે, હું જાણીતી વીલરવિલામાં રહેતો ત્યારના. તે વખતે (સદ્દગત) સારજન્ટરાવ (ભોગીન્દ્રરાવ દિવેટિયા) પણ તેમાં જ, ભોંયતળીએ અમારી સાથેના બીજા બ્લૉકમાં, રહેતા હતા. શ્રી જયસુખલાલની કુનેહ, પ્રતિષ્ઠા અને દેશી વેપારી ચેમ્બરની એમણે કરેલ અજોડ, અડગ પ્રામાણિકતાની સેવા મશહૂર છે: એમની લાંબી બિમારીએ એમની શક્તિ જાણે હણી લીધી છે, તેથી મળવાની મારી બહુ ઇચ્છા છતાં એમને મેં તકલીફ આપવી યોગ્ય ધાર્યું નથી. ધનુભાઈ ધીમે ધીમે રમૂજી લેખકોમાં તેમ જ નાટક લખનારાઓ તથા સંયોજકોમાં આગળ આવ્યા છે. જ્યોતીન્દ્ર દવેની સાથેના એમના લેખો ભૂલાય એવા નથી. છેલ્લા અમે અમદાવાદમાં મળ્યા હતા; ફેબ્રુઆરીની ૯-૧૦ તારીખોએ; શ્રી નરસિંહરાવની છબી મુનશીએ ખુલ્લી મૂકી તે સભામાં પ્રેમાભાઈ હૉલમાં, તથા બીજે દિવસે શાહીબાગમાં ચિનુભાઈના લૉન ઉપર પાર્ટી હતી તેમાં અમે મળેલા. શ્રી નરસિંહરાવની રોજનીશી એમણે ને રામભાઈએ તે સમયે ગુજરાતી વિદ્યાસભાની મારફત પ્રકટ કરી.

સાર્વજનિક સભામાંથી ઊઠીને અમારા સંમેલન-સ્થાનમાં હું જતો હતો ત્યારે પહેલા મળ્યા બચુભાઈ ધ્રુવ એટલે શ્રી વિલોચન ધ્રુવ, કેશવ હર્ષદ ધ્રુવના પુત્ર. થોડાં વર્ષોથી એ મુંબઈમાં રહેતા થયા છે, અને એમના મેળાપનો યોગ આવા મેળાવડાઓમાં કે એમનાં બહેન સરોજબહેન(ડૉ. ભાસ્કરભાઈ યોધ)ને ત્યાં વારંવાર થાય છે. એમના પિતા શ્રી કેશવલાલભાઈ તો મારા મામા (ગોવર્ધનરામ ત્રિપાઠી), મારા પિતાશ્રી, સદ્દગત ગજ્જર સાહેબ, સર ચિમનલાલ સેતલવાડ[1] વગેરેના ખાસ સંબન્ધવાળા સ્નેહી: એટલે અમારા પણ એ વડીલ. એ યાદ આવે ત્યારે હજીય એમનો સદ્દભાવ, વિદ્વત્તા, રસિકતા વગેરે યાદ આવે છે: અમે થોડા મિત્રો વારંવાર, દર ઉનાળાની રજામાં એમને ત્યાં, નડિયાદમાં એ હેડમાસ્તર હતા ત્યાં એમના નિવાસમાં, જતા; આગ્રે હું ગયો ને એ અમદાવાદ આવ્યા ત્યારેય અન્ત લગી આ પ્રોગ્રામ મેં કાયમ રાખેલો. એમનાં ભાષાન્તરો, અન્ય લેખો, ભાષાશાસ્ત્રની વિવિધ ચર્ચા વગેરેની ગોષ્ઠી ચાલતી જ; કદી એ કહેતા કે "તમને એ ન સમજાય તો વાંધો નહિ: મને વિચાર ને વાણી શુદ્ધ કરવા દ્યો." એટલે અમે પણ શિષ્યોની (!) પેઠે એમનાં વ્યાખ્યાન સાંભળતા: બહુ તો વચ્ચે જરા સવાલો થતા. એમની માયા તો અન્ત:કરણની જ હતી. બચુભાઈનાં માતુશ્રી નડિયાદનાં, નાગરવાડાનાં જ: એટલે અમારી ઘરની વાતો ને ઘણા સંબન્ધો એ જાણે જ અને અમે એમને પણ જાણીએ. સરોજબહેન ને બચુભાઈ બન્ને તે વખતે તો બહુ નાનાં. ડૉ. યોધનું ઓળખાણ ને મેળાપ તો લંડનમાં ૧૯૨૧-'૨૨ માં થયેલ, કેશવલાલભાઈને લીધે જ.

સંમેલનને માટે કેટલાક ભાઈઓ અહીં જ ... આવેલા: તેઓ બેઠા હતા, તેમાં ખાસ જિતુભાઈ ... ને રામભાઈ બક્ષી મેં દીઠા.

જિતુભાઈને દેખી એમના મોટા ભાઈ ને મારા ... મિત્ર (હાલ સદ્દગત) મનુભાઈ બહુ સાંભરી આવ્યા; ...

1. સર ચિમનલાલ સેતલવાડ, પ્રો. ટી. કે. ગજ્જર, કેશવલાલભાઈ ને મારા પિતાશ્રી એ સૌ એલ્ફિન્સ્ટન કૉલેજમાં સહાધ્યાયી હતા.

ઘડીભર હૃદય ને આંખ ભીનાં થયાં. મનુભાઈ ને ગયેય આજ ત્રીસ ઉપર વર્ષો થઈ ગયાં છે, ને આજ જિતુભાઈ વધુ ભરેલા, કાંઈક સ્થૂળ, છતાં એ જ ભાઈની મુખાકૃતિવાળા દેખાયા. જિતુભાઈનાં બહેન મધુરીબહેન અંધેરીમાં વર્ષોથી રહે છે: લલ્લુભાઈ સામળદાસના વચલા પુત્ર ખડુભાઈનાં પત્ની, ને એમના મેળાપો તો ઘણી વાર થયા છે. છેલ્લો મેળાપ, સૌને અણધાર્યો, ૧૯૫૧માં, હું નાણાવટી હોસ્પિટલમાં બીમાર હતો ત્યારે થયેલ: બટુકભાઈ[2] (તે વખતે મુંબઈના નાણાંપ્રધાન), મંગળાબહેન, મધુરીબહેન, જિતુભાઈ વગેરેનું મંડળ આ હોસ્પિટલ જોવા આવ્યું હતું, તે મારા ઓરડાના બારણા લગી આવેલ, ને મને ન ઓળખતાં આગળ ચાલી ગયું હતું; પણ છેક નીચે ઊતર્યા પછી કોઈકના કહેવાથી મારી ખબર પડી એટલે સૌ પાછાં ઉપર ચઢી આવ્યાં; બટુકભાઈની એ લાક્ષણિક સુજનતા – ઉઠાય બેસાય પણ નહિ એવી હાલતમાં મને તો આ નાનકડું આચરણ જાણે એક "ટૉનિક" જેવું થયું. તે પછી આજ, લગભગ પોણાબે વર્ષે, જિતુભાઈને જોયા, તેથી અમારો છેલ્લો મેળાપ તથા જિતુભાઈનાં સર્વ સંબંધીજનો ખૂબ યાદ આવ્યાં. જિતુભાઈ પણ "કેન્સર"ના બીમારની ખબર પૂછવા સ્નેહથી દોડી આવ્યા.

મનુભાઈ તો સન ૧૯૦૨થી મારા પ્રિય મિત્ર થયા હતા. એમનાં માતાપિતા પણ હવે ચાલ્યાં ગયાં છે એમના પિતાશ્રી પ્રભાશંકર મહેતા તે વેળાએ ભાવનગર રાજ્યના સરભરાના અધિકારી હતા. કેવા ગુલાબી માણસ ને કેવા વાત્સલ્યથી એમણે મને ને ચન્દ્રશંકરને પોતાને ત્યાં રાખ્યા હતા! બહાઉદ્દીન કૉલેજની ક્રિકેટટીમ તે વખતે સામળદાસ કૉલેજની ટીમ સાથે, નોર્થકોટ શીલ્ડની મૅચ રમવા આવેલી: ચન્દ્રશંકર જૂનાગઢની ટીમના લગભગ છેલ્લા ખેલાડી હતા. હું તો બહાદુરખાનજી હાઈસ્કૂલમાં મૅટ્રિકનો વિદ્યાર્થી હતો – ખરેખરો નિશાળીઓ જ, એટલે આ મૅચનો તો માત્ર પ્રેક્ષક જ. ૧૯૦૪માં અમે બીજી વાર આવેલા. મારા પિતાશ્રીએ ભાવનગરમાં બહુ સારો કાળ ગાળ્યો હતો (તે વખતે તો મારો જન્મ પણ નહિ), એટલે પોતાના પરમ સ્નેહી પ્રભાશંકરભાઈને ત્યાં અમારે ઊતરવાનું ગોઠવ્યું હતું. પ્રભાશંકરભાઈ, તારાબહેન, મનુભાઈ વગેરેએ અમારી એટલી સારી પરોણાગત કરી કે ત્યારથી ભાવનગર મને તો ખરેખર 'ભાવોનું જ નગર' બની ગયું હતું. જિતુભાઈ તો તે વખતે ઘણા નાના: પણ એક વાત ન ભૂલાય એમ યાદ રહી ગઈ છે. ઘરમાં એક રજપૂત નોકર (જાલમસિંહ?) બાળકોની બહુ સંભાળ રાખે: મસ્કરીઓ પણ કરે, રમાડે, સતાવે ને રીઝવે. એક દિવસ જમવા માટે નાહી ધોઈ અબોટીયું પહેરી તૈયાર થયેલ બાળકો શોર કરવા લાગ્યાં કે: "આ માણસ અમને અડકી ગયો." નાગરી-ન્યાતના નિયમ પ્રમાણે તો ફરીથી નાહ્યા વગર હવે એમનાથી જમાય નહિ! એમને જનોઈ ન હતું એ દલીલ તો અપાય જ નહિ; આપીએ તો તે ચાલે જ નહિ. પણ પેલા માણસે ડાચું મોં રાખી કહ્યું કે: "ભાઈ, હું તો દૂધનો બાંધેલો છું, તેથી તમે અભડાયા જ નથી." આ સરસ વાત બાળકોને ગળે ઊતરી ગઈ ને સમાધાન થઈ ગયું!

પરાયા કુટુંબની માયા ને મહેમાનગીરી મેં પહેલીવાર આટલી સરસ જોઈ. મનુભાઈ છેલ્લા અમદાવાદમાં (૧૯૨૦ના શુમારમાં) મળ્યા હતા: ગ્રેજ્યુએટ થઈ એ અંગ્રેજી શાળાના શિક્ષક બન્યા હતા: પણ નિરાશ, મૂંઝાયલા, ઉત્સાહ બધો જાણે ઓસરી ગયો હોય એવા થયા હતા. હું એમને કદી ભૂલી શક્યો નથી: ગાતા પણ કેવું સરસ! જિતુભાઈ તો હવે તંત્રી ને સિદ્ધ લેખક છે. એમનું લખેલું વાંચ્યું હોત ને એમનો વધુ પરિચય થયો હોત તો કેવું સારું થાત! ભવિષ્ય એ ખોટ પૂરશે?

એક એવો પણ વખત હતો — હજી કેટલાકને તે યાદ હશે — જ્યારે વાંદરામાં ને વાંદરાની આગળનાં પરાંઓમાં એક પણ હિન્દુ ગુજરાતી હાઈસ્કૂલ ન હતી. કદાચ ચાળીસથીય વધુ વર્ષો પહેલાં. તે વખતે સાન્તાક્રુઝના પોદ્દાર શેઠે એક સ્કૂલ કાઢવાને પૈસા આપ્યા, તેને શરૂ કરી, ને હજી લગી નિભાવી રાખી છે. રામપ્રસાદ બક્ષી – એક કાઠિયાવાડી નાગર, કોઈક સરકારી સ્કૂલમાં લગભગ અજાણ્યા શિક્ષક – એવા ભાઈને તે સોંપી, અને એ ભાઈએ કાંઈ વિલક્ષણ કુનેહ – ઉદ્યોગ – મીઠાશ – પ્રામાણિકતાથી તથા ચારિત્ર્યબળથી તેને આજે મુંબઈની સારામાં સારી હાઈસ્કૂલોમાંની એક તરીકે જમાવી છે. રામભાઈએ તો જાણે પોતાનું જીવન જ એને અર્પ્યું છે. એમને વિષે આવી વાતો બહુ સાંભળી હતી, ને કદી કદી એમના મેળાપ પણ થઈ જતા. છેલ્લાં વર્ષોમાં એમની સંસ્કૃતની રસિકતા ને વિદ્વત્તા પ્રકટ થઈ ચૂકી છે ને

[2] વૈકુંઠભાઈ લલ્લુભાઈ મહેતા.

હવે નરસિંહરાવની રોજનીશીના એક સંપાદક તરીકે એમનું સ્થાન ગુજરાતી સાહિત્યમાં ચોક્કસ પણ થઈ ગયું છે. સદ્‌ભાગ્યે આજ રાત્રે જમવામાં અમે સાથે જ બેઠા, ને અમે ઘણા વિષયોની રસથી વાતો કરી. એમનું દૃઢ મજબૂત દેખાતું શરીર જોઈ મેં તો કદીય ધાર્યું ન હતું કે એક ફેરો એમનેય હૃદયની બીમારી થયેલી : "પણ મેં દાક્તરોને ખોટા પાડ્યા. હજી જીવું છું. પણ દશ વર્ષ લગી હું માત્ર બાજરી ઉપર જ રહ્યો છું." – મુંબઈગરાને આ કેટલું મુશ્કેલ છે! – "હજી મને થોડી કસર રહી ગઈ છે, તે ભોગવવી પડે છે ને સંભાળ રાખવી પડે છે," અમારે પહેલાં પરિચય થોડોક જ, છતાં અમને પરાયું લાગ્યું નહિ, ને ભોજનની સાથે વાતોની મજાય બહુ આવી.

પછીથી આવનાર મંડળીઓમાં મુખ્ય શ્રી નન્દવદન ગોર ("નાગરિક"ના સંચાલક ને અમારા આજના યજમાન), ઈશ્વરભાઈ (શ્રી ઈશ્વરલાલ દીનાનાથ મહેતા), જ્યોતીન્દ્ર દવે ને રમણભાઈ (રમણલાલ વ. દેસાઈ) હતા. પહેલા ત્રણનું ઓળખાણ પરસ્પર હતું, પણ સન ૧૯૫૦ની આગ્રાની નાગરપરિષદ્‌માંથી તે પ્રત્યક્ષ થયું.

ભાઈ નન્દવદન નડિયાદના સાઠોદરા નાગર, કેટલાંક કારખાનાંઓથી તથા કેટલાક વેપારથી સમૃદ્ધ થયેલા, હાટકેશ્વરને અંગેની ઘણી પ્રવૃત્તિઓના તે પ્રાણાધાર છે. એમના એક જોડીઆ મિત્ર ડૉ. રમણલાલ ક. યાજ્ઞિક છે. નાગરપરિષદ્‌માંથી હવે ખસી ગયેલા એ દેખાય છે, છતાં એમને અંતરે તો એ વસી જ રહી છે. આગ્રામાં અમારી મુલાકાતો દરમ્યાન એમની શરીફાઈની સારી છાપ પડી. મંદવાડોને લીધે તબિયત સંભાળવી જ પડે, પણ એમના વગર "નાગરિક" નીકળી જ ન શક્યું હોત. એ સાન્તાક્રુઝ-માં રહે છે; પોતપોતાને ઘેરથી અમે એકબીજાનાં ઘર જોઈ શકીએ. મળીએ પણ છીએ જ, મુંબઈની નાગરપરિષદ્ પછી તેઓએ એક વાર નાગરસમાજના સભ્યો મેળવવાને નડિયાદના ડાહીલક્ષ્મી પુસ્તકાલયને ઉપરને માળે એક સભા મેળવી હતી; ત્યાં મેં એમને પહેલી વાર દીઠા હતા.

શ્રી ઈશ્વરભાઈ અમદાવાદના સદ્‌ગત લાલશંકરભાઈના દૌહિત્ર; વધારે યુવાન એટલે નન્દવદનભાઈના આ નાગરી પ્રવૃત્તિઓમાં એમનો જમણો હાથ; ઘણા વખતથી ઠાકુરદ્વાર ઉપર રંગો, શાહી વગેરેનો વેપાર કરે છે, શાહી બનાવે છે, કાવ્યોય રચે છે, બીજું લખે પણ છે; પોતાને ત્યાં નાગ[રી] સભાઓ પણ બોલાવે છે. ઉત્સાહી કાર્યકર છે. એમને તથા નન્દવદનભાઈને આગ્રામાં મારે ત્યાં રહેવા મેં બહુ કહ્યું હતું, પણ એટલું અંજળ નહિ, એટલે એ રાજાકી મંડી[ની] હોટેલને જ વળગી રહ્યા.

પણ જ્યોતીન્દ્ર દવે છૂટીને હોટેલમાંથી મારે ત્યાં આ[વ્યા] એટલે એમનો વધુ સમાગમ થયો. Oriental Transla[tor]નો હોદ્દો પહેલાં, આજના કરતાં બહુ વધારે, પગા[ર] માનવાળો હતો : કેટલાંક વર્ષોથી જ્યોતીન્દ્ર દવે એ હોદ્દા [પર] છે. રમૂજ એમના આખા શરીરમાં ભરી છે, ને એ બોલ[ે] ત્યારે જાણે અંગેઅંગથી ઝરે છે. અત્યારે તો એ [કદાચ] ગુજરાતના સૌથી વધુ લોકપ્રિય સાક્ષર ને વક્તા હશે. [પણ] એમના લેખોના કરતાંય વધુ મજા તો એમની વા[તો] સાંભળતાં થાય છે, મને તેમ જ કેટલાક બીજાઓને. [જે] ઘેર પહેલાંના સાથીઓને છોડીને આવ્યા, તેનાં બે કાર[ણ] વિશેષ હશે : એક તો અમારા સ્નેહી દિલ્હીવાળા ... પંડ્યા પણ તે વખતે મારે ત્યાં હતા; ને બીજું એ કે ... પણથી જ અમારે એક જાતનું ઓળખાણ ઘણાં વર્ષ[ોથી] મળ્યા છતાં : પ્રત્યક્ષ નહિ પણ એ નડિયાદના નાગરવાડા[માં] ઉછરેલા. ગોવર્ધનભાઈના ડેલામાં એમના દાદા-માતા[મહ] સુરતના છબીલારામ "દીપોટી" રહેતા, અને પાસે[ના] ઘરમાં એમનાં માતાપિતા. એમના પિતા સરકારી ... શાળામાં શિક્ષક હતા ને સુરતી ગુણોથી વખાણાતા. છ[તાં] રામભાઈ કડક ને થોડાબોલા છતાં માયાળુ ને ... ગુજરાતી પાંચમી ચોપડીના મારા વર્ગની પરીક્ષા ... લીધેલી, તે વખતનો પ્રસંગ યાદ છે. જ્યોતીન્દ્રભાઈએ ... "દાદા, દાદી, મામા, માશી વગેરે સૌને મોઢે તમારી વાતો સાંભળેલી" અને મને એ સૌના સ્નેહની ... આપી. પોતે હોમીઓપેથીના બહુ શોખીન ને જાણ[કાર] એ મેં ત્યારે જ જાણ્યું. "શ્રીયુત ગોવર્ધનરામ" ... મારા પુસ્તકની (૧૯૧૦માં લખેલાની) કેટલી[ક] પ્રશંસાની વાતો કરી કે મને આનન્દ ને શરમ બે ... એમના આ સંસ્કારોનો મને ખ્યાલ પણ ન હતો.

શ્રી રમણભાઈ (રમણલાલ વસન્તલાલ દેસાઈ) ... થી આ મેળાવડામાં અગ્રસ્થાને આવી શકે; ... તંત્રીઓમાં પણ તે પહેલા છે. મુનશી, રમણલાલ ને ...

ની ત્રિપુટીએ "સરસ્વતીચન્દ્ર"ની પછીના જમાનામાં ગુજરાતી નવલકથાઓને માટે, પોતપોતાની રીતે, ઉત્તમ ફાળો આપ્યો છે. ઇચ્છું છું કે "નાગરિક"ને એમના લેખ-વાર્તા કરતાંય ઘણું વધુ અર્પણ એ કરી શકશે. એમનાં શરૂનાં નાટકો ને નવલકથાઓ વાંચીને મેં થોડા પત્ર એમને લખેલા ને એમણે યોગ્ય જવાબ પણ આપેલા. પછી મુંબઈમાં એક સિનેમામાં એકાએક મેં એમને પહેલી વાર દીઠા; એ કહે કે : "આપણે તો મળ્યા છીએ. હું તો તમને ઓળખું છું." તે કેવી રીતે એમ મારા સવાલના જવાબમાં એમણે કહ્યું કે : "વડોદરામાં સાહિત્યપરિષદ હતી (જેના પ્રમુખ રણછોડભાઈ ઉદયરામ હતા) તેમાં હું એક 'વૉલન્ટીઅર' હતો, ને તમે ત્યાં આવ્યા હતા." કહો! હાલમાં ગતવર્ષે વિએનાની "શાન્તિપરિષદ"માં મુંબઈથી રમણભાઈ, રવિભાઈ (રાવળ) ને ડૉ. મુલ્કરાજ આનન્દ એ ત્રણ વિમાનથી ગયા ત્યારે હું વિમાનગૃહમાં મળ્યો હતો, ને ત્યાંથી આવ્યા પછી ઈશ્વરભાઈને ત્યાં એમણે ભાષણ આપ્યું હતું તે સભામાં પણ હું ગયો હતો. હાલ તે મુંબઈમાં જ રહે છે. એમને મેળવ્યા એ "નાગરિક"ની પહેલી સિદ્ધિ.

સામે બેઠેલા એક ભાઈની તરફ મારું ધ્યાન ગયું : મોટી ઉંમરની ઘણી નિશાનીઓ, કાંઈક દૂબળા છતાં મોં ઉપર કાંઈક તેજી ને તરવરાટ : બચુભાઈને પૂછતાં એમણે કહ્યું કે "એ રમણીક અ. મહેતા." "ગુજરાતી"ના અંકોમાં ઘણાં વર્ષો લગી એમનું નામ દેખેલું, લેખોય વાંચેલા, પણ કદી જોયેલા નહિ, તે અત્યારે સામે જ બેઠા છે એ જોઈ આનન્દ-સંક્ષોભ પણ થયાં. એ મૂગા બેઠા હતા, એટલે એમની પાસે સરકી જઈ મેં મારું ઓળખાણ આપ્યું. એ પણ મને નામથી જાણે, ને એકદમ એમના મોં ઉપર આનંદસ્મિત ઝળક્યું. જૂના સ્નેહી મળ્યા હોઈ એ એમ ઘણી જૂની વાતોમાં અમે ઊતરી પડ્યા. અમારા બન્નેના સ્નેહી (સદ્ગત) અંબાલાલ જાની ને એમના પુત્ર; ઇચ્છારામભાઈ ને એમના પુત્રો, મણિભાઈ, નટવરભાઈ વગેરે; "ગુજરાતી" પત્ર, વગેરે : જેને ઇચ્છારામભાઈના "ગુજરાતી"ની, "ગુજરાતી"-ની સારામાં સારી હાલતની, હજી પણ યાદગીરી હશે (અમને બન્નેને તો તે હતી જ) તેઓ એ "ગુજરાતી"ની વાત કર્યા વિના કેમ રહી શકે? એ ઇચ્છારામ દેસાઈએ પણ ગુજરાત તથા ગુજરાતી સાહિત્યમાં ગુજરાતના "જર્નલિઝમ"માં કેવું મોટું નામ મૂક્યું છે. એ પત્ર બન્ધ થતાં રમણીકભાઈ હવે બીજા પત્રમાં છે. આ નવા છતાં જૂના ઓળખાણથી મને બહુ જ મજા આવી, ને એમની વાતોની સુકુમારતા, રસિકતા વગેરેની મીઠી છાપ મળી.

એક બીજા ભાઈ જમવાની ખુરશીએ જતે જતે મળ્યા: મોં બહુ પરિચિત છતાં વધુ યાદ આવ્યું નહિ. એ તો રામુ ઠક્કર નીકળ્યા! આગ્રાના એ અમારા મહેમાન; આગ્રાની ટાઢની વિસાત જ ન હોય એમ મલમલનાં બે વસ્ત્રોમાં જ ફરે, અમૃતલાલભાઈ (ઠક્કર બાપા)ના ભત્રીજા, ને એમના કાગળથી આવેલ. હમણાં મુંબઈમાં મારી સાથે જરા સંતાકૂકડી રમે છે એટલે મેં હસીને પૂછ્યું "રામુભાઈ, ઓળખો છો કે?" બિચારાએ તરત જવાબ આપ્યો : "ઓળખું જ ને, પણ બહુ શરમાઉં છું. ભાઈસાહેબ, મુંબઈની હેરાનગતી જાણો છો ને?"

અમૃતલાલભાઈ પોતે ત્રણ દિવસ મારે ત્યાં આગ્રા આવી રહેલા, વર્ષો પહેલાં, જ્યારે એમની તબિયત સારી હતી તે કાળમાં. મારા પિતાશ્રીના એ ભાવનગરની અંગ્રેજી શાળાના એક શિષ્ય—હજી પણ યાદ રાખી રહ્યા હતા! રામુભાઈ કોઈક સિનેમાનું માસિક, છાપખાનું વગેરે કરતા હતા : ફિલ્મો ઉપર વિવેચન-અવલોકન હજી લખતા હશે, જો કે એ છાપખાનું અને એ માસિક હવે બંધ છે, અને એ બીજા કોઈ પત્રમાં કામ કરે છે.

સૌ ટેબલ ઉપર ગોઠવાયા પછી ભોજન શરૂ થયું. ઘણું જ સરસ હતું, મેં ધાર્યું હતું તે કરતાં તો ખાસ. મારા ડાબા હાથ ઉપર રામભાઈ ને જમણા હાથ ઉપર એક બહેન; રામભાઈની એ બહેનની સાથે-મારી આરપાર જ!-થતી વાત ઉપરથી સમજાયું કે એ બહેન કાવ્યો લખે છે, ને એમનું નામ ગીતા કાપડિયા હતું. તે નામ તો મેં જોયેલું, કાવ્ય પણ કોઈ દીઠેલાં. "બાબુલનાથની પાસે રહું છું." એમ એ બહેનને મોઢે સાંભળીને એકદમ "બ્રેઈન-વેવ" આવ્યું કે એ તો પરમાનન્દભાઈ (કાપડિયા)નાં પુત્રી. અને નીકળ્યું પણ એમ જ. એ કુટુંબ પણ અમારે ત્યાં આવી ગયેલ (પરમાનન્દભાઈ તો પહેલા ૧૯૧૬-૧૭માં શિવલાલ શાહ આઈ. સી. એસ.ની સાથે આવેલ) : ગીતાને જ્યારે માલૂમ પડ્યું કે એમનાં માબાપ, બહેનો વગેરેને હું

સારી પેઠે ઓળખું છું ને એ પોતેય મારે ત્યાં આવી રહેલી ત્યારે એમનેય આશ્ચર્ય થયું.

ગીતાબહેનની સાથે બેઠેલ બહેન એ લાભુબહેન, ને એમની સાથે બેઠેલા તે એમના પતિ સોપાન (શ્રી મોહનલાલ મહેતા) : એ જાણીને મારો આનંદ વધ્યો.

પછીથી થોડાં ભાષણો થયાં. સૌથી પહેલા રમણભાઈ બોલવા ઊઠ્યા. ખાસ વક્તૃત્વ નહીં છતાં પોતાની વાત બહુ સારી રીતે કહે છે. પોતે કદી તંત્રીપણું કર્યું નથી, અને આજે આવેલા ભાઈઓ એવું લખતા રહે કે પોતાને કદી લખવું જ ન પડે એવી રમતિયાળ આશા બતાવી. પછીથી શ્રી રામભાઈ તથા શ્રી સામળદાસ ગાંધી બોલ્યા. છાપાંઓ, માસિકો, જૂનાગઢ – સૌરાષ્ટ્રવગેરેમાં જાણીતી આ વ્યક્તિ (સામળદાસભાઈ) જાજરમાન શરીર તથા સીધું બોલવાની કુશળતાથી ઊંડી છાપ પાડે છે. પછીથી જ્યોતીન્દ્ર દવે એમની લાક્ષણિક રમૂજી રીતે બોલ્યા : " ૩૬ પાનાં તે શી વિસાતમાં છે ? અહીં આવેલા બધા લેખકોને એક ઓરડીમાં પૂરી એમને લખવાનું કહો, તો તે એક જ દિવસમાં આટલી સામગ્રી પૂરી પાડે; છત્રીસ શું બહોંતેર પાનાં સહેલાઈથી થાય." છેલ્લા સોપાન ઊઠ્યા; એમનામાં કેટલાક સરસ મુદ્દાઓ હતા તે સ્પષ્ટપણે એમણે રજૂ કર્યા. મેં એમને પહેલી જ વાર દીઠા – સાંભળ્યા. એમણે કહ્યું કે : " મને આ આમંત્રણપત્રિકા મળી ત્યારે બીક લાગી કે વળી આ કોણ નવો હરીફ જાગે છે?...તમે જે લેખકો મેળવ્યા છે તે જોતાં ૩૬ તો શું, ૧૩૬ પાનાં દર મહિને સહેલાઈથી મેળવી શકો." તંત્રીપદ વિષે બોલતાં સરસ કહ્યું : " એ એવું સહેલું નથી. ખરી મુશ્કેલી નબળા લેખોને ના કહેવામાં છે. ઘણી વાર એવું બને છે કે એવા લેખ લખનારા ભાઈ એવા લેખક હોય છે કે તેમને તમે જ બહુ બહુ વિનંતિ લખવા માટે કરી હોય ! તે વખતે જે તંત્રી હિંમત રાખી પસંદગીનું ધોરણ સાચવી, ના કહી શકે તેનું પત્ર હમેશાં ચાલતું રહેશે જ."

ભોજન પૂરું થતાં સોપાનને મળવાની મારી બહુ ઇચ્છા હતી. એ ભાઈનું એક પુસ્તક (વર્ષો પહેલાં) અલ્હાબાદની ઇન્ટરમીડિએટ શિક્ષણની બોર્ડમાં મેં ગુજરાતીના એક પાઠ્યપુસ્તક તરીકે મારી મેળે જ મુકાવેલ :[1] એમનાં કેટલાંક પુસ્તક મેં વાંચ્યાં તે મને બહુ જ ગમ્યાં હતાં. હવે તો "જન્મભૂમિ" ને "અખંડ આનન્દ"ના તંત્રી તરીકે અ... એ ગુજરાતના મોટામાં મોટા તંત્રીઓમાંના એક છે ... પોતે જ મારી કને આવ્યા ને કહેવા લાગ્યા : " હું તમને ઓળખી શક્યો નહિ." મેં કહ્યું કે : " એમાં શો ... હતો ? આપણે મળ્યા જ નથી; પણ ઉપેન્દ્રભાઈ(... નાનો ભાઈ, હાલ રાજકોટની કોલેજમાં ગુજરાતીનો પ્રો... ની મારફત પણ મેં તમારું ઘણું સાંભળ્યું હતું, ને ... મળવાની ઇચ્છા હતી." ત્યારે એ કહે : " હું તો તમ... આગ્રે આવી ગયો છું." મને જરાય યાદ નહિ ! ... પૂછતાં એમણે ઉમેર્યું કે : " અમે છસાત જણ તમારે ... એક દિવસ રહી ગયા છીએ. કલકત્તેથી આવેલા." ... મારી સ્મૃતિની વારંવાર કસોટીઓ થયા કરે છે,[2] ને ... નવી નવી વાતો નવા નવા આનંદ જગાવે છે. ઉપે... મુંબઈ આવવાનો છે ને ત્યારે ફરીથી મળીશું એમ ... ગોઠવ્યું. એમનાં નાનાં સાળી કુમુદબહેનને એક વેળા ... ભણાવતો પણ હતો !

રાતના દશ થઈ ગયા પછી વિસર્જન થયું : મું... બહારનાં પરાંઓમાં રહેનારાઓ વીસરાયા ન હતા, ... નન્દવદનભાઈની મોટી " બસ " તેઓને માટે તૈયાર ... અમે સાતેક જણા અંદર આરામથી સમાયા. સૌથી ... ઊતરનાર હું; પછી સાન્તાક્રુઝ ઊતરનારા નન્દવ... રામભાઈ અને ઘત્તુભાઈ; પાર્લાવાળા રામુભાઈ (... કેમ ન હતા ?); ગોરેગાંવ ઊતરનાર રમણભાઈ અને ... જનાર વેણીભાઈ પુરોહિત. વેણીભાઈનું નામ ... માસિકોથી જાણીતું હતું પણ મારે આજે પહેલો જ ... થયો. મારી પુત્રીઓ ને પૌત્ર એમનું નામ સારી પેઠે ... છે. કોઈ કે – કદાચ રમણભાઈ એ – એમને પૂછ્યું કે ... વાર્તાઓની પેઠે કાવ્યોનોય સંગ્રહ જુદો છપાયો ... વેણીભાઈ એ સરસ જવાબ આપ્યો : " કાવ્યો ... છપાયો નથી. કારણ કોઈ પ્રકાશક એને હાથમાં ... નથી. અને દરેક પ્રકાશકને ત્યાં ફેરા ખાઈ પગનાં ... ઘસી નાંખીએ તો પછી કાવ્ય લખવાનું મન જ થાય ... એ હાલનાં પ્રકાશનોની એક ખૂબી !

રામુભાઈ એ (ઘણું કરીને) સૂચન કર્યું કે : ... તો ચાલશે જ. પણ જો કોઈ સારું સ્ત્રીપત્ર કાઢે ...

[અનુસંધાન પૃ. ૩...

---

૧. એમને કદાચ ખબર પણ નહિ હોય.

૨. ઇચ્છું છું કે એમને, ત્યાં તકલીફ નહિ આવી ...

બૅંગ્લોરમાં બે મહિના*

ગુલાબદાસ બ્રોકર

વાહનવ્યવહારની આ એક અગવડ બાદ કરીએ તો બાકી ઘણી બધી સગવડ આ શહેરમાં આગંતુકોને મળી રહે છે. જીવનધોરણ સમય પ્રમાણે મોંઘું છે, અલબત, પણ મુંબઈ જેટલું નહિ. જરૂરની અને શોખની બધીયે ચીજ ત્યાં મળે છે અને એ પણ ન પોષાય તેવા મોંઘા ભાવે નહિ. સિનેમાના શોખીનોને તો ખાસ સગવડ છે. આખા હિંદુસ્તાનના કોઈ પણ શહેર કરતાં વસતી અને વિસ્તારના પ્રમાણમાં વધુમાં વધુ સિનેમાઘરો આ બૅંગ્લોર શહેરમાં એકઠાં થયાં છે. નહિ નહિ તોયે તેની સંખ્યા ત્રીસની હશે! અલબત્ત ત્યાંના વિચારવાન વર્ગને સિનેમાઘરોની આ આવડી મોટી સંખ્યા હોવી એ કંઈ આનંદદાયક વાત નથી લાગતી, પણ ઉત્સાહી આગંતુકોને તો તે આનંદદાયક બની રહે છે.

પણ વિશેષ આનંદદાયક તો બને છે ત્યાંના વિશાળ બાગબગીચા. ત્યાંના બે વિશાળ બગીચાઓ પ્રખ્યાત છે. એકનું નામ લાલબાગ, બીજાનું કબ્બન પાર્ક. લાલબાગનો ઘેરાવો ત્રણ ચોરસ માઈલનો છે, કબ્બન પાર્કનો છ ચોરસ માઈલનો. લાલબાગ જાતજાતનાં વૃક્ષ અને વનસ્પતિથી ભરપૂર છે, કબ્બન પાર્ક વિલાયતી રસમનો વિશાળ પાર્ક છે. દરેક જગ્યાને પોતપોતાનું સૌંદર્ય છે, અને દરેકમાં થાકેલા મનને અને શરીરને સ્ફૂર્તિ અને ઉલ્લાસ આપવાની અદ્ભુત શક્તિ છે. લાલબાગમાં નિરંતર ઘૂમતાં રહેતાં અને ગાતાં રહેતાં પંખીઓનો ફાળો, એ આનંદ અને ઉલ્લાસ બક્ષવામાં, જેવો તેવો નથી.

એ ઉપરાંત પણ વિધવિધ જગ્યાએ બેસી આરામ અને આનંદ મેળવી શકાય એવા નાના નાના બાગ તો શહેરમાં ઠેકઠેકાણે વેરાયેલા પડ્યા છે જ. પણ એ બધાથીયે વિશેષ આકર્ષણ તો ત્યાં મને એક વિશિષ્ટ જગ્યાનું થયું હતું. તેનું નામ હતું બ્યૂગલ રૉક.

કહેતી એવી છે કે બૅંગ્લોર શહેરની સ્થાપના કરનાર કેમ્પે ગાવડા નામના એક પ્રખ્યાત સરદારે સદીઓ પહેલાં એક વિશાળ કલ્પના કરી હતી. ત્યારે જંગલ જેવા પડેલા એ ભૂમિખંડમાં ચારે દિશામાં ચાર દૂર દૂર પડેલી ઊંચાઈ વાળી જગ્યાઓએ તેણે નાના નાના મિનારા જેવી રચના ઊભી કરી હતી અને કહ્યું હતું કે અહીં હું સ્થાપના કરું છું તે શહેર ભવિષ્યમાં આવડો વિસ્તાર પામશે. ચમત્કારિક રીતે તેની એ ભવિષ્યવાણી સાચી પડી છે, અને અત્યારે તો શહેર એ ચાર દિશાઓની મર્યાદા વટાવીને પણ આગળ વધી રહ્યું છે. એ ચારમાંની એક દિશામાં તેણે ચણાવેલ મિનારો તે આ બ્યૂગલ રૉક. એ દિવસોના લડાયક સમયમાં તેના ઉપર ચડી ચારે બાજુથી ધસી આવતા દુશ્મનોનું નિરીક્ષણ કરવાના કામમાં પણ એ ખૂબ આવ્યો હશે. એનું નામ પણ એ જ સૂચન કરે છે. પણ એ ખરેખર સુંદર જગ્યા છે.

અમે બસવનગુડિ નામના વિસ્તારમાં રહેતાં હતાં. બસવા એટલે નંદી અને ગુડિ એટલે મંદિર. આ નામ સૂચવે છે તે પ્રમાણે એ વિસ્તારમાં નંદીનું એક મોટું મંદિર છે, અને એના ઉપરથી જ એ વિસ્તારને આ નામ મળેલું છે. નંદીની પૂજા એ આ પ્રજાના જીવનનું એક વિશિષ્ટ અંગ લાગ્યું. બગીચાઓમાં, બંગલાઓમાં, જ્યાં ત્યાં શોભા માટે નંદીઓની મૂર્તિ ઊભી કરેલી આપણને જોવા મળે. લિંગાયતોમાં એની પૂજાનો મહિમા ખૂબ છે. પણ એ તો આડવાત થઈ.

બસવનગુડિ વિસ્તારમાં આવેલ આ બ્યૂગલ રૉક ઠીક ઠીક કહેવાય એવી ઊંચાઈએ આવેલો છે. તેના ઉપર ચડો ત્યારે ચારે બાજુ ફેલાયેલું સુંદર બૅંગ્લોર શહેર જોવા મળે. વૃક્ષોનો પરિવાર એના ઉપરથી જોઈને નજર તો તૃપ્ત થઈ જાય. અને ગરમીના દિવસોમાં ત્યાં આહ્લાદક ઠંડક પણ

* ગતાંકથી પૂરું.

વિસ્તરેલી હોય. નીચે મેદાનમાં નાનાં નાનાં છોકરાછોકરીઓ રમતાં હોય અને ઊંચે જતાં સ્થળે સ્થળે, ફરવા આવેલાં માણસો અનુકૂળતાએ ગોઠવાઈ ગયાં હોય, ને સંધ્યા એના આહ્લાદક અને રોમાંચક રંગો ચારે બાજુ પાથરી રહી હોય ત્યારે આખું દૃશ્ય એટલું રળિયામણું બની જાય છે કે આપણે એ તો જોયા જ કરીએ. મને તો એ વખતે અચૂક મારું બાળપણ સાંભરતું, અને પેલાં નીચે રમી રહેલાં કિશોર-કિશોરીઓમાં હું મારી જાતને જોતો ઘડીઓ સુધી મુગ્ધ બની બેઠો રહેતો.

એટલે, આ શહેરમાં આકર્ષણ તો ઘણાં જ છે: તેની સુઘડતા, સ્વચ્છતા, વ્યવસ્થા, પંખીઓ અને પુષ્પોથી ગૂંજી અને મઘમઘી રહેતા વિશાળ બગીચા, અને તેના આમોદ-પ્રમોદનાં સાધનો. પણ એ સૌથીયે વિશેષ આકર્ષક તો છે ત્યાંનું માનવતત્ત્વ.

એ આકર્ષણનો સ્પર્શ તો ત્યાં જતાં વેંત જ થવા લાગ્યો હતો. અજાણ્યા ગામના અજાણ્યા યાત્રીઓ તરીકે રસ્તા, દિશા, લક્ષ્યસ્થાન વગેરે વિશે જાણવા વારંવાર અમારે અનેકને તકલીફ આપવી પડતી. આવા હરએક વખતે જરા પણ કંટાળો, આળસ કે બેદરકારી દર્શાવ્યા વિના દરેક માણસ અમારી ઉત્સુક પૃચ્છાઓનો વિનયભર્યો અને મદદરૂપ જવાબ વાળતું અને અમને સરળતા કરી આપતું. બસમાં બેઠેલા અજાણ્યા ઉતારુઓ, એક વાર અમારી પૃચ્છા સાંભળ્યા પછી, અમારે ઊતરવાની જગ્યા આવે તેની ખાસ સંભાળ રાખતા અને અમારો ખ્યાલ ન હોય તોયે ધ્યાન દોરી ત્યાં ઊતરી જવા સૂચન કરતા. કોઈક જગ્યાએ રસ્તાઓ શોધવામાં મૂંઝાઈ ગયાં હોઈએ ત્યાં અજાણ્યા માણસો સાચો રસ્તો બતાવવા લાંબે સુધી અમારી સાથે ચાલી આવતા અને અજાણ્યાપણાને લીધે સ્વાભાવિક રીતે નડતી અનેક તકલીફોમાંથી અમને ઉગારી લેતા.

ગમે તેવી મોટી તોયે આવાં અજાણ્યાં મિલનોની મીઠાશ અધૂરી જ હોય, અલ્પજીવી જ હોય. પણ ત્યાંનાં પ્રેમાળ મનુષ્યોની આવી અલ્પ ઓળખાણમાં જ મારો ત્યાંનો વસવાટ સીમિત ન બની જતાં સાહિત્ય, સંગીત, ચિત્ર, શિલ્પ વગેરે કળાઓને વિશિષ્ટ દાન કરનારાં ત્યાંનાં સ્ત્રી-પુરુષોની ઉષ્માભરી મૈત્રી મેળવવામાં તે પરિણમ્યો તેને હું મારા જીવનનું એક સદ્ભાગ્ય ગણું છું.

તે આ રીતે શક્ય બન્યું. હું બસવનગુડિમાં જે ઘર રહેતો હતો તેનાથી ચાર ડગલાં દૂર " ઇન્ડિયન ઇન્સ્ટીટ્યૂ ઑફ કલ્ચર " નામની ત્યાંની એક અત્યંત સુંદર અ વ્યવસ્થિત રીતે ચાલતી સંસ્થાનું મકાન આવેલું હતું. સાહિત્ય, કલા, વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન વગેરે વિષયો ઉપર અધિ વિદ્વાનોના વાર્તાલાપ, તથા ચિત્રકલાનાં પ્રદર્શનો સંગીતવાદનના (યુરોપીય તેમ જ હિંદી) કાર્યક્રમો વાર યોજવામાં આવે છે. સંસ્થા પાસે તેનો પોતાનો એક હોલ પણ છે જેમાં આ કાર્યક્રમો યોજાય છે. શ્રી સ્વામી નામના સજ્જન બહુ જ કુશળતાથી અને બ દીર્ઘદૃષ્ટિપૂર્વક એ સંસ્થાનું સંચાલન પોતાના મં હોદ્દાની રુઈએ કરે છે. તેમાં તેમને તેમનાં અંગ્રેજ પ સમજણપૂર્વકનો સાથ મળી રહે છે. ગામની કોઈ પણ વ્ય આ કાર્યક્રમમાં સંસ્થાના સભ્ય થયા વિના પણ ભાગ લઈ શકે છે.

હું ત્યાં ગયો તે અરસામાં એ સંસ્થાએ એક અમે લેખિકાનો " લેખનની કળા "ના વિષય ઉપર વાર્તા યોજ્યો હતો. વાર્તાલાપ પહેલાં તેમની સાથે બેસી ચા પીવા ત્યાંના અમુક લેખકોને આમંત્રણ મળ્યું હતું. હું સદ્ભાગ્યે એ આમંત્રણમાં સામેલ હતો. ત્યાં પહેલી મને પ્રા. વી. સીતારામૈયા, પ્રા. મૂર્તિરાવ, શ્રી નારાયણરાવ, શ્રી નાગરાજારાવ વગેરે સજ્જનો ઓળખાણ થઈ.

અકસ્માત થયેલી એ ઓળખાણ અત્યંત નીવડી. ચારેક દિવસ પછી ઓચિંતાં જ શ્રી. નારાયણરાવ પોતાના જેલજીવનના અનુભવો વિશે લખેલું અંગ્રેજી પુસ્તક – What it cost me – ત્યાં ચડી આવ્યા અને મને પ્રેમપૂર્વક એ ભેટ આચાર્ય ગોકાકનું પુરોવચન પામેલું એ પુસ્તક સરસ હતું. તેના કન્નડમાં થયેલા અનુવાદની એ તો ખપી જવા આવી હતી. ૧૯૩૦–૩૨ના રમતિયાળ છતાં હૃદયસ્પર્શી વાણીમાં, લેખકના પ્રસંગોનાં વર્ણન દ્વારા, તે ખડું કરી આપતું હતું. તાની ભાવના સૌથી સક્રિય રીતે તે ભાવનાને મૂર્ત કરવા ત્યારના જુવાનોને શી શી વિટંબણાઓ પડી હતી તેમાં યથાતથ નિરૂપણ હતું.

મારી અને શ્રી અશ્વત્થ નારાયણરાવની વચ્ચે એ પુસ્તકની ભેટ સ્નેહનો સેતુ રચતી ગઈ. નિરભિમાન, પ્રેમાળ, પ્રેમના ભૂખ્યા, ભાવનાશાળી એ માણસ મને ગમી ગયા. ચોથે દિવસે બજાર પાસેની ખાદીની તેમની દુકાનમાં હું તેમને મળવા ગયો. ત્યાં મને બીજી એક સરસ ઓળખાણ તેમણે કરાવી.

તે હતા શ્રી સુબ્રહ્મણ્ય શાસ્ત્રી—સંસ્કૃતના પ્રખર પંડિત અને કન્નડના પણ સુપ્રસિદ્ધ સાહિત્યપ્રેમી. તેમણે રામાયણને કન્નડમાં ઉતાર્યું છે અને હમણાં પુરાણોને પણ કન્નડમાં ઉતારી રહ્યા છે. કન્નડ સાહિત્ય પરિષદના માસિક મુખપત્ર "કન્નડ નુડિ"નું પરિષદવતી આ શાસ્ત્રીજી સંપાદન કરે છે.

તેમનો પરિચય થયો ત્યારે એક રમૂજી પ્રસંગ બની ગયો. શ્રી અશ્વત્થ નારાયણે એમની ઓળખાણ મને કરાવી. અમે બન્નેએ પરસ્પરને નમસ્કાર કર્યા. શાસ્ત્રીજી તો ખરા શાસ્ત્રીજી જ લાગે. ધોતિયું, ખમીશ, તેના ઉપર ખેસ અને ઉઘાડું ચાખરી વિનાનું શિખામંડિત શીર્ષ! તેમની સાથે વાત કઈ ભાષામાં કરવી? મને પ્રશ્ન થયો. મેં શ્રી રાવને અંગ્રેજીમાં પૂછ્યું: "શાસ્ત્રીજીને હિંદી આવડતી હશે?"

"થોડી થોડી." તેમણે કહ્યું.

"હશે." મેં મન વાળ્યું અને શ્રી રાવ સાથે જ વાતોમાં ચિત્ત પરોવ્યું. થોડી વારે એવી કંઈ વાત નીકળતાં શાસ્ત્રીજી પણ અમારી વાતમાં જોડાયા અને એવી સુંદર અંગ્રેજી ભાષામાં અમારી જોડે વાત કરવા મંડ્યા કે હું તો ચકિત પણ થઈ ગયો અને ભોંઠો પણ પડી ગયો. આ માણસને અંગ્રેજી ક્યાંથી આવડે એવો મારો ભ્રમ કેટલો બધો અભિમાનમૂલક હતો! માફી માગી રસપૂર્વક હું તેમની જોડે વાત કરવા લાગ્યો. ને એ વાર્તાલાપ તો સોનાની ખાણ જેટલો મૂલ્યવાન બની ગયો. રામાયણ વિશેનું તેમનું અગાધ જ્ઞાન અને તદ્દન આધુનિક ગણી શકાય એવી તેમની દૃષ્ટિ તેમના પ્રત્યે સંમાન પ્રેરી રહી.

શાસ્ત્રીજીને એ પછી તો ઘણીએ વાર મળવાનું થયું, કારણ કે એ પછીના થોડા જ દિવસોમાં, એક જુદા જ પ્રસંગે તેમના ખાસ મિત્ર અને કન્નડ સાહિત્યના અગ્રગણ્ય કવિ, નાટ્યકાર, પ્રવાસલેખક અને વિદ્વાન પ્રાધ્યાપક શ્રી વી. સી. સીતારામૈયાની ફરી મુલાકાત થતાં અમે ખૂબ જ નજદીક આવી ગયા. મારા બેંગ્લોરવાસનાં સ્મરણોમાં જે બેત્રણ વ્યક્તિઓ પોતાની ચિરંજીવ છાપ મારા હૃદય ઉપર અંકિત કરી ગઈ છે તેમાંની મુખ્ય વ્યક્તિ આ પ્રાધ્યાપક સીતારામૈયા છે. ધોતિયું અધો કોટ અને કર્ણાટકી પાઘડીના સાદા સરળ પોષાક પછવાડે છુપાયેલું તેમનું વ્યકિતત્વ અદ્દભુત છે, અને જુદા જુદા વિષયોનો તેમનો રસ અને એ એ વિષયોનું તેમનું વિશાળ જ્ઞાન ચકિત કરી દે તેવું છે. એમ. એ. તેઓ અર્થશાસ્ત્ર લઈને થયા છે, અને માયસોર યુનિવર્સિટીમાં અધ્યાપક છે કન્નડના. એ કન્નડ સાહિત્ય પણ તેઓ અંગ્રેજીના માધ્યમ દ્વારા શીખવે છે. પણ એ માટે કોઈ તેમની ટીકા નથી કરતું, પ્રશંસા જ કરે છે. એટલી સહેલાઈથી તેઓ દરેક ભાષામાં અને દરેક વિષયમાં આવજા કરી શકે છે. છતાં તેઓ કાળજી માત્ર એક જ વાતની રાખે છે. પોતાની વાતચીતમાં ક્યાંયે પોતાનું કોઈપણ જાતનું અહમ્ તો ડોકિયું કરી નથી જતું ને! તેવું બનવા પામતું જ નથી કેમ કે તેને તરત જ ડામી દેવા તેઓ સતત ઉદ્યમશીલ હોય છે.

તેમની સાથેની અનેક મુલાકાતોનાં અને તેમની જોડે સાહિત્ય અને તેનાં વિધવિધ સ્વરૂપો વિશે થયેલી અનેક રસભરપૂર ચર્ચાનાં અનેકાનેક સ્મરણો, તેમનું નામ યાદ આવતાં, સ્મરણપટ ઉપર તરી આવે છે. તે બધાં વિશે તો અહીં શી વાત કરું પણ તેમણે કરાવેલ એકબે વિશિષ્ટ વ્યક્તિઓનો પરિચય તો અહીં નોંધી જ લઉં.

જાણીતા કલાવિવેચક શ્રી વેંકટાચલમનું ઇન્સ્ટિટ્યુટમાં ભાષણ હતું. શ્રી અવનીન્દ્રનાથ ટાગોરના પ્રખ્યાત શિષ્ય અને શ્રી નંદબાબુ વગેરેના સહાધ્યાયી પ્રખ્યાત ચિત્રકાર શ્રી વેંકટપ્પા પણ તે વ્યાખ્યાનમાં હાજર હતા. શ્રી સીતારામૈયા મને તેમની પાસે લઈ ગયા અને ઓળખાણ કરાવી. તેમનાં ચિત્રો, શિલ્પ વગેરે જોવા જવાની તેમની પાસેથી તેમણે મારે માટે પરવાનગી મેળવી લીધી.

અદ્દભુત વ્યકિત છે આ વેંકટપ્પા પણ. ગામને છેડે છેક મલ્લેશ્વરમ્‌માં તેઓ એક ઘર બાંધી રહે છે અને એકાકી જીવન ગાળે છે. ઘરમાં એકલા પોતે. પત્ની તો પરણ્યા જ નથી પણ નોકરચાકર પણ નહિ. હાથે અનાજ પકાવે, ને હાથે કામ પતાવે. ઉમ્મર વર્ષ છાસઠ સડસઠની. ઊંચા અને પ્રભાવશાળી લાગે. ભાગ્યે જ કોઈને પોતાનાં ચિત્ર કે શિલ્પ

જોવાની અનુમતિ આપે. સ્ટુડિયોની બહાર તો પાટિયું લગાવેલું જ હોય કે કોઈએ ચિત્રો જોવા આવવા તસ્દી ન લેવી, સ્ટુડિયો બંધ છે. કોઈનો કશો ઉપકાર ન ચડાવવો કે કોઈના દાબમાં દબાવું નહિ એવી તેમની પ્રતિજ્ઞા. એથી તો એમણે જ્યારે દેશી રાજાઓનો સૂર્ય મધ્યાહ્ને તપતો હતો ત્યારે કરારભંગ માટે માઈસોરના ત્યારના મહારાજા ઉપર દાવો માંડેલો. દાવો તો, અલબત્ત નીકળી ગયેલો પણ શ્રી વેંકટપ્પાના વ્યક્તિત્વનો એક પ્રસંગ નિદર્શક છે.

અમે મલ્લેશ્વરમ્‌માં તેમને ઘેર ગયા—હું શાસ્ત્રીજી તથા પ્રા. સીતારામૈયા. પ્રાધ્યાપકશ્રી મોડા ન થવાય તે માટે ખાસ કાળજી લેતા હતા. ચિત્રકાર, મોડા પડશું તો કદાચ ગુસ્સે થઈ આપણને બારણામાંથી જ રવાના કરી દેશે એવો તેમને ભય હતો. પણ અમે મોડા ન પડ્યા. શ્રી વેંકટપ્પાએ અમને પ્રેમપૂર્વક આવકાર્યાં અને અંદર લીધા. તેમનાં ચારપાંચ શિલ્પ તેમણે અમને બતાવ્યાં. વાતોચીતો કરતાં મેં હસતાં હસતાં કહ્યું :

"આપ ઉગ્ર છો એમ બધા મને કહેતા હતા. પણ મારો અનુભવ એવો ન થયો."

તેમણે પોતાનો પક્ષ રજૂ કર્યો : "ઉગ્ર ન થાઉં તો શું કરું ? એક મોટા પ્રાધ્યાપક અહીં આવ્યા હતા, શિલ્પ જોવા. 'શકુંતલા વિદાય'નું આ શિલ્પ જોઈ મને કહે : "કાલિદાસના લખાણમાં શકુંતલાને આમ વાળ વિનાની વર્ણવી હોય એવું વાંચ્યાનું મને યાદ નથી !" મને એવી ચીડ ચડી ! એમને આ શકુંતલાના વાળ તો ભલે ન દેખાયા પણ આવડી મોટી તેની પુષ્પવેણી પણ તેમને અદ્ધર ઊભી રહેલી દેખાઈ હશે ?...બીજા એક ડબલ ગ્રેજ્યુએટ આવ્યા હતા. અર્જુન નિશાન તાકે છે અને પાંડવો કૌરવો અને દ્રોણાચાર્ય એ જોઈ રહે છે એ શિલ્પ જોઈ ને કહે : "વાહ વેંકટપ્પા વાહ, આ એકલવ્ય તમે અદ્ભુત કોતરી કાઢ્યો છે. મને એ જોઈ ટી. પી. કૈલાસમ્‌નો એકલવ્ય ખૂબ યાદ આવે છે." બાજુમાં પડેલ આ મારા એકલવ્યને (તેની નોખી જ પ્લેટ હતી) પણ ન ઓળખી શકનાર એ ભાઈ કૈલાસમ્ જેવા મહાન નાટકકારના એકલવ્યને તે શી રીતે ઓળખી શક્યા હશે ? ગુસ્સાભર્યું મૌન જાળવવા સિવાય એ વખતે હું બીજું શું કરી શકું ?"

વાત તો સાચી હતી. તેઓ જ કહે: "કલાકાર બિચારો એકલો બેઠો બેઠો વર્ષો સુધી સાધના કરીને એવું કામ કરે હોય તેને વારંવાર પોતાની સમજણ વિનાની જિજ્ઞાસા સંતોષવા ખાતર અણસમજુ લોકો આમ હેરાન કર્યે રાખે ત્યારે કલાકાર ખિજાઈ પણ ન જાય ?"

તેમના ચહેરા ઉપર વિષાદ ફરી વળ્યો. પણ પોતાની સાધનાની, વર્ષોની તપશ્ચર્યાની, પોતાના હાથે નીકળી આવેલ કોઈ સુંદર કૃતિની વાત કરતાં તો ડોસા ગેલમાં આવી જતા હતા. તેમનાં ઊટી અને કોડાઈકેનાલનાં વૉટર કલર ચિત્રો બતાવતાં અને પોતાનો એ બધાંમાં કેવી રીતે ક્રમિક વિકાસ થયો એ વાત કરતાં તેમની આંખમાં ધન્યતાની ચમક આવી જતી હતી. અમે પણ એ જોઈ કૃતાર્થ થઈ ગયા.

તેમની એક શિલ્પકૃતિ "શિવનું તાંડવ" વિશે તેમણે એક સરસ વાત કરી. શિલ્પ સરસ છે. શંકર તાંડવ નાચે છે. તેમના એક હાથમાં ડમરુ છે, બીજામાં ત્રિશૂળ. એ જ હાથ ને પગની અને આખી કાયાની રેખાએ રેખા શંકરનું પ્રલયંકર સ્વરૂપ જ વ્યકત કરે છે. ફક્ત ચહેરા ઉપર નજર પડતાં શિવ જ, શિવંકર સ્વરૂપ જ દેખાય, અગાધ નિર્મળ કરુણાભર્યું ! અદ્ભુત અસર હૃદય ઉપર મૂકી જાય.

વેંકટપ્પા કહે ; "આ કૃતિએ મને ઘણા ઉજાગરા કરાવ્યા છે. શંકર મને મારી સાધનામાં બે હાથવાળે સ્વરૂપે આવે. શાસ્ત્રોમાં અને શિલ્પમાં હરેક જગ્યાએ ચાર હાથ તેમને હોય. હું એ ચાર હાથ કલ્પી શકું જ નહિ. કૃતિ તૈયાર કરવી કે ન કરવી એ પ્રશ્ન સતત મૂંઝવે. કર્યા વિના રહેવાય નહિ, અને કરવા પણ શી રીતે ? સમસ્યાનો ઉકેલ એકાએક મળી ગયો. મારા ગુરુને પૂછી જોઉં. અવનીન્દ્રનાથને પત્ર લખ્યો : "આ સ્વરૂપે શિવને જોઈ શકું છું. શું કરું ?" તેમણે ઉત્તર વાળ્યો : "આગળ ધપ. પહેલાં શિલ્પ થયાં, પછી એને વિશે નિયમ ઘડાયા." હું આનંદિત થઈ ગયો અને મંડ્યો રહ્યો. આ શંકર એમાંથી ઊપસી આવ્યા."

એવી જ એક બીજી વ્યક્તિવિશેષના પરિચયનો લાભ પણ શ્રી સીતારામૈયાની મૈત્રીને જ આભારી છે. કર્ણાટકના સાહિત્યના અને સામાજિક કાર્યના વર્તુલમાં શ્રી ગુંડપ્પાનું વિશિષ્ટ સ્થાન છે. નાનામોટા બધા જ સાહિત્યસેવીઓ તેમને વિશે આદરભાવથી વાત કરતા હોય છે. આ ભાવ કેટલો સાર્થ છે એનો ખ્યાલ તો તેમને નિકટથી તેમને મળ્યો ત્યારે જ આવ્યો.

તેઓ બીમાર હતા, પથારીવશ હતા. તેમના પ્રિય બાળક જેવા "ગોખલે ઇન્સ્ટિટ્યુટ ઓફ પબ્લિક અફેર્સ"માં પણ આ બિમારીને અંગે તેઓ હાજરી આપી શકતા ન હતા પણ અમે ગયા ત્યારે ઊઠીને પ્રેમથી એ સામા આવ્યા અને અમને અંદર લઈ ગયા. ઉપચાર પતી ગયા પછી લગભગ પહેલો જ સવાલ તેમણે એ પૂછ્યો.

"તમારા સાહિત્યમાં શ્રી મુનશીનું સ્થાન કેવુંક ગણાય?"

"ઘણું જ ઊંચું," મેં કહ્યું: "પણ હવે અમે લોકો ફરી નવેસરથી એમનું મૂલ્યાંકન કરી રહ્યા છીએ."

તેમને ખૂબ આનંદ થયો. "એમ જ થવું જોઈએ. દરેક સર્જક એ કસોટીમાંથી તો પસાર થવું જ જોઈએ."

બીજી ઘણી વાતો અમે કરી, પણ મારા મન ઉપર તેમની સાથેની અને ત્યાંના સીતારામૈયા વગેરે બીજા અનેક મિત્રોની સાથેની વાતચીત ઉપરથી એક છાપ એવી પડી કે પ્રેમચંદજીની સાથે "હંસ"નું સંપાદન કરતા હતા ત્યારે શ્રી મુનશીએ પોતાની આપખુદ વર્તણૂકથી આ લોકોને સારી રીતે દુભાવ્યા હશે.

અમે કલાકેક પછી ઘેર જવા નીકળ્યા ત્યારે શ્રી ગુંડપ્પા કહે: "હજી તમે પંદરેક દિવસ અહીં છો ને? હું આ પથારીમાંથી બેઠો થઈશ તો જરૂર તમારે ત્યાં આવી જઈશ. મારે જ ત્યાં આવવું જોઈએ, પણ મારી આ હાલતને અંગે તમારે આવવું પડ્યું!"

એ જ શબ્દો વારંવાર શ્રી માસ્તી વેંકટેશ આયંગરને મોંએથી પણ સાંભળવા મળતા. "મારે તમારે ત્યાં આવવું જોઈએ. હું બહારગામ રખડતો હતો, હમણાં એવા કામમાં પડ્યો છું કે નીકળાતું નથી. પણ તમે મારે ત્યાં ન આવો? આનંદ થશે, ઉપકાર થશે." વગેરે.

અને માસ્તી વેંકટેશ આયંગર એટલે કન્નડ સાહિત્યના ધુરંધર! ઉંમર વર્ષ બાસઠ. કન્નડ ભાષાને પહેલી અને સર્વોત્તમ ટૂંકી વાર્તાનું પ્રદાન એમનું, કન્નડ ગદ્યને સુંદર, ભાવવાહી, વાળો ત્યાં વળીને સુંદર સ્વરૂપ પ્રગટ કરે એવો વળાંક આપવાનું કામ એમનું, અનેક કાવ્યો, નાટકો, જીવનચરિત્રો, અભ્યાસગ્રંથો લખી કન્નડ સાહિત્યને સમૃદ્ધ કરેલું એમણે, કન્નડ સાહિત્ય પરિષદના પ્રમુખ એમને 'ગુરુ' તરીકે સંબોધે, એમણે અનેક જુવાન માણસોને ગાંઠના પૈસા ખરચી ઉત્તેજન આપ્યું છે અને પોતાના માસિક 'જીવન' દ્વારા નિરંતર ઊંચી સંસ્કારિતાનો પ્રવાહ દર વર્ષે ગાંઠે ખોટ કરીને કર્ણાટક પ્રદેશમાં એ વહેવડાવે છે, એ માસ્તી વેંકટેશ આયંગર મારા જેવા અજાણ્યા માણસને પણ ઉપર પ્રમાણે શબ્દો કહ્યે રાખે એ વસ્તુ મને તો અનોખી જ લાગી. આપણે ત્યાં પણ અજાણ્યા પ્રત્યે આપણે આટલો વિવેક અને મમતા ધરાવી શકતા હોઈએ તો?

માસ્તીજી સાથે થયેલ એક ટૂંકો સંવાદ યાદ આવે છે. મેં મૃત્યુ વિશે કંઈક વાત કરી તો એ કહે:

"મૃત્યુ છે જ નહિ. ચારે બાજુ જીવન જ છે. દરેક ક્ષણમાં જીવન સમાયેલું છે, અને ક્ષણ એ અનંતનું પ્રતીક છે. મૃત્યુ તો માત્ર દેખાવ છે, છેતરપિંડી છે. જીવન એ જ સત્ય છે."

અને ત્યાં આવી પહોંચેલા પ્રખ્યાત બંગાળી કવિ બુદ્ધદેવ બોઝ શરદ્‌બાબુના દારૂના પ્રેમ વિશે અને તેમના અનિયમિત જીવન વિશે વાત કરતા હતા, ત્યારે માસ્તીજી આટલું જ બોલ્યા:

"What a pity?"

અને એમનો ચહેરો આર્દ્રતાથી છવાઈ ગયો!

ઘરે તામિલભાષી પણ પ્રખ્યાત કન્નડ કવિ શ્રી જી. પી. રાજરત્નમ્‌નું વ્યક્તિત્વ પણ અનોખું હતું. શ્રી અશ્વત્થ નારાયણરાવે એમની ઓળખાણ કરાવી ત્યારે કોઈક બૌદ્ધ ભિખ્ખુને હું મળતો હોઉં એવું મને લાગ્યું. એવો પહેરવેશ અને એવું તેજ! થોડા દિવસમાં બુદ્ધ વિશે એ બોલવાના પણ હતા એટલે મારી કલ્પના મને સકારણ લાગી. બુદ્ધધર્મના અને બૌદ્ધ તત્ત્વજ્ઞાનના, જૈનધર્મના અને જૈન તત્ત્વજ્ઞાનના તેઓ પ્રખર પંડિત છે એ ખબર તો મને પાછળથી જ પડી.

કન્નડ સાહિત્યમાં શ્રી રાજરત્નમ્‌નું પ્રદાન વિશિષ્ટ છે. "દારુડિયો રત્નો", "નાગમુત્તુ" વગેરે તેમનાં કાવ્યપુસ્તકોએ એક નવો જ પ્રદેશ કન્નડ સાહિત્ય માટે ખુલ્લો કરી આપ્યો છે. આપણે ત્યાં બળવંતરાય ઠાકોરના "પ્રેમનો દિવસ" વગેરે કાવ્યગુચ્છ છે તેવાં પણ સામાન્યમાં સામાન્ય માણસોનાં જીવનને સ્પર્શતાં, તેના જીવનની વિધવિધ વાતોને અને તેનાં વિધવિધ પાસાંને ગૂંથી લેતાં આ કાવ્યો તેમાં

સમાયેલા સમભાવ, હાસ્ય, સમજણ અને ઊંચી કવિતાથી ત્યાંની ભાષામાં ખૂબ જ ખ્યાતિ પામ્યાં છે.

કન્નડ ભાષાના સૌથી પ્રખ્યાત કવિ બે : બેન્દ્રે અને પુટપ્પા. બેન્દ્રેનું નામ અન્યભાષાભાષીઓમાં પણ જાણીતું છે. પુટપ્પાએ "રામાયણદર્શનમ્" નામનું પચીસહજાર લીટીનું મહાકાવ્ય લખ્યું છે અને એ બેમાં કયો કવિ વધારે મોટો એ માત્ર રુચિનો જ પ્રશ્ન ગણાય છે, બાકી બન્નેનાં નામ સાથે સાથે જ લેવાય છે, આપણે ત્યાં ઉમાશંકર સુન્દરમ્‌નાં લેવાય છે તેમ. પણ ત્રીજું નામ કોનું ? તો સહુયે કહેશે જી. પી. રાજરત્નમ્‌નું. પણ મળો ત્યારે એનું તો એને ભાન જ ન હોય એવું લાગે. અને વાતોડિયા તો મારા જ જેવા ! અમે જ્યારે જ્યારે મળ્યા ત્યારે ત્યારે ત્રણ કલાકથી ઓછી અમારી મુલાકાત ચાલી નહિ. હું અહીં આવ્યો ત્યારે અફસોસ અમને બન્નેને એટલો જ રહ્યો કે આ મુલાકાતોની સંખ્યા અમે વિસ્તારી ન શકયા—એ છેક બીજે છેડે મલ્લેશ્વરમ્‌માં રહેતા હોવાને કારણે.

એક દિવસ મારે ઘેર અમે બન્ને અમારી લાંબી મુલાકાતમાં મશગૂલ બની બેઠા હતા ત્યાં બે બહેનો અને એક ભાઈ ચાલી આવ્યાં. હું સમજ્યો રાજરત્નમ્‌ને એ લોકો લેવા આવ્યાં છે, પણ ત્યાં તો બેમાંનાં એક બહેન, શ્રીમતી એમ. આર. લક્ષ્મમ્માએ પૂછ્યું :

"ગુજરાતી સાહિત્યમાં સ્ત્રીઓનો ફાળો કેવોક છે ?"

પછી તો લાંબી વાતો થઈ, પણ તેમના વ્યક્તિત્વની એક સુંદર અને સુરેખ છાપ શ્રી લક્ષ્મમ્મા મારા મન ઉપર મૂકતાં ગયાં. સ્ત્રીઓનું "સોદરી" નામનું (સોદરી=સહોદરી) એક સાપ્તાહિક તે બહેન ચલાવે છે અને સેવાના ક્ષેત્રમાં અને રાજકારણમાં જાણીતાં છે. એમ.એ. છે. ત્યાંની લેજિસ્લેટિવ કાઉન્સિલનાં સભ્ય છે. રાજકારણ પૂર્વેના દિવસોમાં એ સુંદર નાટકો લખતાં અને રેડિયો ઉપરથી એને વહેતાં મૂકતાં. પણ હવે અનેક વસ્તુઓનો ગ્રાસ કરી જનાર રાજકારણ તેમની એ શકિતઓનો ગ્રાસ કરી જતું લાગે છે, એવી ત્યાંના મિત્રોની ફરિયાદ હતી. એ ફરિયાદ મેં એમને જણાવી, અને એમને એ વ્યાજબી પણ લાગી. પહેલી તકે ફરી પાછું સાહિત્યનું જીવન અપનાવવાની તેમની ઇચ્છા છે એમ તેમણે કહ્યું. પણ એ તો થાય ત્યારે. અત્યારે તો રાજકીય ક્ષેત્રમાં ગળાબૂડ ડૂબેલાં છે, પણ તેમની સાહિત્યની ઊંડી સમજણ અને તેમાં રહેલો તેમનો ઊંડો રસ તો તેમની સાથેની વાતચીતમાં જણાઈ આવ્યા વિના રહેતો નહોતો.

માયસોર યુનિવર્સિટીના અંગ્રેજીના પ્રાધ્યાપક શ્રી એ. એન. મૂર્તિરાવ જ્યારે જ્યારે મળતા ત્યારે આપણા પ્ર. એસ. આર. ભટ્ટ મને અચૂક યાદ આવતા. એમના જેવું વિશાળ વાચન, એમના જેવો ભયંકર (?) હાસ્યરસ અને ભાષા ઉપર એમના જેવું જ પ્રબળ પ્રભુત્વ ! પેલી અમેરિકન બાઈના "લેખનની કળા" વિશેના વ્યાખ્યાન વખતે પ્રમુખ-સ્થાને મૂર્તિરાવ બેઠા હતા. બાઈ આડુંઅવળું નકામું ઘણું ઘણું બોલી હતી, પણ "લેખનની કળા" વિશે કશું નહિ. સભામાં ઉપસંહાર કરતી વખતે મૂર્તિરાવ એવી રીતે બોલ્યા કે આ મારાં વખાણ કરે છે એમ બતાવતું મોં ઉપર હાસ્ય પેલીએ રાખવું જ પડે અને અંદરથી કાળજું કપાઈ જાય. તેમણે મોલિયેરના 'તારતુફ'નું કન્નડમાં એવું સુંદર રૂપાંતર કર્યું છે કે એ લોકો કહે છે કે મોલિયેર જો કન્નડમાં લખે તો આથી વિશેષ સારું નાટક ન જ લખી શકે. અત્યારે તેઓ શેક્સ્પિયર વિશે અંગ્રેજીમાં એક અભ્યાસગ્રંથ તૈયાર કરી રહ્યા છે.

આ બધાને મળ્યા છતાં એક આશ્ચર્ય તો મારે માટે બાકી જ હતું. એક દિવસ મને શ્રી. સીતારામૈયા કહે :

"કાલે આપણે એક મિત્રને ત્યાં જઈશું. સરસ નવલ-કથાકાર છે અને એથીયે સરસ માણસ છે. તમને મજા આવશે."

"જરૂર જઈએ," મેં કહ્યું : "પણ એમનું નામ શું ?"

"કે. વી. આયર."

"પણ એ તો વ્યાયામવીર છે."

"છે જ. પણ નવલકથાકાર પણ છે. ને આપણે એ રીતે એમને મળવાનું છે."

મેં કહ્યું : "એમને મળતાં મને સંકોચ થશે. એમને ત્યાં ઉપચાર કરવાને નિમિત્તે હું એમની પાસે ગયો હતો, પણ તેમના દર મોંઘા લાગતાં હું ફરીથી જઈ શક્યો નથી."

"તો તો જરૂર ચાલો. કોઈ પણ દરે એ સસ્તા જ છે. શરીરને સમજનાર એમના જેવો વ્યાયામનો માણસ હિંદુસ્તાનમાં નથી."

ને અમે ગયા. શ્રી. આયરે કહ્યું પણ ખરું : "પછી તમે તો દેખાયા જ નહિ ?"

હું હસ્યો : "વિચાર કરી જોઈશ, એમ મેં કહ્યું હતું, પણ વી. સી. સાહેબ કહે છે કે વિચાર ન કરવો એટલે એ છોડી તમારી પાસે આવ્યો છું."

"મને આનંદ થયો." તેમણે કહ્યું. ને પછી તો અમે સાહિત્યની વાતોમાં જ ઊતરી પડ્યા. તેમને ત્યાં નવલકથાકાર શ્રી. ઈનામદાર પણ હતા અને ગ્રીકમાંથી જ સોફોક્લિસને સીધો કન્નડમાં ઉતારનાર બીજા એક ગૃહસ્થ પણ હતા. નાનું લેખકમિલન જેવું બની ગયું. અને આખરે એ એક જ મુલાકાતમાં શરીરમાં સ્નાયુઓના ગઠ્ઠા જમાવનારનો ઉપલો માળ હમેશાં ખાલી રહેતો હોય છે એવા મારા ભ્રમના ચૂરેચૂરા થઈ ગયા. તેમનો એ માળ ખૂબ ખૂબ ભરેલો હતો.

રાજરત્નમ્ અને સીતારામૈયા એમને સાહિત્યમાં ઘસડી લાવેલા. એકવાર તેમણે 'રીડર્સ ડાઈજેસ્ટ'માં નાનો એવો એક પ્રસંગ વાંચ્યો. ક્રાઈસ્ટના મોડેલ તરીકે માઈકેલ એન્જેલોને કામ આવેલો એક કિશોર ભવિષ્યમાં જુડાસના મોડેલ તરીકે પણ કામ આવે છે! વર્ષો દરમિયાન તેનો ચહેરો તેના જીવનને અંગે એટલું પરિવર્તન પામ્યો હોય છે! અસાધારણ શક્યતા ધરાવતી આ વાતે આયરને આકર્ષ્યા. તેમણે ચારસો પાનાંની એક નવલકથા, એ પરિવર્તનના દરેક તબક્કામાં વાચકને સમર્થ રીતે ઘસડી જતી, લખી નાખી. "મોડેલ" માટે તેમણે કન્નડમાં નવો જ શબ્દ યોજ્યો : રૂપદર્શી. નવલકથાનું એ જ નામ પાડ્યું. આજે માઈસોર યુનિવર્સિટીમાં બી.એ. ના વર્ગોમાં એ શિખવાય છે. નાટ્યકાર ટી. પી. કૈલાસમ્‌નાં જીવનસ્મરણોનું એમણે લખેલું પુસ્તક પણ ખૂબ જ આધારભૂત ગણાય છે.

આ બધી હકીકતો મારે માટે નવી હતી, આશ્ચર્યજનક હતી. એટલી જ આશ્ચર્યજનક એક બીજી બીના પણ બની ગઈ. તેમનાથી છૂટા પડતી વખતે તેમણે કરેલા મારા શરીરના ઉપચાર માટે મેં તેમનું બિલ માગ્યું. હસીને તેમણે કહ્યું : "હવે એની જરૂર રહી નહિ."

"કેમ ?" મેં સાશ્ચર્ય પૂછ્યું.

"તમે સીતારામૈયા અને રાજરત્નમ્‌ના મિત્ર છો ને ?"

"પણ........"

પણ ન તેમણે મને દલીલ કરવા દીધી કે ન એક પૈસો પણ મારી પાસેથી સ્વીકાર્યો.

એવો જ સ્નેહભર્યો વર્તાવ મારા વસવાટના છેલ્લા માસ દરમિયાન મારી સાથે બહુ જ નિકટ સંબંધ ધરાવતા થઈ ગયેલા કન્નડ સાહિત્ય પરિષદના મંત્રી શ્રી સી. કે. નાગરાજ રાવનો રહ્યો હતો. હિંદીદ્વારા તેમણે શરદ્બાબુને કન્નડમાં ઉતાર્યા છે, અને ટૂંકી વાર્તાનાં પુસ્તકો લખ્યાં છે. નાટકો પણ લખે છે, ને સરસ રીતે તે ભજવે પણ છે. મુશ્કેલી મોટી એમાં નડે છે સ્ત્રીઓ ત્યાં નટી તરીકે નથી ઊતરતી એ. આપણે ત્યાંની એ સગવડ માટે એ લોકો ખરેખર ઈર્ષ્યા અનુભવતા.

પણ આ સાહિત્યકારમિત્રોનો પરિચય પૂરો કરતાં પહેલાં એક અત્યંત સુખદ પ્રસંગ ન વર્ણવું તો તે યોગ્ય ન જ ગણાય. ત્યાંના પત્રકાર, સમાજસેવક, સ્વાતંત્ર્ય યુદ્ધના અઠંગ યોદ્ધા અને પોતાની વિદ્વત્તાથી એક વખત સાહિત્ય પરિષદના પ્રમુખનું પદ શોભાવનાર શ્રી ટી. ટી. શર્મા એક વખત તેમને ઘેર ખેંચી ગયા, "તમને મળાશે તો મને અને મારાં પત્નીને ખૂબ આનંદ થશે" એમ કહીને. ઘર ઝાઝું દૂર નહોતું અને સીતારામૈયા અને શાસ્ત્રી સાથે આવવાના હતા જ એટલે ન જવાનો પ્રશ્ન જ નહોતો. ગયા. તેમણે તેમનાં પત્ની શ્રી રાજમ્માની ઓળખાણ કરાવી. ઘરમાં એ લોકો તેલુગુ બોલતાં હતાં. ત્યાંના સાહિત્યસમાજની આ એક વિશિષ્ટતા છે. ઘરની બોલી ભલે ગમે તે હોય લખવાની બોલી તો કન્નડ જ. એવી ઘણી વ્યક્તિઓ સાહિત્યમાં માનભર્યું સ્થાન ધરાવે છે. માસ્તીજી તામિલ બોલે છે, રાજરત્નમ્ તામિલ, એક અન્ય સજ્જન મલયાલમ્ અને રાજમ્મા તથા શ્રી ટી. ટી. શર્મા તેલુગુ. બધાં જ — રાજમ્મા પણ — પ્રતિષ્ઠિત સાહિત્યસ્વામીઓ છે. શ્રી રાજમ્માએ તો 'ઊર્મિલા' નામનું લક્ષ્મણની પત્નીને પાત્ર બનાવી એક પદ્યનાટક લખેલું છે, જે ત્યાં સારો એવો આદર પામેલું છે. પદ્યનાટકો સારી એવી સંખ્યામાં ત્યાં લખાયાં છે એ આપણા સાહિત્યને મુકાબલે એક નવી વાત થઈ. બાકીનાં સ્વરૂપોમાં ખાસ ઝાઝો ફરક આપણામાં અને એમનામાં નથી દેખાતો.

થોડીવાર પછી રાજમ્માને શ્રી શર્માએ વીણા સંભળાવવાનું કહ્યું. અને તેમણે હાથમાં વીણા લીધી.

હું સંગીત મુદ્દલ સમજતો નથી. સાંભળવાનો પણ શોખીન નથી. પણ તે દિવસે વીણામાંથી તે બહેને જે મધુર સૂર રેલાવ્યા અને સાથે સાથે "ગીતગોવિંદની" અષ્ટપદીઓ ગાઈ, તે અનુભવ એટલો તો આહ્લાદક હતો કે બીજું બધું ભૂલી તેના શ્રવણમાં જ ગરકાવ થઈ જવાયું. બહાર નીકળ્યો ત્યારે મને થયેલો આનંદ વર્ણવવાને કે એ આનંદનો અધિકારી મને બનાવવા માટે એ પતિ-પત્નીનો આભાર માનવાને મારી પાસે શબ્દો નહોતા.

એવો જ અદ્ભુત આનંદ — ઊર્મિમયતાને અંગેનો નહિ, પણ બુદ્ધિમત્તાને અંગેનો — સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટીના સભાસદ અને વયોવૃદ્ધ પંડિત શ્રી પી. કોદન્ડરાવને ત્યાં આવ્યો હતો. તેઓ અને તેમનાં અમેરિકન પત્ની આદર-સત્કારની મૂર્તિ સમાં હતાં. પોતાના રસોડાને તેઓ પ્રયોગશાળા — લેબોરેટરી — કહેતાં અને અભિમાનપૂર્વક એ જગ્યાની, પ્રયોગશાળામાં હોય તેવી, સ્વચ્છતાનો આગંતુકોને ખ્યાલ કરાવતાં. ત્યાંના વિધવિધ અસબાબનું પણ પ્રયોગશાળામાં વપરાતા પારિભાષિક શબ્દો દ્વારા તેઓ વર્ણન કરતાં અને રમૂજ ઊભી કરતાં. પણ એ રમૂજ પછી ખવડાવવા પિવડાવવાનો રસિક કાર્યક્રમ પતાવી જ્યારે પોતે શોધેલ સંસ્કૃતિ વિશેના નવા વાદ વિશે — તેને પોતે My Theory of Culture કહે છે — તેમણે વાતો કરવા માંડી ત્યારે તેમની પ્રખર વિદ્વત્તા, ઝીણવટભરી અભ્યાસવૃત્તિ અને પૃથક્કરણ અને સમન્વયની તેમની અદ્ભુત શકિત જોઈ હૃદય આનંદથી ભરાઈ ગયું. બે કલાક ક્યાં નીકળી ગયા એ જ ખબર ન પડી. તેમનો થયેલો પરિચય પણ ત્યાંના મારા વસવાટના દિવસોનો એક અમૂલ્ય લહાવો છે.

હૃદયની પ્રીતિનો આનંદ આ બધા દક્ષિણ હિંદના મિત્રો સિવાય પણ એક અણધાર્યા ખૂણેથી આવી મળ્યો હતો. તે ત્યાં "જૈન મિશન સોસાયટી" નામની સંસ્થા ચલાવતા ભાઈ શ્રી પારસમલ અને તેમના મિત્ર શ્રી. મિશ્રીમલના પરિચય દ્વારા. અજાણ્યો માણસ અહીં આવી ચડ્યો છે અને તેને સંસ્કારના ક્ષેત્રમાં રસ છે એ જાણતાં તેઓ ઘેર આવી પહોંચ્યા અને અમને થોડાં ઠામવાસણની જરૂર છે એમ જણાતાં વિના ઓળખાણ પિછાણે ભાઈશ્રી મિશ્રીમલે પોતાની વાસણની દુકાનમાંથી નવાં જ વાસણો કાઢી આપ્યાં અને પોતાની મોટરમાં એ બધો બોજો નાખી માઈલો દૂર આવેલા મ[illegible] ઘેર આવી પોતાની જાતે જ એનો ઢગલો કરી ગયા. જ[illegible] ધર્મના સાંપ્રદાયિક નહીં પણ તાત્ત્વિક સિદ્ધાંતોનો જગત[illegible] વિદ્યાપીઠોમાં પ્રચાર કરવાની અને બીજી રીતે પણ [illegible] દર્શનનો સમ્યક્ ખ્યાલ જગતને આપવાની શ્રી. પારસમલ[illegible] સ્તુત્ય પ્રવૃત્તિ યોગ્ય સહકાર મેળવે છે તે આનંદનો વિષય [illegible]

એવો જ હૃદયની પ્રીતિના આનંદનો અનુભવ [illegible] એક મલયાલી બહેન કલ્યાણી મેનને કરાવ્યો. વર્ષ[illegible] મહિના બીમાર રહેતાં આ બહેન સાહિત્ય અને સંસ્[illegible] અજબ રસ ધરાવે છે. મલયાલમ્ ભાષા અને સાહિત્ય [illegible] તેમણે મને સારો ખ્યાલ આપ્યો અને પ્રખ્યાત મલ[illegible] કવિશ્રી જી. શંકર કુરુપ સાથે મારો પરિચય સાધી દે[illegible] તે સાધનભૂત થયાં. તેમના આ દિશાના ઉત્સાહની તો તે[illegible] જોયા વિના કલ્પના જ ન આવે.

આમ અમારો આવવાનો દિવસ નજદીક આવ્યો ત[illegible] સુધીમાં તો મારું હૃદય, મન, બુદ્ધિ સર્વે પરિતૃપ્તિ અનુભ[illegible] હતાં. મધુરેણ સમાપયેત્ એ ન્યાયે કન્નડ કવિતાના શ્રવ[illegible] કામ છેલ્લા દિવસ ઉપર મુલતવી રાખ્યું હતું. [illegible] સીતારામૈયાએ એ કાર્ય એ દિવસે અદ્ભુત કુશળ[illegible] બજાવ્યું. તેમનું રસથી સભર વાચન અને એવા જ [illegible] અંગ્રેજીમાં અનુવાદ કરવાની તેમની શક્તિએ એ બધાં [illegible]ના રસને છેક મારા હૃદય સુધી પહોંચાડી દીધો.

અને એમ, અંતે જ્યારે તેમને બધાંને, અને મારા [illegible] પુત્ર વિજયને હંમેશાં રાતના પોતાની સાથે ગંજીપે રમ[illegible] માયાળુ સોફિયાબહેનને અને સાઠ વર્ષની ઉંમરે પણ [illegible] કાર્યશીલ જીવન ગાળતાં સોફિયાબહેનનાં મહેમાન [illegible] મિસ હફને પ્રણામ કરી અમે વિદાય લીધી ત્યારે હૃદય [illegible] ભારે થઈ ગયું હતું અને મને ત્યાંથી પાછા ચાલ્યા [illegible]ના પાડ્યા કરતું હતું.

૧૯મી એપ્રિલે અહીંથી બેંગ્લોર જવા ઊપડ્યો [illegible] ત્યાં એક પણ માણસને હું ઓળખતો નહોતો. [illegible] મહિના વીત્યા પહેલાં ૧૬મી જુને ત્યાંથી પાછો અહીં [illegible] નીકળ્યો ત્યારે જાણે નિત્ય પરિચિત સ્વજનોથી દી[illegible] માટે દૂર ચાલી જતો હોઉં એવું દુઃખ હૃદય [illegible] રહ્યું હતું.

જિપ્સીની આંખે

'જિપ્સી'

માતામાથી મિત્ર

શ્રાવણ મહિનો હતો. સોળસત્તર વરસની ઉંમર હશે. બાનો હુકમ મળ્યો કે મારે રોજ રણમુક્તેશ્વર મહાદેવના દર્શને જવું. આમ હું નાસ્તિક નહીં. પણ ધાર્મિકતા અપ્રિય. ક્રિયાકાંડમાં કદી જ શ્રદ્ધા નહીં. છતાં કુટુંબના ઉછેરમાં જ ધર્મની ભાવના લોહીમાં મળી ગયેલી. એટલે ધર્મ અને ધાર્મિકતા વચ્ચે અંતરમાં સંઘર્ષ ઊભો થયો. પરંતુ બાની આજ્ઞા છે એ પાયાની વાત ઉપર બુદ્ધિ અને લાગણી બન્નેએ સમાધાન અનુભવ્યું.

હું રોજ સાંજે પહેલાં રણમુક્તેશ્વરના દર્શને જાઉં અને ત્યાંથી સીધો અખાડામાં. દર્શનનો ક્રમ પણ વ્યાયામ-મંદિરમાં જવા જેટલો જ અચૂક. કોઈ પણ નિયમ કે નિયમનનું અચૂક પાલન પોતે જ મોટી બુનિયાદી તાલીમ છે. સંયમ સહજ બને છે ત્યારે એ સ્વભાવ થઈ જાય છે. શરૂઆતમાં અંતઃકરણે બાની આજ્ઞાનું સમાધાન સ્વીકાર્યું હતું. ધીરે ધીરે એમાંથી સાંત્વના મળવા માંડી અને પછી એમાંથી આનંદનો ઉદય થયો.

દર્શને જવાનો રસ્તો ટૂંકો હતો. બરાનપુરાથી વળાંક લઈને જે રસ્તો ગોયાગેટના રાજમાર્ગ ઉપર નીકળતો ત્યાં આગળ એક લીમડો હતો. એ વળાંકને પશ્ચિમે શહેર-સુધરાઈના છંટકાવનાં ગાડાં છૂટતાં અને પછી ગંદવાડ આવતો. એ લીમડાના ઝાડ નીચે તૂટેલી ઝૂંપડી જેવી જગ્યામાં એક સાંજે એક વૃદ્ધ સ્ત્રીને સૂતેલી જોઈ. સામાન્ય કોઈ ભિખારણ હશે એમ માનીને સ્વાભાવિક માનવી બેપરવાઈથી હું તો ચાલ્યો ગયો. બીજે દિવસે સાંજે પણ એ ડોશીને એ જ રીતે સુતેલી જોઈ. એ સાંજે પગ જરા ખંચાયા પણ રોકાયા નહીં. ત્રીજે દિવસે સાંજે એ ડોશી આગળ ઝાડ નીચે પગ થંભી ગયા.

ડોસીની પાસે બેસીને જોયું તો ફાટલું એક લૂગડું અડધું પહેરીને અડધું ઓઢ્યું હતું. શરીરે બીજું વસ્ત્ર નહોતું. એ જીર્ણ વસ્ત્રની અંદર લપેટાયલી કાયા શ્વાસ લેતી હતી. એ શરીરને ઢંઢોળીને બોલાવવા પ્રયત્ન કર્યો. કાયા હાલી પણ અંતરપંખી બોલ્યું નહીં. શું કરવું એ એકદમ સૂઝ્યું નહીં. જરાક મુંઝવણ થઈ. પણ હું વિચાર કરીને તરત પાછો ઘેર ગયો. ખભે એક કાથાની નાની ખાટલી લીધી. એક ગોદડી, એક ઓઢવાનું, ખિસ્સામાં એક નાનું પવાલું લઈ લીધું. બાને થોડી વાત કરી ન કરી ને હું પેલા લીમડા નીચે આવી પહોંચ્યો. ખાટલી પર ગોદડી નાંખીને ઉપર ડોસીને સુવાડી ઓઢાડીને જરાક દૂર કુંભારવાડેથી એક ઘડો લઈ આવ્યો. પાણી ભર્યું. એમાંથી થોડુંક પાણી ડોશીને પાયું. અંધારું થવા આવ્યું હતું. ગયો રણમુક્તેશ્વરના દર્શને. તે સાંજે અખાડે ન જઈ શકાયું. રાત પડવા આવી હતી. પણ મને જંપ ન વળે. બાને વાત કરી. બાએ જમીને સાથે આવવાની હા પાડી. થોડુંક ખાવાનું લઈને અમે બન્ને પહોંચ્યાં પેલા લીમડા નીચે. બાએ ડોસીનું શરીર જોયું. તાવ તો ધખધખે. અમે બન્ને ગયાં છોટાલાલ વૈદ્યને ત્યાં. છોટાકાકા જમતા હતા. બાએ વાત કરીને દવા માગી, મેં રૂબરૂ તપાસ-વાનો આગ્રહ કર્યો. વૈદ્યકાકા અમારી જોડે આવ્યા. ડોશીને તપાસીને એમણે દવા આપી. સવારસાંજ મધમાં પડીકાં આપવાનાં, ત્રીજે દિવસે ડોશીમાં કંઈક હોશ આવ્યા. આઠ-દસ દિવસ અમે નિયમિત દવા આપી. ડોશીમા સાજાં થવા માંડ્યાં. બપોરે બા માસીને ત્યાં જાય ત્યારે લીમડા નીચે ખાવાનું પહોંચાડીને જ જાય. ચૌદમેપંદરમે દિવસે ડોશી વાત કરતી થઈ.

એક દિવસે સાંજે હું રોજના નિયમ પ્રમાણે રણમુક્તેશ્વર દર્શને જતો હતો. રાબેતા મુજબ લીમડા નીચે રોકાયો. આજે ડોશીની જીભમાં શબ્દે દેખા દીધી. પહેલી વખત એના મુખમાંથી શબ્દ પડ્યોઃ "બેટા, "...થોડી વાર શ્વાસ

બાઈને એણે બીજો શબ્દ કહ્યો "જીવાડી..." મેં કહ્યું કે માજી એ તો ઈશ્વરની દયાનું પરિણામ છે. ડોશીની આંખમાં જાણે તેજ ફૂટયું. બોલી: "ઈશ્વરે પણ એ દયા કોઈની મારફત જ પહોંચાડવાની ને ! એ કંઈ ઓછો નીચે ઊતરે છે !" બોલીને મારે માથે હાથ મૂકયો. હું તો પછી મહાદેવ દર્શન કરવા ચાલ્યો ગયો.

બીજે દિવસે શ્રાવણનો છેલ્લો સોમવાર હતો. રણમુકતેશ્વર મહાદેવના મંદિરમાં ઘીના કમળનાં દર્શન હતાં. તે સાંજે મારી સાથે બા પણ હતી. રસ્તામાં ડોશીને ખાવાનું પહોંચાડીને અમે ગયાં દર્શન કરવા. અમારા મનમાં હતું કે પાછા વળતાં ડોશી પાસે બેસીશું. પાછાં આવ્યાં ત્યારે લગભગ નવેક વાગ્યા હશે. ડોશીમા ખાટલામાં નિરાંતે બેઠી હતી. અમને બન્નેને જોઈને એને ઘણો આનંદ થયો. અમને ખાટલી પર જ બેસાડયાં. મેં કહ્યું કે બા, આ ખાટલી ત્રણ જણાનો ભાર નહીં ઝીલે. અને તરત જ ડોશીના મુખમાંથી શબ્દો સરી પડયાઃ "ત્રણનો શું, તેરનો ઝીલશે. ધરતી જેવી છે આ ખાટલી."

પછી બાને ખભે હાથ મૂકીને ડોસીએ કહ્યું : "બહેન, મારે તમને બેયને એક વાત કહેવી છે ને કહેવાતી નથી. પણ હવે, કહું છું. તમે મને જીવાડી છે તે હવે એ વાત કહેવી જ પડશે ને ! અમે આ પાછળના ગામ ગાજરાવાડીમાં રહેતાં હતાં. મારે દીકરીની દીકરી હતી. હું તો બહેન વરસોથી વિધવા છું. અમારા એક સગાનો દીકરો અમારે ઘેર જતો આવતો. વારતહેવારે બે પૈસાની મદદ કરતો. દીકરી જુવાન હતી. છઠ્ઠી ચોપડી ભણીને પછી માસ્તર થઈ. ધીરે ધીરે પેલા છોકરાએ અમારે ઘેર રહેવા માંડ્યું. બહેન, એ તો પરણેલો હતો. ઘેર છોકરાં હતાં. છતાં મારી જુવાન દીકરી ઉપર એની આંખ ચોંટી. હું આખો ખેલ પામી ગઈ. દીકરીને ચેતવી દીધી. પણ પેલો માને નહીં. હું જરાક બહાર જાઉં કે દર્શને જાઉં ત્યાં એ ઘરમાં આવ્યો જ હોય. પછી તો મને ચઢયો ગુસ્સો. પણ હું ગરીબ વિધવાબાઈ શું કરું ! લાચારી તો એવી કે વાત ના પૂછો. આખરે એક દિવસ કંઈક ખવડાવીને મને અહીં નાંખી ગયો અને દીકરીને ઉપાડી ગયો છે. હવે પાછી મળે એવું કંઈક કરો." ડોસીની આંખમાં ઝળઝળીઆં આવી ગયાં. અમે બન્ને ઘર ભણી ચાલી નીકળ્યાં.

બાએ ઘેર આવીને આ વાત બાપુજીને કરી. અને આગ્રહ કર્યો કે અમારા કુટુમ્બના એક ફોજદાર મિત્ર હતા તેમને બાપુજીએ વાત કરવી. બાપુજી બાનો સ્વભાવ જાણે. એટલે બીજે દિવસે બાપુજીએ આખી વાત ફોજદારકાકાને કહી. ચોથે જ દિવસે પેલાં બે જણાં પકડાયાં. છોકરી હજી સગીર હતી. એટલે એ એની માને સોંપવામાં આવી. પેલાને પૂર્યો જેલમાં. છોકરીને મેળવીને પેલી ડોશીમાને ઘણો આનંદ થયો. એમના ગાજરાવાડીને ઘેર અમે એ ડોશીને લઈ ગયા ત્યારે એનો આનંદ જોવા જેવો હતો.

બીજે વરસે ડોશીએ પોતાની એ જુવાન દીકરીના લગ્ન કર્યાં. બાએ એમાં ઘરનું જાણીને ઘણી મદદ કરી.

આ પ્રસંગે મારા અંતરને સેવાની સાચી દીક્ષા આપી. એનાથી મારી બા તરફની દૃષ્ટિ બદલાઈ ગઈ. બાએ તે પછી ભાવી સેવાકાર્યમાં જે સમભાવ અને સ્નેહ બતાવ્યાં તે એમના મૃત્યુ સુધી અખંડિત રહ્યાં. આ ડોશીના પ્રસંગમાં એવું શું બન્યું હતું કે જેણે મારી અને બાની વચ્ચે એક નવો સંબંધ સ્થાપ્યો હતો ! વાત્સલ્ય તો એનું અપાર હતું, પરંતુ પછી એને બધાં સેવાકાર્યોમાં ઊંડો રસ પેદા થયો. ક્યારેક સલાહ આપતી, કદીક તટસ્થ રહેતી, વળી ક્યારેક સમભાવપૂર્વક સાથ આપતી બા સદાની સંગાથી બની ગઈ. વાત્સલ્ય ઉપરાંત એની પાસેથી અપૂર્વ હૂંફ અને રક્ષણ મળવા માંડ્યાં. બાના આ વલણથી અનુગૃહિત બનેલું મારું અંતઃકરણ એવી આશિષની અપેક્ષા રાખવા લાગ્યું. આ અપેક્ષાએ સમર્પણની ભાવનાને એકાગ્ર બનાવી, અને આમ આજ પ્રક્રિયાએ મારી અંતરનિષ્ઠાને સુદૃઢ બનાવવામાં સહાય કરી. મસ્ત યૌવનમાં જો સન્નિષ્ઠા સદ્ધર ન હોય તો અભિમાનનો સૂક્ષ્મ કીડો આખી હસ્તીને લૂણો લગાડે. બાની વત્સલ અને વિમળ સાથીદારીએ મરતાં સુધી મારી સન્નિષ્ઠાની ચોકી કર્યા કરી તે કર્યા જ કરી.

એમના છેલ્લા દિવસોમાં એક યાદગાર પ્રસંગ બન્યો. ગાંધીજીની વાત માનીને અમારે ઘેર હું એક હરિજન વિદ્યાર્થીને જમવા લઈ આવ્યો. બા આમ તો ચુસ્ત વૈષ્ણવ. પણ તે દિવસે એણે અમને રસોડામાં બેસાડીને જમાડયા. બાએ અમને જમાડતાં જમાડતાં પેલી ડોશીની વાત કહી. બાએ ગદ્ગદ કંઠે કહ્યું: "ગાંધીજી જે દરિદ્રનારાયણની વાત કહે છે તે સાવ સાચી છે. જે એમની સેવા કરે છે તે જ ઈશ્વરની પૂજા કરે છે."

ત્યારબાદ અમારા ઘરમાં હરિજન અને વૈષ્ણવજન વચ્ચે કશો જ ભેદભાવ ન રહ્યો.

બા ને હું માદીકરો હતાં, પછી અમે મિત્રો બની ગયાં

તંત્રી

જ્યોતિર્મય શબ્દ

જે વાણીના સંપર્કમાં મુકાતાં પ્રકાશ–પ્રકાશનો અનુભવ થાય એવી શ્રીઅરવિંદની વાણી છે.

ત્રણ મહાપુરુષોની વાણીનો અમૂલ્ય વારસો આ જમાનામાં આપણને મળ્યો છે. ત્રણે અનુભવી છે. દરેકના આગવા અનુભવે તેમની આગવી શૈલીને ઘાટ આપ્યો છે. ટાગોરની કવિની વાણી છે પણ એ વાણી સામાન્ય રીતે શબ્દાડંબર કે વાગ્વિલાસમાં સરી પડતી નથી. કોઈ વાર શૈલીમાં શબ્દકેફ વરતાય છે ત્યારે પણ ટાગોરના કથયિતવ્યમાં સત્ત્વશીલતાની ઊણપ હોતી નથી. રામાયણ, મહાભારત, કેકારવ જેવા નાના નિબંધોમાં પણ કેવું મૂળ સુધી જતું ચિંતન ભરેલું જોવા મળે છે ! કાવ્યો એમનાં સૌન્દર્યદીપ્તિથી સાર્થક બનેલાં હોય છે. ટાગોરનાં લખાણોમાં એમણે પોતાની રગોના લોહીમાં અનુભવેલી વસ્તુઓ વર્ણવી ન હોય એવો રણકો હોય છે. અને એ બધું હૃદયંગમ શબ્દો દ્વારા સિદ્ધ થયું હોય છે. આપણા દેશની વિશિષ્ટ સાધનાના મૂળભૂત અંશોનો હૃદ્ય પરિચય ટાગોરની વાણી દ્વારા મળવો સુકર છે એમ કહી શકાય.

ગાંધીજીની વાણી સરળ, સોંસરી, લક્ષ્યવેધી હોય છે. સાદા, તોળેલા અને ચોક્કસ શબ્દોમાં એ પોતાનો વરસોનો જાત-અનુભવ બોલતા હોય છે. એમનાં સાદાં લાગતાં નાનકડાં વાક્યો, ઉપલક રીતે વાંચતાં તો, ગબડાવી જઈએ. પણ જે રસ્તે એ જઈ રહ્યા છે તે રસ્તા ઉપર પગ મૂકીને પછી વાંચવા જાઓ ત્યારે સમજાય છે કે એકએક નાનકડા વાકયમાં કેટકેટલો અનુભવ-સંભાર ભરેલો છે. 'સ્ત્રીપુરુષની જોડી વિષયસેવન સારુ કદી તૈયાર નથી થઈ.' અથવા 'મેં ઉત્તરોત્તર મોકળાશ વધારી, આકાશ સાથેનો સીધો સંબંધ વધાર્યો,...જેણે આકાશની સાથે સંબંધ બાંધ્યો છે તેને કંઈ નથી ને બધું છે.'—આવા 'આરોગ્યની ચાવી' જેવી જીવનની એક બાળપોથીમાંનાં વાક્યોમાં કેટકેટલા અનુભવની વાત રજૂ થઈ છે !

ચૈતન્યરૂપ આત્મા અખંડ છે. એની શક્તિઓમાંથી કોઈ એકનું જુદી જુદી મહાન વ્યક્તિઓમાં પ્રાધાન્ય દેખાતું હોય છે, પણ તેથી બીજી શક્તિઓ પ્રવર્તતી નથી. હોતી એમ નહિ એવા પ્રાધાન્યની દૃષ્ટિએ કહી શકાય કે ગાંધીજીની વાણી એની શ્રદ્ધા-ભરી જીવનનિષ્ઠાથી સામા માણસની શિવસંકલ્પ શક્તિને પડકારે છે, પ્રેરે છે, ગતિશીલ કરે છે. રવીન્દ્રનાથની વાણી માનવહૃદયની લાગણીઓના સૌન્દર્યથી સામાના ચૈતન્યને ઉદ્બોધે છે, રસે છે. શ્રીઅરવિંદની વાણી જ્ઞાનના પ્રકાશથી માનવની સમગ્ર ચેતનાને આલોકિત કરે છે, અને એનું મુખ પ્રભુ તરફ ફેરવે છે; સૂર્યમુખીનું ફૂલ સૂર્ય તરફ અનાયાસે ઢળે એમ.

સત્યનો રસ

શ્રીઅરવિંદ કવિ પણ છે. એમનું વાહન, ચાલુ, અંગ્રેજી ભાષા જ રહ્યું છે. અંગ્રેજી ભાષાનો સુયોગ્ય શબ્દ યોજી જરૂર પડે ત્યાં એમની શૈલી કવિતા સિદ્ધ કરી લેતી હોય છે. જ્યારે તમને આનંદ આવી મળે એમ કહેવું હોય તો જ્યારે તમારી ઉપર આનંદ આક્રમણ કરે (When Joy invades you) એમ કહી ક્રિયા-પદ દ્વારા આખાને ચિત્રાત્મક કરી દે. પણ સામાન્ય રીતે એમની શૈલી સૌન્દર્ય કરતાં સત્યનો પીછો પકડવામાં મશગૂલ હોય છે. એક વિચારને એનાં બધાં પાસાં યોગ્ય પ્રમાણમાં ઉપસાવી શબ્દમાં સાકાર કરવો એ એમની શૈલીનું લક્ષ્ય હોય છે. ન તો વધારે કહેવાઈ જાય, ન તો કહેવાનું રહી જાય અને આખામાં સંવાદ હોય, એની ચીવટભરી સંભાળ જોઈ શકાય છે. આથી આ શૈલીમાંથી એક જાતનો આગવો, સત્યનો રસ સ્ફુરતો હોય છે.

અપૂર્વ માર્દવ

શ્રીઅરવિંદની વાણીમાં એક મુખ્ય અનુભવ થતો હોય તો તે પ્રેમમયતાનો, અપૂર્વ માર્દવનો. એમને વાતવાતમાં અનુભવની અનેક ભિન્ન ભિન્ન સપાટીઓનો ઉલ્લેખ કરવાનો આવતો હોય છે. પણ તે તે કક્ષાને અનાઘાતક રીતે એ થતો હોય છે. સામાના વિચાર ઉપર એમનું પ્રતિભાકિરણ એવી રીતે પડે છે કે એ વિચાર-માંનું જૂઠ આપોઆપ ખંખેરાઈ જાય અને એમાં રહેલું યત્કિંચિત્ પણ સત્યનું કણું દિવ્ય ઝલકથી ઝળહળી ઊઠે. ભાગ્યે જ કોઈ એવો વિચાર એમના માર્ગમાં આવે છે, જેમાંનો, ભલને ગમે તેટલો સ્વલ્પ પણ, સત્ય અંશ એ પકડયા વગર રહે. કેટલીક વાર તો સામાવાળા એમના પોતાના વિચારમાંના સત્યાંશને વ્યક્ત કરી શકે એથી પણ વધુ માર્મિકતાથી અને ઉત્સુકતાથી શ્રીઅરવિંદ એ પકડી બતાવે છે. સત્ય એટલે અહિંસા એ સમીકરણનું આમ અહીં એક સુંદર દર્શન થાય છે.

શ્રીઅરવિંદનું દર્શન

શ્રીઅરવિંદના દર્શનની વાત, અને તે આમ અહીં ટૂંકામાં, કરવી એ સાહસ ગણાય. પણ બહુ જાડી રીતે કહેવું હોય તો કહી શકાય કે તૈત્તિરીય ઉપનિષદમાં અન્ન, પ્રાણ, મન, વિજ્ઞાન, આનંદ, એ પાંચ ભૂમિકાઓ વર્ણવી છે તેનું પૂરું રહસ્ય અનુભૂતિના બળથી કોઈએ પ્રગટ કર્યું હોય તો તે શ્રીઅરવિંદે. મનની ભૂમિકા સુધી

માનવજાતિ ટગુમગુ કરતી આવી પહોંચી છે, પણ આ મન એ અત્યંત જરૂરી સાધન હોવા છતાં ભારે મર્યાદાઓવાળું સાધન છે અને વિજ્ઞાનની પ્રાપ્તિમાં એ બાધારૂપ ન થાય એની તકેદારી રાખવી જરૂરી બને છે. વિજ્ઞાન (અતિમનસ–મનની પારના) તત્ત્વનું માનવ-ચેતનામાં અવતરણ સિદ્ધ કરવું એ માનવજાતિના વિકાસનો હવે પછીનો તબક્કો છે એ ઉપર શ્રીઅરવિંદનું જીવનસમગ્ર ભાર મૂકે છે.

માનવઇતિહાસચક્ર


આ પંચવિધ ભૂમિકાની ચાવી ઉપનિષદમાંથી મળી ગઈ અને પછી એને જ્યાં ત્યાં સ્થૂલ રીતે લગાડયાં કરી એવું શ્રીઅરવિંદમાં જોવા મળતું નથી. ખલકે એમની પોતાની વિશિષ્ટ અનુભૂતિ સમજાવવા માટે આ સરણી એમને સૌથી વધુ અનુકૂળ આવી. જૂના આચાર્યો જેમ પોતાનું દર્શન પ્રસ્થાનત્રયીની મદદથી નિરૂપતા એના જેવું જ કાંઈક. પુસ્તકો સ્વતંત્ર રીતે એમણે લખ્યાં છે, પણ કેટલીક વાર કોઈએ છેડેલા પ્રશ્નને ઉપાડી લઈ પોતાના અપૂર્વ દર્શનને નિરૂપવાનું એને નિમિત્ત પણ એ બનાવે છે. હિંદી સંસ્કૃતિ, કવિતાનું ભાવિ, માનવઇતિહાસચક્ર જેવા ગ્રંથો (કે લેખમાળાઓ) એ રીતે યોજાયેલ છે. એમના ગ્રંથોમાં કોઈ કોઈ સહૃદયને પણ ક્યારેક એક-વિધતા જેવું—એક જ વાત ફરીફરી થતી હોય એવું અન્ન, પ્રાણ, મન, વિજ્ઞાન, આનંદની સરણીની દૃષ્ટિએ થતા નિરૂપણને લીધે લાગતું હોય છે. મહાકાવ્ય **સાવિત્રી**માં પણ ભિન્ન ભિન્ન લોકના વર્ણન-માં આ જાતની તદ્દેવતા કદાચ ભાસે એવું છે. પણ દરેક વ[...] અનુભૂતિનો નવતર પ્રકાશ હોય જ છે એવો, જરી [...] વટથી જોતાં, પરિચય થશે. જેમ એક જ પ્રદેશ ગિરિશિ[...] ઉપર ચઢતાં ચઢતાં જુદાં જુદાં સ્થળોથી અને જુદા જુદા [...] નવતર સ્વરૂપ પ્રગટ કરે છે એમ શ્રીઅરવિંદના પાંચ ગ્રં[...] ચાવીરૂપ લેખાય છેઃ દિવ્ય જીવન, ગીતા નિબંધો, પૂર્ણ યોગ[...] સમન્વય દૃષ્ટિ, માનવ એકતાનો આદર્શ અને માનવઇતિહાસચ[...] પૂર્ણયોગની સમન્વય દૃષ્ટિ માર્મિક અને અનુભવરસથી સભર [...] પણ જેમને અધ્યાત્મમાં રસ બહુ ન હોય તેમણે પણ માન[...] ઇતિહાસચક્ર (ધ હ્યુમન સાઈકલ) જોવા જેવું છે. લેમ્પ્રેખ્ટ ન[...] જર્મન વિચારકે ઇતિહાસદર્શન કર્યું કે માનવજાતિ પ્ર[...] નમૂના', રૂઢિ, વ્યક્તિલક્ષિતા અને અંતર્મયતા—એ માર્ગે ફર[...] રહી છે. અપૂર્વ પ્રતિભાપ્રકાશથી શ્રીઅરવિંદ આ વિકાસમાં[...] સોપાનો હિંદ અને દુનિયાના ઇતિહાસમાંથી આંકી આપે છે [...] હવે વ્યક્તિવાદમાંથી ધીરે ધીરે ખસીને અંતર્મયતા, અંત[...] તરફ માનવજાતિ અભિમુખતા દાખવી રહી છે એનું સૂચન કરે [...]


શ્રીઅરવિંદના જ્યોતિર્મય શબ્દમાં પ્રગટેલાં માનવજા[...] સ્વપ્ન સ્વતંત્ર હિંદનો વારસો પણ છે, ને જવાબદારી પણ.

—[...]

ઓગસ્ટ ૧૩, ૧૯૫૩

['સંદેશ'ના 'સાહિત્યસાધના' વિભાગમાંથી]





પ્રિસીશન ક્રિયા નં. ૨.

કન્વેયર એનેમલીંગ પ્લેન્ટમાં ફોર્ક, ફ્રેઇમ અને મડગાર્ડને એનેમલનો ઢોળ ચડાવવામાં આવે છે જેનાથી એમને ચિકકટપણે વળગી રહેવાનો ગુણ અને ચળકાટ સંપૂર્ણપણે પ્રાપ્ત થાય છે.

હિન્દ સાઇકલ

ભારતની પોતાની

ભારતના સહુથી મોટા અને તદ્દન આધુનિક સાઇકલના કારખાનામાં ચોકસાઇપૂર્વક બનાવાયેલી હિન્દ સાઇકલ, વ્યાજબી ભાવે શ્રેષ્ઠ પ્રકારનું યંત્ર માગતા ગ્રાહકોની નિશ્ચિત પસંદગી પામે છે.

હિન્દ સાઇકલ્સ લિમિટેડ,



૨૫૦ વરલી, મુંબઇ ૧૮.

ASP/HC69B

સ્થાનિક-પ્રાદેશિક સંશોધન કેન્દ્રોની અગત્ય

સંશોધન એ શિખવવાથી નોખું એવું કશુંક નથી. અધ્યાપન અને અધ્યયન હમેશ સાથે જ ... જે શીખવે છે તે આજીવન વિદ્યાર્થી હોવો જોઈએ. તે જો આજીવન અભ્યાસી ન હોય તો એની શિખવવાની આ... પદ્ધતિને સોસવું પડશે.

સંશોધન એ બિહામણો શબ્દ છે. કંઈક ગુંચવાયેલાનો નિર્દેશ કરતો ન હોય! વસ્તુતઃ, 'વધુ ઉચ્ચ અને ... અભ્યાસ એ જ એનો અર્થ છે. તમે જે જાણી ચૂક્યા છો તેનું સતત પરીક્ષણ, પુનઃપરીક્ષણ કરવું એથી વિશે... નથી. જૂના સમયમાં પ્રાચીન ગ્રંથોના પુનઃ અર્થઘટન રૂપે એ ખેડાતું. આને કેટલીક મર્યાદાઓ છે. પણ આપણો ઇતિહાસ બતાવે છે કે સ્વાભાવિક પૃચ્છક અને શોધક વૃત્તિને એણે ગૂંગળાવી નથી. 'સંશોધન' શબ્દનો સાંકડો અર્થ ન ... જોઈએ, બલકે વિશાળમાં વિશાળ અર્થ લેવો જોઈએ. માનવી જ્ઞાનની કેટલીક એવી શાખાઓ છે કે તેમાં કશું ... શોધી શકાય નહિ. પણ નવાં અર્થઘટનની તો હમેશાં જરૂર હોય છે. બધી પેઢીઓ પોતે જે પ્રશ્નોનો સામનો કરે ... તેના પ્રકાશમાં ઇતિહાસ ફરી લખે છે પ્રશ્નોના ઉકેલ માટેની આ માત્ર તૈયારી હોય છે.

સંશોધનનું મૂલ્ય સંસ્થાની સિદ્ધિથી નહિ તેટલું જીવન અને જ્ઞાન પ્રત્યે એ જે નવું વલણ પ્રગટાવે છે તેના... માપવાનું છે. જ્ઞાનવિતરણ ઉપર આ વલણોનો પ્રભાવ પડવો જોઈએ. જે ચોપડીઓમાં આપેલું છે તે જ નર્યું ... કરવામાં આવે તો તમે શબ્દોના ગુલામ બની બેસો છો અને એવા જ્ઞાનનું વિતરણ કરો છો જે તમારા વિદ્યાર્થીઓને ... નિર્જીવ છે. ગમે તેવા નાના પાયા પર કે નાના ક્ષેત્રમાં ખેડાતા સંશોધનની કિંમત છે, કેમ કે તે વિદ્યાર્થીઓને નવાં મૂલ્ય... આપે છે. તમે જેનું વિતરણ કરો છો તે નરી હકીકતો કે શુષ્ક માહિતી નહિ, પણ આ હકીકતો પ્રત્યે જોવાની રીત ... બીજા કશાય કરતાં વિશેષ, કેળવણીનું સત્ત્વ છે. ...

શિક્ષણથી વિખૂટું પડેલું સંશોધન ઘણા દાખલાઓમાં અવાસ્તવિક બની બેસે છે. અર્થકારણમાં આ ... વિશેષ કરીને બને છે. સંશોધન કાર્યકરને માટે શિખવવું એ એક પૂર્વ શરત છે, નહિ તો તે તત્કાલીન વિચારપ્રવાહો... દૂર રહેશે. વધુ પડતા એકવિષયજ્ઞાન (specialisation)ની આફત ટાળીને ચાલવું જરૂરી છે, કેમ કે નહિ તો ... વિવેક વગર સામાન્ય સિદ્ધાન્તો ઉચ્ચાર્યે જવાના.

દેશમાં ઉચ્ચ અધિકારે બેઠેલા કેટલાય લોકો પ્રાદેશિક ભૂમિકા પરની સંશોધન સંસ્થાઓના પ્રશ્ન ઉપર વિવિ... અભિપ્રાયો વ્યક્ત કરે છે. આ પ્રશ્ન જાણે લક્ષણે એકરૂપ અને કેન્દ્રનો ન હોય—દિલ્હીમાં બેઠેલા થોડાક લોકો એનો ઉ... આણી શકે એવો ન હોય—એમ તેઓ એની પ્રત્યે જુએ છે. આ બરોબર નથી. લોકશાહીની પ્રક્રિયા વિષે કાંઈ પણ કહેવા... હોય તો તે એ છે કે તત્ત્વતઃ એનાં મૂળિયાં સ્થાનિક અને પ્રાદેશિક જીવનમાં છે. ઘણાઓ આપણી એકતા અને એકવિધ...ની વાત કરે છે. આપણાં અન્ય-વિધતા (heterogeneity)નાં વલણોની જેમને બીક લાગતી હોય એવાઓ પણ ... એમનામાંના ઘણા તો સત્તાવાદીઓ છે, જેઓ અમેરિકાએ પણ એના નવીન ઇતિહાસ અને ધાર્યો ઘાટ ઉતારી શકાય ... નરમ સામગ્રી વડેય જે પ્રાપ્ત કરી નથી એ પ્રકારની એકરૂપતા ઇચ્છે છે. અન્યવિધતા એ ભાગલા પાડનારું તત્ત્વ નથી, ... પરસ્પરના સંબંધોને વજ્રલેપ કરનારું તત્ત્વ છે. આની સામે ઝઘડવું એનો અર્થ એ કે સ્થાનિક પ્રારંભોના અંકુરોને ઉ...ને નિરુત્સાહ કરવા. આમ તો, હિલચાલ માત્રના અંતઃસ્વરૂપની સામે આપણે થવાના અને દેશની કુસેવા કરવાના.

બધા સ્થાનિક સવાલો અને સ્થાનિક શૈક્ષણિક જરૂરિયાતોની ત્રેવડ માટે સંશોધન સંસ્થાઓની જરૂર ... ...એકવાર આ સંસ્થાઓમાં તાલીમ પામેલા કેટલાક કાર્યકરો મળે કે પછી વધુ મોટી વસ્તુઓ માટે આપણે હામ ... શકીએ. આપણો વિકાસ નૈસર્ગિક અને સ્વયંસંચાલિત પ્રક્રિયાદ્વારા હોવો જોઈએ. તમામ લોકશાહી તંત્રોથી ... સ્પર્શવું જોઈએ. મને એક વાત સ્પષ્ટ છે કે આ દેશમાં આપણે પરદેશી અમલમાં સ્થપાયેલા ઢાંચાઓમાંથી આગળ ... શક્યા નથી. બધું જ ઉપરથી આવે છે, તળેથી કશું વિકસતું હોતું નથી. આપણે જિકર કરવી રહેશે કે હક્કો ... નાનકડા વર્ગને જ નહીં પણ દેશ આખામાં સૌ કોઈને સગવડો આપવામાં આવે. દેશભરમાં સંસ્થાઓ વેરાયેલી ... જોઈએ.

[આચાર્ય ધનંજય ગાડગીલ : સૂરતમાં શ્રી ચુનીલાલ ગાંધી વિદ્યાભવનના ઉદ્‌ઘાટન ...

સંસ્કૃતિ

વર્ષ ૭મું : અંક દસમો

ઑક્ટોબર ૧૯૫૩

તંત્રી : ઉમાશંકર જોષી



જન્મ : સં. ૧૮૩૩] ભક્તકવિ દયારામભાઈ [મૃત્યુ : સં. ૧૯૦૯



સંસ્કૃતિ

વર્ષ સાતમું　　　　　　　　　　　　અંક દસમો

અનુક્રમણિકા : ઑકટોબર ૧૯૫૩



સંસ્કૃતિ કાર્યાલય વતી મુદ્રક-પ્રકાશક: કિશનસિંહ ચાવડા, ચેતના પ્રેસ લિ., નવા બજાર, વડોદરા.

લેખકમિત્રોને વિનંતિ :

* લખાણુ કાગળની એક બાજુ અને સ્વચ્છ અક્ષરે લખાયેલું, જોડણી... પ્રમાણેની જોડણીવાળું હોય તે મુદ્રણદૃષ્ટિએ જરૂરી છે.
* લખાણુ પાછું મેળવવા માટે તેની સાથે જવાબી પરબીડિયું હોય તે આવશ્યક છે.

સૂચનાઓ :

* દર માસની સાતમી તારીખે અંક પ્રસિદ્ધ થાય છે.
* દશમી સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી કાર્યાલયને જણાવવું.
* પત્રવ્યવહારમાં ગ્રાહકનંબર લખવાથી સગવડ થશે.
* આ માસિકમાં પ્રસિદ્ધ થતા લેખોમાંના અભિપ્રાય માટેની જવાબદારી તે તે લેખકની છે.
* પ્રથમ અંકથી ગ્રાહક થવું આવશ્યક છે.

ગ્રાહકો નોંધવાનાં સ્થળો:

એન. એમ. ત્રિપાઠી, લિ. મુંબઈ

જીવનસાહિત્યમંદિર, અમદાવાદ

ભારતીસાહિત્યસંઘ, અમદાવાદ

ઇન્દ્રધનુ, મિશનરોડ, અમદાવાદ

ગાંડીવ સાહિત્યમંદિર, પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઈ-૨

ગાંડીવ સાહિત્યમંદિર, લાલગેટ, સુરત

એલ. કે. મેઘાણી : ... સ્ટ્રીટ, કલકત્તા ૧.

પ્રભાકર બ્રધર્સ, પો. બો. ... નૈરોબી, ઇસ્ટ આફ્રિકા

લવાજમ:

દેશમાં રૂપિયા સાત. પરદેશમાં ... અથવા શિલિંગ ૧૪. છૂટક નકલ બાર આના.

તંત્ર અને વ્યવસ્થા અંગેના ... પત્રવ્યવહારનું સરનામું:

સંસ્કૃતિ કાર્યાલય, અમદાવાદ, એલિસ-બ્રિજ.

સંસ્કૃતિ

सत्यं परं धीमहि ।

ઑક્ટોબર



૧૯૫૭

લોકશાહીને પોષક રસમો

આપણી ઊછરતી લોકશાહીના વિકાસ માટે કેટલીક સ્વાસ્થ્યભરી પ્રણાલિકાઓ(ટ્રૅડિશન્સ) બંધાય એ ઇચ્છવા જેવું છે. ન્યાયખાતાની પ્રજાના હકોના સંરક્ષણ અંગે ચોકીદારી એ લોકશાહીનું એક પ્રાણભૂત તત્ત્વ છે. ધારાસભાઓ કે પ્રધાનમંડળોની શેહમાં તો એ ન જ તણાય, બલકે તેમના કાર્ય ઉપર સતત એની ચિકિત્સાભરી નજર રહે. હમણાં બી. બી. સી. ઉપરથી લૉર્ડ રૅડક્લીફે ધારાઓ સુધારવા અને ઘડવા અંગેની પ્રવચનમાલાના અવલોકનમાં ન્યાયમંદિરો અંગે કહ્યું: "કારોબારીને હંફાવો; ઉપરાંત પાર્લમેન્ટ જ્યારે નવી ફરજો નાખે કે જૂની સ્વતંત્રતાઓ પર કાપ મૂકે ત્યારે તેની ઉપર પણ સાવધાનીભરી નજર રાખો." અને "કારોબારીના કાયદાઓ જ્યાં જ્યાં ચાલુ હકો પર અસર કરે ત્યાં તેમની પ્રત્યે સંદેહભરી નિરીક્ષણવૃત્તિથી વર્તવું; પાર્લમેન્ટના ધારાઓના લેખિત શબ્દની પાર કશોય તર્ક કરવાની ના પાડવી; તેમની સામાન્ય નીતિને એવું અર્થઘટન કરી પીઠબળ આપતાં ખંચકાવું; રાજ્ય અને વ્યક્તિ વચ્ચેના પ્રશ્નોને વ્યક્તિ અને વ્યક્તિ વચ્ચેના પ્રશ્નોથી જુદા ન જ લેખવા—આ વૃત્તિ" લોકશાહી રસમો બાંધવામાં ઘણો ફાળો આપનારી નીવડી છે એમ એ ઉમેરે છે. આપણે ત્યાં સદ્‌ભાગ્યે કારોબારી અને ન્યાયખાતાં અલગ પાડવામાં આવ્યાં છે. પણ હિંદી પ્રજાસત્તાકનું બંધારણ એ 'વકીલોનું સ્વર્ગ'(પ્લીડર્સ પૅરેડાઈઝ) છે, એમ અકળાઈને ન્યાયમંદિર જ્યાં આડે આવતું લાગે, ત્યાં ધારો બદલાવા, પછી ભલેને ગમે તેવા શુભ હેતુ માટે, કારોબારી ધારાસભા પાસે દોડવા લલચાય એ ટૂંક દૃષ્ટિનો લાભ લોકશાહી રસમોને પોષક નથી. (હિંદીઓ અંગે છેવટની અદાલતમાં હાર્યા તો પાર્લમેન્ટમાં કાયદો જ બદલીશું,—એવા સિલોનના વલણની ટીકા પછી કયે મોઢે આપણે કરી શકીએ ?)

ઇતિહાસક્રમમાં, જે પક્ષે સ્વરાજ્ય મેળવવામાં અગ્રગણ્ય ભાગ ભજવ્યો છે તે સત્તા પર આવ્યો છે. કદાચ ને આત્મન્યાયીપણાની વૃત્તિના ઉત્સાહમાં ન્યાયાસનોને એ દઢમૂલ નહિ કરે, ન્યાયમંદિરોનાં પ્રતિષ્ઠા અને વર્ચસ્ જામે એ રીતે નહિ વર્તે, તો એને જ ક્યારેક નુકસાન છે. દરેક રાજકીય પક્ષે પોતે સત્તા પર નહિ હોય, વિરોધ પક્ષ તરીકે ક્યારેક કામ કરવાનું આવશે એ શક્યતા નજર સામે રાખીને વર્તવું જોઈએ, જો લોકશાહીમાં અને નહિ કે સરમુખત્યારશાહીમાં એની શ્રદ્ધા હોય તો. વિરોધના પ્રકારો પ્રત્યે સત્તાધારી પક્ષનું યોગ્ય વલણ શું હોય એ પણ આ દૃષ્ટિએ વિચારાય તો સારું.

આપણા એક વડાપ્રધાને હવે સત્યાગ્રહની જરૂર ન હોય એમ કહ્યું. બીજા પોતાને ત્યાંના 'સત્યાગ્રહ'ને 'દુરાગ્રહ' તરીકે ઓળખાવે છે. ત્રીજા એકે તો આવતી ચૂંટણી સુધી પ્રજાથી બોલી ન શકાય એટલા સુધીનું સૂચન કર્યું. સત્યાગ્રહના શસ્ત્ર અને શાસ્ત્ર ઉપર એના શોધક જેટલો કાબૂ ધરાવનાર તો બીજો પાકે ત્યારે. એને અંગે શાસ્ત્રાર્થમાં પડ્યા વિના, એટલું કહી શકાય કે અત્યારે સત્તા ધરાવનારાઓ સત્યાગ્રહની ઊંચી શુદ્ધિનું ધોરણ વિરોધીઓના 'સત્યાગ્રહ'માં જોઈ ન શકે તો પણ, શાંત બંધારણીય સામૂહિક વિરોધના એક પ્રકારરૂપે વિરોધપક્ષ જોખમો વેઠવાની તૈયારીપૂર્વક 'સત્યાગ્રહ' કરે તેને આવકારવા એમણે ઉત્સુક રહેવું જોઈએ. પ્રજાનો શાંત બંધારણીય વિરોધનો હક એ લોકશાહીનો પાયો છે અને એવા વિરોધોને જો 'દુરાગ્રહ' ગણવામાં આવે તો એમાં સત્યાગ્રહનું તો કોઈ લક્ષણ પ્રગટ ન જ થાય પણ સત્તા-ગ્રહ (પાવર-કૉમ્પ્લેક્સ)નું અવશ્ય પ્રગટ થાય.

ઉમાશંકર જોશી

સમયરંગ

તંત્રી

युवजन चारण संस्था

મર્યાદિત સાધનોવાળા, ઔદ્યોગિક કે એવા વિભાગોમાં કામ કરનારા સૌ કોઈને–ખાસ કરીને યુવકોને તેઓ ગ્રામવિસ્તારનો વધુ પરિચય અને પ્રેમ કેળવી શકે, સુંદર સ્થાનો, ઐતિહાસિક સ્થળો અને મકાનો વગેરે તે જોઈ શકે, એ માટે પ્રવાસમાં સાદાં નિવાસ-સ્થાનો પૂરાં પાડીને મદદરૂપ થવા આ સંસ્થા શરૂ થઈ છે. એનો મુદ્રાલેખ છે चरन् वै मधु विन्दति । (ચાલતા માણુસ મધુ પામે છે.) પરદેશમાં આવી સંસ્થા હોય છે તે ઉપરથી મૈસુર યુનિ.ના પ્રો. ઈગલ્ટનની પ્રેરણા હેઠળ, એ યુનિ.ની રૂા. ૫૦૦)ની દેણગીની મદદથી ૧૯૪૯થી આ સંસ્થા શરૂ થઈ છે. રૂા. ૩)થી એના વાર્ષિક સભ્ય થઈ શકાય છે. સંસ્થાઓ રૂા. ૨૫) આપીને સભ્ય થઈ હોય તેના વિદ્યાર્થીઓની વાર્ષિક ફી રૂા. ૨) છે. અત્યારે દેશની ૫૦ સંસ્થાઓ સભ્યપદ ધરાવે છે. ૧૯૫૦માં અંતરરાષ્ટ્રીય યુથ હૉસ્ટેલ્સ સંઘ સાથે જોડાણ માગ્યું ત્યારે તેના નિયમો અનુસરવા માટે આ સંસ્થાએ સ્ત્રીવિદ્યાર્થીઓ અને યુનિ. બહારના યુવકો માટે સભ્યપદ ખુલ્લું મૂક્યું. એક દિવસના આઠ આના ચાલુ ખર્ચ અંગેના આપવાથી દેશમાં અનેક ઠેકાણે ઉતારો મળી શકે એવી વ્યવસ્થા આ સંસ્થાએ કરી છે, અને એમાં વિકાસ થઈ રહ્યો છે. યુરોપમાં તો આવી સગવડનો લાભ પ્રવાસીઓ પુષ્કળ લે છે. આપણે ત્યાં ૧૫ વરસની નીચેનાને સભ્યપદ મળતું નથી. કેવળ પ્રવાસી હોય, કોઈ કામધંધા માટે ગયા ન હોય, એવાઓ ઉતારા-ની સગવડનો લાભ લઈ શકે. દરેક ઉતારા પર નાનું અમસ્તું કાંઈક કામ બતાવવામા આવે તે કરવાનું રહે છે. આ અંગે વધુ માહિતી જોઈતી હોય તેણે **મંત્રી**, યુવજન ચારણ સંસ્થા, ૨૭૯૬ ચામુંડી-પુરમ્, મૈસુર–એ સરનામે પત્રવ્યવહાર કરવો.

મહારાષ્ટ્ર સાહિત્યસંમેલન : પ્રમુખ શ્રી વિ. દ. ઘાટે

ઑક્ટોબર માસમાં મહારાષ્ટ્ર સાહિત્યસંમેલનનું ૩૯મું અધિવેશન અમદાવાદમાં ભરાનાર છે. અમદાવાદમાં વીસેક હજાર જેટલા મરાઠીભાષાભાષીઓ વસે છે અને એમની સંસ્કારપ્રવૃત્તિઓ સુંદર ચાલ્યા કરતી હોય છે. ગણેશોત્સવ અને બીજા પ્રસંગોએ આવતા વિદ્વાનોનાં પ્રવચનોનો ઉલ્લેખ 'સંસ્કૃતિ'માં થતો રહેલો છે. આ રીતે સંમેલન દૂરદૂરનાં સ્થળોએ ભરવાનો શિરસ્તો છે. અમદાવાદનું નિમંત્રણ છેલ્લાં બારેક વરસથી અપાયેલું તેને માન આપી ૩૯મું અધિવેશન અહીં ભરાશે. એક ભગિની... વિશિષ્ટ મંડળને સાહિત્ય અને સંસ્કારના સૌ ચાહકો હૃદયપૂર્વક આવકારશે અને એ પોતાની સુવાસ અને પ્રેરણા મૂકી જશે એ... આશા રાખશે.

પ્રમુખ તરીકે શ્રી વિઠ્ઠલ દત્તાત્રેય ઘાટેની વરણી થઈ છે. શ્રી... ગુજરાતને અપરિચિત નથી. કેળવણી ખાતાના અધિકારી... તેઓ ગુજરાતમાં ઠીકઠીક સમય રહ્યા છે અને શિક્ષણ... સાહિત્યના ક્ષેત્રમાં એમના ઘનિષ્ઠ સંબંધો છે. ઘાટે-... અહેવાલના એક રચયિતા તરીકે એ આપણા રાજ્યમાં પ્રસિદ્ધ... કેળવણીખાતામાં ડેપ્યુટી ડી. પી. આઈ.ના પદેથી નિવૃત્ત થયા... ચૂંટણીઓ વખતે કોંગ્રેસે એમને પોતાના ઉમેદવાર તરીકે... રહેવાનું કહેતાં, ચૂંટાઈને ધારાસભ્ય તરીકે અત્યારે સેવા... આપી રહ્યા છે. શ્રી ઘાટે કેળવણીકાર તરીકે જેટલા જાણીતા... તેટલી એમની સાહિત્યશક્તિ કદાચ જાણમાં નથી. સાહિત્યક્ષેત્રે... કેટલીક દુરારાધ્ય(fastidious) રુચિવાળી વ્યક્તિઓ હોય... જે બીજાઓનાં લખાણોને કડકપણે તપાસે છે એટલું જ... પોતાને પણ એ જ ધોરણે કસે છે અને પરિણામે ઘણીવાર... ધીમે કલમ જ બાજુ પર મૂકી દે છે. શ્રી ઘાટે એમાંના એક... કહી શકાય. વડોદરામાં વસતા, નાની ઉંમરમાં ગુજરી ગયેલ... ઉંમરે પણ दत्तांची कविता આપી જનાર પિતાનો કવિતા... શ્રી ઘાટેને મળેલો. પ્રથમ કાવ્યસંગ્રહ કવિમિત્ર માધવ જૂલિયન... પટવર્ધનની અને પોતાની રચનાઓનો ભેગો બહાર... સુપ્રસિદ્ધ રવિકિરણમંડળનાં સ્થાપના અને વિકાસમાં એમણે... ફાળો આપ્યો. પણ પછી કવિતા ધીમે ધીમે વિસારે પડી... પૂનામાં ભરાયેલા સાહિત્યસંમેલનમાં કવિતાવિભાગના અધ્યક્ષ... પદ એમને આપવામાં આવ્યું હતું. (એમના માર્મિક વ્યાખ્યાન... નો એક અંશ 'સંસ્કૃતિ'માં એ વખતે પ્રસિદ્ધ થયો હતો...) શિક્ષણકાર્યમાં મળેલી ફુરસદમાં એમણે એક અત્યંત રસિક... આપ્યું છે : कांहीं म्हातारे (કેટલાક વૃદ્ધો). આમાંનાં રેખા... મર્મ, નર્મ અને એક જાતના શાણપણ(wisdom)થી... આકર્ષક બન્યાં છે. શ્રી ગુલાબરાય મંકોડીએ 'પ્રસ્થાન'માં... કેટલાંકના અનુવાદ આપેલા છે. સાહિત્યસંમેલનના પ્રમુખ... આવા અનુભવી, શિક્ષણ અને સાહિત્યના આજીવન...

સજ્જન પાસેથી ઉત્તમ વિચારપૂર્ણ દોરવણી મળશે એવી આશા રાખીએ.

આફ્રિકામાં હિંદી યાત્રિક પ્રત્યે તોછડાઈ

પૂર્વ આફ્રિકામાં ગાંધી--ટાગોર વ્યાખ્યાનમાલા માટે નિમંત્રવામાં આવેલા શ્રી અંબુભાઈ પુરાણી તરફથી ત્યાંના આપણા હાઈકમીસ્નરને ઉદ્દેશીને લખાયેલા એક પત્રની નકલ મળી છે. દ. રૂહોડેશિયાથી ઉ. રૂહોડેશિયા એ આવી રહ્યા હતા, ત્યારે ઉત્તર રૂહોડેશિયાના દેશપ્રવેશ (ઇમીગ્રેશન) ખાતાના અધિકારીએ એમની સાથે અત્યંત તોછડાઈભર્યું વલણ બતાવ્યું. એ એક માનવંત અતિથિ છે, સંસ્કારપ્રવૃત્તિ માટે આવેલા છે, એ બધું જાણવા છતાં, અને અહીં રહેવાનો એમનો લેશ માત્ર ઇરાદો ન હતો— કીન્યા પહોંચવા માટે આ દેશમાં પસાર થવા પૂરતી જ પ્રવેશની રજા જોઈતી હતી તે છતાં, તે અફસરે રજા ન આપી અને પાછા દ. રૂહોડેશિયા જવા ફરમાવ્યું! ત્યાંનું પ્રવેશપત્ર તો સોંપી દઈને એ આ હદમાં આવ્યા હતા. છેવટે બે હદ વચ્ચેની પુલ ઉપરની સાંકડી જગામાં ઠંડીમાં સામાન સાથે એમને જવું પડયું અને એમને ઊભા રહેલા જોઈ દક્ષિણના દેશી પટાવાળાએ પોતાની ઑફિસમાં ઊભવાની એમને જગા આપી. ઘણી મુશ્કેલીએ એ કીન્યા પહોંચ્યા.

શ્રી અંબુભાઈ પ્રત્યે આફ્રિકાના યુરોપીય સમાજનું વર્તન પૂરું સભ્યતા અને સન્માન ભરેલું હતું. અનેક વ્યાખ્યાનો યુરોપીય અને મિશ્ર સભાઓ સમક્ષ એમણે આપ્યાં હતાં. ક્યાંક યુરોપીય નગરપતિ પ્રમુખસ્થાને પણ વિરાજ્યા હતા. તે છતાં બ્રિટિશ રાષ્ટ્રસમૂહના જ એક રાજ્યનો અધિકારી બીજા (હિંદ)ના યાત્રિક પ્રત્યે, હિંદનું તમામ યાત્રિકો પ્રત્યે સમુદાર વર્તન હોવા છતાં, આવી તોછડાઈથી વર્તે,–એ વખોડી કાઢવા પાત્ર પરિસ્થિતિ છે; એનો તાત્કાલિક અંત આવવો જોઈએ.

ભાષાવાર રાજ્યરચના

આ પ્રશ્ન અંગે થોડાં વરસ રાહ જોઈ શકાઈ હોત તો વધુ ઇચ્છવા જેવું હતું. પણ લાગણીઓ ઉશ્કેરાતી જાય છે અને કોંગ્રેસને કમને પણ નમતું આપવું પડે છે. આન્ધ્રની રચના ૧લી ઑક્ટોબરથી થઈ પણ ગઈ. એકભાષાભાષી રાજ્યો હોય તો લોકશાસનનાં મૂળ પ્રજામાં વધુ સહેલાઈથી જામી શકે. રાજ્યોની સંખ્યા પણ છે તે કરતાં ઘટવાની. પણ જે રીતે આ પ્રશ્ન અંગે ઊહાપોહ થાય છે અને ઉકેલ પણ આણવામાં આવે છે તે બહુ લાભકારક ભાગ્યે જ હોય. આન્ધ્રરાજ્ય રચાયું, પણ તેલુગુભાષી ઠીકઠીક વસ્તી હજી હૈદરાબાદ, ઓરિસ્સા અને મધ્યપ્રદેશમાં રહે છે. રાજ્ય આર્થિક રીતે સ્વાવલંબી (viable) પણ નથી. કોંગ્રેસે ૧૯૨૦થી ભાષાવાર રાજ્યોની હિમાયત કરી છે. તે છતાં હાલતુરત આ પ્રશ્નને બીજા પ્રશ્નોને મુકાબલે પ્રાધાન્ય ન આપવાનું એનું વલણ ડહાપણભરેલું હતું. પરંતુ લોકોમાં ઊહાપોહ ઉગ્ર રૂપ લેતો રહ્યા છે અને એને વશ થઈ મધ્યસ્થ સરકારને જો નમતું આપવું જ પડે છે, તો બહેતર એ છે કે હિંમતપૂર્વક પ્રદેશોને ફરી નવેસરથી નક્કી કરવા. સીમાઓ નક્કી કરવા માટેનું પંચ ટૂંક સમયમાં નીમાશે એવી વડાપ્રધાન નહેરુની જાહેરાત એક વેળાસરનું પગલું લેખાય. પ્રજામાં ઊહાપોહ જગવનારાઓએ આથી સંતોષ માનવો જોઈએ. હમણાં આણંદ મુકામે ભરાયેલી ભાષાવાર રાજ્યરચના પરિષદે આ જાહેરાતથી પ્રસન્નતા બતાવી, એ પંચના નિર્ણયોને વળગી રહેવાની સૌને અપીલ કરી છે એ વલણ આવકારપાત્ર છે. આખા દેશમાં અનેક સીમાપ્રદેશો દ્વિભાષાભાષી હોવાના, તેવા દરેક સ્થાન માટે હિન્દ-પાકિસ્તાન ભાગલાના સમયનું વલણ જો બતાવવામાં આવે તો, બીજું કાંઈ નહિ તો પણ, પાકિસ્તાનની માગણી કરનાર મુસલમાનો જરૂર કહી શકે કે તમે બે ભાષા બોલનારાઓ એક બીજાને આવા પરાયા ગણો છો, તો અમે મુસલમાનો ચેતીને જુદું રાજ્ય મેળવીને બેઠા એ સારું જ કર્યું ને? બંધારણ નીચે રાજ્યોને ઘણી સત્તાઓ છે તે છતાં છેવટે તો મધ્યસ્થ સરકાર નીચે બધાં એક દેશમાં છે એમ સમજી બાંધછોડનું અને સમાધાનનું વલણ રાખવું જરૂરી છે. વિશિષ્ટ સંજોગોને કારણે કોઈ કોઈ મહાનગરને અલગ રાજ્ય તરીકે પણ સ્થાપવાનો પ્રસંગ આવે. બહુ બૂમો પાડવાથી ફાવી જઈશું— અથવા ઓછું બોલીશું તો રહી જઈશું એમ માની પ્રજામાં ખોટો ઊહાપોહ મચાવવામાંથી બચી જવું જોઈએ. કોણ જાણે, પણ જે છે તેને પગભર કરવું, વધારવું, એમાં કમર કસીને લાગી પડવાને બદલે, જે છે તે વહેંચી લઈએ અને કેમ મારા ભાગમાં સૌથી વધારે આવે એવું વલણ અત્યારના ઊહાપોહ પાછળ વધુ તો લાગે છે અને એ વરવું લાગે છે. પ્રજાચેતનાના ઉત્કર્ષનું નહિ પણ હીણપતનું એ ચિહ્ન છે.

'લોકભારતી' (ગ્રામવિદ્યાપીઠ)નું પહેલું સત્ર

વૈશાખી પૂનમ (બુદ્ધજયન્તી)ના સુદિવસે લોકભારતીનું સણોસરા મુકામે શ્રી કાકાસાહેબ કાલેલકરને હાથે ઉદ્‌ઘાટન થયું. મકાનો માટે રાહ જોવા રહ્યા વગર, ગામની ધર્મશાળામાં છાત્રાલય અને વર્ગોની સગવડ કરી. સગવડ પૂરતી ન હોવાના કારણે વધુ અરજીઓ આવેલી છતાં ૪૧ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે સ્વીકારવામાં આવ્યા છે. ગ્રામવિદ્યાપીઠની વિદ્યાશાખાઓમાં ખેતી મુખ્ય એક છે અને એનાથી આરંભ થયો છે. ડુંગરની તળેટીમાં પડતર ૧૬૦ એકર જમીન સૌરાષ્ટ્ર સરકાર તરફથી મળેલી તેમાંથી ૮૦ એકર ઉપર એપ્રિલથી કાર્યકરોએ કામ શરૂ કરેલું. પથરા વીણી નાના ખેતરમાં નાખ્યા, ૬૦૦૦ ફૂટ લાંબા (૫ ફૂટ પહોળા, ૪ ફૂટ ઊંચા) પાળા બાંધી ડુંગરના પાણીને નદીમાં પહોંચવાની સગવડ કરી આપી, ધોવાણ અટકાવ્યું. આષાઢ મહિને વિવિધ અનાજની વાવણી કરી. અનેક જાતનો બાજરો, કપાસની જુદીજુદી જાત, જુવાર. (ચોમાસુ) તલી, મગ, ગુવાર, મગફળી

અને શાકભાજી, પાછોતરા તલ,–આ બધી ખેતી જોઈ શ્રી સુરસિંહજી જાડેજા જેવા કૃષિનિષ્ણાતે ઘણો સંતોષ વ્યક્ત કર્યો. આ ઉપરાંત સણોસરામાં બીજી ૬૦ એકર અને ત્રીજી ૨૪ એકર જમીન ખરીદવામાં આવી છે તે ઉપર પણ ખેતી કરવામાં આવી છે. ખેતી કરવામાં જુદી જુદી જાતો અંગે પ્રયોગ કરવા ઉપર લક્ષ રાખવામાં આવ્યું છે. સાથીની મદદથી કામ થાય છે. વિદ્યાર્થીઓ પણ સવારનો સમય આપે છે. બપોરના સમયમાં અભ્યાસવર્ગો હોય છે. આવતા સત્રમાં ડુંગર તળેટીવાળી જમીનમાં મકાનો તૈયાર થશે. નદીને બંધ(check-dam) બાંધી પાણીની સગવડ કરવાની યોજના પણ ત્યાં સુધીમાં અમલમાં મુકાઈ હશે.

પૂર્વ આફ્રિકાનો પ્રશ્ન

મોમ્બાસા ઇન્ડીઅન એસોસીએશનના માજી માનાર્હ મંત્રી શ્રી પુરુષોત્તમ મહેતા હમણાં આવ્યા ત્યારે એમના વાર્તાલાપોમાં-થી પૂર્વ આફ્રિકાના પ્રશ્ન વિષે કેટલું વીગતવાર જાણવા મળ્યું. ગઈ સદીના છેલ્લા દસકામાં ઝાંઝીબારના સુલતાન પાસેથી સત્તા બ્રિટિશરોના હાથમાં આવી. (હજી દરિયાકાંઠાની ૨૦ માઈલની પટ્ટી પ્રોટેક્ટરેટ–સંરક્ષિત સંસ્થાન–છે.) ૧૯૨૨માં માઉન્ટ કીન્યા ઉપરથી, કીન્યા કૉલોની નામ પડ્યું. ત્યાં સુધી હિંદ સાથે જે સંબંધ હતો તે હિંદના વધતા જતા રાષ્ટ્રવાદની દહેશતને લીધે બંધ કરવામાં આવ્યો. હિંદની હાઈકોર્ટ સાથેનો સંબંધ છૂટચો. મુંબઈ યુનિવર્સિટીને બદલે લંડન યુનિ. સાથે નાતો બાંધ્યો. રૂ. આ. પા. ગયાં, ફ્લૉરેન્સમાં ચલણ શરૂ કર્યું, પછી શિલીંગમાં ફેરવ્યું. ૧૯૨૫માં હિંદીઓને બે બેઠકો આપી, બીજાઓને બિલકુલ ન હે. ૧૯૫૨ સુધીમાં હિંદીઓની બેઠકો પાંચ થઈ. આ પાંચે ચૂંટણીથી ભરાય. હિંદીઓની વસ્તી ૮૫૦૦૦, આફ્રિકનોની વસ્તી ૫૦ લાખ જેટલી, તેમનામાંથી ૪ સભ્યો નીમવામાં આવે. યુરોપિયનો ૩૫૦૦૦, તેમનામાંથી ૧૧ ચુંટાય. અરબ ૨૧૦૦૦, તેમાંથી ૧ ચુંટાય, ૧ નિમાય. આમ ૧૧ ગોરા અને ૧૧ બિન-ગોરા સભ્યોની વ્યવસ્થા હતી. મુસ્લિમોએ ઊહાપોહ કર્યો કે ધર્મવાર બેઠકો રાખવામાં આવે. હિંદીઓએ દેશવાર બેઠકોનો આગ્રહ રાખ્યો. મુસ્લિમોમાંથી ૭૫% કચ્છ-કાઠિયાવાડ-ગુજરાત-ના હિંદીઓ છે. ગોરાઓએ ધર્મવાર બેઠકોની માગણીને સાથ આપ્યો. હિંદીઓની બેઠકો પાંચની છ કરવામાં આવી, જેમાંથી ૨ મુસ્લિમો માટે રહી. આફ્રિકનોની ૪ની ૬ કરી. બિન-ગોરાઓ-ની ૧૪ બેઠક થતાં ગોરાઓની, સરખાઈ રહેવી જોઈએ એટલે, ૧૪ કરી. ૧૯૪૮ પછી દેશપ્રવેશ અને વસવાટ અંગે કડક વલણ શરૂ થયું. (હમણાં જ એશિયાવાસીઓને અટકાવી ૩૦ લાખ યુરોપિયનોને વસાવવા માટે ત્યાંના ગોરાઓએ કરેલા ઠરાવની વિગતો બહાર આવી છે.

માઉ-માઉ હિલચાલ માત્ર કિકુયુ વસ્તીવાળા મધ્યપ્રદેશમાં જોરદાર છે, ૫૦ લાખ વતનીઓમાંથી ૧૦ લાખ વસ્તીના પ્રદેશમાં છે. માઉ-માઉ આર.એસ.એસ. જેવું સંસ્થા નામ લાગે છે. [...] સંભવે છે. (આ શબ્દ કિન્ગ્સ્લે માર્ટિન જેવા 'યુનિઅન ઑફ આફ્રિકન મૂવમેન્ટ'ના યુ–એ–એમ છેડેથી લેતાં થાય એમ નોંધે છે.) [...] દીનીન્યા મસામ્બા નામની અર્ધધાર્મિક સંસ્થા હતી, તે '૩[...] '૩૫ની સાલમાં જોરમાં આવી. બીજા વિશ્વયુદ્ધ પછી એને ગેરકાયદે ઠરાવવામાં આવી. એના સભ્યોએ માઉ-માઉની હિલચાલ શરૂ કરી.

'ખેતીવિકાસ'

સણોસરા 'લોકભારતી'(ગ્રામવિદ્યાપીઠ)માં 'ખેતી-વિકાસ'ના તંત્રી સાંગણવાના શ્રી સુરસિંહજી જાડેજાનો પરિચય થયો. તેઓશ્રીને કૂવાઓ અંગે સલાહ આપવા નિમંત્રણ [...] આવેલા. હાથમાં નેતરના બે છેડા ઝાલીને (બાકીના બેને [...] જોડી વીજળીના પૉઝિટીવ-નૅગેટીવ છેડા મેળવેલા હોય [...] ચાલતાં, જમીન તળેની પાણીની કસ(આય) કહે છે કે વીજળી[...] કિરણો ફેંકતી હોય છે તેની અસરથી નેતર હાલી ઊઠતાં, [...] પાણીનો પત્તો લાગે છે. આવી પાણીકળા(ડાઉઝર)ની [...] તમારામાં–મારામાં પણ હોઈ શકે. અજમાયશથી નક્કી [...] પછી એનું પણ 'શાસ્ત્ર' છે, જેની મદદથી તાલીમ મેળવ[...] રહે. શ્રી સુરસિંહજી એક સારા પાણીકળા તરીકે જાણીતા [...] પણ એમની આજીવન સાધના ખેતી અંગેની છે. સૌરાષ્ટ્ર[...] બાગાયત ખેતીના ટકા દસનીય અંદર, પણ પોતાના [...] મોટા મોટા બંધો બાંધી જમીનનું ધોવાણ અટકાવી, [...] સગવડ ઊભી કરી, પોતે ૩૫ ટકા જેટલું બાગાયતનું [...] કેળવ્યું છે કૅમ્બ્રિજમાં અને કૅલિફોર્નિયામાં ખેતીવિષયક [...] મેળવી, જામનગરમાં નોંધપાત્ર પ્રયોગો કરેલા. ૬ ફૂટ ૨ [...] ડૂંડાવાળો, એક કણમાંથી ૩૭ ફૂટ નીકળે (ફણગા ફૂટે) [...] બાજરો, જેને એમણે 'જામનગરી જાયન્ટ(મોટો દૈત્ય)' [...] નામ આપેલું તે પ્રસિદ્ધ છે. ખાસ નોંધવા જેવી એક બાબત [...] કે શ્રી સુરસિંહજીએ જામનગરમાં શાળાઓમાં ખેતી-[...] ફરજિયાત કરેલું અને એની વાચનમાળા પણ પોતે [...] રાજ્યોના વિલીનીકરણ પછી સૌરાષ્ટ્ર સરકારના કૃષિ-અધ્યક્ષ[...] ત્યાંથી નિવૃત્ત થઈ, છેલ્લા બાર વરસથી 'ખેતીવિકાસ' [...] ચાલે છે તેના સંપાદનકાર્યમાં હાલ રોકાયેલા છે. ([...] વાર્ષિક [...] વિકાસ કાર્યાલય, સાંગણવા ચોક, રાજકોટ. રૂ. પાંચ.)

રેડિયોસલાહકારપદે શ્રી પાઠકસાહેબ

ઑલ ઇન્ડીઆ રેડિયોના ગુજરાતી ભાષાવિષયક સલાહકાર [...] તરીકે શ્રી રામનારાયણ વિ. પાઠકની મધ્યસ્થ સરકારે નિમણૂક [...] કર્યાના સમાચાર છે. આ માટે સરકારને અભિનંદન ઘટે છે.

પ્રજારામ

સૂત્રધાર : પૃથ્વીના પરિપાલનાર્થે ધરતા કૂર્માદિ જન્મો બહુ,
સ્થાપે શાશ્વત ધર્મને ફરી ફરી સંહારીને દાનવો,
ના જે લભ્ય દમે, યમે, તપ થકી, નિત્યે વરે ભક્તને,
તે નીલોત્પલ શ્યામ સુન્દર તણા પાદાબ્જને વંદું હું.

[બાજુએ જોઈ ને]

–અરે, પડે કેમ ન કોઈ દૃષ્ટિએ ?

સહાયક (હાથ જોડીને) :
–આ હું રહ્યો. શી કરતા જ આજ્ઞા ?

સૂ૦ : રસિક પ્રેક્ષક આ સહુ નાટ્યના
નિરખી ગદ્ય મહિં બહુ યે લખ્યા,
અવ ચહે ઢળ્યું પદ્ય વિષે રૂડું;
કાવ્યકેરી કલાની જે કલગીરૂપ સોહતું.

સ૦ : આસ્વાદકો પૂનમચન્દ્રિકાના
જ્યોત્સ્ના ચહે શારદપૂર્ણિમાની:

સૂ૦ : રસેભર્યા આતુર પ્રેક્ષકોને
ન યોગ્ય ઝાઝા કરવા જ આતુર.

સ૦ : સજ્જ થઈ ગઈ હાવાં હશે સૌ નટમંડળી.

સૂ૦ : શીઘ્રતા કર તું જઈને સ્વયમ્

સ૦ :
આજ્ઞા યથા તમ

[જાય છે]

સૂ૦ (નેપથ્યમાં ગાંડીવની પ્રત્યંચાનો ઘોષ થાય છે તે સાંભળીને) :
ગાંડીવ તણી પ્રત્યંચાકેરો આ ઘોષ ગાજતો.
પ્રવેશે રણમેદાને શ્વેતાશ્વ, કૃષ્ણસારથી.

[જાય છે]

[કુરુક્ષેત્રમાં પાંડવકૌરવનું યુદ્ધ ચાલતું હોય છે. રણમેદાનમાં કૃષ્ણસારથી અર્જુનનો રથ પ્રવેશે છે. ચડાવેલા ગાંડીવમાંથી કૌરવસૈન્ય પર અર્જુન બાણ ફેંકતો હોય છે.]

કૃષ્ણ (અર્જુનને) : ચમકે વીજળી જેવું, ટંકારે મેઘઘોષ શું,
વર્ષતું જલધારા શા શરો, ગાંડીવ મેઘ શું.

અર્જુન (કૃષ્ણને) : અગ્નિએ આપ્યું આ કેવું, બાળવા દેવશત્રુને!

કૃષ્ણ : ગાંડીવધન્વા, વ્હેતી શી શરધારા અખંડિત !
ધનુર્ધર નહીં તારા જેવો કો ભૂતભાવિમાં !

અ૦ : સહાયથી તમારી હે કૃષ્ણ, જીતીશ શત્રુને.

[યુદ્ધ કરતા બન્ને સૈન્યોને જોઈ]

અહો, ક્ષત્રિયના ધર્મે થઈ દૃઢ, પ્રતિષ્ઠિત,
મૃત્યુના ભયથી મુક્ત, લડે આ બેઉ સૈન્ય શા !
વીજળીઓ સરખી ચમકે અસિ;
ગડગડંત પ્રહાર ગદા તણા.
ઘન તણાં દળ બે જ્યમ આથડે,
પ્રબળ તેમ લડે કુરુપાંડવો.

કૃ૦ : ગર્જતા ઘોર બે સિન્ધુ સામસામા ધસે મહા,
સામસામાં લડે તેવાં સૈન્યો બેઉ જ્યાર્થ, હા !

[રણમેદાનમાં જુદા જુદા સ્થળે સૈનિકોમાં વાર્તાલાપ]

પાંડવયોધ્ધો (કુરુયોધ્ધાને) : ઠીક આજ મુજ દૃષ્ટિએ પડ્યો.
તું હવે નહિ જઈશ જીવતો.

કુરુયોધ્ધો (પાંડવયોધ્ધાને) : તું જ કે ? બહુ દિનોનું વૈર હું
આજ લ્યાં હણી તને, શમાવીશ.

૧. તિષ્ઠ, તિષ્ઠ, મુજ આ પ્રહારને
લે સહી તું, તવ મૃત્યુકારક.

૨. નાસી જો ના જાય આ યુધ્ધમાંથી,
તારી છોડાવું જ તો યુધ્ધશ્રધ્ધા.

અ : આ બાણ તારો હરશે જ પ્રાણ.

બ : આ ઘા ગદાનો તુજ મૃત્યુ જાણ.

ક : ઝાંખું મશાલો તણું તેજ આ થતું,
ને, રાત્રિકેરું તમઘોર વાધતું.

ૃ : શૂરાજનોને બહુ હર્ષ આપતી,
આ રાત્રિ ભીરુ જનમાં ભયને પ્રસારતી.

એક : અઘોર કાલરાત્રિ આ જાણે ખડ્ગ કૃતાંતનું;
ઊતર્યું પૃથિવી માથે નાશાર્થે ક્ષત્રિયોતણા,

બીજો : નક્ષત્રી પરશુરામે કરેલી પૃથિવી પુરા,
નક્ષત્રી બનશે આજે એક વેળ વળી વધુ.

એક : ઝાંખું થતું તેજ મશાલકેરું
મશાલચી પાછું કરે ન દીપ્ત.

બીજો : મશાલમાંથી પડતાં જ દેહ'પે
ઉનાં ટીપાંથી ચમકે મશાલચી!

[જુદા જુદા યોદ્ધાઓ સ્વગત]

એક : ઢીલી થતી ખડ્ગ ગ્રહેલ મુષ્ટિ !
બીજો : પ્રહાર કાં તોમરનોય નિર્બલ !
ત્રીજો : આકર્ણ ખેંચી જ શકાય ના ધનુ !
ચોથો : રે, ઊંઘ આ વેરણ યુદ્ધ માંહીં !

[એક પાંડવસૈનિક અન્ય પાંડવસૈનિકને પ્રહાર કરતાં]

એક :– લે મૃત્યુ.

બીજો (ચમકી) : ના ઓળખી તું મને શકે ?

એક : શું ક્ષત્રધર્મા ? ન ખરે નિહાળું !
થઈ ગયો છું અભિભૂત ઊંઘથી.

બન્ને : ચલો, હણીએ કુરુયોધ પેલા.

કૌરવયોદ્ધો : શો થાક અંગાંગ મહીં અપાર,
સવારથી આ સહી યુદ્ધભાર !

પાંડવયોદ્ધો : જણાય ના પાંડવ કોણ કૌરવ !
એ સૈન્યનો આ તિમિરે શું વિપ્લવ !

એક : ઉઘાડવાને મથતો વળી વળી,
છતાં ય મીંચાઈ જતાં જ નેન;
માને નહીં મારું; યથા દરિદ્રની
પત્ની ન માને, પતિનાં સુવેણ !

બીજો : સામે મુખે પામવું મૃત્યુ યુદ્ધમાં,
એથી વધુ ઇષ્ટ શું ક્ષત્રિયોને !
આ થાક, આ નીંદર કિન્તુ, ઘોર,
અસહ્ય છે શસ્ત્ર થકીય શત્રુનાં.

ત્રીજો : વિષય ઇન્દ્રિયના પ્રબળા યથા,
કરી રહે અભિભૂત અનાત્મને;
ત્યમ ધસી રહી નીંદર વેગથી,
મુજ કરે અભિભૂત જ જાગ્રતિ.

ચોથો : નિદ્રાતણી સર્પિણી ઘોર વેગે
ગ્રસી જતી જાગ્રતિકેરું તેજ;
ગ્રસી રહે જેમ નિશાની સર્પિણી,
પ્રકાશવંતી દિન કેરી કાયા.

કૃષ્ણ (અર્જુનને) : જો યુદ્ધકેરો અવ મંદ વેગ,
કે શાન્ત કોલાહલ છે રથાશ્વનો.

અર્જુન : પ્રભાતથી યુદ્ધ કરી કરીને,
થાકચા જ દીસે અવ સૈન્ય બેઉ.
શ્રમ ને નિદ્રાથી સૌ અભિભૂત થયા દીસે.

કૃ૦ : તારા જેવા નહીં સર્વે ગુડાકેશ, જિતશ્રમ.

અ૦ : મોતના ભયને મૂકી, આવ્યા આ શૂર ક્ષત્રિયો;
ઊંચા કુલ મહીં જન્મ્યા, ધર્મયુદ્ધથી હૃષ્ટ સૌ.
યુદ્ધ તો કરવું છે જ, તો ઘડી સૂઈ, શાન્તિ સૌ
પામે તો સારું, મનમાં થાય એમ, જનાર્દન.

કૃ૦ : ત્રણે લોક તને જાણે ધર્માત્મા, તે સકારણ.

અ૦ : નેત્રો મીંચી પાંડવયોધ ત્યાં લડે,
હણાય છે કૌરવના પ્રહારથી;
થાકેલ સંશપ્તકના કરેથી ત્યાં,
શસ્ત્રો સરી જાય, હણંત સંજય.
બન્ને સૈન્યની વચ્ચે લો રથ, તો હે! જનાર્દન,
યુદ્ધવિરામનો ઘોષ કરું, તમ યથા રુચિ.

કૃ૦ : અગ્નિએ આપ્યો તુજને, ચલાવું દિવ્ય આ રથ,
શ્વેતાશ્વથકી જૂતેલો, વાયુવેગી, કપિધ્વજ.

[સૈન્યો મધ્યે પહોંચે]

આવી પ્હોંચ્યા. દેવદત્તે ભરીને સૂર શાન્તિનો,
ફૂંક તું; પાંચજન્યતણો સૂર પૂરીશ હું.

અ૦ : યથા આજ્ઞા.

[અર્જુન દેવદત્ત શંખને શાન્તિના સૂરથી ફૂંકે,
કૃષ્ણ પાંચજન્યનો સ્વર તેમાં ભેળવે છે.]

૧ યોદ્ધો (બાણ છોડતો અટકીને) :
શાન્તિ કેરો સૂર આ શો અચાનક!

૨ પાંડવયોધ્ધો (ખડ્ગ નીચું નમાવીને) :
દેવદત્ત પાંચજન્યકેરો સૂર અસંશય.

૧ (પ્રતિપક્ષી યોદ્ધાને પ્રહાર કરતો અટકાવીને) :
થોભ કે; થોભાવે છે શાન્તિસૂરથી અર્જુન.

પ્રતિપક્ષી (પ્રહાર રોકીને) :
ઘોર આ રણની માંહીં શાને આ સૂર શાન્તિના ?

૧ — ઉદ્યત કહેવાને કે થયા છે કૃષ્ણફાલ્ગુન.

અર્જુન (ઉચ્ચ સ્વરે) :
— ' હે વીર સૌ કૌરવપાંડવોના,
સુશ્રાન્ત છો યુદ્ધથી, કલાન્ત ઊંઘથી;
મુહૂર્ત આંહી જ મીંચો દગોને;
લડીશું, ઊગ્યે શશી મોડી રાતનો. '

[યોધ્ધાઓ શસ્ત્રો નમાવે છે.]

૧ કૌરવ : હાશ, કલ્યાણ હો તારું, હે ધર્મપ્રિય અર્જુન !
૧ પાંડવ : સર્વભૂતતણી ચિન્તા તારા હૈયે અહો, કશી !
કૌરવ : મૃત્યુની નહીં કે બીક; દુઃસહ્ય હતી ઊંઘ તો.
પાંડવ : યુધિષ્ઠિર નહીં એક ધર્માત્મા, તું ય, અર્જુન.
કૌરવ (અત્યંત થાકેલો) :
ઇપ્સિત જે કે તારું, મળો તુર્ત કિરીટી હે.
કૌરવ : ધર્મરાજા તણો નાનો ભાઈ, ધર્માત્મ તું, ખરે !
પાંડવ : વા'લો તું દેવને, તારું કર્મ હોય જ દેવ શું !

કૃષ્ણ : ખણખણાટ શમે સહુ શસ્ત્રના–
હલચલો થતી બંધ ગજાશ્વની.
ઊતરતાં ભરતી જ પૂનેમની,
ઉદધિ સ્વસ્થ થતો, ત્યમ સૈન્ય આ.

અર્જુન : યોધ્ધાઓ મ્યાનમાં નાખે ખડ્ગોને
કાળજીભ શા,
સમાવે વૈરને જાણે એ ઘડીક
પ્રશાન્તિમાં.

કૃ૦ : પ્રિયાની જેમ લઈ ને ગદાઓ નિજ પાર્શ્વમાં,
મહાર્હ શય્યા પર શું, એમ સૂતા ધરા પરે.
નિદ્રાને જીતનારો તું ગુડાકેશ, પરંતપ,
અને શ્રમથી થાકે ના જિતશ્રમ, કિરીટી હે.
તો'ય આ રથમાં થોડો આરામ લઈ એ ઘડી.

અ૦ : તમોને રુચતું તેમ : રક્ષે છે તમ આંખડી.

[રથમાં સૂઈ જાય છે]

[શાન્ત રણક્ષેત્ર પર રાત્રિનો અંધકાર છે. આકાશમાં સિદ્ધ ગંધર્વાદિ પોતાના દિવ્ય પ્રકાશમાન શરીરથી પસાર થતા હોય છે.]

૧ સિદ્ધ (નીચે જોઈ) : ઘડી આ ધરતી માથે શમાવી તીક્ષ્ણ વૈરને,
અવૈર નીંદના ખોળે સૂતા શા કુરુપાંડવો !
૨ : અશાન્ત જગને શાન્તિ દિયો, ભગવતી નિશા.
૩ : થાકેલા જગને તાજું કરજો, ચેતનામયી.
એક યક્ષ૦ : અંધકાર તણા હૈયે શાં રહસ્યો છૂપ્યાં હશે !
૧ દેવ૦ : અસત્ય પામજો નષ્ટ, થજો સત્ય તણો જય.
૧ વિદ્યાધર : અહો અંધારું આ ગાઢ, અજ્ઞાન થયું મૂર્ત શું !
દેવ૦ : દેવ ને દાનવ કેરાં સૈન્યો શાં સૈન્ય આ, ખરે.
અન્ય દેવ : કાર્તિક, દેવસેનાના પતિ જેવો જ અર્જુન.
અન્ય દેવ : અહો, અર્જુન ધર્માત્મા, શાન્તિ શી આપી શ્રાંતને !
વિદ્યાધર : પ્રકાશ પ્રગટ્યા પૂર્વે થતું તિમિર ગાઢ શું !
ગંધર્વ (પૂર્વ દિશાને પ્રગટ થતી જોઇને) : પ્રથમ થાય
તહિં તમ પાતળું,
ઉદિત કિંચિત કિંચિત તેજ શું !
પ્રકટતી જહિંથી જગજ્યોતિઓ,
ઉઘડતી દિશ પૂર્વ તણી જ એ.

દેવ૦ : જેવી રીતે શુભમુખી થતી વૃત્તિઓ સૌ,
માંગલ્યકારી, શુચિ જીવનની પહેલાં;
તેવો થયો ઉદિત કૈંક ઉજાસ આછો,
નક્ષત્રરાજ, દ્યુતિમંત શશાંક પૂર્વે.

[હવામાં સરકતું જતું એક ગંધર્વયુગલ]

ગંધર્વ (સખીને) : તારા સ્મિત સમો સ્વચ્છ હમણાં ચંદ્ર ઊગશે
ખૂલશે કુમુદો રૂડાં તારા મુખ સમાં, સખી.
સખી : વિમુક્ત ફરીથી થાશે ભ્રમરો કેરું ગુંજન,
ગંધર્વ : રણકે મધુરાં એથી તારાં આ કરકંકણ !
સ૦ : ચાટુક્તિઓ થકી મીઠી નિત્યે રીઝવતા રહો !
ગં૦ : મલયાનિલ શી ગન્ધ શબ્દે શબ્દે અહો, વહો !
સ૦ : ઊગતા ભગવાન ચન્દ્રકેરું શું રૂડું દર્શન !

મં૦ : ઉદયાચળથી હાવાં ઊગશે શશલક્ષણ—

સ૦ : સ્વાગતાર્થે ચલો સામા જઈએ ઉદયાચળે.

મં૦ : ઇચ્છા એ જ હતી મારા હૈયા માંહી, ચલો હલે !

[જાય છે.]

સિદ્ધ : ધીમે ધીમે પ્રકટિત થતી જેમ પૃથ્વી ફરીથી,
પાતાળોનાં અકલિત મહા વારિ માંહી ડુબેલી;
અંધારામાં ત્યમ ડુબી ગયેલી ધરા, મંદ મંદ
આવે પાછી ઉપર, ઉગતાં કૈં નિશાનાથ ચંદ !

અન્ય : સૃષ્ટિનું પોપચું બંધ, ખૂલે પૂર્વ દિશા મહીં.
પ્રવાહ રશ્મિનો આછો આછો કાંઈ રહ્યો વહી.

યક્ષ : ઢાંકણું ક્ષિતિજનું અહો ખૂલે !
ચન્દ્રનું ફૂલ ધરાપરે ઝૂલે.
વિશ્વબાગતણું શ્વેત શું ફૂલ !
ચન્દ્રનું, કુમુદનું ખરે, ફુલ !

અન્ય : તમસે ગ્રસ્ત પૃથ્વીમાં ચેતના જેમ જાગતી,
આભા ચન્દ્રની પૃથ્વીમાં એમ ઊગે, પ્રકાશતી.

યક્ષ : પ્રભુતણું દૃગ સૌમ્ય ઉગેલ આ
નિરખતું પૃથિવી ભરી યોધથી,
ક્ષિતિજ ગોળ ભરી સહુ વિસ્તરી,
સઘળી સૃષ્ટિ જ ક્ષત્રિયની ઢળી.

ચન્દ્ર ઊગે છે; રણક્ષેત્રને જુએ છે.]

ચન્દ્ર : ફરકે નહિ કો આંહીં, સુપ્ત આ ક્ષત્રિયો સહુ.
સૂતા મરણ શી નિદ્રા મહીં, થાકેલ હો, બહુ !
મહાહંશયને જેને નિદ્રા કૈં આવતી નહીં,
પ્રગાઢ પોઢયા તે આ નિદ્રામાં સુખથી અહીં.
હસ્ત્યારોહી હસ્તિ માથે જ સૂતા.
અશ્વારોહી અશ્વની યાળ ઝાલી.
સેના સૂતી આ રથોમાં રથીની,
ને, પૃથ્વીના અંક માંહીં પદાતિ.
મુહૂર્ત માંહીં જ બધા ય ઊઠશે.
ને, એક બીજા પર ઘોર રૂઠશે.
નિદ્રા વિષે સાથમહિં સૂતા, ખરે,
કપાઈ અન્યોન્ય, સૂશે જ સાથરે !

(પૃથ્વીને) – અહો પૃથ્વી, છવાઈ શી શૂરાઓ થકી, શોભતી !

પૃથ્વી : તારા તેજ થકી ચન્દ્ર, અનાવૃત થતી જતી.

ચ૦ : મહાયુદ્ધ ખરે, તારા પરે થતું ભયાનક !

પૃ૦ : અઢાર અક્ષૌહણીના ભારથી કાય કંપતી !

ચ૦ : મંડાયું યુદ્ધ શું તારી પરે !

પૃ૦ : આ પ્હેલી વેળ

ચ૦ : નક્ષત્રી પરશુરામે બહુ વેળ તને કરી.

પૃ૦ : ને, યુદ્ધ રામરાવણતણું ?

ચ૦ : એ તો અનન્ય

પૃ૦ : સમુદ્ર સરખું આભ, અને આભ સમુદ્ર શું
રામરાવણનું યુદ્ધ, રામરાવણના સમું !

ચ૦ : ખેલાતાં યુદ્ધ શાં તારા પરે પૃથ્વી અનાદિથી !

પૃ૦ : હિરણ્યકશિપુ કેરો ઘાત એ નરસિંહથી.

ચ૦ : વૈરને સંઘર્યું એણે હિરણ્યાક્ષ તણું ચિર.

પૃ૦ : મહા એ બલવાન્, દર્પી, તેજસ્વી, યુદ્ધદુર્મદ

ચ૦ : અઘોર તપથી પામ્યો બ્રહ્માથી વરદાન શાં !

પૃ૦ : દૈત્યો તપ તપ્યા તીવ્ર, રાવણ, કુંભકર્ણ, ને
ભસ્માસુર, હિરણ્યાક્ષ, હિરણ્યકશિપુ, બહુ.
અશુદ્ધ તપનો હેતુ, હણાયા તેથી એ સહુ.

ચ૦ : તપથી સિદ્ધિ પામીને દેવોને હણવા ચહે !

પૃ૦ : ઇન્દ્રાસન ચહે ઇન્દ્રકેરું, સબલ દૈત્યથી.

ચ૦ : દેવદાનવનાં યુદ્ધો થતાં નિત્ય, અનાદિથી.

પૃ૦ : ને અન્તે જીતતા દેવો, દાનવોનો પરાજય.

ચ૦ : રક્ષતા વિષ્ણુ દેવોને, દાનવોને હણી સદા.

પૃ૦ : હણીને જ વળે પાછું વિષ્ણુચક્ર સુદર્શન

ચ૦ : વિષ્ણુપ્રિયા તું તો છે ને !

પૃ૦ : ભાર એ જ ઉતારતા.
હું હૃષ્ટ થાઉં, વધતાં જ ભાર,
કે, આવશે ભાર ઉતારનાર.

ચ૦ : તારું અહોભાગ્ય હું જાણું છું બૃહત્
તારા સમું આ જગમાં ન કો મહત્
રૂપમાં માનવી કેરા સ્વયમ્ અવતરે પ્રભુ.

પૃ૦ : ત્રિલોકમનમોહી એ ચરણસ્પર્શને લહું !

[અનુસંધાન પૃ. ૩૬૩ ...

ટી. એસ. એલિયટની કાવ્યસૃષ્ટિ

શીરીન કુડચેડકર

આપણા દેશમાં અંગ્રેજી સાહિત્યની ચર્ચા કરતાં ટેનિસન, શેલી અથવા શેક્સ્પિયરનાં નામ વારંવાર સંભળાય છે; તેમની કાવ્યકૃતિઓ ઉપરથી કાવ્યશાસ્ત્રના સિદ્ધાન્તો તારવવામાં આવે છે; અંગ્રેજી કાવ્યસમૃદ્ધિનાં દૃષ્ટાન્તો તરીકે તેમને જ લેવામાં આવે છે. ઈ. સ. ૧૯૦૦ પછી અંગ્રેજીમાં કંઈ લખાયું જ ન હોય એવું કેટલીક વાર આવી ચર્ચાના શ્રોતાને લાગશે. આધુનિક સાહિત્યક્ષેત્રના અગ્રગણ્ય કવિ ટી. એસ. એલિયટનું નામેય કેટલાક વાચકોએ સાંભળ્યું ન હોય અને શિક્ષિતવર્ગમાં પણ અંગ્રેજીના અભ્યાસીઓ સિવાય કોઈનો એમનાં કાવ્યો સાથે વિશેષ પરિચય કદાચ ન હોય. આ કારણે એલિયટની મુખ્ય કાવ્યકૃતિઓ અને તેમની કાવ્યપદ્ધતિનો સામાન્ય પરિચય આપવાનો અહીં પ્રયત્ન કરવામાં આવ્યો છે. એલિયટની કવિતાના અભ્યાસથી આપણે એમની શૈલીનું અનુકરણ કરીએ એ ઇષ્ટ નથી, પણ અન્ય દેશોના સાહિત્ય-વિકાસ વિષે આપણે વાકેફ રહેવું જોઈએ. જેમ આપણા સાહિત્યમાં ૧૯૩૦ પછી સુન્દરમ્, ઉમાશંકર વગેરે કવિઓએ નવા વિષયો અને નવા વિચારોને બળે પરિવર્તન આણ્યું, કંઈક એવી જ રીતે એલિયટે અંગ્રેજીમાં પરિવર્તન કર્યું, એટલે આ પરિવર્તનના સ્વરૂપનું નિરૂપણ રસિક નીવડવું જોઈએ.

૧૯૧૭માં જ્યારે એલિયટનું પહેલું પુસ્તક બહાર પડ્યું ત્યારે અંગ્રેજી કવિતાની દશા શોચનીય હતી. પ્રકૃતિ અને પ્રિયાની ગોદમાં રમનારા કવિઓની પરંપરા ચાલી રહી હતી અને તેઓ વિષય તેમ જ શૈલીના અત્યંત સાંકડા વર્તુલમાં ઘૂમી રહ્યા હતા. શેલી અને કીટ્સ જેવા કવિઓમાં જે કલ્પનાની નવીનતા, જે ઊર્મિની ગહનતા અને જે શબ્દલાલિત્ય હતાં તે જ કલ્પનાઓ, ઊર્મિઓ અને છંદો એમનું અનુરણન કરનારાઓને હાથે સ્થૂલ અને પ્રાણહીન બની ગયાં હતાં. જગત પલટ્યું, સમાજ પલટ્યો, પણ કાવ્યરીતિ એની એ જ રહી. કવિતા જગતના કોયડાથી દૂર ભાગવા લાગી અને કવિ સામાજિક સ્થિતિ વીસરીને પોતાના અંતર્ગત ઉદ્ગારો કાઢવા લાગ્યો. જે કવિઓને 'જોર્જયન' (પાંચમા જોર્જના સમયના) કહેવામાં આવે છે તેઓ કાવ્યરીતિમાં નવીનતા લાવવા મથ્યા પણ તેમનાં અને વિક્ટોરિયાના સમયના કવિઓ વચ્ચેનું અંતર નામનું જ છે. તેમની ભાષા સાદી અને આડંબરવિહોણી બની ખરી પણ એકંદરે તેમની શૈલી વાસ્તવદર્શી ન કહેવાય. જીવનની ગંદકી અને વિષમતાથી તેઓ વિમુખ જ રહ્યા, પ્રકૃતિમાતા પાસે જ તેઓ આશ્વાસન પામતા અને ઔદ્યોગિક ક્રાંતિ થઈ ગઈ છે એ તો એમાંના કેટલાકનાં કાવ્યોમાંથી જણાય જ નહિ.

'પ્રૂફ્રોકનું પ્રેમગાણું'

આવી પરિસ્થિતિમાં એલિયટનાં કાવ્યો વાંચીને લોક કેટલો વિસ્મય પામ્યા હશે! એમનાં આશ્ચર્યચકિત નેત્રો સમક્ષ કાવ્યનું સ્વરૂપ પલટાઈ ગયું–માત્ર વિષયમાં જ નહિ પણ એથીય અધિક મનોવૃત્તિ તેમ જ ભાષા અને છંદમાં. એલિયટના પ્રથમ સંગ્રહનું શીર્ષક એના પ્રથમ કાવ્ય ઉપરથી 'Prufrock' (પ્રૂફ્રોક) રાખ્યું છે. પ્રૂફ્રોક એક વ્યક્તિનું નામ છે અને કાવ્યનું શીર્ષક છે 'The Love Song of J. Alfred Prufrock' (પ્રૂફ્રોકનું પ્રેમગાણું). કાવ્ય વાંચતાં તરત જ જણાશે કે તે ગીત તો નથી જ, પણ પ્રેમકાવ્યને ઉચિત ગણાતો રાગધ્વનિ (lyricism) પણ તેનામાં નથી. પ્રૂફ્રોક એક સ્ત્રી પાસે જઈ લગ્નની માગણી કરવા ઇચ્છે છે. એ સ્ત્રીના નામ અથવા વ્યક્તિત્વ વિષે આપણે કંઈ જાણતાં નથી, પ્રૂફ્રોકની મૂંઝવણ જ કાવ્યનો મુખ્ય વિષય છે. પોતાને કેવો સત્કાર મળશે, પોતે શું બોલશે એના વિચારો એના ચિત્તમાં ઉદ્ભવ પામી રહ્યા છે. લજ્જા, વ્યગ્રતા અને સંકોચના ભાવો એને ઘેરી રહ્યા છે.

પોતાની આસપાસના દૃશ્યને એ જોઈ રહે છે, એના ચિત્તમાં અસંગત વિચારો સ્ફુરે છે. આ સર્વનું નિરાકરણ કરવા સમય જોઈએ અને જુઓ પ્રૂફ્રાક શું કહે છે:

And indeed there will be time
To wonder, "Do I dare?" and, "Do I dare?"
Time to turn back and descend the stair,
With a bald spot in the middle of my hair—
(They will say: 'How his hair is growing thin!")...

Do I dare
Disturb the universe?
In a minute there is time
For decisions and revisions which a minute will reverse.

(મારામાં હિંમત છે કે નહિ એ વિચારવાનો સમય તો મળશે. કદાચ પાછા ફરી, દાદર ઊતરવું પણ પડે, મારા બોડકા માથા સાથે. તેઓ કહેશે, "એના વાળ કેટલા ઊતરી ગયા છે!" શું હું વિશ્વના ક્રમમાં અડચણ આણી શકીશ? એક પળમાં પણ નિશ્ચયો કરી શકાશે જે બીજી જ પળે પાછા બદલાશે.)

તમે કહેશો—આ તે કંઈ કાવ્ય કહેવાય? આવા ગાંડપણ ઉપર લેખ લખીને આટલાં પાનાં બગાડવાંના શી જરૂર? આ કાવ્ય છે કે નહિ, તે અભ્યાસયોગ્ય છે કે નહિ એ આગળ જતાં એલિયટની રીતિનું પૃથક્કરણ કરતાં જણાશે. એમાં નવીનતા છે એટલું તો સિદ્ધ થયું જ હશે. ચાલો, એમની એક બીજી કૃતિ જોઈએ.

'જેરોન્શન'

૧૯૨૦માં છપાયલા સંગ્રહનું મુખ્ય કાવ્ય 'Gerontion' (જેરોન્શન) છે. આમાં એલિયટનો વિષય કોઈ વ્યક્તિવિશેષ નહિ પણ આધુનિક સંસ્કૃતિ છે. 'જેરોન્શન'નો અર્થ થાય છે.—'નાનો વૃદ્ધ માનવી'. આપણી સંસ્કૃતિ આ વૃદ્ધના રૂપમાં પોતાનું ભૂત અને વર્તમાન વર્ણવે છે: અને વિનાશની ભવિષ્યવાણી વદે છે. આ છે એનો ઇતિહાસ

In the juvescence of the year
Came Christ the tiger
In depraved May, dogwood and chestnut, flowering judas,
To be eaten, to be divided, to be drunk
Among whispers; by Mr. Silvero...
By Hakagawa, bowing among the Titians;
By Madame de Tornquist, in the dark room
Shifting the candles; Fraülein von Kulp
Who turned in the hall, one hand on the door. Vacant shuttles

Weave the wind.

માનવજાતિની યુવાવસ્થામાં ક્રાઈસ્ટનું આગમન થ[illegible] ક્રાઈસ્ટને વાઘ સાથે સરખાવવા એ ઘણાંને અનુચિત લ[illegible] પણ એલિયટનાં કાવ્યોમાં અન્યત્ર પણ વાઘ બળનું પ્ર[illegible] છે,—શારીરિક અથવા આત્માના બળનું, અને વાઘની [illegible] નવજન્મ દર્શાવે છે. ક્રાઈસ્ટના મૃત્યુ પછી સૈકા વીતી જાય [illegible] 'Depraved May'નો અર્થ ઘણું ખરું યુરો[illegible] 'રનેસાન્સ' (Renaissance)નો સમય છે. રનેસાન્સ [illegible] આપણે માનવઇતિહાસનો એક મહાયુગ ગણીએ છીએ [illegible] જીવનની સર્વ પ્રવૃત્તિઓને નવચૈતન્ય મળ્યું, જેમાં [illegible] અને વિજ્ઞાનનો અપૂર્વ વિકાસ સધાયો, જેમાં કોલમ્બસ અને વાસ્કો ડા ગામા જેવા અડગ પ્રવાસીઓ ક્ષિતિજની પેલી પાર પહોંચી વળ્યા, અને અનેક નિર્ભય વિચારકે માનવીના મનને મુક્ત અને સ્વતંત્રવિચારી કરી મૂક્યું. [illegible] એલિયટ રનેસાન્સને જુદી જ દૃષ્ટિથી જુએ છે. એમને મતે [illegible] નવજન્મનો નહિ પણ અધોગતિનો યુગ છે. એ વસન્ત [illegible] છે, પણ છતાં એમાં સડો પેઠો છે, કારણ કે એ ધર્મ [illegible] એકલક્ષિતાને ખોઈ બેઠી છે. આ સડેલા વસન્તથી આજ [illegible] યુરોપીય સંસ્કૃતિ ધ્યેયવિહોણી, શ્રદ્ધાવિહોણી બની [illegible] સિલવરો, હાકાગાવા, માદામ દ ટોર્નક્વિસ્ત અને ફ્રાઉ[illegible] ફોન કુલ્પ, ચારે આ સંસ્કૃતિનાં પ્રતીક છે. પુરાણી [illegible] સંસ્કૃતિનું તેઓએ એકલપેટું ભક્ષણ કર્યું છે [illegible] ક્રાઈસ્ટનાં મંતવ્યોને પૂજ્ય ગણવાને બદલે તેમણે [illegible] ક્રાઈસ્ટના દેહને જ ચીર્યો છે. સિલવરો અને હાક[illegible] અમેરિકા અને જાપાનના વતની જણાય છે; તેઓએ [illegible] સંસ્કૃતિને સાચી રીતે અપનાવી નથી પણ ટિશ્યન [illegible] ઉત્તમ કલાકારની કલાસમૃદ્ધિ સામે શીર્ષ ઝૂકાવી [illegible] માદામ દ ટોર્નક્વિસ્ત અને ફ્રાઉલાઈન ફોન કુલ્પ [illegible] જર્મનીની જ કુલાંગનાઓ છે પણ બંને સ્વાર્થ[illegible] અહંતાના અંધારા ઓરડા જેવા યુગમાં સપડાઈ [illegible]

પુરાણી સંસ્કૃતિનું નવનિર્માણ કરવાનું સામર્થ્ય તેમનામાં નથી. એક સુંદર રહસ્યમય ઉપમા દ્વારા કવિ આ સૌના જીવનની નિરર્થકતા દર્શાવે છે: 'ખાલી કાંઠલા વડે આજનો માનવી વાયરાને વણી રહ્યો છે.'

જેરૉન્શન વર્તમાન પરિસ્થિતિનું સૂક્ષ્મ વિશ્લેષણ કરતો જાય છે. આપણે ઇતિહાસના પાઠો શીખી શક્યા નથી; આપણી વિવેકબુદ્ધિ ભ્રષ્ટ થઈ છે. આવી સંસ્કૃતિ કેટલો સમય ટકી શકે? એનો તો વિનાશ જ થવો ઘટે. અને કાવ્યના અંતમાં જેરૉન્શન આ વિનાશના દૃશ્યમાં રાચે છે, આ તુચ્છ સંકુચિત જિંદગીના અણુપરમાણુઓને સપ્તર્ષિથીય દૂર અસીમ અવકાશમાં વિલીન થતા કલ્પે છે:

whirled
Beyond the circuit of the shuddering Bear
In fractured atoms.

એલિયટનાં કોઈ પણ કાવ્યની માત્ર ઝાંખી જ સમજણથી જો વાચક સંતોષ ન પામે અને વિગતવાર અભ્યાસ કરવાનો પ્રયત્ન કરે તો કાવ્ય અત્યંત દુર્બોધ લાગવાનું જ. એક વાક્ય અને બીજું વાક્ય, એક ફકરો અને બીજા ફકરા વચ્ચે કશો જ સંબંધ જણાશે નહિ અને જુદી જુદી ભાષાઓ અને લેખકોમાંથી ટાંકેલાં અવતરણો વાચકને મૂંઝવી નાખશે. આ દુર્બોધતાનાં કારણ વિચારશું તો એલિયટની કાવ્યરીતિ ઉપર પણ પ્રકાશ પડશે.

સર્વગ્રાહક સંવેદના

એલિયટના વિવેચન ગ્રંથો તપાસી એમનાં કાવ્ય વિષેના અમુક સિદ્ધાન્તો તારવી શકાય છે. અંગ્રેજી સાહિત્યમાં શેક્સ્પિયરના સમયના નાટ્યકારો અને સત્તરમી સદીના (મિલ્ટન સિવાયના) કવિઓ એમને પ્રિય છે કારણ કે એમનામાં ઊર્મિ અને ચિંતનનું સમિશ્રણ અને સર્વગ્રાહક સંવેદના, એ બંને ગુણો હતા, જે તે પછીની અંગ્રેજી કવિતાએ ખોયા હતા અને જે એલિયટ અને અન્ય અર્વાચીનો પોતાની કૃતિઓમાં લાવવા મથે છે. ઊર્મિ અને ચિંતન, એ તો કાવ્યનાં સનાતન તત્ત્વો છે, અને કોઈ વાંધો ઉઠાવી શકે કે વર્ડ્ઝવર્થ અને ટેનિસન જેવા કવિઓમાં એ બંનેનો સમાવેશ જરૂર થાય છે. પણ એલિયટના મત પ્રમાણે આ સમાવેશ પૂરતા પ્રમાણમાં નથી થતો; આ બંનેની એકાદ કૃતિઓ ચિંતનપ્રધાન અને બીજી ઊર્મિપ્રધાન હોય છે, અથવા એક જ કાવ્યમાંય એક કડીમાં કવિ હૃદયના ઉદ્ગારો કાઢતો હોય છે અને બીજીમાં ફિલસૂફી ભાખતો હોય છે. હૃદય અને ચિત્ત, બંનેને સતત જાગ્રત રાખવાં, એ એલિયટનું ધ્યેય છે. સત્તરમી સદીના કવિઓમાં એલિયટને જે બીજો ગુણ જણાયો તે પણ આને મળતો છે. તે સમયે કવિઓના અનુભવ વધુ બહોળા હતા એટલું જ નહિ, પણ એ સર્વ અનુભવોને કાવ્યમાં સ્થાન મળતું, અને એમનો સમન્વય થતો. એલિયટ પોતે ઉદાહરણ આપે છે કે ધારો કે અમુક માણસના ચિત્તમાં પ્રેમનો ઉદ્ભવ થયો હોય, અને પ્રેમની કોમળ લાગણીઓનો એ જ્યારે અનુભવ કરતો હોય તે જ સમયે સ્પિનોઝા જેવા કોઈ તત્ત્વજ્ઞાનીનો ગ્રંથ વાંચતો હોય. સાથે સાથે બીજા ઓરડામાંથી રસોઈની ગંધ અને ટાઈપ–રાઈટરનો અવાજ એની ઇન્દ્રિયોને સ્પર્શ કરી રહ્યાં હોય. સાધારણ માનવી માટે આ સૌ અનુભવો ભિન્ન ભિન્ન રહેશે પણ કવિની વિશિષ્ટ સંવેદનશક્તિ એ ચારેનો સમન્વય કરી તેમાંથી કોઈ નવું જ સત્ય ઉત્પન્ન કરશે. ગયા યુગનો કવિ આવા ચાર અનુભવો વિષે ચાર જુદાં કાવ્યો કદાચ લખત પણ કવિમાનસને અનુકૂળ માર્ગ તો એ છે કે ચિત્ત પર એક સામટું આક્રમણ કરતાં આ ચારે બળો વચ્ચે સંબંધ સ્થાપવો અને એમનું એકીકરણ કરવું.

અનેક ભિન્ન અનુભવોનો સમન્વય, તેમ જ લાગણી અને વિચારનો સમન્વય, એ અર્વાચીન અંગ્રેજી કવિતાની દુર્બોધતાનાં એ મુખ્ય કારણ છે. તે ઉપરાંત માનસપૃથક્કરણ-શાસ્ત્રના અભ્યાસે પણ આ દુર્બોધતામાં પોતાનો ફાળો આપ્યો છે. આ શાસ્ત્રના પિતામહ ફ્રૉઇડે અસાવધ મનનું આપણી સર્વ પ્રવૃત્તિમાં મહત્ત્વ દર્શાવ્યું હતું. અસાવધ મનમાંથી જે વિચારો સ્ફુરી નીકળે તેમને એવા ને એવા જ રૂપમાં વ્યક્ત કરવા એ 'Surrealist' (સ્યુરરિયાલિસ્ટ) નામની કાવ્યપ્રણાલીનો આદર્શ છે. તે પ્રણાલીના કવિઓ 'realism' (વાસ્તવિકતા)નીય પેલી પાર જઈ માનવમનનાં ઊંડાણ માપવા મથે છે. એલિયટમાં આ વલણ એકદમ હદ બહાર નથી પહોંચતું છતાં એમની કાવ્યરીતિ પર એની અસર પડી છે ખરી. આથી એમનાં કાવ્યોના વિભાગો અને પદો વચ્ચે કોઈ બુદ્ધિગ્રાહ્ય સંબંધ સ્થપાયો નથી, તેમને સાંધતો તાંતણો અસાવધ ચિત્તમાં ડૂબેલો હોઈ વાચકની નજરે નથી આવતો. કવિતામાં લાગણીનું સ્થાન હમેશાં ઊંચું રહ્યું છે; કવિ કોઈ ભૂમિતિના પ્રમેયનો પુરાવો

આપવા નથી બેસતો, પણ એક વસ્તુનું વર્ણન કરતાં એમાંથી જન્મતી લાગણી એને કોઈ અનેરા જ વિષય ઉપર ચઢાવી દે છે. બુદ્ધિગ્રાહ્ય સંબંધે નો સમૂળો ત્યાગ કરી, અર્વાચીનો આ સ્વાભાવિક કાવ્યપદ્ધતિનો પૂરેપૂરો ઉપયોગ કરે છે, એટલો જ તેમની અને પરંપરાગત કવિઓ વચ્ચેનો ફરક છે. વળી કવિઓ પરાપૂર્વથી દાવો કરતા આવ્યા છે કે તેઓ સત્યનું દર્શન કરે છે. અર્વાચીનો પણ સત્યના જ સેવક છે, અને તેઓ આ શબ્દનો વધારે વ્યાપક અર્થમાં પ્રયોગ કરે છે. તેમના મત પ્રમાણે સત્યનું અવલોકન કરવું એટલે માત્ર વાસ્તવ જગતના સૌ સ્તરો—સૌ પડોનું દર્શન કરવું, એટલું જ નહિ. જો કે આ દિશામાં પણ તેઓ તેમના પૂર્વકાલીનો કરતાં વધારે સત્યવાદી થયા છે ખરા અને ગંદકી, પામરતા અને પશુતાના નિરીક્ષણથી ડગ્યા નથી. કદાચ આ જ કારણે રૂઢિચુસ્ત વાચકો, જેઓની કાવ્યરુચિ સૌન્દર્યાભિમુખ કવિતા ઉપર જ કેળવાયેલી છે, તેઓ આ નરકદર્શનથી ભડકીને અર્વાચીન કવિતા અને પોતાની બુદ્ધિ વચ્ચે ભીંત ખડી કરી દેતા હોય અને પછી તેને દુર્બોધ કહીને વગોવતા હોય. પણ આ ઉપરાંત, બાહ્ય જગત અને સામાજિક સ્થિતિના અવલોકન સિવાય, કવિ વ્યકિતના મનના સૂક્ષ્મતમ વ્યાપારોને પોતાની વાગ્જાળમાં ફસાવવા મથે છે અને અસાવધ પ્રેરણાઓ અને બળો અજાણતાં તેને કેટલે અંશે દોરે છે તે સમજાવવા પ્રયત્ન કરે છે. એલિયટ જેવા કવિઓ સંપૂર્ણ સત્યનું દર્શન કરાવવામાં માનસપૃથક્કરણશાસ્ત્રનું ઋણ સ્વીકારે છે. પણ આ શાસ્ત્રનો અભ્યાસ હજી સામાન્ય વાચકવર્ગમાં ફેલાયો નથી એટલે એની શોધોનો અને પરિભાષાનો ઉપયોગ કરતું કાવ્ય દુર્બોધ તો લાગવાનું જ.

જેમ સત્તરમી સદીના અંગ્રેજી કવિઓ એલિયટ ઉપર અસર કરી ગયા છે તેમ ઓગણીસમી સદીના ફ્રેન્ચ 'symbolist' (પ્રતીકવાદી) કવિઓની રીતિ પણ એમણે અપનાવી છે. તેમની માન્યતા હતી કે કવિએ જે કહેવું હોય તે સીધી રીતે કહી નહિ દેવું, પણ આડકતરી રીતે, કોઈ પ્રતીક દ્વારા, અથવા શબ્દના લય અને સંગીત દ્વારા સૂચવવું જોઈએ. કાવ્યનો આત્મા ધ્વનિ છે અને માત્ર વર્ણન આપવું કે વાર્તા કહેવી એ ઉચ્ચતમ કવિતાને છાજે નહિ. એલિયટ માને છે કે કવિએ પરલક્ષિતા સાધવી જોઈએ, પોતાના ઉરનો ઊભરો ઠાલવવો હોય તો પણ તે આડકતરી રીતે કોઈ પ્રતીક અથવા પ્રતિરૂપ દ્વારા કરવું જોઈએ. આથી તેમણે પ્રતીકવાદની પદ્ધતિ સફળતાથી અજમાવી જોઈ છે અને પોતાની ઊર્મિ વાચકના મનમાં સંક્રાંત કરવા કોઈ મૂર્ત વસ્તુનો ઉપયોગ કર્યો છે, આનાં ઉદાહરણ એમનાં કાવ્યોમાં ડગલે ને પગલે મળે છે. 'પ્રૂફ્રોક' માંથી એકાદ બે લઈએ. પ્રૂફ્રોક પોતાના જીવનની નિરર્થકતા અને પોકળતા વ્યક્ત કરવા ઇચ્છે છે. જૂની ઢબનો કવિ આ ભાવ સીધો જ લખી નાખત, કાં તો આવી રીતે —'શૂન્ય નિસ્તેજ છે જીવન આ મારું.' પણ પ્રૂફ્રોક એક પ્રત્યક્ષ ચિત્ર દ્વારા આ જ ભાવ વ્યક્ત કરે છે :—

I have measured out my life with coffee spoons

પ્રૂફ્રોકનો દૈનિક કાર્યક્રમ નિયમિત છતાં એકધારો જડ છે. 'કૉફી પીવાની ચમચીઓ'—આ ચિત્ર સમાજના ઉપલા, પોતાને સુસંસ્કૃત માનતા સ્તરના નિર્દેશ કરે છે. કૉફી પીવાના સમયે કળા અને સાહિત્યની ચર્ચા કરતા છતાં તેનું ઉપરછલ્લું જ જ્ઞાન ધરાવતા-મંડળ સાથે પ્રૂફ્રોકે પોતાનો સમય ગાળ્યો છે. વળી કૉફી માટે વપરાતા પ્યાલા અને ચમચીઓ ચાનાં પ્યાલા-ચમચીઓથી નાનાં હોય છે અને આથી પ્રૂફ્રોકની સઘળી પ્રવૃત્તિઓની તુચ્છતા અને તેમનું નિરુપયોગીપણું સૂચવાય છે. આગળ જતાં પ્રૂફ્રોક પોતાની પ્રેયસીને શું કહેશે તે એના મનમાં રટી રહ્યો છે, એટલામાં એકાએક એને ... છૂટે છે. આ પરિસ્થિતિમાંથી નાસી છૂટવાની પ્રબળ ... મનમાં જાગે છે, અને તે બોલી ઊઠે છે :

I should have been a pair of ragged claws
Scuttling across the floors of silent seas.

શાંત સમુદ્રને તળિયે દોડી રહેલાં કરચલાંનું આ ... પ્રૂફ્રોકની મનોદશા આબાદ સૂચવે છે. આ કાવ્યપદ્ધતિમાં ઉપમેય અને ઉપમાન બંને તદ્રૂપ બની જાય છે, તેથી ઘણી વાર અમુક શબ્દચિત્રનો શો અર્થ કરવો, તે ... ભાવનું પ્રતીક છે કે નહિ, અને જો હોય તો તે ... ભાવનું એ સમજવું મુશ્કેલ બની જાય છે.

એમના એક વિવેચનાત્મક લેખમાં એલિયટ ... કે દરેક નવો લેખક સાહિત્યપરંપરાનો એક ... અને તેણે સમકાલીન જગતના સામાજિક ... પ્રવાહોથી જ નહિ પણ હોમરથી આગળ વહેતા ... સાહિત્યના અખૂટ પ્રવાહથી પણ વાકેફ રહેવું ...

આ સાહિત્યભંડાર વડે એલિયટ પોતાની કૃતિઓને સમૃદ્ધ બનાવે છે, અને અવતરણોનો છૂટે હાથે ઉપયોગ કરે છે. સાધારણ રીતે કોઈ પણ કાવ્યકૃતિની પશ્ચાદ્ભૂમિ જીવન હોય છે અને જીવનનો અનુભવી વાચક તેનું આસ્વાદન કરી શકે છે. પણ એલિયટની કવિતામાં જીવનને જ નહિ, સાહિત્યને પણ પશ્ચાદ્ભૂમિ બનાવ્યું છે અને જો વાચક કવિ જેટલો જ બહુશ્રુત ન હોય તો તેનાથી કાવ્યરસનું પૂરેપૂરું પાન ન થાય.

'ઉષર ભૂમિ'

એલિયટનું ઉત્તમ કાવ્ય કયું છે એનો નિર્ણય તો વાચક પોતાની રુચિ પ્રમાણે કરશે. પણ સાહિત્યજગતમાં સૌથી જબરી ઊથલપાથલ કરનારું, ચર્ચાનું વાવાઝોડું મચવનારું અને ઊછરતા કવિઓની નવી પેઢી ઉપર સૌથી પ્રબળ છાપ પાડનારું કાવ્ય તે એમનું ૧૯૨૨માં પ્રકાશન પામેલું 'The Waste Land' (ઉષર ભૂમિ). એલિયટ અહીં આધુનિક સંસ્કૃતિને ઉષર ભૂમિના રૂપમાં કલ્પે છે, એની અધોગતિ, એની તુચ્છતા, એની ધ્યેયહીનતા અનેક ચિત્રો દ્વારા દર્શાવે છે. ઉપર વર્ણવેલાં સર્વ કારણોથી કાવ્ય દુર્બોધ છે જ અને અવતરણો તો પાર વિનાનાં, છ ભાષાઓ અને પચીસ લેખકોમાંથી લીધેલાં છે. આ કાવ્યના આધારરૂપ માનવવંશશાસ્ત્ર (anthropology)ના બે ગ્રંથ છે, જેમ્સ ફ્રેઝરનું 'The Golden Bough' અને જેસી વેસ્ટનનું 'From Ritual to Romance.' ફ્રેઝરના પુસ્તકમાં બેબિલોન અને મિસર જેવી પુરાણી સંસ્કૃતિઓની દંતકથાઓનું આલેખન કર્યું છે. આ સૌ આદિમ જાતિઓએ શિયાળામાં વનસ્પતિ સુકાઈ જાય અને ફરી વસંતમાં નવપલ્લવિત બને એ કુદરતી ક્રમ પરથી વનસ્પતિના કોઈ દેવતાની કલ્પના કરી હતી, જે લોકહિત માટે મૃત્યુ પામતો અને ફરી જન્મ લેતો હતો. આ વનસ્પતિદેવતા, જેનું જીવન વર્ષની ઋતુઓ સાથે સંબંધ ધરાવતું હતું અને જેના મૃત્યુ અને નવજન્મના તહેવારો ઉજવાતા હતા, તેની અને જિસસ ક્રાઈસ્ટ વચ્ચે સામ્ય છે, કારણ કે ક્રાઈસ્ટે પણ માનવજાતિનાં સૌ પાપો પોતાને માથે લીધાં હતાં અને તેમના કલ્યાણ માટે શૂળીએ ચઢ્યા હતા. જૂની દંતકથાઓ અને ખ્રિસ્તી ધર્મનું સંમિશ્રણ યુરોપના મધ્ય યુગમાં સર્વત્ર પ્રસરેલી એક કથામાં મળે છે જે મિસ વેસ્ટનના પુસ્તકમાં ચર્ચાયેલી છે. આ કથાનો વિષય એક ઉષર ભૂમિ છે જ્યાં જમીન વેરાન અને ઉજ્જડ પડી છે, અનાજ પેદા થતું નથી અને પ્રાણીઓને પણ સંતતિ થતી નથી. દેશની ઉજ્જડતાનું કારણ એના રાજા, જેને 'Fisher King' (માછીમાર રાજા) કહેવામાં આવે છે, તેની નપુંસકતા છે. આ દેશને ઉગારવા એક યોદ્ધો આવે છે જે અમુક સાંકેતિક પ્રશ્નો પૂછીને, કેટલીક કસોટીઓમાંથી પાર ઊતરીને અને સ્ત્રી જોડે મૈથુન દ્વારા ઉષર ભૂમિને ફળદ્રુપ બનાવે છે. એલિયટના કાવ્યમાં આ ત્રણે પાત્રો, માછીમાર રાજા, સ્ત્રી અને ઉદ્ધારક, જુદા જુદા રૂપમાં આવે છે. જ્યારે પ્રથમ પુરુષનો ઉપયોગ થતો હોય છે ત્યારે માછીમાર રાજા બોલતો હોય છે. તે આધુનિક સંસ્કૃતિની સાચી દશા પારખી શકે છે પણ તેનામાં આ સ્થિતિ સુધારવાનું સામર્થ્ય નથી. કવિ પોતે જ આ ચિકિત્સકના રૂપમાં બોલતા લાગે છે. કાવ્યનાં અનેક સ્ત્રીપાત્રો એક જ સનાતન નારીનાં પ્રતિબિંબ છે. જૂની દંતકથામાં સ્ત્રી દ્વારા પ્રદેશ ફળદ્રુપ બને છે એટલે સ્ત્રીનું સ્થાન ગૌરવયુક્ત છે. પણ આધુનિક ઉષર ભૂમિમાં જાતીય સંબંધ સંતતિઉત્પાદનને માટે નથી થતો, માત્ર વિલાસ ખાતર થાય છે એટલે સ્ત્રીનું જીવન શુષ્ક જ રહે છે. ત્રીજું મુખ્ય પાત્ર તે ઉદ્ધારકનું અને તે પણ વિવિધ સ્વરૂપો ધારણ કરીને પ્રવેશે છે. તે વેપારી છે, પ્રેમી છે, ખલાસી છે. શેક્સ્પિયરના નાટક 'The Tempest'ના નાયક ફર્ડિનાન્ડનો પણ ઉદ્ધારકના એક રૂપ તરીકે ઉલ્લેખ થાય છે. તે આદર્શવાદી યુવક છે, પણ કાવ્યના અંત પહેલાં તેનું મોત થાય છે.

'ઉષર ભૂમિ'ના પાંચ વિભાગ છે. પહેલાનું શીર્ષક છે 'The Burial of the Dead' (મૃતનું દફન). શીર્ષકમાં જ વનસ્પતિદેવતાના મૃત્યુનો ઉલ્લેખ થયો છે પણ અહીં તેના પુનર્જન્મની ઝાઝી આશા નથી. પ્રેમ જેવા જૂના આદર્શોની પોકળતા, અન્ધશ્રદ્ધાળુઓને ફસાવતી જોષીઓની ભવિષ્યવાણી, આવા વિષયોનો નિર્દેશ થાય છે. જીવતા મનુષ્યો પણ પ્રેત જેવા સરકી રહ્યા છે, તમામ વાતાવરણ પરાજય અને નિર્ભ્રમતાનું છે. બીજો વિભાગ 'A Game of Chess' (શેતરંજબાજી) છળકપટ અને અવિશ્વાસની કહાણી કહે છે. આ વિભાગનાં બંને દૃશ્યોમાં નારીજીવનની દુર્દશા બતાવી છે. પહેલા દૃશ્યમાં ઉપલા વર્ગની સ્ત્રી પોતાના સૌ આડંબર છતાં અસંતોષ

અને કંટાળાથી તરવરી ઊઠે છે. બીજા દૃશ્યમાં મજૂર વર્ગની સ્ત્રી, શ્રમથી અકાળ વૃદ્ધ બનેલી, વધારે પડતાં સંતાનોથી પીડાતી, પોતાના પતિને ખોઈ રહી છે. ભગવાન બુદ્ધ સંસારમાત્રને વાસનાના અગ્નિમાં બળતો વર્ણવે છે તે પરથી ત્રીજા વિભાગનું મથાળું 'The Fire Sermon' (અગ્નિપ્રવચન) રાખ્યું છે. આમાં ટેમ્સ નદીને કિનારે સ્ત્રીપુરુષ વચ્ચે સ્થપાતા અધમ જાતીય સંબંધોના કેટલાય પ્રસંગોનું આલેખન થયું છે. ખેદનું કારણ તો એ છે કે પ્રેમ નથી વિલાસનું સાધન પણ નથી બની શક્યો. એના વિલાસમાં પણ કશો જ આનંદ કે કશો જ સંતોષ પમાતો નથી; તે યંત્રવત્ થઈ રહ્યો છે.

ચોથો વિભાગ 'Death by Water' (વારિ દ્વારા મૃત્યુ) અત્યંત ટૂંકો છે. ફિનિશ્યાનો એક ખલાસી ડૂબી મરે છે. પણ આ પ્રસંગનો વ્યંગ્યાર્થ કાવ્યની યોજનાનો આધારભૂત છે. આ ખલાસી તે ઉદ્ધારક છે, એના મૃત્યુથી ઉષર ભૂમિને ઉગારવાની અંતિમ આશાનો તંતુ તૂટે છે અને એવું મૃત્યુ વારિ દ્વારા થાય છે એ નોંધપાત્ર છે. ઉષર ભૂમિને ફળદ્રુપ બનાવવા પાણીની જ આવશ્યકતા છે અને આખા કાવ્યમાં પાણી નવીન આધ્યાત્મિક બળોનું પ્રતીક છે. પણ આ ધસતા પાણીના ઓઘને સાચી દિશામાં ન વાળવામાં આવે તો તે જ વિનાશકારી તત્ત્વ બની જાય છે. ખલાસીનું મૃત્યુ ખોટા માર્ગો અને અવિવેકી ધૂન અને આવેશમાં શક્તિ વેડફી દેવી તે સૂચવે છે. પાંચમા વિભાગમાં નિરાશાની કાળી ઘટાઓ ઘેરાય છે. તેનો વિષય છે 'What the Thunder Said' (મેઘગર્જનાની વાણી). તૃષિત માનવી પાણીના બુંદ માટે તલસી રહ્યો છે અને તે મળી રહેશે એવો ભ્રમ મેઘનાદ એનામાં ઉત્પન્ન કરે છે. આનો અર્થ એવો કરી શકાય કે મુક્તિ સમીપ જ છે છતાં આપણે એને પ્રાપ્ત કરી શકતા નથી. અહીં એલિયટ સ્પષ્ટ કરે છે કે તેઓ માત્ર આધુનિક સંસ્કૃતિની સ્થિતિ નથી દર્શાવી રહ્યા, પણ આ કોયડાઓ માનવસમાજના સનાતન કોયડાઓ છે. મેઘનાં ગડગડાટમાં કવિને ઉપનિષદનો મંત્ર સંભળાય છે—'दत्त, दयध्वम्, दमत।' (દાન કરો, દયા રાખો અને ઇન્દ્રિયદમન કરો.) આ આકાશી સંદેશ કવિના હૃદયમાં ઊતરે છે પણ તેનું કાર્યમાં સંક્રમણ કરવા તે અસમર્થ છે. આશાકિરણ પ્રગટીને અદૃશ્ય થઈ જાય છે; ઉદ્વેગ અને અકળામણના સૂરોથી 'ઉષર ભૂમિ'ની સમાપ્તિ થાય છે.

'ઍશ વેડનસડે'

૧૯૩૦ પછી લખાયેલાં કાવ્યોમાં એલિયટની વિચારધારા એક નવી દિશામાં વળાંક લે છે. પ્રથમ વિશ્વયુદ્ધ... નિરાશા અને નિર્ભ્રમતાને સ્થાને અંગ્રેજી કવિતા... માર્ક્સવાદ અને સામ્યવાદે જોર પકડ્યું અને ઑડન અને સ્પેન્ડર જેવા કવિઓ નકારાત્મક દૃષ્ટિબિન્દુ ત્યજી આર્થિક મંદી અને ભાવિ વિશ્વયુદ્ધ સામે ટક્કર ઝીલવા પ્રેરાયા.

એલિયટનું માનસ સામ્યવાદથી અલિપ્ત રહી ધર્મ તરફ વળ્યું, પણ તેમની અને નવીનતર કવિઓ વચ્ચે એક સામ્ય છે ખરું કે બંનેએ નકારાત્મકને બદલે રચનાત્મક માર્ગ શોધ્યા. ૧૯૩૦માં છપાયેલા 'Ash Wednesday' (ઍશ વેડનસડે)માં આ વલણ સ્પષ્ટ જણાય છે. (ઈસ્ટર પહેલાં ખ્રિસ્તીઓ જે દિવસો ઉપવાસ અને પ્રાયશ્ચિત્તમાં ગાળે છે તેમાંથી પ્રથમ દિવસને ઍશ વેડનસડે કહેવામાં આવે છે.) એલિયટ હવે પરલક્ષી બનવાનો ડોળ છોડી દે છે અને પોતાના આધ્યાત્મિક કોયડા વ્યક્ત કરે છે. કવિ પોતાના યૌવનની વિદાય લે છે અને સૌ મહત્ત્વાકાંક્ષા અને અભિલાષાનો ત્યાગ કરે છે, જીવનના સૌ રાગ અને મોહ હવે પોતાને માટે નથી એ સ્થિતિ સ્વીકારે છે. આ ઊર્ધ્વગમનના પ્રયત્નને તેઓ સોપાનના રૂપક દ્વારા વ્યક્ત કરે છે:-

At the first turning of the second stair
I turned and saw below
The same shape twisted on the banister
Under the vapour in the fetid air
Struggling with the devil of the stairs who wears
The deceitful face of hope and of despair.

ઈશ્વરઇચ્છાને અધીન થવા મથતા કવિને વિવિધ પ્રકારનાં પ્રલોભનો લલચાવે છે, તેમની સંકલ્પશક્તિને ડગમગાવે છે, તેમની વિવેકબુદ્ધિને ભ્રષ્ટ કરે છે. આ કડીમાં જ તર્કવિતર્કોમાં બુદ્ધિને ગૂંચવવી, વિચારવમળમાં જ રહેવું, એ પ્રલોભનનું વર્ણન થયું છે. દુર્ગંધભર્યા વાતાવરણમાં કવિમાનસ પોતાને આશા અને નિરાશાના છેતરતી કોઈ આસુરી શક્તિ સાથે યુદ્ધમાં ઊતર્યું છે.

કાવ્યમાં વારંવાર એક સ્ત્રીપાત્રનો ઉલ્લેખ થાય છે... ક્રાઈસ્ટની માતા મેરીને મળતી છે, જે વાદળી વસ્ત્ર...

ફરીતે ઉદ્યાનમાં ફરી રહી છે અને જેનો સંકેત વિહંગ અને ફુવારામાં તેમ જ કવિના આત્મામાં નવીન બળ પ્રેરે છે. આ પાત્ર એલિયટના અનુભવની કોઈ વ્યક્તિવિશેષ હોઈ શકે, પણ તે શ્રદ્ધા અથવા દૈવી કૃપા જેવી કોઈ ભાવનાનું પ્રતીક હોય એ વધુ સંભવિત છે. કવિને પોતાના ધ્યેય પ્રતિ જવાના માર્ગમાંથી જે અનેક પ્રલોભનો ચળાવી રહ્યાં છે તેમાં સૌથી મોટું પ્રલોભન જીવનનો ઉલ્લાસ છે. પોતાના ઉલ્લાસયુક્ત પૂર્વજીવનની સ્મૃતિઓ કેટલીક વાર તો પ્રેરણારૂપ નીવડે છે પણ અન્ય સમયે ધર્મોદયથી વિમુખ બનાવે છે. આ સ્મૃતિઓને અતિ રમણીય પ્રકૃતિનાં દૃશ્યોના રૂપમાં વર્ણવી છે :

Although I do not wish to wish these things
From the wide window towards the granite shore
The white sails still fly seaward, seaward flying
Unbroken wings

And the lost heart stiffens and rejoices
In the lost lilac and the lost sea voices
And the weak spirit quickens to rebel
For the bent golden-rod and the lost sea smell.

એલિયટ મૂળ અમેરિકાના વતની એટલે ત્યાંના દરિયાકાંઠાની સ્મૃતિઓ એમના ચિત્તને ઘેરી વળે છે. ખુલ્લી બારીમાંથી દરિયાકિનારાની ઊંચી શિલાઓ દેખાય છે અને વહાણોના સઢ કોઈ શ્વેત પક્ષી માફક સમુદ્ર તરફ ઊડી રહ્યા છે. આ સૌનું પ્રબળ આકર્ષણ તેમની ઇચ્છા વિરુદ્ધ તેમના હૃદયને હેરી રહ્યું છે. ખોવાયલા સમુદ્રના પુકારો અને ગંધો, ખોવાયલા લાઇલેક અને ગોલ્ડન રૉડનાં કુસુમો તેમના હૃદયમાં ઓચિંતાં સભાનતા અને ઉલ્લાસ ઉત્પન્ન કરે છે અને તેમનો અશક્ત આત્મા વૈરાગ્યને તરછોડી, ઈશ્વરની આજ્ઞા વિરુદ્ધ બળવો કરી, તેમના તરફ ધસે છે. કવિના હૃદયને 'ખોવાયલું' કહેવામાં આવ્યું છે તેના એ અર્થ થાય છે. હૃદયે આ સર્વ સૌન્દર્ય ખોયાં છે એટલે તે પોતે અટૂલું છે. પણ સાથે સાથે તેણે ઈશ્વરેચ્છાની અવહેલના કરી છે એટલે તેણે નિર્વાણ પણ ખોયું છે.

'એશ વેડનસડે'માં કવિનું અંતર સમાધાન પામતું નથી, પ્રશ્નોનું નિરાકરણ થતું નથી. કવિ પોતાની દશાને 'The dream-crossed twilight between birth and dying' (જન્મ અને મૃત્યુ વચ્ચેની સ્વપ્નાચ્છાદિત સંધ્યા) તરીકે વર્ણવે છે. પણ જરા આગળ જતાં તે મૃત્યુ અને નવજન્મને સાંકળતો ઉદ્વેગભર્યો માર્ગ બની જાય છે. 'This is the time of tension between dying and birth.' કાવ્યને અંતે કવિ પરમ તત્ત્વને પ્રાર્થના કરી રહે છે. એમના સૂરને વધુ દૃઢ અને નિશ્ચિત બનતાં હજી એક દશકો વીતી જવાનો છે.

'ફોર ક્વૉર્ટેટ્સ'

જુદા જુદા સમયે લખાયલાં કાવ્યો 'Burnt norton' (બર્ન્ટ નૉર્ટન), 'East Coker' (ઇસ્ટ કોકર), 'The Dry Salvages' (ડ્રાઇ સેલવેજેસ) અને 'Little Gidding' (લિટલ ગિડિંગ) એ ચારેનો સંગ્રહ જ્યારે 'Four Quartets' (ફોર ક્વૉર્ટેટ્સ)ને નામે પ્રસિદ્ધ થયો ત્યારે વાચકોએ જાણ્યું કે આધુનિક ઉપર ભૂમિમાંથી કવિને મુક્તિનો માર્ગ જડ્યો છે. તેમની વાણીમાં એક નવીન આસ્થા, એક નવીન શાન્તિનો આવિષ્કાર થાય છે. કાવ્યોનાં શીર્ષક ઉપરથી તેમના વિષય સંબંધી ઝાઝું જ્ઞાન મળતું નથી; તે ચારે કોઈ વિશેષ સ્થળનાં નામ છે. 'બર્ન્ટ નૉર્ટન' એ કોઈ વિશાળ મકાનનું નામ છે. 'ઇસ્ટ કોકર'ના ગામમાં એલિયટના પૂર્વજો શેક્સપિયરના સમયમાં રહેતા હતા. 'ડ્રાઇ સેલવેજેસ' સમુદ્રમાં વહાણોને વિઘ્નરૂપ બનતા પથ્થરોનું એક ઝુંડ છે. મિલ્ટન અને ક્રોમવેલના સમયમાં વિલાયતમાં આંતરિક યુદ્ધ ચાલતું હતું ત્યારે નિકોલસ ફેરાર નામના એક ધર્મિષ્ઠ પુરુષે 'લિટલ ગિડિંગ'ને ઠેકાણે મઠ સ્થાપેલો. કવિ આ સૌ સ્થળોનું વર્ણન કરતા નથી પણ એ જગ્યાની સ્મૃતિઓમાંથી જે વિચારોનો ઉદય થાય છે તે કાવ્યોની મુખ્ય વિચારધારાને પોષે છે. જીવનનો અર્થ અને તેનો ઉદ્દેશ, આ રહસ્યોનાં ઊંડાણમાં કવિ ઊતરે છે. એક તરફ તેમણે અન્ય કૃતિઓમાં ચીતરેલું નિસ્તેજ આદર્શહીન શૂન્ય જીવન છે. પણ એલિયટ આગળ વધીને આ દશામાંથી મુક્ત થવાનો માર્ગ પણ સૂચવે છે. માર્ગ કાંઈ સુગમ નથી પણ તે છતાં મનુષ્યજાતિનાં ભવિષ્ય સંબંધી નિરાશ થવાનું પણ કશું કારણ નથી. 'લિટલ ગિડિંગ'માં એલિયટ અધમતા તેમ જ શુદ્ધિ બંનેને અગ્નિના રૂપમાં નિરખે છે :

The only hope or else despair
Lies in the choice of pyre or pyre—
To be redeemed from fire by fire.

માનવ સંકલ્પશક્તિને આ બે પ્રકારના અગ્નિ વચ્ચે પસંદગી કરવાનો અધિકાર છે. અધમતાની ચિતામાંથી જો તેણે બચવું હોય તો પાવનકારી જ્વાલામાં હોમાવા સિવાય અન્ય ઉપાય નથી.

'ફોર ક્વૉર્ટેટ્સ'ની યોજના અને તેના બંધારણમાં સંગીત સાથે બહુ સામ્ય છે. 'ક્વૉર્ટેટ' એટલે એક પ્રકારનું યુરોપીય શાસ્ત્રીય સંગીત. સંગીતમાં જેમ અનેક વાદ્યોના સૂર ભળે છે તેમ અહીં વિષયને અનેક દૃષ્ટિબિન્દુથી જોવામાં આવે છે અને સૌના સંમિશ્રણથી સંપૂર્ણતાનું આપણે આસ્વાદન કરી શકીએ છીએ. સંગીતમાં જેમ રાગનું પુનરાવર્તન થાય છે તેમ ચારે કાવ્યોમાં વિચારનું અને કેટલાંક મૂળભૂત શબ્દો અને ચિત્રોનું પુનરાવર્તન થતું રહે છે અને તે વડે કવિનું મંતવ્ય વધુ સ્પષ્ટ બને છે. આમ શબ્દોમાં વર્ણવી ન શકાય એવા આધ્યાત્મિક અનુભવનો આવિષ્કાર સંગીતની મદદથી થયો છે. અન્ય કાવ્યો કરતાં આ કાવ્યોમાં વિચારનું સંક્રમણ કરવાનો એલિયટે વધારે પ્રયત્ન કર્યો છે. પણ આધુનિક યુગમાં જનતાને ધર્મમાં વિશેષ શ્રદ્ધા નથી એટલે ખ્રિસ્તી ધર્મ પોતાને અનુકૂળ હોવા છતાં તેની પરિભાષાનો કવિએ વધારે પડતો વપરાશ કર્યો નથી. હિન્દના તત્ત્વજ્ઞાનનો પણ તેઓ આશ્રય લે છે અને શ્રીકૃષ્ણનો 'નિષ્કામ કર્મ'નો સંદેશ વાચક સમક્ષ મૂકે છે:

> 'Not fare well,
> But fare forward, voyagers.'

(હે યાત્રીઓ! સુખાસિદ્ધિનો વિચાર ત્યજી આગળ વધો !)

'કાળ' એ એલિયટના ચિંતનનો એક મુખ્ય વિષય છે. તેઓ ઉત્ક્રાંતિમાં માનનારા નથી, અને કાળને અપાર સમુદ્રના રૂપમાં ધ્યેયવિહીન કલ્પે છે. જન્મ અને મૃત્યુ, સર્જન અને વિનાશનો ક્રમ તેઓ સર્વત્ર નિહાળે છે. છતાં મૃત્યુ અને પરાજય નવજન્મ અને નવનિર્માણમાં પરિણમે છે એ વિચાર તેમને આશ્વાસન આપે છે. 'ઇસ્ટ કોકર'નું પહેલું વાક્ય છે:

> 'In my beginning is my end.'

(મારા આરંભમાં જ મારો અંત છે). પણ તેની સમાપ્તિ આ વાક્યથી થાય છે—

> 'In my end is my beginning.'

(મારા અંતમાં જ મારો આરંભ ગૂઢરૂપે રહેલો છે.) માનવીમન દેશકાળથી પર એવી ક્ષણો અનુભવે છે, જેમાં એને જીવન માત્રનાં બંધનોથી મુક્તિ મળે છે અને સમગ્ર રહસ્યોનું દર્શન થાય છે. આવી વિરલ ક્ષણોનું સીધા શબ્દોમાં વર્ણન કરવું અશક્ય છે; એલિયટ કોઈક વાર તેને સૂર્યકિરણ અથવા પલ્લવોમાં છૂપાયલાં હસતાં બાળકો જેવાં પ્રતીક દ્વારા, વર્ણવે છે; કોઈક વાર ઉપનિષદની નેતિ નેતિ જેવી વ્યાખ્યા દ્વારા, આ પ્રમાણે:

> At the still point of the turning world. Neither flesh nor fleshless;
> Neither from nor towards; at the still point, there the dance is,
> But neither arrest nor movement. And do not call it fixity,
> Where past and future are gathered......
> The inner freedom from the practical desire,
> The release from action and suffering, release from the inner
> And outer compulsion.

જગતના વ્યાપારો સામાન્ય રીતે અસંગત જણાય છે. પણ આ પંક્તિઓમાં જે વિરલ ક્ષણનું વર્ણન કરવામાં આવ્યું છે તેવી સજાગ સભાન ક્ષણોમાં એ વ્યાપારો વચ્ચે ગૂઢ રહેલા સંબંધનો ચિત્તને પરિચય થાય છે અને અંધાધૂંધીભર્યું જગત કોઈ સુરેખ સુરીલા નૃત્યનું રૂપ ધારણ કરે છે. મુક્તમાનસ આ નૃત્યના, એટલે કે ગતિશીલ એવા જગતના, કેન્દ્રમાં સ્થિર છે. આ મધ્યબિન્દુમાં ગતિ નથી, ગતિનો અવરોધેય નથી, નિશ્ચલતા પણ નથી. ત્યાં કોઈ દિશા નથી; તે શારીરિક નથી તેમ અશારીરિક નથી; તેમાં ભૂત અને ભવિષ્યનો સમાવેશ થાય છે. ત્યાં વાસનાઓથી, પ્રવૃત્તિ અને વેદનાથી, આંતર અને બાહ્ય દબાણથી મુક્તિ મળે છે.

પુણ્ય અને પાપનું દ્વંદ્વ 'ફોર ક્વૉર્ટેટ્સ'માં આદેશ અને અરાજકતાના રૂપમાં પ્રકટ થાય છે. આ બંને પ્રકારની સ્થિતિઓનું અનેક રૂપકો અને પ્રતીકો દ્વારા સ્પષ્ટીકરણ થયું છે અને તેના ઉપર મનન કરવામાં આવ્યું છે. પ્રકાશ અને તિમિરનાં પ્રતીકોનો વારંવાર ઉપયોગ થાય એ સ્વાભાવિક છે. પણ એલિયટ તિમિરનું પ્રતીક એ વિ

દશાઓ માટે વાપરે છે. સામાન્ય જીવનની અંધાધૂંધી એક પ્રકારનું તિમિર છે. પણ આત્માના ગહનમાં જો આપણે ઊતરીએ, વૈભવ અને અભિલાષાનો સ્વેચ્છાથી ત્યાગ કરીએ, તો આય એક પ્રકારનું તિમિર છે, છતાં તે ઈશ્વરપ્રાપ્તિનું સાધન બની શકે છે. આમ અસ્થાયી જિંદગીથી ઊંચે ચઢવાના બે માર્ગ છે. આત્માને કોઈ પ્રસાદરૂપે મળેલી પ્રકાશમય વિરલ ક્ષણોમાં આપણે કામ, ક્રોધ, મોહનાં બંધન ખંખેરી શકીએ છીએ. પણ આવી ક્ષણોમાં જ પોતાનો વાસ કરવો, જગતથી પર જ રહેવું, એ તો સંતપુરુષને માટે જ શક્ય છે. સામાન્ય મનુષ્યો માટે આવી તેજોમય ક્ષણો વચ્ચેનું અંતરાલ ત્યાગ અને તપસ્યાના તિમિરમાં ગાળવું જરૂરી છે. પ્રાયશ્ચિત્તના અગ્નિમાં હોમાઈ, આપણે જ્યારે શુદ્ધ બનશું, ત્યારે અગ્નિનું ઈશ્વરના અપાર પ્રેમના પ્રતીક સમા ગુલાબમાં સંપરિવર્તન થશે:

'When the tongues of flame are infolded,
Into the crowned knot of fire
And the fire and the rose are one.'

અગ્નિની ગ્રંથિ અને ગુલાબ બંને અંતમાં એકરૂપ જ છે એવો એલિયટનો સંદેશ 'ફોર ક્વૉર્ટેટ્સ'ની આ અંતિમ પંક્તિઓમાં સંભળાય છે.

'ઉષર ભૂમિ'થી ઊર્ધ્વગમનના પુરુષાર્થ સુધી

એલિયટના સમગ્ર કાવ્યદેહનું દર્શન કરતાં આપણને જણાય છે કે એમનાં ચિંતનમાં તેમ જ એમની કાવ્યરીતિમાં સતત વિકાસ થતો રહ્યો છે. 'ઉષર ભૂમિ' સુધીનાં કાવ્યોમાં એમને સર્વત્ર અધમતા, શૂન્યતા અને આધ્યાત્મિક દારિદ્રયનો જ અનુભવ થયો લાગે છે. પણ 'ઍશ વેડનસડે' અને 'ફોર ક્વૉર્ટેટ્સ'માં તેમ જ એમનાં ત્રણ નાટકો, જેનું વિવરણ કરવા અહીં અવકાશ નથી, તેમાં, કવિની દૃષ્ટિ બદલાતી લાગે છે, ઊર્ધ્વગમનનો અતિશય વિષમ છતાં પુરુષાર્થ પ્રેરતો માર્ગ એમને સાંપડ્યો છે. સાથે સાથે એમની શૈલી પણ વધુ સરળ બની છે, છંદોલયનો ઉપયોગ કરવામાં આવ્યો છે અને મલિનતાભર્યું વાતાવરણ સૂચવતાં શબ્દ-ચિત્રોને સ્થાને વાચકને રુચિકર અને સ્વચ્છ શબ્દભંડોળનો વપરાશ થયો છે. એલિયટની દૃષ્ટિને સંકુચિત કહી શકાય-તેમણે પ્રથમ કાવ્યોમાં જે હીણા જીવનનું વર્ણન કર્યું છે તે એકપક્ષી તો છે જ, અને આગળ જતાં ધર્મ તરફનું તેમનું વલણ સમાજનાં મૂળભૂત આર્થિક બળોને અવગણે છે એટલે તે ઘણાંને અવાસ્તવિક લાગવાનું જ. છતાં તેઓ પોતે કવિ માટે આવશ્યક ગણે છે તે કંટાળો, ભયંકરતા અને ભવ્યતા (the boredom, the horror and the glory)નું તેમનું દર્શન ઊંડું અને વેધક છે અને શબ્દો ઉપર તેમનો કાબૂ નિર્વિવાદ છે. માનવહૃદયના તારોને તેઓ, ખાસ કરીને ૧૯૩૦ પછીનાં કાવ્યોમાં, અનેક વાર ઝણઝણાવી રહે છે અને સ્પષ્ટ છતાં વ્યંગ્યાર્થવાળાં શબ્દચિત્રો દ્વારા વાચકને સર્વત્ર આકર્ષે છે. તેમની સત્યની એકનિષ્ઠ શોધ અને તેમની વાક્છટાને લીધે ટી. એસ. એલિયટ અત્યારની અંગ્રેજી કવિતાના અગ્રણીપદને પાત્ર તો છે જ.

૨૫-૧૦-'૫૨

કર્તવ્ય-કાવ્ય

ૈયામાં ચિરકાળથી ઉછળતું એવું હતું ગીતડું,
જે ગાવા બહુયે મથી પણ લતા ગાઈ શકી ના કશું.
તેને સ્વાત્મ્ય કરી, ખીલી સુમનથી એવી લતા કે પછી
એ મૂંગી સુરભિ તણા વહનમાં વ્હેતું થયું ગીતડું.

પારાશર્ય

જડતા

જડતા મન ને શરીરની
જડથી કેમ કરી જતી નથી;
વિહગો ચીતર્યાં દીવાલનાં
કણ એક્કે જ્યમ ચૂગતાં નથી.

'વિવિત્સુ'

ઘડપણ કોણે મોકલ્યું ! (જાત અનુભવો)

સુમન્ત મહેતા

સામાન્ય રીતે આપણે એવું માનીએ છીએ કે આ સૃષ્ટિમાં જે કંઈ છે તે કાં તો સજીવ છે અથવા જડ છે. પ્રાણીઓ, જંતુ અને વનસ્પતિ એ સજીવ ગણાય છે, પહાડ, પથરા, રેતી એ જડ છે. જો વધારે સૂક્ષ્મ રીતે જોઈએ તો સૃષ્ટિમાં જે કંઈ છે તે બધું ચેતનમય જ છે અને બધામાં પરિવર્તન ચાલુ થયાં કરતું જ હોય છે; છતાં સામાન્ય ભાષામાં આપણે જેને સજીવ કહીએ છીએ તેનો એક સ્પષ્ટ જીવનક્રમ છેઃ–તે વસ્તુ જન્મ પામે છે, અથવા છૂટું વ્યક્તિત્વ પામે છે, જે પછી તેનો વિકાસ થાય છે, અને લાંબાટૂંકા સમય પછી તે ક્ષીણ થઈને મૃત્યુ પામે છે, અથવા જડ બની જાય છે. આ નિયમ સૂક્ષ્મમાં સૂક્ષ્મ જંતુને લાગુ પડે છે, ઝાડને લાગુ પડે છે, અને હાથીને પણ લાગુ પડે છે. જ્યારે કોઈ પણ વ્યક્તિ કે ચીજનો વિકાસ અટકી પડે છે ત્યારે તેનાં વિકાસ પામેલાં, ભરાયલાં, અંગો શિથિલ થઈ જાય છે અને ઢીલાં પોચાં પડે છે. આ શિથિલતાને આપણે વૃદ્ધાવસ્થા કહીએ છીએ. વૃદ્ધાવસ્થા એ અસ્વસ્થતા તો છે જ પણ આખા જગતને માટે એ અનિવાર્ય હોવાને લીધે એ ગુનો ગણાતો નથી, પણ કમનસીબી છે. એને રોગ કહેવાય કે કેમ તેનો વિચાર કરતાં મેં જોયું કે રોગને અંગ્રેજીમાં ડિસ–ઈઝ=ડિસીઝ, કહે છે. ડિસીઝ એટલે અસ્વસ્થતા; તેથી એને રોગ પણ ગણી શકાય.

વૃદ્ધાવસ્થાની શિથિલતાનાં જે જે પરિણામ આવે છે તે આપણે જરા વિગતવાર તપાસીએ. વૃદ્ધ પ્રાણીથી પહેલાંની જેમ ઝડપથી ચાલી શકાય નહીં, દોડી શકાય નહિ, પોતાનું રક્ષણ બરોબર ન કરી શકાય; શિકાર કરી શકાય નહીં એટલે ખોરાક મેળવવાના પ્રયાસોમાં એ વધારે ને વધારે નિષ્ફળ બનતો જાય. એના શરીરનાં બધાં ગાત્રો, એના સ્નાયુ અને સાંધા બધા નરમ પડી જાય, એના શરીરમાં ચપળતા ઓછી થાય, એનાં હાડકાંમાંથી અમુક તત્ત્વો ઓગળી જવાને લીધે તેને સખત ફટકો કે આંચકો પહોંચતાં તે ભાંગી જવાનો સંભવ રહે. આ ઉપરાંત તેનું હૃદય પણ પોચું પડી જાય અને તેને લીધે લોહીનું દબાણ ઓછું કે વધારે થઈ જાય, અને લાખો લોહીની નળીઓ પરનો કાબૂ નરમ અથવા અનિયમિત બની જાય. ઊભા રહેવાની ક્રિયામાં સેંકડો સ્નાયુઓના સહકારની કાયમ જરૂર રહે છે, એ સહકાર ઓછો થાય તો મનુષ્યને ઊભા રહેવું અઘરું પડે અને વખતે ચક્કર આવે. સ્નાયુ ઢીલા પડવાને લીધે એ ટટાર ઊભો રહી શકે નહિ કે ચાલી શકે નહીં અને કમરમાંથી વાંકો થવા માંડે. તેની ગરદન પણ ઢીલી પડે. ઘરડાં મનુષ્યોનો અવાજ બદલાઈ જાય છે, ચામડી ઢીલી પડે છે, અને વાળ સફેદ થાય છે, દાંત પડતા જાય છે અને એકંદરે શરીર નબળું બની જાય છે. આમ થવાને લીધે ઘરડાં મનુષ્યોનું કાર્યકૌશલ્ય ઘટી જાય છે.

જે જ્ઞાનતંતુઓ વધારે મહત્ત્વના છે તેના પર વૃદ્ધાવસ્થાની પહેલી અસર થવાનો સંભવ છે. અંગોને હલાવવાના અને સ્પર્શ પારખવાના જ્ઞાનતંતુઓ સાધારણ છે, પણ દેખવાના, સાંભળવાના, ગંધ પારખવાના, સ્વાદના તંતુઓ વધુ ખીલેલા તથા મહત્ત્વના હોઈને તેના પર વૃદ્ધાવસ્થાની અસર પહેલી થાય છે. તેના પરિણામે વૃદ્ધ મનુષ્યો (અને બીજાં પ્રાણીઓ પણ) ઓછું સાંભળે છે, અને ઓછું દેખે છે. ઘણા વૃદ્ધોથી રાત્રે ઓછું ભળાય છે, ધીમેધીમે તેમની ગંધશક્તિ પણ ઓસરી જાય છે અને સ્વાદ પણ ઓછો થાય છે. દાંત પડી જવાને લીધે તેનાથી ખોરાક પૂરા પ્રમાણમાં ચવાતો નથી અને પાચનશક્તિ કમી થવાથી ખોરાક પચતો નથી.

મગજના જ્ઞાનતંતુઓ નબળા પડી જવાને લીધે મનુષ્યની સ્મરણશક્તિ ઘટી જાય છે અને બુદ્ધિશાળી તથા સામાજિક વ્યવહારમાં ગુંથાયલા મનુષ્યોને આ નબળાઈ ઘણી

સાલે છે. વાતચર્ચાની અંદર કે ભાષણ કરતાં કે લેખ લખતી વખતે અમુક શબ્દ ન સાંભરે તો ભારે ગુંચવણ થઈ જાય છે. દુઃખથી દૂર રહેવાની અગમચેતીભરી બુદ્ધિથી મનુષ્ય સાહસિક કામ કરતાં અચકાય છે અને ડરકુ બની જાય છે. જે દુઃખ કે અગવડ આવી પડશે તેને ટાળવાનો પ્રયત્ન કરીશું. અગર જરૂર પડશે તો સહન કરી લઈશું એવી હિંમતના અભાવને લીધે વૃદ્ધોમાં અમુક પ્રકારની નિષ્ક્રિયતા વધતી જાય છે.

જ્યારે મનુષ્ય જંગલમાં રહેતો હતો અને પ્રાણીઓના શિકાર પર જીવતો હતો ત્યારે જે વ્યક્તિ વૃદ્ધાવસ્થાને લીધે શિકારમાં મદદરૂપ ન થઈ શકે, અથવા આત્મરક્ષણ ન કરી શકે એવી હોય તેને મારી નાંખવામાં આવતી ઑસ્ટ્રેલિયાની પાસે પૉલિનેશિયામાં હજારો બેટો છે તેમાંથી કેટલાકમાં મનુષ્યભક્ષી જંગલી મનુષ્યો વસે છે. એવી એક પ્રજા વિશે કહેવાય છે કે એ લોકો વૃદ્ધ માણસને વાજતે ગા . ે હારફૂલ ચઢાવીને મેદાનમાં લાવીને શેકે છે અને આખી જમાત એ વૃદ્ધ મનુષ્યના ગોસ્ત પર મહેફિલ ઉડાવે છે. આવા ગોસ્તને એમની ભાષામાં એ લોકો "લાંબું ડુક્કર" કહે છે.

દાંત પડી ગયા હોય, પ્રવાહી પ્રદાર્થો જ ખાઈ શકાતા હોય, અવાજ પણ ઓછો ઘેરો, કંઈક તીણો બન્યો હોય, ઊભા રહેવાની શક્તિ ઓછી થઈ હોય એવાં એવાં કારણોને લઈને વૃદ્ધાસ્થાને બીજી બાલ્યાવસ્થા કહેવાય છે. આ ટીકા છેક અયોગ્ય નથી.

પણ સાઠ વર્ષ થયાં હોય કે નહીં, ભરજુવાની આથમવા લાગી હોય અને માણસ ભૂલકણો થવા લાગે કે તરત જ તેના મિત્રો અને 'હિતેચ્છુઓ' તેને સંભળાવે છે કે: "સાઠી, બુદ્ધિ નાઠી." આવી રીતે બુદ્ધિનો નાશ થાય છે કે નહીં, થતો હોય તો કેટલા પ્રમાણમાં થાય છે, એ વિષયની ચર્ચા આ લેખમાં કરી છે.

વૃદ્ધાવસ્થાને માટે જો મેં સૌથી વધારે દયાજનક વર્ણન વાંચ્યું હોય તો તે આપણા ભક્તકવિ નરસૈયા–નરસિંહ મહેતાનું લખેલું છે. બનવા જોગ છે કે એણે આ કાવ્ય આત્માનુભવ પરથી લખ્યું હોય. અહીં તેની થોડી લીટીઓ ટાંકું છું:

ઘડપણ કેણે મોકલ્યું, જાણે જોબન રહે સૌ કાળ;
ઉંમરા તો ડુંગરા થયા રે, પાદર થયાં પરદેશ;
ગોળી તો ગંગા થઈ રે, અંગે ઉજળા થયા છે કેશ;
નહોતું જોઈતું ને શીદ આવીયું રે, નહોતી જોઈ તારી વાટ;
ઘરમાંથી હળવા થયા રે, એની ખૂણે ઢળાવો રે ખાટ;
પ્રાતઃકાળે પ્રાણ માહરા રે, અન્ન વિના અકળાય;
ઘરનાં કહે મરતો નથી રે, તને બેસી રહેતાં શું થાય.
દીકરા તો જુજવા થયા રે, વહુઓ દે છે ગાળ,
દીકરીઓને જમાઈ લઈ ગયા રે, હવે ઘડપણના શા રે હાલ.
નવ નાડો જુજવી પડી ને, આવી પહોંચ્યો કાળ,
બરાં છોકરાં ફટફટ કરે રે, નાનાં બાળક દે છે ગાળ.

ઢાલની બીજી બાજુ

વૃદ્ધાવસ્થાની જે કરુણામય અને કાંઈક ત્રાસજનક સ્થિતિ નરસિંહ મહેતાએ વર્ણવી છે તેના બદલામાં શું એ અવસ્થાના કાંઈ લાભ જ નથી? અને જો ખરેખર તેમ જ હોય તો અમુક નિરાધાર, અપંગ, પરાવલંબી, નિષ્ક્રિય, બીજાંઓને ત્રાસરૂપ એવા વૃદ્ધોને 'લાંબું ડુક્કર' બનાવી દેવાય તો શું તે વાંધાભર્યું ગણાય? જે મનુષ્યોને એવો રોગ લાગુ પડ્યો હોય (કેન્સર અને બીજા કેટલાક) કે જેને લીધે સતત અને અસહ્ય દુઃખ થયાં કરતું હોય, દર્દી એ દુઃખને લીધે બુમાબૂમ પાડતો હોય, ઊંઘ વિના પથારીમાં તડફડતો હોય, રોગ અસાધ્ય છે એવો નિષ્ણાતોનો લેખિત અભિપ્રાય હોય, જેને શાંત રાખવા માટે સતત ઘેનની દવા આપ્યાં કરવી પડતી હોય તેને દાક્તર ઘેનની દવા મોટા પ્રમાણમાં આપીને મૃત્યુ આણી શકે કે કેમ એ વૈદ્યકીય નીતિનો અત્યંત ચર્ચાસ્પદ વિષય છે. અંગ્રેજી ભાષામાં આવાં મૃત્યુને યુથેનેશિયા (Euthanesia) કહે છે. વૃદ્ધ નહીં એવી એક સ્ત્રીને મેં કેન્સરના દુઃખથી તડફડિયાં મારતી જોઈ છે તેનું ચિત્ર જ્યારે મને સાંભરે છે ત્યારે ત્રાસને લીધે મારાં રૂવાડાં ખડાં થઈ જાય છે અને પરસેવો છૂટવા જેવો હું નરમ થઈ જાઉં છું.

પણ હું માનું છું કે વૃદ્ધાવસ્થામાં માત્ર દુઃખ જ છે અને નબળાઈ છે એ હકીકત નથી, અને તેથી હું ઢાલની બીજી બાજુ બતાવું છું. આમ કરવાનો મને અધિકાર છે, કારણ કે હું ૭૫ વર્ષ વટાવી ગયો છું.

ચીની લેખક લિન–યુટાંગ લખે છે કે આખા જગતમાં બે દેશો એવા છે કે જ્યાં વૃદ્ધોને માટે સમાજ માનની દૃષ્ટિ રાખે છે, એ બે દેશો છે ચીન અને હિંદ. આ બે સમાજોમાં એવી માન્યતા છે કે આ સઘળા વૃદ્ધો એક વખત જુવાન

હતા, જુવાનીમાં તેમણે સામાજિક ધર્મોનું ધારણપાલન કર્યું હતું, તેમણે બાળકો ઉત્પન્ન કરી ઉછેરીને નવી પેઢીને નવા (અને સારા) નાગરિકો આપ્યા છે. તેઓ શરીરે નબળા થઈ ગયા હોય તેમાં શું થઈ ગયું? ઘડપણમાં ડહાપણ વધારે હોય છે, વૃદ્ધોમાં લાંબો ઊંડો વિચાર હોય છે, કાર્યકુશળતા હોય છે, વ્યવહારકુશળતા હોય છે. ગુજરાતીમાં એક કહેવત છે કે: "ઘરડાં વિના ગાડાં ન વળે." હું એનો અર્થ એવો સમજ્યો છું કે જો કોઈ કારણસર રાજ્યસત્તાથી ત્રાસી કંટાળી જઈને યુવાનો ગામ છોડીને ચાલ્યા જતા હોય, અને રાજા રાજહઠ લઈને ન્યાય કરવાને ખુશી ન હોય તો ઘરડા માણસો જ બન્ને પક્ષોને સમજાવીને સમાધાન કરાવી શકે છે અને ઉચાળા ભરતા યુવાનોનાં ગાડાં પાછાં વાળે છે.

વૃદ્ધોને માટે માન તથા ઉચ્ચ સ્થાન માત્ર ચીન અને હિંદ દેશમાં જ નથી પણ બધા પૂર્વના દેશોમાં છે, માત્ર હિંદુઓમાં જ નથી પણ મુસ્લિમ, યહૂદી વગેરેમાં પણ છે.

આ લખવાનો હેતુ તો એ બતાવવાનો છે કે બધા વૃદ્ધો નિષ્ક્રિય કે અપંગ કે બુદ્ધિ વિનાના હોતા નથી. વૃદ્ધોને પુષ્કળ અનુભવ હોય છે, અને તેઓ રાગદ્વેષથી પર હોવાનો બહુ સંભવ છે, તેથી તેઓ કાર્યદક્ષ બની શકે છે, કાર્યક્ષમતા વખતે ઓછી હોય. અનુભવ શું શું અને કેટલું શિખવી શકે છે તેનું એક દૃષ્ટાંત મને થોડા સમય પહેલાં જ મળ્યું હતું. હું જ્યારે વડોદરાની મોટી હોસ્પિટલમાં કામ કરતો હતો અને મારે દરરોજ નવા દર્દીઓને તપાસીને તેમના રોગ પારખવાના હતા ત્યારે ઘણી ઘણી વાર એવું બનતું કે દર્દી મારા મોટા ઓરડામાં આવે. તેના હલનચલન, તેના મોં પરની લાગણીઓ, તેની બોલવાની રીત પરથી મને સહેજ અનુમાન થતું કે એને શું રોગ હશે. દાક્તરી કામ છોડયાને ૩૯ વર્ષ થયાં છે તે છતાં હમણાં એક સાધારણ જાણીતી વ્યક્તિ મને મળવા આવી. એની ચાલવાની ઢબ, શરીરનો આકાર, એનો અવાજ, બોલવાની ઢબ વગેરે અનેક લક્ષણો જોઈને મેં એના મનની અસ્વસ્થતાનું કારણ પારખી લીધું. થોડા સમય પછી મેં જાણ્યું કે મારું અનુમાન ખરું હતું. તેવી જ રીતે આજે જ્યારે વિદ્યાર્થીઓ અને જુવાનો તેમ જ પાકટ વયનાં સ્ત્રીપુરુષો મને મળવા આવે છે ત્યારે તેમના આવવાના હેતુ, તેમની પ્રગટ તેમ જ અપ્રગટ ઇચ્છાઓ, અને ટૂંકામાં, તેમના ચારિત્ર્ય વિશે મને કાંઈક કિયાસ (ખ્યાલ) આવી જાય છે. વખતે એવું હોય કે મારામાં આ શક્તિ સામાન્ય મનુષ્યોના કરતાં વધારે ખીલી હોય, તે છતાં મારું માનવું છે કે લાંબા અનુભવને લીધે મનુષ્યની પરીક્ષા ઘરડાઓ સહેલાઈથી કરી શકે છે અને એવા મનુષ્યો મતભેદ શમાવવામાં કામેલ નીવડે છે.

"સ્પેક્ટેટર" નામનું એક અંગ્રેજી જાણીતું અઠવાડિક છે, તેમાં એક લેખ હતો "૬૫મા વર્ષે" અને તેમાં એવી દલીલ કરવામાં આવી હતી કે બ્રિટનમાં ૬૫ વર્ષે બધા સિવિલ સર્વન્ટને ફરજીઆત નિવૃત્ત કરવામાં આવે છે તે પ્રથા એક નિયમ તરીકે ઇષ્ટ નથી. આપણા દેશમાં (ગરમી તથા અયોગ્ય ખોરાકને લીધે) બધા નોકરોને ૫૫ વર્ષે નિવૃત્ત કરવામાં આવતા હતા. હવે તેમને કંઈ ને કંઈ બીજું કામ (વખતે વધારે જવાબદારીનું) સોંપવા આવે છે. નહેરુ અને આઝાદ, રાજાજી અને ઘણા જાણીતા આગેવાનો ૬૦ વર્ષથી વધારે મોટા છે. ત્યારે શું આપણે જે લોકોએ સાઠીની હદ વટાવી છે અને જે લોકોની બુદ્ધિ નાઠી હશે તેમને જ કરોડ મનુષ્યોના રાષ્ટ્રનો રાજ્યકારભાર સોંપી દીધો છે? ચર્ચિલ ઘણું કરીને ૭૯ વર્ષના છે. વધારે દૃષ્ટાંતો આપવાની જરૂર રહેતી નથી કે આ કહેવત અમુક મર્યાદામાં સાચી છે, અને તેના અપવાદો પણ અસંખ્ય અને સાચા છે.

અંગ્રેજીમાં બીજી એક કહેવત છે કે દરેક મનુષ્ય ૪૦ વર્ષના વયે વૈદ્ય હશે કે મૂર્ખ અને તેનો અર્થ એવો છે કે જે મનુષ્યે ચાળીસ વર્ષ સુધીનો અનુભવ મેળવ્યો છે તેણે સ્વાસ્થ્યશાસ્ત્ર–આરોગ્યશાસ્ત્રના નિયમો જાણી લીધા હોય અને તેટલું સમજ્યો નહીં હોય તો તે મૂર્ખ જ હશે, જો તેટલું સમજ્યો નહીં હોય તો તે મૂર્ખ જ હશે. આ કહેવતમાં જ્ઞાન તથા અનુભવની કિંમત આંકવામાં આવી છે.

મારે એક વાત સ્પષ્ટ કરવી છે કે હું વૃદ્ધાવસ્થાનાં ગુણગાન કરવા ઇચ્છતો નથી કારણ કે શારીરિક કે માનસિક નબળાઈનાં વખાણ કોઈ જ કરે નહીં. વૃદ્ધો ઘણા અશક્ત હોય તો પણ મનુષ્યના રોજબરોજના વ્યવહારમાં કેટલીક શક્તિની આવશ્યકતા હોય છે કે જે વૃદ્ધોમાં હોતી નથી. ઘરડાઓની વિચારસરણી રૂઢ અને જડ હોય છે અને તેમનાથી જૂનો ચીલો છોડાતો નથી. તેઓ

શારીરિક તથા માનસિક ચપળતા ઓછી હોય છે. સામાજિક અને આર્થિક પરિવર્તનમાં વૃદ્ધો મોટે ભાગે નડતરરૂપ થયા છે. સ્થિતિચૂસ્તતા તેમને વહાલી છે. તેમનામાં હિંમત બહુ ઓછી હોય છે કારણ કે તેમનામાં હિંમતથી લીધેલાં પગલાંનાં પરિણામ ખરાબ આવે તો તે સહન કરવાની શક્તિ હોતી નથી. ઉર્દૂ કહેવત છે કે જો મનુષ્યમાં હિંમત હોય તો તેને ખુદા મદદ કરે છે. (હિંમતે મરદાં, મદદે ખુદા). દરેક પગલું લેતાં પહેલાં ખૂબખૂબ વિચારવાનું હોય તો કોઈ પણ પ્રકારનું તેજસ્વી પ્રસ્થાન થઈ શકે જ નહીં. જુવાનોના સાહસિક પ્રયાસોથી યુદ્ધો જીતાયાં છે, અને સમાજમાં ઇષ્ટ ક્રાન્તિઓ થઈ છે. એટલે ઘરડાં મનુષ્યો જુવાનોને ઠોકરો ખાતાં જરૂર અટકાવી શકે પણ જુવાનો કહે છે કે અમે ઠોકરોથી ડરતા નથી, અમે જુદો નવો ચીલો પાડીશું અને વૃદ્ધો અમને લઈ ગયા છે તેના કરતાં જુદે માર્ગે બે ડગલાં આગળ વધીશું, સમાજની પ્રગતિ અમે બતાવીશું તે જ માર્ગે છે. વીસ-ત્રીસ વર્ષ પછી આ જુવાનિયા વૃદ્ધ થશે અને જ્યારે તે દિવસોનો જુવાન તેમને પડકાર કરશે ત્યારે આજનો તનમનાટ અને થનગનાટ કરતો યુવાન તે ભવિષ્યના દિવસોમાં કહેશે કે :

પીપળ પાન ખરંતાં, હસતી કુંપળિયાં,
મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપુડિયાં.

મારી વૃદ્ધાવસ્થા

વૃદ્ધાવસ્થામાં હોવા છતાં મારે માટે અતિ આનંદની વાત એ છે કે હું સંપૂર્ણ આઝાદી ભોગવી રહ્યો છું. આવી આઝાદી મેળવવા માટે કેટલી બધી ભારે તપશ્ચર્યા કરવી પડી છે? અને એમ પણ નથી કે આવી મનોદશા મેળવવા માટે મનુષ્યે વૃદ્ધ થવું જોઈએ. તે છતાં આ વયે અનેક જાતના લોભ અને મોહને માટે હવે અવકાશ જ રહ્યો નથી. કામ અને મદ માટે સ્થાન રહ્યું નથી, તેવું જ મત્સર માટે કહેવાય. ક્રોધનિગ્રહની બાબતમાં હું જરા શંકાશીલ છું. મારું કૌટુંબિક જીવન ઘણું સુખી અને સ્નેહાળ હોવા છતાં મને કૌટુંબિક જીવનનો મોહ રહ્યો નથી. હું જગતમાં સૌથી સ્વતંત્ર, અલગ હોઉં એવો ભાવ હું અનુભવું છું. હું ઘણા સંન્યાસીઓને મળ્યો છું અને તેમાંથી થોડા સારાની સાથે મને ઠીક પરિચય થયો છે. આ માણસો મારાથી વધારે તટસ્થ અને આઝાદ હોય એવું માનવાને મને કારણ મળ્યું નથી.

વૃદ્ધાવસ્થામાં હું અત્યંત આનંદ ભોગવું છું તેનું બીજું કારણ છે. મારું જીવન અનુભવોથી ભરપૂર છે. ભરજુવાનીમાં મેં બે સંસ્કૃતિઓનો અનુભવ લીધો, હિંદી અને બ્રિટિશ. આ બન્ને સંસ્કારોની વચ્ચે જે યુદ્ધ ચાલ્યું અને ખેંચતાણ થઈ તેમાંથી નીકળતાં મને થોડાં વર્ષો થયાં, પણ હું ઊંડા ચીલામાંથી નીકળી શક્યો. આખા જગતમાં રખડવાની સગવડ મળી. તેમાંથી કેટકેટલા અનુભવો થયા, કેટલું જ્ઞાન વધ્યું, કેવી ભાવનાઓ ખીલી, કેટલી શક્તિ વધી! અને આ બધી ભાવનાઓનો અમલ કરવાના સંજોગો મળ્યા!

કોઈ એમ ન માને કે મને ખોટો આત્મસંતોષ છે. મારું શિક્ષણ ઘણું અધૂરું રહી ગયું છે તે હું સમજું છું. મને સંગીતનું જરા પણ જ્ઞાન નથી. મને રંગનું ભાન નથી તે બહુ ખૂચે છે. કેનેડામાં બરફના પર્વતોની વચ્ચે અમે એક સરોવર જોયું અને એક અમેરિકન મિત્રે મને સરોવરની આસપાસ ચૌદ જાતના લીલા રંગ બતાવ્યા. એણે બતાવ્યા ન હોત તો મને તેનો વિચાર સરખો આવત નહીં. સંગીત વિશે હું ભોટ છું તેટલો ચિત્ર વિષે નથી. હું આકાશના તારા ઓળખતો નથી. હવે હું ઓળખવાનો પ્રયત્ન જ કરતો નથી. આ જીવનમાં જેટલું શિખ્યો તેટલાથી જ મારે સંતોષ માનવાનો રહ્યો. હું આપણા દેશનાં સૌ પક્ષીઓને ઓળખતો નથી, બહુ થોડાંને ઓળખું છું. હું ઘણાં ઝાડને પારખી શકતો નથી, ફૂલનાં નામ જાણતો નથી. જાણું છું તે કેટલાં થોડાં? હું શું શું નથી જાણતો તેની મેં એક યાદી કરી છે, આ યાદી કરવામાં મેં નમ્રતા ભોગવી છે અને મનમાં દુઃખ પણ થયું છે. મારે મુખ્ય કહેવાની વાત તો એ હતી કે મારા જીવન વિશે મને પૂર્ણ સંતોષ નથી, પણ મને જરાય દુઃખ નથી.

ક્વચિત્ આપણો કોઈ મિત્ર એક પ્રશ્ન પૂછે કે જો તમને તમારું જીવન ફરીથી ગાળવાની તક મળે તો તમે આ જીવન ગાળ્યું છે તેવી રીતે જ ગાળો કે કંઈ જુદી રીતે? અને ક્વચિત્ આ પ્રશ્ન આપણા પોતાના મનમાં પણ ઘોળાય છે. પણ આમ બનવું કેવળ અશક્ય છે. આપણી જુવાનીના દિવસોમાં જે વાતાવરણ હતું, જે અજ્ઞાન અથવા ઓછું જ્ઞાન, જે ઉત્સાહ, આનંદ, સાહસવૃત્તિ,

નીડરતા—તે આજે ફરીથી શા રીતે આવે ?

પણ તેના કરતાં વધારે મહત્ત્વની વાત તો એ છે કે કેટલાક અણધાર્યા સંજોગોને લીધે આપણી પ્રગતિની દિશા બદલાઈ જાય છે. આ સંજોગોને માટે ‘ નસીબ ’ શબ્દ વાપરવો હોય તો તેમ કરી શકાય. આપણું જીવન કેવળ પુરુષાર્થથી અથવા આપણી ઇચ્છા–ધારણા પ્રમાણે જ દોરવી શકાતું નથી. મારા જીવનમાં તો આવા અનેક, ઘણા ઘણા પ્રસંગો આવ્યા છે. અંગત વાત બહુ થઈ જાય છે તે દરગુજર થાય એવી મારી યાચના છે, પણ જો હું અભ્યાસ માટે ઇંગ્લેંડ ન ગયો હોત તો મારા જીવનનો વિકાસ જુદી જ રીતે થયો હોત; તેવી જ રીતે મારાં લગ્ન થયાં, જે સંજોગોમાં મેં એક તક સાધીને પૃથ્વી પ્રદક્ષિણા કરી, નવસારીમાં મને વિચારમંથન કરવાનું અનુકૂળ વાતાવરણ મળ્યું, હિંદ સેવક સમાજમાં જોડાતાં બચી ગયો, વગેરે વગેરે બનાવો બન્યા તેની પાછળ મારાં બુદ્ધિબળ કરતાં અણધાર્યા સંજોગોનું બળ, મારા સંસ્કારોનું બળ, વધારે હતું. એ અણધાર્યા સંજોગોને ‘ નસીબ ’ કહી શકાય. એટલે, જો ઉપર જણાવેલો પ્રશ્ન પૂછવામાં આવે તો તેનો ઉત્તર આપવો અઘરો છે એટલું જ નહીં પણ આ વાતની ચર્ચા કરવી નિષ્ફળ છે.

જ્યારે વૃદ્ધાવસ્થાને લીધે શારીરિક નબળાઈ ઘણી વધી ગઈ હોય અથવા હૃદયના કે મગજના કોઈ રોગને લીધે મનુષ્યે માંદગીમાંથી બચી જઈને નવું જીવન શરૂ કર્યું હોય છતાં તેમાં શરીરને સતત સંભાળવાનું હોય, અને આવી દહેશતને લીધે તેનાથી સમાજઉપયોગી કામ કરી શકાતું ન હોય, ત્યારે કદી એવો વિચાર આવે ખરો કે આવું મુશ્કેલ જીવન ગાળવા કરતાં મૃત્યુ વધારે બહેતર નથી ? આ પ્રશ્ન મને બેત્રણ વાર પુછાયો છે.

મેં એક જ ઉત્તર આપ્યો છે. ૧૯૧૪માં શરૂ કરેલા સમાજપરિવર્તનના કામને માટે ૧૯૨૧ની સાલથી મેં સારું જીવન અર્પણ કરી દીધું હતું. અમે ધાર્યું નહોતું કે અમે હિંદની આઝાદી ભોગવી શકીશું. આઝાદી ધાર્યા કરતાં ઓછા બલિદાનથી આવી ગઈ. પણ તેમાં આનંદ પામવાનું બહુ નથી. હજી સામાજિક સમાનતા આવી નથી. આર્થિક અને સામાજિક સમાનતા વિના આમ વર્ગને ન્યાય આપી શકાય નહીં. તેથી મારો ઉત્તર એવો છે કે જ્યાં સુધી હું મારી આસપાસ ગરીબી, અજ્ઞાન, અસમાનતા, અન્યાય અને દુઃખ જોઉં છું ત્યાં સુધી મારે મરવું નથી, અથવા એમ કહો કે મને મરવાની ઇચ્છા થતી નથી. જો મારી શક્તિ ઘટી ગઈ છે તો હું બહુ થોડી સેવા કરીશ, જો અશક્ત થઈ જઈશ તો પથારીમાં પડ્યો પડ્યો કોઈ સેવકને મદદ કરીશ. વૃદ્ધાવસ્થા સહન કરી લઈશ પણ મૃત્યુ નહીં માગું.

વરલીની ટેકરી પરથી સમુદ્રદર્શન

ઘાં અબ્ધિ નીલજલ ફેનિલ લોઢપૂર્ણ
ફેલાવી બેય નિજ બાહુ પડ્યો, દિગંત
અંકે ધરી, તટશિલા કરતો પ્રચૂર્ણ,
એ દક્ષયજ્ઞ વિનશંત શું નીલકંઠ !

ને પશ્ચિમે રવિ ઢળે રચી દીર્ઘ માળા
સોપાનની, ગહન કો’ અવતીર્ણ શાંતિ,
સંધ્યા તણી કશી બઢી ગઈ અંગકાંતિ,
ગુંજી રહે ફકત ગેબની ગીતધારા.

હાવાં અહીં જગતની લઘુતા ન સ્પર્શે,
જે ઊર્ધ્વગામી જકડે મુજ પ્રાણપંખી;
ઉલ્લંઘી કાળ-શિખરો, સુમહાન હર્ષે
આનંત્યનાં અમૃત રે’ અવ આત્મ ઝંખી.

ગોરંભતાં મુજ શિરે ગગનો વહું હું,
ને ભવ્ય સાથ ઘડી ભવ્ય બની રહું હું.

શ્રીકાન્ત માહુલીકર

વસંત આવી

આવી વનવન વસંત આવી
શમણાંના શત સ્વરમાં મારે મિલન-રાગિણી આવી

પુષ્પપલ્લવે આજ વરસી ગઈ
રંગરંગ પિચકારી,
સકલ ધરણીને રોમરોમ બસ
ચેતનની ચિનગારી.
મત્ત કોકિલા પંચમ સ્વરમાં અગન અસહ કો લાવી

મિલન તણો અહીં ફાગ મચ્યો ને
અખિલ અખિલને ભેટે
કોઈ મખમલી રાગ મહીં અવ
નિખિલ વિશ્વ આ લેટે
એકાકી મુજ ઉર-ઉદ્યાને તોયે પ્રિય તું નાવી

આપનો ઠપકો

શરચ્ચંદ્ર ચટ્ટોપાધ્યાય અનુ. નગીનદાસ પારેખ

સામતાબેડ, પાણિત્રાસ પોસ્ટ
જિલ્લા હાવડા

શ્રીચરણેષુ *,

આપનો પત્ર મળ્યો છે. નાદુરસ્ત તબિયતને કારણે વખતસર જવાબ ન આપી શક્યો એ અપરાધ થયો. 'ષોડશી' સંબંધે આપનો અભિપ્રાય શ્રદ્ધા અને કૃતજ્ઞતાપૂર્વક સ્વીકારું છું. પણ એકએ વાત મારે પણ કહેવાની છે, એ કેવળ મારી વ્યક્તિગત વાત નથી, સાધારણ રીતે ઘણાને બરાબર આવું જ બને છે, એટલે જ આપને જણાવવાની જરૂર છે. એ નાટક મારી એક નવલકથાને આધારે મેં લખ્યું છે. તેમાં જેટલી વાત કહી શક્યો છું, પાત્રસૃષ્ટિને માટે જેટલી ઘટનાનો સમાવેશ કરી શક્યો છું, તેટલી આમાં નથી કરી શક્યો. સમયની દૃષ્ટિએ પણ નાટકમાં ગાળો ઓછો છે, વિસ્તારની દૃષ્ટિએ પણ અહીં જગ્યા ઓછી છે, એટલે લખતી વખતે મને પણ વારંવાર એમ લાગ્યું હતું કે—આ બરાબર થતું નથી. તેમ છતાં નવલકથા એ જ એનો આધાર હોઈ શી રીતે થઈ શકે એ પણ મને સૂઝયું નહિ. મને લાગે છે કે નવલકથા ઉપરથી નાટક બનાવવાનો પ્રયત્ન કરવા જતાં જ આમ થાય છે; એક દૃષ્ટિએ જોતાં કામ કદાચ સહેલું થતું હશે, પરંતુ બીજી દૃષ્ટિએ ત્રુટિઓ પણ પુષ્કળ રહે છે, અને એમ જ થયું છે. બીજું પણ એક કારણ છે. આ જીવનમાં જુદી જુદી સ્થિતિમાંથી પસાર થતી વખતે અનેક વસ્તુઓ નજરે પડી છે; આપે જેને આ દેશની લોકયાત્રા સંબંધે મારો અનુભવ કહ્યો છે. પરંતુ પુષ્કળ વસ્તુ જોવી અને જાણવી એ સાહિત્યકારને માટે નિર્ભેળ લાભ છે કે કેમ એ વિશે મારા મનમાં શંકા જન્મી છે. કારણ, અનુભવ કેવળ શક્તિ આપતો નથી, હરી પણ લે છે, અને સાંસારિક સત્ય સાહિત્યનું સત્ય ન પણ હોય. મને લાગે છે કે આ પુસ્તક જ એનો એક દાખલો છે. એ પુસ્તક એક અત્યંત ઘનિષ્ઠભાવે જાણેલી વાસ્તવ ઘટનાને આધારે મેં લખ્યું હતું. એ જાણકારી જ મને આફતરૂપ થઈ પડી. લખતી વખતે ડગલે ને પગલે મારી ઊલટ તપાસ કરીને તેણે મારી કલ્પનાના આનંદમાં અને ગતિમાં આખો વખત માત્ર બાધા નાખી છે એટલું જ નહિ, તેને વિકૃત પણ કર્યાં છે. સત્ય ઘટનાની સાથે કલ્પનાનું મિશ્રણ કરવા જતાં જ કદાચ આમ થતું હશે. જગતમાં દૈવયોગે જે ખરેખર બન્યું હોય, તેનું યથાતથ વર્ણન કરવાથી ઇતિહાસ રચી શકાય, પણ સાહિત્ય રચી શકાતું નથી. તેમ છતાં સત્ય સાથે કલ્પનાનું મિશ્રણ કરીને મારી 'ષોડશી'ની રચના થયેલી છે. આ ઉપાયથી સાધારણ લોકોની તો પુષ્કળ વાહવાહ મેળવી શકાઈ, પરંતુ આપની પાસેથી કશું મળ્યું નહિ. એથી મારી ચોપડીને મળેલી બધી જ પ્રશંસા નિષ્ફળ બની ગઈ.

આવી જ મારી બીજી એક ચોપડી છે—'પલ્લી સમાજ.' એનું વેચાણ પણ ખૂબ છે, ખ્યાતિ પણ ખૂબ છે. તેમ છતાં જેમ જેમ લોકો એની પ્રશંસા કરે છે, તેમ તેમ મનમાં ને મનમાં હું લજ્જા પામું છું. હું જાણું છું કે એ ટકવાની નથી. કારણ એમાં પણ સત્ય અને મિથ્યાનું મિશ્રણ છે. મિથ્યા પણ કદાચ ટકી શકે, પરંતુ સત્યની બુનિયાદ ઉપર જે અસત્ય ઊભું હોય, તેને પડતાં વાર લાગતી નથી. વાત પડેલી નજરે ઊલટી લાગે છે.

એક વખત હું કેવળ ચિત્રો ચીતરતો હતો. ચિત્રમાં આનું માથું, તેનું ધડ, પેલાના પગ ભેગાં કરીને સુંદર વસ્તુ ઉપજાવી શકાય છે. કારણ, એ બધી કેવળ બાહ્ય વસ્તુઓ હોય છે, નજરે જોઈ તે જ તેનું મૂલ્ય કરવાનું હોય છે. પરંતુ સાહિત્યની પાત્રસૃષ્ટિ વખતે એમ ચાલતું નથી. માણસના મનની વાત જાણવી મુશ્કેલ છે. ત્યાં પોતાની કલ્પના અથવા

* આ પત્ર જેના જવાબરૂપે છે તે શ્રી રવીન્દ્રનાથનો મૂળ પત્ર સંસ્કૃતિમાં અગાઉ છપાયેલો છે. આ પત્રનો શ્રી રવીન્દ્રનાથે આપેલો જવાબ પણ એ જ અંકમાં છપાયેલો છે.

જરૂર મુજબ થોડું આનું, થોડું પેલાનું, થોડું સાચું, થોડું કાલ્પનિક, એમ થીગડાં દઈને તત્પૂરતું લોકરંજન કરી શકાય, પરંતુ ક્યાંક જબરું ગાબડું રહી જાય છે, અને પાછળથી તે ગાબડું જ એક દિવસ પકડાઈ જાય છે. કોને ખબર કદાચ એટલા માટે જ આજકાલ પ્રખર વાસ્તવ સાહિત્યનો પ્રચાર શરૂ થયો છે. તેમાં ટોળેટોળાં માણસો આવે છે—બધાંજ નાનાં, બધાંજ સાચાં, બધાં જ હીન, કોઈનામાં કશું વિશેષત્વ નહિ, અર્થાત્ જેવાં સંસારમાં જોવામાં આવે છે. આમ છતાં આખું પુસ્તક વાંચી ગયા પછી થાય છે કે આથી લાભ શો ? કોઈ કદાચ કહેશે કે એમાં લાભ નથી—એમ જ. કોઈ કોઈ વાર કદાચ અત્યંત સાધારણ મામૂલી વિષયનું ઝીણવટભર્યું વિવરણ અને નિપુણ વર્ણન હોય છે—તેમાં ભાષા અને આડંબર બંને સરખાં હોય છે,—પણ તેમ છતાં મન ખુશ થતું નથી, અને છતાં એ લોકો કહે છે કે એનું જ નામ સાહિત્ય.

'ષોડશી' વિશે આપને ચોક્કસ શું કહેવું છે એ હું સમજી શક્યો નથી. માત્ર એટલું સમજ્યો છું કે એ બરાબર થયું નથી એ વાત આપની નજર બહાર રહી નથી.

આપે પરિપ્રેક્ષિતનો ઉલ્લેખ કર્યો છે. ચિત્ર ચીતરવામાં એને લીધે અંતરના પ્રમાણમાં મોટી વસ્તુ, નાની, ગોળ વસ્તુ ચપટી, ચોરસ વસ્તુ લાંબી, અને સીધી વસ્તુ વાંકી દેખાય છે. કેટલે અંતરે કઈ સ્થિતિમાં વસ્તુના આકાર પ્રકારમાં કેવું અને કેટલું પરિવર્તન થશે તેનો એક ચોક્કસ નિયમ હોય છે. એ નિયમને કૅમેરા જેવા યંત્રે પણ માનીને ચાલવું પડે છે. એમાં ફેરફાર ન થાય. પણ સાહિત્યની બાબતમાં તો એનો એવો કોઈ ચોક્કસ નિયમ નથી. એનો બધો જ આધાર લેખકની રુચિ અને વિચારબુદ્ધિ ઉપર હોય છે. પોતે ક્યાં અને કેટલે અંતરે ઊભા રહેવું જોઈએ એ સંબંધે કોઈ સૂચન સરખું મળે એમ નથી. એટલે ચિત્રનો પર્સ્પેક્ટિવ (પરિપ્રેક્ષિત) અને સાહિત્યનો પર્સ્પેક્ટિવ શબ્દની દૃષ્ટિએ એક હોવા છતાં, વ્યવહારની દૃષ્ટિએ કદાચ એક ન હોય. તે ઉપરાંત સાહિત્યમાં વર્તમાનકાળ જેટલો મોટો છે, તેટલો ભવિષ્યકાળ કોઈ પણ હિસાબે મોટો નથી. નરનારીના જે એકનિષ્ઠ પ્રેમ ઉપર આજ સુધી આટલાં બધાં કાવ્યો લખાયાં છે, માણસે આટલી બધી તૃપ્તિ અનુભવી છે, આટઆટલાં આંસુ વહાવ્યાં છે, એ પણ કદાચ એક દિવસ હસવાની વસ્તુ બની જશે. કંઈ નહિ તોય એ અસંભવિત નથી, પણ એટલા માટે આજે એનો કલ્પનામાં પણ સ્વીકાર કરી શકાય એમ નથી.

એક ચોક્કસ દાખલો લઉં. રામાયણમાં રામરાવણ યુદ્ધના વર્ણનમાં ઘણી જગ્યા રોકાયેલી છે. રાક્ષસો અને વાનરોમાંના કયા પક્ષે કઈ રીતે લડાઈ કરી, કોણે કયું અસ્ત્ર ફેંક્યું તેનાં જાતજાતનાં નામ, જાતજાતનાં વર્ણન, કોના હાથ, કોના પગ, કોનું ગળું કપાઈ ગયાં તે પણ [illegible] નથી. યુદ્ધક્ષેત્રમાં આ વસ્તુ નાની પણ નથી, તુચ્છ પણ નથી, અને કવિ પાસે એની જ તે જમાનાના લોકો ટોળે વળીને માગણી કરી હશે, અને તે મળતાં અપૂર્વ આનંદ અનુભવ્યો હશે. પરંતુ આજે લાંબા અંતરને લીધે યુદ્ધક્ષેત્રનું અને યુદ્ધાર્થી વીરોનું યુદ્ધકૌશલ તુચ્છ થઈ ગયું છે. સાહિત્યના દૂરવ્યાપી પરિપ્રેક્ષિતથી આપ શું આવી [illegible] વસ્તુ સૂચવવા માગો છો?

મેં પહેલાં કોઈ નાટક લખ્યું નહોતું. હમણાં [illegible] એકાદએ લખવાની ઇચ્છા થાય છે. પણ મુશ્કેલી [illegible] છે. મારી નવલકથાનું મૂલ્ય વાચકવર્ગ કરે છે, તેનું [illegible] વિશાળ છે. પરંતુ નાટકના પરીક્ષક કોણ છે તે સમજવું મુશ્કેલ છે. થિયેટરવાળા કે મૂર્ખ પ્રેક્ષકો—એની હાઈકોર્ટ ક્યાં છે, કોઈને ખબર નથી. રામાયણ-મહાભારતમાંથી અથવા તેવા જ પ્રતિષ્ઠિત ટોડના રાજસ્થાનમાંથી [illegible] લખીએ તો પરીક્ષામાં પાસ થઈ જવાય, પણ આપનો [illegible] સાંભળવો પડે.

છેવટે આપે મારી શક્તિનો ઉલ્લેખ કરીને લખ્યું છે "તમે જો વર્તમાનકાળની માગ અને ટોળાનાં લોકોની અભિરુચિને ભૂલી ન શકો, તો તમારી એ શક્તિ [illegible] પામશે." આપ અનેક કામમાં રોકાયેલા રહો છો, [illegible] મને ખૂબ ઇચ્છા થાય છે કે આપની પાસે આવીને આ [illegible] બરાબર સમજી લઉં. કારણ, ચાલુ કાળ એ પણ [illegible] વસ્તુ છે, તેની માગને નહિ ગણકારીએ એમ કહીએ તો [illegible] પણ સજા કરે છે.

આપની રજા વગર આપનો સમય બગાડતાં મને [illegible] થાય છે. મારી પત્ર લખવાની રીત ખૂબ અસ્તવ્યસ્ત [illegible] કોઈ વસ્તુ હું ગોઠવીને કહી શકતો નથી. લખાણના [illegible] લીધે ક્યાંય જો અપરાધ થયો હોય તો માફ કરશો. [illegible]

સેવક

શ્રી શરચ્ચંદ્ર ચટ્ટોપાધ્યાય

૨૬મી ફાલ્ગુન ૧૩૩૮.

'ટીપે.... ટીપે.....'

લક્ષ્મીકાંત હ. ભટ્ટ

કોણ જાણે કેમ આજે ક્યાંયે ચેન પડતું નથી. વહેલી સવારથી ઉદાસ મુખ લઈ આ વાદળાંઓ ઘેરી વળ્યાં છે. નથી કોઈમાં ગતિ, નથી ગર્જના. ખાલી ઘેરાં શ્યામ મુખ લઈ સવારથી માથે ઝઝૂમે છે. કોઈ નિઃસહાય અબળાની જેમ ક્યારેક ટીપે...ટીપે આંસુ વરસાવે છે. હા, જમીન ભીની થઈ છે એની મીઠી વાસ આવે છે. પણ એ વાસ કાંઈ આ ગ્લાનિને હટાવી શકતી નથી.

નાનપણથી હું આવા જ વરસાદને વાંચ્છતી આવી છું.

તોયે કોણ જાણે કેમ આજ એ અબળાના રુદન જેવો લાગે છે.

હું નાની હતી ત્યારે મોટીબા પાસે અનેક વાર્તાઓ સાંભળતી. એમાંનું અત્યારે તો કાંઈ યાદ નથી. ખાલી એક વસ્તુ યાદ છે કે જ્યારે જ્યારે મોટીબા વાર્તામાં કહેતાં: "રાજકુમારી ઝરૂખામાં ઊભી ઊભી જુવે છે અને બહાર ઝરમર ઝરમર વરસાદ વરસે છે..." આટલું સાંભળતાં સાંભળતાં તો હું ગાંડી ગાંડી થઈ જતી. એ વખતે મારા મન આગળ એક મનોરમ દૃશ્ય ખડું થઈ જતું. જાણે કે કોઈ આલીશાન મકાનના ઝરૂખામાં, ખુરશી નાખી હું બેઠી છું. મેં આસમાની જોર્જેટનું ફ્રોક પહેર્યું છે. અને માથે લીલી કાસ્મીરી શાલ ઓઢી છે. આકાશમાંથી ઝીણાં ઝીણાં વરસાદનાં ફોરાં પડ્યાં જાય છે. ભીની માટીની ખુશ્બોથી મન ભરાઈ જાય છે. કોઈ કોઈ વરસાદનાં તોફાની ફોરાં, હવાના ઝપાટામાં, નાચતાં કૂદતાં આવીને મારા નાક, ગાલ અને હડપચીને ચૂમી જાય છે. તો વળી કોઈ, એ મોતી જેવાં ફોરાં મારા વાળની છૂટી લટો પર હીંચવા લાગે છે. એ ભીના ગાલ, એ ભીનું નાક અને એ ટીપાં બાઝેલી લટોની કલ્પના કરતાં, મને ભીંજાયાનું ઝાકળભીનું ગુલાબ યાદ આવી જતું. અને ઘડીમાં તો હું મારી જાતને પરીઓના દેશની રાજકુમારી માની બેસતી.

પણ આજે આ વરસાદ જોતાં, પ્રયત્ન કરું છું તોયે, એ કલ્પના માણી શકાતી નથી. જે ઝીણાં ઝીણાં ફોરાંઓમાં ત્યારે પ્રફુલ્લ જીવનની મસ્તી દેખાતી, એ જ ફોરાંઓમાં આજે વિષાદનાં આંસુઓનો ભાસ થાય છે. આ સાવ ધીરી ગતિએ પડતાં ટીપાંમાં જીવનનું જોમ ક્યાંથી કલ્પી શકાય?

ક્યારની વિચાર કરું છું. આ ટીપાં શું આમ જ ધીરે ધીરે પડ્યાં કરશે? ક્યારેય એમાં જોમ નહિ આવે, શું એ ધોધમાર કદીયે નહિ તૂટી પડે?

આજે મેં જોર્જેટની આસમાની સાડી પહેરી છે અને લીલી કાસ્મીરી શાલમાં હું વીંટાઈ ગઈ છું. પણ તોયે આજે મારાં નાક, મોં, ગાલ, ઝીણાં ઝીણાં ફોરાંઓને એમ સહજમાં ધરી દેવાનું મન નથી થતું. થાય છે જાણે કે હજુએ ઘેરો અંધકાર ચારે કોર જામે. ઘનઘોર વાદળોમાંથી મૂશળધાર વરસાદ વરસવા લાગે અને ચારે કોર કડાકાભડાકા સાથે વીજળી ચમકારા મારતી હોય. અને બીકની મારી બારી-બારણાં બંધ કરી, હું લપાઈ ગઈ હોઉં.—મનમાં ડર હોવા છતાંયે આ વિકરાળ તાંડવ–સૌંદર્યના અદ્ભુત આકર્ષણે, હું બારીના કાચ પાછળ લપાઈ ગઈ હોઉં—અને વરસાદ મારા મુખને ભીંજવવા એક એકથી વધુ જોરદાર ઝાપટાં બારીના કાચ પર ઝીંકયે જતો હોય.

પણ ના રે, એવું કશુંયે નથી થતું. હજુયે એ ધીરે ધીરે એક પછી એક ટીપું વરસાવ્યે જાય છે.

આમ જ ટી...પે ટી...પે મારાં વર્ષો વરસ્યે ગયાં છે ધીરે ધીરે. ઘણીયે વાર ઇચ્છા કરી છે ઘેરા અંધકારની, મૂશળધાર વરસાદની અને ગાજવીજ સાથે વીજળીની. પણ તોયે એક પછી એક વર્ષ શાંત, અવિરત ગતિએ વર્ષી ગયાં છે.

પણ હા, તોફાન, વાવાઝોડું ભલે મેં કાંઈ એ ન જોયું. પણ એક કહેવું પડશે કે આ જીવનવર્ષાનાં થોડાં ફોરાંએ

હું આંખે, ગાલે, કપાળે ઝીલી શકી છું. અને ભલે કોઈ ને ગમે તેમ લાગે. પણ મારે મન એનું મૂલ્ય કાંઈ ઓછું નથી.

ભલે એ વખતે હું આજ કરતાં નાની હોઉં. પણ એ વખતેયે બીજાની આંખમાં જોઈ ને હું મારું રૂપ સમજી શકતી.

અમારા પૂર્વ તરફના ઝરૂખામાં, હું દરરોજ ઊગતા સૂર્યનાં મધુર કિરણો ઝીલવા ઊભી રહેતી. મને એ વખતે ખ્યાલ નહિ કે હું શું ઝીલવા ઊભી રહું છું અને મારું મન શું ઝીલ્યે જાય છે. પણ હા, એક ખ્યાલ હતો કે દરરોજ મારી આંખો એક દૃશ્ય અચૂક ઝીલતી.

એ ઝરૂખાની સામે જ, બન્ને બાજુ લીમડાનો હાર વચ્ચેથી એક મજાનો રસ્તો વહ્યે જતો હતો. અને રોજ સવારમાં લાંબા લાંબા એ લીમડાના ઓછાયાને કાપતી એક સાઇકલ વહી આવતી. એ સાઇકલ અમારા પાડોશીની વંડીને ટેકે પોતાની જાત અઢેલતી અને એનો સ્વાર ધીરેથી દરવાજાની ઝાંપલી ખોલતો, અંદર આવતો અને એવી જ કાળજીથી પાછી એ ઝાંપલી બંધ કરતો. એ બધું મારી આંખો ઝરૂખામાંથી રોજ નિહાળતી. પણ એક દિવસ એવું બન્યું કે એ વખતે હું ઝરૂખામાં નહોતી.

પણ તેથી કાંઈ એ ક્રમ થોડો જ અટકી પડવાનો હતો. એ તો એ જ પ્રમાણે ઝાંપલી કાળજીથી બંધ કરીને સાઇકલ-સ્વાર શીલાના ઘરનાં પગથિયાં ચડી ગયો. એણે અંદરનું ફળી વટાવ્યું અને શીલાની ઓરડીમાં પગ મૂક્યો. પણ પગ મૂકતાં જ એ જરા થંભ્યો.—કારણ કે અંદર હું હતી. હું પણ જરા ખચકાઈ, મૂઝાઈ અને સડસડાટ પાછી ઘેર ચાલી આવી.

જાણું છું કે એ દિવસ શિયાળાનો નહોતો. છતાંયે હજી લાગ્યા કરે છે કે એ દિવસ ટૂંક.માં ટૂંકો હતો.

તે પછી ઘણીયે વાર શીલા ભણતી હોય, એ સાઇકલ-સ્વાર પાસે, ત્યારે હું ભૂલી પડીને એ ઓરડીએ ભટકાઈ જતી. પણ એવી બધી વાતોનો તે કાંઈ હિસાબ રહી શકતો હશે? હા, જ્યારે મન નવરું પડે છે, ત્યારે એ જ બધા દિવસો ફરી ફરીને આડાઅવળા વાગોળ્યા કરે છે.

થોડે વખતે મને ખબર પડી કે એ સાઇકલસ્વારનું નામ શિરીષ. શીલા કોઈક સગપણે એની બહેન થતી હતી અને અગિયારમી શ્રેણી એટલે તો વિદ્યાપીઠની પરીક્ષા તે… એ તેને શીખવવા આવતો હતો. હુંયે ઘણીવાર એની પ… કંઈક શીખતી. એની વાતોમાં મને ખૂબ મજા આવતી… પણ એ એક એક મજા મારા મનમાં કેવું શિલ્પ કોરતી … એનું મને એ વખતે જરાયે ભાન નહોતું.

કોણ જાણે કેમ એક દિવસ મારાથી શીલાને પુ… ગયું : " શીલા, શિરીષભાઈ પરણેલા છે? "

ઘડીભર મારી સામું એ જોઈ રહી પછી બોલી : "ના"

પૂછતાં તો પુછાઈ ગયું પણ પછી આખો દિવસ એ… વિચાર આવ્યા કર્યા કે શા માટે મને, એને વિ… જાણવાની આટલી બધી જિજ્ઞાસા છે.

એને તો મારે વિષે જાણવાની કોઈ જિજ્ઞાસા … એવું નથી લાગતું. એને તો બસ, જ્યારે જુઓ … એક જ વાત હોય છે. બસ મજાની મજાની સાહિ… કૃતિની, નહિતર પછી વાકચોની પટાબાજી ખેલવાની.

એની વાકપટુતા તો બસ કોઈથી ન પહોંચાય.

એ વખતે વાક્શેતરંજ ખેલવા સિવાય મા… એને વધુ રસ હોય એવું નહોતું લાગતું. ઘણીયે … શીલાને પૂછવાનું મન થતું કે એ કોઈ દિવસ મારે … કાંઈ પૂછે છે? પણ આ લજામણીમાં એવું સહેલ… પૂછવાની હિંમત હોત તો તો અમીધારાના વર્ષણે એ … નીચે તરબોળ થઈ ગઈ હોત ને!

પણ લજામણીયે પ્રભાતના પ્રફુલ્લ કિરણે તો મો… છે. ત્યારે હું તો મુગ્ધ બાલિકા હતી.

તે દિવસ શીલાનો વિવાહ (=વેવિશાળ) થવાનો … વહેલી સવારથી મેં એને પજવવાનું શરૂ કર્યું હતું. … વારમાં તો કંઈ કેટલીયે જાતની એની મશ્કરી કરી … ત્યાં તો એના કાકા આવી ચડ્યા. અને આ મશ્કરી … તોફાનના વાતાવરણમાં મારાથી સહજ પૂછાઈ ગયું : " … શિરીષભાઈના વિવાહ ક્યારે કરો છો? "

" જો બેન, શિરીષ તો એને જે ખૂબ ચાહતું … એને જ પરણવા માગે છે. બોલ, છે કોઈ એવું … ખ્યાલમાં ? "

"આવી હો……" જાણે મને કોઈ બોલાવતું હોય એવી રીતે, બૂમ મારતી, હું ભાગી.

પણ તે પછી જ્યારે પહેલી વાર મેં શિરીષને જોયો ત્યારે એની આંખો જોતાં જ હું સમજી ગઈ કે જે એને વિષે જાણવાની જિજ્ઞાસા મારા મનમાં છે એવી જ કોઈ અદ્દ્ભુત જિજ્ઞાસા મારે વિષે એનું મન અનુભવે છે. તે દિવસે વાગ્યુદ્ધો ખેલવાનો એને ઉત્સાહ ન હતો. કારણ કે એનું મુખ અને મન તો રોકાયાં હતાં મને અવલોકવામાં. જાણે કે મારી એકે એક રેખામાં મારો પરિચય કરી લેવો હોય એમ એ મને જોઈ રહ્યો હતો. એ વખતે હું કંઈક એવી વિચિત્ર લાગણી અનુભવતી હતી કે જેનું હું આજેયે બરોબર પૃથક્કરણ નથી કરી શકતી. તે પછી ઘણીયે વાર શીલા મારી પાસે શિરીષ વિષે વાતો કરતી. અને હુંયે એમ વાતો પૂછતી અને કરતી. ધીરે ધીરે સંકોચ દૂર થયો અને સહેજ પરિચય સધાયો.

પણ તે દિવસોમાં મને એ ખ્યાલ નહિ કે જે બધું હું સહેજ અનુભવું છું એ બીજાને મન સહેજ હોતું નથી. એ બીજાને મન તો જીવન સર્વસ્વ હોય છે. જે મારે મન નાનાં નાનાં ફોરાંઓની ગુલાબી ભીનાશ છે એ બીજાને મન સ્નેહ-વર્ષાની અમીધારાઓ છે. હું અને શિરીષ આમ એક જ વસ્તુ સાવ નોખી રીતે જોઈએ છીએ એની મને ખબર નહોતી. પણ જે દિવસે મને એ વાતની ખબર પડી તે દિવસે મેં એક જબ્બર આઘાત અનુભવ્યો.

ઘેર જવા શીલાની રાહ જોતી હું કૉલેજના પ્રવેશદ્વારના પગથિયા પર ઊભી હતી, ત્યાં મારે કાને સહેજ ઘેરો વિહ્વળ અવાજ અથડાયો : "મારે તમારી સાથે થોડી વાત કરવી છે."

મેં કહ્યું: "ખૂશીથી." પણ હું સહેજ મૂંઝાઈ. મને ન સમજાયું કે કોઈ દિવસ વાત કરવામાં ન મુંઝાનાર શિરીષ આજે કેમ અચકાય છે.

ત્યાં તો શીલા આવી પહોંચી, તેથી અમે ત્રણેય ચાલવાં લાગ્યાં. શીલાનું ઘર આવ્યું ત્યાં સુધી મેં ને શીલાએ વાતો કર્યા કરી. પણ એ બધોયે વખત નવાઈ જેવું હતું કે શિરીષ સાવ મૂંગો હતો.

આખરે શીલા છૂટી પડી.

એક વંડી પૂરી થાય ને પછી તો અમારી વંડી શરૂ થાય તેથી અમે અટક્યાં. મેં એની સામું જોયું. માંડ એની આંખો મારી સામે સ્થિર થઈ પછી મહાપ્રયાસે અવાજ આવ્યો :

"એક વ્યક્તિ આપને ખૂબ ચાહે છે." અને એ નીચું જોઈ ગયો.

મને થયું, શીલા વિષે એને કંઈ વકીલાત કરવાની હશે તેથી મેં કહ્યું : "ઘણુંયે ખૂબ ચાહે છે."

"હશે, પણ એને તો તમારા વિના જીવન અસહ્ય લાગે છે."

"…હં……'

"એ વ્યક્તિનું નામ શિરીષ."

"શું ?…" પૂછતાં મારા દાંત ભીંસાઈ ગયા અને લાંબી લાંબી ફાળ ભરતી પાછળ જોયા વગર હું ભાગી.

કેટલીયે વાર સુધી હું મારી વાંચવાની ઓરડીમાં પુરાઈ રહી. એ ને એ વાત ફરી ને ફરી મારા મનમાં ઘૂંટાયા કરતી હતી.

મને આખો વખત એ જ વિચાર આવ્યા કર્યો કે મારી જિજ્ઞાસાનો એણે એવો અર્થ કર્યો કે હું એને ચાહું છું, પ્રેમ કરું છું, પરણવા તલસું છું. મને ખૂબ આઘાત લાગ્યો. મારું કોઈએ અપમાન કર્યું હોય એવું મને લાગ્યા કરતું હતું. બાળક પતંગિયા જોડે રમતું હોય, ત્યાં ઓચિંતું એ ડસે ત્યારે ખબર પડે કે એ તો ભમરી હતી એવી દશા કંઈક અંશે હું અનુભવતી હતી. એ દિવસોમાં રૂઢિગત સંસ્કારોથી મારું મન વ્યાપ્ત હતું. તેથી પ્રેમ કે પ્રેમપ્રસ્તાવ મારે મન અસ્પૃશ્ય વિષયો હતા. એટલે આ પ્રેમપ્રસ્તાવ મેં સાંભળ્યો એ જાણે કે કોઈ ઘોર પાપ કર્યું હોય એવી લાગણી હું અનુભવતી હતી. અને એ પાપના ખ્યાલે, એ દિવસ સુધી તો હું કોઈની પણ સામે નહિ જોઈ શકેલી. દિવસનો ઝાઝો ભાગ મારી વાંચવાની ઓરડીમાં જ ભરાઈ રહેતી.

એક દિવસ કંઈક કામસર હું મારી ઓરડીમાંથી બહાર નીકળી જોઉં છું તો શિરીષ ફઈબા સાથે વાતો કરે છે. એ જોતાં હું મારું કામ વિસરી ગઈ. થોડા આમતેમ આંટા મારી પાછી મારી ઓરડીમાં ભરાઈ ગઈ.

શિરીષ વાતો ફઈબા સાથે કરતો 'તો પણ એની આંખો ચારેકોર મને ગોતતી 'તી, કે પછી, દેખાતો 'તો સ્વસ્થ છતાં હતો અસ્વસ્થ, કે એવું કાંઈ હું જોઈ શકું એટલી સ્વસ્થતા

એ વખતે મારામાં નહોતી. મારું હૃદય તો એ વખતે જોર જોરથી ધડકતું હતું. મને બીક લાગતી હતી કે જો એ ફઈબા પાસે કે'શે કે એ મને ચાહે છે તો ફઈ મારે વિષે શું ધારશે. એવી ખોટી ખોટી બીકમાં હું કંઈ વાર સુધી બેસી રહી.

ત્યાં બારણું ખૂલ્યું. એ આવ્યો. હું ઊંચું જ ન જોઈ શકી. એણે પૂછ્યું: "પછી તમારો શું જવાબ છે?"

"શેનો?"

"મારી સાથે પરણવાનો."

મહા મહેનતે એની સામું તાકીને મેં કહ્યું: "ના."

"કેમ?"

હું નીચું જોઈ ગઈ.

"વડીલોને સમજાવવાનું હું માથે લઉં છું."

હું મોં ફેરવીને બારી બહાર જોવા લાગી.

"બસ કંઈ વધુ ખુલાસો નથી આપવો?"

ખૂબ ક્ષુબ્ધ સૂરે એણે પૂછ્યું.

હવે શું કરવું એની મને સૂઝ ન પડી.

"ત્યારે જાઉં છું."

હું બારીની બહાર જ જોઈ રહી.

"બસ ! જરા 'આવજો' કહેવાએ પાછળ નહિ જોવાય?" એના અવાજમાં ખૂબ વ્યથા હતી.

મને થયું જરા પાછળ જોઉં, પણ ન જોઈ શકી. છતાં જાણે સંજય દૃષ્ટિ મળી હોય એમ હું એ ચાલી જતી કરુણ મૂર્તિ મારી આંખ સામે જ નિહાળી રહી.

એ છેલ્લું વાક્ય અને એનો છેલ્લો પદઘોષ મારા મનમાં એક ડંખ મૂકતાં ગયાં કે હું કંઈક અન્યાય કરી રહી છું. અને ધીરે ધીરે એ ડંખે મારા રૂઢિગત સંસ્કારોના પડને ઢીલા કરવા માંડ્યા.

જ્યારે જ્યારે હું એની મારી પાસે પ્રેમપ્રસ્તાવ મૂકવાની ધૃષ્ટતાનો વિચાર કરતી ત્યારે ત્યારે મારા મનમાં ખૂબ ગુસ્સો થઈ આવતો. થયા કરતું કે મેં એને કશું જડબાતોડ કેમ સંભળાવી ન દીધું અને તરત એ ફરી જ્યારે મળે ત્યારે કંઈક એવું જડબાતોડ સંભળાવી દેવાનો નિર્ણય કરી લેતી. પણ થોડીવારમાં એ નિર્ણય ભુલાઈ જતો. અને એની જગ્યાએ યાદ આવતું: "બસ ! જરા 'આવજો' કહેવાયે પાછળ નહિ જોવાય?" અને બીજી ક્ષણે એના બધા અપરાધોની ક્ષમા મારાથી અપાઈ જતી.

ઊડીને એક ટીપું મારા ગાલ પર પડ્યું અને મારી નજર બારીની બહાર ગઈ. વરસાદનું જોર વધ્યું હતું જો કે બહુ થોડું. બારીમાંથી નીચે નજર કરું છું તો છોડવા, આ ધીમે ધીમે વરસતા વરસાદમાં પણ ધોવાઈને તાજા થઈ ગયા છે. ઠંડાભીના પવનની એક લહેર મુખ પર અથડાઈ અને આખા શરીરમાં એક આનંદની કંપારી ફરી વળી. અને વળી પછી એક નજર બહારના જગત પર નાખી, બધુંયે ધોવાઈને સ્વચ્છ થઈ ગયું હતું. અને હવે જોરજોરથી પડતાં ટીપાંને લીધે, છોડનાં પાંદડાં હલી ઊઠતાં હતાં અને તેથી છોડવાઓ જાણે આનંદમાં નાચતા હોય એમ લાગતું હતું.

મને તો બીક હતી કે વળી પાછો શિરીષ ઓચિંતો અમારે ત્યાં આવી ચડશે અને મોટાભાઈ દ્વારા મને [illegible] પ્રયત્ન કરશે. અને પાછી હું ધ્રૂજી ઊઠતી.

પણ એવું કશું ન બન્યું. થોડા જ વખતમાં મને સમજાઈ ગયું કે મારો ભય મિથ્યા હતો. કોઈક વાર રસ્તામાં [illegible] સામે ભટકાઈ જતાં. એના પર નજર પડતાં જ હું [illegible] જતી. થતું હમણાં એ એનો સવાલ પૂછશે. પણ એની [illegible] પર નજર પડતાં જુદું જ થતું. એક ક્ષણ એનો [illegible] દેહ, ઊઘડેલ કળીની પ્રફુલ્લતાએ મહેકી ઊઠતો. ફૂલની [illegible] સૌરભ એના મુખ ઉપર વિલસી રહેતી. અને એની [illegible] આંખો હૃદયનાં ઊંડાણમાંથી સ્નેહપુષ્પનું મધુ સીંચી [illegible] પર વરસાવતી—એક ટીપું.—

એક ટીપું—એક ક્ષણ—બસ.

અને બીજી ક્ષણે તો એ કાળી ઘેરી કીકીઓની [illegible] એનાં ભારે પોપચાં અટકાવી દેતાં. એક ઉષ્ણ નિઃશ્વાસ [illegible] કળીને કરમાવી ચાલ્યો જતો. અને પાછળ રહી જતી [illegible] એકલી કરુણા. અને એ એને એવી આવરી લેતી કે [illegible] એક એક પગલાંના તળિયાના ઘસારામાંયે એ દેખાઈ [illegible]

એ એક ક્ષણની સ્નેહવર્ષા મારા મનને શું કરી [illegible] એ ખબર નથી, પણ મારા ભયને ભુલાવી એક [illegible] ઊર્મિની કંપારી મારા સમસ્ત દેહમાં ફરી વળતી, [illegible]

જ ક્ષણે એની કરમાઈ ગયેલી મુખાકૃતિ દેખાતી અને એ જ વખતે એક એવી વિચિત્ર ઉદ્વિગ્નતા મારા મનમાં ઘૂસી જતી. હું વારે વારે મનને સમજાવ્યા કરતી કે મારે ને એને શું, તોયે એ ઉદ્વિગ્નતા મારા મનમાંથી ખસતી નહિ.

આમ ટીપે...ટીપે...મૂંગો મૂંગો એ મારા પર સ્નેહ વર્ષાવતો અને એમ ધીરે ધીરે એ વર્ષાના એક એક ટીપે રૂઢિગત સંસ્કારોની ધૂળ મારાં પાંદડાંઓ પરથી ઢોળાવા લાગી. મને સમજાયું કે જે પ્રેમના નામથી હું આટલી બધી ભડકતી હતી એ તો આ સૃષ્ટિસાગરનું મહામૂલું મોતી છે, જેની વાત કે વિચાર મારે મન અસ્પૃશ્ય કે પાપ સમ હતાં એ તો આ સકળ સૃષ્ટિની જીવનજ્યોત સમ છે.

એક દિવસ બસની રાહ જોતી ઊભી હતી. સામે જોઉં છું તો નીચી નજરે શિરીષ ચાલ્યો આવે છે. હું એના મુખ સામે જોઈ રહી. થયું હમણાં પોપચું ઊંચું થશે, અને સ્નેહવર્ષાનાં થોડાં ફોરાંઓ ઝીલવા હું એની સામે તાકી રહી. પણ બહુ પાસે આવવા છતાંયે એ પોપચાં ન ઊંચકાયાં એટલે હું ન રહી શકી. મારાથી બોલાઈ ગયું : " રસ્તામાં કોઈ માણસ ઊભું છે, હોં. "

" સાચે જ ? " આહ્લાદછલકતી આંખે મારી સામે જોઈ એણે પૂછ્યું : " ક્યાં છે ? "

મેં હૃદય પર આંગળી મૂકી કહ્યું : " આ રહ્યું."

" ઓ હો ! " અને એણે હસતાં હસતાં ઉમેર્યું : " મને એમ કે કોઈ આરસની પ્રતિમા હશે. " પણ છેલ્લા શબ્દો બોલતાં મને લાગ્યું કે એનું હાસ્ય સહેજ કરમાઈ ગયું.

હું જાણતી હતી કે એ મારું રૂપ વખાણવા કહી રહ્યો છે. પણ હાય, મારું મન ! એ તો ઝઘડે જ ચઢ્યું હતું. તેથી એ તો મારે મુખે બોલાવ્યે જ રહ્યું :

" ભલે, અમે પથ્થર રહ્યાં પણ આજના યુવાનો તો એ પથ્થર પાસે પણ પ્રેમના કાલાવાલા કરે છે."

ખૂબ વ્યથિત મને તેણે કહ્યું : " હોય, ઘેલા માણસો પથ્થરમાંયે પ્રાણની આશા રાખે." અને એ ચાલ્યો ગયો.

અને પછી કંઈ વાર સુધી હું મારા મનને ઠપકો આપતી રહેલી કે : " રે જડ ! આ થોડી ક્ષણ આનંદની મળી હતી એને કાં કલહમાં ફેરવી નાખી ? "

ભલે તે દિવસે મેં મનને ઠપકો આપ્યો. પણ આજે થાય છે કે મારા લગ્ન પહેલાં જો મારા મને શિરીષ સાથે એ થોડા કલહો ન કરાવ્યા હોત તો સ્નેહના અધિકાર માણ્યાની શું સ્મૃતિ મારી પાસે રહી હોત, અને એને પણ મેં આપ્તજન તરીકે સ્વીકારેલ એ આશ્વાસન લેવા કલહોથી વધુ સારું કયું સ્મૃતિચિહ્ન હું આપી શકી હોત ?

બસ, એવા બેચાર કલહોની સ્મૃતિભેટ એની પાસેથી લઈ, અગ્નિદેવની સાક્ષીએ બેસી શરણાઈ ઓના મધુર સૂરો સાંભળતી સાંભળતી, હું પરણી ગઈ. શિરીષને કંકોત્રી મોકલ્યા છતાં બિચારાનું જરા વાંકું તેથી તે લગ્નમાં હાજરી આપી શક્યો ન હતો.

કેવું બધું આ વિચિત્ર લાગે છે. એકને મારી પર સ્નેહ થયો. હું એનો સ્નેહ પિછાની શકી. મારો એની પર સ્નેહ પણ હું જોઈ શકી. સ્નેહનું મૂલ્ય પણ હું પિછાની શકી હતી. અને છતાં હું પરણી ગઈ બીજાની સાથે, જેની સાથે મારે કોઈ આગવી પિછાન કે સ્નેહ ન હતો. અને છતાં હું એને પરણી ગઈ.

કેવું વિચિત્ર ! હું સહજ રીતે પરણી ગઈ. ન જરાયે વાતાવરણમાં અંધકાર વધ્યો. નહિ જરાયે વર્ષાની ગતિ વધી. પછી વીજળીના કડાકાભડાકાની તો વ્યર્થ જ આશા ને ? બધું ધીરે ધીરે પસાર થયું.

હમણાં જરી વાર પહેલાં જેની ગતિએ વરસાદ વરસી રહ્યો હતો એમ ધીરે ધીરે.

આ માનવીનું મન એવું વિચિત્ર છે કે એના એક નાનાશા વર્તનની વાત સમજાવવા પણ લાખો શબ્દો લઈને બેસીએ તોયે બરોબર ન સમજાવી શકાય.

પછી એમ કહેવાનો શો અર્થ છે કે એ વખતે હજુ મારામાં પૂરી હિંમત નહોતી વડીલો પાસે વાત મૂકવાની કે નહોતી હિંમત શિરીષ પાસે મારો પ્રેમ વ્યક્ત કરવાની કે પછી મારો પ્રેમ અપરિપક્વ હશે એ વખતે ? કે પછી લગ્ન, જીવન, પ્રેમ એ બધું અને નરી વાસ્તવિકતાનું મારું અજ્ઞાન જવાબદાર હશે ? પણ આ માનવીનું મન એવું વિચિત્ર છે, પછી આ બધું વિચારવાનો શો અર્થ છે ? ખાલી શબ્દોનો વ્યય જ ને ?

અરે ! આ શું ! આ તો પૂર જોસમાં વરસવા લાગ્યો. કેવું

અંધારું થઈ ગયું છે! વાછંટો જોરજોરથી ભીંતો, છાપરાંઓ અને જમીન પર અથડાય છે, ને પાછી વધુ નાનાં નાનાં ફોરાંઓ-માં વહેંચાઈ જઈ ને વરાળની જેમ ઊંચે ઊડે છે. કંઈક નાના નાના છોડવાઓ નમી પડે છે, નળિયાં ખસી જાય છે. આહા, કેવું બધું ધાંધલ મચી ગયું છે! મેં જો પરણવાની ના પાડી હોત તો કદાચ આથીયે વધુ ભારે તોફાન મારા જીવનમાં આવી પડયું હોત. અરે, હજી અત્યારેય આ બૅગ તો તૈયાર છે. જો ચાલી નીકળું તો આ સાવ શાંત જીવનમાં કંઈક અદ્ભુત તોફાન જરૂર જાગે. કંઈક વાર એવી પળો આવી ગઈ છે કે જ્યારે એમ લાગે કે હમણાં તોફાન જાગશે. પણ એ વખતે તો હું તોફાનોથી બીતી, ત્યારે આજે તો હું તોફાન ઝંખું છું.

આ સંસારમાં છે જ એવું કે જ્યારે આપણે કોઈ વસ્તુને ઇચ્છતા ન હોઈએ ત્યારે એ આવીને આપણાં દ્વાર ખખડા-વવા લાગે, અને જ્યારે થાકીને આપણે તેને સત્કારવા જઈએ ત્યારે એ રીસાઈ ને ચાલી જાય. એ વખતેયે એવું જ થયું. હું હજુ તોફાનથી બીતી હતી. મને થતું કે આ શાંત મધુર જીવનમાં કોઈ તોફાન ન આવે તો સારું.

એ વખતે મારાં લગ્ન થયે લગભગ એક વર્ષ થવા આવ્યું હશે. અમે આ જ મકાનમાં રહેતાં હતાં. આવડું મોટું મકાન અને અંદર માત્ર અમે બે જ જણાં. થોડો વખત તો આખા ઘરમાં ખૂબ વિચિત્ર અને ખાલી ખાલી લાગ્યા કરતું હતું. પણ એક વરસને અંતે તો હું એથી ટેવાઈ ગઈ હતી. છતાંયે મનમાં એમ રહ્યા કરતું હતું કે કોઈ મહેમાન આવી ચડે તો કેવી મજા પડે. આટલું બધું એકલું તો ન લાગે? ત્યાં એક રજાના દિવસની નમતી બપોરે એકાએક શિરીષ આવી ચડ્યો.

કોઈક મહેમાન આવે એમ હું ઇચ્છતી હતી, એ ભલે, પણ શિરીષને એ વખતે મહેમાન તરીકે સ્વીકારવા હું તૈયાર નહોતી. એનો અર્થ એમ નથી કે મને એને મળવાનું મન નહોતું, કે મારો એની તરફનો સ્નેહ જરાયે ઓછો થયો હતો. પણ મેં કહ્યું એમ મને બીક હતી તોફાનની. મને બીક રહ્યા કરતી હતી કે મારો શિરીષ તરફનો સ્નેહ એમની આંખો પાસે નહિ છૂપો રહે, અને એમ થાય તો કદાચ આ ટીપે ટીપે વરસ્યે જતી શાંત જીવનવર્ષા કોઈ નવી જ દિશાના પવનને જોરે ઝાપટાં વીંઝવા લાગશે. અને ખરેખર ક્ષણ, અર્ધક્ષણ તો હું મારા આવેશને ન દાબી શકી.

એ આવીને જ્યારે અમારી સામે ઊભો રહી ગયો ત્યારે એ હતો તો સાવ સાદા પોષાકમાં, જો કે એ અમારે હિસાબે એને હિસાબે તો એ કદાચ સહેજ મોંઘો પોષાક હશે. પણ એ પોશાક ને એ બધું તો ઠીક, પણ વિશેષ તફાવત તો એ પોતાનાં આછાં આછાં હલનચલન અને ... રહેવાની ઢબથી, સામા માણસના મન પર જે છાપ પાડે હતો, એમાં હતો. પહેલાં એ છાપ પાડતો ચપળ ... યોદ્ધાની, ત્યારે હવે ખાલી શાંત વિચારકની. મને જોતાં ... ઘડીભર તો એ મારી સામે જ જોઈ રહ્યો. અને હું ... ચાતકની જેમ એની સ્નેહવર્ષા ઝીલવા ખુલ્લી આંખો ... ઊભી રહી. ક્ષણ, અર્ધક્ષણ, એની આંખો અમી ... રહી. અને પછી તરત એણે પોતાની નજર ઊંચકી ... મારા પરથી બગીચા પર, ત્યાંથી જાળી પર, ત્યાંથી દીવા... પર અને પછી ફર્નિચર પર થઈ એમના પર (મ... પતિ પર) નજર સ્થિર કરતાં એ બોલ્યો: "આપનું મકાન તો ખૂબ ફાંકડું છે." અને તેણે એ બોલતાં બોલતાં, એમની પાસેની ખુરશી પર જગા લીધી.

એમણે મંદ હસતાં હસતાં શિરીષને કહ્યું: "ખરે... તમારામાં કલાપારખુની અદ્ભુત દૃષ્ટિ છે." અને પછી ... પૂછવું જ શું? શિરીષે પોતાનો વાક્પ્રવાહ શરૂ જ કરી દી... તે દિવસ લાગેલું કે એમના વખાણથી ફુલાઈને એ બો... મંડેલો, પણ આજે સમજાય છે કે પોતાની બેચેની છુપા... એ એકધારું બોલી રહ્યો હતો. તેણે થોડો વખત કલા... વિવેચન ચલાવ્યું. પછી કલાકારો અને તેમના જીવન... તેમાંથી ચર્ચા સરી પડી સંસ્કારદાતાઓ અને તેમના ... માંની સૈદ્ધાંતિક શિથિલતાઓ અને તેમાંથી ... કારોમાંયે આજકાલ એ જ દેખાય છે, એમ એક પછી ... વાતમાં એ પોતાનું મન રોકચે જતો હતો. અંતે સૂર્યાસ્ત ... પા કલાકે પોતાની ચર્ચાને આટોપતાં આટોપતાં ... થયો. અને છતાં એના મોઢા પર હજુ જાણે કે ... સાથે વાત જ ન કરી હોય એવું એકજાતનું ખાલીપણું ... લાગતું હતું એ મેં જોયું છતાં ન જોયું કર્યું અને ... ગયો. મેં એક નિરાંતનો શ્વાસ લીધો. હાશ, હું બચી ગઈ.

હું મનમાં ને મનમાં બોલી: "હાશ, હું બચી ગઈ ... પણ તોયે મારું મન એ સ્વીકારવા હજુ તૈયાર નહોતું. ...

કે એ લોકો જ્યારે નિરાંતે ચર્ચા કરતા હતા ત્યારે મારા મનને એક ભય કોરતો હતો કે મારી એ શિરીષ પરની પ્રથમ બાઘી દૃષ્ટિમાં એમણે મારો તેની (શિરીષ) પરનો છૂપો સ્નેહ તો નહિ પકડી પાડ્યો હોય ને! તેથી હું તો એ લોકોની આખી ચર્ચા દરમિયાન એ જ વિચાર્યાં કરતી હતી કે શું કરું કે જેથી એમના મનમાં એવી કોઈ શંકા આવી હોય તોયે ચાલી જાય. અને તેથી જેવો શિરીષ ગયો કે તરત મોઢા પર પરાણે, કંટાળો અને ઘૃણાનો ભાવ લાવી, એમને પ્રયત્નપૂર્વક કહેવા લાગી: “લોકોયે કાંઈ કેવી કેવી જાતના થાય છે! એક તો રજાને દિવસે આવે ને પાછા સાથે ગુંદર લઈ ને.”

પણ આટલું તો હું માંડ બોલી શકી, કારણ કે એક તો એ બધું હું દેખાવ ખાતર બોલતી હતી અને બીજું એ વખતે એ મારી સામું કંઈક વિચિત્ર ભાવથી અને સહેજ કડક નજરે જોઈ રહ્યા હતા. થોડી ક્ષણો એ એમ ને એમ મારી સામું જોઈ રહ્યા. એ થોડી ક્ષણોએ મને ખૂબ ઉદ્વિગ્ન કરી મૂકી અને છતાં એ નજર ચૂકવી હું નીચું જોઈ શકું એમ નહોતી. અંતે એ બોલ્યા: “એને તમારા પર કેટલો બધો સ્નેહ છે, એની ખરેખર તમને ખબર નથી?”

“મારા પર?”

એમણે ડોકું હલાવ્યું.

“કોણે કહ્યું?” મેં ધડકતે હૈયે પૂછ્યું.

મારો એ થડકાટ મારા અવાજમાંયે એટલો બધો દેખાઈ ઊડતો હતો કે એ જરા ડઘાઈ ગયા. ત્યારે જ મને ખ્યાલ આવ્યો કે મનમાં દટાઈ ગયેલી વસ્તુ કેવી ઓચિંતી ક્ષણોએ દગો દે છે. તરત હું સ્વસ્થ અને સાવધ બની ગઈ.

“એમાં કહે કોણ? એના એકે એક વર્તનમાં, એનો આપણા તરફનો સ્નેહ દેખાઈ આવતો હતો.” એમ બોલતા બોલતા એ ચાલ્યા ગયા.

એમની અવકૃપાનો મારો એ પહેલો અનુભવ હતો. મને સમજાયું કે એમને મન મારું તે દિવસનું વર્તન અસંસ્કારી હતું.

કારણ કે જ્યારે શિરીષે જતાં જતાં કહેલું: “તમને ખૂબ હેરાન કર્યાં, કાં?” એ વખતે પણ રખેને મારો સ્નેહ પકડાઈ જાય એ બીકે મેં એની સામું પણ નહિ જોયેલું.

એમનો એ ઠપકાભર્યો અણગમો અને શિરીષની જતી વખતની સ્નેહાર્દ્ર કરુણ મૂર્તિ એ બે વસ્તુએ મને હું જાણે કે અગ્નિપરીક્ષામાંથી પસાર થતી હોઉં એવી તપસ્યા કરાવી અને ખરેખર કંઈક નવી જ બનીને હું એ તપસ્યામાંથી બહાર આવી. એ તપસ્યાએ જ મને ભાન કરાવ્યું કે હું કેવી ક્ષુદ્ર છું. અને જે બે વ્યક્તિઓ મારા પર સ્નેહ વર્ષાવ્યા કરે છે, એને હું જરાયે લાયક નથી. ત્યારે જ મને ખરેખર ભાન થયું કે શિરીષનો પ્રેમ અવગણીને હું કેવો મોટો અપરાધ કરી રહી હતી. અને હવે ફરી શિરીષ જ્યારે મળે ત્યારે એવી અવગણના નહિ કરવાનું મેં નક્કી કર્યું.

પણ મેં કહ્યું ને કે મારું જીવન ટીપે...ટીપે વરસતા વરસાદની જેમ ધીરેધીરે શાંત ગતિએ વહ્યા કર્યું છે. એ થોડા કલાકો ઝાપટાની જેમ મારા જીવનમાં આવી ગયા પણ પાછો શિરીષ અમારે ત્યાં ન દેખાયો. ખાલી એ દિવસની સ્મૃતિ અને મારા એ અપરાધના ભાને, ટીપે...ટીપે મારા આ વજ્રહૈયાને પલાળવું શરૂ કર્યું.

તે પછી ઘણીવાર હું એકલી કે એમની સાથે ફરવા નીકળતી. રસ્તે ચાલતાં થયા કરતું કે હમણાં ક્યાંક શિરીષ સામો મળશે, અને અમે એને અમારે ઘેર લઈ જશું. ભલે બિચારો ધરાઈને મારી સાથે વાતો કરી લે. પણ કોઈ દિવસ એમ શિરીષ સામે ન મળ્યો. એની શોધમાં હું આમ તેમ જોતી ત્યારે એ તો ન દેખાતો. પણ કોઈ આલીશાન મકાનના ઝરૂખામાં, હું કોઈ સુખી ગૃહિણીને ઊભેલી દેખી જતી. અને એમાંયે એ યુવતીની નજર શૂન્યમાં લટકી રહેલી જોઈ જાઉં તો મને થઈ આવતું કે નક્કી તે કોઈ અણપ્રીછેલી શરમમાં કે કોઈ સહજ એવા સંકોચમાં, પોતાની પ્રિયમૂર્તિ ખોઈ બેઠી હશે.

અને એવું કાંઈ થોડું જ છે કે કોઈને પ્રેમ કર્યો અને એની સાથે લગ્ન ન થયાં તો પછી ખરાબ જ પતિ મળે. જરૂર, તેને સારો પતિ મળ્યો હશે. અને તે સુખી પણ હશે. છતાંયે કોઈ વાર ઝરૂખામાં ઊભાં ઊભાં, ઊગતા કે આથમતા સૂર્યનાં કિરણો ઝીલતાં ઝીલતાં, કે ઠંડા પવનની ઝાપટ અનુભવતાં, કે કોઈ વાર ભીની માટીની સુગંધ આવતાં એનું મન ભૂતકાળમાં ગબડી પડતું હશે. આકાશમાં કોઈ અનેરું સંધ્યાદૃશ્ય જોતાં જોતાં એની આંખો શૂન્યમાં, કોઈ પ્રિય-

મૂર્તિ નિહાળવા લટકી રહેતી હશે. અને એનું મન મૂંગું મૂંગું એ પ્રિયમૂર્તિને ઠપકો આપતું હશે; જેવી રીતે ગઈ કાલની રાતથી હું શિરીષને મનમાં ને મનમાં ઠપકો આપી રહી છું, અરે રીતસરની ઝઘડી જ રહી છું.

ઘણાં વર્ષે, ગઈ રાત્રે, અમને એ થિયેટરમાં મળી ગયો. ઘણે વખતે ઓચિંતા એક બીજાને જોવાથી અમે ખૂબ આનંદના આવેશમાં આવી ગયાં ઘડીભર તો કાંઈ બોલવાનુંયે ન સૂઝ્યું. અરે ઘડીભર તો એના દીદાર કેવા લાગે છે, એ તરફ પણ મારો ખ્યાલ નહિ ગયેલો. જ્યારે એ બધું જોવા જેટલી હું સ્વસ્થ થઈ ત્યારે ખ્યાલ આવ્યો કે શિરીષ ઠીક ઠીક દૂબળો લાગે છે. પહેલાં જે પોતાના દેખાવ તરફથી કાળજી એનામાં જોવામાં આવતી હતી એ આ વખતે ન જોવામાં આવી. આ વખતે તો એના મોઢા પર સહેજ દાઢીયે વધી ગયેલી દેખાતી હતી અને માથાના વાળ પણ અસ્તવ્યસ્ત હતા. આંખે ચશ્માં ચડાવવાં પડ્યાં હતાં. પણ એના નંબર કંઈ બહુ નહિ હોય કારણ કે એ ચશ્માના કાચ પાછળ એની આંખો ઊલટાની વધુ સારી લાગતી હતી. એનાં કપડાં સ્વચ્છ હતાં અને ગડી હજુ જળવાઈ રહી હતી. તેની સાથે બીજું કોઈ હતું નહિ. તેથી અમે બધાં સાથે જ જોવા બેઠાં. ચિત્ર શરૂ થવાને કંઈ ખાસ વાર ન હતી. તોયે એ અને શિરીષ તો ખૂબ મજેથી વાતો કરી રહ્યા હતા. મનેયે એ થોડી પળોમાં ઘણી વાતો કરી લેવાનું મન હતું. પણ કોણ જાણે કેમ, કદાચ તેથી જ ચિત્ર શરૂ થઈ ગયું તોયે હું કશું ન બોલી શકી.

મધ્યાન્તરમાં એ જરા બહાર ગયા. મેં શિરીષ સામે જોયું. એ કંઈક આનંદમાં લાગતો હતો. મેં બીતાં બીતાં એને પૂછ્યું: "કેમ એકલા, મારાં ભાભીને લીધા વિના, ચિત્ર જોવા ચાલ્યા આવ્યા?"

"એવું કોઈ હોય તો એને લેતો આવું ને?"

એ સાંભળતાં મોઢા પર ન દેખાવા દેવાય એવો આનંદ મેં અજાણ રીતે મનમાં અનુભવ્યો અને એ આનંદ એથી સહેજ વધુ સ્પષ્ટ રીતે અનુભવવાનો લોભ હોય એમ મારાથી પૂછી દેવાયું: "હજુ સુધી કેમ નથી પરણ્યા?" પણ એ બોલતાં જ હું કંઈક એવો વિચિત્ર ક્ષોભ અનુભવવા લાગી કે આટલુંયે માંડ બોલી શકી. અને શિરીષ પણ ખાલી હસવાનો પ્રયત્ન કરતાં કરતાં એટલું જ બોલ્યો:

"એ બધું પૂછવાનો હવે શો અર્થ છે?"

એ પછી તો ખાલી વિવેક પૂરતી જ વાતો થઈ. ઘેર આવ્યા પછી આખી રાત મનમાં ને મનમાં હું શિરીષ સાથે ઝઘડ્યા કરી. અને આજે સવારે પણ એ બહાર ગયા ત્યારથી મારા મને એ જ કામ શરૂ કરી દીધું છે; ધીરે ધીરે મનમાં ને મનમાં શિરીષ સાથે ઝઘડતાં ઝઘડતાં, અંતે એવી ઉશ્કેરાઈ ગઈ કે હેન્ડ-બૅગ તૈયાર કરીને થયું કે એ... પાસે જ ઝઘડવા પહોંચી જાઉં.

બહાર જોરદાર વરસાદ આવે છે.

અને મનેયે થાય છે કે ભલે જીવનમાં એક વખત ... ખરું તોફાન મચી જતું, પણ એક વાર પહોંચી ... શિરીષ પાસે ઝઘડવા કે જેથી એક વસ્તુનો નિકાલ ... આવી જાય.

હું તો માનતી 'તી કે એ કોઈને પરણી ગયો હશે. ... માત્ર કોઈ મીઠી સવારે કે કોઈ ઠંડી સાંજે એ મને યાદ ... લેતો હશે. પણ હજુયે એ તો મને ભૂલ્યો નથી, એ ... ભલે મનને સહેજ સંતોષ કે સુખ આપે પણ એક ... વ્યક્તિ મારી પાછળ પોતાનું સમસ્ત જીવન વેરાન કરી ... છે એ ખ્યાલ એ સુખ કરતાં કંઈ હજારગણો વધુ દુઃખકર ...

એટલે જ થાય છે કે એક વાર એની પાસે પહોંચી જાઉં. કહું કે તું પરણી જા. હુંયે પરણીને દુઃખી નથી ... તુંયે નહિ થાય. ગમે તે થાય પણ તું કોઈને પરણી ... આમ નહિ પરણીને, એક એક શ્વાસે, ટીપે ટીપે જીવનભર ... સ્નેહ વર્ષાવ્યા કરે એ નથી સહન થતું.

અને જો તું મારા વિના બીજી કોઈને પરણી શકે ... જ નહોતો તો પછી ખાલી મને એક વાર પૂછીને જ ... અટકી ગયો? અરે, છેવટ કંઈ ન થઈ શકે તો મને ... જવી હતી. અરે, હજુયે શું ખોટું થઈ ગયું છે? તું ... વિના જીવી જ ન શકે એમ હો, તો ખુશીથી ... ઉપાડી જા. ગમે ત્યાં ઉપાડી જા. ગમે તે કર. ... દુઃખ થશે, એવો વિચાર ન કરતો. હું એથી દુઃખી ... એ વાત કદાચ સાચી હોય—પણ એ દુઃખ આ ... દુઃખ કરતાં ઓછું હશે. અત્યારનું તારું દુઃખ જોઈને ... મને મારી જાત, કોઈનું ટીપે ટીપે લોહી ચૂસતી ... જેવી લાગે છે.

[અનુસંધાન પૃ. ૪૦૦ ...

[અનુસંધાન પૃ. ૩૬૮થી]

ચ૦ : સૂતા રથે કૃષ્ણ તહીં, પ્રભુ સ્વયમ્,
કિરીટીની સંગ જ; ચાલ વંદીએ.
પૃ૦ : નર ને નારાયણ એ, પુરાણઋષિસત્તમ;
ધારતા સૃષ્ટિને સારી, મને યે નિજ તેજથી.
ચ૦ : ધર્મની ગ્લાનિ હો જ્યારે, અભ્યુત્થાન અધર્મનું,
પ્રાચીન ધર્મગોપ્તા એ વિષ્ણુ જન્મ ધરે તદા.
પૃ૦ : હણ્યા છે દાનવો દૈત્યો ઘોર કાંઈ અનાદિથી.
ચ૦ : હણાયા દાનવો દૈત્યો આજે આ કૌરવો થયા.
પૃ૦ : હણાશે ફરીને એ સૌ માનવીરૂપ વિષ્ણુથી.
ચ૦ : નરકાસુરનો આત્મા કર્ણરૂપે થયો જ આ.
પૃ૦ : હણશે અર્જુનરૂપે નર, કૃષ્ણસહાયથી.
ચ૦ : ફરી ફરી દાનવદૈત્યકેરાં
યુદ્ધો થતાં દેવગણો તણી સહે;
ફરી ફરી દૈત્ય હણાય વિષ્ણુના
તેજે સ્ફુરત્ ચક્ર થકી સુદર્શન.
પૃ૦ : શિશુપાલ તણા રૂપે જન્મ્યો રાવણરાક્ષસ;
રાજસૂયસભામાંહીં હણાયો જ સુદર્શને.
ચ૦ : અને આશ્ચર્ય ત્યાં સર્વે સભામહીં થયું મહા,
શિશુપાલતણું તેજ કૃષ્ણ માંહીં ભળી જતાં.
પૃ૦ : આ રાક્ષસોનાં પણ ઉગ્ર તેજ,
ચ૦ : ફરી ફરી દાનવ, દૈત્ય, વિષ્ણુએ
ક્હીં લગી હા, હણવા રહેશે !
સ્વરૂપમાં વિષ્ણુતણા અહો, ભળે !
પૃ૦ : અનાદિ અકળા લીલા કાંઈ વિશ્વ સનાતન.
ચ૦ : પ્રભુના વિશ્વમાં ધન્ય થઈ એ દિવ્ય વાહન.

[દેવર્ષિ નારદ અંતરિક્ષમાંથી નીચે તંબૂર બજાવતાં બજાવતા ગાતા ગાતાં ઊતરે છે.]

ईशावास्यमिदं सर्वं यत् किंच जगत्यां जगत् ।

[ચન્દ્ર અને પૃથ્વી એમને વંદન કરે છે.]

આ સૃષ્ટિ તો ઇશમયી જ, સારી.
એ, ભિન્ન રૂપોથી રહે જ ધારી.
એ, સત્અસત્ પારનું તત્ત્વ એક.
એ, પુણ્ય ને પાપથી ઊર્ધ્વ છેક.
ઊઠતાં સિન્ધુથી મોજાં ફરીને સિન્ધુમાં ભળે.
ઈશથી પ્રગટી સૃષ્ટિ, પાછી ઈશ મહીં ઢળે.
આ દ્વન્દ્વકેરા અતિ ભિન્ન સૂરો,
સુરમ્ય સૂરાવલિમાં શમે મહા;
અજ્ઞાત એ તો સુરલોકથી સ્વરો,
– સુધન્ય કોઈ શ્રવણે વહે, અહા !
કુરૂપતા ઉપર કાંઈ સુન્દર
સ્ફુરી રહી ઈશની ચન્દ્રદૃષ્ટિ;
સા સૃષ્ટિના ઝેર પરે જ વેરના
સદા થતી એની સુધાની વૃષ્ટિ.
(ચન્દ્રને) સૃષ્ટિના મસ્તકે ચન્દ્ર, તારો ઉદય સર્વદા.

[પૃથ્વી અને ચન્દ્ર મુનિને વંદન કરે છે અને બોલે છે.]

જય હો વિષ્ણુ કેરો ને વિષ્ણુભક્ત તણો સદા.

[નારદ તંબૂર બજાવતા બજાવતા **ईशावास्यम्** ગૂંજતા ગૂંજતા અદૃશ્ય થાય છે.]

પૃથ્વી (ચન્દ્રને) :
ચન્દ્ર હે, રશ્મિના તારા શીળા સ્પર્શે અમીભર્યાં,
શ્રાન્તિ ને ક્લાન્તિ સૈન્યોનાં અંગથી પૂર્ણ ઓસર્યાં

[એક યોદ્ધો ચન્દ્રનાં કિરણનો શીળો સ્પર્શ થતાં અર્ધ ઊંઘમાં]

શીળો અહો સ્પર્શ . .

[સહસા જાગી જાય છે અને ચંદ્રને જુએ છે]

ઊગી ગયો શશી !
ઢીલી પડી કમરને લઉં કસી !
(પાસે સૂતેલ મિત્રને) : રે, થા ઊભો આ રણ માંહિ ઇષ્ટ
(એ ઊઠીને) : તાજાં થયાં અંગ વળી બલિષ્ઠ.

[ત્રીજો જાગીને, પડખે હાથ લંબાવી ગદા હોવાની ખાતરી કરે છે.]

મારી ગદા આ પડી મારી પાસમાં.

[ચોથો ઊભો થઈ ધનુષ્ય પરથી જૂની પણછ કાઢી, નવી ચઢાવતાં]:

ચડાવું જ્યા નૂતનને, ધનુષ્યમાં

[જુદા જુદા યોદ્ધાઓ]

૧. ચક્રોતણો આ રથના થતો રવ.
૨. આ હસ્તિના થાય નિનાદ ભૈરવ.
૩. હણહણંત અશ્વોની સુણાય હેષા.
૪. પૃથ્વી થશે આ ફરી યુદ્ધવેષા !

[અર્જુનના શંખમાંથી યુદ્ધઘોષ સંભળાય છે.]

૧. આ શંખનો અર્જુનનો નિનાદ.
૨. એ ક્ષાત્ર સદ્ધર્મ હિયે છ સાદ.

[શંખ, ભેરી, તૂરી, પટહ બાજી ઊઠે છે. અને ફરી તુમુલયુદ્ધ શરૂ થાય છે.]

સ્વાધ્યાય અને સમીક્ષા

રવિશંકર સં. ભટ્ટ, ગુસ્તાદ જી. કાર્પાડિ

સ્વાધ્યાય

[**હોલ્મ્સ-લૅસ્કી પત્રો** : મી. જસ્ટીસ હોલ્મ્સ અને પ્રો. હેરોલ્ડ જે. લૅસ્કીનો પત્રવ્યવહાર ૧૯૧૬–૧૯૩૫. અધિપતિ : માર્ક ડ વુલ્ફ હો. હાર્વર્ડ યુનિવર્સિટી પ્રેસ, ૧૯૫૩. આ ગ્રંથનો "આમુખ" યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાની સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ જસ્ટીસ ફેલીક્સ ફ્રાન્કફુર્ટર. જેઓ બન્ને પત્રલેખકોના નિકટના મિત્ર હતા, તેમણે લખ્યો છે. તેમાંથી થોડો ભાગ નીચે આપ્યો છે, જે વાચકોને અને ખાસ કરીને જેઓ પ્રો. હેરોલ્ડ લૅસ્કીના પરિચયમાં આવ્યા હોય તેમને, રસપ્રદ નિવડશે એમ આશા છે. —**અનુ.**]

આપણે ગંભીર રીતે પૂછી શકીએ કે આવા પ્રકારનો બીજો કોઈ પત્રવ્યવહાર કદી ઉદ્ભવ્યો હશે ખરો ? તપાસો તેના સમયાવધિ, સાતત્ય અને વિસ્તાર; વિપુલ વિદ્વત્તા અને હળવા સ્પર્શથી છેડાયેલ ઉદાત્ત વિષયો, લેશ માત્ર અસહિષ્ણુતા વિના પ્રદર્શિત થયેલ ઊંડી પ્રતીતિઓ, વિચારોની દુનિયામાં, સાનુરાગ પણ વિલક્ષણ હાસ્યપૂર્વક, બે આત્મનિષ્ઠ સાહસિક પ્રવાસીઓનાં પરાક્રમો. આ ઉપરાંત બન્ને પત્રલેખકોની વિસ્મયજનક ભિન્નતાઓ છે.

બોસ્ટનથી ત્રીસ માઈલ ઉત્તરે, બીવર્લી ફાર્મ પરના જસ્ટીસ હોલ્મ્સના ગ્રીષ્મનિવાસમાં બન્નેના પ્રથમ મિલન પછી ૧૯૧૬ના જુલાઈની ૧૧મી તારીખે લૅસ્કી તરફથી માત્ર એક ન-જેવી ચિઠ્ઠીથી આ પત્રધારાનો ઉદ્ભવ થયો. આ પ્રથમ પત્ર અને જસ્ટીસ હોલ્મ્સનો સત્વર અને વિસ્તૃત પ્રત્યુત્તર લગભગ વીસ વર્ષ પર્યંત ચાલુ રહેલ પરસ્પર પત્ર-વ્યવહારમાં પ્રદર્શિત થતાં લાક્ષણિક તત્ત્વોની આગાહી આપે છે. લૅસ્કીનો છેલ્લો પત્ર જસ્ટીસ હોલ્મ્સના મૃત્યુ અગાઉ પંદર દિવસ પર ૧૯૩૫ની ૧૭મી ફેબ્રુઆરીએ લખાયો હતો.

વિચારોના સાહસ માટે, નિઃસ્વાર્થ ઉત્સાહથી ભરપૂર એવાં બે અવગાહ-ગંભીર મનોની લોહચુંબક શી આકર્ષણ-શક્તિથી પ્રથમ દર્શને જ તેઓ બન્ને એકબીજા ત ખેંચાયા હોય એમ જણાયું હતું.

બીવર્લી ફાર્મ પર ૧૯૧૬ના જુલાઈના તે દિવસે તત્કાલ આવી ઊંડી અને અવિચ્છિન્ન મૈત્રીનો સંબંધ તેવા બે જનોના પારસ્થિતિ તપાસો. એ કાળે પો લખાણો —એક સુવિખ્યાત નાનું પુસ્તક, થોડા નિ અને તેમના અભિપ્રાયો-થી જસ્ટીસ હોલ્મ્સે કાનૂન સં વિચારસરણીમાં જબ્બર પરિવર્તન આણ્યું હતું અને તે કાયદાની બુદ્ધિયુક્ત પુનર્વિચારણા કરી હતી. થોડા મહિ પહેલાં જ એમનો પંચાતેરમો જન્મદિન એક રાષ્ટ્રીય તરીકે ઊજવાયો હતો. એમની કીર્તિ પોતાના સ્વ સીમાઓથી ઘણે દૂર ફેલાયલી હતી. અંગ્રેજી ભાષા દુનિયાના એક ઉત્તમોત્તમ ન્યાયાધીશ તરીકે તેઓ સુ હતા. ખરેખર, જસ્ટીસ કાર્ડોઝો—જેઓ આ વિશિષ્ટાધિકારી છે–નો મત એવો હતો કે ઍંગ્લો-અ ન્યાય આપનારાઓમાં જસ્ટીસ હોલ્મ્સની સૌથી બુદ્ધિ હતી. કુદરતે એમને જે વિશિષ્ટ લક્ષણો બ —સુંદર મુખાકૃતિ, પ્રતાપપૂર્ણ વ્યક્તિત્વ, ઉમદા અને ચારુ વર્તન—તે એમની લાંબી અને સા કારકિર્દી–જેનાથી એમની નામનાને અદ્ભુત પ્ર વર્યો હતો–ને લીધે વિશેષ દીપી ઊઠ્યાં હતાં.

એમની મૈત્રીની શરૂઆતને સમયે ડેવીડ મેકસ રાઈનહાર્ટ પણ લૅસ્કી અને હોલ્મ્સ કરતાં ભિન્ન પ્રકૃતિના માણસો કલ્પી શક્યા ન હોત. એ સૌથી વિશેષ પ્રતિભાસંપન્ન વ્યક્તિઓમાંની એક માત્ર ત્રેવીસ વર્ષની ઉમ્મરનો એક ક્ષીણકાય ઊભો હતો. એ બન્નેના વયમાં અડધી સદી કરતાં તફાવત હતો. જ્યાં સુધી લૅસ્કી બોલ્યા નહિ ત્યાં તરફ કોઈની ખાસ નજર પણ ગયેલી નહિ. પરન્તુ

ધંધાના આ સમર્થ વૃદ્ધ નેતામાં લૅસ્કીએ, અગાઉની માફક ફરી વાર, ચિનગારી પ્રગટાવી. જ્યારે વિખ્યાત ઉત્પત્તિશાસ્ત્ર-વિશારદ, ફ્રાન્સિસ ગાલ્ટનને ખબર મળેલા કે જે નિબંધે એનું ધ્યાન ખેંચ્યું હતું તેનો લેખક માન્ચેસ્ટરનો માત્ર સત્તર વર્ષની ઉમ્મરનો એક વિદ્યાર્થી હતો, ત્યારે એણે લખેલું: "ઘણે લાંબે વખતે હું આટલો આશ્ચર્યચકિત થયો છું. આ છોકરાની સમક્ષ મહાન ભાવિ ખડું છે અને જો એ 'યુજેનીક્સ'(ઉત્પત્તિશાસ્ત્ર)ના શાસ્ત્રને વળગી રહેશે તો એ જરૂર નામના મેળવશે."

એ વિદ્યાર્થી 'યુજેનીક્સ'ને વળગી રહેવાને બદલે ઑક્સફર્ડ યુનિવર્સિટીમાં ગયો. કદાચ તે સમયના ન્યૂ કૉલેજના ડીન સર અર્નેસ્ટ બાર્કરના પ્રભાવથી, રાજનીતિના પ્રશ્નો, ખાસ કરીને સ્વાતંત્ર્ય કેમ પ્રાપ્ત કરી શકાય, એ લૅસ્કીનું જીવનભરનું પ્રધાન ચિત્તાકર્ષણ બની રહ્યા. પહેલા વિશ્વયુદ્ધની શરૂઆતમાં લૅસ્કીએ ઑક્સફર્ડ છોડ્યું. શારીરિક કારણોને લીધે યુદ્ધસેવા માટે એ લાયક ન જણાતાં, મૅક્‌ગીલ યુનિવર્સિટીમાં શિક્ષક તરીકે એમણે બે વર્ષ ગાળ્યાં. હોલ્મ્સ-ના પ્રથમ મિલનકાળે, થોડો સમય થયાં જ એ હાર્વર્ડ યુનિવર્સિટીમાં આવેલ અને તે પણ 'ગવર્મેન્ટ'ના વિષયમાં એક અજાણ્યા, ગૌણ સિક્ષક તરીકે. અને સાથો-સાથ એ પોતાની પત્ની અને બાળક(લૅસ્કીએ અઢાર વર્ષની વયે લગ્ન કર્યાં હતાં)ના નિર્વાહ માટે, યુનિવર્સિટીના મામૂલી પગારની આવકમાં વધારો કરવા માટે હર્બર્ટ ક્રોસલીના "ન્યૂ રિપબ્લીક" માટે ગ્રીષ્મઋતુ દરમિયાન સારી પેઠે લેખો તૈયાર કરતા. કૅમ્બ્રિજમાં એમનો નિવાસ ટૂંકો, એટલે કે માત્ર ચાર વર્ષનો હતો, છતાં લૅસ્કીના જે ગુણોએ હોલ્મ્સ અને પોતાની વચ્ચે "અભિજ્ઞાનનો આઘાત" જન્માવ્યો, તેણે હાર્વર્ડ ઉપર પણ અસર કરી. જો સમર્થ અને સમીક્ષક પુરુષો સાક્ષી તરીકે અસ્તિત્વમાં ન હોત તો માન્યામાં પણ ન આવે કે એક યુવાન, અજાણ્યો શિક્ષક આટલા ટૂંકા ગાળામાં એક મહાન વિદ્યાપીઠના જીવન પર આટલો ઊંડો પ્રભાવ પાડી શકે. કારણ કે મહાન આચાર્યોની માફક લૅસ્કીએ પોતાના શિષ્યો તેમ જ સાથી-ઓને શિક્ષણ આપ્યું હતું અને એમના કિસ્સામાં તો સાથીઓ પુખ્ત અને વિશિષ્ટાધિકારી હતા. પ્રો. ચાર્લ્સ હૉવર્ડ મેક્‌ઇલ્વેઇન, જે એક વિદ્વાન તેમ જ આચાર્ય તરીકે હાર્વર્ડનું ગૌરવ છે, તેમણે લૅસ્કી વિષે કહ્યું છે: "મારી જાણમાં હોય તેવા બીજા કોઈ પણ આચાર્ય કરતાં એમનો શિષ્યો પરનો પ્રભાવ વિશેષ હતો. મારા પર એમની ગાઢ અસર હતી." વિશેષ પુરાવા રૂપે બીજું એક કથન બસ થશે. એ પ્રો. ઝૅકેરીઆહ ચેફી (જ્યુ) એક પ્રતિષ્ઠિત કાયદા-શાસ્ત્રવિશારદ અને માનવપ્રેમીનું છે: "એવા થોડા માણસો હશે કે જેમની સાથે મારે મતભેદના પ્રસંગો વિશેષ બન્યા હશે અને એથીયે થોડા હશે કે જેની સાથે મેં આટલા બધા સુખદ કલાકો ગાળ્યા હશે અને જેમની પાસેથી મને આટલું બધું શીખવાનું મળ્યું હશે."

આવા વિવિધ પ્રકારની બુદ્ધિમત્તાવાળા આ ઉત્સુક આત્માની શક્તિ અનેક દિશાઓમાં પ્રસરે અને એમનો દયા-પૂર્ણ સ્વભાવ હરકોઈ જાતની ભાવનાઓ અને વ્યક્તિઓ માટે તુરત સમભાવી બને એ આશ્ચર્યકારક નથી. પરન્તુ એમના જીવનનો મુખ્ય પ્રવાહ શિક્ષણનો હતો. એમની કેન્દ્રવર્તી મહત્તા આચાર્ય તરીકેની હતી. એ વ્યવસાયને એમણે પોતાનું સર્વસ્વ સમર્પિત કર્યું હતું.

એમની વિદ્વત્તા (હોલ્મ્સ પોલોકને લખતાં કહે છે: "મારી જાણમાં આવેલા કોઈ પણ વયના ઘણા શ્રેષ્ઠ વિદ્વાનોમાંના એક"), એમની વક્તૃત્વશક્તિ, એમની કલ્પનાશક્તિ, એમની સ્મરણશક્તિના અદ્‌ભુત પ્રયોગો, એમનું વિવાદપ્રભુત્વ, એમની તત્પર માયાળુતા અને ઉદારતા અને સૌથી વિશેષ, જે સાચા શબ્દોમાં કહેવાયું છે તે, એમનો "યુવાન લોકોમાં અનુરાગપૂર્ણ રસ;" – દુનિયામાં એવા થોડા દેશો હશે કે જ્યાં એવું કોઈ પણ નહિ હોય કે જે આચાર્ય તરીકે લૅસ્કીનું તેને મન કેટલું મહત્ત્વ હતું તેને જીવનભર એક પ્યારા સ્મરણ તરીકે સંઘરે નહિ. આચાર્યના કાર્યની આથી વધારે સંપૂર્ણ સિદ્ધિ ભાગ્યે જ થઈ શકે.

અન્યાયના પ્રદર્શન સામે લૅસ્કીના જેવા ત્વરિત સ્વભાવ-નો પ્રત્યાઘાત, કોઈ વાર દેવદૂતોના જેવા વધારે પડતી આતુરતામાં વ્યક્ત થાય એ સ્વાભાવિક હતું. પણ આર. એચ. ટૉનીએ એમને વિષે કહ્યું છે તેમ "શાણા એ જ સુખી" એ ઉક્તિના પરમાનંદની ચ્યુતિને એક શોચનીય ગુના લેખે તેમાંના તેઓ એક નહોતા. સ્વાતંત્ર્ય માટેની ધગશથી પ્રેરાયલી શૌર્યતત્પરતા કરતાં સ્વાર્થથી રંગાયેલ શાણપણથી દુનિયાને

વધારે ખમવું પડે છે. આ બન્ને પુરુષોના પત્રોમાં અવિવેકી અને પ્રણાલિકાભંજક ફકરાઓ છે, જેથી કોઈ માણસોની રસવૃત્તિને આઘાત પહોંચે. આ પત્રોને આધારે હોલ્મ્સ અને લૅસ્કી સંબંધે અનુમાનો થશે. પરન્તુ યોગ્ય અનુમાન તો આ સમગ્ર પત્રવ્યવહારના આધારે જ બાંધી શકાય. એક વધુ વાતનો નિર્દેશ કરવાનો રહે છે.

સારા વાર્તાલાપકારોને પોતાની વાતોને શણગારવાનો શોખ હોય છે અને લૅસ્કીની વાતોમાં કહેતી વેળા ઘણીવાર ઉમેરો થતો. કેટલીક વાર તો ખરેખર એ ઇતિહાસની કલ્પનાથી પુષ્ટિ કરતા. એમની કેટલીક વાર્તાઓ લેન્ડોરના "કાલ્પનિક સંવાદો"ની યાદ આપે છે, સિવાય કે એ વધારે આનંદમય અને દ્યોતક છે. છતાં ઘણીવાર જ્યારે એમનાં વર્ણનો સામાન્ય અનુભવની સીમાથી પર જતાં જણાય છે, ત્યારે એનું કારણ તો એ છે કે લૅસ્કીના જીવનમાં જે બન્યું એ તેમનાથી ઓછા અસાધારણ લોકોના અનુભવની બહાર હતું અને જો એ મોટા માણસો સંબંધી કોઈ બડી વાતો કહેતા હોય એવું જણાય તો વાસ્તવિક રીતે એ લૉર્ડ હોલ્ડેઈન, જ્હોન મોર્લી, લૉર્ડ સેન્કી અને યુરપના, અમેરિકાના અને એશિયાના પ્રતિષ્ઠિત માણસોના નિકટ સંપર્કમાં હતા. વર્તમાન પ્રવાહોના કેન્દ્રમાં તેમ જ વિદ્યાજગતના નામાંકિત પુરુષો સાથે તેઓ ફરતા એ સત્ય હકીકત છે.

હોલ્મ્સ અને લૅસ્કી દેખીતી રીતે ભિન્ન પ્રકૃતિના પુરુષો હતા. બન્નેમાં ઘણું એવું હતું કે જે એકબીજાને વેગળા રાખે. પરંતુ વિભાજકતત્ત્વો—પૂર્વપ્રસંગો, વય, વ્યવસાય, ભૌગોલિક અંતર—એકબીજા તરફની લાગણીના સંગમથી તેમ જ તેમના બૌદ્ધિક રસોના વિસ્તાર અને ગંભીરતાથી ગળી ગયાં હતાં.

એટલે એવું બન્યું કે જ્યારે લૅસ્કીએ હોલ્મ્સને, એમની મિત્રતાના શરૂઆતના તબક્કામાં, જણાવ્યું કે પોતે ઇંગ્લૅન્ડ પાછા જાય છે ત્યારે ન્યાયાધીશે લખ્યું: "મને તમારી મોટી ખોટ પડશે. એવો બીજો કોઈ મનુષ્ય નથી કે જેની મને આટલી મોટી ખોટ લાગશે." અને લગભગ અંતમાં, લૅસ્કીની આનંદમય અને અવિરત પત્રધારાનો સ્રોત ચાલુ હતો ત્યારે, એમના વંદનીય મિત્રે લખ્યું: "મારા ક્ષીણ થતા જીવનના પરમાનંદનો વિષય તમારા તરફથી આવતો પત્ર છે."

અનુ. રવિશંકર સં. ભટ્ટ

સમીક્ષા

વનસ્પતિસૃષ્ટિ: સ્કંધ બીજો, અધ્યાય ૧-૨; લેખક ગોકુલદાસ ખીમજી બાંભડાઈ કચ્છ-માંડવીવાળા, પ્રકાશક ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર, કિંમત રૂ. ૧૧.

લેખકના આગલા પ્રગટ થયેલ વનસ્પતિસૃષ્ટિ ભાગ પહેલા અને બીજાના અનુસંધાનમાં આ સ્કંધ ત્રીજો લખવામાં આવ્યો છે. સ્કંધ ત્રીજાના ત્રણ અધ્યાય પાડ્યા છે: ૧. આહારિક, ૨. ઔષધિક અને ૩. આર્થિક.

અધ્યાય પહેલામાં આહારને લગતી વિવિધ બાબતો ૪૬૦ પૃષ્ઠોમાં અતિ ઉત્તમ રીતે સવિસ્તર વર્ણન, ઉત્પાદન, આયાત અને નિકાસના આંકડા અને અન્ય કોઠાઓ સહિત રસભરી માહિતી આપી છે. આ બધામાં મુખ્ય ધ્યાન ખેંચે એવી બાબતોમાં ચરબિયલ કે ઘટ તેલ(Fats & Oils), વેજીટેબલ ઘી—કર્બોદિત(Carbohydrates) સેંદ્રિય, ખનિજ ક્ષારો-પ્રજીવનકો(Vitamins) ગોળ અને સાકર ઉદ્યોગ સેંદ્રિય તેજાબ્લો કે વિભિન્ન અમ્લો વનસ્પતિજ ખોરાકરચનામાં આપી છે.

વનસ્પતિજ ખાદ્ય અંગોમાં ખાટાંમીઠાં ફળો, ભાજી પાલા, અનાજ, તેજાના, મેવા, ચાકોરી, ભાંગ, ગાંજો, અફીણ, તમાકુ મુખ્ય છે.

મદ્યાર્કની બાબતમાં કોઠાઓથી ભરપૂર માહિતી આપવામાં આવી છે. ખોરાકની અગત્ય સરસ રીતે સમજાવી છે. વનસ્પતિજ ખોરાકનો માંસાહાર સાથે મુકાબલો કરી સરસ રીતે સમજાવ્યું છે કે વનસ્પતિજ ખોરાક શ્રેષ્ઠ છે. આ ઉપરાંત દૂધ જે બાળક અને વૃદ્ધનો ઉત્તમ ખોરાક છે, જુદાં જુદાં પ્રાણીઓનાં દૂધની માહિતી જાણવા જેવી છે. મનુષ્યના ખોરાકની બાબત ઉપરાંત ઢોરના ખોરાક ચારાની બાબત કોઠા સાથે વર્ણવી છે. છેવટે ખોરાકમાં લેવામાં આવતી વસ્તુઓનાં રાસાયણિક પૃથક્કરણ કોઠા સાથે સવિસ્તર આપવામાં આવેલા છે.

અધ્યાય બીજામાં ઔષધિવિષયો ઉપર પૃષ્ઠોમાં [illegible] રીતે આપેલ છે. એમાં ભારતીય ઔષધના ભુલાયેલા ઇતિહાસની યાદ તાજી કરાવવામાં આવેલ છે. જુદા જુદા પ્રકારના રોગોમાં ઉપયોગી દવાઓ કોઠાઓ આપી વનસ્પતિ

અંગો ઉપયોગમાં ક્યાંથી મળે વગેરે વિગત આપી છે. આયુર્વેદમાં આપેલ બુદ્ધિવર્ધક ઉપાયો શ્લોકો સાથે સમજાવ્યા છે. ઝેર અને તેના ઉતારમાં વપરાતી દવા, ક્ષારોદ (Alkaloides), શર્કરાઈ ક્ષારોદ (Glucosides) તેમ જ દુનિયાની પ્રસિદ્ધ બજારુ ઔષધિઓના કોઠાઓ જાણવા જેવી દરેક વિગતો સાથે આપ્યા છે. ઢોરોને પણ ભૂલવામાં નથી આવ્યાં. ઢોરોની બીમારીની ઔષધિઓનો કોઠો પણ આપવામાં આવ્યો છે.

વનસ્પતિસૃષ્ટિ : સ્કંધ ત્રીજો, અધ્યાય ત્રીજો : લેખક ગોકુલદાસ ખીમજી બાંભડાઈ, કચ્છ-માંડવીવાળા, પ્રકાશક ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર, કિંમત રૂા. ૬.

અધ્યાય ત્રીજામાં વનસ્પતિનો આર્થિક, વ્યાપારિક દૃષ્ટિએ ઉલ્લેખ કરવામાં આવેલો છે. એમાં રેસા આપતી વનસ્પતિઓની હકીકતનો કાચા માલથી માંડીને ઉત્પાદન સુધીનો રસિક હેવાલ આપ્યો છે. રેશમ અર્પનાર કીડાના ખોરાકી પાનનો પણ ઉલ્લેખ જોવામાં આવે છે. આખી દુનિયાના ઉપયોગમાં આવતાં ઇમારતી લાકડાં કોઠા સહિત આપ્યાં છે. પુરાતન લેખનકળામાં વપરાતાં સાધનો અને હાલમાં વપરાતો કાગળ, તેનો ઉદ્યોગ, કાગળની જાતો અને તેની બનાવટમાં વપરાતી વનસ્પતિઓનો ઉલ્લેખ આંકડાઓ સહિત આપવામાં આવ્યો છે.

વનસ્પતિ અંગમાંથી નીકળતા જુદા જુદા આંતસ્ત્રવનો અને બાહ્યસ્ત્રવન રસો, તેની બનાવટના જુદા જુદા પદાર્થો જેવાં કે ચીક, અફીણ, રબ્બર, ગટાપર્ચા, રાળ, ટરપેન્ટાઈન, વનસ્પતિ રંગો વગેરેને લગતી આર્થિક આંકડા સહિત વિગતો આપી છે.

વનસ્પતિનાં રંગબેરંગી આકર્ષક બીજો, બાગબગીચામાં શોભા આપે તેવી વનસ્પતિઓ, ઓછા વરસાદવાળા પ્રદેશની રેતાળ કે ક્ષારવાળી ભૂમિને લાયક વનસ્પતિઓ, વાડોમાં પવનની ઓથ માટે તેમ જ રસ્તા પર છાયા આપે તેવી વનસ્પતિઓ, વાડ બનાવવાને લાયક વનસ્પતિઓ વગેરેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ખેતી, તેનો ઉદ્ધાર, ગ્રામઉદ્યોગ, ખેડૂતની સ્થિતિ, ખાતર, ભારતનાં જંગલોની જાતો વગેરે સારી રીતે સમજાવ્યાં છે. છેવટે એક સુંદર વનશ્રીના ગુણગાનથી ભરપૂર, બોધ લેવા જેવી, કવિતા આપી છે.

વનસ્પતિસૃષ્ટિ–સ્કંધ ત્રીજો આગલા પ્રગટ થયેલ બે ખંડો કરતાં વધુ મોટો થયો છે, તેથી એ પુસ્તકોમાં વહેંચવામાં આવ્યો છે. આવાં સુંદર ઉપયોગી પુસ્તકો ખાસ કરીને વનસ્પતિશાસ્ત્રના અભ્યાસને લગતા સાહિત્યમાં જૂજ અપવાદરૂપ જ પ્રગટ થયાં છે. જે પ્રગટ થયાં છે તેમાં એનું અનેરું સ્થાન છે, એ પૂજ્ય ગોકુળદાસભાઈનાં અથાગ પરિશ્રમ અને તપશ્ચર્યાનું ફળ છે. આ ફળનો પ્રસાદ રૂપી લહાવો વિનાવિલંબે લઈ ગુજરાતી જાણતી જનતાએ આ પ્રખર વનસ્પતિપ્રેમીની નિષ્કામ સેવાની કદર કરવી જોઈએ. આવાં પુસ્તકો પ્રગટ કરી તેઓએ વનસ્પતિશાસ્ત્રના અભ્યાસની ત્રુટી દૂર કરી છે અને આવા ગ્રંથો પડતર ભાવે વેચાવી ગુજરાતના ગૌરવમાં વૃદ્ધિ કરી છે. આમ કરી એમણે મહાગુજરાતને ભારે ઋણી કીધું છે.

લગભગ પંચોતેર જેટલી મોટી પાકટ વય હોવા છતાં લેખક વનસ્પતિપ્રેમમાં પડી રહેલ છે. અને ટૂંક વખતમાં ચોથો ખંડ જનતા સમક્ષ ધરવાની આશા સેવી રહ્યાં છે. અને તેમ કરવા ઈશ્વર તેમને શક્તિમાન કરો!

આ પુસ્તકોમાં આપેલી માહિતી જોતાં એ કોને ઉપયોગી ન થાય તે જણાવવું અશક્ય છે. આ પુસ્તક હરકોઈ ભાઈ-બહેનને એક યા બીજી રીતે ઉપયોગી તો થશે જ એમાં શંકા જ નથી. એટલું જ નહિ પણ આ પુસ્તકો આર્થિક વિષયમાં રસ લેનાર નાના મોટા વેપારી તેમ જ વિદ્યાર્થીને કંઈ ને કંઈ નવી જ દિશામાં સૂચન આપશે. **ગુસ્તાદ જી. કાપડિયા**

સાભાર સ્વીકાર

શ્રેયાર્થીની સાધના : નરહરિ પરીખ, પ્ર. નવજીવન કાર્યાલય, પૃ. ૩૪૧, રૂ. ૩. **ગીતાપ્રવચનો :** વિનોબા ભાવે, પ્ર. ઉપર પ્રમાણે, પૃ. ૨૯૨, રૂ. ૧. **ગાતાં ઝરણાં :** 'ગની' દહીંવાલા, પ્ર. એ જ, ગોપીપુરા, સુરત, પૃ. ૮૮, રૂ. ૧ા. **વૃંદાવન :** રમણ કોઠારી, પ્ર. વૉરા ઍન્ડ કં., પૃ. ૫૨, રૂ. ૧ા. **હવેલીના વાસી :** ગોવિંદભાઈ રા. અમીન પ્ર. ચિત્રપટ કાર્યાલય, પૃ. ૨૮૮, રૂ. ૪.

અર્ઘ્ય

કૃપા - સાધના : [સૉનેટયુગ્મ]

સુદૂર સરકાવિયાં ક્રમણ કર્મ-ચક્રો તણાં,
અને ભ્રમણ બુદ્ધિનાં સકલ લીધ સંકેલી મેં,
કર્યા જ્વલત અગ્નિ શાંત સહુ યજ્ઞવેદી તણા,
તપોવનની વાટથી તૃષિત દૃષ્ટિ ખેંચી લીધી.

પ્રભો, અહીં હતી કયહીં ન લવ આપની છાંયડી,
બધાં સુફલ—જ્ઞાન—સિદ્ધિ સહુ રંક ઊણાં હજી,
કશું ચહત સર્જવા પરમ આપ-સંકલ્પ હ્યાં
હુંમાં—જગતમાં ન ભાળ કદી એની લાધી - લીધી.

અહીં તવ મહાલયે હું અવ અંજલિબદ્ધ થૈ
ખડું, ન લવ યાચું મારું ફલ કર્મનું યજ્ઞનું,
તમારી જગસર્જિકા અખિલધાયિકા દૃષ્ટિ જે
ચહે વિરચવા, રચાવું બસ - એહ ઝંખી રહું.

તપો સકલ, જ્ઞાન-કર્મ-બલથી ય વિશ્વે બૃહત્,
કૃપાળુ, તવ એ કૃપા પ્રતિ પળે હું સેવું મહત્.

[૨]

પળે પ્રતિપળે અહો નયન ત્યાંહીં ઊંચે વળે,
ત્યહીં વદન તાહરે, નયણ તાહરે, તાહરી
જગત્ ભરતી વિશ્વકાય પ્રતિ, ગૂઢ ચૈત્ય પ્રતિ :
અહો ! અરથ માહરે તવ કશી ચિતિ સંસ્ફુરે.

અને પ્રખર સ્થૈર્યમાં સ્ફુરણ ભવ્ય કો વિસ્તરે,
મને ડુબવતું મને ભિંજવતું અજાણ્યા રસે :
રહે ન કંઈ શેષ આ મનની એક યે લ્હેરખી,
સ્ફુરે ન લવ પ્રાણ-પર્ણ, જડ દેહ યે ઓગળે.

પિતા, જગતની સમસ્ત ગતિથી તું ઊંચે ચહી,
સમસ્ત તવ રૂપની પ્રખર એક મુદ્રા મહા
ધરે મુજ પરે, કહે તું મુજ રૂપનાં આ બૃહત્
બલો-દ્યુતિની દિવ્ય ઝાંય વહનાર થા જ્યોતિકા.

ન યાચું કંઈ; તારું દાન બસ દે તું સ્વૈર ક્રમે,
અહો જલધિ પૂર્ણ ! એમ અમ સંગ તું સંગમે.

[સુન્દરમ્ : ‘ દક્ષિણા ’માં]

તંત્રી

ભિખારણનું ગીત

ભિખારણ ગીત મઝાનું ગાય,
આંખે ઝળઝળિયાં આવે ને અમૃત કાનોમાં રેડાય.
ભિખારણ—

‘ મારા પરભુ મને મંગાવી આપજે
સોના-રૂપાનાં બેડલાં
સાથ સૈયર હું તો પાણીએ જાઉં,
ઊડે આભે સાળુના છેડલા,’

એના કરમાંહે છે માત્ર
ભાંગ્યું — તૂટયું ભિક્ષાપાત્ર,
એને અંતર બળતી લાય,
ઊંડી આંખોમાં દેખાય.

એને કંઠે રમતું ગાણું, એને હૈયે દમતી હા
ભિખારણ—

‘ મારા પરભુ મને મંગાવી આપજે
અતલસ અંબરનાં ચી
પે’રી - ઓઢીને મારે ના’વા જવું છે
ગંગા-જમનાને તી

એના કમખે સો સો હીરા,
માથે ઊડતા ઓઢણ-ચીરા,
એની લળતી ઢળતી કાય,
કેમે ઢાંકી ના ઢંકાય.

ગાતી ઊંચે ઊંચે સાદે ત્યારે ઘાંટો બેસી
ભિખારણ—

‘ શરદપૂનમનો ચાંદો પરભુ મારે
અંબોડે ગૂંથી તું આ
મારે કપાળે ઓલી લાલલાલ આડશ
ઉષાની થાપી તું આ

એના શિર પર અવળીઆડી
જાણે ઊગી જંગલ-ઝાડી,
વાયુ ફાગણનો વિંઝાય,
માથું ધૂળ વડે ઢંકાય.

એના વાળે વાળે જૂઓ બબ્બે હાથે ખણતી જાય.
ભિખારણ—૦

'સોળે શણગાર સજી આવું પરણુ !
મને જોવાને ધરતી પર આવજે,
મુજમાં સમાયેલ તારા સ્વરૂપને
નવલખ તારાએ વધાવજે,'
એનો ભક્તિભીનો સાદ
દેતો મીરાં કેરી યાદ,
એની શ્રદ્ધા, એનું ગીત,
એનો પરણુ, એની પ્રીત,
એની અણસમજી ઇચ્છાઓ જાણે હૈયું કોરી ખાય,
આંખે ઝળઝળિયાં આવે ને અમૃત કાનોમાં રેડાય.
૧૫-૧૧-'૫૨ ભિખારણ—૦

[ગની દહીંવાલા : 'ગાતાં ઝરણાં', પૃ. ૨૫, ૨૬]

કવીન્દ્ર હે !

મનુષ્યને ઓળખતા છતાંય તે
ચાહી શકયા કેમ કરી કવીન્દ્ર ?
જન્મ્યા જીવ્યા દાસ્યદુર્ભેદ્ય બંધને
ને મુક્ત માર્ગે વિહર્યા રવીન્દ્ર !
પયોધિ હે પુણ્ય પ્રસન્નતાના
અમે શકયા ના કરી કિલષ્ટ ખિન્ન.
પ્રમાદ-તંદ્રા-ભર અંધકારે
જલ્યાં કર્યો જ્યોતિ, થયો ન કિલન્ન.

કુરૂપતા માનવનાં મનોની,
સમાજનાં નિર્ઘૃણ બંધનોની,
સ્નેહાર્દ્ર દષ્ટે પસવારતા હસ્યા;
સૌન્દર્યનાં એમ રસાયણો રસ્યાં.
સમષ્ટિસંવાદથી સ્પન્દતા સદા
કવીન્દ્ર હે પૃથ્વીની મૃત્તિકાના !

—ઉ

['સંદેશ'ના 'સાહિત્યસાધના' વિભાગમાં]

મોર ટહુકે

આ આવી ભીની હવાલહરી.
ઓ ધૂળતણી ઘુમરે ડમરી.
બદલાઈ ગઈ જ હવા સઘળી.
આ ચિહ્ન પ્રકટ સૌ વર્ષાનાં !
ઘન ગગડે દૂર ગગનમાંહીં,
ને મોર ટહુકે આશાના !

હે આવ, સઘન ઘન શામળિયા,
હો આવ, મીઠા મન મેહુલિયા.
તું આવ, ધરાના નાવલિયા.
બહુ દિન વીત્યા છ નિરાશાના !
ઘન ગગડે દૂર ગગનમાંહીં,
ને મોર ટહુકે આશાના !

રે, ભાંભરતી ગાયો તરસે.
કૂવાનાં જળ તળને સ્પરશે.
ખેડૂનાં દીન વદન દરસે
તુજ મુખ આજે નિરખી હરખે.

—નહીં પ્રાણ ટકે, જો ના વરસે !
અવલંબન એક જ તરસ્યાના !
ઘન ગગડે દૂર ગગનમાંહીં,
ને મોર ટહુકે આશાના !

હે આવ, ભરી સઘળુંય ગગન.
ધરી મેઘધનુષી આભૂષણ.
વીજલડીનાં દ્યુતિલાં નર્તન.
એ સ્નિગ્ધગભીર મીઠાં ગર્જન.
—ને, તુજ કેવલ અમીનાં વર્ષણ !
સુવિશારદ મૌનની ભાષાના !
ઘન ગગડે દૂર ગગનમાંહીં,
ને મોર ટહુકે આશાના !

[પ્રજારામ : 'દક્ષિણા'માં]

[અનુસંધાન પૃ. ૩૯૨થી]


ત્યાં નીચે જરા અવાજ સંભળાયો. હું તરત જ વજનદાર વરસાદના બૂટનો અવાજ ઓળખી ગઈ. અને રોજની ટેવ મુજબ મારાથી સડસડાટ એમને (મારા પતિને) લેવા દાદરો ઊતરી જવાયો. નીચે નીતરતા રેઈન કોટમાં એ ઊભા હતા. મેં એમની છત્રી અને પોર્ટ ફોલિયો એમના હાથમાંથી લઈ લીધાં. અને પછી એમની પાછળ પાછળ દાદર ચડવા લાગી. ચડતાં ચડતાં વિચાર આવતો હતો કે છેલ્લા બેએક કલાકથી હું મનમાં કેવો મહાસાગર ડખોળી રહી છું. મને થયું કે હુંયે કેવી ગાંડી છું.


છેક ઉપલે પગથિયે આવીને એ ઘડીભર ઊભા રહ્યા. થોડીવારમાં તો મારા મનમાં ઘણી ગડમથલ થઈ ગઈ. મેં એમની સામું જોયું. અને તરત મેં મારી નજર, હિંમત એકઠી કરવા, નીચે ઢાળી દીધી. અને પછી એમને મારો નિર્ણય કહી દેવા મેં ઊંચું જોયું.

એવા જ સ્થિર, પ્રફુલ્લ, સૌમ્ય ભાવે, કંઈક નવીન જ નાની મુસાફરીનો પ્રોગ્રામ સાંભળવા ઊભા હોય, એવા ઉત્સુક ભાવે એ જોઈ રહ્યા હતા. અને વળી હું નીચું જોઈ ગઈ. મનને ખૂબ દૃઢ કરવા પ્રયત્ન કરી જોયો. અને અંતે મેં સીધું એમની આંખોમાં જોયું. એ જ ઊંડી નિશ્ચલ સ્નેહાર્દ્ર આંખો [illegible] રહી હતી. પણ હું હવે નીચું જોઈ શકું એમ નહોતી. [illegible] મારું આખું અંગ ફેરવી હું બારી બહાર જોતી એક પણ [illegible] થંભ્યા વગર બોલી ઊઠી : " આ વરસાદ અને તોફાન [illegible] કેવાં છે ! જોવો તમે ઘરમાં પગ મૂક્યો કે તરત [illegible] શાંત. "

પણ હું જે બોલી ગઈ એ શું ખાલી એકલા વરસાદની જ વાત હતી ?

બધું જ શાંત થઈ ગયું હતું, માત્ર ક્યારેક ટીપે... ટીપે... કોઈક ફોરાંઓ પડતાં હતાં.





પ્રિસીશન ક્રિયા નં. ૨.

કન્વેયર એનેમલીંગ પ્લેન્ટમાં ફોર્ક, ફ્રેઇમ અને મડગાર્ડને એનેમલનો ઢોળ ચડાવવામાં આવે છે જેનાથી એમને ચિકકટપણે વળગી રહેવાનો ગુણ અને ચળકાટ સંપૂર્ણપણે પ્રાપ્ત થાય છે.

હિન્દ સાઇકલ

ભારતની પોતાની

ભારતના સહુથી મોટા અને તદ્દન આધુનિક સાઇકલના કારખાનામાં ચોકસાઇપૂર્વક બનાવાયેલી હિન્દ સાઇકલ, વ્યાજબી ભાવે શ્રેષ્ઠ પ્રકારનું યંત્ર માગતા ગ્રાહકોની નિશ્ચિત પસંદગી પામે છે.

હિન્દ સાઇકલ્સ લિમિટેડ,



૨૫૦ વરલી, મુંબઇ ૧૮.

ASP/HC69B

જવાબદારીઓ અને હકો

પ્રશ્ન આ છે: યુરોપ પાસે કોઈ નીતિધોરણ રહેવા પામ્યું નથી. વાત એમ નથી કે સમૂહ-માનવ (mass-man) નવું નીતિધોરણ સ્વીકારવા જતાં જરીપુરાણું ફગવી બેઠો છે, પણ જીવનયોજનાના કેન્દ્રમાં જ કોઈ પણ નીતિધોરણને અનુસર્યા વિના જીવવાની સ્પષ્ટ અભીપ્સા પડેલી છે. ...

...પોતાને બધા હકો જોઈએ અને સામી જવાબદારી એકે નહિ એવી માન્યતામાં જેનું જીવનવલણ મર્યાદિત ન હોય એવું જમાનાના સૌ પ્રતિનિધિઓમાંથી એકાદ પણ જૂથ નહિ મળે. સક્રિય રીતે કે પરોક્ષ રીતે પોતાને ક્રાન્તિકારી કે પ્રત્યાઘાતીના અંચળા હેઠળ છુપાવે એ મોટી વાત નથી, એક કે બે આંટા પછી એના મગજની સ્થિતિ ચોક્કસપણે એવી હશે કે બધી જવાબદારીઓ ઉવેખવી અને માનવું કે પોતે અમર્યાદિત હકોથી સંપન્ન છે: શા માટે એના કશા ખ્યાલ વિના જ. ...પ્રત્યાઘાતી કે ઉદારમતવિરોધી તરીકે એ દેખા દેશે તો એવું સ્થાપવા માટે કે રાજ્યને ઉદ્ધાર બીજાં બધાં ધોરણોને જમીનદોસ્ત કરવાના, અને પોતાના પડોશીને—ખાસ તો એ જો આગળ પડતા વ્યક્તિત્વવાળો હોય તો—પરેશાન કરવાના, અધિકાર ઉપર નિર્ભર છે. એ જો ક્રાંતિકારીનો વેશ ભજવવાનું નક્કી કરે તોય એનું એ જ બને છે: હાથે મજૂરી કરનારાઓ અને પીડિતો માટેનો, સામાજિક ન્યાય માટેનો, દેખીતો ઉત્સાહ તે વિનય, સચ્ચાઈ અને વિશેષ તો શ્રેષ્ઠ વ્યક્તિઓ માટેના આદરમાન જેવી સર્વ જવાબદારીઓનો ઇન્કાર કરવાની સગવડ આપતા ઓથા રૂપ નીવડે છે. બુદ્ધિને ધુત્કારવાનો અને એને કોઈ પણ પ્રકારનું માન આપવામાંથી છૂટવાનો હક મળે એટલા ખાતર જ આ કે તે મજૂરતંત્રમાં દાખલ થયેલા ખાસા થોડાએક જણાને હું ઓળખું છું. સરમુખત્યારશાહીનાં બીજાં સ્વરૂપો અંગે તો, જે કંઈ સામાન્ય સપાટીથી ઉપર જણાય તે તમામને કચડીને તેઓ સમૂહમાનવની કેવી ખુશામત કરે છે તે આપણે પૂરું જોયું છે.

દરેક જવાબદારીથી ભડકવાની આ વૃત્તિમાં, "યુવકો"નો યુવક તરીકે આપણા સમયમાં નોખો ચોકો કરવામાં આવ્યો છે એ અર્ધ હાસ્યાસ્પદ અને અર્ધ લ્યાનતભરી ઘટનાનો, અંશતઃ, ખુલાસો મળે છે. આપણા જમાનાનું કદાચ આથી વધુ કઢંગું દૃશ્ય બીજું નહિ હોય. હાસ્યજનક રીતે, લોકો પોતાને "યુવક" કહે છે, કેમ કે તેમણે સાંભળ્યું છે કે યુવકોને જવાબદારીઓ કરતાં હકો વધારે છે. ...યુવકોને વર્ગ તરીકે અગત્યનાં કામો કરવા કે કર્યામાંથી હમેશાં બાકાત ગણવામાં આવ્યા છે. તેઓ શાખ ઉપર જ હમેશાં જીવતા આવ્યા છે. મૂળે એ એક જાતનો અરધો હસવામાં, અરધો લાડમાં અપાયેલો ખોટો હક હતો; જુવાની વટાવી ચૂકેલાઓએ પોતાથી નાનેરાઓને એ આપેલો. પણ આજે આશ્ચર્યકારક વસ્તુ એ છે કે નાનેરાઓ, કાંઈક જેમણે કર્યું હોય તેમને જે હકો મળવા જોઈએ તે, તમામ હકો પર દાવો કરવા માટેના અસરકારક હક તરીકે એને લઈ બેઠા છે. માન્યામાં ન આવે એવું લાગશે, પણ "યુવક" એ શબ્દ મંત્રોચ્ચાર બની ગયો છે. ...

સમૂહ-માનવ તદ્દન નીતિરહિત છે: નીતિનું સત્ત્વ રહ્યું છે કશાકને—સેવા અને જવાબદારી અને સચેતતાને—વશ થવાની ભાવનામાં. ...યુરોપ પોતાની આધ્યાત્મિક વર્તણૂકનાં ફળ હવે લણી રહ્યું છે. એણે આંધળી રીતે એક એવી સંસ્કૃતિ સ્વીકારી છે, જે ભવ્ય છે, પણ મૂળિયાં વિનાની છે.

[Ortega y Gasset: The Revolt of the Masses]

સંસ્કૃતિ

વર્ષ ૭મું : અંક અગિયારમો

નવેમ્બર ૧૯૫૩

તંત્રી : ઉમાશંકર જોષી

દીપોત્સવી

કલાકાર : રસિકલાલ પરીખ



સંસ્કૃતિ

વર્ષ સાતમું

અંક અગિયારમો

અનુક્રમણિકા : નવેમ્બર ૧૯૫૩



સંસ્કૃતિ કાર્યાલય વતી મુદ્રક-પ્રકાશક : કિશનસિંહ ચાવડા, ચેતના પ્રેસ લિ., નવા બજાર, વડોદરા.

લેખકમિત્રોને વિનંતિ :

* લખાણ કાગળની એક બાજુ અને સ્વચ્છ અક્ષરે લખાયેલું, જોડણીકોશ પ્રમાણેની જોડણીવાળું હોય તે મુદ્રણદૃષ્ટિએ જરૂરી છે.
* લખાણ પાછું મેળવવા માટે તેની સાથે જવાબી પરબીડિયું હોય તે આવશ્યક છે.

સૂચનાઓ :

* દર માસની સાતમી તારીખે અંક પ્રસિદ્ધ થાય છે.
* દશમી સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
* પત્રવ્યવહારમાં ગ્રાહકનંબર લખવાથી સગવડ થશે.
* આ માસિકમાં પ્રસિદ્ધ થતા લેખોમાંના અભિપ્રાય માટેની જવાબદારી તે તે લેખકની છે.
* પ્રથમ અંકથી ગ્રાહક થવું આવશ્યક છે.

ગ્રાહકો નોંધવાનાં સ્થળો:

એન. એમ. ત્રિપાઠી, લિ. મુંબઈ
જીવનસાહિત્યમંદિર, અમદાવાદ
ભારતીસાહિત્યસંઘ, અમદાવાદ
ઇન્દ્રધનુ, મિશનરોડ, અમદાવાદ
ગાંડીવ સાહિત્યમંદિર, પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઈ-૨
ગાંડીવ સાહિત્યમંદિર, લાલગેટ સુરત
એલ. કે. મેઘાણી : આર્મેનિયન સ્ટ્રીટ, કલકત્તા ૧.
પ્રભાકર બ્રધર્સ, પો. બો. ૧૨ નૈરોબી, ઇસ્ટ આફ્રિકા.

લવાજમ :

દેશમાં રૂપિયા સાત. પરદેશમાં રૂ. ૧૦ અથવા શિલિંગ ૧૪. છૂટક નકલ બાર આના.

તંત્ર અને વ્યવસ્થા અંગેના સર્વ પત્રવ્યવહારનું સરનામું :

સંસ્કૃતિ કાર્યાલય, એલિસ-બ્રિજ. અમદાવાદ

સંસ્કૃતિ

सत्यं पर धीमहि ।

નવેમ્બર ૧૯૫૩



सारस्वत धर्म

આપણા દેશની જુદીજુદી ભાષાઓના સાહિત્યકારોને મળવાનું થાય છે ત્યારે એકમેકને કે એકમેકના કાર્યને ભલે ઓળખતા નહતા પણ બધા કેવા એક રીતે જ જાણે અંધકારમાં માર્ગ(groping) કરી રહ્યા હતા તેનું ભાન તો તરત થાય છે જ. આપણા દેશની જનતાની અનર્ગળ સહનશક્તિને અને એના મૂંગી આશાઆકાંક્ષાઓને વાચા આપી શકે એવાં ઉચિત સાહિત્યસ્વરૂપોની ખોજનો અણસારો પણ મળી રહે છે. પણ તે છતાં મુખ્યત્વે વાતો સાહિત્યઆયોજન(ટેકનિક) અંગે કે સર્જન અંગે થતી હોય છે એવું નથી. દેશના મહાપ્રશ્નો, માનવજાતિની સમસ્યાઓ અંગે ઘણી ચર્ચા તો ચાલે છે. સાહિત્યના માણસો ઘણુંખરું દુનિયાની ઘટનાઓમાં સીધા સંડોવાયેલા નથી હોતા, પણ એનો અર્થ એ નથી કે તેઓ ચંદનમહેલ(ivory tower)માં રહે છે. દેશની અટપટી વિટંબણાઓનો ખ્યાલ પટુકરણ ગણાતા આ વર્ગને બેચેન બનાવ્યા વગર રહે એ કેમ બને? જીવન કેમ વધુ ઉન્નત બને, વધુ શ્રીભર બને એ માટે એ પણ સળગી રહ્યા હોય છે.

પણ સાહિત્ય અને કલાના ઉપાસકોની સાધના અલગ પ્રકારની હોય છે. લોકજીવનમાં મૂળિયાં નાખ્યા વગર એ જીવી જ ન શકે, પણ જગતના રાગદ્વેષોથી પૂર્ણપણે લિપ્ત થવું એમને પાલવે નહિ. દુનિયામાં ક્લેશો તો ઊકળતા હોય છે. ક્લેશોને વકરાવનારાઓની કમીના હોતી નથી. સરસ્વતીના ઉપાસકો તો એ ક્લેશોની અંદર સ્ફુરી રહેલા સંવાદિતાના બીજને પોષવા મથી રહેતા હોય. સારસ્વતોની આ સંવાદિતાની સાધના વેવલીભરી આદર્શમયતા નથી. વિશ્વક્રમમાં, વ્યવહારમાં એનો ઉપયોગ છે. સમાજમાં એવી વ્યક્તિઓ કે વ્યક્તિમંડળો જોઈએ, જે સમાજના વારેવારે પલટાતા રાગદ્વેષોને વશ ન થાય એટલું જ નહિ, વખત આવ્યે સમાજની સામે ઊભા રહીને પણ એને એનો કલ્યાણમાર્ગ ચીંધી શકે. વાલ્મીકિ ન હોત તો સીતા ક્યાં જઈને રહેત? વાલ્મીકિ ન હોત તો સીતાનો સ્વીકાર કરવા માટે અયોધ્યાના લોકોને ક્રમ બીડીને કોણ કહેત? આપણા દેશનો ઇતિહાસ જોઈશું તો જણાશે કે વ્યવહારના–રાજકારણના માણસોએ દેશને ઘણુંખરું છિન્નભિન્ન રાખ્યો, તે છતાં દુનિયાને અચંબો ઉપજાવે એવો વિરલ આંતર એકતા આ દેશમાં શી રીતે ઘૂંટાઈ અને દેશની પડતી વેળા આવી તોયે ટકી રહી? દેશની આવી એકતાની સાધનામાં સારસ્વતોનો મોટો ફાળો છે.

એ ધર્મ બજાવવાની જરૂર અત્યારે ઓછી છે એમ માનવાનું નથી. બલકે આજની ઘડીએ સારસ્વતોએ વ્યક્તિ તરીકે તેમ જ મંડળો તરીકે એકતા અને સંવાદિતાની પોતાની સાધના વધુ સક્રિય બનાવવાની જરૂર છે. રાજકારણના માણસો આ સાધનાનું ગૌરવ આપોઆપ સમજી શકે એવી શુદ્ધ અને અસરકારક પણ એ હોવી જોઈએ. દુષ્યન્ત કણ્વના તપોવનમાં 'વિનીત વેશ'માં જવાનું વિચારે છે. ધન કે સત્તાના માણસો સારસ્વત મંડળોમાં 'વિનીત વેશે' આવે એટલો એ મંડળોએ પોતાનો પ્રભાવ પ્રગટાવવો જોઈએ. પોતે એમના વર્ચસ્ નીચે તો હરગીજ ન આવે.

ભક્ત સોહિરોબાની નીચેની પંક્તિઓમાંની ભાવનામાં આ સંવાદિતા અને એકતા સ્થાપતા ધર્મની ચાવી છે:

आह्मी न हो पांचांतले, न हो पंचवीसांतले, या सर्वांहि वळखुनिया आह्मी आंतले आंतले हो ।
आह्मी न हो लक्षांतले, न हो पक्षांतले, या सर्वांहि वळखुनिया असूं अलक्षांतले हो ।
आह्मी न हो मंत्रांतले, न हो तंत्रांतले या सर्वांहि वळखुनिया नसूं मायेच्या यंत्रांतले हो ।

—અમે નથી પાંચમાંના, નથી પચીસમાંના, એ બધાને ઓળખી લઈને અમે અંદરના છીએ. અમે નથી લાખમાંના, નથી પક્ષમાંના, એ બધાને ઓળખી લઈને અલક્ષમાંના છીએ; નથી મંત્રમાંના કે તંત્રમાંના, એ બધાને ઓળખી લઈને માયાના યંત્રમાંના રહ્યા નથી.

ઉમાશંકર જોષી

સમયરંગ

તંત્રી

ડૉ. સુનીતિકુમારનું વિચારસમૃદ્ધ વ્યાખ્યાન

ડૉ. સુનીતિકુમાર થોડાં વરસો પહેલાં ગુજરાત વિદ્યાસભાને ઉપક્રમે 'ભારતીય-આર્ય ભાષાઓ અને હિંદી' એ વિષય ઉપર વ્યાખ્યાનો આપવા અમદાવાદ પધાર્યા હતા અને એમના બહુશ્રુત રસિક વ્યક્તિત્વની સુવાસ અહીંના અભ્યાસીઓમાં મૂકી ગયા હતા. છેલ્લાં ચાલીસ વરસથી એ ભાષાશાસ્ત્રનો અભ્યાસ કરતા આવ્યા છે. પ્રાચ્ય વિદ્યાપરિષદના પ્રમુખપદેથી એમણે 'ભારતીય સમન્વય, અને ભારતમાં થયેલું જાતિઓનું અને સંસ્કૃતિઓનું સંમિશ્રણ' એ વિષય ઉપર અત્યંત વિચારપૂર્ણ વ્યાખ્યાન આપ્યું.

પોતાનું વ્યાખ્યાન શરૂ કરતાં પહેલાં એમણે છેલ્લી પરિષદ ભરાયા પછી પ્રાચ્યવિદ્યા અંગે દેશપરદેશમાં થયેલા કાર્યની રૂપરેખા આપી. આ શિરસ્તો પ્રશસ્ય છે. શ્રોતાઓને એક સાથે માહિતી મળે છે અને તે તે કાર્યકર્તાને એક વિશિષ્ટજન તરફથી હૂંફ મળે છે. નવાં કામો રાહ જોઈને ઊભા છે તે અંગે ઇશારો પણ વ્યાખ્યાતાએ કર્યો. ('વાલ્મીકિ રામાયણ'ની સંશોધિત આવૃત્તિ બહાર પાડવાનું સ્તુત્ય કાર્ય વડોદરાની શ્રી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીએ માથે લીધું છે એ હકીકત નમ્રપણે વિદ્વાન પ્રમુખના ધ્યાન પર લાવવાની તક લઈએ છીએ.)

પોતાના મુખ્ય વિષયનો ઉપાડ વ્યાખ્યાતાએ સમુદાર વ્યાપક દૃષ્ટિથી કર્યો. આ દેશમાં ભારતીય માનવનું સર્જન કયા ક્રમે થયું તે એમને આલેખવું છે, પણ તેઓશ્રી આરંભમાં જ સ્પષ્ટ કરે છે કે માનવ જાતી અખંડ છે,' ન માનુષાત્ શ્રેષ્ઠતરમ્ હિ કિંચિત્'— માનવથી વધીને કશું નથી. બધાનું ભાગ્ય એકમેક સાથે ગુંથાઈ ગયેલ છે. 'ભારતીય માનવ' અંગેનો અભ્યાસ 'વિવિધતામાં એકતા'નો સાક્ષાત્કાર કરાવનારો હોઈને રસમદ છે. ભારતની આ સાધના માનવજાતિના ઇતિહાસનું એક બોધમદ પ્રકરણ છે. વ્યાખ્યાતા બતાવે છે કે જાતિઓ, ભાષાઓ અને સંસ્કારો એ ત્રણે બાબતોમાં ભારતે ભારે સમન્વય સાધ્યો છે અને એક સાંસ્કૃતિક ભાત ઉપસાવી છે.

આ દેશમાં ૧. નિગ્રો–સીદીકુળ, ૨. ઑસ્ટ્રો–એશિયાઈ લોકો, ૩. મોંગોલકુળ, ૪. દ્રવિડો અને ૫. આર્યો આવ્યા, વસ્યા પરસ્પર ભળ્યા, એકમેકમાંથી શીખ્યા, એકમેકની અસરો ઝીલી રહ્યા અને પરિણામે અઢીહજાર વરસો પૂર્વે માનવકુળમાં થોડીઘણી વિશિષ્ટતાઓથી તરી આવતો એવો 'ભારતીય માનવ' આ બધામાંથી નીપજ્યો. જાતિઓનાં સંમિશ્રણ, અનુલોમ પ્રતિલોમ લગ્નોમાંથી પેદા થયેલા પ્રતિભાસંપન્ન પુરુષોએ સંસ્કૃતિને આપેલા વળાંક, વર્ણદ્વેષનું ઘસાવું, 'આર્ય' શબ્દ જાતિવાચક મટીને સંસ્કારવાચક ગણાવો, સંન્યાસીનું જ્ઞાતિવર્તુળની બહાર લેખાવું, જ્ઞાન અને ખાસ તો ભક્તિમાર્ગનું વર્ણ અને જ્ઞાતિની પાર જોવું—આ બધા વિષયો સમર્થ રીતે ચર્ચીને વ્યાખ્યાતાએ ભારતમાં થયેલા જાતિઓના સમન્વયનું સુંદર ચિત્ર રજૂ કર્યું.

ભાષાઓના સમન્વયનું ચિત્ર તો અત્યંત સુરેખ હોય જ, એ એમનો પોતાનો વિષય. સંસ્કૃત ભાષાને સંસ્કારની ભાષા તરીકે સ્વીકારવામાં આવતાં સમન્વયની સાધના સુકર બની એમ કહી સંસ્કૃત ભાષાએ દેશ તળની, ખાસ કરીને દ્રવિડ ભાષાની અસર કેવી મોકળી રીતે અનુભવી એનો એમણે સવિસ્તાર ખ્યાલ આપ્યો. ટ, ઠ, ડ, ઢ, ણ, આદિ વર્ણો, શબ્દઘટના, શબ્દકોષ અને ખાસ તો વાક્યરચના અંગે છેલ્લાં ત્રણ હજાર વરસથી સંસ્કૃત આદિ આર્ય ભાષાઓએ દ્રવિડ ભાષાઓની અસરો અનુભવ્યાં જ કરી છે અને એ રીતે બંને વચ્ચેનું અંતર ઘટાડી દઈ સહજીવનનો માર્ગ મોકળો કરી દીધો છે.

સંસ્કારો અંગે પણ એ જ કથની છે. આર્યોએ પોતાના રૂપરંગ (કેશરચના આદિ), ખોરાકપાણી, રહેઠાણ ને ઉપસ્કરમાં અહીંની રહીશોની રીતોનો કરેલો સ્વીકાર ખાસ તો યજ્ઞ(પશુકર્મ) સાથે પૂજા(પુષ્પકર્મ)ને આપેલું મહત્ત્વ એ બધા સાંસ્કૃતિક સમન્વયનું વ્યાખ્યાતાએ વિચારપ્રેરક ચિત્ર રજૂ કર્યું.

આ રીતે ચાલીસ વરસોથી પોતાના અભ્યાસ-નિદિધ્યાસનમાં અગ્રસ્થાને રહેલા, છૂટક છૂટક પોતે અનેકવાર ચર્ચેલા, વિષયો ડૉ. ચાટુર્જ્યાએ આ ગૌરવભર્યા સ્થાનેથી સમગ્રદૃષ્ટિએ રજૂ કરી પોતાની પરિપાક પામેલી વિચારણા વિદ્વત્ જગતને ભેટ ધરી છે. સૌ વિદ્યાપ્રેમીઓ એનું અભિનંદન કરશે. ખાસ કરીને વ્યાખ્યાનના અંત ભાગમાં, વેદમાંનો ધર્મ દેવો સાથે સાટું કરનારો 'પ્રાકૃત દશાનો ધર્મ' હતો એવું સૂચન આ વ્યાખ્યાનના સૂરને અનુ

લાગતું નથી. પશ્ચિમના કેટલાક વિદ્વાનોની જેમ આપણા પ્રમુખ પણ શું વેદમાં 'પ્રાથમિક દશાના ધર્મ' કરતાં વધુ જોતા નથી?

શ્રી ઘાટેનું રસિક સાહિત્યવિહંગાવલોકન

મરાઠી સાહિત્યસંમેલનના પ્રમુખ શ્રી ઘાટેએ મહારાષ્ટ્ર પોતાની માતા છે તો ગુજરાત માશી છે એમ કહી ગુજરાતી સાહિત્ય સાથેના આત્મીયતાભર્યા સંબંધની વાત કરી. ઉચ્ચશિક્ષણ-માં અંગ્રેજી નહિ, હિન્દી પણ નહિ, પણ સ્વભાષા માધ્યમ હોવું જોઈએ એમ કહી એમણે મરાઠીમાં તૈયાર થતા વિવિધ શાસ્ત્રીય વાઙ્મયનો સવિસ્તર પરિચય આપ્યો. તે પછી નવીન સાહિત્ય અંગે ચર્ચા કરી. નવીન સાહિત્ય પ્રાદેશિક અને બહુજનસમાજાભિમુખ છે એમ કહી નવીન કવિતાના બે દોષ અંગે ઇશારો કર્યો કે (૧) તે જીવનની ફક્ત બેડોળ બાજુ જુએ છે અને (૨) વિકૃતિથી રંગાઈ જાય છે. એમણે કહ્યું: 'આ નવીન મંડળીના અગ્રણી મર્ઢેકર આ આક્ષેપથી કાંઈક અલિપ્ત છે એમ મને લાગે છે. પણ એમનું અનુકરણ કરનારા કેટલાક લેખકોમાં આ દોષ વિશેષ દેખાય છે.' પછી એમણે ઉમેર્યું: 'આ નવીન કવિતા અને નવીન લઘુકથાની પાછળ ક્યારેક સ્પષ્ટ તો ક્યારેક અસ્પષ્ટ એવું જે તત્ત્વજ્ઞાન ડોકાય છે તેથી મારા મનનું સમાધાન થતું નથી. એ તત્ત્વજ્ઞાન નિષ્ક્રિયતાનું છે.' આ અગતિક તત્ત્વજ્ઞાનમાંથી છૂટી સમાજમાંનાં દુઃખોનો પોતાનાં કાવ્યોમાં સામનો કરવાનું કહી ત્રણ નવકવિઓ—વિંદા કરંદીકર, વસન્ત બાપટ અને મંગેશ પાડગાંવકર-ની ઉદયોન્મુખ પ્રતિભાનો એમણે પરિચય કરાવ્યો. કવિ યશવન્ત, કુસુમાગ્રજ અને બોરકર—એ નીવડેલા કવિઓનું મૂલ્યાંકન પણ કર્યું. સુનીત (સૉનેટ) અને ગઝલ ગયાં, નવા ઢાળ, નવાં પ્રતીક આવ્યાં – તેની વાત કરી. કાદંબરી (નવલકથા) આજે રાજપૂત ચિત્રકળા જેવી બની બેઠી છે એમ કહી ઉમેર્યું: 'આ લિલિપુટિયન જમાનામાં એકાદ ટૉલ્સ્ટૉય, ગટે, વિક્ટર હ્યૂગો જનમવો કઠિન છે.' અત્યારની 'ઇમ્પ્રેશનિસ્ટ' લઘુકથા જીવન-સ્પર્શી છે. એનું 'સર્ચલાઈટ મહારાષ્ટ્રભર ફરી રહ્યું છે.' એમ કહી ગાડગીળ, ગોરે અને ગોખલેનાં ઉત્તમ સર્જનોને એમણે સંભાર્યાં. વ્યાખ્યાનને અંતે એમણે નવીન પેઢીને અત્યંત ભાવપૂર્ણ રીતે કહ્યું: आम्ही जातों, तुम्ही रंग करा आपुला—અમે જઈએ છીએ, તમે તમારો રંગ જમાવો !......આખું વ્યાખ્યાન પાંડિત્ય કરતાં વાતચીતની ફૂંફેભરી શૈલીમાં હતું. એમાંની સાહિત્યવિચારણા માત્ર મરાઠી જ નહિ પણ બીજી ભાષાઓને પણ પોતાનો સાહિત્યસંસાર સમજવામાં મદદરૂપ થાય એવી હતી. ગીત નાદશરીર સાથે જ, કર્ણનાં કવચકુંડળની જેમ, પ્રગટવાં જોઈએ—એવાં માર્મિક વિધાનોથી વ્યાખ્યાતાની રસિકતા તરી આવતી હતી. હિંદીને 'સંઘભાષા' કહી તે યોગ્ય છે, પણ ચૌદે ભાષા 'રાષ્ટ્રભાષાઓ' છે એમ પ્રમુખે કહ્યું તે સયુક્તિક લાગતું નથી. ભારતીય સંઘ એ આપણો રાષ્ટ્ર છે, બાકીના પ્રદેશો છે. ચૌદે (હિંદી પણ) પ્રાદેશિક ભાષાઓ છે, જેમાંથી હિંદીને આપણે 'સંઘભાષા' તરીકે સ્વીકારી છે.

ભાષાવાર રાજ્યરચનાના પ્રચારમાં સંયમ રાખીએ

વડાપ્રધાન શ્રી નહેરુએ આ પ્રશ્ન અંગે કમીશન નીમવાનું કહ્યા પછી એનો ઊહાપોહ કરવામાં સંયમ જાળવવો જોઈએ. આણંદમાં ભરાયેલા સંમેલને સીમાપંચને આવકારી એના નિર્ણયો સ્વીકારવા સૌએ તૈયાર રહેવું જોઈએ એવો ઠરાવ દાખવ્યો છે એ ઇચ્છવા જેવું છે પંજાબીભાષા બોલનારાઓના રાજ્ય માટેના ઊહાપોહમાં જે ઉગ્રતા વરતાય છે તે દેશશક્તિનો નિરર્થક હ્રાસ છે. મુંબઈસમેત સંયુક્ત મહારાષ્ટ્ર માટે કેટલાક મહારાષ્ટ્રીય નેતાઓ વારંવાર ભાષણો-નિવેદનો કરે છે તે પણ એવું જ ગણાય. અમદાવાદમાં ભરાયેલા મરાઠી સાહિત્યસંમેલનના અધિવેશનમાં એ જાતનો ઠરાવ આવ્યો તે સંયુક્ત મહારાષ્ટ્રના લક્ષ્યને લાભ કરવા કરતાં નિરર્થક કડવાશ વધારનારો નીવડ્યો એમ કહી શકાય. 'સરકારી કારભાર, ન્યાયમંદિર, વિદ્યાપીઠ અને ધારાસભા' સ્વભાષા દ્વારા ચાલે તો 'સમાજના સર્વ થરો એકરૂપ થાય' એ માટે ભાષાવાર રાજ્યરચનાની માગણી છે,—એ એક 'સાધન' જ છે, એમ પ્રમુખશ્રી ઘાટેએ વ્યાખ્યાનમાં કહ્યું તે યોગ્ય હતું. ૨૮માંથી ૨૪ રાજ્યો તો ભાષાવાર છે જ, બાકીનાં ચાર એવાં બનાવો—એ એમની દલીલ પણ વિચારવા જેવી હતી. પણ સંમેલનમાં મરાઠીભાષી પ્રજાનું રાજ્ય રચાય એટલો જ ઠરાવ થયો હોત તો એનું ગૌરવ સચવાત. એને બદલે ચર્ચાસ્પદ મુદ્દાઓના ઉલ્લેખપૂર્વક ઠરાવ થયો—અને ટેકામાં શ્રી કાકાસાહેબ ગાડગીળે જે રીતે આક્ષેપાત્મક વ્યાખ્યાન કર્યું—એથી એ સારસ્વત મંડળની પ્રતિષ્ઠાને જરૂર ધોખો પહોંચ્યો છે. ક્યાંય પણ રાજકારણી ઢોલપીટુ નેતાઓ સારસ્વત પીઠિકાનો ઉપયોગ કરી શકે એ હવે આપણા દેશમાં અસંભવ હોવું જોઈએ. બલકે રાજકારણી નેતાઓને પ્રચારની ઉચ્ચ ભૂમિકા સાચવવાની ફરજ પડે એનો પદાર્થપાઠ સારસ્વતોએ પૂરો પાડવો જોઈએ. ભાષાવાર રાજ્યરચના હવે થવાની જ છે. પંજાબ, કર્ણાટક, મહારાષ્ટ્ર કે ગુજરાતના સૌ નેતાઓએ કડવાશ વધે એવો પ્રચાર કરવાની હવે જરૂર નથી. આખા હિંદની એકતાના અનુલક્ષમાં આ પ્રશ્નની વાત થાય એ જોવું જોઈએ. શ્રી નહેરુએ યોગ્ય રીતે અનુરોધ કર્યો છે કે '**પ્રજાની સર્વોપરી જાગૃતિ સમગ્ર દેશ વિષેની હોવી જોઈએ.**' મરાઠી સાહિત્યસંમેલનનું ઉદ્ઘાટન કરતાં શ્રી દાદાસાહેબ માવળંકરે માર્મિક ઉપમાથી કહ્યું તેમ છેવટે તો 'આ નિરનિરાળાં રાજ્યો એટલે **એક રીતે મોટી મ્યુનિસિપાલિટી-ઓ જેવાં**' હોવાનાં. ભાષાવાર રાજ્યો વિષે પ્રચાર કરવો જ હોય તો તે અખિલ હિંદની એકતા અને સંવાદિતાના ધ્યેયને નજર

સમક્ષ રાખીને થાય. કમીશનના નિર્ણયો—જે આવે તે—માથે ચઢાવશું, કાંઈ વિગતોના મતભેદ હશે તે સુપ્રીમ કોર્ટ (કે તેની આ અંગેની ખાસ શાખા) આગળ રજૂ કરી સમજી લઈશું—આ જાતની ભાવનાની ભૂમિકાએ આ પ્રશ્ન ચર્ચાય એ સૌ જાહેર, ખાસ કરીને સારસ્વત, વ્યક્તિઓ અને મંડળોએ જોવું જોઈએ.

પારડી 'ખેડ' સત્યાગ્રહ

પારડી તાલુકાની કુલ વસ્તી ૧૧૦,૬૩૬ છે, જેમાં આદિવાસી ૯૦% છે. કુલ જમીન ૮૮,૦૦૦ એકર છે, જેમાં ઘાસ હેઠળ ૫૪,૦૦૦ એકર છે. તાલુકાની વસ્તી ઘીચ ગણાય એવી છે અને ભૂમિહીનોની મોટી સંખ્યાને, મોટા ભાગની જમીન ઉપર ઘાસ ઉઘાડવામાં આવતું હોઈ, ખેડનો ધંધો રહ્યો નથી. આથી પારડીનો પ્રશ્ન ખાસ ધ્યાન ખેંચે એવો બન્યો.

મુંબઈ રાજ્યમાં ગણોતધારો આવતાં ખાતેદારો જાતખેડ માટે ગણોતિયાઓ પાસેથી કબજાહક મેળવવા લાગ્યા. 'હરિજનબંધુ' (૨૬–૯–'૫૩) માં અપાયેલા આંકડા મુજબ, ૧૯૪૯–૧૯૫૨ દરમ્યાન 'કુલ સાંથી જમીનના ૧૪ ટકા જમીન ગણોતિયાઓ પાસેથી જમીનમાલિકો પાસે ગઈ છે.' ઉપરાંત, માલિકોએ અનાજને બદલે ઘાસ કરવા માંડ્યું. આમ ઉત્તરોત્તર પારડીની વસ્તી ખેડના કામમાંથી ફારેગ થતી ગઈ અને બેકારીનો પ્રશ્ન વધુ તીવ્ર બન્યો.

પ્રજાસમાજવાદી પક્ષે આ પ્રશ્ન હાથ પર લીધો અને ૧૯૫૨ના મે માસમાં ખેડૂતપ્રતિનિધિ મંડળો સાથે મહેસૂલી પ્રધાનની મુલાકાત લઈ કેસ રજૂ કર્યો ત્યારથી આ અંગે શાંતિભરી સમજાવટના પ્રયાસો કર્યા અને અંતે બે માગણીઓ સાથે ગયા ઑગસ્ટમાં ખેડસત્યાગ્રહ શરૂ કર્યો: "(૧) છેલ્લા એકાદ દસકા દરમ્યાન જમીનના ગુમાવાયેલા અધિકાર અને જમીનના ઉપયોગમાં કરાયેલા ફેરફારની તપાસ કરવા માટે સરકારે એક તપાસસમિતિ નીમવી; અને (૨) રોજી રળવા માટે ૫,૦૦૦ એકર જમીન મેળવવી."

ગણોતધારામાં રહેલી ખામીઓનો ખાતેદારો લાભ લેતા હતા. ઘાસ માટે અમુક ટકાથી વધુ જમીન ન વાપરી શકાય એ અંગે મુંબઈ સરકારે પગલાં લેવાં શરૂ પણ કરેલાં છે, પણ સરકારી પગલામાં ઢીલ અનિવાર્ય જેવી થઈ પડી હોય છે. મુંબઈ માટે ઘાસ જોઈએ એવી દલીલ થાય છે, પણ મોટા પાયા પર પારડીની રોજી ટળે એ રીતે જ મુંબઈને ઘાસ મળે એ જરૂરી નથી. વધુ પડતી ઘાસિયા જમીન અંગે સૂરત કોંગ્રેસે પણ રામમૂર્તિ દુકાળ કમિશનનું ધ્યાન ખેંચ્યું હતું. ખેડસત્યાગ્રહ પંદર મહિનાની અરજીઓ-સમજાવટ વગેરે કર્યા પછી શરૂ થયો હતો. કસમયે શરૂ થયો હતો એમ પણ કહી ન શકાય. વાલ–તુવેર જેવા પાક આ ઋતુમાં લઈ શકાત. અને જમીન એવી કઠણ છે કે ફોડવામાં ન આવે તો આવતી સાલ પણ અનાજ વાવવું મુશ્કેલ બને. મુંબઈના વડાપ્રધાને ધરમપુરમાં જમીન આપવા ઇચ્છા બતાવી હતી, જે દર્શાવે છે કે પારડીના પ્રશ્નનું મહત્ત્વ સરકારને સમજાયું નથી એમ નથી. કોંગ્રેસ સરકારે આ જાતના પ્રશ્નો ઝીણી કાનૂનબાજી કે રાજકીય પક્ષ તરીકે લાભાલાભ કરતાં કોંગ્રેસ-સંસ્થાના ઇતિહાસને અનુરૂપ એવી દૃષ્ટિએ-પારડીના અર્ધબેકાર અધભૂખ્યા આદિવાસીઓના મુખ સામે જોઈ ને બનતી તમામ ઝડપે ઉકેલવા જોઈએ.

ખેડસત્યાગ્રહ અંગે કેટલોક શાસ્ત્રાર્થ થયો છે. (એ અંગે આચાર્ય કૃપાલાનીના જે પત્રમાંથી ઉતારાનો ઉપયોગ થયો હતો તે આખો આ અંકમાં અન્યત્ર આપ્યો છે.) આદિવાસીઓની આવી વિશાળ હિલચાલ શાંતિભરી રહી શકી હતી એમ સૌ કોઈ કબૂલે છે, અને એ શુભચિહ્ન ગણાય. ભૂદાન ચળવળ સાથે એ સત્યાગ્રહને ગૂંચવવાની જરૂર નથી. પારડીની હિલચાલ જમીનની માલિકી મેળવવા માટે નહિ, પણ 'ખેડ' માટે જમીન (એમાંનો ભાગલાગ સરકાર માલિકોને આપે એ રીતે) મેળવવા માટે હતી. હવે સત્યાગ્રહ બંધ થયો છે. ભૂદાન કાર્યકરો પારડીના પ્રશ્નના ઉગ્ર સ્વરૂપથી વાકેફ છે જ અને માલિકો પાસેથી ભૂમિહીનો માટે જમીન મેળવવા પ્રયત્ન કરી રહ્યા છે. લાગતાવળગતા સૌ હવે કાનૂનબાજી, શાસ્ત્રાર્થ, પ્રતિષ્ઠા કે હકભોગવટાના ખ્યાલો નહિ કરતાં પારડીના આદિવાસીઓ માલિકમાંથી ગણોતિયા, ગણોતિયામાંથી ખેતમજૂર, ખેતમજૂરમાંથી બે ટંક માટેના અર્ધમજૂર કેમ બન્યા અને તૂલની જમીન ઘાસિયા બની ઉત્તરોત્તર કેમ ભૂખમરા તરફ હડસેલાતા ગયા તે તપાસી તેનો ઉકેલ બનતી ત્વરાએ શોધે એ જરૂરી છે.

અવસાન નોંધ

અમદાવાદના સાહિત્યસેવી, હિંદી પુસ્તકોના અનુવાદક અને રાજસ્થાની લોકગીતોના ચાહક શ્રી રમણીક ક. દલાલનું અવસાન થયું છે. 'હરિજનબંધુ'ના પ્રથમ તંત્રી, 'સીતાહરણ' ગુજરાતી સ્વચ્છ, સરળ, શીલવંત (chaste) ગુજરાતી ગદ્યમાં પરિચય કરાવનાર, રાધાકૃષ્ણનના તત્ત્વજ્ઞાનના ઇતિહાસનો અનુવાદ આપનાર અને અત્યંત સુકુમાર, સરળ અને શુભદર્શી સંસ્કારસેવક શ્રી ચંદ્રશંકર શુકલનું ૫૩ વરસની ઉંમરે હૃદયરોગથી અકાળ અવસાન થયું છે. કુટુંબનિયોજન સંતતિનિયમન જેવા અગત્યના પ્રશ્નનો વરસો પહેલાં ઉપાડ કરનાર, અને એ માટે અધ્યાપકપદ છોડવું પડતાં, સામે થઈને કાર્યને આર્થિક અને સામાજિક વિટંબણાઓ સામે વળગી રહેનાર શ્રી રઘુનાથ કર્વેનું ૭૨ની વયે અવસાન થયું. પ્રભુ ત્રણેના આત્માને શાંતિ આપો!

હૉર્નબી રોડ, મુંબઈ (૧૯૫૧)

આસ્ફાલ્ટ રોડ,
સ્નિગ્ધ, સૌમ્ય ને સપાટ, કૈં ન ખોડ.

ફ્લોક ટાવરે થયા (સુણાય) બાર રાતના,
સળંગ હારમાં વસે અનેક કિંતુ એક જાતનાં
નિયૉન ફાનસો,
પ્રલંબ ટ્રામના પટા પરે વસે
પ્રકાશ—ફાનસો,
ન સૂર્યતેજમાં હસ્યા પટા હવે હસે,
બધો જ પંથ લોહહાસ્યથી રસે.

અહીં સવારસાંજ,
હોય કે ન હોય કામકાજ,
કેટકેટલા મનુષ્ય—એકમેકથી અજાણ
તે છતાં ન કોઈ પ્રેત, સર્વમાં હજૂય પ્રાણ—

કૈંક વૃદ્ધ
જે વિલીન ભૂતકાલ પર સદાય ક્રુદ્ધ,
લૉરેન્સમાં મળે ન એવું દૂરબીન,
જોઈ જે વડે શકાય પાછલા બધા જ દિન?

અનેક નવજવાન
જેમનું ભવિષ્ય ઠોકરે ચડ્યું, જરી ન ભાન,
તે ન શાન્યલા ન સેન્ટ્રલે ભવિષ્યની છવિ
સુપ્રાપ્ય, એ.જી.આઈ., ગેલપર, ચાર્ટરે જ પામવી;

અનેક ફાંકડા
બધા જ માર્ગ જેમને કદી ન સાંકડા,
છતાંય વ્હાઈટવેઝ કાચપાર કાષ્ઠસુંદરી અપૂર્વ આભરણ
તહીં અવશ્ય ઠોકરાય ચક્ષુ ને ચરણ;

અનેક રાંકડા
કુટુંબખર્ચના રટે જમાઉધાર આંકડા,
સદાય વેસ્ટ ઍન્ડ વૉચ પાસ આવતાં જતાં
સમય મિલાવતા, રખે જ કાળ થાય ખેપતા;
અનેક ટાઈપીસ્ટ ગર્લ્સ, કારકૂન
એકસૂર જિંદગી સહચે જતાં જ સૂનમૂન,

લંચને સમે ઈવાન્સ ફ્રેઝરે લિયે લટાર
જોઈ લે નવીન સ્લૅક્સ ટાઈઝ, બે ઘડી ઊભા રહી ટટાર;

કૈં મજૂર
જે હજૂ જીવી રહ્યા કહી 'હજૂર, જી હજૂર',
એમને હજૂ ન કોઈએ કહ્યું: 'તમે સ્વતંત્ર',
છો અખંડ ચાલતું જ ટાઈમ્સ ઑફ ઇન્ડિયાનું યંત્ર;

કોઈ નાર (સર્વથી જુદી પડે જરાક)
બ્યૂક ફોર્ડમાં જ શોધતી સળંગ રાતનું ઘરાક,
પારકીંગના લખ્યા છ સ્પષ્ટ વાર
ફૂટપાથ માત્ર ફેરવાય તે 'નુસાર;

કોઈ (હું સમો, ન હું?) કવિ
અનેક પાછલી સ્મરે, ન પંક્તિ એક પામતો નવી,
પડ્યા છ જોઈસ પ્રુસ્ત તો ન્યુ બૂક કંપની વિષે
પરંતુ જિંદગી ન જીવવી સદાય શક્ય પુસ્તકો મિષે;

અહો, મનુષ્ય કેટકેટલા—પદેપદે જણાય ચાલમાં સ્ખલન,
ન હોય સ્વપ્નમાં શું એમનું હલનચલન?—
સવારસાંજ આવતા જતા ...

સવાલ સ્હેજ ચિત્તમાં રમે:
'અહો, બધાય ક્યાં જતા હશે જ આ સમે?'
તહીં જ પંથ, જેહ પાયનું ન ચિહ્ન એક ધારતો,
કહે: 'ધરા પરે જ ક્યાં હતા?'
અનેક આલિશાન, બેઉ કોર, જે ઇમારતો
સમાધિભંગ સાધુશી તરત તડૂકતી, 'ન'તા';
ટણં ટણં પસાર થાય ટ્રામ આખરી, કશી ગતિ!
જરૂર કહી શકાય ક્યાં જતી, કયા ડિપો પ્રતિ.

મનુષ્યનુંય તે રહસ્ય કૈંક તો હું જાણતો,
ન જોયું આંખથી પરંતુ અંતરે પ્રમાણતો
કે અસ્તમાનસૂર્ય (જેહના જ તો બધા છ વારસો) હરી જતો;
સમગ્ર એ સમૂહ સ્વપ્નલોકમાં સરી જતો,

સહસ્ર સૂર્યથી સદાય ભાસમાન,—
ભોંય જેહની છ આસમાન,
જ્યાં સદાય જાગૃતિ,
ન એક પાછલી સ્મૃતિ,

પ્રદેશ જે ન પારકો,
ન જ્યાં કશોય ભાર,
સ્વૈર જ્યાં વિહાર...
એમને પદેપદે ન આ પ્રકાશતા શું તારકો ?

આસફાલ્ટ રોડ,
સ્નિગ્ધ, સૌમ્ય ને સપાટ, કૈં ન ખોડ.

નિરંજન ભગત

સર્જન

ઈશ્વરે સૃષ્ટિ રચી
(હું આ કવિતાને લખું છું તેમ)
લીલા માત્રમાં;
        આકાશ,
        વાયુ,
        તેજ,
        જલ,
        પૃથ્વી,
બધું આકાર લઈ ઊભું થયું;
        તા રા
        હો નિ
        ગ્ર હા
        કા રિ
સૌ ઘૂમવા લાગ્યાં;
અને સંગીત પ્રકટ્યું !
ઈશ્વરે એ મુગ્ધમનથી સાંભળ્યું.
(આશ્ચર્ય ! હું પણ સાંભળું છું કાવ્યના સંગીતને)

તા. ૧૦-૭-'૫૩ — હસમુખ પાઠક

આગિયા

અંધારી રાત,
        કેવા ઊડે છે આગિયા !
    પોઢેલાં ફૂલ તણી ફોરમને માણતા,
    તિમિરને ઘાટ તેજરેખાને આણતા,

સૂના સંહારયામાં દીપ જાણે જાગયા,
અંધારી રાત, કેવા ઊડે છે આગિયા !

    એ રે જ્યોતિની ઝાળ લાગી ગઈ આંખને,
    રૂપાળી તો'ય કેમ પકડું એ પાંખને,

પરશે તો રંગ ઝરી જાય વરણાગિયા,
અંધારી રાત, કેવા ઊડે છે આગિયા.

દિનેશ કોઠારી

અમે સારસ્વતો

અમે સારસ્વતો,
સંવાદિતાના સાધકો.
જગતના સહુ કલેશની ભીતર સતત ગુંજી રહ્યો
સંવાદિતાનો 'સા',
અવિશ્રાન્ત લગન અમારી ત્યાં સદા.

        ચપટીક કીર્તિ, ચપટીક પૈસો,
        અમથીક સત્તા, અમથોક ઠાઠ:

—અપ્સરાઓ તો સરે ચિતક્ષિતિજ પે;
લક્ષ્ય કિંતુ વિશ્વના શુભ કેન્દ્રમાં
ચિર જે લસી રહતી, હસી રહતી મુદાભર શ્રી સ્વ
તેના અહો મંગલ સ્વરૂપતણું સતત.
પ્રાણ, મન, સંવિત સમગ્ર રહો અવિરત ત્યાં પ્ર

૩૦-૧૦-'૫૩.

શેક્સ્પિરિયાના

સન્તપ્રસાદ ભટ્ટ

આઠેક નટનટીનું જૂથ, ને નામ રાખ્યું 'શેક્સ્પિરિયાના'. ભારત સરકારના શિક્ષણવિભાગે બારેક માસ પહેલાં એક પરિપત્રથી આ નામ પરિચિત કર્યું. ત્યાં સુધી અંગ્રેજ નાટ્યકાર શેક્સ્પિયર વિષેનું વિવેચન 'શેક્સ્પિરિયાના' ગણાય એમ મનાતું. પરંતુ આવું શુષ્ક નામધારી પ્રવાસી નટમંડળ ચાર દિવસમાં પાંચ નાટકો ભજવે, અને તે પણ પ્રત્યેક દીઠ સોળ આનામાં, એવી સર્વ વિદ્યાપીઠોને શિક્ષણ-મંત્રીની ભલામણ હતી. તે મુજબ ગુજરાત યુનિવર્સિટીને ઉપક્રમે અમદાવાદમાં ટાઉન હૉલમાં ૨૯મી, ૩૦મી સપ્ટેમ્બર અને ૧લી, ૨જી ઑક્ટોબરે અનુક્રમે મર્ચન્ટ ઑફ વેનિસ, ઑથેલો, મેકબેથ,–ટ્વેલ્થ નાઈટ અને શૉ–રચિત આર્મ્સ એન્ડ ધ મેન—અંગ્રેજ નટમંડળે ભજવ્યાં.

કસબ અને કલ્પનાપ્રાચુર્યના રાજવી શા શેક્સ્પિયરને દ્વારે ઝીલેલાં અને સાધનદારિદ્ર્યથી ન લજાતાં આઠેક નરનારીના આ જૂથને પ્રથમ જોયું ત્યારે સુદામાપુરીનો બ્રાહ્મણ દ્વારા-પુરીની યાત્રાએ નીકળ્યો હોય તેવું લાગ્યું.

કદાચ અલ્પસંખ્ય મંડળ હતું તેથી, કે પછી સત્રાન્ત સમયના કારણે, શરૂઆતમાં કૉલેજોના જવાબમાં ઊમળકો ન હતો. વળી મંડળના સૂત્રધાર શ્રી જોફ્રે કેન્ડોલનો આગ્રહ છાત્રાલયમાં રહીને ભારતીય આહાર લેવાનો હતો. તે પણ અમદાવાદમાં ન બન્યું.

પરંતુ નાટક શરૂ થતાં પહેલાં ટાઉનહૉલની સવડ ઓછી હતી. શ્રી કેન્ડોલે પહેલે દિવસે તો એમ જ માન્યું કે અમદાવાદના વિદ્યાર્થીઓની વય સોળથી સાઠ સુધીની હોય છે અને તેમાંના કેટલાક શોખ ખાતર વકીલાત કે વ્યાપાર, વશીય કે અન્ય વ્યવસાયમાં રત હોય છે. એમને જોવા આવેલા પ્રેક્ષકવૃંદમાંથી આ છાપ શાયલોકના સ્વાંગમાં મર્ચન્ટ ઑફ વેનિસ ભજવતાં એમની ઝીણી નજરમાં ઝડપાઈ ગઈ. એમની અગાઉ બ્રિટિશ કાઉન્સિલ તરફથી શેક્સ્પિયરનાં નાટકોનાં દૃશ્ય ભજવી ગયેલ શ્રી માર્શલનો અનુભવ હતો કે ભારતના પ્રેક્ષકો શેક્સ્પિયરને બરોબર વાંચે છે—"The Indian audience knows its Shakespeare." અમદાવાદમાં શ્રી કેન્ડોલને આવો જ અનુભવ થયો. 'ચળકે એટલું'—માંડ આટલું ખંડક નટ બોલે ત્યાં તો શ્રોતાની રાડ સંભળાતી, "સોનું નથી." (All that glistens is not gold.) અમદાવાદે તો વળી "પોર્શિયાબેન મોટેથી બોલો," કહીને આત્મપરિચય આપ્યો. કારણ એ હતું કે શ્રી કેન્ડોલે પહેલે દિવસે ધ્વનિવર્ધક સામગ્રીનો તિરસ્કાર કર્યો હતો.

છતાં અમદાવાદને 'શેક્સ્પિરિયાના' જચ્યું, એના પ્રયોગો અહીં રંગત જમાવી ગયા, એની સાખ હજારો પ્રેક્ષકો છે. ચાર પ્રયોગો માટે આવેલું પ્રવાસીમંડળ બાર પ્રયોગો આપીને ગયું ત્યારે પણ ફરી નવાં નાટકો સાથે આવવાનું સ્વીકારીને જવું પડે એવડું મમત્વ 'શેક્સ્પિરિયાના'-ને સાંપડ્યું.

અને સંભારીએ ત્યારે છૂટું એકે લક્ષણ યાદ ન આવે એવી એમની ભજવણી હતી, અને એ જ કદાચ એમની સિદ્ધિ હતી. હા, ઑથેલોમાં ત્રીજા અંક પછી ડેસ્ડિમોનાની નિષ્કલંક અને પવિત્ર મુખમુદ્રા, કે મૅકબેથમાં દરવાન (Porter) બનીને આવેલો આયાગો(Iago) એ એમનાં નાટકોમાં ચિરસ્મરણીય ક્ષણો હતી.

પરંતુ પ્રવાસી ટીમોની માફક પ્રવાસી નટમંડળની સફળતા એમના સહકાર(teamwork)ને આભારી હતી. ચાર નટ અને ચાર નટીના આ મર્યાદિત જૂથે હકીકતમાં નાટકો 'ભજવી' બતાવ્યાં. એટલે કે એમણે છૂટા છૂટા સંવાદો વાંચ્યા કે સંભળાવ્યા નહીં. એમણે નાટકોને સમર્થ અભિનેતાની સ્વગતોક્તિ બનાવ્યાં નહીં. એમણે તખ્તાને છટાદાર વક્તૃત્વનો મંચ પણ માન્યો નહીં, કે એમનાં પાત્રો પ્રેક્ષકો સાંભળશે માનીને અદબથી ઊભાં પણ નહીં. એમના

પ્રયોગોની કોઈ પણ સમયે તસ્વીર લીધી હોય તો રચના (Composition) ક્ષતિવિનાની લાગે, છતાંય કોઈ પાત્ર પ્રયત્નપૂર્વક ને સહેતુક અમુક સ્થાને ઊભું છે એવો ભાસ પણ ન થાય, એ રીતે નાટકનું વહેણ એમણે વહેતું જ રાખ્યું.

પશ્ચિમના કળાકારોને ધર્મ્ય એવી એક વાત નર્તકી પાવલોવા વિષે સાંભળી હતી. કહે છે કે આખી જિંદગીમાં એકે વખત એણે જાહેર કરેલો પ્રયોગ બંધ નહોતો રાખ્યો. પ્રેક્ષકો સાથેનો નાતો તોડવા એ કોઈ સંજોગોમાં તૈયાર ન થતી. અને આયુષ્યનાં છેલ્લાં વર્ષોમાં બેલ્જિયમના એક શહેરમાં એના જાહેર પ્રયોગ પહેલાં પાવલોવાનું અવસાન થયું ત્યારે પણ એના મંડળે સાંજે પ્રયોગ આપ્યો અને મૃત પાવલોવાને સ્થાને શ્વેત પ્રકાશના વર્તુળને રેલાવીને પ્રયોગ પૂરો કર્યો. આવા સમાજમાંથી આવેલ અલ્પ ખ્યાત કેન્ડોલના પ્રયોગોમાં પણ પ્રેક્ષક પ્રત્યેની વફાદારી તરી આવતી હતી. 'આર્મ્સ ઍન્ડ ધ મેન'ના પ્રયોગમાં છેલ્લા અંકમાં ખડિયામાં કલમ બોળીને લખવા જતા સર્જિયસથી ખડિયો ઊંધો થયો અને શાહી નથી એમ કોઈ જાગ્રત પ્રેક્ષક જોઈ જાય તે પહેલાં ખડિયો ઉઠાવીને સર્જિયસ ચાલ્યો ગયો ને પ્રવાહી ભરીને પાછો આવ્યો. નાની ભૂલ કોણ જોવાનું છે એમ માની ન તો એ બેસી રહ્યો કે આ ભદ્રંભદ્ર ક્યાં ઊપડયો, એવું આશ્ચર્ય એના સાથીઓએ વ્યક્ત ન કર્યું. એ જ નાટકમાં બાપના કોટમાંથી છબી ખેંચી કાઢી નાયકના ટેબલ પર ફેંકતી રૈના અને સર્જિયસ એ જોઈ જાય તે પહેલાં ત્વરાથી એને છુપાવતો વાર્તાનો નાયક, કે મૅકબેથનો પત્ર હાથમાં સળગાવી પૂરેપૂરો બળી જાય પછી હવામાં ભેળવી દેતી લેડી મૅકબેથ નાટ્યકૌશલ્યના સારા નમૂના હતા. બેત્રણ ક્ષણોમાં પાંચેક પાત્રોના ત્વરિત સહકારથી ઉકલે તેવું કામ આ મંડળને સુગમ હતું.

આ રીતે " Organized acting " – વ્યવસ્થિત ભજવણી-નો શેક્સ્પિરિયાના દ્વારા અમદાવાદને મળ્યો. અનન્ય એવા એકે કલાકાર વિના કેન્ડોલે ઑથેલો અને સર ટોબી બેલ્ચ કે શાયલોક કે ચૉકોલેટ સોલ્જર બનીને, શ્રીમતી કેન્ડોલે 'ઑથેલો' માં એમિલિયા અને 'આર્મ્સ ઍન્ડ ધ મેન'... લુકા બનીને અને કુમારી કેન્ડોલે ડેસ્ડિમોના અને રૈના... વિભિન્ન પાત્રો બનીને સફળ અભિનય આપ્યો. તો આવા... અને દરવાન અને ઍન્ડ્રૂ એગ્યુચીક તથા મેજર પેટ્કોફ... ન માની શકાય એટલા જુવાન નટે વ્યવસ્થાના વજન...

આટલે સુધી તો પ્રેક્ષકોએ દીઠેલાં દૃશ્યોની વાત... પરંતુ આથી અદકેરી સફળતા શ્રી કેન્ડોલે પડદા... બતાવી. બે મિનિટ માટે પણ બહાર જતું પાત્ર પ્રકાશ... પડદાની સૂચના આપતું જાય, વસ્ત્રસજાવટ અને મેક... કોઈનીયે સહાય વિના પ્રત્યેક કલાકાર કરી લે, ... ગોઠવવામાં પણ મદદની ખેવના નહીં, બીજે દિવસે... સામગ્રી વિરામ સમયે થાકેલાં પાત્રો નોંધાવતાં જાય... રાત્રે વાહનની રાહ જોતાં જોતાં બીજા પ્રયોગોનાં નિર્ણય... કરતાં જાય — આ બધું એમના સુદામાચરિતનું કૌતુક... સવારના અગિયારથી સાંજના પાંચ સુધી મનોરંજન... અધિકારીથી માંડીને કલેક્ટરની ઑફિસ સુધીના કર્મચારી... ઓની ઊલટતપાસમાં જાય, સાંજ પ્રયોગ અપાશે ન વા... સ્થિતિમાં પણ સાત એટલે છ ઉપર સાઠ મિનિટ, ... નહીં, એવો આગ્રહ આ જૂથે રાખ્યો અને પાળ્યો. ... રાષ્ટ્રગીત ભરતવાક્યમાં વગાડવું અને તે પછી "... ટોસ્ટ "ની જાહેરાત થાય એ હરગીઝ ન સ્વીકારવું... એમને સહજ હતું.

એટલે જ 'ઉદ્‌બાહુરિવ' આવેલું 'શેક્સપિરિ...' વિશ્વનો એક અજોડ નાટ્યકાર નવેસરથી સમજાય... રીતે નાટકો ભજવી શક્યું ને ફરીને આવે ત્યારે આવે... પ્રેક્ષકો મળી રહે એવી સૂઝ અમદાવાદને આપી... "શેક્સપિરિયાના" એટલે શેક્સપિયર વિષે વિશેષ... માન્યતાનો અર્થફેર કરીને શેક્સપિરિયાના એટલે... નાટ્યદેહમાં પ્રાણપ્રતિષ્ઠા એવી સમજૂતી આ... આપી શક્યું.

૩૦–૧૦–૧૯૫૩

ગામડાંમાં બેકારી

શામુ પંડિત

હિંદ ખેતીપ્રધાન દેશ છે ને એની ૮૭ ટકા જેટલી વસ્તી ૭ લાખ ગામડાંઓમાં પથરાયેલી પડી છે. ગામડાંની સરેરાશ વસ્તી ૫૧૭ છે ને મુખ્ય વસ્તી ખેતી ઉપર આધાર રાખે છે. દિનપ્રતિદિન ખેતી ઉપર આધાર રાખનારી વસ્તીની ટકાવારીમાં વૃદ્ધિ થતી જ જાય છે; પરંતુ જમીન એ તો કુદરતી બક્ષિસ છે. એના કદમાં વૃદ્ધિ થઈ શકતી હોત તો લાંબાચોડા પ્રશ્નો ઊભા જ ન થાત; જેમ વસ્તી વધે એમ એને પોષવા માટે વધુ જમીન ઉત્પન્ન કરી શકાત; પરંતુ જમીનના કદમાં કાંઈ ફેરફાર ન થઈ શકતો હોવાને કારણે પ્રશ્ન ખૂબ જટિલ બને છે ને પરિણામે વૃદ્ધિ પામેલી વસ્તીને ક્યાં ઠેકાણે પાડવી એ પ્રશ્ન મૂંઝવણભર્યો બની જાય છે. જુદા જુદા દેશોની વસ્તીનું નગરનિવાસ ને ગ્રામનિવાસનું પ્રમાણ નીચેના કોઠામાં ટકાવારીમાં આપેલું છે:

દેશ	વર્ષ	ગ્રામ	નગર
અમેરિકા	૧૯૪૭	૪૧	૫૯
રશિયા	૧૯૨૬	૮૨	૧૮
સ્વીડન	૧૯૪૫	૫૮	૪૨
જાપાન	૧૯૪૭	૬૭	૩૩
ઈંગ્લેન્ડ	૧૯૩૧	૨૦	૮૦
કૅનેડા	૧૯૪૧	૪૬	૫૪
જર્મની	૧૯૩૩	૩૩	૬૭
ઑસ્ટ્રેલીઆ	૧૯૩૩	૩૬	૬૪
હિંદ	૧૯૫૧	૮૦	૨૦

૧૮૮૧થી ૧૯૫૧ના ૭૦ વર્ષના ગાળામાં હિંદે પાપા પગલી કરીને પણ થોડું ઔદ્યોગિકરણ કર્યું છે; આથી ગામડાંમાં બેકાર થતી વસ્તી ધીમેધીમે શહેર તરફ દોરાઈ છે. નીચેનો કોઠો શહેરની વસ્તીમાં થયેલી ઉત્તરોત્તર વૃદ્ધિની પ્રતીતિ કરાવે છે:

વસ્તીગણત્રીનું વર્ષ	ગામડાંની વસ્તી (%)	શહેરની વસ્તી (%)
૧૮૭૨	૯૧.૨૮	૮.૭૨
૧૮૮૧	૯૦.૫૯	૯.૪૧
૧૮૯૧	૯૦.૫૪	૯.૪૬
૧૯૦૧	૯૦.૨૧	૯.૭૯
૧૯૧૧	૯૦.૬૫	૯.૩૫
૧૯૨૧	૮૯.૭૦	૧૦.૩૦
૧૯૩૧	૮૯.૦૦	૧૧.૦૦
૧૯૪૧	૮૭.૨૮	૧૨.૭૮
૧૯૫૧	૮૩.૩	૧૬.૭

૧૯૪૧થી ૧૯૫૧ના ગાળામાં શહેરની વસ્તી વધવા પાછળનું મુખ્ય કારણ લડાઈએ ઉત્પાદનમાં આણેલો ઉછાળો છે. લડાઈ માટે માલની આવશ્યકતા વધવાથી સરકારે ઉત્પાદકો પાસેથી વધુ માલ ખરીદવા માંડ્યો; આથી ઉત્પાદન પણ વધતું ગયું ને ઉત્પાદન વધવાથી વધુ ને વધુ લોકોને શહેરમાં રોજી મળવા લાગી; પરિણામે શહેર તરફનું આકર્ષણ પણ વધતું ગયું ને ૧૦ વર્ષના ગાળામાં શહેરની વસ્તીમાં ૪%નો વધારો થયો. જો કે આપણાં ઘણાં શહેરો ગામડાંની નજીક જ આવેલાં હોય છે ને એમાં પણ ખેતી કરનારો વર્ગ ઠીકઠીક સંખ્યામાં રહેતો હોય છે; આથી શહેરમાં વસતી ૧૬% વસ્તી ઉદ્યોગો કે અન્ય ધંધાઓ ઉપર જ આધાર રાખે છે એમ ન કહી શકાય. હિંદના વસ્તીગણત્રી અંગેના નિયમ પ્રમાણે શહેરની વ્યાખ્યા સ્પષ્ટ રીતે કરવી મુશ્કેલ છે. એમ મનાય છે કે ૫૦૦૦ કરતાં ઓછી વસ્તીવાળા ગામને ગ્રામવિસ્તારમાં ગણવું, ને ૫૦૦૦ કરતાં વધુ વસ્તીવાળા ગામને નગરવિસ્તારમાં ગણવું. વળી ગ્રામપ્રજા અને ખેતી ઉપર આધાર રાખનારી પ્રજા વચ્ચેનો તફાવત શોધવો પણ મુશ્કેલ છે, કારણ કે ગામડાંમાં રહેતો

દરેક માણસ એક યા બીજી રીતે ખેતી સાથે સંકળાયેલો હોય છે. આથી ખેતી ઉપર પુષ્કળ બોજો રહે છે; પરંતુ નિર્વાહનાં અન્ય સાધનોના અભાવે આ બોજો વધતો જ જાય છે. એ બોજો ઉત્તરોત્તર કેટલો વધ્યો છે એની સાબિતી નીચેના આંકડા આપે છે:

વર્ષ	ખેતી ઉપર નિર્ભર વસ્તીની ટકાવારી
૧૮૯૧	૬૧.૧
૧૯૦૧	૬૫.૫
૧૯૧૧	૭૨.૨
૧૯૨૧	૭૩.૦
૧૯૩૧	૭૫.૦
૧૯૪૧	૭૫.૦
૧૯૫૧	૬૯.૪

૧૯૫૧નો આંકડો સંપૂર્ણપણે ખેતી ઉપર જ આધાર રાખનાર વસ્તીનો છે; પરંતુ ખેતીના ધંધા સાથે આડકતરી રીતે સંકળાયેલા વર્ગની સંખ્યા જોઈએ તો ટકાવારીનો આંકડો ૧૯૪૧ના ધોરણે જ પહોંચી જાય છે., એટલે કે દિનપ્રતિદિન ખેતી પરનો બોજો અસાધારણ બનતો જાય છે. પશ્ચિમના દેશોમાં ખેતીને બદલે ઉદ્યોગો ઉપર આધાર રાખનાર વસ્તીનું પ્રમાણ વધતું જાય છે ત્યારે આપણે ત્યાં પરિસ્થિતિ અવળી દિશા ભણી દોડે છે. નીચે આપેલા જુદા જુદા દેશોના ધંધાવાર વસ્તીની વહેંચણીના આંકડા હિંદની નબળાઈ ઉઘાડી પાડે છે:

દેશ	ખેતી	ઉદ્યોગ	વેપાર વાહનવ્યવહાર	વહીવટ	અન્ય નોકરી	પરચુરણ
હિંદ	૬૭.૨	૧૦.૨	૬.૬	૧.૧	૧.૫	૧૩.૩
બ્રિટન	૭.૧	૪૭.૨	૨૦.૭	૫.૯	૪.૪	૧૪.૭
અમેરિકા	૨૨.૦	૩૧.૭	૨૪.૫	૨.૨	૭.૦	૧૨.૬
જર્મની	૩૦.૫	૪૧.૩	૧૬.૪	૨.૦	૪.૧	૫.૭
જાપાન	૫૦.૩	૧૯.૫	૨૦.૨	૭.૦	—	૩.૦

હિંદની ધંધાવાર વહેંચણી નીચે પ્રમાણે છે:

ધંધાર્થીઓની ટકાવારી

ધંધો	૧૯૧૧	૧૯૨૧	૧૯૩૧	૧૯૫૧
ખેતી	૭૦.૮૨	૭૧.૬૯	૭૫.૦૦	૬૯.૪
માછીમાર	૦.૫૧	૦.૫૦	૦.૫૪	—
ખાણ	૦.૫૧	૦.૨૪	૦.૨૩	૦.૫
ઉદ્યોગ	૧૧.૭૬	૧૦.૭૫	૯.૯૭	૧૧.૧
વાહનવ્યવહાર	૧.૬૦	૧.૩૪	૧.૫૮	૧.૭
વ્યાપાર	૫.૪૪	૫.૫૦	૫.૧૫	૫.૬
વહીવટ	૨.૮૯	૨.૮૯	૨.૬૯	૭.૫
પરચુરણ	૬.૭૭	૭.૧૭	૧૩.૩૨	૬.૨

હિંદની મોટા ભાગની વસ્તી ખેતી ઉપર જ આધાર રાખે છે એ ઉપરના આંકડા ઉપરથી સમજાય છે; પરંતુ પ્ર[illegible] આટલેથી જ અટકતો નથી. આપણા દેશમાં રોજ ૧૪,૦૦[illegible] બાળકો જન્મે છે ને ૧૦ વર્ષમાં તો વસ્તી ૧૨–૧૫% [illegible] જાય છે. છેલ્લાં ૮૦ વર્ષમાં વસ્તીમાં થયેલી વૃદ્ધિનો ખ્યા[illegible] નીચેના આંકડા આપે છે:

વર્ષ	વસ્તી (૧૦ લાખમાં)
૧૮૭૨	૨૦૬.૧૬
૧૯૦૧	૨૮૪.૩૬
૧૯૧૧	૩૧૫.૧૫
૧૯૨૧	૩૧૮.૯૪
૧૯૩૧	૩૫૨.૮
૧૯૪૧	૩૩૮.૧
૧૯૫૧ (દેશના ભાગલા પછી)	૩૫૬.૮

જેમ વસ્તી વધતી જાય છે એમ ખેતી ઉપર દબાણ [illegible] વધતું જાય છે ને વારસાહક્કના કાયદાને લીધે જમીન[illegible] નાના નાના ટુકડા પણ વધતા જ જાય છે ને હલકી જ[illegible] ખેતીના ઉપયોગમાં લેવી પડે છે. જાણીતા અર્થશા[illegible] રાધાકમલ મુકરજી પણ કબૂલે છે કે આર્થિક વિકા[illegible] પ્રમાણમાં વસ્તીવધારો ઝડપથી થતો હોવાથી વધ[illegible] વસ્તીને ગામડાંમાં રહેવું પડે છે ને ખેતી ઉપર આ[illegible] રાખીને બેસી રહેવું પડે છે. નાના નાના ટુકડામાંથી [illegible] ઊપજ ખેડૂતને પરવડતી નથી ને તેથી તે ગુજરાત ચલ[illegible] માટે દેવું કરવા પ્રેરાય છે. દેવું ધીમે ધીમે એને કોરી ખા[illegible] ને અંતે એને જમીન ગીરો મૂકવાની ફરજ પાડે છે. થોડાં [illegible] વર્ષોમાં તો એ લાખો ખેતમજૂરોની હરોળમાં બેસી જાય [illegible] ખેતમજૂરોની સંખ્યામાં થયેલી વૃદ્ધિની પ્રતીતિ નીચે[illegible] આંકડા કરાવે છે:

(હજારમાં)

ખેડૂતોના પ્રકારો	૧૯૧૧	૧૯૨૧	૧૯૩૧	૧૯૫૧
ખેતી નહીં કરનારા જમીનદારો	૨,૮૪૫	૩,૭૨૭	૩,૨૫૭	૨,૪૩૮
પોતાની જમીન ખેતી કરનારા કિસાનો	૭૧,૦૯૬	૭૪,૬૬૫	૬૧,૧૮૦	૮૫,૧૧૫
ખેતમજૂરો	૨૫,૮૯૭	૨૧,૬૭૬	૩૧,૪૮૦	૩૮,૬૪૧
અન્ય (બગીચા, બજાર વગેરેમાં રોકાયેલા)	૫,૧૯૬	૪,૬૦૮	૬,૫૩૮	—

ખેતમજૂરોની સંખ્યા દસકે દસકે વધતી જ જાય છે. આને માટે અનેક કારણો જવાબદાર છે. જમીનદારી નાબૂદ કરવા અંગે અનેક કાયદા જુદાંજુદાં રાજ્યોએ કર્યાં છે; પરંતુ એથી કાંઈ પ્રશ્નનો ઉકેલ નથી આવતો. જમીનનો પ્રશ્ન સફળ રીતે હલ થાય તો જ આપણા દેશના મહાગંભીર પ્રશ્નોનો ઉકેલ આવે. આપણા જ પાડોશી દેશ ચીને જમીનની વહેંચણીનો અટપટો પ્રશ્ન ઉકેલ્યો તો છે—દેશની કુલ ખેડવા લાયક જમીન દરેક ખેડૂતને એના કુટુંબની સંખ્યા પ્રમાણે વહેંચી આપીને. એનાથી જમીનના ઘણા નાના ટુકડા થઈ ગયા છે ને પ્રશ્ન એ ઉદ્દભવે છે કે ૧૫–૨૦ વર્ષ પછી ચીની ખેડૂતના છોકરા મોટા થઈ જશે ત્યારે આવડા નાના ખેતરના બીજા બે ટુકડા એ લોકો કરશે કઈ રીતે? અને કરશે તો એમને એવડા નાના ટુકડામાં ખેતી કરવી પરવડશે કેમ? જો કે એમ બની શકે કે ૧૫–૨૦ વર્ષમાં ચીનની ઔદ્યોગીકરણની યોજનાઓ સફળ નીવડે તો વધારાની વસ્તીને એ ઉદ્યોગોમાં વાળીને ખેતી ઉપરનો બોજો ઓછો કરી શકે. આવો ઇરાદો પણ એમની યોજનાઓ પાછળ દેખાય છે; પરંતુ ચીનનો પ્રયોગ વિચારવા યોગ્ય તો છે જ એમાં શંકા નથી. આપણી સરકારની ખેતી અંગેની નીતિ સ્પષ્ટ નથી ને દરેક રાજ્ય પોતાની આગવી રીતે જમીનદારીનો પ્રશ્ન ઉકેલે છે. કદાચ જમીનદારી સંપૂર્ણપણે નાબૂદ થાય તો પણ ગૃહોદ્યોગો કે યાંત્રિક ઉદ્યોગો વિકસાવ્યા વિના આપણા દેશનો ઉદ્ધાર નથી.

જમીનની માગ ખૂબ વધી છે ને તેથી એના ભાવ પણ વધ્યા છે. મોંઘા ભાવે જમીન ખરીદવી પૈસાદારને જ પોસાય; આથી એ વર્ગ જમીન ખરીદીને ખેતમજૂરો પાસે ખેડાવે છે. પોતે ખેડૂત છે એમ કહેવડાવવા ખાતર ખેતરમાં જાતે જાય છે પણ મહેનત કરનારો વર્ગ તો એ પોતાની ઊપજનો દાણો પણ મેળવી શકતો નથી. એને સારેખોટે અવસરે પૈસા જોઈએ ત્યારે વ્યાજખાઉ વાણિયા પાસે જવું પડે છે ને એ એકવાર આ ભૂલભુલામણીમાં ફસાયો તે મરતાં સુધી બહાર નીકળી શકતો નથી.

આથી વાસ્તવિક સ્થિતિ એ છે કે નાના ખેડૂતો દેવાદાર થવાથી જમીન ગુમાવી બેઠા છે, જમીનની માલિકી ખેતી નહીં કરનારા માણસો પાસે ગઈ છે, જમીન વગરનો વર્ગ વધતો જ જાય છે (ઉપરના આંકડા ઉપરથી એ સ્પષ્ટ થાય છે) ને સહકારી ધોરણે ખેતી કરવાની વૃત્તિનો સદંતર અભાવ છે. વળી લગભગ ૪ કરોડ ખેતમજૂરોને કાયમ ખેતરમાં રોજી મળી જ રહે છે એમ નથી. પ્રો. મુકરજીની માન્યતા તો એવી છે કે લગભગ ૨૫૦ લાખ મજૂરો તો બેકાર જેવી જ જિંદગી ગાળે છે. જે ખેતરોમાં રોકાયેલા છે એમને પણ બારે મહિના તો કામ મળતું જ નથી. વળી ખેતરમાંથી એમને થતી આવક એટલી મોટી નથી હોતી કે એ બેકારીના મહિના દરમિયાન પોતે કરેલી બચતમાંથી ગુજરાન ચલાવી શકે. આપણાં ગામડાંઓમાં પહેલાં જે ગૃહોદ્યોગો હતા એ પણ યંત્રોએ ભાંગી નાખ્યા ને આજે તો ગામડાં અમુક ઋતુઓમાં આળસનાં કેન્દ્રસ્થાન સમાં ભાસે છે.

આપણા ઉદ્યોગો બહુ વિકસ્યા નથી ને અત્યારે ફક્ત ૩૦ લાખ મજૂરો જ બધા ઉદ્યોગોમાં રોકાયેલા છે. કદાચ અત્યારે છે એના કરતાં બમણા ઉદ્યોગો આપણે આવતાં ૧૦ વર્ષમાં ઊભા કરીએ (જો કે આ કલ્પના આકાશકુસુમવત્ છે) તો પણ દેશની ૧ કરોડ જેટલી વસ્તીને જ એમાં સ્થાન મળે; પણ બાકીના કરોડો ખેતમજૂરોનું શું? આથી જે વર્ગ એમ માને છે કે યંત્રીકરણથી દેશના બધા પ્રશ્નો ઊકલી જશે એ એક મોટા ભ્રમમાં અટવાયેલો છે. યંત્રીકરણ કરવું જરૂરી તો છે જ; પરંતુ એ સાથે સાથે વિશાળ માનવશક્તિને ઉત્પાદક પ્રવૃત્તિમાં લગાડવાની ને એ રીતે રાષ્ટ્રની સંપત્તિનો પૂરો કસ કાઢવાની જરૂર છે. ચીનની રાજ્યવ્યવસ્થા પ્રત્યે આપણે એમત થઈ શકીએ; પરંતુ ૪૫ કરોડની વિશાળ માનવશક્તિને પ્રચંડ યોજનાઓ પાછળ લગાડીને એ દેશના રાજ્યધુરંધરોએ માનવીની રોટલાની ભૂખ ભાંગી એ નગ્ન સત્યનો વિનાસંકોચે સ્વીકાર કરવો રહ્યો.

[અનુસંધાન પૃ. ૪૪૦ ઉપર]

નિરાશાની પળોમાં : દિવાળી અંકો

બકુલ ત્રિપાઠી

લેખકની ટપાલમાં રંગીન કાગળિયું આવ્યું.

'સ્નેહી ભાઈશ્રી...'

હા, ફરમાવો, શો હુકમ છે? સ્નેહી કહ્યા એટલે સાંભળ્યા વિના ચાલશે? અને સ્નેહી કહેનાર પણ એક જાણીતા પત્રના તંત્રી પછી તો વાંચ્યા વિના ચાલે જ કેમ?

'દર વર્ષની જેમ આ વર્ષે પણ દીપોત્સવી અંક પ્રગટ કરવા ઠરાવ્યું છે તો આપની કલમપ્રસાદી મોકલી આપી આભારી કરશો.'

કલમપ્રસાદી! કલમપ્રસાદી! જરૂર કલમપ્રસાદી મોકલી આપીશું. અમારા જેવા સાહિત્યસેવીઓ પાસે કલમપ્રસાદી સિવાય બીજું વહેંચવા જેવું હોય છે પણ શું?

'અને સાથે બને તો આપનો એક તાજો ફોટોગ્રાફ પણ મોકલવા...'

હેં? ફોટોગ્રાફ? પણ હું કહું છું એમાં ફોટોગ્રાફની જરૂર શી છે? અમે તે કંઈ 'જોઈએ છે યુવાન સુશિક્ષિત વર'ની જાહેરખબરના જવાબમાં અરજી કરીએ છીએ કે સાથે ફોટોગ્રાફ બીડવો પડે? અમે લેખક છીએ એ કબૂલ, કલમપ્રસાદી વહેંચવાની અમારી ફરજ છે એ પણ મંજૂર. પણ ભાઈ, ફોટોગ્રાફ? ફોટોગ્રાફને વળી શું કરવો છે? બિચારા ક. દ. ડા.એ કેદિનું કહી નાંખ્યું છે કે, 'શું જોશો તનની છબી, એમાં નથી નવાઈ, જુઓ મુજ મનની છબી, ભલા પરીક્ષક ભાઈ!'–અને છતાંય તમે કહો છો, 'બને તો આપનો એક ફોટોગ્રાફ...'

સમજ્યો! મુદ્દે તમારે તંત્રીલોકોને ગમે તે હિસાબે જનતાનું મનરંજન કરવું છે, કેમ? લેખકોના ફોટા લોકો જુએ, નવાઈ પામે, 'આ લેખક? આ? હેં? આવા?... નમઃ શિવાય, નમઃ શિવાય...' એમ બબડીને નિસાસો નાંખે કાં તો 'ઓત્તારી! અલ્યા, જુઓ તો ખરા, આ 'લેખક' છે!' એમ કહીને જરા મલકી લે એવી દિવા[ળી] અંકવાળાઓની દાનત હશે!

ગમે તેમ હોય, આગળ શું લખ્યું છે એ તો જોઈએ.

'આપની કૃતિ અમને ૧૫મી ઑગસ્ટ પહેલાં મ[ળી] જાય તો...' એ તો જાણે સમજ્યા.

'અને ફૂલ નહીં તો ફૂલની પાંખડી જેવા પુરસ્કાર[ની] વ્યવસ્થા પણ કરાઈ છે, માટે...'

હં, હવે મુદ્દાની વાત કરી! પણ તેય પાછી ફૂલ[ની] પાંખડી! સાંભળેલું કે આફ્રિકામાં એક ફૂલ એવું થાય છે જેની દરેક પાંખડી બબ્બે ફૂટ લાંબી અને એક-દોઢ [ફૂટ] પહોળી હોય છે. આ લોકોને એ પાંખડી બતાવવી જોઈએ ને કહેવું જોઈએ, 'લાવોજી, આ ફૂલની પાંખડી જેટ[લો] પુરસ્કાર...' પણ જવા દો, આવી વાતનો વિચારેય કરાય? પુરસ્કારની વાત કરવી એ સરસ્વતીના ઉપાસકો માટે [શોભતું] ન કહેવાય!

'માટે આપની કૃતિ વહેલામાં વહેલી મળી જશે [એવી] આશા રાખીએ છીએ. ભવદીય...'

હવે આ આશા રાખીને બેઠા, અને અહીં લે[ખકને] ઉપાધિ ઊભી થઈ ફૂલના છોડને વસંતમાં ફૂલો આવે છે [તેમ] લેખકોને દિવાળી ટાણે સાહિત્યસર્જનનો ફાલ આવે [એવું] કંઈ સર્જનહારે કર્યું હોત તો ઠીક. પણ બિ[ચારા] જગન્નિયંતાને શી ખબર કે તંત્રીલોકો આટલી [હોંશથી] દિપોત્સવી અંકોના રસથાળ જનતા આગળ ધરવાના [છે]!

ચાલો ત્યારે લખીએ... પણ શું લખશું?

*

પ્રેરણા હરામખોર છે. બોલાવીએ ત્યારે આવતી ન[થી]. સમજતી નથી કે આ કેવું અગત્યનું કામ છે! દિવાળી [અંક]...

એ તે કંઈ જેવી તેવી ચીજ છે? આફ્રિકા જઈને દોલત કમાઈ આવેલા કાકાનું આપણા કુટુંબમાં જેવું સ્થાન હોય એવું માનભર્યું સ્થાન ગુજરાતી પત્રકારત્વમાં દિવાળી અંકોનું છે. સાહિત્ય અને વ્યાપારની ગંગાજમુનાનું આ તો પુણ્યવંતું સંગમતીર્થ છે. એ સંગમમાં ડૂબકી મારવા વખતેય પ્રેરણા હાજર ન થાય એ તે કંઈ એની રીત છે?

શ્રી ઉમાશંકર જોષીની પેલી કાવ્યપંક્તિ યાદ આવી: 'સૌન્દર્યો પી, ઉરઝરણ ગાશે પછી આપ મેળે.' ભલા માણસ, અહીં રાતોરાત દિવાળી અંકો માટે લેખ લખવાનો જમાનો છે ત્યાં સૌંદર્યો પીવા ક્યાં જવું? અને પછીય ઉરઝરણ ગાવાની 'ગેરન્ટી' આપે છે? નહીંસ્તો! એના કરતાં એમ ગાઈએ તો?—'...ચ્હા પી, ઉરઝરણ ગાશે પછી આપમેળે!'

ચ્હા પીધી. કડક. પણ ઉરઝરણે ગાયું નહીં. અરે, ગાયું તો નહીં, પણ ગણગણાટ કરવાનીય ઘસીને ના પાડી દીધી. લેખક મૂંઝાયા. અહીં દિવાળી અંકની શોભામાં અભિવૃદ્ધિ કરવાની છે, અને દુષ્ટ પ્રેરણા કોણ જાણે ક્યાંય સંતાઈ બેઠી છે!

લેખકે ફરી ચ્હા પીધી. પેનમાં શાહી પૂરી. બાળકોને ધમકાવીને ચૂપ કર્યાં. પત્નીને ઘાંટો પાડીને બાળકોને બહાર મોકલી દેવા ફરમાવ્યું. મોં ધોયું. વાળ ઓળ્યા. ખુરશી પર બેઠા. કાગળ બરાબર ગોઠવ્યા. પેન છંટકારી જોઈ. ખુરશી પરથી ઊઠ્યા. એક પાન બનાવીને ખાધું. પાછા આવ્યા. ફરીથી ખુરશી પર બેઠા. ફરીથા કાગળ બરાબર ગોઠવ્યા. ફરીથી પેન છંટકારી ...

પણ ન આવી, પ્રેરણા ન જ આવી, વાર્તા ન જ સૂઝી. રોજ સવારે બિલિપત્ર ચઢાવ્યા છતાં ખરી જરૂરને ટાણે પિનાકપાણિ વહારે ન ધાય અને ભક્તને થાય એવો વૈરાગ્ય લેખકના અંતરમાં પ્રગટ્યો.

નથી લખવો લેખ! શા માટે લખવો? કોને ખાતર લખવો? દિવાળી અંક માટે લેખ લખવાની જરૂર શી છે? અરે, દિવાળી અંક કાઢવાની ય જરૂર શી છે? જનતાને કાજે? વાચકોને કાજે? સાહિત્યરસિકોને કાજે? કોને કાજે?

*

અહાહાહા, કેટલા ઉત્સાહથી લોકો દિવાળી અંક મેળવે છે! આંટા ખાઈ ખાઈને ય મિત્રોને ઘેરથી એ ઊંઘરાવી લાવે છે. પેલો સંતાડી રાખતો હોય તો બપોરે એ ઘેર ન હોય ત્યારે એની પત્ની પાસેથી માગી લાવે છે. આવડત હોય તો લાયબ્રેરીમાંથી ઉઠાવી લાવે છે. ગમે તે હિસાબે એ દિવાળી અંક મેળવે છે.

એના મુખપૃષ્ઠથી એ અંજાય છે. રંગરોગાનથી આકર્ષાય છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ દીવો હાથમાં લઈ સહેજ જુદા અંગભંગ સાથે, જુદા 'પોઝ' માં, ઊભેલી યુવતી કે રાષ્ટ્રધ્વજ લઈને ધસી જતો યુવક—કે બન્નેને—જોઈને એ હરખાય છે...અને એ અંક ઉઘાડે છે.

હર્ષથી એ પાનાં ફેરવે છે. એક, બે, ત્રણ... પાંચ... પચ્ચીસ...સો...ત્રણસો...ત્રણસો છ, ત્રણસો સાત, આઠ... બસ! અંક પૂરો થઈ ગયો. છેલ્લા ટાઈટલ પર જા. ખ.નું ચિત્ર કમાલ છે, હાં!

અને પછી છાતી પર અંક ગોઠવીને સાહિત્યરસિક વાચક ઊંઘી ગયો.

હેં? લેખો? હા, હા, ઘણા છે ને! લબ્ધપ્રતિષ્ઠ લેખકોના છે. વાર્તા છે, નિબંધ છે, વિવેચન છે, હાસ્ય છે, ચિંતન છે, ને ખાલી જગ્યા પૂરવા કવિતા પણ છે, વિવિધ સામગ્રી છે. પ...ણ, પણ એવું છે ને ભાઈ, આટલું બધું વંચાય ક્યારે? એટલે બે વાર્તાઓ જોઈ અને બાકીના લેખોના—બધાના તો શું, કેટલાકના—મથાળાં જોઈ ગયા. બસ, વધારે તો શું થાય?

અંકોય ભઈ, એટલા બધા નીકળે છે ને, કે માંડ બેચાર જોવાય.

બસ, રસથાળમાંથી સહેજ ચટણી ચાખીને ધરાઈ ગયા!

હા, થોડાક જણે એ લેખો બરાબર વાંચ્યા. કોણે? લેખકોએ સ્તો! લેખકોની પત્નીઓ કંઈ બધા લેખો નથી વાંચતી—સિવાય કે શરૂઆતનાં વર્ષોમાં.

*

'વાંચોને સાહેબ! ફલાણાનો દિવાળી અંક છે.'

'એમ કે? તમે વળી અંક ક્યારથી ખરીદતા થયા?'

'ખરીદીએ તો શું સાહેબ, પણ એમાં આપણી દુકાનની જાહેરખબર આપી છે આ વખતે. જોઈ સાહેબ? જુઓને... બસો બેત્તાલિસમા પાના પર.'

જાહેરખબરો તો દિવાળી અંકોનો શ્વાસ-પ્રાણ છે. એ ન હોય તો તો દિવાળી અંક આ અસાર સંસારમાં અવતાર ધારણ કરવાનું પણ ના ચાહે. દિવાળી અંકનો સાચો 'રસ' પણ એમાં જ છે. એમાં જ જગતના મહાપુરુષો-મહાન વેપારીઓ, શેઠિયાઓ, ઉદ્યોગપતિઓ-આપણને નવા વર્ષના અભિનંદન આપે છે, આપણને સાલમુબારક ઇચ્છે છે, આપણને નૂતન વર્ષ સુખી નીવડોના આશીર્વાદ આપે છે. એમના આશીર્વાદોએરતો આપણું વર્ષ સારું જાય છે.

દીવા લઈને ઊભેલી કન્યાઓ અહીં પણ છે. શેઠસાહેબ આપણને એના દ્વારા જ અભિનંદન કહેવડાવે છે ને? રસિકતા તો એ શેઠિયા લોકોની જ હોં! કોઈ આપણને પાણી ભરતી પનિહારી મારફત અભિનંદન પાઠવે છે, કોઈ વળી નવી નક્કોર સાડીમાં સજ્જ થયેલી મુગ્ધા મારફત, તો કોઈ વળી મોટરમાં કે સાઇકલ પર બેઠેલી નવયૌવના મારફત આપણને સાલમુબારક પાઠવે છે. પેલા લુખ્ખા લેખકોના લુખ્ખા લેખો ક્યાં અને ક્યાં આ સમજુ, શાણા, રસિક શેઠિયાઓનાં હાર્દિક અભિનંદનો!-ક્યાં ગાંગો તેલી અને ક્યાં રાજા...

કો'ક જાહેરખબરો તો જાણે સાથિયા પૂર્યા! કોઈ તો જાણે પૂર્ણિમાનું આકાશ! કોઈ તો જાણે આભના તારલાની બિછાત! ક્યાંક છે ઉષાસંધ્યાના રંગ! ક્યાંક છે દીવડાની ઝાકઝમાળ! અને એ સૌમાંથી પેલા અદ્ભુત સૂર ઊઠે છે -અભિનંદન, અમારા માનવંતા ગ્રાહકોને નવા વર્ષના અભિનંદન! નકલી માલથી સાવધ રહેશો! અમારો માલ જાણીતા સ્ટોકિસ્ટો રાખે છે! અમારી મિલની સાડીઓ અને ધોતી જોટા...

એનું નામ સાહેબ, 'રસથાળ' કહેવાય! આનંદ મેળવવો હોય તો એ જાહેરખબરોમાંથી પૂરતો મળી રહે છે. ઘણા તો દોઢબે મહિના સુધી દિવાળી અંકોમાંથી જાહેરખબરો જ વાંચ્યાં કરે છે ને એનાં ચિત્રો જ જોયાં કરે છે. કારણ વાર્તાઓ તો પાંચદસ જ હોય છે. એ ખૂટી ગયા પછી શું કરવું? કવિતા તે કંઈ વંચાતી હશે? વિવેચનમાં સમજ ના પડે. નિબંધમાં રસ ના પડે. એના કરતાં જાહેરખબરો વાંચવામાં ક્યારેક ખરી મઝા આવે છે, હોં દોસ્ત!

*

જાહેરખબરો એટલે વેપારીઓની હોં! લેખકોની નહીં! હા, હા, લેખકોનીય જાહેરખબરો હોય છે. તમે નથી જોઈ! અરે, ભલા માણસ, દિવાળી અંકના લેખો એ લેખકોની જાહેરખબરો નથી તો બીજું છે શું?

'જોયો હોં ભાઈ, દિવાળી અંકમાં તમારો લેખ જોયો!'

'કયા દિવાળી અંકમાં? મેં તો અઢારમાં લે[ખ] આપ્યા છે, સોરી, ઓગણીસમાં.'

'કયામાં...જુઓને...નામ તો ભૂલી ગયો. હં.. 'સરસ્વતી'ના દિવાળી અંકમાં.'

'એમાં તો મેં લેખ આપ્યો જ નથી.'

'તો 'રેસ'ના દિવાળી અંકમાં હશે. કયામાં જો[યું] એ તો યાદ નથી. પણ ક્યાંક જોયું ખરું. પાનવાળા[ની] દુકાને અંક પડેલો એમાં જોયેલો. તમેય ભાઈ, હવે તો ખરેખરા લેખક થઈ ગયા, હોં!'

લેખક મલકાઈ રહ્યા.

બીજા વાચક મળ્યા.

'તમારી વાર્તા હમણાં જ વાંચી.'

'એમ કે? કઈ?

'પેલી...પેલી...કઈ?...'સરિતા'ના દિવાળી અંક[માં] આવેલી ને, એ.'

'હા, પણ વાર્તાનું નામ તો યાદ છે ને?'

'નામ તો ભૂલી ગયો છું, પણ વાર્તા સરસ હતી!'

'તમને એમાં કયું પાત્ર ગમ્યું? પ્લૉટ ગમ્યો?'

'પ્લૉટ તો યાદ નથી. પણ પેલા કાબૂલીનું [પાત્ર] સરસ હતું.'

'પણ મારી એકકેય વાર્તામાં કાબૂલી આવતો જ નથી.'

'એમ? ત્યારે બીજા કો'કની વાર્તા વાંચી હશે. [પણ] તમારી વાર્તાઓય ઘણા દિવાળી અંકોમાં જોઈ. [એ] હોય છે.'

લેખકની છાતી ગૌરવથી ફૂલી રહી!

બીજા બે જણ મળ્યા.

'ઓળખ્યા આમને?' એકે લેખક તરફ આં[ગળી] ચીંધીને કહ્યું.

'કોણ ? મેં તેં ના ઓળખ્યા !'

'લેખક છે !'

'એમ કે ? કોઈ ચોપડી બહાર પાડી છે ?'

'ઘણીય ! ઘણા દિવાળી અંકોમાં એમની વાર્તાઓ આવે છે.'

'એમ ? તો તો બહુ સારું.'

'મારી વાર્તાઓનો બીજો સંગ્રહ...' લેખક કંઈ કહેવા જતા હતા પણ પેલા ભાઈએ વચ્ચે જ કહ્યું : 'ઠીક ત્યારે... સાહેબજી, લેખકભાઈ...આવજો !'

'હા, જયજય !'

લેખક મનમાં ગણગણી રહ્યા. 'ભલે એણે મારી વાત ન સાંભળી; પણ દિવાળી અંકોની મારી વાર્તાઓ એણે પણ જોઈ છે, હોં.'

લેખક મુદિત થયા.

કોણ કહે છે દિવાળી અંકોની સાહિત્યસામગ્રી એ લેખકોની જાહેરખબર નથી ?

×

'તે એવી જાહેરખબરની કિંમતેય શી ? ક્ષણિક નામનાને ખાતર-કે તંત્રીને ખોટું ન લાગે એ માટે દિવાળી અંકોમાં લખે એ બીજા, અમે નહીં !' પ્રેરણા ન આવવાથી થાકીને પેન બંધ કરતા લેખક બબડ્યા. હજી એમનો વૈરાગ્ય ઓસર્યો ન હતો.

'દિવાળી અંકો કાઢવા તે કોને માટે ? એમાં ઢગલાબંધ લેખો લખવા તે શાને કાજે ? એના કરતાં ચ્હાવાળાની કે મિલોવાળાની જાહેરખબરો શા માટે ન લખવી ? નવા વર્ષના વર્તારા શા માટે ન લખવા ?'

પ્રચંડ નિરાશાના પૂરમાં ડૂબકાં ખાતા લેખક ગણગણ્યા. ત્યાં નીચેથી બૂમ આવી.

'અરે એ...સાંભળો છો ?'

'હં. શું છે ?'

'આ પસ્તીવાળો આવ્યો છે. કહે છે છાપાં આપવાં છે ?'

અને એકદમ લેખકના અંતરમાં પ્રકાશ રેલાઈ રહ્યો, હૃદયમાં આનંદ ઊભરાઈ ગયો. સર્જનનું, દિવાળી અંકોનું, સાર્થક્ય જડી ગયું !

કોઈ નહીં તો આને ખાતર મારે લેખો લખવા જોઈએ ! આ પસ્તીવાળાના કલ્યાણને ખાતર લેખકોએ લખવું જોઈએ. અમે જો નહીં લખીએ તો બીજા કોઈને ભલે કાંઈ નુકસાન નહીં થાય, પણ આ બિચારા પસ્તીવાળાના પેટ પર પાટું પડશે. દિવાળી અંકો નહીં નીકળે તો મા ગુર્જરી જરાય ગરીબ નહીં થાય, પણ આ પસ્તીવાળાની રોજી જશે, એની રોટી જશે...કંઈ નહીં તો એ શ્રમજીવીને ખાતર, દીપોત્સવી અંકથી સાચો લાભ પ્રાપ્ત કરનાર એ પસ્તીવાળાને ખાતર...

લેખકે લેખ લખી નાંખ્યો, તંત્રીએ વાંચી નાંખ્યો, કોમ્પોઝીટરે ગોઠવી નાંખ્યો, પ્રેસવાળાએ જાહેરખબરો વચ્ચે થોડી જગ્યા કરી છાપી નાંખ્યો, ફેરિયાએ વેચી નાંખ્યો, ગ્રાહકોએ જોઈ લીધો, મિત્રોએ ઉઠાવી લીધો, ને અંતે પસ્તીવાળાને...

સંસારમાં કશાનુંય સાર્થક્ય નથી, એવું ન કહેવાય.

સાઇકલ

આ એ જ પન્થ, વળી આપણ બેય એ જ,
ને એની એ સુરખિ સાંધ્ય, સુરમ્ય વેળ.
ત્યારેય તે હાથ મિલાવી હાથે,
જતાં બની બે જણ એક સાથે,
રહે બાજુએ સાઇકલ સંગ હો અગર.
આ આ જ બેય, પણ હાથ થયેલ છૂટા,
ને જાય એ જ જણ બે પણ તે વિખૂટાં;
વચ્ચે હવે સાઇકલ કે શું ના ખબર !

પિનાકિન ઠાકોર

પ્રતીક્ષા

રે ન્હોય પ્રેમની ભિક્ષા.
મુકુલિત કુસુમકલિ ભ્રમરની
કેવળ કરે પ્રતીક્ષા—રે ન્હોય૦

ભાગ્ય હોય તો આવે, મન ચાહે તો રોકાય;
માગ્યો રસ જો ના મળે, બીજે ફૂલ ઊડી જાય.

અબોલ સહેવું રહે સુમન
અધૂરાં અર્પણની શિક્ષા—રે ન્હોય૦

નાથાલાલ દવે

સુખી કુટુંબ : એક સમસ્યા

હરપ્રસાદ ભટ્ટ

ભાગ્યે જ એવું કોઈ કુટુંબ હશે કે જેણે કુટુંબ-જીવનમાં સાહજિક રીતે આવતાં ભાઈબહેનનાં અદેખાઈ, સ્પર્ધા, માતાપિતાનો ક્વચિત્ પક્ષપાત અને તેમાંથી આવેલાં આશાનિરાશા નહિ અનુભવ્યાં હોય. નિરાશા, ચિન્તા, સ્વલ્પતાભાન જીવનનાં સાહજિક અનુભવો બની ગયાં છે. છતાંય વહાલની ઉષ્મા, ઐક્યની લાગણી અને કુટુંબની અરસપરસની ઠઠ્ઠામશ્કરી તેટલાં જ સ્વાભાવિક હોય છે. વળી નાનપણની એનઘેન દિવાઘેન કે ઘરઘરની રમતો, દાદાદાદીની કે માની વાતો, પર્વો, ઉજાણીઓ કે ઉત્સવો વગેરે પ્રસંગો જીવનનાં સુભગ સ્મરણો છે.

જેમને હૈયે બાળહિત વસેલું છે તેઓ જો બાળક અને માવતરના સુભગ સંબંધની અગત્ય સમજે કે સુખી કુટુંબના આવશ્યક સિદ્ધાન્તોનો સ્વીકાર કરે તો ભાવિ પેઢીનાં આવતાં દુઃખો નિવારી શકાય. મારે મન બાલહિતૈષી એટલે માબાપો, શિક્ષકો, સામાજિક કાર્યકરો, યુવક નેતાઓ, છાત્રાલયના અધિપતિઓ, આયાઓ અને ન્યાયાધીશો (Magistrates) છે.

સુખી કુટુંબજીવનનાં મૂલભૂત તત્ત્વો

સુખી કુટુંબજીવનમાં પતિ અને પત્નીના સંબંધો પ્રધાનપણે વિચારવાના રહે છે. પરસ્પર પ્રેમ, વિશ્વાસ અને સમાન આદર્શો પર રચાયેલું લગ્ન જ પતિપત્ની અને બાળકોને સુખ આપી શકે. જો બન્નેમાંથી એક કાં તો ખૂબ જોરદાર માનસ ધરાવનાર (dominating) હોય કે અતિશય તાબે થનાર વૃત્તિવાળું (too submissive) હોય તો તે લગ્ન ભાગ્યે જ સુખમાં પરિણમે છે. નાટકી પ્રેમ, કેવળ જાતીય પ્રેમ, પરાવલંબીપણું કે પરસ્પરનાં વધુ પડતાં વખાણ ભાગ્યે જ સુખી કુટુંબનાં તત્ત્વો કહી શકાય. પરસ્પર માન, સૌજન્યભરી આપ-લે, સામાન્ય પ્રેમ કે સામાન્ય ગુસ્સો સુખદ ભાગીદારી નિપજાવે છે.

જે પુરુષને વારંવાર માતાને પૂછવા જવું પડે છે [...] સ્ત્રીને વારંવાર પિતાને પૂછવા જવું પડે છે તે ખરી [...] પૂરતાં વિકાસ પામ્યાં ગણાય નહિ. સગવડ ખાતર, [...] ખાતર, પ્રતિષ્ઠા ખાતર કે સરળ વ્યવહાર ખાતર [...] લગ્ન નામનું જ લગ્ન છે પણ ભાગ્યે જ તે સુખી [...] કહેવાય.

પતિ અને પત્નીનો સંવાદી સ્વભાવ, પરસ્પર સાહચર્ય [...] વ્યક્ત થતો આનંદ, પરસ્પરની કંચન જેવી વિશુદ્ધ વફાદારી [...] તેમની ક્વચિત્ ક્વચિત્ થતી ઉગ્ર દલીલો અને ઉદાર મતભેદો [...] સુખી કુટુંબના આધારસ્થંભો (corner-stones) [...] પોતાનો ગુસ્સો કે પોતાનું ચીડિયાપણું હમેશ સંતાડયા [...] ઘણું જ અસ્વાભાવિક છે. તેના કરતાં તો તે અમુક [...] વ્યક્ત થવા દેવું તે બહેતર છે. જો કે દરરોજ [...] અને કચવાટ પાંડુરોગ જેવા છે અને પરિણામે [...] અને બાળકો માટે ખતરનાક નીવડે છે.

બીજો અગત્યનો સંબંધ માતાપિતાનો [...] સાથેનો છે.

બાળકો પ્રત્યેનો સ્વાભાવિક પ્રેમ માતાપિતા [...] પ્રથમ પડ્યો છે. બાળકોને સગવડ આપવી, મદદ કરવી, [...] રાખવાં કે જીવનભર તેમની સહીસલામતી અંકિત કરી [...] માતાપિતાની સ્વાભાવિક લાગણી છે. છતાંય [...] અદેખાઈ કે સ્પર્ધાના અંકુરો કોઈ કોઈ વખતે દેખા દે [...] ભાગે લગ્નજીવનની તદ્દન શરૂઆતમાં જ્યારે બાળક [...] વિશેષ હાજરી માગે છે ત્યારે પતિને ઊંડેઊંડે થાય [...] તેની પત્ની તેની ઉપેક્ષા કરે છે અને ક્વચિત્ તે [...] છે. કુશળ પત્ની આવા પ્રસંગે પોતાના બાળકને તેના [...] રસ ઉત્પન્ન કરવા સારો પ્રયત્ન કરે છે અને બાળકને [...] પિતાનું સ્થાન લેતું અટકાવે છે. આને માટે સૌથી [...] એ છે કે પતિ પણ બાળકને નવરાવવામાં, તેની જરૂરિયા[...]

તેને શાન્ત રાખવામાં કે રમાડવામાં પૂરતો હિસ્સો આપે. ગૃહજીવનમાં પિતા મદદ કરતા થાય તો પિતા પ્રત્યેનું બાળકનું સમગ્ર દૃષ્ટિબિન્દુ ફરી જાય છે અને તે માતાના કાર્યના સહભાગી છે જાણી તેમના તરફની વિરોધની તેની લાગણી ઘટી જાય છે.

બાળક જ્યારે માતાને બિલકુલ છોડવા તૈયાર હોતું નથી અને માતા પ્રત્યેના પિતાના પ્રત્યેક અધિકારને તે તિરસ્કારે છે ત્યારે પિતા પ્રત્યેની બાળકની અદેખાઈ સ્પષ્ટ જણાઈ આવે છે. બાળકના ઊર્મિવિકાસમાં આ હકીકત તદ્દન સ્વાભાવિક ગણાય છે. માને ચાહવી અને પિતાને ધિક્કારવા છોકરાના વિકાસનો સ્વાભાવિક ક્રમ છે. પરન્તુ આ લાગણીનું પ્રમાણ અને મર્યાદા કુટુંબના અને મોટે ભાગે પતિપત્નીના અંગત સંબંધો ઉપર આધાર રાખે છે. સામાન્ય રીતે છોકરો ઘણા થોડા જ સમયમાં તેના પિતાને પ્રેમ અને માનની લાગણીથી જોવાનું શીખી લે છે. તે માતાપિતા પ્રત્યેની લાગણીની સમતુલા જાળવી શકે છે છતાંય તેની લાગણીનો સૂક્ષ્મપણે વિચાર કરીએ તો માલૂમ પડશે કે તે માતા તરફ કાંઈક આસક્ત ભાવથી જોતો હોય છે અને પિતા તરફ માન અને પ્રભાવિત ભાવથી જુએ છે. પિતા શક્તિશાળી, મજબૂત, માયાળુ અને પ્રજ્ઞ છે તેવી પ્રતીતિ તેણે તેના પુત્રને કરાવવી જોઈએ. જો તેનાથી અન્યથા તે વ્યક્ત થાય તો પુત્રને તેના ઘણા ગેરલાભ વારસામાં આપે છે.

કેટલીક માતાઓ તેમની દીકરીઓના વહાલને જાણે જકડી રાખતી હોય તેમ જણાય છે. આ પ્રકારનો વર્તાવ ઘણીવાર બાળા સ્વીકારે છે કે તિરસ્કારે છે. આવા સબળા પ્રસંગોમાં તે પરાવલંબી, અસામાજિક કે દુઃખી બાળક તરીકે વ્યક્ત થાય છે. આવા પ્રસંગે તે બાળા તેના પિતાની સલાહ અને મદદ માટે ઝંખે છે. તેના મનમાં ઊંડે ઊંડે થાય છે કે તેના પિતા તેના રક્ષણ માટે સમર્થ છે. તેને થાય છે કે તે જ્યારે ત્રસ્ત હશે ત્યારે તે મદદરૂપ નીવડશે. વળી જ્યારે ભયભીત હશે ત્યારે પણ તેને આશ્વાસન આપી શકશે. તેની માતા કરતાં તેનું વ્યક્તિત્વ તેની આગળ અનોખું જ ભાસે છે. તેના જીવનમાં એવી પ્રાથમિક ક્ષણો આવે છે કે જ્યારે તેને એમ જ લાગે છે કે તેનું સઘળું યોગક્ષેમ માતા કરતાં પિતામાં સમાયલું છે. જો આ લાગણી લાંબો વખત ટકી જ કરે તો પરિણામે માને તેના તરફ અભાનપણે અદેખાઈના થર જામતા જાય છે. આ તબક્કે પિતાએ પોતાનું નિરાળું વ્યક્તિત્વ જ બતાવવું યોગ્ય છે. તેણે પોતાનાં બાળકો અને પત્ની પ્રત્યેનો પ્રેમ સ્પષ્ટપણે સમધારણ રીતે વ્યકત કરવો જ ઉચિત છે.

કુટુંબનો ત્રીજો મહત્ત્વનો પ્રશ્ન **બાળકોના પરસ્પર સંબંધનો છે.**

ભાઈઓ અને બહેનો જેટલાં એકબીજાને ચાહે છે તેટલાં જ ઝગડે પણ છે. જો માતાપિતા બાળક બાળક પ્રત્યે ભિન્ન ભિન્ન રુચિ કે વલણો બતાવે છે તો પણ ઘણી વખત બાળકોમાં સ્પર્ધા અને અદેખાઈ વધી પડે છે. અને કેટલીક વખત બાળકો સમગ્રપણે માતાપિતા પ્રત્યે પોતાનો રોષ ઠાલવે છે. આવી લાગણીઓનું દૃશ્ય ઘણી વખત વર્ગનાં કે શેરીનાં બાળકોમાં જોવા મળે છે.

કુટુંબમાં એક જ બાળક હોય તે ઘણી વખત માબાપને વશ વર્તે છે અથવા કેટલીક વાર વિરુદ્ધ વર્તે છે. પરન્તુ જે કુટુંબમાં બે કે તેથી વધુ બાળકો હોય છે ત્યાં પ્રેમ, રોષ, સ્પર્ધા કે અસૂયા ક્ષણિક ઊભાં થાય છે અને પાછાં શમી જાય છે. કુટુંબમાં આ રીતના ઝગડા સ્વાભાવિક હોય છે. સમધારણ કુટુંબોમાં પ્રેમ અને તિરસ્કાર, ભૂલ અને પ્રાયશ્ચિત્ત, ઠપકો અને માફી તેમ જ યુદ્ધ અને સુલેહનો સાહજિક ક્રમ હોય છે. ઘર જીવનસંગ્રામની શાળા છે. કારણ કે ઘરમાં ઉદ્ભવતા ઝગડા અને સમાધાન સાચી માનવતાનું ઘડતર કરે છે. સુખી કુટુંબો તો તે જ છે કે જે પરસ્પરનાં પ્રેમ અને હિતની ખાતરી કરાવી આપે છે. કુટુંબની ગમે તેવી ક્ષતિઓ હોય છતાંય કુટુંબ બાળકના વિકાસમાં પાયાનો ભાગ ભજવે છે.

માતાપિતા ભલે બાળક તરફ ક્ષણવાર કુપિત થાય પણ જો બાળકની ઉપેક્ષા ન કરે કે તેના પ્રત્યે અસહિષ્ણુ ન બને તો બાળક તેવાં માબાપ સાથે જરૂર સુખ જ અનુભવે. બાળક જેટલું માતાપિતાના સાન્નિધ્યમાં વહાલનો સાત્ત્વિક અનુભવ કરે છે તેટલો અનુભવ કરવાનું તેને ક્યાંય મળતું નથી. આની પ્રતીતિ યુદ્ધથી માતાપિતાવિહોણાં બનેલાં બાળકોને જોવાથી મળે છે. બાળકો માટે ગમે તેવી સુંદર પરિસ્થિતિ યોજવામાં આવે તો પણ નાનકડા કુટુંબમાં માતાપિતા વહાલની જે ઉષ્મા આપી શકે છે તેવી ઉષ્મા અનાથાશ્રમો કે બાળકની સંભાળ લેનારી સંસ્થાઓ આપી

શકતી નથી. બાળકને મન માતાપિતાનું જીવન આદર્શ જીવન મનાય છે તેથી બાળઘડતરમાં માતાપિતાની જવાબદારી અનન્ય છે.

કુટુંબનું કદ

અર્થશાસ્ત્રીઓ સામાન્ય કુટુંબનું કદ બે મોટેરાં અને સાડાત્રણ બાળકોનું યોગ્ય ગણે છે. ગમે તેમ હોય પણ ખરી રીતે તો કુટુંબના સુખનો આધાર તો મોટે ભાગે તેમના ઊર્મિજન્ય(emotional) સંબંધો ઉપર અવલમ્બે છે.

જ્યાં એક જ બાળકનું કુટુંબ હોય અથવા પહેલા અને બીજા બાળકમાં ઉંમરનું મોટું અંતર હોય ત્યાં માનસશાસ્ત્રીય વિકૃતિઓને વિશેષ અવકાશ રહે છે. બાળકના વિકાસ માટે ચાર, પાંચ કે છ માણસોનું કુટુંબ હિતાવહ છે. આનાં ઘણાં કારણો છે. નાનાં કુટુંબનાં બાળકોને શિક્ષણ અને અન્ય જરૂરિયાતની વસ્તુઓ સુલભ મળી શકે છે એ ચોક્કસ છે છતાંય સાથે ઊછરતા વધુ બાળકોના માનસશાસ્ત્રીય અને સામાજિક લાભો પણ ઘણા છે—જેવા કે કુટુંબમાં ઊપજતા ઝઘડા અને સમાધાન, સામાજિક લાભો અને ઘર્ષણો, સમૂહ રમતો અને કામમાં સહકારનો આનંદ વગેરે.

જે કુટુંબમાં એક જ બાળક છે તેનું વાતાવરણ ઘણે ભાગે મોટેરાંનું છે. તેનાં માબાપ વધુ પડતાં અધીરાં અને બાળકમાં ઘણાં આસક્ત હોય છે. વળી બાળકના પ્રેમ માટે બન્નેમાં સ્પર્ધા જાગે છે. બાળકને તેની ઉંમરના સોબતીના સહવાસની હમેશ ઊણપ રહે છે. એક જ બાળકવાળા સુખી કુટુંબોના દાખલા મોજૂદ છે. છતાં મૂંઝવતા બાળકનાં દૃષ્ટાન્તો એક જ બાળકના કુટુંબનાં વધુ પ્રમાણમાં હોય છે.

બે બાળકવાળા કુટુંબમાં ઘણેભાગે મોટા બાળકને નાના બાળકને અંગે ઘણું સહન કરવું પડે છે. મોટે ભાગે ગુનાહિત માનસવાળાં બાળકોમાં બે બાળકવાળા કુટુંબમાંનું મોટું બાળક હોય છે. અનિવાર્યપણે આવું બને છે તેમ નથી. સમજુ માબાપ આ પ્રસંગ જરૂર અટકાવી શકે.

જે કુટુંબમાં એક બાળક અને બીજા બાળક વચ્ચે ઉંમરનું ઘણું અંતર હોય છે ત્યાં મોટું બાળક નાના બાળકની ખૂબ અદેખાઈ કરે છે. કારણ કે મોટા બાળકે લાંબા સમય સુધી જે અનિયંત્રિત સ્વાતંત્ર્ય અને લાડ ભોગવ્યાં હોય છે તે ઘટે છે. વળી નાનું બાળક માતાપિતાના લાડનું કેન્દ્ર બને છે.

કેટલાંક કુટુંબોમાં જ્યાં માતાપિતા પોતાનાં બાળકોને ભૌતિક સગવડો કે વિકાસપોષક વાતાવરણ આપી શકતાં નથી ત્યાં મોટા બાળકને બાલ્યાવસ્થાનો આનંદ જ મળ[illegible] નથી. કારણ કે માબાપ મોટા બાળક ઉપર નાના બાળ[illegible] સંભાળની જવાબદારી નાખે છે. વળી કુટુંબ [illegible] જવાથી માબાપ પણ તેમની સંભાળની બાબતમાં બેદ[illegible] અને ચીડિયાં બને છે.

ઉપર મુજબ કુટુંબનિયોજનના લાભ અને ગેર[illegible] વિચાર્યા પછી એટલું માલૂમ થાય છે કે ચાર કે [illegible] બાળકવાળા કુટુંબમાં માનસશાસ્ત્રીય મુશ્કેલીઓ [illegible] ઉપસ્થિત થાય છે. પણ સાથે સાથે એટલું પણ નક્કી [illegible] કુટુંબનિયોજન કરતાં પહેલાં બાળકની સઘળી જરૂરિયાતો [illegible] સગવડ માબાપે વિચારવી જ જોઈએ.

જોડિયાં બાળકો

કુટુંબમાં જન્મેલાં જોડિયાં બાળકો જો બુદ્ધિમાં, શરીર[illegible] કે સૌષ્ઠવમાં સરખાં હોય તો તેઓ સારા સોબતીઓ [illegible] છે. પરન્તુ જ્યારે બન્નેની બુદ્ધિમાં, શરીરમાં કે સૌષ્ઠ[illegible] ન્યૂનાધિકતા હોય ત્યારે મુસીબત ઊભી થાય છે. [illegible] સાહજિક રીતે તેમનામાં પરસ્પરની મૈત્રી અને મમતા [illegible] કરતાં વિશેષ હોય છે.

માતાપિતા

માતૃત્વ વિષે કેટલીક હકીકતો ખાસ ધ્યાનમાં [illegible] જેવી છે. લગ્ન પછી પત્નીની બાળકની [illegible] સ્વાભાવિક બને છે. આ ઇચ્છા થતાં પહેલાં સૌથી અ[illegible] કામ બાળકના સત્કાર માટેની તૈયારીનું છે. જો [illegible] લાગે કે બાળક અવતર્યા પછી તેના લગ્નજીવનમાં [illegible] અંતરાયો ઊભા થશે, તેનું સ્વાતંત્ર્ય હણાશે, તેની [illegible] ભીંસ વધશે તો આ બધી હકીકતોનું સમાધાન થા[illegible] સુધી બાળકની ઇચ્છા અટકાવવી. જો સ્ત્રી ઘર બહાર[illegible] કાર્યમાં મગ્ન હોય તેણે બાળકની અપેક્ષા કરવી યોગ્ય [illegible] જ્યારે સ્ત્રીને થાય કે બાળક અને બાળકનું હિત તેન[illegible] આનંદ નીવડશે ત્યારે જ તે બાળકના અવતારની તૈયા[illegible]

જન્મ પછીના શરૂઆતના મહિનાઓમાં માએ [illegible] બાળકને ધવરાવવામાં, નવરાવવામાં, કપડાં પહેરા[illegible]

તેમ જ તેની ઊંઘ બાબત ખાસ કાળજી રાખવી જોઈએ. વળી એક બાળકના જન્મ પછી બીજા બાળકના જન્મનું અંતર ઓછામાં ઓછું બે વર્ષનું હોય તે જરૂરનું છે, કારણ કે જ્યારે માતા સગર્ભા હોય છે ત્યારે અને બાળક અવતરે છે ત્યારે તેને ઘણી ચિન્તા રહે છે. વળી બે વર્ષ પહેલાં પ્રથમ બાળક ચાલવામાં, બોલવામાં અને અન્ય પ્રવૃત્તિઓમાં પૂર્ણ સ્વતંત્ર બન્યું હોતું નથી તેથી જ્યારે તે પૂર્ણ સ્વતંત્ર બને ત્યારે જ બીજું બાળક આવકારપાત્ર છે.

જ્યારે ઘરમાં બેથી ત્રણ બાળકો થાય છે ત્યારે માતાને તેમની સંભાળ કેટલીકવાર મૂંઝવણભરી બને છે. અને પરિણામે તેની અધીરાઈ, ગુસ્સો અને કચવાટ પ્રગટ થાય છે. આવા ભાવો પ્રગટ ન થાય તેવું માનસ માતાએ કેળવવું જોઈએ. જ્યારે બાળકો મોટાં થઈ જાય છે અને સૌ મિત્રો હળતાં, ભળતાં કે રમતાં થઈ જાય છે ત્યારે માતાને ઘણો સમય બચત રહે છે. આવી અનુકૂળતા મળતાં તે પોતાના જૂના સંબંધો કે કામ પુનઃ તાજાં કરી શકે છે.

માતા હમેશ ઘરમય, બાળકમય કે કુટુંબમય બની જાય તે પણ જીવનની એક બાજુનો અતિરેક દર્શાવે છે.

જેમ માતૃત્વ વિષે ઉલ્લેખ કર્યો તે જ પ્રમાણે પિતૃત્વ વિષે પણ કેટલીક હકીકત ધ્યાન દોરે તેવી છે. પત્ની જ્યારે બાળકની જ સંભાળમાં પડી જાય છે ત્યારે પતિને કાંઈક વસવસો રહે છે. તેમાંય ખાસ કરીને બાળક માતાને કજિયાથી થકવી નાખે છે કે રાત્રે માતાપિતાને ઊંઘવા દેતું નથી ત્યારે પિતા ચીડિયો અને અધીરો બને છે.

સાચો પિતા તો તે જ છે કે જે બાળકની સંભાળમાં માતા જેટલો જ હિસ્સો આપે છે અને ઘરકામમાં પણ મદદરૂપ થાય છે. જે પિતા સાંજે બાળકને ફરવા લઈ જાય છે, રજાના દિવસે દૂર દૂર શાંત સ્થળે તેની સાથે ઉજાણીએ જાય છે કે તેની સઘળી પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લે છે તે જ સાચો પિતા છે. વારંવાર બાળકોને સલાહ જ આપ્યાં કરવી કે ટોકયાં કરવુ ઘણું જ હાનિકારક છે તે તેમણે ક્ષણ પણ ભૂલવું જોઈએ નહિ. બાળકના સ્વયવિકાસમાં મદદ કરવી તે જ તેનું ધ્યેય હોવું જોઈએ. પોતાના વિચારોથી કે પોતાના વ્યક્તિત્વથી બાળકને આંજી દેવું તે ખરેખર બાળકને રૂંધી નાખવા બરાબર છે. બાળકના દેખતાં ખોટી ચર્ચાઓ કરવી; કૌટુમ્બિક કલહોના ઉકેલ લાવવા કે મતભેદોમાંથી નીપજેલી ગ્લાનિ કે વૈમનસ્ય દર્શાવવાં બાળકના હિતમાં નથી.

કૌટુમ્બિક ઉપાધિઓ

પરસ્પરના નાના ઝઘડાઓ, ગેરસમજૂતો, બાળકોની શૈક્ષણિક કે સ્વભાવગત ઊણપો, પરીક્ષાનાં પરિણામો, કુટુંબમાં કોઈકનું મૃત્યુ, બાળકની કે મોટાની માંદગી, કિંમતી વસ્તુનું નુકસાન, આર્થિક ભીંસ વગેરે પ્રસંગો સાચેસાચ અણધારી ઉપાધિના પ્રસંગો છે. આવા સઘળા પ્રસંગોએ માબાપે ઘણું જ ધીરજવાળું અને ડહાપણભર્યું વલણ રાખવું જોઈએ; કારણ કે આવા જ પ્રસંગોમાંથી બાળકને જીવનભરનાં ભય, અસહિષ્ણુતા, ઊણપો, પોતાની જાતમાં અણવિશ્વાસ, બિનસહિસલામતી વગેરે સાંપડે છે.

કૌટુમ્બિક ઉજાણીઓ અને પર્વઉત્સવો

બાળકની વર્ષગાંઠનો ઉત્સવ બાળકના વ્યક્તિત્વની ગણનાનો સૂચક પ્રસંગ છે. આ દિવસનો કાર્યક્રમ તેની સ્વેચ્છા મુજબ રાખવો અને તેને વિશિષ્ટપણે ઊજવવામાં સહાયરૂપ થવું. વળી દિવાળી, ઉત્તરાયન, વસંતોત્સવ, જન્માષ્ટમી, દસેરા જેવા પ્રસંગો વિશિષ્ટ રીતે ઊજવવામાં બાળક અનેરો આનંદ અનુભવે છે. માનવસ્વભાવની ખાસિયત છે કે તેને કવચિત્ કવચિત્ જીવનમાં સ્વૈરવિહાર, તોફાન મસ્તી અને દૈનિક ક્રમમાંથી કાંઈક અભિનવ વિશિષ્ટતા જોઈએ છે જ. નાચવું, કૂદવું, ગાવું, મયદાની રમતો રમવી વગેરેમાં તેના વિકાસનાં બી ફૂલેફાલે છે. માબાપે પોતાની શિશુ અવસ્થાના આનંદો કદી પણ ભૂલવા જોઈએ નહિ અને તેની પુનરાવૃત્તિ બાળકમાં જોઈને આનંદ અનુભવવો જોઈએ. ઉત્સવો સહકારની ભાવનાને દઢ બનાવે છે અને ગમે તેવા કપરા સંયોગોને પણ હળવા કરી મૂકે છે. વળી મનની તંગ પરિસ્થિતિને હળવી કરી માનવીને નૂતન ઉત્સાહ પ્રેરે છે.

સુખી કુટુંબજીવનમાં માવતરની જવાબદારી સૌથી વિશેષ છે. માબાપની પ્રસન્નતા, ધૈર્ય, ઔદાર્ય અને વિશુદ્ધ માનવપ્રેમ સુખી કુટુંબજીવનમાં મહત્ત્વનો ફાળો આપે છે.

ભાષાકીય રાજ્યનિર્માણની સમસ્યા*

વાડીલાલ ડગલી

હિન્દનાં રાજ્યોની મુખ્યત્વે ભાષાકીય ધોરણે પુનર્વ્યવસ્થા કરવાની પ્રથમ વ્યવસ્થિત હિલચાલ ઇ. સ. ૧૯૧૩માં આંધ્ર કૉન્ફરન્સે કરી. પણ જ્યારે ગાંધીજીએ, રાષ્ટ્રના રાજકારણમાં પ્રવેશતાંની સાથે, કૉંગ્રેસ પાસે કૉંગ્રેસની પ્રાંતીય શાખાઓની ભાષાના ધોરણે પુનર્રચના કરવાનો સ્વીકાર કરાવ્યો, ત્યારે ભાષાવાર રાજ્યરચનાની હિલચાલને રાષ્ટ્રીય સ્વીકૃતિ મળી. ત્યાર બાદ ગાંધીજીએ તથા કૉંગ્રેસે ભાષાવાર રાજ્યરચના પ્રજાકીય સ્વરાજ્યની સ્થાપના માટે અનિવાર્ય છે એમ વારંવાર પ્રતિપાદન કર્યું. સ્વતંત્ર હિન્દની પ્રથમ સાર્વત્રિક ચૂંટણી દરમિયાન હિન્દના મુખ્ય રાજકીય પક્ષોએ ભાષાવાર રાજ્યરચનાની આવશ્યકતાનો તેમના ચૂંટણી–ઢંઢેરાઓમાં સ્વીકાર કર્યો અને તેને ચરિતાર્થ કરવા મુક્ત મને વચનો આપ્યાં. ૧૯૫૨ના ડિસેમ્બરમાં આંધ્રના સર્વોદય કાર્યકર શ્રી પોટ્ટી શ્રીરામુલુએ આંધ્રદેશની સ્થાપના અંગે અનશન કરી દેહત્યાગ કર્યો અને આંધ્રમાં પૂરા અર્થમાં અંધાધૂંધી શરૂ થઈ. જ્યારે હિન્દી સરકારે આંધ્રદેશ ૧લી ઑક્ટોબર, ૧૯૫૩ના રોજ સ્થાપવામાં આવશે એવી સત્તાવાર જાહેરાત કરી ત્યારે તેલુગુ પ્રદેશોમાં શાંતિ સ્થપાઈ. આંધ્રનો પ્રશ્ન પત્યો ન પત્યો, ત્યાં કર્ણાટકમાં કર્ણાટક રાજ્યની તાત્કાલિક સ્થાપના માટે ઉગ્ર આંદોલનો શરૂ થયાં અને હજુ પણ ત્યાં "સત્યાગ્રહ" તો ચાલે જ છે

આ પરિસ્થિતિમાં આંધ્રના ભાષાકીય રાજ્યના સત્તાવાર નિર્માણના ત્રણ દિવસ પહેલાં, ગુજરાતી આયોજન અને વ્યવસ્થાશક્તિના પ્રતીક સમા વલ્લભવિદ્યાનગરમાં અખિલ હિન્દ ભાષાવાર રાજ્યરચના પરિષદનું બીજું અધિવેશન એક આંધ્રનેતાના અધ્યક્ષપદે મળ્યું.

રાજસ્થાન, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, કર્ણાટક, કેરળ, ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, પંજાબ, હૈદરાબાદ, ગુજરાત અ[ને] પેપ્સુના લગભગ દોઢસો પ્રતિનિધિઓએ અધિવેશનમાં ભા[ગ] લીધો. ગુજરાત પ્રાંતિક કૉંગ્રેસ સમિતિના પરિપત્રના કાર[ણે] અધિવેશનમાં કૉંગ્રેસીઓની ગેરહાજરી સ્પષ્ટ તરી આવ[તી] હતી; જ્યારે સામ્યવાદીઓએ સારી સંખ્યામાં પોતા[ના] પ્રતિનિધિઓ મોકલ્યા હતા. આંધ્ર, પંજાબ, પેપ્સુ, હૈદરાબ[ાદ] અને પશ્ચિમ બંગાળના સ્વતંત્ર ધારાસભ્યો તથા સંસદ[ના] બિનકૉંગ્રેસી સભ્યોના અધિવેશનમાં હાજરી ખાસ ધ્યા[ન] ખેંચતી હતી.

સ્વરાજ્યની પ્રગતિ

અધિવેશનનું ઉદ્ઘાટન ગુજરાતના બુઝર્ગ કૉંગ્રે[સી] આગેવાન ડૉ. ચંદુલાલ દેસાઈએ કર્યું અને તેમણે તેમ[ની] લાક્ષણિક શૈલીમાં જાહેર કર્યું કે ભાષાવાર પ્રાંતરચના અં[ગે] ગુજરાત કૉંગ્રેસ પ્રાંતિક સમિતિને પરિપત્ર બહાર પાડી [...] મારવાનો કોઈ અધિકાર નથી. તેમણે તેમના ઉદ્ઘા[ટન] વ્યાખ્યાનમાં એક મુદ્દો એ રજૂ કર્યો કે જેમ સ્વરાજ[્યની] સિદ્ધિ માટે ગાંધીજીએ કૉંગ્રેસની પ્રાંતીય સંસ્થાઓને ભા[ષાવાર] સ્વરૂપ આપી આમજનતા જાગ્રત કરી તેમ સ્વરાજ[્યની] સાચી પ્રગતિ માટે તાત્કાલિક ભાષાવાર રાજ્યરચ[નાની] આવશ્યકતા છે. જો કૉંગ્રેસે પોતાના કાર્ય અંગે બ્રિ[ટિશ] અમલ દરમિયાનના પ્રાંતો સ્વીકાર્યા હોત તો તેનું [...] આગળ ચાલી શકત નહિ. આજે એવી જ મુશ્કેલ પરિસ્થિતિ "બ્રિટિશ પ્રાંતો" ચાલુ રાખવામાં ઊભી થઈ છે. [...] દેસાઈએ ભાષાવાર રાજ્યરચના થતાં આંતરવિગ્રહ થશે [એવી] ભીતિ પાયા વગરની છે એમ જણાવ્યું. આજે પ્રાં[તોના] હાથમાં બહુ સત્તા નથી અને લશ્કર તથા બીજી મહત્ત્[વની] બાબતો મધ્યસ્થ સરકારના હાથમાં છે. ડૉ. દેસા[ઈએ] જણાવ્યું કે આજે ભાષાવાર રાજ્યરચનાનો વિરોધ કર[...]

*અખિલ હિંદ ભાષાવાર રાજ્યરચના પરિષદના બીજા અધિવેશનનું વિહંગાવલોકન.

આગેવાનોને એવી બીક છે કે ભાષાવાર રાજ્યો થતાં નવી નેતાગીરી ઊભી થશે અને તેમની નેતાગીરી જોખમાશે. પણ જેટલી ભાષાવાર રાજ્યરચના પાછી ઠેલાશે તેટલી દેશમાં વિનાકારણ કડવાશ વધશે અને આંધ્ર જેવી અંધાધૂંધી ફેલાશે તો તેની જવાબદારી ભાષાવાર રાજ્યોનો વિરોધ કરતી નેતાગીરી પર આવશે. ડૉ. દેસાઈએ કહ્યું કે હિન્દનો કોઈ પ્રાંત મોગરો છે, કોઈ ગુલાબ છે, કોઈ ચંપો છે—એમ દરેક પ્રાંત જુદા જુદા ફૂલ જેવા છે. આપણે તો બધાં ફૂલોની ગુલછડી બનાવીને ભારતમાતાને ચરણે ધરવાની છે. બધાં ફૂલોનો ખીચડો કરવામાં લાભ નથી.

સીમાપંચ – આખરી નિર્ણય

વલ્લભવિદ્યાનગરના એક સ્થાપક તથા પરિષદના સ્વાગતાધ્યક્ષ શ્રી ભીખાભાઈ પટેલે ભાષાવાર રાજ્યરચનાની હિમાયત કરતું પ્રવચન કર્યું. તેમણે એક અત્યંત મહત્ત્વના પ્રશ્ન અંગે સ્પષ્ટપણે જાહેર કર્યું કે : "અગત્યમાં અગત્યની બાબત એ હોવી જોઈએ કે સીમાપંચ નિમાયા પછી અને તેણે છેવટનો નિર્ણય જાહેર કર્યા પછી સર્વ પ્રદેશોએ તે નિર્ણય વગર તકરારે માથે ચડાવવો જોઈએ અને કાયદા વિરુદ્ધ કોઈ પણ ચળવળ કરવી જોઈએ નહિ." શ્રી ભીખાભાઈએ મહાગુંજરાતની સ્થાપના માટેની શાંત અને બિનપક્ષીય ચળવળનો ઉલ્લેખ કર્યો હતો અને એ જ રીતે સમગ્ર દેશનું ભાષાવાર રાજ્યરચના આંદોલનનું સંચાલન થાય તેવી ઇચ્છા વ્યક્ત કરી હતી.

રાજ્યોની સંખ્યા ઘટશે

પરિષદની સફળતા ઇચ્છતા સંદેશાઓમાં મધ્યપ્રદેશના ગવર્નર ડૉ. પટ્ટાભી સિતારામૈયાનો સંદેશો પ્રચલિત સંદેશાઓથી જુદો પડતો હતો. તેમણે તેમના સદેશામાં ભાષાવાર રાજ્યરચના વિશે ગેરસમજૂતી ફેલાયેલી છે તે દૂર કરવા પ્રયત્ન કર્યો અને જનતાના સ્વરાજ્ય માટે ભાષાવાર રાજ્યરચના બિલકુલ અનિવાર્ય છે એમ જાહેર કર્યું.

કોંગ્રેસની ભાષાવાર નીતિને અસર કરવામાં જેણે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે તેવા નહેરુ–વલ્લભભાઈ–પટ્ટાભી અહેવાલના એક ઘડવૈયા ડૉ. પટ્ટાભીએ તેમના સંદેશામાં જણાવ્યું કે દેશમાં એક એવી ગેરસમજૂતી પ્રવર્તે છે કે ભાષાવાર રાજ્યનિર્માણ થવાથી દેશના રાજ્યોના નાના નાના ટુકડાઓ થઈ જશે અને હાલ જેટલી પ્રાંતોની સંખ્યા છે તે વધશે. આ માન્યતા સાવ પાયા વગરની છે. જો દેશમાં અને, ખાસ કરીને વિંધ્યની દક્ષિણે, ભાષાવાર રાજ્યરચના થશે તો હાલ જે પ્રાંતો છે તે કરતાં ઓછા પ્રાંતો થશે હાલના નીચેના અગિયાર પ્રાંતો, ૧. મદ્રાસ, ૨. મુંબઈ, ૩. મધ્ય પ્રદેશ, ૪. ત્રાવણકોર કોચીન, ૫. હૈદરાબાદ, ૬. કૂર્ગ, ૭. મૈસુર, સૌરાષ્ટ્ર, ૯. ભોપાળ, ૧૦. વિંધ્ય પ્રદેશ, ૧૧. કચ્છ–ના સ્થાનેસાત ભાષાવાર પ્રાંતો—૧. આંધ્ર, ૨. તામીલનાડ, ૩. કેરળ, ૪. કર્ણાટક, ૫. મહારાષ્ટ્ર, ૬. મહાગુજરાત, ૭. મહાકોશલ—અસ્તિત્વમાં આવશે. જો મુંબઈ શહેર સ્વતંત્ર રાજ્ય થાય અને મહાવિદર્ભનું રાજ્ય અસ્તિત્વમાં આવે તો પણ હાલના અગિયાર રાજ્યોના સ્થાને નવ ભાષાવાર પ્રાંતો હસ્તીમાં આવશે. એક પણ વધુ રાજ્ય અસ્તિત્વમાં નહિ આવે એ હકીકતનો પ્રચાર કરવો જોઈએ એમ ડૉ. પટ્ટાભીએ જણાવ્યું.

રાજાજીના નામનો ઉલ્લેખ કર્યા સિવાય ડૉ. પટ્ટાભીએ જણાવ્યું કે ભાષાવાર રાજ્યરચનાની માંગણી એ કોઈ વન્યજાતિ કે પછાત પ્રજાની માંગણી નથી. (રાજાજીનું એક બહુ ચર્ચાયેલું વિધાન–ભાષાવાર રાજ્ય રચનાની માંગણી એ પછાત પ્રજાની મનોવૃત્તિ સૂચવે છે–તેનો અહીં ઉલ્લેખ છે.) ડૉ. પટ્ટાભીએ જણાવ્યું કે સ્વરાજ્ય પ્રાપ્ત કરવાનો એ હેતુ હતો કે પ્રત્યેક મતદારને એમ લાગે કે આ રાજ્ય એનું છે અને આ રાજ્યના વિકાસમાં ફાળો આપી શકે છે. આ આદર્શ સિદ્ધ કરવા ત્રણ શરતો અનિવાર્ય છે (૧) પ્રત્યેક નાગરિક રાષ્ટ્રની રાજકીય ચર્ચા તથા પ્રશ્નોની વિચારણામાં ભાગ લઈ શકે તેવી વ્યવસ્થા હોવી જોઈએ. (૨) પ્રત્યેક નાગરિક અદાલતમાં પોતાની ભાષામાં પોતાનો કેઇસ રજૂ કરી શકે તેવી વ્યવસ્થા હોવી જોઈએ. (૩) પ્રત્યેક નાગરિક પોતાની માતૃભાષા કે પ્રાદેશિક ભાષામાં શાળા તથા યુનિવર્સિટીનું શિક્ષણ લઈ શકે તેવી વ્યવસ્થા હોવી જોઈએ. જ્યાં સુધી ઉપરની ત્રણ સગવડો આપણે પ્રજાને આપી ન શકીએ ત્યાં સુધી જનતાનું, જનતા દ્વારા અને જનતા માટે સ્વરાજ્ય છે એમ કહી શકાય નહિ.

પરિષદના મહામંત્રી અને સંયુક્ત મહારાષ્ટ્ર આંદોલનના એક પ્રણેતા શ્રી જોધે મહામંત્રીના વાર્ષિક અહેવાલમાં એવી સૂચના કરી કે કોઈ પ્રદેશે સીમાપંચ સમક્ષ "વિવેકહીન દાવાઓ" રજૂ ન કરવા જોઈએ. આપણે સૌ સમગ્ર હિન્દના

નાગરિકો છીએ એ ભાષાવાર રાજ્યરચનાનું આંદોલન ચલાવનારાઓએ કદી ભૂલવું ન જોઈએ એમ શ્રી જોષે જણાવ્યું.

હૈદરાબાદનું વિસર્જન

અધિવેશનના બીજી વાર વરાયેલા પ્રમુખ ડૉ. લંકાસુંદરમે ભાષાવાર રાજ્યરચનાની સમસ્યા અંગે વિદ્વત્તાપૂર્ણ પ્રવચન કર્યું. ડૉ. લંકાસુંદરમ્ આંધ્રના આદિવાસી વિસ્તારોમાંથી ચૂંટાયેલા પાર્લામેન્ટના એક અગ્રગણ્ય સ્વતંત્ર સભ્ય છે. છેલ્લાં વીસ વર્ષથી તેઓ 'કૉમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી' નામના દિલ્હીથી પ્રગટ થતા અર્થકારણના સાપ્તાહિકના તંત્રી છે. ખાસ કરીને, આંતરરાષ્ટ્રીય રાજકારણ અને અર્થશાસ્ત્રના તેઓ અભ્યાસી છે. ભાષાકીય રાજ્યરચનાની ચળવળને બિનપક્ષીય રંગ આપવામાં તેમણે મોટો ભાગ ભજવ્યો છે.

ડૉ. લંકાસુંદરમે તદ્દન અસંદિગ્ધ ભાષામાં જાહેર કર્યું કે હૈદરાબાદ રાજ્યનું વિસર્જન એ ભાષાવાર રાજ્યરચનાની એક માત્ર ચાવી છે. દક્ષિણમાં ભાષાવાર રાજ્યરચના અસ્તિત્વમાં આવે તે માટે હૈદરાબાદની ત્રણ—મરાઠી, તેલુગુ, કન્નડ—ભાષા બોલતી પ્રજાનું બળજબરીથી જોડાણ કરવામાં આવ્યું છે તે તાત્કાલિક રદ કરવું જોઈએ. હૈદરાબાદની 'કૃત્રિમ મુલ્કી સંસ્કૃતિ' વિશે બોલતાં ડૉ. લંકાસુંદરમે જણાવ્યું કે વહીવટ અને કાયદાકાનૂનની દૃષ્ટિએ "હૈદરાબાદી સંસ્કૃતિ"ની કૃત્રિમતા વર્ષોથી જાણીતી છે. અને ૧૯૪૮ના હિન્દી સરકારના પોલિસ પગલા પછી તે સાવ સ્પષ્ટ થઈ ગઈ છે. નિઝામે છેલ્લાં બસો વર્ષથી માત્ર લશ્કરના બળે હૈદરાબાદની ત્રણ ભાષા બોલતી પ્રજાને પોતાની સત્તા નીચે રાખી હતી. આથી જ હિન્દી સરકારે જ્યારે પોલિસ પગલું લીધું ત્યારે હૈદરાબાદમાં પ્રજામત લેવાનું વચન આપ્યું હતું. આજે એ વચન વીસરાઈ ગયું છે કેમ કે હિન્દી સરકાર જાણે છે કે હૈદરાબાદની પ્રજા સર્વાનુમતે હૈદરાબાદના વિસર્જનને ટેકો આપશે. હૈદરાબાદની કૉંગ્રેસ સમિતિએ પણ એ માંગણી કરી છે. આથી હિન્દી સરકારે હૈદરાબાદને "વકીલની દૃષ્ટિએ" ન જોતાં, તેનું તાત્કાલિક વિસર્જન કરવું જોઈએ. આજે સંયુક્ત રાષ્ટ્રસંઘ કે પાકિસ્તાન, હિંદ હૈદરાબાદનો પ્રશ્ન કોઈ પણ રીતે હલ કરે તે સામે, કોઈ વાંધો ઉઠાવી શકે તેમ નથી.

ડૉ. લંકાસુંદરમે જણાવ્યું કે આજે ભાષાવાર રાજ્યરચના યોગ્ય છે કે કેમ તેની ચર્ચા કરવાનો તબક્કો ક્યારનો પસાર થઈ ગયો છે. આથી આપણા દેશની "એક મોટામાં મોટી કરુણા" છે કે કૉંગ્રેસપક્ષ જેણે ૧૯૨૧થી છેલ્લી ચૂંટણી સુધી ભાષાવાર રાજ્યરચનાનાં બિલકુલ સ્પષ્ટ વચનો આપ્યાં હતાં તે વચનો અમલમાં મૂકવા હવે આનાકાની કરે છે.

બે બુનિયાદી હકીકતો

હિન્દની અત્યારની રાજ્યરચના અંગે ડૉ. લંકાસુંદરમે બે બુનિયાદી હકીકતો રજૂ કરી: (૧) સમગ્ર ઉત્તર હિન્દુસ્તાનનાં રાજ્યોની મુખ્યત્વે ભાષાના ધોરણે વર્ગીકૃત રચના થઈ છે, (૨) જ્યારે સમગ્ર દક્ષિણ હિન્દનાં રાજ્યો અસંતોષથી ધૂંધવાઈ રહ્યાં છે અને ઉત્તરની જેમ ભાષાકીય રાજ્યરચના કરવા આંદોલન કરી રહ્યાં છે. જ્યાં સુધી આપણે આ બે હકીકતોને બાજુમાં મૂકી એકી સાથે ભાષાવાર રાજ્યરચનાના પ્રશ્નનો વિચાર નહિ કરીએ ત્યાં સુધી તેનો સાચો ઉકેલ શોધી શકવાના નથી. જો ભાષાવાર રાજ્યરચના થશે તો દક્ષિણની પ્રજા હિન્દીને રાષ્ટ્રભાષા તરીકે નહિ સ્વીકારે એ દલીલને ડૉ. લંકાસુંદરમે "બાલિશ" દલીલ કહી અને જણાવ્યું કે હિન્દીને દક્ષિણની પ્રજાએ દિલપૂર્વક રાષ્ટ્રભાષા તરીકે સ્વીકારી છે.

ડૉ. લંકાસુંદરમે કહ્યું કે દેશની છત્રીસ કરોડની વસ્તીમાંથી વીસ કરોડ આજે ભાષાવાર રાજ્યરચનાની જરૂરિયાત વિશે માંગણી કરી રહ્યા છે. તે આજે આંધ્ર જેવી જ કર્ણાટકમાં અને પંજાબમાં સ્થિતિ પ્રવર્તે છે. ભાષાવાર રાજ્યરચનાના આંદોલને સરકારને બેબાકળી જેવી બનાવી દીધી છે. સરકાર બેબાકળી બની છે તેનું કારણ એ છે કે તેની પાસે ભાષાવાર રાજ્યરચનાનો કોઈ વ્યવસ્થિત કાર્યક્રમ કે યોજના નથી. "પડશે તેવા દેવાશે"ની સરકારી નીતિથી દેશને ખૂબ નુકસાન થશે.

સરકારે સીમાપંચ નીમવાની જાહેરાત કરી તેને આવકાર આપતાં ડૉ. લંકાસુંદરમે જણાવ્યું કે સીમાપંચની કાર્યમર્યાદા વિષે સરકારી તથા કૉંગ્રેસી આગેવાનોએ જુદા જુદા અભિપ્રાયો વ્યક્ત કર્યા છે. કૉંગ્રેસના મહામંત્રી શ્રી બળવંતરાય મહેતા કહે છે કે સીમાપંચ ભાષાકીય રાજ્યરચના યોગ્ય છે કે કેમ તેનો નિર્ણય કરશે, જ્યારે મધ્ય

ગૃહપ્રધાન ડૉ. કાત્જુ કહે છે કે આંધ્રનું જુદું રાજ્ય સ્વીકાર્યા પછી ભાષાકીય રાજ્યરચનાની યોગ્યાયોગ્યતાની ચર્ચા કરવામાં નહિ આવે, સીમાપંચ ભાષાકીય રાજ્યોની સીમા નક્કી કરવાનું કાર્ય કરશે. ડૉ. લંકાસુંદરમે તાત્કાલિક સીમાપંચની નિમણૂક કરવાની માંગણી કરી કહ્યું કે જેમ બને તેમ જલદી અને વ્યવસ્થિત રીતે ભાષાકીય રાજ્યોની સ્થાપના કરવી જોઈ એ.

કાયમી સર્વોચ્ચ અદાલત

વિવાદાસ્પદ વિસ્તારો વિષે ચર્ચા કરતાં ડૉ. લંકાસુંદરમે કહ્યું કે એક વાર સીમાપંચનો "સારો, નરસો કે તટસ્થ" ચુકાદો આવ્યો, પછી કોઈને તે વિસ્તારો વિષે ચર્ચા કે આંદોલન કરવાનો હક્ક ન હોવો જોઈએ. જો વિવાદાસ્પદ વિસ્તારોને રાજકારણના અઠ્ઠાઓમાંથી ઉઠાવી ન્યાયગૃહોના શાંત વાતાવરણમાં નહિ લઈ જવામાં આવે તો દેશની શાંતિ જોખમાશે. આ વિષે તેમણે એક એવું સૂચન કર્યું કે ભાષાકીય રાજ્યરચનાના પ્રશ્નો અને વિવાદાસ્પદ મુદ્દાઓનું નિરાકરણ કરવા રાષ્ટ્રની સર્વોચ્ચ અદાલતના એક ભાગ તરીકે એક કાયમી અદાલતની સ્થાપના કરવી જોઈએ. ભાષાકીય રાજ્યરચના શાંતિ અને વ્યવસ્થાથી થાય તે માટે આવી એક સર્વોચ્ચ કાયમી અદાલતની ખાસ જરૂર છે.

ડૉ. લંકાસુંદરમના મત પ્રમાણે વિંધ્યની દક્ષિણે આવેલાં રાજ્યોનાં પાંચછ શક્તિશાળી અને સત્તાધારી રાજકારણી આગેવાનોને કારણે ભાષાવાર રાજ્યરચના અંગેની કૉંગ્રેસી-નીતિ અસ્થિર અને વિરોધાભાસી રહે છે. તેમનું એવું મક્કમ મંતવ્ય હતું કે ભાષાકીય રાજ્યરચના થયા બાદ રાષ્ટ્રના રાજકરણની શુદ્ધિ થશે અને સત્તાલક્ષી રાજકારણ-(Positional Politics)નો અંત આવશે. તેમણે કહ્યું કે દેશમાં અંધાધૂંધી ફેલાય તે પહેલાં પંડિત નહેરુએ ભાષાવાર રાજ્યરચનાનો પ્રશ્ન શાંતિ અને વ્યવસ્થાપૂર્વક પતાવી દેવો જોઈએ. સરદાર પટેલે રાષ્ટ્રમાં એકીકરણનું જે કાર્ય શરૂ કર્યું તે, હવે ત્વરિત ભાષાવાર રાજ્યરચના કરી, પંડિત નહેરુએ પૂરું કરવું જોઈએ.

માત્ર ભાષાના ધોરણે રાજ્યરચના ?

બે દિવસના અધિવેશનના પહેલા દિવસની લગભગ આખી રાત પ્રતિનિધિઓએ બે મુદ્દા પર એકમત થવા ભાષાનો ખૂબ ઉપયોગ કર્યો. રાતના વિષયવિચારણી સમિતિની બેઠકમાં એક મુદ્દો એ ઊભો થયો કે માત્ર ભાષાના ધોરણે રાજ્યોની રચના કરવી કે રાજ્યોની પુનર્રચના કરતાં ભાષા-ઉપરાંત ભૌગોલિક, વહીવટી, આર્થિક વગેરે પ્રશ્નોને પણ લક્ષમાં લેવા ? કર્ણાટકના સ્વામી આનંદ તથા હૈદરાબાદના કન્નડ વિસ્તારમાંથી ચૂંટાયેલા પાર્લામેન્ટના સ્વતંત્ર સભ્ય શ્રી શિવમૂર્તિસ્વામી એવા મતના હતા કે માત્ર ભાષાના ધોરણે રાજ્યોની રચના કરવી. આના વિરોધની આગેવાની ગુજરાતે લીધી. ગુજરાતના પ્રતિનિધિઓએ માત્ર ભાષાના ધોરણે રાજ્યરચના કરવાની માંગણીનાં ભયસ્થાનો બતાવ્યાં અને તેમાંથી પાકિસ્તાનની માંગણી વખતે થયેલાં ઝનૂની હુલ્લડો થવાની શક્યતા છે એમ જણાવ્યું. કર્ણાટકના પ્રતિનિધિઓને બહુ ટેકો ન મળ્યો. છેવટે એમ નક્કી થયું કે ભાષા, ભૌગોલિક સમીપતા-સાતત્ય (Territorial contiguity), અને સહિયારા આર્થિકજીવન (common economic life)ના મુદ્દાઓને લક્ષમાં લઈને રાજ્યોની સરહદોનું પુનર્નિર્માણ કરવું.

સીમાપંચ

બીજો મુદ્દો સીમાપંચ વિષે હતો. સીમાપંચ નિમાય પછી સરકારે કેટલા સમય બાદ ભાષાવાર રાજ્યરચના કરવાની શરૂઆત કરવી ? એક મત એવો હતો કે સમય મર્યાદા ન બાંધવી, બીજો મત એવો હતો કે સરકાર સીમાપંચની નિમણૂક થાય તે તારીખથી બરાબર એક વર્ષ બાદ ભાષાવાર રાજ્યરચના કરવાની શરૂઆત કરે; જ્યારે ત્રીજો મત એવો હતો કે સીમાપંચની નિમણૂક બાદ છ મહિનામાં સરકારે રાજ્યોની પુનર્રચના શરૂ કરી દેવી. અહીં એ જણાવવું જરૂરી છે કે સરકારે સીમાપંચની તાત્કાલિક નિમણૂક કરવી જોઈએ એ વિશે સહુ એકમત હતા. ચર્ચાવિચારણા બાદ એમ નક્કી થયું કે સીમાપંચની નિમણૂક પછી બરાબર છ મહિના બાદ સરકારે ભાષાવાર રાજ્યરચના કરવાની શરૂઆત કરવી જોઈએ.

પંજાબી રાજ્યનો પ્રશ્ન

પરિષદની સમિતિઓ કે બેઠકોની બહાર પંજાબી રાજ્યના પુરસ્કર્તાઓ વચ્ચેના મતભેદો ઓછા કરવા અને પંજાબી ભાષાનું એક રાજ્ય થાય તે માટે પંડિત નહેરુના નિવાસસ્થાન સામે અનશન સત્યાગ્રહ કરવાનો નિર્ણય જાહેર કરી ચૂકેલા રિયાસતી અકાલી દલના આગેવાન સરદાર સંપૂર્ણસિંગ

રામા તથા તેમના અનુયાયીઓને સત્યાગ્રહ મોકૂફ રાખવા ડૉ. લંકાસુંદરમ્ સમજાવી રહ્યા હતા. પંજાબી ભાષા બોલતી પ્રજાનું એક રાજ્ય થાય તો ભાગલાથી બેહાલ થઈ ગયેલી પંજાબી પ્રજાને રાહત મળશે એમ અકાલી દલના આગેવાન માસ્તર તારાસિંગ અને તેમના વિરોધી પક્ષ રિયાસતી અકાલી દલના આગેવાન સરદાર સંપૂર્ણસિંગ રામાનું માનવું છે. પૂર્વ પંજાબના મધ્યમાં ટાપુની જેમ પેપ્સુ છે. પેપ્સુ પતિયાળા અને બીજા શીખ દેશી રજવાડાનું એકમ છે. હિમાચલ પ્રદેશમાં પણ પંજાબી વિભાગો છે. એટલે પૂર્વપંજાબ, પેપ્સુ અને હિમાચલ પ્રદેશના ઘણાખરા ભાગનું એક પંજાબી રાજ્ય બનાવવાની માંગણી પેપ્સુમાં ઉગ્ર સ્વરૂપ પકડતી જાય છે. આવતા નવેમ્બરની ૧લીથી રિયાસતી અકાલી દલના આગેવાન સરદાર સંપૂર્ણસિંગ રામા તથા તેમના સાઠ અનુયાયી શ્રી નહેરુના નિવાસસ્થાન સામે સમૂહ-અનશન કરશે. સરદાર સંપૂર્ણસિંગ રામા પરિષદમાં આવ્યા એટલે ડૉ. લંકાસુંદરમને આશા હતી કે તેમને અનશન ન કરવા સમજાવી શકાશે પણ સરદાર રામા અચળ રહ્યા. માસ્તર તારાસિંગના સાથી, પતિયાળાની હાઈકોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ અને પાર્લામેન્ટના સભ્ય સરદાર હુકુમસિંગે કહ્યું કે રિયાસતી અકાલી દલ સાથે તેમને મતભેદ નથી પણ સરદાર રામાએ માસ્તર તારાસિંગ સાથેના પોતાના ત્રણ મુખ્ય મતભેદો જણાવ્યા: (૧) માસ્તર તારાસિંગ માત્ર શીખોનું રાજ્ય માગે છે જ્યારે રિયાસતી અકાલી દલ પંજાબી ભાષા બોલતી પ્રજાનું માંગે છે. પંજાબી ભાષા બોલતી પ્રજાના રાજ્યમાં શીખો લઘુમતિમાં હશે. (૨) માસ્તર તારાસિંગ બિશ્વેદાર(જમીનદાર)ના મિત્ર છે, રિયાસતી અકાલી દલ જમીનદારીનો સક્રિય વિરોધ કરે છે. (૩) માસ્તર તારાસિંગ પેપ્સુના રાજપ્રમુખને કોઈ પણ રીતે ટકાવી રાખવા માગે છે; રિયાસતી અકાલી દલ રાજપ્રમુખની સંસ્થાને લોકશાહી હિન્દની શરમ સમજે છે.

સરદાર હુકુમસિંગે માસ્તર તારાસિંગ શીખિસ્તાન નથી માંગતા પણ પંજાબી ભાષા બોલનારનું જુદું રાજ્ય માગે છે એમ દસ્તાવેજો ટાંકી સાબિત કર્યું. પણ એટલી વાત તો ચોક્કસ છે કે સરદાર રામા શ્રમજીવીઓના આગેવાન છે જ્યારે માસ્તર તારાસિંગ તથા સરદાર હુકુમસિંગના પગ બિશ્વેદારી હિતોમાં ખૂંચેલા છે. એ કહેવું જરૂરી છે કે આ બંને પક્ષો વચ્ચે કામચલાઉ સમાધાન થવાની શક્યતા નથી. એક વાત ચોક્કસ છે કે પંજાબી રાજ્યની સ્થાપના માટે સરદાર રામા તથા તેમના અનુયાયીઓ છેલ્લી હદ સુધી જશે કેમ કે તેમને લાગે છે કે પેપ્સુને પૂર્વ પંજાબ અને હિમાચલ પ્રદેશનું એક એકમ કરવાથી રાજપ્રમુખની સંસ્થા આપોઆપ અદૃશ્ય થશે અને જમીનદારીના પ્રશ્નનો ઉકેલ સરળ થશે.

સીમાપંચનો અહેવાલ

વિષયવિચારણી સમિતિની લગભગ આખી રાતની ચર્ચાવિચારણાને કારણે બીજા દિવસની ખુલ્લી બેઠકનું કામ બહુ ઓછી ચર્ચાથી પત્યું. શ્રી પોટ્ટી, શ્રી રામુલુ તથા ડૉ. શ્યામાપ્રસાદ મુકરજીના અવસાન અંગે શોક પ્રદર્શિત કરતા ઠરાવ બાદ, વલ્લભવિદ્યાનગરના સ્થાપક શ્રી ભાઈલાલભાઈ પટેલે સીમાપંચ વિશેનો મુખ્ય ઠરાવ રજૂ કર્યો.

સીમાપંચ વિશેના મુખ્ય ઠરાવે જણાવ્યું કે હિન્દનાં રાજ્યોની ભાષાવાર ધોરણે પુનર્રચના કરવાના સિદ્ધાંતના સ્વીકારનો પ્રશ્ન પતી ગયો છે, અને હવે તેને માટે તપાસ કે ચર્ચાને સ્થાન નથી. પ્રશ્ન એક જ છે કે હવે સમય ગુમાવ્યા સિવાય ભાષાવાર રાજ્યરચના શરૂ કરવી. આ વિશે કોંગ્રેસ પ્રમુખ અને વડા પ્રધાન શ્રી નેહરુનાં વિરોધાભાસી નિવેદનોની ટીકા કરી, ઠરાવે માગણી કરી કે સરકારે સીમાપંચની તાત્કાલિક નિમણૂક કરવી જોઈએ અને આ સીમાપંચનો અહેવાલ નિમણૂક બાદ છ માસમાં તૈયાર થઈ જવો જોઈએ. સીમાપંચના અહેવાલ પરથી સરકારે ભૌગોલિક સાતત્ય અને સહિયારા આર્થિકજીવનને લક્ષમાં રાખી ભાષાવાર ધોરણે રાજ્યોની પુનર્રચના કરવી.

ફ્રેંચ અને પોર્ટુગીઝ સંસ્થાનો

પરિષદે અખિલ હિન્દ ભાષાવાર રાજ્યરચના પરિષદની સામાન્ય નીતિ નક્કી કરતો ઠરાવ પસાર કર્યો. આ ઠરાવમાં સૌથી ધ્યાન ખેંચે તેવી હકીકત એ હતી કે સરકારે અનાવશ્યક સ્પર્ધા અને વહીવટી પ્રતિકૂળતાને વચમાં લાવી ભાષાવાર રાજ્યરચનાના કાર્યમાં અવરોધ ઊભા ન કરવા. ભાષાવાર રાજ્યો સમાન ભાષા, ભૌગોલિક સાતત્ય અને સહિયારા આર્થિક જીવનના મુદ્દાઓને લક્ષમાં રાખી નિર્માણ કરવાં જોઈએ. પરિષદે જુદી જુદી ભાષાનાં રાજ્યોની સ્થાપના થાય તે પ્રયત્ન કરતાં જૂથો વચ્ચે કડવાશ ન ઊભી થાય તે

કાર્ય કરવા અપીલ કરી. પરિષદની સામાન્ય નીતિમાં જાહેર કરવામાં આવ્યું કે ફ્રેંચ અને પોર્ટુગીઝ સંસ્થાનોની હસ્તી સ્વતંત્ર હિંદમાં હવે પળભર પણ નભવી ન જોઈએ. ફ્રેંચ અને પોર્ટુગીઝ સંસ્થાનોનું વિસર્જન કરી, તે પ્રદેશોની ભાષા બોલતાં ભાષાકીય રાજ્યો સાથે તેમને જોડી દેવાં જોઈએ, એમ પરિષદે માંગણી કરી.

પરિષદે હૈદરાબાદનું તાત્કાલિક વિસર્જન કરવાના તથા પંજાબી ભાષા બોલતી પ્રજાનું એક રાજ્ય સ્થાપવાના ઠરાવો સર્વાનુમતે પસાર કર્યા. પશ્ચિમ બંગાળના પ્રતિનિધિ મંડળના આગેવાન તથા પશ્ચિમ બંગાળના ધારાસભ્ય શ્રી જ્યોતિ જોરદારનો બિહારમાં આવેલા બંગાળી માનભૂમ અને સિંહભૂમ જિલ્લાઓ પશ્ચિમ બંગાળમાં સંમિલિત કરવાનો ઠરાવ સર્વાનુમતે પસાર થયો. શ્રીમતી સુધા રોયે પશ્ચિમ બંગાળની અસરકારક રીતે વકીલાત કરી.

સંયુક્ત ગઢવાલ

ઉત્તર પ્રદેશની પહાડી પ્રજાના આગેવાન શ્રી જગન્નાથ શર્મા પરિષદને 'સંયુક્ત ગઢવાલ'નું સ્વતંત્ર રાજ્ય માંગવાનો ઠરાવ પસાર કરવા ન સમજાવી શક્યા. ઉત્તર પ્રદેશના શ્રીનગર ગઢવાલ, ટેહરી ગઢવાલ અને દહેરાદૂન ગઢવાલ તથા હિમાચળ પ્રદેશના ગઢવાલી પ્રદેશોને એકત્ર કરી 'સંયુક્ત ગઢવાલ'ના નવા રાજ્યનું નિર્માણ કરવું એવી શ્રી શર્માની માંગણી હતી. શ્રી શર્માએ કહ્યું કે ગઢવાલી હિન્દીથી જુદી નિજના આગવા વ્યક્તિત્વવાળી સ્વતંત્ર ભાષા છે. ગઢવાલી પ્રજા પહાડી છે પણ સંસ્કારી છે. ઉત્તર પ્રદેશ જેવા મોટા રાજ્યમાં ગઢવાલી પ્રજાનો તથા તેનાં ભાષા અને સંસ્કારનો વિકાસ રૂંધાય છે. વાહનવ્યવહાર, કેળવણી વગેરેમાં ગઢવાલી પ્રજા પછાત રહી છે. પરિષદે ગઢવાલી પ્રજાની માંગણી પ્રત્યે હિન્દી તથા ઉત્તર પ્રદેશની સરકારોનું ધ્યાન દોરી, 'સંયુક્ત ગઢવાલ'નું જુદું રાજ્ય સ્થાપવા માટે શાં કારણો છે તેને વ્યવસ્થિત રૂપે એકઠાં કરવા એક સમિતિની નિમણૂક કરી.

આદિવાસી પ્રજાઓ

'સંયુક્ત ગઢવાલ'ના પ્રતિનિધિએ જે પ્રશ્ન ઉત્તર પ્રદેશ માટે રજૂ કર્યો તેવો પ્રશ્ન મુંબઈ રાજ્યના આદિવાસીઓના પ્રતિનિધિએ રજૂ કર્યો. તેમણે એવી માગણી કરી કે પછાત આદિવાસીઓનું ગુજરાતીઓ અને મહારાષ્ટ્રીઓ અનેક રીતે વર્ષોથી શોષણ કરતા આવ્યા છે. આથી ભાષાના ધોરણે નહિ પણ જુદી જાતિ(Race)ના ધોરણે આદિવાસીઓનું સ્વતંત્ર રાજ્ય હોવું જોઈએ. જુદા રાજ્ય સિવાય આદિવાસીઓને તેમનો ઉદ્ધાર દેખાતો નથી. આથી આદિવાસીના પ્રતિનિધિએ એવી માગણી કરી કે નાસિક જિલ્લાનો પશ્ચિમ ખાનદેશ, ડાંગ પ્રદેશ અને સુરત, ભરૂચ, પંચમહાલ, બનાસકાંઠા, આબુ, ઉમરગાંવ અને થાણા જિલ્લાના આદિવાસી પ્રદેશોને એકત્ર કરી એક આદિવાસી પ્રાંત બનાવવો.

ડૉ. લંકાસુંદરમે (જેમને આંધ્રના આદિવાસીઓએ પાર્લામેન્ટમાં મોકલ્યા છે) કહ્યું કે આદિવાસીઓ જુદું રાજ્ય માગે તે તેમના હિતમાં નથી. થોડી ચર્ચા બાદ આદિવાસી પ્રતિનિધિએ તેમનો ઠરાવ પાછો ખેંચી લીધો અને પરિષદે આદિવાસી પ્રજાઓ અંગે ઠરાવ પસાર કર્યો. આદિવાસી પ્રજાઓના ઠરાવમાં પરિષદે માંગણી કરી કે સરકારે આદિવાસી પ્રજાઓના સામાજિક, સાંસ્કારિક, આર્થિક અને રાજકીય વિકાસ માટે ખાસ લક્ષ રાખવું જોઈએ. પરિષદે એવી સૂચના કરી કે ભાષાવાર રાજ્યનિર્માણ વેળાએ આદિવાસી પ્રજાઓના પ્રદેશોનું વિભાજન ન કરવું પણ સમગ્ર પ્રદેશ કોઈ પણ ભાષાવાર રાજ્યમાં જાય તેવી જોગવાઈ કરવી.

પરિષદે 'જનતાને અપીલ'ના ઠરાવમાં પ્રજાને હિન્દનાં રાજ્યોની તાત્કાલિક ભાષાવાર પુનર્રચના થાય તે માટે આંદોલન શરૂ કરવાની અપીલ કરી. પણ આવા આંદોલન સમયે પડોશી ભાષાકીય પ્રદેશો વચ્ચે શાંતિ અને મૈત્રીનું વાતાવરણ જળવાવું જોઈએ અને વિવાદાસ્પદ તથા સરહદી પ્રશ્નો સમજૂતી અને સહકારથી પતે તે માટે પૂરતા પ્રયત્ન કરવા જોઈએ એવી એ ઠરાવે પ્રજાને વિનંતિ કરી.

ફલશ્રુતિ

આ પરિષદની કાર્યવાહીની વિશિષ્ટતા એ હતી કે કોઈ મુદ્દા પર મતભેદ ઊભો થાય તો તેની તડજોડ કરવા પ્રયત્ન થાય અને તડજોડ ન થઈ શકે તો એ મુદ્દો પડતો મૂકવામાં આવે. જે સર્વાનુમતે પસાર થઈ શકે તે જ પરિષદમાં ઠરાવ રૂપે આવે.

પરિષદની બે દિવસની કાર્યવાહીએ અખિલ હિંદ ભાષાકીય રાજ્યરચનાના આંદોલનને એક ચોક્કસ દિશા આપી છે.

પરિષદે સૌથી મહત્ત્વનું કાર્ય એ કર્યું છે કે માત્ર ભાષાના ધોરણે રાજ્યરચના કરવાના સિદ્ધાંતને ફગાવી દઈ, તેણે ભાષા, ભૌગોલિક સાતત્ય અને સહિયારા આર્થિક જીવનના સિદ્ધાંતો પર ભાષાકીય રાજ્યરચના કરવાની હિમાયત કરી છે. પરિષદે સીમાપંચની કાર્યમર્યાદા શું છે તે નક્કી કરી, તેની નિમણૂક બાદ છ મહિને ભાષાકીય રાજ્યરચના શરૂ કરી દેવાની ચોક્કસ માગણી કરી છે. વિવાદાસ્પદ અને સરહદોના પ્રશ્નો અંગે પરિષદે સાવ સ્પષ્ટ ભાષામાં દોરવણી આપી છે કે સીમાપંચ કે તટસ્થ પંચનો ચુકાદો આવી ગયા બાદ કોઈને તે પ્રશ્ન વિશે ચળવળ કે આંદોલન ચલાવવાનો હક્ક નથી; તટસ્થ પંચનો ચુકાદો અંતિમ અને સર્વમાન્ય હોવો જોઈએ.

અમદાવાદ : ઑક્ટોબર ૨૬, '૫૩

પત્રમ્ પુષ્પમ્

'સંસ્કૃતિ'ના તંત્રી મહાશય,

૧૯૫૨ના જાન્યુઆરીના સંસ્કૃતિના અંકમાં પ્રા. શ્રી મનસુખલાલ ઝવેરીએ 'વસન્તોત્સવ' સંબંધે થોડી અર્થચર્ચા કર્યાથી ન્હાનાલાલને ન સમજનારા આધુનિક વાચકોમાં કેટલીક ગેરસમજુતી થવા પામી હતી એ દૂર થવા પામી છે, અને ન્હાનાલાલની પ્રેમ-દામ્પત્યપ્રેમની પવિત્ર ભાવનાને અપાયેલો અન્યાય પણ દૂર થયો છે. પરંતુ તે જ લેખમાં 'બાબુ' વિષે અટકળ કરવામાં આવી છે તે સંબંધેનું મારું માનવું આપના માસિક દ્વારા વાચકસમુદાય આગળ રજુ કરવાની તક લઉં છું.

વસન્તોત્સવ લખાયું, પ્રગટ થયું અને જુદું પુસ્તકરૂપે છપાયું તે જમાનામાં વિધવાનાં પુનર્લગ્ન બહુ થોડાં થતાં હતાં, અને તેવા લગ્નમાં બંગાળાની બ્રહ્મોસમાજ તથા અમદાવાદની પ્રાર્થનાસમાજ ઠીક ઠીક મદદ કરતી હતી. તેથી તેવાં લગ્ન બ્રહ્મોસમાજના કોઈ સભ્ય અમદાવાદ તરફ આવે ત્યારે ઘણે ભાગે કરવામાં આવતાં હતાં. અને તેથી તેવાં લગ્ન માટે બાબુ એટલે બંગાળી બાબુ આવવાની રાહ જોવાતી હતી. આ વાતાવરણની અસરને લીધે જ ન્હાનાલાલે બાબુ આવશે એમ લખવામાં બંગાળી બાબુ મહાશય લગ્ન કરાવનાર આવશે એમ જ માન્યું હશે. વિશેષમાં અંગત સ્મૃતિ પર આધાર રાખીને પણ કહી શકું છું કે સ્વ. શ્રી રણજીતરામ વાવાભાઈ સાથેની વાતચીતથી પણ આ પ્રયોગનું જાણવામાં આવ્યું હતું. એટલે શ્રી મનસુખલાલ બાબુકાકા, બાબુમામા કે બાબુસાહેબ અટકળ કરે છે તે કઈ રીતે સ્વીકાર્ય છે — ખરો અર્થ તો લગ્ન કરાવનાર બંગાળી ગૃહસ્થ આવશે એવો જ લેવાનો છે એ મારી સમજ વાચકો પાસે રજૂ કરું છું.

વિલસુ વિધવા જ હતી એ પણ શ્રી મનસુખલાલે બરાબર જ બતાવ્યું છે. સ્વ. શ્રી ન્હાનાલાલ સાથે મારે અંગત પરિચય સારો અને લાંબા વખતનો હતો, તો પણ એ વિષે કોઈ વાર સીધી વાતચીત થયેલી મને યાદ નથી. છતાં શ્રી રણજીતરામની સાથે તો ચર્ચા થયેલી હતી અને તેઓ પણ વિલસુ વિધવા જ હતી એમ માનતા એવું મને ચોક્કસ યાદ છે.

ખાર – મુંબઈ
તા. ૭–૧૦–'૫૩

લ. હિ. ગ. અંજારિયાના
જયહિન્દ

પારડીના કિસાનોને ન્યાય મળવો જોઈએ—એક વિજ્ઞપ્તિ

આચાર્ય કૃપાલાની   અનુ. ન.

"કોઈકે મને મારા પારડીના ભાષણ વિશેના તમારા નિવેદનની કાપલી મોકલી આપી છે. તમને મારા વિદ્યાર્થી તરીકે વર્ણવવામાં મેં કરેલી દુઃખદ ભૂલ માટે હું અત્યંત દિલગીર છું. તમને મારા કરતાં વધારે લાયક શિક્ષકો મળ્યા હતા એ જાણીને મને આનંદ થાય છે. હું ખુશીથી સ્વીકારું છું કે અનેક પ્રાંતોમાં વેરાયલા પડેલા મારા અનેક વિદ્યાર્થીઓમાંથી કેટલાક ચારિત્ર્ય, વિદ્યા અને દુન્યવી ડહાપણમાં મારા કરતાં આગળ વધી ગયા હશે. હું જાણું છું કે તેઓમાંના કેટલાક આજે પ્રધાનપદો ભોગવે છે. ગાંધી આશ્રમમાંના મારા મંત્રી યુક્ત પ્રદેશમાં પ્રધાન છે; તેઓ હજી મંત્રી તરીકે ચાલુ છે, જો કે નિયામક તરીકે એમની નિમણૂંક મારે હાથ છે. આ બધા જૂના વિદ્યાર્થીઓ સાથે રાજકીય મતભેદો છતાં હું મીઠો બલ્કે હેતભર્યો સંબંધ સાચવી રહ્યો છું.

"તમારા વિદ્યાર્થીજીવન અંગે મેં કરેલી ભૂલને મારા કે તમારા રાજકીય વિચારો સાથે કશી લેવાદેવા નથી. તમે તમારા વિચાર ધરાવવાને મુખત્યાર છો, તેમ હું તેની ટીકા કરવાને મુખત્યાર છું—એમ હું આશા રાખું છું કે તમે કબૂલ કરશો. ભૂતકાળમાં તમે મારી ટીકા કરી છે. મેં કદી જવાબ આપ્યો નથી. આ વખતે જો મેં કંઈ કહ્યું હોય તો તેનું કારણ એ છે કે તમે બાપુની સત્યાગ્રહની કલ્પનાને નામે મારી ટીકા કરી છે. કેવળ ન્યાયને ખાતર લડાતી અહિંસક લડતને વખોડી કાઢવામાં તેમનું નામ વપરાયું છે. વિનોબા સુધ્ધાં પારડી સત્યાગ્રહને ભૂદાન વિરોધી ગણતા નથી એ તરફ તમારું ધ્યાન દોરું ?

"વળી હું એ પણ કહું કે બાપુ સિવાય હિંદના જાણીતા રાજદ્વારી પુરુષોમાં કોઈ સત્યાગ્રહી નહોતો. ૧૯૩૪માં જ્યારે તેમને એક આશ્રમવાસીના જેલમાંના વર્તનની જાણ થઈ ત્યારે તેમણે પટણા ખાતે આ જાહેર કર્યું હતું અને તરત જ ચળવળ મોકૂફ કરી દીધી હતી. પણ બાપુ સુધ્ધાં ભૂલ કરતા હતા, અને રાજકોટ સત્યાગ્રહની બાબતમાં તેમણે એ કબૂલ કર્યું હતું. ૧૯૪૦માં જ્યારે તેમણે વ્યક્તિગત સત્યાગ્રહ માટે સાચા સત્યાગ્રહીની શોધ માંડી ત્યારે તેમને માત્ર વિનોબા ભાવે એકલા જ લાયક લાગ્યા. તેમ છતાં તેમણે આપણને બધાને તેમની સત્યાગ્રહની લડતોમાં ભાગ લેવા દીધો હતો.

"સાચો સત્યાગ્રહી માત્ર અહિંસક જ નથી હોતો, તે તેના દુશ્મનો ઉપર પણ પ્રેમ રાખતો હોય છે. બીજાઓને વિશે તો હું કંઈ જાણતો નથી. પણ મારે વિશે તો બાપુના મનમાં કશી ભ્રાંતિ નહોતી. મેં એમને એ જાતની તક જ આપી નહોતી. મેં છેક ચંપારણમાં સુધ્ધાં તેમને ચોખ્ખું કહ્યું હતું કે મને અંગ્રેજો ઉપર પ્રેમ નથી, પણ સ્વાતંત્ર્યની લડતમાં અહિંસક રહેવાને હું તૈયાર છું. તેમને આટલાથી સંતોષ હતો. તેમણે જે શરતો કદી લાદી નહોતી તે લાદવાનો આપણને કોઈને અધિકાર નથી.

"કોંગ્રેસીઓએ પણ સ્વીકાર્યું છે કે આદિવાસી કિસાનોની માગણી ન્યાયની છે. તેઓ અહિંસક છે, એ તો અત્યાર સુધીમાં સ્પષ્ટ થઈ ગયું મનાવું જોઈએ. તેઓ અથવા તેમના પ્રતિનિધિઓ સત્તાવાળાઓને છેલ્લા પંદર મહિનાથી મળતા રહ્યા છે, એ હકીકત છે—જેની સહેલાઈથી ખાતરી કરી શકાય એમ છે. વળી એ વાત પણ સાચી છે કે જમીનદારો આગળ ભૂદાનની વાત પણ પહોંચાડવામાં આવી હતી. સાચો સત્યાગ્રહ કેવો હોય તે હું જાણું છું. પણ હું એ પણ જાણું છું કે બાપુને આ દોષપૂર્ણ જગતમાં કેટલાથી સંતોષ થતો હતો. એમ ન હોત તો ભારે ગૌરવભર્યો બનાવ ગણાયેલા બારડોલી સત્યાગ્રહને માન્ય રાખવાની તેમણે સાફ ના પાડી હોત. બારડોલી સત્યાગ્રહ પારડી સત્યાગ્રહ કરતાં વધુ અહિંસક નહોતો.

"આમ છતાં મિત્રો વ્યક્તિઓને અને પક્ષોને ભૂલી જાય એમ હું ઇચ્છું. આપણે ભેગા મળીને એટલું ન જોઈ શકીએ કે ગરીબ આદિવાસીઓને અન્યાય ન વેઠવો પડે ? સરકારે

હવે દંડની સજા કરવા માંડી છે. દંડના બદલામાં જેલની સજા કરવામાં આવતી નથી. મને કહેવામાં આવ્યું છે કે એક જ દિવસમાં રૂા. ૫,૦૦૦)નો દંડ કરવામાં આવ્યો હતો. આપણા જમાનામાં આવા દંડનો આપણને અનુભવ હતો. ગરીબ ખેડૂતોને પોતાના બળદ, ઓજાર, વાસણો, વગેરે સુધ્ધાં સર્વસ્વ ખોવું પડતું હતું. એટલે હું કોંગ્રેસમાંના અને એક વાર જેમણે બાપુ સાથે કામ કર્યું હતું તે બધા મિત્રોને વિનંતિ કરું છું કે મને અને મારી યોગ્યતાને, મારા વર્તમાનને અને ભૂતકાળને ભૂલી જાઓ અને આ પ્રશ્નનો નિકાલ લાવવાનો કોઈ માર્ગ શોધી કાઢો. આ સાથે, મેં મુંબઈમાં ૨૫મી તારીખે પ્રગટ કરેલી વર્તમાનપત્ર જોગી યાદી પણ તમને મોકલું છું. એ સત્યાગ્રહીઓની સાચી સ્થિતિ રજૂ કરે છે. એમાં મેં એક વાતનો ઉલ્લેખ કરેલો નથી. તે એ કે મોરારજીભાઈએ ધરમપુરમાં જમીન આપવાની તૈયારી બતાવી છે. માની લઈએ કે જમીન સારી હોય, તો પણ મને લાગે છે કે લગભગ ત્રણ હજાર કુટુંબો પોતાનાં ઘરબાર લઈને એક તાલુકામાંથી બીજા તાલુકામાં જાય તેના કરતાં થોડા જમીનદારો પાસેના તાલુકામાં ઘાસિયા જમીન રાખે એ વધારે સહેલું છે.

"ખેડૂતોના પ્રશ્નનો નિર્ણય એના ગુણ ઉપરથી જ થવો જોઈએ. કોંગ્રેસ વિરોધી એક રાજકીય પક્ષે એ ઉપાડી લીધો છે એટલા માટે એને પૂર્વગ્રહ દૂષિત કરવો ન જોઈએ. હું જાણું છું કે આધુનિક રાજ્ય અહિંસક ચળવળને કચડી નાખી શકે છે. પણ ત્યાં જ એ વાતનો અંત આવતો નથી. સત્યાગ્રહની લડત નિષ્ફળ જાય, પણ તે જો સાચા હેતુ માટે લડાઈ હોય છે, તે કદી નિષ્ફળ જતો નથી. પોટ્ટી શ્રીરામુલુ અવસાન પામ્યા, પણ આંધ્ર પ્રાંત અલગ પડ્યો એ સિદ્ધ વસ્તુ છે. સ્વાતંત્ર્ય માટે બાપુએ શરૂ કરેલી બધી જ સત્યાગ્રહની લડતો નિષ્ફળ ગઈ હતી. પણ સ્વાતંત્ર્ય સિદ્ધ થયું હતું. અંગ્રેજોની પેઠે આજના સરકારને પણ જો ચળવળોને બળજબરીથી દબાવી દેવામાં સફળતા જોઈતી હોય તો તે તેમને મળી રહેશે. પણ તેઓ આદિવાસીઓને પોતાની જમીન ખેડવાના અને તેમાં અનાજ ઉગાડવાના હક્કથી કદી વંચિત રાખી શકવાના નથી. એ બની જ ન શકે.

"આ પત્ર અને સાથેનું છાપા જોગું નિવેદન 'હરિજન'ના વાચકો આગળ રજૂ કરવાનું સૌજન્ય મારા પ્રત્યે દાખવવાની આપ કૃપા કરશો. વળી, તમારું નિવેદન ગુજરાતનાં છાપાંઓમાં પ્રગટ થયું હતું એટલે આ પણ હું તેમને મોકલી આપું એમાં તમને વાંધો ન હોય એમ માનું છું."

[અનુસંધાન પૃ. ૪૨૯થી]

ઇન્ડસ્ટ્રિયલ વર્કર્સ યુનિયનને ખાંડનાં કારખાનાંના માલિકોએ સ્વીકારવાની ના પાડી. ચાર કારખાનામાં હડતાળ પડી. તેના જવાબમાં માલિકોએ દેશના બાકીનાં દસ કારખાનાં બંધ કરી કામદારોને બેકાર બનાવ્યા. બહુમતિવાળા યુનિયનને માલિકોએ સ્વીકારવા જોઈએ એ કાયદો કરવા જગન સરકારે પ્રયત્ન કર્યો. ત્યાં એકાએક ચર્ચીલ સરકારે જાહેર કર્યું કે 'જગન સરકાર' સામ્યવાદી છે.

ડૉ. જગને કહ્યું છે કે: "જો અમે કાવતરું કર્યું હોય તો અમારી ધરપકડ કેમ નથી કરતા? કોર્ટમાં કામ કેમ નથી ચલાવતા? ખરી વાત એ છે કે બ્રિટિશ ગિયાનાની પ્રજાએ પ્રચંડ બહુમતિથી ચુંટેલી સરકારને બંદૂકના જોરે બરતરફ કરી બ્રિટિશ ગિયાનાની પ્રજાના મત આપવાના હક્ક પર ટોરી સરકારે ત્રાપ મારી છે." બ્રિટિશ લશ્કરે બ્રિટિશ ગિયાનામાં એક પણ ધરપકડ કરી નથી. લશ્કરીદળ હોવા છતાં ત્યાં શાંતિ છે. સંયુક્ત રાષ્ટ્રસંઘ, બ્રિટિશ મજૂરપક્ષ અને પંડિત નહેરુને બ્રિટિશ ગિયાનાની પ્રજાને સહાય કરવા ડૉ. જગને વિનંતિ કરી છે. અમેરિકાખંડ પર કોઈ જરા પણ સ્વતંત્ર સરકારની હસ્તી વ્યૂહની દૃષ્ટિએ અમેરિકા ઇચ્છતું નથી. ડૉ. જગનની સરકાર સામ્યવાદી છે તે સાબિત થયું નથી પણ તે જરા પણ સ્વતંત્ર હોય તે આઈઝનહોવરની યોજનામાં બંધબેસતું નથી. આથી જ અમેરિકાએ તુરત જ ચર્ચીલ સરકારના બિનલોકશાહી પગલાને ટેકો આપ્યો છે.

હમેશાં રૂઢિચુસ્ત બ્રિટનનું મંતવ્ય રજૂ કરતા 'લંડન ટાઇમ્સે' અત્યંત નિખાલસતાપૂર્વક જાહેર કર્યું છે: "એક નાની લોકશાહીના રક્ષણ માટે નહિ પણ પશ્ચિમનાં મહાન રાજ્યોની સલામતી માટે" બ્રિટને બ્રિટિશ ગિયાનામાં જરૂરી પગલાં ભર્યાં છે. ચર્ચીલ સરકારના પગલાથી લોકશાહીમાં માનતી પ્રજાઓને ભલે આઘાત લાગ્યો હોય પણ તેથી બ્રિટિશ ગિયાનાના આંગળીને વેઢે ગણી શકાય તેટલા ખાંડનાં કારખાનાંના માલિકોને રાહત મળી છે એ ચોક્કસ.

હમણાં જ બ્રિટિશ મજૂરનેતા બેવાને કહ્યું કે ટોરી સરકારની સંસ્થાનો અંગેની નીતિ આ છે—તમને તમારી સરકાર ચૂંટવાનો હક્ક છે, જો ગમે તેવી સરકાર તમે ચૂંટો તો.

અમદાવાદ: ઑક્ટોબર ૨૬, '૫૩

બ્રિટિશ ગિયાનામાં લોકશાહીનું વિસર્જન ?

વાડીલાલ ડગલી

ઑક્ટોબરની આઠમી તારીખે ગ્રેટબ્રિટનની ટોરી સરકારે બ્રિટિશ ગિયાનામાં "સામ્યવાદી કાવતરું" અટકાવવા ત્યાં એકાએક લશ્કરીદળો તથા શસ્ત્રસામગ્રી મોકલી. બીજે દિવસે, પ્રચંડ બહુમતિથી ચુંટાઈ આવેલી લોકોના પ્રાગતિક પક્ષ—પીપલ્સ પ્રોગ્રેસીવ પાર્ટી (પી.પી.પી.)ની સરકારને બરતરફ કરી, સમગ્ર બ્રિટિશ ગિયાનામાં કટોકટીની પરિસ્થિતિની ત્યાંના બ્રિટિશ ગવર્નરે જાહેરાત કરી. એક પણ અશાંતિનો બનાવ ન બન્યા છતાં, સભા-સરઘસની બંધી જાહેર થઈ અને બ્રિટિશ ગિયાનાની પાંચ માસની લોકશાહીનું વિસર્જન થયું.

બ્રિટિશ ગિયાના લૅટિન અમેરિકાના ઉત્તર કિનારે આવેલું લશ્કરી દૃષ્ટિએ મહત્ત્વનું સંસ્થાન છે, તેનો વિસ્તાર લગભગ ગ્રેટબ્રિટન જેટલો છે (નેવું હજાર ચોરસ માઈલ), પણ વસ્તી અમદાવાદ શહેરના વસ્તીથી લગભગ અર્ધી છે (સાડાચાર લાખ). વસ્તીનો મોટામાં મોટો ભાગ ગિરમિટિયા મજૂર તરીકે બ્રિટિશ ગિયાના ગયેલા બિહાર, ઉત્તર પ્રદેશ અને મદ્રાસના હિન્દીઓનો છે. હિન્દીઓની વસ્તી છેંતાલીસ ટકા છે; જ્યારે આફ્રિકનોની વસ્તી લગભગ ત્રીસ ટકા છે. બાકીની વસ્તી ચાઈનીઝ, પોર્ચુગીઝ અને યુરોપિયનોની છે—યુરોપિયનોની વસ્તી માત્ર ૨૫૦૦ની છે. બ્રિટિશ ન્યૂ ગિયાના એટલે ખાંડ, ઍલ્યુમિનિયમ અને શાહીવાદી લશ્કરી વ્યૂહરચના. બ્રિટિશ ન્યૂ ગિયાનાના પોણા ભાગના વિસ્તારોમાં જંગલો છે પણ તેનો કશો જ ઉપયોગ થતો નથી, માત્ર શેરડીના પાકના અર્થતંત્ર પર આખા દેશનું ભાવિ છે. શાહીવાદને ખાંડની જરૂર છે માટે બ્રિટિશ ગિયાનામાં બીજો પાક થઈ શકતો હોય તો પણ ખાંડ સિવાય બીજું ત્યાં ઉત્પન્ન ન થઈ શકે. એક પાકના અર્થતંત્રથી બ્રિટિશ ગિયાનાની પ્રજા 'ચીંથરે-હાલ પ્રજા' બની છે. ઈ. સ. ૧૮૧૪માં બ્રિટને આ પ્રદેશ ડચ પાસેથી લીધો, ત્યારથી અત્યાર સુધીમાં એટલું શિક્ષણનું કાર્ય થયું છે કે ત્યાંની માત્ર આઠ ટકા પ્રજા શિક્ષિત છે.

આ પરિસ્થિતિમાં ખાંડના કારખાનાના એક હિંદી મુકાદમનો દીકરો ડૉ. ચેડ્ડી જગન અને તેની અમેરિકન પત્ની જેનેટે બ્રિટિશ ગિયાનાના જાહેરજીવનમાં બીજા વિશ્વ-યુદ્ધ બાદ પ્રવેશ કર્યો અને પી.પી.પી.નો જન્મ થયો. પી.પી.પી.એ શેરડીનાં ખેતરોના કામદારોનું સંગઠ્ઠન કર્યું; પણ તેણે સૌથી મોટું કાર્ય એ કર્યું કે ત્યાં તેણે હિન્દી, ચાઈનીઝ અને આફ્રિકનના ભેદ ભૂંસી નાંખ્યા. તે એટલી હદ સુધી કે ગયા એપ્રિલની પ્રથમ ચૂંટણીમાં (જેમાં પી.પી.પી.એ ચોવીસમાંથી અઢાર બેઠકો કબજે કરી) પી.પી.પી. તરફથી ઊભા રહેલા એક આફ્રિકન કામદારે હિન્દી મતદાર વિભાગમાં પ્રખ્યાત હિન્દી આગેવાન ડૉ. જે. બી. સિંગને શિકસ્ત આપી; જ્યારે પી.પી.પી.નો એક ચાઈનીઝ ઉમેદવાર આફ્રિકન મતદાર વિભાગમાંથી ચુંટાઈ આવ્યો. શાહીવાદને અસ્વસ્થ કરે તેવી આ હકીકત છે – મલાયાની જેમ, બ્રિટિશ ગિયાનામાં જાતીય (Racial) મતભેદો ઊભા કરવાનું બ્રિટિશ શાહીવાદ માટે શક્ય નથી.

ગયા એપ્રિલમાં, આપણને ૧૯૩૭માં જે મર્યાદાઓ સાથે પ્રાંતીય સરકારો બ્રિટિશ સરકારે રચવા દીધી હતી તેથી પણ વધુ મર્યાદાઓ સાથે, ડૉ. ચેડ્ડી જગનની આગેવાની નીચે પી. પી. પી.એ સરકાર રચી. ગ્રેટબ્રિટન જેવું લોકકલ્યાણકારી રાજ્ય સ્થાપવું એ પી. પી. પી.ની નેમ હતી. આ સિવાય, માલિકો પાસે કામદારમંડળોની સ્વીકૃતિ, ધાર્મિક નિશાળો, રાજ્ય હસ્તક કરવાની યોજના અને ખેતમજૂરોને થોડી રાહત આપે તેવા કાયદા કરવાની ડૉ. જગનની સરકારની ઇચ્છા હતી. સત્તા પર આવ્યાને થોડા માસ થયા ત્યાં, એક કામદાર પ્રશ્નમાં જગન સરકાર ગૂંચવાઈ. પી. પી. પી. સાથે સહાનુભૂતિ ધરાવતા અને કામદારોના એક માત્ર યુનિયન સમા બ્રિટિશ ગિયાના

[અનુસંધાન પૃ. ૪૨૮ ઉપર]

જિપ્સીની આંખે

'જિપ્સી'

ફક્કડચાચા

મોરબી આર્ય સુબોધ નાટકમંડળી શહેરમાં લોકપ્રિય થઈ પડી હતી. તેમાંય મહાસતી અનસૂયા નામના એના નાટકમાં ભીડનો પાર નહીં. આવતા શનિવારના નાટકની ટિકિટો આગલા જ શનિવારે વેચાઈ જાય. તે વખતે સૌથી આગળ બેસવાના બે રૂપિયા. છેલ્લી ટિકિટ ચાર આના. અમે બાર આનાવાળા વચ્ચેના વર્ગમાં બેઠા હતા. તે સમયે મારા દૂરના સગા છગનકાકા આ નાટકમંડળીમાં વ્યવસ્થાપકના મિત્ર તરીકે કારભારું કરતા હતા. એ લત્તામાં એમનો રુઆબ અને એમની ધાક પણ ઘણાં. પહાડી શરીર, કાળો વાન, બિહામણી આંખો અને કર્કશ અવાજ. એમને જોતાં જ બીક લાગે. જોનારાઓમાં જરાક પણ અશાંતિ થાય ને છગનકાકા બારણામાં ડોકાય કે લોકો પાછા શાંત થઈ જાય.

નાટકનો રંગ જામ્યો હતો. અનસૂયાને ઘેર બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ વેશ બદલીને એ મહાસતીનું પારખું લેવા આવ્યા હતા. પણ અનસૂયા આ ભેદ પામી ગયાં. એમણે અંજલિ ભરીને પાણી છાંટ્યું. પ્રકાશ બંધ થઈ ગયો. અંધારું ઊતરી પડ્યું. બેત્રણ ધડાકા થયા. ત્રણેય સાધુઓ બાળકો બનીને ઉવાંઉવાં કરી રહ્યા. એ અંધારું થયું એમાં ગડબડ મચી રહી. કોઈની જગા જતી રહી કે શું પણ ચાર આનાના વર્ગમાં કોલાહલ થઈ ગયો. પ્રકાશ થયો ત્યારે તો મારામારી શરૂ થઈ ચૂકી હતી. લાકડીઓ ઊછળી રહી હતી. છગનકાકાએ ઘાંટો પાડ્યો. પણ કોઈએ સાંભળ્યું નહીં. એ લાકડી લઈને ત્યાં પહોંચ્યા તો પણ દંગો શાંત થયો નહીં. એટલામાં એક પહાડી અવાજ આવ્યો. અવાજની પાછળ એક કદાવર વ્યક્તિ આવી પહોંચી. સીસમ જેવો ચકચકતો કાળો રંગ, સફેદ દૂધ જેવું મલમલનું કૂડતું, માથે ચંપા રંગનો સાફો, હાથમાં દંડો. દંડો પણ અવાજની સાથે ઊંચકાયો. થોડીવારમાં જ કોલાહલ શમી ગયો. દંગો શાંત થઈ ગયો. ચાર આનાના વર્ગમાં ચૂપકીદી છવાઈ ગઈ. એની અસરથી આખા નાટકની જનતા શાંત થઈ ગઈ.

"શાબાશ ઇમામ" મૂળજી આશારામ ઓઝાનો અભિનંદનથી ભર્યોભર્યો અવાજ નીકળ્યો. ઇમામુદ્દીન બહાર આવ્યો ત્યારે મૂળજીભાઈએ એને ખભો ઠોકીને શાબાશી આપી. નાટક શાંતિથી પૂરું થયું.

ઇમામુદ્દીનનું મારું એ પહેલું દર્શન. મને કોણ જાણે કેમ એ વ્યક્તિ પ્રથમ દર્શને જ ગમી ગઈ. ઓળખાણ થઈ ત્યારે ખબર પડી કે ઇમામને સૌ ફક્કડખાં કહેતા. આખા મદનઝાંપાના લત્તાનો એ દાદો. ઇમામની જેની સાથે દોસ્તી તેનું કોઈ નામ ન લે. જે ઘર સાથે એની નિસ્બત હો તે ઘરમાં કદી ચોરી ન થાય. ઇમામની આંખના ઇશારાથી નાટકમંડળીમાં ગમે તેટલા માણસો જોવા બેસી શકે. કોઈ તો શું પણ એ લત્તાના ફોજદાર પણ ઇમામની દોસ્તી રાખે. હોટલવાળા ઇમામને બોલાવીને ચા પિવડાવવામાં ગૌરવ લે. પાનવાળો પાનપટ્ટી હસીને આપીને રાજી થાય. એ લત્તાના છોકરાઓ ફક્કડકાકા કહીને ઇમામને નવાજે ને ક્યારેક એક આનાનાં બિસ્કિટ કે ગોળીઓનું ઇનામ પામે.

નાટક ન હોય તે સાંજે ફક્કડ ઇમામુદ્દીન લહેરીપુરા સુધી ફરવા નીકળે. દર્શનીય પુરુષ. જોબનનો સમો. કાળો રંગ પણ એના ચહેરાના આકર્ષક નકશાથી દીપી ઊઠે. ઘાટીલી ને ભરાવદાર મૂછો. માયાળુ પણ મારકણી આંખો. શરબતી મલમલનું આર નાંખેલું, કાળજીથી આખું કરચલીઓ પાડેલું, કલ્લીવાળું લખનૌરી કૂડતું એ લત્તામાં ઇમામ એકલો જ પહેરે! હાથની શિલાઈ. એ શિલાઈ જ એક રૂપિયો! ગમે તેવાનું તો ગજું નહીં. ઓગણીસસો પંદરસોળની સાલ. મહમદચાચા રંગરેજ ઇમામનો સાફો સફાઈ અને કાળજીથી રંગે. સુવર્ણચંપાનો ઊઘડતો

રંગ એ ઇમામનો મનપસંદ રંગ. સફેદ ઝીણું ધોતિયું કસીને કમરબંદથી પહેર્યું હોય. હાથમાં એનો પ્રિય દંડો રમતો હોય અને મસ્તાન એની ચાલથી માણસ એવો તો મોહક લાગે કે ઘણી વખત સ્ત્રીઓ એને જોઈ ને વાતો કરતી.

એક દિવસ મોરબી થિયેટરથી હું એમની સાથે થયો. રસ્તામાં પાનવાળા, હોટેલવાળા, દુકાનોવાળા, મજૂરો, કારીગરો જે મળે તે એમને સલામ કરે. વકીલ ડૉક્ટર પણ ઇમામને બોલાવીને ખબર પૂછે. અમારા માસ્તરે મને ઇમામની આંગળીએ જોયો ત્યારથી મારા તરફનો એમનો સ્નેહ ઘણો વધી ગયો. અમે ચાલતા ચાલતા હનુમાનના મંદિર આગળ આવ્યા. એ ચકલો ફક્કડ ચાચાનો જરાક વિસામો. ત્રિભોવનને ત્યાં જ ઊભા રહીને પાનનો હુકમ આપ્યો. એ આવીને ઊભા છે એટલું જાણીને તરત જ હાજીની હોટેલમાંથી ખાસ ચાનો પ્યાલો આવી ગયો. એટલામાં રાજ્યની હાથિણી ચંપાકલી ત્યાંથી નીકળી. સાર્થક એનું નામ શોભે. માથાની બન્ને બાજુ બે મોર ચીતર્યા હતા. મોરની આંખોને ચંપાકલીની આંખોમાં સમાવી દેવામાં આવી હતી. એટલે મોર જીવતા લાગતા હતા. એનો માવત ફક્કડ ચાચાનો જિગરજાન દોસ્ત. ઇમામને જોતાં જ એણે હાથિણીને ઊભી રાખી. એનો ઘંટનાદ સાંભળીને દોડી આવેલા છોકરાઓ સ્તબ્ધ થઈને ટોળું વળીને દૂર ઊભાં થઈ ગયાં.

માવતે ધીરે ધીરે ચંપાકલીને નીચે બેસાડી. ફક્કડ ચાચા જરા પાસે ગયા. બન્નેએ હાથ મિલાવ્યા. પરસ્પરની ખબર પૂછી. બીડીપેટીની આપલે થઈ. પાનવાળાને ત્યાંથી માગ્યા વિના ઇમામ તરફથી માવતને માટે પાન પહોંચી ગયું. ફક્કડ ચાચાએ માવતની બીડી સળગાવી એને માન આપ્યું. ચંપાકલી ધીરે ધીરે ઊભી થઈ ગઈ. માવતે સલામ કરી ને ઘંટનાદ કરતી એ હસ્તિની મલપતી ચાલી ગઈ. હું તો જીવનનું આ અનુપમ દર્શન મુગ્ધપણે નીરખી રહ્યો તે બસ નીરખી જ રહ્યો. મારા ગભરુ હૃદયમાં ફક્કડ ચાચા મહાપુરુષ રીતે પ્રતિષ્ઠિત થઈ ગયા.

મોરબી નાટક મંડળીનો મુકામ એ વખતે લાંબો રહ્યો. શૃંગિઋષિનો નવો ખેલ એવો ઊપડ્યો કે મંડળીના માલિક ન્યાલ થઈ ગયા. છગનકાકાના આમંત્રણથી અમે એ નાટક જોવા ગયા હતા. ભીડ તો કહે મારું કામ. નાટકનો પહેલો અંક પૂરો થયો. એ વિસામા વખતે એક ઠેકાણે કોલાહલ થયો. લાકડીઓ ઊછળી. દંગાએ ઉગ્ર સ્વરૂપ પકડ્યું. ફક્કડ ચાચા દંડા સાથે દોડી પહોંચ્યા. લડાઈ શાંત પડી ગઈ. એ ભીડમાંથી એક કદાવર મુસલમાનને ગળચીમાંથી પકડીને ફક્કડચાચા બહાર ઢસડી લાવ્યા. રસ્તાની બરાબર મધ્યમાં ઊભો રાખીને પાંચસાત ફટકા ખેંચી કાઢ્યા. કોઈની હિંમત ન ચાલે કે એમને વારે. છગનકાકા ઇમામને બાથ ભરીને ખેંચી લાવ્યા. પછી ખબર પડી કે પેલા મુસલમ ને કોઈ બાઈની છેડતી કરેલી. એ માણસ પણ ફત્તેપુરાનો કોઈ ગુંડો હતો. પણ એની દુર્ગતિ પછી મોરબી થિયેટરના કમ્પાઉન્ડ-માં ત્યાર પછી એવો કોઈ બનાવ બનવા જ પામ્યો નહીં.

મોરબી કંપની પછી તો ચાલી ગઈ. ત્યાર બાદ એ થિયેટરમાં જે નાટકમંડળી આવે તેમાં ફક્કડચાચાનું ચલણ તો હોય જ. થિયેટરમાં જ એમનું રહેવાનું. પાસેની હોટેલમાં જમવાનું. ઘણા માણસો એમનાથી ડરે, કેટલાક એમની નિંદા કરે, ઘણા એમની ખુશામત કરે, પણ સૌથી વધારે સંખ્યા એમને વહાલ કરે. ગુંડા કહેવાતા અને મવાલી મનાતા એ માણસની વિરુદ્ધમાં કોઈ ને કશું જ કહેવાતું નહોતું. પ્રામાણિકતા તો ઇમામની જ. કોઈનો એક પૈસો ડુબાડવાનો નહી. પાઈએ પાઈ ગણીને દેવું આપવાનું. જુઠ્ઠાણું તો એવું ધિક્કારે કે જુઠ્ઠું બોલનારને બાયલો કહીને જ બોલાવે. કોઈની સ્ત્રી કે માદીકરી સામે ઊંચી નજરે જોવાનું જ નહીં. બેસતા વર્ષે આવીને બાપુજીને પગે લાગવાનો ઇમામનો અચૂક નિયમ. સંક્રાન્તિને દિવસે ફક્કડ ચાચા અમારે ઘેર જ જમે. પતંગનો એમને જબરો શોખ. જાતે દોરો સૂતે અને જાતે જ પતંગો બનાવે. એમનો પતંગ કપાયો હોય ને દોરો ભલે અડધો માઈલ લાંબો પડ્યો હોય પણ એ ફક્કડચાચાનો દોરો છે એવી ખબર પડતાં કોઈ એને પકડે નહીં. પોણિયો પતંગ પદેલચી દેખાય એટલી તો એમની સેહ જાય અને પેચ લડાવવામાં તો એક્કા. જેમ જેમ પેચ ઊંચા જતા જાય તેમ તેમ ફક્કડચાચા સેર છોડતા જાય. સામાનો પતંગ કાપે તોય હસે અને પોતાનો કપાય તોય હસે.

એક સંક્રાતિએ મારા પતંગના પેચ એક આગળના ફળિયાના પતંગ સાથે થયેલા. પેચ ચાલુ હતા. ત્યાં ચાલુ પેચે આગળના ફળિયામાંથી કોઈએ લંગર નાંખીને મારો

પતંગ તોડી લીધો. અમે તો બેત્રણ જણા દોરચકરી મૂકીને દોડ્યા પેલે ફળિયે. ત્યાં બોલાબોલી થઈ ને વાત મારામારી પર આવી. લાકડીઓ ચાલી. દરમિયાન એક જણ દોડીને આ ખબર કુકડચાચાને આપી આવ્યું. મને તો ખબર જ નહીં કે કુકડચાચા આવીને ઊભા છે. પણ એમને જોતાં જ સામાવાળા છોકરાઓ લાકડીઓ પડતી મૂકીને નાઠા ત્યારે મને ખબર પડી. ઇમામે મારી પીઠ થાબડી. લાકડી બરાબર ચલાવવા માટે શાબાશી આપી. પોતે જાણી જોઈને જ વચ્ચે ન પડ્યા. લડાઈ બરાબર જામી હતી એની એમણે ખુશી પ્રગટ કરી.

બેચર ઘાંચીને ત્યાં એમની બેઠક. એક દિવસ બેચર ઘાંચી પોતાના માગતા રૂપિયા ચુનીલાલ સાઇકલવાળાને ત્યાં માગવા ગયો હતો. ત્યાં ચુનીલાલે પોતાની દુકાનમાં બેચરને પૂરીને માર્યો અને પૈસાને માટે ઠીંગો દેખાડી કાઢી મૂક્યો. બેચરે આ વાત ઇમામને કહી. ઇમામુદ્દીન દંડો લઈને બેચરની સાથે આવે છે એ સમાચાર આગળથી ચુનીલાલને કાને પડતાં જ દુકાન બંધ કરીને એ અમદાવાદ નાસી ગયો. ત્યાંથી મનીઑર્ડર કરીને બેચરના માગતા પૈસા મોકલી દીધા અને એક દિવસ છાનામાના આવીને ઇમામની માફી માગી લીધી.

અમારે ચકલે રાધા દૂધવાળીની દુકાન. એના વેપારમાં ઉધાર માલ ઘણો જાય. પરંતુ બિચારી એવા ગરીબ સ્વભાવની કે કોઈને ઊંચે સાદે કશું જ કહે નહીં. એ રાધા એક દિવસ માંદી પડી અને ત્રણચાર દિવસની માંદગી પછી મૃત્યુ પામી. એને કોઈ સગુંવહાલું નહોતું. એટલે બધા તો જોતા જ રહ્યા ને કુકડ ચાચાએ એના અગ્નિસંસ્કારનો ભાર ઉઠાવી લીધો. અરે વહાલું પણ ન કરે એવું કામ તો ઇમામે રાધાને અગ્નિદાહ દઈને કર્યું. પાંચસાત વરસ પછી એક ગરબામાં ઇમામનું નામ રાધા સાથે જોડાઈ ગયાની વાત અમે સાંભળી. મરીને માણસ ઇતિહાસ રચે છે એ તો સાંભળ્યું હતું. જીવતા માણસની તવારીખ રચાઈ એની નવાઈ લાગી !

પછી થોડાં વરસો સુધી ઇમામની સાથેનો સંબંધ ઓછો થઈ ગયો. ઘણાં વરસ પછી મોરબી થિયેટર તોડી નાંખવામાં આવ્યું. હું પણ દસબાર વરસ પછી પાછો શહેરમાં આવ્યો હતો. એક દિવસ એ બાજુ થઈને સાઇકલ પર પોલોકલબમાં જતો હતો. વિચાર આવ્યો કે લાવો ઇમામની ખબર કાઢું. બેત્રણ ઠેકાણે પૂછ્યું પણ કોઈને ખબર નહોતી. નવાપુરા સુધી પહોંચ્યો પણ કંઈ પત્તો મળે નહીં. પાછો આવતો હતો ત્યાં બેચર ઘાંચીનો છોકરો મગન મળ્યો. મગનને પૂછ્યું ત્યારે ભાળ મળી. ઇમામ બિમાર છે એમ સાંભળ્યું હતું. મગન પણ ઇમામને મળવા જ જતો હતો. અમે બન્ને પાછા નવાપુરાને રસ્તે ચાલ્યા. જ્યાં ઊજળી વસતિ પૂરી થાય છે ને પછી કપડાંબાટલીવાળા વાઘરીઓનાં ઘરો શરૂ થાય છે એ લત્તામાં એક નાનીશી ઝૂંપડી પાસે જઈને અમે ઊભા રહ્યા. સમીસાંજનું અંધારું પણ નહીં ને અજવાળું પણ નહીં એવો વિચિત્ર ધૂળિયો આભાસ હતો. ગમગીની પણ જાણે મૂર્છા ખાઈને પડી હતી. ગરીબી, ગંદવાડ અને ગાળોના અવાજથી વાતાવરણ અકળાવે એવું લાગતું હતું. "કુકડચાચા !" કહીને મેં ધીરેથી અવાજ કર્યો. "ઇમામચાચા" કહીને મગને ધીરેથી બૂમ પાડી. ઝૂંપડીમાંથી એક પ્રૌઢ ઉંમરની બાઈ નીકળી. બહાર આવીને એ ઊભી રહી પણ બોલી નહીં. મગને ફરીથી પૂછ્યું: "ઇમામ ચાચાની તબિયત કેમ છે ?"

"એ તો આજે સવારે ગયા !" બાઈએ ધીરેથી કહીને માથાનું લૂગડું જરા આગળ કર્યું. એની આંખોમાં, આખી હસ્તીમાં મોતની ઠંડક હતી.

અમે આગળ પૂછીએ તે પહેલાં જ બાઈએ કહ્યું: "એમની છેલ્લી ઇચ્છા પ્રમાણે એમને અગ્નિસંસ્કાર કર્યા છે."

"તમે ઇમામુદ્દીનના કોણ થાવ છો ?" મારાથી પુછાઈ ગયું.

"તમે માનો તે. બધું જ." કહીને બાઈ અંદર ચાલી ગઈ.

અંધારામાં અમારી નજરે માત્ર દીવો દેખાતો હતો.

સ્વાધ્યાય અને સમીક્ષા

મંગલમુખી કવિતા

જીવતો કવિ

પ્રસન્નતા થાય છે શ્રી સ્નેહરશ્મિનો 'પનઘટ' કાવ્યસંગ્રહ જોઈને. પ્રથમ તો એ જ કારણે કે એમણે આ કાવ્યોમાં એમના આગલા કાવ્યસંગ્રહ 'અર્ઘ્ય' કરતાં સ્પષ્ટ પ્રગતિ સાધી છે. આજે જ્યારે આપણે છેલ્લા દસકાની આપણી કાવ્યઓટ પ્રત્યે ખિન્ન થઈ રહ્યા છીએ, ત્યારે સૂકા રણમાં લીલી વીરડી જેવો આ 'પનઘટ' આપણી પાસે અકસ્માત્ આવી ઊભો રહે છે. 'અર્ઘ્ય'માં બહુ કાવ્યપ્રતિભા નહીં બતાવી શકેલ અને તેથી છેલ્લા વીસકાના આપણા બીજા નવજુવાન કવિઓ કરતાં ઓછા આશાસ્પદ આ કવિ—અને તેથી તો વિશેષ આનંદ—આપણી કાવ્યતૃષાને ઠીક ઠીક તોષે છે. ૧૯૩૦ના આપણા ઠીક ઠીક બહોળા કવિજૂથમાંથી કાળના ઘસારા સામે પોતાના સતત સમૃદ્ધ થતા જતા જીવનબળે ટકી રહેલ—ટકી રહેલ જ નહીં પણ પ્રગતિ સાધેલ—આપણી પાસે રહેલ બે કવિમાં આ સંગ્રહથી ત્રીજા કવિનો મધુર ઉમેરો થાય છે. શ્રી સ્નેહરશ્મિનું હૃદય જીવતું છે. જીવતું છે એટલું જ નહીં, કાળ વધતાં, કાળના ઊલટા ક્રમે વધુ તાજું બન્યું છે. ગુજરાતી કવિતાનું આ સદ્ભાગ્ય છે.

માનવતાનો કવિ

કાવ્યસંગ્રહનું છેલ્લું પૃષ્ઠ વાંચી પુસ્તક બંધ કરતાં છાપ પડી રહે છે કવિની માનવતાની. સ્નેહરશ્મિ માનવતાના કવિ છે; એમનું જીવન એક માનવનું—પૃથ્વી પર જાગ્રત જીવી રહેલા એક માનવીનું જીવન છે. તેને બે વિભાગમાં વહેંચી શકાય. એમનું સમષ્ટિજીવન અને વૈયક્તિક જીવન. એમનાં કાવ્યો એ પ્રમાણે બે વિભાગમાં લખાયેલાં છે.

સમષ્ટિના અંશ તરીકેનું એમનું પાસું સાચે જ ગુજરાતને ગૌરવ અપાવે તેવું છે. હીરોશીમા અને નાગાસાકીનું 'અગ્નિસ્નાન' એમને સળગાવી મૂકે છે.

પ્રજારામ

'ખાતમુહૂર્ત' કરતાં એમને ખ્યાલ આવે છે:

> અરે, જે જન્મ આપતી
> તે માતાને ય શાં શાં ના પ્રસૂતિ-દુઃખ આપીએ!
> ડામરના રસ્તાના સરળતાભર્યા માર્ગો તો રચીયે છીએ
> પણ રે, એની તળે વર્ષાની કળા કદી અંકુરિત નહીં થાય!
> ડામરથી 'થવા જ્યાં
> માર્ગો રચ્યા, તેની તળે ન જેમ
> વર્ષા તણી પાંગરશે કદી કળા!

વિચારે છે:

> અમ પૂર્વજોથી
> અમે વધ્યા સંસ્કૃતિમાં અગાડી કે
> નીચે પડચા, તે કહી આજ કો શકે?

ધરતીની યુદ્ધશ્રદ્ધા જોતાં તેમનું હૈયું બૂમ મારી ઊઠે છે:

> ના માનવી માનવી કો રહે, હરિ, આવોને!
> આ ઉર આડી વિષ-વાડ, હરિ, વ્હેલા આવોને!

માત્ર માનવ આત્માઓ નહીં પણ વૃક્ષોના આત્મા સાથે પણ એકાકાર બને છે. વૃક્ષવિશ્વ સાથે તેમનો કેવો અદ્વૈત પ્રેમ-ભાવ છે! 'વૃક્ષારોપણ' કરે છે:

> અહો ધરતી મૈયા! મુગ્ધ આવ્યાં તવ બાળ,
> તારે ખોળે હુલાવજે એને ચિરકાળ,
> જોને નાનેરાં નાજુક અહીં આવ્યાં તવ બાળ!
> બીજ નાનાં સૌ ઝંખે છે જીવનનાં નૂર,
> છોડ ઝંખે છે મીઠાં તવ હાલાંના સૂર,
> રહે રેલાવી એ પર તવ હૈયાનાં પૂર,
> અહો, વ્હાલતણાં પૂર!
> સદા લેજે તું હેતભરી એની સંભાળ!

આ 'અહો' અને 'સદા' શબ્દ કેટલા બધા સારગર્ભ, યથોચિત છે? શબ્દોનું સાચું વ્યક્તિત્વ આમ કોઈ કોઈ વાર જ્યારે પૂરેપૂરું, શુદ્ધ જોવામાં આવે છે ત્યારે કેવો આનંદ થાય છે!

પશુસૃષ્ટિના જીવનનો પણ એ એવા જ આત્મીય ભાવથી અનુભવ કરે છે. 'મુક્તિ'નો માણુકો અતિ સજીવ પાત્ર છે. પશુજીવનની આટલી વિષમતા આપણી પાસે આટલા દર્દથી ભાગ્યે જ આલેખાઈ હશે. માણુકો આપણી કાવ્યસૃષ્ટિનું બહુ કરુણ પાત્ર છે. નાથ કાઢી લીધેલ બળદ સીમમાં ચાલ્યો જાય છે.

ઢલવાઈ ભરાતા કો દૂરના કોસનો હતો
અવાજ આવતો આછો ને સાથે ઘૂઘરા તણો;
રણકોયે હતો ઘેરો આઘેરી સીમમાં થતો.
મરકયો માણુકો આછું તોષથી મનમાં મીઠું,
તેને કાજ હવે ના તે હતો કોશ ન વા હળ;
કે ના ધૂંસરૂં ગાડાનું, ન હુંકારો, ન ગાળ કો,...
પરોણી ના હતી, નાથ—દૂર એ સઘળું હતું,
હતું સઘળું દૂર એ, વિગત કોઈ દુઃસ્વપ્નશું...

ચાલ્યો જાય છે.

મનુષ્યોએ હતાં નાથ્યાં જે કાળે પશુઓ ન કો,
તેના જેવો બની મુક્ત, પ્રફુલ્લ બની વન્ય શો !...
હતી હસી તે રહી બાજરી મીઠું,
હતી હસી તે રહી ચાંદની શીળી;
ને માણુકાનીય હતી રહી હસી,
આંખો ભર્યાં ખેતરપે રમન્તી !

પછી તો તે ખેતરના માલિકના મારથી બેહોશ માણુકો ખોડંગાતો જેમ તેમ બીજે દિવસે ઘેર પહોંચે છે. માલિક બોલે છે:

કોશ છે
થયો જૂનો, હવે બીજો આનો નકી થશે નવો !'
માણુકે આંખ દુઃખથી
હતી બીડી અને ઓળા કાળ કેરા હતા ધીમે
ફેલાતા અંગ પે તેના ...

પ્રેમના વરદાનથી અસંતુષ્ટ, માનવ–સ્ત્રીપુરુષના પ્રેમથી અસંતુષ્ટ જીવ સત્તાનું વરદાન મળતાં એકદમ કૃતકૃત્ય થઈ, શીઘ્રગતિથી ઊડી જાય છે તે જોઈ ઈશ્વરની સાથે સાથે કવિને પણ વિષાદ થાય છે:

લીધો છે માર્ગ જે એણે, લેતાં માનવી સૌ જગે !

'વરદાન' કાવ્યની ૧૮૦થી ૨૧૬ સુધીની લીટીઓ ગુજરાતી ભાષાના વેગ અને બળના ઉદાહરણ જેવી છે. શ્રી હ. હ. ધ્રુવના 'વિકરાળ વનકેસરી' અને શ્રી સુન્દરમ્‌ના 'ધૂમકેતુ'ની અંતિમ લીટીઓનું ઓજસભર્યું સ્મરણ કરાવે છે.

એમના અનુકંપાભર્યા માનવ (આંતરરાષ્ટ્રીયતાથી વિશેષ) જીવન જેવું એમનું ઉત્કટ રાષ્ટ્રીયજીવન છે. અને એ રાષ્ટ્રીયતાએ આપણને ઊછળતાં ગીતો આપ્યાં છે. 'સ્વાધીનોનું ગીત,' 'રાષ્ટ્રધ્વજને' એનાં આગળ પડી આવતાં ઉદાહરણો છે. એમાંયે સ્વાધીનોના ગીતનું વૃન્દ તો જુઓ !

સ્વાધીન ! અમે સ્વાધીન ! સદા
સ્વાધીન ! અમે સૌ ઉન્નત શિર !
મુક્ત અભય છે ભોમ અમારી,
મુક્ત અભય અમ વહે સમીર.

કેવો tone (રણકો) છે ! 'રાષ્ટ્રધ્વજને'નો Passion-(રાગોદ્રેક)ભરપૂર ઉપાડ જુઓ:

ફરક ફરક તું મુક્ત હવામાં,
ઝંડા, ઊડ તું ઊંચ વ્યોમ;
અમ મસ્તક પર રહે ફરકતો,
જ્યાં લગી નભમાં સૂરજસોમ !

દેશવ્યાપી આઘાત કવિ પર વીજળી જેવો કડકડાટ પડે છે. જ્વાળામુખીથી જાણે ધરતી ચીરાય છે!

મોટા ઘરનો મોભ તૂટયો આ ? કે વ્હાણનો કૂવાથંભ ?
ફાટયો પ્હાડનો પ્હાડ હિમાલય ? કે આ ઘેર ભૂકંપ ?

અને એક લીટીમાં સકળ વેદના શબ્દસ્થ થઈ જાય છે:

બની ભોમ ગાંધી વિનાની ! તૂટી હાય દાંડી ધરાની !

અનેક શબ્દોમાં જે ન કહી શકાયું હોત તે 'તૂટી હાય દાંડી ધરાની' કહે છે. કવિતામાં દર્દ તે આ. અત્યંત ઋજુતાથી, કરુણ કરુણ પ્રશ્ન ઊઠે છે:

જશો બાપુ? મટ્યું શું દૈન્ય પૃથ્વીનું ?
જશો બાપુ? શમ્યું શું દુઃખ ધરણીનું ?

ઉત્તમોત્તમ ગાંધીકાવ્યોમાં આ કાવ્યનું સ્થાન છે.

ભવની કેડીએ શ્રદ્ધા

શ્રી ઉમાશંકરે 'નિશીથ'નું અર્પણ સ્નેહરશ્મિને કરતાં કહ્યું છે કે: 'ભવની કેડીએ શ્રદ્ધા પ્રેરતા સ્નેહરશ્મિને.' એ શ્રદ્ધાપ્રેરકતા આપણે આ સંગ્રહમાં ત્યાં ત્યાં જોઈએ છીએ. જુઓ 'જનતા'માં:

જનતા દોરવાયે છો ક્ષણ બે ક્ષણ કોઈથી,
સદાને કાજ ના કિન્તુ કોનાથી દોરવાય તે.
પડતી, લડતી, ખોતી, વેચાતી, છેતરાતી વા;
ઊંઘતી, પામતી મૂર્છા ને બહુ પેર એમ તે
રોજ રોજ ટિપાતાંયે જનતા કોથી ના મરે.

જીવન્ત છે બીજ સમાન લોકો...

નવાં બળે ને નવી સ્ફૂર્તિ પામી,
નૈરાશ્ય ને નિષ્ફળતા તણા સૌ;
ચીરી દઈને ઉરરૂંધતા થરો,
નવીન પામી અવતાર ઊઠે...

વ્યકિત કે વ્યકિતજૂથોથી બનતી જનતા નથી,
એ તો છે સૂક્ષ્મ તે તત્ત્વ, જન્મી જે જનતા થકી.
બનતું જનતા કેરું જીવનતત્ત્વ સૌમ્ય...

જીવન્ત ને છે ગતિશીલ તત્ત્વ એ,
ઉત્ક્રાન્તિશાલી નિત વર્ધમાન,
કો સાગરે ઊઠતી ઊર્મિ જેવું...

સંહાર જોતાં વિષાદ થાય છે, પણ પાછો એ વિષાદ ઓસરી જાય છે, એ સંહારની અનિષ્ટિતા, અનિવાર્યતા અને સર્જકતા જોતાં :

સંહાર સર્વ કાળે ના અનિષ્ટ; અનિવાર્ય છે
કો વેળા તે; રહ્યું એમાં શ્રેયપ્રેય અનેકનું;
કરાળી રુદ્રમૂર્તિમાં શિવ તેથી લહ્યું જગે,
ને દેવોમાં વરસ્થાને પ્રતિષ્ઠા તેથી રુદ્રની.

...

જો સર્જવું હોય નવીન કાંઈ,
તો તેની પ્હેલાં ઘણું ભાંગવું પડે.
આંબાની કૂણી કલમે પહેલો
જે મ્હોર બેસે ચૂંટવો પડે તે,
તે વૃક્ષ કેરા હિતમાં ન માળીને ?

અને કેવી છે એમની મંગલ કામના !

હોજો કોનેય ના બાધા અમારા ગૃહથી કદી,
છાયામાં એની તો નિત્યે રૂહો શાન્તિ વિશ્વની શ્વસી !
સારાયે જીવને કાજે હો એ શાન્તિ-નિકેતન,
એની છાયા મહીં ગુંજો શાન્તિમન્ત્રો સનાતન.
જળે શાન્તિ, સ્થળે શાન્તિ શાન્તિ હો અન્તરિક્ષમાં,
જીવ માત્રે હજો શાન્તિ, શાન્તિ હો શાન્તિ વિશ્વમાં.

'ખાતમુહૂર્ત'ની ૧૬૭થી ૧૯૨ સુધીની પંક્તિઓ પૃથિવીસૂક્તનું સ્મરણ કરાવે છે. ઉન્નત અને ભવ્ય છે. પૃથિવી-થી ઊંચા અવકાશમાં ભાવનાનું જાણે સમથળ વાતાવરણ રચાય છે ! આ પંક્તિઓ ગુજરાતી ભાષાની શક્યતા જ નહીં પણ સિદ્ધિ પણ બતાવે છે.

મરમી સ્પર્શ

'અર્ઘ્ય'માં છતો થયેલ મરમી સ્પર્શ અહીં પણ માલૂમ પડે છે. એ સ્પર્શથી કેટલાંક ઉત્તમ કાવ્યો ઉદ્‌ભવ્યાં છે. તેમાં 'ખબર નાવી રે', 'ઝંખના', 'દીવડો', 'ધરતીની નારી', વગેરે કાવ્યો સરસ છે.

'ઝંખના'માં આનંદ અને રમૂજ આપે તેવી બિના છે તેમના પરની પ્રહ્‌લાદ પારેખની અસર ! જ્યેષ્ઠની અનુજ પરની અસર તો સર્વવિદિત છે, પણ આ તો અનુજનો જ્યેષ્ઠમાં પ્રસાર છે.

સરખાવો :

હો દરિયા ફકીર !
આ રે કાંઠે ગાતો, ગાવા જતો પેલે તીર !

—પ્રહ્‌લાદ

આ રે ! આરે ને પેલે દોડતો
સિન્ધુ પામે ન જંપ;
ધરતીમાં પ્રગટી વ્યાપતા
પળ પળ ઊંડા ભૂકંપ !
એવી રે, જાગે ઉર કો ઝંખના !

—સ્નેહરશ્મિ

વળી, આ કાવ્ય વાંચતાં શ્રી પ્રહ્‌લાદ પારેખનું પ્રસિદ્ધ કાવ્ય 'એકલું' પણ યાદ આવે જ છે. પણ આનંદની વાત તો એ છે કે એમ હોવા છતાં આ કાવ્ય સ્નેહરશ્મિનું એક ઉત્તમ કાવ્ય છે. એ પચાવેલા સંસ્કારનું પરિણામ છે. શી લીટીઓ છે !

વાયુ વહે છે વેગે હાંફતો,
દોડે વધુ કૈં પ્રકાશ;
મન આગળ ગતિ શી વીજની !—

એ જ પ્રમાણે 'ધરતીની નારી'માં પણ પ્રહ્‌લાદની 'પરબ'ની અસર છે :

હું તો બેઠી પરબ એક માંડી
કે પાણીડાં કોણ પીશે ?
મેં તો હૈયામાં આશ એક રાખી
કે પાણીડાં કોણ પીશે ?

કોણ આવીને નીર લે માગી !
કે પાણીડાં કોણ પીશે ?
–પ્રહ્‌લાદ

સરખાવો :

માગું તરસ્યા કો હૈયાની ઝારી.
હું ધરતીની નારી ! કે પાણીડાં કોણ ભરશે !
હું તો બેઠી નજર દૂર નાખી,
ને આશ એક રાખી ! કે પાણીડાં કોણ ભરશે !
–સ્નેહરશ્મિ

અને છતાં આ કાવ્ય પણ સ્નેહરશ્મિનું એક ઉત્તમ સંપૂર્ણ કાવ્ય છે.

આવાં સંપૂર્ણ કાવ્યો પણ સ્નેહરશ્મિમાં ઠીક ઠીક મળી આવશે.

સખીને ભાવભીનું આમંત્રણ આપતું ' આવજે ! ' :

મોતીની મૂઠ ભરી ડોલે કણસલાં,
પાળો શી મોલે ઢંકાય !

વાળું ' લણણી ', પૂર્વોક્ત ' બાપુ જતાં ', શાન્ત રસવાળું ' છાયા ', ' મનુષ્ય પ્રતિ માત્ર માનવી જ જે શકે દાખવી ' તે ભાવયુકત ' ચપટી રાખ ' સૉનેટ, ' પાઠકની છીંકે ' અને ' સમરકંદ બુખારા ' સ્મરાવતું હળવું ' ચિ. ગૌરીને ', બાણ જેવું વેધક વાસ્તવિક કાવ્ય ' ફેર ' અને ' વર્ષા સમ વારિ નહીં ! ', નાવીન્યભર્યું ' વૃક્ષારોપણ ', ઉમળકાભર્યું ' અમ્મર તપો ! ' મરમી વાતાવરણભર્યું ' દીવડો ', તટસ્થ દૃષ્ટિથી દેખાયેલ, ફાંકડી હલકવાળું, શ્રી સુન્દરમ્‌ના ' છૂંદણાં 'ની સ્મૃતિ આપતું, ભાષાના વળાંકથી બળ પકડતું, ચોટ મારતું, ' ગલબાઈ કેરી ટેકરીએ ', ગુજરાતી કવિતાના આભૂષણ જેવું, નાનું, પણ Keatsian કીટ્‌સ-શાઈ નર્યું સૌન્દર્યભર્યું ચિત્રમય પ્રિરાફેલાઈટ ડી. જી. રોઝેટીનું The Blessed Demozel કાવ્ય યાદ કરાવતું અદ્‌ભુત સુન્દર ' ચંદ્ર અને ઓળા ', ભાગ્યે જ લખાય તેવું સારું પ્રાસંગિક કાવ્ય ' દાંપત્ય ', નાજુક ' મારી ભરીભરી ક્યારી ', passionate (રાગોદ્રેકભર્યું) ' ફૂલડું ચૂંટે તો—', પ્યાસભર્યું, આશાહીંડોળાતું ' ધરતીની નારી, ' પૂનમછલકયા સમુદ્ર જેવા વિશાળ ઉપાડવાળું, આશ્ચર્યચકિત, ગમવિણ ગાતા ભમરાવાળું ' કોણ રોકે ! ' મુગ્ધાના મુગ્ધ મુગ્ધ ભાવ ભર્યું રોમાન્ટીક ' માઝમ રાત, ' ચંદનીના ચીર સજી ચમકતી જામિનીનાં રૂપબાણ વગાડતું ' કોડ, ' પ્યાસભર્યું ' રજની, ' પ્રાચીન દુહાઓના બળવાળું ' એકલ ' અને ચમત્કૃતિવાળું સૉનેટ ' વિરાટ લઘુતા, ' એ આ સંગ્રહનાં અપૂર્વ સુન્દર કાવ્યો છે, રસિકોને સદા સુખ આપ્યા કરશે. આ બાવીસેક કાવ્યો કોઈ પણ કવિને જેબ આપે તેવાં છે અને એક સંગ્રહમાં આટલાં બધાં સારાં કાવ્યો હોય તે ગુજરાતી ભાષામાં જવલ્લે જોવા મળે છે. ગીતકવિ તરીકે એમનું સ્થાન બહુ ઊંચું છે. એમનાં ગીતોનો ઉમંગ-ઊછળતો ઉપાડ અન્યત્ર જવલ્લે જોવા મળે છે.

' અર્ધ્ય 'માં સ્નેહરશ્મિ કવિ કરતાં માણસ તરીકે મોટા હતા. આમાં હજી એમ તો છે જ, તો પણ એમનું કવિત્વ પણ વધુ પ્રફુલ્લ્યું છે જ. એમનું કવિત્વ એમના માનવત્વ જેટલું વિકસે તો અવશ્ય ગુજરાતના અલ્પધન કાવ્યસંગ્રહમાં કાયમનો મહત્ત્વનો ઉમેરો કરી શકે તેમ છે. શ્રી સ્નેહરશ્મિની વિશિષ્ટતા એ છે કે તે મગજથી નહીં પણ હૃદયથી વિચારે છે અને તેથી જ વસ્તુનું સાચું હાર્દ તે તરત પકડી લે છે.

સત્ય, શિવ અને સુન્દર એ પાસાંઓમાંથી એમનામાં શિવનું પાસું સૌથી વધુ વિકસ્યું છે, તેથી ગૌણપણે સુન્દરનું. એમની કવિતાનું મુખ શિવનું છે, અને હૃદય સચ્ચાઈનું છે.

આવા માણસ અને આવા કવિ આપણી પાસે હોવા બદલ આપણે જરૂર મુદિત થઈએ.

ઉધાર બાજુ

એમની કવિતાની આ તો આપણે જમા બાજુ જોઈ. ઉધાર બાજુ પણ છે જ.

છન્દોમાં એમની શૈલી શિથિલ બની જાય છે. કાંઈ સાધવા માટે પુષ્કળ ભાષાનો ઉપયોગ કરવો પડે છે. કેટલીક વાર ઉપાડ સારો હોય છે પણ આગળ ચાલતાં કાવ્ય ઢીલું થઈ જઈ ખેદજનક બને છે. ' પૂર્ણિમા ' અને ' પતઝડ '–એ બન્ને મુખ્ય જેવાં લાગતાં કાવ્યો જ નબળાં છે. છંદની પ્રવાહિતાથી ગુજરાતી કવિતાને કેટલી હાનિ થઈ છે તેનાં ઉદાહરણો આ સંગ્રહમાંથી પૂરાં પડી શકે તેમ છે ! સૉનેટો મોટે ભાગે સાચાં સૉનેટો નથી. ' બ્રાતમુહૂર્ત ' જેવું ઉદાત્ત કાવ્ય કેટલીક જગ્યાએ શિથિલ થઈ જાય છે અને ' મુક્તિ ઉષા ' જેવા ગંભીર કાવ્ય ' ઘડાતા ઇતિહાસનું એક પાનું ' ખાલી શબ્દરાશિ જેવાં ભાસે છે. કેટલાંક ઉત્સાહનાં કાવ્યો

બિલકુલ ઉત્સાહ પ્રેરતાં નથી. પૂર્તિ માટે મૂકેલાં નાનાં કાવ્યોનો મોટો ભાગ આનંદને હરી લે છે. વ. વ.

પ્રથમ પંક્તિના કવિ પાસે આપણે ભવ્યતાની અપેક્ષા રાખીએ. આપણા આ કવિ રમ્ય છે; ભાગ્યે જ ભવ્યતા આવે છે.

નિદર્શનીય સૌન્દર્ય

'ભગ્ન સ્વપ્નના ખંડિત ટુકડા'માં રહેલા સંગીતનું સ્મરણ કરાવે તેવી આ બીજી લીટીઓ જુઓ :

ઓળા પેલા તરુગણ તણા પામી સંકોચ શાખા
નીચે કેવા મધુમધુર ચંપાઈ સોત્કંપ થંભ્યા !
(સૌભાગ્યે શૂન્ય)

ટાંકી શકીએ તેવી સુન્દર લીટીઓ તો ઘણી છે :

મંજરીઓ મૃદુ આંખો ખોલી
જુવે કોની વાટ મગનમાં !
(જુવો, સુદભર વસન્ત આવ્યો)

કે કોણ પછી સૂતાં ન જાગે !
મ્હોરે જગત બધું ફાગે !
કે કોણ પછી સૂતાં ન જાગે ! (કોડ)

ઝીલું ક્યાં જહીં ચોગમ છલકે ?
માણું ક્યાં જહીં અણુઅણુ મલકે ?
તો યે પ્યાસ અપાર ! (રજની)

શાને તું આજ આમ સૂની અલી વેલડી ?
શાને તું આજ આમ સૂની સૂની ?
લાગી રે ઝાળ કઈ લૂની અલી વેલડી ?
લાગી આ ઝાળ કઈ લૂની ઊની ?
(પાનખર)

નવી કવિતામાં રસ પડતો નથી એમ કહેનાર મુરબ્બીઓને કહેવાનું મન થઈ જાય છે કે, 'જુઓ, જુઓ આ નવી કવિતા !'

ઘડી આજની તો એક રળિયામણી રે,
કહો કાલની તે વાત કોણે જાણી ?
ગાઓ ગાઓ સહુ આજની વધામણી રે—
બધા દિવસોમાં આજ મહારાણી !
(આજની ઘડી)

હું નહીં માળા કાજ, ગરુડ હે,
માળો છે તુજ કાજે.
(ગરુડને)

આ શોણિતે સરિતા ઊછળે, હરિ, આવોને !
કાંઈ ખંડો ડૂબ્યા જાય, હરિ, વ્હેલા આવોને !
(હરિ, આવોને !)

દૂરથી દેખતાં તારલા બે કદી
ભાસતા એક જેવા બનેલા;
કોટિ જોજન પરંતુ પડ્યા આભમાં
રે ! વિયોગે સદા રે' ધકેલા !
(જુદાઈ)

હું તો ધરતીને ખોળલે આવી,
આ ભોમ મને ભાવી;
એ ભોમ મોરી અમ્મર તપો !

એને જોતાં સૂરજ હસે કોડે,
ને મેઘ લળી દોડે;
એ ભોમ મોરી અમ્મર તપો !
(અમ્મર તપો)

મારી ભરી ભરી ક્યારી,
ભરી રસે ફોરી તારી,
ડોલે દુનિયા એમાં મારી !
મારી ભરી ભરી ક્યારી.
(મારી ભરી ભરી ક્યારી !)

મારે કૂવે પાતાળપાળ તૂટી,
સરવાણી નવી ફૂટી !
કે પાણીડાં કોણ ભરશે ?
(ધરતીની નારી)

તારક ક્રમખે નહિ રે સમાતી,
નેણે પ્રાણે ક્યહીં ન ઝલાતી—
શો આ રૂપ-બહાર !
(રજની)

આવા આપણા આ સુકવિ માટે પ્રસન્નતાપૂર્વક ઉદ્દ્ગાર નીકળે છે કે शिवास्ते पन्थानः सन्तु ॥

અર્ઘ્ય

તંત્રી

દિલ્હી, વહીવટી જંગલ

નહેર–સીંચાઈ અને વીજળીક શકિત અંગેની મધ્યસ્થ સમિતિ–ની ૨૪મી વાર્ષિક બેઠકનું ઉદ્‌ઘાટન કરતાં વડાપ્રધાને અમલદારશાહી પર ઠીક તીખા ચાબખા લગાવ્યા. પ્રમુખે પોતાના ભાષણમાં બ્રિટિશ સમયમાં ઇજનેરો પોતાના ખાતાના સેક્રેટરીનું પદ ભોગવી શકતા એ અધિકાર પાછો મળે એ માટે દલીલ કરી હતી. વડાપ્રધાને હિંદીમાં બોલતાં કહ્યું: નવી દિલ્હી એક વહીવટી જંગલ બની ગયું છે, જેમાં માણસ માટે પોતાનો રસ્તો શોધવો મુશ્કેલ છે. અને આ જંગલની વધવાની અને વિસ્તાર પામવાની શકિત ગજબની છે. ઘોટાળા અને ગૂંચવાડામાં એ સમૃદ્ધ છે.

સિનીઅર ઇજનેરો ખાતાના મંત્રીપદે હોવા જોઈએ એ સૂચના સાથે અસંમતિ દર્શાવતાં એમણે કહ્યું: ઇજનેર તો નિર્માતા છે, નવી વસ્તુઓનો સર્જક છે. એનું સ્થાન ખુલ્લામાં છે, નહિ કે સેક્રેટરિયેટ(મંત્રીગૃહ)માં, જ્યાં બીજાઓને હુકમ આપ્યા કરવાનો જ એકપૂરો આનંદ એ માણી શકે.

વડાપ્રધાને કહ્યું કે ઉદ્‌ઘાટનના ભભકાદાર સમારંભો એ દિલ્હીની ફૅશન થઈ પડ્યા છે. આવાં સંમેલનોમાં લાંબાંલાંબાં ભાષણો ઝીંકાય છે. કેટલાકને એમાં 'અમે પણ કંઈક છીએ' એવો વાવટો ઉડાડવાની તક મળે છે. થોડોક સમય આવાં સંમેલનો બંધ રહે અને ચૂપચાપ કશા દેખાડા વગર બધું કામ થાય તો કદાચ વધારે સારું નહિ ?—એમ ઘણીવાર મને થાય છે.

શ્રી નહેરુએ ધ્યાન ખેંચ્યું કે યુદ્ધ પહેલાં મંત્રીગૃહમાં ૩,૨૦૦ ચપરાસી હતા. અત્યારે એમની સંખ્યા ૧૯,૦૦૦ની છે. ચપરાસીઓ સામે કાંઈ કહેવાનું નથી, પણ અમલદારો એમ માનતા લાગે છે કે જેમ પોતાને ચપરાસી વધારે તેમ પોતાનું વધુ ગૌરવ, અને જેમ એમને આમતેમ વધુ દોડાવવામાં આવે તેમ પોતનો મોભો વધારે. વિચિત્ર છે આ બાબુશાઈ શાન! બે અમલદારોના કમરા અડોઅડ હોય, પણ તેઓ લાંબી, બેઢંગી નોંધો ચપરાસી જોડે મોકલશે, ફોન પર કે એકમેકને મળીને વાત નહિ કરી લે. નવી દિલ્હીમાં 'ડાયરેક્ટર' તો જોવા નહિ જડે, કેમ કે અહીં સૌ કોઈ 'ડાયરેક્ટર જનરલ' છે.

વડાપ્રધાને કહ્યું કે જૂનું માળખું બદલી નાખવું પડશે અને જૂના ચીલાઓમાંથી અમલદારોએ બહાર આવવું જોઈએ ને યુગભાવનાને અનુરૂપ હોય એવો દૃષ્ટિકોણ કેળવવો જોઈએ.

['હિન્દુસ્તાન ટાઇમ્સ' : ઑક્ટો. ૨૭, '૫૩]

કતલ, કાયદો અને કરુણા

મારે સત્તા–બત્તા નથી જોઈતી. કેવળ પ્રેમ મારી પાસે છે અને તેનાથી જ મારે કામ કરવું છે. ધાકધમકી આપવી મારું કામ નથી. હું તો સૌના અંતરમાં જે પ્રભુ પોઢ્યો છે તેને જગાડવાનું કામ કરું છું. તમારે સમજી લેવું જોઈએ કે જમીન વહેંચાયે જ છૂટકો થાય તેવો જમાનો આવી રહ્યો છે. પણ જમીન વહેંચાય તેટલાની જ મને ફિકર નથી. તે માટે તો કતલ અને કાનૂનના રસ્તા છે જ. ઓછી જમીનવાળા અને જમીનવિહોણા મારપીટ કરી જમીન ખૂંચવી લે એ મારે કબૂલ નથી. દેશ માટે આ ખતરનાક વાત છે. એવું થશે તો દેશમાં સદ્‌ભાવના, સુખ, સમૃદ્ધિ અને પ્રેમ નહીં રહે.

કાનૂન કરી શકાય. પણ તેનાથી લોકોનાં મન પર બળજબરી થશે, લોકો કોરટ–કચેરીએ લડશે. કહેશે, અમારી જમીન નહીં આપીએ. પછી પોલીસ અને લશ્કરની મદદ લેવી પડશે. આમાં હું કાંઈ સાર જોતો નથી.

કતલનો રસ્તો તમોગુણવાળો છે, કાનૂનનો રજોગુણવાળો છે. હું શુદ્ધ સત્ત્વગુણથી કામ થાય એમ ઇચ્છું છું. વોટ માંગવા ઘેરઘેર ગયા હતા તેમ આને માટે જવાનું છે. લોકોના હૃદયમાં પ્રવેશ પામવાનો છે. આસ્તેથી, સબૂરીથી કામ કરવું છે. આ કાંઈ વેરો ઉઘરાવવાનું કામ નથી. પ્રેમથી સમજાવીને રિઝાવીને માંગવાનું છે. છઠ્ઠો ભાગ ન આપે તો એમ નહીં કહીએ કે નથી લેતા. ૧૦૦ એકરમાંથી ૨ એકર આપે તો કહીએ કે આ તો તમારી આબરૂ જાય છે, માટે આજે નહીં કાલે તમારી આબરૂ પ્રમાણે આપજો.

લોકો પૂછે છે કાયદો કેમ નથી કરાવી લેતા? હું કહું છું કાયદો કરાવનારા બીજા ઘણા છે. એમને હું રોકતો નથી.

કાનૂન એટલે શું? લોકોનો મત બદલીને કાનૂન કરાય. કાનૂન કહે છે કે ૧૪ વર્ષ પહેલાં લગ્ન ન થાય. છતાં આજે ૧૪ વર્ષ

...ની હજારો છોકરીઓને પરણાવી દેવામાં આવે છે. કાનૂન મુજબ હરિજનો માટે મંદિરો ખુલ્લાં છે. પણ હું મંદિરે ગયો તો માર પડ્યો. છેવટ દેશ આખામાં હોહો થઈ અને હરિજનો માટે મંદિરનાં દ્વાર ખૂલ્યાં. મૂળે વાત એ છે કે માણસનાં દિલ પલટયા વિના કાયદાને જોરે આવાં કામ નથી થતાં.

માની લો, જબરદસ્તીથી જમીનો વહેંચી. એકલી જમીન વાણે પતવાનું છે? સાથે હળ, બળદ, બીનો ખપ પડશે તે ક્યાંથી આવશે? કાયદાને જોરે જમીનો આંચકીશું તો તેઓ કંઈ બિયારણ નહિ પૂરે. પણ પ્રેમથી જમીન લઈશું તો તેઓ પ્રેમથી ભોંય તોડી પણ દેશે, કૂવા પણ ખોદશે અને બી પણ આપશે.

ભૂમિદાન સફળ થશે તો આખા જગતને એની અસર થશે. અહીં તો હિંદુસ્તાનમાં બીજી તાકાત છે કઈ? નૈતિક શક્તિ એ જ આપણી તાકાત છે. લાવલશ્કરમાં તો રશિયા, ઇંગ્લૅંડ વગેરેને આપણે પહોંચીએ ખરા? પણ નૈતિક તાકાતથી તેમને પણ પહોંચી વળાય. ગાંધીજીનું કેમ બધા માનતા હતા? એમની પાસે લશ્કર હતું? ના, નૈતિક શક્તિ હતી. તેમ જ હિંદુસ્તાન પર કોઈ હુમલો નહીં કરી શકે, સૌ હિંદનું માનશે અને એણે ચીંધેલે રસ્તે ચાલશે.

[વિનોબા : પડાવ શાહકુંડમાં, તા. ૯–૧૦–'૫૩ના રોજ કરેલા ભાષણમાંથી]

ત્રીજા ભોંયરામાં સુગુપ્ત

ગ્રંથસંગ્રહોને ઉનાળાની ગરમી અને ચોમાસાની શરદીની અસર ન થાય તેમ જ ઊધઈ વાંતરી વગેરે પુસ્તકખાઉ જંતુઓનો તેને ઉપદ્રવ ન થાય એ માટે તેને લાયક સ્થાનો હોવાં જોઈએ. આ જાતનાં અતિસુરક્ષિત સ્થાનો પ્રાચીન જમાનામાં ઘણાં ઘણાં હોવાં જોઈએ. પરંતુ તે પૈકીનું અતિસુરક્ષિત સુગુપ્ત આદર્શરૂપ માની શકાય તેવું એક જ સ્થાન જેસલમેરના કિલ્લાના મંદિરમાં જળવાઈ રહ્યું છે, જેમાં ત્યાંના શ્રી જિનભદ્રસુરી જૈન જ્ઞાનભંડારને સુરક્ષિત રાખવામાં આવ્યો છે. છસો વરસથી ચાલ્યું આવતું આ સ્થાન જૈનમંદિરમાં આવેલા એક ભૂમિગૃહ-ભોંયરારૂપ છે. છસો વર્ષનાં વહાણાં વાઈ જવા છતાં ઉધેઈ આદિ જંતુઓનો કે ગરમીશરદીનો કદીય તેમાં સંચાર થયો નથી.

આપણી કલ્પનામાંય એકાએક નહિ આવી શકે કે તે જમાનાના કારીગરોએ એ સ્થાનના તળમાં કઈ જાતનાં એવાં રસાયણો નાખ્યાં હશે જેથી એ સ્થાન આજ પર્યંત આટલું સુરક્ષિત રહેવા સાથે તેમાંનાં પુસ્તકો પણ સુરક્ષિત રહી શક્યાં છે. જેમ જ્ઞાનભંડારો માટેનાં મકાનો સુરક્ષિત બનાવવામાં આવતાં તે રીતે રાજદ્વારી વિપ્લવના યુગોમાં એ મકાનોને સુગુપ્ત પણ રાખવામાં આવતાં હતાં. જેસલમેરના કિલ્લાનું ઉપર્યુક્ત સ્થાન નિરુપદ્રવ, સુરક્ષિત અને સુગુપ્ત સ્થાન છે. એમાં અંદરના ત્રીજા ભોંયરામાં જ્ઞાનભંડાર રાખવામાં આવે છે, જેનું દ્વાર એટલું નાનું છે કે આપણે નીચા વળીને જ અંદર જઈ શકીએ. એ દરવાજાને બંધ કરવા માટે પોલાદનું ઢાંકણ બનાવવામાં આવ્યું છે અને વિપ્લવના પ્રસંગે એના મોઢાને બરાબર ઢાંકી દેવા માટે ચોરસ પથ્થર પણ તૈયાર રાખ્યો છે, જે આજે ત્યાં વિદ્યમાન છે. તે પછીના બે દરવાજાઓ માટેનાં ઢાંકણાંની કોઈ વ્યવસ્થા જરૂર હશે જ, પરંતુ આજે એનો કોઈ અવશેષ આપણી સામે નથી. ભોંયરામાં ઊતરવાના રસ્તાના મુખ માટે એવી વ્યવસ્થા કરવામાં આવી છે કે વિપ્લવના પ્રસંગે તેને પણ મોટા પહાડી પથ્થરથી એવી રીતે ઢાંકી દેવામાં આવે, જેથી કોઈ કલ્પી શકે નહિ કે આ સ્થાનમાં કોઈ વસ્તુને છુપાવવામાં આવી છે. ભોંયરાના મુખને ઢાંકી દેવા માટેનો ઉપર્યુક્ત મહાકાય પથ્થર આજે પણ ત્યાં વર્તમાન છે.

જ્ઞાનપંચમીના પર્વનું મહત્ત્વ


જ્ઞાનભંડારોના રક્ષણ માટેનો પ્રશ્ન આવ્યો. તેના ઉકેલ માટે બીજાં સાધનોની જેમ એક પર્વદિવસને પણ વધારે મહત્ત્વ આપ્યું. એ પર્વ તે જ્ઞાનપંચમી કાર્તિક સુદિ પાંચમનો દિવસ. આખા વરસની શીત, ઉષ્ણ અને શરદી જેવી ઋતુઓની વિવિધ અસરમાંથી પસાર થયેલા શાસ્ત્રરાશિની હેરફેર કરવામાં ન આવે તો એ ગ્રંથરાશિ અકાળે જ નાશાભિમુખ બની જાય. તેને બચાવવા માટે તેની હેરફેર વર્ષમાં એકવાર જરૂર કરવી જોઈએ, જેથી તેમાંની અનેકવિધ વિકૃત અસરો દૂર થાય અને શાસ્ત્રો કાયમી આરોગ્યદશામાં રહે. આજે આ ધર્મપર્વને મહત્ત્વ આપવામાં આવે છે તેના મૂળમાં મુખ્ય તો આ જ ઉદ્દેશ છે.

[મુનિશ્રી પુણ્યવિજયજી : અમદાવાદમાં હસ્તપ્રતોના પ્રદર્શનના ઉદ્‌ઘાટન સમારંભના નિવેદનમાં.]

(અનુસંધાન પૃ. ૪૧૧થી)

જેવી નહેરોની યોજનાઓ ચીન કરી શક્યું એવી યોજનાઓ આપણી પાસે પણ તૈયાર છે; પરંતુ એ માટે લોકોમાં 'અહાલેક' જગાવે એવી નેતાગીરીની જરૂર છે. શ્રમનું ગૌરવ વધારવા માટે કેટલીક ફેશનો સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી પ્રચલિત બની છે; એમાંની એક ફેશન સુંદર કપડાં પહેરીને બેપાંચ પાવડા માટી જમીનમાંથી તગારામાં નાંખીને એક છબી પડાવવાની છે. આ રીતે શ્રમનું ગૌરવ ન વધે એટલું પણ આ સજ્જનો નથી સમજતા? પ્રધાનપદું ભોગવતા સજ્જનો ભલે એમના ખાતામાં આખો દિવસ રચ્યાપચ્યા રહી રાજ્યની પ્રવૃત્તિઓનું સંચાલન કરે; આવી રીતે પ્રવાસો કરીને શ્રમ કરવાનો આગ્રહ કોઈ એમને કરતું નથી; પરંતુ એ રાષ્ટ્રના મૂળભૂત પ્રશ્નો વિચારી પ્રજાને સ્પષ્ટ માર્ગદર્શન આપશે તો પણ પ્રજા ઘણું કામ પાર પાડી આપશે.

બેકારોને રોટલા ખવડાવવાની જવાબદારી સરકાર લે ને રજાઓના સમયમાં વિદ્યાર્થીઓ પાસેથી પણ કામ લે તો એક નહીં પણ એક સો એક દામોદર નહેરની યોજનાઓ પાર પાડી શકાય. આજે તો તુમારશાહીમાં આપણું તંત્ર અટવાઈ ગયું છે ને 'શકટનો ભાર જેમ શ્વાન તાણે'વાળી મનોવૃત્તિ ચારે બાજુ પ્રવર્તી રહી છે. એમાંથી બહાર આવવા માટે આપણા રાજનીતિજ્ઞોએ જ પ્રયત્ન કરવો પડશે ને પાણી આવ્યા પહેલાં પાળ ન બંધાય તો પાણીની તો ફરજ છે કે પોતાનો માર્ગ શોધી લેવો; પણ પાણી પોતાની ફરજ ડાહી રીતે બજાવતું નથી એ અનુભવસિદ્ધ હકીકત છે. માટે જ દેશને હોનારતમાંથી બચાવવા માટે આપણા જેવડા જ વિશાળ, આપણા જેવડા જ પછાત ને આપણા જેવા જ રંગવાળા માનવીઓએ જે જાદુ પોતાના દેશમાં કર્યો એ જ જાદુ એના જેવી હિંસા કર્યા વગર આપણે સહેલાઈથી કરી શકીએ એમ છીએ ને કરવો જોઈએ.


ભારતથી કેનેડા

Reg. No. B 4943

ભારતીય સમન્વય

શું હિંદના, શું પરદેશના, ભારતીય સંસ્કૃતિનો પરામર્શ કરનારા તમામ સમર્થ વિદ્વાનો સામાન્ય રીતે એક વાત સ્વીકારે છે કે આ સંસ્કૃતિના પાયાના લક્ષણને **વિરોધોમાં સંવાદ** અથવા તો **વિવિધતામાંથી એકતા નિપજાવનાર સમન્વય** તરીકે વર્ણવી શકાય. બીજી કોઈ સંસ્કૃતિની પરિપાટી કરતાં એ વધુ બૃહત, વિસ્તારલક્ષી અને સર્વગ્રાહી છે,–જીવનના જેવી જ–અને એણે સ્વીકરણ અને સમજણનું એવું એક વલણ સર્જાવ્યું છે જે અનુભૂતિના કોઈ એક જ પ્રકારમાં ભરાઈ ન રહે અને બીજા પ્રકારોને દૂર રાખે.

ભૌતિક સભ્યતાઓ, ધર્મો, સામાજિક સંપ્રદાયો અને રૂઢિઓ તેમ જ સિદ્ધાન્તો અને ખ્યાલોના સંમિશ્રણને બાજુ રાખતાં, **ભારતીય સમન્વય**ની સ્થાપના નીચેનાં તત્ત્વો ઉપર ઊંચી બૌદ્ધિક અને આદર્શવિષયક ભૂમિકાએ થઈ છે: અદૃષ્ટ વાસ્તવિક તત્ત્વ જે વિશ્વથી પર પણ છે અને ઓતપ્રોત પણ છે (દૈવી તત્ત્વ માટે જૂનો તામિલ શબ્દ ‘ કટ-વ-ઉળ ’ છે), તેની અભિવ્યક્તિરૂપે તમામ જીવનની **એકતા**નો ખ્યાલ વિસંવાદી ભાસતા જીવનના તેમ જ અનુભૂતિના અંશોને કોઈ તાત્ત્વિક એકતામાં એના યોગ્ય સ્થાને સંયોજવા કરતી સમન્વય માટેની અભીપ્સા; બુદ્ધિને દૃઢપણે વળગવાની વૃત્તિ અને તે સાથે જ એને લાગણી, સ્વયંસ્ફુરિત જ્ઞાન અને રહસ્યવાદી દર્શનની ઉચ્ચ ભૂમિકા સાથે મેળમાં લાવવાનો પ્રયત્ન; જીવનની વિટંબણાઓ અને શોકનું ભાન અને એ શોકો અને વીતકોનાં મૂળ કારણ સુધી જઈને એને નિવારવાનો પ્રયાસ; સમગ્ર જીવન પવિત્ર છે એવી લાગણી; અને સૌથી વિશેષ તો, બીજાં તમામ દૃષ્ટિબિન્દુઓ અને માન્યતાઓ માટે વિશાળ સહિષ્ણુતા. આ અંતિમ સત્યનો સાક્ષાત્કાર એ જીવનનું સારસર્વસ્વ છે અને તેના સાક્ષાત્કારના માર્ગો પણ વૈયક્તિક તાલીમ, સ્વભાવ, વલણ પ્રમાણે વિવિધ સ્વીકારાયા છે. જ્ઞાનનો કે પ્રેમ (જેની પશ્ચાદ્ભૂમિમાં અનુગ્રહ હોય)નો, કે આત્મસંયમનો, કે સત્કર્મનો એમ ગમે તે માર્ગ હોય; જેમ અંતિમ સત્ય પણ માનવ દૃષ્ટિ અને અભિજ્ઞા સમક્ષ અસંખ્ય રૂપે પ્રગટ થયાં કરે છે. ભૌતિક જગતનો એનો ખ્યાલ દેશકાલથી પર છે, અને પદાર્થ તેમ જ શક્તિ તે એક જ પાર્થિવ તત્ત્વ, જે આ અદૃષ્ટ સત્યનો બાહ્ય આવિર્ભાવ છે, તેનાં જ રૂપો છે.

હિંદમાં ઘણા પ્રાચીન સમયથી ભિન્ન ભિન્ન ભાષાઓ, સંસ્કૃતિઓ અને જીવન તેમ જ વિચારની રીતિઓ વાળી ભિન્ન ભિન્ન પ્રજાઓ હિંદની ભૂમિ ઉપર ઉપસ્થિત છે એ હકીકતથી આ બધા સમન્વયના વલણને પ્રેરણા મળી છે અને એનો વિકાસ સરળ બન્યો છે. એ સૌ અનિવાર્યપણે એકમેક તરફ ભેળાં આકર્ષાયાં અને એક સુગ્રથિત સર્વગ્રાહી સભ્યતામાં સૌનો સમાસ થયો હતો. એ સભ્યતામાં રંગ–જાતિ–ભેદની સ્થાપના માટે અવકાશ ન હતો, કે જાતિસંમિલન એ તદ્દન આરંભથી જ એના એક હમેશના લક્ષણ તરીકે શરૂ થયું હતું. … એફ. ડબલ્યુ. ટોમસ પ્રમાણે વૈદિક અથવા તો આર્યયુગ (ઈ. સ. પૂર્વે ૧૨૦૦થી ૫૦૦) એ **ભારતીય માનવ**ના સર્જનનો સાક્ષી છે.

ભારતીય માનવ ઉત્તર ભારતમાં પ્રવર્તમાન આ ચાર તત્ત્વોના સંમિલનમાંથી સર્જાયો હતો: ઑસ્ટ્રીક અથવા ઑસ્ટ્રો–એશિયાઈ, મોંગલ અથવા તો ચીની–તિબેટી, દ્રાવિડી, આર્ય;–એમનાં ભારતીય, પ્રાચીન તેમ જ આર્યોએ નામો આપવાં હોય તો, અનુક્રમે નિષાદો (અથવા નાગ ભીલ–કોલ્લ,) કિરાતો, દ્રવિડો (આરંભના દાસ-દસ્યુ અને શૂદ્રો) અને આર્યો.

[ડૉ. સુનીતિકુમાર ચાટુર્જ્યા : અમદાવાદમાં ૧૭મી પ્રાચ્યવિદ્યાપરિષદના પ્રમુખપદેથી]

સંસ્કૃતિ

વર્ષ ૭મું : અંક બારમો

ડિસેમ્બર ૧૯૫૩

તંત્રી :
ઉમાશંકર જોષી



શિયાળાની ચમક:

કલાકાર : રસિકલાલ પરીખ



સંસ્કૃતિ

વર્ષ સાતમું અંક બારમો

અનુક્રમણિકા : ડિસેમ્બર ૧૯૫૩



સંસ્કૃતિ કાર્યાલય વતી મુદ્રક-પ્રકાશક : કિશનસિંહ ચાવડા, ચેતના પ્રેસ લિ., નવા બજાર, વડોદરા.

લેખકમિત્રોને વિનંતિ :

* લખાણ કાગળની એક બાજુ અને સ્વચ્છ અક્ષરે લખાયેલું, જોડણી... પ્રમાણેની જોડણીવાળું હોય તે મુદ્રણદૃષ્ટિએ જરૂરી છે.
* લખાણ પાછું મેળવવા માટે તેની સાથે જવાબી પરબીડિયું હોય તે આવશ્યક છે.

સૂચનાઓ :

* દર માસની સાતમી તારીખે અંક પ્રસિદ્ધ થાય છે.
* દશમી સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
* પત્રવ્યવહારમાં ગ્રાહકનંબર લખવા થી સગવડ થશે.
* આ માસિકમાં પ્રસિદ્ધ થતા લેખોમાંના અભિપ્રાય માટેની જવાબદારી તે તે લેખકની છે.
* પ્રથમ અંકથી ગ્રાહક થવું આવશ્યક છે.

ગ્રાહકો નોંધવાનાં સ્થળો :

એન. એમ. ત્રિપાઠી, લિ. મુંબઈ
જીવનસાહિત્યમંદિર, અમદાવાદ
ભારતીસાહિત્યસંઘ, અમદાવાદ
ઇન્દ્રધનુ, મિશનરોડ, અમદાવાદ
ગાંડીવ સાહિત્યમંદિર, પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઈ-૨
ગાંડીવ સાહિત્યમંદિર, લાલગેટ, સુરત
એલ. કે. મેઘાણી : આગરતોલા સ્ટ્રીટ, કલકત્તા ૧.
પ્રભાકર બ્રધર્સ, પો. બો. ..., નૈરોબી, ઇસ્ટ આફ્રિકા.

લવાજમ :

દેશમાં રૂપિયા સાત. પરદેશમાં રૂ. ... અથવા શિલિંગ ૧૪. છૂટક નકલ બાર આના.

તંત્ર અને વ્યવસ્થા અંગેના સર્વ પત્રવ્યવહારનું સરનામું :

સંસ્કૃતિ કાર્યાલય,
એલિસ-બ્રિજ. અમદાવાદ-૬

સંસ્કૃતિ

सत्यं परं धीमहि ।

ડિસેમ્બર  ૧૯૫૩

સર્વગ્રાહી સમન્વયદૃષ્ટિ

'ઇતિહાસનું અધ્યયન' એ પુસ્તકના પ્રથમ ત્રણ ખંડો વીસેક વરસ ઉપર ટૉયન્બીએ આપ્યા ત્યારે અગ્રણી ઇતિહાસકારોનાં વિદ્વન્મંડળોમાંના એક અધ્યાપકે અવલોકનની નકલ મહિનોમાસ રાખીને પાછી મોકલી કેમ કે 'કોઈ એક વિભાગમાં એ પુસ્તક પડતું ન હતું.' ૧૯૪૬માં સમરવેલનો સંક્ષેપ બહાર આવ્યો ત્યાર પછી ટૉયન્બીના મહાન ગ્રંથનો પ્રચાર થયો. પણ આ સંક્ષેપ શું છે? અસલના શબ્દો જરૂર રાખ્યા છે, પણ જે ઉત્તમ હતું, સૌથી વધુ વાચનક્ષમ હતું – ખાસ તો વિસ્તૃત નક્કર દૃષ્ટાન્તો – તે ગાળી નાખવામાં આવેલ છે. આ દાખલો સૂચવે છે કે "સામાન્ય અને સનાતન રસની સ્થાયી કૃતિ સર્જવાનો પ્રયત્ન કરનારો અભ્યાસી જનતા તેમ જ વિદ્વન્મંડળો બંનેસાથેના સીધા સંપર્કથી પોતે વંચિત છે એમ જુએ છે."

ફિલસૂફી અને માનવતાલક્ષી અધ્યયનની આંતરરાષ્ટ્રીય સંસદે હમણાં પ્રગટ કરેલા 'ડાયોજીનીસ' ત્રૈમાસિકના પ્રથમ અંકમાં ચિકાગોના એક અધ્યાપક અને ત્યાંની સમાજ-વિચારણા સમિતિના પ્રમુખ શ્રી જૉહ્ન નેફ તંત્રીને એક પત્ર લખી આ પ્રશ્નને ઉઠાવ આપે છે. એની પાછળનાં કારણોમાં વિદ્યાપીઠોની સ્નાતકશાળાઓની રસમોને એ ખાસ નોંધપાત્ર લેખે છે. "વિદ્યાપીઠોમાં તાલીમ ઉપરછલી અને ખાલીખમ નથી હોતી ત્યાં તે વધુ ને વધુ એકવિષયનિષ્ણાતપણા તરફ ઢળતી જાય છે. યુનાઈટેડ સ્ટેટ્સમાં આ વલણ લગભગ અંતિમ હદે પહોંચાડવામાં આવ્યું છે અને કમભાગ્યે પરદેશો ઘણીવાર અમારી કનિષ્ઠમાં કનિષ્ઠ ટેવોનું અનુકરણ કરવા પ્રેરાય છે. થોડાક અપવાદ બાદ કરતાં યુનાઈટેડ સ્ટેટ્સમાં વિદ્યાપીઠો ગ્રેટબ્રિટનની જેમ કૉલેજોમાં કે ફ્રાન્સની જેમ અર્ધસ્વાયત્ત વિદ્યાવિભાગો કે સંસ્થાઓમાં વહેંચાયેલી નથી. 'ડિપાર્ટમેન્ટ્સ'(ખાતા)માં એ વહેંચાઈ હોય છે." વિષયના ભાગ અને તેના પેટાવિભાગ પાડી, વિદ્યાપ્રવૃત્તિને ખાતાંમાં વહેંચી દેવાથી અધ્યાપકોનું દર્શન સાંકડું બનાવી દેવામાં આવ્યું છે. એકવિષયનિપુણતા(સ્પેશ્યલાઈઝેશન)ની અગત્ય ઓછી નથી, પણ સમગ્ર સાથે તેનું સંયોજન થવું જોઈએ.

ગઈ સદીના ઉત્તરાર્ધમાં એકવિષયનિપુણોને નાનાં મંડળો રચી અવારનવાર અધિવેશનો ભરી વિચારોની આપલે કરવાની જરૂર જણાઈ ત્યારે તો સામાન્ય રસના વિષયો ચર્ચાતા. વળીવળીને સર્વદેશીય રસના વિષયો સાથે અનુસંધાન સાધવા ઉપર સર્જક બૌદ્ધિક વાર્તાલાપ(creative intellectual conversation) નિર્ભર હોય છે. અત્યારે? અર્ધી સદી પહેલાંના એ મહાન વાર્તાલાપો લગભગ નામશેષ થાય છે. માનવીમાત્રને સ્પર્શતા વિષયો(–પ્રમાણચિકિત્સા જેવા–)નું પણ એમ જ થયું છે. ભણાવીને થાકેલા અધ્યાપકો રજામાં આરામ લેવાને સમયે ટોળે મળે છે; નિબંધો કેટલાક સારા હોય છે પણ ઓછા માણસો તે સાંભળે છે અને ચર્ચે છે એથીયે ઓછા. આ ઉભડક (distracted) શ્રોતાજનો આગળ માનવજ્ઞાનની શી ગતિસ્થિતિ? કોઈ નવો શ્રોતૃસમાજ રચાવો જોઈએ એમ શ્રી નેફ કહે છે અને સૂચવે છે કે એ નાના સુધારાઓથી નહિ પણ વિદ્યાપીઠોની પ્રણાલીઓના નવેસર પાયા નાખીને થઈ શકે. શ્રી નેફ જ્ઞાનસાધનાની અત્યારની સ્થિતિ તપાસે છે. પ્રત્યક્ષ અને અનુમાન એ બે પ્રમાણો ઉપર છેલ્લી બેત્રણ સદીમાં બહુ ભાર મૂકવામાં આવ્યો છે. વ્હાઈટહેડે બતાવ્યું હતું તેમ વિજ્ઞાનવિચાર ગણિતવિદ્યાથી ગોઠવાયો છે, પણ ગણિતવિદ્યાને અમૂર્ત વસ્તુઓ સાથે લેવાદેવા છે અને એ અમૂર્ત વસ્તુઓ સાથે કામ પાડો ત્યાં સુધી જ એ સંતોષપ્રદ હોય છે. વિજ્ઞાન કરતાં પ્રજ્ઞા-ડહાપણ(Wisdom) ઉપર જીવનનું સર્વગ્રાહી દર્શન મેળવવા માટે વધુ આધાર રાખી શકાય. કળા મદદરૂપ નીવડે. વિદ્યાપીઠોમાં આજ સુધી જે જાતની શિસ્ત મનને અપાઈ છે તેથી જુદી શિસ્ત અપાય એ માટે જાગ્રત થવાની જરૂર છે. એકવિષયનિપુણતાનો પૂરો લાભ લેવાનો રહેશે, પણ જીવનના સર્વદેશીય પ્રશ્નો સાથે એનું અનુસંધાન હશે. મન પાસેથી આજસુધી માનવજાતિને ઘણી સેવા મળી છે, હજી વધુ મેળવવી જોઈએ પણ તે જ્ઞાનસાધનામાં અત્યંત આવશ્યક એવી સર્વગ્રાહી સમન્વયદૃષ્ટિને ઉપકારક નીવડે એ રીતે. —**ઉમાશંકર જોષી**

સમયરંગ

તંત્રી

‘ જરૂર છે જિસસની ’

બ્રિટિશ ગિયાનાના પદભ્રષ્ટ વડાપ્રધાન ડૉ. ચેડ્ડી જગન અને પીપલ્સ પ્રોગ્રેસીવ પાર્ટી(પી.પી.પી.)ના પ્રમુખ શ્રી બર્નહામ હિંદમાં આવ્યા છે. એમના દેશનો વિસ્તાર ૮૯,૦૦૦ ચોરસ માઈલનો છે અને વસ્તી છે માત્ર સાડાચાર લાખની. અને છતાં ત્યાં ‘ જમીનની ભૂખ ’ (Land Hunger) છે. આ દશાને આપણા વડાપ્રધાન શ્રી નહેરુએ માન્યામાં ન આવે એવી (fantastic) કહી. આમ થવાનું કારણ ? માત્ર ખાંડ માટે ગિરમિટિયા હિંદી મજૂરો અને ગુલામ તરીકે આણેલા આફ્રિકનોની મદદથી ખાંડનાં કારખાનાં ઊભાં કરવામાં આવેલાં. શેરડીનાં વિશાળ ખેતરોનું યંત્રીકરણ થયું. માત્ર ચૌદ, શેરડીનાં ખેતરો અને ખાંડનાં કારખાનાંના, માલિકો આખા અર્થતંત્રના સ્વામી થઈ બેઠા છે. જમીન પ્રાપ્ત કરવાના કાયદા, શાહીવાદી સરકારની જમીનના વિકાસના પ્રશ્ન પ્રત્યેની નફરત અને ગિરમિટિયા મજૂરો ક્યારેય તે ‘ સ્વતંત્ર ખેડૂત ’ ન બને તેવી ‘ કાયદેસરની વ્યવસ્થા ’ —આ બધાં કારણોથી ‘ જમીનની ભૂખ ’નો પ્રશ્ન તીવ્ર બન્યો. ડૉ. જગનની સરકાર જમીનદારી નાબૂદ કરવાના કાયદા ઘડવાની હતી અને શેરડી સિવાય બીજા પાકોની ખેતી થાય તેની વ્યવસ્થા કરવાની હતી.

બ્રિટિશ ગિયાનાના હિંદી તેમ જ આફ્રિકન મજૂરો માટીનાં ઝૂંપડાંમાં રહે છે ને વેટિકનનો રોમન કેથલિક ધર્મ પાળે છે. બ્રિટનના અગ્રગણ્ય અખબાર ‘ ન્યૂઝ ક્રૉનિકલ ’ના પ્રતિનિધિ (જેણે બ્રિ. ગિ.ની પ્રજાની સ્થિતિ sub-human in its barbarity— બર્બરતાને કારણે માણસ કરતાં ઊતરતાં પ્રાણીની હોય એવી— કહી છે.) પાસે એક હિંદી મજૂરે આશા વ્યક્ત કરી હતી : ‘ Mistah, Ahm telling you what we folks wants is dat good shepherd. We wants a Jesus now. ’— મિસ્ટર, અમ લોકને જોઈએ છે ફક્ત પેલો ભલો ભરવાડ. આજે અમને જરૂર છે જિસસની. બાઈબલને અક્ષરશઃ માનતા આ હિંદી મજૂરના ઉદ્ગારમાં ત્યાંની સ્થિતિની કાગળનું વીંધી નાખે એવી વેધકતા પ્રગટ થતી નથી ?

સંસ્થાનવાદ-લોકશાહી આદર્શની શરમ

બ્રિટનના મજૂરપક્ષના પત્ર ‘ ડેઈલી હેરલ્ડ ’માં સંસ્થાન-મંત્રી શ્રી લિટલટનને કેન્યામાં કરેલા આંધળા બૉમ્બમારા માટે અને બ્રિટિશ ગિયાનામાં કાયદો અભરાઈએ ચઢાવવા માટે દૂર કરવા જોઈએ એવી માગણી થઈ છે. કૅપ્ટન ગ્રિફિથ્સનો કેઈસ ચાલતાં, કેન્યામાં જંગલી પશુઓના શિકારની જેમ માઉ-માઉ સામે બૉમ્બમારા થયાની કારમી વીગતો બહાર આવી એથી બ્રિટિશ પ્રજાના કેટલાક ભાગનો પુણ્યપ્રકોપ જાગી ઊઠચો છે. ‘ આ નથી કાયદો, નથી આત્મ-રક્ષણ. અમાનુષિતા છે આ તો, —અને રાજકીય ગાંડપણ છે. અને મિ. લિટલટને આની જવાબદારી ભોગવવી જોઈએ, હજીય એ પાર્લમેન્ટના સભ્યોનું પ્રતિનિધિમંડળ આ પરિસ્થિતિની તપાસ કરવા માટે જાય તેમાં વિલંબ કરી રહ્યા છે તેથી તો વધુ. ’

હિંદના વડાપ્રધાને પહેલાં કેન્યા (અને આફ્રિકાનાં સૌ દલિત દેશો) અંગે બોલતાં અને હમણાં ડૉ. ચેડ્ડી જગનના અહીં આવ્યા પછી સંસ્થાનવાદ વિરુદ્ધ હિંદનો અવાજ ઉઠાવ્યો છે. હમણાં અમેરિકાના ઉપ-પ્રમુખ શ્રી નિકસન હિંદમાં મહેમાન છે તેમણે મદ્રાસમાં કહ્યું કે સંસ્થાનવાદ તરફના “ પાયાના વલણમાં ” હિંદ અને અમેરિકા વચ્ચે કાંઈ મતભેદ નથી. યુનાઈટેડ સ્ટેઈટ્સ પણ હિંદની જેમ જ, “ સ્વતંત્ર થવાના અને પોતાની મરજી પ્રમાણેની રીતની સરકાર મુક્તપણે પસંદ કરવાના હક્કની સૌ પ્રજાઓને બાંહેધરી આપવાની ” નીતિ સાથે આદર્શ રીતે બંધાયેલું છે એમ શ્રી નિકસને કહ્યું. સૌ કોઈ ઇચ્છશે કે અમેરિકા આ ભાવનાની સક્રિય રીતે પ્રતીતિ કરાવે

દુનિયામાં સંસ્થાનવાદ છે ત્યાં સુધી અમેરિકાની લોકશાહી-સિદ્ધાન્તોની વાતો કોઈને ગળે ઊતરે એ મુશ્કેલ છે. કેટલેક ઠેકાણે સંસ્થાનવાદ અમેરિકાના આશીર્વાદથી ટકી રહેલો પણ જોવા મળે છે. રાજકીય રીતે સ્વતંત્ર થયેલા દેશો પણ ખુદ અમેરિકાનાં આર્થિક સંસ્થાનો જેવા બની રહેવાની દહેશત એશિયાઈ દેશોને ઓછી નથી. આવી દહેશત, એ શ્રી નૉર્મન કઝીન્સે 'હૂ સ્પીક્સ ફૉર મૅન'-પુસ્તકમાં અંગ્રેજ ખસી ગયા પછી આ પ્રદેશોને બીજો કોઈ ખલનાયક જોઈએ - અને અમેરિકા તેમને હાથ લાગ્યું છે—એ રીતે પ્રશ્ન તરફ આંખ મીંચવા પ્રયત્ન કર્યો છે તેવી તરંગી નથી, પણ વાસ્તવિક છે એ પણ જેટલું વહેલું સમજાય એટલું સારું. પાકિસ્તાન સાથે રક્ષણકરારો કરી ત્યાં વિમાની મથકો મેળવવા અંગેની વાત બહાર આવી છે તેણે કાંઈ નહિ તો એશિયામાં અમેરિકાની દાનતને જરૂર ખુલ્લી પાડી છે.

સાહિત્ય-પરમ સંવાદનું ક્રીડાક્ષેત્ર

સ્વ. સાને ગુરુજીએ સ્થાપેલા સાપ્તાહિક સાધનામાંની એક નોંધ નીચે ઉતારી છે :

"સાહિત્ય સંમેલનના અધિવેશનમાં ભાષાભગિની સંમેલનનો એક નાનકડો કાર્યક્રમ થયો હતો. તે પ્રસંગે જુદા જુદા વક્તાઓએ સંસ્કૃત, હિંદી, ગુજરાતી, કાનડી અને કોંકણી ભાષાઓનાં સૌન્દર્ય અને સામર્થ્યનો ટૂંકમાં પરિચય કરાવ્યો હતો. એમાંથી જે વાતાવરણ પેદા થયું તે એટલું રમ્ય અને પ્રસન્ન હતું કે રાજકીય ભૂમિકા ઉપરથી ભાષા ભાષા વચ્ચે વેરનો જે દેખાવ ઊભો કરવામાં આવે છે તે ખોટો છે અને એ ભાષાઓમાં સહજ સૌહાર્દ છે એ વાત સર્વસાધારણ શ્રોતાઓના પણ ધ્યાનમાં આવી, અને Where politicians divide, poets unite.—એ સત્યની ફરી એકવાર પ્રતીતિ થઈ.

સાહિત્ય એ વાદોનું રણક્ષેત્ર નથી પણ પરમ સંવાદનું ક્રીડાક્ષેત્ર છે. એટલે જ વાદ અને ઝઘડાના ચક્રવ્યૂહમાં ફસાયેલા આપણા સમાજને ભાનમાં લાવવાનું કાર્ય આપણી સાહિત્યસંસ્થાઓએ અત્યારે તાકીદે કરવાનું છે. આ ઉદ્દેશ જો ભુલાઈ ગયો અને રાજકીય હેતુઓનો હાથો બની દેશમાંની આપણી સાહિત્યસંસ્થાઓ જો ઝઘડાના રાજકારણમાં ગૂંથાઈ ગઈ તો સામાન્ય માણસોની રહીસહી આશા પણ નાશ પામશે. અમદાવાદના સાહિત્યસંમેલને શરૂ કરેલા આ સ્તુત્ય ઉપક્રમનું જ અનુકરણ બીજાં સાહિત્ય-સંમેલનોએ પણ આસ્થાપૂર્વક કરવું જોઈએ. અને સાહિત્યનો આદર્શ નિર્મળ રાખવા માટે પ્રયત્ન કરનારા સાહિત્યકારો અને સાહિત્યપ્રેમીઓએ એમાં અવશ્ય ભાગ લેવો જોઈએ. સાને ગુરુજીના આંતરભારતીના સ્વપ્નને સાકાર થવા માટે આવશ્યક વાતાવરણ લોકોમાં આજે તૈયાર છે; ઊણપ હોય તો તે કલાકારોની જ."

અમદાવાદમાં સ્થાનિક લેખકમિલને મરાઠી સાહિત્યકારો-ને મળવા માટે યોજેલા કાર્યક્રમમાં મહામહોપાધ્યાય દત્તો વામન પોતદારે આવા પરસ્પર મિલનના પ્રસંગ તે સંમેલન કરતાં પણ વધુ મહત્ત્વના છે એવો ઉદ્‌ગાર કાઢ્યો હતો. મરાઠી-ગુજરાતી કાવ્યગાન થયું હતું અને મધુર પ્રેરક વાતાવરણ સર્જાયું હતું.

રંગનાં કૂંડાં : 'મેનાં ગુર્જરી'નો પ્રયોગ

અમદાવાનું નટમંડળ 'મેનાં ગુર્જરી'નું સંગીત-નાટક કેટલાક વખતથી આપે છે. પ્રજામાં એણે સારું આકર્ષણ જમાવ્યું છે એ સફળતા માટે એને અભિનંદન ઘટે છે. જૂના ગુજરાતી લોકગીત ઉપરથી વર્ષો પહેલાં શ્રી રસિકલાલ છો. પરીખે લખેલા સંગીતનાટકને વિસ્તારીને આ પ્રયોગ તૈયાર કરવામાં આવ્યો છે. સંગીત, વેશભૂષા, લોકનૃત્ય અને ભવાઈના અંશો—એના મિશ્રણરૂપ આ પ્રયોગ છે, અને એની સફળતામાં આ તત્ત્વોએ ધાર્યો ફાળો જરૂર આપ્યો છે. વેશભૂષા આકર્ષક છે અને દોષરહિત કહી શકાય. માત્ર છેવટના દૃશ્યમાં, બાદશાહને ત્યાં અન્નનો દાણો ન લેનાર મેનાંએ, કેદમાં હતી તોયે કપડાં બદલેલાં છે એ જોઈ નવાઈ લાગે છે. સંગીતનિયોજન સારું છે, ગુજરાતી છે. સસ્તા ફિલ્મી રાગોને શરણાગતિ જેવું દેખાતું નથી. આખા પ્રયોગનો બોજો સંગીત ઉપર પડ્યો છે એમ કહી શકાય, અને તે એણે સારી એવી સફળતાથી ઊંચકી લીધો છે. પુરુષ તેમ જ સ્ત્રી અવાજ - બંનેને અભિનંદન ઘટે છે. પણ અઢીએક કલાક આ બે કંઠ ઉપર બોજ નાખવો એ ઠીક છે? ગુર્જરીઓ ગરબા લે કે ગુર્જરો રાસ ગાય ત્યારે નાનકડા બંધિયાર હૉલમાં પણ એમનો કંઠ પહોંચી વળી ન શકે? 'છલકાતું આવે૦', 'કૂવાને કાંઠડે૦' તેમ જ ગુજરીના ગરબાના કેટલાક અંશ પ્રચલિત કરતાં જુદા ઢાળમાં રજૂ થતા હતા અને ફેરફાર વધુ રસસમર્પક હતો એમ ન

કહેવાય. લોકનૃત્યમાં સમૂહનૃત્યો વિશેષ હતાં. પણ એકાદ ગુર્જરી સિવાય અંગહિલ્લોલની લલિતતા જોવા મળતી નહતી. ક્યારેક તાલ બહાર પણ ગતિ ચાલી જાય. ગુજરાત-સૌરાષ્ટ્રમાં આવાં સમૂહનૃત્યો અત્યંત શ્રી(grace)ભર્યાં જોવા મળે છે, એટલે આ અંગ નટમંડળે કાળજીથી વિકસાવવાનું રહે છે. ભવાઈના અંશો કુશળતાથી યોજવામાં આવ્યા છે. પ્રયોગના સૌથી ઉત્તમ, બાદશાહ-મેનાંના, દૃશ્યમાં એ જોઈ શકાય છે. પણ મેનાં ગુજરીનો આખો પ્રસંગ વીરકરુણ હોઈ, ભવાઈની હાસ્યજનકતાનો જે વધુ પડતો આશ્રય લેવામાં આવ્યો છે તે મૂળ વિષય(theme)ને ભાગ્યે જ ઉપકારક હોય. કથાતંતુ રજૂ કરવાની જે પદ્ધતિ અનુસરાઈ છે તેથી ખાસ લાભ ભાગ્યે જ થયો હોય. આખો પ્રયોગ અર્ધોઅર્ધ ટૂંકાવી શકાય અને તો વિષય(theme) સુગ્રથિતરૂપે ઉઠાવમાં આવી શકે. પ્રયોગના અત્યારના સ્વરૂપમાં તો મુખ્યત્વે વિષયવિકાસ-અને-નિર્વહણ કરતાં સંગીત, સમૂહનૃત્ય, વેશભૂષા આદિમાંથી સંતોષ મેળવવાનું વધુ રહે છે.

આરંભનો સૂત્રધારનો પ્રસંગ મંદ છે, મેનાંની વિદાયનો આખો પ્રસંગ પણ. છેક ' કયા મસ દેખન જાઉં રે ?'— ના પ્રસંગે રસોત્કંપ જાગે છે. જુવાનિયાઓના રાસ ચાલતો હોય ને મેનાં પકડાવાના સમાચાર અપાય એ કદાચ વધુ સારું ન લાગે ? બાદશાહ ઉપર મેના તલવાર ઉગામે છે અને અંતે બાદશાહ ' શુદ્ધ ' ગુજરાતીમાં થોડુંક બોલે છે એ ટાળી શકાય. અંતમાં મેનાં માતારૂપે વિદાય લે છે એનું નિરૂપણ ભાવાવેશને અનુરૂપ કર્યું હોય તો સારું.

મેનાંનો પાઠ શ્રી દીના ગાંધી સારી રીતે ભજવે છે. આરંભનું કન્યાવિદાયનું દૃશ્ય ટાળવાથી એમના પાઠને લાભ થવા સંભવ છે, કેમ કે આ દૃશ્યમાં એમનો પાછળની મેનાં જેવો જ પરિચય થાય છે એમાંથી એમને બચાવી શકાત. અંતભાગમાં માતાસ્વરૂપે મેનાં વિદાય લે છે ત્યારે એમનો ચહેરોમહોરો પ્રતાપી છતાં મંગલ વરતાવો જોઈએ-સાસુને પણ ક્ષમા આપતાં હોય એવો.

જ્યાં વ્યક્તિત્વનો તાપ બતાવવાનો હોય છે ત્યાં શ્રી દીનાબેનનો અભિનય સહેજે ઝળકી ઊઠે છે, દા. ત. બાદશાહના હાથમાંથી વચલી મટકી પડાવી લે છે ત્યારે. અલબત્ત એક કળાકાર તરીકે એમની શક્તિઓને પૂરી તક આધુનિક જીવન અંગેના ' નાટક 'માં જ મળે.

ઉપર નિર્દેશ્યા તેવા કેટલાક અતિરેકો અને શિથિલતાઓ બાદ કરતાં, લોકનૃત્ય, સંગીત, ભવાઈ, રંગભૂમિ એ બધામાંથી આકર્ષક ગુજરાતી અંશો ઉપાડી લઈ, એમને લાડ લડાવી તખ્તા પર એ સૌને એક સાથે રાસમાં ઘુમાવવા ને રંગતું વાતાવરણ જમાવવા માટે દિગ્દર્શક શ્રી જયશંકરભાઈ ' સુંદરી 'ને અભિનંદન ઘટે છે.

સુંદર અભિજાત પ્રકાશનો

મુંબઈના ' મૌજપ્રકાશન ' તરફથી કેટલાંક સુંદર અને અભિજાત પુસ્તકો પ્રગટ થયાં છે : શ્રી શ્રી. ના. પેંડસેની પ્રાદેશિક નવલકથા गारंबीचा बापू, શ્રી ગોપાલ દાણ્ડેકરની નવલકથા शितू, નવીન વાર્તાલેખક વ્યંકટેશ માડગૂળકરની કથાઓ गांवाकडच्या गोष्टी, પ્રસિદ્ધ નવવાર્તાકાર ગંગાધર ગાડગીલનું પ્રવાસવર્ણન गोपुरांच्या प्रदेशांत, કવિ-નાટકકાર પ્રો. અનંત કાણેકરનો પ્રવાસ आमची माती आमचे आकाश, વિવેચકવર્ય પ્રો. ન. ર. ફાટકનાં ત્રણ સંતવાઙ્મય-અધ્યયનો श्री ज्ञानेश्वर वाङ्मय आणि कार्य, श्री एकनाथ वाङ्मय आणि कार्य અને श्री रामदास वाङ्मय आणि कार्य અને નવકવિતાના એક પ્રણેતા શ્રી બાળ સીતારામ મર્ઢેકરની आणखी कांहीं कविता. પુસ્તકોની પસંદગી ઊંચી સુરુચિપૂર્વક થયેલી છે. કાગળ, છપાઈ, ઉઠાવ ઉત્તમ અને આકર્ષક છે. કિંમત, મોંઘવારીને અને મરાઠી પુસ્તકબજારની સ્થિતિને કારણે, વધુ રાખવી પડી છે. આવું પસંદગીપૂર્વક ઉત્તમ સાહિત્ય આપવા માટે મૌજપ્રકાશનને અભિનંદન ઘટે છે. એ જ સંસ્થા સાપ્તાહિક ' મૌજ ' અને માસિક ' સત્યકથા ' ઊંચી સાહિત્યિક કક્ષાએ ચલાવે છે.

અવસાન નોંધ

' ફ્રી પ્રેસ જર્નલ 'ના સ્થાપક અને તંત્રી શ્રી સદાનંદનું અકાળ અવસાન થયું છે. ૧૯૩૦-૩૨ની સત્યાગ્રહ લડત વખતે શ્રી સદાનંદના નિર્ભીક પત્રકારત્વે અગત્યનો ફાળો આપ્યો હતો. આજે લોકશાહી રસમોને પગભર કરવામાં પત્રકારત્વે મહત્ત્વનો ભાગ ભજવવાનો છે એવે સમયે આવા એક અનુભવી વીર પત્રકારનું અવસાન એ ખરે જ મોટી ખોટ છે.

હિંદના એક અગ્રણી રાજપુરુષ શ્રી બી. એન. રાવનું ઝુરીચમાં અવસાન થયું છે. તેઓ હિંદી સનંદી નોકરીના

[અનુસંધાન પૃ. ૪૯૫ ઉપર]

કાપડઉદ્યોગમાં કટોકટી—માલનો ભરાવો કે તંગી?

શ્રીકાન્ત શાહ

"Industrial management in a planned economy has to satisfy more rigorous steps than under conditions of unregulated private enerprise. In the last analysis the responsibility of management is not merely to the shareholders but also to the public at large."—*The First Five Year Plan*, P. 443.

"આયોજિત અર્થતંત્રમાં ઉદ્યોગના વ્યવસ્થાપકોએ, અનિયંત્રિત ખાનગી સાહસની પરિસ્થિતિમાં તેઓ લેતા હતા તેથી વધુ આકરાં પગલાં લઈ (પ્રજાને) સંતોષ આપવો પડશે, કેમ કે આખરે તો વ્યવસ્થાપકો માત્ર શૅરહોલ્ડરોને જ નહીં પણ દેશની આમ-જનતાને જવાબદાર છે." पहेली पंचवर्षीय योजना पृ. ४४३.

વપરાશની વસ્તુ ઉત્પાદન કરતાં ઉદ્યોગોમાં કાપડઉદ્યોગ સૌથા વધુ વિકસિત અને મહત્ત્વનો ઉદ્યોગ છે. અન્ન પછી વસ્ત્ર આવે અને વસ્ત્રની જરૂરિયાત પૂરી પાડવાની જવાબદારી કાપડઉદ્યોગની છે. આજે હિન્દમાં ૪૫૩ કાપડની મિલો છે. સમગ્ર કાપડઉદ્યોગનું વાર્ષિક ઉત્પાદન ૪૬૦ કરોડ વાર છે. જ્યારે ક્ષયરોગથી પીડાતો હાથશાળનો ઉદ્યોગ પણ ૮૦ કરોડ વાર કાપડ દર વર્ષે બનાવે છે. આમ આપણું કાપડનું વાર્ષિક ઉત્પાદન ૫૪૦ કરોડ વારનું છે. આપણે બધું જ કાપડ દેશમાં રાખતા નથી; દર વર્ષે લગભગ ૬૦ કરોડ વાર કાપડની નિકાસ કરીએ છીએ. આથી આપણો કાપડઉદ્યોગ અને હાથશાળ ઉદ્યોગ આ દેશની પ્રજાને અત્યારે માથાદીઠ અગિયાર વાર કાપડ આપે છે. એ અહીં નોંધવું જરૂરી છે કે બીજા વિશ્વયુદ્ધ પહેલાં હિંદમાં માથાદીઠ પંદરથી સોળ વાર કાપડ મળી શકતું.

માથાદીઠ કાપડ ઓછું થયા છતાં, છેલ્લાં બે વર્ષથી કાપડના ભરાવાની અને તેને કારણે ઉત્પાદન ઘટાડવાની જ્યારે મિલમાલિકો વાત કરે છે ત્યારે વદતોવ્યાઘાત જેવું લાગે છે. બીજા વિશ્વયુદ્ધ પહેલાં હિન્દ કાપડની આયાત કરતું તેને સ્થાને તેણે ૧૯૪૭થી કાપડની નિકાસ કરવા માંડી, તે એટલી હદ સુધી કે ૧૯૫૦–'૫૧માં હિન્દે લગભગ ૧૨૭ કરોડ વાર (તે વર્ષના ઉત્પાદના ચોત્રીસ ટકા) કાપડની નિકાસ કરી અને હિન્દી પ્રજા માટે માથાદીઠ ૯.૭ વાર કાપડ રહેવા દીધું

આથી સરકારે કાપડની નિકાસ પર થોડા અંકુશો મૂક્યા ૧૯૫૧ અને '૫૨માં હિન્દે ૮૪ કરોડ વાર કાપડની નિકાસ કરી. પણ જેવા નિકાસ-અંકુશો આવ્યા કે દેશમાં કાપડનો ભરાવો થયો છે એવું મિલમાલિકોએ—ઉત્પાદન ઘટાડવાની વાત કરી—જાહેર કર્યું. કાપડનો ભરાવો આ વર્ષના સપ્ટેમ્બરમાં ખરેખરો થયો હોય તેમ લાગ્યું. એકલા અમદાવાદમાં જ ગયા સપ્ટેમ્બરમાં એક કરોડ અને પાંસઠ લાખની કિંમતની દોઢલાખ કાપડની ગાંસડીઓ મિલોના ગોડાઉનમાં પડી હતી. દેશના બાજા કાપડઉદ્યોગના મથકોમાં પણ કાપડનો ભરાવો થયો.

ઉત્પાદન કોના માટે?

અમદાવાદના મિલમાલિકોના એક આગેવાને આ દેશના ઉદ્યોગપતિની લાક્ષણિકતાથી જાહેર કર્યું કે: "મિલ-માંથી માલ ન ઊપડતો હોય તો ઉત્પાદન કોના માટે કરવું? ગોડાઉન માટે ઉત્પાદન ક્યાં સુધી કરવું?" અમદાવાદના ૨૭ મિલમાલિકોએ ઉત્પાદન ઘટાડવા બીજી કે ત્રીજી પાળી બંધ કરવા નોટિસો મૂકી અને ત્રીસ હજાર કામદારોને છૂટા કરવાની જાહેરાત થઈ. જે દેશમાં પંચવર્ષીય યોજના અમલમાં આવી છે, જે દેશમાં ઉત્પાદનની અને રોજીની વૃદ્ધિ માટે આયોજન થયું છે, તે દેશમાં કાપડનું ઉત્પાદન ઘટાડવાની અને માત્ર અમદાવાદમાં જ ત્રીસ હજાર કામદારો-ને બેકાર બનાવવાની કાયદેસર જાહેરાતે આયોજનમાં

માનનારાઓને અચંબામાં મૂકી દીધા. પણ, ઉત્પાદન માત્ર નફા માટે, એ ખાનગી સાહસના સિદ્ધાંત છે. અને તે અનુસાર જ્યાં નફો ન થાય (કે ઓછો થાય) ત્યાં ઉત્પાદન ન કરવું. ત્રીસ હજાર કામદારોના એક લાખ કુટુંબીઓનો જીવનનિર્વાહ કે આમપ્રજાની કાપડની જરૂરિયાત ધ્યાનમાં લેવા જેવી બાબતો નથી. નફો થાય છે કે નુકસાન—આ જ એક માત્ર મહત્ત્વની વાત છે. વપરાશ માટે ઉત્પાદન અને રોજીની વાતો પંચવર્ષીય યોજનાના અહેવાલ કે પંડિત નહેરુના ભાષણોમાં શોભે. આમ, માલના કહેવાતા ભરાવાનું લાક્ષણિક મૂડીવાદી નિરાકરણ કરવા અમદાવાદે આગેવાની લીધી.

મિલમાલિકોનું મંતવ્ય

ગુજરાત વેપારી મહામંડળના પ્રમુખે ગયા સપ્ટેમ્બરના બીજા સપ્તાહમાં કહ્યું કે અમદાવાદની ચોસઠ મિલોમાંથી અર્ધી મિલોમાં કાપડનો ભરાવો થયો છે અને જો થોડા દિવસોમાં માલનો ઉપાડ નહિ થાય તો ઉત્પાદન ઘટાડવાનો પ્રસંગ ઊભો થશે. માલના ભરાવાનું મુખ્ય કારણ આમ-પ્રજાની ઘટતી જતી ખરીદશક્તિ છે, એમ તેમણે કહ્યું. તેમણે એમ પણ જણાવ્યું કે જીવનનિર્વાહની જરૂરિયાતોના ભાવ ઊંચા ને ઊંચા ચડતા જાય છે જ્યારે પ્રજાના પ્રત્યેક વર્ગની આવક સ્થિર છે. આ પરિસ્થિતિ જો ચાલુ રહેશે તો હાલ જેટલું કાપડનું ઉત્પાદન થાય છે તે ઘટાડ્યા સિવાય છૂટકો નથી. મિલમાલિકોના બીજા પ્રતિનિધિઓએ માલના ભરાવાનાં બીજાં કારણો જણાવ્યાં તેમાં મુખ્ય આ હતાં: (૧) સપ્ટેમ્બર મહિનો પણ સાધારણ રીતે મંદ ઘરાકીનો મહિનો ગણાય છે. (૨) હાથશાળ-ઉદ્યોગે કાપડના ઉત્પાદનની ગતિ વધારી છે. (૩) હિન્દના ભાગલા પડવાથી પાકિસ્તાનનું બજાર ચાલ્યું ગયું અને પાકિસ્તાનની ચલણ-નીતિએ (Exchange policy) વ્યાપાર અશક્ય બનાવી દીધો. (૪) આંતરરાષ્ટ્રીય બજારમાં જાપાનના પુનરાગમને હિન્દના નિકાસવ્યાપારને મોટો ધક્કો દીધો છે. (૫) સરકારનું ઉત્પાદન નિયંત્રણ (Production control)ને કારણે પ્રજાને જોઈએ તેવું કાપડ મિલો બનાવી શકતી નથી. (૬) સરકારની આબકારી અને નિકાસ-જકાત હિન્દનું કાપડ દેશમાં અને પરદેશમાં મોઘું કરે છે. (૭) અમદાવાદ-ના મજૂરોનું મોંઘવારી ભથ્થું ઘણું વધારે છે તે ઓછું થાય તો જ ઉત્પાદનખર્ચ ઘટે અને કાપડ સસ્તું થાય.

એ અહીં નોંધવું જરૂરી છે કે ગુજરાત વેપારી મહામંડળના પ્રમુખે સાવ અસંદિગ્ધ ભાષામાં જણાવ્યું હતું કે કાપડનું ઉત્પાદન એટલું બધું વધ્યું નથી કે માલનો ભરાવો થાય કેમ કે ૧૯૫૨માં અમદાવાદની મિલોનું સરેરાશ માસિક ઉત્પાદન સાડી સાડત્રીસ કરોડ વારનું હતું. જ્યારે આ સાલ સરેરાશ માસિક ઉત્પાદન લગભગ ચાલીસ કરોડ વારનું છે. બે-અઢી કરોડ વારનો માસિક વધારો કાંઈ એવો વધારો નથી કે જેથી મંદી આવે, એમ તેમણે કહ્યું.

કામદારોનું મંતવ્ય

પ્રજા અને રાષ્ટ્રના હિતોને લક્ષમાં રાખવા માટે વિખ્યાત થયેલા અમદાવાદ મજૂરમહાજનના મંત્રીએ જણાવ્યું કે જો મિલમાલિકો કાપડના ભાવ ઊંચા રાખવા કાપડનો ખૂબ ભરાવો થયો છે તેવી બૂમરાણ કરી ઉત્પાદન ઘટાડશે તો આ દેશમાં ખાનગી સાહસનું "વિસર્જન" કરવાનો દિવસ ધાર્યા કરતાં વહેલો આવશે. તેમણે કહ્યું કે ઉત્પાદન થોડું વધ્યું છે તે વાત ખરી છે પણ ઉત્પાદન વધ્યા છતાં આ દેશના નાગરિકોને માથાદીઠ પંદર વાર કાપડ પણ કાપડ-ઉદ્યોગ આપી શકે તેવી સ્થિતિમાં નથી. તો પછી ભરાવાનું કારણ શું છે?

પાંચ ગણા ભાવ

મજૂરમહાજનના મત પ્રમાણે આજે, બીજા વિશ્વયુદ્ધ પહેલાં જે કાપડના ભાવ હતા તે કરતાં, પાંચ ગણા ભાવ છે. અને તેથી કાપડના ભાવો ઘટે તે "આનંદની ઘટના" હોવી જોઈએ. મિલમાલિકોએ કાપડના ભાવોમાં "સારો એવો ઘટાડો" કરી માલનો ઉપાડ થાય તેવાં પગલાં લેવાં જોઈએ અને યુદ્ધ સમયના નફાની વાત હવે વીસરી જવી જોઈએ. કાપડના ખૂબ ઊંચા ભાવ, કાપડનું રેઢિયાળ ઉત્પાદન અને મિલમાલિકોનો મોટો નફો લેવાની વૃત્તિ કાપડના ભરાવાનું કારણ છે એમ કામદારોના પ્રતિનિધિઓનું માનવું હતું.

ટૂંકી મૂડી : મોટા નફા

કામદારોના પ્રતિનિધિએ એક મહત્ત્વની વાત એ કહી કે અમદાવાદની મિલો જ દેશમાં એવી મિલો છે કે જે બહુ જ ટૂંકી મૂડીથી ઊભી કરવામાં આવી છે. આથી મિલો કાપડનો ભરાવો સહન કરી શકતી નથી, કેમ કે થોડા

ભરાવામાં પણ મૂડીનું રોકાણ થાય છે. આ પરિસ્થિતિમાં બે માર્ગ હોઈ શકે : (૧) નાની, ઓછી મૂડીવાળી મિલોને સહાય કરવા મિલમાલિકોએ ઔદ્યોગિક આર્થિક ભંડોળ ઊભું કરવું જોઈએ. અને આ ભંડોળમાંથી ઓછી મૂડીવાળી મિલોને સહાય કરવી જોઈએ. (૨) સરકારે એવી કાયદા દ્વારા વ્યવસ્થા કરવી જોઈએ કે કોઈ કારણસર કોઈ મિલમાલિક મિલ બરાબર ન ચલાવી શકે તો તેને દૂર કરી જે મિલમાલિક ઉત્પાદન અને રોજી ઘટાડ્યા સિવાય મિલ ચલાવી શકે તેને મિલની વ્યવસ્થા સોંપવી.

મજૂરમહાજને બીજી મહત્ત્વની વાત એ કહી કે સમગ્ર દેશમાં, અમદાવાદના મિલમાલિકો જ મિલ નફો કે ખોટ કરે તે લક્ષમાં લીધા સિવાય કાપડના વેચાણ પર કમિશન લે છે. ૧૯૩૯માં અમદાવાદના મિલમાલિકોએ ચોત્રીસ લાખ રૂપિયાનું કમિશન લીધું જ્યારે ૧૯૫૧માં તેમણે ત્રણસો ને તેર લાખ રૂપિયાનું કમિશન લીધું — આમ છેલ્લાં બાર વર્ષમાં અમદાવાદના મિલમાલિકોના કાપડના વેચાણ પરના કમિશનમાં નવસો ટકાનો વધારો થયો.

મજૂરોની આમદાની વધી છે ?

મજૂરમહાજનના મત પ્રમાણે મજૂરોની નાણાંની આવક વધી છે પણ તેમની ખરી આવક ઘટી છે. જીવનની જરૂરિયાતની કેટલીએ વસ્તુ મોંઘવારીનો આંક ગણતી વખતે લક્ષમાં લેવાતી નથી. આ ઉપરાંત છેલ્લાં બાર વર્ષમાં કાપડના ઉત્પાદનખર્ચમાં મજૂરીનું ખર્ચ ઓછું થયું છે, જ્યારે અમદાવાદના મિલમાલિકોના નફાનું પ્રમાણ વધ્યું છે તે નીચેના કોઠા પરથી સ્પષ્ટ થશે.

સો રૂપિયાની કીમતના અમદાવાદની મિલોના કાપડના ભિન્ન ભિન્ન ઉત્પાદનખર્ચનું પ્રમાણ :

	૧૯૩૯		૧૯૫૨	
	ટકા	રૂપિયા (લાખમાં)	ટકા	રૂપિયા (લાખમાં)
[illegible]	૪૧	૭૧૦·૦૫	૫૩	૫૩૦૮·૮૧
[illegible]	૫	૮૬·૭૨	૨	૨૬૧·૧૨
[illegible]	૧૩	૨૨૫·૩૮	૮	૭૮૫·૪૦
[illegible]	૬	૯૯·૩૮	૪	૩૯૫·૧૮
[illegible]	૨૬	૪૪૬·૧૨	૨૧	૨૦૭૧·૫૭
નફો (મિલમાલિકોના કમિશન સાથે.)	૯	૧૫૯·૩૪	૧૨	૧૧૮૧·૨૮
કુલ...	૧૦૦	૧૭૨૬·૯૯	૧૦૦	૧૦૦૦૩·૩૬

મિલમાલિકોની માંગણી

ગયા ઑક્ટોબરની પહેલીએ અમદાવાદની સાત મિલોએ પાળી બંધ કરવાની કાયદેસર નોટિસ મૂકી અને તે સમય દરમિયાન અમદાવાદ મિલમાલિક મંડળે મજૂરમહાજનને કામના કલાકો ઘટાડીને કે અઠવાડિયે એક વધુ રજા પાડીને ઉત્પાદન ઘટાડવા માટે સંમતિ આપવા પૂછ્યું. મજૂરમહાજને "આમજનતાની છેતરપીંડી કરતી કાપડના ઊંચા ભાવો ટકાવી રાખવા માટેની અપવિત્ર સમજૂતી" કરવાની ના પાડી અને મિલમાલિકોને જણાવ્યું કે તમે સરકાર પાસે જઈ તમારો કેઈસ રજૂ કરો. મજૂરમહાજને સાથે સાથે એવી પણ માગણી કરી કે કોઈ પણ મિલ ઉત્પાદન ઘટાડી દેશમાં વધુ બેકારી ન કરે તે માટે સરકાર તાત્કાલિક પગલાં લે. ઑક્ટોબરના બીજા અઠવાડિયા સુધીમાં અમદાવાદની ૨૭ મિલોએ પાળી બંધ કરવાની નોટિસ મૂકી, ત્રીસ હજાર કામદારોની રોજીનો પ્રશ્ન, રાષ્ટ્રીય પ્રશ્ન બનાવ્યો.

કાયમી ઉકેલ

આ પરિસ્થિતિમાં ઇન્ડિયન નેશનલ ટેકસટાઇલ વર્કર્સ ફેડરેશનના પ્રમુખે એવી માંગણી કરી કે કાપડઉદ્યોગના વારંવાર ઊભા થતા ભરાવા અને તંગીના તથા બીજા પ્રશ્નોનો કાયમી ઉકેલ લાવવા સરકારે તાત્કાલિક વિસ્તૃત સત્તાવાળા કમિશનની નિમણૂક કરવી જોઈએ. આ કમિશને કાપડઉદ્યોગની મુશ્કેલીઓનો અભ્યાસ કરવો જોઈએ અને તેના ઉકેલ માટે તે જે સૂચનાઓ કરે તેનો અમલ થાય તે માટેની સત્તા કમિશન પાસે હોવી જોઈએ. ફેડરેશનના પ્રમુખે એવી માંગણી કરી કે કમિશનને એમ લાગે કે અમુક મિલનો વહીવટ અયોગ્ય હાથમાં છે તો તે મિલનો વહીવટ યોગ્ય હાથમાં મૂકવાની કમિશન પાસે સત્તા હોવી જોઈએ. કમિશન મંજૂરી ન આપે ત્યાં સુધી કોઈ પણ મિલ ઉત્પાદન ઘટાડી ન શકે તેવી વ્યવસ્થા થવી જોઈએ. ફેડરેશનના પ્રમુખે જણાવ્યું કે જો ઉત્પાદન અને રોજી ઘટાડી નાંખવાની મિલમાલિકો પાસે સત્તા હશે તો ઉત્પાદન અને રોજી માટે યોજાયેલ પંચવર્ષીય યોજના ટકાવવી મુશ્કેલ છે.

સરકારી પગલું

મિલઉદ્યોગની "કટોકટી"ને લક્ષમાં લઈ, કામદારો અને મિલમાલિકો બંનેને રાહત આપવા સરકારે ઑકટોબરની ૨૪મીએ ત્રણ વટહુકમો બહાર પાડ્યા. સરકારી વટહુકમો એ (૧) મધ્યમ બરના(medium) કાપડ પરની દસ ટકા જકાત કાઢી નાખી, (૨) સુપરફાઈન કાપડ પરની વારે સવા-ત્રણ આનાની આબકારી જકાત ઓછી કરી વારે બે આના કર્યા, (૩) પરદેશથી આયાત કરેલા રૂમાંથી બનાવેલા કાપડનો નિકાસ થાય તો તે કાપડના રૂ પર નાંખેલી આયાતજકાતનું વળતર આપવું, (૪) અનૈચ્છિક બેકારી(Involuntary unemployment) માટે કામદારોને મિલમાલિકોએ વળતર આપવું. આ વળતર કામદારે જેટલા વર્ષ નોકરી કરી હોય તેટલા વર્ષના પંદર દિવસના પગાર અને મોંઘવારી ભથ્થું તરીકે આપવું. આથી જો કામદારે વીસ વર્ષ નોકરી હોય તો તેને દસ મહિનાનો પગાર અને મોંઘવારી ભથ્થું વળતર તરીકે મળે.

કામચલાઉ ઉકેલ

સરકારનાં આ પગલાં તથા સમજાવટથી અમદાવાદની પચીસ મિલોએ પાળીબંધીની નોટિસ પાછી ખેંચી લીધી અને સુપરફાઈન પરની આબકારી જકાત ઓછી થવાથી અને મધ્યમ પરની નિકાસજકાત થવાથી બજારોની સ્થિતિ સુધરી. સરકારે આ પગલાથી વાર્ષિક પાંચથી છ કરોડ રૂપિયાની આવક જતી કરી. એકલા સુપરફાઇન પરની આબકારી જકાત ઓછી કરવાથી સરકારને ૨-૩૫ કરોડ રૂપિયાની વાર્ષિક આવક જતી કરવી પડશે.

સરકાર કોના માટે ઘસાય છે?

સુપરફાઈન કાપડ આ દેશના શ્રીમંતો જ વાપરે છે. મધ્યમવર્ગ સારા ટાણાના સમયે પણ સુપરફાઈન કાપડ ભાગ્યે જ વાપરે છે. સુપરફાઇન કાપડની ગાંસડીનું ઉત્પાદન-ખર્ચ ૧૮૦૦ રૂપિયા છે તેના અમદાવાદના મિલમાલિકોએ આ વર્ષના ઑગસ્ટ માસ સુધી ૨૯૦૦-૫૪૦૦ રૂપિયા વેચી મોટો નફો કર્યો; પણ સપ્ટેમ્બરમાં આ ત્રણસો ટકા નફામાંથી ૪૦% ઘટાડવા પડ્યા ત્યારે મિલમાલિકોએ કાગારોળ કરી મૂકી. એ ખાસ નોંધવા જેવી હકીકત છે કે સરકારી વટહુકમ પહેલાં જે મિલો ઓછા ભાવે સુપરફાઈન વેચવા તૈયાર હતી તે મિલોએ સુપરફાઈન પર આબકારી જકાત ઘટતાઓછા ભાવે સુપરફાઈન વેચવાની વેપારીઓને સાફ ના પાડી. આ સમયે તેમને માલના ભરાવાની ચિંતા ન થઈ. મધ્યમ બરના કાપડ પરની નિકાસ, જકાત જતા તેના ભાવમાં આઠદસ ટકાનો વધારો થયો. આમ સરકારે આપેલી રાહત મિલમાલિકો માટેની રાહત બની ગઈ. આમ જનતાને કશો ફાયદો ન થયો. સરકારે મિલમાલિકોને વાર્ષિક પાંચ કરોડ રૂપિયાની ભેટ આપી એમ કહેવું તે વધારે પડતું નથી.

ખરીદશક્તિનો વધારો—એક માત્ર ઉપાય

એક બાજુ આમજનતાને પહેરવા પૂરું કાપડ નથી જ્યારે બીજી બાજુ કાપડની ગાંસડીઓના ગંજ ખડકાય છે. આ પરિસ્થિતિ મૂડીવાદનું મોટામાં મોટું દુષણ છે. આ પરિસ્થિતિનો અંત લાવવા જ આપણે પંચવર્ષીય યોજના અપનાવી અનિયંત્રીત અર્થવ્યવસ્થાનો અસ્વીકાર કર્યો છે. જ્યાં સુધી આ દેશના કરોડો કિસાનોની ખરીદશક્તિ નહિ વધે ત્યાં સુધી ઉત્પાદનનો વધારો ગણ્યાગાઠ્યાં લોકોને સમૃદ્ધ કરી, દેશમાં બેકારી અને દારિદ્રય વધારશે. જમીનના પ્રશ્નનો તાત્કાલિક નિકાલ, કિસાનોને આર્થિક સહાય અને મજૂરોને પૂરતી રોજી આપ્યા સિવાય દેશની ખરીદશક્તિ વધવાની નથી. બ્રિટિશ શાહીવાદના અમલ દરમિયાન જેટલું કાપડ મળતું હતું તેથી પોણા ભાગનું કાપડ મળે તે પણ હિંદી પ્રજા, પંચવર્ષીય યોજનાના સમય દરમિયાન, ન ખરીદી શકે તે સ્વતંત્ર હિન્દ માટે શોભાસ્પદ નથી.

મા !

ગુલાબદાસ બ્રોકર

[આજથી ચાળીસેક વર્ષ પરના સૌરાષ્ટ્રના કોઈ નાના શહેરના અત્યંત શ્રીમંત કુટુંબના બંગલામાં હોય તેવું રાચરચીલું આ વિશાળ દીવાનખાનામાં ગોઠવેલું છે. મોટા મોટા આરસા અને રવિવર્માનાં ચિત્રોને મઢી લેતી મોટી મોટી ફ્રેઈમો દીવાલોને શણગારે છે. છતમાંથી મોટાં મોટાં ઝુમ્મર ટીંગાય છે. ...એક બારણું ઘરના પાછળના ચોકમાં પડે છે અને બીજું ઘરના બીજા ભાગ જોડે દીવાનખાનાને જોડી દે છે.

પડદો ઊપડે છે ત્યારે સાઠેક વર્ષની ઉંમરની રાજબાઈ દીવાનખાનામાં, મોટી ગાદી ઉપર તકિયાને અઢેલીને બેઠેલી દેખાય છે. તેને જોતાં જ એક વખતે એ અત્યંત સુંદર હશે એનો ખ્યાલ આવી જાય. પ્રતાપી અને પ્રભાવશાળી તો હજીયે છે. વિધવાનો વેશ તેના પ્રતાપ કે ગૌરવને ઓછાં કરવાને બદલે વધારે ઓપ આપે છે. તેના હાથમાંના ખોલેલા કવરમાંથી અંદરનો કાગળ તે વારંવાર બહાર કાઢે છે. જરા ઉઘાડી જુએ છે, અને ફરી પાછો એ કવરમાં એને મૂકી દે છે. એમ કરતાં તેના મોં ઉપર તિરસ્કાર અને ઘૃણાના ભાવ સ્પષ્ટ ઊપસી આવે છે. ... કોઈ આવ્યું તેમ લાગતાં બાજુના બારણા તરફ જુએ છે. વૈધવ્યનો વેશ પહેરેલી પચાસેક વર્ષની ઉંમરની એક સ્ત્રી દાખલ થાય છે. તેના ચહેરા ઉપર ભલમનસાઈ સ્પષ્ટ રીતે છપાયેલી છે. તેને જોતાં જ રાજબાઈ હસી ઊઠે છે.

રાજબાઈ (ઊભી થઈને તેને આવકારતાં) : આવ આવ, બેન અજવાળી, આવ.

અજવાળી : કાં કાકી, મને બોલાવી કંઈ?

રાજબાઈ : થોડું કામ પડ્યું'તું, બેન, તી કહેવડાવ્યું કે મળતી જજે.

અજવાળી : એટલે તો દોડતી આવી.

રાજબાઈ (વહાલથી પડખે બેસાડતાં) : તું તો એવી લોહીલગી છે ત્યારે જ તને કહેવું સૂઝે છે ના?

અજવાળી : પણ એવું તી શું કામ પડ્યું, કાકી, આવે ટાણે?

રાજબાઈ : તડકાતું કહે છે ના, બેન? પણ તમારે નાનડિયાંઓને અમારી ભાળ કાઢવી નહિ તી અમારેય કો'ક દી તો તમને તકલીફ આપવી ના? ને અમે તો થયાં બુઢ્ઢાં માણસ, ખર્યું પાન. અમારે તી બપોર શું ને સાંજ શું? બધુંય સરખું.

અજવાળી (આદરપૂર્વક તેની સામે જોઈ રહેતી) : તમને ખર્યું પાન કહેનારના તો મૂઆના હોઠ લાજી મરે એવાં છો તમે તો, કાકી......પણ કહો તો ખરાં.

રાજબાઈ : એવું ખાસ તો કંઈ નો'તું, બાઈ. આ તો આટલા દી'થી તને જોઈ નો'તી તી થયું કે લાવ બોલાવું.

અજવાળી : પણ તોય?

રાજબાઈ : તારા સમ... ને હા, આ કાગળ પણ વંચાવવો'તો.

[હાથમાંનો કાગળ તેની સામે ધરે છે.]

અજવાળી (હાથમાં લેતાં) : જોઉં. (પણ પછી તરત જ) પણ ઈ તો તમનેય વાંચતાં આવડે છે કાકી, એટલા સાટુ જ કંઈ મને નહિ બોલાવી હોય!

રાજબાઈ : મને તો મૂઈને મોતિયો આવે છે ને આંખે ઝાંખ પણ રૂહે છે તી થયું કે લાવની અજવાળીને બોલાવું. સરખું સમજાવે તો ખરી. ને વળી ઘણે દહાડે કાકીભત્રીજી ભેળાં મળીને નિરાંતે વાતું પણ કરશું.

અજવાળી (કાગળ ઉઘાડતાં જ, અચકાઈને) : પણ આ તો ભાઈએ ભાભી ઉપર લખેલો કાગળ છે.

રાજબાઈ (સ્વસ્થતાથી) : તી ભલેની રિયો.

અજવાળી : પણ ઈ તો કેમ વંચાય?

રાજબાઈ : શા સાટુ ન વંચાય, બાઈ? આપણે કંઈ લૂંટી

જવાનાં થોડાં જ છીએ ? જોઈએ તો ખરાં તારો ભાઈ તારી ભાભીને કેવીક શિખામણું આપે છે ઈ.

અજવાળી (હજી અચકાતી) : પણ, કાકી.........

રાજબાઈ (મક્કમ) : પણબણ કાંઈ નહિ, તું તારે વાંચ નિરાંતે. (પછી સમજાવતી હોય તેમ) આ રાજબાઈને તેં એવી મૂરખ જાણી કે ન કરવાનુ કંઈયે તારી આગળ કરાવે, અજવાળી ?

અજવાળી : એમ તો નહિ, પણ... કાંઈ નહિ, લ્યો ત્યારે. (પણ વાંચવા જતાં ફરી અચકાઈને) એવું એવું લખે છે કે મૂઉં વાંચતાંય શરમાઈ જવાય.

રાજબાઈ : નવી વહુ આવી છે ના બેન, તી ઈ તો લખે એવું એવું પણ આપણે ક્યાં હવે એનાં "વહાલા વહાલી"નું કામ છે ? તું તારે બાકીનું વાંચતી ... મોટેથી, એમ મનમાં મનમાં નહિ.

અજવાળી (પત્રમાં જ મગ્ન) : હાય હાય આવું આવું લખે છે ?

રાજબાઈ : તું એમ મને અધીરી કર માં, અજવાળી. મોટેથી વાંચ તો મનેય ખબર પડે કંઈક.

અજવાળી (કાગળ બાજુએ મૂકતાં) : આવું આવું ભાઈ લખે નહિ, કાકી. કો'કનું તરકટ લાગે છે.

રાજબાઈ : તરકટ હોય તો ભલે હોય પણ અક્ષર તો તારા ભાઈના જ છે હોં, બેન, મોતીના દાણા જેવા. ઈ ન ઓળખું એવી આંધળી હું નથી થઈ ગઈ ... પણ તું આમ ગોળ ગોળ વાત કર માં, મને સંભળાવ તો ખરી શું લખ્યું છે ઈ ?

અજવાળી : મારે મોઢે શા સાટુ એવું એવું બોલાવવા માગે છો, કાકી ? મારી તો જીભ પણ કપાઈ જાય એવું એવું બોલતાં.

રાજબાઈ : મારા દીકરાનો હાથ ન કપાણો એવું એવું લખતાં તો તારી જીભ કેમ કરીને કપાવાની, બેન ? તું તો ગમે એવી તોય મારા જેઠની દીકરી; ને આ તો મારો પોતાનો પેટનો જણ્યો. ને આંગળીથી નખ તો વેગળા એટલા વેગળા જ ના ? એટલે તું તારે અક્ષરે અક્ષર મને સંભળાવ. કંઈ નહિ થાય તને.

અજવાળી : પણ તમે તો બધું જાણો છો, પછી ...

રાજબાઈ : હું તી મૂઈ શું જાણું ? મારી તો સાઠી બુદ્ધિ નાઠી. એક તો મારી આંખે ઝાંખપ ને અક્કલ પણ મારામાં ઓછી થઈ એટલે કંઈ ભૂલ પણ થઈ હોય મારાથી. તારા જેવી સમજુ દીકરી મને બધું વાંચી સંભળાવે એટલે મારો ભરમ તો ભાંગે.

અજવાળી (નિરાશાથી) : ભરમ તો ભલભલાનો ભાંગી જાય એવું છે ! ... પણ કાકી, કંઈ થયું છે ખરું તમારે ભાઈ જોડે ?

રાજબાઈ : થયું હશે ત્યારે જ ના, નહિતર કંઈ આવું આવું લખે કોઈ ?

અજવાળી : પણ એવું બધું તી શું થયું'તું કે ...

રાજબાઈ : કે ? બોલની બેન, કેમ અટકી ગઈ ?

અજવાળી : પણ તમે તો કો'.

રાજબાઈ : ઓલી બચાડી ગરીબ ગાય જેવી વહુ મરી ગઈ ને એને તીજે જ મહિને રજવાડાના હોય એવા ઠારાથી આ નવી બાયડી એને પયણાવી ઈ કંઈ ઓછું થયું કે'વાય ?

અજવાળી (સાચા દિલથી) : ઈ કંઈ ઓછો ગનો તો'તો તમારો, કાકી ! મારી મરેલી ભાભીના બચારીના નિસાસા લાગ્યા હશે એમાં તો ... ને પાછું તમે નવી ભાભીમાં પણ રૂપ જ જોયું ફક્ત. ... પણ ઈ ઉપરાંત, આમ આવું કેમ થઈ ગ્યું ?

રાજબાઈ : ઈ તો કેમ ખબર પડે, બેન ? કાં તો ઈ રૂપાળી ને મારા દાગીનાનો ને એના વરને મારાં નાણાંનો કબજો જોતો હશે. પણ ઈ તો ઈ બેય જણાં ઉપરથી તીજે પછડાયના તોય એને મળે એમ નથી. મારો બાપ કમાઈ ને મૂકી ગ્યો છે આ બધું, ઈ એમાંથી એકેનો બાપ નહિ.

અજવાળી : પણ ઈ કબજાનેય શું કરવો છે એને ? તમારું છે ઈ બધુંય એનું જ છે ના ? તમારે ક્યાં બીજાં છોકરાં છૈયાં છે ?

રાજબાઈ : પણ ઈ તો હું મરું ત્યારે બને ના ? ને મારું મૂઈનું આવખુંય ક્યાં ઓછું છે ?

અજવાળી : પણ તોય શું ઓછું પડે છે ? તમે તો ભાભીને સોને મઢો છો ને હીરે જડો છો.

રાજબાઈ : ખોટું નાહ બોલતી તું, અજવાળી, મારા સમ છે તને ખોટું બોલી તો. એ કાચની બંગડી ને સળી જેવી પાતળી એ સોનાના બંગડી સિવાય તે ઘરેણું દીઠું છે કંઈ તારી ભાભીના અંગ ઉપર આ એક બે મહિનાથી ?

અજવાળી : ઈ તો ક્યાંથી દેખાય, આ ચોખ્ખું લખે છે ન્યાં ?

રાજબાઈ : શું લખે છે ઈ ? કહે જોઉં મને બરોબર.

અજવાળી : તમનેય ખબર છે ઈ શું લખે છે ઈ તો, કે માને ગામમાં ઉતારી પાડવી હોય ને ફજેત કરવી હોય તો તારે એ બંગડી સિવાય કંઈ દાગીનો અંગને અડાડવો જ નહિ, પછી ભલેની મા ગમે એટલાં વાનાં કરે !

રાજબાઈ : "મા"ને ઉતારી પાડવી હોય તો ? "મા" ક્‌હેય છે મને ઈ તારો ભાઈ હજી ? તારી કંઈ ભૂલ તો નથી થતી ના, બેન ?

અજવાળી : મા જ ક્‌હેય ના ? બીજું શું ક્‌હેય નહિ તો ?

રાજબાઈ : તું જો બરોબર કાગળમાં ને પછી મને ક્‌હે.

અજવાળી : એમાં જોવાનું શું છે, કાકી ?

રાજબાઈ : તારે મન ન હોય પણ મારે મન તો મારો દીકરો મને શું કહીને બોલાવે છે ઈ જાણવાનીય હોંશ હોય ના ? તું કાગળ ઉઘાડીને જો તો ખરી.

અજવાળી (ઉતાવળે કાગળમાં નજર કરી) : ઈ બધું એકનું એક જ ના એના અરથમાં તો ?

રાજબાઈ : શું એકનું એક, બેન ? "મા"ની બદલે "બા" લખ્યું છે બચાડાએ ? ક્‌હે જોઉં મને શું લખ્યું છે ઈ ?

અજવાળી (ટાળતી) : એમાં શું ક્‌હેવાનું બળ્યું છે ?...... હાં, પણ ઓલા વરજીવનની વાત સાંભળી કે નહિ તમે, કાકી ? ભારી કરી હોં માળાએ ?

રાજબાઈ : એમ વાત ઉડાવ માં, અજવાળી. હું કંઈ છોકરું નથી કે એમ પટાઈ જાઉં. મારી આગળ તો તું છોકરું ક્‌હેવા, ગમે એવી મોટી ને ડાહી છે તોયે !

અજવાળી (શરમાતાં) : હું એવું ક્યાં કહું છું ?

રાજબાઈ : તયેં પછી ? તો કહી દેની કે મને શું કહીને બોલાવી છે મારા કુંવરે એની બૈયરની આગળ ?

અજવાળી (માંડ માંડ) : ડોસી.

રાજબાઈ : એકલી ડોસી નહિ કીધી હોય, બેન. જો સરખું વાંચ......કે તનેય મારી જેમ આંખમાં કંઈક ખામી વરતાય છે ?

અજવાળી : ઈની ઈ વાત વાગોળવાથી ફાયદો શું, કાકી ? ઈ તમને કટકટણાં કે જીવલેણ ક્‌હેશે તો શું તમે...... ?

રાજબાઈ (અધવચ્ચે) : ઈ જો મને જીવલેણ ન ક્‌હેય તો બીજું કોણ ક્‌હેય, બેન ? બીજા કોઈને હું ક્યાં જીવ આપવા ગઈ'તી ?

અજવાળી : હોય ઈ તો. પણ એનો તમારે ખટકો ન રાખવો. છોરું કછોરું થાય પણ કંઈ માબાપથી કમાબાપ થોડું જ થવાય છે ?

રાજબાઈ : છોરું છોરું જ ન ર્‌હેય પછી માબાપ કંઈ માબાપ ર્‌હેવા બંધાયેલાં નથી.

અજવાળી : એટલે ?

રાજબાઈ : કછોરું થાય છતાં છોરું છોરું ર્‌હેતાં હોય તોય કંઈ વાંધો નહિ. મા હારે લડે, ઝઘડે પણ એને "મા" કહીને તો બોલાવે ! આ તો જેને મન હું કટકટણી જીણલેણ ડોસી ફક્ત બની ગઈ ઈ મારાં છોરું કેમ ક્‌હેવાય ?

અજવાળી : ઈ તો જમાનાના પરતાપ, બાઈ, બાકી કંઈ છોરું ઈ છોરું મટી જાય છે કોઈ દી ? જમાનો જ ફરી ગ્યો ને માણસને પણ એણે ફેરવી નાખ્યાં !

રાજબાઈ : જમાનો તો કંઈ માણસને ફેરવતો નથી, બાઈ, પણ ઓલ્યો મફતિયો પૈસો આપે છે ના ઈ નવરાશ મગજ ફેરવી નાખે છે માણસનાં. ઈ પૈસો આંચકી લ્યો એની પાસેથી એટલે થઈ જાય સીધા દોર.

અજવાળી : તમને કરોધ બહુ ચડ્યો લાગે છે, કાકી, આ કાગળ વાંચીને !

રાજબાઈ : કરોધ ન ચડે ? જેને ફૂલની જેમ હથેળીમાં રાખીને મોટો કર્યો હોય ને જેની પાછળ પૈસો પાણીની જેમ ખરચ્યો હોય ઈ દીકરો કો'ક પારકી જણી આગળ મને આવી ગાળો દેય ને ભાંડે ને ગામમાં મને નીચાજોણું કરવાનું એની જોડે મળીને તરકટ કરે ત્યારે મને શાતા થાય કાં ? હું કંઈ મહાવીર ભગવાન નથી તી ઈ બધું સાંખી લઉં.

અજવાળી : પણ કારણ શું કાકી, વાત આટલી હદે જવાનું ?

રાજબાઈ : કારણ ક્યાં ગોતવા જવું પડે છે, બેન, કજિયો કરવો હોય ત્યાં ? આ એ વાત ઊંચે સાદે કહેવાણી હોય કે કંઈ એનું મનગમતું ન થયું હોય એટલે સાસુ રાંડ અકારી થઈ જાય વહુને મન.

અજવાળી : પણ ભાઈ કંઈ......

રાજબાઈ : ઈ તારા ભાઈને તું ક્યાં નથી ઓળખતી, અજવાળી ? ઈ તો ક્યારનો ફૂદાફૂદ કરિ રિયો છે માનો પૈસો હાથમાં લઈ વહીવટ કરવા, પણ મા જ ભૂંડી છે તી ક્યાં માને છે ? ઓલી વહુ બચાડી સમજાવી પટાવીને ઠેકાણે રાખતી'તી——જાણતી'તી ધણીનાં લખણ, કે દોઢિયું કમાઈને દેય એવો નથી મારો ધણી, મા હારે બગાડયું છે તો. પણ આને તો વાલામૂઈને ઈ ખ્યાલ જ નથી કે રઝળી મરશે બેય જણાં જો મા વીફરી છે તો. ઓલાને રૂપિયો ખરચતાં આવડે છે પણ દોઢિયું કમાતાં નથી આવડતું કોઈ દી.

અજવાળી : એને કમાવાનીય શું જરૂર છે આટલું અઢળક નાણું છે પછી ?

રાજબાઈ : ઈ એનો બાપ ક્યાં કમાઈને મૂકી ગ્યો છે તી એની ઉપર નજર રાખે છે, વાલાજીવો ?

અજવાળી (કચવાટથી) : કાકી તમેય તી......

રાજબાઈ : ના બાઈ, ના. તું માઠું લગાડ માં. તારા કાકાનું હું વાંકું નથી બોલતી. ઈ તો બચાડા ભગવાનનું માણસ હતા, પણ આ વંઠેલ તો મુંબઈમાં બેઠો મોજ કરે ને પૈસાની તો જાણે આકાશમાંથી પેટીઓ ઊતરતી હોય એમ વાપરે તી ઈ ભપકો કેટલા દી ચાલવાનો ? ને ઈય ઠીક છે, એમ કરવું હોય તોય પોસાય, માની હારે સારું રાખે તો. આ તો માની હારે જ વેર કરવું ! પાણીમાં રહેવું ને મગર હારે વેર ! ઈ તો મૂઈ ખાઈ જાય આખા ને આખા.

અજવાળી (હસતી) : તમેય જબરાં છો હોં !

રાજબાઈ : કેવી જબરી છું ઈ તો તને ખબર પડશે આ હમણાં ઓલો રામજીકાકો આવશે ત્યારે.

અજવાળી : કયો રામજીકાકો ?

રાજબાઈ : રામજી વકીલ.

અજવાળી : એનું વળી શું કામ પડ્યું તી એને બોલાવ્યા ?

રાજબાઈ : ઈ તો મારા બાપના વખતનો અમારો વકીલ. મારી પૂંજીની બધી વિગત ઈ જાણે. હવે હું થઈ બુઢ્ઢીખખ્ખ, તી કંઈ દાનધરમ કરવું હોય તો મારે કરી લેવું જોઈએ ના ? એનાં કંઈક કાગળિયાં કરવા કહ્યું'તું એને. હમણાં આવવો જોઈએ ઈ બધું પતાવાને, તી મને થયું કે અજવાળીને બોલાવું. ઈય બધું જોય તો ખરી એના કાકી કેવુંક દાન કરી શકે છે ઈ.

અજવાળી (ગભરાયેલી) : તી શું કાકી, તમે... આટલી વારમાં...... ?

રાજબાઈ : આટલી વાર તી શેની ? સાઈઠ તો થયાં ને કાલ સવારે ઊપડી જઈશું સડેડાટ. શું સાથે આવવાનું છે ત્યારે, દાનધરમ સિવાય ?

અજવાળી : પણ ભાઈની ગેરહાજરીમાં, એને કંઈ જણાવ્યા સિવાય, એને કંઈ ખબરખત આપ્યા વના......?

રાજબાઈ : એમાં એને શું ખબર આપવાની, અજવાળી ? મારા બાપનો પૈસો છે. એનું ગમે ઈ કરવા હું કુલમુખત્યાર છું. એના બાપના પાંચદસ હજાર રૂપિયા છે એમાંની પૈએ પૈ એની. એને હું અડું તો મારે ગો-મેટ બરાબર.

અજવાળી : પણ કાકી, આટલા એવા કાગળમાં ને આવી એની છોકરમતમાં આવું પગલું તી ભરાય ?

રાજબાઈ : આ તો આખી પાઘડીના વળનો છેડો છે, બેન. તને ખબર છે ઈ અહીંથી મુંબઈ ગ્યો ઈ પે'લાં મને શું કહી ગ્યો'તો ઈ ?

અજવાળી : ના.

રાજબાઈ : તયેં હાંઉં !

અજવાળી : પણ શું કહ્યું'તું એવું એણે ?

રાજબાઈ : ઈ ન બોલ્યામાં જ નવ ગુણ છે, બાઈ.

અજવાળી : પણ કો' તો ખરાં.

રાજબાઈ : કેમ કરીને કહું, દીકરી ? તું આટલી મોટી થઈ તોય મારી તો દીકરી ના ? મારી જીભ કેમ ઊપડે તારી આગળ એવું બોલતાં ?

અજવાળી : મારા સમ છે ન કો' તો.

રાજબાઈ : આ નવી આવી ના ત્યારથી ચણભણ ચણભણ તો કંઈક થયે જ રાખતી'તી. એમાં એક દી કંઈક વધુ બોલાચાલી થઈ. નવી ફેશનનાં કપડાં, આખુંયે અંગ દેખાય એવાં, બાઈને પહેરીને બહાર નીકળવું ગમે. એની કાયા રૂપાળી તી એના વરનેય ઈ વહાલું લાગે. મેં કહ્યું કે એમ ન નીકળાય. એમાં આપણા ઘરની શોભા નહિ.

અજવાળી : ઈ તો અમનેય થતું'તું હોં કે આ તી કેવાં કેવાં કપડાં પહેરે છે !

રાજબાઈ : તી ઈ ન માની ઍટલે મેં કહ્યું કે આમ તો છાકટાં જેવાં લાગીએ. એની બદલે આ પહેરની. ને મેં એની આગળ સાડી ને સેલાંનો ઢગલો કરી દીધો. પણ બાઈ તો રડી પડ્યાં. સફેદ સાડલો પહેરીને જ પછી તો ગઈ. લાખ વાતેય ન માની.

અજવાળી : અરરર......

રાજબાઈ : પછી તો ભાઈ પણ ખીજાણો. મને કહે નાહકની એને તેં કોચવી. મેં કહ્યું ઈ છાકટાવેળા મારા ઘરમાં નહિ ચાલે. તો મને કે'... મને કે'... કે જુવાનીમાં બધાં જ એવાં હોય.

અજવાળી (આશ્ચર્ય) : એમ ?

રાજબાઈ : મેં કહ્યું કંઈયે નો'ય સૌ એવાં. આ અમનેય જુવાની નો'તી આવી ? પણ આ લખણ તો...... તો કે' કે ઈ તો મોટાં થાય એટલે બધાં ડા'પણ સૂઝે, બાકી જુવાનીમાં તો સૌ સરખાં. મને કરોધ ચડ્યો ને મેં પૂછ્યું : એટલે ? તો કે' કે તું જ સમજી જાની !

અજવાળી (આઘાત પામતી) : હોય નહિ.

રાજબાઈ (એ જ ધૂનમાં) : મેં કહ્યું લાજ નથી આવતી વાલામૂઆ, આવું ફાટી મરતાં ? તો કે' લાજ મને શેની આવે ?

અજવાળી : હાય હાય !

રાજબાઈ : હું એટલું રડી, એટલું રડી, અજવાળી ! ચાર દી સુધી તો મારા ગળે અનાજનો એક દાણોય ન ઊતર્યો, પણ એણે ન તો આવી મારી માફી માગી કે ન તો એને કંઈ દુઃખ થયું હોય એવું મને દેખાણું.

અજવાળી : પણ દીકરો થઈને સગી માને એવું ફેવ ! ને ઈય પાછો એકનો એક !

રાજબાઈ : બધુંય ફેય, બાઈ, શું કરવા ન ફેય, ખીસામાં વગર પેદાશનાં છણછણિયાં ઊછળતાં હોય પછી ?

અજવાળી : પણ એને ઈ શું સૂઝ્યું ? ઈ તો કોઈ દીય એવા જાણ્યા નથી !

રાજબાઈ : પહેલેથી જ એવા, બેન. પુતરનાં લખણ પારણાં- માંથી વરતાય. પણ મારે સાત ખોટનો ને એકનો એક એટલે ઈ વાત હું મનમાં લાવું નહિ.

અજવાળી : તમે તો એને રાજકુંવરની જેમ ઉછેર્યો છે, બાઈ. એમાં કોઈથી ના નહિ પડાય.

રાજબાઈ : ને એમાં પણ કેટલી તસ્દી પડી હશે, બેન, ઈ કોને ફેવા જાઉં ? તને ખબર છે, અજવાળી, હું રાંડી ત્યારે મારી ઉંમર કેટલી ?

અજવાળી : તીસેક હશે ?

રાજબાઈ : પચ્ચીસ, પૂરાં પચ્ચીસ. ઉપર એક દહાડો પણ નહિ. ને હામ હામ સાહ્યબી. મારા બાપનો બધોય પૈસો બે વરસ પે'લાં જ મને વારસામાં મળેલો. ને રૂપ તો......આ તારી ભાભી રૂપાળી હશે પણ હુંય સાવ કદરૂપી નો'તી હોં !

અજવાળી : ઈ તો મને ખબર છે, કાકી, ગામમાં તો કે'તી થઈ ગઈ છે કે રૂપ તો રાજબાઈનું.

રાજબાઈ : ત્યારે આ છોકરો મારે બે વરસનો. એની મને માયા ને એની આશા. ઈ ન હોત તો હું...હું...શું કરી બેસત ઈ કે'વાય નહિ, અજવાળી. લે આજ તને આ પેટછૂટી વાત કીધી.

અજવાળી (શું બોલવું એ ન સમજાતાં) : ઈ ઉંમર જ એવી છે કે......

રાજબાઈ : ઉંમર તો ખરી જ ને વળી તારા કાકા મારાથી મોટા બહુ, ને એનું ભગવાનમાં ધ્યાન વધારે. ને એવા તો એવા પણ ઈ પણ પાછા ચાલ્યા ગ્યા ! પછી મને પૂછનાર કોણ હતું ?

અજવાળી : હાસ્તો.

રાજબાઈ : છતાં આ એક છોકરાને ખાતર મેં મારી કાયા જાળવી રાખી ને મારી જુવાનીમાં આગ લગાડી દીધી. નહિતર ભલભલા મારી પાછળ ખપી જવા તૈયાર હતા. ઓલા ઠાકોરસાહેબ જેવા પણુ પાણી પાણી થઈ જતા'તા મને જોતાં......ને હુંય જુવાન હતી. મનેય હોંશ નહિ હોય ? મનથી હુંય કંઈ એવી સતી સાધ્વીય નો'તી, ખોટું શા સારુ કહું ? પણુ મનમાં એક જ વચાર આવતો'તો કે મારો દીકરો મોટો થાય ને એને કો'ક દી માને સારુ મેણું સાંભળવું પડે એવું મારાથી ન થાય ! આ એક જ વચારે જિંદગી એમ ને એમ કાઢી નાખી ! કેટલી તકલીફ પડી હશે ઈ બધું જાળવતાં ને કેટલા ઉજાગરા થયા હશે ઈ તો મારું મન એક જાણે છે !...ને આજે ઈ દીકરો મને કે' છે કે તુંય છાકટી હતી !

અજવાળી (સમજાવવા પ્રયત્ન કરતી) : ઈ તો બોલતાં બોલાઈ જવાય, કાકી, પણુ પાછળથી તો ઈ પણુ પસ્તાણા હશે.

રાજબાઈ : મને પણુ એવું જ લાગ્યું'તું. આઠ દી પછી તો એવો મીઠો મીઠો ને લટુડોપટુડો થતો'તો કે આપણને એના ઉપર વહાલ આવે. મા મા કરતો જ થાકે નહિ. મને થ્યું કે બચાડો હવે પસ્તાય છે. પણુ બોલી શકતો નથી. હું તો મારે બધુંય ભૂલી ગઈ ને રાજી રાજી થઈ ગઈ. જતી વખતે મને કહે કે મા, તને વાંધો ન હોય તો મોટાં મોતીની ઓલી ચાર બંગડી સાથે લઈ જાઉં. મારા દોસ્તારને ઘેર લગન છે ને એને એની વહુને પે'રાવવી છે. આઠ દીમાં પાછી મોકલી દઈશ. મેં કહ્યું લઈ જાની ભાઈ. મારે કયાં એને ખાવી છે ! તે દીની ઘડી ને આજનો દી. આજે ચાર મહિના થયા. લખી લખીને થાકી તોય જાણે જાણતો જ નથી !

અજવાળી : ભૂલી ગયા હશે.

રાજબાઈ : ભૂલતો'તો શું ધૂળ ! કંઈ ભૂલે એવો નથી. દાનત જ એવી. કેમે કરી ધીમે ધીમે કબજો મેળવાય છે બધી ચીજનો ! ને આંહીં વહુને ચડાવે છ કે તારે રાંડ ડોસીને ઉતારી પાડવી !

અજવાળી : પણુ કાકી, ઈ સણુસણુ તમને કયાંથી આવી ?

રાજબાઈ : ઈ ગ્યો ત્યારે એવું વહાલ બતાવતો ગ્યો કે મનેય વહાલ આવ્યું ને હું બધુંય ભૂલી ગઈ, ને વહુનેય વહાલ બતાવવા ગઈ. પણુ ઈ બાઈ તો એક નહિ ને બીજે બહાને એકે ચીજને હાથ જ અડાડે નહિ ના !...ને ઓલો બંગડીનો સામો જવાબ જ ન વાળે. પૂરો કાગળ પણુ મને લખે નાહ. ને વરવહુનો કાગળવે'વાર વધતો જાય. તી મને વે'મ આવ્યો. આ કાગળ આજ આઠ દી પે'લાં મેં જ લઈ લીધો. જોયું તો આ ઝાળ !

અજવાળી : ભાભીને ખબર ન પડી કંઈ ?

રાજબાઈ : ખબર તી શેની પડે ? બાવરી બાવરી ફર્યા કરે આખો દી. હું પૂછું વહુ કેમ કંઈ જોઈએ છે ? તો કે' કે ના, પણુ મૂંઝાઈ જાય બચાડી. ને આ રામજીકાકો આવજા કર્યા કરે એટલે બાપડી છાની છૂપી કાન માંડી સાંભળવાની કોશિશ કર્યા કરે. હેરાન હેરાન થઈ ગઈ'તી. તી મેં જ એને ચાર દી એને પિયર રહી આવવા કાલે મોકલી દીધી.

અજવાળી : તો તો બધુંય લખી દીધું હશે એણે ભાઈને.

રાજબાઈ : લખે તો ભલેની લખે. મારે ચોરી થોડી જ છે કંઈ કોઈના બાપની ? ને એમાંય, લખે કે ન લખે તોય, હવે ફેર શું પડવાનો ? આ હમણાં રામજીકાકો આવે એટલે બધુંય પતી જાય... (અંદરની ચાલીમાં પડતા બારણા તરફ જોતાં) લે, ઈ તો આવ્યા પણુ.

[એ બારણામાંથી રામજી વકીલ દાખલ થાય છે. અડસઠ-સિત્તેરની ઉંમર. ખડતલ શરીર. દાઢીમૂછ બધાંય સફેદ. હાથમાં કાગળનાં બંડલ છે.]

રામજી (આવતાં વેંત) : લો રાજબેન, તમારું કામ પૂરું કરી આવ્યો. (અજવાળીને જોઈ વધુ બોલતાં અટકી જાય છે.)

રાજબાઈ : સારું કર્યું, કાકા. મારા જીવને નિરાંત થઈ. (અજવાળીને બતાવતાં) આ અજવાળી મારી ભત્રીજી થાય. મારું દાનધરમ જાણુવા એને પણુ મેં બોલાવી રાખી છે. કરો બધી વાત તમતમારે, એનાથી કંઈ છૂપું રાખવાનું નથી.

રામજી : હું ઓળખું એનને. હીરાચંદભાઈની દીકરીને ન ઓળખું ?

રાજબાઈ : તમે તો આખા ગામને ઓળખો, કાકા......
પછી શું સઈશાખ બધું મુનસફસા'બ સામે થઈ ગ્યું ?

રામજી : ઈ મુનસફસાહેબ સામે ન થાય પણ જયાં થવું જોઈએ ત્યાં થઈ ગ્યું ઈ બધું તો. આ રહ્યાં એનાં કાગળિયાં.

રાજબાઈ : હાંઉં ત્યારે. (સંતોષનો શ્વાસ લેતાં) હાશ, હવે તો ભગવાન ઉપાડી લેય તોય વાંધો નહિ. સરગમાં તો જવાશે. આ તો દીકરાનો મોહ સંસાર જોડે જકડી રાખતો 'તો ને સરગનાં બારણાં બંધ કરતો 'તો મારે માટે.

અજવાળી (હસતી) : એમ કંઈ થોડું દાનધરમ કર્યું એટલે દીકરાનો મોહ મુકાઈ થોડો જ જવાનો છે ?

રામજી : થોડું દાનધરમ ? આને તમે થોડું દાનધરમ કહો છો, બેન ?

રાજબાઈ : જેની પાસે થોડું હોય ના ઈ થોડું કરે, ઝાઝું હોય ઈ ઝાઝું કરે. એમાં કઈ નવી નવાઈ થઈ ગઈ, કાકા ?

રામજી : તમારે માટે નવી નવાઈ ન હોય, બેન, તમે તો મોટાં માણસ રહ્યાં. પણ મારે માટે તો નવી નવાઈ જ છે. આ સિત્તેર વરસની ઉંમરમાં આખી ને આખી પૂંજીનો ધરમાદો કરી દેનાર એક પણ માણસ મેં જોયું નથી ક્યાંય.

અજવાળી : આખી ને આખી પૂંજી ? કાકી, શું કર્યું છે આ તમે ?

રાજબાઈ : જે ભગવાને સુઝાડયું ઈ કીધું છે, બેન. આખું આપે એને આખું મળે. હરિનો મારગ છે શૂરાનો......
રામજીકાકા, એને સંભળાવો તો ખરા આપણે શું કીધું છે ઈ !

રામજી : બેનને ખૂબ કીધું પણ ઈ કંઈ માન્યાં જ નહિ ને ! આ એક મકાન ને પોતે જીવે ત્યાં સુધી પોતાને રોટલો ને સગવડ મળે એટલી પૂંજી બાદ રાખીને બાકીની રકમ ને મકાનો તો અત્યારથી જ દાનમાં આપી દીધાં છે એમણે આ કાગળિયાં કરીને.

અજવાળી : આટલું બધું ? (પછી) ઠીક ત્યારે. આ મકાન ને એટલી રકમ રાખી મૂકી દીકરા માટે......ભારી કરી તમે તો કાકી, છતો થેર દીકરો ને આટલું જ એને આપી જવાય ?

રામજી : એમાંય ભૂલો છો, બેન.

અજવાળી : કેમ ?

રાજબાઈ : હું જીવું ત્યાં સુધી મકાન ભોગવું ને પૂંજીની સગવડ મેળવું. પછી ઈય બધું ભગવાનનું.

અજવાળી : એટલે ?

રામજી : પછી બધું જ ધર્માદામાં ચાલ્યું જાય, બેનની કાયા પડે ત્યારે.

અજવાળી : હાય હાય ! આટલું બધું તી વેર હોય, કાકી ?

રાજબાઈ : વેર નથી, બેન, વેર નથી. આ તો એના જ ભલા સાટુ કીધું છે. નવરો બેઠો બેઠો નખોદ વાળે છે એને બદલે કાંઈ કામકાજ કરશે તો એને જ લાભ થશે, બેન.

અજવાળી : પણ કાકી......

રાજબાઈ : હવે પણ શેનું, અજવાળી ? ઘણા દીથી મારા મનમાં ઘોળાતી વાતનો માંડ અમલ કરી શકી ઈ માટે તો ભગવાનનો ને મારા દીકરાનો બેયનો આભાર માનવાનો છે મારે તો.

રામજી : એક વાર નક્કી કર્યાં પછી રાજબેન કોઈનુંય માને એમ નથી, અજવાળી બેન. મેંય એમને કેટલું સમજાવ્યાં તોય ઈ એકનાં બે ન થયાં.

રાજબાઈ : આ અજવાળીને સંભળાવો તો ખરા કાકા, આપણે ક્યાં ક્યાં નાણું ખરચવુ છે ઈ.

રામજી (આછો નિઃશ્વાસ મૂકી) : હા બેન, હવે તો ઈ જ બાકી રહ્યું છે ના ? (કાગળોમાંથી દસ્તાવેજ જેવું ઉઘાડે છે) આખું જ વાંચી સંભળાવવું છે ?

રાજબાઈ : કરવું છે તો પછી અધૂરું શીદને કરવું ? આખું જ વાંચોની એટલે મનેય બધું ચોખ્ખું થઈ જાય.

રામજી : લો ત્યારે. (કાગળ કાઢી વાંચે છે) હું રાજબાઈ માણેકલાલ તે શેઠ માણેકલાલ રાયચંદની દીકરી અને શેઠ કાનજી વસનજીની વિધવા, મારી પૂરી સુધસાનમાં મારા ... ...

રાજબાઈ : ઈ બધું જાવા દ્યો, કાકા, મૂળ વાત ઉપર જ આવો.

રામજી : મોઢે જ કહી જાઉં તો આમાંથી જોઈ જોઈને ?

રાજબાઈ : તો એમ કરો.

રામજી : રૂપિયા દસ હજાર રોકડા, પાંજરાપોળને. રૂપિયા પંદર હજાર હૉસ્પિટલને. રૂપિયા પાંચ ...

[બોલે છે ત્યાં ચૉકમાં પડતા બારણા આગળના ભાગમાં કંઈ હરફર થતી દેખાતી જાય છે. બધાંનું ધ્યાન ત્યાં દોરાય છે. ઘરના નોકરો સામાનનાં પેટીપોટલાં લઈને પસાર થતા હોય છે તે જોઈને.]

રાજબાઈ : શું છે ન્યાં આ બધી ધાંધલ ? કોણ છે ?

[ત્યાં તો બાજુના બારણામાંથી રાજબાઈનો પુત્ર વાડીલાલ પ્રવેશ કરે છે. તે ઊંચો, ભરેલો, ખૂબસૂરત પુરુષ છે. માના રૂપનો કેટલો બધો અંશ તેનામાં ઊતરી આવ્યો છે એ સ્પષ્ટ દેખાઈ આવે છે. અત્યારે ચહેરા ઉપર થોડીઘણી ચિન્તાની રેખા પથરાયેલી દેખાય છે. આવીને મા પાસે જઈ નીચો વળી પગે લાગે છે.]

વાડીલાલ (પગે લાગતાં) : કોઈ નથી, મા. ઈ તો હું આવ્યો છું.

રાજબાઈ (ઊભાં થઈ જઈ એનાં દુઃખણાં લેતાં) : સો વરસનો થા, ભાઈ, ભલે આવ્યો ... (પળ એક શાંતિ પછી) કંઈ ઓચિંતાનું આવવાનું કર્યું, દીકરા ?

વાડીલાલ (હસવાનો પ્રયત્ન કરતાં) : થયું કે માને મળી આવું.

રાજબાઈ : સારું કર્યું લે. મા ઉપર એટલી હેતપ્રીત છે ઈ જ ઘણું છે.

અજવાળી : કાં ભાઈ, ખુશીમજામાં ?

વાડીલાલ : તમે પણ આવ્યાં છો, અજવાળીબેન ? મઝામાં ? ને આ રામજીકાકા પણ છે ના ? કેમ છો, કાકા ?

રામજી : સારું, ભાઈ. કુશળ છો ?

રાજબાઈ : ઠીક આવી ગ્યો તું ભાઈ, ટાણાસરનો આવી ગ્યો. આંહીં તારી જ ખોટ હતી...... હવે હું થઈ બુઢ્ઢી તી કીધું કે થોડું દાનધરમ મરતાં પે'લાં કરતી જાઉં ને પછીની પણ કંઈક ગોઠવણ કરતી જાઉં. તી બોલાવ્યા રામજીકાકાને. બધું નક્કી થઈ ગ્યું કોરટમાં, ઈ વંચાવતાં-'તાં આ અજવાળીને. તું આંહીં નો'તો તી ઘરના કો'ક માણસને તો બધી ખબર દેવી જોઈએ ના ? હવે તો તું આવી ગ્યો તી તને જ ખબર આપીએ...... બોલો રામજીકાકા, ત્યારે આગળ ચાલો...... બેસની ભાઈ, નિરાંતે. જરા આ સાંભળી લે, પછી ના'જેધોજે. (જરા મોટેથી) એલા એય કાના, ભાઈને સારુ પાણી- બાણી ગરમ કરી રાખજે.

કાનો (અંદરથી) : એ... હા... મા.

રાજબાઈ : બેસ ભાઈ, બેસ તું નિરાંતે... ચાલો રામજીકાકા, ત્યારે વાંચો જોઉં આગળ. પંદર હજાર ઇસ્પિતાલને, પછી....

રામજી : ભાઈ, રાજબેને જે કંઈ વ્યવસ્થા કરાવી છે ના ઈ વાંચી સંભળાવું છું. દસ હજાર રોકડા આપ્યા છે પાંજરાપોળને ને પંદર હજાર હોસ્પિટલને. પાંચ હજાર નાતના છોકરાના કેળવણી ફાળામાં આપ્યા છે. ને રૂપિયા પચાસ હજાર ગામની બેનુંબાયુંના હિત અર્થે ને છોકરિયુંની કેળવણી અર્થે વપરાય ઈ સારુ રોકડા જુદા કાઢી રાખ્યા છે. એવી સંસ્થા એકલા રૂપિયાથી ન ચાલે. એને ઘર પણ જોઈએ ઈ સારુ, ઓલું ગામનું, બેનના બાપાનું મોટું ઘર છે ના ઈ આપી દીધું છે ઈ સંસ્થાને.

વાડીલાલ (ચકિત અને મૂઢ) : ગામનું મોટું ઘર !

રાજબાઈ (ઠરેલ અને સ્વસ્થ) : હા, ભાઈ. મને એકે દીકરી થઈ નહિ તી ગામની દીકરિયું ઈ મારી જ દીકરિયું ! બચાડિયું ભણશે ને રાજી થઈ આશિષ દેશે.

રામજી : મુંબઈવાળો મોટો માળો......

વાડીલાલ : મા !

રાજબાઈ : પૂરું સાંભળ તો ખરો, ભાઈ !

રામજી : મુંબઈવાળો મોટો માળો ટ્રસ્ટમાં મૂકી નાતીલાઓને સસ્તે ભાડે રહેવા મળે એવી કાયમી વ્યવસ્થા કરવી, ને વાલકેશ્વરવાળો બંગલો......

રાજબાઈ : ભાઈ, ઓચિંતો આવી ગ્યો તી તબિયત તો સારી હતી ના ?

વાડીલાલ : હા, મા.

રાજબાઈ : ત્યારે આંહીંનું કંઈ કામ નીકળી આવ્યું હશે ઓચિંતાનું !

રામજી : વાલકેશ્વરવાળો બંગલો વેચી નાખી તેમાંથી રૂપિયા

આવે ઈ નાતને ટ્રસ્ટ કરી સોંપી દેવા, નાતનાં ગરીબ ભાઈબેનોને મદદ કરવા.

રાજબાઈ : વહુ તો પિયર ગઈ છે ભાઈ, કાલની. બચાડીનો જીવ મૂંઝાતો'તો છેલ્લા આઠ દીથી તી મેં કીધું કે જઈ આવ તું તારે પિયર, તારો જીવ જરાક ખુલાસો થશે.

રામજી : હીરામોતી સોનાના દાગીનાઓની કિંમત કઢાવી...

વાડીલાલ : દાગીનાઓ પણ......?

રામજી : તેમાંથી ઊપજનારી બધીયે રકમમાંથી રાજકોટમાં એક સૅનિટૅરિયમ બંધાવવું જેથી ગામનાં માંદાં માણસોને હવાફેર કરવાની મોટી સગવડ મળી શકે.

રાજબાઈ (ઓચિંતું યાદ આવ્યું હોય તેમ) : હા ભાઈ, હું તો મૂઈ ભૂલી જ ગઈ. વહુ તો બચાડી ચાલી ગઈ ને આ તો એને આપવાનું રહી જ ગ્યું. લે તું જ આપી દેજે એને ઈ તારે જ હાથે.

[પેલો કાગળ આપે છે. એ જોતાં વાડીલાલનું મોં ફીકું પડી જાય છે.]

રામજી : ગામનાં બધાં ઘર — તેની સંખ્યા નાનાંમોટાં થઈ પંદરની થાય છે — એનું પણ...(પળ અટકી જઈ) બેન, બધુંય વિગતવાર સમજાવું કે પછી ઈ તો ભાઈ જોઈ જશે એની મેળે ?

રાજબાઈ : જેવી તમારી મરજી, કાકા ! ઈ તો જોઈ જશે એની મેળે પણ. મારો દીકરો કંઈ મારી અજવાળી જેવો અભણ નથી તી ઈ તમારી વકીલુંના આડી-અવળી બોલી ન સમજે. ઈ તો ઈ વાંચી જશે. તમે તમારે ફક્ત મારી એકલીનો જે ગોઠવણ કરાવી છે ઈ જ સમજાવોની તી એને બચાડાને માનું શું થશે એની તો ચન્તા ન થાય !

રામજી : રાજબેનનો આ રહેણાક બંગલો તેની હૈયાતીમાં તેના કબજામાં રહે ને તેનો ખરચ નીકળે એટલું વ્યાજ મળે એટલી પૂંજી પણ ઈ જીવે ત્યાં સુધી એની માલિકીમાં રહે. એની કાયા પડતાં ઈ બધાનો પણ ધર્માદો થઈ જાય.

વાડીલાલ (હાથમાં પેલા કાગળને મસળતો, દયામણે મુખે) : પણ મા...... !

રાજબાઈ ; મને સૂઝયું ઈ મેં કીધું, દીકરા !

[વાડીલાલ ઊઠી, ચોળી નાખેલા પેલા કાગળના ડચૂરાને ગમે ત્યાં ફેંકતો, ધીમે ધીમે, અવનત મુખે, ઓરડાની બહાર નીકળી જાય છે. અજવાળી રડમસ મુખે, રામજીકાકા ચિન્તાભર્યે ચહેરે, અને રાજબાઈ ન સમજાય એવા ભાવથી એને જતો જોઈ રહે છે ત્યાં પડદો પડે છે.]*

વિલેપાર્લે : તા. ૨૭–૧૦–૧૯૫૩.

---

* ટૂંક સમયમાં પ્રસિદ્ધ થનાર લેખકના **"જ્વલંત અગ્નિ"** નામના નાટિકાસંગ્રહમાંથી.

[અનુસંધાન પૃ. ૪૬૮થી]

દૂર કરવાનું પ્રજાને વચન આપવામાં આવ્યું છે એમ 'ટાઈમ્સ ઑફ ઇન્ડિયા'ના પતિયાળાના ખબરપત્રીએ ગયા ઑક્ટોબરની ૧૫મી તારીખે જણાવ્યું હતું.

લોકશાસનમાં ધીમાધીમીયે પ્રગતિ કરતી પ્રજા આજીવન રાજપ્રમુખોને લોકશાસનની ભાવનાથી વિપરીત ગણે એ સ્વાભાવિક છે. તેમાંયે દેશના બીજા પ્રદેશોમાં લોકશાસન વધુ પ્રગતિશીલ હોય તે વખતે તેમની પાડોશમાં જ આવેલા પોતાના પ્રદેશમાં આવું આજીવન સત્તાસ્થાન ભોગવતા રાજ-પ્રમુખો વિષે પ્રજામાં વિરોધભાવ હોય એ સાવ સ્વાભાવિક છે. એટલે આજ સુધી થયેલા અનેક કરારોની જેમ એક વધુ કરારથી રાજપ્રમુખો પોતાના અધિકારનું વિસર્જન કરે એ સમય હવે બહુ દૂર નથી. બીજા અનેક રાજવીઓએ ૧૯૪૭ પછી એ કર્યું જ છે.

રાજપ્રમુખની સંસ્થા દૂર થતાં માત્ર આઠ રાજપ્રમુખોના અધિકારો જ નષ્ટ થશે એટલું નહિ, પણ તે સાથે એ આઠ જેમનું પ્રતિનિધિત્વ ધરાવે છે તે લગભગ પોણાત્રણસો જેટલા રાજવીઓની સત્તાના છેલ્લા અવશેષો પણ નષ્ટ થઈ જશે. અત્યારે સંભવ એવો છે કે ભાષાને ધોરણે થતી પુનર્વ્યવસ્થા દરમિયાન જ રાજપ્રમુખની સંસ્થા નામશેષ થઈ જશે.

રાજપ્રમુખોનું ભાવિ

યશવંત દોશી

રાજપ્રમુખોનો ભૂતકાળ ઘણો ટૂંકો છે અને તેમનું ભાવિ એથી પણ ટૂંકું નીવડે એવો સંભવ છે. ૧૯૪૮ના જાન્યુઆરીની ૨૩મી તારીખે સૌરાષ્ટ્રના રાજવીઓએ સૌરાષ્ટ્રના એકમના કરાર(કોવેનન્ટ) ઉપર સહી કરી ત્યારથી રાજપ્રમુખની સંસ્થા અસ્તિત્વમાં આવી. આમ આ સંસ્થાનો ઇતિહાસ માત્ર છ વર્ષનો છે અને અલ્પ સમયમાં ભારતમાં એવું વહીવટી પરિવર્તન થવાનો સંભવ છે કે એ પરિવર્તનને અંતે રાજપ્રમુખની સંસ્થાનું અસ્તિત્વ રહેશે કે નહિ તે શંકાસ્પદ છે.

રાજ્યોના ચાર વર્ગ

ભારતસંઘમાં અત્યારે ચાર પ્રકારનાં રાજ્યો છે. જૂના ગવર્નરના પ્રાન્તોને નવા બંધારણમાં **અ** વર્ગનાં રાજ્યો ગણવામાં આવ્યાં છે. બંધારણનો અમલ શરૂ થયો ત્યારે આવાં ૯ રાજ્યો હતાં. તેમાં ગયા ઑક્ટોબરમાં આંધ્ર ઉમેરાતાં હવે **અ** વર્ગનાં ૧૦ રાજ્યો છે. આ દરેક રાજ્યનો બંધારણીય વડો અત્યારે પણ ગવર્નર હોય છે. ૧૯૪૭ પૂર્વેનાં કેટલાંક મોટાં દેશી રાજ્યોનો અને કેટલાંક નાનાં રાજ્યોનું સંયોજન કરી રચેલા રાજ્યસંઘોનો **બ** વર્ગમાં સમાવેશ કરવામાં આવ્યો છે. **ક** વિભાગમાં કેટલાંક નાનાં રાજ્યો છે જેમને ચીફ કમિશ્નરની સત્તા નીચે મૂકવામાં આવ્યાં છે અને તેમાંથી કેટલાંકમાં વિધાનસભાઓ પણ રચવામાં આવી છે. આંદામાન અને નિકોબાર ટાપુઓનો ડ વિભાગ બનાવવામાં આવ્યો છે.

ઉપરના ચાર વર્ગમાંથી **બ** વર્ગમાં જ રાજપ્રમુખો છે. અત્યારે **બ** વર્ગમાં આઠ રાજ્યો છે. એમાંથી કાશ્મીર, હૈદરાબાદ અને મૈસુર,—એ ત્રણ અગાઉનાં મોટાં દેશી રાજ્યો હતાં અને તેમને મૂળ સરહદો સાથે **બ** વિભાગનાં રાજ્યો બનાવ્યાં છે, જ્યારે સૌરાષ્ટ્ર, મધ્યભારત, રાજસ્થાન, પેપ્સુ અને ત્રાવણકોર-કોચીન એ પાંચ ભિન્નભિન્ન રાજ્યોના સંયોજનથી બનેલા રાજ્યસંઘો છે. ૧૯૪૭થી માંડી ૧૯૫૦ના જાન્યુઆરીમાં નવા કરાર દ્વારા બધા રાજ્યસંઘોએ ભારતનું વર્તમાન રાજ્યબંધારણ સ્વીકાર્યું ત્યાં સુધીમાં વિવિધ બંધારણીય પ્રક્રિયામાંથી પસાર થઈને **બ** રાજ્યો આજની સ્થિતિએ પહોંચ્યાં છે. આ પ્રક્રિયા દરમિયાન બે રાજ્યસંઘો **બ** વિભાગમાંથી ઓછા થયા. એક માત્સ્યસંઘ રાજસ્થાનમાં વિલીન થઈ ગયો અને વિન્ધ્ય પ્રદેશને **બ** વર્ગમાંથી ક વર્ગમાં મૂકવામાં આવ્યો. આ રીતે બે રાજપ્રમુખો ઓછા થયા પછી અત્યારે ભારતમાં ઉપર જણાવેલાં આઠ રાજ્યોના રાજપ્રમુખો છે.

મહદંશે રાજપ્રમુખોને **અ** વર્ગનાં રાજ્યોના ગવર્નર જેવા ગણી શકાય. પણ તેમની નિમણૂક, તેમના પગાર, તેમના અધિકારની સમયમર્યાદા અને કેટલાક વિશેષ અધિકારોની બાબતમાં તેઓ ગવર્નરોથી થોડાક ભિન્ન છે.

ઉપર જણાવ્યા મુજબ રાજપ્રમુખનું પદ રાજ્યસંઘોના કરાર(કોવેનન્ટ્સ)થી નિષ્પન્ન થયું. આ બધા કરારોને બંધારણમાં માન્ય રાખવામાં આવ્યા છે અને જરૂર જણાઈ ત્યાં ભારતના પ્રમુખને ખાસ સત્તાઓ આપવામાં આવી છે, જે સત્તાનો ઉપયોગ પ્રમુખ આ કરારોને લક્ષમાં રાખીને કરે છે.

રાજપ્રમુખની નિમણૂક

રાજપ્રમુખની નિમણૂકનો પ્રશ્ન કાશ્મીર, હૈદરાબાદ અને મૈસુરમાં ઊભો થતો નથી કારણ કે તે તે રાજ્યના રાજ્યકર્તાઓને તેના રાજપ્રમુખ તરીકે સ્વીકારવામાં આવ્યા છે. બાકીના પાંચ રાજ્યસંઘોમાં રાજવીઓ જુદીજુદી રીતે રાજપ્રમુખની ચૂંટણી કરે છે.

સૌરાષ્ટ્ર

સૌરાષ્ટ્રમાં સલામી રાજ્યોના રાજવીઓની એક મહા

સમિતિ(કાઉન્સિલ) છે અને પાંચ રાજવીઓનું એક પ્રમુખમંડળ(પ્રિસિડિયમ) છે. સંયુક્ત રાષ્ટ્રોની સલામતી સમિતિની જેમ પ્રમુખમંડળમાં અમુક સભ્યો કાયમી છે અને અમુક બદલાયા કરે છે. જામનગર અને ભાવનગરના રાજવીઓ પ્રમુખમંડળના કાયમી સભ્યો છે. આ ઉપરાંત સલામી રાજ્યોના રાજવીઓના બે પ્રતિનિધિઓ અને બિનસલામી રાજ્યોનો એક પ્રતિનિધિ એમ ત્રણ સભ્યો દર પાંચ વર્ષે ચૂંટાય છે. મહાસમિતિના સભ્યો પ્રમુખમંડળમાંથી એક પ્રમુખ અને એક ઉપ-પ્રમુખની ચૂંટણી કરે છે. આ પ્રમુખ અને ઉ-પપ્રમુખ સૌરાષ્ટ્રના રાજપ્રમુખ અને ઉપ-રાજપ્રમુખ ગણાય છે.

મધ્યભારત

મધ્યભારતમાં ગ્વાલિયર અને ઇન્દોર વચ્ચે સ્પર્ધા ચાલી રહી હોવાથી અને બન્ને મોટાં રાજ્યો હોવાથી ત્યાંના રાજવીઓની મહાસમિતિ એક પ્રમુખ, એક સિનિયર ઉપ-પ્રમુખ અને બે જુનિયર ઉપ-પ્રમુખની ચૂંટણી કરે છે. તેઓ મધ્યભારતના રાજપ્રમુખ, સિનિયર ઉપ-રાજપ્રમુખ અને જુનિયર ઉપરાજપ્રમુખ ગણાય છે.

રાજસ્થાન

રાજસ્થાનમાં જયપુર, જોધપુર, મેવાડ વગેરે મોટાં રાજ્યો આવેલાં હોવાથી અને રાજસ્થાનના સંઘમાં જુદે જુદે સમયે નવાં રાજ્યોનું સંયોજન થયું હોવાથી તેનાં અધિકારસ્થાનોમાં કાંઈક વિશેષતા છે. ત્યાં પણ પ્રમુખ, બે સિનિયર ઉપ-પ્રમુખ અને બે જુનિયર ઉપ-પ્રમુખ ચૂંટાય છે અને તેમને રાજપ્રમુખ, સિનિયર ઉપ-રાજપ્રમુખ અને જુનિયર ઉપ-રાજપ્રમુખ ગણવામાં આવે છે. પણ તે ઉપરાંત મેવાડના રાજવીને મહારાજપ્રમુખ બનાવવામાં આવ્યા છે. તેમનું કાર્ય મહાસમિતિની સભામાં તે હાજર રહે ત્યારે અધ્યક્ષપદ લેવાનું છે.

પેપ્સુમાં પણ મહાસમિતિના પ્રમુખ અને ઉપ-પ્રમુખની ચૂંટણી થાય છે અને તેઓ રાજપ્રમુખ અને ઉપ-રાજપ્રમુખ કહેવાય છે.

ત્રાવણકોર-કોચીનમાં બે જ રાજ્યોનું સંયોજન થયું હોવાથી મોટા ત્રાવણકોરના રાજવીને રાજપ્રમુખ બનાવવામાં આવ્યા છે.

રાજપ્રમુખોના હોદ્દાની સમયમર્યાદા

કરારોમાં રાજપ્રમુખોની તથા ઉપ-પ્રમુખોની સમયમર્યાદા પાંચ વર્ષની નક્કી કરવામાં આવી છે. પણ એક સૌરાષ્ટ્ર સિવાયના ચારે સંઘોના મૂળ કરારમાં અને સૌરાષ્ટ્રના એક વિશેષ કરારમાં એવી કલમ ઉમેરવામાં આવી છે કે પહેલીવાર રાજપ્રમુખ તરીકે જે ચૂંટાયા છે તે વર્તમાન રાજપ્રમુખોને આજીવન રાજપ્રમુખ તરીકે ચાલુ રાખવા. એટલે સૌરાષ્ટ્રમાં જામનગરના મહારાજા, મધ્યભારતમાં ગ્વાલિયરના મહારાજા, રાજસ્થાનમાં જયપુરના મહારાજા, પેપ્સુમાં પતિયાળાના મહારાજા અને ત્રાવણકોર-કોચીનમાં ત્રાવણકોરના મહારાજા તેમના જીવન દરમિયાન રાજપ્રમુખ રહેશે. તેમની હયાતી બાદ જે રાજપ્રમુખ ચૂંટાશે તેના હોદ્દાની મુદ્દત પાંચ વર્ષની રહેશે.

સમાધાનનો પ્રયત્ન

રાજપ્રમુખોની ચૂંટણીમાં પ્રજાનો કશો હિસ્સો નથી. એમ તો ગવર્નરોની નિમણૂકમાં પણ પ્રજાનો કશો અવાજ નથી. પણ ગવર્નરોની નિમણૂક ભારતના ચૂંટાયેલા પ્રમુખ કરે છે, જ્યારે રાજપ્રમુખોની ચૂંટણીમાં તો પ્રમુખનો પણ કશો અધિકાર નથી. એમ જણાય છે કે બ વર્ગનાં રાજ્યોમાં અર્વાચીન શાસનપદ્ધતિ નિર્માણ કરવાની સાથે રાજવીઓનો કાંઈક સન્માનિત દરજ્જો જાળવવાનો પ્રયત્ન થયો છે. રાજ-પ્રમુખની ચૂંટણીમાં પ્રજાને કે ભારત સરકારને કશો હિસ્સો ન આપવામાં રાજાઓની કાંઈક વિશેષતા અને તેમના જૂના અમર્યાદિત અધિકારનો અતિ અલ્પ અંશ પણ રહ્યો છે એમ દેખાય તેવું સમાધાન કરવાનો આશય રહ્યો છે એમ લાગે છે.

રાજપ્રમુખોના પગાર

રાજપ્રમુખોના પગારના વિષયમાં પણ ઘણી વિવિધતા રહેલી છે. કેટલેક સ્થળે પગાર શબ્દનો ઉપયોગ થયો છે, જ્યારે અન્ય સ્થળે પગાર શબ્દનો ઉલ્લેખ નથી કર્યો પણ રાજપ્રમુખનું કાર્ય કરવા માટે જરૂરી રકમ આપવાનો ઉલ્લેખ કર્યો છે. વ્યવહારમાં તો એ બધું એકનું એક જ છે. ભારતના બંધારણમાં રાજપ્રમુખોના પગાર ભારતના પ્રમુખ ખાસ આજ્ઞાથી નક્કી કરશે એમ જણાવવામાં આવ્યું છે. પ્રમુખ આ આજ્ઞા આપવાનો નિર્ણય કરારોને આધારે જ કરે એ સ્વાભાવિક છે. એટલે, વ્યવહારમાં, પગારો કરારમાં જણાવ્યા પ્રમાણે નક્કી થશે.

મુંબઈના ગવર્નરને ૧૯૪૮ના જાન્યુઆરીની ૨૦મી તારીખે જેટલો પગાર મળતો હતો તેટલો પગાર સૌરાષ્ટ્રના રાજપ્રમુખને આપવો એમ સૌરાષ્ટ્રના કરારમાં જણાવવામાં આવ્યું છે. મધ્યભારતના રાજપ્રમુખને વર્ષે અઢી લાખ રૂપિયા આપવાનું ઠરાવવામાં આવ્યું છે. રાજસ્થાન, પેપ્સુ અને ત્રાવણકોર–કોચીનના રાજપ્રમુખોના પગાર નક્કી કરવાનું ભારતસરકાર ઉપર છોડવામાં આવ્યું છે. આ ઉપરાંત હૈદરાબાદ અને મૈસુરના રાજપ્રમુખોના પગાર પણ ભારતપ્રમુખ જ નક્કી કરે. જ્યાં કરારો નથી તે રાજ્યોના રાજપ્રમુખોના પગાર નક્કી કરવામાં ભારતના પ્રમુખ સાધારણ રીતે તે રાજ્યોના પ્રધાનમંડળનો અભિપ્રાય લે છે.

વિશિષ્ટ અધિકારો અને ફરજો

રાજપ્રમુખના વિશિષ્ટ અધિકારો અને તેમની વિશિષ્ટ ફરજો ગવર્નરોનાં અધિકાર–ફરજો પ્રમાણે જ છે. અમુક ધાર્મિક ફંડોના વહીવટ અંગે તેમને ખાસ જવાબદારી સોંપાઈ છે. ત્રાવણકોરમાં કેટલીક ધાર્મિક સંસ્થાઓને રાજ્ય તરફથી પ્રતિવર્ષ ૫૧ લાખ રૂપિયા અપાતા હતા તે હજી પણ અપાય એવો નિર્ણય થયો છે અને એ નાણાં અપાય છે તે જોવાની ફરજ રાજપ્રમુખને શિરે છે.

ગવર્નર અને રાજપ્રમુખ

ગવર્નરો અને રાજપ્રમુખો સામાન્ય રીતે સમાન છે. આમ છતાં કેટલીક બાબતોમાં બન્ને વચ્ચે થોડોક તફાવત છે. **બ** વર્ગનાં રાજ્યોની નાણાંવિષયક સત્તા **અ** વર્ગનાં રાજ્યો કરતાં ઓછી છે એટલા પૂરતો ગવર્નર અને રાજપ્રમુખની સત્તામાં સૂક્ષ્મ ફેર રહેવાનો. પણ એ તફાવત દેખાઈ આવે તેવો નથી.

બન્ને વચ્ચે ખરી વિષમતા તેમની નિમણૂકમાં અને સમયની મર્યાદામાં છે. ગવર્નરની નિમણૂક પ્રમુખ પાંચ વર્ષ માટે કરે છે. રાજપ્રમુખ આજીવન છે. વર્તમાન રાજપ્રમુખોની હયાતી બાદ ગવર્નર અને રાજપ્રમુખની આ વિષયની વિષમતા દૂર થઈ જશે.

એક મહત્ત્વનો પ્રશ્ન એ છે કે રાજપ્રમુખને બરતરફ કરી શકાય કે નહિ. ગવર્નર વિષે તો બંધારણમાં સ્પષ્ટ જોગવાઈ છે કે ગવર્નર પ્રમુખની ઇચ્છા હોય ત્યાં સુધી જ અધિકારપદે રહી શકશે. એટલે પ્રમુખ ગવર્નરને ઇચ્છે ત્યારે બરતરફ કરી શકે છે. પણ રાજપ્રમુખની નિમણૂક પ્રમુખ કરતા નથી એટલે એને બરતરફ પણ કેવી રીતે કરી શકે? વળી વર્તમાન રાજપ્રમુખ તો આજીવન અધિકાર ધરાવે છે. તો પછી રાજપ્રમુખને કદી પદચ્યુત કરી ન શકાય? એમ પણ નથી. ભારત સરકારે પ્રસિદ્ધ કરેલા દેશીરાજ્યોને લગતા શ્વેતપત્રમાં એવો અભિપ્રાય વ્યક્ત કરવામાં આવ્યો છે કે પ્રમુખ રાજપ્રમુખને પદચ્યુત કરી શકે એવી બંધારણમાં સગવડ છે. રાજપ્રમુખની વ્યાખ્યામાં એમ કહેવામાં આવ્યું છે કે હૈદરાબાદના નિઝામ તરીકે, મૈસુરના કે કાશ્મીરના મહારાજા તરીકે અને પાંચ રાજ્યસંઘોના રાજપ્રમુખ તરીકે ભારતના પ્રમુખ જેને સ્વીકારે તે તે રાજ્યના રાજપ્રમુખ ગણાય. એટલે પ્રમુખ જે વ્યક્તિનો રાજપ્રમુખ તરીકે અસ્વીકાર કરે અથવા તેને આપેલી પોતાની સ્વીકૃતિ પાછી ખેંચી લે તો તે વ્યક્તિ રાજપ્રમુખ તરીકે સ્વયં અધિકારભ્રષ્ટ થઈ જાય.

રાજપ્રમુખોનું ભાવિ

રાજપ્રમુખોના ભાવિ ઉપર અસર કરે તેવા કેટલાક અગત્યના બનાવો અત્યારે બની રહ્યા છે. સૌથી મોટો પ્રશ્ન ભાષાને ધોરણે રાજ્યરચના કરવાનો છે. રાજ્યોની સીમાઓની પુનર્ઘટના થાય તો કેટલાંક પ્રવર્તમાન **બ** વર્ગનાં રાજ્યોની સીમાઓમાં મહત્ત્વનું પરિવર્તન થાય અને કેટલાકનું સ્વતંત્ર અસ્તિત્વ જ ન રહે. આવું બધું બને તો રાજપ્રમુખોનું શું સ્થાન રહે? ભાષાને ધોરણે રાજ્યરચના થવાનો સંભવ કલ્પીને સૌરાષ્ટ્રના કરારમાં એને વિષેની ખાસ કલમ રાખવામાં આવી છે. ગુજરાતી ભાષા બોલતા બીજા પ્રદેશ સાથે સૌરાષ્ટ્રને જોડવાની યોજના રાજવીઓની મહાસમિતિ અને પ્રધાનમંડળની સંમતિથી થઈ શકશે એવી છૂટ એમાં આપવામાં આવી છે. એટલે મહાગુજરાતની રચનાનો બંધારણીય માર્ગ સૌરાષ્ટ્રે પહેલેથી જ નિર્વિઘ્ન બનાવી રાખ્યો છે.

ભાષાવાર રાજ્યરચના ન થાય તો પણ અ, બ, ક વર્ગના ભેદો દૂર કરી બધાં રાજ્યોને સમાન દરજ્જે મૂકવાની માગણી પણ થઈ રહી છે.

આ ઉપરાંત કેટલાંક રાજ્યોમાં વિવિધ કારણોસર રાજપ્રમુખની સંસ્થા વિષે પ્રજામાં અણગમો દેખાય છે. આની છેલ્લી પ્રતીતિ એ હકીકતથી થશે કે પેપ્સુની કોંગ્રેસના ચૂંટણીના જાહેરનામાના કાચા ખરડામાં રાજપ્રમુખનું સ્થાન

[અનુસંધાન પૃ. ૪૫૭ ઉપર]

સંયુક્ત રાષ્ટ્રસંઘ લીગ ઑફ નેશન્સના માર્ગે ?

વાડીલાલ ડગલી

છેલ્લા છ માસથી અમેરિકન સરકારના પ્રતિનિધિઓ સંયુક્ત રાષ્ટ્રસંઘ (UNO–યુનો)ના ખતપત્ર (Charter)-માં મૂળભૂત ફેરફાર કરવાની માગણી કરી રહ્યા છે. આમ તો, દર વર્ષની મહાસમિતિ(General Assembly)ની બેઠકમાં અમેરિકા ખતપત્રમાં સુધારા કરવાની દરખાસ્ત મૂકે છે, પણ ગયા જૂનથી અમેરિકાની માગણી અને તેના પ્રચારે ઉગ્ર સ્વરૂપ પકડયું છે.

અમેરિકાને શું જોઈએ છે? અમેરિકાની એવી દરખાસ્ત છે કે સંયુક્ત રાષ્ટ્રસંઘનું સૌથી અસરકારક અંગ, સલામતી સમિતિ, પાંચ મહારાજ્યો એકમત ન થાય ત્યાં સુધી કોઈ મહત્ત્વનો નિર્ણય ન લે તેવી જોગવાઈ દૂર કરવી, અને કોઈ પણ મહારાજ્યને વીટો(Veto)—સત્તાધીશ નામંજૂરી—વાપરવાનો હક્ક ન હોવો જોઈએ. બીજી રીતે કહીએ તો સલામતી સમિતિના અગિયાર સભ્યોમાંથી કોઈ પણ સાત સભ્ય અનુમતિ આપે તેની હાલ કોઈ પણ મહારાજ્ય કાયદેસર રુકાવટ કરી શકે છે તે પ્રથાનો અંત આવવો જોઈએ.

સલામતી સમિતિના ૧૧ સભ્યોમાંથી પાંચ મહારાજ્યો—અમેરિકા, રશિયા, ગ્રેટબ્રિટન, ચીન અને ફ્રાંસ—કાયમી સભ્યો છે; બાકીનાં ૬ સભ્યરાષ્ટ્રોની ચૂંટણી સંયુક્ત રાષ્ટ્રસંઘના સભ્યો કરે છે. ત્રણ રાષ્ટ્રોની ચૂંટણી દર વર્ષે બે વર્ષની મુદ્દત માટે થાય છે. સલામતી સમિતિ એ સંયુક્ત રાષ્ટ્રસંઘની સર્વોપરી શાખા છે. વિશ્વમાં શાંતિ રહે અને યુદ્ધ ન થાય એ સલામતી સમિતિએ જોવાનું છે. સલામતી સમિતિ પાસે લશ્કરી પગલાં લેવા સુધીની વિશાળ સત્તા છે. નાનાં રાજ્યો પર મોટાં રાજ્યોનાં આક્રમણ સમયે બીજા વિશ્વયુદ્ધ પહેલાં લીગ ઑફ નેશન્સે(–પ્રજાસંઘે) અસહ્ય નિષ્ક્રિયતા બતાવી અને તેથી તેનું ૧૯૩૯માં અવસાન થયું.

આથી ઑક્ટોબર, ૧૯૪૫માં સંયુક્ત રાષ્ટ્રસંઘની રચના થઈ ત્યારે વિશ્વની સલામતી માટે મહારાજ્યોના એકમતી સહકારની જોગવાઈ સાથે સલામતી સમિતિની સ્થાપના કરવામાં આવી. સલામતી સમિતિની બેઠક હમેશાં ચાલુ જ હોય છે.

સલામતી સમિતિની સ્થાપના વખતે એમ નક્કી કરવામાં આવ્યું કે યુદ્ધ શરૂ કરી શકે એવાં પાંચ મહારાજ્યો જેમાં એકમત ન થાય તેવો કોઈ મહત્ત્વનો નિર્ણય ન લેવો; અને દરેક મહારાજ્ય પાસે 'વીટો' રહે. 'વીટો' એટલે પોતાને નાપસંદ કે પ્રતિકૂળ નિર્ણય અટકાવવાની કાયદેસર સત્તા. આથી જો ફ્રાંસ, બ્રિટન, અમેરિકા અને રશિયા એકમત થાય પણ ચીન વિરુદ્ધ જાય તો ચીનને તે નિર્ણય અટકાવવાની 'વીટો'થી સત્તા મળે છે. આ 'વીટો' સંયુક્ત રાષ્ટ્રસંઘના ખતપત્રની ૨૭મી કલમ દ્વારા મહારાજ્યોને પ્રાપ્ત થયો છે.—૨૭મી કલમ કહે છે કે, "સલામતી સમિતિની કાર્યવાહી(procedural) સિવાયની બીજી બધી બાબતો વિશેના સલામતી સમિતિના નિર્ણયો કાયમી સભ્યોના મતો સહિત સાત મતોથી લેવાશે." પાંચ મહારાજ્યોની એકમતીનો સિદ્ધાંત ખતપત્રની ૧૦૮ અને ૧૦૯ કલમોમાં પણ સ્વીકારવામાં આવ્યો છે. આ બે કલમો અનુસાર સંયુક્ત રાષ્ટ્રસંઘના વર્તમાન ખતપત્રમાં ત્યારે જ કાંઈ પણ સુધારો થઈ શકે કે જ્યારે પાંચ મહારાજ્યો સહિત મહાસમિતિના ૨/૩ સભ્યો તે સુધારા માટે અનુમતિ આપે.

લીગ ઑફ નેશન્સના કડવા અનુભવ પછી દુનિયાનાં રાષ્ટ્રોને લાગ્યું કે વિશ્વસંસ્થાએ એવી રીતે કામ કરવું જોઈએ કે તેના એકેએક મહત્ત્વના નિર્ણય પાછળ વિશ્વનાં મહારાજ્યોની સત્તા અને શક્તિ હોય. આમાં નાનાં રાજ્યોની અવગણના, બિનલોકશાહી પદ્ધતિનો સ્વીકાર કે મહારાજ્યોની ખુશામત નથી. વિશ્વની આર્થિક અને લશ્કરી વાસ્તવિકતાનો

સ્વીકાર છે. વિશ્વમાં આજે જે રીતે ખરી શક્તિ વહેંચાયેલી છે તેનો સ્વીકાર છે. આથી જ, ૧૯૪૫માં જ્યારે સંયુક્ત રાષ્ટ્રસંઘની સ્થાપના થઈ ત્યારે અમેરિકા અને રશિયા બંનેએ મહારાજ્યોના 'વીટો' સિવાયના સંયુક્ત રાષ્ટ્રસંઘમાં જોડાવાની સાફ ના પાડી હતી. પણ આજે અમેરિકા મહારાજ્યોનો 'વીટો' નાબૂદ કરવા ઇચ્છે છે, જ્યારે રશિયા, સ્વીડન, હિન્દ અને બીજાં મહત્ત્વનાં રાજ્યો આજની પરિસ્થિતિમાં મહારાજ્યોની એકમતી – અને તેથી 'વીટો' – અનિવાર્ય ગણે છે.

અમેરિકાની દલીલ એ છે કે રશિયાએ 'વીટો'નો હમેશાં દુરુપયોગ કર્યો છે. આથી સલામતી સમિતિ કોઈપણ નિર્ણય લઈ શકતી નથી. સંયુક્ત રાષ્ટ્રસંઘનું કાર્ય સ્થગિત થઈ ગયું છે અને રશિયા સંયુક્ત રાષ્ટ્રસંઘમાં પ્રચારનાં ભાષણો કરવા જ આવે છે. અમેરિકાના પરદેશમંત્રીનું એવું મંતવ્ય છે કે ખતપત્ર એટમ-યુગ શરૂ થયો તે પહેલાં ઘડાયું હતું. આજે અમેરિકા અને રશિયા બંને પાસે એટમ બૉમ્બના જથ્થો છે. આ પરિસ્થિતિમાં ખતપત્રમાં 'વીટો'ની જોગવાઈ નકામી છે.

રશિયાનો જવાબ એ છે કે અમેરિકાને 'વીટો' વાપરવાની જરૂર પડતી નથી તેનું કારણ એ છે કે લેટિન અમેરિકાનાં વીસ રાજ્યો અને પશ્ચિમ યુરોપનાં બધાં જ રાજ્યો માટે અમેરિકાની હામાં હા ભણ્યા સિવાય બીજો કોઈ માર્ગ નથી. આથી અમેરિકા ઇચ્છે તે સંયુક્ત રાષ્ટ્રસંઘ પાસે પસાર કરાવી શકે છે. 'વીટો'નો અમેરિકા દુરુપયોગ નથી કરતું એ ખરી વાત નથી. અમેરિકાના જમણા હાથ જેવા બ્રિટનની રૂઢિચુસ્ત સરકાર પણ ચીનની સામ્યવાદી સરકારને સંયુક્ત રાષ્ટ્રસંઘમાં સ્થાન આપવું જોઈએ એવી માગણી કરે છે, કેમ કે ફૉર્મોસાના ટાપુ પર ભરાઈ બેઠેલા ચ્યાંગ કાઈ શેકને ચીનના પ્રતિનિધિ તરીકે સ્વીકારવા તે અયોગ્ય છે પણ અમેરિકાએ એવી ધમકી આપી છે કે જો ચીનની નવી સરકારને સંયુક્ત રાષ્ટ્રસંઘમાં દાખલ કરાવવાની કોઈ પણ રાષ્ટ્ર દરખાસ્ત લાવશે તો તે દરખાસ્તને અમેરિકા 'વીટો'નો ઉપયોગ કરી ફગાવી દેશે. એટમ-યુગની અમેરિકાની દલીલ વિશે રશિયાનું એવું મંતવ્ય છે કે આજે જ્યારે રશિયા અને અમેરિકા બન્ને પાસે એટમ બૉમ્બનો સારો એવો પુરવઠો છે ત્યારે જેટલી પાંચ મહારાજ્યોની એકમતીની જરૂર છે તેવી જરૂર ક્યારેય ન હતી. ટૂંકમાં રશિયા એમ માને છે કે 'વીટો' નાબૂદ કરી અમેરિકા સંયુક્ત રાષ્ટ્રસંઘ જેવી વિશ્વસંસ્થાને 'અમેરિકાના અનુયાયીઓનું જૂથ' બનાવવા ઇચ્છે છે.

જેનાં મંતવ્યોની આંતરરાષ્ટ્રીય રાજકારણમાં બ્રિટનના રૂઢિચુસ્ત પક્ષનાં મંતવ્યો કરતાં પણ વધુ અસર પડે છે તેવા બ્રિટનના સૌથી મોટા પક્ષ મજૂરપક્ષે અમેરિકાની દરખાસ્તનો વિરોધ કર્યો છે. ગયા ઑક્ટોબરના પ્રથમ સપ્તાહમાં માર્ગેટ ખાતે ભરાયેલા બ્રિટિશ મજૂરપક્ષના બાવનમા અધિવેશને જાહેર કર્યું કે, "સંયુક્ત રાષ્ટ્રસંઘ એ સમગ્ર વિશ્વના રાજ્યોની સંસ્થા બનવી જોઈએ અને તેમાં સૌ રાષ્ટ્રો સાથે મળી સહકારથી કાર્ય કરે તેવી વ્યવસ્થા થવી જોઈએ. આથી તે એક જ વિચારસરણીમાં માનતાં રાજ્યોનું જૂથ ન બની જાય તે જોવું જોઈએ." બ્રિટનનું રૂઢિચુસ્ત વર્તમાનપત્ર 'લંડન ટાઇમ્સ' અમેરિકાની ઉપલકિયા નજરે નિર્દોષ લાગતી 'વીટો' દૂર કરવાની ઝુંબેશનો મર્મ પામી ગયું લાગે છે. લંડન ટાઇમ્સે જણાવ્યું છે કે, "જો સંયુક્ત રાષ્ટ્રસંઘ સામ્યવાદી રાષ્ટ્રોના વિરોધી રાષ્ટ્રોનું જૂથ બની જશે તો તેને સંયુક્ત રાષ્ટ્રસંઘના મોટાભાગના સભ્યો ખતરનાક પીછેહઠ ગણશે." હિન્દી પ્રતિનિધિમંડળના આગેવાન શ્રી કૃષ્ણ મેનને ચાલુ મહાસમિતિને સંબોધતાં કહ્યું કે, "અમારી સરકારનો એવો મક્કમ મત છે કે સંયુક્ત રાષ્ટ્રસંઘમાં આજના વિશ્વની વાસ્તવિકતા વ્યક્ત થવી જોઈએ.—આજની એક વાસ્તવિકતા એ છે કે સામાન્ય બહુમતીથી કરેલો નિર્ણય કોઈ એક મહારાજ્ય પર લાદવામાં આવશે તો આ વિશ્વસંસ્થા ટકી નહીં શકે...... વર્તમાન પરિસ્થિતિમાં મહારાજ્યોની એકમતીના સિદ્ધાંતમાં અમે માનીએ છીએ." હમેશાં તટસ્થ રહેતા સ્વીડનના વિદેશ પ્રધાન શ્રી અંડને પણ જાહેર કર્યું છે કે સંયુક્ત રાષ્ટ્રસંઘમાં મહારાજ્યોના 'વીટો'ના સિદ્ધાંતથી નાનાં રાજ્યો પરનાં આક્રમણનો ભય ઓછો થયો છે.

જ્યાં સુધી આંતરરાષ્ટ્રીય કાયદો આજની જેમ પ્રાથમિક દશામાં હશે અને જ્યાં સુધી આંતરરાષ્ટ્રીય કાયદાના ઉલ્લંઘન માટે નશિયત કરવા આંતરરાષ્ટ્રીય બળની જોગવાઈ નહીં થાય, ત્યાં સુધી પાંચ મહારાજ્યોની એકમતી અનિવાર્ય કરતો સંયુક્ત રાષ્ટ્રસંઘમાં મહારાજ્યનો 'વીટો' જરૂરી છે.

અમદાવાદ : ૨૬ નવેમ્બર, '૫૩.

જિપ્સીની આંખે

'જિપ્સી'

મન મહોરી ઊઠ્યું

દશેરાનો દિવસ. વડોદરામાં દશેરા એટલે ઉત્સવનું મહાપર્વ. દશેરાની સવારી નીકળે. એ આકર્ષણને કારણે પચીસપચાસ માઈલથી લોકો વહી આવે. તે દિવસે વડોદરા યાત્રાનું ધામ બની જાય. જીવનની ઉજાણી કરવાના અનેક પ્રયોગો થાય. અનેક લોકો એમાં ઉત્સાહ અને ઉત્સુકતાથી ભાગ લે. આસપાસ ચોમાસું સારું ઊતર્યું હોય, વરસાદે મહેર કરી હોય તો ગામડાંના લોકો મોટી સંખ્યામાં આવી પહોંચે. શહેરમાં એવો તો માનવમેળો જામે કે મૂંજી માણસમાં પણ જિંદગી જાગે.

બીજે દિવસે કરનો ઉત્સવ. તે દિવસે સોનું આપવાનો રિવાજ. આખા વરસના અબોલા હોય તો પણ તે દિવસે તૂટે. નાનાઓ વડીલોને સોનું આપીને આશીર્વાદ પામે. આ સોનું એટલે શિમળાનાં પાન. સોનાનું એ પ્રતીક. સાથે સાથે માણસની નમ્રતાનું નિશાન પણ ખરું. પરંતુ મને આ બીજો બહુ ગમે. અને એનું કારણ સાવ જુદું. તે દિવસે અગડમાં મેદાની અને મર્દાના ખેલો થાય. ઘોડા અને હાથીની દાગદારી થાય. જાણીતા મલ્લોની કુસ્તી થાવ. વજ્રમુંષ્ટિઓની જીવનમરણની હરીફાઈ થાય. મેં આ અગડના ખેલો વિષે નાનપણમાં ઘણી રોમાંચક અને રંગદર્શી વાતો સાંભળેલી. બેત્રણ વખત મેં બાપુજીને વાત પણ કરેલી કે અગડના ખેલો જોવાની મારી બહુ ઇચ્છા છે. પરંતુ બાપુજીને એમાં બિલકુલ રસ નહીં. પરંતુ મારા આગ્રહને વશ થઈને એમણે એક વરસ મને અમારા ઓળખીતા નીલકંઠરાવની સાથે આ ખેલો જોવા મોકલ્યો. નીલકંઠરાવ રાજમહેલમાં દસ્તુરાત ખાતામાં નોકરી કરે. એટલે એ વખતે મને રાજકુટુંબથી થોડે છેટે, જ્યાં આ કુસ્તીઓ થાય ત્યાં, અખાડાને કિનારે જ જગ્યા મળી. મારા આનંદનો પાર નહીં.

અગડમાં જોનારાંઓની ઠઠ્ઠ જામે, દૂરદૂરનાં ઝાડ અને છાપરાંઓ ઉપર પણ માણસો બેઠાં હોય. પહેલી વખત હાથી-ઘોડાની દાગદારી જોઈને મારું તો હૈયું થરથરી ગયું. અગડના મેદાનમાં એક હાથીને છૂટો મૂકવામાં આવ્યો. હાથી પર માવત નહીં. મેં તો જિંદગીમાં પહેલી વાર માવત વિનાનો હાથી જોયો. અહા ! શું મુક્ત અને મનોહારી એની ચાલ ! ખાસ કલાકારોએ ચિત્રામણોથી એને રંગેલો. જ્યાં એ ડોલતો ડોલતો મેદાનમાં આવ્યો ત્યાં જ બાજુના દરવાજામાંથી એક ઘોડેસ્વાર નીકળ્યો. તેજસ્વી અને ચપળ ઘોડો. વધારે ચકોર અને બહાદુર ઘોડેસ્વાર. સવારના હાથમાં લાંબો ચાબુક. ઘોડો સ્વાભાવિક રીતે જ હાથીથી ડરે. અસવાર હાથીની છેક પાસે ઘોડાને લઈ જાય. પાસે જતાં જતાં તો ઘોડો નવ નેજાં પાણી ઉતારે. પાસે જઈને અસવાર ચાબુકથી હાથીને અડકે. હાથી ચિઢાય. ઘોડાનો પીછો પકડે. અસવાર ચિઢાયલા હાથીથી પોતાને બચાવે; અને પાછો હલ્લો કરે. આ દાગદારીમાં હાથીનું બળ અને અસવારની બહાદુરીનો સુમેળ. માણસની દક્ષતા અને ચતુરાઈ જનાવરના બળ ઉપર કેવી રીતે વિજય મેળવે તેનું આ દાગદારી અદ્ભુત ઉદાહરણ. પણ જોતાં જોતાં જોનારનું દિલ હચમચી ઊઠે એવી પરિસ્થિતિ આવે. અસવારના દિલની તો વાત જ શી કરવી ! હાથી બેકાબૂ બનીને ચિઢાય અને ઘોડાનો પીછો જ પકડે ત્યારે અસવાર મેદાનમાંથી વિદાય લે. વીસપચીસ માણસો મોટા મોટા ચીપિયા અને દારૂખાનાથી ભરેલાં બાણ લઈને હાથીને વશમાં લે. માવત અતિશય વહાલથી મનાવીને એને જ્યારે મેદાનમાંથી બહાર લઈ જાય ત્યારે જોનારાઓના જીવમાં જીવ આવે.

પછી વજ્રમુષ્ટિઓ જીવસટોસટની સ્પર્ધામાં ઊતરે. કુસ્તીમાં માણસ ચારે ખૂણે ચિત થઈને ચતોપાટ પડે ત્યારે હાર્યો ગણાય. વજ્રમુષ્ટિઓની સ્પર્ધામાં માણસ ઊંધો પડે તો હાર્યો ગણાય એવી પરંપરા. વજ્રમુષ્ટિઓનાં કુટુંબો જ્યાં સુધી પોતાના ઘરનો માણસ સ્પર્ધામાંથી જીવતો પાછો ફરે નહીં

ત્યાંસુધી એમનાં મન હેઠાં બેસે નહીં. ઘરની સ્ત્રી તો બિચારી ચૂડીઓ ઉતારીને બેસે એવો રિવાજ. પોતાનો પતિ અગડની સ્પર્ધામાંથી પાછો ઘેર આવે ત્યારે જ ચૂડીઓ પહેરે. ત્યાં સુધી માતાની આગળ અખંડ દીવો બાળીને પ્રાર્થના કરતી બેસી રહે. આ વજ્રમુષ્ટિઓની સ્પર્ધા ભયંકર અને જીવલેણ હરીફાઈ કહેવાય. એ કુસ્તીનો જ એક પ્રકાર. એમાં પહેલવાનો જમણે હાથે લોખંડના અણિદાર ચકચકતા નખ બાંધે. ડાબા હાથ વડે કલા અને ચતુરાઈથી સામા માણસની નજર ચૂકવીને એને પેલા નખથી ઊઝરડી નાંખે. એમાં ટાંગનો ઉપયોગ થાય. એક હાથે થાપનો કીમિયો પણ અજમાવી શકાય. પરંતુ દૃષ્ટિની રમત ઉપર જ આખી સ્પર્ધાના જય-પરાજયનો આધાર. એમાં માણુસ ચતો પડે પણ ઊંધો તો ન જ પડે. જો ઊંધો પડ્યો અને ઉપરવાળાએ ગળાના પાછલા ભાગમાં પેલા નખ ઉતારી દીધા તો એનો પરાજય થયો ગણાય. આ સ્પર્ધામાં એત્રણ વરસે, ચાર વરસે એકાદ વજ્રમુષ્ટિ ગંભીર રીતે ઘવાય અથવા ઘવાઈને મૃત્યુ પામે. એટલે આ સ્પર્ધા જેટલી ભયંકર તેટલી જ બળ અને બહાદુરીની સૂચક પણ ગણાય. જ્યારે એનો પ્રારંભ થયો ત્યારે શરૂઆત તો બહુ જ રંગીન અને રોમાંચકારી લાગી. વજ્રમુષ્ટિઓના ઘાટીલા, સુંદર અને કદ્દાવર દેહ પર કેસર-ચંદનનો લેપ થયો છે. એમને ઘેરથી શરણાઈનાં વાજાં એમને અગડ સુધી માનપૂર્વક લઈ આવ્યાં. કુસ્તીની સ્પર્ધા શરૂ થઈ ત્યારે પણ શરણાઈ ઢોલે મારુ રાગની રમઝટ જમાવી. પણ જેમ જેમ એ સ્પર્ધામાં ઉગ્રતા આવતી ગઈ તેમ તેમ મારું ગભરુ હૈયું ડરતું ગયું. કુસ્તીબાજોના શરીરમાંથી નીકળતું લોહી જોઈને મારું બાલ-મન લગભગ ઘેલું થઈ ગયું. પરંતુ એ જ સ્પર્ધાની અપૂર્વ બહાદુરીનું આકર્ષણ અજાણ્યે હૈયામાં એવી રીતે રોપાયું કે દેહને સ્વસ્થ, બળવાન અને મનને મસ્ત અને બહાદુર કરવાની પ્રેરણા મળી.

ત્યાર પછી આવ્યો પહેલવાનોનો વારો. પહેલાં જુવાનોની કુસ્તી થઈ ગઈ. સામસામા અખાડાના જાણીતા ગુરુઓના શિષ્યો પણ લડી ચૂક્યા. પછી આવ્યા જાણીતા પહેલવાનો. દસ મણની કાયાના સ્વામી દુર્ગા પહેલવાનને ચાર મણના દેહધારી રામનારાયણે જ્યારે સિફતથી અને સહજ રીતે ગુલાંટ ખવડાવી ચિત કરી દીધો ત્યારે તો સયાજીરાવ મહારાજ પણ ખુરશીમાંથી ઊભા થઈ ગયા. રામનારાયણની ચપળતા અને ચતુરાઈ આગળ દુર્ગાની જડતા અને બળ બન્ને શેહ ખાઈ ગયાં.

પણ જે છેલ્લી કુસ્તી થઈ તેણે મારા હૃદયમાં આત્મ-શ્રદ્ધાનો છોડ રોપ્યો. એ કુસ્તીમાં વજ્રમુષ્ટિ અખાડાના ગુરુ કૃષ્ણાપ્પા અને પાણીદરવાજાના ભદ્રના અખાડાના આગેવાન રમઝુ પહેલવાનની કુસ્તી હતી. રમઝુની કદ્દાવર કાયા જોઈને બીક લાગે! શી એની આકૃતિ! છ ફૂટ અને બે ઇંચની ઊંચાઈ. બાર સાડાબાર મણનું વજન. પળવાર હાથીને પણ ડારે એવી બહાદુરી. એના ઝનૂનથી ઘોડા ડરે. માણસોની તો વાત જ શી! રમઝુ ફરવા નીકળે ત્યારે એ દર્શનીય વસ્તુ હોય એમ માણસો એને જોવા ટોળે મળે. એની હાકથી ટોળું થરથરે! એના નામથી રડતાં બાળકો છાનાં રહી જાય!

અને જુવાન કૃષ્ણાપ્પા! ઊજળો મહેકતો વાન. મીઠો મહોરદાર ચહેરો. ઘાટીલો, તંદુરસ્તી ઝરતો દેહ. નમણી, નેહભરી આંખો. વહાલ આમંત્રે એવી આકર્ષક આકૃતિ. પાંચ ફૂટ આઠ ઇંચની ઊંચાઈ. અને એને બંધ બેસે એવું જ પાંચ મણ વજન. મૂછોની નીચે મરકતા હોઠ પૌરુષની ચાડી ખાય. કૃષ્ણાપ્પાને જોતાં જ હૈયું પ્રસન્ન પ્રસન્ન થઈ ગયું, મન મહોરી ઊઠ્યું.

રમઝુ અને કૃષ્ણાપ્પા પહેલી વાર અખાડામાં ઊતર્યા હતા. સૌ પોતપોતાની જગ્યાએ સાવધાન થઈ ગયા. સૌને એક જ આશા હતી કે રમઝુ જિતશે. સૌને શ્રદ્ધા હતી કે કૃષ્ણાપ્પા હારશે. પરંતુ સૌની ઇચ્છા એવી હતી કે રમઝુ કૃષ્ણાપ્પાને કશું નુકસાન ન કરે તો સારું. મારા જેવા કેટલાયની એવી પણ છૂપી આકાંક્ષા હશે કે અકસ્માત થાય ને કૃષ્ણાપ્પા જિતે તો ઇતિહાસ રચાઈ જાય!

કુસ્તી શરૂ થઈ. સલામી લેતાં જ રમઝુની ખેંચથી કૃષ્ણાપ્પા છ ફૂટ ખેંચાઈ ગયા. પણ ત્યાંથી જ સિંહની જેમ લપક્યા. રમઝુ વિચાર કરે ત્યાં તો એનું માથું કૃષ્ણાપ્પાના બે પગની વચ્ચે. અને અમે જોઈએ ન જોઈએ ત્યાં તો એ બાર મણની કાયા ઊથલીને ચારેખૂણે ચિત થઈ પડી. જોનારાંઓમાં આશ્ચર્ય ઊભરાઈ ગયું. મહારાજાએ કૃષ્ણાપ્પા માટે પુષ્પહાર મોકલ્યો ને એમને માટે હજાર રૂપિયા ઇનામ જાહેર કર્યું.

મારા હૈયામાં કૃષ્ણાપ્પાની છબી કોરાઈ ગઈ.

બાપુજીના એક મિત્ર હતા. એમનું નામ ડૉ. રાજારામ ખોત. ડૉ. ખોતને ત્યાં કૃષ્ણાપ્પા આવે જાય. એમની બન્ને

વચ્ચે કુટુંબ જેવો સ્નેહસંબંધ. ડૉ. ખોત એક રીતે અમારા પાડોશી પણ ખરા. બરાબર એ જ વખતે વડોદરામાં પ્લેગનો રોગ ફાટી નીકળ્યો. કૃષ્ણાપ્પા આવીને ડૉ. ખોતને વારસિયામાં પોતાના અખાડાને મેડે રહેવા લઈ ગયા. ડૉ. ખોત રોજ દવાખાને આવે. અમારા ફળિયામાં જ્યારે આ રોગે પોતાનો ચાબખો ફેરવ્યો ત્યારે હાહાકાર વરતી ગયો હતો. ખોત દાકતરે દવાખાને આવવાનું બંધ કરી દીધું હતું. નનામી ઊંચકવા માણસો મળતા નહોતા. એ વખતે મુડદાં લઈ જવા માટે હાથગાડીઓનો ઉપયોગ શરૂ થયો. હાથગાડી ખેંચવા માટે નાતજાતના કે ઓળખાણ ને વગવસીલાના માણસો પણ મળવા મુસ્કેલ થઈ પડ્યા ત્યારે કૃષ્ણાપ્પાના અખાડાના પહેલવાનો મેદાને પડ્યા. સંખ્યાબંધ શબોને અંત્યેષ્ટિ ક્રિયા માટે ઘસડીને લઈ જનારા આ પહેલવાનો સવારથી સાંજ સુધી કાળી મજૂરી કરતા. કૃષ્ણાપ્પા અમારા લત્તામાં આ કામ સંભાળતા હતા. એ સમયે કૃષ્ણાપ્પા ઘણાં કુટુંબોની આશા-અભિલાષા જેવા લાડીલા બની ગયા હતા. એ એકલા જ શબની ગાડી ખેંચીને સ્મશાને પહોંચાડતા. અને એવાં તો કેટલાંય શબ આખા દિવસમાં એ અગ્નિસંસ્કાર કે દાટવા માટે લઈ જતા. અમારા એ વિભાગમાં કૃષ્ણાપ્પાનું નામ ગરીબનવાજ જેવું ગરવું બની રહ્યું. અને આ જ પ્લેગના રોગમાં એમના અખાડાના આંખોએ ઊડીને વળગે એવા બે રૂપાળા નવજવાનો પણ મરણને ભેટચા.

ત્યારથી કૃષ્ણાપ્પા મારા અંતરમાં અભિલાષા અને આસ્થા બનીને વિરાજ્યા. એમની નિઃસ્વાર્થ સેવાની તમન્નાને એમના તંદુરસ્ત અને તાકાતવાન શરીરે જે રીતે સાર્થક કરી હતી તેની મારા ઉપર ઘણી ઊંડી અસર થઈ. પ્લેગનો રોગ શમ્યો ત્યારે અમારા કુટુંબમાંથી બાપુજી અને મોટી બહેન સ્વર્ગે સંચર્યાં હતાં. પુરાણીના અખાડામાં જવાનો કાર્યક્રમ હું શિસ્ત અને સન્નિષ્ઠાથી પાળતો હતો. દેહ, મન અને અંતઃકરણ ઉપર શ્રી અંબુભાઈ પુરાણી અને એ સમયના વડીલ બંધુઓના જીવનની અસર ઘેરી બનતી જતી હતી. પુરાણી ભાઈઓનો બાજવાડાનો અખાડો એટલે માત્ર દેહ ઘડવાનો પ્રયોગ જ નહોતો. એ તો જીવનઘડતરનો એક અપૂર્વ પુરુષાર્થ હતો. રાષ્ટ્રીયતા અમારો ધર્મ હતો. ક્રાંતિ અમારો મંત્ર હતો. માતાની મુક્તિ અમારો આદર્શ હતો. આ આદર્શને ખાતર સુદૃઢ શરીર, ઉજ્જવળ મન અને ઉદાત્ત અંતઃકરણ દ્વારા સમન્વય વડે રાજ્ય કરતો પરાક્રમી આત્મા એ અમારો પુરુષાર્થ હતો. માત્ર દેહનો જ નહીં ચેતનાનો પણ કાયાકલ્પ કરવાની આ ઉપાસના હતી.

ધીરે ધીરે બીજા એ સમયના વડીલ બંધુઓ પોતપોતાના જીવનવ્યવહારમાં પડી ગયા. અંબુભાઈ શ્રી અરવિંદના પૂર્ણયોગની સાધના સ્વીકારી પૉંડિચેરી ચાલ્યા ગયા. છતાંય એમણે મૂકેલી અખંડિત બંધુતાથી રસાયલું સંગઠન સજીવન હતું. એની સહાય અને શક્તિ વડે અખાડો સરસ ચાલતો હતો. હિંદવિજય જીમખાનાની મેદાની અને મર્દાની રમતો વખતે કુસ્તી માટે દૂરદૂરથી પણ સારા કુસ્તીબાજ જુવાનો આવતા. અમારા અખાડામાંથી પણ જુવાનો ભાગ લેતા. એ વખતે કુસ્તીમાં કેટલાક નવા દાવ પણ આપણે અજમાવવા જોઈએ એવી પણ એક માન્યતા અસ્તિત્વમાં આવી. આને કારણે કૃષ્ણાપ્પાનું જૂનું ઓળખાણ કાઢીને કુસ્તીના નવા દાવ શીખવા માટે મેં વજ્રમુષ્ટિના અખાડામાં જવા માંડ્યું. બસ ત્યારથી કૃષ્ણાપ્પાનો વધારે નિકટનો ગાઢ પરિચય થવા માંડ્યો. પંદરસો, બેહજાર દંડ આસાનીથી કાઢતા અને રામરામૈયાની ધૂન સાથે પ્રસન્નતાથી પરસેવો પાડતા કૃષ્ણાપ્પા, પહેલવાન કરતાં જીવનના પરમ પુરુષાર્થી વધારે લાગતા. એમની નિઃસ્વાર્થ સેવાભાવના અને બાલસહજ નિર્દોષતા પૂજ્યભાવ જગાડે એટલી સ્વાભાવિક હતી. એટલે કૃષ્ણાપ્પાના જીવનમાંથી પરાક્રમનો જે પ્રસાદ મળ્યો એણે મારા ઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. સવારી, ઊલટી, ઉખાડ, પાંજરાપોળ અને ઉઠ્ઠીના દાવો નવા પેચ અને પેંતરા સાથે શીખીને હું પાછો મૂળ અખાડામાં આવી ગયો.

પછી જીવનવ્યવહાર વધારે દુન્યવી થતાં અને સંઘર્ષની ઉત્કટતા વધતાં અખાડો ધીરે ધીરે છૂટતો ગયો. છતાં કૃષ્ણાપ્પાને મળવા હું અવારનવાર વારસિયાના વજ્રમુષ્ટિના અખાડામાં જતોઆવતો. અને જ્યારે અમે મળતા ત્યારે એમના નિષ્કલંક સ્મિત પાસેથી હું હમેશાં જીવનની તાજગી પામતો. એમ કરતાં કરતાં ૧૯૩૨માં વડોદરા છોડ્યું. ૧૯૪૧માં પાછો આવ્યો ત્યારે વડોદરામાં અખાડાઓની આખી પ્રવૃત્તિમાં ઓટ આવી હતી. કૃષ્ણાપ્પાનો અખાડો પણ ડગુમગુ ચાલતો હતો. એમનો મધ્યાહ્ન પૂરો થયો હતો. સંધ્યા ઊતરવાની તૈયારી હતી.

એક દિવસ અચાનક ખબર મળી કે કૃષ્ણાપ્પા બીમાર છે. જઈને જોયું તો વાતાવરણ સાવ બદલાયેલું. પહાડ

[અનુસંધાન પૃ. ૪૬૯ ઉપર]

ડિલન ટોમસ*

સંતપ્રસાદ ભટ્ટ

આ વર્ષે નવેમ્બરની નવમીએ, અદ્યતન અંગ્રેજી કાવ્યપ્રવાહને કુતૂહલ અને વિવાદથી ડહોળી જનાર ડિલન ટોમસનું અવસાન થયું. જીવનને મૃત્યુની ગતિ લેખનાર અને અંત્યેષ્ટિને જીવનદીક્ષા સમજનાર એ યુવાન કવિએ, અગ્નિએ ભસ્મસાત્ કરેલા એક બાલિકાને સ્મરીને લખ્યું હતું કે માનવ, પશુ અને પુષ્પ—સમસ્ત જીવસૃષ્ટિને સર્જનારું અને અખિલ વિશ્વને સંહારનારું શાશ્વત તિમિર જ્યારે કાલાન્તે મૌનથી પ્રકાશ પારખશે, સમુદ્ર જ્યારે મત્તઉન્મત્ત બની ધરતીને ઘેરી વળશે અને ફરી પાછો કવિ જલબિન્દુમાં સમાશે કે ધાન્યકણ બની વાયુમાં લહેરાશે ત્યારે જ કવિ બાલિકાના ભવ્ય વહ્નિપૂત મૃત્યુને વંદશે કે એની સ્મશાનભૂમિને અશ્રુથી અભિસિંચશે. તે ક્ષણ સુધી આયુષ્યના ચૌટે ને ચોરે સાદ પાડીને બાલમૃત્યુના સ્મશાનસત્યથી કવિ માનવજાતને પડકારશે નહીં. મૃત્યુ પામેલી એ નગરબાલિકા ઇતિહાસથીયે પ્રાચીન એવાં ધરતીકણોમાં ભળી ગઈ છે કે જેમાં એનું સર્જન થયું હતું. જે રહસ્યથી સમીપે ધસમસતાં સારતજલ પણ અજાણ છે, મૃત્યુને અપનાવતું એ સત્ય કવિ અંતમાં ઉચ્ચારે છે કે: 'After the first death, there is no other.'[1] જન્મ અને મૃત્યુનો આવો વિપર્યાસ શોધનાર કવિ વિષે તો એમ લખવું રહ્યું કે ૧૯૫૩માં એનો જન્મ થયો અને ૧૯૧૪માં એનું મૃત્યુ થયું ! વિચારની આ જ કેડીએ ચાલ્યા જઈએ તો એમ પણ નોંધવું પડે કે ૧૯૩૪ના પ્રથમ કાવ્યસંગ્રહથી પુનર્જીવન માટેની કાવ્યોપાસના કવિએ આરંભી.

ઓગણીસ વર્ષના ડિલને જુવાનીના ચડતા પૂર સાથે કાવ્યસફર આદરી અને એ ઘોડાપૂર શમે તે પહેલાં જ મૃત્યુએ એનો અંત આણ્યો. સૌના જીવનમાં એકાદ વાર આવી જતા એ યૌવનપૂરનાં બધાંય સારાંનરસાં લક્ષણો એનાં કાવ્યોમાં સમાયાં છે. માનો કે યુવાની એ જ એની કવિતાનો મહિમા અને મર્યાદા છે. યૌવનસુલભ અધીરાઈ અને વેગ, ઉલ્લાસ અને અજંપો એનાં કાવ્યોમાં વરતાય એ સ્વાભાવિક હતું. એ પ્રથમ કાવ્યસંગ્રહ (18 Poems) માં એણે ગાયું: વિષયની શી પંચાત ? રુધિરવાહિનીને મૃદુસ્પર્શે થીજવતા મૃત્યુનું કાવ્ય ? કે રક્તાધરે ચુંબનડંખનું ગીત ? કે દધિચિશા સ્વાર્પણધર્મની કથા ? ગાઈ શકું જો બસ માત્ર માનવી ! (Man be my metaphor.)[2] ઓગણીસ વર્ષના કવિને મન જાતની ખોજમાં જ માનવ પ્રર્યાપ્ત હતો. કુમારાવસ્થાની અસ્મિતાનાં એ ગીતો હતાં. જન્મ, જોગન અને મૃત્યુ વિષે એને જિજ્ઞાસા હતી, લગની હતી, ઘેલછા હતી. પણ એનો જીવ કવિનો હતો. શબ્દો એનું પ્રેરક બળ હતા. નવી કુંપળોમાં સંચરીને કુસુમ સર્જતી શક્તિ મારી જુવાનીને પણ બહેકાવે છે.[3] એમ એણે ગાયું કારણ કે વસંતમાં જે શક્તિ વૃક્ષોને નવપલ્લવિત કરતી તે જ શક્તિ કવિના યૌવનના ઉન્માદને વાગ્મિતા અર્પતી. માર્લો, ચેટરટન કે કિટ્સ જે તરવરાટથી દસ

---

* જન્મ ૧૯૧૪, મૃત્યુ ૧૯૫૩.

કૃતિઓ :

18 Poems (૧૯૩૪)

25 Poems (૧૯૩૬)

The Map of Love (૧૯૩૯)

The Portrait of the Artist as a young Dog (૧૯૪૦)

Deaths and Entrances (૧૯૪૨)

Collected Poems (૧૯૫૨)

૧ 'A refusal to mourn the death, by fire, of a child in London'

૨ 'And what is the rub ?......etc.' (18 Poems)

૩ 'The force that through the green fuse drives the flower.'

જગતને શબ્દશસ્ત્રે જીતવા નીકળ્યા હતા તે જ શસ્ત્રની ડિલનને સહાય હતી. એની યુવાની એટલી જ સાહસિક હતી. પણ યુદ્ધોત્તર ઇંગ્લંડમાં એણે જીવવાનું હતું, જ્યારે યુદ્ધની ભૂતાવળ સ્મૃતિશેષ બની ન હતી. યુદ્ધની રંજાડ પછીનો ભય એ ડિલનનો વારસો હતો. એનો વિનાશ અન્ય ક્ષેત્રે તેમ કાવ્યક્ષેત્રે પણ પથરાયો હતો. યુદ્ધે આપેલી અને યુદ્ધોત્તર મૂર્છનાએ સ્વીકારેલી શૃંગારભાવના, જીન્સીવૃત્તિ એના ઓગણીસમા વર્ષને ઓટી ચૂકી હતી. વાંક કવિનો ન હતો કે બહારના જગતમાં એના નવચેતનને આવકારતા વિષયો ન હતા. એટલે એ વળ્યો ભીતરમાં. પરિણામે એનો પ્રથમ કાવ્યસંગ્રહ દેહલાલસાનાં ગીત ગુંજે, મૃત્યુ અને નૈરાશ્યની ગૂંગળામણ અનુભવે, સંજોગોની સંકડામણ અને મનભારની ભીંસથી દબાતા નિર્બંધ પૌરુષનો ઉકળાટ અને પ્રલાપ બને એમાં આશ્ચર્ય શું? દુર્બોધ કહીને ટાળી શકાય, જીન્સી કહીને તિરસ્કારી શકાય, અસંબદ્ધ કહીને હસી શકાય, છોકરવાદ કે શબ્દછળ કહીને સમેટી શકાય એવાં ઓગણીસમે વર્ષે ડિલને આપેલાં અઢાર કાવ્યોમાં એનું પોતાનું એવું કંઈક સમાયું હતું જે કવિ પાસે ઓગણીસમા વર્ષની ને અંગ્રેજી સાહિત્ય પાસે એના ઓગણીસમા કાવ્યની પ્રતીક્ષા કરાવે.

થોકેથોક શબ્દો, વસંતે વન ભર્યું હોય એટલાં સાદૃશ્યો, લોલવિલોલ ઊર્મિઓ અને સાગરઘેરાં મંથનોનો આ કવિ ડુંગરાળ વેલ્સના સાગરકાંઠે સ્વાનસી ગામમાં જન્મ્યો હતો, કવિ જન્મ્યો હતો. એના જન્મ અને જીવનનું એ સ્થળ ડિલનમાં એટલું તો સ્મરણાંકિત થયું કે કાવ્યારંભે અને જીવનાન્તે એની દસ્યાવલિ શબ્દોમાં એ સાચવતો ગયો. હસતાં હસતાં એકવાર એણે કહ્યું હતું કે કશુંયે બહાર નાંખો તો સમુદ્રમાં પડે અને સ્વપ્નમાંયે સમુદ્ર ક્ષુબ્ધ કરે એવા સ્થાને પોતે વસતો હતો. ૧૯૫૨માં પ્રસિદ્ધ થયેલા ડિલનના છેલ્લા કાવ્યસંગ્રહ(Collected Poems)નું અર્પણકાવ્ય પણ એ જન્મસ્થળનો નિર્દેશ કંઈક આવો કરે છે: ' ભીતિ ઊપજે એવડા ઊંચા ખડક પર સમુદ્રની પ્રત્યેક છોળે હાલી ઊઠતું ઘર, અવકાશના મહાસાગરમાં મત્સ્યાવતાર જેવા સૂર્યને શિરેથી વહેતો આતપધોધ, ફળોની લૂમઝૂમ અને પંખીનો કલરવ — એ સૌના ગૂંચવાડાથી સ્પષ્ટ થતી મારી એ સ્થળની સ્મૃતિ. '

ગૂંચવાડો નામકરણના દિવસથી જ ડિલનને લલાટે લખાયો હતો. આર્યોના વરુણ કે ગ્રીકોના નેપચ્યુન જેવા કોક જલદેવતાનું નામ વેલ્સની લોકકથામાં ડિલન હતું. જન્મતાં જ સમુદ્રજલમાં ત્યજી દીધેલું બાળક જલસત્ત્વ બનીને જીવ્યું એવી લોકોક્તિ હતી. ઓગણીસથી ઓગણચાલીસ સુધીનાં વર્ષો સાગરમય બનીને વહાવ્યાં એ ડિલનની સત્યકથા ઠરી ચૂકી છે. સારુંયે દસ્યજગત કે સ્પર્શમાત્ર અનુભવો મોકળે કંઠે ગવાતાં ગીતો બને તેવું કાવ્યસત્ત્વ એને મળ્યું. જેમ શેક્સપિયર માટે કહેવાય છે કે ઓગણીસેક વર્ષની વયે એણે રાજધાની લંડનમાં પ્રવેશ કર્યો ત્યારે ભાથામાં બાપની ગરીબી, પોતાની જુવાની અને જન્મસ્થળનું પ્રકૃતિસૌન્દર્ય આટલી જ સામગ્રી એણે બાંધી હતી, તેમ ડિલને સાગર અને ડુંગરનાં શિશુવર્ષો અને નવોદિત વાગ્મિતાની સામગ્રી સાથે કાવ્યસૃષ્ટિમાં પ્રવેશ કર્યો. છેવટ સુધી એ વારસાની જડીબુટ્ટીથી આયુષ્યના ઓગણચાલીસ ઘા જેવાં વર્ષો એણે રુઝાવ્યાં. બધાયે અર્થમાં વિષયના કે દેહલાલસાના કારાગારમાં બંધાયેલો અને ડરામણા અંધકારથી બીધેલો ડિલન વેલ્સના ઘેરીભડક ટેકરીઓ(loud hills), એનાં વસંતભર્યાં પંખીઓ (springful of larks) અને એમના તારસ્વરો (dark vowels), આકાશે ઘૂમરાતાં વાદળો(rolling clouds) યાદ કરી કરીને વિપથયા પર એવી કાવ્યસૃષ્ટિ દર્શાવી શકે છે.

પચીસ કાવ્યો(25 Poems)ના એના બીજા કાવ્યસંગ્રહ સુધીમાં દેહલાલસાથી પ્રારંભેલી ડિલનની કાવ્યપંચાત જન્મ, જાત અને મૃત્યુની ત્રિપિટિકા બની છે. સંવેદનશીલ કિશોર હતો, નવરક્ત એની લાલસા હતી. મનોવિશ્લેષણે પરિચિત કરેલા મનની ભીતર સમાતા અજ્ઞાત એકાંત પ્રદેશોમાં ઘૂમી વળવાનું એને કુતૂહલ હતું. ડિલન ઉત્સાહથી એતમા જુવાનીની જબાને એ બધું વર્ણવી ગયો. કાવ્યોમાં હૈયું અનેક કવિકે બોલ્યું હતું પણ હૈયાનો માંડવડી સ્થાપીને ગવાતાં શૃંગારગીતોને બદલે અત્યાર સુધી મૂગાં હતાં તે મજ્જા અને રુધિરવાહિનીઓ, લંપટગ્રંથિ અને રુધિરાભિસરણ, રેતસ્ અને રજસ્તે ડિલને મુખરિત કર્યાં. પરંતુ દેહલાલસાનું મૃગજળ સૌના આણે છે તેમ ડિલનની સાન પણ ઠેકાણે આણી ગયું. દેહલાલસા અને કવિનું સંવેદન ઉભયનો સંવાદ ક્યારે નભ્યો છે? શેક્સપિયરેય

લખ્યું હતું: 'વાસનાની મરુભૂમિમાં ચેતનનો લોપ એનું નામ દેહલાલસા (The expense of spirit in a waste of desire/Is lust in action).' ડિલને પણ નોંધ્યું: 'વાસના એ તો કોઈ મહાપ્રસાદનો વિશાળ ઘુમ્મટ છે જે બોલેલા બોલને બુલંદ કરી મૂકે છે.' ધીરે ધીરે જીવનમાં અને કવનમાં ગૂંથેલી દેહલાલસા ડિલનને શૃંખલા લાગી ને વાસનામોક્ષનો માર્ગ એ ઢૂંઢતો ફર્યો.

એની જુવાનીને ડામતી અને ડરાવતી વાસનાને એણે પાંચે ઇન્દ્રિયોમાં, ત્યાંથી વધીને હાડમાંસના વેરાનમાં, રુધિરની સરિતામાં અને અંગઉપાંગની ગહ્વરોમાં પડકારી અને પડઘો પડ્યો : 'નવી કુંપળોમાં સંચરીને કુસુમ સર્જતી શક્તિ મારી જુવાનીને પણ બહેકાવે છે; વૃક્ષના મૂળને જે સૂકવે છે, તે જ મારો સંહાર પણ કરે છે. છતાં કરમાતા કુસુમને હું શેં સમજાવું કે મારું યૌવન મુરઝાય છે એ જ શક્તિથી ?' વૃક્ષોના મૂળમાં એણે ફૂલનું ઘડતર શોધ્યું અને યૌવનના તલસાટનું મૂળ એણે માતાના ગર્ભમાં શોધ્યું. પાપનો પાર પામવાનું કાવ્યકુતૂહલ કવિને પ્રાગૂજન્મના એવા સ્થળે લઈ ગયું જ્યાં પાપમોચન તત્ત્વ પણ એને મળી ગયું. "માનવીમાં વરતાતાં બધાંયે અપલક્ષણો એનો ગર્ભગત વારસો છે" એવો રુઆબ છાંટતા ડિલને માનવીનાં ઉદાત્ત તત્ત્વો પણ ગર્ભમાં જ નિહાળ્યાં. સમકાલીન ઓડેને ચબરાકિયું આપ્યું હતું, 'womb/In English is a rhyme to tomb.' સંવેદનશીલ ડિલનનું એ ગંભીર દર્શન હતું. અભિનવ કોઈ અભિમન્યુ જેવો ડિલન ગર્ભમાં જ મૃત્યુનો ભેદ પામી ગયો. ગર્ભની કબરમાં પોષાતું અને કબરના ગર્ભમાં સમાતું માનવજીવન એને હસ્તામલક થયું. સમુદ્રમંથનમાંથી નીપજેલું વિશ્વ પ્રાગૂઐતિહાસિક કલ્પના મટીને તાજા જન્મેલા બાળક જેવું જીવતું સત્ય બન્યું. આકાશમાં ઘૂમતો અંધાર, ક્ષિતિજે ઘૂઘવતો સાગર અને ગર્ભમાં ગુંજતો અફાટ અંધકાર ડિલનને મન એકાકાર થયાં. અને ગર્ભસ્થિત ઈસુનું કાવ્ય એણે લખ્યું: 'હજુ તો જન્મવાનું હતું ત્યાં મેં સ્વપ્નની ચિતા સહી, મૃદુ પુષ્પ જેવાં મારાં અસ્થિ વળીને શૂન્ય થયાં. કંટકોના મુકુટ માટે શીષ મારું ઘડયું અને કુંડલિની પરે ક્રોસનું બીબું પડ્યું.'[૪]

લાલસામાંથી ગર્ભમાં ડિલનની કલ્પનાનું સંક્રમણ થયું તે સાથે જ એનાં કાવ્યોને નવું જીવન મળ્યું. નવો ઘાટ મળ્યો. લોલવિલોલ એની કલ્પનાને નવો ધ્રુવ મળ્યો. શૃંગારકાવ્યોમાં જે સાગર ઉદ્દીપન અલંકાર હતો, જે સૂર્ય લંપટ (meat-eating) હતો અને પ્રકૃતિનાં જે પ્રતીકો કુટ્ટિનીઓ હતાં તે બધાંય પરિશુદ્ધ સ્વરૂપે અને અભિગમ વેષે કવિએ નિહાળ્યાં. છેલ્લા અર્પણકાવ્યમાં ડિલન કહે છે: 'હું અલ્પ માનવ! કિન્તુ ઉડુગણઉજ્જ્વલિત, વિહંગમુખરિત, સાગરસર્જિત, માનવત્રાસિત, શોણીતપૂજિત આ ધરતીનો માનવ અલ્પ હું.'

પાપ અને પુણ્યની શોધમાં ગર્ભસ્થિત બનેલી એની કલ્પનાએ જેમ માનવનો તેમ સૃષ્ટિનો પ્રારંભ જોયો. એણે નિરવધિ તિમિરમાં નિ:સીમ તારલાનું ગીત ગાયું અને બાઇબલની સૃષ્ટિનિર્માણની 'let there be light' ઋચાનું અભિનવ કાવ્ય મળ્યું. અસ્મિત્વનો તો ડિલન કવિ હતો પણ એ अस्मि સૂક્ષ્માતિસૂક્ષ્મ બનીને ગર્ભે વસ્યું ત્યારથી સ્વાનુભવ અને પરાનુભવનો ભેદ એનાં કાવ્યમાં એણે ટાળ્યો. અહમ્‌ને સંકુલિત લાગતો અનુભવ સંકલિત બન્યો અને અપાર્થિવ રમણીયતાનો કુતૂહલપ્રદેશ એણે શોધ્યો. આ પછીનાં કાવ્યોમાં ગર્ભસ્થિત વિશ્વપ્રાણ દેહબદ્ધ થતાં શું શું ગુમાવે છે તેનું કવિને સતત ભાન રહ્યું, એનાં કાવ્યનું એ સુભગ રટણ થયું. ફ્રોઈડે નહોતું કહ્યું પણ કવિજનોએ વારંવાર ઉચ્ચાર્યું હતું તે સત્ય ડિલને એની રીતે ઉચ્ચાર્યું: 'નિર્દોષ હરણાં જેવા એ શૈશવદિનોમાં ક્યાં ખ્યાલ હતો મને કે અદમ્ય કાળ મારા હાથનો પડછાયો ધરીને પારેવાંનો વાસ હતો તેવા મોભથીયે ઊંચે ઘસડી જશે કે મને ઊંઘતો મૂકીને એ ઘર, એ ઉપવન, એ રમ્ય શૈશવપ્રદેશ ઉડાવીને અદૃશ્ય થશે. અબૂઝ બાળક હું, સમુદ્ર જેવો બંધનોમાંયે ગાતો જ રહ્યો અને કાળની કરામતનું સહજ ભક્ષ્ય બન્યો.'[૫] શૈશવનાં ગીતો અન્ય કવિકંઠે પણ ગવાયાં છે, માત્ર ડિલને દેશવટો પામેલી વ્યથા અને તલસાટ એનાં લુપ્ત શૈશવનાં ગીતોમાં ગૂંથ્યાં છે. અપ્રાપ્યની મોહકતા અને પુનર્દર્શનીયની ચારુતાથી એણે શૈશવને સ્મર્યું છે. એટલે તો પોતાના ત્રીસમા જન્મદિવસે રચેલા કાવ્યમાં[૬] પંખીને ઋત્વિજો બનાવીને ને સાગરજલની પ્રાર્થના રચીને, સૂર્યને

---

[૪] 'As yet ungotten, I did suffer; ...' etc. (18 Poems)

[૫] Fern Hill.

[૬] Poem in October.

આર્દ્રરકંધે થંભાવીને ને ક્ષિતિજે ઝરમર મેહમાં દેવધામ ચીધીને એણે પાછું માગ્યું છે શૈશવનું વિસ્મારિત પ્રભાત, રવિરશ્મિની ધર્મવાર્તા. એ મૃત ભૂતકાળની વસંતમાં કિલ્લોલતા શિશુ ડિલનનો સાદ કવિને વૃક્ષોની મર્મર, શિલાઓનું મૌન અને સરિતાનાં મત્સ્યોમાં સંભળાય છે. કવિ આજન્મ પરિચિત સાગરના પ્રતીકમાં જીવનનું રહસ્ય ઉકેલે છે. સાગરમાં બધુંયે સમાય છે, કશુંયે શેષ થતું નથી. ડિલનની વિલક્ષણ દૃષ્ટિને માનવશિકાર ખેલતો મહાકાળ હવે શ્રદ્ધેય બને છે કારણ કે એ પણ સમયનો સાગર છે. જેમ વારિધિમાં બધું સમાય છે તેમ કાલવારિમાં પણ. એટલે તો છેલ્લાં લખાયેલાં એનાં કાવ્યોમાં નવું ધૈર્ય વરતાય છે. એક મહાયુદ્ધમાં જન્મેલો કવિ બીજા મહાયુદ્ધમાં જીવ્યો અને યુદ્ધકાવ્ય કર્યું ત્યારે બોમ્બવર્ષામાં મૃત્યુ પામેલા એક અનામી શતાયુનું;[૭] અને તે પણ સરળ રીતે. એણે લખ્યું: ‘ પ્રભાતે નેત્ર ખોલ્યું અને યુદ્ધ જોયું, શતાયુ ઊઠ્યો, વસ્ત્ર પહેર્યાં, બહાર આવ્યો અને મરણ પામ્યો. ’ સ્વસ્થ રીતે આટલું વિગતે નોંધીને સોનેટની શેષ બાર પંક્તિમાં કવિએ બોમ્બના સ્ફોટ સાથે શતાયુનાં સો સો વર્ષોની ગૂંચને ઊકલી જતી વર્ણવી છે, એના અવસાન સમયે એને પદપરિચિત એવી પગથીને શતધા તૂટતી અને મૃતદેહને ઢાંકતી વર્ણવી છે. એના લત્તાને કહાવ્યું છે કે ક્ષણમાં સો વર્ષનું દાન દેનાર અનામી કર્ણને જોવા સૂર્ય પણ થંભ્યો હતો. એના છેલ્લા સંસ્કારની ગડભાંજ ન કરવાની વિનંતિ કરીને એણે નોંધ્યું છે કે મૃત વૃદ્ધના શરીરઘાવમાંથી સો સો વર્ષો પ્રભાતની પાંખે ઊડ્યાં છે ને પંખી બનીને સૂર્યના દક્ષિણ બાહુને સોહાવે છે.

શતાયુનાં તો કવિ જાણે પણ કવિનાં ઓગણચાલીસે વર્ષો પ્રભાતની પાંખે ઊડ્યાં છે, સાગરની છોળે છલ્યાં છે. જેમ સમુદ્રમાં તેમ એનાં કાવ્યોમાં બધુંયે સમાયું છે, રમ્યરુદ્ર બનીને એકરસ થયું છે. કાચી જુવાનીની માંસલ અભીપ્સા, લોહીનો અદમ્ય ઉન્માદ, શ્રદ્ધાતંતુને ફૂંકી ફૂંકીને કોરી ખાતા સંશયો, યુવાનીનો ઘૂમરી લેતો વેગ, અને આસમાન નીચે પણ અરક્ષિત અને ભયગ્રસ્ત અર્વાચીન યુગ --આવા સંદર્ભમાં જીવેલો ડિલન શબ્દાળુ હતો કિશોરાવસ્થામાં, જીન્સી હતો કાચી જુવાનીમાં. ત્યારેય કવિતાનું એને સાચું વળગણ હતું, જીવનનું ઝેર એણે કવિતાની ઓષધિથી ઉતાર્યું અને કશું નહીં તો ક્ષણેક્ષણના માનસિક જીવનને પળેપળના પ્રકૃતિસૌંદર્ય સાથે સંયોજીને તિમિરમાં પ્રકાશનું, પાનખરમાં વસંતનું, વહ્નિજ્વાળમાં પાવકસલિલનું અને મૃત્યુમાં જીવનનું ક્ષણિક એવુંયે જે દર્શન એણે કર્યું-કરાવ્યું છે એથી એટલી નોંધનો એને અધિકાર છે કે એ ૧૯૧૪માં મૃત્યુ પામ્યો, ૧૯૬૪માં અષ્ટાદશીનો એના પર અભિષેક થયો અને ૧૯૫૩માં એણે શબ્દસ્થ કરેલા શૈશવના પરીપ્રદેશમાં એણે જન્મોત્સવ ઊજવ્યો.

૭ ‘ Among those, killed in the dawn raid was a man aged one hundred. ’

[અનુસંધાન પૃ. ૪૬૫થી]

જેવો માણસ તરણા જેવો અશક્ત બનીને સૂતો હતો. બીમારીમાં સારવાર કરનાર માણસોની પણ તૂટ હતી. દવાદારૂની વ્યવસ્થા નહોતી. આ બધી વ્યવસ્થા કરી કરાવીને અમે પાછા ફર્યા. રોજ તો ખબર કઢાતી નહોતી. પરંતુ અવારનવાર ખબરઅંતર જરૂર નીકળતી. એક સવારે માણસ હાંફતો હાંફતો આવીને સમાચાર આપી ગયો કે કૃષ્ણાપ્પા ગયા.

બધું કામકાજ પડતું મૂકીને દોડ્યો વારસિયા. કૃષ્ણાપ્પા અંતિમ નિદ્રામાં સૂતા હતા. મુખ પર એ જ સ્મિત હતું. નિષ્કલંક અને નમણું. પરંતુ પરિસ્થિતિ કરુણ હતી. નનામી ઊંચકનાર પૂરા માણસો નહોતા. જે વિશાળકાય પુરુષે અસંખ્ય શબોને એકલે હાથે સ્મશાનમાં લઈ જઈને અંત્યેષ્ટિ-સંસ્કાર કર્યા હતા તેના જ શબને ઉઠાવનાર આજે પૂરા ચાર માણસો નહોતા ! પાછો શહેરમાં આવીને બેત્રણ મિત્રોને તેડી ગયો. સ્મશાનમાં જ્યારે એમના શબને અગ્નિસંસ્કાર થતો હતો ત્યારે અંતરમાં સમસ્યાઓનાં ગૂંચળાં વળ ખાતાં હતાં. કૃષ્ણાપ્પાના અખાડામાં દેહનો કાયાકલ્પ કરવાનો પુરુષાર્થ થતો હતો. અને ત્યાં જ એના કીમિયાગરનું કરુણ મૃત્યુ થયું.

ચોપાટીને બાંકડેથી

'વક્રગતિ'

"ભ્રષ્ટ જોડણીનો ઝંડો"

ગુજરાતી લોકો પોતાના મિલનસાર સ્વભાવ અને મળતાવડાપણા માટે જાણીતા છે. કહેવાય છે કે પરપ્રાંતીઓ કે પરદેશીઓમાં પણ આ લોકો પાણીમાં લીંબુની જેમ ભળી જાય છે. પારકાંને પોતાનાં કરી લેવાની કરામત પણ ગુજરાતીઓના લોહીમાં લેખાય છે. 'વનો (વિનય) વેરીને પણ વશ કરે' એ આ પ્રજાનું જીવનસૂત્ર છે. તેથી જ તો કવિએ ગાયું છે કે 'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત.'

એ ગીતપંક્તિ ગાનાર કવિના જ પૂર્વજો—જરથોસ્ત્રીઓ—સૈકાંઓ પહેલાં છેક ઇરાનથી આવીને સંજાણને કાંઠે ઊતરેલા તે આજે નખશિખ ગુજરાતી બની ગયા છે એમ કહી શકાય. પારસણોએ 'ચોળી–ચણિયો ને પાટલીનો ઘેર' વાળો ભૂમિગત ગુજરાતી પહેરવેશ અપનાવી લીધો છે. અરે, પારસીઓનાં રસોડાંમાં 'ધાનસાક ને ખીચડીના પાટિયા'ના ભોજનથાળમાં પણ ગુજરાતી વાનીઓ વરતાઈ આવે છે.

આપણા પડોશી અને ભાઈબંધ પ્રાંત મહારાષ્ટ્રમાંથી ગુજરાતમાં આવીને દાયકાંઓથી સ્થાયી વસવાટ કરી રહેલા મહારાષ્ટ્રીય લોકો પણ ગુજરાતની સર્વગ્રાહી સાંસ્કૃતિક અસરથી અલિપ્ત શી રીતે રહી શકે?

તાજેતરમાં અમદાવાદ ખાતે મરાઠી સાહિત્યસંમેલન મળેલું ત્યારે એ પડોશી પ્રાંતવાસીઓના ગંગાજમના સમા સંમિલનનું સુભગ દૃશ્ય સરજાઈ ગયેલું. પણ કમનસીબે બન્યું એવું કે સંમેલન માટે ઊભો કરાયેલ શમિયાનો, જેને અમદાવાદમાં જ વસી ગયેલા અને ગુજરાતને પોતાની અમૂલ્ય સેવાઓ આપી ગયેલા એક મહાન મહારાષ્ટ્રીય પુરુષનું નામ આપવામાં આવેલું એ "લોકહિતવાદી મંદિર"ના દરવાજા પર જ એ શબ્દોની જોડણી ખોટી આલેખવામાં આવેલી: लोकहितवादी मंदीर. 'મંદિર'માં હ્રસ્વ દિને સ્થાને દીર્ઘ દી લખવામાં આવેલો એટલું જ નહિ, સંમેલનની કચેરી ઉપર જે સૂચના મૂકવામાં આવેલી એમાં પણ બબ્બે જોડણીદોષ દેખાતા હતા: भोजनगृहाकडे येथून निवेदन करण्यांत येइल, प्रतिनीधींनीं आपली आवेदनपत्रकें (तीकीटें) येथून न्यावीं... આમ, અમદાવાદમાં વસનાર મહારાષ્ટ્રીઓએ સાહિત્યવિષયક સંમેલનમાં જ મંદિર, પ્રતિનિધિ અને ટિકિટ જેવા ત્રણત્રણ શબ્દોની જોડણી અશુદ્ધ આલેખી એ બદલ મરાઠી વિદ્વાનો ઊકળી ઊઠેલા અને એ ઉકળાટના પડઘા અખબારોમાં પણ પડેલા. મુંબઈના એક મરાઠી અખબારે આ જોડણી–અશુદ્ધિની કડક શબ્દોમાં ખબર લઈ નાખી છે અને સાથે સાથે એવું પણ ઘટાવ્યું છે કે અમદાવાદમાં વસનાર મહારાષ્ટ્રીય લોકોની આ ભયંકર ભાષા–અશુદ્ધિ અશુદ્ધ ગુજરાતી ભાષાના સંસર્ગને જ આભારી છે. એ સાપ્તાહિક ટકોર કરે છે:

संस्कृतोत्पन्न ह्रस्वदीर्घांचा विधिनिषेध न बाळगणारी गुजराती भाषा तोंडांत बसल्यामुळें मराठीला तिचा संसर्ग किती बाधला हे समजण्यारा वेळ लागला नाहीं...

'લોકહિતવાદી મંદીર'ના પ્રવેશદ્વાર ઉપર જ આ દીર્ઘ દી ભ્રષ્ટ મરાઠીનો ઝંડો ફરકાવતો હતો એમ આ અખબાર સખેદ જાહેર કરે છે.

હવે પ્રશ્ન એ થાય છે કે આ 'ભ્રષ્ટ' મરાઠી કેવળ ગુજરાતી સંસર્ગને જ આભારી છે કે કેમ? હા, એ વાત કબૂલવી જોઈએ કે જોડણીની બાબતમાં ગુજરાતીઓ પોતાના પડોશી પ્રાંતવાસીઓના જેટલી 'ચિકાશી' ધરાવતા નથી. ગાંધીજીના આગમન પહેલાં ગુજરાતભરમાં જોડણીની બાબતમાં સંપૂર્ણ સ્વરાજ્ય—કહો કે રામરાજ્ય—પ્રવર્તતું હતું. ગાંધીજી જ્યારે બ્રિટિશ શાસન સામે ધર્મયુદ્ધ ખેલતા હતા ત્યારે ગુજરાતી સાક્ષરો જોડણીજુદ્ધમાં રોકાયેલા

હતા. આજે પણ જોડણીક્ષેત્રે અરાજકતા છેક જ ઓસરી ગઈ છે એમ ખાતરીપૂર્વક નહિ કહી શકાય. સાચી વાત એ છે કે જોડણી કે ઉચ્ચારોની બાબતમાં ગુજરાતીઓએ કદી અતિ-ચોખલિયાપણું સેવ્યું નથી. આપણાં વ્યવહાર-ડાહ્યાં લોકો તો “ જોડે તે જોડણી ” એ સૂત્રમાં માને છે અને ઉચ્ચારની બાબતમાં પણ ચામડાની જીભને જેમ વળે તેમ વળવા દે છે. અમને ગુજરાતી પદ્ય ભણાવનાર એક પ્રોફેસર પોતે જૈન વણિક હોવાથી ‘ અઢળક ઢળિયો શામળિયો ’નો ઉચ્ચાર ‘ અધરક ધરિયો સામરિયો ’ કરતા એ હજી યાદ છે. વળી, ગુજરાતીમાં શબ્દના ખંડો પાડવા માટે સિલેબલ્સ પ્રચલિત ન હોવાથી પણ ઉચ્ચારોમાં એકવાક્યતા જળવાતી નથી. આપણી એક યુનિવર્સિટીમાં ઉપકુલપતિ જેઓ કેળવણીકાર પણ છે એમના એક ભાષણ-માં ‘ કેળવણી ’ શબ્દનો ઉચ્ચાર ‘ કેળ-વણી ’ સાંભળવા મળેલો. પણ આટલા ઉપરથી એમ કહેવું કે ગુજરાતી ભાષાના સંસર્ગમાં મરાઠી ભાષા જોડણીભ્રષ્ટ થઈ ગઈ છે એ તો નર્યો અન્યાય જ ન ગણાય? ઊલટાનુ દલીલ ખાતર સામેથી એમ કહી શકાય કે ગુજરાતમાં વસતાર મહારાષ્ટ્રીય ભાઈબહેનો જોડણી અને ઉચ્ચારશુદ્ધિનાં આટલાં આગ્રહી હતાં છતાં ગુજરાતી ભાષાને વધારે શુદ્ધ કેમ ન બનાવી શક્યાં? ભાષાઓના ઇતિહાસ જોવા બેસીએ તો પરિસ્થિતિ સાવ જુદી જ જણાશે. જોડણી અને ઉચ્ચારોની બાબતમાં ગુજરાતીઓના જેટલી આમન્યા ભારતના બીજા કોઈ પ્રાંતવાસીઓ નથી જાળવતા. મહારાષ્ટ્રીયોની સામે તો તહોમત મૂકી શકાય એમ છે કે એમણે ‘ હ ’કારની બાબતમાં ભયંકર હોનારત સરજી નાખી છે. જે શબ્દોમાં હકાર હોવો જોઈએ ત્યાં એમણે એ કાઢી નાખ્યો છે અને જે શબ્દોમાં હકાર બિનજરૂરી છે ત્યાં એ દાખલ કર્યો છે. ‘ વિક્ટોરીઆ ’ને તેઓ ‘ વ્હિક્ટોરીઆ ’ કહે છે, વાઈસરૉયને ‘ વ્હાઈસરૉય ’ કહેતા, ‘ સ્ટવ ’નો ઉચ્ચાર ‘ સ્ટવ્હ ’ કરે છે. અરે, ખુદ ‘ ગુજરાતી ’ શબ્દની જોડણી ‘ ગુજરાથી ’, ‘ શેઠ ’ની જોડણી ‘ શેટ ’, ‘ મહેતા ’નું ‘ મહેથા ’, ‘ પાઘડી ’નું ‘ પગડી ’, ‘ મોટા ’નું ‘ મોઠા ’ અને ‘ શાહ ’નું વિપરીત ‘ શહા ’ કરી નાખ્યું છે! અને છતાં ઉદારદિલ ગુજરાતી શાહો કે મહેતાઓએ આ બાબતમાં કદી રાવ કરી નથી.

ગુજરાતી જોડણી અને ઉચ્ચારોમાં જે ગૌરવ રહેલું છે એનો અન્ય ભાષાભાષીઓને ખ્યાલ આવવો મુશ્કેલ છે. ગુજરાતીમાં પાણી-બાણી, શાક-બાક, ટેબલ-બેબલ, પેન્સિલ-બેન્સિલ વગેરે જે બેવડા અને બકારવાચક શબ્દ-પ્રયોગો બોલાય છે એમ મરાઠીમાં પણ બોલાય તો છે જ. પણ એમાં તફાવત એ છે કે ગુજરાતીમાં ઉત્તરાર્ધના અર્ધશબ્દનો બકાર પૂર્વાર્ધના આદિઅક્ષર સાથે મેળ જાળવે છે, ત્યારે મરાઠીમાં એવું નથી. મરાઠીમાં ઉત્તરાર્ધનો શબ્દ ‘ બી ’થી જ શરૂ થાય—પૂર્વાર્ધનો આદિઅક્ષર ગમે તે હોય તો પણ. દાખલા તરીકે ગુજરાતીમાં રેશન-બેશન બોલાય તો મરાઠીમાં રેશન-**બી**શન થઈ જાય. ગુજરાતી ભાજી**બા**જી મરાઠીમાં ભાજી**બી**જી બની જાય. મારા એક મરાઠી મિત્રને એક વાર પૂછેલું કે: ‘ મારો કાંઈ ફોન-બોન આવેલો કે? ’ સાંભળીને એમણે ‘ બોન ’ પ્રયોગની બહુ મશ્કરી કરેલી અને ‘ ફોન-બોન ’ને બદલે મરાઠી ‘ ફોન-બીન ’ પ્રયોગની હિમાયત કરેલી. આના સામા બચાવમાં મેં બકારના ગુજરાતીપદ્ધતિનું મહત્ત્વ સમજાવેલું અને એના સમર્થનમાં એક ઉદાહરણ ટાંકેલું કે અમારે ત્યાં ‘ ગેસ્ટ ’ (મહેમાન) આવે ત્યારે અમે કહીએ કે ‘ અમારે ત્યાં ગેસ્ટ-બેસ્ટ (best) આવ્યા છે, ’ ત્યારે તમે તો કહેવાના કે ‘ અમારે ત્યાં ગેસ્ટ-બીસ્ટ (beast) આવ્યા છે. ’ અમે અતિથિઓને ઉત્તમ ગણીને આવકારીએ છીએ ત્યારે તમે ‘ પાહુણા ’ને પશુમાં ખપાવી દો છો. ગુજરાતના આ ઉદાર આતિથ્યભાવનો પ્રત્યક્ષ પરિચય, ગુજરાતના પાટનગર-માં મળેલ મરાઠી સાહિત્ય સંમેલનના પ્રતિનિધિઓને-પરોણા-ઓને થયો જ હશે ને!

અને છતાં, નિયતિની વક્રતા તો જુઓ કે દક્ષિણના લોકો ગુજરાતીઓને ‘ મુખભ્રષ્ટ ’ કહેતા આવ્યા છે :

ગુર્જરાણાં મુખં ભ્રષ્ટં શિવોઽપ શવતાં ગતઃ।
તુલસી તળસી જાતા મુકુંદોઽપિ મકન્દતામ્॥

લોકજીભે ‘ શિવ ’નું ‘ શવ ’ થયું, તુલસીનો ઉચ્ચાર તળસી થયો કે મુકુન્દને મકન્દ અથવા મકન કહીને સંબોધી-એ તેથી શું ગુજરાતીઓ મુખભ્રષ્ટ થઈ ગયાં ગણાય! કોઈએ આ તહોમતનામાનો જડબાતોડ જવાબ પણ આપ્યો છેઃ

દક્ષિણાત્યમુખં ભ્રષ્ટં વરો નવરતાં ગતઃ।

પણ ના, ના, દક્ષિણના લોકો વરને ભલે નવરો કહેતા. એ છે જ. અને આ ભાષાઓની ભાંડણલીલા પણ અહીં જ અટકવી જોઈએ. સામસામા આક્ષેપોની આવી સંકુચિત પ્રાંતીયતા આપણા સ્વતંત્ર ભારતની રાષ્ટ્રીયતાને ન શોભે.

નોબેલ પારિતોષિકો

નરસિંહ મૂ. શાહ

પ્રત્યેક વર્ષે સાહિત્ય અને વિજ્ઞાનનાં ક્ષેત્રોમાં સર્વશ્રેષ્ઠ કૃતિ અને સંશોધન માટે આપવામાં આવતાં નોબેલ પારિતોષિકો આ વર્ષે જાહેર કરવામાં આવ્યાં છે અને તેની એનાયતવિધિ નોર્વેના રાજા ગુસ્તાફને હસ્તે ડિસેમ્બરની તા. ૧૦મીએ થશે. આ વર્ષે પ્રત્યેક વિજેતાને સુશોભિત પ્રમાણપત્ર, દસ ઔંસનો સુવર્ણનો ચંદ્રક અને બાર હજાર ત્રણસોનેવું પાઉન્ડનું રોકડ ઇનામ આપવાનું જાહેર થયું છે.

આ વર્ષે રસાયન(કેમીસ્ટ્રી)નું નોબેલ પારિતોષિક ડૉ. હરમાન સ્ટોડિન્જરને મળે છે. તેઓ પશ્ચિમ જર્મનીની ફ્રાઇબર્ગ યુનિવર્સિટીમાં પ્રાધ્યાપક છે. એમનું સંશોધન ઉદ્યોગોમાં ઉપયોગી પરિણામોને મહત્તાપૂર્ણ લેખાયું છે. તેઓ પ્લાસ્ટિક્સની બનાવટના ઉદ્યોગના પિતા ગણાય છે. રબર, સેલ્યુલોઝ અને આલ્બુમીન વગેરે કુદરતી પદાર્થોની રાસાયનિક રચનાને લગતા શુદ્ધ સંશોધનના ક્ષેત્રમાં તેમનો ફાળો અમૂલ્ય છે. આ સંશોધનના પરિણામરૂપ પ્લાસ્ટિકોની બનાવટ શક્ય બની છે. મોટા અણુઓવાળા પદાર્થોના રસાયન(macro molecular chemistry)ની પ્રગતિ તેમને આભારી છે. આ પદાર્થો સામાન્ય પદાર્થોના ગુણધર્મો કરતાં જુદા ગુણધર્મો ધરાવે છે.

ભૌતિકવિજ્ઞાનમાં આ વર્ષનું પારિતોષિક જિતી જનાર પ્રો. ફ્રીટ્ઝ ઝરનીકે ગ્રોનીન્જેન યુનિવર્સિટીમાં કામ કરે છે. તેમણે moving coil galvanometer – ચાલતા ગૂંચળાવાળા વીજવાહમાપકયંત્રની શોધ કરેલ છે. આ ગાલ્વેનોમીટર તેમના માનમાં ઝરનીકે ગાલ્વેનોમીટરના નામથી ઓળખાય છે. આ ઉપરાંત ફેઇઝ–કોન્ટ્રાસ્ટ સૂક્ષ્મદર્શકની રચના પણ તેમને આભારી છે. આ સૂક્ષ્મદર્શકની મદદ વડે અત્યાર સુધી અદૃશ્ય મનાતી પદાર્થરચનાનો વિશેષ સૂક્ષ્મ અભ્યાસ કરવાનું શક્ય બન્યું છે. પદાર્થના એટલે દ્રવ્યરચનાના ક્ષેત્રમાં આ શોધનો ઉપયોગ અતિ મહત્તાપૂર્ણ છે.

શેફીલ્ડ યુનિવર્સિટીના બાયોકેમીસ્ટ્રીના પ્રો. ડૉ. હાન્સ એડોલ્ફ ક્રેબ્સ અને હાર્ડવર્ડ મેડિકલ સ્કૂલ (માસાચ્યુસેટ્સ જનરલ હૉસ્પિતાલમાં હાલ કાર્ય કરતાં) ડૉ. ફ્રીટ્ઝ લિપમાનને શરીરક્રિયાશાસ્ત્ર અને વૈદક માટે આ પારિતોષિક મળે છે. ડૉ. ક્રેબ્સને આ ઉપરાંત અમેરિકન પબ્લીક હેલ્થ એસોસિએશનનું લસ્કર ઇનામ પણ આ વર્ષે મળે છે. ખોરાકમાંથી કાર્યશક્તિ કેવી રીતે મળે છે—એ રૂપાંતર સમજવા માટે મૂળભૂત ઑક્સિડ સાધકલોનો અભ્યાસ તેમણે કર્યો છે. આ કાર્યથી પેટનાં દર્દો અંગે વિશેષ માહિતી પ્રાપ્ત થાય છે. આવું સંશોધન વૈદકના ક્ષેત્રમાં ખૂબ ઉપયોગી નીવડશે એમાં શંકા નથી.

આ ઉપરાંત નોબેલ સંસ્થા સાહિત્ય અને શાંતિસુલેહને અંગે પણ પારિતોષિકો આપતી આવી છે. એ શિરસ્તા અનુસાર આ વખતનું શાંતિસુલેહનું પારિતોષિક આલ્બર્ટ સ્વાઇટ્ઝર અને અમેરિકાના માજી સ્ટેટ સેક્રેટરી જોર્જ મારશલને ભેગું આપવામાં આવ્યું છે.

આલ્બર્ટ સ્વાઇટ્ઝરે લક્ષ્મીનો મોહ અને યશની ઇચ્છા ઓગાળી નાખી આફ્રિકાની ઓશિયાળી માનવતાની સેવામાં પોતાનું જીવન અર્પણ કરેલ છે. સ્ટ્રાસબર્ગ યુનિવર્સિટીમાં તેઓ અધ્યાપક હતા, પરંતુ માનવજાતની સેવામાં અત્યારે તેઓ કાર્ય કરી રહ્યા છે. મારશલ પ્લેન નામે ઓળખાતી યોજનાના કર્તા તરીકે જોર્જ મારશલનું નામ જાણીતું છે. ઇંગ્લેંડના વડાપ્રધાન વિન્સ્ટન ચર્ચીલને સાહિત્ય માટેનું પારિતોષિક આ વર્ષે મળે છે. સર ચર્ચીલે લખેલ યુદ્ધનો ઇતિહાસ અને એમનું માનવસ્વાતંત્ર્ય માટે યોજાયેલું વક્તૃત્વ આ પારિતોષિક એનાયત કરવા માટે યોગ્ય લેખાયાં છે.

તંત્રી

૧૯૫૧નો વસ્તીગણત્રી અહેવાલ

અસાધારણ પ્રજોત્પાદન

૧૯૨૧ પછી હિન્દુસ્તાનની વસ્તી અત્યંત ઝડપથી વધતી જાય છે અને અનાજના ઉત્પાદનનું પ્રમાણ ઉત્તરોત્તર ઘટતું જાય છે; આ પરિસ્થિતિમાં આપણી પ્રથમ પંચવર્ષીય યોજનાએ નક્કી કરેલા અનાજના ઉત્પાદન કરતાં વધુ અનાજનું ઉત્પાદન નહીં થાય, અને તેની સાથે સાથે સંતતિ-નિયમનનાં સાધનો દ્વારા કુટુંબનિયોજનનું રાષ્ટ્રવ્યાપી આંદોલન નહીં થાય તો હિન્દી પ્રજા પર "આફત" આવી પડશે–આવી ચેતવણી મધ્યસ્થ સરકાર તરફથી તૈયાર થયેલા ૧૯૫૧ના વસ્તીગણત્રી અહેવાલે આપી છે.

૧૯૫૧ની વસ્તીગણત્રીના કાર્યના વડા શ્રી આર. એ. ગોપાલસ્વામીએ આ અહેવાલ લખ્યો છે. શ્રી ગોપાલસ્વામી તેમના અહેવાલમાં કહે છે કે પ્રજોત્પાદન પર નિયમન નહિ થાય તો ૧૯૫૧ની હિન્દની ૩૬ કરોડની વસ્તી વધીને ૧૯૮૧માં બાવન કરોડ થશે.

યુરોપખંડની વસ્તી બધા ખંડોમાં સૌથી ગીચ છે પણ હિન્દની ૧૯૫૧ની વસ્તી યુરોપથીયે ગીચ છે. રશિયા અને અમેરિકાની વસ્તીનો સરવાળો કરવામાં આવે તો તે હિન્દની વસ્તીથી ઓછો થાય, જ્યારે એ બે દેશોનો સંયુક્ત વિસ્તાર હિન્દના વિસ્તારથી લગભગ દશ ગણો છે. રશિયાને એક બાજુએ રાખીએ તો, હિન્દની વસ્તી સમગ્ર યુરોપખંડની વસ્તીથી વધુ છે. દુનિયાની વસ્તીનો દરેક સાતમો માણસ હિન્દી છે.

વસ્તીગણત્રીનો અહેવાલ ૧૯૨૧ની સાલને સૌથી મહત્ત્વની સાલ એટલા માટે કહે છે કે ૧૯૨૧ પહેલાંનાં ત્રીસ વરસોની સરખામણીમાં ૧૯૨૧ પછીનાં ત્રીસ વર્ષોમાં હિન્દની વસ્તીમાં અભૂતપૂર્વ વધારો થયો છે, જ્યારે બીજી બાજુ, ૧૯૨૧ પછી હિન્દ ખોરાકની ખાધવાળો દેશ બન્યો છે.

૧૮૯૧થી ૧૯૨૦ સુધીના ગાળામાં હિન્દની વસ્તીમાં ૧ કરોડ અને ૨૨ લાખનો વધારો થયો, જ્યારે ૧૯૨૧થી ૧૯૫૦ સુધીના ગાળામાં હિન્દની વસ્તીમાં ૧૧ કરોડનો વધારો થયો. બીજી રીતે કહીએ તો, ૧૯૨૧ પહેલાંનાં ત્રીસ વર્ષોમાં દર દશકે હિન્દની વસ્તીનો ૧.૭ ટકા વધારો થયો જ્યારે ૧૯૨૧ પછીનાં ૩૦ વર્ષોમાં દર દશકે હિન્દની વસ્તીનો ૧૨ ટકા વધારો થયો. અને જો આ રીતે વસ્તી વધતી રહેશે તો હિન્દની ૧૯૫૧ની ૩૬ કરોડની વસ્તી ૧૯૬૧માં ૪૧ કરોડ, ૧૯૭૧માં ૪૬ કરોડ અને ૧૯૮૧માં બાવન કરોડ થશે.

આ પરિસ્થિતિમાં હિન્દની પ્રજા પાસે બે માર્ગ છે : (૧) કાં પ્રજાના પૂરેપૂરા સહકાર સાથે રાજ્યસંચાલિત કુટુંબનિયોજનનો પંદર વર્ષનો એક કાર્યક્રમ તૈયાર કરવો અને પંદર વર્ષ બાદ ૪૫ કરોડની આસપાસ હિન્દની વસ્તી સ્થિર થાય એવાં પગલાં લેવાં, (૨) અગર આ સ્થિતિ ચાલુ રાખી દુષ્કાળ અને રોગચાળાથી લાખ્ખો માણસોને મરવા દેવા.

જો પહેલો માર્ગ અખત્યાર કરવામાં આવે તો તેની સાથે સાથે આજના આપણા અન્નના વાર્ષિક સાત કરોડ ટનના ઉત્પાદનને વધારી ૧૯૬૯ સુધીમાં ૯ કરોડ ૪૦ લાખ ટનનું ઉત્પાદન કરવું જોઈશે. શ્રી ગોપાલસ્વામીએ તેમના વસ્તી-ગણત્રીના અહેવાલમાં કહ્યું છે કે જો ઉપરનાં બન્ને પગલાં સાથે સાથે લેવામાં આવશે તો જ હિન્દની પ્રજાનું આજનું કંગાલ જીવનધોરણ પણ ટકી શકશે. નહીં તો ભૂખમરો ચોક્કસ છે.

આ માટે વસ્તીગણત્રીના અહેવાલે એક ચોક્કસ ઉપાય સૂચવ્યો છે અને તે એ છે કે પ્રત્યેક દંપતીને ત્રણ બાળકથી વધુ સંતાન ન હોવાં જોઈએ અને જે માતાને ત્રણ બાળકથી વધુ બાળક થાય તેને "ન પોષી શકાય તેવું માતૃત્વ" (Improvident Maternity) ગણવું જોઈએ.

આજે આ દેશમાં "ન પોષી શકાય તેવા માતૃત્વના" ૪૨ ટકા છે તે ઘટીને ૫ ટકાથી નીચે જવું જોઈએ. સમાજમાં એવી આબોહવા ઊભી થવી જોઈએ કે ત્રણ બાળકથી વધુ સંતાન પેદા કરનાર દંપતીને શરમ આવે અને આ માટે સરકાર, સામાજિક સંસ્થાઓ, રાજકીય પક્ષો અને વર્તમાનપત્રોએ સંયુક્ત આંદોલન ઊભું કરવું જોઈએ.

રાષ્ટ્રીય વૈદકીય રાહત(National Health Service)ની રાહ જોયા સિવાય દેશમાં ઠેરઠેર પ્રસૂતિ અને બાળ-કલ્યાણનાં કેન્દ્રો તાત્કાલિક ઊભાં કરવાં જોઈએ. આ સાથે કુટુંબનિયોજનના પ્રશ્ન પરત્વે હિન્દની પરિસ્થિતિને અનુકૂળ આવે તેવાં સસ્તાં અને અસરકારક સંતતિનિયમનનાં સાધનો માટે સંશોધન થવું જોઈએ. વસ્તીગણત્રીનો અહેવાલ જણાવે છે કે આ દેશની પ્રગતિ માટેની કોઈપણ યોજનામાં સિંચાઈના પ્રશ્ન પછી કુટુંબનિયોજનને માટે જરૂર પ્રસૂતિ અને બાળ-કલ્યાણનાં કેન્દ્રોની સ્થાપનાને અગ્રસ્થાન અપાવું જોઈએ. આનું વાર્ષિક ખર્ચ માથાદીઠ માત્ર આઠ આના આવશે.

વસ્તીગણત્રીનો અહેવાલ એ પ્રચલિત માન્યતાઓને ખોટી જાહેર કરે છે. એક માન્યતા એવી પ્રવર્તે છે કે ઔદ્યોગીકરણ થવાથી દેશમાં પ્રજોત્પાદનનું પ્રમાણ ઘટે છે અને તે માટે યુરોપનો દાખલો ટાંકવામાં આવે છે. અહેવાલ જણાવે છે કે ઔદ્યોગીકરણને પ્રજોત્પત્તિના વધવાઘટવા સાથે સંબંધ નથી અને યુરોપમાં સંતતિનિયમનનાં સાધનોથી જ વસ્તી ઘટી છે. બીજી પ્રચલિત માન્યતા એવી છે કે જીવનધોરણ ઊંચું જતાં પ્રજોત્પત્તિનું પ્રમાણ ઘટે છે. આ માન્યતા પણ બરાબર નથી કેમ કે ઊંચા જીવનધોરણવાળાં કુટુંબોમાં પણ પ્રજોત્પત્તિનું પ્રમાણ ઘણું ઊંચું છે એમ આંકડાથી સિદ્ધ થયું છે.

અહેવાલ હિન્દુસ્તાનના જીવનની વિધવિધ બાજુ પર પ્રકાશ પાડે છે. આ દેશમાં દર હજાર પુરુષે ૯૪૭ સ્ત્રીઓ છે. દર બીજો માણસ અપરિણીત છે, જ્યારે દર પાંચ સ્ત્રીએ લગભગ બે સ્ત્રી અપરિણીત છે. દેશના ભૂમિહીન કિસાનોના પ્રશ્ન અંગે અહેવાલ જણાવે છે કે આ દેશ દર હજાર જમીન ધરાવતા ખેડૂતોના પ્રમાણમાં ૪૦૨ ભૂમિહીન કિસાનો છે. ભૂમિહીન કિસાનોનું સૌથી ઓછું પ્રમાણ ઉત્તર પ્રદેશમાં (દર હજારે ૧૬૧) છે, જ્યારે સૌથી મોટું પ્રમાણ ત્રાવણકોર-કોચીનમાં (દર હજારે ૭૮૨) છે. દરેક હિન્દી કમાનાર બીજા બે નહિ કમાનારનું પોષણ કરે છે; બીજી રીતે કહીએ તો, હિન્દમાં દર હજાર કમાનાર ૨૫૦૪ નહિ કમાનારને નિભાવે છે, જ્યારે અમેરિકા અને બ્રિટનમાં દર એક હજાર કમાનાર અનુક્રમે ૧૫૪૭ અને ૧૨૦૭ નહિ કમાનારનો નિભાવ કરે છે. અહેવાલ આંકડાઓથી સિદ્ધ કરે છે કે હિન્દનાં ગામડાંઓમાં પણ સંયુક્ત કુટુંબની સંસ્થાનું ઝડપથી વિસર્જન થઈ રહ્યું છે.

૧૯૫૧ના વસ્તીગણત્રીના અહેવાલ પરથી તૈયાર કરેલા નીચેના કોઠા પરથી હિન્દની પરિસ્થિતિનો ખ્યાલ આવશેઃ—

કોઠો અ

વસ્તી	૩૬ કરોડ
સ્ત્રી-પુરુષ પ્રમાણ (દર હજાર પુરુષે સ્ત્રીનું પ્રમાણ)	૯૪૭
જન્મપ્રમાણ (દર હજારે)	૪૦
"ન પોષી શકાય તેવું માતૃત્વ" (૩ કે તેથી વધુ બાળકવાળી માતાને તેથી વધુ સંતાન થવાં તે)	૪૨·૮ ટકા
મૃત્યુપ્રમાણ (દર હજારે)	૨૭
બાળ-મરણ (એક વરસથી નીચેનાં બાળકનું દર હજારે)	૭
બાળ-મરણ (પાંચ વરસથી નીચેનાં બાળકનું દર હજારે)	૧૧
આયુષ્ય	૩૨ વરસ અને ૫ મહિના

કોઠો બ

વસ્તી	૩૬ કરોડ
કુલ જમીનનો વિસ્તાર	૮૧ કરોડ એકર
ખેડી શકાય તેવી જમીન	૫૦·૪ કરોડ એકર
ખેડાતી જમીન	૨૮·૭ કરોડ એકર
કુલ ખેડાતી જમીન (બે પાકવાળા વિસ્તાર સાથે)	૩૨·૪ કરોડ એકર
પીતની જમીન	૫ કરોડ એકર
માથાદીઠ જમીન	૨ ૧/૪ એકર

માથાદીઠ ખેડાતી જમીન	૦.૮૪	એકર
ગામડાંમાં વસતી પ્રજા	૨૯.૫	કરોડ
(૫.૬ લાખ ગામડાંઓમાં)		
શહેરમાં વસતી પ્રજા	૬.૨	કરોડ
(૩૦૧૮ શહેરોમાં)		

૧૯૫૧નો વસ્તીગણત્રીનો અહેવાલ ૧૭ ગ્રંથોમાં બહાર પાડવામાં આવ્યો છે. આ પ્રત્યેક ગ્રંથના ૬૩ ભાગો છે. સમગ્ર હિન્દ અને રાજ્યોના વિસ્તૃત અહેવાલો ઉપરાંત દેશના ૩૦૭ જિલ્લાઓનો પણ જુદો જુદો અહેવાલ બહાર પાડવામાં આવ્યો છે. હિન્દની આર્થિક નવરચના માટે હકીકતો જાણવા માટે અનિવાર્ય એવો આ અહેવાલ તૈયાર કરવા માટે સરકારે ૧ કરોડ ૪૯ લાખ રૂપિયાનું ખર્ચ કર્યું છે.

[નવેમ્બર ૧૨, '૫૩નાં 'હિન્દુસ્તાન ટાઇમ્સ,' 'ફ્રી પ્રેસ જર્નલ' અને 'ટાઇમ્સ ઑફ ઇન્ડીઆ'માંથી સંકલિત.]

[અનુસંધાન પૃ. ૪૪૪થી]

હતા. સ્વતંત્ર હિંદનું (તેમ જ બર્માનું પણ) બંધારણ ઘડવામાં એમનો અગત્યનો ફાળો હતો. પણ પછીથી યુનોમાં હિંદના કાયમી પ્રતિનિધિ તરીકે—ખાસ કરીને કોરિયા-પ્રકરણ વખતે – એમણે જે ભાગ ભજવ્યો તેથી સ્વતંત્ર હિંદની શાન ખૂબ વધી. પછી હેગની આંતરરાષ્ટ્રીય અદાલતના ન્યાયાધીશનું માનવંતું પદ એમણે શોભાવ્યું. શ્રી નહેરુ અને ડૉ. રાધાકૃષ્ણન સિવાય કોઈ હિંદીએ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મેળવી હોય અને હિંદનું નામ ઉજાળ્યું હોય તો તે શ્રી બી. એન. રાવે.

વેલ્સ-નિવાસી અંગ્રેજ કવિ ડિલન ટૉમસ અમેરિકામાં કાવ્યવાચન કરવા માટે ગયેલા ત્યાં ૩૯ વરસની વયે અવસાન થતાં એક પ્રતિભાશાળી કવિ આધુનિક યુગે ગુમાવ્યો છે. અમેરિકાના વયોવૃદ્ધ નાટકકાર યુજિન ઓ'નીલનું અવસાન થયું છે. ઓ'નીલને નૉબેલ પારિતોષિક મળ્યું હતું. અર્વાચીન યુગમાનસની ઝીણવટભરી ચિકિત્સા કરતાં એમનાં અનેક નાટકો રંગભૂમિ ઉપર અનેક દેશોમાં ખૂબ સફળ નીવડયાં હતાં.

પ્રજાસત્તાક અંક

આવતો અંક '**પ્રજાસત્તાક અંક**' તરીકે ૨૬મી જાન્યુઆરીએ પ્રગટ થશે. ૧૯૪૭ના જાન્યુ.ની ૨૬મીએ 'સંસ્કૃતિ' પ્રગટ થયું હતું તેને સાત વરસ થશે. 'પ્રજાસત્તાક અંક'માં વધુ પાનાં હશે અને પછી પણ ચાલુ થોડાંક વધુ પાનાં હોય એવો ખ્યાલ છે.

નાનકડો સંવાદ

૨૦૦૯ની સંવતે વિદાય લીધી ત્યારે વીત્યા વર્ષ બદલના અજંપાને બદલે આવતું વર્ષ કેવું ખાતુંધાતું આવશે એની ચિંતા વધારે નજરે પડતી હતી.

અને જાણે આ ચિંતાને ઉપસાવી ઉપસાવીને કહેતો ન હોય એવો નાનકડો સંવાદ આજેય યાદ કરું છું ત્યારે થોડામાં બહોળું સમાવવાની શબ્દની શક્તિનું સ્મરણ થઈ આવે છે.

બસ. ગાંધીમાર્ગ જેવો માણુસથી ઊભરાતો રાજમાર્ગ. બસમાં ઊભા રહેવાની બાદશાહી સગવડ. ઉપરનો સળિયો પકડ્યો ન પકડ્યો ત્યાં ગતિરોધનો આંચકો. અને તમે બીજા પર ન પડો અને બીજો તમારા પર ન પડે એવી દ્વિવિધ સાચવણીમાં આ સંવાદ કાને પડ્યો :

"બાપા, કાપડની દુકાન..."

"દુકાન તો હોયસ્તો. તને નવાં કપડાં સિવડાવી આપ્યાં ને!"

"હં!"

મેં અવાજ આવતો હતો ત્યાં જોયું. નાનકડો બાળક અને સાચું જ કહું છું નાનકડામાંથી અકાળે મોટકડો બનેલો બાપ.

ગાંધીમાર્ગ ઉપર ભદ્ર તરફ બસની ધૂંધવાટભરી ગતિ. સંવાદનો નવો પ્રવેશ :

"બાપા, બાપા, ફટાકડા."

"બધા ફૂટેલા, બબલા! દિવાળી ગઈ એટલે બધા ફૂટેલા."

"હં!"

એકાદ પળની વળી વિશ્રાન્તિ.

"બાપા, બાપા, રમકડાં..." ક્યારેય ન હતી એવી અવાજમાં આર્દ્રતા હતી.

"પણ તું તો હવે મોટો થયો. રમકડે રમાય?"

"ઉં!"

વીતેલા સંવત્સર પર માઈલના માપે શબ્દો વેતરનારને માટેય આ વાક્યો પૂરતાં છે.

—જયન્તી દલાલ

સંસ્કૃતિ : વર્ષ ૭ : અંક ૧થી ૧૨ સૂચિ ૧૯૫૩ જાન્યુ.થી ડિસેમ્બર : સંસ્કૃતિ

કાવ્યો

વાર્તાઓ

નાટકો

લેખો

અંકના છેલ્લા પૂંઠા ઉપરનાં અવતરણો


સ્વાધ્યાય અને સમીક્ષા

સમયરંગ

[ચાલુ બનાવો પરની નોંધો : લેખક – તંત્રી]

લેખક-સૂચિ

['અર્ઘ્ય' વિભાગ સિવાયના લેખકોની]


ભારતથી કેનેડા

માનવમન

એક તો એ કે દાખલા તરીકે સર ચાર્લ્સ શેરિંગ્ટન જેવાની કૃતિમાં એ સ્વીકારાવા માંડ્યું છે કે એક વખત જેક્વીસ લોએબ જેવા માનતા તેમ શારીરિક પરિભાષામાં માનવમન પૂરી રીતે સમજાવી શકાય એમ નથી; કોઈ જૂની હસ્તપ્રતમાં હથી હને નરી આંખે જુદા તારવીએ એ જ રીતે મનને જાણી શકાય એમ નથી. મારા સમાજવિચારણા સમિતિના સહકાર્યકર પ્રો. એફ. એ. હાયેક એક પુસ્તક પર કામ કરી રહ્યા છે, જેમાં સૂચવાયું છે કે ખરે જ પોતાને પૂર્ણ રીતે વર્ણવવું એ મન માટે અશક્ય છે. કશાના પણ સંતોષકારક પ્રતીતિકર વર્ણન માટે વર્ણ્ય વિષયથી સ્વતંત્રતા એ જરૂરી છે. પરિણામે શરીરનાં કાર્યો વૈજ્ઞાનિક રીતે શારીરિક પરિભાષામાં વર્ણવવાં શક્ય છે, પણ મનને વર્ણવવું એ મનથી સ્વતંત્ર અને વાસનાઓ, રાગોદ્રેકો, કમજોરીઓ અને વિવિધ ગુણોથી સ્વતંત્ર એવા ઉચ્ચતર દર્શનને માટે જ શક્ય નીવડે.

હવે, આ જ મન વડે માણુસ કશા પણ જ્ઞાનને પ્રાપ્ત કરી શકે છે. આપણને જે કાંઈ પ્રત્યક્ષ જ્ઞાન છે તે પણ આ વિશિષ્ટ માનવી લક્ષણ–મન-ના પ્રકાશમાં મળેલું છે. એટલે, આ ભૌતિક અને શારીરિક સૃષ્ટિ વિષે આપણને જે કાંઈ શીખવવામાં આવ્યું છે તે જેનાં સ્વરૂપ અને મર્યાદા આપણામાંથી કોઈ પરોક્ષપણે જાણતું નથી એવાં સ્ત્રી-પુરુષોના એક લક્ષણ–મન–ઉપર નિર્ભર છે. એથી, હકીકતોની દુનિયામાં આપણે તારવેલાં કોઈ પણ પરિણામ સર્વથા યથાર્થ છે એવો આપણે દાવો કરી શકીએ નહિ. માનવીમન કરતાં કોઈ જુદી ભૂમિકાથી જોતાં, તે જુદા રૂપે દેખાય.


પ્રત્યક્ષ નિશ્ચિત થઈ શકે એવી હકીકતોમાંથી નિશ્ચયબુદ્ધિ ડગાવે એવો વર્તમાન બૌદ્ધિક ઇતિહાસનો બીજો વિકાસ એ થયો છે કે કેટલાક મહાન વૈજ્ઞાનિકો પોતે જ પોતાના કાર્યની મર્યાદા સ્વીકારવા લાગ્યા છે. એમની પ્રત્યક્ષ પદ્ધતિઓ એમને જે શોધો તરફ લઈ ગઈ તેને પરિણામે તેઓ આવું સ્વીકારતા થયા છે. સાપેક્ષવાદ-સિદ્ધાન્ત, ક્વૉન્ટમ-સિદ્ધાન્ત અને ન્યુક્લીઅર વિદ્યાની સામાન્ય પ્રગતિને પરિણામે દ્રવ્ય, સ્થળ અને કાળ માટે કોઈ અંતિમ ભૌતિક પાયો છે એ ખ્યાલ અદૃશ્ય થયો છે. ...

આ શોધોએ વિદ્યાપીઠોમાં થતા લગભગ બધા કાર્ય નીચેથી ભૂમિ સેરવી લીધી છે. કદાચ તેમણે સમગ્ર બૌદ્ધિક જીવનના પાયા હચમચાવી નાખ્યા છે. ...

હું એમ સૂચવું કે ભૌતિક અને શારીરિક સૃષ્ટિ વિષે માણસ જે શીખ્યો છે તેનો એના સ્વભાવ અને એના નિર્માણ સાથે સંબંધ યોજવામાં–જ્ઞાનનો સમન્વય સાધવામાં–રસ લેનારા અભ્યાસીઓ અને વિચારકો તરીકે આપણે અત્યારે વિદ્યાપીઠોમાં જે વિચારસરણીઓ પ્રવર્તે છે તેમાં પુરાઈ રહી શકીએ નહિ. સ્પર્શક્ષમ સ્વરૂપે જે દર્શાવી શકાય તેમાં જ આપણે આપણી જાતને પૂરી રાખી શકીએ નહિ. ... શિવ અને સુન્દરની શોધમાં આપણે પ્રજ્ઞા અને કળા તરફ વળવું જોઈશે. અહીં વિજ્ઞાન, ૧૬મી સદીના અંતથી તે ૨૦મીના આરંભ સુધીમાં એ જે રીતે સમજાયું છે તે રીતે, એક અત્યંત ઉપયોગી સેવક બની શકે; પણ એ દોરવણી આપનાર તરીકે દમવિનાનું છે અને માલિક થઈ બેસે તો તે ઘાતક જ નીવડે. ... 'વિજ્ઞાન મનુષ્યોની પ્રજ્ઞા(ડહાપણ–Wisdom) હરી લે છે અને હમેશાં એમને હકીકતોથી લદાયેલા પ્રેતસમા બનાવી મૂકે છે.' સર્વત્ર અને સર્વદા સ્ત્રીપુરુષોને જે સર્વદેશીય રસની બાબતો છે તે તો પ્રજ્ઞાનો જ વિષય છે. ... સર્જક અભ્યાસી (the creative scholar), વિચારક, કળાકાર અને વિદ્વાનની જવાબદારી છે કે ૧૭મી સદીમાં પ્રથમ જે વિચારસરણી વિકસી તેને સ્થાને વધુ સંપૂર્ણ અને વધુ માનવતાભરી સરણી સ્થાપવી. જે વિષયો માનવીને માટે સર્વદેશીય રસના છે તે અંગે નિષ્ણાતોની જેમ અને ખાસ્સા સુશિક્ષિત એવા માણસો બધે સમજી શકે અને આસ્વાદી શકે એ રીતે લખવું એ આપણું કર્તવ્ય રહેશે. આપણે જે શબ્દભંડોળ વાપરીશું તે વિદ્યાજગતનું ઉત્તમ અને સુગમ શબ્દભંડોળ હશે.

આપણામાંથી ઘણાને ખ્યાલ છે તે કરતાં મને આધુનિક ઇતિહાસમાં વધુ મોટો ભાગ ભજવ્યો છે. ફરી પણ એવો ભાગ મન ભજવી શકે. એ એવો ભાગ ભજવશે કે કેમ અને એ ભાગ સારા માટે હશે કે ખોટા માટે તેનો આધાર, મોટે ભાગે, જ્ઞાનના સમન્વય માટેનાં કર્તવ્યોને આપણે કઈ પદ્ધતિઓથી પહોંચી વળીએ છીએ એની ઉપર હશે.

[જ્હૉન નેફ : 'ડાયોજીનીસ' અંક ૧માં 'માનવની ખોજમાં' લેખ, પૃ. ૮૦-૮૨]


Compiled
1989-2000